ડૉ. બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી

# MSO-06
## નગરસમાજશાસ્ત્ર

વિભાગ

# 1

## નગરસમાજશાસ્ત્ર-1


એકમ 1

નગર સમાજશાસ્ત્ર : એક પ્રારંભિક પરિચય 05

એકમ 2

નગર સમુદાયની વ્યાખ્યા અને લક્ષણો 39

એકમ 3

નગર વિકાસના સમાજશાસ્ત્રીય અભિગમો અને સિદ્ધાંતો 59

## લેખક

**ડૉ.હરીશ દોશી**

સમાજશાસ્ત્રના નિવૃત પ્રાધ્યાપક અને અધ્યક્ષ
દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી,
સુરત-395007.

## પરામર્શક (વિષય)

**ડૉ.આર.બી લાલ**

નિવૃત પ્રાધ્યાપક તથા અધ્યક્ષ,
સમાજ નૃવંશશાસ્ત્ર,
ગુજરાત વિદ્યાપીઠ,
અમદાવાદ.

## પરામર્શક (ભાષા)

**ડૉ.પ્રદીપ જોષી**

આચાર્યશ્રી,
આર્ટ્સ અને કોમર્સ કોલેજ,
વસો.

## સંપાદન અને સંયોજન

**ડૉ. આમ્રપાલી મર્ચંટ**

કુલપતિશ્રી,
ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
ડફનાળા,શાહીબાગ,અમદાવાદ - 380 003.

## સંયોજન સહાય

**શ્રી.એસ.એચ.બારોટ**

મદદનીશ કુલસચિવ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,
ડફનાળા, શાહીબાગ,અમદાવાદ - 380 003.



પ્રકાશક

કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,

સરકારી બંગલા નંબર-૫, ડફનાળા, શાહીબાગ, અમદાવાદ - **380 003** ટે.નં. **22869690/91**

**E-mail : baou@sancharnet.in**



© સર્વ હક સ્વાધીન. આ પુસ્તિકાના લખાણ યા તેના કોઈ પણ ભાગને
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદની લેખિત સંમતિ વગર
મિમિયોગ્રાફી દ્વારા યા અન્ય કોઈ પણ રીતે પુનઃમુદ્રિત કરવાની મનાઈ છે.

# એકમ 1 : નગર સમાજશાસ્ત્ર : એક પ્રારંભિક પરિચય

- પ્રસ્તાવના
- નગર સમાજશાસ્ત્ર : સમાજશાસ્ત્રની એક શાખા
- નગર સમાજશાસ્ત્રની વ્યાખ્યા અને વિષય-વસ્તુ
- નગર સમાજશાસ્ત્રની સંશોધન પદ્ધતિઓ
  - (અ) સર્વેક્ષણ પદ્ધતિ (Survey Method)
  - (બ) પરિસ્થિતિશાસ્ત્રીય પદ્ધતિ (Ecological Method)
  - (સ) વસ્તીશાસ્ત્રીય પદ્ધતિ (Demograhic Method)
  - (દ) ઐતિહાસિક પદ્ધતિ (Historical Method)
  - (ન) તુલનાત્મક પદ્ધતિ (Comparative Method)
- નગર સમાજશાસ્ત્રનો ઇતિહાસ
  - (અ) બ્રિટિશ શાખા
  - (બ) જર્મન શાખા
  - (સ) શિકાગો શાખા
- ભારતમાં નગર સમાજશાસ્ત્રનાં વિકાસની તરાહ અને તેની ઊણપો
- ભારતમાં નગર સમાજશાસ્ત્રની અગત્ય

આધુનિક વિશ્વમાં નગરો ખાસ કરીને મહાનગરો તેમની આર્થિક સમૃદ્ધિને લીધે જે તે સમાજની અસ્મિતાના કેન્દ્રો તરીકે ઉપસી આવેલાં છે. વૈશ્વિકીકરણ પ્રક્રિયાથી આ પ્રવાહને પ્રચંડ વેગ મળ્યો છે. આજે વિકાસશીલ સમાજોમાં ન્યુયોર્ક, શાંઘાઈ, બેજીન્ગ, ટોકિયો અને સિંગાપોર જેવા ત્યાંના મહાનગરો થાય તે માટેની હોડ ચાલી છે. આને લીધે નગરોમાં ખાસ રસ જાગ્યો છે. જોકે નગર સમુદાયો અને નગર જીવન પરત્વેની જિજ્ઞાસા માનવઇતિહાસ જેટલી જ જૂની ગણાય છે. તેમ છતાં આધુનિક યુગમાં ઉદ્યોગીકરણ અને શહેરીકરણની વ્યાપક અસરોને કારણે નગર સમુદાય સમાજશાસ્ત્રીઓ ઉપરાંત અર્થશાસ્ત્રીઓ, રાજનીતિવિજ્ઞાનીઓ, માનવશાસ્ત્રીઓ, નગર આયોજન સાથે સંકળાયેલા અધિકારીઓ, વસ્તીગણતરના અધિકારીઓ, ભૂગોળશાસ્ત્રીઓ, ઇજનેરો અને શિલ્પવિશેષજ્ઞો વગેરે પોતપોતાનાં દૃષ્ટિબિંદુઓથી નગરસમુદાયોનાં પદ્ધતિશાસ્ત્રીય અભ્યાસમાં રસ ધરાવતા થયા છે. આ સર્વે ક્ષેત્રોના વિદ્વાનોએ વિપુલ પ્રમાણમાં નગર સમુદાયોનું સાહિત્ય આપ્યું છે. સમાજશાસ્ત્રમાં નગરોના વૈજ્ઞાનિક અને પદ્ધતિસરના અભ્યાસો 20મી સદીના શરૂઆતના ગાળામાં થવા લાગ્યા તેવું કહી શકાય છે. આ અર્થમાં સમાજને લગતાં વૈજ્ઞાનિક જ્ઞાનના ભંડોળમાં નગરસમાજશાસ્ત્રનું સ્થાન સમાજશાસ્ત્રની એક નવીન શાખાનું છે, તેમ કહીએ તો ખોટું નથી.

## નગર સમાજશાસ્ત્ર : સમાજશાસ્ત્રની એક શાખા તરીકે

નગર સમાજશાસ્ત્રની વ્યાખ્યાની વિગતવાર સમજૂતી સમાજશાસ્ત્રના અર્થ અને તેના ધ્યેયોની પૃષ્ઠભૂમિમાં યોગ્ય રીતે હાંસલ કરી શકાય તેમ છે, કારણ કે નગર સમાજશાસ્ત્ર છેવટે તો સમાજશાસ્ત્રની જ એક શાખા છે. સમાજશાસ્ત્રના આદ્યપિતા ફ્રેન્ચ સામાજિક વિચારક ઓગસ્ટ કામ્ત (August Comte) ના મતે સમાજશાસ્ત્ર એ સામાજિક વ્યવસ્થા અને સામાજિક પ્રગતિનું વિજ્ઞાન છે. તેમના મતે સમાજશાસ્ત્ર સમાજના રચનાત્મક અને ગત્યાત્મક એવા બન્ને પાસાંઓનો વૈજ્ઞાનિક ઢબે અભ્યાસ કરતું શાસ્ત્ર છે. જર્મન સામાજિક વિચારક મેક્સ વેબરે (Max Weber) સામાજિક વિજ્ઞાનોને કે જેમાં સમાજશાસ્ત્રનો સમાવેશ થઈ જાય છે, સમાજમાં રહેતા માનવીની સામાજિક ક્રિયાઓના વૈજ્ઞાનિક અભ્યાસમાં રસ ધરાવતાં શાસ્ત્રો તરીકે વર્ણવ્યા છે. સામાજિક વિજ્ઞાનોના અભ્યાસોમાં મદદરૂપ થઈ શકે એ હેતુથી VERSTEHEN નો ખ્યાલ રજૂ કરતાં મેક્સ વેબરે જણાવ્યું કે સામાજિક ક્રિયાના માત્ર બાહ્ય નિરીક્ષણથી જ તેની સાચી સમજૂતી મેળવી શકાતી નથી. વેબર કર્તાના મનમાં એટલે કે વ્યક્તિમત્તાના આભ્યંતર (subjective) પાસામાં જે તે ક્રિયા પાછળ રહેલા ધ્યેયની

પૃષ્ઠભૂમિમાં જ ક્રિયા-પ્રતિક્રિયાની અર્થબોધિત સમજૂતી મેળવવાનું સૂચન કરે છે. એમિલ દુર્ખેમ (Emile Durkheim) સામાજિક તથ્યોને સમાજશાસ્ત્રના અભ્યાસનું વિષયવસ્તુ ગણાવતા સમાજશાસ્ત્રનું ધ્યેય સામુદાયિક જીવનમાંથી ફલિત થતાં તથ્યોનું તટસ્થ અને બહિર્ગમ (objective) રીતે અભ્યાસ કરવાનું જણાવે છે. દુર્ખેમ કર્તા કરતાં સમૂહ અથવા સમાજ ઉપર ભાર મૂકે છે. જર્મન સમાજશાસ્ત્રી જ્યૉર્જ સિમેલ (George Simmel) સમાજશાસ્ત્રને એક વિશિષ્ટ શાસ્ત્ર તરીકે ગણાવે છે અને તેને માનવસંબંધોનાં કેટલાંક ચોક્કસ પાસાંના અભ્યાસ પૂરતું જ મર્યાદિત કરે છે. જ્યારે બીજા કેટલાક વિદ્વાનો સમાજશાસ્ત્રને બધાં સામાજિક શાસ્ત્રોના સમન્વય કરનારું શાસ્ત્ર ગણાવવાનો આગ્રહ રાખે છે. હોબહાઉસ (Hobhouse) ના મતે સમાજશાસ્ત્ર એ તત્ત્વતઃ જુદાં જુદાં અનેક સામાજિક શાસ્ત્રોનો સમન્વય છે. આ બંને દૃષ્ટિબિંદુઓનું ઝીણવટથી પરીક્ષણ કરીએ તો એમ જણાશે કે તેમની વચ્ચે કોઈ મૂળભૂત વિરોધ નથી, કારણ કે બંને દૃષ્ટિબિંદુઓ સામાજિક સંબંધોને સમાજશાસ્ત્રના અભ્યાસની પાયાની વિષયવસ્તુ તરીકે સ્વીકારે છે. જીન્સબર્ગ (Ginsberg) ના મતે સમાજશાસ્ત્ર એક વિશિષ્ટ શાસ્ત્ર છે અને તેનું કાર્યક્ષેત્ર સામાજિક સંબંધોના સર્વસામાન્ય સ્વરૂપનો અભ્યાસ કરવાનું છે. તેઓ સમાજશાસ્ત્રનાં અર્થની સમજૂતી નીચે મુજબ કરાવે છે.

1) તે સામાજિક સંબંધોના, ખાસ કરીને સંસ્થાઓ અને મંડળમાં નિશ્ચિત આપ પામ્યા છે તેવા સંબંધોના પ્રકારો અને સ્વરૂપોનું વર્ગીકરણ કરવાનો પ્રયત્ન કરે છે.

2) તે સામાજિક જીવનના જુદા જુદા અંગોનાં જેમકે આર્થિક અને રાજકીય, નૈતિક અને ધાર્મિક, નૈતિક અને કાનૂની, બૌદ્ધિક અને સામાજિક ઘટકોનો પારસ્પરિક સંબંધ નિશ્ચિત કરવા પ્રયત્ન કરે છે.

3) તે સામાજિક સ્થિરતા અને પરિવર્તનનાં પાયાના પરિબળોને જુદા પાડવાનો પ્રયાસ કરે છે.

ઉપરોક્ત પૃષ્ઠભૂમિમાં સમાજશાસ્ત્રનો અર્થ કરીએ તો એમ કહી શકાય કે સમાજશાસ્ત્ર એ સમાજમાં રહેતા માનવ-માનવ વચ્ચેની ક્રિયા-પ્રતિક્રિયાઓ, અરસપરસના સંબંધોનો અને તેનાં કારણો તથા પરિણામોનો વૈજ્ઞાનિક ઢબે અભ્યાસ કરતું શાસ્ત્ર છે. નગર સમાજશાસ્ત્ર એ સમાજશાસ્ત્રનું એક અંગ હોવાથી તે પણ માનવ-માનવ વચ્ચેની ક્રિયા-પ્રતિક્રિયાઓ અને તેમના અરસપરસના સંબંધો તથા પરિણામોના અભ્યાસમાં રસ ધરાવે છે. જોકે તેનો મૂળ ઝોક નગર સમુદાયો અને નગરજીવન પરત્વેનો હોય છે. હવે આપણે નગર સમાજશાસ્ત્રની વ્યાખ્યાની વિગતે છણાવટ કરીશું.

## નગર સમાજશાસ્ત્રની વ્યાખ્યા

નગર સમાજશાસ્ત્રનો જન્મ અને વિકાસ ગયાં થોડાંક દાયકાઓમાં થયો હોવાથી હજી તેના અર્થ અને વિષયવસ્તુ પરત્વે સમાજશાસ્ત્રીઓમાં સ્પષ્ટ એવો એકમત જોવા મળતો નથી. કેટલાક વિદ્વાનો તેને સમાજશાસ્ત્રની એક જુદી શાખા તરીકે સ્વીકારવા માગતા નથી, કારણ કે છેવટે તો નગર સમાજશાસ્ત્ર પણ સામાજિક સંબંધો અને સમાજને લગતી ઘટનાઓનો જ અભ્યાસ કરે છે. જ્યારે કે બીજા અનેક વિદ્વાનો નગર સમાજશાસ્ત્ર એ નગરસમુદાય અને નાગરિક જીવનના વૈજ્ઞાનિક અભ્યાસ સાથે સંકળાયેલું હોવાથી તેને ગ્રામીણ સમાજશાસ્ત્ર, ધર્મનું સમાજશાસ્ત્ર, શિક્ષણનું સમાજશાસ્ત્ર વગેરેની જેમ સમાજશાસ્ત્રની એક વિશિષ્ટ શાખા તરીકેનું સ્થાન આપે છે. અત્રે મૂળ આશય કોઈ તાત્ત્વિક ચર્ચામાં પડવાનો ન હોઈ નગર સમાજશાસ્ત્રના અર્થ અને તેની વ્યાખ્યા વિશે વિગતવાર સમજૂતી મેળવીશું.

સરળ શબ્દોમાં કહીએ તો નગર સમાજશાસ્ત્ર નગર સમુદાય અને નગરજીવનનો વિશિષ્ટ સામાજિક ઘટના તરીકે અભ્યાસ કરે છે. આ અભ્યાસોમાં નગર અને નગરજીવનની અસરોના અભ્યાસનો સમાવેશ પણ કરવામાં આવે છે. નગર સમાજશાસ્ત્ર નગર સમુદાયની ભૌતિક રચના, વસ્તી અને તેનું પ્રમાણ, વસ્તીની ગીચતા અને વિસ્તરણ વગેરે જેવી સંખ્યાત્મક બાબતોના અભ્યાસ પૂરતું જ મર્યાદિત નથી. તે નગર સમુદાયને બૃહદ્ સમાજના એક અંગ તરીકે સ્વીકારી ત્યાં પ્રવર્તતી સામાજિક પ્રક્રિયાઓ, સંસ્થાઓ, સંગઠનો અને સમસ્યાઓનો અભ્યાસ પણ કરે છે. આ અર્થમાં તે નગર જીવનનો ગુણાત્મક દૃષ્ટિએ અભ્યાસ કરવામાં રસ ધરાવે છે. વળી, તે નગર સમુદાયો અને નગરજીવનના વિકાસ તથા તેની અસરોના અભ્યાસમાં પણ એટલો જ ઊંડો રસ ધરાવે છે. આમ સમગ્ર રીતે જોતાં નગર સમાજશાસ્ત્ર એ નગર સમુદાયોમાં વસતા લોકોની સામાજિક ક્રિયાઓ-પ્રતિક્રિયાઓ તથા તેમનાં પરિણામોનો પદ્ધતિસર રીતે અભ્યાસ કરતું શાસ્ત્ર છે.

ગિડિયન સ્જોબર્ગ (Gideon Sjoberg) નગર સમાજશાસ્ત્રનો હેતુ સ્પષ્ટ કરતાં જણાવે છે કે, "નગર સમાજશાસ્ત્રનો મુખ્ય હેતુ, જે કાંઈ સૈદ્ધાંતિક અને પદ્ધતિશાસ્ત્રીય સાધનો ઉપલબ્ધ હોય તેમની મદદ

વડે નગરોના સામાજિક (social) અને પરિસ્થિતિકીય (ecological) માળખાનું અથવા તેમના રહીશોની ક્રિયાઓની સમજૂતી મેળવવાનો અને આગાહી કરવાનો છે." તે જ રીતે એરિક્સન (Erickson) એક નગરસમાજશાસ્ત્રીના ધ્યેયને સ્પષ્ટ કરતાં કહે છે કે, 'એક સામાજિક વૈજ્ઞાનિક તરીકે તે એવા સર્વ આંતરસંબંધો અને જટિલ પરિસ્થિતિમાં રસ ધરાવે છે કે જે નાગરિક જીવનનું સર્જન કરે છે." તેમના મતે નગર સમાજશાસ્ત્ર એ નગર સમુદાયના સર્વાંગી પાસાંઓનો અભ્યાસ કરે છે.

બર્ગેલ (Bergel) ના મતે, "નગર સમાજશાસ્ત્ર નાગરી જીવન ઢબમાંથી ફલિત થતી અને તેના ઉપર નભતી એવી સામાજિક ક્રિયાઓ, સામાજિક સંબંધો, સામાજિક સંસ્થાઓ અને સભ્યતાઓના પ્રકાર ઉપર નગરજીવનની અસરોનો અભ્યાસ કરે છે." તેઓ માત્ર નગરવાસીઓ ઉપર જ નગરજીવનની અસરોને ગણનાપાત્ર ગણાવતા નથી. સમસ્ત માનવજાતની ઉત્ક્રાંતિમાં નગરજીવનનું મહત્ત્વ દર્શાવતાં બર્ગેલ (Bergel) તેની અસરોની વિપુલતા તરફ ધ્યાન દોરે છે અને કહે છે કે, "નગર વિના સમસ્ત માનવજાત ઘણા અંશોમાં આદિમ સ્તરે જ રહી હોત." આગળ જતાં તેઓ એવું પણ દર્શાવે છે કે, "નગર સમાજશાસ્ત્ર પર્યાવરણની માનવ ઉપર પડતી અસરોનો અભ્યાસ કરતું એક વિશિષ્ટ શાસ્ત્ર છે." લિયોનાર્ડ રિઝમેન (Leonard Reissman) નગર સમાજશાસ્ત્રની વ્યાખ્યા કરતાં લખે છે કે, "નગર સમાજશાસ્ત્ર સામાજિક તંત્રરૂપી નગરોને લગતું વિશ્વસનીય અને પ્રમાણિક જ્ઞાનનો સુસંકલિત ભંડોળ છે." જેની જેકબ (Jane Jacobs) નગર સમાજશાસ્ત્રમાં નગરીય ઘટનાઓનો અર્થબોધિત સમજૂતી મેળવવા ઉપર ભાર મૂકે છે.

લુઈ વર્થ (Louis Wirth) તેના પ્રદાન "urbanism as a way of life"ના ભાગ રૂપેનગરની જે સમાજશાસ્ત્રીય વ્યાખ્યા આપી છે તેના અનુસંધાનમાં જ તેઓ એક નગરસમાજશાસ્ત્રીના અભ્યાસના મૂળ ધ્યેયનો ઉલ્લેખ કરે છે. તેમની આ રજૂઆતમાંથી નગરસમાજશાસ્ત્રનો આછો ખ્યાલ મેળવી શકાય છે. લુઈ વર્થ જણાવે છે કે, "નગર સમાજશાસ્ત્રનું મુખ્ય કાર્ય વિશાળ, ગીચ અને વૈવિધ્ય ધરાવતા જનસમૂહોના અપેક્ષાકૃત કાયમી વસવાટોમાંથી જે વિશિષ્ટ પ્રકારની સામાજિક ક્રિયાઓ અને સંગઠનો ઉદ્ભવે છે તે શોધી કાઢવાનું હોય છે.

હેટ અને રિઝ (Hatt & Reiss) નગર સમાજશાસ્ત્રને "નગરજીવનના સમાજશાસ્ત્ર" તરીકે સમજાવે છે. નેલ્સ એન્ડર્સન (Nels Anderson) કહે છે કે, "નગર સમાજશાસ્ત્ર કસ્બાઓ અને નગરોમાંના સમાજ અને રહેણીકરણી સાથે સંકળાયેલું છે."

ઉપરોક્ત રજૂઆતને ઝીણવટથી તપાસીએ તો એવું સ્પષ્ટ થાય છે કે નગર સમાજશાસ્ત્ર તે નગર સમુદયો અને નગરજીવનનું શાસ્ત્રીય રીતે અભ્યાસ કરતું શાસ્ત્ર છે. તે નગર સમુદાયને બૃહદ સમાજના એક અંતર્ગત ભાગ તરીકે જ સ્વીકારે છે. છતાં નગર સમુદાયની કેટલીક સ્થાનિક ખાસિયતોને કારણે એવા સમુદાયોને તે ગ્રામ સમુદાયો અગર તો આદિમ સમાજોની સરખામણીમાં વિશિષ્ટ પ્રકારની માનવ વસાહતો રૂપે જુએ છે. નગર સમુદાયોની એવી વિશિષ્ટતા તેમના પરિસ્થિતિકીય માળખામાં (ecological structure) તથા સામાજિક પર્યાવરણના ક્ષેત્રે જોવા મળે છે. આ ઉપરાંત નગરની વસ્તીનું કદ, તેની ગીચતા અને પંચરંગીપણું તેની સ્થાનિક ખાસિયતોનું ભૌતિક સ્વરૂપ સ્પષ્ટ કરે છે. નગર સમાજશાસ્ત્ર આવી સ્વયંસ્પષ્ટ ખાસિયતોથી પ્રેરાઈ નગરો અને નગરજીવનના પદ્ધતિસરના અભ્યાસમાં રસ ધરાવે છે. ટૂંકમાં, નગર સમાજશાસ્ત્રનો અર્થ દર્શાવતાં નિમ્ન મુદ્દાઓ તારવી શકાય :

1) નગર સમાજશાસ્ત્ર નગર અને નગરજીવનનો પદ્ધતિસરનો અભ્યાસ કરતું શાસ્ત્ર છે.
2) નગર સમાજશાસ્ત્ર તે નગર સમુદાયને વિસ્તૃત સમાજવ્યવસ્થાના અંગરૂપે જ સ્વીકારે છે.
3) નગર સમુદાયની રચનાના સ્થિત્યાત્મક અને ગત્યાત્મક એવાં સર્વ પાસાંઓ નગર સમાજશાસ્ત્રમાં આવરી લેવાય છે.
4) તે નગર સમુદાયના ભૌતિક સ્વરૂપનો અભ્યાસ ઉપરાંત નગરજીવનનાં ગુણાત્મક પાસાંઓના અભ્યાસમાં પણ રસ ધરાવે છે.
5) નગર સમાજશાસ્ત્ર એ નગર સમુદાયના સામાજિક પર્યાવરણની વિશિષ્ટતા સ્વીકારી નગરવાસીઓની ક્રિયાઓ-પ્રતિક્રિયાઓ તથા સામાજિક સંબંધો ઉપર પડતી તેની અસરોનો અભ્યાસ કરતું શાસ્ત્ર પણ છે.
6) નગર સમાજશાસ્ત્ર નગરની વસ્તીના ભૌતિક પરિસ્થિતિઓ સાથેના અનુકૂલનની પ્રક્રિયા દરમ્યાન ઉદ્ભવતી પરિસ્થિતિશાસ્ત્રીય રચનાઓ અને ઉપ-રચનાઓના અભ્યાસ સાથે

પણ સંકળાયેલું છે.

7) નગર સમાજશાસ્ત્રમાં નગરની અસરો તેની ભૌતિક સીમાઓ વટાવી જતી હોય છે, તે હકીકતનો સ્વીકાર કરી નગરજીવનની અસરોના વ્યાપ અને પરિણામોના અભ્યાસમાં પણ રસ ધરાવે છે.

## નગર સમાજશાસ્ત્રનું વિષયવસ્તુ

પૂર્વ-પરિભાષિત વિષયવસ્તુનો ચોક્કસ અને વિશ્વસનીય પદ્ધતિઓ વડે થયેલો અભ્યાસ જે તે શાસ્ત્રના વૈજ્ઞાનિક અને પદ્ધતિસરના વિકાસમાં પાયાનો ભાગ ભજવે છે. શાસ્ત્રીય જ્ઞાનના વિકાસ અર્થે જે તે શાસ્ત્રના અભ્યાસનું વિષયવસ્તુ વિષે સ્પષ્ટતા હોવી અતિ આવશ્યક બાબત હોય છે. નગર સમાજશાસ્ત્રના પદ્ધતિસરના વિકાસ માટે પણ આ બન્ને બાબતો એટલી જ અગત્યની છે. સમાજશાસ્ત્રની વિષયવસ્તુ અંગે જરૂરી સ્પષ્ટતા જોવા મળતી નથી. તે પાછળનું મુખ્ય કારણ એ છે કે, નગર સમાજશાસ્ત્રની શરૂઆતથી તે આજ સુધી નગર સમુદાયો અને નગરજીવનનો જે જુદા જુદા અભિગમોથી અભ્યાસ થયો છે તેમાંના દરેક દરેક અભિગમે નગર સમુદાયના કોઈ એક પરિવર્ત્યને જ કેન્દ્રસ્થાન આપ્યું છે.

નગર સમાજશાસ્ત્ર એ સમાજશાસ્ત્રનું એક અંગ જ હોવાથી છેવટે તો તેના અભ્યાસનું વિષયવસ્તુ સમાજશાસ્ત્રના વિષયવસ્તુથી ભિન્ન નથી. તેમ છતાં તેનું ધ્યેય નગર અને નગરજીવનના વિશિષ્ટ અભ્યાસ પરત્વેનું હોવાથી તેની વિષયવસ્તુ અંગે સ્પષ્ટતા હોવી જરૂરી છે. પાશ્ચાત્ય સમાજોમાં મોટાભાગની વસ્તી નગર સમુદાયોમાં રહેતી હોવાથી ત્યાં નગર સમાજશાસ્ત્ર અને સામાન્ય સમાજશાસ્ત્રના અભ્યાસોમાં પુનરાવર્તન થાય તેવો સંભવ છે, કારણ કે એવા સમાજોમાં છેવટે તો મોટાભાગના સમાજશાસ્ત્રીય તારણો અને નગરજીવનને લગતા જ બની રહે છે. પરંતુ વિકસતા અને અર્ધવિકસિત સમાજોમાં આજે પણ મોટા ભાગની વસ્તી ગ્રામસમુદાયોમાં વસે છે. એવા સમાજોમાં નગર સમુદાયોમાં રહેતી વસ્તીનું પ્રમાણ ઘણું ઓછું છે.આથી બૃહદ સમાજના સંદર્ભમાં ત્યાં નગર સમુદાયો અને નગરજીવનનું એક વિશિષ્ટ સ્થાન હોય છે. આ ઉપરાંત વિકસતા સમાજોમાં નગરીકરણ અને ઉદ્યોગીકરણની અસરો પરંપરાગત સમાજવ્યવસ્થામાં ઝડપી પરિવર્તનો લાવી રહી છે. તે સર્વ જોતાં આવા સમાજોમાં સમાજશાસ્ત્રીય અભ્યાસો માટે નગર સમુદાયો એક વિશિષ્ટ ભૂમિકા પૂરી પાડે છે. જોકે નગર સમાજશાસ્ત્રના વિષય-વસ્તુ અંગે પ્રવર્તતી અસ્પષ્ટતાને લીધે અલબર્ટ રીઝ (Albert Reiss) કહે છે તે મુજબ ઘણે ભાગે નગર સમાજશાસ્ત્રીઓ તેમના અભ્યાસો અર્થે નગરને એક પ્રયોગશાળા તરીકે જોઈ ત્યાં એવી ઉપકલ્પનાઓ અને સિદ્ધાંતોનું પરીક્ષણ કરતા આવ્યાં છે કે જે ચોક્કસપણે કહીએ તો નગર સમાજશાસ્ત્ર સાથે લાગતીવળગતી નથી.

છતાં એક વસ્તુ તો ચોક્કસ રીતે કહી શકાય કે નગર સમાજશાસ્ત્ર એવાં સામાજિક તથ્યોના અભ્યાસ સાથે સંકળાયેલું છે કે જેમનાં સ્રોત નગર સમુદાયો અને નાગરી વાતાવરણ હોય છે. આ અર્થમાં નગર સમુદાયો તથા ત્યાં પ્રવર્તતી માનવ-માનવ વચ્ચેની સામાજિક આંતરક્રિયાઓ, સામાજિક સંબંધો ને તેમનાં પરિણામો નગર સમાજશાસ્ત્રના અભ્યાસના વિષયવસ્તુમાં કેન્દ્રસ્થાને રહે છે. તદ્‌ઉપરાંત, નગરજીવનના સ્થાયિત્વ અને ગત્યાત્મક (static and dynamic) પાસાંઓના અભ્યાસ પણ નગર સમાજશાસ્ત્રના વિષયવસ્તુમાં આવી જાય છે.

રોબર્ટ ગુટમેન અને ડેવિડ પોપેનો (Robert Gutman & David Popenoe) એ નગર સમાજશાસ્ત્રના પ્રમુખ પાઠ્યપુસ્તકોમાં રજૂ થયેલી સામગ્રીના વિશ્લેષણને આધારે નગર સમાજશાસ્ત્રના અભ્યાસોમાં આવરી લેવામાં આવેલી બાબતો તારવી છે. નગર સમાજશાસ્ત્ર હેઠળ આવતા વિષયવસ્તુનો ખ્યાલ મેળવવામાં તેમનું આ પ્રદાન મદદરૂપ થાય છે. તેઓ કેટલાંક પાઠ્યપુસ્તકોની વસ્તુસામગ્રીને આધારે નગર સમાજશાસ્ત્રમાં આવરી લેવામાં આવેલા મુદ્દાઓનું નીચે મુજબ તારણ કરે છે :

1) નગરી-ગ્રામીણ તુલના
2) નગરીકરણ
3) નગરોના તુલનાત્મક અભ્યાસો
4) નગર સમુદાયના એક સમગ્ર તરીકેના અભ્યાસો
5) નગર સમુદાયોના સ્થાનિક વિસ્તારોના અભ્યાસો

6) નગર સમુદાયોનાં સ્થાનિક જૂથોના અભ્યાસો

7) નગરોના પરિસ્થિતિશાસ્ત્રીય અભ્યાસો

8) મૂલ્યાભિમુખી અભ્યાસો કે જેમાં નાગરી પરિસ્થિતિ અને સામાજિક મૂલ્યો વચ્ચેના પારસ્પરિક સંબંધોનો અભ્યાસ આવી જાય છે.

9) નાગરી સમસ્યાઓના અભ્યાસો.

રોબર્ટ ઈ. પાર્ક અને અર્નેસ્ટ બર્ગેસ (Robert E. Park & Earnest Burgess) નગર સમાજશાસ્ત્રના વિષયવસ્તુમાં (1) નગરનો પરિસ્થિતિશાસ્ત્રીય અભ્યાસ (2) નાગરી સામાજિક સંગઠન અને (3) નાગરી સામાજિક વિઘટનને લગતી બાબતોનો સમાવેશ કરે છે. ફિલિપ એમ. હોઝર (Philop M. Hauser) આધુનિક સમયના વિકસતા સમાજોમાં ઉદ્યોગીકરણ અને નગરીકરણની જોવા મળતી વ્યાપક અસરોને અનુલક્ષીને એવા સમાજોમાં નગર સમાજશાસ્ત્રના અભ્યાસોનું ખાસ મહત્ત્વ દર્શાવે છે. આથી તેઓ દક્ષિણ-પૂર્વ એશિયાના સમાજોમાં નગરીકરણના પ્રશ્નો અંગે વૈજ્ઞાનિક જ્ઞાન ઉપલબ્ધ થઈ શકે એવા આશયથી નગર સમાજશાસ્ત્રનાં સંશોધનને કેટલાંક અગત્યનાં ક્ષેત્રોમાં કેન્દ્રિત કરવાનું દિશાસૂચન કરે છે. તેમણે સમાજશાસ્ત્રના સંશોધનો માટે અગ્રીમતા ધરાવતા જે ક્ષેત્રો દર્શાવે છે તે પૈકીના કેટલાંક પ્રમુખ ક્ષેત્રો નીચે મુજબ છે :

## 1. ઉદ્યોગીકરણ અને નગરીકરણની અસરો :

વિકસતા સમાજોમાં ઉદ્યોગીકરણ અને નગરીકરણની પ્રક્રિયા સામાજિક પરિવર્તનનાં કારણ અને પરિણામ એમ બન્ને સ્વરૂપોમાં જોઈ શકાય છે. નગરજીવનની અસરો નગર સમુદાય કરતાં વ્યાપક હોવાથી નગરીકરણની અસરોથી માત્ર નગર સમુદાયોમાં વસતા લોકો જ નહીં પણ ગ્રામસમુદાયોમાં વસતા લોકો પણ પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે પ્રભાવિત થાય છે. મહાનગરો વિસ્તૃત સમાજવ્યવસ્થા ઉપર પણ ઊંડી અને એકધારી અસરો પાડે છે. આમ નગરીકરણની પ્રક્રિયા, તેના વ્યાપ અને અસરો ઉપરાંત નગર સમાજશાસ્ત્ર નગર સમુદાયોના વિકાસ ને તેના પ્રવાહોના અભ્યાસમાં રસ ધરાવે છે.

## 2. નગરોની ભૌતિક રચના અને તેના પ્રશ્નો :

નગર સમુદાયોમાં વિશાળ, ગીચ અને વૈવિધ્ય ધરાવતી વસ્તી કાયમી ધોરણે નાના ભૂભાગ ઉપર વસવાટ કરતી હોય છે. આથી નગરો એક એવું વિશિષ્ટ પ્રકારનું ભૌતિક સ્વરૂપ ધરાવતાં હોય છે. નગરની એવી, વિશિષ્ટ રચનાને કારણે ત્યાં જમીનના ઉપયોગનું પ્રરૂપ, માનવ વસવાટો, જાહેર સગવડો અને વસ્તીની ગીચતા તથા પ્રદૂષણ વગેરેને લગતા કેટલાક એવા પ્રશ્નો ઉદ્ભવતા હોય છે કે જેના ઉકેલને માટે વાસ્તવિક પરિસ્થિતિઓના અભ્યાસને આધારે મેળવેલા વૈજ્ઞાનિક જ્ઞાનની જરૂર ઉભી થાય છે. નગર સમાજશાસ્ત્રના વિષયવસ્તુમાં નગરનું ભૌતિક સ્વરૂપ અને તેમાંથી જન્મ લેતાં વિવિધ પ્રશ્નોના અભ્યાસનો સમાવેશ થાય છે.

## 3. સામાજિક પરિવર્તન :

નગર એ એક ભૌતિક સંકુલ હોવા ઉપરાંત તેનું એક વિશિષ્ટ સામાજિક પર્યાવરણ પણ હોય છે. જે માનવ-માનવ વચ્ચેની ક્રિયા-પ્રતિક્રિયાઓ તેમજ સામાજિક સંગઠનો અને સંસ્થાઓ વગેરે ઉપર પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે અસર પાડે છે. જીવનની પરંપરાગત શૈલીઓ નબળી અને વિઘટિત થતી જાય છે. સમય જતાં તેમાંથી જ કેટલાંક સામાજિક અને વૈયક્તિક વિઘટનના પ્રશ્નો સર્જાય છે. આવા સંજોગોમાં નગર સમાજશાસ્ત્રમાં સામાજિક જીવનનાં વિવિધ પાસાંઓ જેવાં કે મૂલ્યો, માન્યતાઓ, સંગઠનો, મંડળો અને સંસ્થાઓ વગેરેનાં રચનાત્મક સ્વરૂપો તેમજ તેમનાં પરિવર્તિત પાસાંઓના અભ્યાસનો સમાવેશ થઈ જાય છે. તે સિવાય તેમાં નગર સમુદાયોમાં પ્રવર્તતા સામાજિક વિચલન અને સામાજિક ધોરણ અનુમતિની દિશા તથા પ્રમાણના અભ્યાસો પણ આવી જાય છે.

## 4. નગરમાં સ્થળાંતર કરીને આવેલાં લોકો :

આજે ભારત અને બીજા વિકસતા સમાજોમાં ગ્રામ સમુદાયોથી નગર તરફી, ખાસ કરીને મહાનગરો તરફ ગ્રામીણ વસ્તીનો પ્રચંડ ધસારો જોવા મળે છે. ભારતની જ વાત કરીએ તો અત્યારે વાર્ષિક 4 ટકાના દરે ભારતનાં નગરોની વસ્તી વધી રહી છે. જે દર સામાન્ય વસ્તીના વધારાના દરથી બમણા કરતાં વધારે છે. નગરોમાં આવા ઝડપી વસ્તીવધારા પાછળનું એક મોટું કારણ રોજી અને રોટી મેળવવા નગરોમાં આવી રહેવા રહેલા સ્થળાંતરીઓનું ઉત્તરોત્તર વધતું જતું પ્રમાણ છે.

ગ્રામ સમુદાયોથી સ્થળાંતર કરીને આવેલા લોકો માટે નગરજીવનની પરિસ્થિતિઓ તેમના મૂળ વતનની પરિસ્થિતિઓ કરતાં ભિન્ન હોઈ તેમની સમક્ષ નાગરી પરિસ્થિતિઓ સાથે અનુકૂલનના પ્રશ્નો સર્જાય

છે. આવા પ્રશ્નો આર્થિક, સાંસ્કૃતિક, માનસશાસ્ત્રીય, કૌટુંબિક અને જીવનની બીજી કેટલીક આધારભૂત જરૂરિયાતોને લગતા હોય છે. વળી, એવું પણ બને છે કે સ્થળાંતર કરીને આવેલાં લોકો પોતાના રહેઠાણ વગેરેની બાબતોમાં સમરૂપ સામાજિક, સાંસ્કૃતિક, પૃષ્ઠભૂમિ ધરાવતા લોકો સાથે જ રહેવાનું વલણ દાખવે છે. આથી નગરોમાં ભિન્ન ભિન્ન જૂથોના વિસ્તારો ઊપસી આવે છે. ગ્રામ સમુદાયોમાંથી આવેલાં આ લોકો મૂળ ગામ સાથેના સંબંધોને જાળવી રાખવાનો પ્રયાસ કરે છે. વળી, નગરોમાં કાયમી વસવાટ કરવાની સાથે સ્થળાંતરીઓ નાગરી પરિસ્થિતિઓ વચ્ચે પોતાની મૂળ સામાજિક, સાંસ્કૃતિક પૃષ્ઠભૂમિનું વાતાવરણ ઊભું કરે છે. તેના પરિણામ સ્વરૂપે નગરોમાં જુદાં જુદાં ક્ષેત્રોમાંથી આવતા લોકોનાં વિશેષ પ્રકારનાં સ્વૈચ્છિક મંડળો અને સંસ્થાઓ જન્મ લે છે. સ્થળાંતર કરીને આવેલા લોકોની જીવનની ઉપરોક્ત અને બીજી કેટલીક બાબતો પ્રત્યક્ષ તથા પરોક્ષ રીતે નાગરી પરિસ્થિતિઓને લાગતીવળગતી હોઈ નગર સમાજશાસ્ત્રની વિષયવસ્તુમાં આવે છે.

### 5. કુટુંબ અને તેનાં પલટાતાં પાસાંઓ :

કુટુંબ એ સાર્વત્રિક અને સામાજિક માળખામાં પાયાનું સામાજિક એકમ છે. વિકસતા સમાજોમાં તેનું પરંપરાગત સ્વરૂપ ઉદ્યોગીકરણ અને નગરીકરણની અસરો હેઠળ રચનાત્મક અને કાર્યાત્મક રીતે બદલાઈ રહ્યું છે. કૌટુંબિક ક્ષેત્રે આવી રહેલાં આવાં પરિવર્તનો એશિયા, લેટિન અમેરિકા અને આફ્રિકાના સમાજોમાં એકબીજાથી ભિન્ન સ્વરૂપનાં છે. ખાસ કરીને ચીન અને ભારતમાં વિસ્તૃત અગર તો સંયુક્ત કુટુંબપ્રણાલિકા હોવાથી ત્યાંના સમાજોમાં કૌટુંબિક ક્ષેત્રે જે પરિવર્તનો આવી રહ્યા છે તે આફ્રિકા અને લેટિન અમેરિકામાં કૌટુંબિક ક્ષેત્રે જોવા મળતાં પરિવર્તનોથી જુદાં પડે છે. નગર સમાજશાસ્ત્રમાં નાગરી પરિસ્થિતિમાં કૌટુંબિક ક્ષેત્રે આવી રહેલાં પરિવર્તનોનો અભ્યાસ આવરી લેવાય છે.

### 6. સામાજિક સમસ્યાઓનો અભ્યાસ :

નગરીકરણની અસરોને કારણે સામાજિક સાંસ્કૃતિક ક્ષેત્રે આવી રહેલાં વિવિધ પરિવર્તનોની એક અભિવ્યક્તિ તે સમાજના વિવિધ પાસાંઓમાં ઉપસતી વિસંગીતતા અને સમસ્યાઓ છે. આજે વિકસતા સમાજોના નગરોમાં પણ સામાજિક વિઘટનનો પ્રશ્ન ઉત્તરોત્તર વિકટ બનતો જાય છે, જેમાં વૈયક્તિક વિઘટનના જુદાં જુદાં પ્રકારો જેવા કે ગુનેગારી, બાળગુનેગારી વગેરેનો પણ સમાવેશ થઈ જાય છે. નગરોમાં મોટા ભાગે સામાજિક નિયંત્રણના પરંપરાગત સાધનો મૃતપ્રાયઃ થઈ જતાં હોવાથી આપઘાત, વેશ્યાવૃત્તિ, ગુનેગારી, બાળગુનેગારી, માનસિક રોગિષ્ઠપણું, જુગાર, મદિરાપાન અને ભિક્ષાવૃત્તિને લગતા પ્રશ્નો મોટા પાયા ઉપર ઉપસ્થિત થાય છે. વિકસિત સમાજોની જેમ વિકસતા સમાજોમાં પણ પ્રસ્તુત પ્રશ્નો ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા જાય છે. નગર સમાજશાસ્ત્રના અભ્યાસો દ્વારા પ્રાપ્ત જ્ઞાનની મદદથી નગરીકરણના વિકાસની સાથે આવા પ્રશ્નો વધુ ઉગ્ર ન બને તેમજ તેનો યોગ્ય ઉકેલ આવે તે માટેની તકેદારી લઈ શકાય છે.

### 7. નગરમાં વસતા શ્રમિકોનો અભ્યાસ :

ભારત અને અન્ય વિકસિત સમાજોમાં ઉદ્યોગીકરણ અને નગરોના વિકાસની પ્રક્રિયા સહગામી છે. નગરો તેમના ઔદ્યોગિક વિકાસને કારણે રોજગારીની નવી અને વિપુલ તકો પૂરી પાડે છે. તેથી ગ્રામ સમુદાયોના લોકો આ તકો તરફ આકર્ષાય છે અને સ્થળાંતર કરીને નગરમાં વસવાટ કરે છે. સ્થળાંતર કરીને આવતા આ લોકો નગરોમાં ઔદ્યોગિક સંસ્થાઓ અને કારખાનાંઓમાં હંગામી અગર તો અર્ધરોજગારીના ધોરણે શ્રમિક તરીકે રોજગારી મેળવતા હોય છે. કેટલાક લોકો તાલીમ અને અનુભવ વડે ઔદ્યોગિક દક્ષતા હાંસલ કરીને દક્ષ અથવા અર્ધદક્ષ શ્રમિકો તરીકે કામ કરવા લાગે છે. જોકે આ રીતે રોજગાર પ્રાપ્ત કરી લેવાથી જ તેમના સર્વ પ્રશ્નો હલ થઈ જતા નથી. રહેઠાણ અને રોજગારીને લગતા અનેક વણઊકલ્યા પ્રશ્નો રહે જ છે. બદલાયેલી પરિસ્થિતિઓ વચ્ચે તેઓ કૌટુંબિક, સ્વાસ્થ્ય અને ફુરસદના સમય વગેરે ઉપરાંત રોજગારીને ક્ષેત્રે પ્રવર્તતા શોષણ અસુરક્ષાના સવાલોથી પણ પીડાતા રહે છે. ક્યારેક સંગઠિત બની પોતાનાં હિતોના રક્ષણ અર્થે ક્રિયાશીલ બને છે. શ્રમિકોના જીવનને લગતી આ તરાહ નાગરી પરિસ્થિતિઓ અને તેના આર્થિક માળખા સાથે સંકળાયેલી હોય છે. નગર સમાજશાસ્ત્ર શ્રમિકોના જીવનના વિવિધ પાસાંઓનો વૈજ્ઞાનિક અભ્યાસ કરી તેમનાં હિતોના રક્ષણ માટેના ઉપાય પ્રકાશમાં લાવે છે.

### 8. કલા અને હુન્નરના ઉપસતા સ્વરૂપનો અભ્યાસ :

નગરોના વિકાસની પરિવર્તનકારી અસર કલા, હુન્નર અને મનોરંજનનાં સ્વરૂપોના ક્ષેત્રે પણ જોવા મળે છે. આજે નગરોમાં કારખાનાઓમાં મશીનોની મદદ વડે મોટા પાયા ઉપર થતા વસ્તુઓના

ઉત્પાદન સામે પરંપરાગત કલા અને હુન્નર વડે સર્જાતી વસ્તુઓને પ્રત્યક્ષ હરીફાઈમાં ઊતરવું પડે છે. આજે નગરોમાં મનોરંજન માટેનાં સાધનો ધંધાદારી કે વ્યાપારી ધોરણે ચાલતાં હોય છે અને તેમનું વિષયવસ્તુ પણ પરંપરાગત હોતું નથી. દા.ત., સિનેમા, ક્લબો, રમતગમતનાં મંડળો, સંગ્રહાલયો, પુસ્તકાલયો વગેરે નગરોમાં મનોરંજનના પ્રમુખ સ્રોત હોય છે. નગરીકરણની અસરોને કારણે મનોરંજનની આ પ્રણાલિકાઓ માત્ર નગરો પૂરતી જ મર્યાદિત રહેતી નથી, પણ તેમની અસર ગ્રામ સમુદાયો ઉપર પણ થવા લાગી છે. નાનાં-મોટાં નગર સમાજશાસ્ત્રમાં નગરજીવનની પરંપરાગત કલા, હુન્નર અને મનોરંજનની રીતભાતો ઉપર પડતી અસરો અને તેમના પલટાતાં સ્વરૂપોની તરાહ સમજવામાં પણ રસ ધરાવે છે.

### 9. શિક્ષણ અને શૈક્ષણિક સગવડોની છણાવટ :

આજે ત્રીજા વિશ્વના સમાજોમાં શિક્ષણનું મહત્ત્વ વધતું જતું હોવા છતાં ત્યાંનાં નગરોમાં પણ પૂરતી શૈક્ષણિક સગવડોનું અસ્તિત્વ નથી. બાળક અને વયસ્કો બંનેના શિક્ષણ માટેની સગવડોને આવાત સરખી રીતે લાગુ થાય છે. જેથી નિરક્ષરતા અને નિમ્ન જીવનધોરણને લગતા અનેક પ્રશ્નો સર્જાય છે. વિકસતા સમાજોના નગરોમાં ભોજન, રહેઠાણ, સ્વાસ્થ્ય અને ગંદા વસવાટોના પ્રશ્નોને પ્રાધાન્ય આપવાનું જરૂરી હોઈ શૈક્ષણિક સગવડો અર્થે પૂરતાં સાધનો અને પૈસા ફાળવી શકાતાં નથી. આવી પરિસ્થિતિ વચ્ચે નગરોમાં શિક્ષણના વિકાસની તરાહ અને પ્રશ્નોનો અભ્યાસ એક અગત્યનું ક્ષેત્ર બને છે.

### 10. નગરની વસ્તીનાં માળખાનો અભ્યાસ :

નગરીકરણને કારણે નગરોની વસ્તીના ક્ષેત્રે જન્મદર, મૃત્યુદર, વસ્તીનું સ્થળાંતર, વસ્તીની રચના અને તેનું વિસ્તરણ વગેરેને લગતા અનેક નવા પ્રશ્નો સર્જાય છે. વસ્તીને લગતાં વિવિધ પ્રશ્નોનું નગર સમુદાયો તથા તેમનાં વસ્તીવિષયક જૂથોને ધ્યાનમાં રાખી પદ્ધતિસરના અભ્યાસોની ખૂબ જ જરૂર રહે છે. વિકસતા સમાજોમાં મહાનગરોમાં સ્થળાંતરને કારણે અભૂતપૂર્વ ગતિથી વસ્તીની વૃદ્ધિ થઈ રહી છે. ત્યાંનાં આ નગરો ભાંગી પડે તે હદ સુધી વસ્તીના દબાણ હેઠળ છે. એવા સંજોગોમાં વસ્તીના આયોજન અને નિયમન અર્થે વાસ્તવિક પરિસ્થિતિઓ ઉપર આધારિત માહિતી ઉપરાંત કુટુંબનિયોજનના પ્રયાસોની અસરો, કુટુંબનિયોજન પરત્વે લોકોનાં વલણો, ધાર્મિક મૂલ્યો વગેરેને લગતા પદ્ધતિસરના અભ્યાસોની જરૂર છે.

વળી, આંતરિક સ્થળાંતરના પ્રવાહો અને તેનાં પરિણામોને લગતી વૈજ્ઞાનિક માહિતીની જરૂર છે. નગરોમાં વસ્તીના સંગઠન અને સ્વરૂપ પરત્વેનાં વિવિધ પાસાંઓને લગતી માહિતી પણ એટલી જ આવશ્યક છે. આવા અભ્યાસો વસ્તીની જાતિ, વય, શિક્ષણ, ધંધાકીય જૂથો, ઔદ્યોગિક દક્ષતા, પ્રજાતીય તત્ત્વો અને સામાજિક સાંસ્કૃતિક લાક્ષણિકતાઓના સંદર્ભમાં ઘણા ઉપયોગી છે. નગર સમાજશાસ્ત્ર નગર સમુદાયોની વસ્તીને લગતી આવી સર્વ પ્રકારની વિશ્વસનીય માહિતી એકઠી કરી તેના વિશ્લેષણ સાથે સંકળાયેલું છે.

### 11. નગર પ્રશાસન અને આયોજનના પ્રશ્નોનો અભ્યાસ :

નગર સમુદાયો વસ્તીના વિશાળ કદ અને તેની સામાજિક જટિલતા વૈવિધ્યને લીધે નગરવાસીઓની ક્રિયા-પ્રતિક્રિયાઓના સુગ્રથન અને સંચાલન અર્થે સામાજિક નિયમનનાં કેટલાંક ઔપચારિક સાધનોની જરૂરિયાત ઊભી કરે છે. બૃહદ સમાજવ્યવસ્થાના સરકારી તંત્ર અને નગરના સ્થાનિક પ્રશાસનના તંત્ર વચ્ચેના સંબંધોના સંચાલન અને તેમની અર્થઘટનનાં ક્ષેત્રે કેટલાક પ્રશ્નો ઊભા થાય છે. નગરોમાં સ્થાનિક પ્રશાસનના ક્ષેત્રે ઊભા થતા એવા પ્રશ્નોના અસરકારક ઉકેલ માટે પ્રશાસનના વિશેષજ્ઞો ઉપરાંત સામાન્ય પ્રશાસનમાં તાલીમબદ્ધ એવા અમલદારો અને વહીવટકર્તાઓની જરૂર ઊભી થાય છે.

નગરોની સ્થાનિક પ્રશાસનની સંસ્થાઓ અને રાજ્ય તથા કેન્દ્ર સરકારો વચ્ચે જે તે નગર સમુદાયને સ્પર્શતા કાર્યો તથા આવકનાં સાધનોની ફાળવણીના મુદ્દાઓ ઉપર સત્તાની વહેંચણી વિશેનાં પ્રશ્નો સર્જાય છે. નગરોના સતત વિકાસને કારણે તેમની પ્રશાસનિક સીમા સમય વહેવા સાથે વિસ્તરવાની જરૂર ઊભી થાય છે. નગરોની સ્થાનિક પ્રશાસનની સંસ્થાઓ પોતે આ સર્વ પ્રશ્નોનો ઉકેલ લાવી શકતી નથી. આ બાબતોમાં તે રાજ્ય અને કેન્દ્ર સરકારો ઉપર આધાર રાખે છે. તે સિવાય નગરોના સુનિયોજીત વિકાસ માટે ગંદા વસવાટો, ઔદ્યોગિક વિસ્તારો, નાગરિક સગવડો વગેરે કે જે રોજબરોજના જીવન સાથે સંકળાયેલી હોય છે તેનું અસરકારક સમાધાન લાવવું પડે છે. નગર સમુદાયના વિકાસ સાથે નગર આયોજનના ક્ષેત્રે ઉદ્ભવતા પ્રશ્નો અને તેમના ઉકેલના ઉપાયોનો

પદ્ધતિસર અભ્યાસ વડે આ કામ પાર પાડી શકાય છે.

આમ, નગર સમાજશાસ્ત્રમાં નગરના સ્થાનિક પ્રશાસનના પ્રશ્નો તેમજ નગર આયોજન વગેરેને લગતા સવાલોના અભ્યાસને આવરી લેવામાં આવે છે.

ટૂંકમાં, નગર સમાજશાસ્ત્ર નગર સમુદાયોને સ્પર્શતા વિવિધ પાસાંઓ અને પ્રશ્નોના વૈજ્ઞાનિક અભ્યાસમાં રસ ધરાવે છે. તદ્ઉપરાંત નગરીય જીવનનાં લક્ષણો તેમજ તેનાં પરિવર્તિત સ્વરૂપના વિશ્વસનીય અર્થઘટન સાથે પણ સંકળાયેલું છે.

## નગર સમાજશાસ્ત્રની સંશોધન પદ્ધતિઓ

નગર સમાજશાસ્ત્ર એ નગરવાસીઓ વચ્ચેની સામાજિક ક્રિયાઓ અને તેમનાં પરિણામોના વૈજ્ઞાનિક અભ્યાસમાં રસ ધરાવતું હોવાથી તેની અભ્યાસ પદ્ધતિઓ સમાજશાસ્ત્રની સંશોધન પદ્ધતિઓથી ભિન્ન નથી. નગર સમુદાયના વિશાળ કદ, વસ્તીની ગીચતા અને તેનું પચરંગીપણું અને વસવાટના અંદરોઅંદરના વિશિષ્ટ વિસ્તારો નાગરી પર્યાવરણને જટિલ બનાવે છે. નગરજીવનની આ જટિલતા નગરવાસીઓની જીવનશૈલી અને એકબીજા સાથેના સંબંધો ઉપર વિવિધ અસરો પાડે છે. વિશ્વના નગરોમાં કેટલીક પાયારૂપ સમરૂપતા હોવા છતાં પ્રત્યેક સમાજના સ્થાનિક સામાજિક-ભૌતિક પરિબળો જે તે સમાજનાં નગરોનાં સામાજિક માળખામાં વિશિષ્ટતા આણે છે. આથી પણ નગરીય વાતાવરણ જટિલ બની જાય છે. તેથી નગર સમાજશાસ્ત્રની સંશોધન પદ્ધતિઓમાં તેના વિષયવસ્તુને લગતી માહિતી એકઠી કરવા અને તેના વિશ્લેષણ માટે સામાજિક સંશોધન ક્ષેત્રે વપરાતી ચોક્કસ પ્રયુક્તિઓ ઉપર તેનું ઝોક વધી જાય છે. ખાસ કરીને નગર સમાજશાસ્ત્રમાં વસ્તીશાસ્ત્રીય અને પરિસ્થિતિ શાસ્ત્રીય પ્રયુક્તિઓના વપરાશ ઉપરનો ઝોક દેખાઈ આવે છે.

ગિબ્સે (Gibbs) "અર્બન રિસર્ચ મેથડ્સ"માં નગરો અને નગરીકરણના વસ્તીશાસ્ત્રીય અને પરિસ્થિતિશાસ્ત્રીય અભ્યાસોમાં ઉપયોગી થઈ પડે એવી પદ્ધતિઓનાં જુદા જુદા વિદ્વાનોએ કરેલાં સંશોધનોના સંદર્ભમાં સમજૂતી આપવાનો પ્રયાસ કર્યો છે. ગિબ્સનું આ પુસ્તક સાત ખંડોમાં વહેંચાયેલું છે. પ્રથમ ત્રણ ખંડોમાં નગર સમુદાયની પ્રકૃતિ અને તેનાં લક્ષણો ચોથા ખંડમાં નાગરી પૃષ્ઠ પ્રદેશ અને નગરોના કાર્યાત્મક વર્ગીકરણ અર્થે ઉપયોગી પદ્ધતિઓની અને બાકીના ત્રણ ખંડોમાં અનુક્રમે નગરીકરણ, ગ્રામ-નગર તફાવતો અને ગ્રામ-નગર આંતરસંબંધો વિશેનાં સંશોધનોમાં થઈ રહે એવી પદ્ધતિઓની સમજ આપવામાં આવી છે. હવે પછી નગર સમુદાયો અને નગર જીવનનાં સંશોધનોમાં ઉપયોગી થઈ શકે એવી કેટલીક પદ્ધતિઓનો સવિસ્તર ખ્યાલ આપવામાં આવ્યો છે.

નગરનું ભૌતિક અને સામાજિક માળખું, તેમના પેટાવિભાગો અને તેમની વચ્ચેનું પરસ્પરાવલંબન, નગરવાસીઓની રહેણીકરણી તથા તેના પ્રશ્નો વગેરે દરેકે દરેક બાબત પદ્ધતિસરના અભ્યાસો માટે અર્થપૂર્ણ સામગ્રી પ્રદાન કરે છે. નગર સમુદાયોનો અભ્યાસ એક ભૌતિક એકમના રૂપમાં જ થતો નથી પણ તે એક સામાજિક એકમ તરીકે પણ જોવામાં આવે છે. નગર અને નાગરી જીવનના વિશ્લેષણ અર્થે આંકડાશાસ્ત્રીય અને ગુણાત્મક એવી બંને પ્રકારની પદ્ધતિઓની અગત્ય હોય છે. જોકે નગર એક વિશાળ અને જટિલ સામાજિક એકમ હોવાથી મોટા ભાગનાં સંશોધનોમાં આંકડાશાસ્ત્રીય પદ્ધતિઓ ઉપર વધુ અવલંબન રહ્યું છે તેમ કહીએ તો ખોટું નથી. વિમળ શાહ અને તારા પટેલ સામાજિક સંશોધનમાં આંકડાશાસ્ત્રીય પદ્ધતિઓની જે અગત્ય દર્શાવે છે તે નગર સમાજશાસ્ત્રના સંશોધનમાં એવી પદ્ધતિઓ ઉપરનાં અવલંબન પાછળ રહસ્ય સમજવામાં મદદરૂપ બની રહે છે. તેઓ કહે છે કે સામાજિક સંશોધનનું અભ્યાસવસ્તુ એટલું પંચરંગી અને જટિલ છે કે સામાજિક ઘટનાઓના વિશ્લેષણમાં આંકડાશાસ્ત્રના સિદ્ધાંતો અને રીતો અગત્યની ભૂમિકા ધરાવે છે.

નગર સમાજશાસ્ત્ર પરત્વેની ઉપરોક્ત સ્પષ્ટતાઓની પાર્શ્વભૂમિમાં વિવિધ સંશોધન પદ્ધતિઓનો પરિચય આપવો યોગ્ય લેખાશે.

### અ) સર્વેક્ષણ પદ્ધતિ (Survey methods) :

નગર સમાજશાસ્ત્રની શરૂઆતથી જ નાગરી પર્યાવરણ અને નગર સમુદાયોના સર્વેક્ષણાત્મક અભ્યાસોને પ્રાધાન્ય મળ્યું છે. પ્રારંભના તબક્કામાં સર્વેક્ષણ પદ્ધતિ વડે થયેલા અભ્યાસો મુખ્યત્વે નગરજીવનની સુધારણાના લક્ષ્ય સાથે સંકળાયેલા હતા. આ પદ્ધતિની મદદ વડે નગર સમુદાય અને નગરીયજીવનની ચોક્કસ બાબતને લગતી હકીકતદર્શી માહિતી એકઠી કરવામાં આવે છે, અને તેનું સરળ વર્ગીકરણની મદદથી વર્ણનાત્મક આલેખન થાય છે. કેટલીક વખત જે તે અભ્યાસ સાથે સંકળાયેલી ઘટનાને લગતી હકીકતદર્શી માહિતીને આધારે તેનાં લક્ષણો પણ તારવવામાં

આવે છે. આ પદ્ધતિથી થતાં સંશોધનો સૈદ્ધાંતિક ધારણાઓ ઉપર આધારિત ન હોવાથી મોટેભાગે તે નાગરી માળખાની સાર્વત્રિક સમજૂતી આપવામાં સમર્થ હોતાં નથી. આજે નગર સમાજશાસ્ત્રીઓ નગર અને નગરજીવનની વાસ્તવિક પરિસ્થિતિઓને લગતી માહિતી પૂર્વપરિભાષિત ધારણાઓના સંદર્ભમાં એકઠા કરવાનું વધુ ઉપયોગી જણાવે છે. જોકે સર્વેક્ષણ પદ્ધતિની મદદ વડે એકઠા કરાયેલા આંકડાઓ અને માહિતીનું આંકડાશાસ્ત્રીય પદ્ધતિઓથી વિશ્લેષણ કરી ઉચિત અર્થઘટન કરવામાં આવે તો વધુ અર્થપૂર્ણ તારણો પ્રાપ્ત કરી શકાય છે. આ દિશામાં રોબર્ટ ઇન્ટરા પાર્ક (Robert E. Park). અર્નેસ્ટ (Earnest). બર્ગેસ (Bergess) અને બોગાર્ડસ (Bogardus) નો ફાળો ખૂબ જ અગત્યનો રહ્યો છે. બોગાર્ડસ તો આગળ જઈને સામાજિક અંતર માપન અર્થે તેમના નામથી ઓળખાતો "બોગાર્ડસસ્કેલ" (Bogardus scale) પણ વિકસાવ્યો. બર્ગેસે પણ સર્વેક્ષણ પદ્ધતિથી એકઠા કરેલા આંકડાઓના આંકડાશાસ્ત્રીય માપનમાં ખૂબ રસ દર્શાવ્યો છે, કારણ કે તેઓ માનતા હતા કે નગર સમુદાયો અને નાગરી જીવનને લગતા હકીકતદર્શી આંકડાઓનું આંકડાશાસ્ત્રીય પદ્ધતિઓથી માપન કરીને વિશ્વસનીય આગાહી અને સુધારણા માટેના અસરકારક પગલાં સૂચવવામાં ખૂબ મદદ રહે છે.

સર્વેક્ષણની પદ્ધતિની રીતો દ્વારા ઇ.સ. 1909માં પોલ કેલોગે કરેલું પિટસબર્ગનું સર્વેક્ષણ અહીંયા ઉલ્લેખપાત્ર છે. આ સર્વેક્ષણ પાછળ પોલ કેલોગના હેતુ આ પ્રમાણે હતા :

1. લોખંડના કારખાનામાં કામ કરતા મજૂરોના જીવનને અસર કરનારાં પરિબળોનો અભ્યાસ કરવો,
2. નગરના વિકાસનાં કારણો શોધવાં,
3. નાગરી અને ઔદ્યોગિક સમૂહોની નોંધ તૈયાર કરવી, અને
4. લોખંડ પેદા કરતા એક પ્રદેશમાં ભૌતિકશાસ્ત્રના વિકાસ સાથે સામાજિક ઇજનેરી કેટલા પ્રમાણમાં વિકસી છે તે જોવું.

આવી જ રીતે ઇ.સ. 1914માં શેલ્લી હેરિસને અમેરિકાના ઇલેનોઇસ રાજ્યના સ્પ્રિંગફીલ્ડ નગરનું સર્વેક્ષણ કર્યું. શેલ્લી હેરિસને આ અભ્યાસમાં સ્પ્રિંગફીલ્ડ નગરમાં લોકશાળાઓનું કાર્ય, દારૂના પીઠા અને દારૂડીયા, આનંદપ્રમોદની આવશ્યકતાઓ અને તેની પૂર્તિ. આવાસ-પ્રબંધ માટેના કાનૂનો, જાહેર આરોગ્ય અને સફાળ, જાહેર અને ખાનગી સહાયતો. ઔદ્યોગિક પરિસ્થિતિ અને ઔદ્યોગિક સંબંધો, ગુનાખોર બાળકો તથા તેમના સુધારાની વ્યવસ્થા અને શહેર શાસન વગેરે બાબતો આવરી લીધી હતી. ભારતમાં થયેલા એવા નગર અભ્યાસોમાં આયોજન પંચના પ્રોત્સાહન અને તેની રીસર્ચ પ્રોગ્રામ સમિતિના આશ્રયે થયેલા અહેવાલોમાં "લખનૌ નગરનું આર્થિક સામાજિક બંધારણ" : રાધાકમલ મુખરજી, "આગ્રામાં નગરીકરણના પ્રવાહો" : પ્રોફેસર ડી. એ. ચૌહાણ, "અલ્હાબાદ નગરની આર્થિક-સામાજિક તપાસ" : ડી. એસ. દુબે, "મુંબઈ શહેરની આર્થિક તપાસ તથા મુંબઈ શહેર અને પરાંના નાના ઉદ્યોગોની તપાસ" : પ્રો. સી. એન. વકીલ, "કાનપુરનું સામાજિક સર્વેક્ષણ" : પ્રોફેસર ડી. એન. મજમુદાર, "કલકત્તા શહેરની આર્થિક સામાજિક તપાસ" : જે. પી. નિયોગી, "પૂના નગરની પરિવર્તન પામતી નોકરી અને આવકની વ્યવસ્થાનો અભ્યાસ" : પ્રોફેસર એન. વી. સોવાની, "મુરાદાબાદની નાના ઉદ્યોગોની તપાસ" : પ્રો. ડી. પી. મુખરજી અને "સુરતનું નગરીકરણ અને ત્યાંના નાના ઉદ્યોગો" : પ્રોફેસર આર. કે. પાટીલના અભ્યાસનો સમાવેશ કરી શકાય છે.

સર્વેક્ષણ પદ્ધતિથી થતા અભ્યાસો મોટા ભાગે વર્ણનાત્મક જ હોય છે, એમાં સૈદ્ધાંતિક તારણો નહિવત્ હોય છ. આથી એવા અભ્યાસોમાં નગર અથવા નાગરી જીવનને લગતી જે તે ઘટનાની સૈદ્ધાંતિક માળખામાં રજૂઆત થતી નથી. પ્રસ્તુત પદ્ધતિની આ એક મર્યાદા છે. આનો અર્થ એવો નથી કે નગર સમાજશાસ્ત્રનાં સંશોધનોમાં સર્વેક્ષણ પદ્ધતિથી થતા અભ્યાસોનું વિશેષ મહત્ત્વ નથી. આજે પણ આ પદ્ધતિથી નગર સમુદાયો અને નાગરી પર્યાવરણને લગતા અભ્યાસોની ખૂબ જરૂર છે કારણ કે તે જે તે ઘટનાની હકીકતદર્શી સમજૂતી જ આપતા નથી, પણ વધુ ઊંડા અને સૈદ્ધાંતિક સંશોધનો માટે નવાં નવાં સવાલો અને દિશાસૂચન કરે છે. આ સંદર્ભમાં પિટર ગુટકિંડ (Peter Gutkin) કહે છે કે, "સર્વેક્ષણ પદ્ધતિ એક સારા સંશોધનનો અંતર્ગત ભાગ હોય છ."

### બ) પરિસ્થિતિશાસ્ત્રીય પદ્ધતિ (Ecological methods) :

નગરોના સંદર્ભમાં પરિસ્થિતિય શાસ્ત્રીય પદ્ધતિની નિસ્બત નગરવાસીઓ અને નગર-ભૂભાગ વચ્ચેના સંબંધો સમજવા પૂરતી હોય છે. પરિસ્થિતિશાસ્ત્રીય પદ્ધતિથી થતા અભ્યાસોમાં "કુદરતી

વિસ્તારો''નો ખ્યાલ કેન્દ્રસ્થાને હોય છે. સામાન્ય રીતે કશા આયોજન વિના પણ નગર સમુદાય તેની બાંધણીમાં એકબીજાથી ભિન્ન એવા અનેક કુદરતી રીતે વિકસેલા વિસ્તારોનો રચાયેલો હોય છે. એવો દરેકે દરેક વિસ્તાર તેના રહીશો, સંસ્થાકીય ક્રિયાઓ, ભૌતિક લાક્ષણિકતાઓ, જીવનધોરણો, ભાવાત્મક બાબતો અને પરંપરાઓ વગેરેના સંદર્ભમાં પરિસ્થિતિશાસ્ત્રીય પદ્ધતિનાં સંશોધનો માટે ઉચિત આધાર પ્રદાન કરે છે. નગર સમુદાયની બાંધણીમાં રહેલા આ વિસ્તારો એકબીજાથી ભિન્ન પડતા હોય છે. આ હકીકત પાછળનું પ્રમુખ કારણ એ હોય છે કે નગરના આયોજન વિનાના કુદરતી વિકાસમાં પણ એક તરાહ રહેલી હોય છે તેથી નગર વિકાસની પ્રક્રિયામાં ઔદ્યોગિક વિસ્તારો, વેપારિક વસાહતો અને શૈક્ષણિક સંસ્થાઓ વગેરેના વર્ચસ્વ ધરાવતા ભિન્ન ભિન્ન વિસ્તારો કુદરતી રીતે જ ઊપસી આવે છે. પોલિન યંગ (Pauline Young) કહે છે કે, "આ કુદરતી વિસ્તારો નગર આયોજનનું પરિણામ હોતા નથી પણ નગરવિકાસના ઉદ્ભવતા સ્વરૂપનાં ગત્યાત્મક પાસાં (dynamic aspects) ના એક ભાગ રૂપે અસ્તિત્વમાં આવે છે." એટલે કે એવા વિસ્તારો જે તે નગરની ભૌતિક પરિસ્થિતિઓ સાથેના સમાયોજનની પ્રક્રિયા દરમિયાન વિકસતા હોય છે. પરિસ્થિતિશાસ્ત્રીય પદ્ધતિથી થતા નગર સમુદાયોના અભ્યાસમાં આ ધારણા કેન્દ્રસ્થાને હોય છે. આ પદ્ધતિ વડે નગરની આંતરિક રચના અને વિકાસની પ્રક્રિયા દરમિયાન તેમાં આવતા ફેરફારોનો અભ્યાસ થાય છે. વળી, ગ્રામ અને નગર સમુદાયો વચ્ચેના તફાવતો નગરના જુદા જુદા વિસ્તારોના સ્થળકીય વિસ્તરણ (spatial distribution) ની લાક્ષણિકતાઓ અને નગર સમુદાયનાં વર્ચસ્વ પ્રદેશ દર્શાવવામાં પણ આ પદ્ધતિ ઉપયોગી થાય છે.

પરિસ્થિતિશાસ્ત્રીય પદ્ધતિથી થતાં નગર સંશોધનોમાં નગરની ભિન્ન ભિન્ન ઘટનાઓનાં વિસ્તરણને લગતા નકશાઓ તૈયાર કરવાની એક પ્રાથમિક અને સામાન્ય રીત હોય છે. એવા નકશાઓની મદદથી સામાજિક ઘટનાને ભૌગોલિક ક્ષેત્રના સંદર્ભમાં ચિત્રિત કરવામાં આવે છે. તેમના વડે નગરોમાં વસ્તીની ગીચતા, પ્રશાસનિક વિસ્તારો, અવરજવરના પ્રમુખ માર્ગો વગેરે પણ દર્શાવવામાં આવે છે. તદ્ઉપરાંત ગુનેગારો, બાળગુનેગારો, ગંદા વસવાટો ને બીજી અનેક સામાજિક બુરાઈઓનો નગરના જુદા જુદા વિસ્તારોમાં કેટલો વ્યાપ છે તે શોધવામાં પણ પરિસ્થિતિશાસ્ત્રીય પદ્ધતિથી તૈયાર કરેલા નકશાઓ ખૂબ ઉપયોગી રહે છે. અલબત્ત, એવા નકશાઓ તૈયાર કરતી વખતે નગરની પ્રશાસનિક સરહદોનું ખાસ મહત્ત્વ રહેતું નથી. કારણ કે નગરની વિકાસની સામાજિક આર્થિક તરાહ સમક્ષ એવી સરહદો અર્થ વિનાની થઈ જાય છે. આ હકીકત ખાસ કરીને ત્યારે વધુ સ્પષ્ટ થાય છે, જ્યારે મહાનગર વિસ્તારને (Metropolitan Area) નકશા ઉપર દર્શાવવાનો હોય છે. રાજનૈતિક અગર તો પ્રશાસનિક એકમ તરીકે નગરનું કદ સીમિત હોય છે. પણ તેની સામાજિક-આર્થિક વાસ્તવિકતાઓના વ્યાપના સંદર્ભમાં તે ઘણા વિસ્તૃત પ્રદેશ ઉપર ફેલાયેલું હોય છે. આ અર્થમાં નગરની સરહદો ઉપર સ્થિત ઉપનગરો (Satellite Towns) જે તે મ્યુનિસિપલ કોર્પોરેશનની હદ હેઠળ આવતા વિસ્તારો જેવા જ નગરના અંતર્ગત ભાગ હોય છે. પરિસ્થિતિશાસ્ત્રીય પદ્ધતિ કેટલાક ચોક્કસ નિર્દેશકોની મદદથી નગરના એવા જુદા જુદા વિસ્તારો અને તેમની લાક્ષણિકતા દર્શાવતા નકશાઓ તૈયાર કરવામાં કામ લાગે છે. નગર સમાજશાસ્ત્રના વિકાસના પ્રારંભિક તબક્કામાં પાર્ક અને બર્ગેસે તેમના વિદ્યાર્થીઓની મદદથી શિકાગો નગરને લગતા એવા અનેક નકશાઓ તૈયાર કર્યા હતા. હકીકતમાં આ રીતે નકશાઓ તૈયાર કરવાના પ્રયાસો ઇ.સ. 1916-23ના અરસામાં અમેરિકાના શિકાગો સ્કૂલના રોબર્ટ પાર્ક (Robert Park) ના નેતૃત્વ હેઠળ શરૂ થયા. આ પદ્ધતિની મદદ વડે બર્ગેસે ઇ.સ. 1923માં શિકાગો નગરની પરિસ્થિતિકીય રૂપરેખાનું ચિત્રણ કર્યું હતું. બર્ગેસે જણાવ્યું કે નગરના કેન્દ્રીય વિસ્તારની ફરતે જમીનના ઉપયોગ, વસ્તી અને નગરની સંસ્થાઓનો લાક્ષણિક ક્રમે વિકાસ થાય છે.

નગર સમુદાયનો પરિસ્થિતિશાસ્ત્રીય પદ્ધતિથી અભ્યાસ કરવા માટેની પ્રેરણા રોબર્ટ પાર્ક અને બર્ગેસે વનસ્પતિશાસ્ત્રના ઉત્ક્રાંતિના ભાગ રૂપે કુદરતી પસંદગીના (Natural Selection) ક્ષેત્રે દર્શાવવામાં આવેલી સમાયોજનની (Adaptation) પ્રક્રિયામાંથી મેળવી તેમ કહી શકાય છે. આ વિદ્વાન નગર સમાજશાસ્ત્રીઓએ નગર સમુદાયના વિકાસની પ્રક્રિયા દરમિયાન ભૌતિક પરિસ્થિતિઓ સાથેના સમાયોજનમાંથી ફલિત થતી નાગરી સંરચનાની વિશિષ્ટતાઓ તારવવાના પ્રયાસો કર્યા હતા. આ માટે તેમણે સમાયોજનની પ્રક્રિયાના વિશ્લેષણમાં વપરાતા 'સહકાર' (co-operation) અને 'હરિફાઈ' (competition) ના જૂના ખ્યાલોનો જ ઉપયોગ કર્યો નહીં પણ સાથોસાથ 'સમાયોજન' (adaptation), 'અનુક્રમણ' (succession), 'આક્રમકતા' (invasion) અને 'વર્ચસ્વ' (dominance) વગેરે જેવા વનસ્પતિશાસ્ત્રના ક્ષેત્રે વપરાતા નવા ખ્યાલોનો પણ બહોળો ઉપયોગ કર્યો. તેમની એવી ધારણા હતી કે જે રીતે અમુક વનસ્પતિ અગર તો જંગલી ઘાસની અમુક જાત આક્રમક

બની જે તે બાગબગીચામાં પોતાનું પ્રભુત્વ જમાવી લે છે, તેવી જ રીતે કેટલાંક પ્રજાતિય જૂથો નગરના જે તે પ્રદેશો ઉપર આક્રમક રીતે વસ્તીનો પ્રસારો કરી પોતાનું પ્રભુત્વ પ્રાપ્ત કરી લે છે. આ જ રીતે નગરવિકાસની પ્રક્રિયા દરમિયાન નગરની આંતરિક રચના વસાહતોના વિસ્તારો ઉપર વ્યાપારિક ક્રિયાઓનું પ્રભુત્વ વધી જતું હોય છે અને એક સમય એવો આવે છે કે પહેલાં શેરી તરીકે ઓળખાતો વિસ્તાર ધીમે ધીમે વ્યાપારિક ક્રિયાઓનું કેન્દ્ર બની જાય છે. અમદાવાદની રતનપોળનો, સુરતનો ભાગળનો વિસ્તાર, વડોદરાનો ન્યાયમંદિરનો વિસ્તાર વગેરેનો આ સંદર્ભમાં ઉલ્લેખ કરી શકાય.

પરિસ્થિતિશાસ્ત્રીય પદ્ધતિથી શિકાગો નગરના અભ્યાસને આધારે બર્ગેસે આપેલ 'કોન્સ્ટ્રીક-ઝોન થિયરી' નગર સમાજશાસ્ત્રના સાહિત્યમાં આજે પણ ઉપયોગી ગણાય છે. આ સિદ્ધાંત વડે બર્ગેસે પરિસ્થિતિશાસ્ત્રીય સમાયોજનની પ્રક્રિયામાં સ્વાભાવિક રીતે જ નગર વિકાસની સાથે અસ્તિત્વમાં આવતા જુદા જુદી લાક્ષણિકતાઓ ધરાવતા પાંચ વિસ્તારો દર્શાવ્યા છે.

**સ) વસ્તીશાસ્ત્રીય પદ્ધતિ (Demographic Methods) :**

નગરની વસ્તીના બંધારણ, વસ્તીનું કદ, જન્મદર, મૃત્યુદર અને સ્થળાંતર વગેરેના સંદર્ભમાં નગર સમુદાયોનો અભ્યાસ થાય છે. ત્યારે, એના અભ્યાસો વસ્તીશાસ્ત્રીય પદ્ધતિથી થયેલા અભ્યાસો કહેવાય છે. વળી, વસ્તીની વૃદ્ધિના પ્રવાહો તપાસી નગર સમુદાયોમાં આવતાં પરિવર્તનોની દિશા જાણવાના પ્રયાસો પણ થાય છે. આ પદ્ધતિ વડે નાગરી વસ્તી-વૃદ્ધિ મુખ્યત્વે ત્રણ સ્રોતોથી તપાસવામાં આવે છે : (1) કુદરતી વૃદ્ધિ, (2) સ્થળાંતરથી થતા ફેરફારો અને (3) વસ્તીનું પુનઃવર્ગીકરણ. કુદરતી વૃદ્ધિ ત્યારે શક્ય બને છે જ્યારે કે જે તે નગરમાં મૃત્યુદરથી જન્મદર ઊંચો હોય છે. સ્થળાંતરથી વસ્તી ત્યારે જ વધે છે, જ્યારે નગરમાં સ્થળાંતર કરીને આવનારા લોકોની સંખ્યા નગર છોડીને અન્યત્ર જનારા લોકો કરતાં વધારે હોય છે અને પુનઃવર્ગીકરણ મારફતે નગરની વસ્તી ત્યારે વધે છે જ્યારે કે ગ્રામ તરીકે નોંધાયેલ સમુદાયોને નગરમાં સમાવી લઈને નગરના ભાગ તરીકે ગણવાનું શરૂ થાય છે. આધુનિક ઔદ્યોગિક યુગમાં વિકસતા સમાજોમાં નગરોની વસ્તીની વૃદ્ધિ મોટે ભાગે નગર તરફ સ્થળાંતરને કારણે થઈ રહી છે.

વસ્તીશાસ્ત્રીય પદ્ધતિની મદદથી નગર સમુદાયોના અભ્યાસોમાં આંકડાશાસ્ત્રીય રીતોથી વસ્તીનું વિશ્લેષણ કેન્દ્રસ્થાને હોય છે. વિવિધ આંકડાશાસ્ત્રીય રીતનો ઉપયોગ કરી નગરની વસ્તીને લગતાં લક્ષણો અને નગરના વસ્તીવિષયક બંધારણમાં આવતા પરિવર્તનનો વ્યાપ અને તેની દિશાનું વિશ્લેષણ કરવામાં આવે છે. તદ્ઉપરાંત વસ્તીની વૃદ્ધિની જીવનધોરણ ઉપર પડતી અસરોનું પણ માપન થાય છે. પ્રજાતિ, ધર્મ, જ્ઞાતિ, લગ્નવિષયક દરજ્જો, જન્મસ્થળ, વ્યવસાય, આવક, શિક્ષણ વગેરેના પરિવર્ત્યો વડે પણ નગરની વસ્તીનું વિશ્લેષણ કરવામાં આવે છે. એવાં સંશોધનોમાં વસ્તી ગણતરી વડે એકઠા કરેલા આંકડાઓ ઉપર આધાર રાખવો પડે છે. તેથી આ પદ્ધતિ વડે તારવેલાં તારણો મોટે ભાગે દ્વૈતીયિક માહિતી ઉપર આધાર રાખે છે. એવી માહિતીની વિશ્વસનીયતા અને પ્રમાણિકતા તપાસી અર્થપૂર્ણ તારણો પ્રાપ્ત કરવા ઘણી અગત્યની બાબત હોય છે. કેટલાક વિદ્વાનો એવો ભય દર્શાવે છે કે વસ્તીશાસ્ત્રીય સંશોધન પદ્ધતિમાં, આંકડાઓમાં અને આંકડાશાસ્ત્રીય રીતોને એટલું વધારે પ્રાધાન્ય મળી જતું હોય છે કે સીધી રીતે દેખાતી વાસ્તવિકતાઓ પણ આંકડાઓની જાળમાં દબાઈ જાય છે.

કિન્ગસ્લે ડવિસે (Kingsle Davis) નગરોના અભ્યાસમાં વસ્તીવિષયક અભ્યાસોને પ્રાધાન્ય આપ્યું છે. તેમણે નગરવિકાસની ઘટનાને માત્ર નગરમાં રહેતા એવા લોકોની સંખ્યાથી ભિન્ન દર્શાવીને પ્રાચીન સમયના નગરીકરણ અને આધુનિક સમયમાં વિકાસશીલ સમાજોમાં જોવા મળતા નગરીકરણ વચ્ચે રહેલા તફાવતો સ્પષ્ટ કર્યા છે. કિન્સ્લે ડેવિસે (Kingslc Davis) વસ્તીવિષયક આંકડાઓના વિશ્લેષણને આધારે વિશ્વના નગરીકરણના પ્રવાહો તરફ દિશાસૂચન કરી ભવિષ્યને લગતા અંદાજો પણ આપ્યા છે. આ જ પ્રકારના બીજા અભ્યાસોમાં ડેવિસ અને ગિબ્સે (Davis & Gibbs) વિશ્વમાં નગરીકરણ અને મહાનગરીકરણના માપન અર્થે વસ્તીવિષયક આંકડાઓના વિશ્લેષણને આધારે આંતરરાષ્ટ્રીય સ્તરે તુલનાત્મક અભ્યાસો પૂરા પાડ્યા છે. એવા અભ્યાસો વડે તેઓએ પ્રાપ્ત કરેલાં તારણો જે રાષ્ટ્રોમાં મહાનગરો છે ત્યાં અર્થપૂર્ણ રીતે લાગુ પડે છે. આ વિદ્વાનો ઉપરાંત નગરોના વસ્તીવિષયક પદ્ધતિઓની મદદથી થયેલા અભ્યાસોમાં ફિલિપ હાઉઝર (Philip Hauser), ડડલે ડન્કન (Dudley Ducnun), આલબર્ટ રીઝ (Albert Reiss), ઝોસફ સ્પેન્ગલર (Joseph Spengler), બર્ટ હોસલિઝ (Bert Hoselitz), વોરેન થોમ્સન (Warren Thompson) અને ડોનાલ્ડ બોગ (Donald Bogue) વગેરેનું નોંધપાત્ર પ્રદાન રહ્યું છે. ભારતીય પરિસ્થિતિમાં આશિષ

બોઝ, કે. સી. ઝકરિયા, સોવાની, ડેવિસ, અશોક મિત્રા, દાન્ડેકર વગેરેએ વસ્તીવિષયક આંકડાઓનું વિશ્લેષણ કરીને નગરીકરણનાં પ્રવાહો, નગર સમુદાયોના પ્રકારો અને સ્થળાંતર વગેરેને લગતાં તારણો રજૂ કર્યાં છે.

વસ્તીવિષયક પદ્ધતિથી થતા અભ્યાસોની ઉપયોગિતા વિશે ફિલિપ હાઉઝર કહે છે કે આ પદ્ધતિ વડે પ્રાપ્ત તારણોને આધારે નગરીકરણની કક્ષાના માપ કાઢી શકાય છે. આધુનિક સમયમાં જ્યારે કે મહાનગરોનું વર્ચસ્વ વધી રહ્યું છે ત્યારે એવા મહાનગરોમાં જુદી જુદી ઉપકલ્પનાઓ અને સૈદ્ધાંતિક ખ્યાલોની ચકાસણી કરીને સાર્વત્રિક સિદ્ધાંતો અને ખ્યાલો તારવવા માટેનું ફળદાયી ક્ષેત્ર મળી આવે છે.

વસ્તીશાસ્ત્રીય સંશોધન પદ્ધતિ નગર સમાજશાસ્ત્રમાં આંતરરાષ્ટ્રીય ધોરણે તુલનાત્મક અભ્યાસો હાથ ધરવામાં ખૂબ ઉપયોગી થાય છે. બે રાષ્ટ્રોની નાગરી વસ્તીને લગતા ઉપલબ્ધ આંકડાઓ તુલનાત્મક અભ્યાસોમાં કામ લાગી શકે એવા ન હોય તો પણ એવા આંકડાઓને આધારે વર્ણનાત્મક અભ્યાસોમાં પૂરા પાડી શકાય છે. કિન્ગ્સ્લે ડેવિસ અને ગિબ્સ કહે છે કે નગરીકરણ વિશે આંતરરાષ્ટ્રીય તુલનાત્મક ચિત્ર પ્રાપ્ત કરવું હોય તો નગર સમુદાય નક્કી કરવ માટે નગરની ઓછામાં ઓછી વસ્તી 10,000ની સ્વીકારવી યોગ્ય લેખાશે. આજે જુદા જુદા સમાજોમાં નગર અને ગ્રામ સમુદાયો નક્કી કરવા માટે વસ્તીના પ્રમાણનું ધોરણ સરખું ન હોવાથી વસ્તીશાસ્ત્રીય ક્ષેત્રે તુલનાત્મક અભ્યાસો ઓછા થાય છે.

રિચાર્ડ રેડિકે (Richard Redick) રંગૂન નગરના વસ્તીશાસ્ત્રીય અભ્યાસને આધારે જણાવ્યું છે કે રંગૂનની વસ્તીનો વિકાસ મોટે ભાગે પાશ્ચાત્ય નગરોની ઢબે જ થઈ રહ્યો છે એટલે કે નગરના કેન્દ્રસ્થાને વસ્તીની વૃદ્ધિ નજીવા પ્રમાણમાં જોવા મળે છે. પરંતુ કેન્દ્રથી દૂરના વિસ્તારોમાં વસ્તીનું પ્રમાણ ઘણી ઝડપથી વધી રહ્યું છે. પરંતુ રિચાર્ડ રેડિક કહે એ કે પાશ્ચાત્ય સમાજોમાં નગરો અને રંગૂન નગરની વસ્તીની વૃદ્ધિના પ્રવાહો વચ્ચે એક આધારભૂત તફાવત છે. પાશ્ચાત્ય સમાજોમાં નગરોમાં લોકો નગરના કેન્દ્ર વિસ્તારો છોડીને ઉપનગરોમાં વસવાટ કરવાનું વધુ પસંદ કરતા હોઈ ત્યાંનાં નગરોમાં સીમાડાના વિસ્તારોમાં વસ્તીની વૃદ્ધિ ઝડપી રીતે થઈ રહી છે. પરંતુ રંગૂન નગરના કેન્દ્રીય વિસ્તારમાં વસ્તીનું દબાણ એટલી હદ સુધી પહોંચી ગયું છે કે ત્યાં વધુ વસ્તી સમાવી શકાય તેમ નથી, આથી નગરની વસ્તીમાં સ્થળાંતર વડે નવા લોકોનો જે કંઈ ઉમેરો થાય છે તેમાં મોટા ભાગના લોકોને નગરનાં કેન્દ્રબિંદુથી દૂરના સ્થળોએ વસવાટ કરવો પડે છે. બીજા શબ્દોમાં કહીએ તો રંગૂન નગરના સીમાવર્તી વિસ્તારોની વસ્તીની વૃદ્ધિ પાશ્ચાત્ય સમાજોનાં નગરોની જેમ નગરના કેન્દ્રીય વિસ્તાર છોડીને આવેલા લોકોને કારણે થઈ રહી નથી. પરંતુ બહારથી નવા આવેલા લોકોના ધસારાને કારણે થઈ રહી છે. આવી તરાહ મુંબઈ, અમદાવાદ, સુરત, વડોદરા અને ભારતનાં બીજાં નગરોને પણ જોવા મળે છે.

વસ્તીશાસ્ત્રીય પદ્ધતિની એક મર્યાદા એ છે કે આ પદ્ધતિથી થતાં સંશોધનોમાં વસ્તીને લગતા આંકડાઓ અને તેમના વિશ્લેષણ અર્થે વપરાતી આંકડાશાસ્ત્રીય રીતોનું મહત્ત્વ વધી જતું હોવાથી સામાજિક તથ્યોનું અર્થબોધિત રીતે વિશ્લેષણ કરવામાં જે તે ઘટનાની ગુણાત્મક લાક્ષણિકતાઓ ગૌણ બની જાય છે. તેથી એવી પદ્ધતિની મદદ વડે થતા અભ્યાસો નગરીય જીવન અંગેના સિદ્ધાંતો તારવવામાં મર્યાદિત હેતુ પાર પાડે છે.

### ૬) ઐતિહાસિક પદ્ધતિ (Historical Method) :

નગર વિકાસની ગુણાત્મક ઘટનાઓ અને તેમની અસરો સમજવામાં ઐતિહાસિક પદ્ધતિ પાયાનું મહત્ત્વ ધરાવે છે. કેટલાક વિદ્વાનો તો એવું પણ માને છે કે નગર વિકાસના ક્રમમાં વર્તમાન પરિસ્થિતિઓની અર્થબોધિત સમજૂતી મેળવવામાં ઐતિહાસિક પદ્ધતિ ચાવીરૂપ યોગદાન કરે છે.

ઐતિહાસિક પદ્ધતિથી થતાં સંશોધનો પાછળનો હેતુ ભૂતકાળમાં બની ગયેલી ઘટનાઓને પુનઃજીવિત કરવાનો હોતો નથી પણ સ્થળ અને કાળના સંદર્ભમાં કેવી ઘટનાઓ ઘટી ? કઈ પરિસ્થિતિઓ હેઠળ જે તે ઘટના બની ? અને એવી ઘટનાઓની તેમની સાથે સંકળાયેલ લોકો અને જૂથોના જીવન ઉપર શી અસરો પડી ? વગેરે જેવા સવાલોના જવાબ શોધવાના પ્રયાસો થાય છે. કેટલીક વખતે ઐતિહાસિક પદ્ધતિની મદદ વડે મેક્સ વેબરએ દર્શાવેલ દિશાસૂચન મુજબ જે તે ઘટનાનું ભૂતકાલીન આદર્શ પ્રરૂપ (Ideal type) તૈયાર કરવામાં આવે છે અને એવા આદર્શ પ્રરૂપના સંદર્ભમાં વિદ્યમાન વાસ્તવિકતાને સમજવાના પ્રયાસો થાય છે. મેક્સ વેબરે (Max Weber) આધુનિક યુગમાં નગરો ઉપર ઔદ્યોગિક વિકાસનાં પરિબળોની અસરો દર્શાવવા અર્થે આ દૃષ્ટિબિંદુથી નગરનાં સાંસ્કૃતિક પર્યાવરણનું વિશ્લેષણ કર્યું છે. તેમના મતે ઔદ્યોગિક વિકાસનાં પરિબળોએ આધુનિક નગરોમાં મધ્યયુગનાં નગરો કરતાં

પણ નીચી કક્ષાની સંસ્કારિતા ધરાવતી પરિસ્થિતિનું નિર્માણ કર્યું છે. મૅક્સ વેબરનું આ તારણ મધ્યયુગના ઇટાલીનાં નગરોના આદર્શ-પ્રરૂપના સંદર્ભમાં આધુનિક યુરોપના નગરોના તુલનાત્મક વિશ્લેષણ ઉપર આધાર રાખે છે. ઐતિહાસિક દૃષ્ટિબિંદુને પ્રાધાન્ય આપતા કેટલાક સામાજિક વૈજ્ઞાનિકો જેવા કે પ્લહાર્ટ અને સિયક વગેરેએ દૂરના ભૂતકાળના અર્થઘટન માટે તે સમયના સમાજો કરતાં કંઈક વધારે નજીકના સમયના સમાજો પરત્વેની માહિતી ઉપર આધાર રાખ્યો છે. ઐતિહાસિક પદ્ધતિનો ઉપયોગ કરી જર્મન સમાજશાસ્ત્રી ઑસ્વાલ્ડ સ્પેન્ગલરે (Oswald Spengler) નગર વિકાસની ચક્રાત્મક પ્રવાહોની વાત કરતાં જણાવ્યું કે નગર સંસ્કૃતિની ચડતીપડતીમાં જે તે સમાજની ચડતી અને પડતીના તબક્કાઓનું દર્શન થાય છે. તેમણે યુરોપનાં નગરોની ઐતિહાસિક પૃષ્ઠભૂમિમાં જણાવ્યું કે નગર વિકાસ અને સ્વસ્થ સમાજનો વિકાસ એ એકબીજાથી વિરોધી દિશામાં જતા હોય છે.

ઐતિહાસિક પદ્ધતિથી થતા અભ્યાસોમાં જરૂરી માહિતીનાં સ્રોત દ્વૈતીયિક સાધનોમાં હોય છે. એવાં સ્રોતોમાં ઐતિહાસિક અહેવાલો; સાંસ્કૃતિક અને વિશ્લેષણાત્મક ઇતિહાસો અને અંગત લખાણો કે જે વિશ્વસનીય નિરીક્ષકે અગર તો જે તે ઘટનાઓનાં સાક્ષીરૂપ વ્યક્તિઓ દ્વારા તૈયાર કરવામાં આવ્યા હોય તે સર્વનો સમાવેશ થાય છે. આ ઉપરાંત સરકારી અહેવાલો અને નોંધો પણ ઐતિહાસિક માહિતી પ્રાપ્ત કરવામાં ઉપયોગી હોય છે. ઘણે વખતે આ સ્રોતોમાંથી મળી આવતી માહિતી માત્ર હકીકતદર્શી જ હોવાથી તે ગુણાત્મક તારણો વિનાની હોઈ શકે છે. તેથી તેનું ઉચિત અર્થઘટન કરવાથી જે તે ઘટનાની ગુણાત્મક સમજૂતી ઉપરાંત તેમાં આવેલાં પરિવર્તનોની કક્ષા અને દિશા દર્શાવતા તારણો પ્રાપ્ત કરવામાં સરળતા રહે છે.

ગિલિયન (Gollion) નામના વિદ્વાને ઐતિહાસિક માહિતીના આવા સ્રોતોનો ઉપયોગ કરીને અમદાવાદના ઔદ્યોગિક વિકાસનું ઊંડાણથી ચિત્રણ કર્યું છે. એક બીજા અભ્યાસમાં આ એકમના લેખકે અમદાવાદની પોળોની સામાજિક બાંધી અને કાર્યોમાં નગરના પૂર્વ-ઔદ્યોગિક તબક્કાથી આધુનિક ઔદ્યોગિક તબક્કામાં જે સાતત્ય અને પરિવર્તન જોવા મળે છે તેની તરાહ તારવી છે. ગિડિયન ઝોબર્ગ (Gideon Sjoberg) પૂર્વ-ઔદ્યોગિક નગર (Pre-Industrial City) અભ્યાસમાં માહિતીના ઐતિહાસિક સ્રોતની ઉપર બહોળો આધાર રાખ્યો છે. ખાસ કરીને નગરના ઉત્થાન અને પ્રસરણને લગતી બાબતો સમજાવવામાં એવા સ્રોતોથી મેળવેલી માહિતી તેમને ઘણી ઉપયોગી લાગી. જૂનાં નગરોના રહીશોની આત્મકથાઓ પણ આ ક્ષેત્રે ઘણી ઉપયોગી સાબિત થઈ. તેઓ કહે છે કે ચીનના નગરો વિશે આવી આત્મકથાઓ વધુ ઉપયોગી રહી છે. ઝોબર્ગે યાત્રાળુઓ, મુત્સદ્દીઓ અને મિશનરીઓનાં વૃત્તાંતોમાંથી પણ જરૂરી માહિતી હાંસલ કરી. જોકે તેમને વિશ્વના તમામ સમાજો અંગે પૂર્વ-ઔદ્યોગિક નગરો વિશે જરૂરી માહિતી મળી શકી નથી. ભારત અંગે પોતાનો અભિપ્રાય વ્યક્ત કરતા ઝોબર્ગ લખે છે કે હિન્દુ વિદ્વાનોએ ભારતનો ઇતિહાસ લખતી વખતે સ્થાનિક સામાજિક માળખાનાં જુદાં જુદાં પાસાંઓની ગહન છણાવટ તરફ ખાસ રસ દર્શાવ્યો નથી. તેમનો મુખ્ય હેતુ ધર્મ અને દર્શનશાસ્ત્રીય બાબતો ઉપર કેન્દ્રિત રહેલો હોવાથી સામાજિક વાસ્તવિકતાઓને તેમના લખાણમાં જોઈતું સ્થાન મળ્યું નથી. ઝોબર્ગ કહે છે કે બ્રિટિશ અમલ દરમ્યાન પણ નગરોના અભ્યાસ તરફ ખાસ ધ્યાન અપાયું નથી.

નગરોના અભ્યાસમાં અને ખાસ કરી પૂર્વ-ઔદ્યોગિક નગરોના અભ્યાસો અર્થે ઐતિહાસિક માહિતીની ગુણવત્તા અને ક્ષમતા પરત્વે ઝોબર્ગ જણાવે છે કે તેમાં કેટલીક મર્યાદાઓ રહેલી છે. દા.ત., એવી માહિતી એક અથવા બીજી રીતે ખૂટતી અગર તો અપૂરતી હોય છે, કારણ કે મોટેભાગે જે કંઈ માહિતી મળતી હોય છે તેમાં નગરના ભદ્ર લોકોની ધાર્મિક અને રાજકીય ક્રિયાઓને પ્રાધાન્ય અપાયેલું હોય છે. સામાન્ય નગરવાસીઓની ક્રિયાઓ અને જીવનની સંપૂર્ણપણે અવગણના થઈ હોય છે અથવા તેનો અછડતો ઉલ્લેખ કરવામાં આવ્યો હોય છે.

બીજું ઝોબર્ગ કહે છે કે પૂર્વ-ઔદ્યોગિક નગર પરત્વેની દ્વૈતીયિક માહિતી આપતાં પ્રાચીન સ્રોતોમાં નગરોની વસ્તીના નાના વર્ગોને લગતી માહિતીને આધારે સામાન્યીકરણ કરવામાં આવેલું હોય છે. કેટલીક વખતે જૂનાં નગરોનાં લેખકોને અમુક ક્રિયા અગર તો ઘટના વિશે પોતાનાં સાધનોથી જરૂરી માહિતી ન મળી શકી હોવાથી જે તે ક્રિયા અગર ઘટકોનું અસ્તિત્વ હતું નહીં એવું માની લેવામાં આવ્યું હોય તે જોવા મળે છે. પરંતુ અન્ય સમાજોમાંથી મળતી માહિતીને આધારે એવા સમાજોમાં પણ જે તે ક્રિયા અગર ઘટનાના અસ્તિત્વ વિશેની શક્યતાઓ દેખાઈ આવે છે. આથી ઝોબર્ગ નવા હોય તેવા સમાજોમાંથી મળી આવતી ઐતિહાસિક માહિતીના ઉપયોગને વધુ યોગ્ય જણાવે છે, કારણ કે તે વધુ સંતોષકારક અને વિશ્વસનીય હોય છે.

ઐતિહાસિક પદ્ધતિમાં વપરાતી ઐતિહાસિક માહિતીની ત્રીજી મર્યાદા એ હોય છે કે જે ઘટનાઓ જે તે લેખકને વધુ રુચિ ગઈ હોય તેના વિશે તેનાં લખાણોમાં વિસ્તૃત અને ઊંડા વર્ણન દેખાઈ આવે છે. ઘણી વખતે એવાં લખાણો અને વૃત્તાંતો ઉચિત પુરાવા વિનાનાં હોય છે. દા.ત., પ્રાચીન એથેન્સનાં વર્ણનોમાં તેને સ્વતંત્ર-પ્રજાતંત્રીય વ્યવસ્થા તરીકે વખાણવામાં આવેલું જોવા મળે છે. પરંતુ આ લખાણોમાં એથેન્સ નગરના જીવનનાં સર્વ સામાન્ય પાસાંઓ વિશે ખાસ વર્ણન મળતું નથી.

ઐતિહાસિક માહિતીની ચોથી મર્યાદા તરફ ધ્યાન દોરતાં ઝોબર્ગ કહે છે કે મોટે ભાગે એવી માહિતીમાં જે તુલનાત્મક ચિત્રણ મળે છે, તેમાં તુલના અર્થે વપરાયેલાં પરિમાણો ચોક્કસ રીતે દર્શાવેલાં હોતાં નથી. દા.ત., પરંપરાગત ચીન અથવા મધ્ય યુરોપના ઇતિહાસમાં પ્રચંડ નાગરી વિકાસ યુગના ઉલ્લેખ મળે છે, પણ કયા માપનના સંદર્ભમાં તે પ્રચંડ છે તે ચોક્કસ જાણવા મળતું નથી.

### ન) તુલનાત્મક પદ્ધતિ (Comparative Method) :

સામાજિક વિજ્ઞાનોના સંશોધનોમાં તુલનાત્મક પદ્ધતિ પ્રયોગાત્મક સંશોધન પદ્ધતિનું સ્થાન ધરાવે છે. આ પદ્ધતિની મદદથી સામાજિક પર્યાવરણની જટિલતા અને સંવેદનશીલતા વચ્ચે પણ વિશ્વસનીય અને પદ્ધતિસર રીતે જુદી જુદી ઉપકલ્પનાઓ અને ખ્યાલોની કસોટી કરી શકાય છે. જે તે પરિવર્ત્યની ક્રિયાશીલતાનો જુદી જુદી પરિસ્થિતિઓ હેઠળ અભ્યાસ કરી ઉચિત સિદ્ધાંત અને ખ્યાલો તારવવામાં પ્રસ્તુત પદ્ધતિની સમાજશાસ્ત્રીય અભ્યાસોમાં આગવી ઉપયોગિતા રહેલી છે. આ અર્થમાં નગર સમાજશાસ્ત્રની સંશોધન પદ્ધતિઓમાં તુલનાત્મક પદ્ધતિનું ઘણું મહત્ત્વ રહેલું છે. માનવસમાજમાં નગરોનું અસ્તિત્વ માનવ ઇતિહાસ જેટલું જ જૂનું ગણાવી શકાય છે. તેમ છતાં સમયે સમયે અને સ્થળે સ્થળે નગરોનું વર્ચસ્વ, કાર્યો, વસ્તીવિષયક બંધારણ વગેરે સરખાં રહ્યાં નથી. તુલનાત્મક અભ્યાસ પદ્ધતિની મદદથી સ્થળ અને કાળના સંદર્ભમાં નગર-નગર વચ્ચે રહેલી આધારભૂત સમરૂપતા અને તફાવતો તારવી શકાય છે. એવી માહિતી નગર સમુદાય અને નગર જીવનની વૈજ્ઞાનિક સમજૂતીમાં ખૂબ જ ઉપયોગી થઈ રહે છે. આધુનિક યુગની જ વાત કરીએ તો નગરીય પર્યાવરણ અને નગરીકરણની અસરો આજે વિશ્વવ્યાપી હોવા છતાં તેનાં પરિણામો સર્વત્ર એકસરખાં જોવા મળતાં નથી. વિકસતા સમાજોમાં નગરીકરણનાં પરિણામો વિકસિત સમાજોની તુલનામાં ભિન્ન પ્રકારનાં છે. વિકસતા સમાજોમાં પણ અંદરોઅંદર આ બાબતમાં એકરૂપતા જોવા મળતી નથી. એવી પરિસ્થિતિ તુલનાત્મક પદ્ધતિની મદદ વડે નગરીય પર્યાવરણ અને નગરીકરણની સાર્વત્રિક હોય તેવી સામાન્ય અને સ્થાનિક એવી વિશિષ્ટ અસરો તારવી શકાય છે. નગર સમાજશાસ્ત્રનાં સંશોધનોમાં તુલનાત્મક પદ્ધતિની ઉપયોગિતા દર્શાવતાં એન્સલમ સ્ટ્રૉસ કહે છે કે નાગરી પર્યાવરણ અને નગરીકરણની અસરોને લગતા વિશ્વસનીય સિદ્ધાંતીકરણ અર્થે તુલનાત્મક પદ્ધતિનો ઉપયોગ થવો જોઈએ. તેઓ કહે છે કે છૂટક છૂટક ઘટનાઓના અભ્યાસોને સ્થાને ઉચિત તુલના કરી શકાય એવા બે નિદર્શનનો ઉપયોગ કરી જે તે ઘટનાની પદ્ધતિસર સમજૂતી હાંસલ કરવી જોઈએ. ફિલિપ હાઉઝર પણ નગર સમાજશાસ્ત્રની સંશોધન પદ્ધતિઓમાં તુલનાત્મક સંશોધન પદ્ધતિની ખાસ અગત્ય દર્શાવે છે. તેઓ કહે છે કે વિશ્વના અર્ધવિકસિત સમાજોની પ્રગતિ અર્થે તુલનાત્મક દૃષ્ટિબિંદુથી ઉદ્યોગીકરણ અને નગરીકરણની અસરોનું માપન અને દિશા સમજવી ખૂબ જ જરૂરી છે.

નગર સમાજશાસ્ત્રના ક્ષેત્રે મોટે ભાગે પરિસ્થિતિશાસ્ત્રીય અભિગમોથી અમેરિકાના નગરોના અભ્યાસોનું પ્રાધાન્ય હોવાથી લાંબા સમય સુધી બીજા સમાજોનાં નગરોની વિશિષ્ટતાઓને જોઈતું ધ્યાન મળ્યું નથી. પરિણામે નગર સમાજશાસ્ત્રના ક્ષેત્રે આંતર-સાંસ્કૃતિક સંશોધન (cross cultural studies) ની ઊણપ પ્રવર્તે છે. આ વિશે ગિડિયન ઝોબર્ગ કહે છે કે હમણાં હમણાં જ અમેરિકાના નગર સમાજશાસ્ત્રીઓનું ધ્યાન બીજા સમાજોમાં સ્થાનિક પરિસ્થિતિઓના સંદર્ભમાં નગરીકરણની અસરો જોવા તરફ ગયું છે. તેઓ હવે એવું સ્વીકારવા લાગ્યા છે કે બીજા સમાજોનાં નગરો તેમની પરિસ્થિતિશાસ્ત્રીય અને સામાજિક રચનામાં અમેરિકાનાં નગરો કરતાં ઘણાં જુદાં પડે છે. આ શાસ્ત્રીય સમજને લીધે નગર સમાજશાસ્ત્રમાં તુલનાત્મક સંશોધન પદ્ધતિનું મહત્ત્વ ઉત્તરોત્તર વધવા લાગ્યું છે. આ પદ્ધતિ નગર સમાજશાસ્ત્રના ક્ષેત્રે મુખ્યત્વે નીચે મુજબના ત્રણ સંદર્ભોમાં ઉપયોગી થાય છે.

1) વિદ્યમાન નગર સાહિત્યની છણાવટમાં

2) કસોટી કરાયેલાં સિદ્ધાંતોનાં તારણમાં

3) ઉપકલ્પનાઓની ઉચિત ચકાસણીમાં

**1) વિદ્યમાન નગરસાહિત્યની છણાવટમાં :** આજે નગર સમુદાયો અને નગરજીવનને લગતું વિપુલ સાહિત્ય ઉપલબ્ધ છે અને તેમાં ઉત્તરોત્તર વધારો થતો જાય છે. એવું સાહિત્ય વિશ્વના જુદા જુદા સમાજોમાં નગરો પરત્વેનું જ નહીં પણ એક જ સમાજનાં જુદાં જુદાં નગરો અને નાગરી જીવનની ઘટનાઓને લગતું મળી આવે છે. વસ્તી ગણતરીના અધિકારીઓ, અર્થશાસ્ત્રીઓ, ઇતિહાસકારો, ભૂગોળશાસ્ત્રીઓ અને બીજા અનેક વિદ્વાનોએ સમાજશાસ્ત્રીઓની જેમ જ નગર વિશેનાં સાહિત્યમાં પોતાનું પ્રદાન કર્યું છે. અલબત્ત આ સર્વ સાહિત્ય નગરજીવનના સિદ્ધાંતની ગરજ પૂરી પાડે તેવું નથી. કેટલીક વખત એવું પણ બને છે કે જુદા જુદા સમાજોનાં નગરો વિશે એકઠી કરાયેલી માહિતીની બીજાઓને જાણ ન પણ હોય. એવા સંજોગોમાં વિશ્વના જુદા જુદા સમાજોમાંના નગરો વિશે જે માહિતી ઉપલબ્ધ હોય તેની પ્રાપ્ત માહિતીનું તુલનાત્મક રીતે વિશ્લેષણ કરી અર્થપૂર્ણ તારણો તારવવામાં આવે તે જરૂરી છે. આપણે આગળ જોયું કે વસ્તીશાસ્ત્રીય પદ્ધતિથી વિશ્વમાં નગરીકરણના પ્રવાહો દર્શાવવાના પ્રયાસરૂપે કિંગસ્લે ડેવિસે વસ્તીવિષયક આંકડાઓનું તુલનાત્મક વિશ્લેષણ કરી આ દિશામાં પહેલ કરી છે. ડોટસન (Dostson). કેપ્લો (Caplow). ગિસ્ટ (Gist) અને બેરહાર્ડ (Berradhard) વગેરેએ કરેલાં વિશ્લેષણો પણ અહીં ઉલ્લેખનીય છે. નગર સમાજશાસ્ત્રીઓ નગર સમુદાય અને નાગરી જીવનને લગતી ઉપલબ્ધ માહિતીનું તુલનાત્મક પદ્ધતિથી વિશ્લેષણ કરી નગર સમાજશાસ્ત્રના સિદ્ધાંતો અને ખ્યાલોમાં નોંધપાત્ર ફાળો આપી શકે છે.

**2) કસોટી કરાયેલાં સિદ્ધાંતોના તારણમાં :** નગર સમુદાયો અને નગરીય જીવનને લગતી માહિતી ઉપલબ્ધ છે એવું કહેવા પાછળનો આશય એવો નથી કે આશય એવો ની કે નવા આકડાંઓની જરૂર નથી. નવા-નવા તથ્યો પ્રકાશમાં આવતાં જ રહેવા જરૂરી છે. નવા આંકડાઓની જરૂર નથી. હકીકતમાં નગરીય જીવનની જુદી જુદી ઘટનાઓને લગતા નવા નવા વર્ણનાત્મક અભ્યાસોની અગત્ય નકારી શકાય નહીં. પરંતુ ઉચિત સૈદ્ધાંતિક માળખાની મદદ વડે એવી માહિતીનું અર્થઘટન થાય તે પણ ઘણું જરૂરી છે. રિઝ કહે છે કે નગર સમાજશાસ્ત્રમાં નગરીય સામાજિક માળખા અને પરિસ્થિતિકીય રચનાનું ખંડાત્મક રીતે અભ્યાસ કરવાનું વલણ વધુ રહ્યું છે. પરિણામે તેના એક સંપૂર્ણ એકમ તરીકેના અભ્યાસની અવગણના થઈ છે. વળી, નગર સમુદાય અને નગરીય જીવનનો, જે જુદા જુદા અભિગમોથી અભ્યાસ થાય છે, તેમાંના દરેક દરેક અભિગમે કોઈક એક પરિવર્ત્યને કેન્દ્રસ્થાને સ્વીકારી તેના સંદર્ભમાં નગર પરિસ્થિતિકીય અને સામાજિક માળખાની સમજૂતી આપી છે, પરંતુ કોઈ એક પરિવર્ત્યને નિર્ણાયક માની લેવાથી જુદા જુદા પરિવર્ત્યો વચ્ચેનું પારસ્પરિક અવલંબન તપાસી શકાતું નથી. દા.ત., સાંસ્કૃતિક મૂલ્યો વસ્તીના બંધારણ અથવા તો નગરીકરણની કક્ષાને જ પ્રભાવિત કરતાં હોય એવું નથી. હકીકતમાં સાંસ્કૃતિક મૂલ્યો ઉપર પણ વસ્તીના બંધારણ અને નગરીકરણની અસર થાય છે. આ જ રીતે ટેકનોલોજી અને સત્તા નગર સમુદાયના બંધારણ ઉપર અસર કરે છે, તેમજ પોતે પણ નગરના પરિસ્થિતિકીય અને સામાજિક માળખાથી પ્રભાવિત થાય છે. તુલનાત્મક સંશોધન પદ્ધતિ નગર સમુદાય અને નગરીય જીવન પરત્વેના એવા જુદા જુદા પરિવર્ત્યોની પારસ્પરિક અસરોનું માપન અને દિશાની ઊંડી સમજૂતી આપી નગર સમાજશાસ્ત્રના કસોટી કરાયેલાં હોય એવા પરિપક્વ સિદ્ધાંતો પ્રાપ્ત કરવામાં ઉપયોગી થાય છે.

**3) ઉપકલ્પનાઓની ઉચિત ચકાસણી અર્થે :** નગર સમાજશાસ્ત્રનાં સંશોધનનો છેવટનો ઉદ્દેશ નગર સમુદાય અને નાગરી જીવન વિશે સાર્વત્રિક સ્તરે લાગુ કરી શકાય એવા સિદ્ધાંતો તારવવાનો છે. એવા સિદ્ધાંતોની મદદ વડે સ્થાનિક વિશિષ્ટતાઓનું ઉચિત અર્થઘટન કરી શકાય એવી વૈજ્ઞાનિક રીતો દર્શાવવાનું પણ મહત્ત્વ હોય છે. માટે જુદી જુદી સંસ્કૃતિઓ અને સમાજવ્યવસ્થાની પૃષ્ઠભૂમિમાં નગર જીવન અગર નગર સમુદાયને લગતી જે તે ઘટના સાથે સંકળાયેલી ઉપકલ્પનાઓની ઉચિત ચકાસણી જરૂરી બની જાય છે. એવી ચકાસણી અર્થે તુલનાત્મક પદ્ધતિ નગર સમાજશાસ્ત્રનાં સંશોધનોમાં આગવું સ્થાન ધરાવે છે. દા.ત. આજે વિશ્વના જુદા જુદા સમાજોમાં મહાનગરો સહેલાઈથી અલગ પાડી શકાય છે; એવાં મહાનગરોમાં જુદી જુદા ઉપકલ્પનાઓનું પરીક્ષણ કરી મહાનગરો પરત્વેના સિદ્ધાંતીકરણમાં યોગદાન કરી શકાય છે. કમનસીબે નગર સમાજશાસ્ત્રનાં સંશોધનોમાં વપરાતી રીતે મોટે ભાગે અમેરિકાનાં નગરોને બંધબેસતી હોવાથી તે વિશ્વના બીજા સમાજોના નગરોના તુલનાત્મક અભ્યાસોમાં અસરકારક રીતે લાગુ પાડી શકાતા નથી. દા.ત. વાર્નરના આઈ.એસ.સી. માપન (I.S.C. Scale)નો ઉલ્લેખ અહીં કરી શકાય છે. નગર સમાજશાસ્ત્રનાં સંશોધનોને ક્ષેત્રે આંતર-સાંસ્કૃતિક તુલનાત્મક અભ્યાસોમાં ઉપયોગી થઈ રહે તેવી પ્રયુક્તિઓનો વિકાસ થયો ન હોવાથી ઊંડા સંશોધનોની ઊણપ પ્રવર્તે છે. વળી આંતરસાંસ્કૃતિક

તુલનાત્મક અભ્યાસો અર્થે વસ્તીના પ્રમાણ વડે નગરીય ઘટના અથવા નગર સમુદાય નક્કી કરવું ઉચિત ગણાતું નથી. કારણ કે 5,000ની વસ્તી ધરાવતા સમુદાયો અમેરિકા, ભારત અને મેક્સિકોમાં અગર તો બીજાં રાષ્ટ્રોમાં એકાબીજાથી ઘણા ભિન્ન હોય છે તે હકીકત નકારી શકાય નહીં. તે જ રીતે એક લાખ કે તેથી વધુ વસ્તી ધરાવતાં નગરો પૂર્વ ઔદ્યોગિક સમાજોમાં અને ઔદ્યોગિક સમાજોમાં એકબીજાથી ઘણાં ભિન્ન હોય છે. આથી તુલનાત્મક પદ્ધતિની મદદ વડે જે તે ઉપકલ્પનાઓની આંતર સાંસ્કૃતિક પૃષ્ઠભૂમિમાં ઉચિત ચકાસણી કરતી વખતે વસ્તીના કદ ઉપરાંત જે તે સમાજના વિકાસની અવસ્થા અને સ્થાનિક પરિસ્થિતિઓ ધ્યાનમાં લેવી પડે છે. નગર સમાજશાસ્ત્રી યોગ્ય નિર્દેશકોની પસંદગી કરી સમાજ-સમાજ વચ્ચે રહેલા એવા સ્થાનિક તફાવતોની તરાહ દર્શાવીને તુલનાત્મક પદ્ધતિથી પોતે સર્જેલી ઉપકલ્પનાઓની ચકાસણી કરી અર્થપૂર્ણ સિદ્ધાંતો આપી શકે છે.

આમ, નગર સમાજશાસ્ત્રના સિદ્ધાંતોમાં ઉપરોક્ત કેટલીક પદ્ધતિઓ ખાસ અગત્ય ધરાવે છે. જોકે સંશોધન પદ્ધતિઓનો વિકાસના હાલના તબક્કે આમાંની કોઈપણ પદ્ધતિ સ્વયંસંપૂર્ણ નથી તેમજ તે એકબીજાથી વિરોધી જ હોય તેવું પણ નથી. નગર સંશોધન હેતુને ધ્યાનમાં રાખી આ પદ્ધતિઓનો ઉચિત સમન્વય જે તે ઘટનાની વિશદ છણાવટ કરીને અર્થપૂર્ણ સિદ્ધાંતો પ્રાપ્ત કરવામાં વધુ ઉપયોગી સાબિત થાય છે. જે તે સંશોધનની આવશ્યકતા મુજબ ઉપરોક્ત પદ્ધતિઓ પૈકીની કોઈ એક પદ્ધતિ ઉપરનો ઝોક પણ સંશોધનના હેતુને હાંસલ કરવામાં ઉપયોગી થઈ રહે છે.

## નગર સમાજશાસ્ત્રનો ઈતિહાસ

આપણે જોયું કે નગરો અને નગરજીવનની વાસ્તવિક પરિસ્થિતિઓનો વૈજ્ઞાનિક અભ્યાસની શરૂઆત 19મી સદીમાં ઉદ્યોગીકરણ અને તેમાંથી ફલિત થતા શહેરી જીવનના વિકટ પ્રશ્નોનાં યોગ્ય અને અસરકારક નિરાકરણોની શોધમાં રહેલી છે. નગરોને માનવવસાહતોના વિશિષ્ટ પ્રકારો તરીકે સ્વીકારી તેમના વિધિસરનાં સંશોધનોમાં 20મી સદીની શરૂઆતથી જ યુરોપ અને અમેરિકાના વિદ્વાનોએ જે પહેલ કરી તે નગર સમાજશાસ્ત્રનો ઈતિહાસ સમજાવવામાં આગવું સ્થાન ધરાવે છે. અહીં નગર સમાજશાસ્ત્રના વિકાસના પ્રમુખ પ્રવાહો અને ભારતમાં નગર સમાજશાસ્ત્રના વિકાસની તરાહ સમજાવવામાં આવી છે.

### અ) નગરસમાજશાસ્ત્રની બ્રિટિશ શાખા :

બ્રિટનમાં 19મી અને 20મી સદીનાં શરૂઆતનાં વર્ષોમાં ઉદ્યોગીકરણ અને નગરીકરણના નવા નવા પ્રશ્નોએ નગરજીવનની ઊંડી સમજૂતી મેળવવા અર્થે સામાજિક વિચારકોનું ધ્યાન આકર્ષિત કર્યું. આથી નગરજીવન અંગેનું પ્રમાણભૂત સાહિત્ય ઉપલબ્ધ થવા લાગ્યું. ખાસ કરીને ઈ.સ. 1830 થી 1930 સુધીના ગાળામાં નગર સમુદાયો અને તેમનાં જીવનને લગતું વિપુલ સાહિત્ય પ્રસિદ્ધ થયું. આ 100 વર્ષોનાં ગાળામાં બ્રિટનમાં કદી ન થયો હોય તેટલા ઊંચા દરે નગરોનો વિકાસ થયો. પરાં અને ઉપનગરો ઊપસી આવ્યા અને નગરોમાં વસ્તીની ગીચતા ઉત્તરોત્તર વધવા લાગી. ઈ.સ. 1831માં બ્રિટનની કુલ વસ્તીના આશરે 34 ટકા વસ્તી નગરોમાં રહેતી હતી. ત્યાં મોટા પાયા ઉપરનું આર્થિક ઉત્પાદન હોવા છતાં પ્રચંડ ગરીબી, શોષણ, બેરોજગારી, બાળમજૂરી વગેરે અને બીજા માનવીય પ્રશ્નો સર્જાયા હતા. આથી નગર જીવનનો પદ્ધતિસર અભ્યાસ કરી ગરીબી અને સામાજિક-સાંસ્કૃતિક જીવનના બીજા પ્રશ્નોનાં કારણો શોધી કાઢી તેમના નિવારણ માટે યોગ્ય નીતિઓ ઘડવામાં મદદરૂપ થઈ શકે એવા જ્ઞાનની જરૂરત ઊભી થઈ. શ્રીનવૂડે કારખાનાંઓમાં કામ કરતાં મજૂરો સાથે જીવન ગાળી તેમની દશા અને સમસ્યાઓનો પ્રત્યક્ષ અનુભવ મેળવવાનો પ્રયત્ન કર્યો. ચાર્લ્સ બૂથ અને બીજા વિદ્વાનોએ પણ નગરોની વાસ્તવિક પરિસ્થિતિઓને આધારે પદ્ધતિસરના અભ્યાસોમાં ખાસ રસ દર્શાવ્યો. ઈ.સ. 1990માં માસ્ટર મેને 'કન્ડિશન ઑફ ઈંગ્લેન્ડ' તથા 'એઈજ ઑફ ગ્રેટ સિટિઝ' નામના ગ્રંથો રજૂ કર્યા. આ અભ્યાસોમાં એક રીતે જોઈએ તો સામાજિક સંશોધનઅને સામાજિક નીતિઓ ઘડવાની બાબતમાં સહકારના સંબંધો બંધાયા. ગુણાત્મક માહિતીની સાથોસાથ આંકડાશાસ્ત્રીય માહિતી પણ એકઠી કરવાનું શરૂ થયું. આવા એક પ્રયાસને પરિણામે ઈ.સ. 1915માં બર્વેસ્ટ હર્સ્ટનો 'લાઈવલીહૂડ એન્ડ પોવર્ટી' (Livelihood and poverty) નામનો ગ્રંથ પ્રસિદ્ધ થયો. તે સિવાય બાળગુનેગારો અને અન્ય સામાજિક પ્રશ્નોનો પણ ઊંડાણથી અભ્યાસ થવા લાગ્યો. એવા અભ્યાસોમાં પટેરસનનું 'એક્રોસ દ બ્રિજેજ' (Across the Bridges) કે જે 1911માં પ્રસિદ્ધ થયો તેનો ખાસ ઉલ્લેખ કરી શકાય.

નગરોમાં પ્રવર્તતી ગરીબી અને બીજા પ્રશ્નોના ઊંડા અભ્યાસને આધારે ઉત્તરોત્તર એવું મનાવા લાગ્યું કે ગરીબીનું એક માત્ર કારણ બેકારી હોય છે. આ ક્ષેત્રે બેક્કીના ગ્રંથ 'The unemployed

men' અને પિલગ્રિમ ટ્રસ્ટના ગ્રંથ 'Men Without Work' નું આગવું સ્થાન છે. આમ બ્રિટિશ નગર સમાજશાસ્ત્ર હેઠળ પ્રારંભિક અભ્યાસો નગરજીવનના આ પ્રશ્નો અને માનવીય સમસ્યાઓને લગતા હતા. એવા અભ્યાસો અને સાહિત્યમાં એક જાતનો નગર વિરોધી સૂર અને સુધારણા માટેની જરૂરી નીતિઓ પરત્વેના ઝોકનું પ્રાધાન્ય હતું. પરંતુ ત્યાર પછીના અભ્યાસો ખાસ કરીને ઇ.સ. 1930 પછીના, નગર સમુદાયોને સામાજિક ઘટનાઓ તરીકે સમજવા તરફી થવા લાગ્યા છે. એવા અભ્યાસોમાં નાગરી સંસ્થાઓ, નગર આયોજન અને નગરની પૃષ્ઠભૂમિ વગેરેના ઊંડા અને વૈજ્ઞાનિક અભ્યાસોને મહત્ત્વ અપાયું છે. આ ક્ષેત્રે લૂઇસ મમ્ફોર્ડ, ગીડીન્સ, જોન રેક્સ, પોલ ને કાસ્ટોલસ્ટ વગેરેનું પ્રદાન નોંધપાત્ર છે.

બ્રિટનમાં થયેલાં આ પ્રયાસો છૂટાછવાયા હતા. તેની નોંધ લેતાં રૂથ ગ્લાસ (Ruth Glass) કહે છે કે ગયાં 30 થી 40 વર્ષો દરમ્યાન બ્રિટિશ સમાજશાસ્ત્રમાં નગરોનાં વૈજ્ઞાનિક અભ્યાસ અર્થે સમુચિત ધ્યાન અપાયું નથી. તેઓ જણાવે છે કે બ્રિટનનાં ત્રીસી પછીનાં નગરોનાં જુદાં જુદાં પાસાંઓ, ત્યાં જોવા મળતી વિવિધતા અને નાગરી પરિવર્તનો વગેરે મુદ્દાના અભ્યાસોનો અભાવ રહ્યો છે. વળી, જે અભ્યાસો થયાં છે તેમાં નગરોના વસ્તીવિષયક બંધારણ, વર્ગ સંબંધો, અર્થતંત્ર અને રાજકીય વ્યવસ્થા વગેરેને લગતા પ્રમાણભૂત અભ્યાસો મળતા નથી. આવા અભ્યાસોના અભાવ વિશે ટકોર કરતાં રૂથ ગ્લાસ લખે છે કે હજી આપણે નગરોનો સ્વીકાર કર્યો નથી.

**બ) નગર સમાજશાસ્ત્રની જર્મન શાખા :**

નગર અને નગરજીવનની વ્યવસ્થિત અને પદ્ધતિસરની ગુણાત્મક સમજૂતી મેળવવાનો પ્રારંભ જર્મન સ્કૂલના પ્રણેતા મેક્સ વેબર (Max Weber), જ્યોર્જ સિમેલ (George Simmel) અને ઓસ્વાલ્ડ સ્પેન્ગલરે (Oswald Spengler) 20મી સદીનાં શરૂઆતનાં વર્ષોમાં કર્યો. આ વિદ્વાન સામાજિક વિચારકોએ નાગરી પર્યાવરણ અને સંસ્કૃતિનાં બુદ્ધિગમ્ય વિશ્લેષણોમાં પાયાનું પ્રદાન કર્યું છે. આ પ્રદાનોમાં માનસશાસ્ત્રીય અભિગમ ઉપર રહેલો ઝોક ધ્યાનાર્હ આવે છે. એવાં પ્રદાનોના શ્રીગણેશ ઇ.સ. 1905માં મેક્સ વેબરના 'ધ સિટી' (The City) શીર્ષક હેઠળ પ્રસિદ્ધ થયેલા ગ્રંથથી થયા. વેબરે આ ગ્રંથમાં નગરની સામાજિક, સાંસ્કૃતિક વાસ્તવિકતાઓનું નગર વિકાસની ઐતિહાસિક પૃષ્ઠભૂમિમાં બુદ્ધિગમ્ય રીતે નિરૂપણ કર્યું છે. મેક્સ વેબરના સમકાલીન સામાજિક વિચારકો એમિલ દુર્ખેમ (Emile Durkheim) અને ટોનીઝ (Tonnies) પણ નાગરી પરિબળોની સમાજજીવન ઉપર પડતી અસરો દર્શાવવામાં રસ ધરાવતા હતા. આ વિદ્વાનોએ નાગરી પરિબળોની અસરો હેઠળ માનવજીવનમાં આવતું એકાકીપણું અને નાગરી પર્યાવરણમાં ખોવાઈ જતી માનવહસ્તીના મુદ્દાઓ ઉપર પોતાનું ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. પરંતુ મેક્સ વેબરે જુદી રીતે નાગરી પર્યાવરણને સમજાવવાના પ્રયત્નો કર્યા. તેઓ હરહંમેશ નાગરી પર્યાવરણની માનવજીવન ઉપર વિપરીત અસરો પડે છે તેવું માનતા ન હતા. તેથી તેઓ કઈ પરિસ્થિતિઓમાં નાગરી પર્યાવરણની માનવજીવન ઉપર સાનુકૂળ અને સર્જનાત્મક અસરો પડે છે તે જણાવવામાં પણ રસ ધરાવતા હતા. તેમના મતે પ્રાચીન નગરોની માનવજીવન ઉપર સાનુકૂળ અને સર્જનાત્મક અસરો પડતી હતી, પરંતુ આધુનિક મૂડીવાદી અવસ્થામાં નગરોની એવી લાભદાયી અસરો પડે તેવી પરિસ્થિતિઓ રહી નથી. વેબરની આ માન્યતા જ તેમણે આપેલ આધુનિક નાગરી જીવનની ટીકાત્મક વિશ્લેષણના મૂળમાં રહેલી છે.

મેક્સ વેબરે નગરની જે વ્યાખ્યા આપી છે તેમાં 'કોસ્મોપોલિટન' શબ્દ અત્યંત મહત્ત્વનો છે. તેમણે આ શબ્દનો ઉપયોગ એવી વસાહત માટે કર્યો છે કે જ્યાં વિવિધ પ્રકારની જીવનશૈલીઓ ધરાવતી અને ભાતભાતની વ્યક્તિઓ એકી સાથે રહેતી હોય છે. વળી, વેબરે નગરને ઐતિહાસિક પરિવર્તનના એક માધ્યમ તરીકેનું સ્થાન આપી એવું પણ જણાવ્યું કે નગરોનાં સામાજિક રચનાતંત્રો પારસ્પરિક રીતે એવાં ગૂંથાયેલાં હોય છે કે તે સામાજિક વૈયક્તિકતા અને જીવનમાં નવા નવા ફેરફારોને પ્રોત્સાહન આપે છે.

મેક્સ વેબરના આ વિચારોથી જ્યોર્જ સિમેલ પ્રભાવિત થયા હતા. જોકે સિમેલ સંપૂર્ણપણે વેબરના વિચારો સાથે સહમત થયા હોય તેવું નથી. નગરના ઉદ્ભવ વિશે સિમેલે વેબરના વિચારોનો સ્વીકાર કર્યો નથી. સિમેલ આધુનિક ઔદ્યોગિક યુગનાં નગરોમાં નવીન અને જટિલ એવી સભ્યતાનો વિકાસ જોતા હતા. તેમણે નાગરી પર્યાવરણના વિશ્લેષણમાં વ્યક્તિની લાગણીઓ અને માનસશાસ્ત્રીય અનુભૂતિઓને કેન્દ્ર સ્થાન આપ્યું છે. તેઓ કહે છે કે નગરમાં વ્યક્તિ સમક્ષ એકી સમયે અનેક પ્રકારના માનસશાસ્ત્રીય ઉદ્દીપકો (Stimuli) ઉપસ્થિત હોય છે. પરંતુ નાગરી પર્યાવરણમાં નગરજીવન જીવતી વ્યક્તિ તમામ ઉદ્દીપકો (Stimuli)ની પ્રતિક્રિયા કરવાને બદલે લાગણીઓના દોરમાં દોરવાયા વિના તાર્કિક અને વ્યવહારુ બની બીજી વ્યક્તિઓ સાથે કામ પૂરતા

સંબંધો જ રાખવાનું પસંદ કરે છે. આથી નગરમાં શ્રમવિભાજનઅને વિશેષીકરણને વેગ મળે છે. વ્યક્તિનું સામાજિક જીવન ખંડીય બની જાય છે. એટલે કે તેના કુટુંબ, કામના સ્થળ અને મિત્રો વગેરેની દુનિયા અલગ અલગ હોય છે. સિમેલ કહે છે કે જો વ્યક્તિ આ નાગરી જટિલતા વચ્ચે જીવનના આ જુદાં જુદાં પાસાંઓને ભેગાં કરવાના પ્રયત્નો કરે તો તે તમામે તમામ ભાંગી પડવાની વધુ શક્યતા રહે છે. આ ઉપરાંત નગરની બજારપ્રધાન અર્થવ્યવસ્થા દફતર અને કારખાનાનાં નોકરશાહી સંગઠનો વ્યક્તિને બીજી વ્યક્તિઓ સાથે સંપૂર્ણ માનવીય અને લાગણીશીલ બનીને વર્તણૂક કરવાને સ્થાને કામ પૂરતા અને બુદ્ધિગમ્ય રીતે વર્તવાની ફરજ પાડે છે. સિમેલે કહ્યું કે આ બાબતમાં તમામ નગરો એકસરખાં જ હોય છે. વેબરની જેમ સિમેલે પણ આધુનિક નગરજીવનની લાક્ષણિકતાઓમાં જે ત્રણ પ્રમુખ લાક્ષણિકતાઓ તારવી છે તે (1) બિનવૈયક્તિકતા, (2) લાગણીહીન નોકરશાહી અને (3) બુદ્ધિગમ્ય બજાર વ્યવસ્થાની પ્રક્રિયાઓ છે. તેમ છતાં સિમેલ અને વેબર વચ્ચે આ લાક્ષણિકતાઓના મૂળ સ્રોત વિશે એકમત હતો નહીં. સિમેલના મતે નગરજીવનનાં આ તત્ત્વોનું ઉગમ નગરની સામાજિક માનસશાસ્ત્રીય પ્રકૃતિ ધરાવતી પરિસ્થિતિઓમાંથી થાય છે, જ્યારે વેબરના મતે તેમના મૂળ સ્રોત આધુનિક મૂડીવાદી વ્યવસ્થા હેઠળ અને બિન-આર્થિક પરિબળોના સમન્વયમાં હોય છે.

સિમેલ (Simmel) ના મતે વ્યક્તિ નાગરી પરિસ્થિતિમાં પોતાના અસ્તિત્વ અને તેની સફળતા અર્થે તેના ધંધા, કુટુંબ અગર મિત્રો સાથે બંધાયેલી રહેતી નથી. છેવટે તો વ્યક્તિએ પોતાની ઉપર આધાર રાખવો પડે છે. આ રીતે સિમેલના વિશ્લેષણમાં નગર માનસશાસ્ત્રીય પરિસ્થિતિઓનું ખાસ સ્થાન છે.

મેક્સ વેબર અને સિમેલના વિચારોને આગળ ધપાવવામાં ઓસ્વાલ્ડ સ્પેન્ગલર (Oswald Spengler)નું પ્રદાન પણ નોંધપાત્ર છે. સ્પેન્ગલરે જણાવ્યું કે પાશ્ચાત્ય સંસ્કૃતિઓના નગરવિકાસના તબક્કાઓ એ સમાજના સાંસ્કૃતિક જીવનના તબક્કાઓ દર્શાવતી ઘટના છે. નગરવિકાસમાં અભિવ્યક્ત થતા સભ્યતાના તબક્કાઓ સ્પેન્ગલરના મતે ચક્રાત્મક ક્રમનું અનુસરણ કરે છે. આ ધારણાના સમર્થનમાં સ્પેન્ગલરે જણાવ્યું કે નગર સંસ્કૃતિનો ઉગમ અને પતન એ સમાજના ઉગમ અને પતનનું પ્રતીક છે. વધુમાં તેમણે એમ પણ જણાવ્યું કે અમુક કક્ષા પછી નગરનો વિકાસ સમાજના સ્વસ્થ વિકાસ ઉપર ગંભીર અને વિપરીત અસરો પાડે છે. તેમણે કહ્યું કે આજનાં રાક્ષસી એવાં મહાનગરોની સંસ્કૃતિની દશા છેવટે તો રોમના પતન જેવી જ થવાની છે. આ રીતે નગર સંસ્કૃતિનો વિનાશ થયા પછી સમાજ ફરીથી જંગલી અને કૃષક અવસ્થામાં આવશે અને નવેસરથી નગરવિકાસનું ચક્ર શરૂ થશે. સ્પેન્ગલરે નગરવિકાસને લગતા પોતાના પ્રસ્તુત વિચારો તેમના ગ્રંથ 'પશ્ચિમનું પતન' (Decline of the West)માં રજૂ કર્યા છે.

સ્પેન્ગલરે (Spenglre) જણાવ્યું કે દરેકે દરેક સંસ્કૃતિના કૃષક તબક્કામાં 'લોકભાવના" (Folk Spirit) હોય છે. આ "લોકભાવના" વડે જ તે સંસ્કૃતિ પોતાની અસ્મિતા ધારણ કરે છે. પરંતુ પ્રચંડ નગરવિકાસ વૈયક્તિકતા અને અલગતાની ભાવનાને પ્રોત્સાહન આપી ધીમે ધીમે સંસ્કૃતિની આ મૂળ લાક્ષણિકતાને અલોપ કરી દે છે. આ અર્થમાં સ્પેન્ગલર કહે છે કે તમામ મહાનગરો એકસરખાં જ હોય છે - પછી તે ભિન્ન ભિન્ન સંસ્કૃતિઓમાં કેમ ન ઉદ્ભવ્યાં હોય. મહાનગરોનું આ સરખાપણું તેમની માંદગી અને સંભવિત પતનનું ચિહ્ન હોય છે. પ્રસ્તુત ધારણા હેઠળ જ સ્પેન્ગલરે કહ્યું કે નગર અને ગામ વચ્ચેનો ઉચિત સમતોલન તમામ વિકસતા સમાજોની સુખાકારી માટે ચાવીરૂપ હોય છે. સ્પેન્ગલરની જેમ લેવિસ મોમ્ફર્ડ પણ નગરના ચક્રાકાર (cyclical) વિકાસની પ્રક્રિયાને સંસ્કૃતિના વિકાસ સાથે સાંકળી લીધી છે.

ટૂંકમાં, ઉપરોક્ત ચર્ચાના સારરૂપે કહી શકાય કે જર્મન શાખાના વિદ્વાનોમાં મેક્સ વેબર, જ્યોર્જ સિમેલ અને ઓસ્વાલ્ડ સ્પેન્ગલરના વિચારોમાં તફાવત હોવા છતાં તેમણે નગર સમુદાય અને નગરજીવનની ચોક્કસ લાક્ષણિકતાઓ સ્પષ્ટ કરી છે. એવી લાક્ષણિકતાઓમાં બિન-વૈયક્તિકતા, ખંડીય સામાજિક સંબંધો, અવૈયક્તિક અને વિશાળ નોકરશાહી તંત્રો, વિવેકપૂર્ણ વિનિમય, બુદ્ધિગમ્ય કાયદાઓ અને નગરવાસીઓમાં હૂંફવાળા અંગત સંબંધોનો અભાવ વગેરે મોખરે ગણાવી શકાય. તેમના આ પ્રદાને સમાજશાસ્ત્રના સૈદ્ધાંતિક વિકાસમાં પણ પાયાની ભૂમિકા પૂરી પાડી છે.

## સ) નગર સમાજશાસ્ત્રની શિકાગો શાખા :

જર્મન વિદ્વાનોના વિચારોની અસરોની ફલશ્રુતિરૂપે અમેરિકાની શિકાગો યુનિવર્સિટીમાં રોબર્ટ ઇઝરા પાર્ક (Robert E. Park)ના નેતૃત્વમાં નગર સમુદાયના વૈજ્ઞાનિક અને પદ્ધતિસરના અભ્યાસોને જરૂર ઓપ અપાયો. રોબર્ટ પાર્ક જર્મનીની હેડલબર્ગ યુનિવર્સિટીમાં પીએચ.ડી.ની ડિગ્રી માટેના

અભ્યાસકાળ દરમિયાન જ્યોર્જ સિમેલના વિચારોની અસર હેઠળ આવ્યા હતા. તેમણે ઇ.સ. 1916માં "The City" - Suggestions for the investigation of Human Behaviour in the Urabn Environment શીર્ષકનો લેખ પ્રસિદ્ધ કર્યો. આ લેખમાં તેમણે નગર સમુદાયો અને નાગરી જીવનના સંશોધન અર્થે કેટલાક પાયાના સવાલો અને સૂચનો રજૂ કર્યા છે. રોબર્ટ પાર્કે નગર સમુદાયોના પદ્ધતિસરના અભ્યાસો માટે જે પ્રયત્નો આદર્યા તેમાં અર્નેસ્ટ બર્ગેસ અને લૂઈ વર્થનો સથવારો મળી આવ્યો. આ ત્રણે વિદ્વાનોએ નગર સમાજશાસ્ત્રના વિકાસમાં શિકાગો શાખાને આગવું સ્થાન અપાવ્યું છે.

રોબર્ટ ઈ. પાર્ક, બર્ગેસ અને લૂઈ વર્થનો મૂળ રસ નાગરી સંસ્કૃતિની બુદ્ધિગમ્ય (Subjective) છણાવટ કરવામાં હતો. નગર સમુદાય અને નગર પર્યાવરણ અંગેના તેમનાં લખાણોએ પ્રથમ વિશ્વયુદ્ધ પછીના અમેરિકા અને યુરોપમાં નગર સમાજશાસ્ત્રના વિકાસના પ્રવાહો ઉપર ભારે અસર કરી છે. પાર્ક નગરને એક 'સ્થળ' અને 'નૈતિક વ્યવસ્થા' (Spatioal and Moral) તરીકે સમજાવવામાં રસ ધરાવતા હતા. તેઓ એવું પણ માનતા હતા કે નગરના કાર્યાત્મક અને મૂર્ત સ્વરૂપની એવી વ્યાખ્યા કરી શકાય કે જે અંતે નગરજીવનની સાંસ્કૃતિક અને નૈતિક શખ્યતાઓ દર્શાવવામાં ઉપયોગી થઈ રહેશે. તેથી પાર્કે જે અર્થમાં પરિસ્થિતિકીય અભ્યાસોનું સૂચન કર્યું તે માત્ર નગરના આંતરિક વિસ્તારો અને તેમનાં કાર્યોને લગતા નકશાઓ દોરવા પૂરતું જ મર્યાદિત હતું નહીં. તેમનો મૂળ આશય નગરના ભૌતિક રંગઢંગ નગરવાસીઓના માનવીય અનુભવો અને લાગણીઓને કેવી રીતે અને કયા ઢાળમાં ઢાળે છે તે શોધી કાઢવાનો હતો. આ બાબતમાં પાર્કની ધારણા એવી હતી કે નગરજીવનની માનસિક અને નૈતિક પરિસ્થિતિઓ નગરની ભૌતિક રીતભાતો મારફતે અભિવ્યક્ત થતી હોય છે. કમનસીબે શિકાગો શાખાના આશ્રય જે પરિસ્થિતિ શાસ્ત્રીય અભ્યાસો (Ecological studies) થયા તેમાં પાર્કે સૂચવેલ આ બાબતોનો ઊંડાણથી અભ્યાસ થયો નથી. તેને સ્થાને મોટા ભાગના અભ્યાસો નગરની આંતરિક રચના, તેના ભિન્ન ભિન્ન કુદરતી વિસ્તારો (Concentric Zones) અને તેમના લક્ષણો શોધવા પૂરતા જ મર્યાદિત રહ્યા.

બર્ગેસ અને બોગે (Burgess & Bogue) શિકાગો શાખાના આશ્રયે નગર સમાજશાસ્ત્રનાં સંશોધનના પ્રવાહનો પરિચય આપવાનાહેતુથી તેના વિકાસના ત્રણ તબક્કાઓ દર્શાવ્યા છે.

**I. ઈ.સ. 1919 થી ઈ.સ. 1923ના ગાળાનો પ્રથમ તબક્કો :**

આ તબક્કામાં નગર સંશોધનો માટે જરૂરી નાણાકીય સગવડના અભાવનો તેઓ ખાસ ઉલ્લેખ કરે છે. આ ગાળામાં વિદ્યાર્થીઓની મદદથી શિકાગો નગરની ભૌતિક રચનાને લગતા નાના નાના અભ્યાસો પૂરા કરવામાં આવ્યા હતા. વળી, વિદ્યાર્થીઓને તેમના અભ્યાસના ભાગરૂપે શિકાગો નગરને લગતા નકશાઓ તૈયાર કરવાની કામગીરી સોંપવામાં આવી હતી. એવા નકશાઓ વડે શિકાગો નગરમાં બાળગુનેગારો, સિનેમાગૃહો, નૃત્ય ક્લબો અને ગંદા વસવાટોને લગતા વિસ્તારો શોધવામાં આવ્યા. આવા નકશાઓ તૈયાર કરાવવાની ફળશ્રુતિરૂપે શિકાગો નગરનાં કેટલાંક અર્થપૂર્ણ એવાં ભૌતિક લક્ષણો દેખાવા લાગ્યાં. ભિન્ન ભિન્ન કુદરતી વિસ્તારો અને પડોશી વિસ્તારો વચ્ચે રહેલા તફાવતો સ્પષ્ટ થવા લાગ્યા. આ તબક્કામાં નેલ્સ એન્ડરસને (Nels Anderson) ફક્ત 300 ડોલરની આર્થિક મદદ વડે ઘર વગરનાં રખડેલ લોકોના જીવનનો અભ્યાસ કરી 'The Hobo' શીર્ષકનો ગ્રંથ પૂરો કર્યો. આ જ ગાળામાં ઝોરબોગ (Zorbaugh) એ 'ધ ગોલ્ડ કોસ્ટ એન્ડ સ્લમ' તથા થોમસ અને ઝનેકીએ (Thomas & Znaciecki) 'ધ પોલીસ પેઝેન્ટ ઇન યુરોપ એન્ડ અમેરિકા' શીર્ષક હેઠળનાં ઊંડાં સંશોધનો પૂરાં કર્યાં.

શિકાગો નગરને સ્પર્શતી જુદી જુદી ઘટનાઓ વિશે જે નકશાઓ તૈયાર કરવામાં આવ્યા હતા તે સ્થાનિક સ્વાસ્થ્ય વિભાગ, સુધરાઈ અને સમાજસેવાની સંસ્થાઓ માટે ઉપયોગી સાબિત થયા. આથી નગર સંશોધનો માટે નાણાંકીય અગવડ લાંબી ચાલી નહીં.

**II. ઈ.સ. 1923 થી ઈ.સ. 1933 સુધીનો બીજો તબક્કો :**

ઈ.સ. 1923 પછી નગર સંશોધનોના ક્ષેત્રે વ્યવસ્થિત અને સંગઠિત અભ્યાસોનો બીજો તબક્કો શરૂ થયો. હકીકતમાં ઈ.સ. 1923માં જ નેશનલ સોશ્યલ સાયન્સ રિસર્ચ કાઉન્સિલની સ્થાપના થઈ. આ સંસ્થાએ નાગરી સંશોધનો માટે જરૂરી નાણાકીય અનુદાન આપવાનું શરૂ કર્યું. તે સિવાય રોકફેલર ફાઉન્ડેશને પણ વિશ્વવિદ્યાલયોને સામાજિક સંશોધનો માટે અનુદાનો આપવાનું શરૂ કર્યું. આથી થ્રેસરની 'ગુનેગારોની ટોળી'ના અભ્યાસ ઉપરાંત

બીજાં અનેક સંશોધનો ઈ.સ. 1923 થી ઈ.સ. 1933ના ગાળામાં પૂરાં થયાં. ક્લિફોર્ડ શૉ અને મેકે (Clifford Shaw & Mckay) બાળગુનેગારોનો અભ્યાસ પણ આ તબક્કામાં જ થયો.

બીજા તબક્કાની એક અન્ય નોંધપાત્ર સિદ્ધિ એ હતી કે અર્થશાસ્ત્રીઓ રાજનીતિશાસ્ત્રીઓ, સમાજસેવા પ્રશાસનના વિશેષજ્ઞો અને સમાજશાસ્ત્રીઓએ મળીને 'લોકલ કોમ્યુનિટિ રિસર્ચ કમિટી'ની સ્થાપના કરી. તેની પાછળ આ વિદ્વાનોની એવી ધારણા હતી કે નગરનું વિશિષ્ટ એવું ભૌતિક સ્વરૂપ હોય છે તેમજ તેની એકનોખી જીવનશૈલી હોય છે. આથી નગરના સ્થાનકીય પ્રરૂપોના (Spatial Patterns) અભ્યાસને વેગ મળવા ઉપરાંત નગરના સાંસ્કૃતિક જીવનનાં એક રૂપરૂપે પણ અભ્યાસ કરવાનું વિચારાયું. આ માટે વાસ્તવિક પરિસ્થિતિઓમાંથી મળી આવતી માહિતી એકઠી કરવા ઉપરાંત જુદી જુદી સંસ્થાઓ જેવી કે જાહેર સ્વાસ્થ્ય વિભાગ, વેપારી મંડળ, વસ્તી-ગણતરીના અધિકારી મંડળ વગેરે પાસેથી મળી આવતા આંકડાઓનું મહત્ત્વ સ્વીકારવામાં આવવા લાગ્યું.

**III. ઈ.સ. 1934 પછીનો ત્રીજો તબક્કો :**

શિકાગો સ્કૂલના આશ્રયે નગર સમાજશાસ્ત્રના વિકાસના ત્રીજા તબક્કાનો પ્રારંભ ઈ.સ. 1934થી થયો તેમ કહી શકાય. આ તબક્કામાં શિકાગો નગરની વસ્તી-ગણતરીનું કામ હાથ ધરવામાં આવ્યું. ચાર્લ્સ ન્યુકોમ્બ અને રિચાર્ડ લેન્ગે (Charless Newcomb & Richard Leng) વસ્તી-ગણતરીના આ કામનું સંચાલન કર્યું. તે સિવાય શિકાગો નગરમાં ટ્રેન માર્ગો, મોટર માર્ગો, વેપારી મિલકતો, રહેઠાણો, બિન-કબજા હેઠળની જમીન, ઔદ્યોગિક સંસ્થાનો, બાગબગીચા અને વૃક્ષોની હરોળવાળા રસ્તાઓ વગેરે દર્શાવતો એક નકશો તૈયાર કરવામાં આવ્યો. આ તબક્કામાં બર્ગેસ અને તેના સાથીઓએ શિકાગો નગરના જુદા જુદા કુદરતી વિસ્તારોની નકશા ઉપર સરહદો નક્કી કરવાનું કામ હાથ ધર્યું. એવા નકશાઓની મદદ વડે તેઓ શિકાગો નગરની બાંધણીમાં જ કેટલાક સ્થાનિક સમુદાયોનું અલાયદું (Segregatted) અસ્તિત્વ દર્શાવી શક્યા. આ સમુદાયો નગરના અંતર્ગત ભાગ હોવા છતાં એકબીજાથી ભિન્ન તરી આવતા હતા. નગરના એવા જુદા જુદા વિસ્તારો અને સ્થાનિક સમુદાયોને લગતી માહિતી આપતા આ નકશાઓ માત્ર વિદ્યાર્થીઓ માટે જ નહીં પણ સરકારી અને સ્વૈચ્છિક સંસ્થાઓ માટે પણ ઘણા ઉપયોગી સાબિત થાય. પરિણામે દરેક દરેક વસ્તી-ગણતરી બાદ 'ધ લોકલ કોમ્યુનિટી ફેક્ટ બુક ઑફ શિકાગો' તૈયાર કરવામાં આવી.

આ તબક્કામાં નાણાંકીય અગવડ નહિવત્ રહી હોવાથી નગરને લગતા નવા નવા વિષયો ઉપર સંશોધનો થવા લાગ્યાં. ફેરિસ અને ડનહામે (Faris and Dunham) નગરી વિસ્તારોમાં માનસિક વિકૃતિને લગતો અભ્યાસ પૂરો કર્યો. ફિલિપ હાઉઝરે શિકાગો નગરમાં જન્મદર, મૃત્યુદર અને વસ્તીની વૃદ્ધિ વિષય ઉપર અહેવાલ (Demographic) તૈયાર કર્યો. આ અને બીજા અનેક અભ્યાસોમાં આંકડાશાસ્ત્રીય બાબતોનું પ્રાધાન્ય રહ્યું. પરંતુ આ તબક્કામાં ગુણાત્મક સંશોધનોનું મહત્ત્વ પણ વધ્યું. હકીકતમાં ચાર્લ્સ કૂલએ (Charles Cooley) નગર સંશોધનોમાં માત્ર બાહ્ય આંકડાઓ જ નહીં પરંતુ માનવવ્યવહારનાં અભ્યંતર પાસાંઓના અભ્યાસ અર્થે પદ્ધતિશાસ્ત્રીય રીતે નવા અભિગમોની જરૂર ઉપર ભાર મૂક્યો. તેથી વૈયક્તિક તપાસ પદ્ધતિ (Case Study) અને જીવનવૃત્તાંતોનું (Life Histories) સંશોધન ક્ષેત્રે મહત્ત્વ સ્વીકારવામાં આવ્યું. બ્લુમેન્થલે (Bluementhal) મુલાકાતની વિધિનો પ્રયોગ કરી નાના નગર સમુદાયો વિશે જરૂરી એવી ગુણાત્મક માહિતી એકઠી કરી 'સ્મોલ ટાઉન સ્ટફ' શીર્ષક હેઠળ પોતાનું સંશોધન પૂરું કર્યું. નેલ્સ એન્ડરસને પણ ઘરવિહોણા લોકોના અભ્યાસમાં મુલાકાતની વિધિ વડે ઘણી ઉપયોગી માહિતી એકઠી કરી. વળી, આ તબક્કામાં નોર્થ વેસ્ટર્ન યુનિવર્સિટી ખાતે માઉરરે (Mowrer) નગરના જુદા જુદા વિસ્તારોમાં કુટુંબ વિઘટનની ઘટના વિશે એકઠી કરેલી માહિતીને આધારે 'Dis-organization : Personal and Social' શીર્ષક હેઠળ ગ્રંથ પ્રસિદ્ધ કર્યો.

આગળ જતાં ઈ.સ. 1946માં લૂઈ વર્થ અને બર્ગેસે નગરજીવનના સંશોધન માટે કાયમી સંશોધન સંગઠન ઊભું કરવાના આશયથી વેયબોટ ફાઉન્ડેશન ઑફ શિકાગોની નાણાકીય મદદ વડે 'શિકાગો કોમ્યુનિટી ઈન્વેન્ટરી'ની સ્થાપના કરી. લૂઈ વર્થ તેના પ્રથમ નિયામક બન્યા. ઈ.સ. 1951માં ફિલિપ હાઉઝરે લૂઈ વર્થનું સ્થાન લીધું. આ સંસ્થામાં નગરો અને મહાનગરોનાં વસ્તી-વિષયક અને

પરિસ્થિતિકીય પાસાંઓને (Demographic and Ecological Aspects) લગતાં સંશોધનો ઉપર ખાસ ધ્યાન અપાયું. તેના આશ્રયે શિકાગો નગરના 75 જેટલા જુદા જુદા વિસ્તારોને લગતી વિપુલ પ્રમાણમાં આંકડાશાસ્ત્રીય માહિતી એકઠી કરવામાં આવી. આ માહિતી ઇ.સ. 1950 અને ઇ.સ. 1960ની વસ્તી-ગણતરી પછી તરત જ પ્રસિદ્ધ કરવામાં આવેલ 'ધ લોકલ કોમ્યુનિટી ફેક્ટબુક ઓફ શિકાગો'માં રજૂ કરવામાં આવી. આ સંસ્થાએ વસ્તીને લગતા આંકડા ઉપરાંત વસ્તી વૃદ્ધિ (Demographic Projections) વિષે આગાહી કરતા અંદાજો રજૂ કરવાનું પણ શરૂ કર્યું.

આમ શિકાગો સ્કૂલના પ્રયાસો હેઠળ નગર સમુદાયોને લગતા પદ્ધતિસરના અભ્યાસોને એકધારો વેગ મળવા લાગ્યો. જોકે મોટા ભાગના અભ્યાસોમાં આંકડાશાસ્ત્રીય અને વસ્તી-વિષયક બાબતોનું પ્રાધાન્ય રહ્યું. તેથી નગરજીવનમાં સમાજશાસ્ત્રીય અને મનોવૈજ્ઞાનિક પાસાંના વિશ્લેષણને લાંબા સમય સુધી યોગ્ય ધ્યાન મળ્યું નહીં. આ ઊણપ દૂર કરવા માટેના સંગીન પ્રયાસો આશરે ઇ.સ. 1950 પછી લૂઈ વર્થ, રૉબર્ટ રેડફિલ્ડ અને મિલ્ટન સિંગરે કર્યા તેમ કહી શકાય છે. ડોનાલ્ડ બોગે (Donald Bogue) પણ નગરીકરણની ગુણાત્મક સમજૂતી આપવાની દિશામાં પ્રયત્નો કર્યા છે. હકીકતમાં અર્નેસ્ટ બર્ગેસે ઇ.સ. 1951માં 'ધ કોમ્યુનિટી એન્ડ ફેમિલી સ્ટડી સેન્ટર'ની સ્થાપના કરીને નગરજીવન અને નાગરી સંસ્થાઓના ગુણાત્મક અભ્યાસો તરફ ધ્યાન આપવાના પ્રયાસો શરૂ કર્યા. લૂઈ વર્થે નગરની વસ્તીના વિશાળ કદ, તેની ગીચતા અને પચરંગીપણામાંથી જે વિશિષ્ટ સામાજિક પર્યાવરણ સર્જાય છે તેમાંથી ફલિત થતા કેટલાક ગુણાત્મક પરિણામોની છણાવટ કરી 'નાગરિક જીવનશૈલી'નો (Urbanism as a way of life) સિદ્ધાંત રજૂ કર્યો. આ ક્ષેત્રે રૉબર્ટ રેડફિલ્ડે પોતાના 'લોક-નાગરીય સાતત્ય' (Folk-urban continum) ના પ્રદાન વડે લોક-સમાજ અને નાગરી સમાજ વચ્ચેનો તફાવત દર્શાવ્યો છે. તેમની ધારણા મુજબ નગરના લોકસમાજથી તદ્દન વિપરીત લક્ષણો નગર ઉદ્ વિકાસની પ્રક્રિયા દરમિયાન નગરમાંથી જ ઉદ્ભવે છે. રેડફિલ્ડે તેની પ્રસ્તુત ધારણા મેક્સ વેબરની જેમ આદર્શ પ્રરૂપની (Ideal Type) તારવણી વડે જ પ્રાપ્ત કરી છે. આ માટે રેડફિલ્ડે નગરસમુદાયોના પાર્ક અને લૂઈ વર્થે જે લક્ષણો દર્શાવ્યાં હતાં તેમનાથી તદ્દન વિપરીત એવા લક્ષણોની 'લોક-સમાજ' વિશે ધારણા કરી. 'લોક-સમાજ'નો આદર્શ પ્રરૂપ તૈયાર કર્યો. આના સંદર્ભમાં લોક-સમાજથી આધુનિક નાગરી સમાજ તરફના પ્રયાણમાં માનવજીવનના ક્ષેત્રે અસ્તિત્વમાં આવતી લાક્ષણિકતાઓનું તેમણે નિરૂપણ કર્યું. વળી રેડફિલ્ડ અને મિલ્ટન સિંગરે એવું પણ જણાવ્યું કે જ્યારે નગરીકરણ તેની ચરમ સીમા ઉપર પહોંચી જાય છે ત્યાર પછી પણ નગરના આંતરિક વિકાસમાં નગરની પ્રકૃતિ સ્પષ્ટ થવાનું ચાલુ રહે છે. કારણ કે તેઓ એવું માને છે કે નગરની પ્રકૃતિ અને નગરની માનવજીવન ઉપર પડતી અસરો એ અલગ-અલગ બાબતો હોય છે. આથી જ તેઓ એવું પણ કહે છે કે આધુનિક નગરો વિકાસની એક ઐતિહાસિક પ્રક્રિયામાં જ છે.

આમ, નગર સમાજશાસ્ત્રના વિકાસમાં અમેરિકાની શિકાગો શાખાના આશ્રયે નગર અને નાગરી જીવનની પદ્ધતિસરની સમજૂતી માટેના પદ્ધતિસરના એકધારા પ્રયાસો થયા છે. આવા પ્રયાસોના ફળસ્વરૂપે જે અભિગમો અસ્તિત્વમાં આવ્યાં તેમની અસરો હેઠળ માત્ર અમેરિકામાં જ નહીં પણ વિશ્વના બીજા સમાજોમાં પણ નગર સમુદાયો અને નાગરી જીવનના પદ્ધતિસરના અભ્યાસો થવા લાગ્યા છે.

## ભારતમાં નગર સમાજશાસ્ત્રના વિકાસના પ્રવાહો

ભારતમાં નગરવાસીઓનું પ્રમાણ તેમજ સમાજજીવનમાં નગરોનું વિશિષ્ટ મહત્ત્વ હોવા છતાં ભારતનાં નગરો તરફ સમાજશાસ્ત્રીઓનું ધ્યાન છેલ્લાં 50-60 વર્ષોમાં જ ગયું છે. ગિડિયન સ્જોબર્ગ (Gideon Sjoberg) જણાવ્યું કે બ્રિટિશ અમલ દરમ્યાન ભારતના નગરોના પદ્ધતિસરના અભ્યાસોને ખાસ ધ્યાન અપાયું નથી. ઇ.સ. 1920માં પેટ્રિક ગેડીસે અને ત્યારબાદ જી. એસ. ધૂર્યેએ (G.S. Dhurye) મુંબઈ યુનિવર્સિટીમાં નગર અભ્યાસોને પ્રોત્સાહન આપવાના સઘન પ્રયાસો હાથ ધર્યા હતા. આ ઉપરાંત લખનૌ યુનિવર્સિટીમાં રાધાકમલ મુખર્જીના માર્ગદર્શન હેઠળ નગરની સામાજિક પરિસ્થિતિને લગતા (Social Ecology) અભ્યાસો હાથ ધરવામાં આવ્યા હતા. જોકે આ છૂટાછવાયા પ્રયાસો હતા. ખરી રીતે ભારતનાં નગરોના પદ્ધતિસરના અભ્યાસો છેલ્લાં 30 થી 40 વર્ષોમાં જ હાથ ધરવામાં આવવા લાગ્યા છે. પંજાબ યુનિવર્સિટી ચંડીગઢના પ્રોફેસર વિક્ટર ડિસોઝાએ ઇન્ડિયન કાઉન્સિલ ઓફ સોશ્યલ સાયન્સ રિસર્ચના આશ્રયે તૈયાર કરેલા નગર અભ્યાસોના અહેવાલમાંથી અને સ્વર્ગસ્થ એમ. એસ. એ. રાવના સંકલિત ગ્રંથ 'અર્બન સોશ્યોલોજી ઇન

ઇન્ડિયા'માંથી ભારતનાં નગર સમાજશાસ્ત્રના ક્ષેત્રે થયેલાં સંશોધનોના પ્રવાહો અને તેમાં રહેલી ઊણપોની વિસ્તૃત સમજ આપવામાં આવેલ છે.

નગર સંશોધન ક્ષેત્રે ભારતના સમાજશાસ્ત્રીઓનું ધ્યાન ઘણું મોડું ગયું તે પાછળના કારણોમાંનું એક કારણ લાંબા સમય સુધી સમાજશાસ્ત્રીય સંશોધનોમાં સંયુક્ત કુટુંબ જ્ઞાતિવ્યવસ્થા, ગ્રામસમુદાયો અને આદિવાસી સમાજોનું કેન્દ્રસ્થાન રહ્યું તે છે, નગર સંશોધનો માટે જરૂરી નાણાંકીય મદદનો અભાવ એ બીજું મહત્ત્વનું કારણ છે. આ ક્ષેત્રે પ્રથમ પંચવર્ષીય યોજનાની આખરમાં પહેલી વાર ભારતના આયોજન પંચે તેની રિસર્ચ પ્રોગ્રામ કમિટીના આશ્રયે નાણાકીય મદદ આપવાનું શરૂ કર્યું. ત્યાર પછી ઇ.સ. 1969માં ભારતીય સામાજિક વિજ્ઞાન અનુસંધાન પરિષદ, નવી દિલ્હી (I.C.S.S.R.) ની સ્થાપના થઇ અને તેના આશ્રયે અપાતાં અનુદાનોમાંથી નગર સમુદાયોના અભ્યાસોને પણ યોગ્ય પ્રોત્સાહન મળવું શરૂ થયું. ભારતમાં નગર સંશોધનોને મોડું ધ્યાન મળવા પાછળ ત્રીજું કારણ ભારતની યુનિવર્સિટીઓમાં સમાજશાસ્ત્રના અભ્યાસક્રમમાં નગર સમાજશાસ્ત્રને જોઇતું સ્થાન લાંબા સમય સુધી મળી શક્યું નથી, તેમાં રહેલું છે. મોટે ભાગે ઇ.સ. 1970 પછીથી જ ભારતની યુનિવર્સિટીઓમાં નગર સમાજશાસ્ત્રને માન્ય પાઠ્યક્રમમાં એક વૈકલ્પિક પેપરનું સ્થાન મળવા લાગ્યું છે.

ભારતમાં નગર સમુદાયોના પદ્ધતિસરના અભ્યાસોની જરૂરિયાત ઇ.સ. 1951 પછી, ખાસ કરીને ઝડપી નગરીકરણ અને નગરોની સંખ્યામાં ઉત્તરોત્તર થતી જતી વૃદ્ધિને કારણે જે પ્રશ્નો દેખાવા લાગ્યા તેમાંથી સ્વીકારવામાં આવી. ઇ.સ. 1951ની વસ્તી-ગણતરી બાદ જ સૌ પ્રથમ નગર સમુદાયોને લગતા અલગ અહેવાલો પ્રગટ કરવાનું શરૂ થયું. ઇ.સ. 1954થી આયોજન પંચની રિસર્ચ પ્રોગ્રામ કમિટીના આશ્રયે ભારતનાં પ્રમુખ નગરોનાં સામાજિક-આર્થિક સર્વેક્ષણો હાથ ધરવામાં આવ્યાં. આ સર્વેક્ષણોમાં ડી.એસ. ચૌહાણે (1966) આગ્રાનું, એચ. સી. મલકાનીએ (1957) અલહાબાદ, અલીગઢ અને બરોડાનું, પી. સી. મલહોત્રાએ (1964) ભોપાલનું, ડી. ટી. લાકડાવાળાએ (1963) મુંબઇનું, એસ. એન. સેને 1960) કલકત્તાનું, વિક્ટર ડિસોઝાએ (1968) ચંડીગઢનું, વી. કે. આર. વી. રાવ અને પી. બી. દેસાઇએ (1965) કટક અને દિલ્હીનું, રાધાકમલ મુખર્જી અને બલજીતસીંગે (1965) ગોરખપુર અને લખનૌનું, કેશવ આયંગરે (1950) હૈદરાબાદ અને સિકંદરાબાદનું, બી. આર. ધકેને (1959) હુબલીનું, એમ. વી. માથુરે (1966) જયપુરનું, બી. આર. મિશ્રાએ 1959) જમશેદપુરનું, ડી. એન. મજમુદારે (1964) કાનપુરનું, બાલકૃષ્ણ (1961) મદ્રાસનું, એન. વી. સોવાનીએ (1966) પૂનાનું અને લલિતપ્રસાદ વિદ્યાર્થીએ (1969) રાંચી નગરનો અભ્યાસ કર્યો છે. જે. એફ. બલસારાએ આ સર્વેક્ષણોમાંથી વડોદરા, હુબલી, હૈદરાબાદ, સિકંદરાબાદ, જમશેદપુર, કાનપુર, ગોરખપુર, લખનૌ અને સુરતને લગતા અહેવાલોને આધારે આ નગરોના જુદા જુદા પાસાંઓને સ્પર્શતી છણાવટ કરી છે. આ સર્વેક્ષણોમાં સામાજિક-આર્થિક બાબતો તેમજ વસ્તીવિષયક આંકડાઓનું પ્રાધાન્ય રહ્યું છે. જેથી આ અભ્યાસોમાં નાગરી પરિસ્થિતિઓની સમાજશાસ્ત્રીય રીતે ઊંડી સમજ મળતી નથી. અપવાદ રૂપે મુખર્જીએ લખનૌ અને ગોરખપુરના અભ્યાસમાં અને મજમુદારે કાનપુરના અભ્યાસમાં નગરના સામાજિક માળખાની છણાવટ કરી છે. તે સિવાય લલીતપ્રસાદ વિદ્યાર્થીએ રાંચી નગરની સામાજિક-સાંસ્કૃતિક પરિસ્થિતિઓની સમજ આપી છે અને વિક્ટર ડિસોઝાએ ચંડીગઢના અભ્યાસમાં નગરની આયોજનબદ્ધ ભૌતિકરચના અને ભારતીય સમાજની પરંપરાગત લાક્ષણિકતાઓની એક નવા નગરમાં વિકાસ પામી રહેલા સામાજિક માળખા ઉપર પડતી અસરો તપાસવાનો પ્રયાસ કર્યો છે.

ભારતનાં નગરોનાં ઉપરોક્ત સામાજિક-આર્થિક સર્વેક્ષણો ઉપરાંત કેટલાંક સમાજશાસ્ત્રીઓ દ્વારા નગર સમુદાય અને તેની સમાજવ્યવસ્થાને સ્પર્શતી ઘટનાઓના પદ્ધતિસરના અભ્યાસો હાથ ધરાવા લાગ્યા. આ અભ્યાસોમાંથી મળતી સામગ્રીને આધારે ભારતમાં નગર સમાજશાસ્ત્રનાં સંશોધનોમાં આવરી લેવામાં આવેલી વિષયવસ્તુ નીચે મુજબ તારવી શકાય છે :

1) નગરીકરણ અને તેના પ્રવાહો
2) પૃષ્ઠ-પ્રદેશ અને નગરની આંતરિક સામાજિક રચના
3) નગરીય સંસ્થાઓ અને સમાજ વ્યવસ્થા
4) નગરીય સામાજિક સમસ્યાઓ

## 1. નગરીકરણ અને તેના પ્રવાહો

ભારતનાં ઝડપી નગરીકરણ ને નગરવિકાસના પ્રવાહો નગર સમાજશાસ્ત્રના અભ્યાસોમાં મોખરે રહ્યાં છે. એવા અભ્યાસોની મુખ્યત્વે બે દિશાઓમાં થયા છે. (1) નગરીકરણના રાષ્ટ્રવ્યાપી પ્રવાહોના

અભ્યાસની દિશા અને (2) જે તે નગરના નગરીકરણના અભ્યાસની દિશા. પ્રથમ પ્રકારના અભ્યાસો માટે જરૂરી માહિતીનો સ્રોત વસ્તી-ગણતરીના આંકડાઓ છે. નગરીકરણના રાષ્ટ્રવ્યાપી પ્રવાહો દર્શાવતા અભ્યાસોમાં એન. વી. સોવાની, આશિષ બોઝ, કે. સી. ઝાકરિયા, અશોક મિત્રા, પી. બી. દેસાઈ, પ્રવિણ વિસરિયા, વત્સલા નારાયણ અને પ્રણવ બર્ધનનું પ્રદાન આગવું સ્થાન ધરાવે છે. આ ૫રાંત કિન્ગસ્લે ડેવિસ અને ડોનાલ્ડ બોગે વસ્તીવિષયક આંકડાઓના સંદર્ભમાં ભારતમાં નગરીકરણના પ્રવાહો સમજાવવામાં નોંધપાત્ર પ્રદાન કર્યું છે. ઇ.સ. 1930માં અમેરિકાની બર્કલે યુનિવર્સિટીમાં કિન્ગસ્લે ડેવિસના અધ્યક્ષપણા હેઠળ ભારતના નાગરીકરણના પ્રશ્નો વિશે એક આંતરરાષ્ટ્રીય પરિસંવાદ યોજાયો હતો. આ પરિસંવાદમાં સમાજશાસ્ત્રીઓ ઉપરાંત બીજા સામાજિક વૈજ્ઞાનિકોએ રજૂ કરેલા લેખો રોય ટર્નર (Roy Turner) ના સંકલિત ગ્રંથ 'India's Urban-Future' માં પ્રસિદ્ધ થયા છે. તે સિવાય દક્ષિણ-પૂર્વ એશિયામાં નગરીકરણના પ્રવાહો તથા પ્રશ્નોની છણાવટ કરતી વખતે ફિલિપ હાઉઝર અને રુથ ગ્લાસે પણ ભારતમાં નગરીકરણના પ્રશ્નોનું વિવેચન કર્યું છે. નગરીકરણના એવા અભ્યાસોમાં વિદ્વાનોએ જે તે પ્રદેશમાં નગરીકરણની પ્રક્રિયા અને તેની અસરો જાણવામાં રસ બતાવ્યો છે. દા.ત. લલિતપ્રસાદ વિદ્યાર્થીએ છોટાનાગપુર પ્રદેશમાં અને ગાંગુલી તથા ઓકાંરસીંગે ઉત્તપ્રદેશમાં નગરીકરણનો પ્રાદેશિક સ્તરે અભ્યાસ કર્યો છે. સામાજિક પરિવર્તનના એક પરિબળ તરીકે અભ્યાસોમાં નગરીકરણની સામાજિક માળખા ઉપર શી અસર પડે છે ? તેની છણાવટ થઈ નથી. જોકે અત્રે રામકૃષ્ણ મુખર્જીએ પશ્ચિમ બંગાળના સંદર્ભમાં નગરીકરણની સામાજિક સંગઠન ઉપર પડતી અસરો તપાસવાનો જે પ્રયાસ કર્યો છે તેનો ઉલ્લેખ કરી શકાય.

કોઈ એક નગરના નગરીકરણ પરત્વેના અભ્યાસો થયા છે તથા નગર ભૂગોળવેત્તાઓનું પ્રદાન પણ નોંધપાત્ર છે. મોટા ભાગના એવા અભ્યાસોમાં ઐતિહાસિક અને દ્વૈતીયિક માહિતી ઉપર પણ આધાર રખાયો છે. ગીલીને અમદાવાદ શહેરનો કરેલો અભ્યાસ આ પ્રકારના અભ્યાસોમાંનો એક છે. મોટે ભાગે નગર સમુદાયના વિકાસને લગતા અભ્યાસો વર્ણનાત્મક જ રહ્યા છે. નગરવિકાસ અને નગરીકરણની સૈદ્ધાંતિક સમજૂતી આપવામાં મદદરૂપ થઈ રહે એવા વિશ્લેષણાત્મક અભ્યાસો ઝાઝા થયા નથી. આ બીજા પ્રકારના અભ્યાસોમાં કે. સી. ઝકારિયાએ મુંબઈમાં સ્થળાંતર કરીને આવેલા ગુજરાતીઓ અને મહારાષ્ટ્રીઓનો અભ્યાસ કરી આ બંને સમૂહોના લોકો વચ્ચે રહેલી સમરૂપતાઓ અને તફાવતો શોધવાનો પ્રયાસ કર્યો છે. યુનેસ્કોના આશ્રયે પણ ભારતીય પરિસ્થિતિઓમાં નગરીકરણના એક જવાબદાર પરિબળ રૂપે ઉદ્યોગીકરણને લગતા અભ્યાસો થયા છે. એવા અભ્યાસોમાં એમ. એન. શ્રીનિવાસ અને એમ. એસ. એ. રાવે કરેલા અભ્યાસનો ઉલ્લેખ અહીં કરી શકાય. આ વિદ્વાનોએ તૈયાર કરેલો અહેવાલ ઇ.સ. 1966માં 'યુનેસ્કો રિસર્ચ સેન્ટર ઓફ સોશ્યલ એન્ડ ઇકોનોમિક ડેવલપમેન્ટ ન સધર્ન એશિયા'. નવી દિલ્હીના આશ્રયે પ્રસિદ્ધ થયો છે. અશોક મિત્રાએ કલકત્તા અને દિલ્હીમાં નગરવિકાસના પ્રશ્નો અને નગરવિકાસમાં આડે આવતા અવરોધોનું વિશ્લેષણ કર્યું છે. કે. સી. સૂરીએ નગરવિકાસના પ્રશ્નોનો અભ્યાસ કરતાં જણાવ્યું છે કે નગર વિકાસ જે તે નગરની વસ્તીના પ્રમાણ ઉપર નહીં પણ તેનાં આર્થિક વ્યાપ ઉપર આધાર રાખે છે. એવા જ એક બીજા અભ્યાસમાં સી. રાજગોપાલને બૃહદ મુંબઈનો અભ્યાસ કરી ઉપનાગરી પરિસ્થિતિકીય પરિસ્થિતિઓની અને એમ. એસ. એ. રાવે દિલ્હીની છણાવટ કરી છે. સુરજીતસિંહાના કલકત્તાના અભ્યાસોનો ઉલ્લેખ પણ અહીંયાં જરૂરી છે. આ શ્રેણીમાં આવતા મોટા ભાગના અભ્યાસોમાં નગરીકરણના પ્રવાહો અને તેના પ્રશ્નોની સમજૂતી ઉદ્યોગીકરણ અને વસ્તીવૃદ્ધિના સંદર્ભમાં મેળવવાના પ્રયત્નો થયા છે. પરંતુ નાગરી જીવનશૈલી અને નગરની એક સમગ્રરૂપે સમજૂતી આપતા સમાજશાસ્ત્રીય અભ્યાસોની ઊણપ તરી આવે છે.

## 2. પૃષ્ઠ-પ્રદેશ અને નગર આંતરિક રચના :

કુદરતી પસંદગી (Natural Selection)ની ધારણાને આધારે માનવ પરિસ્થિતિશાસ્ત્રીય (human ecology) દૃષ્ટિથી ભારતનાં નગરોના ખાસ અભ્યાસો થયા નથી. તેમ છતાં નગર અને તેના પૃષ્ઠ પ્રદેશ તથા નગરની આંતરિક રચનાને લગતા છૂટાછવાયાં સંશોધનો થયાં છે. નગર અને તેના પૃષ્ઠ પ્રદેશને લગતા અભ્યાસોમાં સમાજશાસ્ત્રીઓએ મુખ્યત્વે નગરની તેના પૃષ્ઠ-પ્રદેશ ઉપર પડતી અસરો સમજાવવામાં રસ બતાવ્યો છે. તેમાં પણ સામાજિક માનવશાસ્ત્રીઓએ પહેલ કરી છે તેમ કહીએ તો ખોટું નથી. આ ક્ષેત્રે ઇ.સ. 1958માં મિલ્ટન સીંગર અને ઇ.સ. 1965માં લલિતપ્રસાદ વિદ્યાર્થીએ રોબર્ટ રેડફિલ્ડના 'લોકનાગરી સાતત્ય'ની ધારણાના સંદર્ભમાં ભારતીય નાગરી પરિસ્થિતિઓનો અભ્યાસ કર્યો છે. પ્રોફેસર ઘૂર્યેએ જે તે પ્રદેશમાં મહાનગરોની પરિપૂર્ણતા વિશે પોતાનો મત વ્યક્ત કરતાં જણાવ્યું કે એવાં નગરો જે તે પ્રદેશની આર્થિક, સાંસ્કૃતિક સમૃદ્ધિ અને સુગ્રથન લાવનારાં

પરિબળોની ગરજ સારી શકે તેવી ક્ષમતા ધરાવતાં હોય તે જરૂરી છે.

નગર અને તેના પૃષ્ઠ-પ્રદેશને લગતાં સંશોધનો એવું દર્શાવે છે કે ભારતીય પરિસ્થિતિઓમાં નગરની તેના પૃષ્ઠપ્રદેશ ઉપર ખાસ અસર પડતી નથી. દા.ત., ઇ.સ. 1955માં વાય. બી. દામલેના પૂના નગરના અભ્યાસ અને ઇ.સ. 1956માં હેમલતા આચાર્યના અભ્યાસોએ દર્શાવ્યું કે નગરોની તેના પૃષ્ઠપ્રદેશ ઉપર વિકેન્દ્રીય અસરો નહિવત્ પ્રમાણમાં પડતી હોય છે. આ જ રીતે ઇ.સ. 1962માં રિચાર્ડ લેમ્બર્ટે જણાવ્યું કે નગરની ગ્રામપ્રદેશ ઉપર ધાર્યા કરતાં ઘણી ઓછી અસર પડી હોય તેવું દેખાય છે. જોકે મહાનગરોને ઔદ્યોગિક કેન્દ્રોના સીમાડાઓની ફરતે સ્થિત ગામડાઓ નગરીય જીવનની પ્રચંડ અસરો હેઠળ આવવા લાગ્યા છે.

નગરોની ભૌતિક રચનાને લગતા અભ્યાસોમાં નગરોનાં કાર્યોને ધ્યાનમાં રાખી નગરોનું વર્ગીકરણ આપતા કેટલાક અભ્યાસોની વાત અહીં કરી શકાય. એવા અભ્યાસોમાં વસ્તીગણતરીના આંકડાઓનો ઉપયોગ કરી અશોક મિત્રાએ ભારતનાં નગરોનું વર્ગીકરણ આપ્યું છે. તેમજ ઇ.સ. 1959માં ઉત્તરપ્રદેશના નગરોનું કાર્યોને આધારે વર્ગીકરણ કરીને વિજયરામસીંગે જણાવ્યું કે સમય વહેવા સાથે નગરનાં કાર્યોને લગતી બાબતોમાં પરિવર્તન આવ્યું છે. છતાં મોટા ભાગનાં નગરો આજે પણ તેમનાં ઉદ્ભવ અને વિકાસ માટેના ઐતિહાસિક પરિબળોથી છૂટાં થઈ શક્યાં નથી. ઇ.સ. 1961માં કંવરલાલે ભારતનાં 12 ધાર્મિક નગરોનાં અભ્યાસ કરી આ નગરોને યાત્રાધામ તરીકેનું સ્થાન અપાવવામાં રહેલાં મૂલ્યો અને આકર્ષણો શોધવાનો પ્રયત્ન કર્યો છે.

ભારતીય નગરોની આંતરિક ભૌતિક રચનાનો ખ્યાલ કરાવતા અભ્યાસોમાં બોપેગામાનો ન્યૂ દિલ્હીનો અભ્યાસ અને કે. એ. વેંકટરાપ્પાનો બેંગ્લોરનો અભ્યાસ ઉલ્લેખનીય છે. બોપેગામાએ દિલ્હીના ગંદા વસવાટોની સમજૂતી આપતાં તેમને અમેરિકાના 'GHETOO' સાથે સરખાવ્યાં છે, જ્યારે કે વેંકટરાયપ્પા બેંગ્લોરમાં જમીન ઉપયોગના પ્રરૂપ (Land-use Pattern) અને જમીન પરત્વેનાં મૂલ્યોને લગતી બાબતોનો અભ્યાસ કર્યો છે. નગરની આંતરિક રચનામાં રહેઠાણો અને પડોશોના અભ્યાસો પણ થયા છે. ઇ.સ. 1957માં બોપેગામાએ દિલ્હીના પડોશોનું વર્ણન કરતાં પડોશના વિકાસમાં મદદરૂપ થતા તેમજ અવરોધ ઊભા કરતાં પરિબળો દર્શાવવાનો પ્રયાસ કર્યો છે. ઇ.સ. 1968માં હરીશ દોશીએ અમદાવાદની પોળોનો અભ્યાસ કરી ઉદ્યોગીકરણની અસરો હેઠળ પોળોની બાંધણીના સાતત્ય અને તેમાં આવેલાં પરિવર્તનોનું ચિત્રણ કર્યું છે. વિક્ટર ડિસોઝાએ ઇ.સ. 1968માં ચંડીગઢના પડોશના સ્વરૂપ અને તેના નગરના સામાજિક સંગઠન સાથેના સંબંધોની છણાવટ કરી છે. ઇ.સ. 1965માં સરોજ કપૂરે જૂની દિલ્હીમાં એક શ્રીમંત જ્ઞાતિના પડોશનો અભ્યાસ કર્યો છે. આ જ રીતે એમ. એસ. ગોરેના મુંબઈમાં કરેલા 'ઇમગ્રેન્ટ્સ એન્ડ નેબરહૂડ'ના અભ્યાસ તથા નીરા દેસાઈના સીડકોના આશ્રયે 'નેબરહૂડ ઇન સિટી ઓફ બોમ્બે'ના અભ્યાસો અત્રે ઉલ્લેખનીય છે.

નગરની આંતરિક બાંધણીમાં ઘરો અગર તો રહેઠાણોનું સમાજશાસ્ત્રીય અભ્યાસ પણ નગર સમાજશાસ્ત્રમાં એક મહત્ત્વનો વિષય હોય છે. આ ક્ષેત્રે રમણ ઉન્નીએ ભાવનગર અને નવસારીના નિરીક્ષણને આધારે પદ્ધતિસરના અભ્યાસો વડે નોંધપાત્ર યોગદાન કર્યું છે.

### 3. નગરીય સંસ્થાઓ અને સમાજવ્યવસ્થા :

નગર સમુદાયની એક અલગ સામાજિક વ્યવસ્થા હોય છે. નગરની વિશિષ્ટ સામાજિક પરિસ્થિતિઓની કુટુંબ, સગપણ, સામાજિક સ્તરરચના, આંતર-જ્ઞાતીય સંબંધો, સ્થળાંતર કરીને આવેલા લોકોના સમાયોજન અને સત્તાના સ્થાનિક માળખા ઉપર વિવિધ પ્રકારની પ્રત્યક્ષ અને પરોક્ષ અસરો પડતી હોય છે. ભારતનાં નગરોનાં સમાજશાસ્ત્રીય અભ્યાસોમાં મોટા ભાગના અભ્યાસો ફક્ત સંયુક્ત કુટુંબ વ્યવસ્થા અને જ્ઞાતિ વ્યવસ્થાને લગતા જ થયા છે જ્યારે કે બીજી સંસ્થાઓ અંગેની ઉણપ રહી છે.

ઇ.સ. 1964માં આઇ. પી. દેસાઈએ ગુજરાતના એક કસ્બા (Town) મહુવામાં સંયુક્ત કુટુંબ વ્યવસ્થાનાં કેટલાંક પાસાંઓનો અભ્યાસ કર્યો. આ અભ્યાસને આધારે તેમણે જણાવ્યું કે નગરીકરણને કારણે ભારતીય સંયુક્ત કુટુંબ વ્યવસ્થા નષ્ટ થઈ રહી હોય તેવું નથી. આ અગાઉ 1961માં એલિયન રોસે બેંગ્લોરમાં પરંપરાગત મધ્યમ અને ઉચ્ચ વર્ગનાં કુટુંબો ઉપર ઔદ્યોગિક અને ટેકનોલોજીકલ પરિવર્તનોની અસરોનો અભ્યાસ કર્યો તેમજ ઇ.સ. 1968માં એમ. એસ. ગોરેએ દિલ્હીના અગ્રવાલ જ્ઞાતિના કુટુંબોમાં આવી રહેલાં પરિવર્તનોના સંદર્ભમાં જણાવ્યું કે નગરીકરણની અસરો વચ્ચે પણ સંયુક્ત કુટુંબની કાર્યાત્મક સ્વરૂપ ટકી રહ્યું છે, નગર પરિસ્થિતિઓમાં કુટુંબને લગતા બીજા નોંધપાત્ર અભ્યાસો ઇ.સ. 1963માં પેથેના શોલાપુરમાં કુટુંબ જીવનચક્રનો અભ્યાસ અને વૂડરફે નાગરી સમાયોજનના સ્થળાંતર વખતની ભિન્ન ભિન્ન કુટુંબ એકમોની અસરો પરત્વેના અભ્યાસો ગણાવી

શકાય. આ ક્ષેત્રે એ. આર. દેસાઈએ દ્વિતીયિક માહિતીને આધારે ભારતીય નાગરી પરિસ્થિતિમાં કુટુંબનું વિશદ વિશ્લેષણ કર્યું છે. તે પહેલાં મુંબઈમાં આંતરજ્ઞાતીય અને આંતરધાર્મિક લગ્નોનું સી.ટી. કાનને અભ્યાસ કરી નાગરી પરિસ્થિતિઓમાં લગ્ન ક્ષેત્રે આવી રહેલાં પરિવર્તન તપાસ્યાં છે. આ અને બીજા અનેક અભ્યાસોમાં સંયુક્ત કુટુંબને વિશેષ સ્થાન અપાયું છે પણ સંયુક્ત કુટુંબ સિવાયના સગપણના સંબંધોના (Kinship Relations) અભ્યાસને પૂરતું ધ્યાન અપાયું નથી.

ઈ.સ. 1961માં કોલ્હાપુર નગરની જુદી જુદી જ્ઞાતિઓના પંચોનાં બદલાતાં કાર્યોનું વિલાસ સાંગ્વેએ જે અભ્યાસ કર્યો છે તે નાગરી પરિસ્થિતિમાં જ્ઞાતિનાં કાર્યો અને તેનાં ગત્યાત્મક પાસાંને સમજવામાં મદદરૂપ થાય છે. વિક્ટર ડિસોઝાએ ચંડીગઢના અભ્યાસમાં સામાજિક સ્તરીકરણના મુદ્દાને સ્પર્શતી વર્ગવ્યવસ્થાની ઊપસતી દિશા તરફ સૂચન કર્યું છે, આ જ રીતે ઈ.સ. 1965માં અને ઈ.સ. 1968માં નિર્મલકુમાર બોઝે કલકત્તાના સામાજિક સ્તરીકરણના બદલાતાં પાસાંઓની છણાવટ કરી છે. અહીં પૂનાની ગોખલે ઇન્સ્ટિટ્યૂટ ઑફ પૉલિટિક્સ એન્ડ ઇકોનોમિક્સના આશ્રયે થયેલા નગર સંશોધનોમાં સામાજિક સ્તરીકરણ અંગે મળી આવતી માહિતીના પ્રદાનનો પણ ઉલ્લેખ કરી શકાય. એક અન્ય નોંધપાત્ર અભ્યાસનો ઉલ્લેખ કરીએ તો સતીશ સભ્રવાલે એક પંજાબી નાના ઔદ્યોગિક નગરમાં ત્રણ જ્ઞાતિઓનો અભ્યાસ કરી સામાજિક ગતિશીલતાના સંદર્ભમાં નાગરી સ્તરીકરણના ઉદ્ભવતા સ્વરૂપનું વિશ્લેષણ કર્યું છે.

નગરસંશોધનોમાં અનુસૂચિત જ્ઞાતિઓ અને અનુસૂચિત જનજાતિઓનો અભ્યાસ કરવામાં આવ્યો છે. ઈ.સ. 1965માં હેરોલ્ડ આઈઝેક અને ઈ.સ. 1967માં હેરોલ્ડ ગેને નાગરી પરિસ્થિતિઓમાં અસ્પૃશ્યતાના પ્રશ્નોની છણાવટ કરતા દલિતોનો અભ્યાસ કર્યો છે. એવા જ એક અભ્યાસમાં હરીશ દોશીએ સુરતમાં ભંગી જ્ઞાતિની વ્યક્તિઓ દ્વારા જાહેર સગવડો અને સેવાઓના થતા ઉપયોગને આધારે અસ્પૃશ્યતાનું અલોપ થતું સ્વરૂપ તરફ દિશાસૂચન કર્યું છે. તે ઉપરાંત હરીશ દોશીએ એક અન્ય સંશોધનમાં સુરતમાં 500 હરિજનો અને 500 સવર્ણોના અભ્યાસને આધારે નાગરી પરિસ્થિતિઓમાં કયાં કયાં સ્થળો અને અવસરો ઉપર થઈ વ્યક્તિઓ દ્વારા અસ્પૃશ્યતા આચરવામાં આવે છે તે તપાસવાનો પ્રયાસ કર્યો છે. વાય. એ. પરમારે સુરતના માહ્યાવંશીઓનો અભ્યાસ કરી તેમના પરંપરાગત અસ્પૃશ્ય દરજ્જાથી આધુનિક સમયમાં સામાજિક-આર્થિક દરજ્જાના ક્ષેત્રે હાંસલ કરેલી સિદ્ધિઓની એક ઐતિહાસિક પ્રક્રિયા તરીકે છણાવટ કરી છે. આવા જ એક બીજા અભ્યાસમાં સુનંદા પટવર્ધને પૂનામાં અનુસૂચિત જ્ઞાતિઓનાં સામાજિક ગતિશીલતાનાં કેટલાંક પાસાંઓનો અભ્યાસ કર્યો છે. ઓવન લિન્ચે (Lynch) આગ્રામાં જાદવ અનુસૂચિત જ્ઞાતિનો અભ્યાસ કરી આધુનિક પરિસ્થિતિઓ વચ્ચે તેઓમાં જોવા મળતી ઊર્ધ્વ ગતિશીલતાની સમજ આપી છે. કે. એન. વ્યાસે સુરત શહેરમાં વસતા હળપતિઓના અભ્યાસને આધારે નગરીય સામાજિક અને આર્થિક પરિસ્થિતિઓ સાથે તેમનાં સુગ્રથનના પ્રરૂપની સમજ આપી છે.

## 4. નગરીય સામાજિક સમસ્યાઓ

નગરીય નગર સમાજશાસ્ત્રનાં સંશોધનોમાં નાગરી સમસ્યાઓનો અભ્યાસ એક મહત્ત્વનું ક્ષેત્ર છે. સામાન્ય રીતે નગરોમાં જોવા મળતી સમસ્યાઓ બે શ્રેણીઓમાં વહેંચી શકાય. એક, તે સમસ્યાઓ કે જે સામાજિક-આર્થિક રીતે કમજોર અને કમનસીબ ગણાતા લોકો જેવા કે ભિક્ષુકો, વેશ્યાઓ, બેરોજગાર અને ગંદા વસવાટોમાં રહેતા લોકોના જીવનને સ્પર્શતી હોય છે. બીજી, તે સમસ્યાઓ કે જે નગર સમુદાયના કાયદા-વ્યવસ્થાતંત્ર અને જાનમાલની સુરક્ષાને ભયરૂપ હોય છે. દા.ત. સમૂહ સંઘર્ષ અને તંગદિલી, ગુનાઓ અને હિંસા, મજૂર અજંપો તથા વિદ્યાર્થી અજંપો વગેરે. ભારતનાં નગરોના પ્રથમ પ્રકારની સમસ્યાઓ ઉપર ઘણા અભ્યાસો હાથ ધરાયા છે.

પ્રથમ પ્રકારની સમસ્યાઓમાં એસ. ડી. પુનેકરે ઈ.સ. 1962માં મુંબઈમાં વેશ્યાવૃત્તિનો જે અભ્યાસ કર્યો તેનો ઉલ્લેખ કરી શકાય. કેશવ આયંકર અને સી. પી. રામસ્વામી (1956)ના હૈદરાબાદ-સિકંદરાબાદના ભિક્ષુકોનો અભ્યાસ તથા એમ. એસ. ગોરે (1959)ના દિલ્હી મહાનગરમાં ભિક્ષુકોના અભ્યાસો પણ આ શ્રેણીમાં આવે છે. તે ઉપરાંત તારા પટેલે અમદાવાદના ભિક્ષુકોનો અભ્યાસ કર્યો તે પણ અહીં ઉલ્લેખનીય છે. ગંદા વસવાટોના અભ્યાસો તરફ ઘણા સમાજશાસ્ત્રીઓનું ધ્યાન ગયું છે. એ. આર. દેસાઈ અને દેવદાસ પિલાઈનો મુંબઈના પરાઓમાં આવેલી ઝૂંપડપટ્ટીઓનો અભ્યાસ અને વેંકટરાયપ્પાએ બેંગ્લોરના ગંદા વસવાટનો કરેલો અભ્યાસ આગવું સ્થાન ધરાવે છે. બોરડા સિટિઝન કાઉન્સિલના આશ્રયે પણ ગુજરાતમાં અમદાવાદ, વડોદરા, રાજકોટ ને સુરત વગેરે સાત નગરોના ગંદા વસવાટોના અભ્યાસો થયા છે. વળી, બીજા કેટલાંક નગર સંશોધનોમાં એક અથવા બીજી રીતે નગરને સ્પર્શતી ઉપરોક્ત સમસ્યાઓની છણાવટ કરવામાં આવી છે. દા.ત.

વિક્ટર ડિસોઝાએ ચંદીગઢના અભ્યાસમાં ગંદા વસવાટોનો ઊંડાણથી અભ્યાસ કર્યો છે. માર્શલ ક્લિનાર્ડ (Clinard) ભારતના નગરસમુદાય આયોજન પરત્વેના ધ્યેય અને કાર્યક્રમની સમજૂતી આપતાં ભારતીય નગરમાં જોવા મળતા ગંદા વસવાટોની સમાજશાસ્ત્રીય રીતે લાક્ષણિકતાઓ દર્શાવી છે. 1965માં નગરમાં બેરોજગારોની સમસ્યાઓનો અભ્યાસ કરીને વિક્ટર ડિસોઝાએ જણાવ્યું કે ભારતના નગરમાં બેરોજગારીનું મુખ્ય કારણ શૈક્ષણિક પ્રગતિ અને આર્થિક વિકાસમાં રહેલી અસમતુલા છે. આવા પ્રકારની સમસ્યાઓનું સમાજશાસ્ત્રીય ઊંડાણથી ઝાઝા અભ્યાસો થયા નથી તે એક હકીકત છે. આજે ભારતનાં નગરોમાં ઉત્તરોત્તર હિંસા, ચોરી, બળાત્કાર, ખૂન અને જાતજાતના સમૂહ સંઘર્ષના બનાવો વધતા જાય છે. પરંતુ તેમની વૈજ્ઞાનિક છણાવટ તરફ પૂરતું ધ્યાન ગયું નથી. આ ક્ષેત્રે ઈ.સ. 1968માં રિચાર્ડ લબર્ટે પૂનાના શ્રમિકોના અભ્યાસ અને ઈ.સ. 1968માં ફિલિપ એસ. આલબાશ મુંબઈમાં વિદ્યાર્થી અજંપાનો કરેલો અભ્યાસ મહત્ત્વનો ગણાય છે. ધાર્મિક તંગદિલીને લગતા અભ્યાસો અર્થે ગાર્ડનર મર્ફી અને પ્રોફેસર જી. એસ. ઘૂર્યે મહત્ત્વના મુદ્દાઓ આપ્યા હતા. આ ક્ષેત્રના અભ્યાસોમાં વસ્તીવિષયક દૃષ્ટિબિંદુથી બી. કે. રાય બર્મને 1969માં અમદાવાદમાં થયેલા રમખાણોનો ઊંડાણથી અભ્યાસ કર્યો છે. નગરમાં હિંસાત્મક બનાવોના અભ્યાસમાં ઈ.સ. 1969માં વાઈનરે કલકત્તાના બનાવોના અભ્યાસને આધારે 'વાયલેન્સ એન્ડ પોલિટિક્સ' શીર્ષક હેઠળ લખેલો લેખ અને ઈ.સ. 1969માં ડી. એન. ધનાગરે કેટલાંક પ્રતિષ્ઠિત છાપાંઓના અહેવાલને આધારે ચૂંટણીઓના પ્રચારગાળામાં બનતાં હિંસાત્મક બનાવોની છણાવટ કરતો લેખ આપ્યો, તે આ ક્ષેત્રમાં નોંધપાત્ર પ્રદાનો ગણાવી શકાય.

આમ, ઉપરોક્ત ચર્ચાને આધારે ભારતમાં નગર સમાજશાસ્ત્રના વિકાસમાં નીચે મુજબની પ્રમુખ ઊણપો રહેલી છે.

**1. સૈદ્ધાંતિક અભ્યાસોનો અભાવ :** મોટા ભાગના અભ્યાસમાં આંકડાશાસ્ત્રીય સર્વેક્ષણો અને વર્ણનાત્મક રજૂઆતોનું પ્રાધાન્ય રહ્યું છે. માટે મોટામાં મોટી ઊણપ નગર સમુદાય અને નાગરી પરિસ્થિતિઓની સૈદ્ધાંતિક તથા વિશ્લેષણાત્મક સમજૂતી આપે તેવા અભ્યાસોની છે. એવા અભ્યાસોની અગત્ય એટલા માટે પણ વધી જાય છે કે જે કાંઈ અભ્યાસો થયા છે તેમાં નગર સમુદાયની વિશિષ્ટ સામાજિક પરિસ્થિતિઓને કેન્દ્રમાં રાખીને અભ્યાસ હેઠળની ઘટના અગર તો તથ્યોના યોગ્ય વિશ્લેષણને જોઈતું ધ્યાન અપાયું નથી, તેથી ભારતમાં નગર વિકાસ સાથે નગર સમુદાયની ઊપસતી પ્રકૃતિ અને તેના સામાજિક માળખાનું એક સમગ્રરૂપે વિશ્લેષણ આપતા સમાજશાસ્ત્રીય અભ્યાસોની પણ જરૂર છે. આ ઉપરાંત ભારતના નગર સમુદાયોનાં ધાર્મિક, ધંધાકીય અને સત્તાવિષયક પાસાંની છણાવટ કરતા અભ્યાસોની પણ જરૂર છે.

**2. નાના નગરો અને કસ્બાઓના અભ્યાસોનો અભાવ :** ભારતમાં નગર સમાજશાસ્ત્રના મોટા ભાગના અભ્યાસો મોટાં શહેરો અને મહાનગરોનાં સંદર્ભમાં થયા છે. નાનાં નગરો અને કસ્બાઓ પણ નાગરી પર્યાવરણનાં એક અભિન્ન અંગ હોવા છતાં તેમના પદ્ધતિસરના અભ્યાસો તરફ સમાજશાસ્ત્રીઓનું જોઈએ તેટલું ધ્યાન ગયું નથી. એવાં નગરો અને કસ્બાઓ જે તે પ્રદેશમાં ગ્રામવિસ્તારો અને મહાનગરો વચ્ચે કડીનું કામ કરે છે. તે ગ્રામસમુદાયોમાં નાગરી તત્ત્વોના પ્રસારણમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. લગભગ ૪૦ વર્ષ અગાઉ બ્રિજરાજ ચૌહાણે રાજસ્થાનમાં બાંસવાડા નગરનો આ દૃષ્ટિએ અભ્યાસ કર્યો છે. પરંતુ એવા અભ્યાસોની ઊણપ આજે પણ પ્રવર્તે છે. નાનાં નગરો અને કસ્બાઓનો અભ્યાસ એક અન્ય રીતે પણ મહત્ત્વનો વિષય બને છે. હકીકતમાં આવાં નગરો અને કસ્બામાં પરંપરાગત રીતભાતો અને સામાજિક પરિવર્તનનાં આધુનિક પરિબળો એકી સાથએ એકબીજા ઉપર દબાણ લાવે છે અને સામાજિક પરિવર્તનની પ્રક્રિયા ઉપર વિવિધ પ્રકારની પ્રત્યક્ષ અને પરોક્ષ અસરો પાડે છે. આ સર્વ જોતાં નગર સમાજશાસ્ત્રના વિકાસમાં નાનાં નગર અને કસ્બાઓના અભ્યાસોની પ્રસ્તુતા ઉત્તરોત્તર વધતી જાય છે.

**3. નગરીય જીવનશૈલીના અવરોધક પરિબળોના અભ્યાસોનો અભાવ :** નગરીકરણના અભ્યાસોમાં નાગરીય જીવનશૈલીના વિકાસમાં આડે આવતાં પરિબળોનો આજે પણ પદ્ધતિસરની રીતે અભ્યાસ થયો નથી. વળી નાગરી વિકાસની પ્રક્રિયામાં ગ્રામસમુદાયોની નગર સમુદાયો ઉપર પડતી અસરો તપાસવામાં આવી નથી. ભારતનાં નગરોમાં વસતા લોકોમાંના ઘણા ગ્રામ સમુદાયોમાંથી સ્થળાંતર કરીને આવેલા હોય છે. પરંતુ તેમના મૂળ વતન સાથેના સંબંધો ચાલુ રહે છે. તેની પણ નગરવિકાસ ઉપર કેટલીક અસરો થાય છે. આ સર્વ શક્યતાઓ ભારતીય પરિસ્થિતિઓમાં નગર સમાજશાસ્ત્રીય સંશોધનો માટે ઉપયોગી ક્ષેત્ર પ્રદાન કરે છે. ઓવન લિન્ચ આ ક્ષેત્રે ડેવિડ પોકોકે પ્રસ્તુત કરેલી કેટલીક ધારણાઓના સંદર્ભમાં આગ્રામાં જાદવોના અભ્યાસ દરમ્યાન જોવા મળતી કેટલીક ગ્રામીણ

રીતરસમોની ચકાસણી કરી છે. પરંતુ વિશદ અને ઊંડા અભ્યાસો માટે આ ક્ષેત્રેઆજે પણ અવકાશ પ્રવર્તે છે. આ ઉપરાંત ગ્રામ અને નગર સમુદાય વચ્ચે સ્થાનિક પરિસ્થિતિઓના સંદર્ભમાં પારસ્પરિક અવલંબનનું સ્વરૂપ તપાસવાની પણ જરૂર છે.

**4. સ્થગિતતા અને પડતીના પ્રવાહમાં ફસાયેલા નગરોના અભ્યાસનો અભાવ :** ભારતમાં નગર સમુદાયો અંગે એક બીજી હકીકત પણ સંશોધનની દૃષ્ટિથી સુસંગત ગણાવી શકાય. આજે ભારતમાં બીજા વિકસતા સમાજોની જેમ એક બાજુ મોટાં નગરો અને મહાનગરો તીવ્ર ગતિથી વિકાસ પામી રહ્યાં છે, તો બીજી બાજુ કેટલાંક નગરોની પડતી થઈ રહી છે. આ સંજોગોમાં નગરની પડતી માટે જવાબદાર ગણાવી શકાય એવી પરિસ્થિતિઓનું જ્ઞાન કરાવતાં વૈજ્ઞાનિક સંશોધનોની ખૂબ જરૂર છે. આ પ્રકારના સંશોધનની શાસ્ત્રીય જ્ઞાન ઉપરાંત નગરોની પુનઃરચના માટે અસરકારક પગલાં શોધવામાં પણ ખાસ અગત્ય રહેલી છે.

**5. નગર આયોજનને લગતા અભ્યાસોનો અભાવ :** નગર આયોજનને કેન્દ્રસ્થાને રાખી ભારતનાં નગરોના સમાજશાસ્ત્રીય અભ્યાસોની પણ ભારે ખોટ છે. હકીકતમાં એવા અભ્યાસોના અભાવને કારણે નગર આયોજનકર્તાઓ અને સ્થાનીક પ્રશાસનિક સંસ્થાને પણ યોગ્ય માર્ગદર્શન આપી શકે તેવી સમાજશાસ્ત્રીય માહિતી મળતી નથી. આ ક્ષેત્રે બરોડા સિટિઝન કાઉન્સિલે ગુજરાતનાં જુદાં જુદાં નગરોમાં ગંદા વસવાટોના અભ્યાસ કરી જે માહિતી પ્રદાન કરી તેવા અભ્યાસો અન્ય પ્રદેશો પરત્વે પણ થવા જોઈએ. સુરતના સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝના આશ્રયે થયેલાં ઝુંપડપટ્ટીઓ તેમજ લઘુઉદ્યોગોના અભ્યાસો પણ અર્થસભર દિશાસૂચન આપે છે.

વર્ષો અગાઉ માર્શલ ક્લિનાર્ડનું પ્રદાન નગર આયોજનના ક્ષેત્રે આજે પણ ખૂબ અગત્યનું સ્થાન ધરાવે છે. પરંતુ નાગરી જીવન અને નગર વિકાસને સ્પર્શતાં જુદાં જુદાં પાસાંઓ અને પ્રશ્નોનો ઝીણવટથી અભ્યાસ કરી નગર આયોજનમાં ઉપયોગી માર્ગદર્શન આપીશકે તેવાં સંશોધનો માટે આજે પણ મોકળાશ છે.

## ભારતમાં નગર સમાજશાસ્ત્રની અગત્ય :

શાસ્ત્રીયજ્ઞાનની મહત્તા વાસ્તવિક ઘટનાઓની પ્રમાણિક સમજ અને વ્યવહારિક જીવનના પ્રશ્નોના અસરકારક ઉકેલ શોધી કાઢવામાં રહેલી હોય છે. ભૌતિક વિજ્ઞાનોના જ્ઞાનની જેમ સામાજિક વિજ્ઞાનોના જ્ઞાનની બાબતમાં પણ આવી અપેક્ષાઓ પ્રસ્તુત હોય છે. નગર સમાજશાસ્ત્રના શીરે પણ આ વાત લાગુ પડે છે.

આઝાદી પહેલાંના ભારતમાં ગ્રામીણ જીવનનું વર્ચસ્વ રહ્યું છે. ઈ.સ. 1901માં દેશની કુલ વસ્તીમાં લગભગ 10 ટકા વસ્તી શહેરોમાં હતી. આઝાદી પછી ઈ.સ. 1951ની વસ્તી ગણતરીના આંકડાઓ મારફતે જાણવા મળ્યું કે કુલ વસ્તીના 17.29 ટકા વસ્તી શહેરોમાં વસવાટ કરતી હતી. એનો અર્થ એવો થયો કે રાષ્ટ્રના સામાજિક - આર્થીક જીવનમાં નગરોનું મહત્ત્વ ઘણું ઓછું અંકાયું હતું. પરંતુ સમય જતાં નગરોની વસ્તી ઉત્તરોત્તર વધવા લાગી અને 20મી સદીના આખર સુધીમાં છ કરોડ અને 24 લાખની નગરીય વસ્તીમાંથી વધીને 1951ના આંકડાઓ મુજબ 33 કરોડના આંકને પણ વટાવી ગઈ. આજે દેશની કુલ વસ્તી 1.9 ટકાના દરેક વધી રહી છે. જ્યારે કે નગરોની વસ્તી લગભગ 3 ટકાના દરે વધી રહી છે. તેમાં પણ 10 લાખથી વધુ વસ્તી ધરાવતા નગરોની વસ્તી લગભગ 4 ટકાના દરે વધી રહી છે. એવું મનાય છે કે આવતા થોડાક દશકોમાં ભારતની લગભગ અડધો-અડધ વસ્તી નગરોમાં રહેતી થઈ જશે.

જેમ જેમ નગરોનું અને તેમની વસ્તીનું પ્રમાણ વધી રહ્યું છે, તેમ તેમ નગર જીવનને સ્પર્શતા વિવિધ પાસાંઓને લગતા પદ્ધતિસરના જ્ઞાનનું મહત્વ પણ વધી રહ્યું છે. આ સંજોગોમાં નગર સમાજશાસ્ત્રની સામે નવા-નવા પ્રશ્નોની ઊંડી સમજ મેળવવાના પડકારો પણ ઉભા થઈ રહ્યાં છે. ખાસ કરીને અત્રે દર્શાવેલી કેટલીક દિશાઓમાં નગર સમાજશાસ્ત્રના પદ્ધતિસરના અભ્યાસોની અગત્ય દેખાઈ આવે છે.

### 1. નગરીય જીવનની પદ્ધતિસરની સમજ મેળવામાં

આજે નગરીય વસ્તીના વધતા જતા દરને લીધે નાના-મોટા એવા તમામે-તમામ નગરોમા વસ્તીની ગિચતા અને પચરંગીતામાં અવિરત વધારો થઈ રહ્યો છે. ખાસ કરીને દેશના ખૂણે-ખૂણેથી સ્થળાંતર કરીને આવી રહેલાં સ્થળાંતરીઓની ઉપસ્થિતિને લીધે નગરોનું સામાજિક-સાંસ્કૃતિક વાતાવરણ બદલાઈ રહ્યું છે. એક જ નગરમાં સૂક્ષ્મ ભારત વસતું હોય એવું દેખાઈ આવે છે. બીજી બાજુ

સામાજિક-સાંસ્કૃતિક જીવન અને આર્થિક સ્થિતિ વગેરેના માપદંડો ઉપર એક જ નગરમાં વિવિધ ભારત વસતા હોય એવું પણ ચિત્ર ઉપસી આવે છે. નગર જીવનની આવી ઉપસતી તરાહ સમજવામાં નગર સમાજશાસ્ત્રની અત્યન્ત મહત્ત્વની ભૂમિકા છે.

## 2. સામાજિક-સાંસ્કૃતિક પરંપરાઓના બદલાતા સ્વરૂપનો અભ્યાસ

સમાજશાસ્ત્રીય સાહિત્યમાં નગરીકરણ અને નગરોને સામાજિક પરિવર્તનના પ્રમુખ પરિબળ તરીકે સમજાવવામાં આવે છે. કારણ કે નગરોમાં જ પરિવર્તનના આધુનિક પરિબળો તેમનાં ઉત્કૃષ્ઠ સ્વરૂપમાં ક્રિયાશીલ હોય છે. તેમની ક્રિયાશીલતાનો વ્યાપ નગરો પુરતો જ મર્યાદિત રહેતો નથી, પણ નગરોના વહિવટી સીમાડાઓને પણ વટાવી જાય છે.

આ પરિપેક્ષમાં જોઈએ તો એક બાજુ નગરોમાં સાંસ્કૃતિક વારસાના રૂપમાં સૈકાઓથી ચાલી આવતી પરંપરાઓનું ભાથું હોય છે અને બીજી બાજુ આધુનિક વૈજ્ઞાનિક અને ઔદ્યોગિક વિકાસને લીધે નવા-નવા પડકારો અને પ્રણાલિકાઓની પકડ વધતી જાય છે. એટલે કે નગરો એક એવા રંગમંચનું કામ કરે છે કે જ્યાં પરંપરાઓ અને આધુનિક્તા વચ્ચે સતત ક્રિયા-પ્રતિક્રિયા થતી રહે છે. સતત ચાલી આવતી આવી વાસ્તવિક્તા વચ્ચે પરંપરાઓ અને આધુનિક્તા વચ્ચે અર્થસભર સમાયોજન થઈ રહ્યું હોય એવો ભાસ થયા કરે છે. કેટલાંક કિસ્સાઓમાં તો બન્ને એકબીજાને પ્રસ્થાપિત કરતા પરિબળો હોય એવું પણ તરી આવે છે. કારણ કે પરંપરાઓની ઉત્કૃષ્ઠ સ્વરૂપમાં જાળવણી માટે માનવીય અને ભૌતિક સાધનોની જરૂર ઊભી થાય છે અને આ જરૂરત પૂરી પાડવી નગરોના સામર્થ્યમાં હોય છે.

નગરસમાજશાસ્ત્ર આ દિશામાં પદ્ધતિસરના અભ્યાસો હાથ ધરી નવી સમજ પ્રાપ્ત કરવામાં પાયાનું યોગદાન કરી શકે છે. તેથી પણ તેની અગત્ય નકારી શકાય નહી.

## 3. સ્થળાંતરીઓના જીવન અને પ્રશ્નોનો અભ્યાસ

આપણે જોયું કે ભારતના નાના-મોટા નગરો ગ્રામીણ સમુદાયોથી રોજગારની શોધમાં આવેલાં સ્થળાંતરીઓથી ઉભરાઈ રહ્યા છે. માત્ર અમદાવાદની જ વાત કરીએ તો ઈ.સ. 1991થી 2000 સુધીના ગાળામાં ફક્ત રાજસ્થાન, ઉત્તર-પ્રદેશ, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને બિહારથી કુલ એક લાખ બત્રીસ હજાર જેટલા સ્થળાંતરીઓ આવ્યા હતા. હૈદ્રાબાદ, લુધીયાણા, સુરત અને લખનૌની વસ્તી છ ટકાથી પણ ઉંચા દરે પ્રતિવર્ષ વધી રહી છે, તેમાં કુદરતી વસ્તીવૃદ્ધિ કરતાં સ્થળાંતર કરીને આવેલાં લોકોનું વિપુલ પ્રમાણ હોય છે.

આ સ્થળાંતરીઓ પોતાનું ભાગ્ય અજમાવવા જે તે શહેરમા આવે છે. તેમાંના મોટાભાગના બિન-સંગઠિત ક્ષેત્રના રોજગારોમાં જોડાય છે. દા.ત. ફેરીયાઓ, મિલો અને ફેક્ટ્રીઓમાં કામ કરતા છૂટક મજુરો, ઘરકામ કરતા મજુર સ્ત્રી-ભાઈઓ, બાંધકામમાં જોડાયેલા મજુરો, રિક્ષા ચાલકો અને બિજા અનેક નાના-મોટા વેપારિક ક્રિયાઓ સાથે સંકળાયેલા અર્ધકુશળ અથવા બિન-કુશળ મજુરો. શહેરના જીવનમાં આવી નાની-મોટી આર્થિક ક્રિયાઓ કરી આ મજુરો અત્યન્ત મહત્વની સેવા પૂરી પાડે છે. પરંતુ આ નક્કર વાસ્તવિક્તાઓ તરફ નગર સમાજશાસ્ત્રીઓનું પુરતું ધ્યાન ગયું નથી. હકિકતમાં આ વર્ગના સ્થળાંતરીઓના જીવન અને પ્રશ્નોને લગતા આંકડાઓના જીવન અને પ્રયત્નોને લગતા આંકડાઓ પણ પ્રાપ્ત થતા નથી. નગર સમાજશાસ્ત્ર ગુણાત્મક અને ઉંડા અભ્યાસો વડે સ્થળાંતરીઓના વિવિધ પ્રશ્નો, તેમનાં સ્રોતો અને અસરકારક ઉકેલ અંગે વિશ્વસનીય તથ્યો પ્રકાશમાં લાવી નગરજીવનને સ્પર્શતા જ્ઞાનના ભંડોળમાં ઉમેરો કરી શકે છે. હકિકતમાં નગરવાસીઓના એવા વર્ગોના અભ્યાસો સતત થતા રહે તે જરૂરી હોય છે.

## 4. નગરજીવનની જાહેર સગવડો અને સેવાઓને લગતા અભ્યાસો :

આજે નગરો સમૃદ્ધિ અને નવી-નવી આશાઓના ધામ તરીકે હોવા છતાં એક વિશાળ સંખ્યાના નગરવાસીઓ માટે હતાશા અને નિરાશાના જીવતા-જાગતા સ્થળો તરીકે પૂરવાર થાય છે. એક જ દાખલો લઈએ તો અનેક અભ્યાસો દ્વારા પ્રકાશમાં આવ્યું છે કે નગરો અને મહાનગરોની 40થી 50 ટકા વસ્તી ઝૂંપડપટ્ટીઓમાં રહે છે. આ ઝુંપડપટ્ટીઓની દશા નર્કાગાર જેવી હોય છે. તદ્ઉપરાંત અન્યત્ર વસતા ગરીબોની દશા પણ વખાણવા જેવી હોતી નથી. જે ગતિએ નગરો અને મહાનગરોની વસ્તીનો વિકાસ થાય છે તે જ ગતિએ નગરજીવનની જાહેર સગવડો અને સેવાઓનો વિકાસ થતો નથી. વળી, જે કાંઈ નાગરિક સેવાઓ ઉપલબ્ધ હોય છે તે ખોટકાઈ ગયેલ અથવા જર્જરિત અવસ્થામાં હોઈ સામાન્ય નગરવાસી માટે ભાગ્યે જ ઉપયોગી સાબિત થાય છે. દા.ત. સ્વાસ્થ્ય; શિક્ષણ; જાહેર વાહન-વ્યવહાર, મનોરંજન અને સામાજિક સુરક્ષા વગેરેની બાબતમાં એક સામાન્ય નાગરિક

હળવાશને બદલે ભારે અગવડ અને માનસિક તાણ અનુભવે છે.

ભારતના નગરોમાં જાહેરજીવનની આ સગવડો અને સેવાઓના ઉપયોગ વગેરેને લગતા વિગતવાર આંકડાઓ પણ મળતા નથી. એટલું જ નહીં પણ તેમની સુચારૂ કામગીરી અંગે પણ વિશ્વસનીય માહિતી મળતી નથી. નગર સમાજશાસ્ત્રના અભ્યાસો દ્વારા આવી સગવડો અને સેવાઓની ઊણપ અંગે સમજ મેળવી શકાય છે, તેમજ આ સેવાઓને વધુ અસરકારક બનાવવા માટેના કાર્યક્રમો પણ સૂચવી શકાય છે.

વર્તમાન સમયમાં વૈશ્વિકિકરણ અને ખાનગીકરણના પ્રવાહો હેઠળ રાજ્ય સરકારો અને સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ વિવિધ નાગરિક સેવાઓ પૂરી પાડવાની જવાબદારીમાંથી પોતાનો હાથ ખેંચી રહી છે અને ખાનગી સંસ્થાઓ ઉપરનું અવલંબન ઉત્તરોત્તર વધતું જાય છે. નગર સમાજશાસ્ત્ર વ્યાપક હિતમાં ઉપસી રહેલી આ તરાહના પરિણામોની છણાવટ કરી અર્થસભર સમજ પૂરી પાડી શકે છે.

## 5. નગરજીવનના અપ્રકટ પરિણામોનું અભ્યાસ :

નગરના વિકાસની સાથે કેટલાંક એવા પરિણામો પણ આવે છે કે જે અણધાર્યાં અને અનિચ્છનિય પરિણામો હોય છે. વિવિધ પ્રકારના ગુનાઓ ને સમાજ વિરોધી કૃત્યો ઉપરાંત નગરોમાં પારસ્પરિક સંબંધોની નિર્બલતા તથા ઉપરછલ્લાપણાને લીધે જ્યારે પણ બે વ્યક્તિઓ અથવા બે સમૂહો વચ્ચે સ્વાર્થોનો ટકરાવ થાય છે ત્યારે ઘણી વખતે અત્યન્ત ઘાતકી પરિણામો આવે છે. નગરવાસીઓના સંબંધોના તાણાવાણામાં રહેલી આ નિર્બલતા પાછળના કારણો તેમજ તેને વેગ આપતા પરિબળોના અભ્યાસની તાતી જરૂરિયાત છે. ભારતમાં કોમી રમખાણો અથવા અન્ય સમૂહ-સંઘર્ષની ઘટનાઓ વખતે શહેરી જીવનનું વિકૃત સ્વરૂપ પ્રકટ થાય છે. વળી, તેને નાથવા માટે વિશાળ પ્રમાણમાં માનવિય અને ભૌતિક સાધનો ઉપરાંત ભાવનાત્મક શક્તિઓ લગાડવી પડે છે. હાલમાં જ એટલે કે 27 ઓક્ટોબર, 2005ના રોજ ફ્રાંસના પાટનગર પેરિસમાં બનેલી સમૂહ-સંઘર્ષની એક નાનકડી ઘટનાએ ટૂંક સમયમાં જ રાક્ષસી સ્વરૂપ ધારણ કર્યું અને જોતાં જોતાંમા ફ્રાંસના બીજા કેટલાય નગરોનો ભરડો લીધો. ભારતના નગરોમાં પણ એક વાર આવા સંઘર્ષની શરૂઆત થાય છે ત્યાર પછી તેને નાથવા માટે જે ખર્ચ થાય છે તેની તો માત્ર કલ્પના જ કરવી રહી.

અત્રે એક અન્ય નોંધપાત્ર વાસ્તવિકતા તરફ ધ્યાન આપવું જોઈએ. નગર વિકાસની તીવ્ર ગતિને સાથે વસવાટ માટે નગરોમાં જમીન અને મકાનોનો અભાવ વર્તાય છે. ઉપલબ્ધ જમીન અને મકાનના ભાવો ઉંચા હોઈ મોટાભાગના સ્થળાંતરીઓની આર્થીક પહોંચની બહાર હોય છે. એવી પરિસ્થિતિ વચ્ચે લોકો નગરની ફરતે સ્થિત સીમાડાઓના ગામડાઓમાં વસવાટ કરતા થાય છે. પંજાબ યુનિવર્સિટીના રાજેશ ગીલ કહે છે કે સમય જતાં આ ગામડાઓમાં શહેરી ગરીબી ઉપરાંત બીજા અનેક દૂષણો ભરડો લે છે. ઘણી વખતે વેશ્યાવૃત્તી, જુગાર અને કેફી પદાર્થોના વેચાણ માટે આ ગામડાઓ અડ્ડો બની જાય છે. મહાનગરોને ફરતે આ પરિસ્થિતિ વ્યાપક સ્વરૂપમાં જોવા મળે છે તેમ છતાં તેને લગતી વિશ્વસનીય સમજ આપે એવું સમાજશાસ્ત્રીય સાહિત્ય નહિવત્ છે. નગર સમાજશાસ્ત્ર આ દિશામાં યોગદાન કરી તેની અગત્ય પૂરવાર કરી શકે છે.

## 6. નગર આયોજન અને વિકાસને લગતા અભ્યાસો :

ત્રીજા વિશ્વના ઘણા સમાજોની જેમ ભારતમાં પણ મોટાભાગના નગરોનું નિર્માણ અને વિકાસ એકધારા આયોજન વિના થયું છે તેમ કહીએ તો ખોટું નથી. આઝાદી પછી પંચવર્ષિય યોજનાઓની મારફતે સામાજિક-આર્થિક વિકાસના કાર્યક્રમો હાથ ધરાયા તેમ છતાં વિશાળ ગ્રામીણ વસ્તીના પછાતપણાના અત્યંત કપરાં પ્રશ્નોની મધ્યે નગરો તરફ ખાસ ધ્યાન અપાયું નથી. વળી, નગર વિકાસને લગતી રાષ્ટ્રિય નીતિના અભાવને લીધે પણ નગર આયોજન અને વિકાસના પ્રશ્નો હાથ ધરવા માટે નક્કર પગલાં લેવાયા નથી. પરંતુ હવે આ વાત રહી નથી. કેન્દ્ર અને રાજ્ય સરકારો નગર વિકાસના પ્રશ્નો વિશે સજાગ થઈ છે. મહાનગરોને આંતરરાષ્ટ્રીય સ્તરના નગરોનો દરજ્જો મળે તે માટેની જાગૃતતા આવી છે.

હાલમાં જ વડાપ્રધાન શ્રી મનમોહનસિંઘે ભારતના 60 શહેરોનું માળખું સુધારવા માટે એક હજાર કરોડ રૂપિયાની યોજનાની જાહેરાત કરી છે જે 14 નવેમ્બર, 2005થી અમલમાં મુકાઈ છે. આ યોજના 'નેશનલ અર્બન રિન્યુઅલ મિશન' (NURM) તરીકે અસ્તિત્વમાં આવી છે. તેનો હેતુ ભારતના 60 નગરોમાં વિશ્વ કક્ષાનું માળખું ઊભું કરવાનો છે. આ મિશન હેઠળ નવી દિલ્હી, ગ્રેટર મુંબઈ, અમદાવાદ, બેંગ્લોર, ચેન્નાઈ, અને કોલકત્તા ઉપરાંત 10 લાખ કે તેથી વધુ વસ્તી

ધરાવતાં 29 શહેરો અને 10 લાખથી ઓછી વસ્તી ધરાવતા 24 શહેરો આવરી લેવામાં આવશે. ખાસ કરીને જે નગરો વિદેશી પ્રવાસીઓને આકર્ષતા હોય તેમનો આ મિશન હેઠળ સમાવેશ થાય તેનું પણ ધ્યાન રખાશે. નગર સમાજશાસ્ત્રની નગરો અંગે આવી રહેલી નવી જાગૃતતાને લીધે નગર આયોજનના પ્રશ્નોને લઈ ખાસ અગત્ય જોવામાં આવે છે.

આમ, ઉપરોક્ત વિવિધ ક્ષેત્રોમાં નાના-નાના પણ પદ્ધતિસરના અભ્યાસો વડે એક બાજુ નગર સમાજશાસ્ત્ર નગરજીવનની યોગ્ય સમજૂતી મેળવવામા યોગદાન કરી શકે છે. બીજી બાજુ આવા અભ્યાસોને આધારે નગરજીવન અને તેના પરિવર્તનના પ્રવાહો અંગે મધ્યસ્ત-સ્તરના સિદ્ધાંતો તારવી શકાય છે. કાલાંતરમાં એવા મધ્યસ્ત સિદ્ધાન્તોને આધારે નગરજીવનની બૃહદ સમજ આપતા સિદ્ધાન્તો પણ રચી શકાય છે.

## તમારી પ્રગતિ તપાસો

1. નગર સમાજશાસ્ત્રની વ્યાખ્યા અને વિષય-વસ્તુ સમજાવો.

2. સમાજશાસ્ત્રની એક શાખા તરીકે નગરસમાજશાસ્ત્રનો અર્થ સમજાવો.

3. ભારતમાં નગરસમાજશાસ્ત્રના વિકાસમાં રહેલાં અવરોધો તપાસો.

4. બ્રિટનમાં નગર સમાજશાસ્ત્રની તરાહ ચર્ચો.

5. શિકાગો શાખાનું પ્રદાન દર્શાવો.

6. ભારતમાં નગર સમાજશાસ્ત્રના પ્રવાહો વર્ણવો.

7. નગર સમાજશાસ્ત્રની અગત્ય દર્શાવો.

8. નગર આયોજનમાં નગર સમાજશાસ્ત્રનું મહત્ત્વ વર્ણવો.

9. 'નેશનલ અર્બન રિન્યુઅલ મિશન'ના હેતુઓ અને વ્યાપ સમજાવો.

10. મહાનગરોમાં સ્થળાંતરીઓના પ્રશ્નો વિષે સમજ આપો.

## એકમ 2 : નગર સમુદાયની વ્યાખ્યા અને લક્ષણો

- નગર સમુદાયની વ્યાખ્યા
- નગર સમુદાયની લાક્ષણિકતાઓ
- નગર સમુદાય અને ગ્રામ સમુદાય વચ્ચેના સંબંધો
- નગર સમુદાય અને ગ્રામ સમુદાય વચ્ચે તફાવત
- રૂરર્બેનાઈઝેશન (Rurbanization)
- કોનરબેશન (conurbation)

માનવ વસાહત તરીકે નગર અથવા શહેરનું અસ્તિત્વ અનાદિકાલથી ચાલતું આવે છે. પ્રાચીન સમયમાં નગરો વિશ્વના જુદા જુદા પ્રદેશોમાં માનવ સભ્યતાની ઉન્નતિ અને વિકાસનાં કેન્દ્રો રહ્યાં છે. મધ્યયુગમાં નગરોનું મહત્ત્વ તેમની આર્થિક સમૃદ્ધિ અને રાજકીય વર્ચસ્વને કારણે માનવ ઇતિહાસમાં અગ્રસ્થાને રહ્યું છે અને આજે ઔદ્યોગિક વિકાસનાં કેન્દ્રો તરીકે નગરોનું માનવજીવનમાં ઉત્તરોત્તર મહત્ત્વ વધતું જ જાય છે. માનવજીવનમાં નગરોની ઐતિહાસિક ભૂમિકા વિશે એ. આર. દેસાઈ કહે છે કે નગર અને માનવ સભ્યતાનો સંબંધ પ્રાગ ઐતિહાસિક યુગથી અવિરત ચાલ્યો આવે છે. નગર અને માનવ સભ્યતા વચ્ચે એટલો ગાઢ સંબંધ છે કે મોટે ભાગે સભ્યતાઓનાં નામ પણ નગરો ઉપરથી જ પડ્યાં છે. દા.ત. મોહન-જો-દડો સભ્યતા, ઉમેડ યુગ અને રોમની સભ્યતા વગેરે. આજે વિશ્વની કુલ માનવ વસ્તીની આશરે 20 ટકા જેટલી વસ્તી નગરોમાં વસે છે. અને જે વસ્તી નગરો સિવાયના સમુદાયોમાં વસે છે તે પણ પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે નગરો તથા નગરીય પર્યાવરણની અસર હેઠળ આવતી જાય છે. આ જોતાં નગર સુદાયની વિગતવાર સમજૂતી પ્રાપ્ત કરવી તે અગત્યની બાબત છે.

સામાન્ય રીતે નગર અથવા શહેર શું છે તે સૌ કોઈ જાણે છે. છતાં તેની સર્વગ્રાહી સમજૂતી આપી શકે એવી વ્યાખ્યા બાંધવી સહેલી નથી. આ પાછળનું એક મુખ્ય કારણ એ છે કે સમય અને સ્થળના પરિમાણ ઉપર બધાં શહેરો એક સરખાં જ રહ્યાં હોય તેવું નથી. દા.ત.. આધુનિક ઔદ્યોગિક નગરો અને ઔદ્યોગીકરણ પૂર્વેનાં નગરો કે જે 'પૂર્વઔદ્યોગિક નગરો' તરીકે ઓળખાય છે, ઘણી બાબતોમાં એકબીજાથી તદ્દન જુદાં પડે એવી લાક્ષણિકતાઓ ધરાવતાં હોય છે એમ કહીએ તો ખોટું નથી. એક જ સમાજના કસ્બા, નાનાં નગરો અને મહનગરોમાં એકબીજાથી સ્પષ્ટ રીતે અલગ પડે એવી પરિસ્થિતિઓ જોવા મળે છે. વળી, આધુનિક વિકસિત સમાજો અને વિકાસ પામતા સમાજો અને વિકાસની પ્રક્રિયામાં પછાત ગણાતા સમાજોનાં નગરોમાં અનેકાનેક તફાવતો પ્રવર્તે છે. સંયુક્ત રાજ્ય અમેરિકામાં એક લાખની વસ્તી ધરાવતા નગર અને ભારતમાં એક લાખની વસ્તી ધરાવતા નગરને એકસરખા માની લેવાથી અર્થપૂર્ણ તારણો પ્રાપ્ત કરવામાં ભૂલ થવાની શક્યતા છે. ટૂંકમાં નગર સમુદાયોમાં જ અંદરોઅંદરના તફાવતો હોવાથી નગરની સરળ અને સર્વગ્રાહી વ્યાખ્યા કરવી મુશ્કેલ બને છે. આથી જ આજે નગર અને નાગરીય પર્યાવરણને લગતું વિપુલ સાહિત્ય ઉપલબ્ધ હોવા છતાં સમાજવિજ્ઞાનીઓ અને ખાસ કરીને સમાજશાસ્ત્રીઓમાં 'નાગરી' અથવા 'અર્બન' એટલે શું ? તે અંગે સ્પષ્ટતા જોવા મળતી નથી. છતાં કેટલાક વિદ્વાનોએ નગરની વ્યાખ્યા આપવાના પ્રયાસો કર્યા છે. આ વ્યાખ્યાઓ નગરનો અર્થ સમજાવવામાં મદદરૂપ થતી હોવાથી તેમની રજૂઆત કરવી અહીંયાં યોગ્ય લેખાશે.

## નગર સમુદાયની વ્યાખ્યા

સામાન્ય રીતે નગર અથવા ગ્રામ સમુદાયની પરિભાષા જે તે સમુદાયની વસ્તીના પ્રમાણને આધારે થતી આવી છે. ખાસ કરીને વસ્તી ગણતરીના અધિકારીઓ નગરની વ્યાખ્યા અર્થે વસ્તીના કદને કેન્દ્રીય બાબત ગણે છે. તે ઉપરાંત જ્યાં નગરપાલિકા હોય અથવા જે વસાહતનો કાયદાથી નગર તરીકે સ્વીકાર થયો હોય તે પણ નગર ગણાય છે, વિશ્વનાં સર્વ રાષ્ટ્રોમાં વસ્તી ગણતરીના અધિકારીઓ આ રીતે જે તે માનવ વસાહતોનો નગર અથવા ગ્રામ તરીકેનો દરજ્જો નક્કી કરે છે. આપણે આગળ જોયું તે પ્રમાણે ભારતમાં વસ્તી ગણતરીની વ્યાખ્યા મુજબ 5,000થી વધુ વસ્તી ધરાવતી વસાહતો નગરની શ્રેણીમાં આવે છે. અમેરિકામાં 2500થી વધુ વસ્તીવાળા સમુદાય નગર ગણવામાં આવે છે. યુરોપિયન રાષ્ટ્રોમાં 2000થી વધુ વસ્તી ધરાવતા સમુદાયો નગર અથવા શહેરની શ્રેણીમાં

આવે છે, જ્યારે કે ઇજિપ્તમાં 11,000 કે તેથી વધુ વસ્તીવાળા સમુદાયો નગર તરીકે સ્વીકારાય છે. કોઈ પણ સમુદાયનો માત્ર વસ્તી અથવા તો તેના વહીવટીય દરજ્જાને આધારે નગર અથવા તો ગ્રામ સુદાય તરીકે અર્થ કરવો એ જે તે સમુદાયની પાયાની એવી ગુણાત્મક લાક્ષણિકતાઓની અવગણના કરે છે. આથી સમાજશાસ્ત્રીઓ નગરની વ્યાખ્યા કરવામાં વસ્તીના કદને પૂરતું ગણતા નથી. તેઓ નગરની એવી વ્યાખ્યા આપવાનો પ્રયાસ કરે છે કે જે નગર સમુદાયમાં માનવ-માનવ વચ્ચેના વિશિષ્ટ એવા સામાજિક સંબંધો અને નાગરીય પર્યાવરણમાં માનવજીવનની સમજૂતી આપવામાં મદદરૂપ થઈ શકે. આથી તેઓ નગરની વ્યાખ્યામાં નગરવાસીઓના જીવનને સ્પર્શતાં ગુણાત્મક પાસાંઓ અગર તો તેમની જીવનશૈલીને ધ્યાનમાં લેવી એક અગત્યની બાબત તરીકે ગણે છે. જોકે આ અંગે તેઓ એકમત ધરાવતા નથી. અલબત્ત, માત્ર વસ્તીના કદને આધારે જે તે વસાહતને શહેર અગર તો ગ્રામ તરીકે યોગ્ય રીતે સમજાવી શકાય નહીં તે વિશે સમાજશાસ્ત્રીઓમાં બેમત નથી. હવે આપણે નગરની કેટલીક વ્યાખ્યા આપી નગર સમુદાયનાં લક્ષણોની વિગતવાર ચર્ચા કરીશું.

ફેરચાઈલ્ડ સમાજશાસ્ત્રીય શબ્દકોશમાં નગરની વ્યાખ્યા આપતાં લખે છે કે "શહેર સાધારણ રીતે સ્થાયી વસવાટ કરતી વસ્તી (બંને જાતિઓનાં પુખ્તવયનાં માનવીઓ અને બાળકો સહિત) કે જે પ્રધાનતઃ સંયોજિત ક્ષેત્રમાં વસે છે, તેને કહી શકાય. આ વિસ્તારમાં જ સમાજ અને કુટુંબ પરંપરાથી ચાલી આવતું જીવન જીવવામાં આવે છે અને જ્યાં રાજનૈતિક સંગઠન તથા આર્થિક પ્રવૃત્તિઓ અને રોજગાર ચાલે છે." સોમ્બર્ટ નગરની વ્યાખ્યા કરતાં લખે છે કે નગર એટલું મોટું હોય છે કે ત્યાંના રહીશો એકબીજાને ઓળખતા નથી. બર્ગેલ (Bergel) નગરની વ્યાખ્યામાં ધંધાકીય તત્ત્વને મહત્ત્વ આપે છે. તેના મતે કોઈ પણ એવી વસાહતને આપણે નગર કહીશું કે જ્યાંના મોટા ભાગના રહીશો ખેતીવાડી સિવાયના ધંધાઓમાં રોકાયેલા હોય છે.

ગિબ્સ (Gibbs) કહે છે કે નગરની વ્યાખ્યા તેના રાજકીય દરજ્જા, વસ્તીવિષયક લક્ષણો, આર્થિક પરિવર્ત્યો, વર્તણૂકનાં સામાજિક-સાંસ્કૃતિક પ્રરૂપો અને મનોવૈજ્ઞાનિક લક્ષણો વગેરે પરત્વેનાં દૃષ્ટિબિંદુઓથી કરી શકાય છે. આ રીતે કરેલી કોઈ પણ વ્યાખ્યા સંપૂર્ણ ખોટી કે ખરી હોતી નથી. તેમ છતાં તે નગરની સર્વગ્રાહી સમજૂતી આપી શકતી નથી.

ગિડિયન સ્જોબર્ગ (Gideon Sjoberg) નગરને વિસ્તૃત સમાજ વ્યવસ્થાના એક અંગ રૂપે જુએ છે અને કહે છે કે નગરમાં વસતા લોકોનું પ્રમાણ કુલ વસ્તીના અનુપાતમાં ઘણું ઓછું હોવા છતાં નગરમાં વસતા બુદ્ધિજીવીઓ અને ભદ્ર લોકોને કારણે નગરનું જે તે સમાજમાં મહત્ત્વ વધી જતું હોય છે. સ્જોબર્ગ પોતાનો ઉપરોક્ત મત સામંતશાહી સમાજવ્યવસ્થા ધરાવતા સમાજોના સંદર્ભમાં વ્યક્ત કરે છે. નગરની વ્યાખ્યા કરતાં તેઓ કહે છે કે નગર શબ્દનો ઉપયોગ વિવિધ રીતે થતો આવ્યો છે છતાં ગ્રામ સમુદાયની તુલનામાં કસ્બા અથવા નગરનું કદ, તેની વસ્તીની ગીચતા અને વસ્તીનું પચરંગીપણું વધારે હોય છે. ત્યાંના રહીશો બિન-ખેતીવાડી વિષયક બાબતોમાં વિસ્તૃત ફલક ઉપર નિષ્ણાતીકરણ ધરાવતા હોય છે અને ત્યાં સાક્ષર લોકોનું પ્રતિષ્ઠિત સ્થાન હોય છે. મમ્ફર્ડ (Mumford) માનવજીવનમાં નગરનું સ્થાન સમજાવતાં એક તરફ નગરની કૃત્રિમતા રજૂ કરે છે અને બીજી તરફ એની મહાનતા દર્શાવે છે. તેઓ નગરની વ્યાખ્યા કરતાં લખે છે કે "સંપૂર્ણ અર્થમાં જોઈએ તો નગર એક ભૌગોલિક તાંતણાઓનું ગુંફન, આર્થિક સંગઠન, સામાજિક કાર્યની રંગભૂમિ અને સામૂહિક એકતાનું સુરુચિપૂર્ણ પ્રતિક છે. એક બાજુ શહેરોએ સામાન્ય ઘરગથ્થુ, આર્થિક કાર્યોનું સ્થૂળ માળખું છે, તો બીજી બાજુ માનવસંસ્કૃતિના વધારે મહત્ત્વના અર્થપૂર્ણ કાર્યો અને ઉદાત ભાવોને અભિવ્યક્તિ કરતા ચૈતન્યપૂર્ણ નાટકનો રંગમંચ છે."

રોબર્ટ રેડફિલ્ડ અને મિલ્ટન સિંગર શહેરનું વિશ્લેષણ જે તે સભ્યતાની સ્થાનિક પરંપરાઓ (Little Traditions) અને બૃહદ પરંપરાઓ (Great Traditions) માં શહેરી અને ગ્રામીણ સાંસ્કૃતિક વિશેષતાઓના સંગમસ્થળ રૂપે તથા બૃહદ પરંપરાઓના વિકાસસ્થળ રૂપે કરે છે. તેઓ શહેરની વ્યાખ્યા આ મુજબ કરે છે : "કેન્દ્રીય વ્યાપારિક જિલ્લાની દૃષ્ટિએ શહેર એ સાચેસાચ બજારનું સ્થળ છે. ત્યાં વિભિન્ન જાતિના, વર્ગના કે મતના તેમજ એકબીજાને જરા પણ જાણતા ન હોય એવા લોકો વચ્ચે ખરીદ-વેચાણ, વ્યવસાયો અને વસ્તુઓનો વિનિમય થાય છે. આ દૃષ્ટિએ ભિન્ન સાંસ્કૃતિક સમૂહો વચ્ચે બિનવૈયક્તિક સંબંધોની સ્થાપના કરવી તે શહેરનું કાર્ય બની જાય છે. બીજી બાજુ, એક ધાર્મિક અને બૌદ્ધિક પ્રવૃત્તિઓના કેન્દ્રરૂપમાં શહેર શ્રદ્ધાળુઓ માટે પ્રકાશનું સ્થળ બને છે. જ્ઞાનપ્રાપ્તિ માટે, માહિતી માટે અને સંભવિત છે કે તેવી માન્યતાઓનું પણ કેન્દ્ર છે કે જે સ્થાનિક બિનશહેરી સંસ્કૃતિઓની અવ્યક્ત સ્થાનિક પરંપરાઓ (Little Traditions) ને વ્યક્ત કરી વ્યવસ્થિત બૃહદ પરંપરા (Great Traditions) ના રૂપમાં ફેરવે છે.

લૂઈ વર્થ કહે છે કે નગર અથવા શહેરની સમાજશાસ્ત્રીય વ્યાખ્યા એવી હોવી જોઈએ કે જે માનવસમૂહ જીવનની એક ઢબરૂપે નગરીકરણનાં તત્ત્વોને આવરી લેતી હોય. માત્ર વસ્તીના કદને આધારે નગરની વ્યાખ્યા કરવી એક તરંગી બાબત જ હોય છે. તેમ જ નગરને એક ભૌગોલિક એકમ તરીકે જોવાથી નગરીય જીવનશૈલીની સમજૂતી મેળવી શકાતી નથી. આથી લૂઈ વર્થના મતે નગરની સમાજશાસ્ત્રીય વ્યાખ્યા નગરોમાં જોવા મળે તેવાં સર્વસામાન્ય લક્ષણો દર્શાવી શકવા ઉપરાંત નગર-નગર વચ્ચે રહેલા તફાવત શોધી કાઢવામાં મદદરૂપ થઈ રહે તેવી હોવી જોઈએ. તેઓ કહે છે કે ગ્રામીણ સમુદાયોની તુલનામાં નગર સમુદાયો તેમની વસ્તીના કદ અને ગીચતા વગેરેની બાબતમાં જુદા જ તરી આવતા હોય છે. માટે નગર અથવા શહેરની વ્યાખ્યામાં આ તત્ત્વોની ભાગ્યે જ અવગણના કરી શકાય. સમાજશાસ્ત્રીય હેતુથી નગરની વ્યાખ્યા આપતાં લૂઈ વર્થ કહે છે કે "એક નગર તુલનાત્મક રીતે વિશાળ, ગીચ અને સામાજિક રીતે વૈવિધ્ય ધરાવતી વ્યક્તિઓનો કાયમી વસવાટ હોય છે." નગર સમુદાયમાં એકી સાથે આ ત્રણે તત્ત્વોની ઉપસ્થિતિને કારણે વિશિષ્ટ સામાજિક પર્યાવરણ સર્જાય છે અને તેમાંથી જ નગરીય જીવનશૈલીની કેટલીક વિશિષ્ટ લાક્ષણિકતાઓ ફલિત થાય છે. લૂઈ વર્થે તેમની પ્રસ્તુત ધારણાને આધારે જ નાગરીય જીવનશૈલીનો સિદ્ધાંત રજૂ કર્યો છે.

કિંગ્સ્લે ડેવિસ નગરની વ્યાખ્યા આપવામાં વસ્તીશાસ્ત્રીય અને સ્થળકીય બાબતોને ધ્યાનમાં લેવાનું વધુ પસંદ કરે છે. છતાં તેઓ નગરની વ્યાખ્યામાં માત્ર વસ્તી અને તેના વિસ્તાર વચ્ચેના પ્રમાણને અથવા તો વસ્તીની ગીચતાને જ પૂરતી ગણતા નથી. પણ જે તે સમુદાય અથવા તો સ્થળની કુલ વસ્તી અને કુલ પ્રદેશને ધ્યાનમાં લેવું પણ મહત્ત્વનું દર્શાવે છે. સમાજશાસ્ત્રીય રીતે કિંગ્સ્લે ડેવિસના મતે નગર એ એક જીવનશૈલી હોય છે. આ જીવનશૈલી 'અર્બન' અગર તો 'નગરીય' વિશેષણ વડે અર્થપૂર્ણ રીતે સમજાવી શકાય છે.

આમ નગરની સમાજશાસ્ત્રીય વ્યાખ્યા અંગે વિદ્વાનો નગરનાં વિવિધ પાસાંઓ ઉપર ભાર મૂકે છે. સામાન્ય રીતે સમાજશાસ્ત્રીઓએ નગર અથવા શહેર સમુદાયને ગ્રામ સમુદાયની પૃષ્ઠભૂમિમાં પરિભાષિત કરવાના પ્રયાસો કર્યા છે. અહીં કેટલીક વખત નગરની વિગતવાર સમજૂતી આપતી વખતે તેની ગ્રામ સમુદાયોની તુલનામાં છણાવટ કરવામાં આવે છે. એટલું તો ચોક્કસપણે કહી શકાય છે કે નગરોમાં અંદરોઅંદરના તફાવતો ઉપરાંત જુદા જુદા સમાજોનાં નગરો વચ્ચે સ્થાનિક પરિસ્થિતિઓની અસરો હેઠળ ભિન્નતા હોવા છતાં નગર સમુદાયો તેમના કદમાં તુલનાત્મક રીતે મોટાં હોય છે અને તેમની વસ્તીની ગીચતા અને વૈવિધ્યપણું પણ ગ્રામસમુદાયો કરતાં વધુ પ્રમાણમાં હોય છે. વળી, નગરવાસીઓ મોટે ભાગે તેમની જીવનજરૂરિયાતો બિનકૃષિ-વ્યવસાયોમાં રોકાઈને સંતોષતા હોય છે. નગરવાસીઓ ભૌતિક રીતે એકબીજા સાથે નજીકતા ધરાવતા હોવા છતાં સામાજિક રીતે તેઓ અપરિચિતતાના વાતાવરણમાં રહે છે. તેથી તેમની વચ્ચેના સંબંધો અવૈયક્તિક અને ઉપરછલ્લા હોય છે. આ જોતાં નગર સમુદાયનો વિગતવાર અર્થ તેનાં ભૌતિક લક્ષણોના સંદર્ભમાં કરાયેલી વ્યાખ્યાની મદદથી થઈ શકતો નથી. નગરીય જીવનની ગુણાત્મક સમજૂતી આપે તેવાં તત્ત્વો પણ નગર સમુદાયનો સાચો અર્થ સમજાવવામાં કેન્દ્રસ્થાને હોય છે. તેથી કેટલાક વિદ્વાનોએ નગર સમુદાયની વ્યાખ્યા ઉપરાંત નગરની ઊંડી સમજૂતી આપવાના આશયથી નગર સમુદાયનાં લક્ષણોનું વિગતવાર વર્ણન કર્યું છે. કિંગ્સ્લે ડેવિસ તેમના પુસ્તક 'હ્યુમન સોસાયટી' (Human Society) માં નગર સમુદાયના એવાં કેટલાંક લક્ષણો નીચે મુજબ આપે છે :

## નગર સમુદાયની લાક્ષણિકતાઓ

નગર સમુદાયો બધી રીતે એક સરખા હોતા નથી. તેમનાં કદ, કાર્યો, વહીવટીય દરજ્જો, વ્યવસાયિક બંધારણ અને ઔદ્યોગિક વિકાસ વગેરેની બાબતોમાં ભિન્નતા હોવાથી નગરો જુદા જુદા પ્રકારનાં હોય છે. નગર સમુદાયોના એવા મુખ્ય પ્રકારોની પ્રકરણ ચારમાં વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે, છતાં નગરોની કેટલીક એવી પાયાની લાક્ષણિકતાઓ હોય છે કે જે નગરોમાં અંદરોઅંદરના તફાવતો હોવા છતાં દરેકે દરેક નગર સમુદાયમાં ઓછાવત્તા અંશે જોવા મળે છે. સમાજશાસ્ત્રીય દૃષ્ટિથી નગરનો અર્થ સમજાવવામાં એવી મૂળભૂત લાક્ષણિકતાઓ ઘણી અગત્યની હોય છે. હકીકતમાં સમય અને સ્થળના ભેદ વિના પ્રત્યેક સમાજના નગર સમુદાયોમાં આ લાક્ષણિકતાઓ જોવા મળતી હોવાથી તેની વિગતવાર સમજૂતી પ્રાપ્ત કરવી જરૂરી છે.

### 1. સામાજિક જીવનની વિવિધતા :

નગર સમુદાયોમાં વિશાળ વસ્તી નાના ભૂભાગ ઉપર કાયમી ધોરણે વસવાટ કરતી હોવાથી નગરવાસીઓના સામાજિક જીવનમાં વૈવિધ્ય અને પચરંગીપણું નૈસર્ગિક રીતે જ જન્મ પામે છે. આ

અંગે કિંગ્સ્લે ડેવિસ જણાવે છે કે જેટલા પ્રમાણમાં નગરોનો વિકાસ થાય છે તેટલા જ પ્રમાણમાં તેના સામાજિક જીવનમાં વિવિધતા પણ વધે છે. એટલે કે નગર સમુદાયના વિકાસની પ્રક્રિયા અને તેની વસ્તીમાં આવતું વૈવિધ્ય એ બંને બાબતો સહગામી હોય છે. આ વિવિધતાને આધાર નગરવાસીઓની જ્ઞાતિ, પેટાજ્ઞાતિ, ધર્મ, ભાષા, વ્યવસાય, કૌટુંબિક તથા સામાજિક રીતરિવાજ તથા તેમની વિભિન્ન મનોવૃત્તિઓમાં વ્યક્ત થાય છે. નગર અથવા શહેર વ્યક્તિ-વ્યક્તિ વચ્ચેના વૈવિધ્યને માત્ર ચલાવી લેતું હોય તેવું નથી, પણ તે એવા વૈવિધ્યને પ્રોત્સાહન આપે છે. લૂઈ વર્થના મંતવ્યને સમર્થન આપતાં ડેવિસ કહે છે કે જ્યારે સામાજિક આંતરક્રિયામાં વધુ ને વધુ લોકો ભાગ લે છે ત્યારે તેમનામાં વધુ ને વધુ વૈવિધ્ય માટેની ભૂમિકા સર્જાય છે. આથી નગરના લોકોમાં વૈયક્તિક ગુણો, ધંધા અને સાંસ્કૃતિક જીવન વગેરેની બાબતોમાં વિશાળ ફલક ઉપરની વિવિધતા જોવા મળે છે. ટૂંકમાં કહીએ તો નગરવાસીઓમાં સામાજિક, સાંસ્કૃતિક અને આર્થિક જીવનના ક્ષેત્રે સમરૂપતા હોતી નથી.

## 2. દૂરવર્તી સંસર્ગ :

નગરનું કદ વિશાળ હોવાથી તે એક નિકટવર્તી અથવા પ્રાથમિક જૂથ હોતું નથી. નગરવાસીઓ અવારનવાર અને ઘણી નિકટતાથી બિનપરિચિત એવી વ્યક્તિઓના સંસર્ગમાં આવતા હોય છે. તેથી કોઈપણ નગરવાસી પોતે જે વ્યક્તિઓના સંસર્ગમાં આવે છે તે સર્વ સાથે નિકટવર્તી સંબંધો બાંધી શકતો નથી. કારણ કે તે જેટલી વ્યક્તિઓના સંસર્ગમાં આવે છે તેમની સંખ્યા વિશાળ હોય છે તથા તેનો એ વ્યક્તિઓ સાથેનો સંસર્ગ કામ પૂરતો હોય છે. દા.ત. બસ કન્ડક્ટર સાથે અથવા તો કામના સ્થળે મળતા લોકો સાથેનો સંસર્ગ ભૌતિક રીતે નિકટનો હોવા છતાં તેના સામાજિક સ્વરૂપમાં તો તે દૂરવર્તી જ રહે છે. કિંગ્સ્લે ડેવિસ કહે છે કે નગરવાસીઓમાં એકબીજા પ્રત્યેની વર્તણૂકમાં દોસ્તી કે દુશ્મનાવટને સ્થાને ઉપેક્ષાવૃત્તિ જોવા મળે છે. નગરની સ્થાનિક પરિસ્થિતિ જ એવી હોય છે કે ત્યાં અજાણ્યા માણસોએ પણ જોડે જોડે રહેવું પડે છે. તેથી નગરવાસીઓમાં એક તરફ ઉદારતા ને સહિષ્ણુતા અને બીજી તરફ સંબંધમાં છીછરાપણું અને ઉપેક્ષાવૃત્તિ જોઈ શકાય છે. અજાણ્યાપણું અગર તો અલિપ્તતા એ નગરની બીજી મુખ્ય લાક્ષણિકતા બની જાય છે. નગરમાં અજાણ્યા માણસોના મહાસાગરમાં વ્યક્તિ અન્ય લોકો પ્રત્યેના પોતાના નિર્ણયો વર્ગ-દરજ્જા મુજબની રહેણીકરણીનાં બાહ્ય ચિહ્નો અથવા પ્રતીકોને આધારે લે છે.

નગર સમુદાયમાં લોકો પોતાના પરિચિતોને પણ અમુક સંદર્ભમાં જ ઓળખતા હોય છે. વળી, નગરવાસી તેની જરૂરિયાતો સંતોષવા અર્થે ઘણી વ્યક્તિઓ ઉપર અવલંબે છે. તેમ છતાં કોઈ ખાસ વ્યક્તિ અથવા સમૂહ ઉપર તેની કાયમી નિર્ભરતા હોતી નથી. હકીકતમાં નગરમાં વ્યક્તિની બીજી વ્યક્તિઓ ઉપરની નિર્ભરતા અમુક ધ્યેય અથવા સ્વાર્થ પૂરતી જ હોય છે. આને કારણે નાગરી સંસર્ગ અથવા 'અર્બન કોન્ટેક્ટ' ખંડીય પણ મનાય છે. તે સિવાય નગરમાં વ્યક્તિ પોતાની વ્યાવસાયિક સંસ્થાઓમાં, પડોશમાં કે મનોરંજનનાં મંડળોમાં સભ્યપદ ધરાવે છે, પણ તે કાયમી અગર ન બદલી શકાય તેવી પરિસ્થિતિ હોતી નથી. ખરેખર તો નગરમાં વ્યક્તિ પોતાના ધંધાકીય સંબંધો, રહેઠાણ અને મનોરંજન મંડળો વગેરેનું સભ્યપદ કોઈપણ જાતના ક્ષોભ અથવા સંકોચ વિના બદલી શકે છે. તેથી નગરવાસીઓમાં સામાજિક ગતિશીલતા અને ભૌતિક ગતિશીલતા સ્વાભાવિક બાબત ગણાતી હોય છે. વળી, નગરવાસીઓમાં એકબીજાનો સમાગમ સ્થાયી નથી રહેતો.

## 3. સામાજિક સહિષ્ણુતા અથવા સહનશીલતા :

નગરની વસ્તીના પંચરંગીપણા અને લોકોના દૂરવર્તી સંસર્ગને કારણે નવરવાસીઓમાં જોવા મળતી સહનશીલતા અથવા સહિષ્ણુતા નગરની ત્રીજી મુખ્ય લાક્ષણિકતા હોય છે. આનો અર્થ એવો નથી કે નગરવાસીઓમાં આપસમાં ઝઘડા અને હિંસાત્મક બનાવો બનતા નથી. નગરવાસીઓમાં જોવા મળતી સહિષ્ણુતા એટલે કે પોતાનાથી તદ્દન જુદી રહેણીકરણી અને માન્યતા ધરાવતા લોકો પણ એકી સાથે રહેતા હોય છે અને તેઓમાં એકબીજાની આવી સામાજિક સાંસ્કૃતિક ભિન્નતા પરત્વે સૂગ હોતી નથી. વળી નગરમાં શિક્ષિત-અશિક્ષિત ને અમીર-ગરીબના ભેદની સાથોસાથ વિચારસરણી તથા સ્વાર્થો વગેરેની બાબતોમાં તીવ્ર વિષમતાઓ જોવા મળે છે. એવા સંજોગોમાં નગરવાસીઓમાં અલિપ્તતા કેટલાક અંશોમાં જરૂરી બની જાય છે અને કેટલેક અંશે તે સંબંધોમાં પોતાનાપણાની ભાવનાના અભાવને કારણે આવતી હોય છે. પારસ્પરિક જીવનમાં નગરવાસી એક રીતે શુષ્ક બની જાય છે અને ખૂબ વિચિત્ર ગણાતી એવી બાબતને જોઈને પણ તે આશ્ચર્ય પામતો નથી. હકીકતમાં નગરમાં શિષ્ટાચારી અપેક્ષાઓ સંતોષવી તથા પોતાની સગવડતા અર્થે નગરવાસી

અણગમતી પરિસ્થિતિનો પણ દેખાવ પૂરતો સ્વીકાર કરે છે. આથી નગરવાસીઓના અંગત જીવનને સ્પર્શતી બાબતો અને તેના જાહેર જીવન પ્રત્યેના અભિગમ વચ્ચે ખૂબ જ તીવ્ર ભેદ પ્રવર્તતો હોય છે. સામાન્ય રીતે નગર વ્યક્તિના જાહેર જીવનનું નિયમન કરે છે, પણ તેના ખાનગી જીવનમાં રસ લેતું નથી. આ સર્વ પરિસ્થિતિઓ નગરવાસીઓમાં સામાજિક સહિષ્ણુતા પ્રેરે છે.

### 4. દૂરવર્તી નિયંત્રણ :

દૂરવર્તી નિયંત્રણ એ નગર સમુદાયની ચોથી લાક્ષણિક્તા અથવા વિશિષ્ટતા હોય છે. નગરમાં અજાણ્યા લોકોના સંસર્ગ વખતે તેમની વચ્ચે ભૌતિક નિકટતા હોવા છતાં સામાજિક અંતર તો રહે જ છે. પરિણામ સ્વરૂપે નગરવાસીઓમાં પારસ્પરિક વ્યવહારની નિયમન અર્થે સામાજિક સમસ્યા જટિલ બનતી જાય છે. હકીકતમાં નગરમાં વ્યક્તિ અજાણ્યા માણસોના મહાસાગરમાં સામાજિક નિયંત્રણનાં પ્રાથમિક સાધનો, જેવા કે રીતરિવાજ, શિરસ્તો, શિષ્ટાચાર, બીજાઓની શરમ વગેરેના દબાણથી મુક્ત થઈ જાય છે. તેને બીજાઓ તેના વિશે શું વિચારશે તેની ચિંતા રહેતી નથી. ધાર્મિક અંકુશો અને નૈતિક બંધનો તેને નડતાં નથી. વળી, વ્યક્તિ પોતાના જરર પૂરતા પ્રાથમિક સંબંધો કુટુંબ, પડો સિવાયના અન્ય જૂથો જોડે બાંધી શકે છે. પણ એવા સંબંધો પણ સ્વાર્થ પૂરતા જ રહે છે. માટે તે ગમે ત્યારે તોડી શકાય છે. આ સંજોગોમાં નગરમાં સામાજિક નિયંત્રણનાં પ્રાથમિક સાધનો અસરકારક રહેતાં નથી અને કાનૂની તથા બિન-અંગત નિયંત્રણો જરૂરી બની જાય છે. તેથી કાયદો, પોલીસ, ગુપ્તચર, નગરપાલિકા, ન્યાયાલયો અને વહીવટી વિભાગો વગેરે નગરમાં સામાજિક નિયંત્રણ માટે અતિઆવશ્યક ભૂમિકા ભજવતા હોય છે. જેમ જેમ નગરનો વિકાસ થતો જાય છે, તેમ તેમ નગરની જટિલતા વધતી જાય છે. તેને હલ કરવાના પ્રયાસોમાં કુદરતી રીતે જ નગરોમાં દૂરવર્તી નિયંત્રણોની જાળ વધુ ને વધુ ફેલાતી જાય છે.

### 5. સામાજિક ગતિશીલતા :

નગર સમુદાયમાં લોકોની ભૌતિક ગતિશીલતાની જેમ સામાજિક ગતિશીલતા અનિવાર્ય હોય છે. અને નાગરી પરિસ્થિતિઓ પણ તેને પ્રોત્સાહન આપે છે. નગરવાસીઓમાં સામાજિક ગતિશીલતાનો સંબંધ સ્થાનના પરિવર્તન સાથે, વ્યવસાયના પરિવર્તન સાથે અને સામાજિક સંબંધના પરિવર્તન સાથે સંકળાયેલો છે. નગરવાસીની સામાજિક સ્થિતિનો આધાર તેણે હાંસલ કરેલી સિદ્ધિ પર રહે છે. વ્યક્તિ ગમે તે કુટુંબમાં જન્મ પામે, એના પૂર્વજો ભલે સામાન્ય હોય કે પ્રતિષ્ઠિત હોય, ધનવાન હોય કે નિર્ધન હોય, તેની પ્રતિષ્ઠા તે શું કરે છે અને તેની કેવી છાપ છે તેના સંદર્ભમાં નક્કી થતી હોય છે. તેથી નગરમાં વ્યક્તિનો તેના જીવનકાળ દરમ્યાન પોતાની સ્થિતિ સુધારવાની તકો મળી શકે છે.

ઉપરોક્ત કથન પાછળનું ધ્યેય એવું નથી કે નગરમા સામાજિક વિષમતાઓ ઓછી અથવા તો નહિવત્ હોય છે. હકીકતમાં નગર સમુદાયમાં જ સામાજિક વિષમતાઓ તેમના તીવ્ર સ્વરૂપમાં અભિવ્યક્ત થતી હોય છે. આવી વિષમતાઓ માત્ર અસમાન તકોને કારણે જ આવતી નથી. પણ વ્યક્તિઓની અસમાન સિદ્ધિઓમાંથી પણ ફલિત થાય છે. ભારતીય પરિસ્થિતિઓના સંદર્ભમાં કહીએ તો નગરની સમાજ સ્તરરચનામા જ્ઞાતિવ્યવસ્થાનાં તત્ત્વો તેમના શુદ્ધ સ્વરૂપમાં અસરકારક રહ્યાં નથી. આજે જુદી જુદી જ્ઞાતિઓની વ્યક્તિઓમાં ઊભી ગતિશીલતા એક સામાન્ય બાબત બની ગઈ છે. આજે વ્યક્તિની જ્ઞાતિ પૂછવાને સ્થાને તેનાં કાર્યો અને સિદ્ધિઓના સંદર્ભમાં તેની પ્રતિષ્ઠા નક્કી થાય છે. ભારતનાં નગરોમાં આવી ઊભી ગતિશીલતાને યાંત્રીકરણ, ઔદ્યોગીકરણ, અવરજવરની સગવડતા તથા ગામડામાંથી વસ્તીના સ્થળાંતર વગેરે પરિબળોનું પીઠબળ મળે છે.

**6.** સ્વૈચ્છિક મંડળો નગર સમુદાયમાં હિત અને રસની સમરુપતા ધરાવતા લોકોનાં સ્વૈચ્છિક મંડળો સ્થાપવા માટેની જરૂરી ભૂમિકા મળી આવે છે. તેથી આવાં સ્વૈચ્છિક મંડળોનું નગર સમુદાયમાં પ્રાધાન્ય હોય છે. આ મંડળોનું સભ્યપદ ભૌગોલિક કે સગપણ જેવી બાબતો ઉપર આધાર રાખતું નથી. હકીકતમાં વિશિષ્ટ એવાં હિતોને કેન્દ્રમાં રાખીને ભાત ભાતનાં મંડળો નગરમાં જન્મ લે છે. તેથી નગરવાસી તેનાં જુદાંજુદાં હિતો સંતોષવા અર્થે એકી વખતે અનેક સ્વૈચ્છિક મંડળોનો સભ્ય હોઈ શકે છે. એવાં મંડળો પડોશ, રમતગમતનાં જૂથ, ભજનમંડળ, ક્લબ, જ્ઞાતિ, વ્યાવસાયિક જૂથ, ધાર્મિક જૂથ, યુનિયન વગેરે જેવાં અનેક સ્વરૂપોમાં જોવા મળે છે. આ અને બીજાં અનેક સ્વૈચ્છિક મંડળો નગરમાં હોવા છતાં તેમની વચ્ચે નિસ્બત હોતી નથી.

### 7. વૈયક્તિક્તા :

વ્યક્તિની સામાજિક અલગતા અથવા તો વૈયક્તિક્તા નગર સમુદાયની એક અન્ય નોંધપાત્ર લાક્ષણિકતા હોય છે. નાગરી સંસર્ગોની દ્વૈતીયિક પ્રકૃતિ સામાજિક ગતિશીલતા અને તકોનું બાહુલ્ય વગેરે વ્યક્તિને પોતાના વિષે પોતે નિર્ણયો લેવાની તેમ જ પોતાની કારકર્દીનું પોતે આયોજન

કરવાની ફરજ પાડે છે. વળી, નગરવાસીઓમાં જીવનની સફળતા અર્થે જુદાં જુદાં ક્ષેત્રોમાં સતત હરીફાઈ થતી રહે છે. પ્રત્યેક વ્યક્તિ બીજી વ્યક્તિની સામે હરીફ તરીકે જ ઊભી હોય એવું જણાય છે. આપણે આગળ જોયું કે નગરમાં વ્યક્તિ કોઈ કોઈ ખાસ સમૂહ સાથે કે સંબંધથી કાયમી બંધાતી નથી. તેને પોતાનો માર્ગ પોતે જ શોધવો અને નક્કી કરવો પડે છે. વળી ધારેલાં લક્ષ્યોની પ્રાપ્તિ માટે છેવટે તો તેને એકલાં જ મથવાનું હોય છે. પરિણામે નગરવાસી એક એકલવાયાપણાંનો અનુભવ કરે છે. આને પરિણામે તે ખૂબ જાગ્રત વ્યવહાર અને હરીફવૃત્તિ ધરાવતો થાય છે. કિંગ્સ્લે ડેવિસ કહે છે કે નગરમાં નાગરી પરિસ્થિતિઓની જટિલતાના વર્ચસ્વ સમક્ષ વ્યક્તિનું અલગ અસ્તિત્વ અલોપ થઈ જતું હોય છે.

## 8. સ્થળકીય વિભાજન અથવા કુદરતી વિસ્તારો :

નગરમાં જમીની અછતને કારણે તેની ભૌતિક બાંધણીમાં સમૂહો અને કાર્યોને આધારે કુદરતી રીતે જુદા જુદા વિસ્તારો વિકસતા હોય છે. નગરના આવા કુદરતી વિસ્તારો તેની એક ખાસ લાક્ષણિકતા હોય છે. સ્વમાન્ય રીતે નગરનો કેન્દ્રીય વિસ્તાર સમસ્ત નગરને માટે ઉપયોગી એવાં વેપારી અને વહીવટીય કાર્યો સાથે સંકળાયેલો હોય છે. નગરમાં અનેક વેપારિક સંસ્થાઓ અને પેઢીઓ ઊંચાં ઊંચાં ભાડાં ભરીને પણ એવા કેન્દ્રીય વિસ્તારમાં સ્થાયી થવાનું યોગ્ય ગણે છે. નાની દુકાનો અને છૂટક વેપાર કરતી પેઢીઓ નગરના જુદા જુદા પડોશ અને વિસ્તારોમાં ફેલાયેલી જોવા મળે છે. વળી, નગરમાં જમીનની કિંમત ખૂબ ઊંચી હોવાથી ત્યાં બહુમાળી ભવનો અને મકાનો બાંધવાનું વધુ ઉપયોગી થઈ પડે છે. તેથી જ નગરોમાં અને ખાસ કરીને મહાનગરોમાં ગગનચુંબી મકાનો જોવા મળે છે. આવાં મકાનો. નગરમાં મધ્ય વિસ્તારોમાં વધારે હોય છે. એવા વિસ્તારોમાં હોટલ સિવાય અન્યત્ર લોકોનાં રહેઠાણો ઝાઝાં જોવા મળતાં નથી. સામાન્ય રીતે નગરમાં લોકો કેન્દ્ર વિસ્તારની ફરતેન વિસ્તારો અને નગરના છેવાડે વસવાટ કરવાનું વધુ પસંદ કરે છે. આ હકીકત આધુનિક સમયનાં નગરોમાં અપેક્ષાકૃત વધુ જોવા મળે છે. પરિણામે નગરમાં લોકોના કામનું સ્થળ અને રહેઠાણ એકબીજાથી છૂટાં અને દૂર હોય છે.

નગરમાં રહેઠાણના વિસ્તારો અને પાડોશનો વિકાસ મોટેભાગે સમાન સામાજિક દરજ્જા, જ્ઞાતિ, પેટા-જાતિ, વ્યવસાય, ધર્મ અને સામાજિક-સાંસ્કૃતિક પૃષ્ઠભૂમિ ધરાવતા લોકોના વસવાટો તરીકે થાય છે. આથી મોટેભાગે જે તે વિસ્તાર અથવા તો પડોસોમાં સામાજિક-આર્થિક રીતે સમાન દરજ્જો ધરાવતા લોકો વસેતા હોય છે. તેથી નગરમાં એક વિસ્તાર બીજા વિસ્તારથી જુદો તરી આવે છે. વળી નગર સમુદાયમાં જોવા મળતી અનેક સામાજિક સમસ્યાઓ જેવી કે ગુનાખોરી, બાળ-ગુનેગારી, ભિક્ષાવૃત્તિ, જુગાર, વેશ્યાવૃત્તિ, અનૈતિક જાતીય સંબંધ, આતમહત્યા, નિરક્ષરતા વગેરેનું પ્રમાણ ગંદા અને પછાત વસવાટોમાં ભદ્ર વિસ્તારો કરતાં ઘણું વધુ હોય છે, તે પણ દેખાઈ આવે છે.

આમ, નગર સમુદાયોની ઉપરોક્ત કેટલીક ખાસ લાક્ષણિક્તાઓ હોય છે. તે ઉપરાંત ધર્મનિરપેક્ષતા પણ નગરની એક વિશેપતા હોય છે. રોબર્ટ રેડફિલ્ડ નગરના આ લક્ષણને ઘણું મહત્ત્વ આપે છે. તેઓ કહે છે કે નગરમાં ધર્મ અને પરંપરા ગૌણ બની જાય છે, કારણ કે નાગરી પરિસ્થિતિમાં એવાં ઘણાં પરિબળો હોય છે કે જે આધ્યાત્મિક પાસાને નબળું બનાવે છે અને વૈજ્ઞાનિક વિચારોને સમર્થન તથા બળ આપે છે. તે ઉપરાંત નગર સમુદાયમાં લોકોના સામાજિક વ્યવહારનું સંચાલન અને નિયંત્રણ દૂરવર્તી સંસ્થાઓ કરતી હોવાથી વ્યક્તિ ઉપર ધર્મની પકડ નબળી થઈ જાય છે.

નગર સમુદાયની સમાજશાસ્ત્રીય રીતે દર્શાવેલી ઉપર મુજબની લાક્ષણિક્તાઓ તેના વિશિષ્ટ સામાજિક પર્યાવરણની સાબિતી આપે છે. મોટેભાગે આ લાક્ષણિક્તાઓ સાર્વત્રિક હોય છે, છતાં તેમાંથી દરેક દરેક લાક્ષણિક્તાનો વિકાસ નગર વિકાસ સાથે સંકળાયેલો હોય છે. આથી કસ્બાઓ અને નાનાં નગરો કરતાં મોટાં શહેરો અને મહાનગરોમાં તે તીવ્ર રૂપમાં અભિવ્યક્ત થાય છે. હકીકતમાં જ્યારે ગ્રામ સમુદાયોના સંદર્ભમાં નગર સમુદાયોની પ્રસ્તુત લાક્ષણિક્તાઓ જોઈએ તો તે વધુ સ્પષ્ટ રીતે સમજાઈ આવે છે. અલબત્ત, નગર સમુદાયોની ઉપરોક્ત લાક્ષણિક્તાઓ મહદ અંશે સર્વ નગર સમુદાયોમાં ઉપસ્થિત હોવા છતાં નગર-નગર વચ્ચેનો ભેદ અલોપ થઈ જતો નથી. આથી જ કેટલાક વિદ્વાનોએ નગર સમુદાયોનું જુદા જુદા પરિવર્ત્યોના આધારે વર્ગીકરણ કરી નાગરોના જુદા જુદા પ્રકારો વર્ણવ્યા છે. નગર સમુદાયોનાં કેટલાંક પ્રમુખ વર્ગીકરણોની ચર્ચા ચોથા પ્રકરણમાં કરવામાં આવી છે.

## નગર સમુદાય અને ગ્રામ સમુદાય વચ્ચેના સંબંધો :

સામાન્ય રીતે નગર સમુદાયને ગ્રામ સમુદાયની તુલનાત્મક સમજૂતી આપતી વખતે નગર અને ગ્રામનાં એકબીજાથી તદ્દન વિપરીત એવાં લક્ષણો દર્શાવવા ઉપર ઝોક રહ્યો છે. ખાસ કરીને સમાજશાસ્ત્રના અને સામાજિક માનવશાસ્ત્રીય સાહિત્યમાં વેબર, દુર્ખાઈમ, ટોનીઝ અને રોબર્ટ રેડફિલ્ડ વગેરેની અસરો હેઠળ ગ્રામ અને નાગર સમુદાયને માનવવસાહતોના બે ધ્રુવીય આદર્શ પ્રરૂપ તરીકે સ્વીકારીને એકબીજાનાં તદ્દન વિપરીત એવાં લક્ષણોના સંદર્ભમાં બન્ને પ્રકારના સમુદાયોની છણાવટ કરવામાં આવી છે. તેથી ઘણી વખત સર્વસામાન્ય ધારણા હેઠળ નગર અને ગ્રામની એકબીજાથી ભિન્ન દુનિયા હોય તેવું પણ કહેવાય છે. નગરોમાં વસતા લોકો સભ્ય અને સુસંસ્કૃત અને ગ્રામ સમુદાયમાં વસતા લોકો પછાત અને બિન-સુસંસ્કૃત હોય છે, એવું પણ કહેવાતું હોય છે. કેટલાક નગરને માનવ સભ્યતાનું પારણું કહે છે અને ગ્રામ સમુદાયોને સામાજિક-સાંસ્કૃતિક સર્જન માટે ફળદ્રુપ ગણતા નથી. વળી, બીજા કેટલાક નગરને માનવીના વિનાશનું કારણ બતાવે છે, જ્યારે કે ગ્રામ સમુદાયને શાંત, શુભાકારી અને માનવીય તત્ત્વોને પોષણ આપી શકે તેવા સ્થળ તરીકે દર્શાવી તેની પ્રશંસા કરે છે. એ. આર. દેસાઈ આ બાબતમાં શહેર વિશેનાં બે દૃષ્ટિબિંદુની વાત કરે છે. પહેલા દૃષ્ટિબિંદુથી શહેર મનુષ્યની સર્જનશક્તિના ઉદ્ભવનું નિમિત્ત બને છે. શહેર માણસની ઉચ્ચતમ શક્તિઓને ખીલવવા યોગ્ય વાતાવરણ પૂરું પાડે છે. એ માણસ કોઈપણ ક્ષેત્રનો હોઈ શકે. જેમ કે ઈજનેરી કલા કે કારીગરી માણસની શક્તિઓ શહેરમાં જ છતી થાય છે. એટલું જ નહીં પરંતુ વિજ્ઞાન, કળા અને સાહિત્ય ક્ષેત્રે ઝળકી ઊઠેલ વ્યક્તિઓ મોટાભાગે શહેરી વાતાવરણનું જ પ્રદાન હોય છે. આ દૃષ્ટિએ શહેર માણસના બૌદ્ધિક વિકાસનું કારણ બને છે. એ. આર. દેસાઈ બીજા દૃષ્ટિબિંદુ મુજબ શહેરમાં વ્યક્તિગત નમાલાપણું, માણસની આત્માને હણી નાખતી હરીફાઈઓ, માનવજાતનું અવમૂલ્યન, જીવનમૂલ્યોનું વેપારીકરણ, વેરભાવ, થાક, વ્યક્તિઓ વચ્ચે વધતી જતી તિરાડ, લોભવૃત્તિ, ગુનાખોરી, બિનઆરોગ્યપ્રદ ગીચ રહેઠાણો અને માણસનું નિરાધારપણું વગેરે અનેક સમસ્યાઓનો માણસને સામનો કરવો પડે છે. મમફર્ડે (Mumford) તો કહ્યું છે કે "શહેર છેવટે તો સ્મશાન જ બની રહે છે." આ બીજા દૃષ્ટિબિંદુમાં ગ્રામ સમુદાયની શ્રેષ્ઠતા ગર્ભિત છે. પરંતુ એ. આર. દેસાઈ કહે છે કે આ બન્ને દૃષ્ટિબિંદુઓ શહેરી જીવનનાં પાસાંઓની કેટલીક નક્કર હકીકતો તરફ દિશાસૂચન કરે છે. શહેર એ માણસની આશા અને નિરાશા બંને છે. અહીંયાં લાખો લોકો સમૃદ્ધિ મેળવવા ભાગ્યશાળી બને છે અને લાખો લોકો બેરોજગારી, ભૂખ અને માથું ઢાંકવાના એક છાપરા વગર પોતાને ફસાયેલી હાલતમાં પામે છે.

ભારતીય પરિસ્થિતિમાં ગ્રામસમુદાયની શ્રેષ્ઠતા અને નગરસમુદાયનાં દૂષણો અંગેની ધારણા નગરીકરણનાં પાશ્ચાત્ય મૂલ્યો તથા તેની અસરોની સાંકળામાં પ્રક્રિયા તરીકે જોવાથી પણ પ્રબળ બને છે. કારણ કે નગરીકરણને ઘણી વખત પાશ્ચાત્ય મૂલ્યો અને અસરો સાથે સરખાવવામાં આવે છે. કેટલાક સમસ્ત સમાજને નગર અને ગ્રામ એવી બે શ્રેણીઓમાં વહેંચી તેમની વચ્ચે શોષણના સંબંધો તરફ ધ્યાન દોરે છે. ભારતમાં આ પ્રકારની ધારણા ધીમે ધીમે પ્રબળ થતી જાય છે તેમ કહી શકાય. પરંતુ સમાજશાસ્ત્રીય દૃષ્ટિથી જોઈએ તો ગામ અને નગર સમુદાય વચ્ચે આ રીતે ભેદ પાડવો તે તેમની વૈજ્ઞાનિક સમજૂતીમાં અંતરાયરૂપ બને છે.

હકીકતમાં ગ્રામ અને નગરસમુદાયો વિસ્તૃત સમાજવ્યવસ્થાનાં અંગ હોવાથી પોતપોતાની સ્થાનિક વિશિષ્ટતાઓ ધરાવતા હોવા છતાં વાસ્તવિક જીવનમાં એકબીજા સાથે જીવંત સંબંધોથી સંકળાયેલા હોય છે, તથા તેમની વચ્ચે જોવા મળતા તફાવતોને જ ધ્યાનમાં લેવાથી નગર અને ગ્રામ સમુદાય વચ્ચેના સંબંધોની તટસ્થ સમજૂતી મેળવી શકાતી નથી. વળી નગર અથવા તો ગ્રામ લોકોના સમગ્ર સામાજિક જીવનની સમજૂતી પણ મેળવી શકાતી નથી, કારણ કે નગર અને ગ્રામ સમુદાયો એકબીજાથી તદ્દન વિરુદ્ધ અગર તો અલિપ્ત હોતા નથી. દરેક દરેક ગામ એક અથવા બીજા નગરની અસર હેઠળ હોય છે અને દરેક દરેક નગર તેના પૃષ્ઠપ્રદેશનાં તેમજ દૂરનાં ગામડાંઓ ઉપર આધાર રાખે છે. તેમની વચ્ચેના પરસ્પરાવલંબનની લોકોના જીવન અને ક્રિયાઓ ઉપર પણ અસર થતી હોય છે. તેથી જ આજે ગ્રામમાં વસતી વ્યક્તિના જીવનમાં શહેરી તત્ત્વો તેમજ શહેરમાં વસતી વ્યક્તિના જીવનમાં ગ્રામીણ તત્ત્વો જોવા મળી શકે છે. આ અર્થમાં આજે નગર અથવા ગ્રામસમુદાયોની શુદ્ધ સ્વરૂપની જીવનશૈલી એક માત્ર આદર્શ કલ્પના જ હોઈ શકે.

આમ તો પ્રાચીન સમયથી જ નગરો અને ગ્રામ સમુદાયો વચ્ચે ઓછાવત્તા સંબંધો ચાલતા આવ્યા છે. જૂના વખતમાં મોટેભાગે નગરો અને ગ્રામ વચ્ચે સંબંધો આર્થિક અને રાજકીય બાબતોને જ

સ્પર્શતા હતા ખાસ કરીને જ તે રાજ્ય અથવા તો રિયાસતના વર્ચસ્વ હેઠળ આવતા ગ્રામ સમુદાયના સંબંધો તેના પાટનગર પૂરતા સક્રિય જોવા મળતા. અવરજવરનાં સાધનોના અભાવ અને બીજાં નગરોની મર્યાદિત આર્થિક ક્ષમતાને કારણે ગ્રામ અને નગર વચ્ચેના સંબંધોનું સ્વરૂપ પણ સરળ અને મર્યાદિત જ હતું. ઉદ્યોગીકરણ અને અવરજવરનાં સાધનોમાં ક્રાંતિકારી વિકાસ થવાની સાથે જ ગ્રામ અને નગર સમુદાયો એકબીજાથી નજીક આવ્યા છે અને અનેકાનેક રીતે એકબીજા ઉપર અવલંબે છે. વિકસતા સમાજોમાં ગામડાંઓ અને નગરો અને ખાસ કરીને જે તે પ્રદેશના મુખ્ય નગર કે 'પ્રાઈમેટ-સિટી'ની નજીક આવેલાં ગામડાંઓ વચ્ચેના પારસ્પરિક સંબંધો ગાઢ અને બહુમુખી જોવામાં આવ્યા છે. પરંતુ નગરથી જેમ જેમ દૂર જતાં જોઈએ તેમ તેમ નગર અને ગ્રામ સમુદાયો વચ્ચેના સંબંધો પાતળા થતા જાય છે. ભારતીય પરિસ્થિતિઓને લક્ષ્યમાં રાખી નગર અને ગ્રામ સમુદાય વચ્ચેના સંબંધોની અસરોની ચર્ચા કરતા લેમ્બર્ટ કહે છે કે સામાન્ય રીતે ગામડાંઓમાં સામાજિક પરિવર્તનની કક્ષા નગર સાથેની નજીકતાનું પરિણામ હોય છે. નગરથી જેટલાં દૂર એટલી જ પરિવર્તનની કક્ષા નીચે હોય છે.

સામાન્ય રીતે નગર સમુદાય અને ગ્રામ સમુદાય તેમના આદર્શને સ્વરૂપમાં એકબીજાથી તદ્દન વિપરીત લક્ષણો ધરાવતો હોય છે. પરંતુ તે વ્યાપક સમાજ વ્યવસ્થાના અંગ હોવાથી પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે એકબીજા સાથે સંકળાયેલા હોય છે. ગિબ્સ કહે છે કે કોઈ પણ સમાજના ગ્રામ અને નગર વચ્ચે ગમે તેટલા તીવ્ર તફાવતો હોય તેમ છતાં બંને એકબીજાથી તદ્દન અલિપ્ત રહે તેવું બનતું નથી. હકીકતમાં ગ્રામ અને નગર એકબીજા સાથે સંકળાયેલાં હોય છે, અને પારસ્પરિક અસરો પાડે છે. જોકે એવી અસરોનું પ્રમાણ અને તેની દિશા, સ્થળ અને સમયનાં પરિમાણો ઉપર ભિન્ન હોઈ શકે છે. ટૂંકમાં નગર સમુદાય અને ગ્રામ સમુદાય વચ્ચેની પારસ્પરિક નિર્ભરતા નીચે મુજબ સમજાવી શકાય.

### 1. જીવનના આર્થિક ક્ષેત્રના પારસ્પરિક સંબંધો :

નગરવાસીઓ મુખ્યત્વે બિનકૃષિ વ્યવસાયો કરી પોતાનો જીવનનિર્વાહ કરતા હોય છે. આથી નગરો પોતાના રહીશોના ભરણ-પોષણ માટે ગ્રામ સમુદાયોમાં ખેતીવાડી ક્ષેત્રે ઉત્પન્ન થતાં અનાજ અને અન્ય પેદાશો જેવી કે શાકભાજી, દૂધ અને કારખાનાંઓ માટે કાચો માલ વગેરે ઉપર આધાર રાખે છે. તેમજ ગ્રામવાસીઓ અને ખાસ કરીને ખેડૂતો પોતાની પેદાશના વિક્રય અર્થે નગરના બજાર ઉપર નિર્ભર રહે છે. આમ, નગર અને ગ્રામ સમુદાય વચ્ચે દેખીતી રીતે જ પરસ્પરાવલંબન હોય છે. પરંતુ જે તે સમાજમાં નગરના બજારનો વિકાસ, અવરજવરનાં સાધનોનો વિકાસ, ગ્રામ સમુદાયોમાં ખેતીવાડીવિષયક પેદાશોનું અધિશેષ પ્રમાણ વગેરે આવા પરસ્પરાવલંબનને અસર કરે છે. આ બાબતોમાં સાનુકૂળ પરિસ્થિતિ હોય તો તે નગર વિકાસ અને નગરીકરણને વેગ આપે છે. દા.ત. ગ્રામ સમુદાયમાં ખેતીવાડીની પેદાશ સ્થાનિક જરૂરિયાતને બાદ કરતાં બજારમાં વેચાણ માટે જેટલી વધુ ઉપલબ્ધ હોય તેટલા જ વધુ પ્રમાણમાં તે નગરોની વસ્તીને નભાવવામાં મદદરૂપ થાય છે. જૂના વખતમાં ગ્રામવિસ્તારોમાં માથાદીઠ ખેતીવાડી વિષયક પેદા ઓછી હોવાથી નગરોનો વિકાસ ઘણી ધીમી ગતિથી થયો હતો, પણ આજે મોટાભાગના સમાજોમાં ખેતીવાડી ક્ષેત્રે યંત્રીકરણ થવાથી ખેતીવાડી પેદાશનું પ્રમાણ વધ્યું છે અને તેના એક પરિણામરૂપ નગરોનો ઝડપી વિકાસ શક્ય બન્યો છે. વળી, નગરોનાં કારખાનાંઓ ગ્રામસમુદાયોના લોકોની જરૂરિયાતો માટેની વસ્તુઓનું ઉત્પાદન કરવા ઉપરાંત ગ્રામીણ પેદાશોનો કાચામાલ તરીકે ઉપયોગ કરી ખેતીવાડી વિષયક ક્રિયાઓને વેગ આપે છે.

એક બીજી રીતે પણ નગર અને ગ્રામ સમુદાય વચ્ચેનું પરસ્પરાવલંબન જોઈ શકાય છે. ખાસ કરીને વિકસતા સમાજોમાં જ્યારે નગરોનું ઝડપથી ઉદ્યોગીકરણ થઈ રહ્યું છે ત્યારે ગ્રામ સમુદાયોમાંથી મોટા પાયા ઉપર વસ્તી સ્થળાંતર કરી નગરસમુદાયો તરફ જવા લાગી છે. આથી એક તરફ ગ્રામ વિસ્તારોના લોકો નગરમાં રોજી માટેની નવી નવી તકો પ્રાપ્ત કરે છે, તો બીજી તરફ નગરને તેના ઔદ્યોગિક વિકાસ અર્થે જરૂરી શ્રમશક્તિ ગ્રામ વિસ્તારોમાંથી મળી આવે છે. દા.ત., સુરતના હીરા-ઉદ્યોગનો વિકાસ મુખ્યત્વે સૌરાષ્ટ્ર અને બનાસકાંઠા જિલ્લાનાં ગામડાંમાંથી આવતા લોકો ઉપર નિર્ભર રહ્યો છે.

હકીકતમાં સમાજશાસ્ત્રીઓએ તેમના અભ્યાસોમાં નગર અને તેના અરસપરસના ગ્રામસમુદાયો, ખાસ કરીને પૃષ્ઠપ્રદેશ વચ્ચેના સંબંધોને વિશેષ સ્થાન આપ્યું નથી. આ સંદર્ભમાં આર. એલ. સીંઘ બનારસ શહેરનો તેના પૃષ્ઠપ્રદેશ સાથેના સંબંધોને લક્ષ્યમાં લઈ કરેલો અભ્યાસ નોંધપાત્ર છે. જેમાં તેમણે બસની સુવિધા, છાપાંઓનો ફેલાવો ઉપરાંત નગરમાં જે વિસ્તારમાંથી દૂધ, શાકભાજી અને અનાજ વગેરે આવે છે તેને ધ્યાનમાં રાખી નગરના ગ્રામસમુદાય સાથેના સંબંધોને સવિસ્તર

સમજાવાનો પ્રયાસ કર્યો છે. પાશ્ચાત્ય સમાજોમાં એવા અભ્યાસો વસ્તીવિષયક અને આર્થિક પરિવર્તનોને કેન્દ્રસ્થાને રાખીને થયા છે.

## 2. આર્થિક વસ્તુઓના ક્ષેત્રે આદાન-પ્રદાનના સંબંધો :

ભારતીય પરિસ્થિતિમાં ગ્રામ અને નગર વચ્ચેનું પરસ્પરાવલંબન મોટેભાગે આર્થિક વસ્તુઓ અને સેવાઓના આદાન-પ્રદાનના ક્ષેત્રે પણ જોવા મળે છે, ગ્રામ સમુદાયોની ખેતીવાડી વિષયક પેદાશો ઉપર નગરવાસીઓ આધાર રાખે છે, જ્યારે કે ગ્રામવાસીઓનું નગરમાં ઉત્પન્ન થતી વસ્તુઓ અને સેવાઓ ઉપર અવલંબન હોય છે. આ બાબતમાં સામાન્ય રીતે નગર તેના પૃષ્ઠદેશનાં ગામડાંઓ ઉપર આધાર રાખે છે. જ્યારે કે ગામડાંઓ જે તે પ્રદેશના મુખ્ય નગર સાથે સંકળાયેલાં હોય છે., દા.ત.. અમદાવાદ, રાજકોટ, વડોદરા. સુરત અને ભાવનગરમાં દૂધ, શાકભાજી અને આવી જ દૈનિક જરૂરિયાતની અનેક વસ્તુઓ આસપાસનાં ગામડાંઓથી આવે છે. જોકે અવરજવરનાં સાધનોના વિકાસને કારણે હવે દૂર દૂરના ગામડાંઓમાંથી પણ આવી વસ્તુઓ આપવાની શરૂઆત થઈ છે. ભાવનગરની પાસે આવેલા નારી ગામના જમરૂખ ગુજરાતના દૂર દૂરનાં નગરોમાં પણ વેચાય છે. ભરૂચ અને વડોદરાનાં આજુબાજુનાં ગામડાંમાંથી શાકભાજી છેક અમદાવાદ સુધી વેચવા જાય છે અને આણંદ ડેરીનું દૂધ મુંબઈ સુધી મોકલવામાં આવે છે. નાગપુરનાં સંતરાં અને કાશ્મીરનાં સફરજન ભારતનાં દૂર દૂરનાં નગરો તથા મહાનગરોમાં વેચવા જાય છે. દહેરાદૂનના ગ્રામવિસ્તારોમાં પેદા થતા ચોખા સમગ્ર ભારતમાં વખણાય છે. ડાંગ વિસ્તારના આદિવાસીઓ ગામડાંઓમાંથી વલસાડ, નવસારી, સુરત અને ભરૂચ સુધી મધ વેચવા જાય છે. ગ્રામવાસીઓ પણ પોતાની આ પેદાશો યોગ્ય ભાવે વેચવા અર્થે તેમજ નગરીય સેવઓ પ્રાપ્ત કરવા અર્થે, નગરો ઉપર આધાર રાખે છે. ડી. એન. મજમુદાર 'મોહાના' ગામના અભ્યાસને આધારે જણાવે છે કે ગ્રામલોકો પોતાની વસ્તુઓ નજીકના નગરમાં વેચી વધુ કિંમત પ્રાપ્ત કરવાનું પસંદ કરતા હોય છે, જ્યારે કે નગરવાસીઓ ગામડાંઓમાં પેદા થતી વસ્તુઓ સસ્તી કિંમતે ખરીદવાના આશયથી ગ્રામવિસ્તારોમાં જ બજારો શરૂ કરે છે. આ જ રીતે હેમલતા આચાર્ય નાસિક શહેરના પૃષ્ઠપ્રદેશમાં આવેલાં ચાર ગામડાંઓનો અભ્યાસ કરી જણાવે છે કે આર્થિક બાબતોમાં તે ગામડાંઓ નાસિક શહેર ઉપર અવલંબે છે, છતાં તેમની કેટલીક પરંપરાગત બાબતો ગ્રામવાસીઓએ છોડી નથી. વધુમાં તેઓ ઉમેરે છે કે હવે આ ગામડાંઓના લોકો મુંબઈના બજાર ઉપર પણ આધાર રાખવા લાગ્યા છે, કારણ કે ત્યાં તે પોતાની વસ્તુઓ ઊંચા મૂલ્યે વેચી શકે છે. આ હકીકત અવરજવરનાં આધુનિક સાધનોના વિકાસ પહેલાં પણ નગર અને નગરને ગ્રામ વચ્ચેના સંબંધોના ક્ષેત્રે ઉપસ્થિત હતી. પરંતુ તેનો વ્યાપ તુલનાત્મક રીતે ઓછો હતો. આદિવાસી વસ્તારોના સંદર્ભમાં બ્રિજરાજ ચૌહાણનો રાજસ્થાનના બાંસવાડા નગરનો અભ્યાસ અને સુશીલ પુણાલેકરનો દક્ષિણ ગુજરાતના વ્યારા ખાતે ભરાતા હાટનો અભ્યાસ એવા આર્થિક આદાન-પ્રદાનના સંબંધો સમજાવે છે.

## 3. વસ્તીવિષયક સંબંધો :

નગરો અને ગ્રામ સમુદાયો વચ્ચે વસ્તીના સ્થળાંતરના આધુનિક પ્રવાહોને કારણે પણ ગાઢ સંબંધો જોવા મળે છે. ગ્રામીણ લોકો નગરોમાં રોજગારીની નવી નવી તકોથી આકર્ષિત થઈ નગરોમાં સ્થળાંતર કરે છે, જ્યારે કે નગરો પોતાનાં કારખાનાંઓ અને અન્ય આર્થિક ક્ષેત્રોમાં જરૂરી માનવીય શ્રમ પ્રાપ્ત કરવા માટે ગ્રામ ઉપર આધાર રાખે છે. વળી કેટલીક વખત નગરવાસીઓમાંના અનેક જે તે નગરની સરહદોની નજીક આવેલાં ગામડાંઓમાં રહેવાનું પસંદ કરે છે, જ્યારે કે દૂર દૂરનાં ગામડાંઓના લોકો નગરમાં ગમે તેવા વિસ્તારોમાં પણ યોગ્ય રહેઠાણો શોધી ત્યાં વસવાટ કરવાનું પસંદ કરે છે. આવી પરિસ્થિતિ હેઠળ એકંદરે ગ્રામવાસીઓ અને નગરવાસીઓ બન્ને પોતપોતાના લાભ જુએ છે. વસ્તીના સ્થળાંતરનો એક બીજો નોંધપાત્ર પ્રવાહ દૈનિક પ્રવાસીઓ (Daily commuters) અંગેનો છે. આ પ્રવાહ હેઠળ સેંકડો ગ્રામવાસીઓ તેમજ નગરમાં કામ કરવા આવે છે અને રાતના પાછા પોતાનાં ગામ જાય છે. આ દૈનિક પ્રવાસીઓ કોઈ પણ પ્રદેશના મુખ્યનગર અથવા તો અન્ય આર્થિક, વહીવટીય અથવા શૈક્ષણિક અગત્ય ધરાવતા નગરમાં રોજે રોજ આવજા કરતા જોવા મળે છે. આ દૈનિક પ્રવાસીઓ નગરીય જીવનનાં ભૌતિક ને અભૌતિક તત્ત્વોનું સતત ગ્રામવિસ્તારોમાં પ્રસારણ કરતા રહે છે તેમજ કેટલાંક ગ્રામીણ તત્ત્વોનું સતત ગ્રામવિસ્તારોમાં પ્રસારણ કરતા રહે છે તેમજ કેટલાંક ગ્રામીણ તત્ત્વોનું નગરોમાં પ્રસારણ કરે છે. નગરોમાં કાયમી સ્થળાંતર કરીને આવેલાં લોકોના સંબંધો પણ મોટેભાગે તેમના મૂળ વતન ગણાતા ગ્રામ-સમુદાય સાથે સદંતર તૂટી જતા નથી. હકીકતમાં તેઓ નગરની કમાણીનું ગામડામા મકાન, જમીન અને એવી જ અન્ય મિલકતમાં રોકાણ કરે છે. વળી, પોતાના ગ્રામજનોના લાભાર્થે શાળા, દવાખાનું, ધર્મશાળા જેવાં

બાંધકામો અને કલ્યાણ કાર્યો માટે ફંડફાળા આપે છે. જેમાં સામાજિક દરજ્જો પ્રાપ્ત કરવાનો આશય વ્યક્ત થતો હોય છે. આ સંદર્ભમાં લખનૌથી આઠ માઈલ દૂર આવેલાં મોહાના ગામનાં લખનૌ નગર સાથેના સંબંધોની છણાવટ કરતા પ્રોફેસર મજમુદાર નોંધે છે કે ત્યાંના લોકો ગામમાં નાગરી પ્રતિષ્ઠા અને દરજ્જો ધરાવતા હોય છે. લોકો તેમની વાત સાંભળે છે, અનુભવને કારણે તેમની પ્રશંસા કરે છે ને જરૂર પડે ત્યારે તેમનાં સલાહસૂચન લે છે.

## 4. સામાજિક જીવનના સંબંધો :

નગર અને ગ્રામ સમુદાયો જે તે સમાજનાં અંતર્ગત અંગો હોવાથી સામાજિક જીવનને સ્પર્શતાં વિવિધ પાસાંઓમાં પણ એકબીજા સાથે ઊંડા સંબંધો ધરાવતા હોય છે. સામાજિક રીતરિવાજો, પરંપરાઓ ને સંસ્થાઓની કડીઓ ગ્રામજનો અને નગરજનોને એકબીજા સાથે જીવંત સંબંધોમાં સાંકળી રાખે છે. આ બાબત ભારતની પરંપરાગત જ્ઞાતિવ્યવસ્થાના સંદર્ભમાં તપાસીએ તો સ્પષ્ટ રીતે દેખાઈ આવે છે. ઓપલર, ડેવિડ પોકોક, શ્રીનિવાસ તથા બીજા અનેક સમાજશાસ્ત્રીઓએ ગ્રામ અભ્યાસોમાં જ્ઞાતિના આધારે જે તે ગામનાં આજુબાજુનાં ગામડાંઓ તથા નગરો સાથેના સંબંધોની ચર્ચા કરી છે. એડ્રિન માયરે પણ જ્ઞાતિના આધારે એવા સંબંધોને ધ્યાનમાં લઈ તે જ્ઞાતિની જુદા જુદા સમુદાયો વચ્ચે પ્રવર્તતી 'આડી એકતા' (Horizontal Solidarity) ની વાત કરી છે. પ્રોફેસર બ્રિજરાજ ચૌહાણે પણ જ્ઞાતિના એવા જ સંબંધોને તપાસી 'ચાખેલા'નો ખ્યાલ આપ્યો છે. કોહેન અને મેરિયેટ પણ જ્ઞાતિ, લગ્ન વેપાર અને અન્ય સામાજિક બાબતોનો ગામડાંનાં બાહ્ય સંસર્ગો કે જેમાં નગરો સાથેના સંસર્ગોનો પણ સમાવેશ થઈ જાય છે, તેની સમાજશાસ્ત્રીય સમજૂતી આપી છે. ગુજરાતની પરિસ્થિતિઓમાંનો જ એક દાખલો લઈએ તો સુરતના અનાવિલ બ્રાહ્મણો અને ચરોતરના પાટીદારોમાંથી ઘણા આજે પણ નગરોમાં વસતા હોવા છતાં લગ્નમાં સાથીની પસંદગી અંગે પરંપરાગત નિયમોની પકડ હેઠળ જૂના વખતમાં કોટિક્રમાં ઉચ્ચ ગણાતાં ગામડાંઓની છોકરી અથવા છોકરો લેવાનું પસંદ કરે છે.

એ જ રીતે કૌટુંબિક સંબંધોના સાતત્યમાં પણ નગર અને ગ્રામ સમુદાય વચ્ચેના સામાજિક-સાંસ્કૃતિક સંબંધો વ્યક્ત થાય છે. ગામ, જ્ઞાતિ અને સંયુક્ત કુટુંબ એ ભારતીય સમાજવ્યવસ્થાનાં મુખ્ય લક્ષણો રહ્યાં છે. ગામડાની કૃષિ અર્થવ્યવસ્થાએ સંયુક્ત કુટુંબને અનુકૂળ વાતાવરણ પૂરું પાડ્યું છે. દરેક કુટુંબને પોતાના ઈષ્ટદેવતા કે કુળદેવી હોય છે. ગામડામાંના જે લોકો વેપાર, વ્યવસાય કે નોકરી અર્થે નગરોમાં વસવાટ કરતા હોય તેઓ અમુક સામાજિક-ધાર્મિક પ્રસંગોએ કે બાધા-આખડી છોડવા, પોતાના કુળદેવી કે ઈષ્ટદેવતાની પૂજા-આરાધના કરવા માટે ગામડામાં પોતાના પૂર્વજોના ઘેર આવતા હોય છે. આવી પરિસ્થિતિમાં ગ્રામીણ અને નગરીય એમ બંને જીવનશૈલીનાં તત્ત્વોનું મિશ્રણ, જોવા મળતું હોય છે. આ વાસ્તવિકતા જોઈ ડેવિડ પોકોક ભારતમાં સમાજશાસ્ત્રીય અભ્યાસ માટે ગ્રામ નગરનું ભેદ અસ્થાને લેખાવે છે.

એક અન્ય રીતે જોઈએ તો પણ નગરો અને ગ્રામ સમુદાયો વચ્ચેના સામાજિક સાંસ્કૃતિક સંબંધો સહેલાઈથી સમજી શકાય. નગરો સામાજિક-સાંસ્કૃતિક પરિવર્તન અને નવી નવી શોધોનાં કેન્દ્રો હોય છે. પરંતુ તેનો લાભ ગ્રામલોકોને પણ મળે છે, કારણ કે પ્રસારણની પ્રક્રિયા વડે આ સર્વ બાબતો ધીમે ધીમે ગ્રામીણ વિસ્તારોમાં પણ ફેલાઈ જતી હોય છે. આથી જ ગ્રામીણ અને નાગરિક પરિસ્થિતિમાં આવતા સામાજિક-સાંસ્કૃતિક પરિવર્તનો ભાગ્યે જ વિપરીત દિશામાં જતા જોવા મળે છે.

## 5. ધાર્મિક ક્ષેત્રના સંબંધો :

ગ્રામ અને નગર વચ્ચેના સંબંધો ધાર્મિક ક્ષેત્રે પણ જીવંત સ્વરૂપમાં જોવા મળે છે. ખાસ કરીને ધાર્મિક નગરો ગ્રામીણ લોકોના પણ તીર્થધામો હોય છે. કેટલાંક ગ્રામવિસ્તારમાં આવેલાં દેવીદેવતાઓનાં સ્થાનકો શહેરી લોકોની ધાર્મિક ભાવનાઓ સંતોષવામાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે, ઘણી વખત નગરો અને ગ્રામસમુદાયોમાં આવેલાં ખ્યાતનામ દેવી-દેવતાઓનાં મંદિરો અને સ્થાનકો અથવા પીર વગેરેનાં પવિત્ર સ્થળોએ જઈ બાધા ઉતારવાની ક્રિયા કે ધાર્મિક કર્મ-કાંડો કરવા અર્થે ગામડાના ને નગરના લોકો આવતા હોય છે. દા.ત., ભારતમાં તિરુપતિ જઈ બાળકના વાળ ઉતારવાની બાધા રાખવી એ નગરવાસીઓ અને ગ્રામવાસીઓમાં એક સામાન્ય બાબત મનાય છે. ઉત્તર ભારતમાં ગંગા નદીમાં અસ્થિવિસર્જન અર્થે દૂર દૂરના ગામડાના અને શહેરના લોકો આવે છે. અને હૃષીકેશ, કાનપુર, બનારસ કે અલ્હાબાદની મુલાકાત લે છે. ગુજરાતમાં બનાસકાંઠા જિલ્લામાં આવેલ અંબાજી, ખેડા જિલ્લામાં ડાકોર અને જામનગર જિલ્લામાં દ્વારકા વગેરે સ્થળોએ દૂર દૂરના લોકો આવે છે અને પોતાની ધાર્મિક ભાવના સંતોષે છે. આણંદ નજીક આવેલું વડતાલ ગામ સ્વામીનારાયણ પંથના અનુયાયીઓ માટે એક તીર્થધામ છે. અહીંયાં અમદાવાદ, વડોદરા

અને અન્ય નજીકનાં તથા દૂરના નગરોથી સ્વામીનારાયણ ધર્મમાં માનનારા લોકોની અવર-જવર કાયમી જોઈ શકાય છે. રાજકોટ પાસે આવેલું વીરપુર ગામ જલારામ સંતને કારણે પ્રખ્યાત બન્યું છે અને દરરોજ સેંકડોની સંખ્યામાં નગરવાસીઓ તેની ધાર્મિક પ્રયોજનથી મુલાકાત લે છે. અજમેરના ખ્વાજા સાહેબ મોયુદ્દીન ચીસ્તીની દરગાહ પર દૂર દૂરના નગર અને ગ્રામવાસીઓ આવી પોતાની બાધા ઉતારે છે અને મહારાષ્ટ્રની શીરડી ગામે સાંઈબાબાના દર્શને પણ ઘણા લોકો આવે છે. અમદાવાદ જિલ્લાના પાનસર ગામે આવેલાં જૈનદેરાસરોની મુલાકાત લેવા દૂર દરનાં નગરોમાંથી જૈન યાત્રાળુઓ આવે છે. આમ, ધાર્મિક ભાવનાઓ સંતોષવા ઉપરાંત નગરોમાં વસતા વિદ્વાન પંડિતો, જ્યોતિષિઓ, ધર્મગુરુઓ અને તાંત્રિકો વગેરે ઉપર નગરવાસીઓની જેમ ગ્રામવાસીઓ પણ આધાર રાખતા હોય છે.

### 6. વહીવટીય અને કાયદાકીય સંબંધો :

ભારતમાં નગરો અને ગ્રામસમુદાયો વચ્ચેના જીવંત સંબંધો દર્શાવતું એક બીજું ક્ષેત્ર વહીવટીય અને કાયદાકીય પાસાને લગતું છે. નગરો જ મોટેભાગે તાલુકા અને જિલ્લા મથકો હોય છે. ત્યાં જ સરકારી અને અર્ધસરકારી દફતરો, ન્યાયાલય, પોલીસમથક વગેરે આવેલાં હોય છે. નગરોમાં આવેલા સર્વસંગઠનોનું કાર્યક્ષેત્ર જે તે તાલુકા ને જિલ્લાનાં ગામડાંઓ સુધી ફેલાયેલું હોય છે. આને પરિણામે ગામડાંઓ અને નગરો જાતજાતની સરકારી અને અર્ધસરકારી બાબતોને લઈ એકબીજા સાથે ગાઢ રીતે સંકળાયેલું હોય છે. આથી આજે રાજ્ય પરિવહનના માર્ગો વિકસાવતી વખતે દરેકે દરેક ગામડાને તાલુકા અથવા તો જિલ્લાના મુખ્ય મથક જોડે સાંકળી લેવાનો ખાસ પ્રયત્ન કરવામાં આવે છે. એ. જી. બેલેએ ઓરિસ્સાના બિસિપારા ગામના અભ્યાસને આધારે જણાવ્યું કે રાજકીય પ્રશાસન આવવાથી ગામડામાં આર્થિક અને સામાજિક ક્ષેત્રે કેટલાંક નોંધપાત્ર પરિવર્તનો આવ્યાં છે. ખાસ કરીને બિસિપારાની અર્થવ્યવસ્થા રાષ્ટ્રવ્યાપી પ્રવાહોમાં જોડાઈ ગઈ છે. આજે ત્યાં માત્ર ખેતીવાડી વિષયક પેદાશો જ લેવાતી નથી, પણ નગરોમાં વેચી શકાય એવી વસ્તુઓનું ઉત્પાદન પણ થાય છે. આ જ રીતે કેથલિન ગફે પણ દક્ષિણ ભારતમાં શહેરની નજીક આવેલા કુમ્બપેટ્ટી ગામડાની અર્થવ્યવસ્થામાં આવેલા પરિવર્તનનું ચિત્રણ કર્યું છે.

ગ્રામસમુદાયો પ્રાચીન કાળથી જ રાજકીય વહીવટી એકમ તરીકે જે તે વિસ્તારનાં પ્રશાસકીય નગરો સાથે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંબંધમાં રહ્યા છે. ગાયકવાડી અમલ દરમ્યાનમાં દક્ષિણ ગુજરાતનો ખ્યાલ કરીએ તો ગામ, કસ્બા અને મહાલ, જુદા જુદા ક્ષેત્રે વહીવટીય રીતે રાજધાની તરીકેના મુખ્ય નગર વડોદરા સાથે સંકળાયેલાં હતાં. તે વખતના નવસારી પ્રાંતમાં ગામડાંના લોકો કોર્ટ, કાનૂન અને ન્યાયના હેતુસર નવસારી નગર સાથે સંબંધમાં રહેતા. ત્યાં આદિવાસી વિસ્તારનાં ગામડાંઓના આર્થિક-સામાજિક માળખામાં આવેલું પરિવર્તન એ ગાયકવાડી સરકારના વહીવટીય રીતે આદિવાસી ગ્રામો સાથેના સંબંધને પરિણામે છે. ગામડાંના આદિવાસી આગેવાનો પણ પોતાના પ્રશ્નોના ઉકેલ માટે વડોદરાની ગાયકવાડી સરકાર સાથે સીધા સંબંધમાં રહેતા. આઝાદી પછી તો પંચાયતીરાજ હેઠળ જે તે વિસ્તારનાં ગામડાંઓ તે વિસ્તારનાં મુખ્ય નગરો સાથે અને વિશાળ વહીવટીય સ્વરૂપના એક એકમ તરીકે વિવિધ નગરો સાથેના સંબંધથી સંકળાયાં છે. ભારતના વિકાસલક્ષી આયોજનના અભિગમથી ગામ-નગર વચ્ચેના સંબંધો વહિવટી ક્ષેત્રે વધુ પાંગર્યા છે.

આમ ગ્રામ અને નગર સમુદાયો માનવ વસવાટના એક ક્રમિક વિકાસના તબક્કાની દૃષ્ટિએ જોતાં ભલે એકબીજાથી વિપરીત એવાં લક્ષણો ધરાવતાં હોય, પરંતુ બન્ને એકબીજા સાથે અંતર્ગત રીતે સંકળાયેલા હોય છે. કોહેન અને ઓપલર એવું દર્શાવે છે કે નગરના પૃષ્ઠપ્રદેશ સાથેનાં સંબંધોની બાબતમાં અલગ અલગ કાર્યોના સંદર્ભમાં અલગ અલગ પૃષ્ઠપ્રદેશ હોય છે. ધાર્મિક રીતે અમુક નગર આખા દેશમાંથી લોકોને આકર્ષી શકે છે, જ્યારે કે રોજબરોજની જરૂરિયાતો માટે ઉપયોગી વસ્તુઓ અને સેવાઓ પ્રાપ્ત કરવા માટે તે પોતાની નજીકનાં ગામડાંઓ ઉપર વધુ અવલંબે છે. વળી, નગર તેના વહીવટીય કાર્યની દૃષ્ટિથી તેથીય ભિન્ન વિસ્તારનો પૃષ્ઠપ્રદેશ ધરાવી શકે છે. આજ સત્ય ગ્રામ સમુદાયના નગર સમુદાય સાથેના સંબંધોને પણ લાગુ થાય છે.

## નગર સમુદાય અને ગ્રામ સમુદાય વચ્ચે તફાવત :

ગ્રામ અને નગર સમુદાયને સ્પર્શતાં કેટલાંક મુખ્ય પાસાંઓમાં પ્રવર્તતા અરસપરસના સંબંધોની સમજૂતી આપણને આ બન્ને પ્રકારના સમુદાયો એકબીજાથી અલિપ્ત નથી, પણ એક જ સમાજવ્યવસ્થાનાં અંગો હોય છે, તે દર્શાવે છે. તેમ છતાં આ બંને સમુદાયોની સ્થાનિક પરિસ્થિતિઓ અને વસ્તીની ગીચતા અને કદ સમાન ન હોવાથી તેમનું સામાજિક-સાંસ્કૃતિક પર્યાવરણ સરખું હોતું

નથી. ફળસ્વરૂપે ગ્રામ સમુદાયો અને નગર સમુદાયોમાં સામાજિક સંબંધો અને ક્રિયા-પ્રતિક્રિયાઓના ક્ષેત્રે એકબીજાથી ભિન્ન પ્રણાલિકાઓ વિકસતી હોય છે. એટલું જ નહિ પરંતુ માનવ વસાહતના પ્રકારો તરીકે ગ્રામ અને નગર સમુદાયમાં એકબીજાથી ભિન્ન એવી જીવનશૈલીનો વિકાસ થાય છે. આ ભિન્નતાઓ મહદ્ અંશે નગર અને ગ્રામસમુદાય વચ્ચે રહેલા તફાવતો સમજવામાં મદદરૂપ બને.

રિચાર્ડ ડેવી (Richard Dewey) ગ્રામ અને નગર સમુદાયોની તદ્દન ભિન્ન પ્રકારની સંસ્કૃતિ હોય છે, તે માન્યતાનો સ્વીકાર કરતા નથી. તેને સ્થાને તેઓ જણાવે છે કે નગર સમુદાયો અને ગ્રામ સમુદાયોમાં રહેતા લોકો અને તેમની સંસ્કૃતિને એકબીજાથી અલગ પાડી શકાય નહીં. આ બન્ને પ્રકારના સમુદાયો વચ્ચે જે કંઈ જીવનની ભિન્નતા જોવા મળે છે તે મુખ્યત્વે વસ્તીની સંખ્યા અને ગીચતાના અનુપાતમાં હોય છે, કારણ કે વસ્તીનું પ્રમાણ અને તેની ગીચતા લોકોના વલણો અને ક્રિયાઓમાં પરિવર્તન આણે છે. આથી જ તેઓ લૂઈ વર્થના નગરીય જીવનશૈલીના સિદ્ધાંતના અનુસંધાનમાં કહે છે કે લૂઈ વર્થે દેખીતી રીતે કેટલાક એવા સાંસ્કૃતિક મુદ્દાઓને પણ સમાવી લીધા છે, કે જે નગરીય વાતાવરણમાં તેમના ઉત્કર્ષ સ્વરૂપમાં મળી આવે છે. પરંતુ ગ્રામીણ વાતાવરણમાં તે જોવા મળતા નથી કે મહદ્ અંશે જ જોવા મળે છે. આથી જ રિચાર્ડ ડેવી (Richard Dewey) તેમના લેખ "ધ રૂરલ અર્બન કોન્ટિન્યમ"માં સામાજિક-સાંસ્કૃતિક જીવનની નિમ્ન પાંચ બાબતોમાં ગ્રામ તરફી સમુદાયોમાં ઘટતી જતી અને નગર તરફી સમુદાયોમાં વધતી જતી વસ્તી અને ગીચતાના અનુપાતમાં આવતા આનુક્રમિક ફેરફારોની વાત કરે છે.

ઘટતું જતું પ્રમાણ : વધતું જતું પ્રમાણ

1. અપરિચિતતા
2. શ્રમવિભાજનગ્રામીણ
   શ્રમવિભાજનને લીધે આવતું
   પચરંગીપણું
3. અપરિચિતતા અને નગરીય
4. અવૈયક્તિક અને ઔપચારિક
   હજી જાણીતા કરાયેલા
   સંબંધો
5. વૈયક્તિક પરિચિતતાથી
   સ્વતંત્ર એવા સામાજિક
   દરજ્જા પરત્વેનાં પ્રતીકો
   (symbols)

રિચાર્ડ ડેવી કહે છે કે ગ્રામીણ અને નાગરીય સમુદાયો વચ્ચે ઉપરોક્ત અગત્યની રૂએ જોવા મળતા તફાવતો આ બન્ને પ્રકારના સમુદાયોની ભિન્ન ભિન્ન લાક્ષણિકતાઓની પેદાશ હોતી નથી, પણ જે તે પ્રકારના સમુદાયની સાંસ્કૃતિક અને સ્થાનિક જરૂરિયાતોમાંથી વિકસે છે. તેમનું આ પ્રદાન નગર અને ગ્રામ સમુદાયો વચ્ચે જોવા મળતી ભિન્નતાઓ સમજવામાં ઉપયોગી થાય છે. હવે આપણે ટૂંકમાં ગ્રામ અને નગર સમુદાયો વચ્ચે રહેલા તફાવતોનું વિગતવાર વર્ણન કરીશું :

(1) ગ્રામ સમુદાયો તુલનાત્મક રીતે નાના હોય છે જ્યારે કે નગર સમુદાયો મોટા અને વિશાળ હોય છે.

નગર સમુદાયો અને ગ્રામ સમુદાયો વચ્ચેનો પ્રથમ દૃષ્ટિએ સ્પષ્ટ થતો તફાવત તેમના કદની બાબતમાં હોય છે. ગ્રામ સમુદાયો વસ્તીના કદ અને ભૂ-ભાગની દૃષ્ટિએ નાના સમુદાયો હોય છે. સમાજશાસ્ત્રીય દૃષ્ટિથી આ બાબત આ માટે મહત્ત્વની ગણાય છે કે તે સામાજિક પર્યાવરણના ક્ષેત્રે પરિણામજન્ય હોય છે. ગ્રામ સમુદાયના નાના કદને કારણે સમસ્ત ગ્રામજનો મોટે ભાગે એકબીજાને ઓળખતા હોય છે તથા પોતાના ગામના સીમાડાઓ ક્યાંથી શરૂ થાય છે તે જાણતા હોય છે. પરંતુ નગર સમુદાયો તેમની વસ્તી અને ભૌગોલિક પ્રદેશ વગેરેની બાબતમાં વિશાળ હોવાથી નગરજનો મોટે ભાગે અપરિચિત લોકો વચ્ચે નગરજીવન ગાળે છે અને કોઈપણ નગરવાસી બીજા સર્વ નગરજનોને ઓળખતો હોય તેવું બનતું નથી. વળી, નગરવાસીઓ નગરની ભૌગોલિક અથવા પ્રશાસનિક સીમાઓ પ્રત્યે પણ ગ્રામીણજનોની જેમ સભાન હોતા નથી.

આ ઉપરાંત ગ્રામ સમુદાયોમાં વસ્તીનું કદ નાનું હોવાથી સામુદાયિક જીવનનાં જુદાં જુદાં પાસાંઓને

સ્પર્શતા પ્રશ્નોના ઉકેલ માટે વૈપારિક ધોરણે અગર તો સામુદાયિક ધોરણે મોટા પાયા ઉપરના ઔપચારિક સંગઠનો, મંડળો અને સંસ્થાઓ વગેરે અસ્તિત્વમાં આવી શકતી નથી. પરંતુ નગર સમુદાયોમાં વિશાળ અને વૈવિધ્ય ધરાવતી વસ્તી હોવાથી એવાં સંગઠનો અને મંડળો માટે યોગ્ય પૂર્વ-પરિસ્થિતિ મળી આવે છે. માટે જ આજે નગરોમાં સ્કૂલો, ક્લબો, કૉલેજો, સિનેમાઘર, હૉસ્પિતાલ, પુસ્તકાલય, હોટલો અને બીજી અનેક પ્રકારની સંસ્થાઓ ઉપરાઉપરી વધતી જાય છે, પણ ગ્રામીણ સમુદાયોમાં તેમનો અભાવ દેખાઈ આવે છે.

DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY
LIBRARY
BOOK NO. SM-148
DATE 25/5/07
AHMEDABAD

2) ગ્રામ સમુદાયોમાં વસ્તીની ગીચતા ઓછી કે નહીંવત્ હોય છે. જ્યારે કે નગર સમુદાયોની વસ્તી ગીચ હોય છે.

કોઈપણ સમાજના કોઈપણ સમયના ગ્રામ અને નગર સમુદાય વચ્ચે વસ્તીની ગીચતાની બાબતમાં તુલના કરીએ તો એવું કહી શકાય કે ગ્રામ્ય સમુદાયોમાં વિશાળ ભૂ-ભાગ ઉપર ઘણી ઓછી સંખ્યામાંના લોકો રહેતા હોય છે, જ્યારે કે નગર સમુદાયોમાં એક નાનકડા ભૂ-ભાગ ઉપર સેંકડો અને હજારો લોકો કાયમી ધોરણે વસતા હોય છે. દા.ત., મુંબઈના ભૂલેશ્વર વિસ્તારની વાત કરીએ તો એક અંદાજ મુજબ ત્યાં પ્રતિ ચોરસ માઈલ આશરે આઠ લાખ જેટલા લોકો વસે છે. અમદાવાદ, સુરત, વડોદરા તથા રાજકોટના કેટલાક વિસ્તારોમાં પણ વસ્તીની ઊંચી ગીચતા સહેલાઈથી દેખાઈ આવે છે. વસ્તીની ગીચતાની બાબતમાં સોરોકીન અને ઝીમરમેન, પીટરમેન અને લૂઈ વર્થ વગેરે તો એવું પણ દર્શાવે છે કે નગરીયતા અને વસ્તીની ગીચતા સહગામી હોય છે.

ગ્રામ સમુદાયોમાં વસ્તી ઓછી ગીચ હોવાથી ત્યાં લોકોના વસવાટ અંગે અથવા તો લોકોને રહેઠાણની બાબતમાં સમાવવાથી ઉગ્ર પ્રશ્ન ઊભો થતો નથી. મોટે ભાગે નાનાં નાનાં મકાનોમાં ગ્રામવસ્તી સહેલાઈથી સમાઈ જાય છે. પરંતુ નગરોમાં નાના ભૂ-ભાગ ઉપર હજારોની સંખ્યામાં લોકો રહેતા હોવાથી વસવાટના ઉગ્ર પ્રશ્નો સર્જાય છે. એવા લોકોને સમાવવા માટે તેમ જ વિવિધ પ્રકારની વૈપારિક અને પ્રશાસનિક ક્રિયાઓ પૂરી પાડવા અર્થે નગરોમાં બહુમાળી મકાનો અને ભવનો બંધાય છે. આજે પાશ્ચાત્ય સમાજોનાં મહાનગરોમાં તો સો માળથી પણ ઊંચાં મકાનો જોવા મળે છે. જોકે ભારતમાં એટલા ઊંચાં મકાનો જોવા મળતા નથી. છતાં મુંબઈ, દિલ્હી, મદ્રાસ અને કલકત્તામાં બહુમાળી મકાનો એક સામાન્ય બાબત થઈ ગઈ છે. બીજા નગરોમાં પણ એવાં બહુમાળી મકાનો ઉત્તરોત્તર વધતા જાય છે. સુરત, રાજકોટ અને વડોદરામાં ઠેર ઠેર એવાં બહુમાળી મકાનો બંધાવા લાગ્યાં છે.

3) ગ્રામ સમુદાયોમાં વસ્તીની સમરૂપતા (Homogeneity) હોય છે જ્યારે કે નગર સમુદાયોમાં પંચરંગી (Heterogeneous) વસ્તી હોય છે.

વસ્તીના બંધારણ ક્ષેત્રે પણ ગ્રામ અને નગર સમુદાય વચ્ચે રહેલા તફાવત જોવા મળે છે. એટલે કે નગરની તુલનામાં ગ્રામ સમુદાયમાં સામાજિક-સાંસ્કૃતિક તથા જીવન મનોવલણોની દૃષ્ટિથી સમરૂપતા ધરાવતા લોકોની વસ્તી હોય છે. જ્યારે કે નગર સમુદાયમાં જેટલું મોટું નગર હોય છે, તેટલા જ ઊંચા પ્રમાણમાં ત્યાં વસ્તીના પંચરંગીપણાને અવકાશ રહે છે. ગ્રામીણ વસ્તી સીધી રીતે ખેતીવાડી સાથે સંકળાયેલી હોવાથી ધંધાકીય ક્ષેત્રે પણ વસ્તીની સમરૂપતા હોય છે, પરંતુ નગર સમુદાયોમાં નગર વિકાસ સાથે ઉત્તરોત્તર શ્રમવિભાજન અને શ્રમ વિશેષીકરણ અતિ આવશ્યક બાબત બની જાય છે. માટે ત્યાંની વસ્તીમાં આર્થિક ક્રિયાઓના ક્ષેત્રે વિભેદીકરણ એક સામાન્ય બાબત હોય છે. નગરમાં એક જ કુટુંબના સભ્યો આર્થિક ઉત્પાદનના ક્ષેત્રે જુદાં જુદાં ક્રિયાઓમાં રોકાયેલા હોય છે, જ્યારે કે ગ્રામ કુટુંબના સમસ્ત લોકો એક જ ધંધામાં રહી પોતાના નિર્વાહ અર્થે વસ્તુઓ અથવા સેવાઓનું સર્જન કરતા હોય છે.

ગ્રામીણ વસ્તીની સમરૂપતા માન્યતાઓ, વલણો, વ્યવહારની રીતભાતો અને પારસ્પરિક અપેક્ષાઓની બાબતોમાં જોવા મળે છે. આ જાતની સમરૂપતા ટકી રહે તેવી પરિસ્થિતિઓ નગર સમુદાયોમાં રહેતી નથી, કારણ કે ત્યાં જુદી જુદી સામાજિક સાંસ્કૃતિક પૃષ્ઠભૂમિ ધરાવતા લોકો એકી સાથે રહેતા હોય છે અને સ્થળાંતર વડે આવતા લોકોની ઉપસ્થિતિથી ઉત્તરોત્તર વસ્તીના પંચરંગીપણાને પોષણ આપે તેવી પરિસ્થિતિ મજબૂત થતી જાય છે.

4) ગ્રામ સમુદાયો કૃષિપ્રધાન હોય છે, જ્યારે કે નગર સમુદાયોમાં કૃષિ સિવાયની આર્થિક ક્રિયાઓ થતી હોય છે.

ધંધાકીય બાબતોમાં આપણે આગળ જોયું તે પ્રમાણે ગ્રામ સમુદાયોની વસ્તી સીધી રીતે ખેતીવાડી અને તેની સાથે સંકળાયેલા ધંધાઓમાં રોકાયેલી હોય છે. પરંતુ નગર સમુદાયોમાં પ્રમુખ વ્યવસાયો અને આર્થિક ક્રિયાઓ એવી હોય છે કે જે સીધી રીતે ખેતીવાડી સાથે સંકળાયેલી હોતી નથી. નગર

સમુદાયોમાં લોકો મુખ્યત્વે ઔદ્યોગિક મજૂરી, વેપારિક ક્રિયાઓ, શ્વેત ધંધાઓ અગર તો વેપારિક ધોરણે સેવાઓ પૂરી પાડતી સંસ્થાઓમાં સક્રિય રીતે જોડાયેલા હોય છે.

એક અન્ય રીતે જોઈએ તો ગ્રામીણ વ્યક્તિ ખેતીવાડીને લગતી વિવિધ જરૂરિયાતો સંતોષવાનાં કાર્યોમાં પોતે આવશ્યક કૌશલ્ય ધરાવતી હોય છે. ગ્રામીણ વ્યક્તિ બિયારણ માટે ખેતર તૈયાર કરવાના કાર્યથી લઈ પાકની વાવણી અને મેળવેલા પાકના વેચાણ પરત્વેનાં સમસ્ત કાર્યો પોતે જ કરતી હોય છે. પરંતુ નગર સમુદાયોમાં કોઈપણ આર્થિક ક્રિયા સંપૂર્ણપણે એક જ વ્યક્તિ અથવા કુટુંબ દ્વારા થતી હોય એવું ભાગ્યે જ બને છે. આ અર્થમાં ગ્રામ સમુદાયોની તુલનામાં નગર સમુદાયોમાં શ્રમવિભાજન અને શ્રમનું વિશિષ્ટીકરણ તેના સૂક્ષ્મથી સૂક્ષ્મ સ્વરૂપમાં જોવા મળે છે. વળી, ગ્રામીણ સમુદાયોમાં ખેતીવાડી કૌટુંબિક ધંધો હોય છે. કુટુંબના સમસ્ત લોકો તેમાં રોકાયેલા હોય છે. એટલું જ નહીં પણ પેઢી-દર-પેઢી તે ધંધો ચાલતો આવે છે. આ જ હકીકત હુન્નર ઉદ્યોગોમાં રોકાયેલા કુટુંબોને લાગુ થાય છે. પરિણામ સ્વરૂપ ગ્રામીણ સમુદાયોમાં વ્યક્તિ મોટા ભાગે ધંધાકીય તાલીમ કુટુંબમાં જ ઔપચારિક ધોરણે પ્રાપ્ત કરી લે છે. તે બાળપણથી જ પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે કૌટુંબિક ધંધામાં ભાગ લેતા થઈ જાય છે. પરંતુ નગર સમુદાયોમાં આથી તદ્દન જુદી પરિસ્થિતિ પ્રવર્તતી હોય છે. ત્યાં કુટુંબ અને ધંધાકીય બાબતો વચ્ચે ભાગ્યે જ સીધો કે આડકતરો સંબંધ જોવા મળતો હોય છે. એક જ કુટુંબના સભ્યો અલગ અલગ પ્રકારની આર્થિક ક્રિયાઓ કરતા હોય છે તેમજ પેઢી-દર-પેઢી પણ ધંધા કે વ્યવસાયની સમરૂપતા સચવાઈ રહેતી નથી. આ અર્થમાં ધંધાકીય ક્ષેત્રે નગર સમુદાયોમાં વસતાં કુટુંબો મોટે ભાગે આર્થિક ઉત્પાદનના એક એકમ રૂપ કાર્ય કરતાં હોય છે.

હકીકતમાં ગ્રામીણ સમુદાયોમાં ખેતીવાડી અને પરંપરાગત હુન્નરઉદ્યોગો જ મુખ્ય ધંધાઓ હોવાથી ત્યાં ધંધાકીય વૈવિધ્ય અને પરિવર્તન માટેની જરૂર પરિસ્થિતિઓ મળી આવતી નથી. પરંતુ નગર સમુદાયોમાં આર્થિક ક્રિયાઓના વૈવિધ્ય માટેની અનુકૂળ અને વિશાળ તકો પ્રવર્તતી હોય છે. તે ઉપરાંત ધંધાકીય કૌશલ્ય પ્રાપ્ત કરવા માટે જરૂરી તાલીમ આપતી વિવિધ સંસ્થાઓ પણ કામ કરતી હોય છે. આથી ત્યાં ગ્રામ સમુદાયોની તુલનામાં ધંધાકીય વૈવિધ્ય અને પરિવર્તન માટેની સર્વ અનુકૂળ પરિસ્થિતિઓ મળી આવતી હોય છે, એટલું જ નહીં પરંતુ વ્યક્તિ પોતાની યોગ્યતા અને કૌશલ્યતા ઉત્તરોત્તર વિકાસ કરી ધંધાકીય ક્ષેત્રે ઊભી ગતિશીલતા હાંસલ કરી શકે છે. પણ ગ્રામ સમુદાયમાં એવી ગતિશીલતા માટેની યોગ્ય પરિસ્થિતિ મળી આવતી નથી.

5) નગર સમુદાયોની તુલનામાં ગ્રામ સમુદાયોમાં સામાજિક વૈવિધ્ય અને સ્તરીકરણ તેના તીવ્ર સ્વરૂપમાં જોવા મળતું નથી.

ગ્રામ અને નગર સમુદાયો વચ્ચેનો એક અન્ય તફાવત સામાજિક વૈવિધ્ય અને સ્તરીકરણના ક્ષેત્રે જોવા મળે છે. સામાન્ય રીતે ગ્રામ સમુદાયોમાં આવક, રહેણીકરણી, જરૂરિયાતો અને આકાંક્ષાઓ વગેરેની બાબતોમાં ઝાઝી વિષમતાઓ જોવા મળતી નથી, જ્યારે કે નગર સમુદાયોમાં આવી વિષમતાઓ તેમના તીવ્ર સ્વરૂપમાં અભિવ્યક્તિ થતી હોય છે. જો કે આ કહેવા પાછળનો આશય એવો નથી કે ગ્રામ સમુદાયોમાં સામાજિક અસમાનતાઓ કે વિષમતાઓ હોતી નથી. ગરીબ અને અમીર વચ્ચેનો ભેદ ત્યાં પણ હોય છે, છતાં મોટા ભાગની વસ્તીમાં રોજબરોજના જીવનમાં આવી વિષમતાઓ તેમના તીવ્ર સ્વરૂપમાં અભિવ્યક્ત થતી નથી. દા. ત., ગ્રામ સમુદાયોમાં અમીર અને ગરીબ લોકોના રહેઠાણના વિસ્તારો નગર સમુદાયોની જેમ અલગ અલગ રીતે વિકસી આવતા નથી. વળી શ્રીમંતના આલીશાન બંગલાઓ તથા ગરીબોની ઝૂંપડપટ્ટીઓ જેવાં મકાનો પણ ત્યાં દેખાતાં નથી, જ્યારે કે નગર સમુદાયો તરફ નજર નાખતાં જ એવી વિષમતાઓ સહેલાઈથી દેખાઈ આવે છે. વર્ગ-ભેદને કારણે નગર સમુદાયોમાં ક્લબો, સ્કૂલો અને અન્ય સગવડોના ક્ષેત્રે પણ એવી વિષમતાઓ પ્રવર્તતી હોય છે, જ્યારે કે ગ્રામ સમુદાયોમાં તે સંસ્થાકીય સ્તરે જોવા મળતી નથી. દા. ત., અમીર અને ગરીબ કુટુંબોનાં બચ્ચાંઓ એકજ સ્કૂલમાં સાથોસાથ ભણતાં હોય છે, તેમજ તેમના મનોરંજન માટેનાં સાધનો અને સંસ્થાઓ પણ મોટે ભાગે સમાન હોય છે.

વળી, ગ્રામીણ સમુદાયોમાં લોકો એકબીજાને સારી રીતે ઓળખતા હોવાથી એકબીજાના સામાજિક દરજ્જા અને પ્રતિષ્ઠાને નક્કી કરવા માટે બાહ્ય રીતે દેખાઈ આવે એવી ભૌતિક વસ્તુઓ કે વેશભૂષા ઉપર આધાર રાખતા નથી. પરંતુ નગર સમુદાયોમાં વસ્તીની વિશાળતા અને ગીચતાને કારણે વ્યક્તિ અપરિચિતતાના વાતાવરણમાં રહે છે. તેથી પોતે અન્ય નગરવાસીઓ સાથેના સંપર્ક દરમ્યાન તેમના દરજ્જા પરત્વેનો અનુમાન ભૌતિક વસ્તુઓ, બોલચાલ અને વેશભૂષા વગેરે જેવાં બાહ્ય પ્રતિકોને આધારે કરે છે. ગ્રામ્ય સમુદાયોમાં કુટુંબ અને સગપણનો જૂથ પણ વ્યક્તિની પ્રતિષ્ઠા અને દરજ્જો નક્કી કરવામાં આગવ ભાગ ભજવે, જ્યારે કે નગર સમુદાયોમાં તે ગૌણ બની જાય છે અને

વ્યક્તિએ પોતે હાંસલ કરેલી સિદ્ધિઓ મોખરે રહે છે. બીજા શબ્દોમાં કહીએ તો ગ્રામ્ય સમુદાયોમાં અર્પિત દરજ્જાનું પ્રાધાન્ય રહે છે, જ્યારે કે નગર સમુદાયોમાં પ્રાપ્ત દરજ્જાનું મહત્ત્વ વધી જાય છે.

6) ગ્રામ્ય સમુદાયોમાં સ્થળકીય, ધંધાકીય અને અન્ય પ્રકારની સામાજિક ગતિશીલતા નગર સમુદાયોની તુલનામાં ઓછી કે નહિવત્ જોવા મળે છે.

વસ્તીની સામાજિક ગતિશીલતાની બાબતમાં જોઈએ તો ગ્રામ્ય સમુદાયથી નગર સમુદાયો તરફ વસ્તીનું સ્થળાંતર એક સાર્વત્રિક પ્રવાહ દર્શાવે છે. પરંતુ નગર સમુદાયોથી ગ્રામ્ય સમુદાયો તરફ વસ્તીનું સ્થળાંતર ખૂબ જ નજીવા પ્રમાણમાં જોવા મળે છે. વળી, ગ્રામ્ય સમુદાયમાં અંદરોઅંદર પણ વસ્તીના રહેઠાણ, ધંધા અગર તો સામાજિક દરજ્જાના ક્ષેત્રે ખૂબ ઓછી ગતિશીલતા જોવા મળે છે. પરંતુ નગર સમુદાયોમાં વ્યક્તિની આડી અને ઊભી ગતિશીલતા વધુ મોટા ફલક ઉપર જોવા મળે છે. ત્યાં એક પડોશમાં માફક ન આવવા પર વ્યક્તિ અન્યત્ર રહેવા જવાનો નિર્ણય કરતાં અચકાતી નથી. વળી, પોતાના મોભા સાથે સુસંગત રહે એવા વિસ્તારોમાં જવા માટે પણ પ્રયત્નશીલ રહે છે. ખાસ કરીને વ્યક્તિ જેમ જેમ સમૃદ્ધ થતી જાય છે તેમ તેમ પોતાની પ્રતિષ્ઠાને શોભે એવા નવા વિસ્તારો, જૂથો અને મંડળો વગેરેનું સભ્યપદ હાંસલ કરે છે, અને જૂના પડોશ, જૂથો કે મંડળોનું સભ્યપદ વિના સંકોચે જતું કરે છે. આ જ રીતે નગર સમુદાયોમાં પોતે જે વ્યક્તિઓ ઉપર આશ્રિત રહે છે તેમની સાથેના સંબંધમાં પણ ફેરફાર કરતી રહે છે. એટલે કે બદલાયેલી પરિસ્થિતિઓમાં નવી વ્યક્તિઓ ઉપર આશ્રિત રહેતી થતી હોવા પર તેમની સાથે ગાઢ સંબંધો બાંધે છે અને જૂની વ્યક્તિઓ સાથેના સંબંધો સદંતર તોડી લે છે કે તેમને પાતળા બનાવી લે છે. ઘણી વખતે એવું બનવા પાછળનું એક કારણ આ પણ હોય છે કે ગ્રામ્ય સમુદાયોનું કદ તુલનાત્મક રીતે ઘણું નાનું હોવાથી વ્યક્તિ સમક્ષ પોતાના જૂના પડોશીઓ કે સાથીદારો સાથેના સંબંધો જાળવી રાખવામાં કશી આવડત ઊભી થતી નથી. પરંતુ નગર સમુદાયોનું કદ ઘણું વિશાળ હોવાથી એક પાડોશથી બીજા પાડોશમાં કે એક ધંધાથી બીજા ધંધામાં જવા પર જૂના પડોશીઓ કે સાથીઓ જોડે સંબંધો ટકાવી રાખવા લાંબા સમય સુધી શક્ય બની શકતું નથી.

વળી, એક બીજી રીતે જોઈએ તો નગર સમુદાયોમાં અને ખાસ કરીને મહાનગરો તથા ઔદ્યોગિક નગરોમાં હજારો લોકો ધંધા અને બીજાં અનેક કારણોસર આસપાસના ગ્રામ્યવિસ્તારો અને નાનાં નાનાં નગરોથી રોજેરોજ આવ-જા કરતા હોય છે. આથી નગરોની દિવસની વસ્તી રાતની વસ્તી કરતાં ઘણી વધારે હોય છે. પરંતુ ગ્રામ્ય સમુદાયોમાં દૈનિક પ્રવાસીની ઘટના એવા પ્રચંડ રૂપમાં જોવા મળતી નથી. આમ, ગ્રામ્ય સમુદાયોની તુલનામાં નગર સમુદાયોમાં સામાજિક ગતિશીલતા તેના અનેકાનેક રૂપમાં પ્રવર્તતી હોય છે. પરંતુ ગ્રામ્ય સમુદાયોમાં લોકોના જીવનમાં મોટે ભાગે સ્થાયિત્વ કે સ્થગિતતા જોવા મળે છે.

7) ગ્રામ્ય સમુદાયોમાં એક વ્યક્તિના અન્ય વ્યક્તિઓ સાથેના સંપર્કો તુલનાત્મક દૃષ્ટિથી જૂજ કે ઘણી ઓછી વ્યક્તિઓ સાથે હોય છે, જ્યારે કે નગર સમુદાયોમાં વ્યક્તિ હરહંમેશ અનેકાનેક વ્યક્તિઓના સંપર્કમાં આવે છે.

સમાજશાસ્ત્રીય દૃષ્ટિથી ગ્રામ્ય અને નગર સમુદાયો વચ્ચે રહેલો તફાવત સામાજિક સંપર્કો અને સંબંધોના ક્ષેત્રે પણ જોવા મળે છે. ગ્રામ્ય સમુદાયોના નાના કદ અને ઓછી વસ્તીને કારણે વ્યક્તિ જે વ્યક્તિઓને મળે છે અને જેમના સંપર્કમાં આવે છે તેમની સંખ્યા ઘણી ઓછી હોય છે. વળી, તે જે વ્યક્તિઓને મળે છે તેમને જીવનના કેટલાક જુદા જુદા સંદર્ભોમાં મળે છે. આથી ત્યાં એક વ્યક્તિના બીજી વ્યક્તિઓ સાથેના સંબંધો બહુમુખી તથા વિવિધ રીતે પારસ્પરિક આશ્રિતતાના હોય છે. માટે ગ્રામજનોના એકબીજા સાથેના સંબંધો પ્રાથમિક, અનૌપચારિક અને લાંબા ગાળાના હોય છે. પરંતુ નગર સમાજમાં વ્યક્તિના સંપર્ક અલગ અલગ પરિસ્થિતિઓમાં જુદી જુદી વ્યક્તિઓ સાથેના હોય છે. એકી વખતે વ્યક્તિ સેંકડો અને હજારો વ્યક્તિઓ સામેથી પસાર થાય છે. આમાંની કોઈ પણ વ્યક્તિ સાથે તેની ઓળખાણ ન હોય એવું પણ બની શકે છે. વળી, વ્યક્તિ જે કોઈ વ્યક્તિના સંપર્કમાં આવે છે. તેની સાથેનો તેનો સંબંધ કોઈ ખાસ હિત અથવા સંદર્ભ પૂરતો જ મર્યાદિત રહે છે. પરિણામે તે જે તે વ્યક્તિને તેની વ્યક્તિમત્તાના અમુક પૈસાના સંદર્ભમાં જ ઓળખતી હોય છે. દા. ત., વિદ્યાર્થી તેમના શિક્ષકને માત્ર શિક્ષક તરીકે જ જાણતા હોય છે કે દર્દી એક ડૉક્ટરને માત્ર ડૉક્ટર તરીકે જ ઓળખતો હોય છે, આ જ બાબત પોલીસ, બસ ડ્રાઈવર, કન્ડક્ટર, નર્સ, ઔદ્યોગિક મજૂર કે એક દફતરમાં કામ કરતા કર્મચારીઓને લાગુ થાય છે. વળી, નગર સમુદાયમાં વ્યક્તિ તેના રોજબરોજના જીવનમાં એટલી બધી વ્યક્તિઓના સંપર્કમાં આવે છે કે તેમાંની સૌ કોઈ સાથે અંગત સંબંધો બાંધી તેમના જીવનમાં ભાગ લેવો જે તે વ્યક્તિ માટે શક્ય બની

શકતું નથી. એવી પરિસ્થિતિ વચ્ચે નગર સમુદાયના લોકોના બીજા નગરવાસીઓ સાથેના સામાજિક સંબંધો ઉપરછલ્લા, ઔપચારિક, ધ્યેય પૂરતા અને ટૂંકા ગાળાના હોય છે. એટલું જ નહીં પણ એવા નબળા સંબંધો વચ્ચે પણ સામાજિક વ્યવસ્થા અને બીજાનાં હિતો સચવાઈ રહે તે આશયથી ત્યાં સામાજિક નિયંત્રણનાં દ્વૈતીયિક અને ઔપચારિક સાધનોનું પ્રાધાન્ય વધી જાય છે, જ્યારે કે ગ્રામ્ય સમુદાયોમાં મોટે ભાગે પરંપરાગત અને અનૌપચારિક રીતે સામાજિક નિયંત્રણ લાવતાં સાધનોનું વર્ચસ્વ ટકી રહે છે.

સોરોકિન અને ઝીમરમેન (Sorokin and Zimmerman) કેટલાંક અગત્યનાં પરિવર્ત્યોના સંદર્ભમાં ગ્રામ્ય જગત અને નગર જગત (Rural world and urban world) વચ્ચે રહેલી તફાવતોની વિગતવાર સમજૂતી આપે છે. તેમનાં મંતવ્યોને સંક્ષિપ્તમાં નીચે મુજબ રજૂ કરી શકાય છે.

| | | ગ્રામ્ય જગત<br>**(Rural World)** | નગર જગત<br>**(Urban World)** |
|---|---|---|---|
| 1. | ધંધો અગર વ્યવસાય | કૃષકો અને તેમનાં કુટુંબો અહીંયાં રહેતાં હોય છે. બિનખેતીવાડી વિષયક ધંધાઓમાં રોકાયેલા લોકનું નહિવત્ પ્રમાણ હોય છે. | બિનખેતીવાડી વિષયક ધંધાઓ જેવા કે વેપાર, ઔદ્યોગિક ક્રિયાઓ, વાણિજ્ય, શ્વેત ધંધાઓ, અને સરકારી દફતરોમાં કામ કરતા લોકો રહેતા હોય છે. |
| 2. | વાતાવરણ | કુદરત સાથે પ્રત્યક્ષ સંબંધ હોય છે અને સામાજિક-માનવીય વાતાવરણ ઉપર કુદરતી વાતાવરણનું વર્ચસ્વ હોય છે. | કુદરતી વાતાવરણથી તુલનાત્મક રીતે અલગતાનું પ્રમાણ વધારે હોય છે. હકીકતમાં કુદરતી વાતાવરણ ઉપર માનવસર્જિત વાતાવરણનું પ્રભુત્વ ઉત્તરોત્તર વધતું જાય છે. |
| 3. | સમુદાયનું કદ | નાના કદના સમુદાયો હોય છે. | તુલનાત્મક રીતે દરેક સમયે અને સમાજમાં નગર સમુદાયનું કદ વિશાળ હોય છે. |
| 4. | વસ્તીની ગીચતા | દરેક સમાજમાં અને દરેક સમયે નગર સમુદાયની તુલનામાં ગ્રામ્ય સમુદાયમાં વસ્તીની ઘણી ઓછી ગીચતા હોય છે. | ગ્રામ્ય સમુદાયની તુલનામાં વસ્તીની ગીચતા ઊંચી હોય છે. હકીકતમાં વસ્તીની ગીચતા અને નગરીયતાનું પ્રમાણ સહગામી હોય છે. |
| 5. | વસ્તીની સમરૂપતા અને પચરંગીપણું | નગર સમુદાયની તુલનામાં ગ્રામ્ય સમુદાયની વસ્તી સામાજિક-સાંસ્કૃતિક અને માનસશાસ્ત્રીય બાબતોમાં સમરૂપતા ધરાવતી હોય છે. | નગર સમુદાયોની વસ્તી પંચરંગી અને વૈવિધ્ય ધરાવતી હોય છે. |
| 6. | સામાજિક ભિન્નતા અને સ્તરીકરણ | ગ્રામીણ સમુદાયમાં તુલનાત્મક રીતે સામાજિક ભિન્નતા અને તીવ્ર વર્ગભેદ હોતો નથી. | સામાજિક ભિન્નતા અને વર્ગ-ભેદ વધતી જતી નગરીયતા સાથે તીવ્ર બનતું જાય છે. |
| 7. | ગતિશીલતા | વસ્તીની ભૌગોલિક, ધંધાકીય અને અન્ય પ્રકારની ગતિલતા તુલનાત્મક રીતે ઘણી ઓછી હોય છે. | અહીંયાં ભૌગોલિક ધંધાકીય અને અન્ય પ્રકારની સામાજિક ગતિશીલતાનું પ્રમાણ વધુ ઊંચું હોય છે. |
| 8. | સામાજિક આંતરક્રિયાની પ્રણાલિકા | ગ્રામ્ય સમુદાયમાં વ્યક્તિના તુલનાત્મક રીતે ઓછી વ્યક્તિઓ સાથેના સંપર્કો | અહીંયાં વ્યક્તિના ઘણી વધુ વ્યક્તિઓ સાથે સંપર્કો થાય છે. તેથી તેની સામાજિક |

| | |
|---|---|
| હોય છે. આથી તેની સામાજિક આંતક્રિયાઓનું ક્ષેત્ર નાનું અગર તો સાંકડુ (narrowr) હોય છે. તેથી ગ્રામીણ વ્યક્તિના અન્ય વ્યક્તિઓ સાથેના સંબંધોમાં પ્રાથમિક સંબંધોનું પ્રધાન્ય હોય છે તે ઉપરાંત સંબંધોમાં સાદગી, આત્મીયતા અને ઔપચારિક્તાનાં તત્ત્વો તરી આવે છે. | આંતરક્રિયાઓનું ક્ષેત્ર વિશાળ હોય છે. મોટા ભાગે બીજી વ્યકતિઓ સાથેના સંબધોમાં દ્વૈતીયિક, ટૂંકજીવી અને ઔપચારિક સંબંધોનું પ્રાધાન્ય હોય છે. વળી, સંબંધોમાં ઉપરછલ્લાપણું અને પોતાનાં હિતોનું વર્ચસ્વ દેખાઈ આવે છે. |

આમ, આપણે જોયું કે નગર સમુદાયો અને ગ્રામ્ય સમુદાયો વચ્ચે પારસ્પરિક સંબંધો હોવા છતાં તેમનાં શુદ્ધ સ્વરૂપમાં રહેલાં કેટલાંક વિશિષ્ટ લક્ષણોને કારણે આ બંને પ્રકારના સમુદાયો વચ્ચે તફાવતો પણ હોય છે. આ ફાવતો નગર સમુદાયોના ઔદ્યોગીકરણ તથા નગરી વિકાસ સાથે વધુ ને વધુ તીવ્ર થતા જાય છે. જોકે એવું માનવું કે ગ્રામીણ સમુદાયોમાં નગરીય તત્ત્વો અને નગર સમુદાયમાં ગ્રામીણ તત્ત્વોના સર્વદા અભાવ હોય છે તે યોગ્ય લેખાશે નહીં. ઉપરોક્ત તફાવતો આગળ જોઈ ગયા તે પ્રમાણે આ બન્ને પ્રકારના સમુદાયોના આદર્શ-પ્રરૂપો (Ideal Types) તરફ જ દિશાસૂચન કરે છે.

## રૂર્બેનાઈઝેશન (Rurbanization) :

નગર અને ગ્રામ્ય સમુદાયો તેમના પ્રશાસનિક વિસ્તાર ને જીવનશૈલીના આદર્શ-પ્રરૂપ એક-બિજાથી ભિન્ન પાડી શકાય છે. પરંતુ ભૌગોલિક નિકટતા અને વાસ્તવિક જીવનના ક્રિયા કલાપ ને લક્ષ્યમાં લેતાં એવા વિસ્તારો પણ દેખાઈ આવે છે કે જેમને ગ્રામીણ અને નગરીય પરિમાણોને આધારે એકબીજાથી અલગ પાડી શકાતું નથી. એટલે કે એ વિસ્તારોમાં ગ્રામીણ અને નગરીય તત્ત્વો એકબીજામાં ભળી જાય છે. સમાજશાસ્ત્રીય દૃષ્ટિથી આ વિસ્તારોની સમજ સૌથી પ્રથમ 1918માં સી. જે. ગાલપિન (C. J. Glapin) એ તેના પુસ્તક રૂરલ લાઈફ (Rural life) માં આપી છે. તેઓએ (Galpin) આ ગ્રામીણ અને નગરીય તત્ત્વો એકબીજામાં ઓતપ્રોત અને ભળી જાય તેવા વિસ્તારોમાં જોવા મળતી આ સંમિશ્રણ દર્શાવતી પ્રક્રિયા માટે 'રૂર્બેનાઈઝેશન'ની ઉપમા આપી છે અને એવા વિસ્તારને 'રૂર્બન (Rurban) તરીકે ઓળખાવ્યા છે.

આજે માત્ર વિકસિત દેશોમાં જ નહીં પરંતુ વિકાસશીલ દેશોમાં પણ નગર અને ગ્રામ્ય જીવનશૈલી વચ્ચેનો ભેદ ધીમે-ધીમે અલોપ થવા લાગ્યો છે. આજે લાખો લોકો ગામડાઓમાં રહે છે તેમ છતાં પોતાના રોજગાર અને જીવન શૈલીની જરૂરિયાતો માટે આસપાસના નગર ઉપર સીધો આધાર રાખે છે. આ લોકો રોજેરોજ સવારના પોતાના ગામથી શહેરમાં આવે છે અને સાંજના ઘેરે પાછા વળે છે. તેઓ નગરમાં ઉપલબ્ધ વિવિધ સગવડો, જેવી કે રોજગારીની તકો, હૉસ્પિતાલ, બૅન્ક, વિમા કમ્પની, ખરીદ વેચાણની વૈપારિક પેઢીઓ, ડીપાર્ટમેન્ટલ સ્ટોર, સ્કૂલ અને કૉલેજો-વિશ્વ વિદ્યાલય અને થિયેટર વગેરેનાં શહેરી લોકોની જેમ જ લાભ લે છે. આ સર્વ તકોનું ગામડાઓમાં રહેતા પણ નગરમાં રોજ આવ-જા ન કરતા ખેડૂતો પણ પ્રસંગોપાત લાભ લે છે.

જે રીતે ગ્રામીણ લોકો, ખાસ કરીને 'રૂર્બન' વિસ્તારના, શહેરી સગવડોનો લાભ લે છે તેજ રીતે નગરવાસીઓ પણ નગરની આસપાસના ગ્રામીણ વિસ્તારમાંથી લાભ લે છે. ખાસ કરીને દૂધ, શાકભાજી, ઈંડા વગેરે જેવી રોજ જરૂરિયાતની વસ્તુઓ મહદઅંશે આ રૂર્બન વિસ્તારમાંથી જ નગરવાસીઓને ઉપલબ્ધ થાય છે. મુંબઈ, પૂના, ઔરંગાબાદ, અમદાવાદ, સુરત, વડોદરા, આણંદ, રાજકોટ વગેરે જેવા તમામે તમામ મોટા નગરોની આસપાસના ગ્રામીણ વિસ્તારોમાંથી દૂધ અને શાકભાજીના ટેમ્પા તથા ખટારા નગર ભણી વહેલી સવારે આવે છે.

ઉપરોક્ત વાસ્તવિક્તા વચ્ચે નગર અને ગ્રામ્ય વચ્ચેનો સામાજિક ભેદ ધંધાકીય બાબતો સિવાય જીવનશૈલીના ક્ષેત્રે ભાગ્યે જ જોવા મળે છે. નગરની આસપાસ આવેલાં ગ્રામીણ લોકો નગરોન્મુખી થઈ જાય છે અને તેની છાંટ વ્યવસાયિક અભિગમ અને જીવનશૈલીના ક્ષેત્રે સ્પષ્ટ દેખાઈ આવે છે. આ અર્થમાં "રૂર્બન" પ્રદેશો પરિસ્થિતિ-શાસ્ત્રીય દૃષ્ટિથી એક જ ભાતના હોય છે. આ એક એવો વિસ્તાર હોય છે કે જે સંપૂર્ણ પણે નગરીય હોતો નથી પણ નગરના વર્ચસ્વ હેઠળ હોય છે અને તેના

લોકોનું ક્રિયા કલાપ નગરકેન્દ્રિત હોય છે. આ વિસ્તાર અંગે બર્ગેલ (Bergel) જણાવે છે કે ત્યાંના મોટા ભાગના લોકોનો ધંધો કૃષિ સાથે સંકળાયેલો હોય છે, પરંતુ તેમના જીવનની ઢબ નગરીય હોય છે. અર્નેસ્ટ બર્ગેસના "કોન્સેન્ટ્રીક્ઝોન સિદ્ધાન્ત" હેઠળ દર્શાવેલા નગરના જૂદા જૂદા ફરતો વિસ્તારોમાંથી "કમ્પ્યુર્સ-ઝોન" અને તેને ફરતે અડીને આવેલો ગ્રામીણ વિસ્તાર "રૂર્બન" પ્રદેશ તરીકે ઓળખાવી શકાય છે. ટૂંકમાં "રૂર્બન" પ્રદેશનાં પ્રમુખ લક્ષણો નીચે મુજબ તારવી શકાય છે:

1. "રૂર્બન" વિસ્તાર નગરો અને મહાનગરોની પૃષ્ઠ ભૂમિની અડોઅડ એવો ગ્રામીણ વિસ્તાર હોય છે કે જ્યાંના રહીશોના જીવનમાં નગરીય જીવનની છાંટ હોય છે.
2. આ વિસ્તારના લોકો જીવનની વિવિધ સગવડો, મહદ અંશે રોજગાર અને આધુનિક સેવાઓ માટે નગરો ઉપર સિધો આધાર રાખે છે. તેઓ અનેકાનેક રીતે પાસેના નગરથી લાભાન્વિત થાય છે.
3. આ વિસ્તારમાં રહીને આજીવિકા પ્રાપ્ત કરતા લોકો મોટે ભાગે કૃષિ સાથે સંકળાયેલા હોય છે. પરંતુ તેમનાં વ્યાવસાયિક વલણો અને જીવનશૈલી નગરીય ઢબની હોય છે.
4. આ વિસ્તારો ઉપર નગરનું સિધું વર્ચસ્વ હોય છે. નગરની વ્યાપક અસરોને લીધે ત્યાંની જમીનની કિંમત અન્ય ગ્રામીણ વિસ્તારો કરતાં ઘણી ઊંચી હોય છે.
5. નગરવાસીઓ પણ આ વિસ્તારોમાં કૃષિ ક્ષેત્રે થતી વસ્તુઓ અને અન્ય ઉત્પાદનનો બહોળો લાભ લે છે. નગરનાં કારખાનાંઓ, દફતરો એન વૈપારિક પેઢીઓ વગેરેમાં જરૂરી કામ અને સેવા આપતા સેંકડો લોકો નગરને આ વિસ્તારમાંથી પણ મળી રહે છે.
6. "રૂર્બન" વિસ્તારની જમીનનું મહત્ત્વ અગાઉથી જ જોઈ ઘણા નગરવાસીઓ અને ઔદ્યોગિક એકમો અગતરીપૂર્વક આ વિસ્તારની જમીન ઉપર માલિકી પ્રાપ્ત કરતાં હોય છે.

## કોનરબેશન (Conurbation) :

નગર સમાજશાસ્ત્રમાં "ર્ર્બેનાઈઝેશન"થી સંલગ્ન એવી એક અન્ય મહત્ત્વની વિભાવના કોનરબેશન-વિસ્તાર અંગેની છે. યાતાયાતના સાધનોના વિકાસની સાથે જ્યારે તુલનાત્મક રીતે દૂર આવેલાં ગામડાંઓથી રોજેરોજ નગરમાં આવી શકાય અને તેજ દિવસે પાછા વળી શકાય એવું શક્ય બનવા લાગ્યું ત્યારે નગરના પૃષ્ઠ પ્રદેશમાં આવેલાં એવા દૂર દરના ગામડાઓના વિસ્તારને સમજાવવા અર્થે કોનરબેશન-વિસ્તારની વિભાવના અસ્તિત્વમાં આવી. મોટે ભાગે એવો વિસ્તાર મહાનગરની ચારે દિશાઓમાં 20 થી 30 કિલો મીટરની પરિધીમાં ફેલાયેલો હોય છે. જો કે અવરજવરના ઝડપી અને સુગમ સાધનો જે સમાજોમાં ઉપલબ્ધ છે ત્યાં આ વિસ્તાર તેનાથી પણ દૂર-દૂરનાં ગામડાંઓને આવરી લે છે. પ્રાણબરંજન રેના અભ્યાસનું સેરામપુર (Serampore) કે જે ભગીરથી નદીના જમણા કાંઠે વસેલું છે તે કલકત્તાથી 16 કિ.મી. દૂર છે અને કલકત્તાના ઉત્તર કોનરબેશન-વિસ્તાર (Northern conurbation Region) માં આવે છે.

અત્રે એ ખાસ નોંધવા લાયક મુદ્દો એ છે કે કોનરબેશન વિસ્તારનો વિકાસ મહનગરની ફરતે વૃતાકાર રૂપમાં થતો નથી. ખરેખર તો આ વિસ્તાર ઔદ્યોગિક વિકાસને અનુરૂપ એવી મહાનગરની જરૂરિયાતને લીધે જે દિશામાં જરૂરી સગવડો મળી રહે છે તે દિશામાં એક પટ્ટીની રૂપમાં વિકાસ પામે છે. દા. ત., અમદાવાદ-મુંબઈ રેલવે લાઈનને અડીને આણંદથી વાપી સુધીની પટ્ટી આ વિસ્તરના એક દાખલારૂપ ગણાવી શકાય. પ્રાણબરંજન રે ના મત મુજબ સેરામપુર પણ હાવરાના કલકત્તા તરફ એક રેખીય દિશામાં વિકાસ પામીને છેવટે કલકત્તાના કોનરબેશન પ્રદેશનો એક ભાગ થઈ ગયો છે.

કોનરબેનશન પટ્ટીરૂપ તરાહમાં આવતા કસ્બાઓ ઔદ્યોગિક રીતે વિકાસ પામે છે અને તેમની વસ્તી તેમજ સંસ્કૃતિ વગેરેને સ્પર્શતી બાબતોમાં પંચરંગીતા આવતી જાય છે. સમય જતાં કસ્બાઓ એક એવી સંક્રાતિકાલીન ભીંસ અનુભવે છે કે જે દરમ્યાન એક બાજુ તેમની પરંપરાગત ખાસિયતો ટકાવી રાખવા મથે છે અને બીજી બાજુ મહાનગરની અને ઔદ્યોગિક વિકાસની પ્રચંડ અસર હેઠળ પચરંગી અને બાહ્ય તત્ત્વોને નકારી શકતા નથી. આ એક અંધાધુંધીની પરિસ્થિતિ જેવી વાસ્તવિક્તા હોય છે. છેવટે આ કસ્બાઓ અને નાના નગરો કે ગામડાઓ પોતાની ખાસિયતો ગુમાવી બેસે છે એટલું જ નહીં પણ તે વિશાળ મહનગર કે તેના કોનરબેશન વિસ્તાર ઉપર જીવતા થઈ જાય છે. એટલે કે તેમની પરંપરાગત ખાસિયતો અને જે કાંઈ પ્રમાણમાં જોવા મળતી આત્મનિર્ભરતા હોય તે સર્વ નાશ પામે છે. ઘણી વખતે કોનરબેશન વિસ્તારમાં આવેલા આ જૂદા-જૂદા કસ્બાઓ કે નાના

નગરો વચ્ચે ઉપયોગી એવું સુગ્રથન પણ રહેતું નથી.

એક રીતે જોઈએ તો કોનરબેશન વિસ્તાર કે એક પટ્ટીમાં આવેલા આ તમામ કસ્બાઓ અને નગરો મહાનગરના "ઔદ્યોગિક સેટેલાઈટ" (Industrial Satellite) હોય છે નહીં કે ઉપનગરો કે જ્યાં નગરવાસીઓ રહેવા જતા હોય છે. હકીકતમાં મહાનગરથી ઘણા લોકો આ પટ્ટીમાં આવેલા કારખાનાઓ અને ઔદ્યોગિક એકમોમાં કામ કરવા જાય છે અને તેમના માટે રેલવે અને બસ વગેરેની ખાસ સગવડ પૂરી પાડવાની જરૂર ઊભી થાય છે. મુંબઈ, મદ્રાસ, કલકત્તા, દિલ્હી, પૂના, સુરત, અમદાવાદ, વડોદરા અને કાનપુર વગેરેના સંદર્ભમાં જોઈએ તો એવી અવરજવરની ખાસ સગવડો આંખે ઊડીને દેખાઈ આવે છે.

## તમારી પ્રગતિ તપાસો

1. નગર સમુદાયની વિવિધ વ્યાખ્યાઓ સમજાવો.

---------------------------------------------

---------------------------------------------

---------------------------------------------

---------------------------------------------

---------------------------------------------

---------------------------------------------

---------------------------------------------

---------------------------------------------

---------------------------------------------

2. નગર સમુદાયની લાક્ષણિકતાઓ સમજાવી નગર અને ગ્રામ વચ્ચેના સંબંધો સમજાવો.

---------------------------------------------

---------------------------------------------

---------------------------------------------

---------------------------------------------

---------------------------------------------

---------------------------------------------

---------------------------------------------

---------------------------------------------

---------------------------------------------

---------------------------------------------

---------------------------------------------

---------------------------------------------

---------------------------------------------

---------------------------------------------

3. નગર સમુદાય અને ગ્રામ સમુદાય વચ્ચે તફાવત સમજાવો

4. રૂરર્બેનાઈઝેશન અને કોનરબેશન સમજાવો

# એકમ ૩ : નગર વિકાસના સમાજશાસ્ત્રીય અભિગમો અને સિદ્ધાંતો

- I પ્રસ્તાવના
- II નગર વિકાસના અભિગમો
  - (1) નગરીકરણ - વિઘટન અભિગમ
  - (2) પરિસ્થિતિશાસ્ત્રીય અભિગમ
  - (3) મૂલ્યોન્મુખી અભિગમ
- II.1 નગરીકરણ - વિઘટન અભિગમ અને તેનાં સિદ્ધાંત
  - II. 1. i. લૂઈવર્થનો નગરીય જીવનશૈલીનો સિદ્ધાંત
    - (A) ધારણાઓ
    - (B) નગર સમુદાયની વ્યાખ્યા
    - (C) નગરીય જીવનશૈલીના સિદ્ધાંત
- II..2 પરિસ્થિતિશાસ્ત્રીય અભિગમ
  - II. 2. i. અર્નેસ્ટ બર્ગેસનો કેન્દ્રસ્થી વિસ્તારનો સિદ્ધાંત
  - II. 2. ii. હોમર દયોઢનો સેક્ટર સિદ્ધાંત
  - II. 2. iii. ચાઉન્સી હેરી અને એડવર્ડ ઉલમાનનો મલ્ટીપલ ન્યુક્લિયા સિદ્ધાંત
- II..3 મૂલ્યાભિમુખી અભિગમ
  - i. વાસ્ટર ફાઈરેનો સિદ્ધાંત
- III રોબર્ટ રેડફિલ્ડનો લોક નાગરીય સાતત્ય

નગર અને નાગરી જીવન વિષે સમાજશાસ્ત્રીય સાહિત્યમાં ગયા 60 વર્ષના ગાળામાં હરણફાળ પ્રગતિ થઈ છે. ત્રણ-ચાર દાયકાઓથી એવા અભ્યાસોને પરિણામ સ્વરૂપે વિસ્તૃત સમાજવ્યવસ્થાના સંદર્ભમાં નગર સમુદાયોની સમજૂતી મેળવવાના ક્ષેત્રે પણ અનેક પ્રયાસો થયા છે. આજે ઔદ્યોગિક સમાજો અને પૂર્વ-ઔદ્યોગિક સમાજોનાં નગરો અને તેમના વિકાસને લગતા પ્રશ્નો એકસરખા નથી એવું સ્વિકારવામાં આવ્યું છે. જેમ જેમ નગરોના પદ્ધતિસરના અભ્યાસોને આધારે નગરજીવનની અર્થસભર વધતી ગઈ તેની સાથે જ સાર્વત્રિક સ્તરે લાગુ કરી શકાય એવા સિદ્ધાંતોનું નિર્માણ થાય તે તરફ પણ ધ્યાન આપવાનું શરૂ થયું. આવા પ્રયાસોના સમર્થનમાં ગિડિયન સ્જોબર્ગ (Gideon Sjoberg) કહે છે કે સિદ્ધાંતો ઉપલબ્ધ માહિતીને સમજવામાં મદદરૂપ થવા ઉપરાંત વિદ્યમાન જ્ઞાનમાં રહેલી ઊણપો બહાર લાવે છે, અને નવા સંશોધનો તરફ દિશાસૂચન કરે છે. નગર સમાજશાસ્ત્ર અંગે તેઓ જણાવે છે કે અત્યાર સુધી નગર જીવન અને નગર સમુદાયના અભ્યાસમાં ત્રણ મુખ્ય અભિગમોનું નોંધપાત્ર પ્રદાન રહ્યું છે. આ અભિગમોએ નગર વિકાસ અને નગરીય જીવનને લગતા જે સિદ્ધાંતો આપ્યાં છે તે સિદ્ધાંતોનો ટૂંક પરિચય નીચે મુજબ આપી શકાય :

1) નગરીકરણ-વિઘટન અભિગમ (Urbanization-Disoraganization Approach)

2) પરિસ્થિતિશાત્રીય અભિગમ (Ecological Approach)

3) મુલ્યોન્મુખી અભિગમ (Value-orientaion Approach)

જે.તે અભિગમ અન્વયે જે પરિવર્ત્યો (variables) અને ઘટનાઓને એક દષ્ટિબિંદુથી જોવામાં આવે છે, તે જ પરિવર્ત્યો (variables) અને ઘટનાઓને બીજા અભિગમો હેઠળ ભિન્ન દષ્ટિબિંદુથી સમજવાનો પ્રયાસ થાય છે. આથી દરેકે દરેક અભિગમ જે તે પરિવર્ત્યો (variables) અને ઘટનાઓની વૈજ્ઞાનિક સમજૂતી મેળવવામાં અગત્ય તો રહે જ છે, કારણ કે અર્થપૂર્ણ કહી શકાય એવાં તારણો અને સિદ્ધાંતો ત્યારે જ પ્રાપ્ત કરી શકાય છે, જ્યારે કે જે તે પરિવર્ત્યો (variables) અને ઘટનાઓને જુદા જુદા દષ્ટિબિંદુથી તપાસવામાં આવે. પરંતુ કોઈક એક જ અભિગમને સાચો કહેવડાવવાનો પ્રયાસ થાય તો વૈજ્ઞાનિક જ્ઞાનના વિકાસમાં વધારે સફળતા મળી શકતી નથી. હવે દરેક અભિગમની મુખ્ય ધારણાઓ અને તેમાંથી આવેલાં પ્રમુખ સિદ્ધાંતોની સમજ મેળવીએ.

## I. નગરીકરણ-વિઘટન અભિગમ

## (Urbenization-Disorganization Approach)

નગર વિકાસની સમાજનાં માળખાં અને માનવીની પરિસ્થિતિકીય બાબતો ઉપર પડતી અસરોની છણાવટ કરવી એ પ્રસ્તુત અભિગમમાં કેન્દ્રસ્થાને હોય છે. આ અભિગમના પ્રણેતાઓમાં અમેરિકાના રોબર્ટ ઈઝરા પાર્ક (Robert E. Park), અર્નેસ્ટ બર્ગેસ (Earnerst Bruges), લૂઈ વર્થ (Louis Wirth) અને રોબર્ટ રેડફિલ્ડ (Robert Redfield)નાં નામ મોખરે છે. આ અભિગમની ધારણા મુજબ નગરીકરણની પ્રક્રિયા એ સામાજિક વિઘટનની પ્રક્રિયા છે. આ વિદ્વાનોએ નગરીકરણની માનવજીવન ઉપર પડતી વિપરીત અને વિઘનટકારી અસરો તપાસવામાં ખાસ રસ દર્શાવ્યો છે. આ દષ્ટિથી નગર સમુદાય અને નગરવિકાસના અભ્યાસ અંગે તેઓ સિમેલ, ટોનિઝ અને ઈમાઈલ દુર્ખેમ (Emile Durkheim) તથા મેક્સ વેબર (Max Weber) વગેરે યુરોપિયન સમાજશાસ્ત્રીઓના નગર વિષેના વિચારોથી પ્રભાવિત થયા હતા. પ્રસ્તુત અભિગમનો મૂળ ધ્યેય સમાજની કૃષક કે સામંતશાહી વ્યવસ્થામાંથી આધુનિક ઔદ્યોગિક અને નાગરીય મૂડીવાદી અવસ્થા તરફના પ્રમાણમાં સમાજના ઉદ્ભવતાં સ્વરૂપો જાણવાનો હોય છે. આ અભિગમ હેઠળ નગર વિકાસને વિઘટનના પોષક તરીકે જોવામાં આવે છે.

નગરશાસ્ત્રના પ્રારંભથી જ નગરીકરણ-વિઘટન અભિગમની ઊંડી અસર રહી છે. આ અભિગમના પ્રણેતાઓએ નગરીકરણને સ્વતંત્ર પરિવર્ત્ય તરીકે સ્વીકારી તેની વસ્તીવિષયક તથા સામાજિક માળખા ઉપર પડતી અસરોની છણાવટ કરી છે. તેમનાં મુજબ પરંપરાગત અને સરળ સમાજોથી જટિલ સમાજો તરફની એકધારી એવી સંક્રાંતિકાલીન પ્રક્રિયામાં નગરીય સામાજિક સંગઠન અને વિઘટનના કેટલાક ચોક્કસ પ્રકારો અસ્તિત્વમાં આવે છે. ગુટકિંડ અને મિઝરૂશી નામના વિદ્વાનોએ સામાજિક વિઘટન અને સંગઠનના ક્ષેત્રે એવા નિશ્ચિત સ્વરૂપ ધરાવતા પ્રકારો દર્શાવ્યા છે. તે ઉપરાંત લૂઈ વર્થનો 'નગરીય જીવનશૈલીનો સિદ્ધાંત' આ અભિગમનું એક આગવું પ્રદાન છે.

### લૂઈ વર્થનો નગરીય જીવનશૈલીનો સિદ્ધાંત (Urbanism as a way of life) :

સમાજશાસ્ત્ર અને બીજાં સામાજિક વિજ્ઞાનોના સિદ્ધાંત મૂળભૂત રીતે સમાજમાં રહેતા માનવીની સામાજિક ક્રિયાઓ-પ્રતિક્રિયાઓને લગતા હોય છે. ભૌતિક વિજ્ઞાનોની સરખામણીમાં સામાજિક વિજ્ઞાનનું વિષયસ્તુ જટિલ હોવાથી તેને લગતા સિદ્ધાંતો સમજાવતી વખતે જે તે સિદ્ધાંતની કેટલીક પૂર્વશરતો ધ્યાનમાં રાખવી જરૂરી બની જાય છે. એની પૂર્વશરતો અસ્તિત્વમાં હોય તો જ સામાજિક વિજ્ઞાનોના જે તે સિદ્ધાંતની ચકાસણી માટે યોગ્ય ભૂમિકા ઉપલબ્ધ થાય છે. આથી લૂઈ વર્થના સિદ્ધાંતની વિગતવાર છણાવટ કરવાથી પહેલાં તેમણે નાગરી જીવનશૈલીના સિદ્ધાંતને લગતી નીચે મુજબ દર્શાવેલી મર્યાદાઓ જાણી લેવી જરૂરી છે.

**1. નગરની અસરો તેની પ્રશાસનિક સીમાઓ કરતાં વ્યાપક હોય છે :**

નગરીય જીવનશૈલીનો સિદ્ધાંત રજૂ કરતી વખતે લૂઈવર્થનું એવું માનવું હતું કે નગરીય જીવનશૈલી માત્ર નગરવાસીઓની જ વિશિષ્ટતા હોય તેવું નથી. એટલે કે નગરવાસીઓના જીવનમાં જ નાગરી જીવનશૈલીનાં તત્ત્વો હોય છે, અને નગર સિવાયના અન્ય સમુદાયોમાં વસવાટ કરતા લોકોની જીવનશૈલીમાં નાગરીય જીવનનાં તત્ત્વો ન જ હોઈ શકે તેમ માનવું ખોટું છે.

લૂઈ વર્થ માને છે કે નગરની અસર તેની પ્રશાસનિક સીમાઓથી બહાર પણ જાય છે અને ક્યારેક તો એવી અસરો રાષ્ટ્રીય સીમાઓ પણ વટાવી જાય છે. આથી કોઈ પણ સમાજમાં નગરોમાં રહેતી વસ્તીના સંખ્યાત્મક પ્રમાણને આધારે જે તે સમાજમાં નગરીયતાની અસરોનું માપ કાઢવામાં ગંભીર પ્રકારની ભૂલ થાપ થઈ શકે છે. તેમના મને નગરીયતાની સમજૂતી સામાજિક સંસ્થાઓ અને વલણોની એક એવી ભાત મારફતે પ્રાપ્ત કરવાની હોય છે કે જે જયારે પણ વિશાળ કદ, ગીચતા અને વૈવિધ્ય ધરાવતી વસ્તી કાયમ એવા વસવાટોમાં રહેવા લાગે છે ત્યારે જોવા મળતી હોય છે. લૂઈ વર્થ એવું પણ દર્શાવે છે કે નગરની માનવના સામાજિક જીવન ઉપર પડતી અસરો નગરીય વસ્તીના અનુપાત કરતાં વ્યાપક હોય છે, કારણ કે નગર એ આધુનિક માનવનાં રહેઠાણ અને કાર્યસ્થળ પૂરતું જ હોતું નથી. તે એક એવા આર્થિક, રાજનૈતિક અને સાંસ્કૃતિક જીવનનું સર્જન અને નિયમન કરતું કેન્દ્ર હોય છે કે જેણે વિશ્વના દુર્ગમ એવા સમુદાયોને પણ પોતાના પરિઘમાં ખેંચી લઈ વિવિધ વિસ્તારો, પ્રજાઓ અને ક્રિયાઓને એક બ્રહ્માંડમાં વણી લીધા છે. આથી, પ્રસ્તુત સિદ્ધાંત પાછળનો તેમનો મૂળ હેતુ નગરના વિકાસની સાથે લોકોનાં વલણો અને સામાજિક પ્રરૂપોમાં

જે પરિવર્તનો આવતાં હોય છે તે શોધી કાઢવાનો રહ્યો છે કે જેથી સામાજિક ઐક્ય અથવા સંપની જાળવણી અર્થે નગરવિકાસનાં જે તાર્કિક પરિણામો હોય છે તે દર્શાવી શકાય છે.

**2. નગરીકરણની કક્ષા જે તે સમુદાયની વસ્તીની વિશાળતા, ગીચતા અને વૈવિધ્યમાંથી ફલિત થતી અસરો ધારણ કરી શકવાની ક્ષમતા ઉપર આધાર રાખે છે :**

લૂઈ વર્થની એક બીજી અગત્યની માન્યતા એ છે કે નગરીકરણની પુષ્ટિ અર્થે માત્ર નગરનું કદ, એક નબળું નિર્દેશાંક હોય છે. દા. ત., એક મોટા નગરની નજીક આવેલો નાનો એવો સમુદાય નાગરી જીવનશૈલીની બાબતમાં ગ્રામ્ય વિસ્તારમાં સ્થિત એક બીજા મોટા નગર કરતાં વધુ ચડિયાતું હોઈ શકે છે, કારણ કે કોઈ પણ નાના નગર અથવા સમુદાયની નગરીકરણની કક્ષા તેનાં કદ, ગીચતા અને વસ્તીના વૈવિધ્ય ઉપર જ આધાર રાખતી નથી, પરંતુ મોટાં નગરોની અસરો પચાવી શકવાની તેની ક્ષમતા પર પણ તેનો આધાર હોય છે.

**3. વસ્તીનું વિશાળ કદ, ગીચતા અને પચરંગિતા એકી સાથે મિશ્ર સ્વરૂપમાં હોવાં જરૂરી છે :**

નગરની વ્યાખ્યા આપતી વખતે લૂઈ વર્થનો આશય નગરોનાં સર્વ અને સાર્વત્રિક એવાં લક્ષણો તારવવાનો હતો. નગરીય, જીવનની પ્રકૃતિ માટે જવાબદાર ગણાવી શકાય. આથી લૂઈ વર્થે જણાવ્યું કે આ ઉપરોક્ત લક્ષણોમાંથી કોઈ બે ઉપસ્થિત હોય અને એકનો અભાવ હોય તો નાગરી જીવનશૈલીના ઉદ્ભવ માટે તે અપરિપક્વ અવસ્થા રહેશે.

**4. નગરનાં મૂળભૂત લક્ષણો એકસરખાં હોવા છતાં સર્વ નગરો સમાન હોતાં નથી :**

લૂઈ વર્થે જણાવ્યું કે નગરોના વિકાસને આધુનિક સમયમાં અને ખાસ કરીને પાશ્ચાત્ય સમાજોમાં ઔદ્યોગીકરણ અને નગરોનો વિકાસ સહભાગી બન્યો છે. તેમ છતાં આ તો એક આકસ્મિકતા જ છે, કારણ કે વિશ્વમાં કેટલાક એવા સમાજો પણ છે કે જ્યાં આધુનિક ઔદ્યોગીકરણ અથવા મૂડીવાદી વ્યસ્થાના અભાવમાં પણ નગરોનો મોટા પાયા ઉપર વિકાસ થયો છે. આથી જ તે કહે છે કે નગરો વિષેના સિદ્ધાંત એવા હોવા જોઈએ કે, જે તે સિદ્ધાંતની મદદ વડે નગરોના કેન્દ્રીય ને સર્વસામાન્ય જી લક્ષણો પણ જુદાં તારવી શકાય. નગરના અભ્યાસીને સાવચેતીરૂપ લૂઈ વર્થ કહે છે કે, કેટલીક ખોટી ધારણાઓ જેવી કે : (1) બધાં નગરોની અર્થવ્યવસ્થા વિશાળ કારખાનાંઓ અને વ્યાપારિક સંસ્થાનો ઉપર જ આધારિત હોય છે. (2) તમામ નગરો ગંદા વસવાટોથી ઘેરાયેલાં હોય છે, (3) તમામ નગરોમાં અવરજવરનાં યાંત્રિક સાધનોનું પ્રભુત્ત્વ હોય છે., (4) તમામ નગરો નગરવાસીઓને ઓછીવધતી નગરીય સેવાઓ પૂરી પાડવાની ખાતરી આપતાં જ હોય છે, વગેરે અગાઉથી બાંધી લેવી જોઈએ નહીં. કારણ કે તેઓ કહે છે કે આધુનિક પાશ્ચાત્ય સમાજોનાં નગરોમાં જે લક્ષણો જોવા મળે છે તે બીજા પ્રદેશો અગર તો જૂના વખતનાં નગરોમાં જોવા મળતાં જ હોય તે જરૂરી નથી.

**5. નગરોનાં વિશિષ્ટ લક્ષણોના સંદર્ભોમાં તેમનું વર્ગીકરણ કરી શકાય છે :**

લૂઈ વર્થ સ્વીકારે છે કે, નગરો નગરો વચ્ચે કેટલાક તફાવતો હોય છે, અને આ તફાવતો જે તે નગરની વિશિષ્ટતા ઉપર આધાર રાખે છે. તેઓ પોતાનો નાગરી જીવનશૈલીનો સિદ્ધાંત રજૂ કરતા લેખમાં તો નહીં પણ અન્યત્ર નગરની સ્થિતિ, કદ, વય અને કાર્યો વગેરેના આધારે નગરોનું વર્ગીકરણ આપે છે. તેઓ કહે છે કે આધુનિક ઔદ્યોગિક નગર અને યુનિવર્સિટી નગર વચ્ચે ચોક્કસ તફાવત હોય છે. દા. ત., વાપી (VAPI) અને વલ્લભવિદ્યાનગર વચ્ચેનો તફાવત આ મુદ્દો વધુ સ્પષ્ટ રીતે સમજાવી શકે છે.

**6. નગરીય જીવનશૈલી તેના જન્મદાતા પરિબળોના અભાવમાં પણ વિકસિત અને પરિવર્તિત થવાની ક્ષમતા ધરાવે છે :**

લૂઈ વર્થના નગરીય જીવનશૈલીના સિદ્ધાંતને લગતી એક અન્ય અગત્યની સ્પષ્ટતા એ છે કે નગરના વિશાળ કદ, ગીચતા અને વસ્તીના વૈવિધ્યની એકી સાથે ઉપસ્થિત હોવાથી જે જીવનશૈલી અસ્તિત્વમાં આવે છે, તે પ્રસ્તુત લક્ષણો અગર તો તેમનામાં થતા ફેરફારો ઉપર આધાર રાખ્યા વિના સ્વતંત્ર રીતે વિકસિત અગર તો પ્રસારિત થઈ શકે છે. આ ધારણા મેક્સ વેબરની એ મૂડીવાદ અંગેની ધારણા સાથે મેળ ખાય છે. વેબરે કહ્યું કે પ્રોટેસ્ટન્ટ ધર્મની આર્થિક આચાર સંહિતાને લીધે મૂડીવાદનો જન્મ થઈ ગયા બાદ તે એવા સમાજોમાં પણ ફેલાઈ જાય છે કે જ્યાં પ્રોટેસ્ટન્ટ આચાર સંહિતાનું અસ્તિત્ત્વ ન પણ હોય. એટલે કે નગરીય જીવનશૈલીનાં તત્ત્વોનું પ્રસારણ નગરનાં આધારભૂત તત્ત્વો ઉપસ્થિત ન હોય તે સમુદાયોમાં પણ થઈ શકે છે.

**લૂઈ વર્થ એ આપેલ નગરની સમાજશાસ્ત્રીય વ્યાખ્યા :**

લૂઈ વર્થે નગર જીવનની સમાજશાસ્ત્રીય રીતે સમજૂતી મેળવવા અર્થે નગરની વ્યાખ્યા કરવી ઉપયોગી ગણી છે. તેઓ કહે છે કે સમાજશાસ્ત્રીય રીતે નગરની વ્યાખ્યા એવી હોવી જોઈએ કે જે માનવજીવનની એક ઢબ રૂપે નગરીકરણનાં તત્ત્વોને આવરી લેતી હોય. માત્ર વસ્તીના કદને આધારે નગરની વ્યાખ્યા કરવી લૂઈ વર્થના મતે એક તરંગી બાબત જ રહે છે. તેમ જ નગરને એક ભૌગોલિક એકમ તરીકે જોવાથી નગરીય જીવનશૈલીની વિશ્વસનીય સમજૂતી મેળવી શકાતી નથી. વળી, માત્ર વસ્તીની ગીચતાના સંદર્ભમાં પણ જે તે સમુદાય નગર છે કે ગ્રામીણ તે નક્કી કરી શકાય નહીં, કારણ કે આ અંગે ગીચતાના પ્રમાણ વિશે ચોક્કસ આંકડા આપી શકાય નહીં. તેઓ કહે છે કે નગરની સમાજશાસ્ત્રીય વ્યાખ્યા એવી હોવી જોઈએ કે જે તમામ નગરોમાં જોવા મળે તેવાં સર્વસામાન્ય લક્ષણો દર્શાવી શકવા ઉપરાંત નગર નગર વચ્ચે રહેલા તફાવતો શોધી કાઢવામાં પણ મદદરૂપ થાય. તેમ છતાં ગ્રામ્ય સમુદાયોની તુલનામાં નગર સમુદાયો તેમની વસ્તીના કદ, ગીચતા વગેરેની બાબતમાં જુદાં તરી આવતાં હોય છે. માટે નગરની વ્યાખ્યામાં આ તત્ત્વોની ભાગ્યે જ અવગણના કરી શકાય.

સમાજશાસ્ત્રીય હેતુથી એક નગરની વ્યાખ્યા આપતાં લૂઈ વર્થ લખે છે કે "એક નગર તુલનાત્મક રીતે વિશાળ, ગીચ અને સામાજિક રીતે પચરંગિતા ધરાવતી વ્યક્તિઓનો કાયમી વસવાટ હોય છે."

લૂઈ વર્થ નગરની આ વ્યાખ્યામાં આપેલાં લક્ષણોના સંદર્ભમાં તેમનો નગરીય જીવનશૈલીનો સિદ્ધાંત પ્રસ્તુત કરે છે.

**નગરીય જીવનશૈલીનો સિદ્ધાંત :**

નગરની ઉપરોક્ત વ્યાખ્યાનો ઝીણવટથી અભ્યાસ કરીશું તો લૂઈ વર્થના મતે નગરનાં ત્રણ મુખ્ય લક્ષણો તારવી શકાશે. આ ત્રણ લક્ષણો છે : (1) વસ્તીનું વિશાળ કદ, (2) વસ્તીની ઊંચી ગીચતા અને (3) વસ્તીનું પચરંગીપણું. લૂઈ વર્થે આ ત્રણ લક્ષણોને નગર સમુદાયનાં પાયાનાં અને સર્વસામાન્ય લક્ષણો તરીકે વર્ણવ્યાં છે. તેઓ કહે છે કે નગર સમુદાયમાં આ ત્રણે લક્ષણોની એકી સાથે ઉપસ્થિતિ હોવાથી ત્યાં એક વિશિષ્ટ એવું સામાજિક પર્યાવરણ સર્જાય છે અને આ પર્યાવરણમાંથી જ ત્યાંના રહીશોની જીવનશૈલી અને ક્રિયાઓ-પ્રતિક્રિયાઓમાં કેટલાંક લાક્ષણિકતાઓ ફલિત થાય છે. આ અર્થમાં પ્રસ્તુત ત્રણે લક્ષણોની એકી સાથેની ઉપસ્થિતિ પરિણામજન્ય હોય છે. અને તેમાંથી જ કેટલાંક પરિણામો અગર તો 'વધારાની લાક્ષણિક્તાઓ' (Further Characteristics) જન્મ લે છે. આથી જ તેઓ કહે છે કે નગરનો અભ્યાસ કરનાર એક સમાજશાસ્ત્રીનો મુખ્ય પ્રશ્ન વૈવિધ્ય ધરાવતા વિશાળ જનસમૂહની ગીચ અને કાયમી વસવાટોમાંથી જે સામાજિક ક્રિયાઓ અને સંગઠનો જન્મ લે છે તે શોધી કાઢવાનો હોય છે.

નગરનાં લૂઈ વર્થે દર્શાવેલાં ઉપરોક્ત ત્રણ લક્ષણો પરત્વેની ટૂંકી સમજૂતી નીચે મુજબ આપી શકાય.

**1) વસ્તીનું કદ (Size) :** કદની બાબતમાં તેમણે જણાવ્યું કે અમુક હદ પછી વસ્તીના પ્રમાણમાં થતી વૃદ્ધિ લોકના પારસ્પરિક સંબંધોમાં અને સમુદાયનાં લક્ષણોમાં પરિવર્તન લાવે છે. વળી, મેક્સ વેબર અને જ્યોર્જ સિમેલના મતને લક્ષમાં રાખી લૂઈ વર્થ એવું પણ જણાવે છે કે વસ્તીની વિશાળતાને કારણે નગરમાં વ્યક્તિ અનેકાનેક વ્યક્તિઓનાં સંપર્કમાં આવે છે પણ તેમની સાથેનો તેનો પરિચય માત્ર ઉપરછલ્લો જ હોય છે.

**2) વસ્તીની ગીચતા (Density) :** તે વસ્તીવૃદ્ધિના ફળ સ્વરૂપે પડતી અસરોને ગહન બનાવે છે અને લોકો તથા તેમની ક્રિયાઓ-પ્રતિક્રિયાઓના વિભેદીકરણને વધુ તીવ્ર બનાવવાની સાથે સમાજની રચનાત્મક જટિલતામાં ઉમેરો કરે છે. ગીચતાનું આ રીતે અર્થઘટન કરતી વખતે લૂઈ વર્થ ડાર્વિન અને ઈમાઈલ દુર્કેમના વિચારોનું સમર્થન કરે છે.

**3) વસ્તીની પચરંગિતા (Heterogeneity) :** વિવિધ પ્રકારની પૃષ્ઠભૂમિમાંથી સ્થળાંતર કરીને આવતા લોકોની ઉપસ્થિતિમાંથી ફલિત થાય છે. આ ઉપરાંત જુદી જુદી પૃષ્ઠભૂમિમાંથી આવતા લોકોમા ધંધાને ક્ષેત્રે પણ વૈવિધ્ય ઊભું થાય છે, એટલું જ નહીં પણ આર્થિક ક્રિયાઓના ક્ષેત્રે પ્રવર્તમાન શ્રમવિભાજન અને શ્રમનું વિશેષીકરણ વસ્તીના વૈવિધ્યમાં ઉમેરો કરે છે. વળી, સામાજિક સ્તરીકરણ અને સામાજિક ગતિશીલતાના ક્ષેત્રે પણ આવું વૈવિધ્ય સ્પષ્ટપણે તરી આવે છે.

નગર સમુદાયમાં આ ત્રણ લક્ષણોના સંયોગથી જે વિશિષ્ટ સામાજિક પર્યાવરણ સર્જાય છે અને તેમાંથી જે વિશિષ્ટ પ્રકારની સામાજિક સંબંધોની તરાહ સામાજિક ક્રિયાઓ તથા સંગઠનોની રીતભાતો જન્મ લે છે, તેને લૂઈ વર્થે નગરીય જીવનશૈલી તરીકે વર્ણવી છે. નગરીય જીવનશૈલીનાં એ લક્ષણોનું

સંક્ષેપ ચિત્રણ નીચે મુજબ કરી શકાય.

### 1. ઉપરછલ્લા અને નબળાં સામાજિક સંબંધો :

નગરમાં વિશાલ અને વૈવિધ્ય ધરાવતી વસ્તીને કારણે નગરવાસીઓમાં પારસ્પરિક સામાજિક સંબંધો ગાઢ હોતા નથી. જ્યારે કોઈ પણ નગર તેના કદમાં વિકસતું જાય છે ત્યારે તેના રહીશો વચ્ચે નબળા અને ઉપરછલ્લા સંબંધોનું પ્રાધાન્ય પણ વધતું જાય છે. કારણ કે વિવિધ સ્થળોએથી સ્થળાંતર કરીને આવ્યા હોવાથી તેમજ વિવિધ પ્રકારની સામાજિક સાંસ્કૃતિક પૃષ્ઠભૂમિ ધરાવતા હોવાથી નગરવાસીઓ એકંદરે ગ્રામવાસીઓની જેમ પેઢી-દર-પેઢી એક જ પરંપરાઓના બંધન હેઠળ રહેતા આવ્યા હોય એવી શક્યતા હોતી નથી. તેથી તેમનામાં સામાજિક પરંપરાઓ પરત્વે સામૂહિક વફાદારીની ભાવના હોતી નથી અને આવી ભાવના ન હોવાથી સામાજિક નિયંત્રણનાં પરંપરાગત સાધનો સમગ્ર નગરના સામાજિક માળખામાં અસરકારક રહેતાં નથી. માટે નગરોમાં સામાજિક નિયંત્રણનાં ઔપચારિક સાધનોનું મહત્ત્વ વધી જતું હોય છે. એટલું જ નહીં પરંતુ પચરંગી વસ્તીમાં સામાજિક નિયંત્રણનો પ્રશ્ન સામાજિક-સાંસ્કૃતિક રીતે એકબીજાથી જુદા પડે છે એવાં જૂથો રહેઠાણની વસાહતોને અલગ પાડીને હલ કરવામાં આવે છે. નગરવાસીઓ પણ પોતાનાથી જુદી ન પડે એવી સામાજિક-સાંસ્કૃતિક લાક્ષણિકતા ધરાવતા લોકોમાં જ રહેવાનું પસંદ કરે છે. આથી નગરમાં આવી સમરૂપતા ધરાવતા જુદા જુદા વિસ્તારો વિકસે છે અને આવા વિસ્તારોના રહીશોમાં જ અંદરોઅંદરના ગાઢ સંબંધો ટકી રહે છે.

### 2. નગરવાસીઓમાં સામાજિક સંબંધો ચોક્કસ ધ્યેયો અને સ્વાર્થોને વરેલાં હોય છે :

જેમ જેમ નગરનો વિકાસ થતો જાય છે તેમ તેમ જે તે નગરના રહીશોમાં કોઈ પણ રહીશ બીજા તમામ રહીશોને અંગત રીતે ઓળખી શકે તે શક્ય બનતું નથી. આથી સામાજિક સંબંધોના સ્વરૂપમાં પરિવર્તન આવે છે. આવી પરિસ્થિતિમાં વ્યક્તિ એક જ દિવસે જેટલા લોકોને મળે છે અને પોતે જે વ્યક્તિઓ ઉપર નિર્ભર રહે છે તેમની સંખ્યા પણ વધી જાય છે. વળી, નગરવાસી કોઈ ખાસ વ્યક્તિ ઉપર જ નિર્ભર રહે તેવું મોટે ભાગે બનતું નથી. તેમજ અન્ય વ્યક્તિ અગર તો વ્યક્તિઓ ઉપર રખાતો આધાર જીવનના કોઈ એક પાસા પૂરતો જ મર્યાદિત રહે છે. આ સર્વ બાબતોને કારણે નગરમાં એક વ્યક્તિના મોટાભાગના સામાજિક સંપર્કો અવૈયક્તિક, ઉપરછલ્લાં, ટૂંકજીવી અને ખંડાત્મક બનતા જાય છે. આમ, નગરવાસીઓમાં અંગત અને આત્મીય સંબંધોનો અભાવ હોવાને કારણે તેઓ એકબીજા પાસેથી ઘણી ઓછી અપેક્ષાઓ રાખતા હોય છે. તે એકબીજા સાથેના સામાજિક સંબંધોને પોતપોતાનાં ધ્યેય હાંસલ કરવા માટે સાધન તુલ્ય જ ગણે છે. આથી નગરવાસી ગણતરીબાજ બની જાય છે ને તે પોતાની વર્તણૂકમાં એક સુસંગઠિત સમાજમાં ભાગ લેતી વખતે સ્વાભાવિક હોય એવી સ્વની અભિવ્યક્તિ, નૈતિકતા અને સહભાગીપણાની ભાવના ગુમાવી બેસે છે. બીજા શબ્દોમાં કહીએ તો નગરવાસીઓમાં પારસ્પરિક સંબંધો ઉપયોગિતાવાદી ધોરણે ચાલતા હોય છે.

### 3. નગરના આર્થિક જીવનમાં શ્રમવિભાજન અને વિશેષીકરણનું પ્રાધાન્ય :

નગરવાસીઓમાં પારસ્પરિક સામાજિક સંબંધોનો ઉપયોગિતાવાદ અને સાધનતુલ્ય સ્વરૂપ છેવટે ઊંચી કક્ષાના શ્રમવિભાજન અને વિશેષીકરણના માધ્યમથી સંસ્થાકૃત સ્વરૂપે અભિવ્યક્ત થાય છે. લૂઈ વર્થ કહે છે કે આ બાબત ખાસ કરીને કારકિર્દીને લગતા ધંધાઓમાં વધુ સ્પષ્ટપણે અભિવ્યક્ત થતી જોવા મળે છે. નગરમાં શ્રમવિભાજન અને વિશેષીકરણ વધવાની સાથે મોટી મોટી વેપારિક સંસ્થાઓનું પ્રભુત્વ પણ વધતું જાય છે. આવી વેપારિક સંસ્થઓ નગરનાં વિસ્તૃત વર્તુળમાંથી મોટા પાયા પરનાં સાધનો અને યોગ્ય નેતૃત્વ આપી શકે તેવા સાહસિકો આકર્ષી શકે છે, જોકે આવી સંસ્થાઓની કાર્યપ્રણાલીમાં માનવી આત્મા જેવું કશું હોતું નથી. તેથી તેમના શિસ્તબદ્ધ સંચાલન માટે કેટલાક નિયમો અને નીતિમત્તાનાં ધારાધોરણ વિકસાવવાં પડે છે.

### 4. નગરની અર્થવ્યવસ્થા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય બજાર ઉપર અવલંબિત રહે છે :

એડમ સ્મિથે જણાવ્યું તે મુજબ ધંધાકીય વિશેષીકરણ બજારના વિકાસ ઉપર અવલંબે છે અને જેમ તે જેમ બજારનો વિકાસ થતો જાય છે તેમ તેમ ચક્રાકાર રીતે નગરમાં શ્રમવિભાજન પણ સૂક્ષ્મ થતું જાય છે. નગરો પોતાના અરસપરસના ગ્રામપ્રદેશોથી ભિન્ન એવાં આર્થિક કાર્યો જ કરતાં નથી, પરંતુ જે તે નગર પતાની સ્થાનિક પરિસ્થિતિઓ વચ્ચે જે કાર્યો વધુ લાભદાયી નીવડે છે તેવાં કાર્યોમાં જ વિશેષીકરણ હાંસલ કરે છે. તેથી એવાં નગરોનાં બજાર માત્ર સ્થાનિક જ રહેતાં નથી, પરંતુ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્વરૂપ ધારણ કરે છે. કેટલીક વખતે આવા સૂક્ષ્મ વિશેષીકરણ અને આંતરનિર્ભરતાને કારણે નગરનું આર્થિક સમતોલન સ્થિર રહી શકતું નથી.

### 5. નગરજીવનમાં જનસંચારનાં માધ્યમોનું પ્રાધાન્ય :

નગરોમાં વસ્તીની વિશાળતાને કારણે ત્યાંના રહીશો એકબીજાને ગાઢ રીતે ઓળખી શકતા ન હોવાથી તેમજ એક જ જગ્યાએ એકત્ર ન થઈ શકવાથી તેઓને સંદેશાવહન અર્થે પરોક્ષ અને જન સંચારના માધ્યમો ઉપર આધાર રાખવો પડે છે. તેમજ ખાતઓની વહેંચણી કરી વૈયક્તિક સ્વાર્થોને લગતી અસરકારક ભૂમિકા તૈયાર કરવી પડે છે. નગરમાં ખાસ કરીને હિતોની અસરકારક રજૂઆત સંગઠન આધારિત પ્રતિનિધિત્વની મારફતે થાય છે, એટલે કે એકલ-દોકલ વ્યક્તિના અવાજનું ખાસ મહત્ત્વ રહેતું નથી પણ વ્યક્તિઓના પ્રતિનિધિઓના અવાજનો અસરકારક પડઘો પડે છે.

આ ઉપરાંત નગરમાં જનસંચારનાં સાધનો જનતા અને સાર્વજનિક નિર્ણય લેતી સંસ્થાઓ વચ્ચેની એક માત્ર કડીનું કામ કરતાં હોય છે. આપણે ત્યાં ટી.વી. દૈનિક સમાચાર પત્રો વગેરેના વધતા જતા વ્યાપ ઉપરથી આ હકિકત તરી આવે છે.

### 6. નગરમાં જે તે વિસ્તારનું વધતું જતું વિશિષ્ટ સ્વરૂપ :

લૂઈ વર્થ નગર સમુદાયના સંદર્ભમાં કહે છે કે વિશાળ જનસમૂહ જ્યારે તુલનાત્મક રીતે નાના ભૂભાગ ઉપર કાયમી વસવાટ કરે છે તો તેનાં કેટલાંક સમાજશાસ્ત્રીય પરિણામો ફલિત થાય છે. જે તે વિસ્તારની જેમ જેમ ગીચતા વધતી જાય છે તેમ તેમ ત્યાં વધુ વૈવિધ્ય તથા વિશેષીકરણ આવતું જાય છે, કારણ કે વર્થના મતે આ રીતે જ વિશાળ જનસમૂહને પોષી શકાય છે. કામનાં સ્થળો અને રહેઠાણો એક રહેતાં નથી અને વ્યક્તિઓ દૂર દૂરનાં સ્થળો ઉપર કામ કરવા જવું પડે છે. વળી, આર્થિક ક્રિયાઓની રીતે જોઈએ તો પણ નગરમાં અલગ અલગ વિસ્તારો વિશિષ્ટ પ્રકારની આર્થિક ક્રિયાઓ માટે જાણીતા થાય છે. અમદાવાદનું કાલુપૂર વિસ્તાર મિલોને લીધે અને માણેકચોક તથા રતનપોળ વેપારિક ક્રિયાઓને લીધે તો નવરંગપુરા રહેઠાણના વિસ્તાર તરીકે ખ્યાતી ધરાવતાં આવ્યાં છે તે આ તરાહની સાબિતી આપે છે.

### 7. નગરવાસીઓનાંના રોજિંદા વ્યવહારમાં બાહ્ય ચિહ્નનું વધી જતું મહત્ત્વ :

નગરમાં અનેક લોકો સાથેના ભૌતિક સંપર્કોની કેટલીક અભ્યંતર અસરો પણ આવે છે અને આવી અસરો હેઠળ નગર પર્યાવરણ તેમજ સહનાગરિકો પ્રત્યેનો અભિગમ જુદા જ પ્રકારનો હોય છે. નગરના રહીશો વચ્ચે ભૌતિક સંપર્ક ખૂબ નજીકનો હોય છે, જ્યારે કે સામાજિક નજીકતાનું અભાવ રહે છે. આથી નગરમાં લોકો એકબીજાના દરજ્જા અને ભૂમિકાનો ક્યાસ બાહ્ય પ્રતિકોથી કાઢે છે. પરંતુ આ સર્વ પાછળ છુપાયેલું માનવીય તત્ત્વ ભૂંસાઈ જાય છે. આ અંગે લૂઈ વર્થ કહે છે કે નગરમાં પ્રવર્તતી ઉપરોક્ત પરિસ્થિતિને કારણે આપણે સાધનસામગ્રીની દુનિયા પ્રત્યે સંવેદનશીલ બની જતા હોઈએ છીએ અને ઉત્તરોત્તર કુદરતથી દૂર જતા થઈ જઈએ.

### 8. જમીનનું વેપારિક ધોરણે થતું ઉત્તરોત્તર હસ્તાંતરણ :

નગરમાં જમીનની અછત હોવાથી તે એક મૂલ્યવાન વસ્તુ હોય છે. આથી નગરોમાં જમીનના ઉપયોગનું સ્વરૂપ અછતવાળી વસ્તુના ઉપભોગ ક્ષેત્રે જોવા મળતી હરીફાઈની ઢબે નક્કી થાય છે. એવી પરિસ્થિતિમાં છેવટે જમીન તે વ્યક્તિઓના હાથમાં જતી હોય છે કે જે ઉંચી કિંમત આપી તેમાંથી વધુ આર્થિક લાભ લઈ શકે છે. હાલમાં જ મુંબઈમાં કફ પરેડ રોડ પર ૩૦૦૦ ચો. ફિટનો એક ફ્લેટ રૂા. ૧૨ કરોડમાં વેચાયો તેવા સમાચાર છે.

આ ઉપરાંત નગરમાં કોઈપણ વિસ્તારની વસવાટ પરત્વેની યોગ્યાયોગ્યતા, જે તે વિસ્તારની પ્રતિષ્ઠા, નગરની વસ્તીના જુદા જુદા સ્તરોના લોકોનો વસવાટ, જે તે વિસ્તારોમાં વસ્તીની ગીચતા, જમીનની કિંમત, પ્રવર્તમાન ભાડાં, આવનજાવનની સુગમતા, સ્વાસ્થ્યપ્રદ વાતાવરણ, પ્રદૂષણ, ઘોંઘાટ અને ગંદવાડનો અભાવ વગેરે પરિબળોથી નક્કી થાય છે. આથી ગરીબ ને અમીર વર્ગના વિસ્તારો સ્પષ્ટપણે અલગ તરી આવે છે. સામાન્ય રીતે સમાન સામાજિક-સાંસ્કૃતિક પૃષ્ઠભૂમિ ધરાવતાં લોકોનાં રહેઠાણ ઈચ્છા-અનિચ્છાએ પણ નગરના કોઈ ચોક્કસ વિસ્તારમાં કેન્દ્રિત થતાં હોય છે, તદ્ઉપરાંત નગરના જુદા જુદા વિસ્તારો કાર્યાત્મક વિશેષીકરણ પણ ધારણ કરે છે અને એક વિસ્તારમાંથી બીજા વિસ્તારમાં જતાં ઘણી વખતે આકસ્મિક રીતે જ જુદા જ સામાજિક વાતાવરણનું દર્શન થાય છે. લૂઈ વર્થ જણાવે છે કે નગરવાસીઓની વ્યક્તિમત્તા તથા રહેણીકરણીની ભિન્નતા પોતાનાથી જુદા પડતા લોકો માટે કેટલાક અંશોમાં સહિષ્ણુતા વિકસાવે છે અને આવી સહિષ્ણુતા જ નગરવાસીઓમાં જોવા મળતી તાર્કિકતા અને ગણતરીબાજપણાની પૂર્વશરત પૂરી પાડે છે તેમજ જીવનમાં ધર્મનિરપેક્ષતા આવે છે.

### 9. નગરવાસીઓનું યંત્રવત ચાલતું એકધારું જીવન :

નગરમાં એકી સાથે કામ કરતા અથવા પાડોશીઓ તરીકે રહેતા લોકોમાં ગાઢ આત્મીય સંબંધ અને

લાગણીઓનો અભાવ, તેમની વચ્ચે પારસ્પરિક હરીફાઈ અને શોષણની ભાવનાને પોષણ આપે છે. આવી પરિસ્થિતિમાં સંભવિત અવ્યવસ્થા અને બિનજવાબદારીની ભાવનાને ટાળવા અર્થે ઔપચારિક અંકુશો લાદવા પડે છે. આવા અંકુશોનું કડક પાલન કર્યા વિના નગરવાસીઓના રોજ-બ-રોજના જીવનનું ભાગ્યે જ યોગ્ય સંચાલન થઈ શકે. આથી જ ઘડિયાળના કાંટે પ્રવૃત્તિશીલ રહેવું, ટ્રાફિક લાઈટ અગર તો સડકના નિયમોનું પાલન કરવું અને રોજિંદા વ્યવહારની ટેવોમાં ચોક્કસતા કેળવવી, નગર સમુદાયોમાં અનિવાર્ય બની જાય છે.

નગરમાં લોકો અવારનવાર અનેક લોકોના સંપર્કમાં આવે છે, પરંતુ તેમની વચ્ચેની આત્મીય અને સામાજિક નિકટતા જરા પણ હોતી નથી. આથી વ્યક્તિ વિશાળ જનસમૂહ વચ્ચે હોવા છતાં પણ ઘણી વખતે અસહ્ય એવી અલગતા અનુભવે છે. આવી અલગતાને કારણે ઘણાં નગરવાસીઓમાં માનસિક તંગદિલીઓ અને હતાશાની ભાવના પ્રગટે છે.

## 10. સામાજિક-આર્થિક દરજ્જાની અસુરક્ષા અને અસ્થિરતા :

નગરીય વાતાવરણમાં ભિન્ન ભિન્ન વ્યક્તિમત્તના લોકો પારસ્પરિક, સામાજિક આંતરક્રિયા કરતા હોવાથી પરંપરાગત બંધનો ઢીલા થાય છે. નગરમાં રહેતી વ્યક્તિ અનેક જૂથોનું સભ્યપદ ધરાવતી હોય છે, અને આવાં જૂથોના સંદર્ભમાં તેનો સામાજિક દરજ્જો અલગ અલગ પરિસ્થિતિમાં ભાગ લેતી વખતે બદલાઈ જતો હોય છે. પરિણામ સ્વરૂપે નગરનું સામાજિક સ્તરીકરણ એક સુસંગઠિત સમાજવ્યવસ્થા જેવું સ્પષ્ટ હોતું નથી, પણ રોજબરોજના જીવનને જોતાં ગૂંચવડાભર્યું દેખાય છે. વળી, નગરમાં વ્યક્તિ રોજ રોજ વિશાળ સામાજિક ફલક પર આવતી વિવિધ પ્રકારની વ્યક્તિઓ પાસેથી નવા નવા ઉદ્દીપકો સમક્ષ આવે છે, અને તેની સફળતા અગર તો નિષ્ફળતાની તકોમાં ચડતી-પડતી એક સામાન્ય બાબત હોય છે. આ સર્વને કારણે સામાજિક-આર્થિક ક્ષેત્રની અસુરક્ષા અને અસ્થિરતા નગરજીવનનું એક માન્ય ધોરણ બની જતું હોય છે.

## 11. નગરવાસીના જીવનમાં ભૂમિકા સંઘર્ષ અને ઔપચારિક શિષ્ટતા :

નગરવાસી એકી વખતે અનેક સામાજિક જૂથોનું સભ્યપદ ધરાવે છે. આ જુથો ઘણી વખતે જે તે વ્યક્તિ પાસેથી પારસ્પરિક વિરોધી એવી અપેક્ષાઓ અને વફાદારી પૂરી પાડવા માટેનું દબાણ લાવે છે. આથી નગરવાસી તેની ભૂમિકાને ક્ષેત્રે સંઘર્ષ અનુભવે છે. એક જૂથ પ્રત્યેની અપેક્ષાઓ તથા વફાદારી સંતોષવાના પ્રયાસમાં બીજા જૂથની અપેક્ષાઓ તથા વફાદારી ઉપર તરાપ પડતી હોય તેવું બનતું જ રહે છે. વળી, નગરોમાં જોવા મળતાં સામાજિક જૂથો એવાં પણ હોતાં નથી કે તે એકબીજામાં સમાઈ જતાં હોય. હકીકતમાં દરેક જૂથ મોટે ભાગે ચોક્કસ હિત અને પાસાં સાથે સંકળાયેલો હોવાથી તેનો વ્યાપ ઘણો મર્યાદિત રહે છે. આથી પણ ભૂમિકા સંઘર્ષની તીવ્રતા વધી જાય છે. આવી પરિસ્થિતિમાં નગરવાસી ઔપચારિક શિષ્ટતા અને સૌજન્ય વાપરીને ભૂમિકા સંઘર્ષમાંથી યોગ્ય માર્ગ કાઢે છે. વળી, નગરોમાં વ્યક્તિની ભૌગોલિક અને સામાજિક સ્થિતનાં ઊંડાં મૂળ ન હોવાથી જ્યારે પણ તેને અપ્રિય અગર અસહ્ય એવું લાગે ત્યારે આવાં સ્થળો અને ત્યાં આવેલાં જૂથોનું સભ્યપદ પડતી બીજા સ્થળે જાય છે, તેથી નગરવાસીઓમાં જૂથ સભ્યપદના ક્ષેત્રે સતત ઉથલપાથલ થતી રહે છે.

## 12. નગરી પર્યાવરણમાં નગરવાસીની હસ્તી અલોપ થઈ જાય છે :

નગર સમુદાયમાં અલગ અલગ વ્યક્તિત્વ, કાર્યોના ક્ષેત્રે નિષ્ણાતપણું અને જીવનની નવીનતા તરફ ઝોક ધરાવતી વ્યક્તિઓ હોવા છતાં સમુદાય જીવનમાં ભાગ લેતાં વ્યક્તિ વ્યક્તિ વચ્ચેના આવા ભેદ ભૂંસાઈ જાય છે. ખાસ કરીને જાહેર ઉપયોગ માટેની નાગરિક સગવડો અને સંસ્થાઓના ક્ષેત્રે આવું બને છે, કારણ કે નગરમાં મળી આવતી જાહેર સગવડો અને સંસ્થાઓ એવી હોય છે કે જે સરેરાશ માનવીની જરૂરિયાત પૂરી પાડવામાં સમર્થ હોય છે. આથી જ નગરમાં જાહેર સેવાઓના ક્ષેત્રે મનોરંજન, શૈક્ષણિક અને સાંસ્કૃતિક સંસ્થાઓ વગેરે જનતા-જનાર્દનની જરૂરિયાતોને અનુરૂપ વિકસાવવી પડે છે. તેવી જ રીતે સ્કૂલ, સિનેમા, રેડિયો અને દૈનિક સમાચારપત્રો વગેરે કે જે જનતા-જનાર્દન પર નભે છે, તે વ્યક્તિ વ્યક્તિ વચ્ચેના સામાજિક ભેદની ગણના કરતા નથી. લૂઈ વર્થ કહે છે કે નગરમાં પ્રવર્તતા રાજનૈતિક પ્રવાહોની સમજૂતી આધુનિક પ્રચારના સાધનોની મદદથ જનતા-જનાર્દનને કરવામાં આવતી વિનંતીઓનું પરીક્ષણ કરીને જ મેળવી શકાય છે. નગરમાં વ્યક્તિએ સામાજિક, રાજનૈતિક અને આર્થિક જીવનના પ્રવાહોમાં ભાગ લેતી વખતે વિસ્તૃત સમુદાયની સમક્ષ કેટલાક અંશોમાં પોતાની વૈયક્તિક હસ્તીનો લોપ જતો કરવો પડે છે. એટલે કે નગરમાં વિશાળ જનમેદની વચ્ચે વ્યક્તિની અંગત હસ્તી અલોપ થઈ જાય છે. સેંકડો લોકો વચ્ચે ભાગ્યે જ તેને કોઈ ઓળખે છે.

આમ, લૂઈ વર્થ નગરીય જીવનશૈલીના સિદ્ધાંત વડે નગર જીવનનાં ઉપરોક્ત લક્ષણો દર્શાવ્યાં છે. આપણે જોયું કે વર્થે નગરની વસ્તીનું વિશાળ કદ, તેની ગીચતા અને પચરંગીપણાને નિર્ણાયક પરિવર્ત્યો તરીકે જોયાં છે. મહદ્ અંશે રોબર્ટ રેડફિલ્ડે (Robert Redfield) પણ આફ્રિકાના યુકાટાન (YUCATAN) ની લોક સંસ્કૃતિના અભ્યાસમાં નગરીકરણ-વિઘટન અભિગમની મૂળ ધારણા ઉપર આધાર રાખ્યો છે. તેમણે પણ સામાજિક-સાંસ્કૃતિક પરિવર્તનો તપાસવામાં નગરને ચાવીરૂપ પરિવર્ત્ય તરીકે સ્વીકાર્યું છે. અલબત્ત, રેડફિલ્ડે નગરની વસ્તીનું પચરંગીપણું અને નગરના બાહ્ય સંપર્કોને નગરસમુદાયની પાયાની લાક્ષણિકતાઓ તરીકે બિરદાવી છે. આ બંને વિદ્વાનો ભારપૂર્વક જણાવે છે કે બિનસાંપ્રદાયિકતા કે ધર્મનિરપેક્ષતા, દ્વૈતીયિક સંબંધો, સ્વૈચ્છિક સંગઠનો, વ્યક્તિઓની ભૂમિકાઓનું વ્યાપક એવું ખંડાત્મક વિભાજન અને અપૂર્ણ રીતે પરિભાષિત કરેલાં સામાજિક ધોરણો વગેરે નગરીય જીવનાં લક્ષણો હોય છે. આ લક્ષણો પ્રત્યક્ષ તેમ જ પરોક્ષ રીતે ગ્રામ્ય સમુદાયો અને ખાસ કરીને લોક-સમાજોના સંદર્ભમાં તારવવામાં આવ્યાં છે. આથી તેઓ કહે છે કે જેમ-જેમ ગ્રામ્ય અગર તો લોક-સમાજથી નગરો તરફી વિકાસ થાય છે તેમ તેમ નગરીય-વિકાસની પ્રક્રિયા દરમિયાન પ્રસ્તુત લક્ષણો અનિવાર્યપણે - સ્પષ્ટ થતાં જાય છે. લૂઈ વર્થે સાંસ્કૃતિક મૂલ્યો અને ઔદ્યોગીકરણને સ્થિર પરિવર્ત્યો રૂપે (constant variable) જોયા હોવાથી નગર વિકાસની અસરોને આ બંનેથી ઉત્પન્ન થતી અસરોથી જુદી અને વિશિષ્ટ અસરો તરીકે જોઈ છે. તેમના આ તર્કના ફળસ્વરૂપે વર્થ એમ માને છે કે ઐતિહાસિક અને આધુનિક એવાં સર્વ નગરોની કેટલીક ચાવીરૂપ લાક્ષણિકતાઓ હોય છે.

લૂઈ વર્થ અને રેડફિલ્ડનાં મંતવ્યોનું ઘણા સમાજશાસ્ત્રીઓએ ટીકાત્મક વિશ્લેષણ આપ્યું છે. તેમ છતાં તેમનું દૃષ્ટિબિંદુ આજે પણ નગરજીવનને લગતાં સંશોધનોમાં પ્રેરક બળ પૂરું પાડે છે. આ અભિગમને સતત ટેકો આપે તેવાં સંશોધનો પણ થતાં રહ્યાં છે. દા. ત., સ્મિથે જાપાનના પૂર્વઔદ્યોગિક ટોકિયો નગરના અભ્યાસને આધારે જે તારણો પ્રાપ્ત કર્યાં તે લૂઈ વર્થની દલીલોને સમર્થન આપે છે. બીજી બાજુ બેબચક (Babchuk) અને ગોર્ડન (Gorden), વ્હાઈટ (Whyte), ગેન્સ (Gans) વગેરેના અમેરિકન પરિસ્થિતિઓમાં થયેલા અભ્યાસો લૂઈ વર્થના સિદ્ધાંતોમાં રહેલી કેટલીક ખામીઓ તરફ ધ્યાન દોરે છે. ટીકાકારો કહે છે કે વર્થ અને તેના અનુયાયીઓએ અમેરિકન નગરોમાં બિનસાંપ્રદાયિકતા અથવા ધર્મનિરપેક્ષતા અને વિઘટનના પ્રમાણ વિષે અતિશયોક્તિ પૂર્ણ ચિત્રણ કર્યું છે. હકીકતમાં શિકાગો સ્કૂલના પ્રણેતાઓની ધારણા કરતાં વાસ્તવિક પરિસ્થિતિઓમાં શિકાગો શહેર ઘણું સંગઠિત જોઈ શકાય છે. ઝોરબોગ (Zorbaugh) વગેરેએ કેટલીક જટિલ પણ સંગઠિત એવી આંતરક્રિયાઓના જાળ-ઘટમાળા તરફ આંખમિચામણાં કર્યાં છે તેમ પણ ટીકાકારો કહે છે. તેઓ એમ માને છે કે હકીકતમાં ગંદા વસવાટોમાં પણ એક એવી જીવંત પ્રણાલીકાઓ હોય છે કે જે કોઈ પણ સામાજિક વૈજ્ઞાનિક દ્વારા બહારથી થતા નિરીક્ષણ વડે પકડી શકાતી નથી. નગરવાસીઓના જીવનમાં આધુનિક તાર્કિક અને જટિલ એવાં નોકરશાહીનાં સંગઠનોનું મહત્ત્વ પણ વધતું જાય છે અને આ વાસ્તવિકતા તરફ આંખમિચામણાં થઈ શકે તેમ નથી. હાલમાં જ મિલર અને સ્વાનસન (Miller & Swanson)ના અભ્યાસોમાં આવા પ્રવાહો સ્પષ્ટપણે તરી આવે છે.

ઓસ્કાર લેવિસના (Oscar Lewis) મેક્સિકો શહેરના અભ્યાસથી પણ એવું જાણવા મળ્યું છે કે નગરીકરણની સાથે સામાજિક અને નૈતિક વ્યવસ્થાનો વિનાશ થાય છે એવું માનવું ખોટું છે. આફ્રિકાનાં નગરોના અભ્યાસો ઉપરથી પણ એવું જાણવા મળે છે કે વર્તમાન સમયમાં નગરોમાં ખૂબ ઝડપી અને વ્યાપક એવાં પરિવર્તનો આવી રહ્યાં છે. તેમ છતાં કેટલીક પરંપરાગત પ્રણાલિકાઓ નવી ઉદ્ભવેલી એવી સંગઠનાત્મક વ્યવસ્થાઓ સાથે ટકી રહી છે. અમદાવાદ શહેરના પૂર્વ-ઔદ્યોગિક અને ઔદ્યોગિક તબક્કામાં "અમદાવાદની પોળો"ના અભ્યાસને આધારે આ પ્રકરણના લેખક હરીશ દોશીએ જણાવ્યું કે બદલાયેલી પરિસ્થિતિઓ વચ્ચે પણ પોળોમાં કેટલાંક પરંપરાગત તત્ત્વો ટકી રહ્યાં છે, અને તેથી જ પોળનું સંગઠન અલોપ થઈ ગયું નથી.

ગિડિયન સ્જોબર્ગ અને બીજા અનેક એવું પણ દર્શાવે છે કે નગર સામાજિક પરિવર્તનની પ્રક્રિયામાં એક જરૂરી પરિબળ તરીકેની ભૂમિકા ભજવે છે. પણ તેનો અર્થ એવો નથી કે સામાજિક પરિવર્તન માટે તે એક નિર્ણાયક શરત પૂરી પાડે. વધુમાં તેઓ કહે છે કે નગરોના અભ્યાસમાં વિઘટનને લગતાં પાસાંઓ ઉપર વધારે પડતા ભારને કારણે રહેલી ખામીઓને દૂર કરવા માટે જે તે નગર તેમ

જ જુદાં જુદાં નગરોમાં જોવા મળતાં જૂથો અને પેટાજૂથોને કારણે અસ્તિત્વમાં આવતાં વિવિધ સંગઠનોના વિશ્લેષણ તરફ વધુ ને વધુ ધ્યાન આપવું જરૂરી છે.

દુનિયામાં સર્વત્ર નગરજીવનને નિયંત્રિત કરતાં અને મદદરૂપ થાય એવાં રાજનૈતિક, શૈક્ષણિક, ધાર્મિક અને બીજાં સંગઠનો અગર તો નોકરશાહી તંત્રો હોય જ છે. આથી આપણે નગરરચનાતંત્ર સાથે સહભાગી એવી કાર્યાત્મક પૂર્વશરતો અગર તો પાયાની જરૂરિયાતો કે જે કોઈ એક વિશિષ્ટ પ્રકારનાં નગરો માટે જ નહીં પણ સર્વ પ્રકારનાં નગરો માટે લાગુ પાડી શકાય, તે શોધી કાઢવું જોઈએ.

લૂઈ વર્થના ઉપરોક્ત સિદ્ધાંતે નગર સમાજશાસ્ત્રના ક્ષેત્રે નવી બૌદ્ધિક ચર્ચાને જન્મ આપ્યો અને નગરજીવનના ગુણાત્મક અભ્યાસ માટે એક નવું દૃષ્ટિબિંદુ પ્રસ્તુત કર્યું છે. આથી તેમની અસરો હેઠળ વિકસિત અને વિકસતા સમાજોનાં નગરોના સમાજશાસ્ત્રીય વિશ્લેષણ અર્થે નવી નવી હકીકતો જાણવા મળી છે. આથી લૂઈ વર્થના સમીક્ષકોએ દર્શાવેલી કેટલીક ખામીઓમાં તથ્ય હોવા છતાં નગર સમાજશાસ્ત્રમાં લૂઈ વર્થના નગરીય જીવનશૈલીના સિદ્ધાંતનું આગવું પ્રદાન રહ્યું છે.


## II. પરિસ્થિતિ શાસ્ત્રીય અભિગમ (Ecological Approach) :

નગર વિકાસની પ્રક્રિયા દરમ્યાન નગરના ભૌતિક આકારના પ્રરૂપો દર્શાવવા એ પરિસ્થિતિકીય અભિગમનો મૂળ ધ્યેય હોય છે. આ અભિગમની કેન્દ્રીય ધારણા મુજબ નગર સમુદાયના વિકાસની પ્રક્રિયા દરમિયાન જ નગરમાં કેટલાક 'કુદરતી વિસ્તારો' (Natural Areas) વિકસી જાય છે અને પ્રત્યેક વિસ્તાર તેની વસ્તીના બંધારણ અને કાર્યો વગેરેને આધારે એકબીજાથી ભિન્ન પડે છે. આ અભિગમની એક અન્ય ધારણા મુજબ નગરના અંતર્ગત બંધારણમાં જ નગરનું પ્રરૂપ નક્કી કરતાં પરિબળો તેમ જ તેમાં પરિવર્તન લાવતાં પરિબળો રહેલાં હોય છે. આ પરિબળો ધ્રુવીય રીતે ક્રિયાશીલ રહે છે અને સહઅસ્તિત્વ ધરાવતાં હોવા છતાં એકબીજાથી વિરોધી દિશામાં જતાં હોય છે. એટલે કે નગરવિકાસની પ્રક્રિયા દરમિયાન કેન્દ્રીકરણના પ્રવાહો તેમજ વિકેન્દ્રીકરણના પ્રવાહો એકીસાથે કાર્યરત હોય છે. દા. ત., નગરના મધ્યવર્તી ભાગમાં વેપારિક ક્રિયાઓ કેન્દ્રિત થતી જાય છે. તેથી ત્યાં આવેલી જમીનના ઊંચા ભાવ આપવા પડે છે. પરિણામે નાના વેપારીઓને નગરના મધ્યવર્તી વિસ્તારથી દૂરના એવા વિસ્તારો તરફ જવાની ફરજ પડે છે. આ દૂરના વસ્તારો તુલનાત્મક રીતે સસ્તા હોય છે અને ત્યાં વેપારીઓ વચ્ચેની હરીફાઈ એટલી તીવ્ર હોતી નથી. એ જ રીતે નગરના મધ્યવર્તી વિસ્તારો નગરવિકાસની પ્રક્રિયા સાથે વધુ ને વધુ વેપાર પ્રધાન બનતા જાય છે અને ત્યાં આવેલા રહીશો નગરના છેવાડેના વિસ્તારો કે અન્ય સ્થળો પોતાના રહેઠાણ માટે પસંદ કરતા થાય છે.

પરિસ્થિતિશાસ્ત્રીય અભિગમની ઉપરોક્ત ધારણાઓના સંદર્ભમાં નગર સમાજશાસ્ત્રને ક્ષેત્રે મોટા ભાગના અભ્યાસો અમેરિકાનાં નગરો ઉપર થયા છે. આ પાછળનું એક મુખ્ય કારણ શિકાગો સ્કૂલના આશ્રયે રૉબર્ટ ઈઝરા પાર્ક, અર્નેસ્ટ બર્ગેસ અને મેકન્ઝી વગેરેએ કરેલા પ્રારંભિક પ્રયાસોની પડેલી વ્યાપક અસરો છે. ભારતનાં નગરો વિષે આ અભિગમથી થયેલા અભ્યાસો મળતા નથી. જોકે પ્રસ્તુત અભિગમની મદદ વડે નગરવિકાસની સાથે જમીનનાં મૂલ્ય અને જમીનના ઉપયોગનું પલટાતું સ્વરૂપ જાણવામાં ખૂબ મદદ રહે છે. પરિસ્થિતિકીય અભિગમને આધારે નગરવિકાસની પ્રક્રિયા દર્શાવવામાં અર્નેસ્ટ બર્ગેસ, મૉરિસ ડેવી (Maurice Davie), હોમર હોયટ (Homer Hyot) તથા હારવે ઝોરબોગ (Harvey Zorbaugh) વગેરેએ આપેલા સિદ્ધાંતો નગર સમાજશાસ્ત્રમાં આગવું સ્થાન ધરાવે છે. આ વિદ્વાનોએ આપેલા સિદ્ધાંતોની સંક્ષેપમાં સમજૂતી અહીંયાં આપવામાં આવે છે.

### II-1. કેન્દ્રસ્થી વિસ્તારનો સિદ્ધાંત (The Concentric-Zone Theory) :

પરિસ્થિતિકીય અભિગમનાં પ્રદાનોમાં અર્નેસ્ટ બર્ગેસનો 'નગર વિકાસના કેન્દ્રસ્થી વિસ્તારનો સિદ્ધાંત' અથવા 'કોન્સન્ટ્રિક ઝોન થિયરી' મુખ્ય છે. બર્ગેસે પોતાના લેખ 'ધ ગ્રોથ ઓફ ધી સિટી'માં અમેરિકાના શિકાગો નગરના અભ્યાસને આધારે નગરનાં ગત્યાત્મક પાસાંને લગતો સિદ્ધાંત આપ્યો છે. આ સિદ્ધાંતની મદદ વડે તેમણે નગરના ભૌતિક વિસ્તરણની સાથે ઉદ્ભવતા જુદા જુદા કુદરતી વિસ્તારો શોધી કાઢવાનો પ્રયત્ન કર્યો છે. તેમનો આ સિદ્ધાંત નગરવિકાસના કોઈ પણ તબક્કે લાગુ પડી શકે છે, એટલું નહીં પણ બર્ગેસે જણાવ્યું કે નગરવિકાસની પ્રક્રિયા અટકી ગઈ હોય એવા તબક્કામાં પણ પ્રસ્તુત સિદ્ધાંતની મદદ વડે નગરની બાંધણીમાં રહેલા જુદા જુદા વિસ્તારોની વિશ્વસનીય સમજૂતી હાંસલ કરી શકાય છે.




બર્ગેસે તેમના સિદ્ધાંતની પદ્ધતિસરની સમજૂતી આપવા માટે નગરવિકાસની પ્રક્રિયા દરમિયાન ઉદ્ભવતા વિસ્તારો દર્શાવતો ઉપરોક્ત રેખાત્મક આલેખ આપ્યો છે. તેમના મતે એક નગર વિસ્તારના વિકાસની સાથે કુદરતી રીતે જ કશા આયોજન વિના મુખ્યત્વે પાંચ જુદા જુદા કેન્દ્રસ્થી વિસ્તારો કે 'કોન્સન્ટ્રિક ઝોન' (concentric zone) ઉપસી આવે છે. આ વિસ્તારો કાર્યાત્મક રીતે એકબીજાથી અલગ પડતા હોય છે અને નગરના મધ્ય વિસ્તારની ફરતે વિકસે છે. આ આલેખ વિષે એક સ્પષ્ટતા કરી લેવી જોઈએ કે તેમાં દર્શાવેલા વિસ્તારો નગરનાં મધ્ય-વેપારિક વિસ્તારની ફરતે વિકસતા જુદા જુદા વિસ્તારોનું એક આદર્શ પ્રરૂપ તરીકેના પ્રવાહોનો ખ્યાલ કરાવે છે. આથી એવું માનવું કે શિકાગો નગર અથવા તો બીજા કોઈ નગરની બાંધણી સોએ સો ટકા રેખાત્મક આલેખનમાં દર્શાવેલા વિસ્તારોને બંધબેસતી હોય છે તે યોગ્ય લેખાશે નહીં. બર્ગેસે પોતે પણ તેમના પ્રસ્તુત સિદ્ધાંતની આ મર્યાદા સ્વીકારી છે. અલબત્ત, આ સિદ્ધાંતની મદદથી નગરબાંધણીમાં તરી આવતા પરિસ્થિતિકીય વિસ્તારોનો આછો ખ્યાલ સહેલાઈથી મળી આવે છે.

નગરના પ્રત્યેક કેન્દ્રસ્થી વિસ્તાર અથવા 'કોન્સન્ટ્રિક ઝોન'ની પ્રમુખ લાક્ષણિકતાઓ હવે પછી આપવામાં આવી છે.

**1. 'ધ લૂપ' (The loop) અથવા મધ્યવર્તી વેપારિક વિસ્તાર :** આ વિસ્તાર નગરનો કેન્દ્ર ભાગ હોય છે. ત્યાં જ નગરની મોટા પાયા પરની વૈપારિક ક્રિયાઓ થાય છે. આ વિસ્તારમાં જમીનની ઘણી ઊંચી કિંમત આપવી પડે છે. તસુ તસુ જમીન માટે પણ ભારે હરીફાઈ જોવા મળે છે. નગરના આ મધ્યવર્તી વેપારિક વિસ્તારમાં જ ડિપાર્ટમેન્ટલ સ્ટોર, હોટલ, વેપારિક પેઢીઓ, બેંકો અને થિયેટરો વગેરે આવેલાં હોય છે. બર્ગેસે જણાવ્યું કે નગરનો આ કન્દ્રીય વિસ્તાર ન ટાળી શકાય એ રીતે નગરવિકાસની પ્રક્રિયા દરમિયાન આર્થિક, સાંસ્કૃતિક અને વેપારિક ક્રિયાઓનું મધ્યબિંદુ થઈ જતો હોય છે. બર્ગેસના સિદ્ધાંત મુજબ નગરનો આ કેન્દ્રીય વિસ્તાર ભૌગોલિક રીતે કેન્દ્રીય ગણાતો નથી પણ પરિસ્થિતિકીય રચનાને અનુલક્ષીને કેન્દ્રીય બને છે. હકીકતમાં એવો વિસ્તાર સમય અને અવરજવરનાં સાધનોની સુગમતાના સંદર્ભમાં આગવું સ્થાન પ્રાપ્ત કરે છે.

જે વિસ્તારમાં નગરના ગમે તે વિસ્તારથી સુગમતાથી અને સમયનો બગાડ કર્યા વિના આવી-જઈ શકાય છે તે વિસ્તાર નગરવિકાસની પ્રક્રિયા દરમિયાન છેવટે મધ્યતી વેપારિક વિસ્તાર બને છે. બર્ગેસ કહે છે કે, જેમ જેમ નગરનો વિકાસ થતો જાય છે તેમ તેમ વેપારિક અને ઔદ્યોગિક ક્રિયાઓ સાથે સંકળાયેલી સંસ્થાઓ નગરના આ વિભાગમાં આવવા માટેની તીવ્ર હરીફાઈ કરતી થાય છે. તેથી ઉત્તરોત્તર અહીંયાં મોટી મોટી વેપારિક પેઢીઓનું વર્ચસ્વ વધતું જાય છે અને આર્થિક રીતે નબળી પેઢીઓ હરીફાઈમાં ટકી ન શકતી હોવાથી મધ્યવર્તી વિસ્તારથી દૂરના વિસ્તારો તરફ ધસડાઈ જતી હોય છે. મુંબઈનો ફોર્ટ વિસ્તાર, અમદાવાદનો માણેકચોકનો વિસ્તાર અને સુરતનો ભાગળનો વિસ્તાર એવા મધ્યવર્તી વ્યાપારિક વિસ્તારો છે.

**2. સંક્રાંતિક વિસ્તાર એટલે કે "ઝોન ઈન ટ્રાન્ઝિશન" (Zone in Transition) :** નગરના કેન્દ્રીય વેપારિક વિસ્તારની ફરતે આ વિસ્તાર આવેલો હોય છે. બર્ગેસના મતે આ વિસ્તાર મૂળ રહેઠાણનો વિસ્તાર હોય છે. પરંતુ નગરવિકાસની પ્રક્રિયા દરમિયાન ધીમે ધીમે આ વિસ્તારમાં

વેપારિક સંસ્થાઓ અને ફેક્ટરીઓ વગેરે સ્થપાવા લાગે છે. આથી આ વિસ્તારમાં રહેઠાણની સાથોસાથ આર્થિક ક્રિયાઓ પણ થતી હોય છે. મોટે ભાગે આ વિસ્તારમાં જૂનાં અને જર્જરિત મકાનો રહેઠાણો તરીકે વપરાતાં હોય છે. કારણ કે આ મકાનોના મૂળ માલિકો નગરના ફરતે સમૃદ્ધ વિસ્તારોમાં રહેવા જતા રહે છે, અને પોતાનાં જૂનાં મકાનો ભાડે આપી દેતા હોય છે. પરંતુ ભાડું આર્થિક રીતે લાભદાયી ન બની શકતું હોવાથી તેઓ મકાનના સુધારકામમાં રસ ધરાવતી નથી. ભાડૂતો પણ પોતે જે મકાનોમાં રહે છે તે પોતાની મિલકત ન હોવાથી તેના સુધારકામ અર્થે નાણાં ખર્ચ કરવા માંગતો નથી. મુંબઈના ભૂલેશ્વર વિસ્તારમાં આવેલી ચાલીઓ એવા મકાનોનો જીવંત દાખલા પૂરા પાડે છે. બર્ગેસ એવું પણ દર્શાવે છે કે આ વિસ્તારમાં મોટા ભાગની પરચૂરણ વેપાર કરતી દુકાનો આવેલી હોય છે. વળી, આ વિસ્તારમાં જ ગંદા વસવાટો અને ઝૂંપડપટ્ટીઓ વિકસતી હોય છે કારણ કે મોટા ભાગના શ્રમિકો આ વિસ્તારમાં આવેલાં કારખાનાંઓ અને ફેક્ટરીઓની આસપાસ ખુલ્લી જમીન ઉપર પોતાની ઝૂંપડપટ્ટીઓ બાંધતા હોય છે. આવી જમીન પ્રદૂષણથી ભરેલી અને ગંદી હોવા છતાં શ્રમિકો માટે અનુકૂળ થઈ આવે છે, કારણ કે તેનું નહિવત્ ભાડું હોય છે અને કામના સ્થળની પાસે હોવાથી તેમને સમય અને આવવા-જવા ખાસ વાહન ખર્ચ કરવું પડતું નથી.

**3. કામદારોનાં ઘરોનો વિસ્તાર (Zone of working men's home) :** નગરવિકાસની પ્રક્રિયા દરમિયાન કુદરતી રીતે અસ્તિત્વમાં આવતો ત્રીજો વિસ્તાર કામદારોના રહેઠાણોનો વિસ્તાર હોય છે. મોટે ભાગે આ વિસ્તારમાં નગરના બીજા વિસ્તારોમાં આવેલાં કારખાનાંઓમાં કામ કરતા શ્રમિકો રહેતાં હોય છે. પરંતુ આ શ્રમિકો બે કે ત્રણ પેઢીઓ અગાઉ સ્થળાંતર કરીને નગરમાં આવેલા હોય છે. પોતે કામના સ્થળેથી વધુ દૂર રહેવાનું પસંદ ન કરતા હોવાથી તેમ જ દૂર રહેવાનું અનુકૂળ ન હોવાથી તેઓ પ્રદૂષણ અને ગીચતા ધરાવતા એવા બીજા વિસ્તારોની આસપાસના આ વિસ્તારમાં વસે છે, આ વિસ્તારમાં આવેલાં મકાનોમાં એક મકાનમાં બે કે તેથી વધુ કુટુંબો રહેતાં હોય છે.

**4. નિવાસસ્થાનોનો વિસ્તાર (Residential Zone) :** નગરની પરિસ્થિતિકીય બાંધણીમાં કુદરતી રીતે વિકાસ પામતો ચોથો વિસ્તાર રહેઠાણોનો હોય છે અને તે કામદારોનાં ઘરોના વિસ્તારની ચારે તરફ આવેલો હોય છે. આ વિસ્તારમાં ઉચ્ચ વર્ગના લોકોનાં બહુમાળી મકાનો કે ભવ્ય ફ્લેટ હોય છે અથવા સ્વતંત્ર બંગલા હોય છે. વળી, દરેકે દરેક ફ્લેટ અગર તો બંગલામાં એક જ કુટુંબ વસતુ હોય છે. આ વિસ્તારમાં રોજબરોજની જરૂરિયાતો માટે નાનાં નાનાં બજારકેન્દ્રો વિકસતાં હોય છે.

**5. દૈનિક પ્રવાસીઓનો વિસ્તાર (Commuters Zone) :** બર્ગેસના સિદ્ધાંત મુજબ નગરવિકાસની પ્રક્રિયામાં પાંચમો કુદરતી વિસ્તાર નગરમાં કામ અર્થે રોજ રોજ આવ-જા કરતા દૈનિક પ્રવાસીઓનો વિસ્તાર હોય છે. સામાન્ય રીતે અવરજવરનાં ઝડપી સાધનોના વિકાસની સાથે આ વિસ્તાર સ્પષ્ટપણે વિકસી આવતો હોય છે. આ વિસ્તારને આપણે પરાંનો વિસ્તાર પણ કહી શકીએ. ભૌગોલિક રીતે તે નગરના મધ્યવર્તી વિસ્તારથી દૂર હોવા છતાં અવજવરની ઝડપી સગવડ હોવાથી આશરે અડધા કલાકથી એક કલાકના સમયગાળામાં ત્યાંથી નગરના મધ્યમાં આવેલા વૈપારિક કેન્દ્રીય વિસ્તારમાં આવી શકાય છે. આ વિસ્તારને નગર સમાજશાસ્ત્રની ભાષામાં સેટેલાઈટ નગરોનો વિસ્તાર પણ કહે છે.

આમ, બર્ગેસે પરિસ્થિતિકીય અભિગમના સંદર્ભમાં શિકાગો નગર ઉપરાંત અમેરિકાનાં બીજાં મોટાં નગરોને ધ્યાનમાં રાખી મહાનગરોના વિકાસની પ્રક્રિયા દરમિયાન અસ્તિત્વમાં આવતા કુદરતી વિસ્તારો દર્શાવ્યા છે. આપણે જોયું કે કાર્યાત્મક રીતે આ વિસ્તારો એકબીજાથી અલગ પડે છે. છતાં તે એકબીજા સાથે સંકળાયેલા હોય છે અને સમસ્ત નગરની બાંધણીના અંતર્ગત ભાગ હોય છે. એવું બને કે નગરમાંથી પસાર થતી રેલવે લાઈન, નદી કે ત્યાં આવેલા સરોવરને કારણે આ સર્વ વિસ્તારો નગરના કેન્દ્રની ફરતે વૃત્તાકાર રૂપમાં ન પણ વિકસ્યા હોય. ઘણી વખતે સ્થાનિક લોકોના ધાર્મિક અગર તો અન્ય કારણોસરના પ્રતિરોધને કારણે પણ આ જુદા જુદા વિસ્તારો વૃત્તાકાર રૂપમાં આવતાં અટકી જાય છે.

બર્ગેસના ઉપરોક્ત સિદ્ધાંતથી પ્રભાવિત થઈ ઈ.સ. 1931 માં ફ્રેન્કલિન ફ્રેઝિયરે (Frenklin Frazier) શિકાગો નગરમાં નિગ્રો કુટુંબોના અભ્યાસને આધારે એવું તારવ્યું કે શિકાગોમાં નિગ્રો કુટુંબો નગરના મધ્યવર્તી વેપારિક વિસ્તારને ફરતે આવેલા સંક્રાંતિક વિસ્તારમાં લાંબી અને સાંકડી શેરીઓમાં વસતાં હતાં. તેણે આ વિસ્તારમાં સાત જેટલા જુદા જુદા ઉપવિસ્તારો શોધી કાઢ્યા હતા. આ સાત

વિસ્તારોમાંથી જે ઉપવિસ્તાર નગરના કેન્દ્રીય વિસ્તારને અડીને હતો તેમાં સ્થળાંતર કરીને આવેલાં નવાં, ગરીબ અને નિરક્ષર કુટુંબો રહેતાં હતાં. અને અનુક્રમે છેલ્લા અગર તો સાતમા ઉપવિસ્તારમાં સુખી અને શ્વેત ધંધાઓમાં રોકાયેલાં કુટુંબો વસતાં હતાં. આ અભ્યાસને આધારે ફ્રેઝિયર (Frazier) ને પણ જાણવા મળ્યું કે જેમ જેમ કુટુંબની સમૃદ્ધિ અને ધંધો ઊંચો થતો જાય છે તેમ તેમ એવાં કુટુંબો નગરના કેન્દ્ર વિસ્તારથી દૂર વસતાં જોવા મળે છે. હારલેમ નામના વિદ્વાને પણ ન્યૂયોર્ક નગરનો બર્ગેસના સિદ્ધાંતના સંદર્ભમાં અભ્યાસ કર્યો અને તેણે પણ ન્યૂયોર્કની પરિસ્થિતિકીય બાંધણીમાં ઉપર દર્શાવેલા પાંચે પાંચ વિસ્તારોનું અસ્તિત્વ જોયું છે.

## II. 2. હોમર હ્યોટ (Homer Hyot)નો સેક્ટર સિદ્ધાંત (Sector Theory) :

રોબર્ટ ઈઝરા અને અર્નેસ્ટ બર્ગેસના પરિસ્થિતિકીય અભ્યાસોએ નગર સમુદાયની ભૌતિક બાંધણી અને તેના વિકાસની પ્રક્રિયા સમજાવાના ક્ષેત્રે નગર સમાજશાસ્ત્રના અભ્યાસીઓ ઉપર ઊંડી અસર પાડી છે. કેટલાક સંશોધકોએ તેમના વિચારોતી પ્રભાવિત થઈ નવાં નવાં સંશોધનો હાથ ધર્યાં અને નગર સમાજશાસ્ત્રના વિકાસમાં પોતાનો ફાળો આપ્યો છે. અલબત્ત, બર્ગેસના 'કોન્સન્ટ્રિક ઝોન'ના સિદ્ધઆંતને સર્વ વિદ્વાનોએ સંપૂર્ણ પણે સ્વીકાર્યો નથી. એવા વિદ્વાનોમાં મૉરિસ ડેવીએ બર્ગેસના સિદ્ધાંતની પદ્ધતિસરની સમીક્ષા કરી છે. તેણે ક્લિફોર્ડ શૉ (Clifford Shaw) એ બાળગુનેગારોના અભ્યાસને આધારે પ્રાપ્ત કરેલાં તારણોનું પરીક્ષણ કર્યું અને ક્લિફોર્ડ શૉનાં તારણોનું ખંડન કરતાં જણાવ્યું કે બાળ-ગુનેગારીના દર નગરના મધ્યવર્તી વિસ્તારથી પરાંના વિસ્તાર તરફની દિશામાં અનુક્રમે ઘટતા જાય છે તે સત્ય નથી. હકીકતમાં નગરનાં કુદરતી વિસ્તારો અને બાળગુનેગારના દર વચ્ચે દેખાઈ આવે તેવો ખાસ સંબંધ હોતો નથી. એક બીજા અભ્યાસમાં ડેવીએ ન્યૂહેવન નગરમાં જમીનનો ઉપયોગ, નાના કુટુંબો, એક કુટુંબ ધરાવતાં ઘરો, વગેરેનું વિસ્તરણ તપાસવાનો પ્રયાસ કર્યો. આ અભ્યાસને આધારે તેમને જાણવા મળ્યું કે ન્યૂહેવન નગરમાં પણ જમીનના ઉપયોગનો ઢબ શિકાગો નગરને મળતી આવે છે. તેમ છતાં તેમાંથી બર્ગેસે દર્શાવેલા એવા વૃતાકાર વિસ્તારો જોવા મળ્યા નથી. ડેવીને એવું પણ જાણવા મળ્યું કે નગરના જે કુદરતી વિસ્તારો વિકસે છે. તે મુખ્ય શેરીઓ અગર તો મુખ્ય માર્ગો કે જે નગરના કેન્દ્રભાગ સાથે સંકળાયેલા હોય છે. તેમને અડીને વિકસે છે. તદ્ઉપરાંત, નગરમાં વેપારિક ક્રિયાઓ અથવા રહેઠાણો અર્થે વિકસતા સમૃદ્ધ વિસ્તારો અને શેરીઓ રાજમાર્ગોનાં મુખ્ય મથકોની આસપાસ વિકસે છે, કારણ કે ત્યાંથી આવવા-જવાની પૂરેપૂરી સુગમતા રહે છે.

હોમર હ્યોટે (Homer Hoyt) પણ નગરવિકાસની પ્રક્રિયામાં અવરજવરના માર્ગના મહત્ત્વ ઉપર ખાસ ભાર મૂક્યો છે. તેણે નગરવિકાસને લગતો 'સેક્ટર'નો સિદ્ધાંત આપ્યો છે. હોમર હ્યોટ કહે છે કે તેનો સેક્ટરનો સિદ્ધાંત અર્નેસ્ટ બર્ગેસના કોન્સન્ટ્રિક ઝોન થિયરીનું જ એક રૂપાંતર છે. હ્યોટના સેક્ટર સિદ્ધાંતમાં નગરવિકાસની પ્રક્રિયામાં માત્ર નગરો મધ્યવર્તી વેપારિક વિસ્તાર જ વૃત્તાકાર હોય છે, એવું દર્શાવવામાં આવ્યું છે. બીજા વિસ્તાર કે જે મધ્યવર્તી વેપારિક વિસ્તાર પછીનો હોય છે તે વૃત્તાકાર હોતો નથી. અલબત્ત, બર્ગેસે જણાવ્યું તે મુજબ આ વિસ્તારમાં ગરીબ અને સ્થળાંતર કરીને આવેલાં નવાં કુટુંબો કે જે કારખાનાંઓમાં શ્રમિકો તરીકે કામ કરતાં હોય છે તેવા લોકોનાં રહેઠાણો અને ગંદા વસવાટો (slums) હોય છે. પરંતુ તે મધ્યવર્તી વિસ્તારની ફરતે વૃત્તાકાર વિસ્તાર હોતો નથી. વળી, હ્યોટના સિદ્ધાંત મુજબ કારખાનાંઓ અને મોટા વેપારિક સંસ્થાનો નગરવિકાસની સાથે મધ્યવર્તી વેપારિક કેન્દ્રથી બહાર પણ વિકસે છે. પરંતુ તે બર્ગેસએ જણાવ્યું તે મુજબ બીજા વિસ્તાર પૂરતાં જ મર્યાદિત રહેતા નથી. હકીકતમાં તે મહાનગરના એવા સર્વ વિસ્તારોમાં વિકસતા હોય છે કે જ્યાંથી અવરજવરનાં સાધનો સુગમતાથી મળી આવે છે. બીજા શબ્દોમાં કહીએ તો મહાનગરના વિકાસની પ્રક્રિયામાં ધોરી માર્ગો, મુખ્ય રસ્તાઓ કે રેલવે લાઈનને અડીને આવેલાં સ્થળો ઉપર જ્યાં ત્યાં કારખાનાંઓ અને મોટાં વેપારિક સંસ્થાનો વિકસી આવતાં હોય છે. નગરનો આ રીતનો વિકાસ વૃત્તાકાર ઢબે હોતો નથી, પણ નગરમાં ઉત્તરથી દક્ષિણ કે પશ્ચિમ દિશામાં પસાર થતા રસ્તાઓ સાથે સીધી પટ્ટીના રૂપમાં થાય છે. આથી નગરના કેન્દ્રીય વિસ્તારથી દૂર જમીનના ઉપયોગ અને સામાજિક લાક્ષણિક્તાઓ વગેરેને આધારે જ્યાં ત્યાં જુદા જુદા વિસ્તારો કે સેક્ટર વિકસી આવે છે. પણ તે નગરના મધ્યભાગની ફરતે વૃત્તાકાર ગોઠવાયેલા જોવા મળતા નથી. ટૂંકમાં, હ્યોટના સેક્ટર સિદ્ધાંતની પ્રમુખ દલિલો નીચે મુજબની છે :

1) મહાનગરમાં ઔદ્યોગિક સ્તિારો નગરના કેન્દ્રીય વેપારિક વિસ્તારની ફરતે વિકસતા નથી, પરંતુ રેલવે લાઈન, મોટર માર્ગ અથવા જલયાતાયાતની સગવડ ધરાવતા વિસ્તારને અડીને અગર નગરના છેવાડે કે જ્યાંથી અવરજવરની સુગમ સેવા મળી આવે છે ત્યાં વિકસે છે.

આથ મહાનગરનાં ઔદ્યોગિક વિસ્તારો કે કારખાનાંઓ વૃત્તાકાર ઢબે નહીં પણ નગરમાંથી પસાર થતી પટ્ટીના રૂપમાં વિસકે છે.

2) ઉચ્ચવર્ગના લોકોનાં રહેઠાણોના વિસ્તારો નગરના પરાં વિસ્તારોમાં હોય છે તે સાચું નથી. પરંતુ તે નગરમાં પ્રતિષ્ઠિત અને સ્વાસ્થ્યપ્રદ ગણાતી જુદી જુદી જગ્યાઓ પર એકથી વધુ અલગ અલગ વિસ્તારો કે સેક્ટરના રૂપમાં વિકસે છે. વળી, જેમ જેમ નગરનો વિકાસ થતો જાય છે તેમ તેમ ઉચ્ચવર્ગના લોકો નગરના મધ્યભાગથી દૂર થતાં જાય છે, અને તેમનાં રહેઠાણો ત્રિકોણાકારે નગરના છેવાડાના વિસ્તારો તરફ વિકસતા જાય છે. આ વિસ્તારો પણ વૃત્તાકાર રીતે નગરની ફરતે વિકસતા નથી.

3) શ્રીમંત અને અમીર લોકોના વિસ્તારો વેપારિક કેન્દ્રથી દૂર કોઈ ઊંચા સ્થળે અથવા સરોવર, નદી કે દરિયાના કિનારે વિકસે છે. એવા વિસ્તારોમાં નગરનાં ભદ્ર કુટુંબો, આગેવાનો અને નેતાઓ વગેરે રહેતાં હોય છે. એવા વિસ્તારોની આસપાસ આવેલી જમીન ઉપર બંધાયેલાં મકાનોની કિંમત પણ ઘણી ઊંચી હોય છે.

4) શ્રમિકો અને ગરીબ લોકો નગરના મધ્યભાગની નજીક વસતા હોય છે. પણ તેઓ જે મકાનોમાં રહેતા હોય છે તે જૂનાં અને બિસ્માર હાલતમાં હોય છે. કેટલાંક મકાનો તો કાટમાળથી બનેલાં ઝૂંપડાઓ જ હોય છે. આ વિસ્તારમાં આવેલાં રહેઠાણોની કિંમત આ રીતે ઘણી ઓછી હોય છે, પણ જે જમીન ઉપર તે બંધાયેલાં હોય છે તેની કિંમત ઘણી ઊંચી હોય છે.

5) અમીર અને શ્રીમંત લોકોનાં મકાનો નગરના કેન્દ્રીય વિસ્તારથી દૂર હોવાથી ઘણી સસ્તી જમીન ઉપર ઊંચી કિંમતે બંધાયેલાં મોટાં ભવનો હોય છે.

### III. 3. ચાઉન્સી હેરિસ અને એડવર્ડ ઉલમાનની મલ્ટીપલ-ન્યુક્લિયાનો સિદ્ધાંત :

પરિસ્થિતિકીય અભિગમના આધારે મહાનગરોના વિકાસની પ્રક્રિયા દરમિયાન તેની ભૌતિક બાંધણીમાં જોવા મળતા જુદા જુદા વિશિષ્ટ વિસ્તારો દર્શાવતા ઉપરોક્ત સિદ્ધાંતો ઉપરાંત કેટલાક વિદ્વાનો એવું પણ દર્શઆવે છે કે નગરના કુદરતી વિકાસ દરમિયાન પ્રજાતિ, ધર્મ, રાષ્ટ્ર અથવા સામાજિક-સાંસ્કૃતિક સમરૂપતા ધરાવતા જૂથના લોકો એક જ સ્થળે એકી સાથે રહેવાનું પસંદ કરતા હોય છે. તેથી નગરમાં સ્થળાંતર કરીને આવેલા લોકો પોતાના મૂળ વતન કે સામાજિક સાંસ્કૃતિક સમરૂપતા ધરાવતા લોકોના વિસ્તારોમાં જ રહેવાની વૃત્તિ દાખવતા હોય છે. પરિણામ સ્વરૂપ નગરમાં કુદરતી રીતે જ અલગ અલગ પ્રજાતિય જૂથો કે સામાજિક-સાંસ્કૃતિક લાક્ષણિકતાઓ ધરાવતા લોકોના ભિન્ન ભિન્ન વિસ્તારો વિકસી આવતા હોય છે. આથી નગરમાં જુદા જુદા વિસ્તારોનું અસ્તિત્વ નગર વિકાસની નૈસર્ગિક પ્રક્રિય ઉપર નહીં પણ માનવપ્રકૃતિ ઉપર આધાર રાખે છે. પ્રસ્તુત ધારણાને કેન્દ્રમાં રાખી કેટલાક વિદ્વાનોએ નગરવિકાસના કુદરતી વિસ્તારો (Natural areas) નો સિદ્ધાંત આપ્યો છે. પ્રસ્તુત સિદ્ધાંત નગરના સ્થળકીય પ્રરૂપને લગતા રચનાત્મક ખંડોની સમજૂતી આપે છે.

એવા વિસ્તારો પરિસ્થિતિકીય પ્રક્રિયાઓમાંથી સ્વાભાવિકપણે વિકસતા હોવાથી 'કુદરતી વિસ્તારો' તરીકે મનાય છે, તેમના વિકાસ પાછળ ધ્યેયપૂર્વકનું આયોજન કે પ્રશાસનની નીતિઓ આધીન વિકસાવેલાં કેન્દ્રો વગેરે જવાબદાર હોતાં નથી. ચાઉન્સી હેરિસ (Chauncey Harris) અને એડવર્ડ ઉલમાને (Edward Ullman) નગરવિકાસના એવા કુદરતી વિસ્તારો દર્શાવવા અર્થે 'મલ્ટિપલ ન્યુક્લિયા' થિયરી (Multiple Nuclie Theory) રજૂ કરી છે. તેઓ એવી દલીલ કરે છે કે નગરમાં જમીનના ઉપયોગનાં પ્રરૂપો અગાઉથી જ સ્વતંત્ર રીતે દેખાઈ આવતાં જુદાં જુદાં કેન્દ્રોની અરસપરસ વિકાસ પામે છે. એવાં જુદાં જુદાં કેન્દ્રોનો વિકાસ પણ કેટલાંક પરિબળો ઉપર આધાર રાખે છે. હેરિસ અને ઉલમાન નીચે મુજબનાં ચાર પરિબળોને નગરવિકાસ દરમિયાન જમીનના ઉપયોગનાં પ્રરૂપને લગતાં જુદાં જુદાં કેન્દ્રોના વિકાસ માટે જવાબદાર ગણાવે છે.

1) કેટલીક ચોક્કસ ક્રિયાઓ માટે વિશિષ્ટ સગવડોની જરૂર રહે છે. દા. ત., છૂટક વેપારના કેન્દ્ર માટે-સહેલાઈથી આવા-જવાની સગવડ જરૂરી હોય છે. જ્યારે કે આર્થિક ઉત્પાદનાં કેન્દ્રો માટે જમીન અને વાહનવ્યવહારના માર્ગોની સગવડ હોવી જરૂરી બની જાય છે. આથી જે જે કેન્દ્રો ઉપર આ પ્રકારની જરૂરી સગવડો મળી આવે છે ત્યાં એવા વિસ્તારો કુદરતી રીતે જ વિકાસ પામે છે. એવી જ જરૂર ધાર્મિક, શૈક્ષણિક અથવા પ્રશાસનિક જરૂરિયાતની ક્રિયાઓને લાગૂ થાય છે.

2) સમાન પ્રકારની ક્રિયાઓ એકબીજાનો લાભ મળી શકે તેવા આશયથી જે તે સ્થળે કેન્દ્રીત થતી હોય છે. દા. ત., નગરવિકાસની પ્રક્રિયા દરમિયાન કેન્દ્રસ્થ વેપારિક વિસ્તારમાં મોટ ભાગે જુદી જુદી વેપારિક ક્રિયાઓ કુદરતી રીતે જ કેન્દ્રિત થતી જાય છે.

3) કેટલીક અસંબદ્ધ ક્રિયઓનું સહઅસ્તિત્વ યોગ્ય હોતું નથી. તેથી એવી ક્રિયાઓ ભિન્ન ભિન્ન કેન્દ્રોમાં વિકાસ પામે છે. દા. ત., મોટા ઉદ્યોગોની અરસપરસ ઉચ્ચ આવક ધરાવતા અથવા ઉચ્ચ સ્તરમાં આવતા લોકોનાં રહેઠાણોના વિસ્તારો વિકાસ પામતા નથી.

4) જમીનના ઉપયોગને લગતાં કેટલાંક એવાં કાર્યો, દા. ત., ગોદામો, વગેરે કે જે પાછળ ઊંચો ખર્ચ કરવો યોગ્ય ગણાતો નથી તે સારી સ્થિતિ (good location) કરતાં ઓછા મૂલ્ય કે ભાડાથી મળી શકે એવા વિસ્તા ેમાં કેન્દ્રિત થાય છે.

હેરિસ અને ઉલમાને આપેલા ઉપરોક્ત સિદ્ધાંતમાં એક નોંધપાત્ર બાબત એ છે કે નગરમાં જે જુદા જુદા વિસ્તારો કુદરતી રીતે જ વિકાસ પામે છે તે નગરના કેન્દ્ર અથવા મધ્યબિંદુથી ફરતે વિકસતા હોય તેવું નથી. પરંતુ જ્યાં જ્યાં જે તે પ્રકારની ક્રિયાઓ માટે આધારભૂત ગણાતી સગવડો મળી આવે છે, ત્યાં ત્યાં એવા વિશિષ્ટ વિસ્તારો કુદરતી રીતે વિકાસ પામે છે. આથી એક જ પ્રકારની ક્રિયા કે જમીનના ઉપયોગના પ્રરૂપ દર્શાવતાં કેન્દ્રો નગરમાં જુદે જુદે સ્થળે દેખાઈ આવી શકે છે. આ કેન્દ્રો નગરના મધ્યબિંદુથી ફરતે જ હોય તે જરૂરી નથી.

આમ, પરિસ્થિતિકીય અભિગમને આધારે નગરવિકાસની પ્રક્રિયા દરમિયાન જુદા જુદા કુદરતી વિસ્તારો ઊપસી આવતા હોય છે અને તેમાંથી જ નગરવિકાસનો એક પ્રરૂપ દેખાઈ આવે છે એવું માનીને જુદાજુદા વિદ્વાનોએ કેટલાક સિદ્ધાંતો આપ્યા છે. એવા સિદ્ધાંતોમાંના મુખ્ય મુખ્ય સિદ્ધાંતોની ચર્ચા આપણે ઉપર કરી છે. પરંતુ કેટલાંક વિદ્વાનો એવું પણ માને છે કે નગરવિકાસની પ્રક્રિયામાં એવો કાંઈ ચોક્કસ પ્રરૂપ હોતો નથી કે જે એક આદર્શ પ્રરૂપ (Ideal Type) તરીકે સાર્વત્રિક સ્તરે લાગુ કરી શકાય. દા. ત., મોરિસ ડેવી કહે છે કે નગરવિકાસના એવા કુદરતી વિસ્તારો દર્શાવતા સામાન્યીકરણ થઈ શકે તેવું શક્ય નથી. પરંતુ ડેવી અને તેના અનુયાયીઓનું મત પ્રવિષ છેડા (extreme) નું છે. હકીકતમાં બર્ગેસ અને બીજા અનેક વિદ્વાનોએ જે સિદ્ધાંતો આપ્યા છે તેમને વત્તાઓછા પ્રમાણમાં ટેકો આપતાં તારણો નવાં નવાં સંશોધનો વડે પ્રાપ્ત થયાં છે. દા. ત., લિયો શ્નોર (Leo Schnore) ના અભ્યાસ વડે એવું જાણવા મળ્યું છે કે બર્ગેસનો સિદ્ધાંત અમેરિકાનાં જૂનાં અને વિશાળ નગરોને લાગુ પડે છે. તેમ જ જ્યારે નગર નાનું અને નવું હોય છે ત્યારે તેના વિકાસમાં અમુક પ્રવાહો દેખાઈ આવે છે. અને તે જ નગર જેમ જેમ નગર જૂનું અને વિકસતું થતું જાય છે તેમ તેમ તેના વિકાસનાં પ્રરૂપો પણ બદલાતાં જાય છે.

## III. મૂલ્યાભિમુખી અભિગમ (Value orientation Approach) :

નગરના ભૌતિક બંધારણનું સ્વરૂપ સામાજિક-સાંસ્કૃતિક મૂલ્યો ઉપર આધાર રાખે છે, એવી ધારણા મૂલ્યાભિમુખી અભિગમમાં કેન્દ્રસ્થાને હોય છે. તે જે તે સમાજમાં પ્રવર્તમાન સામાજિક-સાંસ્કૃતિક મૂલ્યો ઉપર આધાર રાખે છે અને છેવટે સમસ્ત નગરનું સામાજિક માળખું એવાં મૂલ્યોને બંધબેસતું સ્વરૂપ ધારણ કરે છે. પ્રસ્તુત અભિગમ મુખ્યત્વે યુરોપના સામાજિક વિદ્વાનોનું પ્રદાન છે. કાલાંતરમા અમેરિકા અને બીજા દેશોમાં પણ નગરની પરિસ્થિતિકીય અને સામાજિક બાંધણીની પદ્ધતિસરની સમજૂતીમાં આ અભિગમની મૂળ ધારણા પ્રસ્તુતતા તરી આવેલ છે. આ અભિગમ અન્વયે નગરમાં જમીનના ઉપયોગની ઢબ અને નગર સામાજિક માળખાંને અવલંબિત પરિવર્ત્યો તરીકે અને સામાજિક-સાંસ્કૃતિક મૂલ્યોને નિર્ણાયક પરિવર્ત્યો તરીકે સ્વીકારવામાં આવે છે.

જર્મન સામાજિક વિચારક મેક્સ વેબરનાં નગર વિષેનાં લખાણોમાં પ્રસ્તુત અભિગમનો મૂળ સ્રોત રહેલો છે. વેબરે આપેલા નગરનાં વિશ્લેષણમાં નગર નગર વચ્ચેનો તફાવત સામાજિક-સાંસ્કૃતિક મૂલ્યોને આધીન હોય છે, તે ભાવ સ્પષ્ટપણે તરી આવે છે. મેક્સ વેબરે નગરના સામાજિક માળખાની છણાટ કરતી વખતે સામાજિક-સાંસ્કૃતિક મૂલ્યોને કારકો રૂપી પરિવર્ત્યો તરીકે સ્વીકારી નગરના સામાજિક માળખાને આશ્રિત પરિવર્ત્યો તરીકે સમજાવ્યું છે. ત્યારબાદ મૂલ્યો અને નગરની પરિસ્થિતિકીય રચના વચ્ચેના સંબંધો તપાસવાના પ્રયાસો બીજા અનેક વિદ્વાનોએ કર્યા છે. ઝનેકીએ (Znaniecki) ગ્રામ્ય અને નાગરી પરિસ્થિતિકીય બાબતોના સમાજશાસ્ત્રીય અભ્યાસ દરમિયાન આ દૃષ્ટિબિંદુ ઉપર ખાસ આધાર રાખ્યો છે. તેણે પોતાના સંશોધનને આધારે નગર સમુદાયની

સામાજિક અને પરિસ્થિતિકીય રચના સમજાવવાના આશયથી મૂલ્યાભિમુખી અભિગમના ક્ષેત્રે પદ્ધતિસરનો વિકાસ કર્યો છે. ત્યાર પછી કોલ્બ (Kolb) નામના વિદ્વાને ટૅલકોટ પાર્સન્સ (Talcott Parsons) ના પ્રરૂપ-પરિવર્તય અભિગમ (Pateirn-variable Approach) ની મદદ લઈને નગરના સામાજિક અને પરિસ્થિતિકીય માળખાના વિશ્લેષણ અર્થે સામાજિક-સાંસ્કૃતિક મલ્યોને અર્થપૂર્ણ પરિવર્ત્ય તરીકે દર્શાવ્યાં છે, કારણ કે એવાં મૂલ્યોના અનુસંધાનમાં જ નગરના માળખાનું સ્વરૂપ નક્કી થાય છે.

હાલમાં મૂલ્યાભિમુખી અભિગમના વિકાસમાં જે વિદ્વાનોએ નોંધપાત્ર પ્રદાન આપ્યું છે તેમાં વાલ્ટર ફાઈરે (Walter Firey) નામના સમાજશાસ્ત્રીએ અમેરિકાના બોસ્ટન (Boston) નગરના અભ્યાસને આધારે નગરની પરિસ્થિતિકીય બાબતો કેવી રીતે સામાજિક-સાંસ્કૃતિક મૂલ્યો ઉપર અવલંબે છે તે શોધી કાઢવા માટેનું દિશાસૂચન કર્યું છે. તેણે બોસ્ટન નગરને લગતી વાસ્તવિક પરિસ્થિતિઓમાંથી પ્રાપ્ત કરેલી માહિતીની ઊંડી છણાવટ કરીને આર્થિક પરિબળોની અસરો અને સામાજિક-સાંસ્કૃતિક મૂલ્યોની અસરો વચ્ચેનો તફાવત સાબિત કરવા માટેનો પ્રયાસ કર્યો છે. વાલ્ટર ફાઈરેના બોસ્ટન નગરના અભ્યાસથી પ્રેરાઈને વિલહેમ (Willheim) નગર વિસ્તારો અને જમીનના ઉપયોગને લગતો સિદ્ધાંત રજૂ કરતાં જણાવ્યું છે કે આર્થિક પરિબળો પણ છેવટે તો સામાજિક-સાંસ્કૃતિક મૂલ્યો જ હોય છે. વધુમાં તેણે કહ્યું કે મૂલ્યો માનવીના 'સ્થળ' સાથેના સમાયોજનમાં નિર્ણાયક પરિબળોનો ભાગ ભજવે છે. તેજ રીતે માનવીનો 'સમય' અંગેનો ખ્યાલ પણ તેના સ્થળકીય અથવા સામાજિક સંગઠનને પ્રભાવિત કરે છે.

વાલ્ટર ફાઈરે (Walter Firey) કહે છે કે બર્ગેસ (Brugess) અને હોઈટ (Hoyt) ના કુદરતી વિસ્તારને લગતા સિદ્ધાંતો બોસ્ટન નગરને લાગુ પડતા નથી. તેણે પોતાનો સિદ્ધાંત બોસ્ટન નગરમાં સ્પષ્ટ રીતે દેખાઈ આવતા ત્રણ વિસ્તારોને લગતી માહિતીના આધારે આપ્યો છે. બોસ્ટન નગરના આ ત્રણ વિસ્તારો નીચે મુજબના છે :

1) બેકન ટેકરીનો વિસ્તાર

2) ઉત્તર-ભાગ

3) જનસામાન્ય-વિસ્તાર

તેઓ કહે છે કે 19મી સદીના મધ્યકાલથી બોસ્ટન નગરનાં કેટલાંક સ્થળોને તેમની સાંકેતિક અગત્યના સંદર્ભમાં જોવાનું શરૂ થયું હતું. આથી જે તે વિસ્તારમાં આવેલા રહેઠાણો કે અન્ય નાગરિક સેવાઓને લોકોની લાગણીઓ અને મૂલ્યોને ધ્યાનમાં રાખી યથાયોગ્ય રીતે જાળવવાના પ્રયાસો થવા લાગ્યા હતા. જોકે તાર્કિક રીતે એવા વિસ્તારો સ્થાનિક લોકોની લાગણીઓ તથા મૂલ્યોની અવગણના કરીને આર્થિક રીતે વધુ લાભદાયી ઢબે ઉપયોગી થઈ શક્યા હોત. એના પુરાવા રૂપે ફાઈરે (Firey) જણાવે છે કે બેકન ટેકરી ઉપર અને બોસ્ટન નગરના સામાન્ય વિસ્તારમાં કેટલાંક નિમ્ન વર્ગનાં રહેઠાણો અને બગીચાઓ નાબૂદ કરવામાં ન આવ્યાં તે લોકોની લાગણીઓ અને મૂલ્યોની અસર સાબિત કરે છે. હકીકતમાં બેકન ટેકરીનો વિસ્તાર જૂના વખતથી શ્રીમંત અને સાક્ષર કુટુંબની વસાહતોનો વિસ્તાર ગણાતો હોવાથી ત્યાં રહેતા લોકો તેની સાથે લાગણીના સંબંધો ધરાવે છે. હાલના સમયમાં નગરમાં બીજા આધુનિક ઢબના વિસ્તારો વિકસિત થાવથી અને બેકન ટેકરીમાં આવેલાં મકાનો જૂનાં થઈ ગયાં હોવાથી તે વિસ્તારની પડતી થઈ છે. છતાં ત્યાંના લોકો તેના પ્રત્યે ગૌરવ અનુભવે છે, કારણ કે જૂના વખતથી જ આ વિસ્તાર નગરમાં એક પ્રતિષ્ઠિત વિસ્તારની છાપ ધરાવે છે. આ વિસ્તાર બોસ્ટન નગરના છૂટક વેપારના કેન્દ્રથી પાંચ મિનિટમાં ચાલી શકાય તેટલા અંતરે આવેલું છે. છતાં આજે પણ જૂનાં અને શ્રીમંત કુટુંબો ત્યાં જ રહેવાનું પસંદ કરે છે. આજ હકીકત નગરના પરિસ્થિતિકીય બંધારણમાં લોકોની લાગણીઓ અને મૂલ્યોની પડતી અસરોની સાબિતી આપે છે. વળી, સામાન્ય વિસ્તાર અંગે લોકો જૂની સ્મૃતિઓ, પરંપરાઓ અને જાહેર જીવનની ઘટનાઓને સ્પર્શતી ઊંડી લાગણીઓ ધરાવતા હોવાથી તેને સાંસ્કૃતિક વારસા અને પ્રેરણાનો સ્રોત માને છે. આથી તે વિસ્તાર એક પવિત્ર વિસ્તાર તરીકેનું માન ધરાવે છે અને નગરના ઐતિહાસિક વારસાના પ્રતીકરૂપે મનાય છે, ફાઈરે (Firey) કહે છે કે નગરના આ વિસ્તારોનું ઊંચુ સ્થાન અને મહત્તા તેમની આર્થિક ઉપયોગિતા કે ભૌગોલિક ગુણવત્તાને કારણે હોતી નથી. પણ લોકોની લાગણીઓ અને સાંસ્કૃતિક મૂલ્યોને કારણે જે તે વિસ્તાર ઊંચો મોભો પ્રાપ્ત કરે છે. હકીકતમાં ફાઈરે કહે છે કે કાયદાકીય વ્યવસ્થા વડે પણ બોસ્ટન નગરના સામાન્ય વિસ્તારની એવી ઐતિહાસિક મહત્તાને નુકસાન પહોંચાડે તેવાં વિકાસનાં કાર્યો હાથ ન લેવાય તેવી તકેદારી લેવામાં આવતી રહી છે. ભારતમાં આપણે ઐતિહાસિક મહત્ત્વનાં નગરોમાં લોકલાગણીને જોઈ નગર વિકાસના કાર્યક્રમો

જે તે નગરની પરંપરાગત અને ઐતિહાસિક મહત્તાની સાબિતી આપતાં સ્થળોની સાચવણીને ધ્યાનમાં રાખતાં પગલાં લેવાય છે, તે હકીકતનો ઉલ્લેખ આ સંદર્ભમાં કરી શકીએ.

પ્રસ્તુત અભિગમ હેઠળ સામાજિક-સાંસ્કૃતિક મૂલ્યો અને લોકલાગણીને નગરનાં પરિસ્થિતિકીય બંધારણમાં નિર્ણાયક પરિબળો તરીકે સ્વીકારવાની દલીલની ટીકાકારોએ ઊંડી ટીકા કરી છે. એવી ઉગ્ર ટીકાઓ વચ્ચે પણ સામાજિક વિજ્ઞાનીએ નગરીય પરિસ્થિતિઓને લાગતી વિપુલ માહિતી એકઠી કરી છે. આ પ્રકારની સર્વ માહિતી સુવ્યવસ્થિત ન હોય એવું પણ લાગી શકે છે. છતાં એવી ઉપલબ્ધ માહિતી ઉપરથી સ્પષ્ટ થાય છે કે નગરના પરિસ્થિતિકીય અને સામાજિક માળખાના વિશ્લેષણમાં મૂલ્યોની અવગણના કરી શકાય નહીં. ડિકિન્સન (Dickinson) ના પશ્ચિમી યુરોપના નગરના અભ્યાસ તેમજ જોન્સના બેલ્ફાસ્ટ નગરના અભ્યાસોના તારણો આ ધારણાને સમર્થન આપે છે.

પૂર્વ-ઔદ્યોગિક નગરના પરિસ્થિતિકીય અને સામાજિક બંધારણની છણાવટ કરતાં ગિડિયન સ્ઝોબર્ગ (Gideon Sjoberg) જણાવે છે કે હકીકતમાં જ્યારે આપણે ખૂબ જ ભિન્ન ભિન્ન એવી સામાજિક-સાંસ્કૃતિક પૃષ્ઠભૂમિ ધરાવતાં નગરો વચ્ચે તુલનાત્મક અભ્યાસ કરીએ ત્યારે જ આપણને મૂલ્યોની નગરની પરિસ્થિતિકીય અને સામાજિક રચનાતંત્ર ઉપર પડતી અસરો સાચી રીતે સમજાય છે. દા. ત., મુસ્લિમ નગરોમાં રોજબરોજના જીવનમાં ધાર્મિક મૂલ્યો જેવાં કે દૈનિક નમાજ વગેરેની અપેક્ષાઓ તેમજ રમઝાનના પવિત્ર મહિનામાં આખા દિવસના 'રોઝા' રાખવાની અપેક્ષાઓ સરળતાથી સંતોષી શકાય એવા આશયથી જ નગરવાસીઓ દ્વારા નગરજીવનની વિવિધ ક્રિયાઓ આ ધાર્મિક મૂલ્યોની અનુકૂળ થઈ રહે તે રીતે પૂરી પાડવામાં આવે છે. તે સિવાય રમઝાનના મહિનામાં નગરજીવનને સ્પર્શતી કેટલીક આર્થિક ક્રિયાઓ ઉપર કાપ મૂકવામાં આવે છે. ગિડિયન સ્ઝોબર્ગ એમ પણ કહે છે કે સામાજિક-સાંસ્કૃતિક મૂલ્યો લૂઈ વર્થે જણાવેલાં નગરના પાયાનાં તત્ત્વો જેવાં કે વિશાળ કદ, ગીચતા અને વસ્તીનું પચરંગીપણું વગેરે ઉપર પણ ઊંડી અસર પાડે છે. તેથી જ કેટલાક સમાજોમાં નગરોના વિસ્તરણ અગર ફેલાવા વિષે બીજા સમાજો કરતાં વધુ છૂટી અને સુગમ થઈ રહે એવી મૂલ્ય-વ્યવસ્થા જોવા મળે છે. દા. ત., તેઓ કહે છે કે દક્ષિણ યુરોપના કેટલાક ભાગોમાં ત્યાંની સામાજિક-સાંસ્કૃતિ મૂલ્ય વ્યવસ્થાએ ઔદ્યોગીકરણના પ્રસારને અટકાવી છે અને તેથી ત્યાંના નગરોનો વિકાસ રૂંધાયો છે. આ સંદર્ભમાં મેક્સ વેબરનો આર્થિક સાહસિક્તાના ક્ષેત્રે ધાર્મિક મૂલ્યોની પડતી અસરો પરત્વેનો સિદ્ધાંત નગરીકરણના અભ્યાસમાં પણ સુસંગત થઈ રહે છે.

નગરના વિકાસ ઉપર મૂલ્યોની અસર માત્ર સામાન્યપણે જ પડતી હોય છે તેવું નથી. પરંતુ નિશ્ચિત પ્રકારનાં નગરો ઉપર પણ સામાજિક-સાંસ્કૃતિક મૂલ્યોની અસર જે તે નગરનો વિશિષ્ટ પ્રકાર નક્કી કરે છે. દા. ત., મક્કા, બનારસ, દ્વારકા, જેરુસેલમ અથવા રોમ વગેરેનું સૈકાઓથી ચાલ્યું આવતું આગવું સ્થાન મુખ્યત્વે ધાર્મિક મૂલ્યો વડે આ નગરોને આપવામાં આવેલા મહત્ત્વને કાળે જાય છે. એવી જ રીતે રાજય અથવા રાષ્ટ્રના સ્વાતંત્ર્ય અને વિકાસને દર્શાવતા પ્રતીક રૂપે પાટનગરોનું ગૌરવ છેવટે તો રાજય કે રાષ્ટ્ર પ્રત્યેની શ્રદ્ધા અને ભક્તિ દર્શાવતાં મૂલ્યોને પ્રતાપે જ ટકી રહે છે. દા. ત., દિલ્હીનું ગૌરવ બીજા કોઈ પણ કારણ કરતાં ભારતના પાટનગર તરીકેનું તેનું સ્થાન હોવાથી મોખરે રહે છે, અને તેનો વિકાસ રાષ્ટ્રના પાટનગર પ્રત્યેનાં મૂલ્યોને આધીન છે તેમ કહીએ તો અસ્થાને લેખાશે નહીં.

આપણે આગળ જોયું કે નગર સમુદાયોના અભ્યાસોને ક્ષેત્રે આ અભિગમનું મહત્ત્વ ઉત્તરોત્તર વધતું રહ્યું છે. વિકસતા સમાજોનાં નગરોના અભ્યાસોમાં પણ નગરની સામાજિક અને પરિસ્થિતિકીય બાંધણી ઉપર મૂલ્યોની અસર દર્શાવતાં સંશોધનો મળી આવે છે. દા. ત., રંગૂન નગરના અભ્યાસમાં રિચાર્ડ રેડિકે (Richard Redick) આ બાબતને સ્પર્શતાં કેટલાંક અર્થપૂર્ણ તારણો આપ્યાં છે. ભારતની પરિસ્થિતિઓમાં લલિતપ્રસાદ વિદ્યાર્થીના ગયા (Gaya) નગરનો અભ્યાસ, મિલ્ટન સિંગર અને રેડફિલ્ડનો મદ્રાસ નગરનો અભ્યાસ અને અમદાવાદની પોળોના અભ્યાસમાં હરીશ દોશીએ પ્રસ્તુત અભિગમને સમર્થન આપે એવાં તારણો પ્રાપ્ત કર્યાં છે. કેટલાક સમાજશાસ્ત્રીઓ એવી ધારણા સેવતા થયા છે કે નગરીય પરિસ્થિતિઓમાં સામાજિક-સાંસ્કૃતિક મૂલ્યો સામાજિક ક્રિયા-પ્રક્રિયાઓનું સ્વરૂપ પણ નક્કી કરે છે. વળી, પ્રસ્તુત અભિગમની અસરો હેઠળ કેટલાક સમાજશાસ્ત્રીઓ હવે નગર સમુદાયોના આંતરસાંસ્કૃતિક (cross-cultural) અભ્યાસોની જરૂર ઉપર ભાર મૂકવા લાગ્યા છે. એવા અભ્યાસોની મદદથી નગર સમુદાયોની રચના અને તેના ક્રિયા-કલાપ ઉપર સામાજિક સાંસ્કૃતિક મૂલ્યોની અસર સમજવામાં સરળતા રહે છે. તેમજ જુદા જુદા સમાજમાં

નગરો વચ્ચે કેટલીક આધારભૂત સમરૂપતાઓ હોવા છતાં તેમની વચ્ચે જોવા મળતી ભિન્નતાના જવાબદાર આધારો જાણી શકાય છે. આ અર્થમાં નગર સમાજશાસ્ત્રના ક્ષેત્રે મૂલ્યોભિમુખી અભિગમની વિશેષ અગત્ય રહેલી છે. છતાં પ્રસ્તુત અભિગમની કેટલીક મર્યાદાઓ પણ છે. આ મર્યાદાઓ નીચે મુજબ દર્શાવી શકાય છે.

મૂલ્યોભિમુખી અભિગમની પ્રથમ મર્યાદા એ છે કે નગર સમુદાયની વિશાળ વસ્તી તેની ગીચતા અને પચરંગીપણાને કારણે સ્થાનિક પરિસ્થિતિ અને તેનું સમાજજીવન ખૂબ જટિલ હોય છે. નગરની આવી જટિલતાને કારણે તેનાં સામાજિક માળખાં અને મૂલ્યો વચ્ચે તાર્કિક ઢબે ચોક્કસ કહી શખાય એવા સંબંધોનો ક્યાસ કાઢવો એ ધારીએ તેટલું સહેલું હોતું નથી. શીલ્સ નામનો વિદ્વાન સમાજશાસ્ત્રી કહે છે કે વ્યક્તિઓ અને પેટા-જૂથો વગેરેની ક્રિયાઓ અને અમૂર્ત એવી મૂલ્ય-વ્યવસ્થા વચ્ચે બારીક સંબંધો હોય છે અને તે બાહ્ય નિરીક્ષણ માત્રથી સમજાઈ શકતાં નથી. ગિડિયન સ્ઝોબર્ગ પણ આ મત સાથે પોતાનો સૂર પુરાવે છે અને કહે છે કે અમેરિકા કે બીજા કોઈ પણ સમાજનાં નગરોનાં એક બાજુ સામાજિક અને પરિસ્થિતિકીય માળખાં અને બીજી બાજુ સામાજિક-સાંસ્કૃતિક મૂલ્યો વચ્ચે એકની સાથે એકનો સંબંધ હોય છે, તેવું એકદમ સ્વીકારી શકાય નહીં.

બીજું, મૂલ્યોભિમુખ અભિગમના સમર્થકો ઘણી વખતે મૂલ્યો, વિચારો, જ્ઞાન અને માન્યતાઓ વચ્ચેનો ભેદ સમજવામાં નિષ્ફળ જાય છે. સંસ્કૃતિના ભાગ રૂપે આ સર્વ બાબતોને 'મૂલ્યો'માં સમાવી લેવી પ્રસ્તુત અભિગમના હાર્દની અવગણના કરવા જેવું હોય છે.

ત્રીજું સામાજિક-સાંસ્કૃતિક મૂલ્યો ઉપર વધારે પડતો ભાર મૂકવાથી જુદી જુદી સંસ્કૃતિઓમાં આવેલાં નગરો વચ્ચે જોવા મળતા તફાવતોનું પ્રાધાન્ય વધી જાય છે, પણ એવાં નગરોમાં રહેલી સમાનતાઓ સમજવાની બાબતને જોઈએ તો ન્યાય મળતો નથી. જે રીતે નગરોની વૈજ્ઞાનિક સમજૂતી મેળવવામાં તેમની વિશિષ્ટતાઓ સમજવી અગત્યની હોય છે તેવી જ રીતે નગરોમાં પ્રવર્તતી સર્વ સામાન્ય બાબતોની પૃષ્ઠભૂમિમાં જ જે તે નગરની ખાસિયતો કે વિશિષ્ટતા વધુ વિશ્વસનીય અને સ્પષ્ટ રીતે સમજી શકાય છે.

વળી, સામાજિક-સાંસ્કૃતિક મૂલ્યની અસરો તપાસવા અર્થે જે તે મૂલ્ય અથવા મૂલ્યોની સઘનતાનું માપન કાઢી શકાય એવાં અર્થપૂર્ણ અને તટસ્થ સંદર્ભબિંદુઓ વિકસાવવા પદ્ધતિશાસ્ત્રીય દૃષ્ટિથી પાયાની જરૂરિયાત હોય છે. કમનસીબે સમાજશાસ્ત્રની પદ્ધતિઓના ક્ષેત્રે એવા પ્રમાણિત માપદંડોનો વિકાસ થઈ શક્યો નથી. તેથી પણ પ્રસ્તુત અભિગમની મદદ વડે ઊંડાં અને અર્થપૂર્ણ તારણો પ્રાપ્ત કરવાની મર્યાદા રહેલી છે.

નગર સમાજશાસ્ત્રમાં નગર સમુદાયોની ગુણાત્મક સમજૂતી હાંસલ કરવામાં મૂલ્યોભિમુખી અભિગમની ઉપરોક્ત કેટલીક મર્યાદાઓ હોવા છતાં પણ તેની ઘણી અગત્ય છે. આ અભિગમ વડે નગર સમાજશાસ્ત્રીઓએ કેટલાંક એવાં સિદ્ધાંતો ઉપર આવવું જોઈએ કે જે સાર્વત્રિક રીતે વિશિષ્ટ પ્રકારનાં નગરો, જેવાં કે ઔદ્યોગિક નગરો, પૂર્વ-ઔદ્યોગિક નગરો, અથવા, 'પ્રાયમેટ સિટી' (Primate city) વગેરેને લાગુ કરી શકાય. વળી, ભિન્ન ભિન્ન લાક્ષણિક્તાઓ ધરાવતા સમાજોમાં નગરીય પરિસ્થિતિકીય માળખાં ઉપર મૂલ્યોની જે અસરો પડે છે તેમનું યોગ્ય માપન કરી શકે એવી પ્રયુક્તિઓ પણ વિકસાવવી જોઈએ.

## રોબર્ટ રેડફિલ્ડનો લોક-નાગરીય સાતત્ય (Folk-urban continuum) :

19મી સદીની શરૂઆતથી જ સમાજશાસ્ત્રીય સાહિત્યમાં નગરીય અને પૂર્વનગરીય સમાજો વચ્ચે સામાજિક વ્યવહાર અને સામાજિક પર્યાવરણના ક્ષેત્રે રહેલ તફાવતો સમજાવવાના પ્રયત્નો થયા છે. એવા પ્રયત્નોની ફળશ્રુતિરૂપે કેટલાક સામાજિક વિચારકોએ નગર ઉત્ક્રાંતિની પ્રક્રિયાને લક્ષ્યમાં રાખી સમાજોના પ્રકારો દર્શાવ્યા છે. દા. ત., હેનરી મેઈન ઈ.સ. 1861માં પોતાના ગ્રંથ "એનસિયન્ટ સોસાયટી" (Ancient Society) માં સગપણના સંગઠન પર આધારિત સમાજવ્યવસ્થા અને ભૌગોલિક વિસ્તાર પર આધારિત સમાજવ્યવસ્થાની ચર્ચા કરેલ છે. પ્રથમ પ્રકારની સમાજવ્યવસ્થાનું સંચાલન "દરજ્જા" (Status)ના સંદર્ભમાં થાય છે, જ્યારે કે બીજા પ્રકારની સમાજવ્યવસ્થા "કરાર" (Contract)ના સિદ્ધાંત ઉપર ચાલે છે. ટોનીઝે (Tonnies) ઈ.સ. 1887માં "ગેમાઈનશેફ્ટ" (Gemeinschaft) અને "ગેસલશેફ્ટ" (Gesellschaft) ના ખ્યાલો આપી ગ્રામીણ અને નાગરીય સમુદાયના સંદર્ભમાં બે ભિન્ન ભિન્ન અને એકબીજાથી વિપરીત એવી સમાજવ્યવસ્થાઓની સમજૂતી આપી છે. ઈમાઈલ દુર્ખીમે સમાજમાં શ્રમવિભાજનનો અભ્યાસ કરતી વખતે યાંત્રિક એકતા અને જૈવિક એકતા (Mechanical solidarity and Organic solidarity)

ધરાવતા સમાજો તરીકે બે જુદી જુદી સમાજવ્યવસ્થાઓનું વર્ણન કર્યું છે. આ જ રીતે સમનર, ગોલ્ડન વિઝર અને બેકર વગેરેએ પણ સમાજના પ્રકારો દર્શાવવાના પ્રયત્નો કર્યા છે. આ સર્વ વિદ્વાનોએ આ ક્ષેત્રે જે પ્રયાસો આદર્યા તેમાં રહેલી મૂળ બાબત એ છે કે તેઓએ આધુનિક નગર-ઉત્ક્રાંતિને લક્ષ્યમાં રાખી સમાજના ધ્રુવીય રીતે એકબીજાથી વિપરીત એવા પ્રકારો શોધવાનો પ્રયત્ન કર્યો છે. આ વિદ્વાનોના વિચારોની અસર હેઠળ તથા વાસ્તવિક પરિસ્થિતિઓના નિરીક્ષણને આધારે રોબર્ટ રેડફિલ્ડે લોકસમાજને (folk Society) કેન્દ્રમાં રાખી લોક-સમાજ તથા નગર સમાજ વચ્ચેના તફાવતો સમજાવવાનો પ્રયાસ કર્યો છે. તેણે ઉપર જણાવેલા વિચારકોએ આપેલ સમાજોના વર્ગીકરણમાંથી કેટલાંક ઉપયોગી લાગ્યાં તેવાં તત્ત્વો લીધાં અને પોતાને આનુષંગિક લાગ્યાં એવાં બીજાં કેટલાંક નવાં તત્ત્વોની મદદ વડે લોકસમાજ અને આધુનિક નગરસમાજ એવા સમાજના બે ધ્રુવીય પ્રકારો આપ્યા છે. હકીકતમાં, રેડફિલ્ડે લોક-સમાજથી આધુનિક જટિલ એવા નગર સમાજ તરફની ઉત્ક્રાંતિમાં જુદા જુદા તબક્કે સમાજવ્યવસ્થામાં આવતા ફેરફારો સમજાવવા અર્થે લોકસમાજથી નગર સમાજ તરફના પ્રયાણને લગતી એક અગત્યની ધારણા કરી છે. પ્રસ્તુત સાતત્યનું એક ધ્રુવીયબિંદુ લોકસમાજ છે અને બીજું ધ્રુવીયબિંદુ આધુનિક નગર સમાજ છે. આ બન્ને ધ્રુવીય પ્રકારો સિવાયનો કોઈ પણ સમાજ પ્રસ્તુત સાતત્યમાં કયા સ્થાને આવશે તેનો આધાર જ તે સમાજમાં "લોક સમાજ" માટે દર્શાવવામાં આવેલાં લક્ષણો નાગરીય વિકાસને પરિણામે કેટલા અંશોમાં નાશ પામ્યા છે તેના ઉપર રહેલો હોય છે.

રોબર્ટ રેડફિલ્ડે પ્રસ્તુત વિશ્લેષણમાં લોકસમાજનાં લક્ષણોને કેન્દ્રસ્થાને રાખ્યાં છે અને કહ્યું છે કે આધુનિક જટિલ નગર સમાજનાં લક્ષણો લોક સમાજનાં લક્ષણોથી તદન વિપરીત હોય છે. તેમનો લોક સમાજ અંગેનો ખ્યાલ એક આદર્શ પ્રરૂપ (Ideal Type) તરીકેનો છે. એટલે કે રેડફિલ્ડે લોકસમાજનાં કેટલાંક એવાં લક્ષણો દર્શાવ્યાં છે કે જે સોએ સો ટકા કોઈ પણ લોકસમાજની વાસ્તવિક પરિસ્થિતિઓમાં ન પણ દેખાઈ આવે. એક આદર્શ પ્રરૂપ તરીકે લોકસમાજનાં લક્ષણો તારવવા પાછળનો રેડફિલ્ડનો આશય વાસ્તવિકતાને વધુ પ્રમાણિક રીતે સમજી શકાય એવો માપદંડ આપવા પૂરતો હતો. લોકસમાજ અંગેની ધારણામાં રેડફિલ્ડ ઉત્તરોત્તર વિકાસ કરતા રહ્યા તેથી જ તેમણે **યુકાટાનની લોકસંસ્કૃતિનાં** (The folk cultures of Yucatan) અભ્યાસમાં અને **ચાન કોમ** (Chan Kom) ગામના જાણીતા અભ્યાસોમાં સાંસ્કૃતિક પરિવર્તનની પ્રક્રિયામાં રહેલા પ્રવાહો શોધવાનો પ્રયાસ કર્યો. જો કે આ અભ્યાસોમાં રેડફિલ્ડે સાંસ્કૃતિક પરિવર્તનને લગતાં પોતાનાં તારણોને લોક-નાગરીય સાતત્યની મૂળ ધારણા સાથે સૈદ્ધાંતિક રીતે સાંકળી લેવા તરફ ધ્યાન આપ્યું નથી.

રોબર્ટ રેડફિલ્ડએ "ધ પ્રિમિટિવ વર્લ્ડ એન્ડ ઈટ્સ ટ્રાન્સફોર્મેશન"માં લોકસમાજ અંગેની ધારણાને વધુ સ્પષ્ટ રીતે રજૂ કરવાનો પ્રયાસ કરતાં તેને એક આદર્શ પ્રરૂપ તરીકે ન જોતાં સમાજના એક વાસ્તવિક સ્વરૂપ તરીકે જોઈ છે. આ અભ્યાસમાં તેનો અભિગમ નવ-ઉત્ક્રાંતિવાદી (Neo-evolutionist) રહેલો છે. તેમણે લોકસમાજને પૂર્વ-કૃષક સમાજ અથવા આદિમ સમાજ પર્યાયરૂપે જોયા છે. પરંતુ ફિલિપ હાઉઝર (Philip Hauser) કહે છે કે રેડફિલ્ડે લોકસમાજને આ દૃષ્ટિથી જોતાં પૂર્વ-નવયુગના સર્વ સમાજોને એક જ શ્રેણીમાં વર્ગીકૃત કર્યા છે અને તેમ કરતાં તે આખેટ અવસ્થા, ફળફૂલ એકઠાં કરવાની અવસ્થા કે માછલાં પકડવાની અવસ્થા વગેરેના સંદર્ભમાં સમાજ-સમાજ વચ્ચે જે કાંઈ ભિન્નતાઓને ધ્યાનમાં લીધી નથી. અહીંયાં આપણો હેતુ રેડફિલ્ડના 'લોકનાગરીય સાતત્ય'ની સરળ સમજૂતી મેળવવાનો છે. તેથી તેને લગતી સૈદ્ધાંતિક પ્રતિક્રિયાઓ તરફ ન વળી જતાં રેડફિલ્ડે "લોકસમાજ"નાં જે લક્ષણો દર્શાવ્યાં છે તેમની વિગતવાર ચર્ચા કરીશું. આપણે આગળ જોયું કે રેડફિલ્ડ "લોકસમાજ"નાં લક્ષણોથી તદન વિપરીત એવાં લક્ષણો આધુનિક નગરીય સમાજમાં જોવા મળે છે તેવી દલીલ કરી છે. તેમની મૂળભૂત ધારણા એવી હતી કે કેટલીક બાબતોમાં સર્વસમાજો એકસરખા છે. તો અન્ય બાબતોમાં તે એકબીજાથી ભિન્નતા ધરાવતા હોય છે, તથા સર્વ લોકસમાજોનાં લક્ષણો સરખા હોવાથી બધા લોકસમાજોને એક શ્રેણીમાં વર્ગીકૃત કરી શકાય છે.

લોકસમાજનો અર્થ સમજાવતાં રેડફિલ્ડ કહે છે કે લોકસમાજ એ જૂથ એકતાની પ્રબળ ભાવના ધરાવતો નાના કદનો, અલગતા ધરાવતો, નિરક્ષર અને સમરૂપતાવાળો સમાજ હોય છે. એવા સમાજના સભ્યોની રહેણીકરણી સંસ્કૃતિના એક અંગરૂપે રૂઢિગત ઢબે ચાલતી આવે છે. લોક સમજના સભ્યો વચ્ચેની પારસ્પરિક વર્તણૂક પરંપરાગત, સહજ સ્વાભાવિક, બિનટીકાત્મક અને અંગત સ્વરૂપની હોય છે. તે ઉપરાંત એવા સમાજોમાં લેખિત કાયદાકાનૂન કે નવા નવા પ્રયોગો કરવા માટેની ટેવ અથવા આધ્યાત્મિક ધ્યેય હાંસલ કરવા માટેની પ્રતિભાવનાનું અસ્તિત્વ હોતું નથી. કુટુંબ સામાજિક-સાંસ્કૃતિક ક્રિયાઓ માટેનું એકમ હોય છે. સગપણનું જૂથ, તેના સંબંધો અને તેની

સંસ્થાઓ સામાજિક અનુભવો માટેની વ્યાપક શ્રેણી હોય છે. વળી, લોકસમાજમાં ધાર્મિક બાબતોનું લૌકિક બાબતો ઉપર વર્ચસ્વ હોય છે અને અર્થવ્યવસ્થામાં બજારનું સ્થાન હોતું નથી.

લોકસમાજ અંગેના ઉપરોક્ત વર્ણનના સંદર્ભમાં રેડફિલ્ડ તે સમાજનાં નીચે મુજબનાં ચાર પ્રમુખ લક્ષણોની દર્શાવે છે. તેઓ કહે છે કે આ લક્ષણો લોકસમાજથી આધુનિક નગરીય સમાજ તરફના પ્રયાણમાં ધીમે ધીમે અલોપ થતાં જાય છે અને આધુનિક નગરીય સમાજમાં તેમનું અસ્તિત્વ રહેતું નથી. આવી પરિસ્થિતિ હેઠળ આધુનિક નગરીય સમાજો લોકસમાજો કરતાં તદ્દન વિપરીત પ્રકારના હોય છે. રેડફિલ્ડએ દર્શાવેલ લોકસમાજનાં ચાર મુખ્ય લક્ષણો નીચે મુજબ છે :

1) નાનું કદ (Small size)

2) અલગતા (Isolation)

3) નિરક્ષરતા (Non-literate)

4) સમરૂપતા (Homogeneous)

## 1. નાનું કદ (Small size) :

લોકસમાજની વસ્તીનું પ્રમાણ નાનું હોય છે. તેના સભ્યોની સંખ્યા એટલી ઓછી હોય છે કે આખા સમાજના સભ્યો એકબીજાને સારી રીતે ઓળખતા હોય છે. લોકસમાજના સભ્યો વચ્ચે સતત અને લાંબા ગાળાનો સંપર્ક હોય છે. શિકાર અને ફળફૂલ એકઠાં કરીને પોતાનું જીવન ગાળતા આદિવાસી સમાજોનું કદ ભાગ્યે જ સો કે તેથી વધુ સંખ્યાના સભ્યો જેટલું હશે. એવા આદિમ સમાજો એક સ્થળેથી બીજા સ્થળે સ્થળાંતર કરતા રહે છે. તેમ છતાં આખા સમાજના લોકો એકી સાથે જ રહે છે. દા.ત., અમેરિકાના દક્ષિણ પશ્ચિમના પ્યુબ્લો આદિવાસીઓ, ભારતનાં ચેંચુ, કાદર અને આંદામાન-નિકોબાર દ્વીપસમૂહોમાં વસતા બીજા કેટલાક આદિવાસી સમાજોની આવા સમાજોમાં ગણના કરી શકાય.

## 2. અલગતા (Isolation) :

લોક સમાજના સભ્યોનો, અન્ય સમાજો અગર સંસ્કૃતિના લોકો સાથે સંપર્ક હોતો નથી. તેથી તેમનાં જીવનમાં બાહ્ય સંપર્કો વડે સામાજિક-સાંસ્કૃતિક તત્ત્વોનું પ્રસારણ થતું હોય એવું જોવા મળતું નથી. એવી અલગતા તેમની દુર્ગમ એવા જંગલ અને ડુંગર વિસ્તારમાં વસવાટ હોવાને કારણે ટકી રહેતી હોય છે. હકીકતમાં બાહ્ય સમાજો સાથેના સંપર્કના અભાવને કારણે લોકસમાજના સભ્યોમાં અંદરોઅંદર સતત આદાનપ્રદાન થતાં રહે છે. મોટે ભાગે લોકસમાજના સભ્યો ભૌગોલિક અલગતામાં રહેતા હોય છે. તેઓ ડુંગરાળ, ખીણ અથવા જંગલમાં અને નાનકડા એવા ભૂ-ભાગ ઉપર પેઢી-દર-પેઢી વસતા આવે છે. તેમ છતાં કેટલાક ફરતું જીવન ગાળતા લોકસમાજો એક સ્થળેથી બીજા સ્થળે જે તે ભૂ-ભાગ અગર પ્રદેશમાં સ્થળાંતર કરતા રહે છે. કેટલાક લોકસમાજો નિયમિત રીતે જુદી જુદી ઋતુઓમાં સ્થળાંતર કરતા હોય છે. પણ એક વાત ચોક્કસ કે આવું સ્થળાંતર હોવા છતાં લોકસમાજનું બાહ્ય સમાજો સાથે સામાજિક-સાંસ્કૃતિક અથવા આર્થિક આદાન-પ્રદાન થતું નથી. લોકસમાજના સભ્યો અંદરોઅંદર જ રોજબરોજના અને પ્રાસંગિક જીવનમાં પોતાનું આગવું જીવન જીવતા હોય છે. લોકસમાજના કેટલાક સભ્યોના બીજા સમાજો સાથે અપવાદરૂપે સંપર્ક થાય તો પણ એવા સંપર્કોથી લોકસમાજના સામાજિક-સાંસ્કૃતિક જીવનમાં બાહ્ય સમાજનાં તત્ત્વો પ્રવેશ પામી શકતાં નથી.

## 3. નિરક્ષરતા (Non-literate) :

લોકસમાજમાં અંદરોઅંદર થતું આદાન-પ્રદાન પણ મૌખિક હોય છે, કારણ કે આવા સમાજોમાં લિપિનો વિકાસ થયેલો હોતો નથી. લિપિના અભાવને કારણે લોકસમાજના સભ્યોને તેમના પૂર્વજોના વિચારો અને અનુભવોની પ્રત્યક્ષ જાણ થઈ શકતી નથી પણ મૌખિક આદાન-પ્રદાન દ્વારા પેઢી-દર-પેઢી પરંપરાગત અને જૂની બાબતોની સાચવણી થાય છે. મૌખિક રીતે આદાનપ્રદાન હોવાને કારણે લોકસમાજના સભ્યોમાં ભૂતકાળને લગતું જ્ઞાન યાદશક્તિમાં રહી શકે તેટલે સુધી જ મર્યાદિત રહી જાય છે. મોટે ભાગે બીજી કે ત્રીજી પેઢી સુધીના પૂર્વજોને લગતી તેમની સમજ હોય છે. પણ ત્યાંથી આગળના ભૂતકાળ વિષેની બાબતોએ દંતકથાઓ અગર માન્યતાઓનાં રૂપ ધારણ કરી લીધાં હોય તેવું લાગે છે.

લેખિત રૂપમાં સાહિત્યને આધારે આરૂઢ થયેલા ખ્યાલો - માન્યતાઓ ન હોવાથી લોકસમાજોમાં ઐતિહાસિક જ્ઞાન હોતું નથી, ધાર્મિકસાહિત્ય હોતું નથી, તેમજ પદ્ધતિસરની શોધોને આધાર આપી

શકે તેવા તેમના રોજબરોજના જીવનના પ્રયોગોના અહેવાલ પણ હોતા નથી. અનુભવોના સંગ્રહનો એક માત્ર વિકલ્પ વધુ આયુષ્ય ભોગવનાર વ્યક્તિની બુદ્ધિમાં અનુભવજન્ય વૃદ્ધિના રૂપમાં જ જોવા મળે છે. આથી જ લોકસમાજોમાં વૃદ્ધોની કે જેમણે જુવાનિયાઓ કરતાં વધુ જોયું અને અનુભવ્યું હોય છે, ઊંચી પ્રતિષ્ઠા અને સત્તા હોય છે.

### 4. સમરૂપતા (Homogeneity) :

લોકસમાજના સભ્યોમાં જીવનના દૃષ્ટિબિંદુ (Worldview)ની સમરૂપતા હોય છે. લાંબા ગાળાથી એકી સાથે અને ગાઢ સંબંધોમાં રહેતા આવ્યા હોવાથી અને બીજી કોઈ પણ બહારની વ્યક્તિઓ જોડે સંપર્ક ન હોવાથી લોકસમાજના સભ્યો એક નૈસર્ગિક સમરૂપતા ધરાવતા તરી આવે છે. આવા સમાજના સભ્યો ઉપર જોયું તે મુજબ અંદરોઅંદર જ વિચારવિનિમય કરતા હોય છે અને બહારની વ્યક્તિઓ સાથે સંપર્ક ધરાવતા નથી. તેથી એક વ્યક્તિએ શીખેલી રીતભાતો અને વિચારોની પ્રણાલિકા બીજી વ્યક્તિ જેવી જ હોય છે. બીજા શબ્દોમાં કહીએ તો આદર્શ પ્રરૂપ જેવા લોકસમાજમાં એક વ્યક્તિ જે જાણે અને માને છે તે બીજાઓ જે જાણે અને માને છે તેવું જ હોય છે.

આવી સમરૂપતાં માત્ર જે તે પેઢીના સભ્યોની માન્યતાઓ અને અનુભવો પૂરતી જ મર્યાદિત હોતી નથી. પેઢી-દર-પેઢીના સંદર્ભમાં વિચારીએ તો પણ આવી સમરૂપતા જોવા મળે છે. વૃદ્ધ લોકો તેમની જુવાનીમાં જેવી રીતે વર્તતા તેવી જ વર્તણૂક તેઓ જુવાનિયાઓમાં જુએ છે અને જ્યારે જુવાનિયાઓ વૃદ્ધ થાય છે, ત્યારે તેઓ પણ નવી પેઢીના લોકોને તેમના જેવી જ વર્તણૂક કરતા જુએ છે. આ અર્થમાં લોકસમાજોમાં સામાજિક પરિવર્તન અત્યંત મંદ ગતિએ આવે છે.

લોકસમાજોનાં નાનાં કદ,લાંબા ગાળાના ઘનિષ્ટ સંબંધો અને જીવનનાં વિવિધ પાસાંઓ તેમજ અનુભવોમાં સમરૂપતા હોવાથી તેમનામાં તીવ્ર સમૂહભાવના અને સંપ હોય છે. આવા સમાજોના સભ્યોમાં સંપત્તિનું પારસ્પરિક વિચાર-વિનિયમ અને આંતર-નિર્ભરતા હોવાથી તેઓ એકબીજા પ્રત્યે સામાજિક જવાબદારી અને હક્કની ભાવના ધરાવતા હોય છે.

લોકસમાજ ટેક્નોલોજિકલ વિકાસના ક્ષેત્રે અત્યન્ત અને પ્રાથમિક તબક્કામાં હોવા છતાં તેમની ટેકનોલોજી 'સરળ' ગણવી એક ભૂલ ગણાશે. હકીકતમાં તેમની જરૂરિયાતોને સંતોષવા માટે માનવીય તર્કના થતા ઉપયોગનાં પ્રમાણ મળી આવે છે. લોકસમાજોમાં જાતે વિકસાવેલ ઓજારો અને સાધનોનો સીધો ઉપયોગ જીવનજરૂરિયાતની ચીજવસ્તુઓ મેળવવા માટે જ થાય છે. એટલે કે ઓજારો અને સાધનો બનાવવા માટેનાં ઓજારો અને સાધનો નહિવત્ પ્રમાણમાં હોય છે. કુદરતી શક્તિનો ઉપયોગ પણ થતો નથી અને જો થાય તો તે ખૂબ જ મર્યાદિત પ્રમાણમાં.

લોકસમાજોનું કદ નાનું હોવાથી તેના સભ્યોમાં શ્રમવિભાજન પણ જોવા મળતું નથી. એક વ્યક્તિ જે કામ કરે છે તે જ કામ બીજી વ્યક્તિ પણ કરતી હોય છે. માત્ર જાતિ અને વયને આધારે સ્ત્રી-પુરુષો તેમજ બાળકો, જુવાનિયાઓ અને વૃદ્ધ વ્યક્તિઓનાં કામોમાં તફાવત જોવા મળે છે.

આર્થિક ઉત્પાદનના ક્ષેત્રે લોકસમાજો સ્વયંસંતુષ્ટ હોય છે. એટલે કે લોકસમાજના સભ્યો જે ઉપયોગ કરે છે તેનું જ ઉત્પાદન કરે છે અને જે ઉત્પાદન કરે છે તેનો જ ઉપયોગ કરે છે. વેપારીક હેતુઓથી આર્થિક વસ્તુઓનું ઉત્પાદન થતું નથી. જે કાંઈ ઉત્પન્ન કરવામાં આવે છે તે ઉપભોગ પૂરતું મર્યાદિત હોવાથી બાહ્ય સમાજો સાથે તેનો વિનિમય કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. છતાં આંદામાન દ્વીપસમૂહના લોકસમાજો બાહ્ય સમાજો પાસેથી કોઈ પણ આર્થિક વસ્તુઓ લીધા વિના પણ તેમની જરૂરિયાતો સંતોષી શકે તેમ હોવા છતાં તેમની જુદી જુદી ટોળકીઓના સભ્યો પ્રસંગોપાત્ત ભેટ આપીને વસ્તુઓના વિનિમય કરતા જોવા મળ્યા છે.

આમ,લોકસમાજ પોતાનામાં જ એક નાની દુનિયા હોય છે. બાહ્ય સમાજો ઉપર કશો આધાર રાખ્યા વિના લોકસમાજના સભ્યો તેમના રોજબરોજના પ્રશ્નોમાં રચ્યાપચ્યા રહે છે અને પારસ્પરિક દાયિત્વ અને સંપની ભાવના હેઠળ એકબીજા સાથે એવી રીતે સંકળાયેલા હોય છે કે તેઓ એક સ્વયં-સંતુષ્ટ અને સુગ્રથિત એવી તંત્રપ્રથાનું નિર્માણ કરે છે. આ તંત્રપ્રથા બીજુ કંઈ નહીં પણ લોકસમાજની સંસ્કૃતિ જ હોય છે.

લોકસમાજોમાં પરંપરાગત વ્યવહાર અને શિરસ્તો સ્પષ્ટ અને કડક સ્વરૂપમાં પળાય છે. વર્તણૂકના આવા શિરસ્તા લોકસમાજના સભ્યોના વિચારો અને ક્રિયાઓમાં એકબીજા સાથે સંકળાયેલા હોય છે. તેથી જ તેઓમાં ક્રિયા-પ્રતિક્રિયાઓ અનેસમજના ક્ષેત્રે સમરૂપતા અભિવ્યક્ત થતી હોય છે. પારસ્પરિક વર્તણૂક અને જવાબદારી આવા શિરસ્તા અને પરંપરાગત અપેક્ષાઓની જબ્બર પકડ હેઠળ પળાતી હોય છે. આથી લોક સમાજોમાં સામાજિક નિયંત્રણની ઔપચારિક સંસ્થાઓ

દા. ત., રાજકારણ, પોલીસ, ન્યાયતંત્ર વગેરેનું અસ્તિત્વ હોતું નથી. રૂથ બેનેડિક્ટના મતે લોકસમાજની સંસ્કૃતિ તેના સભ્યોને જીવનનાં લક્ષ્ય દર્શાવે છે અને તેમને અગત્યનાં જણાવીને દરેકે દરેક વ્યક્તિને તે લક્ષ્યને પરંપરાગત રીતે હાંસલ કરવા માટે પ્રોત્સાહન આપે છે.

લોકસમાજના સભ્યો વચ્ચે વૈયક્તિક ધોરણે પારસ્પરિક વ્યવહાર થતો હોય છે; આથી ત્યાં દરેકે દરેક વ્યક્તિનું અસ્તિત્વ સામાજિક સ્વરૂપમાં હોય છે. માત્ર વ્યક્તિ જ નહીં પણ કુદરત અને તેનાં તત્ત્વો તથા અન્ય પદાર્થો પણ સામુદાયિક ધોરણે સ્વીકારવામાં આવે છે. લોકસમાજમાં સગપણના સંબંધીઓનું જૂથ વ્યક્તિ અને સમાજના જીવનમાં અનેક રીતે પાયાની એકમ રૂપ હોય છે. આ જૂથના સભ્યોમાં પારસ્પરિક ઉત્તરદાયિત્વની પ્રબળ ભાવના હોય છે અને તેઓ એકબીજા પ્રત્યેની જવાબદારી સહેજ સ્વાભાવિક રીતે પૂરી પાડતા હોય છે. તે ઉપરાંત સગપણના જૂથ (Kinship-Group) ના સભ્યો સિવાયના સભ્યો પ્રત્યે પણ ઉત્તરદાયિત્વની પ્રબળ ભાવના હોય છે. હકીકતમાં જે સગપણ વડે સગાવહાલાંઓને ઓળખવામાં આવે છે તે સગપણ જૂથની બહારના સભ્યો પર પણ લાગુ પડાય છે. તેથી લોકસમાજના સર્વ સભ્યો એકબીજાને સગપણના સંબંધીઓ હોય તેવી રીતે ઓળખાવે છે.

લોકસમાજની એક અન્ય નોંધપાત્ર લાક્ષણિક્તા એ છે કે ત્યાં કુદરતી અને અન્ય માનવોપયોગી તત્ત્વોને પવિત્ર માનવામાં આવે છે. જીવનનિર્વાહ માટેની પ્રક્રિયાઓ, પ્રયુક્તિઓ, ભોજન માટેનાં તત્ત્વો વગેરે સર્વને પવિત્ર મનાય છે. આથી જ શિકાર પર જવું અથવા માછલાં પકડવા જવું એટલે કે પવિત્ર સ્થળે ગયા એવું મનાય છે. તેથી બિયારણ કરતી વખતે, પાક લેતી વખતે અને એવા જ બીજા અવસરો ઉપર પવિત્ર ગીતો ગવાતાં હોય છે.

અહીંયા એક બીજી લાક્ષણિક્તા નોંધવી જરૂરી છે. લોકસમાજનો કોઈ પણ ક્રિયા કોઈ લક્ષ્યને હાંસલ કરવા માટેના એક સાધન પૂરતી હોતી નથી. હકીકતમાં સર્વ ક્રિયાઓ પોતાનામાં જ એક લક્ષ્ય હોય છે.

લોકસમાજોમાં બજારોનો અભાવ હોય છે. આવા સમાજોમાં વસ્તુઓ અને સેવાઓનું આદાનપ્રદાન ધાર્મિક અને સગપણના સંબંધીઓ વચ્ચેના પારસ્પરિક દાયિત્વ હેઠળ જ થાય છે, નહીં કે વેપારિક હેતુઓ સિદ્ધ કરવા માટે. ત્યાં નાણાંનો અભાવ હોય છે, તેમજ આર્થિક વિનિમયમાં મૂલ્ય નિર્ધારણ માટે કોઈ પણ માપદંડનું અસ્તિત્વ હોતું નથી. વસ્તુઓ તથા સેવાઓની લેવડદેવડ, પારસ્પરિક સામાજિક વ્યવહાર અને મોભાની બાબત હોય છે. તે પાછળ ગણતરી પૂર્વકના લાભ-નુકસાનની ભાવના હોતી નથી. રેયમન્ડ ફર્થ માઓરી લોકસમાજના સંદર્ભમાં લખે છે કે માઓરીઓમાં મોટે ભાગે કામ કરવા, બચાવવા કે વધુ હાંસલ કરવા પાછળનું દબાણ ભૌતિક રીતે મળતા લાભની તાર્કિક ગણતરી ને કારણે નહીં પણ એ ઢબના વ્યવહાર વડે સામાજિક માન્યતા પ્રાપ્ત કરવાની ભાવનાને કારણે કહે છે.

રેડફિલ્ડે આપેલા લોકસમાજ અને તેથી તદન વિપરીત એવા લક્ષણ ધરાવતા આધુનિક નગર સમાજનો ખ્યાલ આદર્શ પ્રરૂપ (Idela Type) પૂરતો જ સત્ય છે. આધુનિક નગર સમાજમાં પણ સંપૂર્ણપણે લોકસમાજનાં તત્ત્વો ન હોય તે સત્ય નથી. દા. ત., કુટુંબના ક્ષેત્રે લોકસમાજના કુટુંબમાં જોવા મળતાં કેટલાંક પાયાનાં તત્ત્વો નગર સમાજમાં પણ જોઈ શકાય છે, જ્યારે કે મંડળ અથવા કોઈપણ બીજા હેતુલક્ષી સંગઠનમાં તે જોવા મળતાં નથી. તેવી જ રીતે એક રાજનૈતિક દળ કરતાં ધાર્મિક અગર પ્રજાતીય જૂથમાં લોકસમાજનાં અંશો જોઈ શકાય છે. જોકે આધુનિક નગર સમાજમાં જોવા મળતા કુટુંબ અને ધર્મસમૂહનું સ્વરૂપ તદન લોકસમાજમાં જોવા મળતા કુટુંબ અને ધર્મસમૂહ જેવું હોતું નથી.

## સમીક્ષા :

રોબર્ટ રેડફિલ્ડે આપેલ 'લોક-નાગરીય સાતત્ય' સમાજોના વર્ગીકરણ અને તેમાં આવતા સામાજિક પરિવર્તનના પ્રવાહો સમજવામાં એક મૌલિક પ્રદાન છે. તેમના આ વિચારોને સમાજ જીવનના વિશ્લેષણ માટે એક નવું દૃષ્ટિબિંદુ આપ્યું છે, એટલું જ નહીં પણ કેટલાક સામાજિક નૃવંશશાસ્ત્રીઓ અને સમાજશાસ્ત્રીઓને સમાજજીવનના વિશ્લેષણ અર્થે ઉપયોગી એવી દિશા પ્રદાન કરી છે. છતાં રેડફિલ્ડના 'લોક-નાગરીય સાતત્ય'ના ખ્યાલ પ્રત્યે સામાજિક નૃવંશશાસ્ત્રીઓમાં એકમત જોવા મળતો નથી. કેટલાક વિદ્વાનોએ લોકસમાજના ખ્યાલમાં રહેલી ખામીઓ તરફ ધ્યાન દોર્યું છે. ઓસ્કાર લેવિસે (Oscar Lewis) મેક્સિકોમાં ટિપોઝલાં (Tepoztlan) નો અભ્યાસ કર્યો અને તેમણે ત્યાં જે નિરીક્ષણ કર્યું તેને આધારે રેડફિલ્ડે આપેલા લોક-નાગરીય સાતત્યની નીચે મુજબની મુખ્ય ખામીઓ દર્શાવી છે. બાહ્ય સમાજો સાથેના સંપર્કો જ સામાજિક પરિવર્તનના સ્રોત હોય એ જરૂરી નથી.

1) રેડફિલ્ડની માન્યતામાં માત્ર નગરસંપર્ક અને બાહ્ય સમાજો સાથેનો સંપર્ક જ લોકસમાજમાં સામાજિક પરિવર્તન સ્રાંત હોઈ શકે તેમ છે. પણ એવું માનવું સત્ય નથી. આવા સંપર્ક વિના પણ સામાજિક પરિવર્તન આવે છે. દા. ત., હોરેસ માઈનર (Horace Miner). ટિમ્બકટુ (Timbactoo) લોકસમાજ વિષે કહે છે કે "પાશ્ચાત્ય સમાજોની અસરો વિના પણ સામાજિક વિઘટન (Social disorganization), બિનધાર્મિક્તા (secularization) અને અવૈયક્તિક્તા (impersonalization) નાં તત્ત્વો આ સમાજમાં જોઈ શકાય છે." તે જ રીતે સોલટેક્ષ કહે છે કે ગોટેમાલ સમાજો નાના અને વિશ્વાસો તથા રીતભાતોની બાબતમાં સમરૂપતા ધરાવતા હોય છતાં તેમના સભ્યો વચ્ચે અવૈયક્તિક-સંબંધો, કુટુંબનું નબળું સ્વરૂપ, જીવનમાં બિનધાર્મિક તત્ત્વોનું પ્રાધાન્ય અને વ્યક્તિના આર્થિક વ્યવહારમાં વૈયક્તિક લાભ-નુકસાનના ભાવોનું પ્રાધાન્ય જોઈ શકાય છે. આ સંદર્ભમાં રેડફિલ્ડનો લોકસમાજનો ખ્યાલ સત્યથી વેગળો હોય તેવો લાગે છે. દરેક પરિવર્તન નગર સમાજ તરફી જ હોય છે એવું સત્ય નથી.

2) સંસ્કૃતિ ક્ષેત્રે આવતા પરિવર્તન લોકસમાજથી આધુનિક નગરસમાજ તરફનું પ્રયાણ ન પણ હોય કારણ કે આવું પરિવર્તન માત્ર સાંસ્કૃતિક ક્ષેત્રે વૈવિધ્ય લાવવા પૂરતું જ મર્યાદિત રહી શકે છે. દા. ત., કોદાળીથી ખેતી કરવાને સ્થાને હળથી ખેતી કરવાનું શરૂ થઈ શકે છે. પણ તેથી કરીને લોકસમાજનાં તત્ત્વોનો નાશ થાય છે તેમ કહેવું બરાબર ન પણ હોય. લોકસમાજોનું નાનું કદ અને અલગતા તેમની અન્ય ખાસિયતો પાછળનું કારણ નથી.

3) રેડફિલ્ડ લોકસમાજના વિશ્લેષણમાં નાના કદ અને અલગતાને સ્વતંત્ર પરિવર્ત્યો તરીકે સ્વીકાર્યાં છે. પરંતુ આ જ પરિવર્ત્યોને આશ્રિત પરિવર્ત્યો તરીકે સ્વીકારવાથી વધુ વિશ્વસનીય તારણો પ્રાપ્ત કરી શકાય છે. નગરોમાં લોકસમાજોના અંશો હોતા નથી એ સત્ય નથી.

4) આધુનિક નગર સમાજની લોકસમાજ કરતાં તદ્દન વિપરીત એવાં લક્ષણો ધરાવતા સમાજો કહીને રેડફિલ્ડ બધા નગરસમાજોને એક જ શ્રેણીમાં આણી દીધા છે. પરંતુ તેઓ આ સ્પષ્ટતા કરતા નથી કે કેવી રીતે નગરસમાજનાં આવાં લક્ષણો જે તે નગર સમાજની વિશિષ્ટ પરિસ્થિતિઓ ઉપર અવલંબે છે અને લોકસમાજનાં લક્ષણો તેમની વિશિષ્ટ પરિસ્થિતિઓમાંથી ફલિત થાય છે. હકીકતમાં કેટલાંક તત્ત્વો બન્ને પ્રકારના સમાજોમાં જોઈ શકાય છે. દા. ત., વૈયક્તિક્તા અને હરીફાઈ માત્ર આધુનિક નગરસમાજોમાં જ નહીં પરંતુ લોકસમાજમાં પણ જોઈ શકાય છે. રેડફિલ્ડ આવી શક્યતાઓ ઉપર ધ્યાન આપતા નથી. રેડફિલ્ડ વર્તણુંકના અભ્યંતર પાસાં ધ્યાનમાં લીધા નથી.

5) રેડફિલ્ડના વિશ્લેષણમાં માત્ર ભૌતિક અને ઔપચારિક પાસાંઓ જ ધ્યાનમાં લેવામાં આવ્યાં છે. તેમ કરવાથી લોકસમાજ અને આધુનિક નગરસમાજના વિશ્લેષણમાં માનસશાસ્ત્રીય પાસાંઓને જોઈતું સ્થાન મળી શક્યું નથી. લોકસમાજોમાં સંઘર્ષના પાસાંઓ ધ્યાનમાં લિધા નથી.

6) લોકસમાજ-નગરસમાજ સાતત્યમાં વૈજ્ઞાનિક વિશ્લેષણને સ્થાને રેડફિલ્ડની મૂલ્યાંકનાત્મક અભિવ્યક્તિ વધુ તીવ્રપણે જોવા મળે છે. દા. ત., રેડફિલ્ડ લોકસમાને સુગ્રથિત દર્શાવે છે અને આધુનિક નગર સમાજને સબળ એવા વિઘટિત પરિબળ તરીકે ગણે છે, પણ તે સત્ય નથી. લોકસમાજમાં પણ વિઘટન અને સંઘર્ષની પરિસ્થિતિ નકારી શકાય તેમ નથી. વળી, રેડફિલ્ડ લોકસમાજના સભ્યોને જે રીતે ખાનદાન લોકોનું વિશેષણ આપી બિરદાવે છે તે પણ એક મૂલ્યાંકનાત્મક તારણ જ થઈ રહે છે.

## તમારી પ્રગતિ તપાસો

1) નગર વિકાસના અભ્યાસમાં નગરીકરણ - વિઘટન અભિગમની પ્રમુખ ધારણાઓ દર્શાવો.

2) લૂઈ વર્થના મતે નગરની વ્યાખ્યા અને લક્ષણો સમજાવો.

3) લૂઈ વર્થના નગરીય જીવનશૈલીની પૃષ્ઠભૂમિ સ્પષ્ટ કરો. શું ભારતને આ સિદ્ધાંત લાગુ થાય છે ?

4) લૂઈ વર્થના મતે નગરીય જીવનશૈલીના લક્ષણો વર્ણવો.

5) પરિસ્થિતિશાસ્ત્રીય અભિગમની મુખ્ય ધારણાઓ સ્પષ્ટ કરો.

6) અર્નેસ્ટ બર્ગેસનો કેન્દ્રસ્થી વિસ્તારનો સિદ્ધાંત સમજાવો.

7) અર્નેસ્ટ બર્ગેસ અને હોમર હયોટના નગર વિકાસ અંગેના મંતવ્યોની તુલના કરો.

---

8) મલ્ટીપલ - ન્યુક્લિયાનો સિદ્ધાંત સમજાવો.

---

9) મૂલ્યાભિમુખી અભિગમની મૂળ ધારણાઓ અને તેના સ્રોત શું છે ?

10) નગર વિકાસની પ્રક્રિયા સમજાવવામાં વાલ્ટર ફાઈરિનો યોગદાન સમજાવો.

11) રોબર્ટ રેડફિલ્ડના મતે લોક-સમાજના લક્ષણો સમજાવો.

------------------------------------------------

------------------------------------------------

------------------------------------------------

------------------------------------------------

------------------------------------------------

------------------------------------------------

------------------------------------------------

------------------------------------------------

------------------------------------------------

------------------------------------------------

------------------------------------------------

------------------------------------------------

------------------------------------------------

## સંદર્ભ ગ્રંથસૂચિ

**[Reference]**
**BIBLIOGRAPHY**


Acharya Hemalata 1956 — 'Urbanizing Role of one lakh city' in 'Sociological Bulletin' V. September

Acharya Hemalata 1955 — 'The Caste and Family in he Immigrant Artisan Community' in 'Sociological Bulletin', Vo. IV.No.. 2, September.

Alan S. Mangoor and Pokshishevsry V.V. (ed.) 1976 — 'Urbanization in Developing Countries' Osmania Univerity, Hyderabad, India.

Anderson Nels 1960 — 'The Urban Community', Routledge Kegan Paul, London.

Anderson Nels 1971 — 'The Industrial Urban Community': Appleton-Centruy Crofts Meredin Corporation, New York.

Auluck S. V. 1980 — Intracity Residential Mobility in An Industrial City : New Delhi: Concept Publishing House.

Beiley F. G. 1958 — 'Caste and the Economic Frontier' Oxford University Press.

Baali F. and Vandiver J.S. (ed.) 1970 — 'Urban Sociology' : Appleton Century-Crofts; New York

Batten T. R. 1957 — 'Communties and their development', Oxford University Press, London.

Bergel E.E. 1955 — 'Urban Sociology' : McGraw Hill Book Co. Ltd., New York.

Desai A. R. 1978 — 'Urban Family Situation in India' (unpublished report) sponsored by Family Planning Foundation of India.

Desai A. R. & Pillai S.D. 1970 — 'Slums & Urbanization': Popular Prakashan Pvt. Ltd., Bombay.

Desai A. R. 1985 — Trends of Urban Development and Proliferation of Slums and Squatting : C.G. Shah Memorial Trust Publication (11) Bombay.

Desai I. P. 1964 — 'Pattern of migration and occupation in Sourth Gujarat village', Deccan College Post-Graduate and Research Institute, Poona.

Desai I. P. 1964 — 'Some aspects of Family in Mahuva', Asia Publishing House, Bombay.

Desai I. P and Damle Y.B. 1953 — 'A Note on the Change in Caste' in Decenial Felicitation volume of Indian Socilogical Society.

Devdas David & Kamaljeet Rattan 1989 — 'An Urban Nightmare' in India Today, April 15.

Doshi Harish 1965 — 'Fatehnagar : A Township Shamirpet : a village: In Vidya : Journal of Gujarat University, Ahmedabad; Vol. VIII, No. 2, August, pp. 100-111.

Doshi Harish 1974 — Traditional Neighbourhood in a Modern City : New Delhi : Abhinav Publication.

1977 — Untouchability in an Urban Community (Unpublished Report based on ICSSR, New Delhi Project)

Doshi Harish 1974 — 'Use of Public Places and facilities by Bhangis in Surat' in Journal of Social and Economic Studies : Vol. II, No. 1, March.

Drakakis David Smith 1987 — The Third Work City : New York, Methues.

D'Souza Victor S. 1968 — 'Social Structure of A Planned City Chandigarh', Orient Longmans Ltd., New York.

Erickson 1954 — 'Urban Sociology : McGraw-Hill Book Co. Ltd., New York.

Faris Robert 1967 'Chicago Sociology : 1920-1932'. The University of Chicago Press. Chicago.

Gadgil D. R. 1971 'The Industrial Evolution of India in Recent Times 1860-1939'. Oxford University Press. Bombay.

Ghurye G. S. 1962 Cities and Civilzation'. Popular Prakashan. Bombay.

Gibbs J. P. (ed.) 1965 'Urban Research Methods'. Affiliated East and West Press. New Delhi.

Gillion K. L. 1968 'Ahmedabad - A Study in Indian Urban History'. The New Order Book Co.. Ahmedabad.

Gist Noel P. & Fava. Sylving Fleis 1970 'Urban Sociology'. Thomas Y. Crowell Co., New York.

Glaser, Daniel (ed.) 1970 'Crime in City'. Harper & Row Publishers. New York.

Glass Ruth 1955 'Urban Sociology. A Trend Report'. Current Sociology. Vo. IV.

Gogate Sudha 1988 Status of Woman : Reflected in Marathi Media (1930-1970): Pune : Shubhada Saraswat Publications.

Gore M. S. 1970 'Immigrants and Neighbourhoods : Two Aspects of Life in Metropolitan City'. T.I.S.S.. Bombay.

Gore M. S. 1968 'Urbanization & Family Change'. Popular Prakashan. Bombay.

Grimes Orville F. (Jr.) 1976 Housing for low-income Urban families : Economics and Policy in the Developing World; Londn : The Johns Hoppins University Press.

Gutman Robert (ed.) 1970 'Neighbourbood. City and Metropolis' Random House. New York.

Gyanchand 1972 'Population in Perspective'. Orient Longman Ltd.. New Delhi.

Halebsky S. (ed.) 1973 The Sociology of the city : New York: Charles Scribner's sons.

Hatt P.K. and Reiss A.J. (Jr.) 1968 'Cities and Society'. The Free Press. New York.

Harold J. R. 1966 'India's Ex-untouchables'. Asia Publishing House, Bombay.

Hauser Philip M. 1970 'Comprehensive Urban 'Studies' in Albert N. Cousins and Hans Nagpal's 'Urban Man and Society'. New York.

Hauser P.M. and Schnore L.F. 1965 — 'The Study of Urbanization', John Wiley and Sons Inc., New York.

Hellbrone Rober L. 1974 — 'Economic Problems of a 'Post-Industrial Society' in Potter David and Sarre Philip (ed.) 'Dimensions of Society', University of London Press Ltd., London.

Hutton J.H. 1969 — 'Caste in India', Oxford University Press, London.

Hunter David R. 1964 — 'The Slums : Challenge and Response'. The Free Press, New York.

Harrington Michael 1962 — 'The Other American : Poverty in the United States'. The Macmillan Co., New York.

Handbook of Social Welfare Statistics: Ministry of Social Welfare: Govt. of India : 1981 p. 10

Hoselitz Burt 1962 — 'The Role of Urbanization in Economic Development : Some International Comparisons' in Turner R. (ed.) India's Urban Future, Berkelley: California Press.

ICSSR 1974 and 1985 — Survey of Research in Sociology and Social Anthropology; First and Second Trend Report. Vol. I Bombay; Popular Prakashan and New Delhi: Satvahan Publications.

I. Alex 1965 — 'What is Sociology' - An Introduction to the Discipline and Profession, Prentice Hall of India (Pvt.) Ltd., New Delhi.

Jacobsane 1970 — 'The Kind of problem a city is' in Albert N. Cousins/Hans Nagpaul, Urban Man and Society, Alfred A. Knoff, New York.

Jagannathan N. Vijay & Halder Aminesh — 'Income-Housing Linkages a Case stydu of Payment. Dwellers in Calcutta' in EPW. Vol. XXIII No. 23 June, 1988. pp. 1175-1178.

Kannan C.T. 1963 — 'Inter-Caste and Intercommunity Marriage in India' : Allied Publishers, Bombay.

Kopardokar H.D. 1986 — Social Aspects of Urban Development : Bombay : Popular Prakashan.

Lemert, Edwin M. 1951 — 'Social Pathology : McGraw-Hill Book Co. Ltd. Inc., New York.

Leslie Gerald R. and Others 1973 — 'Order and Change'; Introductory Sociology, Oxford University Press, London.

Lewis Oscar 1965 — 'The Folk-Urban Ideal Types' in Hauser P.M. and Schnore L.F. 'The Study of

Urbanization', ohn Wiley and Sons Inc.. New York.

Lynch O.M. 1974 — 'The Politics of Untouchability' (Social Mobility and Social change in a city of India): National Publishing House. Delhi.

Majumdar D.N. 1955 — 'Rural Profile' : The Ethnographic & Flk Cultury Society. U.P.

Majmudar D.N. 1958 — 'Caste and Communication in an India Village'. Asia Publishing House. Bombay.

Manu Peter H. 1968 — 'An Approach to Urban Sociology'. Routledge and Kegan Paul: New York.

Marjone Berman 1987 — 'Urbanization Report' in The Lowyers Collective. Vol. 2. No. 6. June 1987. Bombay. p. 19.

Mehta Meera & Mehta Dinesh 1988 — 'National Housing Bank : Financing Housing of Shelter' in EPW Vol.. 23. No. 7. Feb. 1988. p. 300-302.

Mellor J.R. 1977 — 'Urban Sociology in an Urbanized Society: Routledge and Kegan Paul. London.

Merton Robert K. 1957 — 'Social Theory and Social Structure' The Free Press. New York. pp. 30-34.

Merton. Robert K. and Nisbet Robert 1971 — 'Contemporary Social Problems' Third edition. Harcourl Brace Javanocie: New York.

Minr Horace 1968 — 'The Forlk-Urban Continnum' in Hatt P.K. and Reiss. Jr. A.J. : Cities and Society : The Free Press. New York.

Morris R.N. 1998 — 'Urban Sociology' George Allen and Unwin Ltd.. London.

Naidu Ratna 1978 — 'A Study of Slums in Hyderabad-Siconderabad' in 'The Indian Journal of Social Work'. Vol. 39. No. 3. Ocrober.

Naik K.S. 1978 — 'Ethnicity and Urbanization' : Ajanta Publications. Delhi.

"NIUS" — State of India's Urbanization : New Delhi. Institute of Urban Affairs. 1988.

Nobel. Allen G. and Dutt Ashok K. (ed.) 1977 — India's Urbanization and Planning - Vehicles of Modernization: Tata McGraw Hill Publishing Co. Ltd.. New Delhi.

Oreans P. 1969 — 'Robert Park and Social Area Analysis' in Meadows P. and Mizruch E.H. 'Urbanizm. Urbanization and Change' Comparative Perspectives. Addison Wesle Publishing Co. Massachusetts.

Palen J. John 1975 — 'The Urban World', McGraw-Hill Book Co., New York.

Park R.E. and Burgess E.W. 1968 — 'The City', The University of Chicago Press, Chicago.

Panchadikar H.P. and J. Panchanadikar 1970 — 'Determinants of social structure and social change in India', Popular Prakashan, Bombay.

Parmar P.H. 1965 — 'Note on Housing in the city of Surat' (Mimeograph) Muncipal Corporation, Surat.

Parmar Y.A. 1987 — The Mahyavanshi - The Success story of a Scheduled Caste : Delhi : Mittal Publications.

Patvardhan S. 1974 — 'Aspects of Social Mobility among scheduled castes in Poona' in M.S.A. Rao (ed.) 'Urban Sociology in India', orient Longmans, New Delhi.

Payne Geoffrey 1977 — Urban Housing in the Third World: London : Routledge & Kegan Paul.

P. K. B. Nayar (ed.) 1982 — Sociology in India (Retrospect and Propespect) Articles urban Society in India (1) Present Trends by K. Chandrasekhariah and (2) Venkatarayapa K.N. Delhi : B.R. Publishing Corporation, pp. 185-214.

Pocock D.F. 1974 — 'Socilogies : Urban and Rural' in M.S.A. Rao (ed.) Urban Sociology in India : New Delhi Orient Longman.

Rajeswari N.V. and Others 1987 — 'Towards a New Housing Policy in India' in Social Change, Vol. 17, No. 4, Dec. 1987, pp. 31-37.

Ramesh Menon 1989 — 'Nobody's Children' in India Today, April 15, 1989 pp. 124-127.

Rao M.S.A. (ed.) 1974 — Urban Sociology in India : New Delhi : Orient Longmon.

Rao M.S.A. 1970 — Urbanization and Social Change - A Study of Rural Community on a Metropolotan fringe, New Delhi, Orient Longman.

Rao S. Venugopal 1967 — 'Facts of crime in India', Allied Publishers Private Ltd., Bombay.

Rasmussen, David W. and Haworth Charles T. 1973 — 'The American City' : Harper and Row Publishers, New York.

Redfield Robert and Singer Milton 1954 — 'The Cultural Role of Cities' in Economic Development and Cultural Change, Vol. III, No. 1.

| | |
|---|---|
| Redfield Robert and Singer Milton 1956 | 'The Cultural Role of Cities': 'Man in India': Vol. 36, No. 3. |
| Redfield Robert 1952 | 'The Folk Society' in Freed-mann R.F. others, 'Principles of Sociology', Henry Holt and Co. New York. |
| Redick Richard W. 1953 | 'A Demographic and Ecological study of Rangoon Burma, 'inE.W. Burgess and D.J. Bogue (ed.) contribution to urban sociology. |
| Reissman Leonard 1964 | 'The Urban Process' : Free Press of Glencoe; New York. |
| Richard Dowey 1970 | 'The Rural Urban Continuum' in Cousims A.N. and Nagpaul Alfred A Knoff: New York. |
| Ross, Ailleon 1967 | 'The Hindu Family in its urban setting: University of Toranto Press, U.S.A. |
| Ross, Murray G. 1955 | 'Community Organization : Theory and Principles: Harper & Row Publishers, New York. |
| Sangave V. 1961 | 'Changing Patterns of Caste organization in Kolhapur City' in Sociological Bulletin, Vol. XI, Decennial Celebrations Symposium, pp. 36-61. |
| Sayed S. Shafi 1987 | Towads the New Urban India' in India Express, Ahmedabad, Friday, Oct. 16, 1987, pp. 8. |
| Scientific American Inc. 1973 | 'Cities Their Origin, Growth and Human Impact' W.H. Freeman and Co., San Francisco, U.S.A. |
| Sennett R. (ed.) 1969 | 'Clarisic Essays on the culture of cities' Appleton-Century Crofts, Meredith Corporation, New York. |
| Sheldon & Glueck Eleanor T. 1950 | 'Unraveling Juvenile Delinquency' Cambridge, Mass, Harward University Press, Cambridge, Mass. |
| Sheth N.R. 1969 | Modernization and the Urban-Rural Gap in India : An Analysis in Sociological Bulletin, Vol. 18, No. 1, March, pp. 1934. |
| Short James Jr. (ed.) 1971 | 'The Social Fabric of the Metropolis' The University of Chicago Press, Chicago. |
| Srinivas M.N. 1974 | 'The Industrialization and Urbanization' in M.S.A. Rao, Urban Sociology in India (ed.) Orieng Longman, New Delhi. |
| Srinivas M.N. 1962 | Caste in Modern India and other essays: Asia Publishing House, Bombay. |

Srinivas M.N. 1966 — 'Social Change in Modern India' Allied Publishers, Bombay.

Singer, Milton — 'The Great Tradion of Hinduism in the city of Madrass in Charles Leslie (ed.) 'Antropology of Folk Religion'.

Singer, Milton 1960 — 'Religion, Society and the Individual; Macmillan Co.

Sjoberg Gideon 1965 — 'Theory and Research in Urban Sociology in P.M. Hauser and Leo F. Schnore : 'The Study of Urbanization' : John Wiley and Sone Inc. New York.

Sjoberg ideon 1960 — 'Comparative Urban Sociology' in R.K. Merton and others (ed.) 'Sociology Today; Problems and Prospect's Basic Books Inc. Publishers, New York.

Stonequist Everett H. 1937 — The Marginal Man, Scoibenr, New York.

Sutherland, E.H. and Gressey, D.R. 195 — 'Principles of Criminology', New York.

Taft, Donard R. and England, Ralph W. (Jr.) 1964 — 'Criminology' The Macmillan Co. New York.

Thompson W.S. and Lewis 1965 — 'Population Problems' McGraw-Hill Book Co. Ltd., New York

Turner Roy (ed.) 1962 — 'India's Urban Future': University of California Press, Berkeley.

Venetoulis, Ted. and Esenhauer, Ward 1971 — 'Uo Against the Urban Wall', Prentice Hall Inc. Englewood Cliffs, New Jersey.

Vidyarthi L.P. 1961 — 'The Sacred Complex in Hindu Gaya'; Asia Publishing House, Bombay.

Wadhavan Kran 1987 — 'Housing the urban poor : What can the private sectorn do in Uran India' Vol. 7, July-Dec. 1987, No. 2, A Journal of the National Institute of Urban Affairs, New Delhi, pp. 89-101.

Wadhavan Kiran 1987 — 'NCU, Housing Legislation and the Urban Poor' in Negarlok, Vol. 19, No. 4, Oct.-Dec. 1987, pp. 98-111.

Wadhavan Kiran 1988 — 'Housing Programmes for urban poor : Shifting Priorities' in EPW Vol. 23, No. 34, August 20, 1988, pp. 1762-1767.

Wiebe Paul D. 1975 — 'Social life in an Indian. Slum'; Vikas Publishing House Pvt. Ltd., Bombay

Wirth Louis 1969 — 'On Cities and Social Life', The University of Chicago Press, Chicago.

| | |
|---|---|
| Wirth Louis 1969 | 'Urbanization as a way of life' in on cities and society', The University of Chicago Press, Chicago. |
| Young Pauline V. 1968 | 'Scientific Social Survey and Research: Prentice Hall of India; New Delhi. |
| Zachariah K.C. 1968 | 'Migrants in Greater Bombay: Asia Publishing House, Bombay. |
| Seminar Papers etc. | The Times of India Directory & Yearbook including who's Who. 1978. The Times of India Press, Ahmedabad. |
| | Towards Delinquency Central National Institute of Social Defence; Ministry of Social Welfare; Govt. of India. New Delhi; 1959. Slums in Surat (Unpublished Report) Operational Research Group; Govt. of Gujarat, Ahmedabad, 1973. Urbanization in India and Gujarat: Processes and Problems', Department of Sociology, School of Sciences, Gujarat University, Ahmedabad. |
| | Economic Development and Community Development; Working Papers the Third Asian Regional Co-operation Seminar, 3rd-24th February, 1964; Kuala Lampur, Malayasia; An Event of the international student conference, organized by PKPPTM and COSEC. |
| કાન્હરે ઉષા 1967 | 'સમાજશાસ્ત્ર' (અનુ.) જોન્સબર્ગ : સોસિયોલોજી, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ. |
| શાહ વિમળ અને પટેલ તારા 1978 | સમાજશાસ્ત્રમાં સંશોધન પદ્ધતિઓ અને આંકડાશાસ્ત્રીય પૃથક્કરણ, રચના પ્રકાશન, અમદાવાદ. |
| શાહ વિમલ 1982 | 'ગ્રામ-શહેર આંતરક્રિયાઓ અને સંસ્કૃતિની અસર' (બિન-પ્રકાશિત લેખ) |
| નાયક ટી.બી. 1962 | સામાજિક સંશોધન, ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ. |
| દેસાઈ એ.આર. અને દેસાઈ નીરા 1978 | 'વિકસતાં શહેરો અને ઝુંપડપટ્ટીઓ', આર.આર. શેઠની કંપની, મુંબઈ-2. |
| દેસાઈ એ.આર. અને દેસાઈ નીરા 1967 | 'ભારતીય નગર' (સમાજશાસ્ત્રીય અન્વેષણ) આર.આર. શેઠની કંપની, મુંબઈ-2. |
| દેસાઈ એ.આર. અને દેસાઈ નીરા 1971 | 'ભારતીય જ્ઞાતિ-વ્યવસ્થા', આર.આર. શેઠની કંપની, મુંબઈ-2. |
| પંડ્યા કુલીન | 'અનુકૂલન, મનોવિકૃતિ અને માનસિક સ્વાસ્થ્ય', અનડા પ્રકાશન, અમદાવાદ. |


•••

ડૉ. બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી

# MSO-06
## નગર સમાજશાસ્ત્ર

વિભાગ

# 2

## નગર સમાજશાસ્ત્ર-02


એકમ **4**

નગરોનું સમાજશાસ્ત્રીય વર્ગીકરણ 05

એકમ **5**

નગરીકરણ અને તેની સંલગ્ન વિભાવનાઓ 35

## નિષ્ણાત સમિતિ

| | |
|---|---|
| ડૉ. આમ્રપાલી મર્ચંટ | વાઈસ ચાન્સેલર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| ડૉ. વિદ્યુત જોષી | ભૂતપૂર્વ વાઈસ ચાન્સેલર, ભાવનગર યુનિવર્સિટી. |
| ડૉ. હેમીક્ષા રાવ | પ્રોફેસર અને અધ્યક્ષ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ. |
| ડૉ. ચંદ્રકાંત ઉપાધ્યાય | નિયામકશ્રી, આદિવાસી સંશોધન અને તાલિમ કેન્દ્ર, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. |

## લેખક

| | |
|---|---|
| ડૉ.હરીશ દોશી | સમાજશાસ્ત્રના નિવૃત પ્રાધ્યાપક અને અધ્યક્ષ, દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત-395007. |

## પરામર્શક (વિષય)

| | |
|---|---|
| ડૉ.આર.બી લાલ | નિવૃત પ્રાધ્યાપક તથા અધ્યક્ષ, સમાજ નૃવંશશાસ્ત્ર, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. |

## પરામર્શક (ભાષા)

| | |
|---|---|
| ડૉ.પ્રદીપ જોષી | આચાર્યશ્રી, આર્ટ્સ અને કોમર્સ કોલેજ, વસો. |

## સંપાદન અને સંયોજન

| | |
|---|---|
| ડૉ. આમ્રપાલી મર્ચંટ | કુલપતિશ્રી, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી ડફનાળા, શાહીબાગ, અમદાવાદ - 380 003. |

## સંયોજન સહાય

| | |
|---|---|
| શ્રી.એસ.એચ.બારોટ | મદદનીશ કુલસચિવ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, ડફનાળા, શાહીબાગ, અમદાવાદ - 380 003. |

**પ્રકાશક**

કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,

સરકારી બંગલા નંબર-૯, ડફનાળા, શાહીબાગ, અમદાવાદ - **380 003** ટે.નં. **22869690/91**

**E-mail : baou@sancharnet.in**

© સર્વ હક્ક સ્વાધીન. આ પુસ્તિકાના લખાણ યા તેના કોઈ પણ ભાગને ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદની લેખિત સંમતિ વગર મિમિયોગ્રાફી દ્વારા યા અન્ય કોઈ પણ રીતે પુનઃમુદ્રિત કરવાની મનાઈ છે.

# એકમ 4 નગરોનું સમાજશાસ્ત્રીય વર્ગીકરણ

1. પ્રસ્તાવના
2. નગરોના સમાજશાસ્ત્રીય વર્ગીકરણની પ્રસ્તુતતા
3. નગરોનું વસ્તી-વિષયક વર્ગીકરણ
4. નગરોનું સમાજ-જીવનને આધારે વર્ગીકરણ
   (i) કસ્બા
   (ii) નગર
   (iii) મોટું નગર
   (iv) મહાનગર
5. નગરોનું કાર્યોને આધારે વર્ગીકરણ
6. નગરોનું વહીવટીતંત્રના આધારે વર્ગીકરણ
7. પુર્વ-ઔદ્યોગિક નગર
8. ઔદ્યોગિક નગર
9. અનુ-ઔદ્યોગિક નગર અને તેની ખાસિયતો

## પ્રસ્તાવના :

નગરોને વર્ગીકરણની અનેક પદ્ધતિઓ વડે જુદા જુદા પ્રકારોમાં વર્ગીકૃત કરવામાં આવ્યા છે. નગર સમુદાયોનું સૌથી સરળ વર્ગીકરણ વસ્તીના કદને આધારે કરવામાં આવ્યું છે. જોકે સમાજશાસ્ત્રીઓ વસ્તીના કદને નગરના વર્ગીકરણ માટે અર્થસભર ગણતા નથી. રોબર્ટ રેડફિલ્ડ અને મિલ્ટન સિંગરે સાંસ્કૃતિક પરિવર્ત્યના સંદર્ભમાં નગરોનું બે શ્રેણીઓમાં વર્ગીકરણ કરી "ઓર્થોજેનેટિક પ્રવાહોના નગર" અને "હેટરોજેનેટિક પ્રવાહોના નગર" વચ્ચેનો તફાવત દર્શાવ્યો. પ્રથમ પ્રકારનાં નગરો એવાં હોય છે કે જયાં પરંપરાગત સંસ્થાઓ અને સંસ્કૃતિનું વર્ચસ્વ હોય છે, અને તે ટકી રહે તેવી પરિસ્થિતિઓ એવાં નગરોમાં પ્રવર્તતી હોય છે. બીજા પ્રકારનાં નગરો તે હોય છે કે જે સામાજિક પરિવર્તનને પ્રોત્સાહન અને પોષણ આપે છે. મેક્સ વેબરે 'પેટ્રીસીઅન' નગર અને 'પ્લેબિઅન' નગર તરીકે નગર સમુદાયના બે પ્રકારો દર્શાવ્યા. પ્રથમ પ્રકારનાં નગરો ઉચ્ચ અને રાજકીય વર્ચસ્વ ધરાવતા વર્ગોનાં ધામ હોય છે, જયારે કે બીજા પ્રકારનાં નગરો સામાન્ય પ્રકારનાં હોય છે. હાઉઝર અને શ્નોરે દક્ષિણ આફ્રિકા અને એશિયાના સંદર્ભમાં આદિમ નગરો અને સામંતશાહી નગરો તરીકેનો ભેદ દર્શાવ્યો છે. વળી, કેટલાક વિદ્વાનોમાં સંસ્થાનવાદના સંદર્ભમાં 'કોલોનિયલ સિટીઝ' અને 'પૂર્વ-કોલોનિયલ' સિટીઝ (Colonial cities & pre-colonial cities) તરીકે નગરોના પ્રકારો પાડ્યા.

ગિડિયન સ્જોબર્ગ (Gideon Sgoberg) પૂર્વ-ઔદ્યોગિક નગરની છણાવટ કરતાં નગરોને બે શ્રેણીઓમાં વર્ગીકૃત કર્યાં છે : (1) પૂર્વઔદ્યોગિક નગર અને (2) ઔદ્યોગિક નગર, સ્જોબર્ગે દર્શાવેલ નગરોની આ બે શ્રેણીઓ આજે મોટાભાગના સમાજશાસ્ત્રીઓ સ્વીકારે છે. લૂઈ વર્થે પૂર્વ-ઔદ્યોગિક નગર અને ઔદ્યોગિક નગરના પ્રકારો સ્પષ્ટ પાડવામાં પોતાનું આગવું પ્રદાન કર્યું છે? જોકે લૂઈ વર્થના પ્રદાનમાં મુખ્યત્વે અમેરિકાના ઔદ્યોગિક નગરનાં વિશ્લેષણોનું જ કેન્દ્રસ્થાન રહ્યું છે. લૂઈ વર્થે નગરોના વર્ગીકરણ અર્થે છ પરિવર્ત્યો ધ્યાનમાં લીધા છે. આ પરિવર્ત્યો નીચે મુજબના છે : નગરનું કદ, નગરની બીજાં નગરોના સંદર્ભમાં સ્થિતિ, આર્થિક કાર્ય, નગરની વય સમતુલિત અથવા સમૃદ્ધ અર્થવ્યવસ્થા અને બીજા સમતુલિત અથવા સમૃદ્ધ અર્થવ્યવસ્થા અને બીજા સમતુલિત અથવા નગરની પડતી દર્શાવતી અર્થવ્યવસ્થા. જોકે લૂઈ વર્થે આ છ પરિવર્ત્યોમાંથી કદનાં પરિવર્ત્યોને નગરોના વર્ગીકરણ કરવામાં સીધું અને વિશેષ મહત્ત્વ આપ્યું છે. ડોનાલ્ડ બોગે (Donald Bogue) મહાનગરના પૃષ્ઠપ્રદેશ ઉપરના વર્ચસ્વને ખાસ મહત્ત્વ આપ્યું છે. હવે આપણે કેટલાક મહત્ત્વના ગણાતા આધારોના સંદર્ભમાં નગરોના જુદા જુદા પ્રકારોની વિગતવાર સમજૂતી મેળવીશું.

## નગરોનું વસ્તી-વિષયક વર્ગીકરણ :

નગર સમુદાયના જુદા જુદા પ્રકારો દર્શાવવામાં નગરની વસ્તીનું કદ એક અગત્યનો માપદંડ રહ્યું છે. નગરનું કદ માત્ર તેના ભૌતિક સ્વરૂપને જ સ્પષ્ટ કરતું નથી પણ નગરના સામાજિક પર્યાવરણનું સ્વરૂપ પણ નક્કી કરે છે. આ અર્થમાં નગરના કદનાં સમાજશાસ્ત્રીય પરિણામો આવે છે, અને તે નાગરી જીવન તથા નાગરી સમસ્યાઓના રૂપમાં અભિવ્યક્ત થાય છે. નગરોની વસ્તીના કદને આધારે વર્ગીકરણ કરતી વખતે જે તે શ્રેણીમાં આવતાં નગરોની, વસ્તીનો એક ચોક્કસ આંકડો આપવો શક્ય હોતો નથી. આથી ઘણી વખત જે તે શ્રેણીમાં આવતાં નગરોમાંના સીમાંત નગરો બીજી શ્રેણીનાં સીમાંત નગરો સાથે ઘણી બાબતોમાં સરખાં થઈ શકે છે. દા. ત., 1 લાખ કે તેથી વધુ વસ્તીવાળાં નગરોની શ્રેણીમાં 1 લાખથી સહેજ વધારે વસ્તી ધરાવતા નગરો તેમજ 1 લાખથી સહેજ ઓછી વસ્તી ધરાવતાં નગરો વચ્ચે ઘણું સામ્ય હોઈ શકે છે. પરંતુ કદને આધારે પાડેલી શ્રેણીઓમાં તે બંને જુદી જુદી શ્રેણીઓમાં આવે છે. વળી, નગર સમુદાય વસ્તીના કોઈ પણ ઓછામાં ઓછા આંકથી નક્કી કરી શકાય છે, પરંતુ તેની ગુરુત્તમ સંખ્યા ઉપર કોઈ મર્યાદા હોતી નથી. જોકે જુદા જુદા સમાજોના સંદર્ભમાં નગર સમુદાયની વસ્તી પરત્વેનો એક ન્યૂનતમ આંકડો આપવો શક્ય હોતો નથી, કારણ કે એક સમાજમાં 2,000 કે તેથી વધુ વસ્તી ધરાવતો સમુદાય નાગરી હોઈ શકે છે, જ્યારે કે અન્યત્ર 5,000 કે તેથી પણ વધુ વસ્તી ધરાવતો સમુદાય ગ્રામીણ હોઈ શકે છે. છતાં એટલું ચોક્કસપણે કહી શકાય કે નગરની જેટલી વધારે વસ્તી હોય તેટલી જ વધુ કાર્યોના વૈવિધ્ય માટેની શક્યતાઓ સર્જાય છે. નગરોનો વિકાસની સાથે નગરો જટિલ બનતાં જાય છે અને નગરવાસીઓમાં કાર્યોનું વિશેષીકરણ અને વૈવિધ્ય ઊંડું થતું જાય છે. જોકે પ્રાચીન સમયમાં નગરોનું કદ અપેક્ષાકૃત નાનું હોવા છતાં ત્યાં સર્વ પ્રકારનાં કાર્યો થતાં હતાં.

નગરના કદને આધારે નગરોનું વર્ગીકરણ વસ્તી ગણતરીના અધિકારીઓ દ્વારા કરવામાં આવે છે. તેમના આંકડાઓ અને નગરોનું જુદી જુદી શ્રેણીઓમાં કરેલું વર્ગીકરણ પ્રશાસનિક બાબતોને લગતા નિર્ણયો લેવામાં ખાસ મહત્ત્વ ધરાવે છે. અમેરિકામાં વસ્તી ગણતરીના અધિકારીઓ નગર સમુદાયને વસ્તીના કદને આધારે નવ શ્રેણીઓમાં વર્ગીકૃત કરે છે. ભારતમાં વસ્તી ગણતરીના સત્તા મંડળ દ્વારા નગરોનું તેમના કદને આધારે નીચે મુજબ વર્ગીકરણ કરવામાં આવે છે.

| ક્રમ | | વસ્તી | પ્રકાર |
|---|---|---|---|
| 1. | 5,000 થી | 10,000 ની વસ્તી | નાનું શહેર, કસ્બો |
| 2. | 10,000 થી | 20,000ની વસ્તી | શહેર |
| 3. | 20,000 થી | 50,000ની વસ્તી | મોટું શહેર |
| 4. | 50,000 થી | 1,00,000ની વસ્તી | નગર |
| 5. | 1,00,000 થી | 10,00,000ની વસ્તી | મહાનગર |
| 6. | 10,00,000 થી | વધારે વસ્તી | મેટ્રોપોલિટન નગર |

નગર સમુદાયોના ઉપરોક્ત વર્ગીકરણમાં માત્ર વસ્તીના કદ ઉપર મૂળ આધાર હોવાથી નગરની ગુણાત્મક બાબતોનો ખ્યાલ આવતો નથી. માટે સમાજશાસ્ત્રીય દૃષ્ટિથી માત્ર વસ્તીના આધારે પાડેલા નગરોના પ્રકારો નગરજીવનની ઊંડી સમજૂતી મેળવવામાં મદદરૂપ થતા નથી. પરંતુ વર્ગીકરણો વધુ ઊંડા સંશોધનો માટે પ્રારંભિક ભૂમિકા પૂરી પાડે છે.

## નગરોનું સમાજજીવનને આધારે વર્ગીકરણ :

વસ્તીના પ્રમાણને આધારે જુદી જુદી શ્રેણીઓમાં આવેલાં નગરો વચ્ચે અંદરોઅંદરના રહેલા ગુણાત્મક ભેદ છુપાઈ જાય છે અને તમામ નગરો "અર્બન"ની શ્રેણી હેઠળ આવી જવાથી નાના કસ્બા અને મહાનગરો વચ્ચેનો ભેદ પણ પ્રકાશમાં આવતો નથી. દક્ષિણ ગુજરાતમાં આવેલ ચીખલી અથવા રાજપીપલા અને મધ્ય ગુજરાતમાં આવેલ વડોદરા અને અમદાવાદ અથવા સૌરાષ્ટ્રમાં આવેલ રાજકોટમાં જીવન સામાજિક સંબંધો અને સંગઠનોના ક્ષેત્રે રહેલ ભેદ આ શ્રેણીઓના માધ્યમથી સમજાવી શકાય તેમ નથી. સામાન્ય બોલચાલની ભાષામાં ઓળખાતા જુદા જુદા નગરોનો પરિચય મેળવવો ઉપયોગી થઈ રહેશે. આ વર્ગીકરણમાં વસ્તીના કદ ઉપરાંત નગર સમુદાયોમાં વર્તમાન સામાજિક જીવનના પ્રવાહોનું પ્રતિબિંબ પણ દેખાઈ આવે તે આશયથી નીચે મુજબ નગરોના ચાર પ્રકારો પાડવામાં આવ્યા છે :

(1) કસ્બો (3) મોટું નગર

(2) નગર (4) મહાનગર

વસ્તીગણતરીના આંકડાઓને આધારે ઉપરોક્ત ચાર પ્રકારોમાં ભારતના નગરોનું પૂર્નવર્ગીકરણ કરવામાં આવે તો કસ્બાની શ્રેણીમાં પાંચ હજારથી પચાસ હજારની વસ્તી ધરાવતા સમુદાયો, નગરની શ્રેણીમાં પચાસ હજારથી વધુ અને એક લાખ સુધીના સમુદાયો, મોટા નગરની શ્રેણીમાં એક લાખથી વધુ અને દસ લાખ સુધીની વસ્તીના સમુદાયો તથા મહાનગરોની શ્રેણીમાં દસ લાખથી વધુ વસ્તી ધરાવતા નગરોનો સમાવેશ થાય છે. 2001ની વસ્તી ગણતરીના આંકડાઓને આધારે ભારતનાં નગરોનું ઉપરોક્ત રીતે પુનઃવર્ગીકરણ કરવામાં આવે તો જુદા જુદા નગર સમુદાયોની સંખ્યા હવે પછીના કોષ્ટકમાં આપવામાં આવેલ વિગતો મુજબ થાય છે.

**નગર સમુદાયોનું પૂર્નવર્ગીકરણ 2001**

| ક્ર.સં. | પ્રકાર | નગર સમુદાયોની સંખ્યા ભારત |
|---|---|---|
| 1. | કસ્બા (5,000થી 50,000 સુધી વસ્તી | 3,124 |
| 2. | નગર (50,000 થી વધુ અને 1,00,000 સુધી વસ્તી) | 262 |
| 3. | મોટાં નગર (1,00,000 થી વધુ અને 10,00,000 સુધી વસ્તી) | 258 |
| 4. | મહાનગર (10. લાખથી વધુ વસ્તી) | 42 |
| | કુલ | 3,693 |

સ્રોત : 2001ની વસ્તી ગણતરીના આધારે કરવામાં આવેલ પૂર્નઃવર્ગીકરણ.

સ્થળ અને સમયાભાવને કારણે નગર સમુદાયોના ઉપરોક્ત પ્રકારોને કેન્દ્રમાં રાખી વસ્તીવિષયક ઉપલબ્ધ આંકડાઓને આધારે નગર વિકાસ અને વસ્તીની ફેરફાર અંગેની ઊંડી વિગતોની છણાવટ અહીં કરી શકાઈ નથી. પણ જો એવી છણાવટ હાથ ધરાય તો ઘણાં રસપ્રદ અને અર્થપૂર્ણ તથ્યો પ્રકાશમાં આવી શકે છે. આ પ્રકરણના હવે પછીના ભાગમાં પ્રસ્તુત ચાર પ્રકારના નગર સમુદાયોનો સમાજશાસ્ત્રીય પરિપ્રેક્ષ્યમાં સંક્ષિપ્ત પરિચય આપવાનો નમ્ર પ્રયાસ કરવામાં આવ્યો છે.

કસ્બા :

નગર સમુદાયોનું આ નાનામાં નાનું રૂપ હોય છે. તેનો વ્યાપ અને વિસ્તાર અરસપરસના ગ્રામીણ વિસ્તારના સામાજિક-આર્થિક રંગે રંગાયેલો હોય છે. અને તેના લીધે અરસપરસની ગ્રામીણ વસ્તી તેને પોતાની અસ્મિતાસમ ગણે છે. કસ્બાઓનાં ગ્રામીણ વિસ્તાર સાથે આર્થિક, સામાજિક અને રાજકીય ક્ષેત્રના જીવંત સંબંધો હોવાને લીધે દરેક કસ્બો ઘણા મોટા અંશે તેના અરસપરસના વિસ્તાર પર વર્ચસ્વ પ્રાપ્ત કરે છે. ગ્રામવાસીઓ પણ કસ્બાનાં વસ્તીના ક્રિયા-કલાપને મોટે ભાગે ભિન્ન સાંસ્કૃતિક-વ્યવસ્થારૂપે જોતાં નથી કે શહેરી જીવનના ભયથી પીડાતા નથી. હકિકતમાં પ્રત્યેક ગ્રામીણ વિસ્તારમાં કસ્બાનું અસ્તિત્વ બાહ્ય સંપર્કો માટે જીવંત કડી રૂપ કામ કરે છે. મોટેભાગે આ કસ્બામાં જ તેઓ પોતાની કૃષિવિષયક અને અન્ય પેદાશોના વિક્રય તથા દૂરદૂરના નગરો અને ઔદ્યોગિક કેન્દ્રોમાં ઉત્પન્ન કરાયેલી વિવિધ જીવન જરૂરિયાતની વસ્તુઓ પ્રાપ્ત કરવા માટે આધાર રાખે છે. વેપારિક ક્રિયાઓમાં રોકાયેલા અથવા હુન્નર ઉદ્યોગ કે પછી પરંપરાગત સેવાઓ આપવા સાથેની આર્થિક-ક્રિયાઓ સાથે સંકળાયેલા કસ્બાવાસીઓ અવારનવાર ગ્રામીણ વિસ્તારમાં ધંધાકીય બાબતો કે સામાજિક સાંસ્કૃતિક પ્રસંગોએ જાય છે અને ગ્રામવાસીઓ તેમને બાહ્ય શહેરી વ્યક્તિ તરીકે શંકાની દૃષ્ટિથી જોતા નથી. હકીકતમાં ગ્રામવાસીઓ અને કસ્બાવાસીઓ વચ્ચે એવા સંબંધો પેઢી-દર-પેઢી ચાલતા આવ્યા હોય તેવા કિસ્સા મળી આવવા મુશ્કેલ નથી. લગ્ન ગાળા કે હોળી દિવાળી જેવા તહેવારોના દિવસોમાં આ કસ્બાઓ આજુબાજુના ગામડાઓના લોકોથી ઉભરાતા હોય છે. આ ગ્રામવાસીઓ ત્યાં પ્રસંગોપાત ખરીદી અને મોજશોખ માટે આવતા હોય છે.

આ કસ્બાઓની આંતરીક બાંધણી પરંપરાગત ઢબે ચાલતી આવે છે. કસ્બાના કેન્દ્રિય વિસ્તારમાં ઉપલા સ્તરના લોકોનાં મકાનો હોય છે. મહોલ્લાઓ અને શેરીઓ જ્ઞાતિનાં ધોરણો જોવા મળે છે.

કસ્બામાં જ નાનાં મોટાં મંદિરો અને દેવાલયો હોય છે. મોટેભાગે એક જ મોટું બજાર હોય છે. અને દુકાનો અને રહેઠાણના સ્થળો એક સાથે હોય છે. જો કે ઔદ્યોગિક કેન્દ્રો તરીકે વિકાસ પામેલા નવા કસ્બાઓની બાબતો આ સ્વરૂપની જોવા મળતી નથી. કસ્બાવાસીઓમાં પારસ્પરિક સામાજિક સંબંધો અને ક્રિયા-પ્રતિક્રિયાઓ પરંપરાગત પ્રણાલિકાઓની પકડ હેઠળ ચાલતાં હોય છે. ભૌતિક દૃષ્ટિએ ઘણાં બધાં આધુનિક તત્ત્વો અહીંયાં જોવા મળતાં હોવા છતા લોકોનાં વલણો અને મનઃછાપ મહદ્ અંશે પરંપરાગત ઢબનાં જ રહે છે, તેથી અન્ય નગર સમુદાયોની તુલનામાં કસ્બાઓમાં સામાજિક પરિવર્તનના પ્રવાહો ક્રમિક અને ધીમી ગતિના હોય છે. સામાજિક વિષમતાઓ અને ભેદભાવ રીતરિવાજો મુજબ ચાલતા રહે છે અને જે કોઈ પરિવર્તન આવે છે તે કસ્બા કરતાં કસ્બા થઈ બહારના રાજકીય-આર્થિક પરિબળોને લીધે હોય છે. આ અર્થમાં કસ્બાઓનું સામાજિક પર્યાવરણ ગામડાઓને વધુ મળતું આવે છે.

વસ્તીના તુલનાત્મક રીતે નાના કદ અને પાતળી ગીચતાને લીધે કસ્બાવાસીઓ મહાનગરો જેવી અપરિચિતતાની પરિસ્થિતિ હેઠળ જીવતા નથી. ત્યાં સરકારી, અર્ધસરકારી અથવા અન્ય સંસ્થાઓમાં કામ કરતા અધિકારીઓ અને કર્મચારીઓ કે જેમાંના કેટલાક બહારથી આવેલા હોય છે વિગેરે બધા કસ્બાવાસીઓ સાથે નજીકના અને ગાઢ સંબંધો બાંધી શકે છે. કસ્બાવાસીઓ પણ એવા અધિકારીઓ સાથેના સંબંધોને પ્રતિષ્ઠાની વાત ગણે છે. અહીંયાં જનસંચારનાં સાધનો ઉપર ઝાઝું અવલંબન હોતું નથી છતાં કસ્બામાં બનતી નાની મોટી ઘટનાઓ અંગેની માહિતી આપોઆપ કસ્બામાં ત્વરિત ફેલાઈ જાય છે.

કસ્બાવાસીઓના રોજરોજીવન પ્રશ્ને હળવા હોયછે. નાગરિક અને જાહેર સગવડો તુલનાત્મક રીતે મર્યાદિત હોય છે. સ્થાનિક પ્રશાસનની આવક મોટાભાગના કિસ્સાઓમાં પૂરતી ન હોવાથી આવી સગવડો વિકસાવવામાં ઘણા અંતરાય આવે છે અને ઘણા કિસ્સાઓમાં આવી સગવડો વસાવી હોય તો પણ તેમની યોગ્ય દેખરેખ અને માવજત થતી નથી. આ કસ્બાઓમાં સ્થળાંતરીઓનું પ્રમાણ અત્યંત ઓછું હોવાથી ત્યાં ઝૂંપડપટ્ટીઓનો પ્રશ્ન ખૂબ મર્યાદિત સ્વરૂપનો હોય છે. વૃદ્ધો અને અન્ય આશ્રિતો પણ કસ્બાઓમાં અસહાય અને અલગતાની અનુભૂતિ મહાનગરો કે મોટા નગરો જેવા તીવ્ર સ્વરૂપની અનુભવતા નથી. સામાજિક નિયંત્રણના ક્ષેત્રે પરંપરાગત સાધનોની પકડ ટકી રહે છે. ધર્મ, રિવાજ અને આંખની શરમ કસ્બાવાસીઓને ધોરણોની અપેક્ષાઓ વિપરીત વર્તણૂક કરતાં અટકાવે છે.

નવા અને ઔદ્યોગિક કેન્દ્રો તરીકે વિકાસ પામેલા કસ્બાઓમાં રોજગારની નવી તકો સહેલાઈથી મળી આવતી હોય છે. તેમજ જે કસ્બાઓનો અરસપરસનો ગ્રામીણ વિસ્તાર કૃષિ ક્ષેત્રે સમૃદ્ધ અને ફળદ્રુપ હોય છે ત્યાં પણ રોજગાર માટેની નવી તકો ઊભી થાય છે. તેથી એવા કસ્બાઓ તુલનાત્મક રીતે ઝડપી વિકાસ પામે છે. પરંતુ જે કસ્બાઓ આવી લાક્ષણિકતાઓ ધરાવતા નથી કે રોજગારની નવી તકો આપી શકતા નથી તે ખૂબ ધીમી ગતિથી વિકાસ પામે છે અથવા તો સ્થગિતતાની પરિસ્થિતિમાં ફસાઈ જાય છે. હકીકતમાં કેટલાક કસ્બાઓ તો પડતીના પ્રવાહોથી ઘેરાઈ જાય છે.

ઉપરોક્ત સંક્ષિપ્ત વિવરણને કસ્બાઓની બાબતમાં અનુમોદન આપે તેવું બર્ગેલનું વિધાન એ છે કે કસ્બાઓના જીવનની મોટામાં મોટી બે મર્યાદાઓ એ હોય છે કે ત્યાં (1) તકોનો અભાવ હોય છે. તથા (2) અતિશય જૂનવાણી પ્રવર્તતી હોય છે. (બર્ગેલ : 1955 : 124).

**નગર :**

પ્રસ્તાવિક વર્ગીકરણ ભારતમાં કસ્બાઓની સંખ્યા બાદ નગરોની સંખ્યા વધુ આવે છે. નગરની વસ્તી પચાસ હજારથી લઈ એક લાખ સુધીની હોય છે, ભારતમાં એવા નગર સમુદાયોની સંખ્યા 262 જેટલી ગણાવી શકાય. નગર તેના આર્થિક અને વહીવટી દરજ્જાને લીધે અરસપરસના કસ્બાઓ અને ગ્રામીણ વિસ્તારો ઉપર તેનું વર્ચસ્વ ધરાવે છે. કસ્બા અને ગામડાઓના વેપારીઓ ઉપરાંતની અન્ય વ્યક્તિઓ આર્થિક તેમજ વહીવટી બાબતોના ક્ષેત્રે નગર ઉપર આધાર રાખે છે. અહીંયા શિક્ષણ સંસ્કૃતિ અને જીવનનાં અન્ય પાસાંઓને લગતી વિવિધ સંસ્થાઓ અને સગવડો પણ અરસપરસના વિશાળ વિસ્તારના લોકોને આકર્ષે છે. મોટે ભાગે ગામડા કે કસ્બામાં જે સગવડોનો અભાવ હોય છે કે સંતોષકારક હોતી નથી તે સગવડો નગરમાં મળી આવતી હોવાથી જરૂર ઊભી થતાં લોકો નગરમાં દોડી આવે છે. ઘણા નગરોનો ભવ્ય ઈતિહાસ હોય છે અને જૂના સમયમાં રાજકીય સત્તાનાં કેન્દ્રો રહેલાં હોવાથી કે પાટનગરો હોવાથી તે ગ્રામ્યવિસ્તાર ઉપરનું એકહથ્થુ વર્ચસ્વ ભોગવતા હતા. હોસેલિઝએ કરેલાં વર્ગીકરણ મુજબ આવાં ઐતિહાસિક વારસો ધરાવતા નગરો "પેરાસાઈટીક" નગરોની શ્રેણીમાં મૂકી શકાય. કારણ કે તે આસપાસના કસ્બાઓ અને

ગ્રામીણ સમુદાયોને આર્થિક અને રાજકીય સત્તા વડે દબાવીને નભતા હતા અને બદલામાં ભાગ્યે જ કશો લાભ આપતા હતા. વસ્તી અને તેની ગીચતા તુલનાત્મક રીતે સપ્રમાણ હોવાથી આ સગવડોનું યોગ્ય નિભાવ અઘરું બનતું નથી. જો કે જે નગરો ઔદ્યોગિક વિકાસના ક્ષેત્રે હરણફાળ પ્રગતિ કરી રહ્યા હોય છે ત્યાં ઝૂંપડપટ્ટીઓનો પ્રશ્ન ઉપસ્થિત થતો દેખાય છે. એવી મોટા ભાગની ઝૂંપડપટ્ટીઓમાં જરૂરી સગવડોનો અભાવ હોય છે.

સામાજિક નિયંત્રણનો પ્રશ્ન હોતો નથી. અહીંયાં મોટા પાયા ઉપર છૂપી પ્રવૃત્તિઓમાં રોકાયેલા સમાજવિરોધી તત્ત્વોને કેટલાક અપવાદ સિવાયના અન્ય નગરોમાં જોઈતો શહેરી પર્યાવરણ મળી આવતો નથી. તેમ છતાં વિવિધ પ્રકારના છૂટક ગુનાઓ થતા રહે છે. તેમને નાથવા અને અટકાવવા માટે ઔપચારિક તંત્રો ઉપરનું અવલંબન વધી જાય છે. પરંતુ જનસામાન્યના વ્યવહાર અને ક્રિયા-પ્રતિક્રિયાઓ ઉપર પરંપરાગત સાધનોની પકડ ભૂંસાઈ જતી નથી. ધર્મનું વર્ચસ્વ પણ અલોપ થતું નથી પણ જીવનનાં દરેક પાસામાં તેની એક સરખી પકડ રહેતી નથી.

કસ્બાઓમાં મોટેભાગે એક ચોક્કસ આર્થિક ક્રિયા ઉપરનું અવલંબન દેખાઈ આવતું હોય છે જ્યારે કે નગરોમાં એક કરતાં વધુ પ્રકારની આર્થિક ક્રિયાઓ મોખરે રહે છે; તેથી ત્યાં શ્રમના વિભાજન અને વિશેષિકરણનું મહત્ત્વ વધવા લાગે છે. વિશિષ્ટ કૌશલ્ય અને ગુણવત્તા ધરાવતી વ્યક્તિઓની જરૂર ઊભી થતી હોવાથી એવી વ્યક્તિઓને કારકિર્દીનું નાનું મોટું ક્ષેત્ર મળી આવે છે. જો કે મોટાં નગરો અને મહાનગરોની તુલનામાં આ નગરો સૂક્ષ્મ વિશેષિકરણ અને ઉચ્ચ કક્ષાનું કૌશલ્ય પ્રાપ્ત કરેલી વ્યક્તિઓ માટે નાનો પડે છે.

અત્રે એક વાત નોંધાવી જોઈએ કે આ નગરો કસ્બાઓથી મોટા હોવા છતાં સામાજિક માળખા અને આધુનિકીકરણના પ્રવાહોના ક્ષેત્રે અમુક અપવાદરૂપ નગરો સિવાય ખાસ ભિન્ન પડતા નથી. એટલે કે ત્યાંના રહીશોનો ઝોક પરંપરાવાદી અને જૂનવાણી રહે છે. તેથી પરંપરાગત મંડળો અને સંગઠનો ટકી રહે છે અને મોટાભાગના સામાજિક-સાંસ્કૃતિક પરિવર્તનો આ સંગઠનોની મારફતે હાથ ધરાય છે. આ નગરોની પ્રાદેશિક ખાસિયતો પણ તરી આવતી હોય છે.

મોટા ભાગના નગરો ધીમી ગતિથી વિકાસ પામતા હોઈ આગળ જોઈ ગયા તે પ્રમાણે અહીંયાં શહેરી જીવનની સમસ્યાઓ તેમનાં ઉગ્ર સ્વરૂપમાં જોવા મળતી નથી. તદ્‌ઉપરાંત જમીનના ઉપયોગની તરાહમાં પણ ઝડપી ફેરફારો આવતા નથી. સાંપ્રત ભારતના મહાનગરો અને ઔદ્યોગિક કેન્દ્રો તરીકે ઝડપથી ઉપસી આવેલાં નવા નગરોમાં દેખા દેતી સમસ્યાઓ નાથવા માટે આ નગરો તરફ આયોજનકારોનું ધ્યાન જાય તો કદાચ ગ્રામ્ય સમુદાયોથી મોટાનગરો અને મહાનગરો તરફનો જે પ્રચંડ ધસારો છે તે અસરકારક રીતે આ નગરો તરફ વળી શકાય તેમ છે. પરંતુ તે માટેની એક જરૂરી પૂર્વશરત એ છે કે આ નગરોમાં નાના મોટા ઉદ્યોગોના વિકાસ માટે પૂરતી અને અસરકારક સગવડોનો વિકાસ થાય એટલું જ નહીં પણ તે સગવડો અસરકારક અને સક્રિય રીતે મળતી રહેશે તેવી સાહસિકો તેમજ જનસામાન્યને પ્રતિતિ થાય. એવાં ઘણાં ઉદાહરણ મળી આવે છે કે જ્યાં લોકો નજીકના અને નાના નગરોમાં રોજગારની કાયમી અને પૂરતી તકો મળે તો તે દૂર દૂરના સ્થળોએ જવા માટે રાજી નથી. થોડાક વર્ષો અગાઉ સુરતમાં હીરા ઉદ્યોગનો જે ઝડપથી વિકાસ થયો તે ઝડપમાં હવે ઓટ આવવા લાગી છે. તે પાછળના બીજા અનેક કારણોમાંથી એક મહત્ત્વનું કારણ એ પણ છે કે સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના નાના નગરોમાં આ ઉદ્યોગ પથરાવા લાગ્યો છે. પરિણામ સ્વરૂપ હિરા ઉદ્યોગના કારીગરો અને સાહસિકો દૂરના અને મોટા નગરોના પ્રશ્નોથી પિડાયા વિના પોતાના પ્રદેશમાં જ પોતાની અસ્મિતા ધરાવતા નગરમાં રોજગારની તકો પ્રાપ્ત કરવા લાગ્યા છે. તે જે રીતે થોડાંક વર્ષો અગાઉ દક્ષિણ ગુજરાતમાં આવેલ વાપીની કશી અગત્યતા કે વિસાત ન હતી. પરંતુ ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમના આશ્રયે અને ખાનગી ક્ષેત્રે અનેક કારખાનાઓ અને ઔદ્યોગિક સંકુલો સ્થપાયાં હોવાથી આજે વાપી આ પ્રદેશમાં ઔદ્યોગિક ક્રિયાઓથી ધમધમતું કેન્દ્ર બન્યું છે. ભારત અને ગુજરાતના અન્ય પ્રદેશોમાંથી પણ એવા અનેક દાખલાઓ મળી આવે તેમ છે.

આ નગરોની વસ્તીનો વ્યાપ અને ગીચતામાં જેમ જેમ વધારો થાય છે તેમ તેમ ત્યાં શહેરી જીવનના પ્રશ્નો જન્મ લેતા થાય છે. જો નગરનો વિકાસ ઝડપી હોય છે તો થોડાક વર્ષોના ગાળામાં આ પ્રશ્નો તીવ્ર સ્વરૂપ ધારણ કરી લે છે. આ પરિસ્થિતિ સેવાભાવી અને સ્વૈચ્છિક સંસ્થાઓ રચવા માટેની જરૂરી ભૂમિકા પૂરી પાડે છે. તેથી અહીંયા વ્યવસાયિક હિતોના રક્ષણના ઉદ્દેશ ઉપરાંત સમાજસેવાના વિવિધ ઉદ્દેશ્યોને લઈ સ્વૈચ્છિક મંડળો અસ્તિત્વમાં આવે છે. આવા મંડળોનું સભ્ય થવું અને તેની ક્રિયાઓમાં સક્રિય રીતે ભાગ લેવો સામાજિક પ્રતિષ્ઠા અને શિષ્ટાચારનું પ્રતિક બને છે.

## મોટું નગર :

નગર વિકાસની પ્રક્રિયા સાથે સંકળાયેલા વિવિધ પ્રવાહમાં ફસાયેલા એવા નગર સમુદાયો મોટા નગરોની શ્રેણીમાં મૂકી શકાય. આ નગરોની વસ્તી એક લાખથી વધુ અને દસ લાખ સુધીની હોય છે. આ નગરો ઔદ્યોગિક વિકાસ અને વિવિધ વ્યવસાયિક ક્રિયાઓને લીધે રોજગારની નવી નવી તકો માટે જાણીતા બનેલા હોવાથી માત્ર આસપાસના વિસ્તારોમાંથી જ નહીં પણ દૂર દૂરના પ્રદેશોમાંથી સ્થળાંતર કરીને આવેલા લોકોને કારણે કસ્બા અને નાના નગરો કરતાં વધુ ઝડપથી વિકાસ પામે છે. તેથી વસ્તીની ગીચતા જ વધતી નથી પણ ભાષા, ધર્મ, પ્રદેશ, સાંસ્કૃતિક તત્ત્વો અને સામાજિક પૃષ્ઠભૂમિ વગેરેની બાબતમાં વસ્તીની બહુરંગીતા પણ વધતી જાય છે.

મોટા નગરોમાંના ઘણા નગરો જૂના હોવાથી તેમનો સમૃદ્ધ સાંસ્કૃતિક અને ઐતિહાસિક વારસો હોય છે. પરંતુ બદલાયેલા પરિસ્થિતિઓ હેઠળ આ નગરો એવા વારસા ઉપર નભતા નથી પણ આર્થિક, ઔદ્યોગિક અને વેપારીક ક્રિયાઓનું કેન્દ્ર બની નગરીય વિકાસ સાધે છે. કેટલાંક મોટા નગરો વિશિષ્ટ ઔદ્યોગિક વિકાસને લીધે જાણીતા બની જાય છે. તેથી ત્યાં રોજગારની શોધમાં ભાગ્ય અજમાવવા માટે દૂર દૂરના પ્રદેશોથી સ્થળાંતરીઓ આવે છે અને કાયમી વસવાટ કરતા થઈ જાય છે. સાંપ્રત ભારતમાં એવાં મોટાં નગરોમાં અનેક કુટુંબો મળી આવે છે કે જે એક બે પેઢી અગાઉ સ્થળાંતર કરીને ત્યાં આવેલા અને હવે કાયમી ઠરીઠામ થયા છે. આ સ્થળાંતરકારોમાંના ઘણાખરા પોતાના મૂળવતનમાં વસતા સગાંઓ સાથે સંપર્ક રાખે છે અને પ્રસંગોપાત જાય છે. પરંતુ તેમની આવતી પેઢીના લોકોને મૂળ વતન સાથે ખાસ નિસ્બત રહેતી નથી. જે નવા સ્થળાંતરીઓ આવે છે તે સહેલાઈથી રોજગાર કે રહેઠાણની સગવડો પ્રાપ્ત કરી શકતા નથી. તેથી મોટા નગરોમાં ઝૂંપડપટ્ટીઓનો પ્રશ્ન તીવ્ર બને છે એટલું જ નથી પણ ઘણા કિસ્સાઓમાં ઝૂંપડપટ્ટીઓ નર્કાગાર જેવી બની જાય છે. ત્યાં જાહેર સગવડો કે ન્યુનતમ જરૂરિયાતની માનવીય સગવડો પણ મળી આવતી નથી.

સામાજિક-સાંસ્કૃતિક જીવનના બાબતમાં મોટા નગરો જૂનવાણીથી પીડાતા નથી પરંતુ ત્યાં એવા પ્રકારનું પર્યાવરણ વિકાસ પામે છે કે જ્યાં પરંપરાઓ અને આધુનિકતાનું સહઅસ્તિત્વ શક્ય બને છે. પરંપરાગત નિષેધનાઓ ને અંધવિશ્વાસો ઉપર આધારિત ભેદભાવ પાળી શકાતા ન હોવાથી ત્યાં નગરવાસીઓ મોકળાશ અનુભવે છે. આ અર્થમાં મોટા નગરોમાં સામાજિક પરિવર્તન અને ઉત્કર્ષની તકો તુલનાત્મક રીતે વધુ મળી આવતી હોય છે, હેરોલ્ડ આઈઝેક (1966) આગ્રા શહેરમાં અસ્પૃશ્યતા ના અભ્યાસમાં અને લેખકે (1978) સુરત શહેરમાં કરેલા 500 દલિતો અને 500 સવર્ણોના અસ્પૃશ્યતાની વર્તણૂકને સ્પર્શતી જુદી જુદી પરિસ્થિતિઓના અભ્યાસ દરમ્યાન પ્રાપ્ત તારણો ઉપરોક્ત બાબતને પુરવાર કરે છે. વાય.એ.પરમારના (1987) સુરતના માછીમારોના અભ્યાસનાં તારણો પણ એવું દર્શાવે છે કે એક વખત અસ્પૃશ્ય ગણાતી આ જ્ઞાતિ મહદ અંશે નગરીય તકોનો લાભ લઈ પોતાની સામાજિક-આર્થિક સ્થિતિ ઘણી સુધારી શકી છે. તે જ રીતે કસ્બાઓ અને નાના નગરોની તુલનામાં મોટા નગરોમાં સ્ત્રીઓ ઘરથી બહાર કામની તક પ્રાપ્ત કરી શકે છે અને પોતાની યોગ્યતા તથા કૌશલ્ય મુજબ સમાજના જુદા જુદા ક્ષેત્રોમાં ભાગ લેતી હોય છે.

મોટા નગરોનું સામાજિક માળખું અને આંતરિક બંધારણ તુલનાત્મક રીતે જટિલ હોવા છતાં પરંપરાગત ઢબથી છૂટું પડી ગયેલું હોતું નથી. નગરના મધ્યવર્તી વિસ્તારમાં વસ્તીની ગીચતા જોવા મળે છે અને જેમ જેમ નગરના સીમાડાઓ તરફ જઈએ તેમ તેમ વસ્તીની ગીચતા ઓછી થતી જાય છે. સુનિતા ઓલકે (1980) પંજાબના લુધિયાણા નગરની વસ્તીમાં રહેઠાણના ક્ષેત્રે જોવા મળતી આંતરિક ગતિશીલતાનાં સ્વરૂપ સમજાવતા જણાવ્યું છે કે નગરના મધ્યવર્તી ભાગમાંથી રહેઠાણો બદલીને છેવાડના ઓછી વસ્તીના વિસ્તારોમાં જતા લોકોનું પ્રમાણ સૌથી વધુ જોવા મળે છે. કારણ કે મધ્યવર્તી વિસ્તારોની વધતી જતી ગીચતા અને ઘોંઘાટ વગેરે વચ્ચે સાધન-સંપન્ન લોકો હવે રહેવાનું પસંદ કરતા નથી. જોકે આવી ગતિશીલતા સામાન્ય અને ગરીબ વર્ગના લોકોમાં જોવા મળતી નથી. તેથી મોટા નગરના મધ્યવર્તી વિસ્તારોમાં જૂના અને જર્જરિત મકાનો રહેઠાણ તેમજ કામના સ્થળો તરીકે આજે પણ જોવા મળે છે.

જે મોટા નગરો માત્ર ઐતિહાસિક વારસા ઉપર ટકી રહેલાં કરતાં આધુનિક ઔદ્યોગિક અને વેપારિક વિકાસનાં કેન્દ્રો તરીકે પ્રસિદ્ધિ પ્રાપ્ત કરવામાં સફળ થયા છે તે આસપાસના કસ્બાઓ અને ગામડાઓથી રોજગારની નવી તકો શોધતા લોકોનાં આકર્ષણનાં કેન્દ્રો બન્યા છે. તેથી ત્યાં વસ્તીનું પ્રમાણ અને ગીચતા ઝડપથી વધતી જોવા મળે છે. એટલું જ નહીં પણ પારસ્પરિક સામાજિક સંબંધો

અને ક્રિયા-પ્રતિક્રિયાઓમાં કસ્બાઓ કે નાના નગરો જેવી નજીકતા કે માણસાઈ જોવા મળતી નથી. આ નગરોમાં નજીકના કસ્બાઓ અને નગરોમાંથી આવેલા વ્યક્તિના પોતાના ઓળખીતા હોવા છતાં અન્ય નગરવાસીઓ સાથે તે અપરિચિતતા અને ગાઢ ગુસ્તા સંબંધોના ભાવ અનુભવે છે. વિક્ટર ડિસોઝાએ (1968) ચંડીગઢના અભ્યાસમાં આ વાત તારવી છે. તેઓએ પંજાબનાં અન્ય વિસ્તારોમાંથી સ્થળાંતર કરીને ચંડીગઢમાં ઠરીઠામ થયેલાં નગરવાસીઓમાં જ્ઞાતિ-વ્યવસાય અને કુટુંબરચના અંગેના વિશ્લેષણમાં તેનો ઉલ્લેખ કર્યો છે.

જે તે પ્રદેશમાં આવું મોટું નગર તેના શહેરી ઠઠારા સાથે સામાજિક-સાંસ્કૃતિક બાબતોમાં જે તે વિસ્તારની સંસ્કૃતિના પ્રતીક સમું હોય છે. અહિંયા એક બાજુ પરંપરાગત સંસ્કૃતિનાં તત્ત્વો અને બીજી બાજુ આધુનિક પરિવર્તનના પરિબળોનું સમાગમ થાય છે. પરંતુ તેમાં પરંપરાગત તત્ત્વો ભૂંસાઈ જતા નથી. ડૉ. લલિતપ્રસાદ વિદ્યાર્થીના બિહારના ગયા નગરના અભ્યાસમાં આ વાસ્તવિકતા જણાય છે. વર્ષો અગાઉ આઈ. પી. દેસાઈ અને વાય. બી. દામલેએ (1953) પૂના નગરના અભ્યાસમાં જ્ઞાતિના જી. એસ. ઘુર્યેએ તારવેલા છ લક્ષણોનું પરીક્ષણ કરતી વખતે પણ એવાં તારણો પ્રાપ્ત કર્યાં કે જે ઉપરોક્ત વિધાનને સમર્થન આપે છે. અન્ય સમાજશાસ્ત્રીઓ દ્વારા ભારતના એવા નગરોમાં લગ્ન, કુટુંબ, જ્ઞાતિ અને ધર્મ વગેરેના અભ્યાસોના તારણોમાંથી પણ પરિવર્તનની પ્રસ્તુત તરાહને સમર્થન મળે છે.

મોટા નગરોનું સામાજિક-આર્થિક પર્યાવરણ નાના નગરો અને કસ્બાઓની તુલનામાં જટિલ હોવાથી અને આધુનિકતાના પરિબળો પૂરજોશથી સક્રિય હોવાથી આ નગરોની અસરો તેમનાં ભૌગોલિક અને વહીવટી વિસ્તારથી વ્યાપક હોય છે. આ અર્થમાં આ નગરો જે તે વિસ્તારમાં બાહ્ય સંસ્કૃતિના તત્ત્વોના પ્રસારના કેન્દ્રોનું રૂપ ધારણ કરે છે. ત્યાં થતી વિવિધ વસ્તુઓની પેદાશ ઉપરાંત ત્યાંની વિવિધ જાહેર સંસ્થાઓ અને સગવડોના લાભ ગ્રામીણ અને નાના-નાના નગરીય વિસ્તારના લોકો પણ સમય પડે લેતા હોય છે.

મહાનગરો :

મહાનગરની વસ્તી દસ લાખથી વધુ લોકોની ગણાવી શકાય. આ નગરો વિશ્વવ્યાપી પ્રસિદ્ધિ ધરાવતા હોય છે. લુઈ વર્થે (1964) નગરીય જીવનશૈલીના સિદ્ધાંત હેઠળ સામાજિક જીવન અને ક્રિયા-પ્રતિક્રિયાઓનું જે આલેખન કર્યું તે મહદ્ અંશે આ નગરોની જીવનઢોરી સમજવામાં ઉપયોગી થઈ શકે તેમ છે. મહાનગરોમાં ફક્ત વિશાળ વસ્તી હોય એટલું જ નથી પણ વસ્તીની ગીચતા અને વિષમતા પણ આંખે ઊડીને દેખાય અને ડગલે ને પગલે અનુભવાય છે. આ નગરો રોજગાર અને શહેરી જીવનની વિવિધ અને વૈકલ્પિક તકોના ભંડાર સમા હોવાથી દેશના ખૂણે-ખૂણેથી લોકો પોતાનું ભાગ્ય અજમાવવા ત્યાં આવતા હોય છે. આ મહાનગરોનું આર્થિક માળખું કાંઈક એવું હોય છે કે જ્યાં કામ કરવાની થોડીક દાનત ધરાવતી વ્યક્તિને પણ જીવવા માટે કાંઈક આધાર મળી રહે છે અને બીજી બાજુ કઠોર પરિશ્રમ કરીને શિક્ષણ, વ્યાવસાયિક તાલીમ કે વ્યવસાયિક નિપુણતીકરણ વડે પ્રાપ્ત કરેલ સૂક્ષ્મ કૌશલ્ય ધરાવતી વ્યક્તિને પણ કસબ અજમાવવા માટેનું બહોળું ક્ષેત્ર મળી રહે છે.

સામાજિક માળખામાં જૂનવાણી કે ઝડપથી બદલાતી પરિસ્થિતિઓ વચ્ચે યોગ્ય અનુકૂલન થતાં કસ્બાઓ કે નાના નગરોની જેમ દેખા દેતી નથી. પરંતુ એનો અર્થ એવો પણ નથી કે જે તે સમૂહની પરંપરાગત અને પ્રાદેશિક અસ્મિતાઓ કાયમને માટે અલોપ થઈ જતી હોય છે. હકીકતમાં જો આ બાબતો અંગે ઊંડા અને પદ્ધતિસરના અભ્યાસો થાય તો કદાચ એવું પણ પ્રકાશમાં આવે કે અહીંયાની સમૃદ્ધતા અને વિપુલ પ્રમાણમાં મળી આવતી આધુનિક સગવડોનો લાભ લઈ પરંપરાગત અસ્મિતાઓ સુદૃઢ થતી જોવા મળે.

મહાનગરો તેમની વિશાળ, ગીચ અને પચરંગી વસ્તીને લીધે એવા સામાજિક પર્યાવરણનું નિર્માણ કરે છે કે જ્યાં નગરવાસીઓ વચ્ચે ભૌતિક નજીકતા હોવા છતાં સામાજિક અને માનવીય નજીકતા અનુભવાતી નથી. અપરિચિતતાના વાતાવરણમાં લાખો લોકોની વચ્ચે પણ વ્યક્તિની હસ્તી અલોપ થઈ જતી હોય છે. આ પરિસ્થિતિ સાથે લાંબા સમયથી મહાનગરમાં રહેતા લોકો યોગ્ય સમાધાન કરી લે છે. પરંતુ સ્થળાંતર કરીને આવેલા નવા લોકો મુંઝવાઈ જાય છે. અને પોતાની જૂની પરિસ્થિતિઓ અને મહાનગરની નવી પરિસ્થિતિઓ વચ્ચે એક વિચિત્ર પ્રકારનું તાણ અનુભવે છે. જોકે સમય જતાં તેઓ પણ યોગ્ય સમાધાન સાધી લે છે અને મહાનગરની જીવનરેખા સાથે જોડાઈ જાય છે.

મોટા નગરોની જેમ મહાનગરોમાં પણ પરંપરાગત સામાજિક વિષમતાઓ અને ભેદભાવ સુસંગત રહેતી નથી. હકીકતમાં મહાનગરોનું પર્યાવરણ એવા ભેદભાવને માફક આવતું નથી. તેથી જ્ઞાતિ, ભાષા, પ્રદેશ કે સ્ત્રી-પુરુષના ભેદ વિના વ્યક્તિ પોતાની આવડત અને કૌશલ્ય મુજબ આર્થિક, સામાજિક અને જાહેર જીવનના જુદા જુદા પાસાંઓમાં સક્રિય રીતે જોડાવા ઉમદા તકો પ્રાપ્ત કરી શકે છે, પણ આ તકોના બધા લાભ લઈ શકતા નથી. તેથી મહાનગરમાં અમીર અને ગરીબ વચ્ચેના ભેદ તેના તીવ્ર સ્વરૂપમાં દેખાઈ આવે છે. આ અર્થમાં સામાજિક-પરિવર્તનના પ્રવાહોની દિશા સમજવામાં ગ્રામીણ સમુદાયોની જેમ મહાનગરો અને મોટા નગરોમાં દેખા દેતા પરિવર્તનના વ્યાપક પ્રવાહોના અભ્યાસોને આધારે પણ અર્થપૂર્ણ તારણો પ્રાપ્ત કરી શકાય છે. મહાનગરો તેમનાં વ્યાપ અને અસરોમાં કોઈ એક જ પ્રદેશ પૂરતાં જ મર્યાદિત રહેતા નથી, પરંતુ તેમની અસરો સમાજના અંતર્ગત વિસ્તારો સુધી ફેલાય છે અને બાહ્ય સમાજો સાથે પણ મહાનગરો આર્થિક, સાંસ્કૃતિક, રાજકીય ને જીવનના અન્ય પાસાઓમાં સંકલાયેલા હોય છે. આ નગરોમાં પરદેશોના રાજકીય સંસ્થાઓ, એલચી કચેરીઓ તેમજ વેપારિક-પેઢીઓના દફતરો પણ આવેલાં હોય છે. આથી મહાનગરો કોઈ એક ચોક્કસ ક્રિયા કે સંદર્ભથી પણ વિવિધ ક્ષેત્રોની અગત્યને લીધે જગવિખ્યાત થયેલા હોય છે.

આ નગરોમાં સામાજિક પર્યાવરણની એક આગવી ખાસિયત નગરવાસીઓમાં જોવા મળતી અપરિચિતતાની ચરમ સીમા હોય છે. આ અપરિચિતતાનો લાભ લઈ મહાનગરોમાં સામાજિક દૂષણો ફૂલતા ફળતા રહે છે. છૂપી રીતે ગુનાહિત પ્રવૃત્તિઓ કરતી ટોળકીઓ કે જે આંતરરાષ્ટ્રીય સંપર્કો અને ઝાળ ધરાવતી હોય છે, મહાનગરોમાં સહેલાઈથી સક્રિય રહે છે. તેમની ગુનાહિત પ્રવૃત્તિઓ ઉપરાંત અન્ય ગુનાઓ પણ ખાસા પ્રમાણમાં થતાં રહે છે. કાયદા અને વ્યવસ્થાનો પ્રશ્ન માથાભારે થઈ જાય છે. વિશાળ જનસમુદાય કે જેમાંનો મોટો ભાગ ઝુંપડપટ્ટીઓમાં રહે છે, આવી પરિસ્થિતિઓથી વ્યથિત રહે છે તેમ છતાં ભાગ્યે જ તેમાંથી બહાર આવવાનો માર્ગ શોધી શકે છે. ઔપચારિક સાધનો ઉપર જ સગવડો અને સુરક્ષા અર્થે નભતા રહેવું પડે છે, પરંતુ સ્થાનિક તંત્રો આ નગરોની ભીમકાય વસ્તીને લીધે ભાગ્યે જ આ પ્રશ્નોનો અસરકારક અને કાયમી નિવેડો લાવવામાં સફળ થાય છે. હકીકતમાં આ નગરોની કાયદા અને વ્યવસ્થાની સ્થિતિ તેમજ જાહેર સગવડો તૂટી પડે તે આરોએ આવી ગઈ હોય છે.

વ્યાપક સમાજના સંદર્ભમાં જોઈએ તો મહાનગરોની સંખ્યા ઓછી હોવા છતાં ત્યાં કુલ નગરીય વસ્તીનો એક વિશાળ ભાગ રહેતો હોય છે. દા.ત. ભારતમા 1981ની વસ્તી ગણતરી મુજબ કુલ 12 મહાનગરો હતા અને ત્યાં કુલ નગરીય વસ્તીના લગભગ 60 ટકાથી પણ વધુ લોકો રહે છે. વળી ગ્રામીણ સમુદાયોથી સ્થળાંતર કરીને આવતા લોકોના પ્રચંડ ધસારાને કારણે નગરીકરણ ક્ષેત્રે પણ તેમની આગવી ભૂમિકા હોય છે. છતાં ત્રીજા વિશ્વના અન્ય સમાજોની જેમ ભારતમાં પણ આ મહાનગરો તેમના સામાજિક-સાંસ્કૃતિક સંકુલમાં પાશ્ચાત્ય અને વિકસિત સમાજોના નગરો કરતાં જીવનશૈલી અને સામાજિક સંગઠનોની તરાહમાં ભિન્ન પડે છે. વળી, આ મહાનગરોમાં દેશના ખૂણેખૂણેથી આવેલાં લોકો પોતપોતાની પ્રાદેશિક અને સાંસ્કૃતિક ભિન્નતા સાચવી રાખીને વસવાટ કરતા હોઈ નાના નગરો અને કસ્બાઓની જેમ તે અરસપરસના પૃષ્ઠપ્રદેશના પ્રતિક સમાં રહેતાં નથી.

આ મહાનગરોની ભીમકાય વસ્તી અંગે ઉપર વાત કરી જ છે. પરંતુ એક અન્ય નોંધવા પાત્ર હકીકત એ છે કે આ નગરોનું ઉત્તરોત્તર વણથંભી ગતિએ વિકાસ થતો હોવાથી તેમનો વહીવટી અને ભૌગોલિક વિસ્તાર વધતો રહે છે, અને અરસપરસ આવેલા ગામડાઓને પણ સમય વહેવા સાથે આ નગરો પોતાનામાં પચાવી લે છે. મહાનગરોની જેમ મોટા નગરોને પણ આ હકીકત મહદ્ અંશે લાગુ થાય છે. એવા વિસ્તરણને લીધે 'મહાનગરીય વિસ્તાર' અસ્તિત્વમાં આવે છે.

ભારતના જુદા જુદા નગરોમાં સામાજિક જીવન અને વ્યાપ વિશેનો ઉપરોક્ત સંક્ષિપ્ત પરિચય એક વાતને ચોક્કસ પ્રસ્તુત કરે છે કે માત્ર 'અર્બન' શબ્દ જુદા જુદા નગરોની જીવનરેખા અને નગરીય તત્ત્વોના પ્રસારણની ક્ષમતા પ્રકાશમાં લાવી શકતો નથી. સાંપ્રત ભારત અને વિશ્વના અન્ય દેશોની સામાજિક વાસ્તવિકતાઓને અસર પાડતા નગરીય પર્યાવરણની આ એક વિભાવનાના ઉપયોગથી સાચી સમજ મળી શકતી નથી, કારણ કે તેના લીધે નગરોનગરો વચ્ચેની વિભિન્નતાઓને પ્રકાશમાં લાવી શકાતી નથી. બીજું વસ્તી ગણતરીના અહેવાલોને આધારે ઉપલબ્ધ વર્ગીકરણ એક માત્ર વસ્તીના કદ ઉપર આધારિત હોવાથી નગરજીવનની પદ્ધતિસરની સમજ આપવામાં મર્યાદિત અર્થમાં જ ઉપયોગી રહી જાય છે. તેથી ઉપરોક્ત પ્રસ્તાવિક વર્ગીકરણ ઊંડા અને પદ્ધતિસરના સંશોધનો માટે નગરોની

અર્થસભર શ્રેણીઓ પ્રસ્તુત કરે છે. ખાસ કરીને નગર સમુદાયોના શોધકર્તાઓ આ જુદા જુદા નગરોના વસ્તીવિષયક બંધારણ અને સામાજિક માળખાના ઘટકોનું તુલનાત્મક અભ્યાસ હાથ ધરે તો નગરોની આધારભૂત સમાનતાઓ ઉપરાંત નગર-નગર વચ્ચેનો ભેદ પસંદ કરાયેલા પરિવર્ત્યોના સંદર્ભમાં પ્રકાશમાં લાવી શકે છે. બીજું, જુદી જુદી શ્રેણીના નગરોમાં નગરીકરણની પ્રક્રિયાના સ્વરૂપ અને સામાજિક પ્રવાહો ઉપર તેની અસર પાડવાની ક્ષમતાની દિશા દર્શાવી શકે છે, તદઉપરાંત પૃષ્ઠપ્રદેશ સંદર્ભમાં જે તે શ્રેણીના નગરની ભૂમિકાને સ્પર્શતા તથ્યો બહાર લાવી શકે છે. વળી, જે તે નગરના વિકાસની ઐતિહાસિક પૃષ્ઠભૂમિની સમજ મેળવી બદલાયેલી પરિસ્થિતિઓ હેઠલ સર્જાયેલા વિવિધ શહેરી પ્રશ્નોની વધુ અર્થસભર અને ઊંડી સમજ આપી શકે છે.

## નગરોનું કાર્યોને આધારે વર્ગીકરણ :

નગર સમુદાયના ભિન્ન ભિન્ન પ્રકારો નગરનાં કાર્યો ઉપર પણ આધાર રાખે છે. ગ્રામ સમુદાયોની તુલનામાં નગર સમુદાયોમાં કાર્યોનું વિશેષીકરણ વિશેષ રૂપથી જોવા મળે છે. હકીકતમાં કેટલાંક નગરો તો જે તે વિશિષ્ટ કાર્યના સંદર્ભમાં ખાસ અગત્ય ધરાવતા હોય છે. નગરનાં કાર્યો અને તેના કદ વચ્ચે ઘણો સંબંધ હોય છે. જેમ નગર મોટું તેમ ત્યાં વિવિધ અને વિશિષ્ટ કાર્યો માટેનું યોગ્ય વાતાવરણ મળી આવે છે. ઘણી વખતે નગરનાં કાર્યો તેના કદને પણ અસર કરે છે. દા.ત. ઔદ્યોગિક નગરનું કદ તેમાં આવેલાં કારખાનાંઓ અને ત્યાં કામ કરતા મજૂરોની સંખ્યા ઉપર આધારિત હોય છે. તેમજ એક શૈક્ષણિક નગરનું કદ ત્યાં આવેલી શૈક્ષણિક સંસ્થાઓ અને તેમાં ભણતા વિદ્યાર્થીઓ તેમજ શિક્ષણ સાથે સંકળાયેલી અન્ય સેવાઓ આપતા લોકોની સંખ્યા ઉપર આધાર રાખે છે. વળી જે તે નગર કોઈ પણ વિશિષ્ટ કામમાં જેટલી નામના મેળવે છે, તેની ઉપર પણ તેના કદનો આધાર રહેલો હોય છે. સાથે સાથે નવાં કાર્યો અખત્યાર કરવાથી પણ તેનું કદ મોટું થાય છે.

ભારતનાં નગરોના મુખ્ય કાર્યને ધ્યાનમાં રાખી લલિતપ્રસાદ વિદ્યાર્થીએ ભારતનાં નગરોનું નીચે મુજબના બાર વિભાગોમાં વર્ગીકરણ કર્યું છે :

| | | | |
|---|---|---|---|
| 1. | ધાર્મિક નગર | - | દા.ત. દ્વારકા, ડાકોર, કાશી, ગયા, મથુરા, રામેશ્વર વગેરે. |
| 2. | રાજનૈતિક અથવા વહીવટી નગર | - | ચંડીગઢ, દિલ્હી, પટણા, ગાંધીનગર વગેરે. |
| 3. | વ્યાવસાયિક નગર | - | ભાગલપુર, મોરાદાબાદ વગેરે. |
| 4. | ઔદ્યોગિક નગર | - | ટાટાનગર, અતુલ વગેરે. |
| 5. | ખાણ સંબંધી નગર | - | ધનબાદ, શિવરાજપુર વગેરે. |
| 6. | હવા ખાવાનું નગર | - | મહાબળેશ્વર, ચોરવાડ, આબુ વગેરે. |
| 7. | શિક્ષણ નગર | - | વલ્લભવિદ્યાનગર, અલીગઢ |
| 8. | બંદર નગર | - | કંડલા, ઓખા, કોચીન |
| 9. | રેલવે મથક | - | મોગલસરાય, રતલામ, વિરમગામ |
| 10. | લશ્કરી છાવણીનું મથક | - | મહુ, દેવલાલી |
| 11. | પુનઃવસવાટને માટે ઊભું થયેલું નગર | - | નીલોખેરી, ઉલ્લાસનગર, ફરીદાબાદ વગેરે. |
| 12. | અનેક પ્રયોજનાર્થી નગર | - | મુંબઈ, કલકત્તા વગેરે. |

સામાન્ય રીતે આજના સમયમાં નગરોના કોઈ એક જ પ્રકારનાં કાર્યો રહ્યાં નથી. છતાં જે તે નગર તેનાં કોઈક વિશિષ્ટ કાર્યોને કારણે પ્રતિષ્ઠા કે નામના પ્રાપ્ત કરે છે. આ અર્થમાં ભારતનાં નગરોનું ઉપરોક્ત વર્ગીકરણ પારસ્પરિક ભિન્નતા સમજાવવામાં મદદરૂપ થઈ રહે છે. જોકે આજે નગરના મુખ્ય કાર્યની સાથે સાથે બીજાં કાર્યો પણ દિવસે દિવસે વધતાં જાય છે. તેથી નગર વધુ ને વધુ જટિલ બનતું જાય છે.

નગરનાં કાર્યોને ધ્યાનમાં રાખી મેકેન્ઝી (Mckenzie) એ પણ નગરોનું વર્ગીકરણ આપ્યું છે. તેમનું આ વર્ગીકરણ પરિસ્થિતિકીય દૃષ્ટિથી સામાન્ય પ્રકારનું છે. તેઓ નીચે મુજબની ચાર શ્રેણીઓમાં સર્વ સમુદાયોને વર્ગીકૃત કરે છે :

1) પ્રાથમિક સેવા સમુદાય (The primary service community)

2) વ્યાપારિક સમુદાય (The commercial community)

3) ઔદ્યોગિક સમુદાય (The industrial community)

4) મનોરંજન, રાજકીય અને શૈક્ષણિક અગત્યનાં સ્થળો તેમજ લશ્કરી છાવણી, ન્યાયાલય કેન્દ્રો અને ધાર્મિક સંસ્થાનાં કેન્દ્રો.

મેકેન્ઝીના પ્રસ્તુત વર્ગીકરણમાં એક સીધીસાદી વાત એ પણ જોવા મળે છે કે આ પ્રકારની આર્થિક ક્રિયાઓમાં રોકાયેલા લોકો સામાન્ય રીતે એક જ વિસ્તાર અથવા તો સ્થળ ઉપર રહેવાનું વધુ પસંદ કરે છે. તેથી નગરોમાં કાર્યોને ક્ષેત્રે વિશેષીકરણની પ્રક્રિયાને પ્રોત્સાહન મળે છે. મેકેન્ઝીના આ વર્ગીકરણનો ઘણા વિદ્વાનોએ સ્વીકાર કર્યો છે. અને તેમાં યથાયોગ્ય સુધારાવધારા કરી નગરોના પ્રકારો સમજાવવામાં પોતાનો ફાળો આપ્યો છે.

બર્ગેલ (Burgel) પોતાના પુસ્તક 'અર્બન સોશ્યોલૉજી'માં સંખ્યાત્મક ને ગુણાત્મક પરિમાણના આધાર લઈ નગરોની જે 7 મુખ્ય શ્રેણીઓ અને પેટાશ્રેણીઓ આપી છે તેના સંદર્ભમાં ભારતના નગરોનું કાર્યાત્મક વિશ્લેષણ નીચે મુજબ આપી શકાય.

**1. આર્થિક કેન્દ્રો :**

**અ) કુદરતી સાધનોના શોષણ વડે ઉત્પાદનમાં પ્રાથમિક કેન્દ્રો :**

1. મત્સ્યઉદ્યોગનાં નગરો (કટક, મછલીપટ્ટમ, મેંગ્લુર, કોચીન)
2. ખાણોનાં નગરો (બોકારો, જમશેદપુર, ધનબાદ)
3. કુદરતી તેલનાં નગરો (અંકલેશ્વર, નાગાંવ)

**બ) ઉત્પાદનનાં કેન્દ્રો :**

1. મોટા પાયા પરના ઉદ્યોગોનાં નગરો (કલકત્તા, કાનપુર, મુંબઈ)
2. મધ્યમ કદના ઉદ્યોગોના નગરો (સુરત, વડોદરા, નડિયાદ, કોટા)
3. નાના પાયા પરના ઉદ્યોગોના નગરો (ભીવંડી, નવસારી, મુરાદાબાદ, ફરીદાબાદ)

**ક) વેપારનાં કેન્દ્રો :**

1. આંતરરાષ્ટ્રીય અથવા વિશ્વવેપારનાં નગરો (દિલ્હી, મુંબઈ, કલકત્તા)
2. રાષ્ટ્રીય વેપારનાં નગરો (અમદાવાદ, સુરત, રાજકોટ, કાનપુર)
3. સ્થાનિક વેપાર નગરો (મોરબી, નડિયાદ, આણંદ, મહેસાણા)

**ડ) પરિવહનનાં નગરો :**

1. બંદર નગરો (વિ. ખાપટ્ટમ, ઓખા, મુંબઈ, વેરાવળ, પોરબંદર)
2. અન્તર્દેશીય પરિવહનનાં નગરો (વિરમગામ, ભુસાવળ, ઉદેપુર, અમદાવાદ)

**ઇ) આર્થિક સેવાઓનાં કેન્દ્રો :**

1. અર્થ-સંબંધી સેવાઓ (મુંબઈ, કલકત્તા)
2. વીમા વગેરેની સેવાઓ (મુંબઈ, દિલ્હી)
3. અન્ય વિવિધ સેવાઓ જેવી કે બજાર સંશોધન, જાહેરાત, હિસાબી, ગોદામો, વિતરણ વિ. (મુંબઈ, કલકત્તા, દિલ્હી)

**2. રાજકીય કેન્દ્રો :**

**અ) નાગરિક રાજકીય કેન્દ્રો :**

1. વિશ્વ કેન્દ્રો (દિલ્હી)
2. રાષ્ટ્રીય રાજકીય કેન્દ્રો (જયપુર, અમદાવાદ, પટણા, ચંદીગઢ, કલકત્તા, મદ્રાસ, પુના વિ.)
3. પ્રાદેશિક રાજકીય કેન્દ્રો (સુરત, રાજકોટ, નાગપુર, ઔરંગાબાદ)
4. સ્થાનિક પ્રશાસનિક કેન્દ્રો (રાજ્યોનાં પાટનગરો દા.ત. ગાંધીનગર, ચંદીગઢ, ભોપાલ, લખનૌ)

**બ) લશ્કરી કેન્દ્રો :**

1. કિલ્લાના નગરો (ચિતોડગઢ, કુમ્ભલગઢ)

2. લશ્કરી છાવણીઓ અને તાલીમનાં કેન્દ્રો (જામનગર, પૂના, આગ્રા, નશીરાબાદ, જોધપુર)

3. **સાંસ્કૃતિક કેન્દ્રો :**

અ) **ધાર્મિક કેન્દ્રો :**

1. ધાર્મિક સંરક્ષણનાં કેન્દ્રો (દાઉદી વહોરાઓના ધાર્મિક કેન્દ્ર તરીકે સુરત)
2. યાત્રાધામો (દ્વારિકા, વારાણસી, ઋષિકેશ, રામેશ્વર, મથુરા, શ્રીનાથજી)
3. યાદગાર નગરો (અજમેર, નાસિક, આગ્રા)

બ) **બિનધાર્મિક - સાંસ્કૃતિક કેન્દ્રો :**

1. ઉચ્ચ શિક્ષણ અને સંશોધનનાં નગરો (દિલ્હી, હૈદરાબાદ, મુંબઈ)
2. સાંસ્કૃતિક બાબતોને લગતા ઉત્પાદનનાં આર્થિક કેન્દ્રો કે જ્યાં પ્રકાશનો અને રેડિયો, ટેલિવિઝન, ફિલ્મો તથા જાહેર સંસ્થાનાં વિવિધ સાધનોનું નિર્માણ થાય છે. (મુંબઈ, મદ્રાસ, બેંગ્લોર, દિલ્હી)
3. સંગ્રહાલયનાં નગરો (હૈદરાબાદ, વડોદરા, જયપુર, દિલ્હી)
4. દેવીદેવતાઓનાં નામે જાણીતાં થયેલાં નગરો (અંબાજી, શ્રીનાથજી, તિરુપતિ)

4. **મનોરંજનનાં કેન્દ્રો :**

અ. તબીબી વિષયક સારવારનાં સ્થળો (દિલ્હી, ચંદીગઢ, મુંબઈ, સીતાપુર)

બ. રજાઓ ગાળવાનાં સ્થળો (મૈસૂર, દાર્જિલિંગ, નૈનિતાલ, માઉન્ટ આબુ વિ.)

5. **વસવાટનાં નગરો :**

અ. ઉપનગરો (મહાનગરોની આસપાસ આવેલાં પરાં વિસ્તારો)

બ. નિવૃત્તિકાળ ગાળવાનાં નગરો (ઋષિકેશ, પૂના, બેંગ્લોર)

6. **પ્રતીકાત્મક નગરો :**

અ. આ શ્રેણીમાં આવતાં નગરોની ઉપશ્રેણીઓ હોતી નથી અને તેમાં એકબીજાથી ભિન્ન પડતાં અનેક નગરો આવે છે. પરંતુ આ શ્રેણીમાં આવતાં તમામ નગરો કોઈક વિચારના પ્રતીકરૂપ હોય છે.

7. **વિવિધતા ધરાવતાં નગરો :**

આ શ્રેણીમાં એવાં બાકી રહી ગયેલાં નગરો આવે છે કે જ્યાં અનેક પ્રકારનાં કાર્યો થતાં હોય છે, પણ કોઈ ખાસ વિશેષીકરણ હોતું નથી. દા.ત., હાથરસ, ભાવનગર, સુરેન્દ્રનગર, ઈંદોર, નવસારી વગેરે.

પ્રસ્તુત વર્ગીકરણની નોંધપાત્ર બાબત એ છે કે તેની મદદ વડે નગરસમાજનાં કાર્યો અને તેની સંરચના વચ્ચેના સંબંધો દર્શાવી શકાય છે, અને જે તે નગરનાં વિશિષ્ટ કાર્યોને કારણે સર્જાતી સ્થાનિક પરિસ્થિતિઓની લોકોનાં વલણો ઉપર પડતી અસરો સમજવામાં ઉપયોગી થઈ રહે છે.

## નગરોનું વહીવટીતંત્રના આધારે વર્ગીકરણ :

વિકાસશીલ સમાજોમાં રાજકીય સત્તા અને પ્રશાસનનાં કેન્દ્રો તરીકે નગરો પ્રાચીન સમયથી જ આગવું સ્થાન ધરાવે છે. આ સમાજોમાં નગરોના ઇતિહાસ રાજકીય પ્રવાહો અને સત્તાનાં પલટાનાં સમીકરણો સમજવામાં ખૂબ જ મદદરૂપ થઈ પડે છે. વહિવટી વર્ચસ્વ અને પ્રશાસનિક દરજ્જાની દૃષ્ટિથી નગરોનું વર્ગીકરણ નીચે મુજબ કરી શકાય છે.

1. કેન્દ્રીય પાટનગર
2. રાજ્યોનાં પાટનગર
3. જિલ્લા મથક
4. તાલુકા મથક

**1. કેન્દ્રીય પાટનગર :**

પાટનગર નગર જે તે રાષ્ટ્રની આંતરિક, રાજકીય અને વહીવટી બાબતોમાં કેન્દ્રીય સ્થાન ધરાવે છે. તેના વિશ્વનાં અન્ય રાષ્ટ્રો સાથેના પણ સીધા સંબંધો હોય છે. ભારતમાં દિલ્હીની ગણના આ શ્રેણીના નગરમાં આવે છે. રાષ્ટ્રીય પાટનગરમાં કેન્દ્રીય સચિવાલય અને અન્ય વહીવટી ખાતાંઓની મુખ્ય કચેરી આવેલી હોય છે. પરદેશી એલચી કચેરીઓ અને અન્ય કચેરીઓ પણ મોટે ભાગે જે તે રાષ્ટ્રના પાટનગરમાં જ હોય છે. એવાં નગરોની વસ્તીમાં કર્મચારીઓ અને અમલદારોનું સારું એવું પ્રમાણ હોય છે. તેથી મોટે ભાગે એવાં નગરોમાં મધ્યમ વર્ગના લોકોનું પ્રાધાન્ય જોવા મળે છે. આ નગરો યાતાયાત અને સંદેશાવાહનના સાધનો વડે પરદેશો સાથેના સતત સંપર્કમાં રહે છે.

**2. રાજ્યોનાં પાટનગર :**

રાજ્યોનાં પાટનગરો જે તે રાજ્યની રાજકીય અને વહીવટી ક્રિયાઓનાં કેન્દ્રો હોય છે. રાજ્યસ્તરનાં સરકારી દફતરો અને સચિવાલય વગેરે રાજ્યના પાટનગરમાં આવેલા હોય છે. તેનો રાષ્ટ્રના ટનગર સાથેનો સીધો સંબંધ હોય છે. હકીકતમાં કેન્દ્ર અને રાજ્ય વચ્ચેની કડીરૂપે જે તે રાજ્યનું ટનગર રાષ્ટ્રીય નીતિઓ અને નિર્ણયોનું અસરકારક અમલીકરણ થાય તે માટે પ્રત્યક્ષ રીતે ાબદાર હોય છે. સ્થાનિક પ્રજાના આર્થિક, રાજકીય અને બીજા સર્વ પ્રકારનાં હિતોનું યોગ્ય રીતે પણ થાય તેની જવાબદારી રાજ્યના પાટનગર ઉપર રહે છે. ગાંધીનગર, જયપુર, ભોપાલ, ્નૌ, ચંદીગઢ, મુંબઈ, મદ્રાસ, બેંગ્લોર, ત્રિવેન્દ્રમ વગેરે નગરો આ શ્રેણીમાં આવે છે.

**જિલ્લા મથક :**

ાન ભારતના કુલ 543 અને ગુજરાતના 25 જિલ્લાઓ છે. વહીવટી હેતુઓને અસરકારક પૂરા પાડી શકાય તે આશયથી રાજ્ય આ રીતે જિલ્લાઓમાં વિભાજિત હોય છે. એવા જિલ્લાઓ રાજ્યના અંતર્ગત ભાગ જ હોય છે. રાજકીય બાબતો તથા વહીવટી નિર્ણયો વગેરેમાં તે ા સરકારને આધીન રહે છે. દરેક જિલ્લાનું એક મુખ્યમથક હોય છે અને તે ડિસ્ટ્રિક્ટ હેડક્વાર્ટર ા તો જિલ્લા મથક તરીકે ઓળખાય છે. ત્યાં જ જિલ્લા સ્તરનાં દફતરો અને અન્ય સંસ્થાઓ લાં હોય છે. જિલ્લા મથક જે તે જિલ્લાના વહીવટી ક્ષેત્રમાં આવતા સમુદાયો અને રાજ્યના મથક વચ્ચે કડીનું કામ કરે છે. અમદાવાદ, વડોદરા, ભરૂચ, સુરત, વલસાડ, ગોધરા, રાજકોટ, ાનગર વગેરે જિલ્લા મથક તરીકે જાણીતા છે.

**ા મથક :**

ેટલાક તાલુકાઓમાં વહેંચાયેલો હોય છે. ગામ અને જિલ્લા મથકવચ્ચેની કડી તે રીતે તાલુકા મથક જે તે ગ્રામીણ અથવા આદિવાસી વિસ્તારમાં આવેલ ા છે. ગુજરાતમાં કુલ 183 તાલુકામથકો છે.

ા પ્રશાસનિક દફતરોનું કેન્દ્ર હોય છે. તેમની મારફતે જિલ્લા તથા રાજ્ય ના અમલ થાય છે. એવાં મથકો જે તે તાલુકામાં માત્ર પ્રશાસનિક અગત્ય જ ના વેપારિક અને શૈક્ષણિક વગેરે બાબતોમાં પણ આગવું સ્થાન ધરાવે છે.

ક કેન્દ્રો તરીકે જાણીતાં નગરોમાં શ્વેત ધંધાઓ (White collar Jobs) કરતા લોકોનું સારું નુ પ્રમાણ હોય છે. તેમાં પણ ખાસ કરીને કારકુનો અને કર્મચારીઓનું પ્રમાણ અન્ય નગરો કરતાં વધારે હોય છે. સામાન્ય રીતે એવાં નગરોમાં શારીરિક શ્રમ કરતા મજૂરોનું પ્રમાણ ઘણું ઓછું જોવા મળે છે. એવાં નગરોમાં સરેરાશ શિક્ષણનું સ્તર ધંધાકીય સ્તરોને બંધબેસતું હોય છે.

## ઔદ્યોગિક વિકાસને આધારે નગરોનું વર્ગીકરણ :

નગર સમુદાયોનાં ઉપરોક્ત કેટલીક વર્ગીકરણો ઉપરાંત આર્થિક ઉત્પાદનના આધુનિક ઔદ્યોગિક તબક્કાના સંદર્ભમાં સમાજશાસ્ત્રીઓ નિમ્ન નગરોનું બે શ્રેણીઓમાં વર્ગીકરણ કરે છે.

1) પૂર્વ-ઔદ્યોગિક નગર (The Pre-industrial city)

2) ઔદ્યોગિક નગર (Industrial city)

નગરોનું આ વર્ગીકરણ નગર ઉત્ક્રાંતિના ઐતિહાસિક અને આધુનિક તબક્કા સમજવામાં મદદરૂપ થાય છે. પૂર્વ-ઔદ્યોગિક નગર આર્થિક વિકાસના તે તબક્કા સાથે સંકળાયેલ હોય છે કે જેમાં ખેતીવાડી અને વેપારિક બાબતોનું પ્રાધાન્ય હોવાથી નગરોનું તેમના અરસપરસના ગ્રામ્ય પૃષ્ઠપ્રદેશ

ઉપર સીધું અવલંબન હોય છે. તેથી તેના સામાજિક-આર્થિક માળખાઓનું એક વિશિષ્ટ સ્વરૂપ દેખાઈ આવે છે. ઔદ્યોગિક નગર સમાજની આધુનિક ઔદ્યોગીકરણની પ્રક્રિયા સાથે સંકળાયેલું છે. એવાં નગરોમાં યાંત્રિક સાધનોથી આર્થિક ઉત્પાદન થતું હોવાથી નગરનું પોતાના પૃષ્ઠપ્રદેશ ઉપર જ અવલંબન હોતું નથી, પણ દૂર દૂરના પ્રદેશો સાથે પણ તે આંતરગત રીતે સંકળાયેલું હોય છે નગરોનું પૂર્વઔદ્યોગિક અથવા ઔદ્યોગિક સ્વરૂપ જે તે સમાજના વિકાસની પ્રક્રિયાના તબક સાથે સંકળાયેલું હોય છે. આથી ગિડિયન સ્જોબર્ગ (Gideon Sjoberg) નગરના પૂર્વ-ઔદ્યોગિ અથવા તો ઔદ્યોગિક સ્વરૂપને જે તે સમાજની એક પેટાતંત્રપ્રથા તરીકે દર્શાવે છે. પૂર્વ ઔદ્યોગિ નગરો જમીનદારી સમાજવ્યવસ્થાનાં પ્રતીક છે. તો ઔદ્યોગિક નગરો એ આધુનિક ઔદ્યો સમાજવ્યવસ્થાનાં અંગ છે. આથી પૂર્વઔદ્યોગિક નગર કે ઔદ્યોગિક નગરને તેની સમાજવ્યવસ્થાના સંદર્ભમાં વધુ અર્થપૂર્ણ રીતે સમજાવી શકાય છે. આ બંને પ્રકારનાં ન લાક્ષણિકતાઓ સવિસ્તાર વર્ણવીશું.

## પૂર્વ-ઔદ્યોગિક નગર (The Pre-industrial City) :

આધુનિક સમયમાં પાશ્ચાત્ય મુડીવાદ આધારિત ઔદ્યોગિકરણને લિધે સમાજવિજ્ઞાનીઓ સમાજોના નગરોના અભ્યાસમાં ખાસ રસ ધરાવતા થયા છે. લેટિન અમેરિકા-આફ્રિકા અને સમાજોમાં જોવા મળતાં નગરોની વધતી જતી સમજૂતીથી સૌ કોઈ એવું સ્વીકારતા થ સમાજોનાં નગરો એ સંયુક્ત અમેરિકા કે યુરોપનાં અતિ-ઔદ્યોગિક સમાજોનાં નગરો જેવા ... પણ મધ્ય યુગના યુરોપમાં જોવા મળતાં નગરો સાતે મળતાં આવે છે. જ્યોર્જ ફોસ્ટર (George Foster). ગિડિયન સ્જોબર્ગ (Gideon Sjoberg) અને બીજા કેટલાક વિદ્વાનો એવાં નગરોને પૂર્વ-ઔદ્યોગિક નગરો તરીકે ઓળખાવે છે, કારણ કે આ નગરો આધુનિક ઔદ્યોગિક ક્રાંતિના પ્રતાપે ઉદ્ભવ્યાં હોતાં નથી. ગિડિયન સ્જોબર્ગ (Gideon Sjoberg) પૂર્વ-ઔદ્યોગિક નગરના સામાજિક માળખાની લાક્ષણિકતાઓ નીચે મુજબ સમજાવે છે.

### 1. પરિસ્થિતિકીય સંગઠન :

પૂર્વ-ઔદ્યોગિક નગરો બિન-ઔદ્યોગિક વિસ્તૃત સમાજવ્યવસ્થાના સામાજિક-આર્થિક માળખાનાં અંગ હોવાથી ત્યાં કુલ સમાજની ગ્રામીણ અને કૃષક વસ્તીના પ્રમાણમાં ઘણા ઓછા લોકો રહે છે. એવા સમાજોમાં પરંપરાગત રીતે ખેતીવાડી થતી હોવાથી અને અવરજવરનાં સાધનોના અભાવને કારણે નાગરી વસ્તીના નિભાવ અર્થે ગ્રામીણ જરૂરિયાતો બાદ કરતાં પૂરતો પાક પ્રાપ્ત કરી શકાતો નથી. તેથી મોટે ભાગે પૂર્વ-ઔદ્યોગિક નગરોનું કદ તુલનાત્મક રીતે નાનું હોય છે.

નગરની આંતરિક બાંધણી નગરના આર્થિક અને સામાજિક માળખા સાથે સંકળાયેલી હોય છે. શેરીઓ તે લોકો અને પાળેલાં પશુઓની અવરજવર માટેના રસ્તાઓ જ હોય છે. એટલે કે ત્યાં વેપારિક ક્રિયાઓ થતી નથી. મકાનો નાના અને ગીચ રીતે બંધાયેલાં હોય છે. ગટર અને ખાળ-જાજરૂની યોગ્ય વ્યવસ્થાના અભાવમાં જાહેર સ્વાસ્થ્યના પ્રશ્નો ઊભા થાય છે. પૂર્વ-ઔદ્યોગિક નગરની બાંધણીમાં સામાજિક રીતે ધર્મ, જ્ઞાતિ, પ્રજાતિ વગેરેને આધારે જુદા જુદા વાસ (રહેઠાણ વિસ્તારો) વિકસી આવે છે. અમદાવાદની પોળો આ જ રીતે તેના પૂર્વ-ઔદ્યોગિક યુગમાં વિકસી છે. તે ઉપરાંત ભારતનાં બીજાં નગરોમાં પણ જ્ઞાતિ, પેટાજ્ઞાતિ અને ધર્મ વગેરેને આધારે જુદા જુદા વાસ તથા મહોલ્લા દેખાઈ આવે છે. ઘણી વખતે ધંધાકીય જૂથોને આધારે પણ એવા મહોલ્લા અને શેરીઓ વિકસી આવે છે. વસ્તીના વિસ્તરણ ક્ષેત્રે જોઈએ તો શ્રીમંત અને ઊંચો દરજ્જો ધરાવતા લોકો નગરના મધ્યભાગમાં વસે છે. અને નિમ્ન સામાજિક દરજ્જાના લોકો નગરની છેવાડે વસે છે. એવાં નગરોમાં પડોશી પ્રાથમિક જૂથ તરીકે કામ કરતા હોય છે.

### 2. આર્થિક સંગઠન :

પૂર્વ-ઔદ્યોગિક નગરની આર્થિક ઉત્પાદનની પ્રક્રિયામાં માનવ અને પશુ શ્રમનું કેન્દ્રીય સ્થાન હોય છે. પૂર્વ-ઔદ્યોગિક નગરોમાં વરાળ, વિદ્યુત કે શક્તિના અન્ય નિર્જીવ સ્રોતો ઉપર આધાર રખાતો નથી. આથી ત્યાં મશીનો અને યંત્રોથી નહીં પણ ઓજારો અને સાધનોના વપરાશ વડે આર્થિક ઉત્પાદન થતું હોય છે.

પૂર્વ-ઔદ્યોગિક નગરની અર્થવ્યવસ્થામા ઉત્પાદનના ક્ષેત્રે માનવીય શ્રમનું મહત્ત્વ તો હોય જ છે. છતાં શ્રમવિભાજન અને શ્રમનું વિશેષીકરણ તેના તીવ્ર સ્વરૂપમાં હોતું નથી. હુન્નરઉદ્યોગ કરતા કારીગરો જે તે વસ્તુના ઉત્પાદનની દરેક પ્રક્રિયા સાથે સંકળાયેલા રહે છે. તેઓ મહાજન અથવા

તો ગિલ્ડના સીધા નિયંત્રણ હેઠળ હોય છે. ગિડિયન સ્જોબર્ગ પૂર્વ-ઔદ્યોગિક નગરોમાં ધંધાકીય મહાજનો અથવા તો ગિલ્ડ (Guild) ના નીચે મુજબના કાર્યોની ચર્ચા કરે છે.

1) ધંધાકીય મહાજન અથવા ગિલ્ડ જે તે આર્થિક ક્રિયા ઉપર પોતાનો ઇજારો પ્રાપ્ત કરી તેને ટકાવી રાખવા માટેના નિયમો બનાવે છે. તથા સભ્યો તે નિયમોનું પાલન કરે તેની તકેદારી રાખે છે.

2) પૂર્વ-ઔદ્યોગિક નગરોમાં સામાન્ય રીતે કોઈ પણ ધંધામાં દાખલ થવા માટે ગિલ્ડ અથવા મહાજનનું સભ્ય થવું એક પૂર્વશરત હોય છે. એવું સભ્યપદ પ્રાપ્ત કરવા માટેની લાયકાતમાં સગપણ ખૂબ અગત્યનું સ્થાન ધરાવે છે. દા.ત., પિતા જે ધંધાકીય મહાજનનો સભ્ય હોય તો તેના પુત્રને મહાજનનું સભ્યપદ સહેલાઈથી મળી જાય છે. આ અર્થમાં કોઈ પણ ધંધામાં પ્રવેશવું વ્યક્તિની લાયકાત ઉપર નિર્ભર રહેતું નથી પણ વ્યક્તિ કોણ છે તેના ઉપર આધાર રાખે છે.

3) મહાજન અથવા ગિલ્ડનું ત્રીજું કાર્ય વ્યક્તિને જે તે ધંધાની તાલીમ આપવાનું હોય છે. પ્રારંભમાં મહાજન તાલીમાર્થી તરીકે જે તે ધંધાની આંટીઘૂંટી શિખવાડે છે. અને ધીમે ધીમે વ્યક્તિ તેમાં પારંગત થતી જાય છે ને છેવટે ઉચ્ચ સ્થાને આવે છે.

4) પોતાના સભ્યોનું ધંધાકીય બાબતમાં નિયંત્રણ કરવું એ પૂર્વ-ઔદ્યોગિક નગરોનાં મહાજનો કે ગિલ્ડનું ચોથું મહત્ત્વનું કામ હોય છે. વળી, સભ્યોમાં અંદરોઅંદરની હરીફાઈ ન થાય તે પણ મહાજન જુએ છે.

5) પોતાના સભ્યોના સ્વાર્થોને નુક્સાન પહોંચાડે એવા વધારે પડતા કડક કાયદાઓનો વિરોધ કરવો તેમજ કર અને જકાત વગેરેના વધારે પડતા ભારને ઓછો કરવા માટેના પ્રયત્નો કરવા મહાજનની જવાબદારી હોય છે.

6) ગિલ્ડ અથવા મહાજન સભ્યોને તેમના ધંધામાં મદદરૂપ થઈ શકે એવી નાણાકીય અથવા તો પારસ્પરિક મદદ માટેની વ્યવસ્થા ઊભી કરે છે.

7) મહાજનોનું સાતમું કાર્ય પોતાના સભ્યોના લાભાર્થે બિનધંધાકીય વ્યવસ્થાઓ ઊભી કરવા અંગે છે. દા.ત., બીજાં નગરોમાં પોતાની વાડીઓ અગર તો હોલ બંધાવીને પોતાના સભ્યોને ત્યાં રહેવા માટેની ઉત્તમ સગવડ કરી આપવી. એવાં ભવનો ખાસ કરીને તે મહાજનો દ્વારા બાંધવામાં આવતાં હોય છે કે જેના સભ્યો ધંધાકીય રીતે બીજાં નગરો સાથે સંકળાયેલા હોય છે. આ ઉપરાંત મહાજન તેના સભ્યોને આર્થિક કટોકટી સમયે જરૂરી નાણાકીય મદદ કરવાનું કામ પણ કરે છે. પોતાના સભ્યોનાં કુટુંબોના લાભાર્થે પણ જુદી જુદી સામાજિક સેવાઓ અને મનોરંજનના કાર્યક્રમો પૂરા પાડે છે.

8) પૂર્વ-ઔદ્યોગિક નગરોનાં મહાજનો કેટલાક અગત્યના ઉત્સવો અને તહેવારો ઊજવવાનું કામ પણ કરે છે. મહાજનોનું પોતાની માલિકીનું ધાર્મિક સ્થળ પણ હોય છે. કે જ્યાં વખતોવખત મહાજનોના આશ્રયે ધાર્મિક ઉત્સવો અને સાંસ્કૃતિક કાર્યક્રમો થતા હોય છે. ધાર્મિક મહત્ત્વના દિવસે દેવતાની પૂજા પણ થાય છે. આવી સામાજિક સાંસ્કૃતિક ક્રિયાઓને કારણે મહાજનો (Guild) ના સભ્યો સામૂહિક આનંદ માણે છે અને તેમનામાં સામુદાયિક ભાવના પ્રબળ થાય છે.

આમ, પૂર્વ-ઔદ્યોગિક નગરોમાં મહાજનોનાં ઉપરોક્ત કેટલાંક કાર્યો આધુનિક ઔદ્યોગિક નગરોમાં મજૂર મહાજનો, વ્યાવસાયિક સંગઠનો અને વેપાર મંડળો વગેરે દ્વારા કરવામાં આવતાં કાર્યો સાથે સામ્ય ધરાવે છે. તેમ છતાં પૂર્વ-ઔદ્યોગિક નગરોનાં મહાજનોનું સભ્યપદ, સગપણ અને વંશપરંપરાગતતા વગેરે જેવી બાબતો સાથે સંકળાયેલું હોય છે. જ્યારે કે આધુનિક ઔદ્યોગિક નગરોમાં જોવા મળતાં મહાજનોનું સગપણ જેવી બાબતો સાથે સંબંધ હોતો નથી. વળી, પૂર્વ-ઔદ્યોગિક નગરોનાં મહાજનો મોટે ભાગે સ્થાનિક જ હોય છે. જ્યારે કે આધુનિક ઔદ્યોગિક નગરોનાં મહાજનો અને ધંધાકીય મંડળો બાહ્ય સંગઠનો, કે જે અન્ય નગરોમાં હોય છે, સાથે પણ સંકળાયેલાં હોય છે.

પૂર્વ-ઔદ્યોગિક નગરોની અર્થવ્યવસ્થાને લગતી એક બીજી વિશેષતા આર્થિક વ્યવહારમાં તાર્કિકતાનો અભાવ હોય છે. વસ્તુઓની ગુણવત્તા તથા ઉત્પાદન અને વેચાણનાં ધોરણોના બિનપ્રમાણીકરણ વ્યાપક રીતે જોવા મળે છે. સ્જોબર્ગ કહે છે કે પૂર્વ-ઔદ્યોગિક નગરોમાં 'એક જ ભાવ' જેવું તત્ત્વ ક્યાંય જોવા મળતું નથી. ખરીદનાર તથા વેચનાર ભાવ અંગે રકઝક કરીને જ ખરીદવેચાણ કરતા

હોય છે. વેપાર નિરાંતે થાય છે. ઊંચા અને સારા ભાવ લેવાના આશયથી વસ્તુઓની ગુણવત્તા, વજન અને કદ વગેરેના આધારે છણાવટ કે શ્રેણીકરણ ઝાઝું થતું નથી. ભેળસેળ દ્વારા વસ્તુઓની ગુણવત્તા જ જળવાતી નથી. માપ અને તોલની બાબતમાં પણ અસરકારક પ્રમાણીકરણ હોતું નથી. એક જ નગરમાં ઠેકઠેકાણે જુદા જુદા ભાવ અને તોલમાપ વગેરે જોવા મળી આવે છે.

પૂર્વ-ઔદ્યોગિક નગરોમાં હુન્નર ઉદ્યોગો અને કારીગરો વગેરે દ્વારા નાના પાયા ઉપર ઉત્પાદન થતું હોય છે. વસ્તુઓનું મોટા પાયા ઉપર વેચાણ થઈ શકે એવાં બજારો વિકસિત હોતાં નથી. કામ કરનારા મજૂરોની સંખ્યા પણ ઘણી ઓછી હોય છે. માટે આધુનિક નગરો જેવા મજૂરોના પ્રશ્નો અહીં ઊભા થતા નથી. ઉત્પાદનના ક્ષેત્રે જે કંઈ શ્રમવિભાજન કે વિશેષીકરણ જોવા મળે છે તે ઉત્પાદનની પ્રક્રિયા (Process) માં વિકસતું નથી, પણ ઉત્પાદનની વસ્તુ (Product) પરત્વે વિકસે છે. કારીગર જે તે વસ્તુના ઉત્પાદનની પ્રક્રિયાના તમામ તબક્કાઓ સાથે સંકળાયેલો રહે છે અને પોતે ઉત્પન્ન કરેલી વસ્તુનું વેચાણ પણ પોતે જ કરે છે. દા.ત., લુહાર, સુથાર, સોની, વણાટકામ કરનાર વગેરે પોતે જ જે તે વસ્તુનું ઉત્પાદન કરી તેનું વેચાણ કરે છે. જથ્થાબંધ વેપાર કરતા વેપારીઓ અરસપરસનાં ગામડાંઓમાંથી ખેતીની પેદાશો જથ્થાબંધ ખરીદી લેતા હોય છે અને મોટા પાયેઉપર વેપારનો ઊથલો કરતા હોય છે. જો કે આવા વેપારીઓની સંખ્યા ઘણી ઓછી હોય છે. મોટા ભાગના વેપારીઓ નાના પાયા ઉપર અને પરચૂરણ વેપાર કરતા હોય છે. તેમની દુકાનો પણ મોટી હોતી નથી. ઘણી વખતે નજીવા ભાડે દુકાન અગર તો યોગ્ય જગા રાખી પોતાનો વેપાર કરતા હોય છે. આ વેપારીઓ ગ્રાહકોને આકર્ષવા માટે ભાગ્યે જ કોઈ જાહેરાત વગેરેની મદદ લેતા હોય છે. તેમની પાસે મોટા પાયા ઉપર માલની ખરીદી માટે પૂરતી નાણાકીય સગવડો હોતી નથી તેમ જ આ રીતે ખરીદેલા માલને સુરક્ષિત રાખવા માટે ગોદામો ન હોવાથી ખપ પૂરતું જ ખરીદતા હોય છે. સીઝન વખતે ઓછા ભાવે ખરીદી કરી બીજા સમયે ઊંચા ભાવ લઈ સીઝનનો નફો કમાઈ શકતા નથી. પૂર્વ-ઔદ્યોગિક નગરોમાં એવા સ્થાયી વેપારીઓ ઉપરાંત ફેરિયાઓ પણ છૂટક વેપારના ક્ષેત્રે મહત્ત્વની ભૂમિકા ભજવતા હોય છે. સ્જોબર્ગ જણાવે છે કે પૂર્વ-ઔદ્યોગિક નગરો જમીનદારી વ્યવસ્થાની અસરો હેઠળ હોવાથી એવાં નગરોમાં ઉચ્ચ વર્ગની સ્ત્રીઓ બજારમાં ખરીદ કરવા જતી નથી, પણ એવા ફેરિયાઓ, કે જે ગલી-ગલી અને ઘેર ઘેર ફરતા હોય છે. તેઓ પાસેથી પોતાની જરૂરિયાતની કેટલીક વસ્તુઓ ખરીદતી હોય છે.

પૂર્વ-ઔદ્યોગિક નગરોમાં કેટલીક સેવાઓ આપતા સમૂહો પણ આર્થિક ક્રિયાઓના ક્ષેત્રે મહત્ત્વનું સ્થાન ધરાવતા હોય છે. એવી સેવાઓ આપતા સમૂહોમાં વાળંદ, ધોબી, સફાઈ કરનાર, મદારી, જાદુગર, રસોઈઆ અને ઘરકામ કરતા નોકરોનો સમાવેશ થાય છે. સામાન્ય રીતે પૂર્વ-ઔદ્યોગિક નગરમાં ભદ્ર વર્ગના કુટુંબોને કાયમી ધોરણે સેવા આપતાં કુટુંબો વારસાગત રીતે સંકળાયેલાં હોય છે, અને તે તેમની પ્રતિષ્ઠાની બાબત મનાય છે. કેટલાક કિસ્સાઓમાં કલાકારો પણ એવાં કુટુંબો સાથે કાયમીપણે જોડાયેલાં હોય છે. જે તે ભદ્ર કુટુંબ તે કલાકાર અને તેના આશ્રિતનું ભરણપોષણ કરતું હોય છે. અતિશય આર્થિક વિષમતાને કારણે પૂર્વ-ઔદ્યોગિક નગરોમાં ભિક્ષાવૃત્તિ, વેશ્યાવૃત્તિ અને ગુનેગારી પણ કેટલાક લોકોના જીવનનિર્વાહની રીત બની જતી હોય છે. પૂર્વ-ઔદ્યોગિક નગરોની અર્થવ્યવસ્થામાં ધિરાણ અને વ્યાજ ઉપર મૂડીની ફેરબદલીને લગતું વ્યવસ્થાતંત્ર હોતું નથી. ખાસ કરીને મુસ્લિમ સમાજોમાં વ્યાજ કમાવા ઉપર ધાર્મિક નિષેધ હોવાથી એવી વ્યવસ્થાનો સદંતર અભાવ હોય છે. જે કંઈ મૂડીનું ધિરાણ થાય છે તે નાના પાયા ઉપર અને ખાનગી ધોરણે અમુક વ્યક્તિઓ દ્વારા થાય છે. ધિરાણ અંગેની જે કંઈ વ્યવસ્થાઓ હોય છે તે વેપારી વિકાસ કે આર્થિક વિકાસને પ્રોત્સાહન આપી શકતી નથી. સામાન્ય વેપારી કે વ્યક્તિને ધિરાણ કરવું એક આર્થિક જોખમ ગણાતું હોય છે. આથી વ્યાજના દર ઘણા ઊંચા અને પ્રતિરોધક હોય છે, તથા ટૂંકા ગાળા માટે જ ધિરાણ થતું હોય છે. એવાં નગરોમાં ધિરાણ પાછળ વાર્ષિક 30 થી 40 ટકા જેટલો વ્યાજનો દર એક સામાન્ય બાબત મનાય છે. તેથી મોટે ભાગે વેપારિક અને અન્ય ધંધાકીય બાબતો માટે જરૂરી મૂડી પ્રાપ્ત કરવાનો સ્રોત મિત્રો કે સગાસંબંધીઓ જ હોય છે. સામાન્ય રીતે પૂર્વ-ઔદ્યોગિક નગરોની રાજકીય વ્યવસ્થા વેપારી હેતુઓ માટે મૂડી આપી શકે તેવી વ્યવસ્થા ઊભી કરવામાં કોઈ રસ ધરાવતી નથી. આથી સાહસિકોએ સ્વપ્રયત્ન દ્વારા જ નાના પાયા ઉપરનાં એકમો શરૂ કરી પોતાની ધંધાકીય અગર તો વૈપારિક ક્રિયાઓ વિકસાવવી પડે છે. એક બાજુ ઉત્પાદનની ધીમી પદ્ધતિઓને કારણે મૂડીનું ઝડપભેર નિર્માણ થતું નથી અને બીજી બાજુ વ્યાપક બેકારી અને સસ્તી મજૂરીને કારણે નવી નવી શોધોને વેગ મળતો નથી. તેથી પૂર્વ-ઔદ્યોગિક નગરની અર્થવ્યવસ્થા સ્થગિત રહે છે. સ્જોબર્ગ કહે છે કે આ સ્થગિતતા ઔદ્યોગીકરણ આવવાની સાથે જ નાશ પામે છે.

## 3. સામાજિક સંગઠન :

પૂર્વ-ઔદ્યોગિક નગરનું સામાજિક સંગઠન તેની અર્થવ્યવસ્થાને બંધબેસતું હોય છે. અહીંયાં આર્થિક વિષમતાઓ અને સામાજિક અસમાનતાને આધારે એકબીજાથી અલગ પડતા સામાજિક વર્ગનું અસ્તિત્વ હોય છે. એવા વર્ગોમાં એક નાનકડો વર્ગ ભદ્ર કુટુંબોનો હોય છે. આ વર્ગ સમાજમાં ઊંચી પ્રતિષ્ઠા ધરાવે છે તથા પોતાના નિભાવ અર્થે નીચલા વર્ગોની સેવાઓ તથા તેમના દ્વારા થતા આર્થિક ઉત્પાદન ઉપર આધાર રાખે છે. આ ભદ્ર વર્ગના લોકોમાં જ ઉચ્ચ શિક્ષણ હોય છે અને તેઓ જ રાજ્ય તથા ધર્મના ક્ષેત્રે ઊંચા હોદ્દાઓ ધરાવતા હોય છે. બીજો વર્ગ હુન્નર ઉદ્યોગો કરતા અને વિવિધ સેવાઓ આપતા સામાન્ય લોકોનો હોય છે. આ બંને વર્ગો વચ્ચે વેપારીઓ, અમલદારો અને ખેડૂતો વગેરેનો એક અન્ય વર્ગ હોય છે.

એવાં નગરોમાં સામાજિક ગતિશીલતા નહિવત્ પ્રમાણમાં હોય છે. મધ્યમ વર્ગ અને નિમ્ન વર્ગના લોકો પોતાની આર્થિક મર્યાદાઓ અને સામાજિક-ધાર્મિક બંધનોને કારણે ભાગ્યે જ ઉચ્ચ અથવા તો ભદ્ર વર્ગમાં જઈ શકતા હોય છે. આથી મોટે ભાગે સર્વ પૂર્વ-ઔદ્યોગિક નગરોની સમાજવ્યવસ્થા ભારતની પરંપરાગત જ્ઞાતિવ્યવસ્થાની જેમ બંધ વ્યવસ્થા જેવી હોય છે. વળી, કેટલાક કિસ્સાઓમાં સામાજિક રીતે બહિષ્કૃત લોકોનો વર્ગ પણ હોય છે. એવા વર્ગના લોકો વિસ્તૃત સમાજવ્યવસ્થાના અંગ તરીકે ગણાતા નથી. જૂના વખતમાં ગુલામો, દાસો, ભિખારીઓ અને અસ્પૃશ્યો વગેરેનો એવા બહિષ્કૃત વર્ગમાં સમાવેશ થતો હતો.

પૂર્વ-ઔદ્યોગિક નગરોની સમાજવ્યવસ્થા સગપણ અને વંશનું આગવું સ્થાન હોય છે. સંતાનોમાં પુત્રપ્રાપ્તિ ઊંચું સ્થાન ધરાવે છે. વળી, પુખ્ત વ્યક્તિ તરીકેનો દરજ્જો પ્રાપ્ત કરવા માટે લગ્ન એક આવશ્યક બાબત મનાતી હોય છે. વય અને જાતિના આધારે કાર્યો અને દરજ્જાની ફાળવણી થતી હોય છે. મોટે ભાગે સ્ત્રીઓનું જીવન કુટુંબની ચાર દીવાલ વચ્ચેનાં કામો સાથે સંકળાયેલું હોય છે. સ્ત્રીઓ જાહેર જીવનમાં ભાગ લે તો તે સારું ગણાતું નથી. સ્જોબર્ગ કહે છે કે પૂર્વ-ઔદ્યોગિક નગરોમાં મોટેરાંઓના વર્ચસ્વ અને જલદી થઈ જતા લગ્નને કારણે 'યુવા-સંસ્કૃતિ' (Youth Cul-ture) નો વિકાસ થઈ શકતો નથી. હકીકતમાં વૃદ્ધ વ્યક્તિઓની વધારે પડતી સત્તા તથા પ્રતિષ્ઠા પૂર્વ-ઔદ્યોગિક નગરોમાં સામાજિક પરિવર્તનના ક્ષેત્રે અવરોધ ઊભા કરે છે.

પૂર્વ-ઔદ્યોગિક નગરોની કૌટુંબિક રચના મુખ્યત્વે સંયુક્ત અથવા તો વિસ્તૃત કુટુંબવ્યવસ્થાના રૂપમાં હોય છે. ખાસ કરીને ઉચ્ચ વર્ગમાં એવાં વિશાળ કુટુંબો સહેલાઈથી જોવા મળે છે. પરંતુ નિમ્ન વર્ગના લોકો આર્થિક રીતે પછાત હોવાથી એવાં વિશાળ કુટુંબો નભાવી શકતા નથી. તેથી તેઓમાં જોવા મળતાં કુટુંબો તુલનાત્મક રીતે નાનાં અને એક બે પેઢીના સભ્યોનાં બનેલાં હોય છે. તે સિવાય પૂર્વ ઔદ્યોગિક નગરના કુટુંબમાં પુરુષનું વર્ચસ્વ સર્વોપરિ હોવાથી ઘણી વખત તેને 'પુરુષની દુનિયા' પણ કહેવાય છે. પુરુષ જ કુટુંબના પ્રતિનિધિ તરીકે બાહ્ય જગતમાં ભાગ લે છે અને તેના નિર્ણયો એ જ કુટુંબના નિર્ણયો તરીકે મનાય છે. જાતીય બાબતોમાં પુરુષ કેટલીક સ્વતંત્રતા અનુભવે છે. જ્યારે કે સ્ત્રીઓમાં પતિ પ્રત્યેની વફાદારી અને ચારિત્ર્યની પવિત્રતા જરૂરી મનાય છે. વળી, એવાં કુટુંબોમાં સ્ત્રીને કાંઈક ઊંચું સ્થાન ત્રણ ચાર સંતાનો થઈ ગયા બાદ જ પ્રાપ્ત થાય છે. વળી, સ્ત્રીઓમાં પણ જે સ્ત્રીઓ પુત્રને જન્મ આપ્યો હોય છે તેની કુટુંબમાં સારી સ્થિતિ હોય છે પણ જે સ્ત્રી પુત્રને જન્મ આપવામાં ભાગ્યશાળી બનતી નથી તેની દશા ખરાબ હોય છે.

## 4. રાજકીય સંગઠન :

પૂર્વ-ઔદ્યોગિક સભ્યતાના સમાજમાં એક નાના પણ વિશેષ હક્કો ધરાવતા એવા ઉચ્ચ વર્ગનું વર્ચસ્વ હોય છે. તે વર્ગ જ સમાજની ચાવીરૂપ ગણાતી સંસ્થાઓનું સંચાલન કરે છે. એવા વર્ગમાં પણ ઊંચે આવતા લોકો વિશાળ એવાં પૂર્વ-ઔદ્યોગિક નગરોમાં વસે છે. જ્યારે કોટિક્રમમાં તેમનાથી કંઈક નીચો દરજ્જો ધરાવતા લોકો નાનાં નગરોમાં વસે છે. રાજકીય વ્યવસ્થામાં જે સૌથી ઊંચે હોય છે તેના હાથમાં સંપૂર્ણ સત્તા હોય છે અને તેનું જીવન વિલાસમય ને એશઆરામથી ભર્યું રહે છે. એવા જમીનદાર કે શાસક વર્ગને તેનાં વિવિધ કામોમાં અનેક મંત્રીઓ અને સલાહકારોની મદદ મળી રહે છે. સામાન્ય રીતે એવા મંત્રીઓ અને સલાહકારો રાજકુટુંબના સગાંસંબંધીઓના જૂથમાંથી જ પસંદ કરાતા હોય છે. હકીકતમાં સત્તા દૈવીશક્તિ અથવા પરંપરાઓની પવિત્રતા અંગેના વિશ્વાસને કારણે જે તે કુટુંબમાં કાયમીપણે ટકી રહે છે.

રાજ્ય અને ન્યાય વગેરે જેવી ગંભીર બાબતોમાં સામાન્ય વ્યક્તિ પણ અર્થપૂર્ણ સમજૂતી ધરાવી શકે છે, એવા મતલબની માન્યતા પૂર્વ-ઔદ્યોગિક સમાજો અને ત્યાંનાં નગરોમાં સ્વીકારાતી નથી.

આધુનિક ઔદ્યોગિક સમાજોની જેમ જનમત જેવી કોઈ વસ્તુ હોતી નથી. લોકોએ પોતાના ઉપરી અને શાસકોના આદેશો કોઈપણ જાતના વિરોધ વિના માનવા જ પડે છે. પૂર્વ-ઔદ્યોગિક નગરોમાં શાસન કરવાનો હક્ક વ્યક્તિની યોગ્યતા અગર તો લોકોની ઈચ્છા ઉપર આધાર રાખતો નથી, પણ દૈવીશક્તિના આદેશ કે પરંપરાઓના વિશ્વાસ ઉપર આધાર રાખે છે. શાસક વર્ગ ગરીબ અને સામાન્ય લોકોની ભાવના તથા સમસ્યાઓ માનવીય સ્તરે સમજી શકતો નથી. નિમ્ન સ્તરના લોકોમાં શિક્ષણના ક્ષેત્રે પણ નિરક્ષરતા જ પ્રવર્તતી હોય છે. તેથી પણ તે રાજ્યની બાબતોમાં જાગ્રત નાગરિક તરીકે રસ લેવામાં અસમર્થ હોય છે.

પ્રશાસનિક કાર્યોનું અમલીકરણ પરંપરાગત નોકરશાહી વ્યવસ્થા મારફતે જ થાય છે. છતાં ગિડિયન સ્જોબર્ગ કહે છે કે આધુનિક ઔદ્યોગિક સમાજોમાં નોકરશાહી અને પૂર્વ-ઔદ્યોગિક સમાજોમાં નોકરશાહી વચ્ચે નીચે મુજબ તફાવતો હોય છે.

1) પૂર્વ-ઔદ્યોગિક સમાજોની નોકરશાહીમાં દરેકે દરેક પદ સાથે સંકળાયેલું કાર્યક્ષેત્ર સ્પષ્ટપણે અવૈયક્તિક એવા નિયમો વડે પરિમાપિત થયેલું હોતું નથી. આનો અર્થ એ થયો કે પદ કરતાં તે પદ ધારણ કરેલી વ્યક્તિ વધુ મહત્ત્વની હોય છે. સામાન્ય રીતે જે તે પદ સાથે સંકળાયેલી જવાબદારી વ્યાપક અર્થમાં સ્પષ્ટ કરેલી હોય છે, અને તેમની મર્યાદાઓમાં રહી તે પદ ઉપર મુકાયેલી વ્યક્તિ પોતાની પસંદગી કે તરંગો મુજબ નિર્ણયો લેતી હોય છે.

2) પૂર્વ-ઔદ્યોગિક સમાજોની નોકરશાહીમાં અમલદારોની ભરતીની પ્રણાલિકા નક્કી કરે એવા સાર્વત્રિક અને સામાન્ય માપદંડો હોતા નથી. એટલે કે અપવાદરૂપે અમુક કિસ્સાઓ બાદ કરતાં, પૂર્વ-ઔદ્યોગિક નોકરશાહીમાં ઊંચાં પદો પર જવા માટે ઉચ્ચ નિષ્ણાતીકરણ કે ટેકનિકલ જ્ઞાનની જરૂર હોય જ તેવું હોતું નથી.

3) એવી નોકરશાહીમાં પહેલેથી જ તાર્કિક અને અનૌપચારિક રીતે નક્કી કરેલા નોકરીના હક્કો કે પગાર-ભથ્થાં હોતાં નથી. વળી, ઘણી વખતે અમલદાર તરીકેનું સ્થાન પૂરા સમયનું કામ હોય તેવું પણ બનતું નથી. આથી અમલદારો બીજા કેટલાક પ્રકારના રોજગારો વડે પોતાની આવક પ્રાપ્ત કરતા હોય છે.

પૂર્વ-ઔદ્યોગિક નોકરશાહી ઉપરોક્ત ઢબે કામ કરતી હોવાથી તેમાં વૈયક્તિક તરંગોનું મહત્ત્વ વધી જાય છે. અમલદારનું પદ એ વર્ચસ્વ અને સત્તાની રૂએ જ લેવાય છે. પરંતુ પદ ઉપર કેટલા સમય સુધી ટકી રહેવાશે તે અંગેની સુરક્ષા ન હોવાથી ત્વરિત નિર્ણયો લેવાતા નથી. વળી, જે તે પદ ઉપર કામ કરતી વ્યક્તિ સત્તાધારી વર્ગ અથવા કુટુંબની હોય તો તે કોઈ પણ ભય વિના પોતાની મરજી મુજબના નિર્ણયો લે છે, અને જે તે પદનો દુરુપયોગ કરવામાં પણ સંકોચાતી નથી. ઘણી વખતે એવી વ્યક્તિ જાહેર જનતાનાં હિતોને ભોગે પોતાના અને અંગત માણસોનાં હિતો સાચવવાનું જ કામ કરે છે.

ગિડિયન સ્જોબર્ગ કહે છે કે પૂર્વ-ઔદ્યોગિક નગરોની નોકરશાહીમાં અંગત રીતે વિશ્વાસપાત્ર અને પોતાના જ માણસોને મહત્ત્વના ગણાતાં એવાં પદો અને હોદ્દાઓ ઉપર નીમવામાં આવે છે. આ માટે ઔપચારિક પરીક્ષાઓ પસાર કરવાની કે તાલીમ હાંસલ કરવાની જરૂર પડતી નથી. પૂર્વ-ઔદ્યોગિક સમાજો અને નગરોમાં સરકારનાં મુખ્યત્વે ત્રણ જ કાર્યો હોય છે : (1) સામાજિક નિયંત્રણ અને પ્રવર્તમાન વ્યવસ્થાની જાળવણી કરવી, (2) સેનાઓની વ્યવસ્થા ઊભી કરવી, (3) પ્રજા પાસેથી નાણાં વસૂલ કરી સરકાર અને સત્તાધારી જૂથ માટે આર્થિક સાધનો ઊભાં કરવાં. રાજ્યના બળ અને લશ્કરનો ઉપયોગ સત્તાધારી વ્યક્તિ કે જૂથની સત્તા ટકાવી રાખવા માટે થતો હોય છે.

## 6. ધાર્મિક સંગઠન :

પૂર્વ-ઔદ્યોગિક નગરોના નગરવાસીઓમાં ધર્મ-જીવનના સર્વ પાસાંઓમાં પ્રસરાયેલો હોય છે. ધાર્મિક વિધિવિધાનો વ્યક્તિને નગરસમુદાયના તાણાવાણામાં વણી લે છે. એવાં નગરોમાં ધાર્મિક ક્ષેત્રે ભદ્ર વર્ગનું વર્ચસ્વ હોય છે. સામાન્ય રીતે સત્તાધારી વ્યક્તિ અને જૂથ પણ ધર્મની કડક પકડ ધરાવતા હોય છે. કેટલાક પૂર્વ-ઔદ્યોગિક સમાજો અને નગરોમાં તો ધાર્મિક માન્યતાઓ અને વિશ્વાસોથી સુસંગત હોય તેવી નીતિઓ ઘડાય છે. સત્તાધારી પોતાની નીતિઓ અને નિર્ણયોને કાયદેસરના ગણાવવા માટે ધર્મગુરુઓનું પીઠબળ મેળવે છે. વળી, ધાર્મિક ગ્રંથો અને ધાર્મિક સાહિત્ય એ સમુદાય અને સમાજને લગતા નિયમો તથા ધોરણો ઘડવા માટે માર્ગદર્શનનું કામ કરે છે. ધર્મગુરુઓ અને તેમનું જૂથ નિશાળો અને શિક્ષણ વ્યવસ્થા ઉપર વર્ચસ્વ ધરાવતા હોય છે. મોટે ભાગે શિક્ષણનું

કામ મુલ્લા, મૌલવીઓ, પૂજારીઓ કે પાદરીઓ વગેરે જેવી ધાર્મિક વ્યક્તિઓ દ્વારા જ થતું હોય છે. આમ, પૂર્વ-ઔદ્યોગિક નગરોમાં ધાર્મિક વ્યક્તિઓ ધર્મને લગતાં કાર્યો ઉપરાંત રાજ્ય અને શિક્ષણ સાથે પણ સક્રિય રીતે સંકળાયેલા હોય છે.

ધાર્મિક ગ્રંથોનો અભ્યાસ કરી સમસ્ત જનસમુદાયને ધર્મના સંદેશા પહોંચાડવાનું કામ મુઠ્ઠીભર ધર્મગુરુઓના હાથમાં જ હોય છે. ધાર્મિક વિધિવિધાનો અને ક્રિયાકાંડની બાબતોમાં ઉચ્ચ વર્ગ અને નિમ્ન વર્ગ વચ્ચેનો ભેદ સ્પષ્ટપણે તરી આવે છે. ઉચ્ચ વર્ગ જ ધન, સમય અને સાધનો ફાળવી ધર્મગ્રંથોમાં લખાયા મુજબ ધાર્મિક વિધિવિધાનો કરી શકે છે, જ્યારે કે નિમ્ન વર્ગના લોકો મોટે ભાગે પ્રતીકરૂપે પ્રસંગોપાત વિધિવિધાનો કરી પોતાની ધાર્મિક ભાવનાઓ તૃપ્ત કરતા હોય છે. ધર્મના ક્ષેત્રે પૂર્વ-ઔદ્યોગિક નગરોને લગતી એક અન્ય નોંધપાત્ર બાબત જુદા જુદા પંથોનું અસ્તિત્વ હોય છે. ઘણી વખતે એક જ ધર્મના બે કે તેથી વધુ પંથો વચ્ચે સંઘર્ષ પણ ચાલતો હોય છે. ઈસ્લામ ધર્મમાં શિયા અને સુન્ની વચ્ચેની તંગદિલી એક જ ધર્મના બે પંથો વચ્ચેના એવા સંઘર્ષોનો દાખલો પૂરો પાડે છે. હિંદુ ધર્મમાં પણ અનેક ધાર્મિક પંથો મળી આવે છે. ગિડિયન સ્જોબર્ગ કહે છે કે પૂર્વ-ઔદ્યોગિક સમાજોમાં એવા પંથો પ્રથમ નગરમાં જન્મ લે છે અને ત્યારબાદ ગ્રામવિસ્તારમાં ફેલાય છે.

આ નગરોમાં ધર્મ લોકોના રોજબરોજનાં જીવન અને તેમની ક્રિયાઓ-પ્રતિક્રિયાઓ ઉપર જબરી પકડ જમાવે છે. વ્યવહારની કઈ રીતભાતો માન્ય છે અને કઈ રીતભાતો માન્ય નથી, તે ધર્મ દ્વારા જ નક્કી થાય છે. નગરની બાંધણીમાં પણ જ્યાં ત્યાં મંદિરોની વ્યવસ્થા જોવા મળે છે. મુસ્લિમોમાં દિવસમાં પાંચ વખત નમાજ પઢવાનો ધાર્મિક રિવાજ હોવાથી પૂર્વ-ઔદ્યોગિક નગરોનાં બજારો અને દિવસ દરમિયાન ત્યાં થતી આર્થિક ક્રિયાઓ વચ્ચે પણ નમાજ માટેનો સમય મળી આવે તેની સગવડ રહે છે. તે સિવાય અવારનવાર વિવિધ પ્રકારના ધાર્મિક ઉત્સવો, તહેવારો અને પવિત્ર ગણાતા દિવસો વૈયક્તિક, કૌટુંબિક અથવા સામુદાયિક ધોરણે ઊજવાતા રહે છે જેથી ધાર્મિક ભાવના સબળ થાય છે.

પૂર્વ-ઔદ્યોગિક નગરોના જીવનમાં જાદુની પણ અગત્યની ભૂમિકા હોય છે. ખાસ કરીને જાદુનો આશરો રોજ-બ-રોજના પ્રશ્નો હલ કરવા કે કામ કઢાવવા માટે લેવાતો હોય છે. કેટલીક વખતે પૂર્વ-ઔદ્યોગિક નગરોમાં ધર્મ અને જાદુ એકબીજા સાથે સંકળાયેલા રહે છે, અને ક્યાંથી ધર્મની શરૂઆત થાય છે અને ક્યાંથી જાદુની શરૂઆત થાય છે તે નક્કી કરી શકાતું નથી.

જાદુની ક્રિયાઓની પૂર્વ-ઔદ્યોગિક નગરોમાં સામાજિક અને ભૌતિક બાબતોને સ્પર્શતા અવરોધો દૂર કરી પોતાનો સ્વાર્થ સંતોષવામાં મદદ લેવાય છે. સામાન્ય રીતે અહીં સંરક્ષણાત્મક (Protective magic) પુનઃસ્થાન જાદુ (Restorative magic) અને ભવિષ્યકથન કહેતા જાદુ (Predictive magic) એવા ત્રણ પ્રકારો પ્રવર્તતા હોય છે. સંરક્ષણાત્મક જાદુ (Protective magic) નો બૂરી કે ખરાબ ઘટનાઓથી બચવા અને સામાજિક અથવા કુદરતી વ્યવસ્થાના સમતોલનને ટકાવી રાખવા માટે ઉપયોગ થાય છે તેથી તે પ્રતિરોધાત્મક જાદુ (Preventive magic) તરીકે પણ ઓળખાય છે. પુનઃસ્થાપન જાદુ (Restorative magic) નો પ્રયોગ વૈયક્તિક, સામાજિક અથવા કુદરતી રીતે થયેલા નુકસાનને ફરીથી લાભમાં ફેરવવા માટે થાય છે, જ્યારે કે ભવિષ્યકથન (Predictive magic) કહેતા જાદુની મદદ ભવિષ્યને આગળથી જાણી લેવા માટે લેવાય છે.

## 7. જનસંચાર, શિક્ષણ અને જ્ઞાનનું સ્વરૂપ :

પૂર્વ-ઔદ્યોગિક નગરોમાં જનસંચાર અર્થે મુખ્ય આધાર મૌખિક સાધનો ઉપર રહે છે. છાપખાનાં ને પ્રકાશનોની થોડીઘણી સગવડ હોય છતાં જનસંચારના ક્ષેત્રે તેમનો વ્યાપક ઉપયોગ થતો નથી, કારણ કે તે મોંઘા પડે છે અને બીજી બાજુ લોકોમાં નિરક્ષરતાનું પ્રમાણ ઊંચું હોવાથી તે અસરકારક નીવડતાં નથી. જૂના વખતમાં ગુજરાતમાં અને ભારતના બીજા ભાગોમાં 'ટહેલિયાઓ' નગરમાં ટહેલ નાંખીનો લોકોને જે તે બાબત વિશેની જાણ કરતા હતા. વળી, ગાયકો, નાટકો ભજવનારા અને વાર્તાઓ કરનારા વગેરે ગલી-ગલીમાં ફરી લોકોને મનોરંજન આપતા હતા. મિલ્ટન સિંગરે ભારતના મદ્રાસ નગરના અભ્યાસને આધારે ત્યાં પણ પૂર્વ-ઔદ્યોગિક તબક્કામાં એવી વ્યવસ્થા પ્રવર્તતી એવું દર્શાવ્યું છે. તે સિવાય બજાર, મંદિર કે મસ્જિદ અથવા અન્ય સામુદાયિક કેન્દ્રોમાં પણ અનૌપચારિક રીતે ખબરો અને માહિતીનું પ્રસારણ થતું હોય છે. ફેરિયાઓ અને યાત્રાળુ-વેપારીઓ પણ ખબરો અને માહિતી ફેલાવવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે.

અહીંયાં પુસ્તકો અને ગ્રંથોનો અભાવ હોતો નથી. પરંતુ મોટે ભાગે પુસ્તકો ધાર્મિક અને નીતિશાસ્ત્રીય વિષયો પરનાં હોય છે. તેમનો ઉપયોગ એક નાનકડો એવો ભણેલો ભદ્ર વર્ગ જ કરે છે. સામાન્ય

રીતે પુસ્તકો પવિત્ર મનાતાં હોય છે અને તેથી તેમને શ્રદ્ધા તથા સન્માનથી જોવામાં આવે છે. આ નગરોમાં ઔપચારિક શિક્ષણ તો એક નાનકડા અને સુખી વર્ગના નસીબે જ હોય છે. મોટા ભાગની નિશાળો ખાનગી ધોરણે અથવા તો ધાર્મિક સંસ્થાની મદદથી ચાલતી હોય છે. રાજ્ય કે સરકાર ઔપચારિક શિક્ષણના ફલાવા માટે વિશેષ રસ ધરાવતી નથી. હકીકતમાં નીચલા વર્ગના લોકો તો જનશિક્ષણ બિનજરૂરી, અનિચ્છનીય અને ખર્ચાળુ હોય છે તેવું માનતા હોય છે. તેથી ગરીબ અને નીચલા વર્નગાં બાળકોએ તો નિશાળે ન જઈ કામધંધે લાગી જવું જોઈએ તેવું સર્વત્ર મનાય છે. શિક્ષણ દરમ્યાન યાદશક્તિ અને ગણતરી વગેરે ઉપર ખાસ ભાર મુકાય છે. આથી સમસ્ત શિક્ષણકાળ દરમ્યાન સ્મરણશક્તિના વિકાસ અર્થે વિશેષ ધ્યાન અપાય છે. વિદ્યાર્થીઓમાં સતત અનુશાસનની અપેક્ષા રખાય છે. શિક્ષકને ઉચ્ચ શ્રદ્ધા અને પવિત્ર ભાવનાથી જોવાય છે. વળી, શિક્ષણ વ્યવસ્થામાં દંડનો પણ પ્રયોગ થાય છે અને ઘણી વખતે વિદ્યાર્થીઓને સખત શારીરિક શિક્ષા અપાતી હોય છે. જ્ઞાનના ક્ષેત્રે જોઈએ તો મુખ્યત્વે ધર્મદર્શન અને પારલૌકિક બાબતોને લગતા જ્ઞાનનું પ્રાધાન્ય હોય છે. સામાન્ય માનવીના રોજબરોજના પ્રશ્નો હલ કરવામાં તાત્કાલિક મદદરૂપ થઈ શકે એવા જ્ઞાનનો અભાવ હોય છે. ગિડિયન સ્જોબર્ગ એવું દર્શાવે છે કે પૂર્વ-ઔદ્યોગિક નગરમાં જ્ઞાનની મદદ વડે કુદરતી પરિબળોનું નિયંત્રણ અને શોષણ થતું નથી પણ તેમને આધીન થઈ જીવન જીવવાનો માર્ગ સૂચવવામાં આવે છે.

## ઔદ્યોગિક નગર : (Industrial City)

લગભગ ગયા 250 વર્ષોથી અમેરિકા અને યુરોપના ઔદ્યોગિક વિકાસે એ હરણફાળ ભરી છે. આ સમાજો આધુનિક "ઔદ્યોગિક સમાજો" તરીકે જાણીતા છે. એ સમાજોની મોટામાં મોટી લાક્ષણિક્તા એ છે કે આર્થિક ઉત્પાદનના ક્ષેત્ર તેમની વસ્તીનો એક વિશાળ ભાગ એટલે કે 75 થી 95 ટકા સુધી એવા ધંધાઓમાં રોકાયેલો હોય છે કે જે સીધી રીતે ખેતીવાડી સાથે સંકળાયેલા હોતા નથી. આ સમાજોની બીજી લાક્ષણિક્તા એ છે કે તેમની કુલ વસ્તીનો એટલો જ મોટો ભાગ નગર સમુદાયોમાં રહેતો હોય છે, આધુનિક ઔદ્યોગિક સમાજોમાં એટલી વિશાળ નાગરી વસ્તીને નભાવવી સરળ બની રહે છે, કારણ કે કૃષિક્ષેત્રે પણ નવી નવી પદ્ધતિઓ તથા યાંત્રિકરણને કારણે પ્રચંડ પ્રમાણમાં અધિશેષ પાક મેળવી શકાય છે. બીજી બાજુ વિશાળ જનસમૂહ નગરોમાં કારખાનાંઓ, દફતરો, વેપારી સંગઠનો અને અન્ય સેવા બજાવતી સંસ્થાઓમાં રોકાયેલા રહે છે. લૂઈ વર્થ અમેરિકાનાં નગરોને અનુલક્ષીને કહે છે કે નગર સમુદાયોમાં વિશાળ, ગીચ અને પચરંગીવસ્તી કાયમીપણે રહેતી હોવાથી ત્યાં એક વિશિષ્ટ પ્રકારના સામાજિક પર્યાવરણનું નિર્માણ થાય છે. અને તે પર્યાવરણથી નગરીય જીવનશૈલીનો ઉદ્ભવ તથા વિકાસ થાય છે. નગરો વિસ્તૃત સમાજ વ્યવસ્થાનાં અંતર્ગત ભાગ હોવાથી એવા અન્ય સમાજોનાં નગરોથી અલગ તરી આવે છે કે જ્યાં વસ્તીનો મોટો ભાગ ગ્રામ સમુદાયોમાં રહેતો હોય છે અને નગરીકરણની કક્ષા ખૂબ નીચી હોય છે. અત્રે ઔદ્યોગિક નગરોનાં જુદાં જુદાં પાસાઓની છણાવટ કરીશું.

### 1. પરિસ્થિતિકીય બંધારણ :

ઔદ્યોગિક નગરો વેપારિક અને ઔદ્યોગિક ક્રિયાઓનાં ધામ હોય છે. તેથી ધાર્મિક અથવા વહીવટી દૃષ્ટિથી એવાં નગરોની અગત્ય તુલનાત્મક રીતે ઓછી હોય છે. ઔદ્યોગિક નગરની આંતરિક બાંધણીમાં જમીનના ઉપયોગની તરાહ ઊંચી કક્ષાના વિશેષીકરણ સાથે સંકળાયેલી હોય છે. અહીંયાં પૂર્વ-ઔદ્યોગિક નગરોની જેમ રહેઠાણ અને આર્થિક ક્રિયાઓનાં સ્થળ એક જ હોતાં નથી. તેથી જ ઔદ્યોગિક નગરોની અરસપરસ રહેઠાણનાં સ્થળો તરીકે પરાંઓનો વિકાસ સર્વત્ર જોવા મળે છે. ઈ.સ. 2001ની વસ્તી ગણતરીને આધારે એવું પ્રકાશમાં આવ્યું છે કે મૂળનગર કરતાં પરામાં રહેતી વસ્તીનું પ્રમાણ વધી રહ્યું છે. શ્રીમંત અને ઉચ્ચ વર્ગના લોકો નગરથી દૂર એવાં પરાં વિસ્તારોમાં વસે છે. અને નગરની મધ્ય વિસ્તારની ફરતે નિમ્ન તથા મધ્યમ વર્ગના લોકો રહે છે તેમ છતાં ઔદ્યોગિક નગરોમાં મોટે ભાગે જુદા જુદા દરજ્જા જૂથોના ચોક્કસ રીતે અલગ પાડી શકાય એવા રહેઠાણના વિસ્તારો ઓછા પ્રમાણમાં જોવા મળે છે. આલીશાન ભવનોની આજુબાજુ ઝૂંપડપટ્ટીઓ પણ વિસ્તી હોય છે, અને તેમને સહેલાઈથી દૂર કરી શકાતી નથી.

નગરોમાં લોકો જમીનને પરંપરાગત મૂલ્યો સાથે સાંકળી રાખતા નથી. આથી અહીંયાં તાર્કિક રીતે જમીનનો શ્રેષ્ઠથી શ્રેષ્ઠ આર્થિક ઉપયોગ થઈ શકે તેવા પ્રવાહો પ્રવર્તમાન હોય છે, નગરના મધ્યભાગથી દૂર જે તે વિસ્તારમાં મોટાં મોટાં કારખાનાંઓ અને ફેક્ટરીઓ વિકસી આવે છે, જ્યારે કે મધ્યભાગ વેપારિક પેઢીઓ અને અન્ય ધંધાકીય સંસ્થાઓનું કેન્દ્ર રહે છે. ઔદ્યોગિક

નગરમાં કામનાં સ્થળો અને રહેઠાણનાં સ્થળો અલગ અલગ હોવાથી નગરવાસીઓનું સ્થાનિક અવર-જવર માટે વાહનવ્યવહાર ઉપરનું અવલંબન ખૂબ વધી જાય છે. આથી, ઔદ્યોગિક નગરોની બાંધણીમાં રસ્તાઓ અને સડકો વગેરેનું મહત્ત્વ પાયાનું હોય છે. તથા નગર આયોજન હેઠળ નવા માર્ગો અને સડકો બંધાતા જ રહે છે.

## 2. સામાજિક સાંસ્કૃતિક પચરંગિતા અને સ્તરીકરણ :

ઔદ્યોગિક નગરોની બીજી વાસ્તવિકતા તેની વસ્તીમાં રહેલા પચરંગીપણા અને તીવ્ર વિષમતા દર્શાવતા સામાજિક સ્તરીકરણને લગતી હોય છે. મોટે ભાગે ઔદ્યોગિક નગરોના પડોશો અને શેરીઓમાં લોકો વચ્ચે સંપ અને સમૂહભાવના જોવા મળતી નથી. જોકે જે વિસ્તારોમાં નિમ્ન વર્ગના લોકો વસતા હોય છે, તેમનામાં પ્રજાતીય અથવા સામાજિક-સાંસ્કૃતિક બાબતોની સમરૂપતાને કારણે મહદ્ અંશે એકતાના ભાવ જોવા મળે છે. ઓસ્કાર લેવિસએ પોવર્ટીની જે સમજ આપી છે તે સાથે આ હકિકત બંધ બેસે છે. પણ ઉચ્ચ વર્ગના લોકોમાં આવી ભાવના પડોશના સ્તરે જોવા મળતી નથી.

આ નગરોમાં અમીર-ગરીબના વર્ગભેદ તીવ્ર સ્વરૂપમાં અભિવ્યક્તિ હોવા છતાં સામાજિક કોટીક્રમમાં ઊભી ગતિશીલતા માટેની તકો મળી આવતી હોય છે. તેમ છતાં વાસ્તવિક પરિસ્થિતિઓમાં એવી ગતિશીલતાને અટકાવે તેવાં પરિબળો તેમજ પોષણ આપે તેવાં પરિબળો એકી સાથે કાર્ય કરતાં હોય છે. આ અર્થમાં ઊભી સામાજિક ગતિશીલતાને ક્ષેત્રે વિરોધી દિશામાં કામ કરતાં પરિબળોનાં એકી વખતે ઉપસ્થિતિ ઔદ્યોગિક નગરોની એક ખાસ વિશિષ્ટતા હોય છે. તેમ છતાં ઘણા સમાજશાસ્ત્રીઓ એવું માને છે કે પૂર્વ-ઔદ્યોગિક નગરોની જેમ ઔદ્યોગિક નગરોમાં ઉચ્ચ તથા ભદ્ર વર્ગની વ્યક્તિઓ જીવનનાં સર્વ પાસાંઓમાં સામાન્યજનથી દૂર થઈ શકતી નથી. વળી, ઔદ્યોગિક નગરોમાં પ્રાપ્ત દરજ્જા (Achieved status) નું મહત્ત્વ વધારે હોય છે. વ્યક્તિનો ધંધો, તેની વેશભૂષા, બોલચાલ, રહેણીકરણી વગેરે તેનો વર્ગ અથવા દરજ્જો નક્કી કરવામાં અગત્યનો ભાગ ભજવે છે.

ઔદ્યોગિક નગરોમાં શ્રમ વિભાજન અને શ્રમનું વિશેષીકરણ એક અનિવાર્ય શરત બની જતી હોવાથી સામાજિક સ્તરીકરણના ક્ષેત્રે પણ તેની અસર પડે છે. જે લોકો ઉચ્ચ કક્ષાનું નિષ્ણાતીકરણ ધરાવતા હોય છે તેમનું વર્ચસ્વ અને સ્થાન તુલનાત્મક રીતે શ્રમિકો અથવા તો સામાન્ય કાર્યો કરતા લોકો કરતાં ઘણું ઊંચું હોય છે. જાહેર જીવનના ક્ષેત્રે ઔદ્યોગિક નગરોમાં નેતૃત્વ જે વ્યક્તિઓ વિશાળ જનસમૂહોને પોતાની સાથે રાખી શકે છે, કે જનમતને પોતાના નિર્ણયો તરફ વાળી શકે છે એવી વ્યક્તિઓનાં હાથમાં રહે છે. આ જ હકીકત રાજકીય ક્ષેત્રે અને વ્યાવસાયિક સંગઠનોના ક્ષેત્રે પ્રવર્તતા નેતૃત્વને લાગુ થાય છે.

## 3. એકાકી કુટુંબ વ્યવસ્થાનું વર્ચસ્વ :

સામાન્ય રીતે ઔદ્યોગિક નગરોની કુટુંબ વ્યવસ્થામાં ન્યુક્લિયર અથવા પતિ-પત્ની અને તેમનાં અપરિણીત સંતાનો ધરાવતાં કુટુંબોનું પ્રાધાન્ય હોય છે. અહીંયાં પૂર્વ-ઔદ્યોગિક નગરો જેવાં વિસ્તૃત કુટુંબો ગૌણ બની જાય છે. હકીકતમાં કેટલાક સમાજશાસ્ત્રીઓ એવું દર્શાવે છે કે વિસ્તૃત અથવા સંયુક્ત કુટુંબ વ્યવસ્થા ઔદ્યોગિક નગરોમાં પ્રવર્તતી પરિસ્થિતિઓ સાથે સુસંગત રહેતી નથી. કેન્દ્રીય કે વિભક્ત કુટુંબવ્યવસ્થા હેઠળ ઔદ્યોગિક નગરોમાં સ્ત્રીઓ અને કિશોરો તુલનાત્મક રીતે વધુ સ્વાતંત્ર્ય અને સમાનતા માણતા હોય છે. બાળકો અને કિશોરો હરહંમેશ વડીલોના વર્ચસ્વ હેઠળ હોતા નથી. તેથી તેવાં નગરોમાં "યુવા સંસ્કૃતિ (Youth culture) નો વિકાસ સરળ બને છે. જો કે સાથોસાથ બાલ-ગુનેગારીનો પ્રશ્ન પણ સર્જાય છે.

એવાં નગરોમાં ઉચ્ચ જીવનધોરણ પ્રત્યેની પ્રબળ આકાંક્ષાઓને કારણે ઊંચી પાયરી ઉપરના હોદ્દાઓ પ્રાપ્ત કરવા માટેની તીવ્ર હરીફાઈ થતી હોય છે. પરંતુ એવા હોદ્દાઓ માટે જરૂરી લાયકાત કેળવવા અર્થે લાંબા ગાળાના ઔપચારિક શિક્ષણ અને તાલીમની જરૂર પડે છે. માટે પૂર્વ-ઔદ્યોગિક નગરોની તુલનામાં ઔદ્યોગિક નગરોમાં વ્યક્તિ કૌટુંબિક અગર તો આર્થિક ઉત્પાદનની જવાબદારીઓ ઊંચી વયે ધારણ કરે છે. આથી ઔદ્યોગિક નગરમાં વ્યક્તિ સ્વ-પસંદગીથી પોતાની કારકિર્દી નક્કી કરવા માટેનો પૂરતો સમય અને પરિપક્વતા પ્રાપ્ત કરી શકે છે. તેમ જ તે સ્વ-પસંદગીથી લગ્ન કરી યોગ્ય સમયે પોતાના કુટુંબની સ્થાપના કરે તેવું વાતાવરણ પણ મળી રહે છે.

યુવકો અને કિશોરોની જેમ ઔદ્યોગિક નગરોમાં સ્ત્રીઓ પણ સામાજિક પ્રતિષ્ઠા અને સ્વતંત્રતાનો અનુભવ કરે છે. અહીંયાં સ્ત્રીઓનું કુટુંબની કાર્યક્ષેત્ર ચાર દીવાલો પૂરતું મર્યાદિત રહેતું નથી, પણ તે જાહેર અને સામુદાયિક જીવનમાં પણ ભાગ લે છે. વળી, સ્ત્રીઓ ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરી પ્રતિષ્ઠિત

અને ઊંચી પાયરી પરના વ્યાવસાયિક હોદ્દાઓ પ્રાપ્ત કરી શકે છે. ટૂંકમાં કહીએ તો ઔદ્યોગિક નગરોમાં સ્ત્રીની કૌટુંબિક ભૂમિકાઓ અને વ્યવસાયિક ક્ષેત્રની ભૂમિકાઓ સ્પષ્ટપણે જુદી જુદી દેખાઈ આવે છે.

ઔદ્યોગિક નગરોમાં કુટુંબના તેના સગપણ જૂથ સાથેના સંબંધો વિષે ચર્ચા કરતાં વિલિયમ ગુડ (William Goodse) કહે છે કે ઉચ્ચ વર્ગનાં કુટુંબો પોતાના સગપણના જૂથ સાથે આંતરક્રિયાઓના કુલ ભાગનો એક નાનકડો એવો ભાગ ગાળતાં હોય છે, કારણ કે મોટે ભાગે એવા વર્ગનાં કુટુંબો સ્વૈચ્છિક સંગઠનો, ક્લબો, અને ઔપચારિક જૂથોના સભ્યો હોવાથી પોતાનો ફુરસદનો સમય એવાં જૂથોમાં ગાળે છે છતાં એવાં નગરોમાં તેઓ પોતાના સગાઓ સાથે નિમ્ન વર્ગની તુલનામાં વધુ ગાઢ સંબંધો જાળવી રાખી શકે છે. કારણ કે તેઓ પોતાની સંપન્નતા અને પારસ્પરિક લેવડદેવડ એવા સંબંધો સહેલાઈથી મજબૂત કરી શકે છે.

**4. આર્થિક સંગઠનનું :**

ઔદ્યોગિક નગરોની એક અન્ય વિશિષ્ટતા તેમના આર્થિક સંગઠનને લગતી હોય છે. અહીંયાં મશીનોની મદદ વડે કારખાનાંઓમાં આર્થિક ઉત્પાદન થતું હોવાથી શ્રમિક વર્ગના લોકો પૂર્વ-ઔદ્યોગિક નગરોની તુલનામાં ઓછો સમય માટે કામ કરે છે તેમજ અઠવાડિયામાં પાંચથી છ દિવસ જ કામ કરે છે. તેથી તેમને ફુરસદનો સમય મળી આવે છે. જોકે ઊંચી પાયરીના હોદ્દા ઉપર કામ કરતા લોકો અને ઔદ્યોગિક સાહસિકોને ઘણું વધુ કામ કરવું પડે છે. પ્રસ્તુત પરિસ્થિતિ પૂર્વ-ઔદ્યોગિક નગરના અર્થતંત્રથી તદ્દન વિપરીત પ્રકારની હોય છે.

ઔદ્યોગિક નગરમાં સાધારણ શ્રમિક તરીકે કામ કરતી વ્યક્તિ પણ સામાન્ય રીતે પોતાની ન્યૂનતમ જરૂરિયાતો સંતોષી શકે તેટલા પ્રમાણમાં વેતન કે મજૂરી પ્રાપ્ત કરી લેતી હોય છે. જોકે એવાં નગરોમાં ઔદ્યોગિક કૌશલ્ય, નિષ્ણાતીકરણ અને ઔપચારિક તાલીમનું મહત્ત્વ ઘણું વધારે હોવાથી આ જાતની ગુણવત્તા ધરાવતા લોકો તુલનાત્મક રીતે ઊંચી આવક ધરાવતા હોય છે અને તેમનું જીવનધોરણ પણ ઊંચું રહે છે.

આર્થિક ઉત્પાદનના ક્ષેત્રે સૂક્ષ્મથી સૂક્ષ્મ શ્રમ વિભાજન થતું હોવાથી ઔદ્યોગિક નગરોમાં વ્યક્તિ જે તે વસ્તુ કે સેવાના ઉત્પાદનને લગતી અમુક ક્રિયા જ કરતી હોય છે. તેથી આર્થિક ઉત્પાદનનાં ક્ષેત્રે પારસ્પરિક નિર્ભરતા સર્જાય છે અને તેમાંથી જ એક વિશિષ્ટ પ્રકારની એકતા ઊભી થાય છે. એમિલ દુર્ખેમે (Emile Durkheim) એવી એકતાને સાવયવી એકતા (organic solidarity) તરીકે સમજાવી છે. એવી એકતાને ટકાવી રાખવા અર્થે ઔદ્યોગિક નગરોમાં વ્યવસાયિક ધોરણો અને ધંધાકીય નીતિમત્તા દર્શાવતા નિયમો કાર્ય કરતા હોય છે.

ઔદ્યોગિક નગરોમાં મોટા પાયા ઉપર આર્થિક ઉત્પાદન, હજારોની સંખ્યામાં કારખાનાંઓમાં કામ કરતા કામદારો, ઉત્પન્ન કરેલી વસ્તુઓના વિનિમય અને વેચાણને લગતી જવાબદારીઓ એક એવી પરિસ્થિતિનું નિર્માણ કરે છે કે જેની હેઠળ આર્થિક ઉત્પાદનની પ્રક્રિયા દરમિયાન અસરકારક સંયોજન અર્થે વિશાળ નોકરશાહી તંત્રનો વિકાસ અતિ આવશ્યક થઈ જાય છે. પરિણામ સ્વરૂપે ઔદ્યોગિક નગરોમાં જાહેર અને ખાનગી ક્ષેત્રે એવાં વિશાળ નોકરશાહી સંગઠનો અસ્તિત્વમાં આવે છે. એવાં નોકરશાહી તંત્રો ઔદ્યોગિક નગરોના આર્થિક ઉત્પાદન તથા વ્યવસ્થાતંત્રના સંચાલનમાં પાયાની ભૂમિકા ભજવે છે. એવાં સંગઠનો ઔદ્યોગિક નગરના બીજા સમુદાયો સાથેના સંબંધો પણ વિકસાવે છે. આ ઉપરાંત ઔદ્યોગિક કામદારો અને ઉત્પાદકો વચ્ચે કડીરૂપ કામ કરતા કેટલાક દલાલો કે મધ્યસ્થ વ્યક્તિઓ પણ ઔદ્યોગિક નગરોમાં મહત્ત્વની ભૂમિકા ભજવતા હોય છે.

આ નગરોમાં મોટા પાયા ઉપર ઉત્પન્ન થતી વસ્તુઓના વેચાણને ક્ષેત્રે તીવ્ર હરીફાઈ પ્રવર્તતી હોય છે. તેથી અહીંયાં આર્થિક ઉત્પાદનના ક્ષેત્રે વસ્તુઓની ગુણવત્તા અને પ્રમાણીકરણ જાળવી રાખવું જરૂરી બની જાય છે, તેથી ઔદ્યોગિક નગરમાં ભાવ-તાલ કે વસ્તુની ગુણવત્તા વગેરેમાં બિનતાર્કિક રીતે ફેરફાર કરવાનું સહેલું થઈ રહેતું નથી. જોકે એક જ વસ્તુનું જુદીજુદી કંપનીઓ ઉત્પાદન કરતી હોવાથી તેમની વચ્ચે એકસરખું ધોરણ રહેતું નથી. દા. ત., રેડિયો, ટી.વી., પંખા અને ઘરવપરાશની બીજી અનેક વસ્તુઓ અલગ અલગ કંપનીઓની મળી આવતી હોય છે. આથી તેમની ગુણવત્તા, દામ અને ટકાઉપણું એકસરખું જ હોય તેવું કહી શકાય નહીં. દરેક કંપની પોતાની વસ્તુઓ ઉપભોક્તાઓમાં સહેલાઈથી ખપી જાય તેમાં રસ ધરાવતી હોવાથી ઔદ્યોગિક નગરોમાં વેપારિક જાહેરાતો (commercial advertisements) વડે ઉપભોક્તાઓને

પ્રલોભન આપી આકર્ષવાનું મહત્ત્વ ખૂબ વધી જતું હોય છે. અવાર-નવાર વૈપારિક અને ઔદ્યોગિક સાહસિકોના સંગઠનો રાષ્ટ્રીય અને મેળાનું આયોજન કરી બૃહદ બજાર ઊભું કરવાનો પ્રયાસ કરતા રહે છે.

## 5. વહિવટી માળખુ :

ઔદ્યોગિક નગરોની રાજકીય વ્યવસ્થા અને લોકશાહી વ્યવસ્થા વચ્ચે સીધો સંબંધ દેખાઈ આવે છે. સામાન્ય રીતે દરેક વ્યક્તિ પોતાની યોગ્યતા અને કૌશલ્યને અનુરૂપ ધંધો, સામાજિક પ્રતિષ્ઠા અને સત્તા પ્રાપ્ત કરી શકે છે. આ અર્થમાં કેટલાક વિદ્વાનો એવું માને છે કે ઔદ્યોગિક વિકાસ અને લોકશાહી એકબીજાનાં પૂરક હોય છે. અહીંયાં લોકો પોતાનાં જે તે ધ્યેયને કેન્દ્રમાં રાખી સંગઠિત થતા હોય છે. એવા સંગઠનના પ્રયાસમાં ધંધાકીય, પ્રજાતીય અને સામાજિક-સાંસ્કૃતિક તફાવતો ગૌણ બની જાય છે. આથી ઔદ્યોગિક નગરોના પ્રશાસનને તેમજ નોકરશાહી તંત્રને પ્રભાવિત કરવામાં સમાન હિતો ધરાવતાં સંગઠનોનું મહત્ત્વ વધી જાય છે.

ઔદ્યોગિક નગરોમાં જાહેર હિતને લગતા નિર્ણયોની બાબતમાં નેતાઓ અને આગેવાનો નિષ્ણાતોની સલાહ અને જ્ઞાન ઉપર આધાર રાખે છે. જોકે ઘણી વખતે નિષ્ણાતો સમુદાયના સર્વપક્ષી લાભને ધ્યાનમાં રાખી શકતા નથી. એવી પરિસ્થિતિઓમાં સ્થાનિક રાજનૈતિક નેતાઓ વચ્ચેનો માર્ગ શોધી યથાયોગ્ય નિર્ણયો લેવાની ફરજ બજાવતા હોય છે. તેઓ જ જાહેર જનતા અને વિશેષજ્ઞોના મત વચ્ચે રહેતા તફાવતો દૂર કરવાના આશયથી મધ્યમ માર્ગ શોધી લે છે.

સ્થાનિક પ્રશાસન અને વ્યવસ્થા તંત્રના ક્ષેત્રે ઔદ્યોગિક નગરોમાં સામાજિક નિયંત્રણના પરંપરાગત સાધનો નબળાં થઈ જતાં હોય છે. માટે અહીંયાં ઔપચારિક અને કાયદાકીય સાધનોનું આગવું સ્થાન રહે છે. આ સાધનો એક બાજુ વ્યક્તિના અંગત હક્કો અને હિતોનું રક્ષણ કરે છે, તથા બીજી બાજુ સામુદાયિક હિતોની સંભાળ લે છે. ગુનાઓ અથવા નિયમોના ભંગ અંગેની વર્તણૂકના કિસ્સાઓ લાંબી કાયદાકીય પ્રક્રિયામાંથી પસાર થયા પછી જ નક્કી થતા હોય છે. બીજા શબ્દોમાં કહીએ તો ઔદ્યોગિક નગરોમાં લિખિત અને તાર્કિક કાયદાઓનું જ વર્ચસ્વ રહે છે.

## 6. જનસંચાર અન ઔપચારિક શિક્ષણના માધ્યમોનું પ્રાધાન્ય :

ઔદ્યોગિક નગરોમાં જનસંચારના ક્ષેત્રે છાપાંઓ, પત્રિકાઓ, રેડિયો, ટી.વી. અને સિનેમા ઉપર આધાર રખાય છે. હકીકતમાં જનસંપર્ક અને જનસંચારનાં આ માધ્યમો જ એકમાત્ર સાધનો હોય છે. આ સાધનો નગરના જાહેર જીવનને લગતા સમાચારોના પ્રસારણ ઉપરાંત આર્થિક, રાજકીય અને શૈક્ષણિક ક્ષેત્રે મહત્ત્વની ઘટનાઓ અને શોધોને લગતા જ્ઞાનનું પણ પ્રસારણ કરતાં હોય છે. ઔધ્યોગિક નગરોમાં જનસંચારનાં ઉપરોક્ત સાધનોની અસરકારક ક્રિયાશીલતાને કારણે એક પ્રકારની સામાન્ય સંસ્કૃતિનો (popular culture) વિકાસ થાય છે. કારણ કે આ માધ્યમો વર્ગ, જાતિ, પ્રજાતિ, ધંધાકીય અથવા તો અન્ય કોઈ પણ આધારે નગરવાસીઓમાં ભેદ પડ્યા વિના સમસ્ત લોકોને આવરી લઈ પોતાની અસર હેઠળ લાવે છે. આથી નગરવાસીઓમાં પસંદગીઓ, નિર્ણયો, વિચારો અને માન્યતાઓ વગેરેના ક્ષેત્રે સમરૂપતા આવે છે, જે છેવટે સામુદાયિક ભાવનાને જાગૃત કરવામાં મદદરૂપ થાય છે.

જનસંચારનાં સાધનો ઉપરાંત ઔદ્યોગિક નગરોમાં સંદેશા અને માહિતીના પ્રસારણમાં ઔપચારિક શિક્ષણ વ્યવસ્થા અગત્યની ભૂમિકા ભજવે છે. એવી શિક્ષણ વ્યવસ્થા હેઠળ લોકો માત્ર સામાન્ય શિક્ષણ જ પ્રાપ્ત કરતા નથી, પરંતુ વિશિષ્ટ જ્ઞાન અને તાલીમ પ્રાપ્ત કરી નગર જીવનનાં જુદાં જુદાં પાસાંઓને સમૃદ્ધ બનાવે છે. એટલું જ નહીં પણ નવી નવી શોધો અને સામાજિક પરિવર્તનને પણ પ્રોત્સાહન આપે છે. વળી, ઔદ્યોગિક નગરોમાં વૈજ્ઞાનિક જ્ઞાન અને પદ્ધતિઓનું મહત્ત્વ હોવાથી ત્યાં કુદરતી અને સામાજિક જીવનની વિવિધ ઘટનાઓનું અંધવિશ્વાસો કે રૂઢિગત માન્યતાઓને આધારે અર્થઘટન થતું નથી, પરંતુ જે તે ઘટનાને વાસ્તવિક પરિસ્થિતિઓના સંદર્ભમાં સમજવાના પ્રયાસો થાય છે.

## 7. ધાર્મિક સંગઠન અને મૂલ્યો વ્યવસ્થા :

ઔદ્યોગિક નગરોની લાક્ષણિક્તામા રોજબરોજના જીવનમાં તરી આવતી ધર્મનિરપેક્ષતા હોય છે. ખાસ કરીને ઔદ્યોગિક નગરોમાં ધર્મની ઝનૂની ભાવના અવાર-નવાર પ્રકટ થતી નથી નગરવાસીઓના જીવનમાં ધાર્મિક નિષેધો અને બંધનોની પકડ રહેતી નથી. લોકોની મોટા ભાગની ક્રિયાઓ ધર્મથી છૂટી થઈ જાય છે અને ધાર્મિક ધોરણો નિરોધાત્મક ન રહેતાં હળવા અને સગવડ ભર્યા થઈ જાય છે. તેમ છતાં ઔદ્યોગિક નગરોમાં ધર્મનું અસ્તિત્વ હોતું નથી, એવું માની લેવું

યોગ્ય લેખાશે નહીં. અમેરિકા અને રશિયા જેવા સમાજોમાં પણ જીવનનાં કેટલાંક અંગત અને મહત્ત્વનાં પાસાંઓમાં ધાર્મિક તત્ત્વોનું મહત્ત્વ આજે પણ જોઈ શકાય છે. જોકે પૂર્વ-ઔદ્યોગિક નગરોની તુલનામાં આ સમાજોનાં ઔદ્યોગિક નગરોમાં ધર્મનું નિર્ણાયક પરિબળ તરીકેનું સ્વરૂપ ઘણું નબળું થયું છે, તેમાં બે મત નથી.

એવા નગરમાં ધાર્મિક વિવિધતાને અને ક્રિયાકાંડોનું ખાસ મહત્ત્વ રહેતું નથી. મોટે ભાગે લોકો પોતાનો ફુરસદનો સમય રમત-ગમત, ક્લબો અને પસંદગીની સર્જનાત્મક ક્રિયાઓ કે મનોરંજનના અન્ય માર્ગો વડે ગાળે છે, નહિ કે ધાર્મિક ક્રિયાકર્મો અને પૂજાપાઠ વગેરેમાં.

આમ, ઔદ્યોગિક નગરોની કેટલીક મૂળભૂત લાક્ષણિક્તાઓ હોય છે કે જે પૂર્વ-ઔદ્યોગિક નગરોથી તેમને જુદા પાડે છે. આ લાક્ષણિક્તાઓ નગરનો જેમ જેમ ઔદ્યોગિક વિકાસ થતો જાય છે તેમ તેમ વધુ સ્પષ્ટ થતી જાય છે અને છેવટે ઔદ્યોગિક નગર તેના અનુ-ઔદ્યોગિક તબક્કામાં પ્રવેશે છે.

## અનુ-ઔદ્યોગિક નગરની સમસ્યાઓ (The Post-Industrial city) :

નગર સમુદાયોને સ્પર્શતી વાસ્તવિક પરિસ્થિતિઓના સંદર્ભમાં નગરોના જુદા જુદા પ્રકારની ચર્ચા કરીને આપણે જોયું કે આધુનિક ઔદ્યોગિક નગરો અને પૂર્વ-ઔદ્યોગિક નગરો એકબીજાથી જુદાં પડે છે. જે સમાજો આજે પૂર્વ-ઔદ્યોગિક અવસ્થામાં છે ત્યાં ધીમે ધીમે પણ એકધારા ઔદ્યોગિકરણનો વિકાસ થઈ રહ્યો છે. સમાજના વિકાસની આ પ્રક્રિયામાં પૂર્વ-ઔદ્યોગિક નગરો જ્યારે સમય વહેવા સાથે આધુનિક ઔદ્યોગિક નગરોનું સ્વરૂપ ધારણ કરશે ત્યાં સુધીમાં વર્તમાન ઔદ્યોગિક નગરોનું સ્વરૂપ અને તેમની સમસ્યાઓ કેવાં હશે તે વિશે ચોક્કસપણે કહી શકાતું નથી.

જર્મન વિદ્વાન સ્પેંગલરની ધારણા મુજબ નગરની કેટલીક મૂળભૂત બુરાઈઓ હોય છે કે જે અનિવાર્યપણે સમસ્ત માનવ સભ્યતાનો વિનાશ કરે છે. અને છેવટે નગર પોતે પણ નષ્ટ થઈ જાય છે. આથી ઔદ્યોગિક નગર એ અતિનગરીકરણ અને છેવટે માનવ સભ્યતાના તથા નગર. સમુદાયના પતન તરફનું આગળનું પગલું પુરવાર થશે તે માનવાનું ઘણાને મન થઈ શકે છે. ઓછેવત્તે અંશે કાર્લ માર્ક્સ (Karl Marx) અને હેગલ (Hegel) ના વિચારોમાંથી પણ આ માન્યતાને સમર્થન મળી શકે છે. પરંતુ આજે પ્રસ્તુત ધારણાઓ મોટેભાગે સ્વીકારતી નથી. હકીકતમાં વાસ્તવિક પરિસ્થિતિઓ અને નગરવિકાસના પ્રવાહોમાંથી એવું જોવા મળતું નથી કે માનવ સભ્યતાનું અસ્તિત્વ ભયમાં છે કે નગરોનું પતન હાથવેંતમાં છે. જોકે એવું બની શકે છે કે કેટલાંક ભિમકાય નગરોનું સમસ્ત સમાજની તુલનામાં ઘણી ઝડપથી નગરીકરણ થયું હોય અને તેથી એવાં નગરોના વિકાસની સાથે જ ઉદ્ભવતા માનવપ્રશ્નોના અસરકારક નિવારણ માટે સમયસૂચક પગલાં ન લેવાયાં હોવાથી વિકટ પરિસ્થિતિઓ સર્જાઈ હોય. ખાસ કરીને વિકસતા સમાજોમાં જે તે પ્રદેશમાં એક કે બે નગરનો અતિ ઝડપથી વિકાસ થવાની સાથે એવા પ્રશ્નો સહેલાઈથી દેખાઈ આવે છે. જોકે ત્યાં પણ આવાં પ્રમુખ નગરો કે "પ્રાયમેટ સિટીઝ" સિવાયના નગર સમુદાયોમાં માનવજીવન એટલું વિકટ હોતું નથી.

ઔદ્યોગિક વિકાસની ચરમસીમાએ પહોંચેલા સમાજો તરફ નજર ફેરવવાથી એક હકીકત સ્પષ્ટ રીતે દેખાઈ આવે છે કે નગરો સંપન્ન ને સગવડભર્યાં થતાં જાય છે. ત્યાંની વસ્તીમાં કાર્યક્ષમતા અને પરિપક્વતા તરી આવે છે. એનો અર્થ એ નથી કે ત્યાં સમસ્યાઓ નથી. ત્યાં પણ ગરીબી, બેકારી, ગુનેગારી અને બીજી અનેક સામાજિક હાડમારીઓ જોવા મળે છે. છતાં આ સર્વ પ્રશ્નો વચ્ચે પણ નગરનું અસ્તિત્વ ભયમાં નથી. ઔદ્યોગિકરણની સાથે જ નગરીકરણ થતું જાય છે. આ અર્થમાં ઔદ્યોગિકરણ અને નગરીકરણની પ્રક્રિયા સહગામી છે. પરંતુ ઔદ્યોગિકરણ પછી શું ? એટલે કે ઔદ્યોગિકરણ તેના ચેલ્લા તબક્કામાંથી પસાર થઈ જાય ત્યારે પછી નગરોનું ભવિષ્ય શું હશે ?

આ સવાલનો જવાબ આપવાનો કેટલાક વિદ્વાનોએ સન્નિષ્ઠ પ્રયાસ કર્યો છે. અને તેમનાં જવાબોમાંથી જ અનુ-ઔદ્યોગિક નગરોના પ્રશ્નો વિશે કંઈક સમજૂતી પ્રાપ્ત થાય છે. ટૂંકમાં, અનુ-ઔદ્યોગિક નગરો પરત્વેની આવી સમજૂતી નીચે મુજબ આપી શકાય છે :

### 1. સેવાઆધારિત આર્થિક - ક્રિયાઓનું વર્ચસ્વ :

અનુ-ઔદ્યોગિક નગરોમાં અર્થવ્યવસ્થામાં ક્ષેત્રે કારખાનાંઓમાં ઉત્પાદનને લગતી આર્થિક ક્રિયાઓને સ્થાને માનવ ઉપયોગી સેવાઓ સાથે સંકળાયેલી આર્થિક ક્રિયાઓનું વર્ચસ્વ વધી જાય છે. એટલે કે જેવી રીતે ઔદ્યોગિક યુગમાં ખેતીવાડી સાથે સંકળાયેલી ક્રિયાઓ ઉપર ઔદ્યોગિક ક્રિયાઓનું

વર્ચસ્વ વધી જાય છે તેવી જ રીતે અનુ-ઔદ્યોગિક અવસ્થામાં ઔદ્યોગિક ક્રિયાઓની તુલનામાં સેવાઓ આપતી આર્થિક ક્રિયાઓ અથવા તૃતિય કક્ષાના વ્યવસાયો (Tertiary Sector of Activities)નું પ્રાધાન્ય વધી જાય છે. બીજા શબ્દોમાં કહીએ તો અનુ-ઔદ્યોગિક નગરોની વસ્તીમાં સક્રિય રીતે રોજગાર ધરાવતી વ્યક્તિઓમાં સેવાઓ બજાવતી વ્યક્તિઓનું પ્રમાણ ઉદ્યોગમાં કામ કરતી વ્યક્તિઓ કરતાં ઘણું વધારે હોય છે. એવી સેવાઓમાં ધંધાકીય કારકિર્દી અને સમાજકલ્યાણ ઉપરાંત હાલમાં સ્થાનિક સ્તરે પૂરા કરવામાં આવતાં કેટલાંક કાર્યોનું વેપારી ધોરણે પૂરાં પાડવામાં આવી જનાર સેવાઓનો સમાવેશ થાય છે.

## 2. જ્ઞાનની શક્તિનો વધતો જતો આધાર :

અનુ-ઔદ્યોગિક નગરોમાં આર્થિક ઉત્પાદનની પ્રક્રિયામાં સંખ્યાત્મક રોકાણોથી ગુણાત્મક રોકાણો તરફનું પરિવર્તન અનિવાર્યપણે અસ્તિત્વમાં આવશે. એટલે કે વિકાસને ગતિ અને પોષણ આપવા અર્થે ભૌતિક સાધનસામગ્રીને સ્થાને ટેકનોલોજીકલ જ્ઞાન અગત્યની ભૂમિકા પૂરી પાડશે. બીજા શબ્દોમાં કહીએ તો નાણાંનો અને કાચા માલના પ્રમાણમાં વૃદ્ધિ થતાં લાભ કરતાં શિક્ષણ અને તાલીમ વડે ઉત્પાદન વધે ઘણો મોટો લાભ પ્રાપ્ત કરી શકાશે. આથી અનુ-ઔદ્યોગિક નગરોના અર્થવ્યવસ્થા 'જ્ઞાનનું રોકાણ કરતી અર્થવ્યવસ્થા' (Knowledge input Economy)નું સ્વરૂપ પ્રાપ્ત કરશે. હાલમાં જ વિખ્યાત ભવિષ્યશાસ્ત્રી (Futurologist) મયુર રશ્મીએ જાપાનમાં એવાં બે નગરોના (ટેકનોપોલિસ) આયોજનમાં પોતાનું યોગદાન આપ્યું છે.

## 3. સામાજિક-ન્યાય આધારિત સમાજવ્યવસ્થાના મંડાણ :

અનુ-ઔદ્યોગિક નગરોમાં મૂડીવાદના પરંપરાગત પ્રશ્નો ઉત્પાદનની નવી વ્યવસ્થા સમક્ષ ટકી રહી શકશે નહીં. આર્થિક અને સામાજિક ક્ષેત્રે આજનાં ઔદ્યોગિક નગરોમાં જોવા મળતા તંત્ર વર્ગભેદ જેવો ભેદ અનુ-ઔદ્યોગિક સમાજમાં દૂર થશે, અને દરેકે દરેકને વાજબી રીતે આર્થિક, સામાજિક અને રાજકીય ન્યાય મળશે, કારણ કે રાજ્યનું કલ્યાણકારી સ્વરૂપ હોવાથી માનવના માનવ દ્વારા થતા કૃત્રિમ શોષણને અટકાવવા માટેની અસરકારક વ્યવસ્થા સ્થપાશે. તેમ છતાં એવું માનવું કે ઔદ્યોગિક યુગમાં જોવા મળતા પ્રવાહો સદંતર નષ્ટ થઈ જશે તો તે યોગ્ય લાગશે નહીં. હકીકતમાં અનુ-ઔદ્યોગિક યુગમાં પણ ઔદ્યોગિક મૂડીનો સંગ્રહ નાનકડા એવા મૂડીપતિ વર્ગના હાથમાં થતો રહેશે. પણ એવા વર્ગમાં વૈજ્ઞાનિક અને ટેકનોલોજીનાં ક્ષેત્રોમાંથી સફળ વ્યક્તિઓની ભરતી શક્ય બનશે.

## 4. કૃત્રિમ રીતે સર્જાયેલી પરિસ્થિતિઓની વધતી જતી પ્રસ્તુતતા :

કુદરત સાથેના સંપર્કના ક્ષેત્રે અનુ-ઔદ્યોગિક નગરો, માનવી જે વાતાવરણમાં ઔદ્યોગિક પદાર્થો પ્રાપ્ત થાય છે તેનાથી સમ્પૂર્ણપણે લગભગ અજાણ થઈ જશે. જે સંસ્થાઓ દફતરો અને મથકોમાં તે કામ કરશે ત્યાં કૃત્રિમ રીતે સર્જાયેલી કુદરતી પરિસ્થિતિઓ જેવાં વાતાવરણમાં સુસ્ત અને ઔપચારિક રીતે જે તે કામ એકધારી રીતે કરતી રહેશે. કામની એવી પરિસ્થિતિઓ કોઈ ભૌતિક કે શારીરિક નુકસાનનો ભય ઊભો થશે નહીં પણ માનસશાસ્ત્રીય તંગદિલીઓનો ભય વધી જશે. તે જ રીતે અનુ-ઔદ્યોગિક નગરમાં શારીરિક શ્રમની તુલનામાં માનસિક શક્તિઓનાં મહત્ત્વ વધી જશે.

## 5. જીવનની સુરક્ષાનો વધતો જતો વ્યાપ :

અનુ-ઔદ્યોગિક નગરોમાં લાંબા સમયના શિક્ષણ અને તાલીમ માટેની સાર્વજનિક વ્યવસ્થાઓ હોવાથી કામ પ્રત્યે લોકોનું વલણ બદલાઈ જશે. એવા શિક્ષણ અને તાલીમ પછી કામની ગેરંટી, નોકરીની સુરક્ષા અને વિના વિક્ષેપે સતત આવક વધતી રહે તેવી વ્યવસ્થા ઊભી થવાથી જનસમાજ આર્થિક સુરક્ષાનો અનુભવ કરશે. આ બાબતમાં જે પરિવર્તન થશે તેમાં ઔદ્યોગિક યુગમાં જે સુરક્ષા એક નાનકડો એવો વર્ગ જ અનુભવતો હોય છે તે જ સુરક્ષાનો વિશાળ જનસમાજ અનુભવ કરશે તે જાતનો હશે.

## 6. પારસ્પરિક અવલંબન ઉપર વધતો જતો આધાર :

અનુ-ઔદ્યોગિક નગરમાં એક બાજુ શિક્ષિત અને તાલીમબદ્ધ વ્યક્તિઓનું સુરક્ષિત એવા ધંધાઓની જરૂરિયાત અને બીજી બાજુ વિવિધ માનવજરૂરિયાતો સંતોષવા માટેની અસરકારક ઉત્પાદન અને વિતરણ વ્યવસ્થા, કે જે માત્ર નગરો પૂરતી જ મર્યાદિત રહેતી નથી, એક એવી પરિસ્થિતિ ઊભી કરશે જે જેમાં રાજકીય સ્તરે આયોજન ટાળી શકાશે નહીં. આ હેતુને પૂરો પાડવા માટે કેન્દ્ર અને રાજ્ય વચ્ચે અસરકારક એવા સહકારના સંબંધો અતિ આવશ્યક બની જશે તેમજ બજારો અને

નગર ઉત્પાદનનાં ક્ષેત્રોમાં પણ હરીફાઈને સ્થાને સહકાર વધુ ઉપયોગી થઈ રહેશે. આ અર્થમાં કહી શકાય છે કે અનુ-ઔદ્યોગિક અર્થવ્યવસ્થાના ક્ષેત્રે જ નહીં પણ નગરની બાંધણી અને તેનાં જુદાં જુદાં પાસાંઓને સ્પર્શતાં ક્ષેત્રોમાં પણ પારસ્પરિક સહકાર જરૂરી થઈ પડશે.

## 7. પરાંના વિસ્તારોનું વર્ચસ્વ :

ઔદ્યોગિક નગરોના પ્રવર્તમાન પ્રવાહોને અનુલક્ષીને એવું કહી શકાય છે કે અનુ-ઔદ્યોગિક નગરોમાં કામ અને રહેઠાણનાં સ્થળો વચ્ચે સ્પષ્ટ ભેદ પડી જશે. એટલે કે નગરના મૂળ વિસ્તારથી લોકો પરા વિસ્તારમાં રહેવાનું પસંદ કરશે. એવી પરિસ્થિતિમાં નગરોની શેરીઓ માત્ર રસ્તાઓનું કામ જ પૂરું પાડશે અને ફુરસદના સમયમાં પાડોશીઓને મળવું કે તેમની સાથે અનૌપચારિક રીતે સમય ગાળવો નગર સમુદાયોમાં ક્યાંય દેખાશે નહીં. હકીકતમાં કામના સમયે નગર અને તેની શેરીઓ સાવ સૂની થઈ જશે.

## ૪. માનસિક તંગદિલી અને હતાશાનો વ્યાપ :

અનુ-ઔદ્યોગિક નગરમાં અતિ યાંત્રિકીકરણ અને શ્રમના સૂક્ષ્મથી સૂક્ષ્મ વિશેષીકરણને કારણે માનવી માનસશાસ્ત્રીય રીતે આર્થિક ક્રિયાઓ વડે સર્જનનો સંતોષ માણી શકશે તેવી પરિસ્થિતિ રહેશે નહીં. એટલે કે ભૌતિક રીતે તેનું જીવન સમૃદ્ધ થશે પણ માનસિક રીતે તે તંગદિલી અને હતાશાનો અનુભવ કરશે. હકીકતમાં ફુરસદનો સમય પણ એટલો વધી જશે કે તેનો સર્જનાત્મક રીતે ઉપયોગ કરવો કઠિન થઈ પડશે. જોકે આવી સ્થિતિ બિન-ભૌતિક સર્જન માટે ખૂબ ઉપયોગી થઈ પડે તેવી હશે પણ ખરેખર માનવી એવું સર્જન કરવામાં પોતાનો ફુરસદનો સમય વાપરશે કે કેમ તે ચોક્કસ પણે કહી શકાય તેમ નથી.

આમ, અનુ-ઔદ્યોગિક નગરોનું જીવન ભૌતિક સમૃદ્ધિ અને માનસિક હતાશાથી મિશ્ર હશે. જોકે એમાંથી નિરાશાવાદી આગાહી કરવાની જરૂર નથી. સાંસ્કૃતિક મૂલ્યો, સમાજ પ્રત્યેની જવાબદારીની ભાવના અને સામાજિક પ્રશ્નોમાં નગરવાસીઓનો રસ અનુ-ઔદ્યોગિક નગરો (The post-industrial cities) માં માનવજીવનની ખુશાલીના ક્ષેત્રે પાયાનું પ્રદાન કરશે, કારણ કે છેવટે નગર માત્ર દુકાનો, ઘરો, કારખાનાંઓ અને બજારો વગેરેના રૂપમાં હોતું નથી. પણ નગરવાસીઓ જે કરે છે તેની એક પેદાશ હોય છે. આથી ભૌતિક પદાર્થો ઉપર નહીં પણ માનવીય તત્ત્વો ઉપર અનુ-ઔદ્યોગિક નગરમાં અર્થપૂર્ણ જીવનનો આધાર રહેલો છે.

## તમારી પ્રગતિ તપાસો

1) નગરોના વર્ગીકરણનું સમાજશાસ્ત્રી મહત્ત્વ શું હોય છે ?

2) નગરોના વસ્તી-વિષયક વર્ગીકરણની મર્યાદાઓ દર્શાવો.

3) કસ્બા અને મહાનગરના સામાજિક-જીવનની તુલનાત્મક સમજ આપો.

4) "પેરાસાઈટીક" નગરો અંગેની વિભાવના પાછળની કઈ વાસ્તવિક્તા હોય છે ?

5) કાર્યોને આધારે મેકન્ઝીએ આપેલ નગરોની વર્ગીકરણની શ્રેણીઓ સમજાવો.

6) વહીવટતંત્રના આધારે નગરોની જુદી-જુદી શ્રેણીઓ વર્ણવો.

7) પૂર્વ-ઔદ્યોગિક નગરના આર્થિક-જીવનની છણાવટ કરો.

૪) ઔદ્યોગિક અને પૂર્વ-ઔદ્યોગિક નગરના ધાર્મિકજીવનની તુલના કરો.

૫) ઔદ્યોગિક નગરમાં સામાજિક-નિયંત્રણના સ્વરૂપની સમજ આપો.

10) પૂર્વ-ઔદ્યોગિક નગરના સમાજ-જીવનની લાક્ષણિકતાઓ દર્શાવો.

11) અનુ-ઔદ્યોગિક નગરની પ્રમુખ ખાસિયતો વર્ણવો.

# એકમ 5 નગરીકરણ અને તેની સંલગ્ન વિભાવનાઓ

- નગરીકરણ : વ્યાખ્યા અને પાસાંઓ
  પ્રાથમિક નગરીકરણ અને દ્વૈતીયિક નગરીકરણ
- અતિનગરીકરણ
  નગરીકરણ અને સ્થળાંતર
  (અ) ગ્રામીણ-સમુદાયોથી નગર સમુદાયોમાંથી નગર સમુદાયમાં સ્થળાંતર
  (બ) નગર-નગર વચ્ચે વસ્તીનું સ્થળાંતર
- ભારતમાં નગરીકરણ અને સ્થળાંતરના પ્રવાહો
- સ્થળાંતરીઓનો નગરમાં વસવાટ
  સ્થળાંતર માટેનાં કારણો
  (i) આર્થિક કારણ
  (ii) નગર પ્રત્યેનું આકર્ષણ
  (iii) લગ્નના રિવાજો
  (iv) ઉચ્ચ શિક્ષણ અને તાલિમ
  (v) રાજનૈતિક કારણ
  (vi) કુદરતી આફત
  સ્થળાંતરીનું નગરીય વાતાવરણમાં અનુકૂલન
  નગરીકરણ અને ઔદ્યોગિકરણ
  નગરીકરણની અસરોના સંદર્ભમાં ગ્રામીણ સમુદાયોનું વર્ગીકરણ

સામાજિક પરિવર્તન અને આર્થિક વિકાસનાં પરિબળોમાં નગરીકરણની પ્રક્રિયા એક મુખ્ય પરિબળ છે. ઔદ્યોગિક ક્રાંતિના ફળ સ્વરૂપે 19મી સદીની શરૂઆતથી જ વિશ્વભરમાં નગરો તથા શહેરોનો ઝડપી ગતિથી વિકાસ થવા માંડ્યો છે, અને નગરજીવનની માનવ-જીવનના ક્રિયાકલાપમાં પડતી વ્યાપક અસરે હવે અનેકાનેક ફેરફાર આણ્યા છે. તેથી 19મી સદીના સામાજિક વિચારકોમાંથી ઘણા વિદ્વાન વિચારકોએ માનવસમાજ અને સભ્યતાના ઈતિહાસમાં નગરોના અભ્યાસને ખાસ સ્થાન આપ્યું છે. આ વિદ્વાનોમાં બોટેરો અને આલ્ફ્રેડ વેબર વગેરેએ વિશ્વના જુદા જુદા સમાજોની સભ્યતાના સંદર્ભમાં નગરોના વિકાસનાં કારણો તથા તે માટેની શરતો તપાસવાનો પ્રયત્ન કર્યો છે. તો સ્પેન્ગલર, ટોયન્બી વગેરેએ વિશ્વના ઈતિહાસને નગર ઈતિહાસ (city-history) તરીકે આલેખવાનો પ્રયત્ન કર્યો છે. પેટ્રિક ગેડીસે નગરને માનવસભ્યતાની આરસીની ઉપમા આપી છે. આ અંગે મમફોર્ડ; જી.એસ.ધુર્યે અને લૂઈ વર્થ અલગ-અલગ સંદર્ભોમાં એવી દલીલ કરે છે કે માનવસભ્યતાનો ઈતિહાસ નગરોના ઈતિહાસ મારફતે જ આલેખાવો જોઈએ, કારણ કે નગર એ તો માનવસભ્યતાનું એક પ્રતીક છે.

આમ, કેટલાંક વિદ્વાનો માનવસભ્યતાના વિકાસમાં નગરને એક નિર્ણાયક પરિબળ તરીકે બિરદાવે છે, તો બીજી બાજુ કેટલાક અન્ય વિદ્વાનો નગરવિકાસને માનવસભ્યતાની પડતીના ચિહ્નરૂપે જુએ છે. અત્રે આપણો હેતુ નગરીકરણની પ્રક્રિયાનો વિગતવાર અર્થ સમજાવવાનો હોવાથી તેની સમજૂતી ઉપરાંત નગરીકરણ સાથે સંકળાયેલી સ્થળાંતર (migration) ની પ્રક્રિયા તથા ઔદ્યોગીકરણ (industrialization)ની પ્રક્રિયાની છણાવટ કરીશું.

## નગરીકરણની વ્યાખ્યા

નગરીકરણ એ નગરસમુદાયના ગત્યાત્મક (dynamic) પાસાને લગતી પ્રક્રિયા છે. સમાજશાસ્ત્રીઓ અને ખાસ કરીને નગર-સમાજશાસ્ત્રીઓમાં 'નગરીકરણ' શબ્દનો એક ચોક્કસ સર્વ-સ્વીકૃત અર્થમાં ઉપયોગ થયો નથી, તે હકીકત નકારી શકાય તેમ નથી. દા. ત., ક્વીન અને કારપેન્ટર (Queen and Carpenter) નગરીકરણનો અર્થ નગરસમુદાય સાથે સંકળાયેલી વિશિષ્ટ જીવનશૈલીથી કરે છે, અને નગરીયતા (urbanism) નો અર્થ નગર-નિવાસ (city-residence) સમજાવવા માટે કરે

છે. પરંતુ લૂઈ વર્થ (Louis Wirth) આ શબ્દનો ઉપયોગ ક્વીન અને કારપેન્ટરથી તદન વિપરીત અર્થમાં કરે છે. બર્ગેલ (Burgel) 'નગરીકરણ' શબ્દનો ઉપયોગ નગરના ગત્યાત્મક પાસાંને અને 'નગરીયતા' (urbanism) શબ્દનો ઉપયોગ નગરના સ્થાયિત્વને સ્પર્શતી શરતો કે પરિસ્થિતિઓને લગતાં પાસાંને સમજાવવા માટે કરે છે. વળી, કેટલાક વિદ્વાનો નગરીકરણનો અર્થ ગ્રામ્ય સમુદાયોની તુલનામાં નગરોની વધતી જતી વસ્તી અને નગરોના ભૌતિક વિકાસ સાથે કરે છે, તો અન્ય કેટલાક વિદ્વાનો નગરીકરણના અર્થ હેઠળ નગરવિકાસની પ્રક્રિયા દરમ્યાન નગરની અન્ય સમુદાયો ઉપર પડતી અસર અને નગરોના વધતા જતા પ્રભુત્વ વગેરેને આવરી લે છે.

સામાન્ય રીતે નગરીકરણની પ્રક્રિયા એ દ્વિમાર્ગી (two-Way process) હોય છે : એક સમસ્ત સમાજના સંદર્ભમાં નગરો અને શહેરોના વિકાસની પ્રક્રિયા અને બીજી ગ્રામીણ સમુદાયોમાં નગરીય જીવનનાં તત્ત્વોનું પ્રસારણ કરતી પ્રક્રિયા. પ્રથમ પરિમાણ (dimension) થી નગરીકરણના અર્થ નગરીય વસ્તીની વૃદ્ધિ (growth of urban population) છે,અને બીજા પરિમાણ (dimension) થી નગરની અસરો હેઠળ આવતાં ગામડાંઓમાં નગરીય તત્ત્વોના પ્રસારણને સમજાવવામાં આવે છે. એરિક લેમ્પર્ડ (Eric Lampard) તેમના લેખ "હિસ્ટોરિકલ આસ્પેક્ટસ્ ઓફ અર્બેનાઈઝેશન'માં કહે છે કે, સામાજિક વિજ્ઞાનોમાં નગરીકરણનો અર્થ ત્રણ સંદર્ભોમાં થતો આવ્યો છે. આ ત્રણ સંદર્ભો તે : (1) વર્તણૂક (behavioural) સંદર્ભ, (2) રચનાત્મક કે બંધારણીય (structural) સંદર્ભ અને (3) વસ્તીવિષયક (demographic) સંદર્ભ. નગરીકરણનો વ્યક્તિની વર્તણૂકના સંદર્ભમાં થતો અર્થ એક વિશિષ્ટ જીવનશૈલીને લગતો હોય છે. આ જીવનશૈલી નગરીય કહેવાય છે, કારણ કે તે નગરની વિશાળ, ગીચ અને પચરંગી વસ્તીની એકી વખતે ઉપસ્થિતિને કારણે સર્જાતા પર્યાવરણમાંથી પ્રકટ થાય છે. પણ તેની અસરો કે તેનો ફેલાવો નગરસમુદાયની ભૌતિક સીમાઓ પૂરતો જ મર્યાદિત રહે છે તેવું નથી. એટલે કે નગરની અસરો નગરની ભૌગોલિક સીમાઓ કરતાં પણ વ્યાપક હોય છે એવું માની ગ્રામ્ય સમુદાયોમાં અને ખાસ કરીને વ્યક્તિની વર્તણૂકમાં નગરીય-જીવનમાં તત્ત્વોનું થતું પ્રસારણ નગરીકરણ તરીકે જોવામાં આવે છે. લૂઈ વર્થ (Louis Wirth), કિંગ્સલે ડેવિસ (Kingsley Davis), નેલ્સ એન્ડરસન (Nels Anderson) તથા એમ. એસ. એ. રાવ (M.S.A. Rao) વગેરે આ અર્થમાં નગરીકરણની સમજૂતી આપી છે.

સંરચનાત્મક સંદર્ભમાં નગરીકરણનો અર્થ સમસ્ત વસ્તીના ક્રિયા-કલાપ ઉપર આધાર રાખે છે. એટલે કે નગરીકરણમાં ખેતીવાડી વિષયક ધંધાઓમાંથી વસ્તીના બિન-ખેતીવાડી વિષયક ધંધાઓમાં વધતા જતા પ્રમાણને સમજાવવામાં આવે છે. આ અર્થમાં દ્વિતીય કક્ષાના ધંધાઓ (Secondary occupations) અને તૃતીય કક્ષાના ધંધાઓ (Tertiary occupation) માં વધતા જતા વસ્તીના પ્રમાણને નગરીકરણના નિર્દેશાંક તરીકે જોયા છે.

વસ્તીવિષયક અભિગમ અન્વયે નગરીકરણને એક નગર અથવા નગરીય કેન્દ્ર (urban centre) માં ઉત્તરોત્તર વસ્તીના વધતા જતા કેન્દ્રીકરણ (population concentration) ની પ્રક્રિયા તરીકે જોવામાં આવે છે. આ અંગે માત્ર વસ્તી અને તેના સ્થળાંતરના સંદર્ભમાં સ્થળ (population and space) એ બે પરિવર્ત્યો ઉપર જ ધ્યાન રહે છે. ફિલિપ હાઉઝર (Philips Hauser), ડડલે ડન્કન (Dudely Duncon), કિન્ગસ્લે ડેવિસ (Kindgsley Davis), ઈ. ઈ. લેમ્પર્ડ E. E. Lampard), ઝકારિયા (Zachariah), બોગ (Bogue) અને આશિષ બોઝ (Ashish Bose) પ્રવિણ વિસારીયા, પ્રણવ બર્ધન અને વત્સલા નારાયણ વગેરેએ આ દૃષ્ટિથી નગરીકરણનો અર્થ અને તેના વિકાસના પ્રવાહો સમજાવવાના પ્રયાસો કર્યા છે.

ટૂંકમા નગરીકરણ એ નગરવિકાસ અને નગરજીવનના ફેલાવાને સ્પર્શતી એક સામાજિક પ્રક્રિયા છે. આજે તે કોઈ એક સમાજ કે પ્રદેશની ખાસિયત રહી નથી. પણ એક વિશ્વવ્યાપી પ્રક્રિયા છે. જોકે સમાજે સમાજે સ્થાનિક પરિસ્થિતિઓ અને આર્થિક વિકાસનાં સ્તરને અનુરૂપ તેની ગતિ અને વ્યાપના ક્ષેત્રે તફાવત જોવા મળે છે.

એલરીઝ (Eldridge) નગરીકરણના વિશ્વવ્યાપી પ્રભાવો અને પરિણામોને લક્ષ્યમાં રાખી નગરીકરણનો અર્થ સમજાવતાં લખે છે કે, આ એ પ્રક્રિયા છે કે જેની અસર હેઠળ ગ્રામ્ય વિસ્તારો નાગરીય રૂપ ધારણ કરતા થાય છે. બર્ગેલ કહે છે કે નગરીકરણ એક એવી પ્રક્રિયા છે કે જેની મારફતે ગ્રામ્ય સમુદાયો નગરીય રૂપ ધારણ કરે છે. બર્સ્ટિડટ (Berstidat) આ પ્રક્રિયામાં નગરોના ઉદ્ભવ અને તેમની વસ્તીના વધતા જતા પ્રમાણનો પણ સમાવેશ કરે છે. પરંતુ મિચેલ (Mitchell) કહે છે કે, નગરીકરણનો અર્થ નગરમાં રહેવાથી વર્તણૂકમાં આવતા ફેરફારો સાથે પણ થઈ શકે છે. બીલ્સ(Beals)ના મત મુજબ નગરીકરણ એટલે કે નગરીય જીવનશૈલીના દબાણ હેઠળ

માનવવ્યવહારમાં આવતા ફેરફારો.

વ્યાખ્યાઓને લક્ષમાં રાખીને નગરીકરણનો અર્થ સમજાવતાં તેનાં નીચે મુજબનાં ત્રણ મુખ્ય પરિમાણો (dimensions) દર્શાવી શકાય છે :

1) નગરસમુદાયોમાં સ્થળાંતર વડે થતી વસ્તીવૃદ્ધિ (population growth of city)
2) સમસ્ત સમાજની વસ્તીમાં ગ્રામ્ય સમુદાયોની તુલનામાં ઉત્તરોત્તર નગરસમુદાયોમાં રહેતા લોકોનું વધતું જતું પ્રમાણ (urban population growth)
3) નગરો અથવા શહેરોની અસર હેઠળ ગ્રામીણ સમુદાયોમાં નગરીય તત્ત્વોનું પ્રસારણ.

નેલ્સ એન્ડરસન (Nels Anderson) નગરીકરણનો અર્થ સમજાવતાં લખે છે કે, નગરીકરણ એક એવી પ્રક્રિયા છે કે જે લોકોના વિચારો, વર્તણૂક અને સામાજિક મૂલ્યોમાં પરિવર્તન લાવે છે. એનો અર્થ એવો થયો કે વ્યક્તિ એક પ્રકારના ધંધામાંથી બીજા પ્રકારના ધંધામાં જાય અથવા એક પ્રકારના સમુદાયમાંથી બીજા પ્રકારના સમુદાયમાં જાય તે નગરીકરણની બાબતમાં ખાસ અગત્યનું હોતું નથી. અગત્યની બાબત ધંધા કે કામ પ્રત્યેના વલણમાં આવતા પરિવર્તન અને સતત બદલાતા એવા શ્રમ-વિભાજનની પ્રક્રિયા સાથે તેના જોડાણ પરત્વેની હોય છે. એટલે (1) કામ પ્રત્યે વેપારિક અથવા આર્થિક હિતનું દષ્ટિબિંદુ કેળવવું, (2) તર્કસંગત રીતે ઉત્પાદનની પ્રક્રિયામાં ભાગ લેવો, (3) ઉપયોગિતાવાદી દષ્ટિબિંદુ અપનાવવું, (4) શ્રમવિભાજન અને કામના વિશેષીકરણ વડે આર્થિક ઉત્પાદનની પ્રક્રિયામાં યોગ્ય સ્થાન પ્રાપ્ત કરવું અને (5) વલણમાં પરંપરાગત જજમાની પ્રથાની પરસ્પર અપેક્ષાઓ અને પરસ્પર અવલંબન કે ધાર્મિક મહત્ત્વનું બંધન નબળું અથવા અલોપ થવું વગેરે નગરીકરણના તત્ત્વો હોય છે.

**પ્રાથમિક નગરીકરણ અને દ્વૈતીયિક નગરીકરણ :**

રોબર્ટ રેડફિલ્ડ અને મિલ્ટન સિન્ગરે (Robert Redfield and miltion Singer) માનવ સભ્યતામાં નગરોની ભૂમિકાની છણાવટ કરવાના આશયથી નગર વિકાસની સાંસ્કૃતિક તત્ત્વો પર પડતી અસરો તપાસવામાં ખાસ રસ દર્શાવ્યો છે. તેઓ નગર-વિકાસ અને નગરીકરણની સાંસ્કૃતિક તત્ત્વોના ક્ષેત્રે દેખાતી અસરોને લક્ષ્યમાં રાખીને શહેરોને સાંસ્કૃતિક નવશોધો(cultural innovation) સાંસ્કૃતિક પ્રસારણ (cultural diffusion) તથા પ્રગતિ (progress)નાં કેન્દ્રો તરીકે બિરદાવે છે.તેઓ નગરવિકાસ કે નગરીકરણની પ્રક્રિયાનાં બે પ્રરૂપો (Patterns) ની ધારણા કરે છે. આ બે પ્રરૂપોને તેઓ પ્રાથમિક નગરીકરણ (Primary urbanization) અને દ્વૈતીયિક નગરીકરણ (secondary urbanization) તરીકે ઓળખાવે છે.

પ્રાથમિક નગરીકરણ (Primary urbanization) એ નગરવિકાસનો તે તબક્કો હોય છે કે જેમાં "લોકસમાજ" (folk-society) નગરીકરણ મારફતે કૃષક અને સંલગ્ન નગર કેન્દ્રનું સ્વરૂપ ધારણ કરે છે. આ પરિસ્થિતિ તે અર્થમાં પ્રાથમિક હોય કે લોક-સમાજની જીવનશૈલી કૃષક અને નગર કેન્દ્રમાં ફેરવાઈ ગયેલી અવસ્થામાં પણ ત્યાંના લોકો મુખ્યત્વે "લોકસમાજ"ની પેઠે નગરીકરણને કારણે ફલિત થતી સંસ્કૃતિના ક્ષેત્રે પણ સાંસ્કૃતિક સમરૂપતા ટકાવી રાખે છે. તેઓ કહેછે કે આ પ્રકારનો વિકાસ ધીમી ગતિએ થાય છે અને તે એક 'પવિત્ર સંસ્કૃતિ' (sacred culture) નું નિર્માણ કરે છે, જે છેવટે પંડિતો કે ધર્મ પુરુષો (literati) દ્વારા કરાતા અર્થઘટન મારફતે બૃહદ-પરંપરા (great tradition) માં ફેરવાઈ જાય છે. આ અર્થમાં પ્રાથમિક નગરીકરણ દરમ્યાન જે સ્થાનિક સંસ્કૃતિ વિકસે છે તે મૂળ લોક-સંસ્કૃતિના પરિઘ (radius) માં જ નગરીય રૂપ ધારણ કરતી જાય છે અને તે ઘરેલુ કે સ્થાનિક સભ્યતા (indigenous civilization) બની જાય છે.

દ્વૈતીયિક નગરીકરણ (secondary urbanization) નો તબક્કો પ્રાથમિક નગરીકરણ પછીનો હોય છે. આ તબક્કે સ્થાનિક નગરીય સભ્યતા ભિન્ન ભિન્ન સંસ્કૃતિઓ અને પૃષ્ઠભૂમિઓમાંથી ઊતરી આવેલા લોકોના સંપર્કમાં આવે છે. એવી પરિસ્થિતિ બે રીતે સર્જાય છે. એક તો સ્થાનિક સંસ્કૃતિક કે જે મહદ્.અંશે નગરીય થઈ ગઈ હોય છે તે પોતાના વિસ્તરણ વડે અન્ય સંસ્કૃતિઓના સંપર્કમાં આવે છે કે પછી બાહ્ય અથવા પરદેશી સંસ્કૃતિના હુમલાનો ભોગ બને છે. દ્વૈતીયિક નગરીકરણ એ માત્ર નવા જ પ્રકારનાં નગરીય જીવન અને સ્થાનિક સંસ્કૃતિ (indigenous culture) વચ્ચેના સંઘર્ષનું નિમિત્ત બનતું નથી. પણ તે નગર અને ગ્રામ્ય સમુદાયોમાં એક જુદા જ પ્રકારની સામાજિક પ્રણાલિકાઓ પણ વિકસાવે છે. આ અર્થમાં દ્વૈતીયિક નગરીકરણનાં પરિણામો સ્થાનિક સંસ્કૃતિ સાથે સુસંગત ન હોય એવા માનસ વડે સ્થાનિક તથા પરંપરાગત સંસ્કૃતિને ક્ષીણ કરી દે છે, અથવા તેને દબાવી દે છે.

રોબર્ટ રેડફિલ્ડ અને મિલ્ટન સિંગરે જે નગરો નગરીકરણની પ્રાથમિક અવસ્થામાં હોય છે તેમને ઓર્થોજેનેટિક નગર (Orthogenetic city) તરીકે અને જે નગરો દ્વૈતીયિક નગરીકરણના તબક્કામાં હોય છે તેમને હેટ્રોજેનેટિક નગર (Heterogenetic city) તરીકે વર્ણવે છે.

બર્ટ હોઝટલીઝ (Bert Hoseltz) પણ પ્રાથમિક અને દ્વૈતીયિક નગરીકરણ અંગે રોબર્ટ રેડફિલ્ડ તથા મિલ્ટન સિંગરની જેમ જ વિચારે છે. પણ તેઓ પ્રાથમિક નગરીકરણ સાથે સંકળાયેલાં નગરોને પેરેસાઈટિક (Parasitic) કે પરાશ્રિત અને દ્વૈતીયિક નગરીકરણ સાથે સંકળાયેલાં નગરોને જનરેટિવ (Generative) નગરો તરીકે સમજાવે છે. હોઝટલિઝ આફ્રિકા, એશિયા અને લેટિન અમેરિકાના સંસ્થાનવાદી યુગ (Colonial Period) નાં નગરોના સંદર્ભમાં કહે છે કે આ નગરોના વિકાસ તેમની અરસપરસના ગ્રામ્ય વિસ્તારોનાં આર્થિક સાધનોને હણી લેવા ઉપર જ શક્ય બન્યો છે. આ અર્થમાં પ્રાથમિક નગરીકરણ ધરાવતાં નગરો વિકાસનાં જનક હોતાં નથી, અને ગ્રામ્ય વિસ્તારોના શોષણ વડે ટકી રહે છે. પરંતુ દ્વૈતીયિક નગરીકરણ સાથે સંકળાયેલાં નગરો આર્થિક વિકાસ અને પરિવર્તનના સ્રોતો હોય છે તથા આસપાસનાં ગ્રામ્ય વિસ્તારોના થતા ટેક્નોલોજીકલ વિકાસ અને નવી નવી શોધો વગેરેનો લાભ ગ્રામ્ય વિસ્તારોને પણ મળે છે, અને તેથી ગ્રામ્ય વિસ્તારોમાં પણ સમૃદ્ધિ તથા વિકાસ શક્ય બને છે.

આમ, નગરીકરણનો અર્થ માત્ર નગરના ભૌતિક વિકાસ કે નગર સમુદાયોમાં તુલનાત્મક રીતે વસ્તીના વધતા જતા પ્રમાણ પૂરતો જ મર્યાદિત નથી, પરંતુ તેનો એક વ્યાપક અર્થ હોય છે. તેમાં સામાજિક-સાંસ્કૃતિક પરિવર્તનોની ઢબ તેમજ માનવજીવન શૈલીમાં આવતાં નગર તરફી પરિવર્તનોનો પણ સમાવેશ થઈ જાય છે.

## અતિનગરીકરણ (overurbanization) : મિથ્યા કે વાસ્તવિકતા

ત્રીજા વિશ્વના દેશોમાં આવેલાં મહાનગરો તથા ઔદ્યોગિક કેન્દ્રોમાં સ્વાસ્થ્ય, રહેઠાણ, પીવાના પાણી, ડ્રેનેઝ, અવરજવરનાં સાધનો, વિજળી ઉપરાંત અન્ય જાહેર સગવડોને સ્પર્શતા ગંભીર પ્રશ્નો તરફ સમાજ વિજ્ઞાનીઓનું ધ્યાન ગયું. તેઓએ નગરવિકાસની પ્રક્રિયા સાથે બંધ બેસે એ રીતે આ તમામ સગવડો નગરવાસીઓને ઉપલબ્ધ થઈ શકે એવી પરિસ્થિતિ રહી નથી આ વિચારમાંથી જ આ દેશોના સંદર્ભમાં અતિનગરીકરણ (Overurbanization) ની વિભાવના ફલિત થઈ. ભારતને લક્ષ્યમાં રાખી કેટલાક વિદ્વાનોએ એવું જણાવ્યું કે ભારત અતિનગરીકરણની સમસ્યાથી પિડાય છે. આ વિધાનના ટેકારૂપે તેઓ નિમ્ન દલિલો પ્રસ્તુત કરે છે :

(1) ભારતના નગરોમાં બેકારી અને અર્ધ-બેકારીનો વિકટ પ્રશ્ન છે અને નગરવાસીઓની આવક વિકસિત દેશોની તુલનામાં ઘણી ઓછી છે. એટલે કે નગરવિકાસની સાથે લોકોને રોજગાર અને માન્ય જીવન ધોરણની તકો આપવા માટેની નગરોની ક્ષમતા રહી નથી.

(2) ભારતના નગરોનો એટલી ઝડપથી વિકાસ થઈ રહ્યો છે કે નગરોની અર્થ વ્યવસ્થા તેનો ભાર ખમી શકે તેમ નથી. એવું પણ કહેવાય છે કે નગરો જરૂરી એવી જાહેર સેવાઓ પૂરી પાડવા માટે અધિશેષ આવક ઊભી કરી શકે તેવું પણ શક્ય નથી.

(3) નગરોમાં વિજળી અને ઉર્જાના અન્ય સ્રોતો, પાણી પુરવઠો, શિક્ષણ, સ્વાસ્થ્ય, અવરજવરનાં સાધનો અને અન્ય સગવડોના અતિશય અભાવથી પિડાય છે તેથી નગરીય જીવનની ગુણવત્તા અને તેમનું ધોરણ વિશાળ જનસમુદાય માટે અત્યન્ત નીચી કક્ષાનું જોવા મળે છે. ભારતમાં અતિનગરીકરણની આ પરિસ્થિતિ ઊભી થવા પાછળનાં કારણો તરીકે એવું કહેવાય છે કે (1) ઔદ્યોગિકરણ અને નગરીકરણની કક્ષા વચ્ચે સુસંગતતા નથી (2) નગરીકરણની પ્રક્રિયા અતિશય ખર્ચાળ હોવાથી આર્થિક વિકાસના દર પર વિપરીત અસર પડે છે, અને (3) મૂળભૂત સાધનો અને સગવડો (Infrastructure) ના અભાવને લીધે વધતી જતી નગરીય વસ્તીને હવે ખમી શકાતી નથી.

જો કે 'નેશનલ ઈન્સ્ટીટ્યૂટ ઓફ અર્બન એફેર્સ'નો અહેવાલ અને અન્ય વિદ્વાનો ભારતના સંદર્ભમાં અતિ નગરીકરણની વિભાવનાની સમીક્ષા કરી એવું ભારપૂર્વક દર્શાવે છે કે આપણે ત્યાં અતિનગરીકરણનો સિદ્ધાંત (over urbanization Thesis) ખરો ઉતરતો નથી. આ મતના સમર્થનમાં ત્રીજા વિશ્વના 94 દેશોનો ઔદ્યોગિકરણ, નગરીકરણની કક્ષા, અર્થવ્યવસ્થાનું પલટાતું સ્વરૂપ અને માથાદીઠ કુલ રાષ્ટ્રીય પેદાશ (GNP) વગેરેને લગતા આંકડાઓનું વિશ્લેષણ કરી એવું દર્શાવવામાં આવ્યું છે કે ભારતમાં થઈ રહેલા નગરીકરણ વિકાસશીલ દેશોના લગભગ 80 ટકા

દેશોમાં જોવા મળતી તરાહ સાથે મેળ ખાય છે. આટલા વિશાળ અને સાર્વત્રિક કહી શકાય તેવા પરિમાણ ઉપરની તરાહને વિપરીત અથવા હાનીકારક ગણાવી શકાય નહીં. તદુઉપરાંત એમ માનવું કે ભારતમાં અતિનગરીકરણને કારણે નગરીય અને ગ્રામીણ સમુદાયો માટે ઉપર્યુક્ત રીતે સાધનો ફાળવી શકાતાં નથી અને તેના લીધે આર્થિક વિકાસની પ્રક્રિયા ઉપર વિપરીત અસર પડે છે, તે પણ ખોટું છે. હકિકતમાં આંકડાઓને આધારે તો એવું જાણવા મળે છે કે 1951-81ના ગાળામાં નગરીકરણનો ઊંચો દર હોવા છતાં માથાદિઠ પેદાશના ક્ષેત્રે 50 ટકા જેટલો વધારો નોંધાયો છે. વળી, ખેતીવાડી અને અન્ય સંલગ્ન ક્ષેત્રોમાંથી રાષ્ટ્રીય ઉત્પાદન ક્ષેત્રે 1951માં જે 60 ટકા જેટલો ભાગ હતો તે ઘટીને 2001માં 25ટકા જેટલો રહ્યો છે. આનો અર્થ એ થયો કે ઔદ્યોગિક વિકાસ અને નગરીકરણની રાષ્ટ્રીય અર્થવ્યવસ્થા ઉપર વિપરીત અસર પડી નથી. હકીકત તો એ છે કે દ્વૈતીયિક ક્ષેત્રે (Secondary Sector) અને તૃતીય ક્ષેત્રે (Tertiary Sectory) ની આર્થિક ક્રિયાઓને લીધે રાષ્ટ્રીય અર્થવ્યવસ્થાનો વિકાસ થયો છે. આર્થિક ક્રિયાઓના આ બન્ને ક્ષેત્રો નગરો અને નગરીકરણ સાથે સંકળાયેલા છે. ભારતમાં નગરીકરણના પ્રવાહોનો ઉંડાણથી અભ્યાસ કરનારા વિદ્વાનો સોવાની (Sovani), આશિષ બોઝ (Ashish Bose), મીલ્સ અને બેકર (Mills and Backer) એવું ભારપૂર્વક દર્શાવે છે કે ભારતમાં અતિનગરીકરણની વિભાવના લાગુ થતી નથી, કારણ કે તેની આર્થિક વિકાસ અને રાષ્ટ્રીય ઉત્પાદન ઉપર વિપરીત અસર પડતી નથી, આજે રાષ્ટ્રની અર્થવ્યવસ્થાના વિકાસમાં નગરીકરણનો અમૂલ્ય ફાળો છે અને આવતા કેટલાક દાયકાઓ સુધી તેની આ ભૂમિકા અગત્યની થઈ રહેશે. જો એવું કોઈ પણ પગલું લેવાયું કે જેથી નગરીકરણની ગતિ ધીમી થાય તો તેની વિપરીત અસર પડશે અને રાષ્ટ્રની અર્થવ્યવસ્થાના વિકાસની ગતિ મન્દ પડી જશે.

જો કે એટલું ખરું કે ભારતના મોટા ભાગના નગરોમાં વસ્તીના અતિશય દબાણને લીધે જાહેર સગવડો પૂરી પાડી શકાતી નથી, પણ તેનો અર્થ એ કરવો કે ભારત અતિનગરીકરણથી પિડાય છે તે યોગ્ય નથી. હકીકતમાં જરૂર તો એ છે કે ઉપલબ્ધ સાધનો અને નાણાંનો એવી રીતે આયોજનબદ્ધ ખર્ચ થાય કે જેથી સુનિયોજીત નગરીય વિકાસને વેગ મળી રહે.

હાલમાં 'અતિનગરીકરણ'ની વિભાવનાથી ભિન્ન એવી "હાઈપર અર્બનાઈઝેશન"ની વિભાવના અસ્તિત્વમાં આવી છે. આ બન્ને વિભાવનાઓની ધારણાઓમાં પાયાનો ભેદ રહેલો છે. એટલે કે 'અતિનગરીકરણ'ની વિભાવનામાં નકારાત્મક (Negative) ઝોક હોય છે અને તેને રાષ્ટ્રીય અર્થ-વ્યવસ્થા ઉપર વિપરીત અસર પાડનાર વાસ્તવિકતા તરીકે સમજાવવામાં આવે છે, પરંતુ 'હાઈપર-અર્બનાઈઝેશન" (Hyper urbanization) ની વિભાવનામાં હકારાત્મક (positive) ઝોક હોય છે અને રાષ્ટ્રની અર્થવ્યવસ્થાના વિકાસમાં તેની અનુકૂલ અસર ગણાવવામાં આવે છે. વળી, આ પ્રવાહ હેઠળ ગ્રામીણ પ્રદેશોમાં રહેતો વિશાળ જનસમુદાય નગરો તરફ સ્થળાંતર કરે છે અને તેથી સમાજ જીવનની તરાહમાં પરિવર્તન આવે છે.

## નગરીકરણ અને સ્થળાંતર :

નગરવિકાસ (urban growth)ના પ્રવાહો દર્શાવતી પ્રક્રિયા તરીકે નગરીકરણ એ મહદ્ અંશે ગ્રામીણ વસ્તીનાં નગરો તરફી સ્થળાંતર સાથે સંકળાયેલી ઘટના છે. ઝીમર મેન (Zimmer man) કહે છે કે પ્રાચીન કાળથી જ નગરો તેમનાં વિકાસ (growth) અને પોતપોતાના વિશાળ કદ (szie) ને ટકાવી રાખવા માટે ગ્રામીણ સમુદાયોથી થતાં વસ્તીના સ્થળાંતર ઉપર આધાર રાખતાં આવ્યાં છે. આ અંગે કેટલાક વિદ્વાનો તો એવું પણ કહે છે કે નગરો એ તો ગ્રામીણ સ્થળાંતરીઓથી જ ઊભરાયેલાં હોય છે. હકીકત પણ એવી જ રહી છે કે આદિકાળથી જ નગરોના અસ્તિત્વમાં આવવાની સાથે એક અથવા બીજા કારણસર ગ્રામ્ય સમુદાયોમાંથી ઓછાવત્તા પ્રમાણમાં ગ્રામીણ વસ્તી નગરોમાં આવતી રહી છે. જોકે દૂર ભૂતકાળના અને પૂર્વઔદ્યોગિક યુગમાં વસ્તીના નગર તરફી સ્થળાંતરનો દર તુલનાત્મક રીતે ઘણો નીચો હતો. પરંતુ આધુનિક ઔદ્યોગિક યુગમાં ગ્રામ્ય સમુદાયોથી નગર સમુદાયો તરફના વસ્તીના સ્થળાંતરે એક પ્રચંડરૂપ ધારણ કર્યું છે. તેથી આધુનિક સમસ્યામાં નગરીકરણ અને નગરવિકાસમાં ગ્રામીણ સમુદાયોથી સ્થળાંતર કરીને આવેલા લોકોનો અભૂતપૂર્વ ફાળો રહ્યો છે.

વ્યાપક અર્થમાં સ્થળાંતર એટલે કે વસ્તીનું એક સ્થળેથી બીજા સ્થળે કાયમી કે હંગામી ધોરણે સામૂહિક કે એકલ-દોકલ સ્તરે થતું પ્રયાણ હોય છે. સ્થળાંતરથી વસ્તીના થતા એવા પ્રયાણમાં કોઈ પણ સમાજ કે સમુદાયમાં બે પ્રવાહો જોવા મળે છે. એક, જે તે સમાજ કે સમુદાય છોડીને કે દેશાંતર

કરીને જનારા લોકોનો પ્રવાહ અને બીજો જે તે સમાજ કે સમુદાયમાં અન્ય સ્થળોથી આવીને રહેનારા લોકોનો સમૂહ. વસ્તીશાસ્ત્રીય (Demograophic) ભાષામાં સ્થળાંતર અંગેના આ પ્રવાહોના સંદર્ભમાં જે લોકો સ્થળાંતર કરીને અન્યત્ર જાય છે તે એમિગ્રેન્ટસ (emigrants) કહેવાય છે, અને જે લોકો દેશાંતર કે સ્થળાંતર કરીને જે તે સમુદાય કે સમાજમાં રહેવા આવે છે તે ઈમ્મિગ્રેન્ટસ (immigrants) કહેવાય છે. દા. ત., ભારતમાં જન્મેલા પણ ભારત છોડીને બીજા દેશોમાં સ્થળાંતર કરી ગયેલા લોકો એમિગ્રેન્ટસ (emigrants) કહેવાય છે : અને બીજા દેશોમાં જન્મેલા પણ ભારતમાં વસવાટ કરવા આવેલા લોકો ઈમ્મિગ્રેન્ટસ (immigrants) કહેવાય છે. પ્રથમ પ્રકારના સ્થળાંતરીઓના પ્રવાહને "આઉટ માઈગ્રેશન"(outmigration) અને બીજા પ્રકારના સ્થળાંતરીઓના પ્રવાહને "ઈન-માઈગ્રેશન" (in-migration) પણ કહેવાય છે. વળી, એક બીજી રીતે જોઈએ તો એમિગ્રેશન દ્વારા સ્થળાંતરીના મૂળ વતનની વસ્તી ઘટે છે, જ્યારે કે ઈમ્મિગ્રેશન દ્વારા જે તે સમાજ કે સમુદાયની વસ્તીમાં વૃદ્ધિ થાય છે. મોટે ભાગે નગરીકરણના એક પોષક પરિબળ તરીકે સ્થળાંતરમાં ઈમ્મિગ્રેશન વડે નગરોની વસ્તીમાં વધતી જતી વૃદ્ધિ હોય છે.

નગરીકરણના સંદર્ભમાં સ્થળાંતરનો સંબંધ જે તે નગરના વિકાસની બાબતમાં મુખ્યત્વે નીચે મુજબના બે પ્રવાહો સાથે હોય છે.

અ) ગ્રામીણ સમુદાયોથી નગર-સમુદાયોમાં વસ્તીનું સ્થળાંતર, અને (બ) એક નગર સમુદાયથી બીજા નગર સમુદાયમાં થતું વસ્તીનું સ્થળાંતર.

### અ) ગ્રામીણ સમુદાયોમાંથી નગર-સમુદાયોમાં સ્થળાંતર :

આધુનિક સમયમાં સ્થળાંતર એ સામાજિક પરિવર્તનનું એક મૂળભૂત પ્રતીક બની ગયું છે, કારણ કે મોટા ભાગના સમાજોમાં સ્થળાંતર અને નગરીકરણ તથા ઔદ્યોગિકરણની પ્રક્રિયા સહગામી બની ગઈ છે. એક જ સમાજના ગ્રામ્ય વિસ્તારોથી નગરો તરફ, એક નગરમાંથી બીજા નગરમાં અને એક રાષ્ટ્રમાંથી બીજા રાષ્ટ્રમાં વસ્તીનું સ્થળાંતર ઓછાવત્તા પ્રમાણમાં મોટા ભાગના સમાજોમાં જોવા મળે છે. આ સદીની શરૂઆતથી જ યુરોપ તથા ઉત્તર અમેરિકાનાં નગરોમાં આ જાતનાં સ્થળાંતર વડે મોટા પાયા પર વસ્તીવૃદ્ધિ થતી આવી છે. અને આજે ત્યાં કુલ વસ્તીના 75 ટકાથી પણ વધુ લોકો નગરોમાં વસે છે, પરંતુ આફ્રિકા, એશિયા અને દ. અમેરિકાના વિકાસશીલ સમાજોમાં પણ આ પ્રક્રિયા ગયા ત્રણ-ચાર દાયકાથી અભૂતપૂર્વ સ્વરૂપે અસ્તિત્વમાં આવી છે.

રેવેન્સ્ટીન (Revenstein) નામના વિદ્વાને સૌથી પ્રથમ ઈ. સ. 1880માં પોતાના લેખ "ધી લૉઝ ઓફ માઈગ્રેશન" (The Laws of Migration) માં સ્થળાંતરને લગતો સિદ્ધાંત આપ્યો છે. તેનો મૂળ હેતુ સ્થળાંતરની દિશા પરત્વેનો પ્રવાહ દર્શાવવાનો હતો. તેથી તેના સિદ્ધાંતમાં સ્થળાંતરના પ્રવાહો (currents of migration) અને પ્રતિપ્રવાહો (counter-currents) ના ખ્યાલો કેન્દ્રસ્થાને છે. પ્રથમ પ્રકારના પ્રવાહો ઔદ્યોગિક અને વૈપારિક કેન્દ્રો તરફી વસ્તીના પ્રસારોને લગતા હોય છે, જ્યારે કે બીજા પ્રકારના પ્રવાહો વિરોધી દિશામાં હોય છે. તેણે કહ્યું કે એક સ્થાપિત નિયમની રૂએ સ્થળાંતરીઓ નાના-અંતરનાં ગામડાંઓમાંથી નગરો તરફ અને નાનાં નગરોથી મોટાં નગરો તરફ જતાં હોય છે. વસ્તીની એવી ગતિશીલતાને કારણે સતત નગરીય વસ્તીમાં ફેરબદલો થતો રહે છે. જોકે રેવેન્સ્ટીન (Revenstein) દૂરનાં સ્થળોએ થતા સ્થળાંતર અંગેની હકીકતનો પણ સ્વીકાર કર્યો છે. પરંતુ તે કહે છે કે આ પ્રકારના સ્થળાંતરમાં સ્થળાંતરીઓ સીધા ઔદ્યોગિક કે વેપારિક ક્રિયાઓના કેન્દ્રસમા મહાનગરમાં જાય છે. તેણે એવું પણ દર્શાવ્યું છે કે નગરીય લોકોની તુલનામાં ગ્રામીણ લોકોમાં સ્થળાંતરની વૃત્તિ વધારે હોય છે. વળી, રેવેન્સ્ટીને એવું પણ કહ્યું કે પુરુષો કરતાં સ્ત્રીઓમાં સ્થળાંતરની વૃત્તિ વધુ હોય છે બર્ગેલ (Bergel) પ્રસ્તુત સિદ્ધાંતની ધારણાઓ અંગે પોતાની પ્રતિક્રિયા કરતાં કહે છે કે ઈંગ્લેન્ડની જે પરિસ્થિતિઓના અનુસંધાનમાં રેવેન્સ્ટીને પોતાનો સિદ્ધાંત વિકસાવ્યો છે તે અપવાદરૂપ પરિસ્થિતિઓ હતી. માટે તેવી જ મૂળ પરિસ્થિતિઓમાં કદાચ રેવેન્સ્ટીનની ધારણાઓ સંપૂર્ણપણે સાચી ઠરે, પણ સાર્વત્રિક રીતે સમય અને સ્થળના ભેદ વિના તે ધારણાઓ ખરી પડે જ તેવું નથી. રેવેન્સ્ટીને જ્યારે પોતાનો અભ્યાસ કર્યો તે વખતે ગ્રામ્ય વિસ્તારોના ધંધાઓ ભાંગી રહ્યા હતા. આખું રાષ્ટ્ર ઝડપથી નગરીકરણ તરફ વધી રહ્યું હતું. જ્યાં ને ત્યાં ઔદ્યોગિક કેન્દ્રો અસ્તિત્વમાં આવ્યાં હતાં, અને આસપાસની ગ્રામીણ વસ્તી આ કેન્દ્રો તરફ ખેંચાવા લાગી હતી, કારણ કે ખેતીવાડીના ક્ષેત્રે થતા ઉત્પાદનની ઓછી કિંમત મળતી હોવાથી અને ગ્રામીણ હુન્નરોની પેદાશો પરદેશથી આયાત કરેલા માલ-સામાન સમક્ષ ટકી રહે તેવું શક્ય ન હતું તેમ છતાં ગ્રામીણ વિસ્તારોથી નગર તરફ લોકોનું સ્થળાંતર ખૂબ જ સાવધાનીભર્યું અને ક્રમિક હતું. પરિણામ સ્વરૂપે એકદમ દૂર દૂરનાં નગરોમાં સ્થળાંતર કરીને જવાનું સાહસ કરનારા લોકો ભાગ્યે જ જોવા

વળગતા હતા. એવી પરિસ્થિતિઓમાં મોટાં નગરોમાં સ્થળાંતરીઓ આસપાસના ગ્રામ્યવિસ્તારોથી કે નાનાં નાનાં નગરોથી આવ્યા હતા. આ રીતે લોકોના ચાલી જવાથી નાનાં નગરોની ઘટતી જતી વસ્તીની પૂર્તિ જે તે નગરના આસપાસનાં ગામડાંઓથી આવતા ગ્રામીણ સ્થળાંતરીઓ દ્વારા થઈ જતી હોવાથી તેમની વસ્તીનું સમતોલન નષ્ટ થઈ જતું નથી. અર્ગેલ કહે છે કે જ્યારે પણ ગમે તે દેશમાં નગરીકરણ અને ઔદ્યોગિકરણની પ્રક્રિયાઓ તીવ્ર સ્વરૂપે આવે છે ત્યારે રેવેન્સ્ટીનના સિદ્ધાંતને લગતી આધારભૂત પરિસ્થિતિઓ મળી આવે છે. હકીકતમાં 19મી સદીના આગળના ગાળમાં વિશ્વના ઘણા વિકસિત દેશોની એવી જ અવસ્થા હતી. અને તેથી જ રેવેન્સ્ટીનનો સિદ્ધાંત વ્યાપક રૂપમાં સ્વીકારવામાં આવ્યો હતો.

વસ્તીના નગર તરફી સ્થળાંતરને લગતી બાબતોમાં આધુનિક સમયના કેટલાક સિદ્ધાંતો માત્ર અંતર (distance) જ લક્ષ્યમાં લેતા નથી, પણ યોગ્ય "તકો" (opportunities) ને પણ એટલી જ અગત્યની ગણાવે છે. આ ક્ષેત્રે ઈ. સ. 1940માં સ્ટાઉફર (Stouffer) અંતરાલ તકો (intervening opportunities) નો સિદ્ધાંત રજૂ કર્યો છે. આ સિદ્ધાંત મુજબ દૂરનાં સ્થળો કે નગરોએ જતા સ્થળાંતરીઓનું પ્રમાણ પ્રત્યક્ષ રીતે તે સ્થળો કે નગરોમાં મળી આવતી 'તકો' ઉપર આધાર રાખે છે અને અંતરાલ તકો જેટલી વધુ હોય છે તેટલા જ પ્રમાણમાં એવું સ્થળાંતર ઓછું થાય છે. પરંતુ આ સિદ્ધાંતની એક મોટામાં મોટી મર્યાદા છે કે 'તકો' કોને કહેવી અને તે કેવી રીતે નક્કી કરવી તે અંગેની સ્પષ્ટતા મળતી નથી.

વળી, સ્થળાંતરમાં 'અંતર અને તકો' (distance and opportunities) ને કેન્દ્રમાં રાખી રોઝ (Rose), મનિઓપોલિસ (Minneapolis) નગરના અભ્યાસના આધારે એવું જણાવ્યું કે સરેરાશ ઉચ્ચ સ્તર કે દરજ્જાના લોકો સારા ધંધાઓ કે સારી તકો હાંસલ કરવા માટે સામાન્ય કે નીચી કક્ષાની આકાંક્ષાઓ ધરાવતા લોકોની તુલનામાં વધુ દૂરનાં સ્થળોએ જવું જ પડે છે. તેમણે એવું તારવ્યું કે નિમ્ન વર્ગના લોકો પોતાના મૂળ વતનથી એક નિશ્ચિત અંતરના સ્થળ દરમ્યાન ઘણી બધી અંતરાલ તકો (intervening opportunities) પ્રાપ્ત કરી લેતા હોય છે, જ્યારે કે ઉચ્ચ વર્ગના લોકોને એવી તકો તે જ અંતરના સ્થળમાં ઝાઝી મળતી નથી. સ્ટબ (Stub) નામના વિદ્વને ડૂલૂથ (Duluth) નગરમાં રોઝ (Rose)નાં તારણોની ચકાસણી કરી અને તેને જાણવા મળ્યું કે નિમ્ન દરજ્જાના સ્થળાંતરીઓની તુલનામાં કારકિર્દીને લગતા ધંધાઓમાં રોકાયેલા લોકો (professionals) અને મેનેજરો વગેરે દૂર દૂરના સ્થળાંતરીઓ હતા.

આલ્ફ્રેડ વેબર (Alfred Weber) રેવન્સ્ટીનના સિદ્ધાંતને થોડાક ફેરફારો સાથે ટેકો આપે છે. તેણે 19મી સદીમાં નગરોના વિકાસ પરત્વે પોતાનો સિદ્ધાંત વિકસાવતાં જણાવ્યું કે, રેલવે માર્ગના ફેલાવાથી દૂર દૂરનાં સ્થળોથી નગર તરફી સ્થળાંતર ઝડપભેર બન્યું છે. તેના સિદ્ધાંતને લગતા નિયમો નીચે મુજબ છે :

1) જે તે સમયે પ્રવર્તમાન સ્થળાંતર (current migration) નગરો તરફી હોય છે, છતાં મોટા ભાગનું સ્થળાંતર નજીકનાં સ્થળો પૂરતું જ હોય છે.

2) સ્થળાંતરીઓ દ્વારા સર કરાતું અંતર તેમના ધ્યેયરૂપ (destination) ગણાતા નગરના દબદબાના પ્રમાણ ઉપર આધાર રાખે છે.

3) સ્થળાંતર કરીને નગરમાં વસવા માટે આવેલા સ્થળાંતરીઓ (immigrants) ની ટકાવારી નગરની મહાનતા (magnitude) ના પ્રમાણમાં જ વધે છે. પરંતુ ગ્રામીણ સમુદાયોમાં તેથી વિપરીત પ્રવાહ રહે છે.

આલ્ફ્રેડ વેબરે (Alfred Weber) ઉપરોક્ત નિયમો અમેરિકન પરિસ્થિતિઓના સંદર્ભમાં આપ્યા છે. જોકે છેલ્લા કેટલાંક દશકાઓથી તે પરિસ્થિતિ ઘણી બદલાઈ ગઈ છે. તો પણ ઈ. સ. 1983માં વુલસ્ટોને (Woolston) અમેરિકાનાં મહાનગરોના અભ્યાસમાં આલ્ફ્રેડ વેબરના નિયમોને ટેકો આપતાં તારણો પ્રાપ્ત કર્યાં છે. વળી લીન સ્મિથ (Lynn Smith) પણ થોડાક ફેરફારો સાથે રેવન્સ્ટીન (Revenstein) ના સિદ્ધાંતોને માન્ય ઠેરવે છે. તે પોતાના સિદ્ધાંતમાં રેવન્સ્ટીને કરેલા 'નિયમો' શબ્દના ઉપયોગને સ્થાને 'સિદ્ધાંત' શબ્દનો ઉપયોગ કરવાનું પસંદ કરે છે. લીન સ્મિથ નગરીકરણ અને સ્થળાંતરના સંદર્ભમાં નીચે મુજબના ચાર સિદ્ધાંતો રજૂ કરે છે :

1) મોટા ભાગના સ્થળાંતરીઓ નજીકના અંતરે જ જાય છે.

2) સ્થળાંતરીઓની નગર સમુદાયોમાં ભળી જવાની પ્રક્રિયા એવી હોય છે કે નગરની આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાંથી લોકો જે તે નગરમાં આવી જાય છે, અને તેમના આવી

જવાથી ગ્રામ્ય સમુદાયોમાં જે વસ્તીની ખોટ પડે છે, તે દૂરના ગ્રામ્ય વિસ્તારોથી સ્થળાંતર કરીને આવેલા લોકોથી પુરાય છે.

3) સ્થળાંતરનો દરેક પ્રમુખ પ્રવાહ ખોટ પૂરી કરે તેવો પ્રતિપ્રવાહ (counter-current) ની શરુઆત કરે છે અને છૂટા પડવાની પ્રક્રિયા (process of dispersion) ભળી જવાની પ્રક્રિયા (process of absorbtion) થી વિપરીત દિશામાં હોય છે.

4) દૂર દૂરનાં સ્થળોએ જતા સ્થળાંતરીઓ સીધા વેપાર અને ઉદ્યોગોનાં મહાકેન્દ્રો (great centres) માં જતાં હોય છે.

આમ, ઉપરોક્ત કેટલાક વિદ્વાનોના વિચારો અને અભ્યાસોનાં તારણોનાં સંદર્ભમાં જોઈએ તો ગ્રામ્ય સમુદાયોથી નગરસમુદાયો તરફના સ્થળાંતરમાં 'અંતર' (distance) એક અગત્યનો પરિવર્ત્ય હોય છે. તેમ છતાં એવું માનવું કે તે 'સમય' અને 'સ્થળ' ના ભેદ વિના હરહંમેશ સ્થળાંતરના પ્રમાણ પરત્વે એક નિર્ણાયક પરિબળ તરીકે કામ કરે છે તે યોગ્ય લેખાશે નહીં. આ અંગે બર્ગેલ કહે છે કે, મોટા પાયા પર વસ્તીનું સ્થળાંતર સડકોની દશા, અવર-જવરનાં સાધનોની ઉપલબ્ધિ અને તેમની પાછળ થતો ખર્ચ, તથા એક સ્થળથી બીજા સ્થળે આવવા-જવામાં વપરાતો સમય વગેરે બાબતો મહત્ત્વનો ભાગ ભજવતી હોય છે. તેઓ જણાવે છે કે સ્થળાંતરમાં ભૌગોલિક અંતર કરતાં સામાજિક સાધનોની ઉપલબ્ધિ કે સગવડતા અગત્યની બાબત હોય છે.

નગરીકરણ અને સ્થળાંતરનો એક બીજો સિદ્ધાંત ગ્રામ્ય સમુદાયોની વિપરીત પરિસ્થિતિઓ અને નગર સમુદાય પરત્વેના આકર્ષણના સંદર્ભમાં સ્થળાંતરના પ્રવાહની છણાવટ કરે છે. આ સિદ્ધાંત સ્થળાંતરને લગતા સાહિત્યમાં 'પુશ-પુલ થિયરી' (Push-Pull Theory) ના નામે-ઘણા સમયથી જાણીતો છે. ડોનાલ્ડ બોગે (Donald Bogue) પોતાના લેખ "ઈન્ટર્નલ માઈગ્રેશન"માં આ સિદ્ધાંતની વિગતવાર ચર્ચા કરી છે. આ સિદ્ધાંત અન્વયે સ્થળાંતરના એક જવાબદાર પરિબળ તરીકે ગામડાંઓની વિપરીત પરિસ્થિતિઓ ગ્રામ્યજનોને નગર તરફી ધકેલે (Push) તે હોય છે. અને બીજું જવાબદાર પરિબળ નગરોમાં મળી આવતી નગરજીવનને લગતી આકર્ષક પરિસ્થિતિઓ (Pull) હોય છે. પ્રથમ પરિબળને કારણે આવતા સ્થળાંતરીઓને નગર આકર્ષતું નથી. પરંતુ તેઓ ગામડાંઓમાં આજીવિકાનાં અપૂરતાં સાધનો કે તેમના સદંતર અભાવને કારણે ત્યાંથી ધકેલાઈને નગરોમાં ઊભરાય છે. આ સ્થળાંતરીઓ એવી આશા સેવતા હોય છે કે નગરમાં કોઈક રીતે તો જિવાશે. બીજા પરિબળને કારણે નગરો તરફ આવતા લોકો નગર જીવનશૈલીથી પ્રેરાઈને નગરોમાં ધસી આવે છે. પરંતુ તેમના મૂળ વતનના ગામમાં તેમની સ્થિતિ પ્રથમ પ્રકારના સ્થળાંતરીઓ જેવી ખરાબ હોતી નથી. જો કે એ. આર. દેસાઈ (A. R. Desai) જણાવે છે કે ભારતમાં આ બીજા પ્રકારની પ્રક્રિયા ખાસ જોવા મળતી નથી.

ડોનાલ્ડ બોગ (Donald Bogue) કહે છે કે જે સ્થળાંતરીઓ ગામડાંની વિપરીત પરિસ્થિતિઓથી ધકેલાઈને નગરોમાં આવે છે તેમની સમક્ષ પસંદગીનો વિકલ્પ રહેતો નથી. પરંતુ નગરો તરફ આકર્ષાઈ (Pull) ને જે સ્થળાંતરીઓ આવે છે તેઓ તુલનાત્મક રીતે ક્યાં જવું અને ક્યાં ન જવું તે અંગેની મોજમાણી શકે છે; વળી, તેઓ કહે છે કે જ્યાં વસ્તીને બહાર ધકેલાતી પરિસ્થિતિઓનું ગંભીર સ્વરૂપ હોય છે ત્યાં પસંદગીનો સવાલ જ ઊભો થતો નથી. બીજા શબ્દોમાં કહીએ તો કોઈપણ સમુદાયથી બહાર જતા સ્થળાંતરીઓના હાથમાં પસંદગીનો વિકલ્પ સીધી રીતે બીજા સમુદાયોમાં કાર્ય કરતાં આકર્ષક પરિબળો (Pulls) ના અનુપાતમાં બદલાતો રહે છે. જ્યારે કે જે તે સમુદાયમાં બહાર ધકેલતી પરિસ્થિતિ (Pushes) જેટલી વધુ પ્રબળ હોય છે તેટલા જ ઓછા પ્રમાણમાં બહાર જતાં સ્થળાંતરીઓના (out-migrants) હાથમાં પસંદગીનો વિકલ્પ રહે છે.

પ્રસ્તુત સિદ્ધાંત (Push-Pull Theory) ને એક જુદા જ દષ્ટિબિંદુથી મેકડોનાલ્ડે (Mac Donald) ઈટાલીના સંદર્ભમાં રજૂ કરતાં જણાવ્યું કે ઈટાલીના કેટલાક ગ્રામ્ય વિસ્તારોમાં નગર તરફી ધકેલતાં પરિબળો ("Push" - factors) ક્રિયાશીલ હોય. છતાં મોટા ભાગના ગ્રામ્યજનોએ કોઈપણ પ્રકારનો પ્રતિબંધ ન હોવા છતાં સ્થળાંતર કર્યું ન હતું. આ શા માટે થઈ શક્યું તે તપાસતાં મેકડોનાલ્ડ (mac Donald) કહે છે કે ગ્રામજનોએ પોતાની આર્થિક સ્થિતિ સુધારવાના પ્રયાસોમાં ગામડાંથી સ્થળાંતર કરી જવાને બદલે વધુ કઠિન શ્રમ કરવાનો વિકલ્પ પસંદ કર્યો હતો.

**બ) નગર-નગર વચ્ચેનું સ્થળાંતર :**

નગરીકરણ અને નગરના વિકાસમાં ગામડાંઓથી નગરો તરફ થતા સ્થળાંતરનું તો આગવું સ્થાન છે જ - પણ જે તે નગરના વિકાસમાં નગર-નગર વચ્ચે થતા સ્થળાંતરનો પણ મહત્ત્વનો ફાળો હોય

છે. કમનસીબે નગરસમાજશાસ્ત્રીય સાહિત્યમાં આ પ્રકારના સ્થળાંતર અંગે ખૂબ ઓછા અભ્યાસો થયા છે. બર્ગેલ આ પ્રકારના સ્થળાંતર પરત્વે નીચે મુજબનાં કેટલાક અગત્યનાં લક્ષણો રજૂ કરે છે.

1) નગર-નગર વચ્ચે થતાં સ્થળાંતરમાં ગ્રામ્ય સમુદાયોથી થતા સ્થળાંતરની તુલનામાં કિશોરવયના લોકોનું સ્થળાંતર ઓછું હોય છે.

2) જે લોકો ભરજુવાની (prime of life) માં હોય છે તેઓમાં એક નગરથી બીજા નગરમાં સ્થળાંતર કરવાની વૃત્તિ તુલનાત્મક રીતે ઊંચી હોય છે. અને આ લોકોની વય 20 થી 40 વર્ષના ગાળાની હોય છે. આ વયજૂથનાં લોકોમાંથી કેટલાક નગરમાં નવો ધંધો કે કારકિર્દી શરૂ કરવા માટે યોગ્ય નાણાંકીય બચત કરી શકવાની સ્થિતિમાં હોય છે. ઘણી વખતે કારકિર્દીના ક્ષેત્રે મળતી બઢતીના કારણે પણ આ વયજૂથનાં લોકો એક નગરથી બીજા નગરમાં જવાનું પસંદ કરે છે. આ જ રીતે બીજા નગરમાં સારી કારકિર્દી કે ધંધાની તકો પણ આ વયજૂથનાં સ્થળાંતર માટે પ્રોત્સાહન આપે છે.

3) મોટા ભાગે નગર-નગર વચ્ચે થતું સ્થળાંતર નાનાં નગરોથી મોટાં નગરો તરફ થાય છે. ભાગ્યે જ મોટાં નગરોથી નાનાં નગરો તરફ આવવાનું લોકો પસંદ કરે છે. જોકે મોટાં નગરોમાં નિષ્ફળતા મળવાથી નાનાં નગરોમાં ધકેલાઈ જવાની શક્યતા નકારી શકાતી નથી, વળી નોકરીમાંથી નિવૃત્તિ પ્રાપ્ત કરતાં વૃદ્ધ લોકોમાં મોટાં નગરોથી નાનાં નગરોમાં આવવાની વૃત્તિ જોવા મળે છે.

4) જેમ જેમ વય વધે છે તેમ તેમ નગર-નગર વચ્ચેના સ્થળાંતરનો દર ઘટતો જોવામળે છે. આમ ઉપર જોયું તે પ્રમાણે યુવાન લોકોમાં સૌથી વધારે સ્થળાંતરની વૃત્તિ જોવા મળે છે.

5) નગર-નગર વચ્ચેના સ્થળાંતરમાં અંતર (distance) કરતાં 'તકો' (opportunities) અગત્યનો ભાગ ભજવે છે. ખાસ કરીને જો નગર કોઈક વિશિષ્ટ પ્રકારની તકો ધરાવતું હોય તો ત્યાં ગમે તે સ્થળેથી લોકો પોતાનું ભાગ્ય અજમાવવા આવે છે. સુરતના હીરા ઉદ્યોગમાં મળી આવતી વિપુલ તકોથી આકર્ષાઈને સૌરાષ્ટ્ર અને બીજાં દૂર દૂરનાં સ્થળોથી સ્થળાંતરીઓ આવ્યા છે. તે જ રીતે ગુજરાત અને દક્ષિણ ભારતનાં કાંઠા-વિસ્તારનાં લાખો લોકો આરબ દેશોમાં જતા થયા છે. મુંબઈમાં દેશના ખૂણે-ખૂણેથી આવેલા લોકો છે.

6) ગુનેગારી, વેશ્યાવૃત્તિ અને એવી જ અન્ય સમાજવિરોધી પ્રવૃત્તિઓમાં ધંધાકીય રીતે સંકળાયેલા લોકો નાનાં નગરોથી મોટાં નગરો તરફ સ્થળાંતર કરે છે, પરંતુ અસહાય એવા રોગોથી પીડાતા લોકો સ્વાસ્થ્ય લાભ અર્થે મોટાં નગરોથી નાનાં નગરોમાં જવાનું પસંદ કરે છે.

7) સરકારી અમલદારો, મોટી મોટી વેપારી સંસ્થાઓ કે જેમનાં દફતરો અનેક નગરોમાં હોય છે, તેમાં કામ કરતા અધિકારીઓ, કોલેજ અને સ્કૂલોમાં કામ કરતા શિક્ષકોમાં પણ નગર-નગર વચ્ચે થતું સ્થળાંતર વિશેષ જોવા મળે છે. વળી કેટલાક ધંધાદારી કલાકારો, સર્કસમાં કામ કરતા કલાકારો અને એવી જ બીજી મંડળીઓના લોકો પણ એવું સ્થળાંતર કરતા રહે છે.

8) કેટલાક લોકોને પોતાની અનિચ્છાએ પણ એક નગરથી બીજા નગરમાં પલાયન કરી જવાની ફરજ પડે છે. દા. ત., તડીપાર જાહેર કરાયેલી વ્યક્તિઓ, ચારિત્ર્યભંગને કારણે કલંકિત થઈ જવાના ભયથી પીડાતી છોકરીઓ કે છોકરાઓ, ગુનેગાર અથવા કોઈક કૌભાંડ સાથે સંકળાયેલી વ્યક્તિ એક નગરથી બીજા નગરમાં પલાયન કરી જવાનું પસંદ કરે છે.

9) બર્ગેલ કહે છે કે એક નગરથી બીજા નગરમાં કેટલાક લોકો શોખ, નવા અનુભવો અને અનુભૂતિઓ મેળવવા અર્થે પણ સ્વેચ્છાએ સ્થળાંતર કરતા હોય છે.

## ભારતમાં નગરીકરણ અને સ્થળાંતર :

ભારતમાં ગ્રામીણ સમુદાયોથી વસ્તીના મહાનગરો તરફી પ્રચંડ ધસારાને કારણે તીવ્ર ગતિએ જોવા મળતું નગરીકરણ તુલનાત્મક રીતે એક નવીન ઘટના છે. હકીકતમાં આપણે આગળ જોઈ ગયા તે પ્રમાણે 1951ની વસ્તી ગણતરી બાદ જ આ ઘટનાની અસરો હેઠળ ભારતનાં નગરો ગ્રામીણ વસ્તીથી ઊભરાઈ રહ્યાં છે. તેની ગંભીરપણે નોંધ લેવામાં આવી. આજે એવા સ્થળાંતરના સંદર્ભમાં જ ભારતનાં નગરીકરણના પ્રવાહો અને પ્રશ્નો સમજી શકાય તેમ છે, એવું સૌ કોઈ દૃઢપણે માનવા લાગ્યા છે. આ બાબતમાં બોગ અને ઝકરિયા (Bogue and Zachariah) એ વિશ્વના નગરીકરણ

વિષે જે મત અભિવ્યક્ત કર્યો છે તે ભારતીય પરિસ્થિતિઓમાં ઘણું સાચું ઊતરે છે. તેઓ કહે છે કે ગામડાંઓમાંથી નગરો તરફનું સ્થળાંતર નગરીકરણ માટે એક અગત્યનું પરિબળ છે. અને એવા સ્થળાંતર મારફતે જ વિશ્વના દેશોમાં ઝડપી નગરીકરણ બન્યું છે. જોકે ભારતમાં અને વિશ્વમાં બીજા કેટલાંક સમાજોમાં જૂના વખતમાં પણ યુદ્ધ, બાહ્ય આક્રમણ, ભૂખમરો, રોગચાળો અને આંતરિક સંરક્ષણનો અભાવ વગેરે કારણોસર ગ્રામીણ લોકો શહેરો અગર નગરો તરફ સ્થળાંતર કરી જતાં તેના પુરાવાઓ મળી આવે છે. પરંતુ તે સમયે એવા સ્થળાંતરીઓનું પ્રમાણ ઓછું હતું અને તેમાં જે તે સમયની પરિસ્થિતિઓ વગેરેના સંદર્ભમાં વધઘટ થતી રહેતી હતી. આ ઉપરાંત પરંપરાગત ભારતમાં લગ્ન ક્ષેત્રે બહિર્લગ્નની પ્રથા પ્રચલિત હોવાથી સ્ત્રીઓનું લગ્ન દ્વારા સ્થળાંતર થતું અને ગ્રામ્ય સમુદાયોમાંથી ઘણી સ્ત્રીઓ લગ્ન થવાથી નગર સમુદાયોમાં કાયમને માટે આવતી. આ રીતે થતું સ્ત્રીઓનું સ્થળાંતર આજે પણ જોવા મળે છે.

ભારતીય પરિસ્થિતિઓને અનુલક્ષીને બોગ અને ઝકરિયાએ નગર તરફી સ્થળાંતરને લગતા નીચે મુજબનાં કેટલાંક મહત્ત્વનાં તારણો આપ્યાં છે :

1) ગામડાંઓમાંથી નગરો તરફનું સ્થળાંતર સાધારણ નથી, પણ એનું એક પ્રચંડ સ્વરૂપ જોવા મળે છે.

2) સ્થળાંતરીઓનો ધસારો ફક્ત મોટાં નગરો કે મહાનગરો પૂરતો જ મર્યાદિત નથી. નાનાં અને મધ્યમ કદનાં નગરો પણ એવા સ્થળાંતરને કારણે ઉભરાઈ રહ્યાં છે. માત્ર ભારતના ભાગલા વખતે કેટલાંક નગરો વિપરીત અસર હેઠળ આવ્યાં હતાં. કારણ કે એવાં નગરોમાંથી ઘણા લોકો પાકિસ્તાન જતા રહ્યા હતા.

3) રાષ્ટ્રીય ચળવળ કે સ્વતંત્રતાની લડતના શરૂઆતના તબક્કામાં ગામડાંમાંથી નગરોમાં આવેલા લોકોમાં પુરુષોનું પ્રમાણ ઘણું વધારે હતું. પરંતુ 1941-51 દરમ્યાન સારી એવી સંખ્યામાં સ્ત્રીઓ પણ ચળવળમાં ભાગ લેવા નગરોમાં સ્થળાંતર કરીને આવી હતી.

4) બેરોજગારીના આંકડા સૂચવે છે કે કેટલાક લોકો પોતાનું નસીબ અજમાવવા નગરોમાં સ્થળાંતર કરીને આવે છે. પરંતુ વર્તમાન સમયમાં નગરોમાં વધતી જતી બેરોજગારીને કારણે એવા સ્થળાંતરમાં કાંઈક મંદતા આવી છે. જોકે મહાનગરો તો આજે પણ ગ્રામીણ વસ્તીના ધસારાને લીધે ઊભરાતાં જાય છે.

5) ભારતમાં નગર તરફી સ્થળાંતરની ઘટનાનું વર્તમાન સ્વરૂપ આશરે 50થી 60 વર્ષ જૂનું છે. તેમ છતાં આજે તે એવી કક્ષાએ પહોંચ્યું છે કે મોટા ભાગે દરેકે દરેક ગામનો કોઈ ને કોઈ રહીશ નગરમાં વસતો જોવા મળે છે. વળી, તેઓ એમ કહે છે કે કૌટુંબિક અને મૂળ ગામડાં સાથેના જીવંત સંબંધોને કારણે નગરનો સફળ સ્થળાંતરી પોતાનાં મૂળ ગામડાંમાંથી અન્ય વ્યક્તિઓને સ્થળાંતર કરાવવું પોતાની સામાજિક ફરજ સમજે છે. વળી, ગામડાના રહીશો ઉત્તરોત્તર નગરીય અર્થવ્યવસ્થા અને સ્થળાંતરમાં મદદરૂપ થાય એવા વિવિધ માર્ગોની જાણકારી પ્રાપ્ત કરતા જાય છે આ અર્થમાં બોગ અને ઝકરિયા એવું કહે છે કે, ભારતમાં પ્રવર્તતી કુટુંબવ્યવસ્થા અને સંસ્કૃતિ નગર તરફી સ્થળાંતર માટે અવરોધક પરિબળ તરીકે કામ કરવાને સહાયક પરિબળોનો ભાગ ભજવે છે.

6) ભારતનાં નગરોમાં 'ફ્લોટિંગ સ્થળાંતર' (floating migration) પણ જોવા મળે છે. એવા સ્થળાંતરમાં રોકાયેલા એ લોકો પણ હોય છે કે જે પોતાનું નસીબ અજમાવવા માટે એક નગરમાંથી બીજા નગરમાં સતત ઘૂમતા રહે છે. આ અંગે એમ. વી. દેશમુખ દિલ્હીના અભ્યાસના આધારે કહે છે કે ત્યાંના સ્થળાંતરીઓમાં 65 ટકા સ્થળાંતરીઓએ 6 થી 15 નગરોમાં પોતાનું નસીબ અજમાવી જોયું હતું.

આશિષ બોઝ વસ્તી ગણતરીના આંકડાઓના વિશ્લેષણ વડે એવું દર્શાવે છે કે નાનાં અને મધ્યમ કદનાં નગરો સ્થળાંતરથી થતા નગરીય વિકાસના ક્ષેત્રે મહાનગરોની તુલનામાં એક પ્રકારની સ્થગિતતા (stagnation) માંથી પસાર થઈ રહ્યાં છે. (Unesco) (યુનેસ્કો)ના હાલના અભ્યાસને આધારે એ માન્યતા ખોટી ઠરે છે કે "સ્ત્રી ગામમાં અને પુરુષ શહેરોમાં. હવે સ્ત્રીઓ રોજગારીના ક્ષેત્રે નગરોમાં સ્થળાંતર કરીને આવે છે. આજે મહાનગરો અને ઔદ્યોગિક કેન્દ્રોમાં જુદા જુદા ક્ષેત્રોમાં કામ કરતી એવી સેંકડો મહિલાઓ જોવા મળે છે.

## સ્થળાંતરીઓનો નગરમાં વસવાટ :

સ્થળાંતર કરીને આવ્યા બાદ મોટા ભાગના સ્થળાંતરીઓની મુખ્ય સમસ્યા વસવાટ અને રોજગાર પ્રાપ્ત કરવાને લગતી હોય છે. ભારતના સ્થળાંતરીઓ વિષે એક નોંધપાત્ર બાબત એ જાણવા મળી છે કે મોટે ભાગે સ્થળાંતરીઓ તદ્દન પરદેશી અથવા અજાણી વ્યક્તિની જેમ નગરોમાં આવતા નથી; પણ સામાન્ય રીતે તેઓ એવાં નગરોમાં જાય છે કે જ્યાં તેમનાં કોઈ સગાં-સંબંધીઓ, મિત્રો અથવા ગામની જાણીતી વ્યક્તિ હોય છે. આથી ભારતમાં સ્થળાંતરને પ્રોત્સાહન આપવામાં સગાં-સંબંધી કે મિત્રોની ભૂમિકા નાનીસૂની નથી. આ અર્થમાં ભારતનાં નગરો પાશ્ચિમાત્ય નગરોથી જુદા પડે છે. એમ. એસ. ગોરેએ પોતાના અભ્યાસ 'ઈમિગ્રેન્ટસ એન્ડ નેબરહૂડસ'માં મરાઠી, હિંદી અને તામિલભાષી સ્થળાંતરીઓ વિષે એવું દર્શાવ્યું છે કે આ સ્થળાંતરીઓ તેમનાં સગાંસંબંધીઓ અને મિત્રોની વિવિધ પ્રકારની મદદ લઈને સ્થળાંતર કરી આવ્યા હતા. વળી, નગરમાં આવ્યા પછી મોટા ભાગના સ્થળાંતરીઓ એવા વિસ્તારોમાં વસવાટ કરે છે કે જ્યાં પોતાના ગામ, ભાષા, જ્ઞાતિ, કે ધર્મના લોકો વસતા હોય છે, કારણ કે એવા લોકો વચ્ચે રહેવામાં તેઓ એક પ્રકારની આપણાપણાની ભાવના (we-felling) અને માનસિક સલામતી ભોગવે છે. સામાન્ય રીતે કોઈ પણ જાતની કાર્યદક્ષતા, ઔપચારિક તાલીમ કે શિક્ષણ વિનાના સ્થળાંતરીઓ આર્થિક રીતે પોતાના રહેઠાણ માટે પૂરતાં સાધનો ફાળવી શકતા નથી કે ઓછી આવકને કારણે ઊંચા ભાડાનાં મકાનો રાખી શકતા નથી. તેથી એવા સ્થળાંતરીઓ જે તે નગરમાં પછાત અને નીચા ગણાતા વિસ્તારોમાં જ્યાં ત્યાં આવેલા ગંદા વસવાટો અને ઝૂંપડપટ્ટીમાં રહેવાનું ચાલુ કરે છે, અને સમય જતાં ત્યાં જ ઠરીઠામ થઈ જાય છે. આને પરિણામે નગરોમાં ઉત્તરોત્તર ગંદા વસવાટો અને ઝૂંપડપટ્ટીઓની સમસ્યા દિવસે દિવસે ઉગ્ર બનતી જાય છે. વળી, ઘણી વખત રોજગારના અભાવમાં શિક્ષિત સ્થળાંતરીઓને પણ એવા ગંદા વસવાટો અને ઝૂંપડપટ્ટીમાં રહેવાની ફરજ પડે છે.

## સ્થળાંતર માટેનાં કારણો :

આપણે જોયું કે ગામડાંઓમાંથી નગરો તરફી સ્થળાંતરમાં મુખ્યત્વે આર્થિક રીતે ગામડાઓની વિપરીત પરિસ્થિતિ કે નગર પ્રત્યેનું આકર્ષણ જવાબદાર હોય છે. તેમ છતાં એવું કહેવું કે સ્થળાંતરીઓ કોઈ એક જ કારણસર પોતાનું મૂળ ગામ છોડીને નગરમાં જતા રહે છે તે હરહંમેશ સત્ય હોતું નથી. હકીકતમાં સ્થળાંતર કરતાં પહેલાં કે સ્થળાંતર દરમ્યાન જે તે સ્થળાંતરી સમક્ષ અનેકાનેક આર્થિક, સામાજિક અને માનસિક પ્રશ્નો ઊભા થાય છે, અને એવા પ્રશ્નોનું યથાયોગ્ય નિરાકરણ કરીને અથવા તો નિરાકરણ થતા પહેલાં પણ તે સ્થળાંતર કરે છે. અહીંયા આપણે સંક્ષિપ્તમાં નગર તરફી સ્થળાંતરને લગતાં કેટલાંક નોંધપાત્ર કારણોની નોંધ કરીશું :

### 1. આર્થિક કારણ :

નગર તરફી સ્થળાંતરનું એક પ્રમુખ કારણ રોજગાર અને આજીવિકાનાં સાધનો પ્રાપ્ત કરવાને લગતું હોય છે. ઘણી વખતે પોતાના મૂળ ગામડામાં રોજગારીનો અભાવ, અર્ધબેરોજગારી કે અન્ય આર્થિક સંજોગવશાત્ પોતાની અનિચ્છાએ પણ સ્થળાંતર કરવાની ફરજ પડે છે. દા. ત., અમેરિકામાં ખેતીવાડી ક્ષેત્રે આવેલા યંત્રીકરણે અને આધુનિકીકરણે દક્ષિણના પ્રદેશોના નીગ્રો લોકોને નગરમાં જવાની ફરજ પાડી. કારણ કે જેમ જેમ ખેતીવાડીમાં યંત્રીકરણ આવતું ગયું તેમ તેમ માનવશ્રમનું મહત્ત્વ ઘટતું ગયું, અને તેના પરિણામે ખેતી માટે ઓછી વ્યક્તિઓની જરૂરિયાત રહી એવી પરિસ્થિતિ વચ્ચે તેમની પાસે એક માત્ર વિકલ્પ ગામ છોડીને નગર તરફ સ્થળાંતર કરી જવાનો રહ્યો. ભારત તેમજ પાકિસ્તાન વગેરે જેવા વિકસતા સમાજોમાં ઉત્તરોત્તર વસ્તીની વૃદ્ધિ થતી હોવાથી આવો પ્રવાહ કાંઈક જુદાં કારણોસર જોવા મળે છે. આ દેશોમાં ગામડાંઓમાં ખેડવા લાયક જમીન ઉપર વધુ ને વધુ વસ્તીનું દબાણ થતું રહેતું હોવાથી એક જ કુટુંબના બધા ભાઈઓ પૂરતો રોજગાર પ્રાપ્ત કરી શકતા નથી. વળી, ત્યાં ખેતી સિવાયના બીજા ધંધાઓ માટેની તકો પણ મળી આવતી નથી. આને કારણે આજીવિકાનું સાધન કે રોજગાર પ્રાપ્ત કરવાના આશયથી લોકો શહેર તરફ ઊભરાય છે. જોકે આ દેશોનાં નગરોમાં રોજગારીની તકો સહેલાઈથી મળી આવતી નથી, અને ત્યાં પણ બેરોજગારીની સમસ્યાઓ તીવ્ર સ્વરૂપ ધારણ કર્યું છે. તેમ છતાં અહીં ગામડાંઓથી લોકો સ્થળાંતર કરીને આવે છે, કારણ કે શહેરો કરતાં ગામડાંઓમાં તેમની સ્થિતિ ઘણી બદતર રહે છે. આ સર્વે જોતાં ટૂંકમાં કહીએ તો ગામડાઓથી નગર તરફી સ્થળાંતરમાં એક પ્રમુખ કારણ આર્થિક બાબતોને લગતું હોય છે. ગોરેએ મુંબઈના સ્થળાંતરીઓના અભ્યાસમાં અને કે. એસ. નાયરે પૂના શહેરના

અભ્યાસમાં આર્થિક બાબતની નોંધ લીધી છે. નાયરે તો જણાવ્યું કે તેમના અભ્યાસ હેઠળના સ્થળાંતરીઓમાં 91 ટકા નોકરી અગર તો રોજગાર અર્થે પૂના શહેરોમાં આવ્યા હતા. નેશનલ સેમ્પલ સર્વેના 1959-60ના વર્ષને લગતા આંકડાઓને આધારે આશિષ બોઝે ભારતનાં નગરોમાં સ્થળાંતર માટેનાં જવાબદાર કારણો તપાસતાં જણાવ્યું કે કુલ સ્થળાંતરીઓના 19.37 ટકા સ્થળાંતરીઓ સ્વેચ્છાએ રોજગારીની શોધમાં નગરોમાં આવ્યા હતા. વળી, બીજા 30.60 ટકા સ્થળાંતરીઓ એવા હતા કે જે કુટુંબની કમાતી વ્યક્તિ ઉપર આશ્રિત વ્યક્તિઓ તરીકે નગરોમાં આવ્યા હતા. 1980 પછીના વર્ષોમાં પણ આ પરિસ્થિતિ બદલાઈ નથી. આ જોતાં આપણે કહી શકીએ કે ભારતમાં નગર તરફી સ્થળાંતરમાં આર્થિક પરિબળ કેન્દ્રસ્થાને હોય છે.

## 2. નગર પ્રત્યેનું આકર્ષણ :

નગર તરફી સ્થળાંતરને લગતું બીજું મહત્ત્વપૂર્ણ કારણ નગર પ્રત્યેનું આકર્ષણ ગણાવી શકાય. કારણ કે નગર આધુનિક જીવનશૈલી અને નવાં નવાં આર્થિક સાહસો કરી સમૃદ્ધ જીવન ગાળવા માટેની જરૂરી તકો ધરાવતું કેન્દ્ર હોય છે. હકીકતમાં મોટાં મોટાં નગરો, ઉચ્ચ શિક્ષણ, ભૌતિક સગવડો, આનંદ-પ્રમોદનાં સાધનો અને સારી નોકરી માટેની વિશાળ તકો ધરાવતા હોવાથી સૌ કોઈને લલચાવે એવા હોય છે. કદાચ નગરના વૈભવ અને જીવનશૈલીથી આકર્ષાઈને જ ગેરહાજર જમીનદાર (absentee Landlord) ગામડામાંની જમીનમાંથી આવક પ્રાપ્ત કરતા હોવા છતાં નગરોમાં રહેવાનું પસંદ કરે છે. અમેરિકાના અને યુરોપના દેશોના સ્વયંસંચાલિત યંત્રીકરણે (automization) ઘણાં લોકોને નગરો તરફ આકર્ષ્યાં છે. વળી, નગરોના ઔદ્યોગિક વિકાસે પણ ઘણા દેશોમાં આર્થિક સાહસિકોને આકર્ષ્યાં છે; કારણ કે ત્યાં જ તેઓ મોટાં મોટાં કારખાનાંઓ અને ફેક્ટરીઓ સ્થાપીને પોતાની મૂડીમાં ઉત્તરોત્તર વૃદ્ધિ કરવામાં સફળ થઈ શકે એવી પરિસ્થિતિઓ મળી આવે છે. આ ઉપરાંત ઉચ્ચ શિક્ષણ વગેરેની તકોથી પ્રેરાઈને પણ કેટલાક લોકો નગર તરફ આકર્ષાય છે અને સ્થળાંતર કરીને ત્યાં રહેવાનું પસંદ કરે છે. ભારતમાં ન્યાત-જાતના ભેદ વિના શહેરોમાં આવેલા એવા ઘણા સ્થળાંતરીઓ મળી આવે છે.

## 3. લગ્નના રિવાજો :

ભારતમાં નગર તરફી સ્થળાંતરમાં ત્રીજું નોંધપાત્ર કારણ ગ્રામીણ સમુદાયની સ્ત્રીઓનાં નગરમાં લગ્ન થવાથી નગરમાં આવીને રહે છે તે પણ ગણાય છે. જોકે આપણે આગળ જોયું તે પ્રમાણે મોટે ભાગે આ રીતનું સ્થળાંતર ટૂંકા અને મધ્યમ અંતરનાં સ્થળોએ થાય છે. આશિષ બોઝ નેશનલ સેમ્પલ સર્વેના આંકડાઓને આધારે જણાવે છે કે ભારતમાં મોટેભાગે સ્ત્રીઓના નગર તરફી સ્થળાંતરમાં લગ્ન એક એ મહત્ત્વનું કારણ હોય છે. આ અંગે કિન્ગસ્લે ડેવિસ એ વર્ષો અગાઉ જણાવ્યું કે ભારત અને પાકિસ્તાનના હિન્દુઓ તથા મુસ્લિમોમાં આ રીતના સ્થળાંતરમાં સમાન પ્રવાહો જોવા મળે છે. જો કે હવે આર્થિક, શૈક્ષણિક અને બીજા અનેક કારણોને લીધે પણ સ્ત્રીઓ નગરોમાં વસવાટ માટે આવે છે.

## 4. ઉચ્ચ શિક્ષણ અને તાલીમ :

ગ્રામ્ય સમુદાયોમાંથી નગરો અને મહાનગરોમાં થતા સ્થળાંતરને લગતું ચોથું કારણ ઉચ્ચ શિક્ષણ અને તાલીમને લગતું ગણાવી શકાય.

સામાન્ય રીતે જે તે પ્રદેશમાં આવેલાં નગરો અને મહાનગરો ઉચ્ચ શિક્ષણનાં કેન્દ્રો હોય છે. ત્યાં જ જુદાં જુદાં ક્ષેત્રોનું ઉચ્ચ શિક્ષણ આપતી સંસ્થાઓ મળી આવે છે. એવી સંસ્થાઓમાં અભ્યાસ કરવા ઉપરાંત કેટલાક લોકો વિવિધ પ્રકારની સેવાઓ આપવાના આશયથી પણ ગામડાંઓ છોડીને નગરોમાં આવે છે. જોકે કુલ સ્થળાંતરીઓમાં એવા શિક્ષણના ઉદ્દેશથી આવેલા સ્થળાંતરીનું પ્રમાણ ઘણું ઓછું હોય છે. છતાં સ્વૈચ્છિક રીતે થતા સ્થળાંતરમાં આની અવગણના કરી શકાય તેમ નથી.

## 5. રાજનૈતીક કારણોસર :

ઘણી વખતે જે તે રાષ્ટ્ર કે પ્રદેશમાં રાજનૈતિક ક્ષેત્રે થતી ઊથલ-પાથલ કે રાજ્યની કેટલીક નીતિઓને કારણે પણ લોકોને એક પ્રદેશ છોડીને બીજા પ્રદેશમાં કે ગામડા છોડીને નગરમાં જવાની ફરજ પડે છે. દા.ત., સંસ્થાનવાદના સમયમાં આફ્રિકાના આદિવાસી વિસ્તારોમાંથી ખાણોમાં, કારખાનાઓમાં તથા સડકો અને મકાનોમાં બાંધકામમાં જરૂરી માનવશ્રમ પૂરો પાડવા માટે બળજબરીથી લોકોને નગરોમાં લાવવામાં આવતા હતા. ભારતમાં બ્રિટિશયુગ દરમ્યાન ઘણા આદિવાસી લોકો અને અન્ય પછાત લોકોને રાજ્યના દમનકારી કાયદાઓ હેઠળ એવી સેવા બજાવવા અર્થે યથાયોગ્ય સ્થળે અને નગરો તરફ સ્થળાંતર કરવાની ફરજ પડતી. પહેલાં અને બીજા વિશ્વયુદ્ધમાં માત્ર યુરોપમાં

જ નહીં પરંતુ બીજા દેશોમાં પણ સ્થળાંતરીઓની સમસ્યા ઊભી કરી છે. બીજા વિશ્વયુદ્ધ બાદ યુરોપમાં સારી એવી સંખ્યામાં લોકો ઈંગ્લેંડ, જર્મની, હોલેંડ, ફ્રાંસ અને સ્વીડન વગેરે દેશોનાં નગરોમાં નોકરી અર્થે સ્થળાંતર વધુ કરીને ગયા તે એક જાણીતી હકીકત છે. એકલા ઈંગ્લેન્ડે જ દશ લાખ કરતાં વધુ લોકોને ભારત, પાકિસ્તાન, વેસ્ટ ઈંડીઝ અને આફ્રિકામાંથી સ્વીકાર્યા. 1949માં સામ્યવાદીઓએ જ્યારે ચીનનો કબજો લીધો ત્યારે ત્યાંથી આશરે 20 લાખ ચીનાઓ સ્થળાંતર કરીને હોંગકોંગમાં જઈને વસ્યા એવું માનવામાં આવે છે. તેજ રીતે 1959માં સામ્યવાદીઓએ ક્યુબાનો કબ્જો લીધોત્યારે પાંચ લાખથી વધુ ક્યુબાવાસીઓએ અમેરિકાનાં નગરોમાં આશ્રય લીધો. 1972માં આશરે 50,000 જેટલા એશિયનો ખાસ કરીને ભારત અને પાકિસ્તાનના લોકોને બળજબરીથી યુગાન્ડામાં હાંકી કાઢવામાં આવ્યા હોવાથી તેઓમાંના મોટા ભાગના નગરોમાં જઈ વસ્યા અને કેટલાક ભારત અને પાકિસ્તાનનાં નગરોમાં પણ આવી ગયા. વળી, ચીને જ્યારે તિબેટનો કબજો લીધો ત્યારે ત્યાંથી ઘણા તિબેટિયનો ભારતના ઉત્તર-પૂર્વનાં નગરોમાં સ્થળાંતર કરી આવી વસ્યા. 1971માં પાકિસ્તાન અને બાંગ્લાદેશ વચ્ચે થયેલા યુદ્ધને કારણે ઘણા નિરાશ્રિતો બાંગલાદેશ છોડીને કલકત્તાની શેરીઓમાં આવી વસ્યા. એવી જ રીતે ભારતનાં ભાગલા વખતે ઘણા નિરાશ્રિતો પાકિસ્તાનથી ભારતનાં જુદાં જુદાં નગરોમાં ઉભરાઈ આવ્યા અને ભારત સમક્ષ નિરાશ્રિતોને સમાવવા માટેની ભયંકર સમસ્યા ઊભી થઈ. યુદ્ધ અને રાજનૈતિક ઊથલપાથલને કારણે થતા એવા સ્થળાંતરના બીજા અનેક દાખલાઓ પણ મળી આવે છે. ઘણી વખતે આ રીતે થતા સ્થળાંતરને કારણે નગરોની વસ્તીમાં ધારણાબહારની ફેરબદલ થાય છે અને તેમાંથી જ અનેક પ્રકારના પ્રશ્નો ઊભા થાય છે. હાલમાં શ્રીલંકા અને ભારતના પંજાબ પ્રદેશમાં પ્રવર્તતી લાંબા સમયની અશાંત પરિસ્થિતિને લીધે, ત્યાંથી પણ લોકો સ્થળાંતર કરીને અન્યત્ર જતા રહ્યા છે.

### ૬. કુદરતી આફત :

સ્થળાંતર માટેનાં જવાબદાર કારણોમાં કુદરતી આફતો જેવી કે પૂરસંકટ, દુષ્કાળ, ભૂખમરો, રોગચાળો, ધરતીકંપ અને વાવાઝોડું વગેરે પણ નોંધપાત્ર કારણો હોય છે. ઘણી વખતે લોકો એવી આફતોના ભયથી કે આફતના કારણે સર્જાયેલા સર્વનાશથી બચવા ખાતર જીવનની સુરક્ષા તેમજ રોજગારી વગેરે પ્રાપ્ત કરવા માટે નગરો તરફ આકર્ષાય છે. થોડા વર્ષો જ ગુજરાતમાં અતિવૃષ્ટિને કારણે સૌરાષ્ટ્રમાં મોરબી વગેરે પાસે આવેલ મચ્છુબંધ તૂટી જવાથી ભારે ખુવારી થઈ, અને ત્યાંના કેટલાક લોકો રાજકોટ તથા બીજાં નગરોમાં સ્થળાંતર કરી ગયા. કચ્છ-ભૂજમાં આવેલ ભૂકંપે જે તારાજી કરી હતી તેને લીધે પણ લોકોએ મોટાપાયે સ્થળાંતર કર્યું હતું. દુષ્કાળ અને ભૂખમરાને કારણે ભારતમાં લાખો ગ્રામીણો નગર તરફ હિજરત કરી ગયા છે એ એક જાણીતી વાત છે. જોકે મોટેભાગે એવી કુદરતી આફતોને કારણે થતું સ્થળાંતર કાયમી હોતું નથી, કારણ કે લોકો જે તે આફત સમાપ્ત થવાની સાથે પોતાના મૂળ સ્થળે પાછા વળી જતા હોય છે. તેમ છતાં કેટલાક લોકો એવી આફતોથી હેરાન-પરેશાન થઈ નગરોમાં વસવાટ કરી લેવાનું પસંદ કરતા હોય છે.

આમ, ગ્રામીણ સમુદાયોથી નગરસમુદાયો તરફના સ્થળાંતર માટે કેટલાંક જુદાં જુદાં કારણો જવાબદાર હોય છે. આ ઉપરાંત સરકારી કે ખાનગી નોકરી, બદલી (transfer) અને વેપારિક અથવા અન્ય સંસ્થાઓ સાથેના કરાર વગેરેને કારણે પણ લોકો નગરોમાં સ્થળાંતર કરી જાય છે. ઉપરોક્ત કારણોમાંથી કેટલાંક કારણો એવાં હોય છે કે જે સ્વેચ્છાએ થતા સ્થળાંતરના સૂચક હોય છે, જ્યારે કે બીજા કેટલાક સ્થળાંતરીને સ્થળાંતર કરવા માટેની ફરજ પાડે છે.

## સ્થળાંતરીનું નગરીય વાતાવરણમાં અનુકૂલન :

સ્થળાંતર એ માત્ર એક સ્થળેથી બીજા સ્થળે જવા અંગેની ભૌગોલિક ગતિશીલતા નથી, તેનાં કેટલાંક સામાજિક-માનસિક પરિણામો પણ હોય છે. ખાસ કરીને જ્યારે સ્થળાંતરી તદ્દન નવા સામાજિક-સાંસ્કૃતિક વાતાવરણ ધરાવતા સમુદાયમાં જાય છે ત્યારે તેની સમક્ષ અનુકૂલનના પ્રશ્નો ઊભા થાય છે. આ અંગે આયઝન સ્ટેટે જણાવ્યું કે ગ્રામ્ય સમુદાયથી નગર સમુદાયમાં જનારા સ્થળાંતરીઓ અનુકૂલનની એક પ્રક્રિયામાંથી પસાર થાય છે, અને શરૂઆતના અપૂર્ણ અનુકૂલનના તબક્કામાંથી ધીમે ધીમે તે સંપૂર્ણ અનુકૂલન તરફ જાય છે. આ પ્રક્રિયાના પ્રારંભિક તબક્કામાં જે સ્થળાંતરીઓની વ્યવસાયિક આવડત ગ્રામીણ અથવા ખેતીવાડી આધારિત અર્થવ્યવસ્થાને બંધબેસતી હોય છે, તેમને શહેરની જટિલ અને વિશેષીકરણવાળી અર્થવ્યવસ્થા અનુકૂળ આવતી નથી. આથી ઘણી વખતે એવા સ્થળાંતરીઓ માટે શરૂઆતમાં અનુકૂલન સાધવું મુશ્કેલ બને છે.

વ્યાવસાયિક અનુકૂલનના પ્રશ્નો ઉપરાંત તેની સમક્ષ નગરનાં સંસ્થાકીય પાસાંઓ જેમાં સ્વૈચ્છિક મંડળો, નાગરિક અને કલ્યાણકારી સંગઠનો, રાજકીય અને ધાર્મિક સંગઠનો તથા અવૈયક્તિક મિત્રાચારીનાં જૂથો વગેરેનો સમાવેશ કરી શકાય, વગેરે સાથે પણ અનુકૂલન સાધી તેમનાં ક્રિયાપ્રણાલિકાઓમાં જોડાવાને લગતા પ્રશ્નો સર્જાય છે જ્યારે આ સંસ્થાઓ અને સંગઠનોની અપેક્ષાઓ તથા ક્રિયા-પ્રણાલિકાઓ તેને માફક આવે તેવીહોતી નથી, ત્યારે તે તંદગિલો અનુભવે છે, અને કેટલીક વખતે તેઓમાં હતાશા પણ આવી જાય છે. તેમ છતાં સ્થળાંતરી ધીમે ધીમે તેના અરસપરસના સામાજિક-સાંસ્કૃતિક વાતાવરણને બંધબેસે એવા સંસ્કૃતિનાં ભૌતિક અને અભૌતિક તત્ત્વોનો સ્વીકાર કરીને શહેરી જીવનને અનુરૂપ કામની ટેવો, પહેરવેશ, બીજાઓ સાથેની વાર્તનિક ઢબો, જીવનશૈલી, ભાષા અને ખાવા પીવાની ટેવ કેળવતો જાય છે. અને શહેરી વાતાવરણ સાથે ઉચિત સમન્વયીકરણ સાધે છે.

એવું પણ બને છે કે જે તે સ્થળાંતરી બાહ્ય રીતે યથાયોગ્ય અનુકૂલન કરી લે છે. પણ આંતરિક રીતે નગરીય પરિસ્થિતિઓ સાથે તેનો મેળ બેસતો નથી. એવા કિસ્સામાં સ્થળાંતરી જે તે શહેરમાં સારું કમાઈ લેતો હોવા છતાં તે નગરીય વાતાવરણથી માનસિક રીતે અલિપ્ત રહે છે. અને પોતાના માદરે વતન જવાની ઈચ્છા જાળવી રાખે છે. એવી માનસિક અવસ્થા ધરાવતા સ્થળાંતરીઓ નગરમાં લાંબા સમયથી રહેતા હોવા છતાં સામાજિક અલગતા અને વિમુખતા અનુભવે છે. ચાર્લ્સ ટીલીએ "માઈગ્રેશન ટુ એન અમેરિકન સિટી"ના અભ્યાસમાં જણાવ્યું છે કે શહેરથી શહેર તરફના સ્થળાંતરીઓ વધુ સારી રીતે નગરમાં અનુકૂલન સાધી શકે છે, કારણ કે તેઓ ગામડાથી શહેર તરફના સ્થળાંતરીઓની માફક સગાં-સંબંધીઓ અને મિત્રાચારી પ્રાથમિક જૂથો પર પરાવલંબી હોતા નથી. વળી, ગામડાના સ્થળાંતરીઓ જ્યારે નગરમાં આવે છે ત્યારે તેઓ સામાજિક રીતે નીચલા સ્તરે રહે છે, અને સ્વયં રીતે શહેરી જીવનનાં અથવા નગરીય વાતાવરણે ઊભી કરેલી પરિસ્થિતિનો સામનો કરવામાં અસમર્થ રહે છે. આથી અનુકૂલન સાધવાની પ્રક્રિયામાં તેમને પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે પોતાનાં સગાંઓ, સાથીઓ કે મૂળ પ્રદેશના લોકોના ટેકાની જરૂર પડે છે. આથી જ નગરમાં ગ્રામીણ સ્થળાંતરીઓનાં સગાંસંબંધીઓ, મિત્રો અને મૂળ સ્થળના લોકોનાં બનેલાં પ્રાથમિક જૂથો અને રહેઠાણના વિસ્તારો વિકસી આવે છે. આ જૂથો અને વિસ્તારોમાં સ્થળાંતરીઓ પરસ્પર ટેકો, સંરક્ષણ અને હૂંફ આપે છે. ઘણી વખતે આવી પારસ્પરિકતાની ભાવના અને સહકાર મળી આવે તે આશયથી નગરમાં જુદાં જુદાં સ્થળાંતરીઓનાં સામાજિક મંડળો અને સંગઠનો ઊભાં થાય છે. ભારતનાં મહાનગરો અને અન્ય મોટાં નગરોમાં જોવા મળતાં જુદાં જુદા રાજ્યોમાંથી આવેલા સ્થળાંતરીઓનાં સામાજિક-સાંસ્કૃતિક સંગઠનો જેવાં કે મહારાષ્ટ્ર મંડળ, આંધ્ર પરિષદ, રાજસ્થાન સેવા સમિતિ, ગુજરાતી સમાજ, તામિલ મંડળ, વગેરેનો ઉલ્લેખ અહીં કરી શકાય. સુરતમાં સૌરાષ્ટ્રના ગ્રામ્ય વિસ્તારોમાંથી સ્થળાંતર કરીને આવેલા સેંકડો હીરાઘસુઓ વરાછા રોડ વિસ્તારમાં કેન્દ્રિત થયા છે અને ત્યાં નાનું સૌરાષ્ટ્ર સર્જાયું છે. અમદાવાદમાં સ્થળાંતર કરીને આવેલા સિંધીઓ સરદારનગર વિસ્તારમાં કેન્દ્રિત થયા છે. આમ જુદા જુદા વિસ્તારોમાંથી આવેલા કે ધર્મ, જાતિ, ભાષા વગેરે બાબતોમાં સામ્ય ધરાવતા સ્થળાંતરીઓના ચોક્કસ વિસ્તારો અને સામાજિક-સાંસ્કૃતિક સંગઠનો ભારતનાં અન્ય નગરોમાં પણ જોવા મળે છે.

કે. એસ. નાયરે પોતાના અભ્યાસ 'એથનિસિટી એન્ડ અર્બનાઈઝેશન'માં પૂના શહેરમાં વસતા દક્ષિણ ભારતના સ્થળાંતરીઓમાં જોવા મળતી અનુકૂલનની પરિસ્થિતિ વિષે સમજૂતી આપી છે. નાયરે નગરીકરણથી સ્થળાંતરીઓની સંસ્કૃતિ વિઘટન પામે છે તે ઉપકલ્પનાને પડકારી છે. તેમનો અભ્યાસ દર્શાવે છે કે પૂનામાં દક્ષિણ ભારતના સ્થળાંતરીઓ પોતાની મૂળ સંસ્કૃતિ જાળવી રાખી શક્યા છે. વળી, સ્થળાંતરીઓની જ્ઞાતિ, ભાષા, પ્રદેશ અને ધર્મ વગેરેએ શહેર સાથે અનુકૂલન સાધવામાં મહત્ત્વનો ફાળો આપ્યો છે. તેઓ પૂનામાં પણ પોતાના સ્વૈચ્છિક, ધાર્મિક અને સાંસ્કૃતિક મંડળો મારફતે નાટક, નૃત્ય, સંગીત, સાહિત્ય અને કલાના ક્ષેત્રે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરીને મૂળ સંસ્કૃતિની બાબતો ચાલુ રાખી શક્યા છે. એવાં સાંસ્કૃતિક મંડળો અને કાર્યક્રમો સ્થળાંતરીઓને આત્મવિશ્વાસ, પોતાની અલગ ઓળખ અને ભાવાત્મક એકતા વગેરે પ્રાપ્ત કરવામાં સહાય કરે છે.

## નગરીકરણ અને ઔદ્યોગીકરણ :

નગરીકરણ સાથે સંકળાયેલી બીજી અગત્યની ઘટના ઔદ્યોગિકરણની છે. આમ તો ઔદ્યોગિકરણની પ્રક્રિયા માનવસભ્યતાના ઈતિહાસમાં 18મી સદીનાં આખરનાં વર્ષોથી જ અસ્તિત્વમાં આવી, છતાં ઔદ્યોગિક ક્રાંતિએ સમાજની કાયા પલટાવી નાખવામાં મૂળભૂત ફાળો આપ્યો છે, તે હકીકત નકારી શકાય નહીં. આથી જ 19મી સદીના સામાજિક વિચારકોએ આ ઘટના તરફ ખાસ ધ્યાન આપ્યું અને ઔદ્યોગિક વિકાસનાં પરિણામોને કેન્દ્રમાં રાખી સમાજોનાં નિશ્ચિત પ્રરૂપો કે પ્રકારોને સમજાવવાના પ્રયત્નો થાય છે. સમાજશાસ્ત્રના ક્ષેત્રે પણ 19મી સદીના કેટલાક વિદ્વાનોએ સમાજોનાં જુદા જુદા પ્રકારો દર્શાવવાના પ્રયત્નો આદર્યા છે. ટોનીઝ (Tonnies) નો ગમાઈન્સ્ચેફ્ટ અને ગેસલસ્ચેફ્ટ (Gemeinchaft And Gessellschaft) નો ખ્યાલ તેમજ એમિલ દુર્ખાઈમ (Emile Durkheim નો યંત્રવત્ એકતા (mechanical solidarity તથા સાવયવી એકતા (organic solidarity) નો ખ્યાલ એક બાજુ ગ્રામીણ કે પ્રાથમિક સ્વરૂપ તથા બીજી બાજુ આધુનિક ઔદ્યોગિક-નગરીય સમાજની સમાજવ્યવસ્થા સમજવામાં મદદરૂપ થાય છે. આ જ રીતે હેનરી મેઈન (Henry Main) નો દરજ્જો વિરુદ્ધ કરાર (status vs. contract) ની માન્યતા ઉપર આધારિત વર્ગીકરણ કે બેકર (Backer) નો ધાર્મિક વિરુદ્ધ બિનસાંપ્રદાયિક (sacred versus secular) ધારણાઓને આધારે સમાજોનું વર્ગીકરણ કે મેક્સ વેબરનો પરંપરા વિરુદ્ધ તર્કસંગત સત્તા (traditional versus rational authority) ની માન્યતાને આધારે સમાજોનું વર્ગીકરણ સમાજમાં ઔદ્યોગિક વિકાસના કારણે આવતા પરિણામોની સમાજવ્યવસ્થા પર પડતી અસરો સમજવામાં મદદરૂપ થાય છે. રોબર્ટ રેડફિલ્ડની લોકનાગરી સાતત્ય (folk-urban continuum) ની ધારણા લોકસમાજોનાં મૂળભૂત વલણોના સંદર્ભમાં આધુનિક ઔદ્યોગિક નગરીય સમાજમાં પ્રવર્તતી સામાજિક વાસ્તવિક્તા સમજવામાં મદદરૂપ થઈ રહે છે ચાર્લ્સ કૂલેનો પ્રાથમિક જૂથ (primary group) અંગેનો ખ્યાલ પણ ઔદ્યોગિક અસરો હેઠળ સામાજિક સંબંધોના ક્ષેત્રે આવતા ફેરફારોની સમજૂતી મેળવવામાં ઉપયોગી અસરો હેઠળ સામાજિક સંબધોના ક્ષેત્રે આવતા ફેરફારોની સમજૂતી મેળવવામાં ઉપયોગી થાય છે. વળી, લૂઈ વર્થનો નગરીય જીવન શૈલીનો સિદ્ધાંત (urbanism as a way of life) ઔદ્યોગિક નગર અને નગરીય જીવનનાં તત્ત્વોની ઊંડી સમજૂતી આપે છે. જ્યારે કે ગિડિયન સ્જોબર્ગ (Gideon Sjoberg) નો પૂર્વ-ઔદ્યોગિક નગર અંગેનો સિદ્ધાંત ઔદ્યોગિકરણની પૂર્વની સમાજવ્યવસ્થા અને તેનાં નગરોનું માળખું સમજવામાં મદદરૂપ થઈ રહે છે. આ વિદ્વાનોના પ્રસ્તુત ખ્યાલો અને સિદ્ધાંતોની વિસ્તૃત ચર્ચા આપણે આ અગાઉ કરી છે. ટાલ્કોટ પારસન્સ (Talcott Parsons) આધુનિક ઔદ્યોગીકરણની અસરોના સંદર્ભમાં સમાજોનું ત્રણ શ્રેણીઓમાં વર્ગીકરણ કરે છે. તેઓ શ્રમવિભાજન અને વિશેષીકરણથી ફલિત થતા વિભિન્નીકરણ (differentiation) ને કેન્દ્રમાં રાખી સમાજ વિકાસની ઉત્ક્રાંતિના તબક્કારૂપે સમાજોનું ત્રણ શ્રેણીમાં વર્ગીકરણ કરે છે. પ્રથમ શ્રેણી કે તબક્કામાં તેઓ આદિવાસી કે પ્રાથમિક સમાજોનો સમાવેશ કરે છે. આ સમાજોમાં ઘણું ઓછું કે નહીંવત્ વિભિન્નીકરણ (differentiation) કાંઈક સ્પષ્ટ થતું હોય છે અને લિપિનો વિકાસ થાય છે. વળી, આ અવસ્થામાં આર્થિક અને રાજકીય વર્ચસ્વ ધરાવતાં શહેરો વિકસી આવે છે. પૂર્વ-ઔદ્યોગિક યુગના યુરોપ, ચીન અને ભારતનાં નગરોનો સમાવેશ આ તબક્કામાં કરવામાં આવે છે. પારસન્સ સમાજ ઉત્ક્રાંતિના ત્રીજા તબક્કામાં આધુનિક સમાજો (modern societies) નો સમાવેશ કરે છે. આ સમાજોમાં તર્કસંગત અર્થવ્યવસ્થા અને શ્રમનું વિશેષીકરણ સૂક્ષ્માતિસૂક્ષ્મ સ્વરૂપ ધારણ કરે છે. ઔદ્યોગીકરણના આ ક્ષેત્રે આ તબક્કામાં આવતા સમાજો અન્ય સમાજોની તુલનામાં સર્વોચ્ચ કક્ષાનો વિકાસ સાધેલા હોય છે. વળી, નગરીકરણની બાબતમાં આ સમાજોમાં વસ્તીનો એક વિશાળ ભાગ નાગરીજીવન ગાળતો હોય છે. પારસન્સ અમેરિકા અને યુરોપના કેટલાક સમાજોનો આ શ્રેણીમાં સમાવેશ કરે છે. કેટલાક વિદ્વાનો એવું પણ કહે છે કે આધુનિક ઔદ્યોગીકરણ અને માનવસભ્યતાના વિકાસનો છેલ્લો તબક્કો નથી અને તેથી પણ સમાજની ઉત્ક્રાંતિની પ્રક્રિયા ચાલુ રહેવાની છે. આથી જે ડેનિયલ બેલે (Denial Bell) અનુ-ઔદ્યોગિક સમાજનો (post-industrial society) ખ્યાલ આપ્યો છે. આ અંગે આપણે આગળ જોયું છે કે અનુ-ઔદ્યોગિક સમાજમાં પદ્ધતિસરની તાલીમ નિષ્ણાતીકરણ અને સંશોધન પર આધારિત ટેક્નોલોજીકલ જ્ઞાન વડે સેવાઓ આપતા ધંધાઓનું વર્ચસ્વ વધી જશે અને ઔદ્યોગિક ઉત્પાદનના ક્ષેત્રે રોકાયેલા લોકોનું પ્રમાણ તુલનાત્મક રીતે ઓછું થઈ જશે.

માનવઈતિહાસમાં ઔદ્યોગિકરણની પ્રક્રિયા તુલનાત્મક રીતે એક નવીન ઘટના છે. તેનો ઉદ્ભવ અને વિકાસ આર્થિક ઉત્પાદનની ટેકનોલોજીના ક્ષેત્રે માનવ અને પશુશક્તિના ઉપયોગને સ્થાને વરાળ અને વીજળીની શક્તિના ઉપયોગ પરત્વેની શોધથી થયો તેમ કહીએ તો ખોટું નથી. આ અર્થમાં ઔદ્યોગીકરણની પ્રક્રિયાનો ઈતિહાસ આશરે 200 વર્ષ જૂનો છે. પરંતુ નગરીકરણ એ એક પ્રાચીન સમયથી જ ચાલતી આવતી પ્રક્રિયા છે. અને તે એક અથવા બીજી રીતે માનવસભ્યતાના વિકાસ સાથે સંકળાયેલી છે. આથી જ વિશ્વના કેટલાક દેશોમાં નગરીકરણની તુલનામાં ઔદ્યોગીકરણની પ્રક્રિયા એક આધુનિક ઘટના છે. જ્યારે કે કેટલાક બીજા દેશોમાં કે જે પછાત ગણાતા દેશો છે ત્યાં ઔદ્યોગીકરણ અને નગરીકરણની પ્રક્રિયા હજી વિકાસના પ્રારંભિક તબક્કે છે.

શહેરીકરણ અને નગરીકરણની પ્રક્રિયા આપણે આગળ જોયું તે પ્રમાણે માત્ર નગર સમુદાયોમાં વસ્તીની વૃદ્ધિ અને તેનાં કેન્દ્રીકરણ પૂરતી જ મર્યાદિત નથી. પણ તેનો અર્થ નગરીય પરિસ્થિતિને લગતી જીવનશૈલીના વિકાસ અને ફેલાવાથી પણ થાય છે. આથી જ વિલ્બર્ટ મૂર કહે છે કે, નગરીકરણ અને ઔદ્યોગીકરણ એકબીજા સાથે સંકળાયેલા હોવા છતાં ઘણી રીતે બંને જુદાં પડે છે. નગરીકરણ ઔદ્યોગીકરણ વગર પણ થઈ શકે છે અને નાના પાયા ઉપરનું ઔદ્યોગીકરણ મોટા નગરોની જટિલતા વગર પણ સંભવી શકે છે. તેમ છતાં વસ્તીનુ કેન્દ્રીકરણ અને ગીચતા ઉદ્યોગો અને નગરોને સાંકળે છે. વિશાળ શહેરોનું અસ્તિત્વ વિશાળ પ્રમાણમાં યાંત્રિક શક્તિના ઉપયોગ વગર શક્ય નથી. તેથી ઔદ્યોગિક વિકાસ અને શહેરી વિકાસ એકબીજા સાથે ગાઢ સંબંધ ધરાવે છે.

સામાન્ય રીતે ઔદ્યોગીકરણનો અર્થ આપીએ તો ઉપર કહ્યું તે મુજબ ઔદ્યોગીકરણ એટલે કે આર્થિક ઉત્પાદન અર્થે શક્તિના નિર્જીવ સ્રોતો (Inanimate sources of power) ના બહોળો ઉપયોગ અને ખેતીવાડી વિષયક ધંધાઓથી બિનખેતીવાડી વિષયક ધંધાઓમાં વસ્તીનું વધતું જતું પ્રમાણ. આ અર્થમાં ઔદ્યોગીકરણ અને નગરીકરણ એકબીજાની સમીપ હોય છે.

માર્ક અબ્રાહમસન (Mark Abrahamson) ઔદ્યોગીકરણની પ્રક્રિયાના ત્રણ અલગ અલગ તબક્કા દર્શાવે છે અને કહે છે કે આ ત્રણ તબક્કા સાથે સંકળાયેલ નગરીકરણની કક્ષા જુદી હોય છે. ઔદ્યોગીકરણનો પ્રથમ તબક્કો પ્રાથમિક અથવા કુદરતી સાધનોનું સીધું શોષણ કરતા ઉદ્યોગો (Primary of extractive Industries) નો હોય છે. આ તબક્કાની પ્રમુખ ખાસિયત એ હોય છે કે માનવીનું કુદરતી સાધનો ઉપર સીધું અવલંબન રહે છે. દા.ત., વન્ય પેદાશોને લગતા ઉદ્યોગો, ખનિજ ઉદ્યોગો કે મત્સ્ય ઉદ્યોગો વગેરે ઔદ્યોગીકરણના પ્રાથમિક તબક્કાઓમાં આવે છે. આ તબક્કામાં જે ઔદ્યોગિક ક્રિયાઓ થાય છે તેમાં સઘન માનવશ્રમની જરૂર રહે છે. એટલે કે જે ઉત્પાદન થાય છે તેમાં ટેકનોલોજીની તુલનામાં માનવશ્રમનું પ્રમાણ ઘણું ઊંચું હોય છે.

ઔદ્યોગીકરણનો બીજો તબક્કો તે હોય છે કે જ્યાં પ્રાથમિક તબક્કામાં ઉત્પન્ન કરેલ વસ્તુઓને કાચા માલ તરીકે વાપરીને વધુ સારી (refined) વસ્તુઓનું ઉત્પાદન થાય છે. કાગળ બનાવતી મિલો ઔદ્યોગીકરણનો બીજો તબક્કો દર્શાવતું શ્રેષ્ઠ ઉદાહરણ પૂરું પાડે છે. આ તબક્કાની ખાસિયત એ હોય છે કે ઉત્પાદનની પ્રક્રિયામાં માનવશ્રમનું મહત્ત્વ કંઈક ઓછું થઈ જાય છે અને ટેકનોલોજી અગત્યનું સ્થાન લઈ લે છે. આ તબક્કો દ્વૈતીયિક ઉદ્યોગો (secondary industries) નો કહેવાય છે. આ પછીનો તબક્કો તૃતીય કક્ષાના ઉદ્યોગો (tertiary industries) ને લગતો હોય છે. માર્ક અબ્રાહમસન (Mark Abrahamson) કહે છે કે ઔદ્યોગીકરણના આ છેલ્લા તબક્કામાં નિષ્ણાત સેવાઓ (specialised services) અથવા સંશોધન અને વિકાસને લગતા જ્ઞાનનું મહત્ત્વ વધી જાય છે.

નગરીકરણના સંદર્ભમાં આ ત્રણે તબક્કાઓ તપાસીએ તો પ્રાથમિક ઉદ્યોગોના તબક્કાઓમાં ઔદ્યોગીકરણ અને નગરીકરણને ખાસ વેગ આપતો નથી, પણ તૃતીય કક્ષાના ઉદ્યોગો (tertiary industries) અને દ્વૈતીયિક ઉદ્યોગો (secondary industries) વિશાળ નગરો અને ઝડપી નગરીકરણને પ્રોત્સાહન આપે છે. આથી જો સમાજોમાં દ્વિતીયક અને તૃતીય કક્ષાના ઉદ્યોગોનો વિકાસ સરળ બને છે ત્યાં નગરીકરણ પણ અદ્વિતીયક ઝડપથી થતું જોવા મળે છે. દા.ત.. જાપાનનો નગર ઈતિહાસ બહુ જૂનો નથી પણ તેની શરૂઆત જાપાનના ઔદ્યોગિક વિકાસથી થાય છે. વિશ્વના બીજા સમાજોની તુલનામાં બીજા વિશ્વયુદ્ધ બાદ જાપાનનો ઔદ્યોગિક વિકાસ એટલો ઝડપી થયો છે કે આજે તેની કુલ વસ્તીના 72.4 ટકા લોકો નગરોમાં રહે છે અને ટોકિયો નગરની ગણના વિશ્વનાં મોટામાં મોટાં નગરોમાં થાય છે. પરંતુ ભારતનાં નગરોનો ઈતિહાસ ઘણો પ્રાચીન હોવા છતાં જાપાનની તુલનામાં ભારતનો ઔદ્યોગિક વિકાસ ઘણી ધીમી ગતિએ થયો છે. તેથી જ ત્યાંનાં

વસ્તીના માત્ર 27.3 ટકા લોકો જ નગરોમાં વસે છે.

ઔદ્યોગિક ક્રાંતિની શરૂઆત 18મી સદીના પાછલા ભાગમાં અને 19મી સદીની શરૂઆતમાં ઈંગ્લેન્ડમાં થઈ હતી. તેથી શરૂઆતમાં આર્થિક ઉત્પાદન વ્યક્તિગત ધોરણે અને તુલનાત્મક રીતે સાદાં ઓજારોથી થતું હતું. 1969માં જેમ્સ વૉટે વરાળશક્તિની શોધ કરી અને વરાળથી ચાલતા એન્જિન અને યંત્રોનું નિર્માણ થવા લાગ્યું. આથી કાપડ વણવા માટે વરાળથી ચાલતા પાવર-લુમ્સ અને સ્ટીલ ઉદ્યોગને લગતા એન્જિન અસ્તિત્વમાં આવ્યાં. વરાળશક્તિથી ચાલતાં એન્જિનો અને યંત્રોને કારણે આર્થિક ઉત્પાદનની ટેકનોલોજીમાં પણ પરિવર્તન આવ્યું. એવા પરિવર્તનના કારણે ઉત્પાદનના ક્ષેત્રે મોટા પાયા પરનાં કારખાનાંઓ નંખાવા લાગ્યાં અને વિપુલ પ્રમાણમાં ઉત્પાદન થવા લાગ્યું. આના જ એક ભાગરૂપે કારખાનાંઓમાં કામ કરવા માટે વધુ ને વધુ શ્રમિકોની જરૂર ઊભી થઈ આગળ જતાં વીજળીની શક્તિની શોધ થતાં વધારે મોટા પાયા પરનાં કારખાનાંઓ અસ્તિત્વમાં આવ્યાં. એવાં કારખાનાંઓમાં કામ કરવા માટે ઉત્તરોત્તર શ્રમિકોની જરૂર વધતી ગઈ અને તેને પહોંચી વળવા માટે ગ્રામીણ પ્રદેશોની તથા દૂર દૂરનાં સંસ્થાન-વિસ્તારોથી શ્રમિકોને નગર તરફ ખેંચી લાવવાના પ્રયત્નો થયા. તેથી શહેરોની વસ્તીમાં ઝડપથી વધારો થવા લાગ્યો, એટલું જ નહીં પણ આર્થિક ઉત્પાદનની વિપુલતાને કારણે સમસ્ત વસ્તીની વૃદ્ધિ પણ ઝડપભેર થવા લાગી. આ અંગે આર્નોલ્ડ ટોયન્બી (Arnold Toynbee) લખે છે કે, ઔદ્યોગિક ક્રાંતિનું સૌથી મહત્ત્વનું પરિણામ એ આવ્યું કે ઝડપથી વસ્તીવૃદ્ધિ થવા લાગી. 1751માં જે ત્રણ ટકાનો વસ્તીવધારો નોંધાયો હતો તેની સામે 18મી સદીના અંત ભાગમાં દસ ટકાનો વધારો જોવામાં આવ્યો અને 19મી સદીની શરૂઆતમાં તે વધીને ચૌદ ટકાનો થયો. ઉત્તરોત્તર વધતી જતી વસ્તીની જરૂરિયાતોને પહોંચી વળવા કારખાનાંઓ તથા ફેક્ટરીઓનું વિસ્તૃતીકરણ થવા માંડ્યું અને તે માટે વધુ ને વધુ કામદારોની જરૂર પડવા લાગી. આ કારખાનાંઓ અને ફેક્ટરીઓ નગરોમાં કેન્દ્રિત થવા લાગ્યાં, જ્યાં વધુ વળતરની આશાએ ગામડાંના લોકો આવવા લાગ્યા. આ રીતે નગરોનો ઔદ્યોગિક વિકાસ અને વસ્તી-વિષયક વિકાસ એકબીજાના પૂરક બની ગયા. આથી જ 18મી સદી પછીના ઈંગ્લેન્ડમાં ઔદ્યોગિક કેન્દ્રો અને નગરીકરણ વચ્ચે સ્પષ્ટ સંબંધ જોવા મળે છે. બર્મિંગહામ, લીડ્ઝ, માંચેસ્ટર અને શેફીલ્ડ વગેરે શહેરોનો વિકાસ આ ઢબે જ થયો છે તેમ કહીએ તો ખોટું નથી. વળી, શહેરોમાં વ્યક્તિવાદ અને ઉદારમતવાદી વિચારસરણીના વધતા જતા વર્ચસ્વ, બેંકિંગ વ્યવસ્થા જોઈન્ટ સ્ટૉક કંપનીની વ્યવસ્થા, કારખાના પદ્ધતિ, મૂડીવાદનો વિકાસ તેમજ વૈજ્ઞાનિક ક્ષેત્રે નવી નવી શોધો, વગેરેએ ઔદ્યોગીકરણની પ્રક્રિયાને વેગ આપ્યો. તેની અસર આર્થિક અને સામાજિક માળખા ઉપર પણ પડવા લાગી અને નગરો ઔદ્યોગિક કેન્દ્રો તરીકે સમસ્ત જગતમાં આગવું સ્થાન પ્રાપ્ત કરવા લાગ્યાં.

ઔદ્યોગિક ક્રાંતિની શરૂઆત ઈંગ્લેન્ડમાં થઈ. પણ ટૂંક સમયમાં જ ફ્રાંસ, જર્મની, અમેરિકા, જાપાન અને યુરોપના અનેક બીજા દેશોમાં તેનું પ્રસારણ થવા લાગ્યું. વળી, એક અન્ય અગત્યની ઘટના એ બની કે યાંત્રિક શક્તિના જ્ઞાનનો ખેતી માટે ઉપયોગ થવા લાગ્યો. આથી ખેતીવાડી પદ્ધતિના ક્ષેત્રે ક્રાંતિકારી ફેરફારો થવા લાગ્યા અને ત્યાં ઓછા માણસોની જરૂર પડવા લાગી. સાથોસાથ નગરોમાં કારખાનાંઓમાં કામ કરવા માટે શ્રમિકોની માંગ તો વધતી જ ગઈ. આથી ગ્રામીણ વસ્તી નગરો તરફ ઊભરાવા લાગી. ઔદ્યોગિક ક્રાંતિને લીધે વાહનવ્યવહાર અને સંદેશાવ્યવહારના ક્ષેત્રે પણ ક્રાંતિકારી પ્રગતિ થઈ. દરિયાઈ માર્ગો અને મુસાફરીના વિકાસ થયો. તેથી સામ્રાજ્યવાદ, સંસ્થાનવાદ અને મૂડીવાદનો વિકાસ અને ફેલાવો સરળ થયો. એટલું જ નહીં પણ જે જે દેશો સાથે સંપર્કો વધતા ગયા ત્યાં ઔદ્યોગીકરણ અને નગરીકરણની અસરો દેખાવા લાગી. હકીકતમાં સમય વહેવા સાથે વધુ ને વધુ દેશોમાં ઔદ્યોગીકરણ અને નગરીકરણની પ્રક્રિયા ઝડપી થતી ગઈ. અભ્યાસોએ એવું દર્શાવ્યું છે કે 19મી સદી સુધીમાં ઈંગ્લેન્ડ અને વેલ્સ ઔદ્યોગીકરણ અને નગરીકરણમાં આગળ હતા. જ્યારે કે 20મી સદીની શરૂઆતમાં અમેરિકા, જર્મની અને ફ્રાંસ અગ્રસ્થાને આવ્યા. બીજા વિશ્વયુદ્ધ બાદ જાપાન અને ઑસ્ટ્રેલિયામાં ઔદ્યોગીકરણને કારણે નગરીકરણ ઝડપથી થવા લાગ્યું. વિશ્વના પછાત કે વિકસતા દેશોમાં પણ ધીમે ધીમે ઔદ્યોગિક વિકાસ અને નગરીકરણના પ્રવાહો સ્પષ્ટ થવા લાગ્યા છે. આજે ઔદ્યોગીકરણના ક્ષેત્રે ત્રીજા વિશ્વના દેશોમાં ભારતની સિદ્ધિ ગણનાપાત્ર થઈ છે.એટલું જ નહીં પણ, વિશ્વના ઘણાં દેશો ભારતના વિકાસને જોઈ આકર્ષાયા છે. તેના પાક રૂપે હાલમાં જ અમેરિકાના પ્રમુખ જ્યોર્જ બુશ ભારતની મુલાકાતે આવ્યા છે, અને ઊર્જા તથા ઈન્ફોર્મેશન ટેકનોલોજીના ક્ષેત્રે ભારત સરકાર સાથે સહકારના મહત્ત્વના કરારો કર્યા છે.

વિલબર્ટ મૂર કહે છે કે ઔદ્યોગીકરણ અને નગરીકરણ વચ્ચેનો સંબંધ સમાજના દષ્ટિએ પૂર્ણ નથી કારણ કે ઔદ્યોગીકરણની ફળશ્રુતિરૂપે ઘણા વિકસતા સમાજોના મોટા કદનાં નગરોએ પ્રચંડ વિકાસ સાધ્યો છે. છતાં જીવનશૈલી અને સાંસ્કૃતિક તથા વહીવટી બાબતોમાં તે 'વિકસેલાં ગામડાં' જેવાં જ લાગે છે. અહીંયાં જ ગામડાંઓમાંથી આવેલ ગેરહાજર જમીનદારો, વ્યાપાર અને વેપારિક ક્રિયાઓ વગેરે કેન્દ્રિત થયેલી હોય છે. આ ઉપરાંત આર્થિક વિકાસમાં મદદરૂપ થાય તેવી બીજી અનેક સગવડ જેવી કે બેંકિંગ વ્યવસ્થા, વીમાની કંપનીઓ, સ્ટોક-એક્ષચેન્જ, સંદેશાવ્યવહારનાં માધ્યમો, શાખની વ્યવસ્થા (credit facilities) અને ગોદામો વગેરે સહેલાઈથી મળી આવે છે. આને કારણે જ ભારતમાં મુંબઈ, કલકત્તા અને કાનપુર અમદાવાદ, સુરત વગેરેનો ઔદ્યોગિક વિકાસ અને ઝડપી વસ્તીવૃદ્ધિ જોવા મળે છે. પરંતુ સમસ્ત સમાજની દષ્ટિથી એવા પ્રવાહો નગરીકરણની બાબતમાં અસમતોલન દર્શાવે છે, કારણ કે જે સમાજનાં અમુક નગરો ઔદ્યોગીકરણ અને સ્થળાંતર કરીને આવતા લોકોને કારણે ઊભરાતાં જાય છે. જ્યારે કે બીજાં નગરો સ્થગિતતા (stagnation) ની અવસ્થામાં આવી જાય છે કે પછી તેમનો વિકાસ તુલનાત્મક રીતે ઘણી ધીમી ગતિથી જ થાય છે. એવી પરિસ્થિતિ હંમેશ જે તે સમાજનાં મહાનગરો જાહેર સગવડો, રહેઠાણ અને કાયદા તથા વ્યવસ્થાની બાબતમાં ભાંગી પડે તેટલી હદ સુધી વિકસી જાય છે.

આપણે જોયું કે ઔદ્યોગીકરણ અને નગરીકરણની પ્રક્રિયાઓ એકબીજાની પર્યાય નથી તેમજ હંમેશ આ પ્રક્રિયાઓ એકબીજા ઉપર અવલંબિત હોય છે તેવું પણ નથી. તેમ છતાં ઔદ્યોગીકરણ અને નગરીકરણ એકબીજાને પ્રોત્સાહન આપે છે તથા વિકાસની પ્રક્રિયામાં સહભાગી રહે છે. આ અર્થમાં વિસ્તૃત સમાજવ્યવસ્થાને લક્ષમાં રાખી આ બંને પ્રક્રિયાઓની અસરો હેઠળ અસ્તિત્વમાં આવતી કેટલીક સમરૂપતાઓ નીચે મુજબ વર્ણવી શકાય છે.

1) ઔદ્યોગીકરણ અને નગરીકરણ એ વસ્તીના ખેતીવાડી વિષયક ધંધાઓમાંથી બિન-ખેતીવાડી વિષયક ધંધાઓમાં થતાં ફેરફાર સાથે સંકળાયેલી પ્રક્રિયાઓ છે. એટલે કે સમાજનું જેમ જેમ ઔદ્યોગીકરણ તથા નગરીકરણ થતું જાય છે, તેમ તે તેની વસ્તીમાં ખેતીવાડીને લગતા ધંધાઓમાં રોકાયેલા લોકોનું પ્રમાણ ઘટતું જાય છે અને દ્વિતીયિક કક્ષાના ધંધાઓ (secondary occupations) માં રોકાયેલા લોકોનું પ્રમાણ ઉત્તરોત્તર વધતું જાય છે.

2) શ્રમવિભાજન અને શ્રમના વિશેષીકરણના ક્ષેત્રે ઔદ્યોગીકરણ તથા નગરીકરણના પરિણામ રૂપે વધતા જતા દરે જટિલતા આવતી જાય છે. દરેકે દરેક વ્યક્તિએ પોતાની રોજગારી પ્રાપ્ત કરવા માટે જરૂરી કૌશલ્ય અને યોગ્યતા કેળવીને આર્થિક ઉત્પાદનની પ્રક્રિયા દરમ્યાન જે તે ક્રિયાનો એક આંશિક ભાગ પૂરો કરવાની નિપુણતા કેળવવી પડે છે.

3) સામાજિક સ્તરપ્રથાના ક્ષેત્રે ઔદ્યોગીકરણ અને નગરીકરણના પરિમાણો સ્વરૂપ સિદ્ધિઓ અને અવૈયક્તિક (impersonal) પરિમાણો (dimensions) ના આધારે થતા સ્તરીકરણનું સ્વરૂપ ઉત્તરોત્તર સ્પષ્ટ થતું જાય છે. જે વ્યક્તિ નિપુણતીકરણ વડે નિપુણતા તે પ્રતિષ્ઠા, સત્તા અને આર્થિક સાધનોના રૂપે ઊંચાં પારિતોષિકો અને સિદ્ધિ પ્રાપ્ત કરે છે અને સમાજનાં ઊંચા સ્તરમાં આવે છે.

4) કૌટુંબિક સંગઠનના ક્ષેત્રે ઔદ્યોગીકરણ અને નગરીકરણની પરિસ્થિતિઓ વચ્ચે સંયુક્ત કે વિસ્તૃત કુટુંબ વ્યવસ્થા (extended family) બંધબેસતી નથી. હકીકતમાં પતિ-પત્ની અને તેમનાં કે દત્તક લીધેલાં બાળકોનાં બનેલાં નાનાં નાનાં કુટુંબો સ્વાભાવિક રીતે જ ઔદ્યોગીકરણ-નગરીય સમાજવ્યવસ્થા ધરાવતા સમુદાયોને અનુકૂળ થઈ આવે છે. ભારતીય નગર પરિસ્થિતિઓમાં પ્રો. આઈ. પી. દેસાઈ, એમ. એસ. ગોરે, કે. એમ. કાપડિયા અને એલન રોસ (Ross) ના સંયુક્ત કુટુંબવ્યવસ્થાને લગતા અભ્યાસોએ રચનાત્મક રીતે એવાં નાનાં કુટુંબોમાં પલટાતા સ્વરૂપ તરફ ધ્યાન આકર્ષિત કર્યું છે. હાલમાં પ્રો. એ. આર. દેસાઈના અભ્યાસે પણ નગરીય પરિસ્થિતિઓમાં એવાં નાનાં કુટુંબો તરફ દિશાસૂચન કર્યું છે.

5) જમીનના ઉપયોગની તરાહ અંગે જોઈએ તો ઔદ્યોગીકરણ અને નગરીકરણના પરિણામ સ્વરૂપે ઉત્તરોત્તર જમીનનું મૂલ્ય વધતું જાય છે. જે વ્યક્તિ કે સંસ્થાઓ આર્થિક રીતે જમીનનો શ્રેષ્ઠથી શ્રેષ્ઠ ઉપયોગ કરી શકે છે એવી વ્યક્તિઓ કે સંસ્થાઓના હાથમાં જમીનની માલિકીને લગતા હક્કો જતા હોય તેવા પ્રવાહો અસ્તિત્વમાં આવે છે. વળી, ઔદ્યોગિક કેન્દ્રો તરીકે પ્રસિદ્ધ થયેલાં નગરોમાં જમીનનો વિશેષીકરણને આધારે ઉપયોગ થવા લાગે છે અને ઔદ્યોગિક વિસ્તારો, રહેઠાણના વિસ્તારો, વેપારિક ક્રિયાઓના વિસ્તારો તેમજ વહીવટી

દફતરોના વિસ્તારો વગેરે નગરવિકાસની પ્રક્રિયા દરમ્યાન સ્વાભાવિક રીતે જ અલગ અલગ વિકસી આવે છે. આથી ઔદ્યોગિક અને નગરીય પરિસ્થિતિઓમાં કામનાં સ્થળો અને રહેઠાણનાં સ્થળો અલગ અલગ થઈ જાય છે. ઘણી વખતે વ્યક્તિને લાંબું અંતર કાપીને રોજેરોજ પોતાના ઘરેથી કામના સ્થળે જવું પડે છે.

6) ઔદ્યોગીકરણ અને નગરીકરણને લીધે જે તે મહાનગરની આસપાસ પરાં વિસ્તારના વિકાસ થાય છે.ઔદ્યોગીકરણના વિકાસના કારણે એક બાજુ નગરોનો વિકાસ પ્રચંડ ગતિએ વધવા લાગ્યો છે અને બીજી બાજુ નગરોમાં ઉત્તરોત્તર વસ્તીના વધતા જતા દબાણને કારણે યોગ્ય રહેઠાણના પ્રશ્નો ઉગ્ર બનતા ગયા. તેવી પરિસ્થિતિમાં નગરોની આસપાસ પરાં વિસ્તારોમાં વિકાસ થવા લાગ્યો. આ વિસ્તારો સંપૂર્ણપણે રહેઠાણના વિસ્તારો હોય છે, અને ત્યાંની વસ્તી વિવિધ રીતે જે તે નગર અને તેના ઉદ્યોગો ઉપર અવલંબિત રહે છે અને અર્નેસ્ટ માઉરરે (Earnest Mower) અમેરિકાના શિકાગો નગરની આસપાસ આવેલા એવા પરાં વિસ્તારોનો અભ્યાસ કર્યો અને જણાવ્યું કે ત્યાં વસતા લોકો પોતાનાં બાળકોના ઉછેર માટે અને શાંત જીવન ગાળવા અર્થે નગરમાં આવેલા વિસ્તારો કરતાં પરાંના વિસ્તારોમાં રહેવાનું વધુ પસંદ કરે છે. હારલન ડગલાસ (Harlan Duglass) એવા પરાં વિસ્તારોનું વર્ણન કરતાં કહે છે કે તે એવું નગર હોય છે કે જે નગર હોવાનાં પરિણામોથી દૂર રહેવાનું પસંદ કરે છે.

7) સ્થાનિક કર (Taxation) ની બાબતમાં પણ ઔદ્યોગિક-નગરીય તરીકે વિખ્યાત થયેલાં કેન્દ્રો કેટલાંક સરખા પ્રશ્નો અનુભવતા હોય છે. જેમ જેમ નગરનો વિસ્તાર વધતો જાય છે તેમ તેમ આપણે ઉપર જોયું તે મુજબ, તેના આસપાસના વિસ્તારો વિવિધ રીતે નગર સાથે સંકળાતા જાય છે અને તેની સગવડતાનો ભાગો લાભ લેતા હોય છે. ઘણી વખતે એવાં નજીકનાં ગામડાઓમાં માત્ર રહેઠાણો જ વિકસતાં નથી, પણ ત્યાં ઔદ્યોગિક એકમો પણ વિકસે છે. ત્યાંની જમીનનું મૂલ્ય ઘણું ઊંચું હોય છે. ગુણાત્મક રીતે કહીએ તો નગરની આસપાસ આવેલાં એવાં કેન્દ્રો સર્વ રીતે જે તે નગર અને તેના ઔદ્યોગિક વિકાસ ઉપર આશ્રિત બની જાય છે. પરંતુ પ્રશાસનિક રીતે તે નગરથી સ્વતંત્ર એકમ તરીકે સ્થાન ટકાવી રાખે છે. આથી એક બાજુ નગર ઉપર નભતા લોકો અને ઔદ્યોગિક એકમો વગેરેનું દબાણ વધી જાય છે તથા બીજી બાજુ નગર ઉપર નભતા એવા સમુદાયો નગરના પ્રશાસન દ્વારા ઉઘરાવાતા વિવિધ કરો (taxes) ભરવાની જવાબદારી સ્વીકારતા નથી. આથી નગરોને પોતાના રહીશો ઉપર ઉત્તરોત્તર કરનો ભાર વધારવો પડે છે, તેમજ તેના સ્થાનિક પ્રશ્નો જેવા કે જાહેર સ્વાસ્થ્ય, ખાળકૂવા, શૈક્ષણિક સંસ્થાઓ, અવરજવરના રસ્તાઓ મનોરંજનનાં સ્થળો અને રહેઠાણો વગેરેને લગતા સવાલો ઉગ્ર બની જતા હોય છે.

8) ઔદ્યોગિક અને નગરીકરણના વધતા જતા વ્યાપની સાથે સ્થાનિક વાહનવ્યવહારના પ્રશ્નો પણ સાથે સાથે સરખી રીતે સર્જાય છે. હકીકતમાં જે તે ઔદ્યોગિક સંસ્થાનો અને નગરની અન્ય સંસ્થાઓ કે પેઢીઓમાં કામ કરતા લોકોને તેમનાં રહેઠાણોથી કામના સ્થળે સુગમતાથી પહોંચાડી શકાય તે માટેના પ્રશ્નોનો ત્વરિત ઉકેલ શોધવો પડે છે. તે ઉપરાંત નગરના મધ્ય વિસ્તારમાં કેન્દ્રિત થયેલી સગવડો અને સેવાઓનો નગરવાસીઓને સહેલાઈથી લાભ મળી શકે તે આશયથી પણ સ્થાનિક વાહનવ્યવહાર તંત્રનો વિકાસ કરવો પડે છે.અહીં નોંધવા લાયક એક અગત્યની બાબત એ છે કે જેમ જેમ નગરનો સ્થાનિક વાહનવ્યવહાર સુલભ બનતો જાય છે તેમ તેમ પરાં વિસ્તારનો વિકાસ સરળ બને છે અને દૂર દૂરથી લોકો નગર અને તેના ઉદ્યોગો તરફ આવતા જાય છે. આથી ઉત્તરોત્તર વાહનવ્યવહારને લગતા પ્રશ્નો ઉગ્ર બનતા જાય છે. જે ઝડપથી ઔદ્યોગિક અને નગરીય વિકાસ થાય છે તેટલી જ ઝડપથી નવાં વાહનો, રસ્તાઓ, માર્ગો વગેરે વિકસાવી શકાતાં નથી. હકીકતમાં સમય વહેવા સાથે એક એવી પરિસ્થિતિ પણ આવે છે કે જાહેર વાહનવ્યવહારના યોગ્ય વિકાસ અર્થે ઉપલબ્ધ રસ્તાઓ અને માર્ગો ઉપર વધારાનાં વાહનો મૂકી શકાતાં નથી. તેથી જ હવે મહાનગરોમાં સ્થાનિક વ્યવહારના દબાણને પહોંચી વળવા માટે ભૂગર્ભ રેલવે લાઈન નખાવા લાગી છે. આ જ રીતે મુંબઈમાં સતત લોકલ ટ્રેનો દોડાવીને સ્થાનિક વાહનવ્યવહારની સગવડ પૂરી પડાય છે. ગુજરાતના સંદર્ભમાં જોઈએ તો ઔદ્યોગિક અને નગરીય વિકાસમાં આગવું સ્થાન ધરાવતાં નગરો દા.ત., અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટ વગેરેમાં સ્થાનિક વાહનવ્યવહારની સમસ્યા અત્યંત ગંભીર થતી જાય છે.

# નગરીકરણની અસરો અને ગ્રામ્ય-સમુદાયો

નગરીકરણના અભ્યાસમાં નગરીય જીવનશૈલીનો બિન-નગરીય અથવા તો ગ્રામીણ સમુદાયોમાં પ્રસારણ પણ એક મહત્ત્વનો મુદ્દો હોય છે. આ દૃષ્ટિથી નગરીકરણની પ્રક્રિયા એક રીતે ગ્રામીણ સમુદાયો સાથે પણ સંકળાયેલી છે. પરંતુ નગરીકરણની અસરોની સઘનતા (intensity) ના કોઈ બધા ગ્રામ્ય સમુદાયો એક સરખી જ ઊંડી અસરો હેઠળ આવતા હોય એવું બનતું નથી. એન્ડરસન નગરીકરણની પ્રક્રિયાના સંદર્ભમાં ગ્રામીણ સમુદાયોની નીચે મુજબની શ્રેણીઓ દર્શાવી છે.

1) ગ્રામીણ સમુદાયોથી સ્થળાંતર કરીને આવેલા લોકોને કારણે તથા ઔદ્યોગિક વિકાસને કારણે જેમ જેમ નગરો પોતાનો ભૌગોલિક વિસ્તાર વધારે છે તેમ તેમ તેમની નજીક આવેલાં ગામડાંઓ નગરવિસ્તારમાં ભળી જાય છે. એવાં ગામડાંઓ પોતાનું અસ્તિત્વ નગરોમાં વિલીન કરી દે છે અને પોતાની ગ્રામીણ લાક્ષણિકતાઓ ગુમાવી બેસે છે. ફક્ત તેમનાં મૂળ નામ જ ચાલુ રહે છે. દા. ત., અમદાવાદની પાસે આવેલા પાલડી કે વાસણાનો આ શ્રેણીમાં સમાવેશ કરી શકાય.

2) બીજી શ્રેણીમાં એ ગામડાંઓ આવે છે કે જે નગરોથી એટલાં નજીક હોય છે કે ત્યાંથી રોજેરોજ નગરમાં આવી શકાય છે. એવાં ગામડાંઓમાં મૂળભૂત રીતે ગ્રામીણ ધંધાઓ કરતાં અને ગ્રામીણ જીવન ગાળતાં લોકોનાં નિવાસસ્થળો બની જતાં હોય છે. દા. ત., અમદાવાદ નજીક આવેલું સરખેજ ગામ કે સુરત નજીક આવેલું ભીમપોર ગામ આ શ્રેણીમાં ગણાવી શકાય.

3) ત્રીજી શ્રેણી તે ગામડાંઓની હોય છે કે જે આમ તો નગરોથી દૂર હોય છે, પણ તેમના નગરો સાથેનો સઘન સંપર્ક હોય છે. એવાં ગામડાંઓમાં ગ્રામીણ અને નગરીય ધંધાઓનું મિશ્ર સ્વરૂપ જોવા મળે છે. જોકે મોટે ભાગે લોકો ગ્રામીણ ધંધાઓ કરતા હોય છે, પણ તેમની રહેણી-કરણીમાં ઉત્તરોત્તર નગરીય બનતાં જાય છે. રાજકોટ પાસે આવેલું આટકોટ ગામ, ભાવનગર પાસે આવેલું વરતેજ ગામ અને સુરત પાસે આવેલું સાયણ, ઓલપાડ વગેરેના આ શ્રેણીમાં સમાવેશ થઈ શકે છે.

4) તે ગામડાંઓમાં કે જે નગરોથી ત્રીજી શ્રેણીમાં ગામડાંઓથી પણ દૂર આવેલાં હોય છે અને કાંઈક ઓછા પ્રમાણમાં નગરો સાથેના સંપર્કમાં આવે છે. તેથી એવાં ગામડાંઓના લોકોના જીવનમાં નગરીય જીવનની ઘણી ઓછી અસર જોવા મળે છે. ત્યાંના લોકો ફક્ત ગ્રામીણ ધંધાઓ જ ચાલુ રાખતા નથી પણ મોટે ભાગે પરંપરાગત ગ્રામીણ જીવનશૈલી પણ ટકાવી રાખે છે.

5) પાંચમી અને છેલ્લી શ્રેણીમાં તે ગામડાંઓ આવે છે કે જે તુલનાત્મક રીતે દુર્ગમ અને પછાત વિસ્તારોમાં હોય છે. એવાં ગામડાંઓનો નગર સાથે નહીંવત્ સંપર્ક હોય છે અને નગરીકરણની અતિ સૂક્ષ્મ અસરો હેઠળ આવેલાં હોય છે.

એન્ડરસન કહે છે કે આ પ્રકારનાં ગામડાંઓ તેમનો પરંપરાગત આદિમ વ્યવસાય અને જીવનશૈલી વિના વિક્ષેપે ટકાવી રાખે છે. સુરતના પૂર્વ-વિભાગમાં આવેલાં આદિવાસી ગામડાંઓ કે ગીરના જંગલનાં ગામડાંઓ અથવા પંચમહાલના દૂર આદિવાસી વિસ્તારોમાં આવેલાં ગામડાંઓ આ શ્રેણીમાં આવે છે.

ભારતીય પરિસ્થિતિઓમાં લગભગ ગત 40 વર્ષોના ગાળા દરમ્યાન દિલ્હીથી સાત માઈલના અંતરે સ્થિત યાદવપુર નામના એક ગામડા ઉપર નગરીકરણની અસરો તપાસતાં એમ. એસ. એ. રાવે ગામડાંઓના નગર સાથેના સંબંધોના આધારે ત્રણ જુદી જુદી શ્રેણીઓનાં ગામડાં દર્શાવ્યાં છે. આ ત્રણે શ્રેણીઓનાં ગામડાંઓ નીચે મુજબ છે :

1) તે ગામડાંઓ કે જ્યાંના ઘણા લોકો દૂર દૂરનાં નગરોમાં ધંધો અને રોજગાર કરતા હોય છે. આ લોકો પોતાના કુટુંબને મૂળ વતન છોડી નગરોમાં જઈ વસે છે. પરંતુ નગરમાંની કમાણીમાંથી પોતાના કુટુંબીજનો તથા આશ્રિતોના ભરણ-પોષણ માટે નિયમિત પૈસા મોકલે છે. એવાં ગામડાંઓમાં ઉચ્ચ વર્ગના લોકો કમાયેલી આવકનું પોતાના ગામમાં મકાન કે અન્ય સ્થાવર મિલકતના રૂપમાં રોકાણ કરે છે. અહીં નગરીય રોજગાર (urban employment) એક પ્રતિષ્ઠાનું ચિહ્ન હોય છે. તે ઉપરાંત વ્યક્તિ કયા કયા નગરમાં અને કયા ધંધામાં રોકાયેલી છે તે પણ પ્રતિષ્ઠા નક્કી કરવામાં મહત્ત્વની બાબત હોય છે.

રાવ કહે છે કે આ શ્રેણીમાં આવતાં કેટલાંક એવાં પણ ગામડાંઓ હોય છે કે જેના લોકો પરદેશોમાં વસતા હોય છે. મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતમાં આવાં અનેક ગામડાંઓ મળી આવે છે. આ રીતે પરદેશોમાં વસતા લોકો પણ પોતાની કમાણીનું મૂળ ગામમાં મકાનો અને જમીનના ક્ષેત્રે કે નિર્માણ વગેરે કાર્યોમાં દાન આપી યથાયોગ્ય રોકાણ કરે છે. આ પ્રકારનાં ગામડાંઓ નગરોથી દૂર સ્થિત હોવા છતાં ત્યાંથી સ્થળાંતર કરીને નગરો અને પરદેશમાં ગયેલા લોકોની સતત આવનજાવનને કારણે નગરીય-જીવનની અસરો હેઠળ આવે છે.

2) નગરીકરણની અસરોના સંદર્ભમાં રાવના મત મુજબ બીજી શ્રેણીમાં તે ગામડાંઓ આવે છે કે જે ઔદ્યોગિક નગરની નજીક સ્થિત હોય છે આ ગામડાંઓ પ્રથમ શ્રેણીનાં ગામડાં કરતાં જુદી જ પ્રકારની અસરો હેઠળ હોય છે. જ્યારે ગ્રામ્ય વિસ્તારોમાં કોઈ ઔદ્યોગિક કેન્દ્રનો વિકાસ થાય છે ત્યારે તેની આસપાસ આવેલાં કેટલાંક ગામડાંઓ સદંતર નષ્ટ થઈ જાય છે, તો બીજાં કેટલાંક ગામડાંઓની જમીન જે તે ઔદ્યોગિક કેન્દ્રના વિકાસ અર્થે હાંસલ કરી લેવાય છે. એવી પરિસ્થિતિમાં ઔદ્યોગિક કેન્દ્રમાં કામ કરતા શ્રમિકો આસપાસનાં ગામડાંઓમાં વસવાટ કરે છે. તેથી ગામડાંના મૂળ લોકો સમક્ષ એક નવી પરિસ્થિતિ સર્જાય છે. ખાસ કરીને બહારથી આવીને વસવાટ કરતા લોકો સાથે સામાજિક સંબંધો અને રોજબરોજના વ્યવહાર ક્ષેત્રે વિવિધ પ્રશ્નો ઊભા થાય છે. એવાં ગામડાંઓના મૂળ લોકોમાંથી કેટલાક લોકો જે તે ઔદ્યોગિક કેન્દ્રમાં રોજગાર અને કામધંધે લાગી જાય છે, આ રીતે આ બીજી શ્રેણીનાં ગામડાંઓમાં એક બાજુ બહારથી આવેલા લોકો વસતા હોવાથી અને બીજી બાજુ ગામડાંનાં લોકો રોજેરોજ જે તે ઔદ્યોગિક કેન્દ્રમાં આવ-જા કરતા હોવાથી નગરીકરણની વ્યાપક અને ઊંડી અસરો જોવા મળે છે.

રાવ કહે છે કે, આ ગામડાંઓ ઔદ્યોગિક નગરની સામાન્ય અસરો ઉપરાંત જે તે ઉદ્યોગની વિશિષ્ટ અસરો હેઠળ પણ આવે છે.

3) મહાનગરોના વિકાસની સીધી અસર હેઠળ આવતાં ગામડાંઓ ત્રીજી શ્રેણીમાં આવે છે. આ ગામડાંઓ જે તે મહાનગરની ફરતે નજીકમાં આવેલાં હોય છે. સામાન્ય રીતે જેમ જેમ નગરનો વિસ્તાર વધતો જાય છે તેમ તેમ તે પોતાની આજુબાજુ આવેલાં ગામડાંઓને તેની પ્રશાસનિક સીમાઓમાં સમાવી લે છે. આ પરિસ્થિતિમાં કેટલાંક ગામડાંઓની જમીન નગર વિકાસ અર્થે હાંસલ કરી લેવાય છે. આને કારણે ઘણી વખત નગરવિસ્તારમાં જ જ્યાંત્યાં 'ગ્રામ્ય વિસ્તાર' (rural pocket) જોવા મળે છે. એક રીતે મહાનગરમાં પ્રશાસનિક સીમાઓના વિસ્તારની સાથે સમાવી લેવાતાં એવાં ગામડાંઓ કૃષિ યોગ્ય જમીન-વિહોણા થઈ જાય છે. અને ત્યાંના લોકો ખેતીવાડી છોડી દ્વૈતીયિક કે તૃતીય શ્રેણીના (secondary or tertiary) ધંધાઓમાં જોડાઈ જાય છે. રાવે (Rao) નગરીકરણની અસરો તપાસવા અર્થે યાદવપુર નામના જે ગામનો અભ્યાસ કર્યો તે આ શ્રેણીમાં આવતાં ગામડાંઓમાંનું એક છે.

**તમારી પ્રગતિ ચકાસો :**

1) નગરીકરણની વ્યાખ્યા આપી પ્રાથમિક અને દ્વૈતીયિક નગરીકરણની વિભાવનાઓ સમજાવો.

2) પેરાસાઈટીક નગરો અને જનરેટીવ નગરોનો અર્થ સદ્દષ્ટાંત દર્શાવો.

3) અતિનગરીકરણની વિભાવનાનું મુલ્યાંકન કરો.

4) સ્થળાંતરના પ્રકારો સઉદાહરણ સમજાવો.

5) ભારતમાં નગરીકરણ અને સ્થળાંતરના પ્રવાહોની ચર્ચા કરો.

6) સ્થળાંતરીઓના નગર પરિસ્થિતિઓ સાથેના અનુકૂલનમાં શું શું પ્રશ્નો આવે છે?

7) ગ્રામીણ-સમુદાયોથી નગર સમુદાયો તરફી સ્થળાંતરના આર્થિક કારણોની વિવેચના કરો.

8) નગર તરફી વસ્તીના વધારા માટેના રાજનૈતિક કારણો સઉદાહરણ સ્પષ્ટ કરો.

9) નગર સમુદાયોમાં સ્થળાંતરીઓના સ્વૈચ્છિક-મંડળોના વિગતવાર સમજ આપો.

10) શું ઔદ્યોગિકરણને લીધે નગરીકરણને વેગ મળે છે? સમજાવો.

11) નેલ્સ એન્ડરસનએ આપેલ નગરીકરણની અસરો હેઠળના ગ્રામ-સમુદાયોનું વર્ગીકરણ આપો.

12) એમ.એસ.એ.રાવ એ આપેલ ગ્રામ-સમુદાયોનું વર્ગીકરણ દર્શાવો.

SM 000149

ડૉ. બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી

**MSO-06**

**નગર સમાજશાસ્ત્ર**

વિભાગ

# 3

## નગર સમાજશાસ્ત્ર-3


**એકમ 6**

ભારતમાં નગરીકરણના પ્રવાહો 05

**એકમ 7**

નગરસમુદાય અને સામાજિક સંસ્થાઓ 26

**એકમ 8**

ભારતના નગરોમાં જ્ઞાતિ, ધર્મ અને સામાજિક નિયંત્રણ 41

## નિષ્ણાત સમિતિ

| | |
|---|---|
| ડૉ. આમ્રપાલી મર્ચંટ | વાઈસ ચાન્સેલર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| ડૉ. વિદ્યુત જોષી | ભૂતપૂર્વ વાઈસ ચાન્સેલર, ભાવનગર યુનિવર્સિટી. |
| ડૉ. હેમીક્ષા રાવ | પ્રોફેસર અને અધ્યક્ષ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ. |
| ડૉ. ચંદ્રકાંત ઉપાધ્યાય | નિયામકશ્રી, આદિવાસી સંશોધન અને તાલિમ કેન્દ્ર, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. |

## લેખક

| | |
|---|---|
| ડૉ.હરીશ દોશી | સમાજશાસ્ત્રના નિવૃત પ્રાધ્યાપક અને અધ્યક્ષ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત-395007. |

## પરામર્શક (વિષય)

| | |
|---|---|
| ડૉ.આર.બી લાલ | નિવૃત પ્રાધ્યાપક તથા અધ્યક્ષ, સમાજ નૃવંશશાસ્ત્ર, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ |

## પરામર્શક (ભાષા)

| | |
|---|---|
| ડૉ.પ્રદીપ જોષી | આચાર્યશ્રી, આર્ટ્સ અને કોમર્સ કોલેજ, વસો. |

## સંપાદન અને સંયોજન

| | |
|---|---|
| ડૉ. આમ્રપાલી મર્ચંટ | કુલપતિશ્રી, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી ડફનાળા, શાહીબાગ, અમદાવાદ - 380 003. |

## સંયોજન સહાય

| | |
|---|---|
| શ્રી.એસ.એચ.બારોટ | મદદનીશ કુલસચિવ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, ડફનાળા, શાહીબાગ, અમદાવાદ - 380 003. |


**પ્રકાશક**

કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,

સરકારી બંગલા નંબર-9, ડફનાળા, શાહીબાગ, અમદાવાદ - **380 003** ટે.નં. **22869690/91**

**E-mail : baou@sancharnet.in**



કોપી રાઈટ સ્વાધીન, આ પુસ્તિકાના લખાણ યા તેના કોઈ પણ ભાગને ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદની લેખિત સંમતિ વગર મિમિયોગ્રાફી દ્વારા યા અન્ય કોઈ પણ રીતે પુનઃમુદ્રિત કરવાની મનાઈ છે.



Printed at : Sudarshan Graphics, Tirupati Avenue, Pushpkunj, Ahmedabad - 380 028, Ph. (079) 25430560

# એકમ 6 ભારતમાં નગરીકરણના પ્રવાહો

- પ્રસ્તાવના
- ભારતમાં નગરીકરણના પ્રવાહો
- રાજ્યવાર નગરીય વસ્તી
- સાંપ્રત ભારતમાં નગરીકરણની તાસીર
- ભારતમાં નગરીકરણની વિસંગતતાઓ
- ગુજરાતમાં નગરીકરણની તરાહો
- સારાંશ

## પ્રસ્તાવના :

ઐતિહાસિક સમયથી જ નગરીકરણ સામાજિક-આર્થિક વિકાસના એક કારક અને પરિણામ તરીકે જોવાતું આવ્યું છે. વર્તમાન યુગ ઔદ્યોગિક નગરીય યુગ કહેવાય છે. એ પાછળનું મુખ્ય કારણ આધુનિક સમયમાં ઔદ્યોગીકરણ અને નગરીકરણની વિશ્વના સર્વ સમાજોમાં દેખાઈ આવતી ઊંડી અને ગંભીર અસરો છે. આપણે આગળ જોયું કે 18મી સદીના અંતથી ઔદ્યોગિક ક્રાંતિના પરિણામ સ્વરૂપે નગરીકરણની પ્રક્રિયાને પ્રચંડ વેગ મળ્યો છે અને આજે તમામ સમાજો તેની પ્રત્યક્ષ અને પરોક્ષ અસરો હેઠળ આવ્યા છે. જોકે ઔદ્યોગીકરણ અને નગરીકરણની કક્ષામાં સ્થાનિક પરિસ્થિતિઓ અને ટેકનોલોજિકલ તથા આર્થિક વિકાસના સ્તરને અનુલક્ષીને સમાજે સમાજે તફાવત જોવા મળે છે. આથી જ આજે વિશ્વના સર્વ સમાજોને વિકસતિ ને વિકસિત સમાજોની શ્રેણીઓમાં વર્ગીકૃત કરવામાં આવે છે. નગરીકરણની બાબતમાં પ્રથમ કક્ષામાં આવતા સમાજો આગવું સ્થાન ધરાવે છે, જ્યારે કે બીજી શ્રેણીમાં આવતા સમાજો આજે પણ તુલનાત્મક રીતે ઘણા પાછળ છે. અહીં આપણે ભારત અને ગુજરાતમાં નગરીકરણના આધુનિક પ્રવાહોની છણાવટ કરીશું.

નગરોની વસ્તીના કદના સંદર્ભમાં જોઈએ તો ભારતનો ક્રમ રશિયા, અમેરિકા અને ચીન પછી ચોથે આવે છે, 1971ની વસ્તી ગણતરી પ્રમાણે તેનાં નગરોની વસ્તી આશરે 10 કરોડની હતી, જે 1981માં લગભગ 16 કરોડની થઈ અને ઇ.સ. 2001માં 30 કરોડથી પણ વધુ થઈ છે. નગરોની વસ્તીના કદના સંદર્ભમાં ભારત વિશ્વમાં પોતાનું આગવું સ્થાન ધરાવે છે. પરંતુ તેના નગરીકરણનું પ્રમાણ જોઈએ તો તેનું સ્થાન ઘણું પાછળ છે. ભારતના નગરીકરણનું પ્રમાણ એશિયા (જાપાન સિવાય) અને આફ્રિકા (દક્ષિણ આફ્રિકા સિવાય)ના નગરીકરણના પ્રમાણ સાથે સામ્ય ધરાવે છે. પરંતુ લેટિન અમેરિકા કરતાં તેનું નગરીકરણ ઘણું નીચું ગણાય. આને માટે વિશેષ કરીને ઔદ્યોગીકરણ અને તેમાંય ભારે ઉદ્યોગોનો વિકાસ જવાબદાર મનાય છે. આ ઉદ્યોગો ભારતનાં વિવિધ રાજ્યોના અમુક ભાગોમાં કેન્દ્રિત થયેલાં જોવા મળે છે. જો કે આ ઉદ્યોગો માટે બીજી સુવિધાઓની ઉપલબ્ધતા પણ મહત્ત્વની ગણાય છે.

## ભારતમાં નગરીકરણના મુખ્ય પ્રવાહો :

વસ્તી ગણતરીના આંકડાઓના આધારે જાણવા મળે છે કે 1901માં ભારતની કુલ નગરીય વસ્તી 2 કરોડ 58 લાખ અને 50 હજાર લોકોની હતી જે વધીને 2001માં 30 કરોડ 60 લાખ અને 90 હજારની થઈ એટલે કે 100 વર્ષના ગાળામાં ભારતની શહેરી વસ્તીમાં 20.5 ટકાનો વધારો થયો. આનો અર્થ એવો પણ થયો કે ગયા દશ દશકામાં સરેરાશ લગભગ 2.0 ટકાના દરે ભારતની નગરીય વસ્તીમાં વધારો થયો. દેખીતી રીતે નગરીકરણનો આ દર ઘણો ધીમો કહેવાય. પરંતુ આઝાદી પછીના ભારતની વાત કરીએ તો ઔદ્યોગિક વિકાસ અને સામાજિક પરિવર્તનના જુદા જુદા કાર્યક્રમો અને પરિબળોની અસરને લીધે નગરીકરણની પ્રક્રિયા સતત ઝડપી થતી જાય છે. આને લીધે હવે ભારતના મોટા અને મધ્યમ કદનાં નગરોની સંખ્યા તેમજ વસ્તીમાં ઉત્તરોત્તર વધારો જોવા મળે છે. તદ્ઉપરાંત ભારતની કુલ નગરીય વસ્તીની તુલનામાં આ મોટા અને મધ્યમ કદનાં નગરોની વસ્તીનું પ્રમાણ પણ વધતું જાય છે. ભારતના જુદા જુદા કદના નગરોની કુલ સંખ્યા અને નગર સમુદાયોમાં તેમની ટકાવારી આપવામાં આવી છે.

નિમ્ન કોષ્ટકમાં આપેલાં આંકડા ઉપરથી ભારતમાં નગરીકરણના ક્ષેત્રે 1951 પછી મોટાં નગરોના વધતાં જતાં મહત્ત્વનો ખ્યાલ આવી શકે છે. 1951માં 1 લાખથી વધુ વસ્તી ધરાવતા માત્ર 74 નગરો હતાં. તેમની સંખ્યા વધીને 2001માં કુલ 300 થઈ અને કુલ નગરોની સંખ્યામાં 8.1 ટકા થયાં. મધ્યમ કદના નગરોની સંખ્યામાં અને વસ્તીમાં પણ આ પ્રકારનો વધારો બીજી, ત્રીજી અને ચોથી શ્રેણીમાં નગરો અંગે જે આંકડા આપવામાં આવ્યા છે તેના આધારે જોઈ શકાય છે, પરંતુ નાના કદના નગરો અને કસ્બાઓ કે જે પાંચમી અને છઠ્ઠી શ્રેણીમાં આવે છે તેમની સંખ્યામાં ઉત્તરોત્તર ઘટાડો થતો આવ્યો છે. આ પાછળનું પ્રમુખ કારણ મોટા અને મધ્યમ કદના નગરોમાં ઔદ્યોગિકરણ અને નગરીય વિકાસને લીધે જે રોજગારીની તકો ઊભી થઈ તેના લીધે ગ્રામીણ સમુદાયોથી વધતા જતા સ્થળાંતરને ગણાવવામાં આવે છે. નાના કદના નગરો અને કસ્બાઓ રોજગારીની નવી તકો ઊભી કરી શક્યા નથી. તેથી ત્યાંની વસ્તી પણ મોટા નગરો તરફ ધકેલાવા લાગી અને તેઓ સ્થગિતતા અને પડતીના ભોગ બન્યા છે. કોષ્ટક-1ના આંકડાઓ પણ એવું દર્શાવે છે કે ઈ.સ. 1951માં મોટા નગરોના વિકાસનો જે પ્રવાહ ચાલુ થયો હતો તે હજી પણ ચાલુ છે.

**કોષ્ટક-1**

**વસ્તીના કદને આધારે નગરોનું વર્ગીકરણ**

**1951-1981**

| ક્રમ સં. | શ્રેણી | 1951 | 1961 | 1971 | 1981 | 1991 |
|---|---|---|---|---|---|---|
| 1. | (100,000 અને વધુ વસ્તી) | 74<br>(2.60) | 102<br>(4.38) | 145<br>(5.73) | 216<br>(6.66) | 300<br>(8.1) |
| 2. | (50,000થી 99,999 | 95<br>(3.34) | 129<br>(5.54) | 178<br>(7.03) | 270<br>(8.32) | 345<br>(9.3) |
| 3. | (20,000થી 49,999) | 330<br>(11.60) | 449<br>(19.27) | 570<br>(22.52) | 739<br>(22.77) | 947<br>(25.6) |
| 4. | (10,000થી 19,999) | 621<br>(21.84) | 732<br>(31.41) | 847<br>(33.46) | 1.048<br>(32.29) | 1167<br>(31.7) |
| 5. | (5000 થી 9,999) | 1.146<br>(40.30) | 739<br>(31.72) | 641<br>(25.33) | 742<br>(22.87) | 740<br>(20.0) |
| 6. | (5,000થી ઓછી) | 578<br>(20.32) | 179<br>(7.68) | 150<br>(5.93) | 230<br>(7.00) | 197<br>(5.3) |
| કુલ | | 4,844<br>(100.00) | 2.330<br>(100.00) | 2,531<br>(100.00) | 3,245<br>(100.00) | 3696<br>(100.00) |

સ્રોત : હેંડબુક ઑફ સોશ્યલ વેલફેર સ્ટેટીસ્ટીક્સ, ભારત સરકાર, મિનિસ્ટરી ઑફ સોશ્યલ વેલફેર, નવી દિલ્હી 1981, પૃષ્ઠ 10.

સમસ્ત ભારતને લક્ષ્યમાં રાખીને 1901 થી 2001 સુધીની વસ્તી ગણતરીના આંકડાઓને આધારે જુદા જુદા કદના નગરોની સંખ્યા અને દરેક શ્રેણીમાં આવતાં નગરોમાં કુલ નગરીય વસ્તીના પ્રમાણની સમજૂતી હવે પછીના કોષ્ટકમાં આપવામાં આવી છે.

ભારતના નગરીકરણની વૃદ્ધિનો ખ્યાલ આગળના કોષ્ટકમાં આપવામાં આવેલ જુદા જુદા વર્ગના નગરોના વિકાસને લગતા આંકડાઓ પરથી આવી શકે. આપેલા કોઠા પરથી જણાય છે કે 1901માં ભારતમાં 26 નગરો પ્રથમ વર્ગનાં હતાં, જેની વસ્તી એક લાખથી વધુ હતી. આ નગરોમાં વસતા લોકોનું પ્રમાણ કુલ નગરીય વસ્તીના 22.9 ટકા હતું, જ્યારે 20,000 થી 49,999 અને 5,000 થી 9,999ની વસ્તીવાળાં નગરોની વસ્તીનું પ્રમાણ અનુક્રમે 21.1 અને 20.4 ટકા હતું. પરંતુ 2001માં એક લાખથી વધુ વસ્તીવાળાં નગરોની સંખ્યા 300 પર પહોંચી આ નગરોમાં વસતા લોકોનું પ્રમાણ કુલ નગરીય વસ્તીના 65.3 ટકા છે. વિશ્વમાં કેટલાક દેશોમાં આટલી મોટી સંખ્યાનાં મોટાં નગરો હશે તે વિચાર માંગી લે તેવો મુદ્દો છે. આમાંથી કલકત્તા, બૃહદ મુંબઈ, દિલ્હી, મદ્રાસ, હૈદરાબાદ, બેંગ્લોર, અમદાવાદ અને કાનપુર લાખોની વસ્તી ધરાવતાં નગરો છે. ભારતનાં નગરોમાં વસતા લોકોની અડધા ઉપરાંતની વસ્ત એકલાં આ 300 નગરોમાં વસે છે. શા માટે આ મોટાં નગરો સતત વિકસતાં રહ્યાં છે ? આને માટે ગામડાંમાંથી મોટા નગર તરફ થતું સ્થળાંતર મુખ્યત્વે જવાબદાર મનાય છે. કારણ કે ઉદ્યોગોનું કેન્દ્રીકરણ મુખ્યત્વે આવાં નગરોમાં થયેલું છે. આર્થિક વ્યવસ્થાના બીજા ભાગોની રોજગારીના પ્રમાણમાં ઉદ્યોગોમાં રોજગારીનું પ્રમાણ ઝડપી

વધે છે. મોટાં નગરોમાં ઔદ્યોગિક કામદારોનું પ્રમાણ વધુ હોય છે. ઉપરાંત કેટલાક લોકો નાનાં નગરોમાંથી મોટાં નગરોમાં આવતા રહે છે. મોટાં નગરોમાં વસ્તીના કેન્દ્રીકરણ માટે અર્બન એગ્લોમરેશનનો વિકાસ પણ જવાબદાર છે. મોટાં નગરો સતત તેના વિસ્તાર અને વર્ચસ્વમાં વધતાં રહે છે. એટલે ફક્ત નગરોની વસ્તી ઝડપથી વધે છે એટલું જ નહિ, પરંતુ સાથે સાથે નગર તેની આજુબાજુના વિસ્તારોમાં ફેલાય છે અને જે વિસ્તાર એક વખત ગ્રામીણ તરીકે ઓળખાતો તે નગરનો એક ભાગ બની જાય છે. દા.ત. સુરત નગરનો વિસ્તાર 1963 પહેલાં ફક્ત 3.16 ચોરસ માઈલનો હતો. 1963થી 1975 સુધીમાં ત્રણ વખત તેનો વિસ્તાર વધારવામાં આવ્યો. 1963માં 5.32 ચોરસ માઈલ વિસ્તાર ઉમેરવામાં આવ્યો. 1970માં 4.58 ચોરસ માઈલ અને 1975માં 8.4 ચોરસ માઈલ વિસ્તાર ઉમેરાતાં સુરત મહાનગરપાલિકાનો વિસ્તાર હવે 21.46 ચોરસ માઈલનો થયો હતો. તેમાં ટૂંકી, ફૂલપાડા, દામકા, કતારગામ, વેડ, ડભોલી, સિંગણપોર, ઉમરવાડા અને નવાગામ જેવા ગ્રામીણ વિસ્તારો સમાવિષ્ટ કરી લેવામાં આવ્યા છે. હાલમાં સુરતનો વિસ્તાર 150.22 ચોરસ કિલોમીટરનો થાય છે અને તેની વસ્તી 30 લાખથી ઉપરની થઈ છે. આ હકીકત ભારતનાં બીજાં ઘણાં નગરોને લાગુ થાય છે. આમ વર્તમાન સમયમાં ભારતનાં નગરોની વૃદ્ધિ માટે નગરોનાં વિસ્તારમાં થતો વધારો, ત્યાંની કુદરતી વસ્તીનો વધારો, ગામડાંમાંથી નગરો તરફનું સ્થળાંતર, નાનાં નગરોમાંથી મોટાં નગરો તરફનું સ્થળાંતર અને પરાંની પ્રક્રિયામાં થતો ઝડપી વધારો વગેરે જવાબદાર મનાય છે.

મોટાં નગરોનો વિકાસ તપાસતાં જાણવા મળે છે કે કેટલીક જગ્યાએ સ્થપાયેલા ભારે ઉદ્યોગોને પરિણામે નગરોનો વિકાસ ઝડપી રહ્યો છે. આમાં દુર્ગાપુર, ભિલાનગર, ભદ્રાવતી, રૂરકેલા, જમશેદપુર અને બોકારોનો સમાવેશ થાય છે. વહીવટી અને સાંસ્કૃતિક કાર્યો પણ કેટલાંક નગરોના ઝડપી વિકાસમાં મદદરૂપ બન્યાં છે. આમાં ખાસ કરીને પંજાબ અને હરિયાણાની રાજધાની ચંદીગઢ ઉમદા ઉદાહરણ પૂરું પાડે છે. 1961થી તેની વસ્તીમાં સારો વધારો નોંધાયો છે. તેમજ દિલ્હી વહીવટી, રાજકીય, સાંસ્કૃતિક અને વૈજ્ઞાનિક કાર્યમાં આગળ પડતું સ્થાન ધરાવે છે તેનો વિકાસ પણ ઝડપી રહ્યો છે. મુંબઈ, હૈદરાબાદ અને બેંગ્લોર પણ પાછળ રહ્યાં નથી, જ્યારે કલકત્તાનો વિસ્તારદર તદ્દન નજીવો રહ્યો છે. આના માટે નગરીકરણનું પ્રસારણ અને પરાંઓનો વિકાસ જવાબદાર મનાય છે. આ જ ઘટના કંઈક અંશે ઉત્તરપ્રદેશના કાનપુર, લખનૌ, આગ્રા, વારાણસી અને અલ્હાબાદ નગરોમાં જોવા મળે છે. આ ઉપરાંત બીજાં કેટલાંક નગરો જેમનો વિકાસ ઝડપી રહ્યો છે તેમાં વિશાખાપટ્ટનમ્, ધનબાદ, રાંચી, સુરત, વડોદરા, રાજકોટ, જમ્મુ, કોચિન, ત્રિવેન્દ્રમ્, કાલિકટ, ભોપાલ, બિલાસપુર, માલેગાંવ, થાણા, ઉલ્લાસનગર, ઔરંગાબાદ, હુબલી-ધારવાર, ભુવનેશ્વર, જયપુર, કોટા, ગાઝિયાબાદ અને બહેરામપુર વગેરેનો સમાવેશ થાય છે.

**કોષ્ટક-2**

**ભારતના જુદી જુદી શ્રેણીના નગરોની સંખ્યા અને કુલ નગરીય વસ્તીના ટકા : 1901 અને 1931-1991**

| નગરોની શ્રેણી | નગરોની સંખ્યા અને કુલ નગરીય વસ્તીનું પ્રમાણ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 1901 | 1931 | 1941 | 1951 | 1961 | 1971 | 1981 | 1991 |
| Class I 1 લાખથી વધુ વસ્તી | 26 (22.9) | 36 (27.3) | 55 (35.3) | 74 (41.8) | 102 (48.4) | 145 (55.7) | 216 (60.4) | 300 (65.3) |
| Class II 50,000થી 99,999 | 45 (11.8) | 56 (12.0) | 79 (11.8) | 95 (11.1) | 129 (11.9) | 178 (11.5) | 270 (11.7) | 345 (10.9) |
| Class III 20,000થી 49,999 | 139 (16.5) | 207 (18.8) | 265 (17.7) | 330 (16.7) | 449 (18.5) | 570 (16.3) | 739 (14.3) | 947 (13.3) |
| Class IV 10,000થી 19,999 | 417 (22.1) | 462 (19.0) | 519 (16.3) | 621 (14.0) | 732 (13.1) | 847 (11.3) | 1,048 (9.5) | 1,167 (7.8) |
| Class V 5,000થી 9,999 | 733 (24.3) | 820 (17.3) | 950 (15.4) | 1,146 (13.2) | 739 (7.2) | 641 (4.7) | 742 (3.6) | 740 (2.7) |
| Class VI 5,000થી ઓછી વસ્તી | 495 (6.3) | 561 (5.6) | 458 (3.5) | 578 (3.2) | 179 (0.9) | 150 (0.4) | 230 (0.5) | 197 (0.3) |
| કુલ | 1,885 (100.0) | 2,142 (100.0) | 2,326 (100.0) | 2,844 (100.0) | 2,330 (100.0) | 2,531 (100.0) | 3,245 (100.0) | 3696 (100.00) |

સ્રોત : (1) 1901થી 1941 સુધી સેન્સસ ઑફ ઈન્ડિયા, 1971

(2) 1951થી 1981 હેંડબુક ઑફ સ્પેશ્યલ વેલફેર સ્ટેટીસ્ટીક્સ, ભારત સરકાર, મિનિસ્ટ્રી ઑફ સોશિયલ વેલફેર, નવી દિલ્હી, 1981, પૃષ્ઠ 10માં આપવામાં આવેલ આંકડાને આધારે પૂર્નરચિત. (3) મિનિસ્ટ્રી ઑફ અર્બન અફેર્સ

ઉપરોક્ત કોષ્ટક-2માં આપેલા આંકડાઓ દર્શાવે છે કે ઈ.સ. 1951 પછી ભારતમાં સતત નગરીકરણનું પ્રસારણ થઈ રહ્યું છે. પરંતુ પશ્ચિમના દેશોની તુલનામાં ભારતમાં નગરોની વસ્તીમાં જે કંઈ વધારો થાય છે તેને નગરમાં સમાવી લેવામાં આવે છે. પરિણામે ત્યાં ગીચતા વધે છે. જોન ઈ. બ્રુશ આ અંગે જણાવે છે કે 'પરાંઓને અને આજુબાજુના વિસ્તારોનો વિકાસ થતો નથી' પણ જે તે નગરમાં જ વધતી જતી વસ્તીને સમાવી લેવામાં આવે છે. તેથી ભારતમાં નગરોનું સામાજિક-આર્થિક રૂપાંતર મિશ્રિત સ્વરૂપમાં છે. નગરોનો મધ્યભાગ ખાસ કરીને તેના વિશિષ્ટ સ્થાનને પરિણામે મહત્ત્વ ધરાવે છે. તે પરંપરાગત પ્રતિષ્ઠા ધરાવતો હોવાથી ત્યાં ઉચ્ચ દરજ્જાવાળી વ્યક્તિઓ અને જેમનામાં શિક્ષણનું પ્રમાણ અને આવક વધુ હોય છે તેઓ ત્યાં રહેતા જોવા મળે છે. જોકે હવે નગરોના છેવાડા ઉપર કેટલાક પરાં વિસ્તારો વિકસ્યા છે. ત્યાં મોટે ભાગે સામાન્ય આવકવાળા લોકો રહેતા જોવા મળે છે. વળી, જે નગરો બ્રિટિશનરોની અસરને લીધે વિકસ્યાં છે ત્યાં એકી વખતે પ્રાચીન અને નવીન ઢબની લાક્ષણિક્તાઓ જોવા મળે છે, એટલે કે પરંપરા અને આધુનીકરણનું મિશ્રણ જોવા મળે છે. દા. ત. મુંબઈ, કલકત્તા, દિલ્હી, અમદાવાદ, પટના, બનારસ, ભોપાલ, આગ્રા અને લખનૌમાં આવા પ્રાચીન અને નવીન વિસ્તારો અલગ અલગ રીતે તરી આવે છે. આ નગરોમાં એક બાજુ જૂનાં મકાનો સાંકડી ગલીઓ સાથે પ્રાચીન ઢબની જીવનશૈલી, પરંપરા અને માન્યતા વગેરે ધરાવતાં પ્રતિષ્ઠિત વ્યક્તિઓનાં મકાનો જોવા મળે છે. તો બીજી બાજુ આધુનિક મકાનો, વિશાળ રાજમાર્ગો, વિવિધ સરકારી અને અર્ધસરકારી કચેરીઓ અને તેના કર્મચારીઓના આવાસો, હોસ્પિટલો, કેળવણી સંસ્થાઓ અને આધુનિક વ્યાપાર સંકુલો અને બેંકોના વિસ્તારો મળી આવે છે. દા.ત. અમદાવાદમાં તેના જૂના વિસ્તારોમાં પોળો ઓછા વધતા ફેરફારો સાથે ટકી

રહી છે; તો બીજી બાજુ નવી નવી હાઉસિંગ સોસાયટીઓ શહેરની ચારે બાજુ વિકસી આવી છે. ગીસ્ટે પણ બેંગલોરના અભ્યાસને આધારે એવાં જ તારણો પ્રાપ્ત કર્યા છે. વળી, ભારતના નગરમાં વસતા અનેકભાષી અને વિવિધ પ્રાંતના લોકો પોતાની અલગતા અને આગવી સંસ્કૃતિને જાળવી રાખી શક્યા છે. ટૂંકમાં કહીએ તો ભારતનાં નગરોમાં આધુનિક સંસ્કૃતિ જેમાં પશ્ચિમીકરણનાં તત્ત્વો હોય છે તે, અને પરંપરાગત સંસ્કૃતિ બંને સહઅસ્તિત્વ ધરાવતી જોવા મળે છે.

## ભારતમાં રાજ્યવાર નગરીકરણની તાસીર:

2001ની વસ્તી ગણતરીને આધારે જે આંકડા પ્રાપ્ત થાય છે તે મુજબ ભારતના તમામ રાજ્યો અને કેન્દ્ર પ્રશાસિત પ્રદેશોમાં તામીલનાડૂ નગરીકરણના ક્ષેત્રે સૌથી અગ્રસ્થાને આવે છે. ત્યાંની કુલ વસ્તીના 43.9 ટકા વસ્તી નગરોમાં વસે છે. તે પછી અનુક્રમે મહારાષ્ટ્ર 42.4 ટકા અને ગુજરાત 37.4 ટકા વસ્તી સાથે બીજા અને ત્રીજા ક્રમે આવે છે. તે પછી ઓરિસ્સા 14.9; આસામ 12.7 અને બિહાર 10.5 ટકા નગરીય વસ્તી ધરાવતા રાજ્યોનું અનુક્રમે સ્થાન આવે છે. હિમાચલ પ્રદેશ 9.8 ટકા નગરીય વસ્તી સાથે સૌથી નીચા સ્થાને આવે છે.

નગરોમાં વસતા કુલ લોકોના સંદર્ભમાં કહીએ તો ઈ.સ.2001ની વસ્તી ગણતરી મુજબ મહારાષ્ટ્રમાં 4 કરોડ 10લાખ લોકો નગરોમાં વસતા હતા જે દેશની કુલ નગરીય વસ્તીના 14 ટકા જેટલા થાય છે. તે પછી ઉત્તરપ્રદેશ અને તામીલનાડુ રાજયના સ્થાને આવે છે જ્યાં અનુક્રમે 3 કરોડ 50 લાખ અને 2 કરોડ 70 લાખ લોકોની વસ્તી નગરોમાં વસવાટ કરે છે. ગુજરાતમાં 1 કરોડ અને 89 લાખ લોકો નગરોમાં વસે છે.

આઝાદી પછીના ભારતમાં નગરીકરણના પ્રવાહોનું નીચે મુજબનું આલેખન નગર વિકાસનું સ્વરૂપ સમજવામાં ઉપયોગી થઈ રહેશે.

1. ભારતમાં નગરોની વસ્તી વૃદ્ધિના ક્ષેત્રે ઈ. સ. 1941 પછી સતત વધારો નોંધાતો આવ્યો છે. દા. ત., 1941 થી 1951ના ગાળામાં નગરીવસ્તીના વધારાનો દર 41.4 ટકાનો હતો જે 1971-81માં વધી 46.02 ટકાનો થયો છે, 1951માં ભારતની નગરીય વસ્તી 6 કરોડ અને લગભગ 25 લાખ લોકોની હતી તે વધીને 1971માં 10 કરોડ અને 90 લાખ લોકોની થઈ. 1971-81 ના ગાળામાં અત્યાર સુધી કોઈપણ દશકમાં ન થયો હોય એટલા ઊંચા દરે ભારતની શહેરી વસ્તીમાં વધારો નોંધાયો છે.1981-91 માં અને 1991-2001માં આ દર અનુક્રમે 36.4 અને 41.0 નો નોંધવામાં આવ્યો છે.

   આજે ભારતના નગરોમાં જેટલાં લોકો વસે છે તેની સંખ્યા કેટલાંક વિકસિત અને વિકાસ પામતા દેશોની કુલ વસ્તી કરતાં પણ ઘણી મોટી છે.

2. ગ્રામીણ વસ્તીની તુલનામાં ભારતના નગરોની વસ્તીમાં ઝડપી વધારો નોંધાયો છે. આ પ્રવાહ આઝાદી પહેલાના સમયથી ચાલતો આવે છે, પરંતુ આઝાદી પછીના ભારતમાં તેનું સ્વરૂપ વધુ તીવ્ર બન્યું છે. 1901માં શહેરી વસ્તી 2 કરોડ અને લગભગ 59 લાખ લોકોની હતી તે 2001માં વધીને 30 કરોડ 69 લાખ લોકોની થઈ.

3. નગરોની વસ્તીમાં અસાધારણ કહી શકાય એવી વૃદ્ધિ પાછળનું એક પ્રમુખ કારણ ગામડાઓ તથા નાના કસ્બાઓથી રોજગાર અને જીવનની સારી તકોની શોધમાં લોકોનું થતું સ્થળાંતર છે. આજે ભારતના મહાનગરો અને મોટા શહેરોમાં દેશના દરેકે દરેક પ્રદેશથી સ્થળાંતર કરીને આવેલા લોકો દેખાઈ આવે છે. કેટલાંક નગરોમાં તો જન્મદર અને મૃત્યુદર વચ્ચેના અંતરને લીધે વસ્તીનો જેટલો વધારો થાય છે તેના કરતાં વધુ પ્રમાણમાં ગામડાઓથી સ્થળાંતર કરીને આવેલા લોકોને લીધે શહેરી વસ્તીનો વધારો થઈ રહ્યો છે.

   10 લાખ કે તેથી વધુ વસ્તી ધરાવતા મહાનગરો અંગે જાણવા મળે છે કે 1951માં સમસ્ત ભારતમાં માત્ર મહાનગર હતું તે સંખ્યા વધીને 1981માં 12 અને 2001માં 40 મહાનગરોની થઈ છે.

5. ઔદ્યોગિક મહત્ત્વ ધરાવતાં કેન્દ્રો ઉપરાંત પ્રશાસનિક દરજ્જો, અવરજવરના સાધનોની સગવડ વગેરે પણ શહેરી વસ્તીની વૃદ્ધિમાં અગત્યના પરિબળો રહ્યા છે. રાજ્યોનાં રાજધાનીના નગરોમાં વસ્તી વધારાનો દર સતત ઊંચો રહ્યો છે તેમજ જિલ્લા કેન્દ્ર અને તાલુકા કેન્દ્રોની વસ્તીના વધારાનો દર પણ ઊંચો રહ્યો છે.પ્રશાસનિક અગત્ય વિનાના નગરોની વસ્તીના વધારાનો દર તુલનાત્મક રીતે નીચો રહ્યો છે.

જે નગરો રેલ માર્ગોથી જોડાયેલા છે તેમની વસ્તીનો વધારો રેલ્વે માર્ગની સગવડ વિનાના નગરો કરતાં ઊંચાં દરે થયો હતો. દા. ત., જે શહેરો મોટી રેલ્વે લાઈનથી જોડાયેલા હતા તેમાં ઊંચો વસ્તી વધારો નોંધાયો હતો અને જે નગરો મીટર ગેજ અથવા નાની રેલ્વે લાઈનથી જોડાયેલાં હતા તેમાં નીચો વસ્તી વધારો નોંધાયો હતો. પરંતુ જે નગરોને રેલ્વે લાઈનનો લાભ ન મળ્યો હતો તેમની વસ્તીના વધારાનો દર સૌથી નીચો રહ્યો છે. આવી જ તરાહ રાષ્ટ્રીય ધોરી માર્ગ અને રાજ્યના ધોરી માર્ગ ઉપર આવેલાં નગરો અંગે જોવા મળે છે.

6. ભારતની સાંપ્રત નગરીકરણની પ્રક્રિયામાંથી એવું પણ સ્પષ્ટપણે દેખાય છે કે કસ્બાઓની સંખ્યામાં ઘટાડો નોંધાયો છે જ્યારે કે નાના નગરો અને મોટા નગરોની સંખ્યા વધી રહી છે.

7. ભારતના નગરોની વસ્તી વૃદ્ધિ સાથે કેટલાંક દશકાઓથી નગરીય વસ્તીની ગીચતા પણ સતત વધતી જોવા મળે છે.

 1951ની વસ્તી ગણતરી પ્રમાણે ભારતના નગર સમુદાયોમાં પ્રતિ ચોરસ કિલોમીટર સરેરાશ 4200 લોકો વસતા હતા જે 1951ની વસ્તી ગણતરીની સરેરાશ કરતાં 1630 લોકો જેટલી વધારે હતી. વસ્તીની ગીચતાનો આ પ્રવાહ તે પછીના વર્ષોમાં પણ સતત વધતો રહ્યો છે. દા. ત. 1961માં નગર સમુદાયોમાં પ્રતિચોરસ કિલોમીટર સરેરાશ 5,310 લોકો, 1971માં સરેરાશ 6,488 લોકો અને 1981માં સરેરાશ 7,778 લોકો વસતા હતા. જ્યારે કે ગ્રામ્ય સમુદાયોમાં વસ્તીની સરેરાશ ગીચતા 1951માં 246 લોકો, 1961માં 297 લોકો 1971માં 383 લોકો અને 1981માં 433 લોકોની હતી.

નગર સમુદાયોમાં વસ્તીની ગીચતાનું આ અસાધારણ પ્રમાણ મહાનગરોમાં તેથી પણ ઘણું ઊંચુ રહ્યું છે જ્યારે કે નાના નગરો અને કસ્બાઓમાં તુલનાત્મક રીતે નીચું જોવા મળે છે. વળી, મહાનગરોના જુના અને કેન્દ્રિય વેપારી વિસ્તારોમાં પ્રતિ ચોરસ કિલોમીટર ત્રીસ હજારથી પણ વધુ લોકોની વસ્તી જોવા મળે છે. આ વિસ્તારોમાં વસ્તી અને વેપારને લગતી પ્રવૃત્તિઓ કેન્દ્રિત થયેલી હોવાથી જમીનના ભાવ પણ આસમાને પહોંચેલા જોવા મળે છે.

આમ ભારતમાં આઝાદી પછીના વર્ષોમાં શહેરી વસ્તીવૃદ્ધિ ક્ષેત્રે કેટલાંક ચોક્કસ પ્રવાહો ઉપસી આવ્યા છે. સંસ્થાનવાદ અથવા બ્રિટિશ યુગ દરમ્યાન થયેલાં નગરીકરણ અને આઝાદી પછીના ભારતમાં શહેરી વિકાસના જે પ્રવાહો રહ્યા છે તેમાં એક પ્રમુખ તફાવત વસ્તીના સ્થળકીય વિસ્તરણનો દેખાઈ આવે છે. સંસ્થાનવાદના યુગમાં નગરીકરણના પ્રવાહો મુખ્યત્વે થોડાં રાજકીય અને આર્થિક વર્ચસ્વ ધરાવતાં કેન્દ્રો પૂરતા મર્યાદિત રહ્યા હતા. એટલે કે તે ગાળા દરમ્યાન થોડાંક મોટાં નગરો અને એવાં નગરીય વિસ્તારો કે જે વેપારી ઢબે થતી ખેતી, બાગાયત અને ખાણોના પ્રદેશોમાં હતાં તેવા કેન્દ્રોમાં જ શહેરીવસ્તીનો નોંધપાત્ર વધારો થયો હતો. તેથી રાજધાનીના નગરો ઉપરાંત પ્રમુખ ઔદ્યોગિક નગરો, બંદરોના નગરો અને વહીવટી મહત્ત્વ ધરાવતા કેન્દ્ર આ સમય દરમ્યાન મહત્ત્વના શહેરીકેન્દ્રો બન્યા હતા. પરંતુ આઝાદી પછીના ભારતમાં નગરીકરણના પ્રવાહો વ્યાપક બન્યા અને આયોજનબદ્ધ આર્થિક વિકાસ તથા સામાજિક પરિવર્તનના પગલાંઓને લીધે ગ્રામીણ અને પછાત પૃષ્ઠભૂમિ ધરાવતાં નગરો પણ વત્તાઓછાં પ્રમાણમાં નગરીકરણના પ્રવાહોની અસર હેઠળ આવવા લાગ્યાં. આદિવાસી વિસ્તારોમાં પણ નાના કસ્બાઓ શહેરી કેન્દ્રો તરીકે આકર્ષણના કેન્દ્રો બન્યા એટલું જ નહીં પણ આધુનિક સંસ્કૃતિના તત્ત્વોના પ્રસારણના કેન્દ્રો તરીકે જે તે અને સ્થળાંતરના ક્ષેત્રે ગ્રામીણ સમુદાયોથી નગર સમુદાયો તરફનું સ્થળાંતર ઉપરાંત વિસ્તારમાં અસરકારક સ્થાન પામી શક્યા. વળી આઝાદી પછીના ભારતમાં નગરીકરણ નગર સમુદાયથી નગર સમુદાયો તરફનું (urban to urban Migration) સ્થળાંતર પણ આગવું સ્થાન ધરાવતું થયું છે.

નગર સમુદાયોથી નગર સમુદાયો તરફના સ્થળાંતર પાછળના પ્રમુખ કારણોમાં નાના નગરો કરતાં મહાનગરોમાં મળી આવતી રોજગારની વ્યાપક તકો છે. અવરજવરના સાધનોના વિકાસને લીધે આવા સ્થળાંતરને વેગ મળ્યો છે, બીજું, આઝાદી પછીના ભારતમાં જુદા જુદા પ્રદેશોમાં અનેક નવા ઔદ્યોગિક કેન્દ્રો અસ્તિત્ત્વમાં આવ્યા છે. આ નવ કેન્દ્રોમાં સ્થપાયેલા જાહેર અને ખાનગી ક્ષેત્રના ઔદ્યોગિક સંસ્થાનોમાં રોજગારી મળવાથી નાના નગરો અને કસ્બાઓમાંથી સ્થળાંતર કરીને ઘણા લોકો ત્યાં વસવાટ કરવા લાગ્યા છે. આ લોકોની જીવન જરૂરિયાતોને સ્પર્શતા નાના મોટા વ્યવસાયો અને કામધંધાઓ ઉપરાંત અન્ય સેવાઓમાં રોકાયેલી વ્યક્તિઓ

માટે પણ નવી તકો ઊભી થયેલી હોવાથી નવા નવા કેન્દ્રો તરફ સ્થળાંતરના પ્રવાહોને વેગ મળ્યો છે. ત્રીજું, ભારતના પંજાબ, હરિયાણા, ઉત્તરપ્રદેશ, ગુજરાત અને મહારાષ્ટ્ર વગેરે ઉપરાંત અન્ય પ્રદેશોમાં હરિયાળી ક્રાન્તિની એક અસર એ પણ થઈ છે કે નાના નગરો અને કસ્બાઓમાં વેપારીને ઔદ્યોગિક પ્રવૃત્તિઓનું પ્રમાણ વધ્યું છે. આર્થિક ક્રિયાઓની વૃદ્ધિ સાથે ત્યાંની શિક્ષણ, સ્વાસ્થ્ય અને વહીવટ સંબંધી ક્રિયાઓમાં પણ ઘણો વધારો થયો છે. તેથી અનેક નાના નગરો અને કસ્બાઓ જે તે પ્રદેશમાં આકર્ષણના કેન્દ્રો બન્યાં છે અને ત્યાં ગ્રામ્ય વિસ્તારો ઉપરાંત અન્ય નગરીય વિસ્તારોથી સ્થળાંતર કરીને આવેલા લોકોનું પ્રમાણ વધ્યું છે. ગુજરાતમાં અને સુરત, રાજકોટ, વડોદરા, આણંદ, નડીયાદ, અંકલેશ્વર, મહેસાણા, હિંમતનગર, મોડાસા વગેરે શહેરોમાં આ રીતે સ્થળાંતર કરીને આવેલા સ્ત્રી-પુરુષોનું પ્રમાણ આઝાદી પછીના વર્ષોમાં નોંધપાત્ર રહ્યું છે. નગરથી નગર તરફના સ્થળાંતર પાછળનું એક અન્ય નોંધપાત્ર કારણ ભારતના મહાનગરોમાં વસ્તીના અતિશય દબાણને લીધે થયેલી વિપરીત અસરો છે. એટલે કે મહાનગરોમાં વસ્તીની વધતા જતા પ્રવાહને લીધે એક બાજુ જમીનની અછત ઊભી થતી ગઈ અને જે ઉપલબ્ધ જમીન છે તેના ભાવ આસમાને ગયા છે. બીજી બાજુ ઔદ્યોગિક અને અન્ય આર્થિક ક્રિયઓનું વિકેન્દ્રિકરણ થવા લાગ્યું છે. પરિણામે મહાનગરોની આસપાસ આવેલાં નગરો અને કસ્બાઓમાં આર્થિક ક્રિયાઓ અને રહેઠાણ વગેરે વધુ સુગમ બનતા ગયા. તુલનાત્મક રીતે ઓછી કિંમતે જમીન અને અન્ય સગવડ આ નહરોમાં મળી શકવાથી તેમજ મહાનગરોથી ઝાઝા દૂર ન હોવાને લીધે તેના લાભ સહેલાઈથી મળી શકવાની શક્યતાને કારણે ગ્રામીણ વિસ્તારોની જેમ નગરીય વિસ્તારોમાંથી સ્થળાંતર કરીને આવેલાં સ્ત્રી-પુરુષોનું પ્રમાણ એવા નગરોમાં સવિશેષ રહ્યું છે. દિલ્હીની પાસે આવેલાં સોનીપત, ગાઝીયાબાદ, મોદીનગર, ફરીદાબાદ વગેરે નગરોનો ઉલ્લેખ આ સંદર્ભમાં કરી શકાય છે. સુરતની પાસે આવેલ વાપી, નવસારી, ઉધના અને અંકલેશ્વર વગેરે નાના નગરો પણ એવા નગરોના યોગ્ય ઉદાહરણ પૂરા પાડે છે.

સમસ્ત ભારતના સંદર્ભમાં નગરીકરણની દિશાઓ અને તેનાં પ્રવાહોની જેમ પ્રાદેશિક ક્ષેત્રે પણ શહેર વિકાસની ચોક્કસ તરાહો સમજાવી શકાય છે. જો કે કેટલાંક ભૌગોલિક, રાજકીય, ઐતિહાસિક અને આર્થિક પરિબળોની અસર હેઠળ નગરીકરણનાં ક્ષેત્રે જુદા જુદા પ્રદેશોમાં એક સરખા પ્રવાહો જોવા મળતાં નથી, આ મુદ્દા ઉપર વિસ્તૃત ચર્ચા નગરીકરણની વિસંગતતા વિષે વાત કરતી વખતે કરીશું.

## ભારતમાં નગરીકરણના પ્રવાહની વિસંગતતાઓ :

માનવ વસાહતોની ઉત્ક્રાંતિમાં નગરોનું અસ્તિત્વ માનવ સભ્યતા અને સંસ્કૃતિના ઉત્કર્ષનું પ્રતિક ગણાય છે. નગરીય જીવનશૈલી એક ઉત્કર્ષ જીવન અને સફળ કારકિર્દીનું પર્યાય પણ ગણાય છે. નગરોનો વિકાસ એ જે તે સમાજના વિકાસ અને સમ્પન્નતાનું માપદંડ હોય છે. હકીકતમાં પ્રત્યેક સમાજ આર્થિક વિકાસ અને સાંસ્કૃતિક પ્રગતિના પ્રયાસોમાં નગરીકરણની પ્રક્રિયાને ઈચ્છનીય ગણે છે. પરંતુ નગર વિકાસ અને નગરીકરણના પ્રવાહોની સાથે કેટલીક એવી પરિસ્થિતિઓનું નિર્માણ થાય છે જે નગરીય જીવનની શ્રેષ્ઠતા વિષે શંકા ઉપજાવે છે. આ અર્થમાં ઉત્કર્ષ જીવનશૈલીના માપદંડને આધારે નગરીકરણનું મૂલ્યાંકન થાય છે ત્યારે તેમાં કેટલાંક વિરોધાભાસ પણ તરી આવે છે. આ એક સામાજિક વાસ્તવિક્તા હોય છે અમેરિકા અને યુરોપના સમ્પન્ન સમાજોમાં પણ નગરીકરણ સાથે આ વિરોધાભાસો અસ્તિત્વમાં આવ્યા હતાં અને આજે જ્યારે ત્રીજા વિશ્વના દેશોમાં ઔદ્યોગિકરણ અને નગરીકરણના પ્રવાહો ઝડપી બન્યા છે, ત્યારે ત્યાં પણ નગરોના ઉત્કૃષ્ટ જીવનની આશાઓ સામે જુદા જુદા ક્ષેત્રોના વિરોધાભાસો પડકારસમાં બન્યા છે. આ વિરોધાભાસો એવી પરિસ્થિતિઓ હોય છે કે જે નગરના ઉત્કૃષ્ટ, સુખી અને ભર્યા ભર્યા જીવન સાથે સુસંગત હોતી નથી. તેનો ઉદ્ભવ અને વિકાસ ટાળી શકાતો નથી. તેમજ જ્યારે એક પરિસ્થિતિનો ઉકેલ મળે છે તે દરમ્યાન બીજી સુસંગત ન હોય એવી પરિસ્થિતિનું નિર્માણ થાય છે. આ વાસ્તવિકતા માત્ર જે તે નગરને સ્પર્શતી હોય કે નગર પુરતી જ મર્યાદિત હોય એવું નથી. સમસ્ત સમાજના સંદર્ભમાં નગરીકરણની કેટલીક અસંગતતાઓ જન્મ લે છે. અત્રે ભારતના સંદર્ભમાં નગરીકરણની એવી કેટલીક વિસંગતતાઓનો સંક્ષેપ પરિચય મેળવીએ.

**I. પ્રાદેશિક અસમતુલા :**

આઝાદી પછીના ભારતમાં ઔદ્યોગિક વિકાસ અને નગરોનું આર્થિક મહત્ત્વ ઉત્તરોત્તર વધતું ગયું છે. આ બાબતને સમસ્ત સમાજના સંદર્ભમાં જોઈએ તો થોડાંક મોટાં નગરો અને ઔદ્યોગિક કેન્દ્રો તરીકે નવા વિકસાવેલાં નગરો સિવાયના અન્ય નગર સમુદાયો આર્થિક વિકાસ અને રોજગારીની તકો ઝડપથી વિકસાવી શક્યાં નથી. એના પરિણામે 1991ની વસ્તી ગણતરી મુજબ ભારતની કુલ

નગરીય વસ્તીની 65.2 ટકા વસ્તી એક લાખથી વધુ વસ્તી ધરાવતા એવા ફક્ત 300 નગરોમાં વસે છે. જ્યારે કે બાકીની 34.8 ટકા નગરીય વસ્તી 3229 નાના નાના નગરો અને કસ્બાઓમાં વસે છે. નગરીય વસ્તીમાં મોટા નગરોમાં રહેતા નગરવાસીઓના 51.0 ટકા લોકો 24 મહાનગરોમાં વસે છે. નગરીય વસ્તીના આ વિતરણને કારણે એક બાજુ અમુક નગરો ઉપર વસ્તીનું અસહ્ય દબાણ થવા લાગ્યું છે, તો બીજી બાજુ આર્થિક વિકાસ અને સામાજિક પરિવર્તનના ક્ષેત્રે પ્રાદેશિક અસમતુલાનો પ્રશ્ન ઊભો થયો છે.

**2. મહાનગરોનું વર્ચસ્વ :**

ભારતમાં નગરીકરણની બીજી નોંધપાત્ર વિસંગતતા નગરીકરણના ક્ષેત્રે મહાનગરોનું વર્ચસ્વ છે. ભારતના નાના અને મધ્યમ કદના નગરોની તુલનામાં આ નગરોનો વસ્તી વધારાનો દર પણ સતત ઊંચો રહ્યો છે. દા.ત. 1971-81ના ગાળા દરમ્યાન એક લાખથી વધુ વસ્તી ધરાવતા મધ્યમ શ્રેણીમાં આવતા નગરોની વસ્તીમાં 42.7 ટકાના દરે વધારો થયો હતો. 10 લાખથી વધુ વસ્તી ધરાવતા નગરો કલકત્તા, બૃહદ મુંબઈ, દિલ્હી, મદ્રાસ, બેંગ્લોર, અમદાવાદ, હૈદરાબાદ, કાનપુર, પૂના, નાગપુર, અને જયપુરમાં ભારતની કુલ લગભગ 16 કરોડની નગરીય વસ્તીમાંથી 4 કરોડ અને 15 લાખ નગરવાસીઓ વસે છે તદ્ઉપરાંત જે નગરો ઔદ્યોગિક વિકાસને ક્ષેત્રે આગળ આવ્યા છે ત્યાં તો વસ્તીના વધારાની પ્રચંડ ગતિ જોવા મળે છે. દા. ત. ઓન્ડલ (246.6), રાણીગંજ (156.4), બોકારો સ્ટીલ સીટી (143.8), દૂર્ગ ભીલાઈ (100.00), રાંચી (95.9), રુરકેલા (86.3) વિશાખાપટ્ટમ્ (63.5) અને કોટા (62.9). 1971-81ના ગાળામાં ખૂબ ઊંચા દરે વિકાસ પામ્યા. રાજ્યોના પાટનગરો જેવા કે બેંગ્લોર (76.2) જયપુર (59.4) અને આયોજનબદ્ધ વિકાસ પામેલા પાટનગરો ભુવનેશ્વર (176.1) અને ચંડીગઢ (134.7) પણ ઘણો ઊંચો વસ્તી વૃદ્ધિદર નોંધાવે છે.

જે નગરો મહાનગરોની નજીક છે, જેવાં કે ગાઝીયાબાદ (128.6), સોનીપત (74.2), થાણા (87.4) ઉલ્લાસનગર (63.5) ત્યાં પણ 1971-81ના ગાળામાં ઘણા ઊંચા દરે વસ્તી વધી છે. એક રીતે આ પ્રવાહ મહાનગરો ઉપરના વસ્તીના ધસારાને યોગ્ય રીતે વાળતા પ્રવાહો ગણાવી શકાય. પરંતુ સમસ્ત રાષ્ટ્રના સંદર્ભમાં જોઈએ તો આ પ્રવાહો હજી પણ પ્રારંભિક પ્રકારના જ છે. વળી આ પ્રવાહો વચ્ચે પણ વધતી જતી નગરીય વસ્તી મહાનગરોની આસપાસ જ કેન્દ્રિત થતી જાય છે. આને લીધે વસ્તીના સમતોલ વિતરણના ખાસ લાભ મળતા નથી. આજે ભારતમાં નગરીય વસ્તીનું પ્રમાણ અમેરિકા, રશિયા, જાપાન, ચીન અને બ્રાઝિલ સિવાયના અન્ય કોઈ પણ દેશની કુલ વસ્તી કરતાં વધારે છે. તેમ છતાં આર્થિક વિકાસ અને જીવનશૈલીના ક્ષેત્રે અસમતોલ વસ્તી વિસ્તરણને કારણે ગ્રામીણ સમસ્યાઓ યથાવત્ રહી છે. હકીકતમાં કેટલાંક વિદ્વાનોએ તો ભારતીય નગરોમાં દેખા દેતા પ્રશ્નોને ગ્રામીણ સમુદાયોનાં પ્રતિનિધિરૂપ પ્રશ્નો જ ગણાવ્યાં છે.

પી. પી. દેસાઈએ ભારતના 10 લાખથી વધુ વસ્તીવાળા, મહાનગરો-બૃહદ મુંબઈ, કલકત્તા, દિલ્હી, મદ્રાસ, અમદાવાદ, હૈદ્રાબાદ અને મુંબઈના અભ્યાસને આધારે જે તારણ આપ્યું તે મહાનગરોના વર્ચસ્વ અને તેના લીધે નગરીકરણના ક્ષેત્રે જોવા મળતી વિસંગતતાનો નિર્દેશ કરે છે. તેઓ કહે છે કે ભારતના મહાનગરોની તેમની ગંભીર આર્થિક સમસ્યાઓ છે. એમની આવક એવી નથી કે રહેઠાણો અને સામાજિક સેવાઓ પાછળ પૂરતું ખર્ચ કરી શકે. આ શહેરો ફક્ત પોતાની વસ્તીના કદ અંગેનું જ ગર્વ લઈ શકે એમ છે. આ મહાનગરો વસ્તીથી ઉભરાતા અને અંડર-ઈન્ડસ્ટ્રલીઝ છે. તે આર્થિક સાધનોની અછતથી પણ પીડાય છે. તેથી પી. બી. દેસાઈ જણાવે છે કે નાના નગરોનો વ્યવસ્થિત વિકાસ કર્યા વગર વિસ્તૃત, સામાજિક અને સાંસ્કૃતિક ધ્યેય હાંસલ કરી શકાય તેમ નથી.

**3. સુલભ આર્થિક તકોનો અભાવ :**

નગરોના અને ખાસ કરીને મોટા નગરોના ઔદ્યોગિક વિકાસથી આકર્ષાઈને ગામડાના લોકો નગરોમાં સ્થળાંતર કરવા માટે પ્રેરાય છે. આજે ભારતના નગરો સ્થળાંતર કરીને રોજગારીની શોધમાં આવેલી વ્યક્તિઓથી ઉભરાય છે તેમ કહીએ તો ખોટું નથી. પણ શું ખરેખર નગરો રોજગારની સુયોગ્ય તકો આપી નગરવાસીઓનું આર્થિક જીવન સુધારી શકે છે ? ઉપલબ્ધ માહિતી એવું દર્શાવે છે કે નગરીકરણ સાથે ભારતના નગરો આર્થિક વિકાસની સુલભ તકો અત્યંત મર્યાદિત પ્રમાણમાં જ આપી શક્યા છે. દા. ત. 1971માં મુંબઈ શહેરમાં ભારતની કુલ શહેરી વસ્તીના 5.58 ટકા લોકો વસતા હતા. જ્યારે કે ત્યાં સમસ્ત ભારતની કુલ ઉત્પાદક રોજગારી (Manufacturing Employment) ની ફક્ત 2.10 ટકા રોજગારની હતી. એટલું જ નહિ પણ ભારતના 10 મોટા

શહેરોમાં 1971માં ફક્ત 5.53 ટકા ઉત્પાદક રોજગારી નોંધાઈ હતી. મોટા ભાગના નગરોમાં બિનસંગઠિત રોજગારી અથવા જાતે નાનો મોટો ધંધો કરીને કમાનાર લોકો જ જોવા મળે છે. તેથી તેઓમાં બેકારી, અર્ધબેકારી અને ગરીબીના વિકટ પ્રશ્નો હોય છે. ગામ છોડીને શહેરોમાં આવ્યા હોવા છતાં મોટા ભાગના સ્થળાંતરીઓનો આ પ્રશ્ન પીછો છોડતા નથી. તેથી આજે ભારતના નગરોમાં પણ શહેરી ગરીબી (Urban Poverty) નો પ્રશ્ન ગંભીર બન્યો છે. પ્રોફેસર એ. આર. દેસાઈ ભારતના શહેરોમાં બેરોજગારી અને ગરીબીનો ખ્યાલ આપવા દાન્ડેકર અને રથ તેમજ શ્રી પ્રણવ બરધન (Pranav Bardhan) ના અભ્યાસોના તારણોને આધારે જણાવે છે કે લગભગ 40 ટકા નગરવાસીઓ ગરીબીની રેખાથી નીચે જીવે છે. આ લોકોની સરેરાશ માથાદીઠ માસિક આવક લગભગ વીસ રૂપિયા જેટલી થાય છે. સરકારના ગરીબી નિવારણના કાર્યક્રમોના પરિણામ સ્વરૂપે આ દિશામાં ગયા થોડાક વર્ષો માટે પરિવર્તન આવ્યું હોય તો પણ આજે લગભગ ચોથા ભાગની નગરીય વસ્તી અતિદારિદ્રયને કંગાલિયતની પરિસ્થિતિઓમાં સબડે છે. આ વાતને ટેકો આપતી વાસ્તવિક્તા આપણા મહાનગરોમાં એક તરફ પંચતારક હોટલોની સંસ્કૃતિ અને બીજી તરફ ઝૂંપડપટ્ટીઓની સંસ્કૃતિ વચ્ચે જોવા મળતી સમ્પન્નતા અને અભાવની પરિસ્થિતિમાંથી મળી રહે છે. ઘણા નગરવાસીઓ સમ્પન્નતા અને ઐશ્વર્યના, કેન્દ્રો ગણાતા નગરોમાં પણ તેમની ગરીબી અને બેકારીને કારણે છાપરા વગરના બેઘર લોકો તરીકે જીવે છે. થોડાક વર્ષો અગાઉ ભારત સરકારના નગર વિકાસ ખાતાના રાજ્ય પ્રધાને રાજ્ય સભામાં માહિતી આપી કે મુંબઈના 50,185 લોકો, કલકત્તામાં 48,440 લોકો, દિલ્હીમાં 26,772 લોકો, બેંગલોરમાં 12,405 લોકો, મદ્રાસમાં 6,640 લોકો અને અમદાવાદમાં 2970 લોકો છાપરા વગરની બેઘર લોકોની જેમ જીવે છે. વળી, આ સંખ્યામાં ગંદીબસ્તીઓમાં અને ઝૂંપડપટ્ટીઓમાં રહેતા લોકોના ઉમેરો કરીએ તો શહેરીજીવનની લાખો લોકોને સ્પર્શતી કરુણ પરિસ્થિતિઓ હચમચાવી મૂકે તેવી છે. પ્રોફેસર એ. આર. દેસાઈ જણાવે છે કે ભારત અને ત્રીજા વિશ્વના અન્ય દેશોમાં ગરીબ અને ઝુંપડપટ્ટીઓમાં રહેતા નગરવાસીઓની માત્ર સંખ્યા જ વધી રહી નથી, પરંતુ તેમની દશા પણ ઉત્તરોત્તર બગડતી જઈ રહી છે.

**4. ઉતરતી કક્ષાની જીવનશૈલી :**

નગરીય જીવનશૈલી એક ઉત્કૃષ્ટ અને જરૂરી સગવડોથી સુસજ્જ એવી 'ડીસેન્ટ' જીવનશૈલીનો આભાસ કરાવે છે. પરંતુ જ્યારે વાસ્તવિક પરિસ્થિતિઓ જોઈએ તો નગરીકરણની સાથે એવી પરિસ્થિતિ નિર્માણ થઈ હોય એવું દેખાતું નથી. હકીકતમાં આપણા મહાનગરો અને અન્ય મોટા નગરોમાં અમીર અને ગરીબ વચ્ચેની ઊંડી ખાઈ જોવા મળે છે. વળી, સમય જતાં આ ભેદ વધુ તીવ્ર સ્વરૂપ ધારણ કરતો રહ્યો છે. ઔદ્યોગિકરણ અને આર્થિક વિકાસના કાર્યક્રમોના ખરા લાભ એક નાનકડા સમ્પન્ન વર્ગના લોકોમાં વધુ ને વધુ કેન્દ્રિત થઈ રહ્યાં છે જ્યારે નગરવાસીઓનો એક વિશાળ વર્ગ ઉત્તરોત્તર અમાનવીય પરિસ્થિતિઓ અને કંગાલિયતનો ભોગ બનતો જઈ રહ્યો છે. જેમ જેમ નગરોનો વિકાસ થતો જાય છે, તેમ તેમ નગરનો ગરીબ અને સામાન્યજન પારાવાર મુશ્કેલીઓ અને અભાવનો ભોગ થતો જાય છે. જાહેર સગવડો જેવી કે રહેઠાણ, રસ્તાઓ, બગીચા, પીવાના પાણીની સગવડ, ગટર, ખાળકૂવા, સંડાસ, મનોરંજનના સ્થળો, શિક્ષણ સંસ્થાઓ અને સ્વાસ્થ્યની સગવડ પૂરતા પ્રમાણમાં મળતી ન હોવાથી સામાન્ય નગરવાસીઓનું જીવન વધુ દુષ્કર થઈ ગયું છે. એટલું જ નહીં પણ નગરોની વસ્તી જે ઝડપથી વધી રહી છે તે જ ઝડપથી આ જાહેર સગવડોનો વિકાસ અને ફેલાવો થઈ શકતો નથી. પરિણામ સ્વરૂપે જે સગવડો ઉપલબ્ધ છે તેના ઉપર ઉપયોગ કરનારનું ભારણ વધતું જાય છે. તેની એક આડ અસર એ પણ જોવા મળે છે કે આ જાહેર સગવડો ઘણી વખતે સ્વાસ્થ્ય અને માનવીય માપદંડોને બંધ બેસે તેવી હાલતમાં રાખી શકાતી નથી. કમનસીબે જે નવા નગરોનો વિકાસ થયો છે ત્યાં પણ અસરકારક આયોજનના અભાવને લીધે જરૂરી જાહેર સગવડો મળી આવતી નથી. જે. એફ. બલસારાએ ભારતના મહાનગરોમાં જાહેર સગવડોની અવસ્થા અંગે જે સમજ આપી છે તે નગરીકરણ સાથે અસ્તિત્વમાં આવતી આ વિસંગતતાને છતી કરે છે. ઘણા શહેરોમાં બાગ-બગીચા અને બાળકો માટે રમવાના તૈયાર કરાયેલા ક્રિડાના મેદાન અને પાર્ક ગંધથી ભયંકર વાસ મારતા સ્થળો તરીકે ઠેર ઠેર જોવા મળે છે. આ મેદાનો અને પાર્ક ઝુંપડપટ્ટીઓના વિસ્તારોમાં તો નર્કાગાર બની ગયા હોય છે.

જાહેર સગવડોમાં નગર વિકાસ સાથે અવરજવરની સુવ્યવસ્થા પણ એક જરૂરી શરત બને છે. પરંતુ જે જોવા મળે છે તે હકીકત તદન ભિન્ન છે. જેમ જેમ નગરનો વિકાસ થાય છે તેમ તેમ અવરજવરના સાધનોનો પ્રશ્ન વિકટ બનતો જાય છે. આજે આપણે ત્યાં ભાગ્યે જ એવાં કોઈ શહેર હશે કે જ્યાં અવર-જવરના સાધનોનો પ્રશ્ન સ્થાનિક પ્રશાસન માટે માથાના દુઃખાવરૂપ ન થયો હોય. નગરોના મધ્યવર્તી વિસ્તારોમાં તો કામના કલાકો દરમ્યાન અવારનવાર ટ્રાફીક જામનો કટુ અનુભવ થાય છે. શહેરોની વસ્તી અને વાહનોની જે દરે વૃદ્ધિ થાય છે તેટલી જ ઝડપથી શહેરોના રસ્તાઓ પહોળા કરી શકાતા નથી. મોટાભાગના નગરો જૂના હોવાથી ત્યાંના રસ્તાઓ અને રાજમાર્ગો ઘણાં સાંકડા છે. તાત્કાલીન રાજકીય અને સામાજિક, આર્થિક પરિસ્થિતિઓમાં એવા સાંકડા રસ્તાઓ પૂરતા અને ઉપયોગી રહ્યા હશે, પરંતુ આજે તે વધતા જતા વાહન-વ્યવહાર માટે યોગ્ય રહ્યાં નથી. જુના ઘરો પણ આજે ઘણા નડતરરૂપ થાય છે. એટલું જ નહીં પરંતુ શહેરના અંદરના વિસ્તારમાં જુના ઘરો તોડીને નવા ઘરો બંધાય છે. ત્યારે વસ્તીની ગીચતાનો પ્રશ્ન વધુ વિકટ બની જાય છે. નવા મકાનો બહુમાળી અને ભવ્ય હોય છે અને ત્યાં સેંકડો લોકો રહેવા લાગે છે. આજે આપણા શહેરોમાં ટ્રાફિક જામનાં દૃશ્ય જોઈએ તો રાહદારીઓ, સ્કૂટર, ઓટોરીક્ષા, મોટરકાર, ટ્રકો અને તોતીંગ બસો વગેરે જ્યાં ત્યાં લાંબા સમય સુધી ફસાયેલ જોવા મળે છે.

**5. રાષ્ટ્રીય નગરીય નીતિની અસરકારકતાનો અભાવ :**

ભારતમાં નગરીકરણની મોટામાં મોટી વિસંગતતા નગરોમાં વિકાસ સાથે જરૂરી એવી રાષ્ટ્રીય સ્તરે નગર આયોજનની અસરકારક નીતિના અભાવની છે. હકીકતમાં નગરીકરણના પ્રશ્નો તરફ 1955ની આસપાસ આયોજનપંચની રીસર્ચ પ્લાનીંગ સમિતિ (RPC) ના આશ્રયે ભારતનાં કેટલાંક પ્રમુખ નગરોના સર્વેક્ષણોના તારણો પ્રાપ્ત થયા પછી જરૂરી ધ્યાન જવા લાગ્યું. ભારતના બંધારણમાં નગર વિકાસ ને લગતા કામો રાજ્યો હસ્તક મુકાયાં છે. તદઉપરાંત આઝાદી પછીના તુરંતના વર્ષોમાં ગ્રામીણ પ્રશ્નોનું સ્વરૂપ અતિશય ગંભીર હોવાથી નગરો તરફ પુરતું ધ્યાન અપાયું નથી. વાસ્તવમાં ગ્રામીણ ગરીબીના ઉકેલ રૂપે નગરો તરફ ધ્યાન જવા લાગ્યું તેમ કહીએ તો પણ અસ્થાને નથી.

1975માં રાષ્ટ્રીય સ્તરે નગરીકરણને સ્પર્શતી એક સર્વગ્રાહી નીતિ તરફ પગલાં લેવાયા અને તે અંગેની એક રૂપરેખા તૈયાર કરવામાં આવી. 1974-79ની પંચવર્ષીય યોજનામાં આ રૂપરેખાને સામેલ કરવામાં આવી તેમાં નગર વિકાસ અંગે નીચે મુજબના ધ્યેયો રજુ કરવામાં આવ્યા.

(1) બને ત્યાં સુધી નગર વિસ્તારોની નાગરિક સુવિધાઓ વધારવી અને લોકોના જીવનને જીવવા યોગ્ય બનાવાય એ માટે જરૂરી ઓપ આપવો.

(2) આર્થિક ક્રિયાઓના વિકેન્દ્રિકરણ, કાનૂનીકરણ અને નવા આકર્ષણના કેન્દ્રો વિકસાવીને મેટ્રોપોલિટન નગરોના વિકાસ અને વસ્તીના દબાણને અસરકારક રીતે નિયંત્રિત કરવું અને અટકાવવું.

(3) ઉચ્ચતમ આર્થિક વિકાસ હાંસલકરવાના આશયથી અને નગરીકરણના એકમાર્ગી દબાણને ઘટાડવા અર્થે નાના કદના અને નવા નગરોનો વિકાસ કરવો.

(4) રાષ્ટ્રીય કક્ષાના મહત્ત્વના પ્રોજેક્ટો જેવાં કે મેટ્રોપોલિટન નગરો અથવા આંતરરાજ્ય પ્રોજેક્ટોના અમલીકરણ માટે જરૂરી મદદ કરવી.

(5) કેન્દ્ર સરકારે ઉભા કરેલાં નવા ઔદ્યોગિક નગરોના સ્વરૂપે અને કાર્યમાં વધારો કરી તેને વિશાળ બનાવવાં અને તેની જરૂરિયાતો પુરી કરવી.

આમ છેલ્લા કેટલાંક વર્ષોથી નગર અને પ્રાદેશિક વિકાસની સમસ્યા તરફ ધ્યાન આપવાનું શરૂ થયું હોવા છતાં ભારતની નગરીકરણની પ્રક્રિયામાં રહેલી વિસંગતતાઓને નાથી શકાઈ નથી, આનું મૂલ્યાંકન કરતાં ડોટસન જણાવે છે કે રાષ્ટ્રીય આયોજનમાં નગરીકરણ અને નગર વિકાસને અધકચરું, અસંકલિત અથવા નકારાત્મક સ્થાન અપાયું છે. મેકગીએ તો ત્રીજા વિશ્વના નગરીકરણને બનાવટી લેખાવ્યું છે. કારણ કે તેને નવ વિકસિત દેશોના ઔદ્યોગિકરણ અને નગરીકરણના તબક્કા સાથે સરખાવી શકાય તેમ નથી.

તેમ છતાં જુદી જુદી પંચવર્ષીય યોજનાઓ દરમ્યાન કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારો દ્વારા નગરીકરણના પ્રશ્નોને નાથવા માટે કેટલાંક કાર્યક્રમો અને યોજનાઓ અમલી બનાવાઈ છે. આવી, યોજના

અને કાર્યક્રમોમાં કેન્દ્ર સરકારના આશ્રયે (1) સ્લમ ક્લીયરન્સ એન્ડ ઈમ્પ્રૂવમેન્ટ સ્કીમ, (2) માસ્ટર પ્લાન તૈયાર કરવા અને નગરીય તથા પ્રાદેશિક આયોજનનાં સત્તા મંડળ ગઠિત કરવા, (3) ઝુંપડપટ્ટીઓનો પર્યાવરણની સુધારણા માટેના કાર્યક્રમ, (4) સંકલિત નગર વિકાસ કાર્યક્રમો (IUDP) અને (5) નાનાં કદના તથા મધ્યમ કદના કસ્બાઓના સંકલિત વિકાસ માટેના કાર્યક્રમો અસ્તિત્વમાં આવ્યા. રાજ્ય સરકારો હસ્તકના કાર્યક્રમોમાં રહેઠાણ, પાણીનો પુરવઠો, ખાળકૂવા, ગટર યોજના અવર જવરના સાધનોની સગવડ વગેરે પૂરી પાડવાના આશયથી અનેક કાર્યક્રમો હાથ ધરાયા. તદ્ઉપરાંત નગરના સુનિયોજિત વિકાસ માટે સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં 1960 પછી અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી (Urban Development Authority) સ્થાપવામાં આવી.

કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારોના આશ્રયે અમલમાં આવેલ ઉપરોક્ત વિવિધ યોજનાઓ નગરીકરણ અને તેના પ્રશ્નોનું યોગ્ય નિરાકરણ તરફની નિષ્ઠાનો નિર્દેશ આપે છે. પરંતુ જ્યારે આ તમામ કાર્યક્રમોના છેવટના પરિણામોને ધ્યાનમાં લઈએ તો કહી શકાય કે નગરીકરણની સમસ્યાઓ હળવી થઈ નથી. તે પાછળનું એ છૂપું કારણ એવું પણ મનાય છે કે મોટાં મોટાં નગરોના વધુ વિકાસને અટકાવવા અર્થે ત્યાંની ઔદ્યોગિક અને આર્થિક ક્રિયાઓને વધુ વિકસતી અટકાવી દેવાનો અર્થ મહાનગરોની અર્થ વ્યવસ્થાને ફટકો મારવા જેવું થશે. જો એવું થયું તો આવક અને રોજગારના પ્રશ્નો વધુ વિકટ બનશે. કારણ કે આજે પણ મહાનગરોમાં જે મોટા ભાગની આર્થિક ક્રિયાઓ કેન્દ્રિત હોવાથી રોજગારીની વ્યાપક તકો આ મહાનગરોમાં મળી આવે છે. તદ્ઉપરાંત રાષ્ટ્રની અર્થવ્યવસ્થામાં આ મહાનગરોનું સ્થાન મહત્ત્વનું હોવાથી રાષ્ટ્રીય આર્થિક વિકાસ માટે પણ તેમનો વિકાસ અટકાવવો હિતાવહ નથી. જો કે ઔદ્યોગિક વિકેન્દ્રીકરણ માટે લાઈસેન્સીન્ગ પદ્ધતિની નીતિ અપનાવવામાં આવી છે. પરંતુ મહાનગરોના વિકાસના ઝોકને નાથવામાં તો ભાગ્યે જ સફળ થઈ છે.

કેટલાંક વિદ્વાનોનું એવું પણ માનવું છે કે આર્થિક સાધનોની અછતને લીધે નગરીકરણની પ્રક્રિયાને સુનિયોજિત દિશામાં વાળવા માટે પૂરતા નાણાં ફાળવી શકાતા નથી. તેથી નીતિ વિષયક નિર્ણયો હોવા છતાં નાના નગરો અને કસ્બાઓના ઔદ્યોગિક વિકાસ માટે આકર્ષક પૂર્વ શરતો તૈયાર કરી શકાતી નથી. તેથી ઉદ્યોગો અને લોકોના પ્રવાહનો ઝોક ઔદ્યોગિક રીતે પ્રસિદ્ધિ પામેલા કેન્દ્રો તરફ જ વધતો રહે છે.

જ્યારે પંચવર્ષીય યોજનાઓમાં ફાળવવામાં આવેલ નાણાં અંગે વિચારીએ તો જાણવા મળે છે કે ગઈ કેટલીક પંચવર્ષીય યોજનાઓ દરમ્યાન નગર વિકાસ માટે ફાળવવામાં આવેલા ભંડોળની ટકાવારી ઉત્તરોત્તર ઘટતી આવી છે. દા. ત., ત્રીજી પંચવર્ષીય યોજના દરમ્યાન નગર વિકાસ માટે કુલ ખર્ચની જોગવાઈના 14% ફાળવવામાં આવ્યા હતા જે ઘટીને ચોથી પંચવર્ષીય યોજના દરમ્યાન 7.68 ટકા થયા. પાંચમી યોજના દરમ્યાન 3.5 ટકા થયા અને છઠ્ઠી યોજનામાં ફક્ત 2.25 ટકા પર આવી પહોંચ્યા. સાતમી પંચવર્ષીય યોજના દરમ્યાન આમાં સુધારો કરવામાં આવ્યો અને યોજનામાં ફાળવવામાં આવેલ કુલ ભંડોળમાં 4 ટકા નગર વિકાસ માટે ખર્ચવાની જોગવાઈ કરવામાં આવી. હાલમાં જ (2006) જવાહરલાલ નેહરૂ રાષ્ટ્રીય અર્બન ડેવલપમેન્ટ મિશન હેઠળ ભારતના 64 નગરોના વિકાસ માટે એક લાખ કરોડ રૂપિયા કેન્દ્ર સરકારે અલાયદા ફાળવ્યા છે.

આમ, નગર વિકાસની નીતિ અને કાર્યક્રમોના ક્ષેત્રે એકધારી અને અસરકારક પ્રયાસોના અભાવને કારણે નગરીકરણના ક્ષેત્રે સર્જાયેલી વિસંગતતાઓ ટાળી શકાતી નથી. હકીકતમાં નગરીકરણની સમસ્યાઓ અને નગર વિકાસના જે પ્રવાહો દેખાય છે તે ગ્રામીણ પ્રશ્નો જેટલા જ ગંભીર છે. તેથી લાંબાગાળાની અસરકારક એવી નગર વિકાસની સંકલિત નીતિ ભારતના નગરીકરણના ક્ષેત્રે એક ભારે વિસંગતતા પ્રસ્તુત કરે છે.

**6) આર્થિક વિકાસની વિષમતા :**

ભારતમાં આર્થિક વિકાસને ક્ષેત્રે દેખાતી પ્રાદેશિક અસમતુલા નગરીકરણની દિશાને પ્રભાવિત કરે છે. જે જે પ્રદેશોનો ઔદ્યોગિક વિકાસ થયો છે ત્યાં ત્યાં નગરીકરણની પ્રક્રિયાએ પણ વેગ પકડ્યો છે. આ હકીકત આપણે આગળ તપાસી ગયા છીએ. તદ્ઉપરાંત પંચવર્ષીય યોજનાઓ દ્વારા કેટલાંક પછાત વિસ્તારોમાં કે જ્યાં કુદરતી સંપદા મળી આવી છે ત્યાં જાહેર ક્ષેત્રના મોટા પાયા પરના ઉદ્યોગો નંખાયા છે. દા. ત., કલકત્તા-દામોદરના પ્રદેશમાં કોલસાની ખાણો અને લોખંડના ઉદ્યોગો વિકસ્યા છે. તેથી દુર્ગાપુર, બોકારો, ધનબાદ વગેરે ઝડપથી વિકાસ પામ્યા છે. સુરતની પાસે અંકલેશ્વર પણ એવું જ ઉદાહરણ પુરું પાડે છે. પરંતુ આ ઔદ્યોગિક કેન્દ્રો સાથે નગરીકરણના સંદર્ભમાં જે વિસંગતતા ઊભી થઈ છે તે એ છે કે જે જે પછાત વિસ્તારોમાં એવા નગરોનો વિકાસ

થયો છે તેમની આસપાસનો વિસ્તાર ખાસ લાભ પામી શક્યો નથી. પરિણામે ત્યાં બે પ્રક્રિયા જોવા મળે છે. એક બાજુ વિશાળ ઉદ્યોગો અને નવાં ઊભાં થયેલાં વિશાળ નગરો હોય છે અને બીજી બાજુ પછાત આદિવાસી અને ખેતીવિસ્તાર હોય છે. બિહાર અને ઓરિસ્સા કે જે વિપુલ કુદરતી સંપદા ધરાવે છે ત્યાં એવી બેવડી પ્રક્રિયા સ્પષ્ટપણે દેખાઈ આવે છે. ગુજરાતમાં પણ બનાસકાંઠા, સાબરકાંઠા, કચ્છ અને ડાંગ વિસ્તારોમાં એવા પ્રાદેશિક અસમતુલાના ચિન્હો સ્પષ્ટપણે દેખાઈ આવે છે.

આમ, ભારતમાં નગરીકરણના ક્ષેત્રે ઝડપી પરિવર્તનો આવી રહ્યા હોવો છતાં તેમાં રહેલી કેટલીક ચોક્કસ વિસંગતતાઓને કારણે સમતોલિત અને ઉત્તમ જીવનશૈલીના વિકાસ અંગેના વ્યાપક લાભો પ્રાપ્ત થયાં નથી. ચોક્કસ નગરો અને વિસ્તારો ઉપર નગરીકરણનું ભારણ વધી રહ્યું છે. તદ્ઉપરાંત નગરવાસીઓમાં પણ એક વિશાળ વર્ગને ઉત્તમ ગણાવી શકાય એવી રોજગારી કે નગરીય સગવડો પ્રાપ્ત થઈ શકી નથી. આથી આજે ભારતના નગરોમાં કેટલીક એવી સમસ્યાઓનો જન્મ થયો છે કે જેમનો ઉકેલ શોધવો અઘરો બનતો જાય છે.

**ઈ.સ. 2001ની વસ્તી ગણતરીના ઉપલબ્ધ આંકડાઓને આધારે ભારતમાં નગરીકરણની તાસીર**

1) ભારતની કુલ વસ્તીમાં 30 કરોડ અને 69 લાખ લોકો નગરોમાં વસે છે. નગરમાં રહેતી આ વસ્તી કુલ વસ્તીના 30.5 ટકા થાય છે.

2) 1991 થી 2001ના દાયકામાં ભારતના નગરોની વસ્તીની વૃદ્ધિ 41.0 ટકાની રહી છે. એટલે કે વાર્ષિક લગભગ 4 ટકાની દરે નગરોની વસ્તી વધી છે.

3) ભારતમાં કુલ 3696 નગર સમુદાયો છે. તે પૈકી એક લાખ કે તેથી વધુ વસ્તી ધરાવતા સમુદાયોની સંખ્યા 300 જેટલી છે. આ નગરોમાં કુલ શહેરી વસ્તીના 65.20 ટકા લોકો વસે છે.

4) ભારતની કુલ નગરીય વસ્તીનો લગભગ ત્રીજો ભાગ એટલે કે 7 કરોડ અને 10 લાખ જેટલી વસ્તી 10 લાખ કે તેથી વધુ વસ્તી ધરાવતા મહાનગરોમાં વસે છે. ઈ.સ.1951માં ભારતમાં આ શ્રેણી ફક્ત એક નગર આવતું હતું. ઈ.સ.2001માં આ સંખ્યા વધીને 40 મહાનગરો જેટલી 20 થઈ છે.

5) 1981થી 1991ના ગાળામાં નગરીય વસ્તીની જે વૃદ્ધિ થઈ છે તે પૈકી 4.4 કરોડ લોકો એક લાખ કે તેથી વધુ વસ્તી ધરાવતા નગરોમાં ઉમેરાયા છે.

6) નગરો આર્થિક વિકાસ અને સમૃદ્ધિનાં કેન્દ્રો તરીકે જાણીતા થયા છે. ઈ.સ.2001માં અંદાજીત કુલ રાષ્ટ્રીય આવકમાં લગભગ 60 ટકા ભાગ નગરોમાં થતી આર્થિક પ્રવૃત્તિઓને લીધે આવ્યો હતો.

7) રોજગારીની તકો રૂપે જોઈએ તો 1981-1991ના ગાળામાં નગરોમાં 38% રોજગારો ઊભા થયા હતા જ્યારે કે સમગ્ર દેશમાં તે ટકાવારી 26.1 ટકા અને ગ્રામીણ વિસ્તારોમાં ફક્ત 16.0 ટકા નોંધવામાં આવેલ છે.

8) આજે નગરીકરણના વધતા જતા વેગને લીધે પર્યાવરણ ઉપર ત્રણ પ્રમુખ અસરો દેખાવા લાગી છે. એક સ્થળાંતરને લીધે વધતી જતી નગરીય-ગરીબી અને તેને લીધે જન્મ લેતા પ્રશ્નો; બીજું પાયાની સગવડો પર વસ્તીનું વધતું જતું દબાણ અને ત્રીજું વધતો જતો ઉપભોક્તાવાદ

9) વધતા જતા નગરીકરણને લીધે ઝુંપડપટ્ટીઓ; હવા, પાણી અને ઘોંઘાટના પ્રદૂષણનો પ્રશ્ન વિકરાળ બનતો જાય છે. તેમ જ ગંદા-કચરા અને વિવિધ પ્રકારના ફેંકી દેવા જેવા માલ-સામાનના નિકાલનો પ્રશ્ન પણ [illegible]પરો થતો જાય છે.

10) નગરોમાં રહેતા લોકો, ખાસ કરીને મહાનગરોમાં વસતા કુલ લોકોનાં લગભગ 40 ટકા લોકો ઝુંપડપટ્ટીઓમાં વસે છે. આ વસ્તીઓ અનેક રીતે અભાવ અને ગંદકીના પ્રશ્નોથી પીડાય છે.

11) દેશમાં રહેતા કુલ ગરીબોના 25 ટકા શહેરી વિસ્તારોમાં રહે છે. વળી, નગરીય વસ્તીમાં આ પ્રમાણ જોઈએ તો કુલ નગરીય વસ્તીના 31 ટકા નગરવાસીઓ ગરીબોની શ્રેણીમાં આવે છે.

12) ભારતની કુલ નગરીય વસ્તીમાં સૌથી વધુ નગરવાસીઓ મહારાષ્ટ્રમાં રહે છે. ત્યાં વસતા નગરવાસીઓ દેશની કુલ નગરીય વસ્તીના 14.0 ટકા થાય છે. ત્યારપછી ઉત્તરપ્રદેશ અને તામીલનાડુનું સ્થાન આવે છે.

13) મહાનગરોમાં વસ્તીનો વધારો થઈ રહ્યો છે તેમ છતાં કેટલાંક મહાનગરોમાં વસ્તીના વધારાનો દર ખૂબ ઊંચો છે. 1981-91ના આંકડાઓ મુજબ આ અંગે જે ચિત્ર ઉપસે છે તે નીચેના કોષ્ટકમાં દર્શાવેલ છે.

| **1981-91ના દશકનો વૃદ્ધિ દર** | **મહાનગરો** |
|---|---|
| 20% કરતા ઓછો | કોલકત્તા ;પટના |
| 21% થી 30% | ચેન્નઈ; અમદાવાદ; કાનપુર; કોઈમ્બતૂર અને વારાણસી |
| 31% થી 40% | મુંબઈ; નાગપુર; ઈન્દોર |
| 41% થી 50% | દિલ્લી; બેંગલોર; પૂણે; જયપુર; કાંચી; વડોદરા |
| 51% અને તેથી વધુ | વિશાખાપટ્ટનમ; હૈદ્રાબાદ; સુરત; લુધીયાના; લખનૌ અને ભોપાલ |

14) મુંબઈ; કોલકત્તા; ચેન્નઈ અને દિલ્લી ''મેગા સિટીઝ''ની શ્રેણીમાં આવે છે.જેમાં પ્રત્યેક શહેરની વસ્તી 50 લાખથી વધુ છે.

15) નગરોની વસ્તીની ગીચતામાં ઉત્તરોત્તર વિકાસ થઈ રહ્યો છે. મહાનગરોની વસ્તીની ગીચતા 20 હજાર લોકો પ્રતિ કિલોમીટરથી વધુ થાય છે. જો કે નગરના અંદરના અથવા કેન્દ્રીય વિસ્તારમાં વસ્તીની ગીચતાનું પ્રમાણ તેથી પણ ઊંચું હોય છે.

16) જમીનના ઉપયોગની તરાહની બાબતમાં નગરોની કુલ ઉપલબ્ધ જમીનનો ફક્ત 46.60 ટકા વિસ્તાર વિકસિત વિસ્તારની શ્રેણીમાં આવે છે. આ પૈકીનો 35.70 ટકા વિસ્તાર રહેઠાણ માટે વપરાય છે.

## ગુજરાતમાં નગરીકરણની તરાહ :

ગુજરાતમાં નગરનો ઈતિહાસ ઘણો પ્રાચીન છે. સિંધુ ખીણની સંસ્કૃતિનાં લોથલ અને હાલાર નગરો સૌરાષ્ટ્રમાં જ અસ્તિત્વ ધરાવતાં હતાં. પ્રાચીન સમયમાં દ્વારકા, ભરુચ, ગિરીનગર (જૂનાગઢ), પાટણ, વલ્લભીપુર અને ખંભાત મહત્ત્વનાં નગરો હતાં. મધ્યયુગમાં અમદાવાદ, ચાંપાનેર, સુરત અને બીજાં નાનાં નગરોએ મહત્ત્વનું સ્થાન પ્રાપ્ત કર્યું. બ્રિટિશ યુગમાં આમાંના અનેક નગરોના વિકાસને વેગ મળ્યો. તે ઉપરાંત હાલમાં જ ગાંધીનગર, ફર્ટિલાઈઝરનગર, જવાહરનગર જેવાં અનેક બીજાં અને નવાં નગરો અસ્તિત્ત્વમાં આવ્યાં છે. જી. આઈ. ડી. સી.ના પ્રોત્સાહન હેઠળ ગયા થોડાક વર્ષોમાં ગુજરાતમાં એવા અનેક ઔદ્યોગિક કેન્દ્રો વિકાસ પામ્યા છે.

આજે ગુજરાત આપણા દેશમાં ઔદ્યોગિકરણના ક્ષેત્રે બીજુ સ્થાન અને નગરીકરણના ક્ષેત્રે ત્રીજું સ્થાન ધરાવે છે. આઝાદી પછીના ભારતમાં આર્થિક વિકાસ અને સામાજિક પરિવર્તનના ક્ષેત્રે ગુજરાતે નોંધપાત્ર સિદ્ધિઓ હાંસલ કરી છે. તેનું પ્રતિબિંબ ગુજરાતમાં વધતા જતાં નગરીકરણના પ્રવાહોના રૂપમાં જોવા મળે છે. ઈ. સ. 1901માં ગુજરાતની કુલ વસ્તીના 22.33 ટકા લોકો 166 નગરોમાં રહેતા હતાં. તે વખતે નગરીય વસ્તીનું આ પ્રમાણ રાષ્ટ્રીય સ્તરના પ્રમાણ કરતાં લગભગ બમણું હતું. સમય વહેવા સાથે શહેરી વસ્તીનું પ્રમાણ ઉત્તરોત્તર વધતુ ગયું છે. દા. ત., 1961માં ગુજરાતમાં કુલ વસ્તીમાં નગરીય વસ્તીનું પ્રમાણ 25.77 ટકા 1971માં 28.05 ટકા ને 1981માં 31.10 ટકા, 1991માં 34.49 ટકા અને 2001માં 37.67 ટકા થયું છે.ગયા દર વર્ષોમાં એટલે કે 1971-81ના ગાળામાં ગુજરાતની કુલ નગરીયવસ્તીમાં 40.82 ટકાનો વધારો નોંધાયો છે જ્યારે કે 1961માં 31.93 ટકા અને 1971માં 41.00 ટકાનો, 1991માં 33.15 ટકા અને 2001માં 37.67 ટકા વધારો નોંધાયો હતો. ભારતના બીજા રાજ્યોની જેમ ગુજરાતમાં પણ મોટા નગરોનો વિકાસ વધુ ઝડપી રહ્યો છે, જ્યારે કસ્બાઓ અને નાના નગરો તુલનાત્મક રીતે ધીમી ગતિએ વધી રહ્યાં છે, કે સ્થગિતતામાંથી પસાર થઈ રહ્યાં છે. ગુજરાતમાં ગયા થોડાક દાયકાઓમાં નગરીકરણના જે પ્રવાહો દેખાય છે તેનો સંક્ષિપ્ત પરિચય નીચે મુજબ આપી શકાય.

## 1. નગર સમુદાયોની સંખ્યા

ભારતના બીજા રાજ્યોની જેમ ગુજરાતમાં પણ પ્રત્યેક દાયકામાં નગર સમુદાયોની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો નોંધાતો આવ્યો છે. ઈ.સ. 2001માં ગુજરાતમાં નાના મોટા કુલ 166 કેન્દ્રો નગર સમુદાયોની શ્રેણીમાં આવતા હતા. તેની સંખ્યા 1981માં વધીને કુલ 242 નગરોની થઈ છે.

ગુજરાતમાં ઈ. સ. 1901માં ફક્ત ત્રણ નગરો એક લાખ કે તેથી વધુ વસ્તીવાળા હતાં ઈ.સ. 1951માં એવાં નગરોની સંખ્યા વધીને 6ની થઈ. 1981ની વસ્તી ગણતરી ગદર્શાવે છે તે મુજબ ગયા 30 વર્ષોના ગાળામાં મોટા નગરો એટલે કે એક લાખથી વધુ વસ્તી ધરાવતા નગરોની સંખ્યા 13 ઉપર પહોંચી છે. જ્યારે કુલ નગરોની સંખ્યામાં ઘટાડો નોંધાયો છે કારણ કે 1961ની વસ્તી ગણતરી વખતે નગરની જે પુર્નવ્યાખ્યા કરવામાં આવી હતી તેના લીધે ભારતના અન્ય રાજ્યોની જેમ ગુજરાતમાં પણ કેટલાંક કેન્દ્રોને નગરની ગણતરીમાંથી બાદ કરવામાં આવ્યા હતા.

એક અન્ય રીતે જોઈએ તો ગુજરાતમાં મુખ્યત્વે મધ્યમ કદનાં નગરોની સંખ્યા બીજી શ્રેણીઓના નગરો કરતાં વધારે છે. ગુજરાતના કુલ 220 નગરોમાંથી ઈ.સ. 1981માં 46 નગરોની વસ્તી વીસ હજારથી વધુ પણ પચાસ હજારથી ઓછા લોકોની હતી અને 76 નગરોની વસ્તી 10 હજારથી વધુ પણ 20 હજારથી ઓછી હતી. આ રીતે લગભગ 50 ટકાથી પણ વધુ નગરો ત્રીજી અને ચોથી શ્રેણીમાં આવે છે.

## 2. નગરીય વસ્તીમાં મોટાં નગરોનું સ્થાન :

ભારતના બીજા પ્રદેશોની જેમ ગુજરાતમાં પણ કુલ નગરોની સંખ્યાની તુલનામાં મોટા નગરોની સંખ્યા ઓછી છે. દા. ત., સમસ્ત ભારતમાં એક લાખથી વધુ વસ્તી ધરાવતાં નગરોની કુલ સંખ્યા માત્ર 216 છે અને ગુજરાતમાં 13 છે. તેમ છતાં જ્યારે સમસ્ત શહેરી વસ્તીના સંદર્ભમાં એવા નગરો અંગે વાત કરીએ ત્યારે તેમનું આગવું સ્થાન સ્પષ્ટપણે દેખાઈ આવે છે.

ઈ.સ. 1981ની વસ્તી ગણતરી મુજબ ગુજરાતની કુલ શહેરી વસ્તીના 58.02 ટકા લોકો એવા નગરોમાં વસતા હતા કે જેમની વસ્તી એક લાખ કે તેથી વધુ લોકોની છે. 14.50 ટકા લોકો 50 હજારથી એક લાખ સુધીની વસ્તીવાળા નગરોમાં વસતા હતા. ઈ. સ. 1971ના સંદર્ભમાં વાત કરીએ તો આ પ્રથમ બે શ્રેણીના નગરોમાં 1971થી 1981ના દશ વર્ષોના ગાળામાં કુલ 11.76 ટકા જેટલી વધુ નગરીય વસ્તી રહેવા લાગી. આજે ગુજરાતની કુલ શહેરીવસ્તીની લગભગ પોણા ભાગની વસ્તી આ પ્રથમ બે શ્રેણીના નગરોમાં વસે છે. આ શહેરોમાં અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, ભાવનગર, જામનગર, જુનાગઢ, પોરબંદર, નવસારી, પાટણ, વઢવાણ અને નડિયાદનો સમાવેશ થાય છે. આ સર્વ નગરોમાંથી આજે અમદાવાદ અને સુરતની વસ્તી અનુક્રમે 40 લાખ અને 31 લાખથી પણ વધુ થઈ છે.

આ બે શ્રેણીના નગરોને બાદ કરતાં અન્ય ચાર શ્રેણીઓના નગરો કે જેમની સંખ્યા 207 જેટલી છે ત્યાં બાકીની લગભગ ચોથા ભાગની નગરીય વસ્તી રહે છે. હકીકતમાં પાંચમી અને છઠ્ઠી શ્રેણીના કેન્દ્રોમાં તો કુલ શહેરીવસ્તીના પાંચ ટકાથી પણ ઓછા લોકો રહે છે. વાસ્તવિકતા તો એ છે કે આ બે શ્રેણીના નગરોમાં રહેતી વસ્તીનું કુલ શહેરીવસ્તીમાં પ્રમાણ ગયા કેટલાંક દશકોમાં એક ધાર્યું ઘટતું રહ્યું છે. દા. ત., પાંચમી શ્રેણીના નગરોમાં 1901માં કુલ શહેરી વસ્તીનો 17.18 ટકા ભાગ રહેતો હતો, 80 વર્ષના ગાળામાં ઘટીને 1981માં માત્ર 3.72 ટકા થઈ ગયો. તેજ રીતે છઠ્ઠી શ્રેણીના નગરોમાં 1901માં 6.39 ટકા ભાગ રહેતો હતો તે ઘટીને 1918માં માત્ર 0.21 ટકા જેટલો રહી ગયો છે.

## 3. નગરીકરણના ક્ષેત્રે પ્રાદેશિક ભિન્નતા :

આપણે જોયું કે ભારતના બીજા પ્રદેશોની જેમ ગુજરાતમાં પણ નગરીકરણના પ્રવાહો ઉત્તરોત્તર વ્યાપક સ્વરૂપ ધારણ કરતા જાય છે અને શહેરીવસ્તીમાં સતત વધારો નોંધાતો આવ્યો છે. તેમ છતાં ગુજરાતના જુદા જુદા પ્રદેશોના સંદર્ભમાં જોઈએ તો ઉપલબ્ધ આંકડાઓ એવુ દર્શાવે છે કે રાજ્યના બધા પ્રદેશોમાં શહેરીવસ્તીનો એકસરખો વિકાસ થયો નથી. દા. ત., 1981ના આંકડાઓને આધારે જાણવા મળે છે કે 1071-81ના દશ વર્ષના ગાળામાં સુરત, ભરૂચ, વલસાડ અને ડાંગ જિલ્લાના બનેલા દક્ષિણ ગુજરાતના વિસ્તારમાં શહેરી વસ્તીનો સૌથી ઊંચો વધારો 61.24 ટકાનો નોંધાયો છે. આ ગાળા દરમ્યાન મધ્ય ગુજરાતમાં 41.60 ટકાનો અને ઉત્તર ગુજરાતમાં 36.17 ટકાનો

શહેરીવસ્તીનો વધારો નોંધાતો હતો. અમદાવાદથી વાપી સુધીના ''ગોલ્ડન કોરીડોર''ના નામથી જાણીતા વિસ્તારમાં આવેલાં નગરોની વસ્તી તીવ્ર ગતિથી વધી રહી છે. દક્ષિણ ગુજરાતના વિસ્તારમાં ડાંગ જિલ્લાને બાદ કરતાં ભરૂચથી વાપી સુધીના વિસ્તારમાં ગયા થોડાંક વર્ષોમાં જે ઔદ્યોગિક વિકાસ થયો છે તેના લીધે સુરત, વાપી, નવસારી, અંકલેશ્વર, ભરૂચ અને વલસાડ વગેરે નગરોમાં અસાધારણ પ્રમાણમાં વસ્તીનો વધારો થયો છે. ખાસ કરીને જી.આઈ.ડી.સી.ના કારણે આ વિસ્તારમાં જે ઔદ્યોગિકરણને વેગ મળ્યો છે તે આ અસાધારણ વસ્તી વધારા માટે એક મહત્ત્વનું કારણ ગણાવી શકાય તેમ છે. આજે ગુજરાતની કુલ શહેરીવસ્તીનો લગભગ પાંચમો ભાગ દક્ષિણ ગુજરાતના નગરોમાં વસે છે.

વળી, ગુજરાતના આ જુદા જુદા વિસ્તારોમાં આવેલા નગરોના કદ અથવા શ્રેણીઓના સંદર્ભમાં જોઈએ તો જાણવા મળે છે કે ઉત્તર ગુજરાત સિવાયના અન્ય ત્રણ વિસ્તારોમાં જે તે વિસ્તારની કુલ શહેરીવસ્તીના 65 ટકાથી પણ વધુ શહેરીવસ્તી 50 હજારથી વધુ વસ્તીવાળા નગરોમાં વસે છે, દા.ત. દક્ષિણ ગુજરાતમાં કુલ શહેરી વસ્તીના 74.46 ટકા, મધ્ય ગુજરાતમાં 81.74 ટકા અને સૌરાષ્ટ્ર-કચ્છમાં 66.67 ટકા શહેરીવસ્તી એવાં મોટાં નગરોમાં વસે છે જ્યારે ઉત્તર ગુજરાતમાં તેનું પ્રમાણ 45.98 ટકા જેટલું થાય છે. ઉત્તર ગુજરાતમાં લગભગ 50 ટકા જેટલી શહેરીવસ્તી મધ્યમ કદના નગરોમાં વસે છે. જ્યારે કે અન્ય વિસ્તારોમાં આ પ્રમાણ 15 ટકાથી 30 ટકા જેટલું જ થવા જાય છે, આ સિવાયની બાકીની શહેરીવસ્તી જે તે વિસ્તારમાં નાના-નાના નગરો અને કસ્બાઓમાં વસે છે.

### 4. નગરોમાં વસ્તીની ગીચતા :

નગરોમાં વધતી જતી વસ્તી અને ખાસ કરીને મોટા-નગરોમાં ગયા કેટલાક વર્ષોમાં વસ્તીનો જે ધસારો થયો છે તેના સંદર્ભમાં શહેરીવસ્તીના જે તે નગરમાં સમાવેશ અંગે વાત કરીએ તો ઉપલબ્ધ આંકડાઓ એવું દર્શાવે છે કે ભારતનાં મહાનગરોની જેમ અહીં પણ વસ્તીની ગીચતા વધતી જોવા મળે છે. હકીકતમાં નગરોના ભૌગોલિક અને પ્રશાસનિક વિસ્તારની વૃદ્ધિ હોવા છતાં સમગ્ર રીતે આગળ જોતા વસ્તીની ગીચતા વધતી જ રહી છે. ખાસ કરીને જે નગરો ઔદ્યોગિક રીતે વિકસ્યા છે તેમાં વસ્તીની ગીચતાનું પ્રમાણ ઘણું ઉંચું જોવા મળે છે. 2001ની વસ્તી ગણતરીનાં આંકડા મુજબ અમદાવાદ શહેરની ગીચતા પ્રતિ ચોરસ કિલોમીટર લગભગ 18 હજાર 445 વ્યક્તિઓની થાય છે, જ્યારે કે સુરતની વસ્તી ગીચતા પ્રતિ ચોરસ કિલોમીટર લગભગ 21 હજાર લોકોની થાય છે. ગયા વર્ષોમાં ગુજરાતમાં સુરત શહેરની વસ્તીની ગીચતામાંથી સૌથી ઊંચા દરે વૃદ્ધિ થઈ છે. ત્યાં વસ્તીની ગીચતામાં લગભગ 65 ટકા વધારો થયો છે. આ સાથેના કોષ્ટકમાં પ્રમુખ નગરોનો વિસ્તાર અને વસ્તીની ગીચતા દર્શાવવામાં આવી છે.

ગુજરાતના પ્રમુખ નગરોની વસ્તી વૃદ્ધિ અને ગીચતાનું પ્રમાણ; 2001

| નગરો | વસ્તીવૃદ્ધિદર | ગીચતા |
|---|---|---|
| અમદાવાદ | 22.36 | 18,445 |
| સુરત | 62.38 | 21,676 |
| વડોદરા | 26.65 | 12,066 |
| રાજકોટ | 72.95 | 9,226 |
| ભાવનગર | 27.03 | 5,669 |
| જામનગર | 29.82 | 16,800 |

ગુજરાતમાં સામાન્ય રીતે નાના નગરો તરીકે જાણાતા કેન્દ્રો પણ નગરીકરણની અસરોને લીધે વસ્તીના દબાણથી ઉભરાવા લાગ્યા છે. ભરૂચ, નવસારી, જામનગર, પોરબંદર અને જૂનાગઢ વગેરે નગરોની વસ્તી ગીચતા પણ રાષ્ટ્રીય સ્તરે નગરીય વસ્તીની સરેરાશ ગીચતા 7778 કરતાં ઊંચી થવા પામી છે. માત્ર ભાવનગર વસ્તીની ગીચતાની દૃષ્ટિએ કાંઈક હળવાશની સ્થિતિમાં થવા પામી છે. તે પાછળનું મુખ્ય કારણ ઔદ્યોગિક અને વેપારની દૃષ્ટિએ ભાવનગર ગુજરાતના બીજા નગરોની તુલનામાં ઝડપી વિકાસ સાધી ન શક્યું તે છે. આજે વધતી જતી વસ્તીની ગીચતાને લીધે ગુજરાતના મોટાં ભાગના નગરોમાં વાહનવ્યવહાર અને રહેઠાણના મકાનો અંગેના ઘણા તીવ્ર પ્રશ્નો સર્જાયા

છે. કામના કલાકો દરમ્યાન આ નગરોના મધ્યવર્તી વિસ્તારોમાંથી પસાર થતાં વાહનો અને રાહગીરોને ભાગ્યે જ હળવાશ રહે છે. ટ્રાફિક-ઝામ, વાહનોની અને લોકોની ભીડ અવાર નવાર નડતી રહે છે અને વારંવાર અકસ્માતો પણ સર્જાય છે. સમય જતાં આ પરિસ્થિતિ વધુ કપરી થતી જાય છે કારણ કે પહેલાં જ્યાં જૂના એક બે માળના મકાનો હતા ત્યાં હવે ભવ્ય અને બહુમાળી મકાનો બંધાવા લાગ્યા છે. આ બહુમાળી મકાનોમાં સેંકડો લોકો રહેવા લાગ્યા છે એટલું જ નહીં પણ ત્યાં હવે સરકારી દફતરો તથા ખાનગી પેઢીઓની ઓફિસો પણ કામ કરતી થઈ છે, આ સર્વ પ્રવાહોને લીધે આજે ગુજરાતના નાના મોટા તમામ નગરોમાં વસ્તીની ગીચતાના પ્રશ્નો ઉગ્ર સ્વરૂપે દેખાવા લાગ્યા છે.

## 5. સ્થિતિ અને પ્રશાસનિક દરજ્જો :

ભારતના બીજા પ્રદેશોના નગરોની જેમ ગુજરાતના નગરોના વિકાસમાં પણ જે તે નગરની સ્થિતિ અને તેના પ્રશાસનિક દરજ્જાની અસર સ્પષ્ટપણે દેખાઈ આવે છે. હકીકતમાં ભારતમાં ગુજરાત રાજ્ય એક એવું ઉમદા ઉદાહરણ પૂરું પાડે છે કે જ્યાં ગયા થોડાક વર્ષોમાં ઔદ્યોગિકરણ અને નગરીકરણના પ્રવાહોએ એક બીજાના પોષક બની સમસ્ત રાજ્યની કાયાપલટ કરી નાખી છે. આજે આ પ્રવાહો ભારેખમ બન્યા છે. તેનો એક આદર્શ દાખલો અમદાવાદથી દક્ષિણ ગુજરાતમાં વાપી સુધીના ''ગોલ્ડન કોરીડોરના'' નામે જાણીતા વિસ્તારમાં રેલવેલાઈન અને રાષ્ટ્રીય ધોરી માર્ગના સમાનાન્તર બંને બાજુએ થયેલ ઔદ્યોગિક અને નગરીય વિકાસથી ધમધમતા ઉપસી આવેલાં કેન્દ્રો છે.

નગરોની સ્થિતિની દૃષ્ટિએ જોઈએ તો જે નગરો મુખ્ય રેલવે લાઈન અથવા ધોરી માર્ગ ઉપર આવેલાં છે તેમની વૃદ્ધિ ઘણાં ઊંચા દરે થઈ રહી છે જ્યારે આવા માર્ગોથી દૂર વસેલાં નગરોમાં વસ્તી ધીમી ગતિએ વધી રહી છે. દા. ત., જે નગરો મોટી રેલવે લાઈન ઉપર વસેલા છે તેમની વસ્તીનો વિકાસ લગભગ 50 ટકાના દરે નોંધાયો છે જ્યારે અન્ય રેલ્વે લાઈન એટલે કે નાની મીટરગેજ રેલવે લાઈન પર આવેલાં નગરોની વસ્તીવૃદ્ધિ લગભગ 30 ટકા જેટલી રહી છે. પરંતુ રેલવેની સગવડ વિનાના નગરોની વસ્તી 15 ટકાના દરે વધી છે. તે જ રીતે ધોરી માર્ગની દૃષ્ટિએ જોઈએ તો રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર આવેલાં નગરોની વસ્તીવૃદ્ધિ માત્ર રાજ્ય ધોરીમાર્ગ પર આવેલાં નગરો કરતાં ઘણાં ઊંચા દરે વધી છે. જ્યારે અન્ય નાના મોટા રસ્તાઓ ઉપર આવેલાં નગરોની વસ્તી ઘણા ધીમા દરે વધતી જોવા મળે છે.

પ્રશાસનિક દરજ્જાની દૃષ્ટિએ જોતાં જાણવા મળે છે કે જે નગરો જિલ્લા મથકોનો દરજ્જો ધરાવે છે તેમની વસ્તી 50 ટકાથી પણ ઊંચી વધી રહી છે જ્યારે કે તાલુકા મથકો અથવા એવા જ અન્ય નગરોની વસ્તી લગભગ 30 ટકાના દરે વધી રહી છે.

આમ, જે જે નગરો ઔદ્યોગિક કેન્દ્રો હોવાની સાથે સાથે રેલવે લાઈન અને રાષ્ટ્રીય ધોરી માર્ગ વગેરેની સગવડ ધરાવે છે તે ગુજરાતમાં આજે નગરીકરણના ક્ષેત્રે હરણફાળ ભરી છે પરંતુ ઔદ્યોગિકરણ વિનાના અને અંદરના વિસ્તારોમાં આવેલાં નગરો ધીમી ગતિએ વસ્તી વધારો નોંધાવી શક્યા છે.

## 6. નગરીકરણમાં સ્થળાંતરનો ફાળો :

આપણે જોયું કે ગુજરાતમાં ગયા થોડાક વર્ષોથી ઔદ્યોગિકરણની પ્રક્રિયા ખૂબ ઝડપી થઈ છે. આજે સમસ્ત રાષ્ટ્રમાં ઔદ્યોગિક વિકાસના ક્ષેત્રે મહારાષ્ટ્ર અને તામીલનાડુ પછી ગુજરાતનું સ્થાન આવે છે. તેથી ગુજરાત તરફ રોજગારીની શોધમાં તથા જીવનની સારી તકો માટે ભારતના અન્ય પ્રદેશોમાંથી સ્થળાંતર કરીને આવતા લોકોનું પ્રમાણ વધવા લાગ્યું છે. ઐતિહાસિક પ્રણાલિકાઓ એવી છે કે ગુજરાતીઓ ગુજરાત છોડીને દેશમાં અન્યત્ર અને વિદેશોમાં મોટી સંખ્યામાં જાય છે. આમ છતાં 1960માં ગુજરાત રાજ્ય બન્યું ત્યાર બાદ ઔદ્યોગિક વિકાસને કારણે ગુજરાત બહારના લોકો મોટી સંખ્યામાં અહીં આવી રહ્યા છે એમ ઘણા મિત્રો માને છે. કેટલીકવાર તો ભાવાવેશ સાથે એમ પણ કહેવામાં આવે છે કે હાલ જે સ્થિતિ આસામમાં પેદા થઈ છે તે આવતા વર્ષોમાં ગુજરાતમાં પણ પેદા થશે અને ગુજરાત રાજ્યમાં ગુજરાતીઓ લઘુમતીમાં આવી જશે.

ગયા થોડાક વર્ષોમાં ગુજરાતે ઔદ્યોગિક ક્ષેત્રે જે પ્રગતિ હાંસલ કરી છે તેના લીધે ગુજરાતમાંથી તેમજ ગુજરાત બહારના પ્રદેશોમાંથી ઔદ્યોગિક કેન્દ્રો તરીકે ઉપસી આવેલાં નગરોમાં સ્થળાંતરકારીઓના ધસારાને લીધે શહેરીજીવનના કેટલાંક પ્રશ્નો તીવ્ર સ્વરૂપ ધારણ કરી રહ્યા છે. ખાસ કરીને અમદાવાદ, સુરત, વડોદરા, વાપી, ભરૂચ અને નવસારીમાં રહેઠાણ, જાહેર સગવડો અને સ્વાસ્થ્ય વગેરેને લગતા પ્રશ્નો ઉગ્ર બનતા જાય છે. આજે ગુજરાતના આ શહેરોમાં ભારતના

લગભગ પ્રત્યેક રાજ્યમાંથી સ્થળાંતર કરીને આવેલાં લોકો વસતા જોઈ શકાય છે. સુરતના હીરા ઉદ્યોગમાં સૌરાષ્ટ્રના પ્રત્યેક તાલુકામાંથી સ્થળાંતર કરીને આવેલાં હજારો કારીગરો અહીંના વરાછારોડ વિસ્તાર અને અન્યત્ર રહેતા જોવા મળે છે. તેમજ અહીંયાના આર્ટ સિલ્ક ઉદ્યોગમાં કામ કરતા હજારો મજુરો ઓરિસ્સા, આન્ધ્ર, બિહાર અને અન્ય પ્રદેશોમાંથી સ્થળાંતર કરીને ઠરીઠામ થયા છે. આજ રીતે અમદાવાદ, વડોદરા, વાપી, નવસારી અને અન્ય નાના-મોટા નગરોમાં સ્થળાંતરીઓના અવિરત પ્રવાહને લીધે વસ્તીનું બંધારણ પચરંગી થવા પામ્યું છે. તેમજ જે તે નગરમાં વિકાસ પામેલા ઉદ્યોગો જરૂરી શ્રમશક્તિ પ્રાપ્ત કરતાં થયાં છે. પરંતુ કમનસીબે જુદા જુદા કારખાનાઓ અને ફેક્ટરીઓમાં કામ કરતા આ લાખો મજૂરોની દશા કરુણ જ રહી છે. મોટા ભાગના નાના એકમોમાં તો સ્થળાંતર કરી આવેલા મજૂરોને આંતરરાજ્ય સ્થળાંતરીય મજૂરોના કાયદાના આશ્રયે મળેલા રક્ષણનો લાભ મળતો નથી.

**7) આદિવાસીઓની સહભાગીતાનો અભાવ :**

એક અન્ય નોંધપાત્ર હકીકત એ પણ છે કે ગુજરાતના નગરોનાં ઔદ્યોગિક વિકાસ સાથે સ્થળાંતરકારીઓ જે તે ઉદ્યોગોમાં રોજગારી નવી નવી તકો પ્રાપ્ત કરવા લાગ્યા છે. પરંતુ આ નવી તકો તરફ ઘણા ઓછા પ્રમાણમાં આદિવાસી સમુહોના લોકો આકર્ષાયા છે. દક્ષિણ ગુજરાતની જ વાત કરીએ તો થોડાક અપવાદોને બાદ કરતાં સુરત, નવસારી, વાપી, વલસાડ અને ભરૂચ તથા અંકલેશ્વર જેવા નગરોમાં લાખો મજૂરો દૂર દૂરના પ્રદેશોમાંથી આવી રોજગાર પ્રાપ્ત કરવામાં સફળ થયા છે. પરંતુ આ કેન્દ્રોની આસપાસ આવેલાં આદિવાસી વિસ્તારોમાંથી ઘણા ઓછા પ્રમાણમાં આદિવાસીઓ જે તે નગરમાં ઔદ્યોગિક મજૂરી અથવા અન્ય સંલગ્ન ધંધાઓમાં રોકાયેલા જોવા મળે છે. આ પરિસ્થિતિ પદ્ધતિસરના ઊંડા અભ્યાસ માટે એક મહત્ત્વના ક્ષેત્રોનો નિર્દેશ કરે છે.

## સારાંશ

ગુજરાતમાં પણ નગરીકરણના પ્રવાહો સ્પષ્ટ થયા છે અને ઔદ્યોગિક કેન્દ્રો તરીકે પ્રસિદ્ધિ પામેલા નગરોની હાલત વિચાર માંગી લે તેવી થતી જાય છે. આ નગરો ઉપર વસ્તીના વધતા જતા ભારણને લીધે અનેક પ્રશ્નો પણ ઉપસ્થિત થવા લાગ્યા છે. તેથી હવે ભારતના અન્ય પ્રદેશોની જેમ ગુજરાતમાં પણ નગર વિકાસના ક્ષેત્રે ચોક્કસ પગલાં લેવામાં આવી રહ્યા છે. આ પગલાંનો આશય નગરોની બગડતી સ્થિતિ ઉપર કાબુ પ્રાપ્ત કરવા ઉપરાંત તેમાં સુધારા લાવવાનો છે. તદ્ઉપરાંત ભવિષ્યમાં આ નગરો ઉપર વધતી જતી વસ્તીના ભારણને નાથી શકાય તેવો પણ એક પાયાનો હેતુ છે. તેથી જ હવે મોટા નગરોની પાસે નવા ઔદ્યોગિક કેન્દ્રો વિકસાવવાના પ્રયત્નો શરૂ થયા છે. તેનું એક ઉમદા ઉદાહરણ વડોદરા પાસે ફર્ટીલાઈઝર નગર છે. હકીકતમાં ગુજરાત રાજ્યની સ્થાપનાથી અત્યાર સુધી નાના મોટા નગરોના વિકાસાર્થે 95 વિકાસ યોજનાઓ અને 145થી વધુ નગર રચના યોજનાઓ સરકારે મંજૂર કરી છે. 1987-88ના વર્ષ દરમ્યાન સાત મોટા શહેરોની વિકાસ યોજનાઓ તથા 16 નગર રચના યોજનાઓ મંજૂર કરવામાં આવી છે. વિશ્વ બેંકે ગુજરાતની શહેરી પ્રાયોજના માટે રૂ. 156 કરોડની સહાય મંજૂર કરી છે અને તેનું અમલીકરણ પણ શરૂ થઈ ગયું છે. 1987-88ના વર્ષના અંદાજપત્રમાં શહેરી વિકાસ પ્રાયોજના માટે રૂ. 618 લાખની જોગવાઈ સામે ડિસેમ્બર, 1987ના અંત સુધીમાં રૂ. 309 લાખની લોન તેનો અમલ કરતી સંસ્થાઓને આપવામાં આવી છે. ઈ.સ.2005માં જવાહરલાલ નેહરૂ રાષ્ટ્રીય અર્બન ડેવલપમેન્ટ મિશન હેઠળ ગુજરાતના 4 નગરો- અમદાવાદ; સુરત; વડોદરા અને રાજકોટ આવરી લેવામાં આવ્યાં છે.

હવે સેટેલાઈટ ટાઉનશીપની અવધારણા પણ અમલમાં મુકાઈ છે. સુરત પાસે આવેલ કનસાડ ખાતે ગુજરાત હાઉસીંગ બોર્ડના આશ્રયે એક સેટેલાઈટ ટાઉનશીપનો શિલારોપણ કરવામાં આવ્યું છે. સુરતથી 15 કિલોમીટર દૂર સુરત નવસારી રાજ્ય ધોરી માર્ગ પર સચીન નજીક કનસાડ ખાતે આ ટાઉનશીપ સ્થાપવા માટે ગુજરાત હાઉસીંગ બોર્ડ શરૂઆતમાં રૂ. 20 કરોડનો ખર્ચ કરશે અને 7700 ઉપરાંત જુદા જુદા કદના આવાસો બાંધવામાં આવનાર છે. એવું માનવામાં આવે છે કે ઝડપી ઔદ્યોગિકરણને કારણે મોટા શહેરોમાં સર્જાયેલી રહેઠાણની સમસ્યાઓ આવા પ્રકારના વસવાટ પ્રોજેક્ટોથી હલ થઈ શકશે. એવા વસવાટ પ્રોજેક્ટો ઉપરાંત મોટા શહેરોમાં જરૂરી જમીન સંપાદિત કરી શહેરી ગરીબોને બાંધેલા ભાવે અગ્રતાને ધોરણે ઘર બાંધવા માટે જમીન ફાળવવાની યોજના પણ હાથ ધરાઈ છે. સુરત, અમદાવાદ અને વડોદરામાં આ હેતુસર જમીન સંપાદિત કરવાનું કામ હાથ ધરવામાં આવ્યું છે. શહેરી જમીન ટોચમર્યાદા ધારા હેઠળ ફાજલ પડેલી જમીન પૈકી સૌથી વધુ 500 એકર સુરત શહેરમાંથી પ્રાપ્ત પણ થઈ છે. આ બાબતમાં સુરત પછી વડોદરા અને

ત્યારબાદ અમદાવાદનું સ્થાન છે. આ ત્રણ મુખ્ય શહેરો ઉપરાંત અન્ય નગરોમાં પણ આ કામ શરૂ કરવામાં આવ્યું છે.

**તમારી પ્રગતિ ચકાસો :**

1. આઝાદી પહેલાંના ભારતમાં નગરીકરણની તાસીર આપો.

---

2. ઈ.સ.1951 થી ઈ.સ.2001 સુધીના ગાળામાં એક લાખ કે તેથી વધુ વસ્તીવાળા નગરોમાં થયેલી વૃદ્ધિનો ટૂંકમાં પરિચય આપો.

---

3. વસ્તી ગણતરીની વ્યાખ્યા મુજબ નગરોનું શ્રેણીકરણ દર્શાવો. ગુજરાતમાં જુદી-જુદી શ્રેણીમાં આવતા નગરોનો આંકડાશાસ્ત્રીય પરિચય આપો.

---

4. ઈ.સ.1991ની વસ્તીગણતરી મુજબ નગરોનું વર્ગીકરણ આપો.

5. ભારતમાં કઈ શ્રેણીમાં નગરોની સંખ્યા સતત વધી રહી છે. એવા નગરોમાં કુલ નગરીય વસ્તીનો ઉતાર-ચઢાવ સમજાવો.

6. મહાનગરો એટલે શું? ભારતમાં મહાનગરોની સંખ્યા અને નગરજીવનમાં તેમનું મહત્ત્વ સમજાવો.

7. ઈ.સ.2001ની વસ્તી ગણતરી મુજબ રાજ્યવાર નગરીકરણની સમીક્ષા કરો.

8. ભારતમાં નગરીકરણની પ્રમુખ ખાસિયતો તારવો.

9. નગરીકરણની વિસંગતતારૂપે નગરોમાં સુલભ આર્થિક તકોનો અભાવ દર્શાવો.

10. પંચવર્ષિય યોજનાઓમાં નગરીકરણ તરફી ઝોક દર્શાવતી નીતિઓ સમજાવો.

11. ગુજરાતમાં નગરીકરણની તરાહની સમીક્ષા કરો.

# એકમ 7 ભારતીય નગરોમાં લગ્ન અને કુટુંબ

પ્રસ્તાવના

લગ્ન-સંસ્થા

આંતરજ્ઞાતીય લગ્ન

છૂટાછેડા અંગેની માન્યતાઓ

વિધવા પુનર્લગ્ન

નગરીય સમાજોમાં લગ્ન અંગેની માન્યતા અને તેમાં આવી રહેલાં ફેરફાર

ભારતના નગરોમાં કુટુંબ-વ્યવસ્થા

કુટુંબ-વ્યવસ્થામાં આવી રહેલા પરિવર્તનની તરાહ

નગરીય કુટુંબમાં સભ્યોની કૌટુંબિક ભૂમિકા

i) પતિ-પત્નીની ભૂમિકા

ii) માતા-પિતાની ભૂમિકા

iii) ભાઈ-બહેનની ભૂમિકા

## પ્રસ્તાવના :

જે તે સમાજમાં નગરો તથા શહેરો વિસ્તૃત સમાજ-વ્યવસ્થાનાં અંગ જ હોય છે. તેથી નગર સમુદાયમાં પ્રવર્તતી જુદી જુદી સામાજિક સંસ્થાઓ અને પરંપરાઓની પ્રણાલિકાઓ ગ્રામ્ય સમુદાયોથી તદ્દન ભિન્ન પ્રકારની હોય તેવું બનતું નથી. છતાં નગર સમુદાયો અને ખાસ કરીને મોટાં નગરો અને મહાનગરોમાં વિશાળ, ગીચ અને વૈવિધ્ય ધરાવતી વસ્તી રહેતી હોવાથી ત્યાં એક વિશિષ્ટ પ્રકારનાં સામાજિક વાતાવરણનું નિર્માણ થાય છે. આ વાતાવરણ નગરવાસીઓના પારસ્પરિક સામાજિક સંબંધો, વલણો, માન્યતાઓ અને સામાજિક સંસ્થાઓ વગેરે ઉપર પોતાની અસર પાડે છે. તેથી નગર સમુદાયના એક વિશિષ્ટ પ્રકારની જીવનશૈલીનો વિકાસ થાય છે, તેમ જ નગર સમુદાયના સામાજિક માળખામાં નગરીય વાતાવરણને બંધ બેસે તેવા ફેરફારો થતા રહે છે. અહીંયાં આપણે નગર સમુદાયમાં પ્રવર્તતી સામાજિક સંસ્થાઓમાં લગ્ન અને કુટુંબ વ્યવસ્થા અંગેની ટૂંક સમજૂતી મેળવીશું.

## ભારતીય નગરોમાં લગ્ન-સંસ્થા અને તેની બદલાતી તરાહ :

કોઈ પણ સમાજમાં લગ્ન અંગેની માન્યતાઓ ગ્રામ્ય અને નગર સમુદાયો માટે અલગ અલગ હોતી નથી. હકીકતમાં લગ્ન ક્ષેત્રે ગ્રામીણ અને નગર સમુદાય વચ્ચે વરકન્યાની લેવડદેવડના સંબંધો હોય છે, એટલે કે જે તે સમાજનાં નગરોમાંથી ગ્રામીણ સમુદાયોમાં અને ગ્રામીણ સમુદાયોથી નગર સમુદાયોમાં વત્તા-ઓછા અંશે છોકરા-છોકરીઓની લેવડદેવડ થતી રહે છે, કારણ કે ગ્રામીણ અને નગર સમુદાયને લક્ષ્યમાં રાખીને લગ્નક્ષેત્રે સમાજસ્વીકૃત પ્રતિબંધો હોતા નથી. આપણે એકમ-6માં નગરીકરણ અને સ્થળાંતરની ચર્ચા વખતે જોયું કે ભારતમાં સ્ત્રીઓના નગરતરફી સ્થળાંતરમાં લગ્ન વડે થતું સ્થળાંતર (marriage-migration) એક અગત્યનું સ્થાન ધરાવે છે. વળી, એ લગ્ન વખતે કરવામાં આવતી વિવિધ વિધિઓ અંગે પણ નગર તથા ગ્રામીણ સમુદાયો માટે ભિન્ન ભિન્ન વિધિઓ હોય તેવું બનતું નથી. આ અર્થમાં લગ્ન અંગેની માન્યતાઓ અને વિધિ-વિધાનોની બાબતમાં ગ્રામીણ તથા નગરીય સમુદાયો વચ્ચે સમાજકીય રીતે તફાવત હોતો નથી. તેમ છતાં સ્થાનિક પરિસ્થિતિઓને કારણે વાસ્તવિક જીવનમાં ગ્રામીણ અને નગર સમુદાયો વચ્ચે લગ્ન અંગેની માન્યતાઓ તથા વિધિવિધાનોમાં તફાવત દેખાઈ આવે છે. જોકે આ જાતનો તફાવત સમાજ-સૂચિત હોતો નથી, પણ પરિસ્થિતિજન્ય હોય છે, કારણકે નગર સમુદાયોનો ઝોક નગરીય પરિસ્થિતિઓને બંધબેસે તે જાતના ફેરફારો અપનાવવા તરફનો રહે છે.

ભારતીય પરિસ્થિતિઓના સંદર્ભમાં નગરીકરણની અસરો હેઠળ લગ્નસંસ્થાના ક્ષેત્રે આવી રહેલાં પરિવર્તનો તરફ દિશાસૂચન કરતાં પ્રોફેસર એમ. એસ. ગોરે કહે છે કે પરંપરાગત ભારતમાં

સંયુક્ત કુટુંબ જાળવી રાખવા માટે લગ્ન અંગે નીચે મુજબની ચાર બાબતો ખાસ અગત્યની હતી :

1. પુખ્ત વય કે રજસ્વલ થાય તે પહેલાં (pre-puberty) લગ્ન થવું.
2. પેટા-જ્ઞાતિમાં લગ્ન કરવું.
3. સ્વ-પસંદગી કરતાં માતાપિતા કે અન્ય સગાં-સંબંધીઓ દ્વારા ગોઠવાતાં લગ્ન.
4. વિધવા-પુનર્લગ્ન ઉપર પ્રતિબંધ.

ઉપરોક્ત નિયમોમાંથી લગ્નમાં સાથીની પસંદગી અંગે લગ્ન કરનારા વ્યક્તિ નિર્ણય લે છે કે માતાપિતા કે અન્ય સંબંધીઓ દ્વારા લગ્ન ગોઠવાય છે તે વિશે ભારતમાં કાનૂનીકરણ થયું નથી. પણ બાકીના ત્રણ નિયમો વિરુદ્ધ જુદે જુદે સમયે કાનૂનીકરણ થતું આવ્યું છે. છતાં આ ક્ષેત્રે સમગ્ર ભારતને ધ્યાનમાં રાખીએ તો એટલું ચોક્કસ કહી શકાય કે પ્રસ્તુત નિયમોની પકડ સદંતર દૂર થઈ નથી અને આજે પણ ગ્રામ-વિસ્તારોમાં આ નિયમોનું પાલન થાય તેનો ખાસ આગ્રહ રખાય છે. જોકે નગર સમુદાયોમાં થયેલા કેટલાક અભ્યાસો એવું દર્શાવે છે કે નગરવાસીઓમાં શિક્ષિત અને ઉચ્ચ વર્ગના લોકો લગ્ન ક્ષેત્રે ઉપરોક્ત પરંપરાગત નિયમોનું પાલન થવું જ જોઈએ તેવો આગ્રહ રાખતા નથી. દા.ત. વ્યક્તિએ કઈ ઉંમરે લગ્ન કરવાં જોઈએ, તે જાણવા અર્થે પ્રોફેસર ગોરેએ દિલ્હીમાં 1,174 ઉત્તરદાતાઓને આ સવાલ પૂછ્યો અને તેના જવાબમાં જાણવા મળ્યું કે જે ઉત્તરદાતાઓ નગરીય પાર્શ્વભૂમિકા ધરાવતા હતા તેઓ સર્વે છોકરાઓ અને છોકરીઓનાં લગ્ન પુખ્ત વય પછી થાય તેની તરફેણમાં હતા. આ અંગે તેઓએ આપેલા જવાબ મુજબ છોકરાઓનાં લગ્ન સરેરાશ 21.3 વર્ષની વયે અને છોકરીઓનાં લગ્ન સરેરાશ 18.4 વર્ષની વયે થવાં જોઈએ તેવું જાણવા મળ્યું. પરંતુ જે ઉત્તરદાતાઓ ગ્રામીણ પાર્શ્વભૂમિકા ધરાવતા હતા તેમણે છોકરાઓના લગ્ન માટે સરેરાશ 19.7 વર્ષની વય અને છોકરીઓ માટે સરેરાશ 15 વર્ષની વય યોગ્ય જણાવી. વળી, ઉત્તરદાતાઓની શૈક્ષણિક લાયકાતના સંદર્ભમાં જાણવા મળ્યું કે જે ઉત્તરદાતાઓ સ્નાતક હતા અને કારકિર્દીને લગતા ધંધાઓમાં રોકાયેલા હતા તેમણે છોકરાઓના લગ્ન માટે સરેરાશ 23.4 વર્ષની વય અને છોકરીઓના લગ્ન માટે સરેરાશ 19 વર્ષની વય યોગ્ય લેખાવી, જ્યારે અશિક્ષિત ઉત્તરદાતાઓએ આ વય અનુક્રમે સરેરાશ 19.7 વર્ષ અને 15.9 વર્ષની ગણાવી હતી. પ્રસ્તુત આંકડાઓ ઉપરથી એવું તારવી શકાય છે કે નગરીય પાર્શ્વભૂમિકા ધરાવતા લોકો અને તેમાં પણ શિક્ષિત લોકોમાં તુલનાત્મક રીતે ઊંચી વયે લગ્ન થાય તેવું વલણ જોવા મળે છે.

## આંતર-જ્ઞાતીય લગ્ન :

આંતર-જ્ઞાતીય લગ્ન (inter-cast marriage) ની બાબતમાં જોઈએ તો આમ તો જૂના વખતથી જ ઉચ્ચ જ્ઞાતિના પુરુષ અને નિમ્ન જ્ઞાતિની સ્ત્રી વચ્ચે છૂટાંછવાયાં લગ્નો થતાં આવ્યાં છે, તેમ છતાં પોતાની જ જ્ઞાતિમાં લગ્ન કરવું નગર અને ગ્રામ્ય સમુદાયોમાં સમાજસ્વીકૃત નિયમ હતો. એટલું જ નહીં પણ જે તે જ્ઞાતિમાં વ્યક્તિ પોતાની પેટાજ્ઞાતિ (sub-caste) માં જ લગ્ન કરે તે પણ ચુસ્તપણે પાળવામાં આવતું, પરંતુ 19મી અને 20મી સદીના સામાજિક સુધારણાનાં આંદોલનો અને સ્પેશ્યલ મેરેજ એક્ટની અસરો હેઠળ આ પ્રતિબંધો કાંઈક ઢીલા થયા છે ને એક જ જ્ઞાતિની જુદી જુદી પેટાજ્ઞાતિઓ વચ્ચે લગ્ન થવાં શરૂ થયાં છે. જોકે જુદી જુદી જ્ઞાતિઓ વચ્ચે લગ્ન વિષયક પરંપરાગત વલણ જરા પણ બદલાયું નથી અને એવાં લગ્નો અપવાદરૂપ ચલાવી લેવાનું વલણ ટકી રહ્યું છે. પ્રોફેસર ગોરેએ પોતાના અભ્યાસમાં ઉત્તરદાતાઓને એવો સવાલ કર્યો કે "શું વ્યક્તિએ પોતાની જ્ઞાતિમાં જ લગ્ન કરવું જોઈએ કે વ્યક્તિને પોતાની જ્ઞાતિની બહાર લગ્ન કરવાની છૂટ હોવી જોઈએ ?" પ્રસ્તુત સવાલના જવાબમાં 89 ટકા ઉત્તરદાતાઓ આંતરજ્ઞાતીય લગ્ન અથવા એક જ જ્ઞાતિની જુદી જુદી પેટાજ્ઞાતિઓ વચ્ચે લગ્ન થાય તેના પક્ષમાં ન હતા. આ અર્થમાં મોટા ભાગના નગરવાસી ઉત્તરદાતાઓ આંતરજ્ઞાતીય લગ્નની તરફેણ કરતા નથી એવું જાણવા મળે છે. તેમ છતાં જે લોકો આંતરજ્ઞાતીય લગ્નના પક્ષમાં હતા તેમાં નગરીય પાર્શ્વભૂમિકા ધરાવતા લોકોનું પ્રમાણ ગ્રામીણ પાર્શ્વભૂમિ ધરાવતા ઉત્તરદાતાઓની તુલનામાં ત્રણ ગણું વધારે હતું. આ જ બાબતને જ્યારે ઉત્તરદાતાઓની શૈક્ષણિક લાયકાતના સંદર્ભમાં જોવામાં આવી તો જાણવા મળ્યું કે અશિક્ષિત ઉત્તરદાતાઓમાં 93 ટકા પુરુષો અને 98 ટકા સ્ત્રીઓ આંતરજ્ઞાતીય લગ્નની વિરુદ્ધ હતા, જ્યારે કે કૉલેજ સુધીનું શિક્ષણ ધરાવતા ઉત્તરદાતાઓમાં ફક્ત 43 ટકા એવા લગ્નની વિરુદ્ધ હતા. ઉપરોક્ત ચર્ચાના સારરૂપે એવું કહી શકાય કે આંતરજ્ઞાતીય લગ્નની બાબતમાં નગરીય અને શિક્ષિત ભૂમિકા ધરાવતા લોકોમાંથી તુલનાત્મક રીતે ઘણા ઓછા લોકો એવા લગ્નનો વિરોધ કરે છે.

## લગ્નમાં સાથીની પસંદગી :

લગ્નમાં કોની પસંદગી રહેવી જોઈએ તે પરત્વેનાં વલણો તપાસતાં પ્રોફેસર ગોરેના અભ્યાસે દર્શાવ્યું કે 56 ટકા જેટલા ઉત્તરદાતાઓ કુટુંબના વડીલો લગ્નમાં સાથીની પસંદગી નક્કી કરે તેના પક્ષમાં હતા, જ્યારે 42 ટકા ઉત્તરદાતાઓ એવા હતા કે જે લગ્ન કરનાર વ્યક્તિની મરજીને ધ્યાનમાં રાખીને કુટુંબના વડીલો દ્વારા લગ્ન નક્કી થાય તેવું માનતા હતાં, ફક્ત 2 ટકા ઉત્તરદાતાઓ જ લગ્ન કરનાર છોકરો કે છોકરી સ્વપસંદગીથી લગ્ન કરે તેના પક્ષમાં હતા. તમામ ઉત્તરદાતાઓમાંથી જે ઉત્તરદાતાઓ નગરીય પાર્શ્વભૂમિકા ધરાવતા હતા તેમાં 29 ટકા માતાપિતા કે કુટુંબના વડીલો નક્કી કરે અને 66 ટકા લગ્ન કરનારની મરજી લક્ષ્યમાં રાખીને વડીલો સાથીની પસંદગી નક્કી કરે તેના પક્ષમાં હતા, અને જે ઉત્તરદાતાઓ સ્વપસંદગીથી લગ્ન થાય તેના પક્ષમાં હતા તે તમામ નગરીય પૃષ્ઠભૂમિ ધરાવતા હતા. આ ઉપરથી એવું કહી શકાય કે નગરવાસીઓમાં લગ્ન કરનાર વ્યક્તિ સાથે યોગ્ય પરામર્શ કરીને માતાપિતા કે કુટુંબના વડીલો સાથીની પસંદગી નક્કી કરે તેવું વલણ જોવા મળે છે. વળી, પ્રસ્તુત બાબતમાં એવું પણ જાણવા મળ્યું છે કે જે અશિક્ષિત ઉત્તરદાતાઓ હતા તેમાંના 93 ટકા માતાપિતા કે કુટુંબના વડીલો સાથીની પસંદગી નક્કી કરે તેના પક્ષમાં હતા, જ્યારે કે સ્નાતક કક્ષા સુધીનું શિક્ષણ પ્રાપ્ત કરેલાઓમાં ફક્ત 9 ટકા તેના પક્ષમાં હતાં. આ ઉપરાંત ગ્રેજ્યુએટ થયેલા ઉત્તરદાતાઓમાં 82 ટકા અને અશિક્ષિતોમાં 25 ટકા ઉત્તરદાતાઓ એવા હતા કે જે લગ્ન કરનાર વ્યક્તિ સાથે વાતચીત કે સંતલસ કરીને માતાપિતા કે કુટુંબના વડીલો લગ્ન નક્કી કરે તેના પક્ષમાં હતાં.

નગરીય પરિસ્થિતિઓમાં લગ્નમાં સાથીની પસંદગી પરત્વેના નિર્ણય અંગેના બીજા નોંધપાત્ર અભ્યાસોમાં કે. એમ. કાપડિયા અને એલન રોસ (Airleen Ross) ના સંશોધનો ઉલ્લેખનીય છે. કે. એમ. કાપડિયાએ મુંબઈ 407 વિવાહિત સ્કૂલ-શિક્ષકોનો અભ્યાસ કર્યો અને તેમને જાણવા મળ્યું કે 152 શિક્ષકો એવા હતા કે જેઓએ પોતાના સાથીની પસંદગી જાતે કરી હતી. જોક આ 152 શિક્ષકોમાં 90 ટકા શિક્ષકોએ એવું કહ્યું કે તેમણે પોતાની પસંદગી અંગે માતાપિતા કે વડીલોની સલાહ લીધી હતી. પરંતુ રોસના અભ્યાસમાં 31 વિવાહિત પુરુષ ઉત્તરદાતાઓમાંથી 2 પુરુષોએ અને 43 વિવાહિત સ્ત્રી ઉત્તરદાતાઓમાંથી 5 સ્ત્રીઓએ એવું જણાવ્યું હતું કે તેમણે જાતે જ પોતાના સાથીની પસંદગી કરી હતી. કાપડિયા અને રોસનાં તારણોનો ઉલ્લેખ કરતાં ગોર કહે છે કે આ અભ્યાસોમાં સ્વપસંદગીથી થયેલાં લગ્નોનું પ્રમાણ તુલનાત્મક રીતે ઊંચું દેખાઈ આવે તેવું હોવા છતાં એમ માનવું કે અહીં પાશ્ચાત્ય સમાજોની જેમ સાથીની પસંદગી કરીને સ્નેહલગ્ન થયાં છે તો તે એક ભૂલભરેલું તારણ લેખાશે. હકીકતમાં ગોરે એવું કહે છે કે જે લગ્નો સ્વપસંદગીથી થયાં હશે તેમાં માતાપિતા કે કુટુંબના વડીલોનો વિરોધ રહ્યો નહીં હોય તે બાબત ધ્યાનમાં લેવી જરૂરી છે. આ ઉપરાંત કાપડિયા અને રોસનાં તારણોની એક અન્ય મર્યાદા એ છે કે તેમણે જે નગરવાસીઓનો અભ્યાસ કર્યો હતો તે શિક્ષક હતા અને બૌદ્ધિક ધંધાઓ (white-collar jobs) માં રોકાયેલા હતા.

## છૂટાછેડા અંગેની માન્યતા :

લગ્ન અંગેના નિયમોમાં છૂટાછેડાને લગતી માન્યતાઓ પણ અગત્યની હોય છે. ભારતમાં મુસ્લિમ તથા ખ્રિસ્તીઓ સિવાયના હિન્દુઓમાં લગ્ન એક સંસ્કાર મનાય છે અને તે સંબંધ પોતે અથવા પત્ની પોતાની મુનસફીથી ફોક કરી શકતાં નથી. જોકે હવે કેટલીક શરતોને આધીન છૂટાછેડાની પરવાનગી આપતા કાયદાઓ અસ્તિત્વમાં આવ્યા છે. છતાં આ ક્ષેત્રે ગ્રામીણ કે નગરસમુદાયમાં કાયદાની સામાન્ય અસરો દેખાતી નથી અને ભાગ્યે જ કાયદાની મદદ લઈને છૂટાછેડા લેવાય છે. ગોરેએ પોતાના અભ્યાસમાં છૂટાછેડાને લગતા કાયદાની કલમો વિશે ઉત્તરદાતાઓનાં વલણોની તપાસ કરવાનો પ્રયત્ન કર્યો છે. આ બાબતમાં તેમને જાણવા મળ્યું કે કુલ ઉત્તરદાતાઓનાં 84 ટકા લોકો છૂટાછેડાને લગતા કાયદાની વિરુદ્ધ હતાં. અને ફક્ત 2 ટકા લોકો તેની તરફેણમાં હતા. વળી 11 ટકા ઉત્તરદાતાઓ એવા હતા કે જે કેટલીક શરતોને આધીન આ કાયદાના પક્ષમાં હતા. આ જ સંદર્ભમાં રોસ (Ross) અને કુપ્પુસ્વામી (Kuppuswamy) એ પણ પોતાના અભ્યાસોને આધારે કેટલાંક તારણો આપ્યાં છે. જોકે તેમનાં તારણો ગોરેનાં તારણો કરતાં ઘણાં જુદાં પડે છે. રોસના અભ્યાસમાં પુરુષ અને સ્ત્રી ઉત્તરદાતાઓમાંથી બન્ને સમૂહમાં ફક્ત 20 ટકા જેટલાં ઉત્તરદાતાઓ છૂટાછેડાના સંપૂર્ણ વિરોધમાં હતા, જ્યારે કે કુપ્પુસ્વામીના અભ્યાસમાં 50 ટકા જેટલા લોકો

છૂટાછેડાના કાયદામાં દર્શાવેલી શરતોના સંદર્ભમાં છૂટાછેડાના પક્ષમાં હતા. આ અર્થમાં રોસ અને કુપ્પુસ્વામીના ઉત્તરદાતાઓની તુલનામાં ગોરેએ અભ્યાસ કરેલા અગ્રવાલ જ્ઞાતિના ઉત્તરદાતાઓનું વલણ ઘણું રૂઢિચુસ્ત દેખાઈ આવે છે. જોકે છૂટાછેડાના ઔચિત્ય વિશે પણ શિક્ષણનું પ્રમાણ અગત્યની અસર પાડે છે. દા.ત. ગોરેના અભ્યાસમાં 52 ટકા જેટલા સ્નાતક ઉત્તરદાતાઓ છૂટાછેડાના પક્ષમાં હતા, જ્યારે કે માત્ર 9 ટકા અશિક્ષિતો છૂટાછેડાના પક્ષમાં જોવા મળ્યા હતા. આ રીતે જોતાં ગોરેનાં તારણો રોસ અને કુપ્પુસ્વામીનાં તારણોને કાંઈક અનુમોદન આપે છે, કારણ કે રોસ અને કુપ્પુસ્વામીએ પોતાના અભ્યાસ માટે જે ઉત્તરદાતાઓ પસંદ કર્યા હતા તે શિક્ષિત વર્ગની શ્રેણીના હતા. આ અર્થમાં નગરીય પરિસ્થિતિઓ અને છૂટાછેડાની તરફેણમાં વલણો હકારાત્મક સંબંધ હોય છે તે કહેવા કરતાં શિક્ષણ અને છૂટાછેડાના પક્ષમાંનાં વલણો વચ્ચે હકારાત્મક સંબંધ હોય છે તેમ કહેવું વધુ યોગ્ય લેખાશે. ગોરે પણ તેમનાં તારણોમાં એવું દર્શાવે છે કે નગરીય જીવનની છૂટાછેડાના પક્ષમાંનાં વલણો તરફી અસરો ખાસ હોતી નથી.

## વિધવા-પુનર્લગ્ન

પરંતુ વિધવા-પુનર્લગ્ન અંગે મોટે ભાગે નગરીય પરિસ્થિતિઓ પરંપરાગત વલણને નાબૂદ કરવામાં અસરકારક રહી હોય એવું દેખાતું આવે છે. દા.ત. ગોરેના અભ્યાસમાં 1,274 ઉત્તરદાતાઓમાંથી ફક્ત 18 ટકા ઉત્તરદાતાઓ એવા હતા કે વિધવા પુનર્લગ્ન વિરોધી વલણ ધરાવતા હતા. બાકીના 82 ટકા ઉત્તરદાતાઓ વિવિધ કારણોસર વિધવા-પુનર્લગ્નના પક્ષમાં હતા. કાપડિયાના અભ્યાસમાં તો 90 ટકા જેટલા વિદ્યાર્થીઓ વિધવા-પુનર્લગ્નના પક્ષમાં જોવા મળ્યા હતા. તેમ છતાં કાપડિયા એવું દર્શાવે છે કે, મોટા ભાગના ઉત્તરદાતાઓ વિધવા-પુનર્લગ્નના પક્ષમાં હોવા છતાં સ્ત્રીના સર્વાંગી સામાજિક દરજ્જા પ્રત્યે તેમના પરંપરાગત વલણોમાં ખાસ પરિવર્તન દેખાતું નથી. આ જ બાબત પરત્વે ગોરે પણ નિર્દેશ કરે છે. હકીકતમાં તેમના અભ્યાસમાં જે ઉત્તરદાતાઓ વિધવા-પુનર્લગ્નના પક્ષમાં હતાં તેઓએ પણ તે માટેનાં ચોક્કસ કારણો આપ્યાં હતાં. દા.ત., 17.4 ટકા ઉત્તરદાતાઓ એવા હતા કે જે કોઈ પણ સંજોગોમાં પુનર્લગ્નના પક્ષમાં નહોતા. ફક્ત 18 ટકા ઉત્તરદાતાઓએ જ કોઈપણ પ્રકારની શરત વિના વિધવા-પુનર્લગ્નના પક્ષમાં વલણો દર્શાવ્યાં હતાં. પરંતુ 54.7 ટકા ઉત્તરદાતાઓ જો વિધવા યુવાન હોય કે તેને બાળકો ન હોય અથવા નાની વયનાં બાળકો હોય તો જ વિધવા-પુનર્લગ્નના પક્ષમાં હતા. 6.1 ટકા એવા હતા કે તેઓ વિધવાના ભરણપોષણ માટે કોઈ ન હોય તો તેનાં પુનર્લગ્ન થાય તેના પક્ષમાં હતા. બાકીના 3.3 ટકા ઉત્તરદાતાઓ એવું માનતા હતા કે વિધવાના પુનર્લગ્ન ન થવા પર તે રખડી પડશે તેથી તેનાં પુનર્લગ્ન ઉચિત છે. પરંતુ નગરીય અને ગ્રામીણ પરિસ્થિતિઓના સંદર્ભમાં આંકડાઓની છણાવટ કરતાં ગોરેએ દર્શાવ્યું કે વિધવા-પુનર્લગ્નની બાબતમાં ગ્રામીણ અને નગરીય લોકોના વલણમાં ખાસ તફાવત જોવા મળતો નથી. દા.ત. તેમના સેમ્પલમાં 19 ટકા ગ્રામીણ લોકોએ અને 20 ટકા નગરીય લોકોએ વિધવા-પુનર્લગ્નનો વિરોધ કર્યો હતો. વળી, સ્ત્રી-પુરુષના સંદર્ભમાં એવું જાણવા મળ્યું કે સ્ત્રીઓ કરતાં પુરુષો વધુ પ્રમાણમાં છૂટાછેડાના પક્ષમાં હતા.

ઉપરોક્ત ચર્ચાના સારરૂપે કહી શકાય કે લગ્ન સંસ્થાના સંબંધમાં નગરીય વાતાવરણમાં લગ્નની ઊંચી વય અને વિધવા પુનર્લગ્નના પક્ષમાં પરંપરાગત નિયમોથી દૂર થતાં વલણો દેખાઈ આવે છે. પરંતુ આંતરજ્ઞાતીય લગ્ન, સ્વપસંદગીથી કે લગ્ન કરનાર છોકરા-છોકરીની પારસ્પરિક સંમતિથી લગ્ન કરવાની બાબતમાં કે છૂટાછેડાના પક્ષમાં ખાસ પરિવર્તન દેખાતું નથી. વળી, લગ્ન ક્ષેત્રે જે કાંઈ પરિવર્તન દેખાય છે તે માત્ર નગરીય વાતાવરણને આભારી નથી પણ તેનો શિક્ષણના પ્રમાણ સાથે સીધો સંબંધ દેખાઈ આવે છે. આથી નગરમાં રહેતા અને શિક્ષિત વ્યક્તિઓમાં લગ્નની પરંપરાગત બાબતોમાં પરિવર્તન થઈ રહ્યું છે. તેમ કહીશું તો વધુ યોગ્ય લેખાશે.

## નગરીય સમાજમાં લગ્ન અંગેની માન્યતા :

આજે ભારતમાં અને બીજા કેટલાક વિકસતા સમાજોમાં લગ્ન સંસ્થાને લગતા જે પ્રવાહો જોવા મળે છે તેમનો ટૂંક પરિચય નીચે મુજબ આપી શકાય છે.

સામાન્ય રીતે ગ્રામીણ સમુદાયની જેમ નગર સમુદાયમાં પણ દરેકે દરેક વ્યક્તિ યોગ્ય વયે લગ્ન કરે તેવી અપેક્ષા હોય છે. આ અર્થમાં નગર સમુદાયોમાં પણ પુખ્ત થઈ ગયા બાદ વ્યક્તિનાં લગ્ન ન થાય તો તે પ્રશંસાપાત્ર બાબત ગણાતી નથી. હકીકતમાં વ્યક્તિના લગ્ન પછી જ તેને સામાજિક રીતે પુખ્ત વયનો દરજ્જો મળે છે. વળી, સ્ત્રી અવિવાહિત રહે કે મોટી ઉંમર સુધી લગ્ન ન કરે તો

તેને કુટુંબ અને સમાજમાં ગૌરવની બાબત ગણાતી નથી.

નગરીય કુટુંબોમાં પણ વિસ્તૃત સમાજવ્યવસ્થાનાં મૂલ્યોને અનુલક્ષીને લગ્ન એ ફક્ત પતિ અને પત્ની વચ્ચેના સંબંધો હોતા નથી પણ બે કુટુંબો વચ્ચેના સંબંધો હોય છે. આથી લગ્નમાં સાથીની પસંદગીના ક્ષેત્રે માત્ર લગ્ન કરનાર છોકરા કે છોકરીનો નિર્ણય જ અગત્યનો ગણાતો નથી, પણ તેમાં માતાપિતા અને કુટુંબના અન્ય વડીલોના નિર્ણયનું પણ વિશેષ મહત્ત્વ હોય છે. આથી મોટે ભાગે લગ્ન પોતાની જ્ઞાતિમાં જ અને સમકક્ષ સામાજિક-આર્થિક દરજ્જો ધરાવતા કુટુંબમાં થાય છે. આ હકીકત આડકતરી રીતે નગરસમુદાયમાં પણ જ્ઞાતિ અને વર્ગવ્યવસ્થાને ટકાવી રાખવામાં પોતાનો ફાળો આપે છે. વળી, ભદ્ર અને ઉચ્ચ વર્ગના લોકો લગ્ન અંગેના પરંપરાગત મૂલ્યો અને ધોરણો સાથે અનુમતી (conformity) કરવાનું વલણ દાખવે છે, કારણ કે તે માત્ર તેમના સામર્થ્યમાં હોય તેવું જ નહીં પણ પરંપરાઓના પાલન વડે તેઓ સમુદાયમાં પોતાનું આગવું સ્થાન જાળવી શકે છે એવી માન્યતા પણ કામ કરતી હોય છે.

લગ્નમાં ઉપર જોયું તે મુજબ છોકરા કે છોકરીનો કૌટુંબિક દરજ્જો, જ્ઞાતિ, વર્ગ વગેરેનું ખાસ ધ્યાન રાખવામાં આવે છે. તે ઉપરાંત જે તે છોકરા કે છોકરીના સૌંદર્ય, સ્વાસ્થ્ય અને કદ વગેરેને લગતી બાબતો પણ જોવામાં આવે છે. દા.ત., લગ્ન અંગેની જે જાહેરાતો સમાચારપત્રોમાં આવે છે તેમાં 'સુંદર', 'દેખાવડી', 'અમુક કદની' વ્યક્તિ માટે યોગ્ય સાથી જોઈએ તે હકીકત ઉપર ભાર મૂકવામાં આવે છે. ઘણી વખતે એવી જાહેરાતોમાં યોગ્ય સાથીની પસંદગી માટે અપેક્ષિત શિક્ષણનો નિર્દેશ પણ કરવામાં આવે છે.

ત્રીજી મહત્ત્વની બાબત ખાસ કરીને કન્યા વિશે, ચારિત્ર્યની પવિત્રતા હોય છે. હકીકતમાં લગ્ન પૂર્વેના જાતીય સંબંધો લગ્ન પછી પરપુરુષ સાથેના સંબંધો (extra marital relations) માત્ર જે તે સ્ત્રી માટે જ નહીં પરંતુ સમસ્ત કુટુંબ માટે એક કલંક ગણાય છે. તેથી એવા કુટુંબ જોડે લગ્ન-સંબંધો બાંધવાનું ટાળવામાં આવે છે. ઘણી વખત કુંવારી કન્યાના જાતીય સંબંધોની જાણ થતાં તેના લગ્ન સહેલાઈથી થઈ શકતા નથી અને જો થાય તો માતાપિતાએ જંગી દહેજ આપવું પડે છે. મહાનગરોમાં પણ કુંવારી માતાનો ખ્યાલ સ્થાન પામી શક્યો નથી તે એક અપવાદ જ છે.

અહીં એક વિશેષ બાબત નોંધવા જેવી છે. ગ્રામીણ સમુદાયોની જેમ નગર સમુદાયોમાં પણ મોટે ભાગે ઉપરોક્ત કેટલીક બાબતો ઉપરાંત લગ્ન માટે યોગ્ય કન્યાની શોધ વખતે તે કૌટુંબિક કામકાજની જરૂરી આવડત અને કૌશલ્ય ધરાવે છે કે કેમ તે બાબત પણ લક્ષમાં લેવામાં આવે છે. જોકે ઉચ્ચ અને ભણેલા વર્ગમાં આ બાબત પરત્વે હવે ખાસ આગ્રહ રખાતો નથી પરંતુ યોગ્ય છોકરાની પસંદગી વખતે તેના શિક્ષણ અને રોજગારી (employment) ની બાબતને ખાસ ધ્યાનમાં લેવામાં આવે છે. તેથી જ ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરેલા અને સારા ધંધાઓમાં રોકાયેલા છોકરાઓની શોધમાં જે તે કન્યાનાં માતાપિતા દહેજમાં વધુ રકમ આપતાં પણ અચકાતાં નથી. આની એક આડઅસર એ આવી છે કે દહેજનો કુરિવાજ વિકરાળ સ્વરૂપનો થયો છે. નાના-મોટા શહેરો અને મહાનગરોમાં પૂરતો દહેજ ન લાવવાના પાપે પુત્રવધૂઓ ઉપર ક્રૂર અત્યાચાર થાય છે.

આમ, નગરસમુદાયોમાં લગ્ન અંગેની ઉપરોક્ત કેટલીક પાયાની બાબતો ધ્યાનમાં રાખવા ઉપરાંત ઘણી વખતે જે તે છોકરા-છોકરી વચ્ચે લગ્ન નક્કી કરતાં પહેલાં બન્નેની જન્મ અને લગ્ન કુંડળીઓ મળે છે કે કેમ તે પણ જોવામાં આવે છે. અને જો બન્નેના ગ્રહો લગ્નસંબંધો માટે બંધબેસતા કે યોગ્ય ન દેખાય તો તે લગ્નસંબંધો બાંધવાના પ્રયત્નો મોકૂફ રખાય છે અને નવેસરથી બીજો છોકરો કે છોકરી શોધવાના પ્રયાસો થાય છે. વળી, ગ્રહો ન મળતા હોવાથી જે તે લગ્નનો પ્રસ્તાવ પડતો મુકાય છે તો તે પ્રત્યે કન્યા કે વર પક્ષના લોકોમાંથી કોઈને પણ ખોટું લાગતું નથી અને બીજાઓ પણ તે વિશે કશી નુક્તેચૂની કરતા નથી.

છેવટે જ્યારે છોકરા અને છોકરી વચ્ચેના લગ્નસંબંધોના નિર્ણય લેવાઈ જાય છે ત્યારે તેની સામાજિક રીતે જાણ કરવા માટે રિવાજો મુજબ લગ્નની વિધિ કરવામાં આવે છે. જૂના વખતમાં એવી વિધિ હેઠળ કન્યા અને વર વચ્ચે 'સગાઈ' કે 'વિવાહ' (Betrothal) થયા છે તેની સામાજિક રીતે જાણ કરવામાં આવતી અને ખરા લગ્નની વિધિ પછીથી થતી. ઘણી વખતે 'સગાઈ' કે 'વિવાહ' થઈ ગયા પછી વર્ષો બાદ બન્ને વચ્ચે લગ્ન થતાં. જોકે 'સગાઈ' કે 'વિવાહ'ના ગાળામાં છોકરા-છોકરીને પતિ-પત્ની તરીકેનો દરજ્જો મળતો નથી તેમ જ તેઓ એકબીજાથી છૂટથી મળી પણ ન શકતાં, પરંતુ જે છોકરા કે છોકરીની 'સગાઈ' કે 'વિવાહ' થઈ ગયા છે તેના માટે મોટે ભાગે બીજી નવી માંગણીઓ થતી નહીં.

લગ્ન વખતે કરવામાં આવતી વિધિઓમાં નગર સમુદાયોમાં પણ ધાર્મિક વિધિવિધાનો થાય છે. હકીકતમાં સ્નેહલગ્ન કે સ્વપસંદગીથી થતા લગ્નમાં પણ મોટે ભાગે એવી વિધિઓ થાય છે અને કોર્ટમાં રજિસ્ટર્ડ લગ્ન થઈ શકે તેવી સગવડ હોવા છતાં આ રીતે થતાં લગ્નોનું પ્રમાણ ઘણું ઓછું હોય છે. નગરસમુદાયોમાં સર્વ વર્ગ અને જ્ઞાતિઓમાં એવાં ધાર્મિક વિધિવિધાનો થાય છે. છતાં પૈસાદાર લોકોમાં મોટો ખર્ચ કરીને શાસ્ત્રોક્ત પદ્ધતિથી ભવ્ય રીતે વિવિધ વિધિઓ કરવામાં આવે છે, અને ભપકાદાર લગ્ન સમારંભો યોજાય છે. આવા સમારંભો આજે મધ્યમ અને નિમ્ન વર્ગના લોકોમાં પણ યોજાવા લાગ્યા છે. આ માટે નગરસમુદાયોમાં કેટલીક વ્યાપારી ધોરણે જરૂરી સાધન-સામગ્રી જેવી કે મંડપો, રાચરચીલું, ચોરી, વાસણો અને વાડીઓ વગેરેની સગવડ કરી આપતી સંસ્થાઓ પણ કામ કરવા લાગી છે. વળી, લગ્ન વખતે ભોજન સમારંભો પણ યોજવામાં આવે છે અને તે માટે પણ વ્યાપારી ધોરણે જરૂરી સગવડો મળી આવે છે. અત્રે એ નોંધવું યોગ્ય લેખાશે કે મોટે ભાગે ઉચ્ચ વર્ગના લોકોમાં લગ્ન વખતે સાદાઈથી લગ્ન યોજવાનું પણ દેખાવા લાગ્યું છે. પણ તે મુખ્યત્વે સ્નેહલગ્ન (Love marriage) ને લાગુ પડે છે. આ રીતે સાદાઈથી થતાં લગ્ન વખતે ધાર્મિક વિધિઓ તો કરવામાં આવે છે પરંતુ તે વખતે ભવ્ય ભોજન સમારંભો યોજાતા નથી તેમ જ કુટુંબના સભ્યો અને બીજા ખાસ સંબંધીઓ જ લગ્નની વિધિ વખતે હાજર રહે છે. તે ઉપરાંત આજે નગર સમુદાયોમાં જૂના વખતની તુલનામાં પણ ઓછા દિવસો લગ્નની વિધિઓ ચાલે છે. ઘણી વખતે તો એક જ દિવસમાં તમામ વિધિઓ આટોપી લેવાય છે, કારણ કે નગરીય પરિસ્થિતિઓના દબાણ હેઠળ પરંપરાગત રીતે દિવસો સુધી લગ્નની વિધિઓ કરતા રહેવું એ સમય અને આર્થિક સાધનોની દૃષ્ટિએ લોકોને હવે પાલવે તેવી સ્થિતિ રહી નથી.

## ભારતના નગરોમાં કુટુંબવ્યવસ્થા :

કુટુંબ એ પ્રત્યેક સમાજમાં પાયાનું સામાજિક એકમ છે. તે એક એવી સાર્વત્રિક વ્યવસ્થા છે કે જેનો વિકલ્પ જોવા મળતો નથી એટલે કે સામાજિક માળખાના સાતત્ય અને સમતોલન માટે કુટુંબ કેટલાંક એવા પાયાના કામ પૂરા પાડે છે કે જે બીજી કોઈ વ્યવસ્થા વડે તેની સમકક્ષ પૂરા પાડી શકાતા નથી. કુટુંબના એ પાયાના અથવા સાર્વત્રિક કાર્યો નીચે મુજબના ત્રણ હોય છે.

1) સમાજ માન્ય રીતે સંતાન પ્રાપ્તિ

2) નવજાત શીશુઓનું ભરણ-પોષણ અને માવજત; અને

3) સમાજીકરણ વડે સમાજના પાયાના સંસ્કારો શીખવી નવી પેઢીને સામાજિક માળખામાં દરજ્જો અર્પિત કરવો.

નગરોમાં પણ કુટુંબ-વ્યવસ્થા આ કાર્યો સતત પૂરા પાડે છે પરંતુ નગરીય પરિસ્થિતિમાં કુટુંબ તેની રચના અને કાર્યોમાં પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે નગર વાતાવરણની અસરો હેઠળ આવે છે. હકીકતમાં વર્તમાન સમયમાં ઔદ્યોગિકરણ અને ઝડપી નગરીકરણની ઊંડી તથા વ્યાપક અસરોને કારણે નગર સમુદાયોમાં પરંપરાગત સંયુક્ત કે વિભક્ત કુટુંબ વ્યવસ્થામાં સર્વસમાજોમાં પરિવર્તન આવવા લાગ્યાં છે. અહીં પ્રથમ આપણે ભારતીય પરિસ્થિતિઓમાં નગર સમુદાયોમાં જોવા મળતાં પરિવર્તનોની ચર્ચા કરીશું અને ત્યાર બાદ ટૂંકમાં કુટુંબના જુદા જુદા સભ્યોની કૌટુંબિક ભૂમિકા (familial role) નો પરિચય મેળવીશું.

પરંપરાગત રીતે ભારતની કુટુંબ સંસ્થા સંયુક્ત કુટુંબવ્યવસ્થા કહેવાય છે, અને તે ગ્રામીણ તથા નગરીય સમુદાયોમાં સરખી રીતે જોવા મળતી હતી. પ્રોફેસર ઇરાવતી કર્વે સંયુક્ત કુટુંબવ્યવસ્થાની વ્યાખ્યા કરતાં જણાવે છે કે, "સંયુક્ત કુટુંબ એકબીજા સાથે ચોક્કસ પ્રકારના રક્તસંબંધો ધરાવતી વ્યક્તિઓનું બનેલું જૂથ હોય છે. તેઓ સામાન્ય રીતે એક જ મકાનમાં વસવાટ કરે છે, એક જ રસોડે જમે છે, સહિયારી મિલકત ધરાવે છે, અને કુટુંબની ધાર્મિક વિધિઓમાં સમાન રીતે ભાગ લે છે." વળી સંયુક્ત કુટુંબનું બંધારણ (composition) સમજાવતા તેઓ કહે છે કે, "સંયુક્ત કુટુંબમાં ત્રણથી ચાર પેઢીના પુરુષ સગાઓ, જેવા કે પિતામહ અને પિતામહના ભાઈઓ, પિતા અને પિતાના ભાઈઓ, પોતાના ભાઈઓ અને પિતરાઈઓ, પુત્રો અને ભત્રીજા તથા આ બધા જ પુરુષ સગાની પત્નીઓ તેમ જ પોતાની અપરિણીત બહેનો અને પુત્રીઓનો સમાવેશ થાય છે." મેન્ડલબોમ સંયુક્ત કુટુંબનો અર્થ સમજાવતાં કહે છે કે, સંયુક્ત કુટુંબ એવું કુટુંબ હોય છે કે જેમાં અનેક પરિણીત યુગલો તેમનાં સંતાનો સહિત એક જ ઘરમાં રહેતાં હોય છે. તેના બધા જ પુરુષો રક્તસંબંધો ધરાવતા હોય છે, જેમ કે પિતા અને તેના પુત્રો, પૌત્રો, ભાઈઓ અને તેમના પુત્રો તથા પૌત્રો વગેરે. સંયુક્ત કુટુંબના સભ્યોમાં પુરુષોની પત્નીઓ, કુંવારી પુત્રીઓ અથવા કોઈ નજીકના સગાની

વિધવાનો સમાવેશ થાય છે. લગ્ન બાદ કન્યા પોતાના પિતાનું કુટુંબ છોડીને તેના પતિના સંયુક્ત કુટુંબનો એક ભાગ બની જાય છે.

ઉપરોક્ત વ્યાખ્યાઓના સંદર્ભમાં પરંપરાગત સંયુક્ત કુટુંબ વ્યવસ્થાના નીચે મુજબનાં કેટલાંક લક્ષણો તારવી શકાય છે.

1. સંયુક્ત કે એક જ ઘરમાં નિવાસ
2. સભ્યોના ભોજન માટે એક જ સંયુક્ત રસોડું
3. કુટુંબની સહિયારી કે સંયુક્ત મિલકત
4. સંયુક્ત ધાર્મિક વિધિ-વિધાન અને પૂજાપાઠ
5. કૌટુંબિક સત્તા પુરુષ વડા કે પિતાને હસ્તક હોવી

બ્રિટિશ યુગ દરમ્યાન અને ખાસ કરીને 20મી સદીની શરૂઆત પછી પરંપરાગત સંયુક્ત કુટુંબવ્યવસ્થા સમક્ષ કેટલાક નવા પડકારો ઊભા થયા. તેમાં પશ્ચિમી વિચારસરણી, કેળવણી, ઔદ્યોગીકરણ, નગરીકરણ, વાહનવ્યવહારનાં સાધનોમાં વિકાસ, મિલકતના હક્કો તથા સ્ત્રીના હક્કોને લગતા કાયદાઓ અને સામાજિક સુરક્ષાને લગતી કાયદાકીય જોગવાઈઓ મુખ્ય ગણાય છે. હકીકતમાં આ સર્વે પરિબળો તુલનાત્મક રીતે નગર સમુદાયોમાં વધુ અસરકારક રીતે ક્રિયાશીલ થવા લાગ્યા છે અને તેમની અસરો પરંપરાગત સંયુક્ત કુટુંબવ્યવસ્થા ઉપર પડવા લાગી. આ અંગે ભારતની સંયુક્ત કુટુંબવ્યવસ્થાના પલટાતા સ્વરૂપનો કયાસ કાઢવાના આશયથી નગરસમુદાયોમાં સંયુક્ત કુટુંબના ઊંડા અભ્યાસો થયા. દા.ત. 1930-32ના અરસામાં કે.ટી.મરચન્ટે મુંબઈમાં 445 વ્યક્તિઓના અભ્યાસને આધારે જણાવ્યું કે તેમના ઉત્તરદાતાઓમાંની 62.5 ટકા વ્યક્તિઓના સંયુક્ત કુટુંબમાં રહેતી હતી. જ્યારે બાકીની 37.5 ટકા વ્યક્તિઓ વિભક્ત કુટુંબમાં રહેતી હતી. વળી, 60 ટકા વ્યક્તિઓ સંયુક્ત કુટુંબના પક્ષમાં હતી, જ્યારે 40 ટકા વ્યક્તિઓ કે જે નવી પેઢીની હતી તેમણે વિભક્ત કુટુંબને પસંદ કર્યું હતું. ત્યારપછી ઇ.સ. 1937માં પૂના શહેરમાં 3849 કુટુંબોનો અભ્યાસ કર્યો અને તેમાં 55 ટકાથી પણ વધુ કુટુંબો વિભક્ત કુટુંબ તરીકે જોવા મળ્યાં.

આઝાદી પછી થયેલા અભ્યાસોમાં આઈ. પી. દેસાઈ, કાપડિયા, એલન રોસ અને એમ.એસ.ગોરે વગેરેએ કરેલા અભ્યાસો નોંધપાત્ર છે. આઈ. પી. દેસાઈએ સૌરાષ્ટ્રમાં આવેલા મહુવાનાં 423 કુટુંબોનો અભ્યાસ કર્યો અને તેમને જાણવા મળ્યું કે માત્ર 21 ટકા કુટુંબો જ એવાં હતાં જે સંયુક્ત કુટુંબના પરંપરાગત અર્થમાં સર્વોચ્ચ કક્ષાની સંયુક્તતા ધરાવતાં હતાં. વળી, કુટુંબનાં બંધારણ (composition) ની બાબતમાં આઈ. પી. દેસાઈએ જણાવ્યું કે સમસ્ત 423 કુટુંબોમાંથી 4 ટકા કુટુંબોમાં એક પેઢીના રહેતા હતા, 57 ટકા કુટુંબોમાં બે પેઢીના, 33 ટકા કુટુંબોમાં ત્રણ પેઢીના અને 6 ટકા કુટુંબોમાં ચાર કે તેથી વધુ પેઢીના લોકો એક સાથે રહેતા હતા. જોકે આઈ. પી. દેસાઈ સંયુક્ત વસવાટ એટલે કે એક જ ઘરમાં રહેવાને સંયુક્ત કુટુંબના અનિવાર્ય લક્ષણ તરીકે સ્વીકારતા નથી. તેમના મતે સંયુક્ત કુટુંબના પરંપરાગત લક્ષણો પૈકી કોઈ પણ એકાદ લક્ષણ ધરાવતું કુટુંબ હોય તો તેવા કુટુંબને સંયુક્ત કુટુંબના એક સ્વરૂપ તરીકે જોઈ શકાય છે. તેમના અભ્યાસ હેઠળ આવરી લેવામાં આવેલાં કુટુંબોમાંથી 21 અથવા 5 ટકા કુટુંબો એવાં હતાં કે જે શૂન્ય કક્ષાની સંયુક્તતા ધરાવતાં હતા. 112 અથવા 27 ટકા કુટુંબો પારસ્પરિક ફરજોના ક્ષેત્રે નિમ્ન કક્ષાની સંયુક્તતા ધરાવતાં હતાં, 72 અથવા 17 ટકા કુટુંબો ઉચ્ચતમ સંયુક્તતા ધરાવતાં કુટુંબો હતાં. બાકીના 90 અથવા 21 ટકા કુટુંબો આગળ જોયું તે મુજબ પરંપરાગત અર્થમાં સર્વોચ્ચ કક્ષાની સંયુક્તતા ધરાવતાં હતાં. પ્રસ્તુત અભ્યાસને આધારે આઈ.પી. દેસાઈ એવું સૂચવે છે કે, રચનાની દૃષ્ટિએ સંયુક્ત કુટુંબના સભ્યો ભલે એકી સાથે રહેતા ન હોય છતાં વસવાટની દૃષ્ટિએ જોવા મળતાં વિભક્ત કુટુંબો કાર્યાત્મક દૃષ્ટિએ પોતાની સંયુક્તતા જાળવી રાખે છે અને એકબીજા પ્રત્યેની ફરજો બજાવવા માટે તૈયાર રહે છે. આ અર્થમાં એવું કહી શકાય છે કે નગર સમુદાયોમાં સંયુક્ત કુટુંબના રચનાત્મક પાસામાં વર્તમાન પરિસ્થિતિઓને અનુકૂળ થઈ પડે તેવાં પરિવર્તનો આવી રહ્યાં છે. પરંતુ તેના કાર્યાત્મક પાસામાં મોટે ભાગે પરંપરાગત સંયુક્તતા ટકી રહી છે.

કે.એમ.કાપડિયાએ નવસારીમાં 49 ટકા કુટુંબો પરંપરાગત અર્થમાં સંયુકતતા ધરાવતાં દર્શાવ્યાં છે. વળી, તેમણે કરેલા 513 સ્નાતકોના અભ્યાસના આધારે જણાવ્યું કે તુલનાત્મક રીતે મોટા ભાગના નવી પેઢીના લોકો પરંપરાગત સંયુક્ત કુટુંબના પક્ષમાં હતા. હકીકતમાં 513 સ્નાતકોમાંથી 57.3 ટકા સ્નાતકો સંયુક્ત કુટુંબમાં રહેતા જોવા મળ્યા હતા અને 86 ટકા જેટલા સ્નાતકોએ સંયુક્ત કુટુંબ વ્યવસ્થાને એક ઉત્તમ વ્યવસ્થા તરીકે ઓળખાવી હતી. વળી, આઈ. પી. દેસાઈએ

પૂના શહેરમાં સંયુક્ત કુટુંબને લગતી બાબતના અભ્યાસને આધારે જણાવ્યું કે 97 ટકા વ્યક્તિઓએ સંયુક્ત કુટુંબને પસંદ કર્યું હતું.

એક અન્ય અભ્યાસમાં એલન રોસે (Aileen Ross) બેંગ્લોરમાં કુટુંબનાં ક્ષેત્રે નગરીય પરિસ્થિતિઓની અસર હેઠળ સર્જાતા પ્રશ્નો તપાસવાનો પ્રયાસ કર્યો. આ માટે (Ross) 157 ઉત્તરદાતાઓની મુલાકાત લીધી. પ્રસ્તુત અભ્યાસને આધારે તેમણે જાણવા મળ્યું કે સંયુક્ત કુટુંબમાંથી સંયુક્તતાની ભાવના અલોપ થઈ રહી છે અને નગરીય પરિસ્થિતિઓમાં તે વ્યક્તિવાદ તરફ પ્રયાણ કરી રહ્યું હોય તેવા પ્રવાહો દેખાઈ આવે છે. વળી, તેઓ જણાવે છે કે જેમ જેમ ટેકનોલોજિકલ પરિબળોની અસરો ઊંડી થતી જશે તેમ તેમ સંયુક્ત કુટુંબનું સ્વરૂપ પલટાતું જશે. વિભક્ત કુટુંબ તરફી વલણો માટેનાં બીજાં જવાબદાર પરિબળોમાં કૌટુંબિક ઝઘડા, ઉચ્ચ શિક્ષણ, છૂપી આકાંક્ષાઓ, ધંધાકીય ક્ષેત્રે વધેલી ગતિશીલતા, ઊંચા સ્તરના જીવન માટેની ઇચ્છા, વૈયક્તિકવાદ અને સ્વતંત્રતાની ભાવના વગેરેનો સમાવેશ થાય છે. ગોરેએ પણ દિલ્હીમાં અગ્રવાલ જ્ઞાતિનાં 399 કુટુંબોનો અભ્યાસ કરી ઔદ્યોગિકરણ તથા નગરીકરણની પરિસ્થિતિઓ વચ્ચે કૌટુંબિક સંબંધોમાં આવી રહેલાં પરિવર્તનો તપાસવાનો પ્રયાસ કર્યો છે. તેમનાં મુખ્ય સેમ્પલનાં 399 કુટુંબોમાંથી 194 કુટુંબો વિભક્ત જોવા મળ્યાં, જ્યારે 204 કુટુંબો સંયુક્ત કુટુંબો હતાં, પ્રથમ પ્રકારનાં કુટુંબોમાં 18 ટકા કુટુંબોના સભ્યોની સંખ્યા 1 થી 3 વ્યક્તિઓની હતી, 41 ટકા કુટુંબોની 4 થી 6 વ્યક્તિઓની હતી, 37 ટકા કુટુંબોની 7 થી 9 વ્યક્તિઓની હતી અને ફક્ત 4 ટકા કુટુંબોમાં 10 કે તેથી વધુ વ્યક્તિઓ જોવા મળી હતી. જે કુટુંબો સંયુક્ત પ્રકારનાં હતાં તેમાં 17 ટકા કુટુંબોમાં 4 થી 6 વચ્ચે, 30 ટકા કુટુંબોમાં 7 થી 9 વચ્ચે અને 53 ટકા કુટુંબોમાં 10 કે તેથી વધુ વ્યક્તિઓ રહેતી હતી. આ આંકડાઓ ઉપરથી જાણવા મળે છે કે વિભક્ત કુટુંબો મોટે ભાગે નાના અને મધ્યમ કદનાં હતાં, જ્યારે સંયુક્ત કુટુંબો મોટા અને વિશાળ કદનાં હતાં. વળી, તેમને એવું પણ જાણવા મળ્યું કે 204 સંયુક્ત કુટુંબોમાંથી 157 અથવા 76 ટકા કુટુંબો એવાં હતાં કે જેમાં કુટુંબના મુખી તરીકે પિતાના હાથમાં સત્તા હતી. વળી, વિભક્ત કુટુંબના વડાઓમાં 86 ટકા જેટલા એવા હતા કે જેઓ પોતાના કુટુંબોમાં વડાઓ સિવાય બીજા સભ્યોની પણ મુલાકાત લીધી અને કુલ 1,274 વ્યક્તિઓ પાસેથી કયા પ્રકારનું કુટુંબ તેઓ પસંદ કરે છે તે જાણવાનો પ્રયત્ન કર્યો. આ અંગે ગોરેને જાણવા મળ્યું કે કુલ ઉત્તરદાતાઓમાંથી 1,002 અથવા 79 ટકા વ્યક્તિઓએ સંયુક્ત કુટુંબમાં રહેવાનું પસંદ કર્યું હતું અને ફક્ત 227 અથવા 18 ટકા લોકોએ વિભક્ત કુટુંબમાં રહેવાનું પસંદ કર્યું હતું. આ ઉપરાંત વધુ ઊંડાણમાં જવાના આશયથી તેઓએ જ્યારે સંયુક્ત કુટુંબમાં અને વિભક્ત કુટુંબમાં રહેતા ઉત્તરદાતાઓએ આપેલા જવાબોની ચકાસણી કરી તો જાણવા મળ્યું કે સંયુક્ત કુટુંબમાં રહેતી વ્યક્તિઓમાંથી 88 ટકાએ સંયુક્ત કુટુંબના પક્ષમાં પસંદગી દર્શાવી હતી. આ લોકોએ વિવિધ કારણોસર સંયુક્ત કુટુંબમાં રહેવાનું યોગ્ય ગણાવ્યું હતું. દા.ત. 66 ટકા લોકો સુરક્ષા અને આર્થિક કારણોસર, 21 ટકા લોકો કૌટુંબિક સ્નેહના કારણે, 9 ટકા લોકો કામની જવાબદારીઓમાં સહભાગી થવાને લીધે, 2 ટકા લોકો કૌટુંબિક પ્રતિષ્ઠાને કારણે અને બીજા 2 ટકા લોકો વેપારમાં યોગ્ય સહકાર મળી રહે તે માટે તથા બાકીના 6 ટકા વ્યક્તિઓએ બાળકોના હિતમાં સંયુક્ત કુટુંબમાં રહેવાનું પસંદ કર્યું હતું. પરંતુ જે વ્યક્તિઓએ વિભક્ત કુટુંબમાં રહેવાનું પસંદ કર્યું હતું તેમાંના 42 ટકા વ્યક્તિઓએ એવાં કુટુંબોમાં મળતી વધુ સ્વતંત્રતાને કારણે, 51 ટકા વ્યક્તિઓએ કુટુંબના સભ્યોમાં ઝઘડા ટાળવાને કારણે અને બાકીના 7 ટકા વ્યક્તિઓએ આર્થિક જવાબદારી ઓછી કરવાને કારણે વિભક્ત કુટુંબમાં રહેવાનું પસંદ કર્યું હતું. જોકે સમસ્ત સેમ્પલના ઉત્તરદાતાઓમાંથી ફક્ત 18 ટકા ઉત્તરદાતાઓએ જ વિભક્ત કુટુંબમાં રહેવા તરફનું વલણ દાખવ્યું હતું. જોકે તેમના અભ્યાસનાં મુખ્ય તારણો એવું દર્શાવે છે કે પરંપરાગત સંયુક્ત કુટુંબની તુલનામાં પિતા અને માતા તેમના પરિણીત પુત્રો (lineal joint family) ના બનેલા કુટુંબ તરફનું વલણ જોર પકડતું જાય છે. તેથી તેઓ નગરીય પરિસ્થિતિઓ વચ્ચે સંયુક્ત કુટુંબના ક્ષેત્રે જે પરિવર્તનો આવી રહ્યાં છે તેમને 'મર્યાદિત પરિવર્તન' (limited change) તરીકે સમજાવે છે. આ ઉપરાંત રાધાકમલ મુકરજી અને બલજિતસીંઘ લખનૌના અભ્યાસને આધારે એવા તારણ ઉપર આવ્યા કે વર્તમાન સમયમાં નગરીય કુટુંબ પતિ-પત્ની અને તેમાં અપરિણીત સંતાનોનું બનેલું વિભક્ત કુટુંબ એક સંક્રાંતિના કાળમાંથી પસાર થઈ રહ્યું છે. પરંતુ આ સંક્રાંતિ કોઈપણ રીતે પૂરી થઈ નથી, અને ઘણાં કુટુંબો હજી પણ સંયુક્ત કુટુંબની લાક્ષણિકતાઓ ધરાવે છે અને તેમાં કેટલીક પેઢી પર્યંતના સગાઓ તેમજ બીજા ઘણાયે સગાઓ સાથે રહે છે.

નગર સમુદાયોમાં કુટુંબવ્યવસ્થાને લગતા ઉપરોક્ત મુખ્ય અભ્યાસો ઉપરાંત હાલમાં પ્રોફેસર એ. આર. દેસાઈએ આઝાદી પછીના ભારતના નગરીય પરિસ્થિતિઓમાં કુટુંબ-વ્યવસ્થાના ઊપસતા સ્વરૂપનો ઝીણવટભર્યો અભ્યાસ કર્યો છે. તેમનાં તારણો મુજબ સરકારની આર્થિક તથા સામાજિક

વિકાસ અંગેની નીતિઓની કુટુંબવ્યવસ્થા ઉપર પ્રતિકૂળ અસરો થઈ છે. તેમના મતે ભારતનું આયોજન મોટે ભાગે મૂડીવાદી રહ્યું હોવાથી નગરસમુદાયોમાં રહેતાં મોટા ભાગનાં કુટુંબોની આર્થિક તથા સામાજિક દશા ઉત્તરોત્તર બગડતી જાય છે અને નાનાં કુટુંબો પણ પોતાનાં કેટલાંક પાયાનાં કાર્યો સંતોષકારક રીતે પૂરાં પાડી શકતાં નથી. વળી, સરકાર એવાં કુટુંબોને રોજગાર, સામાજિક સુરક્ષા અને તેમની ખરીદશક્તિ વધારવાના માર્ગો આપી શકી નથી, તેથી પણ મોટા ભાગનાં કુટુંબોની હાલત બદતર થતી જાય છે. તેઓ કહે છે કે આજે નગરીય કુટુંબો કરુણ અને અમાનવીય દશામાં રહેતાં હોવાથી તેઓમાં વધુ ને વધુ લોકોને ગુનાઓ, અનૈતિક વ્યવહાર અને અમાનવીય દશામાં રહેતાં હોવાથી તેઓમાં વધુ ને વધુ લોકોને ગુનાઓ, અનૈતિક વ્યવહાર અને જીવન-યાપન માટેનાં બીજાં હીનકક્ષાનાં કામોમાં જોડાવાની ફરજ પડે છે. પરિણામે મોટા ભાગનાં કુટુંબોમાં સુખ-શાંતિ અને સંતોષકારક વાતાવરણ જોવા મળતું નથી.

કુટુંબના કદ વિશે તેઓ એવા તારણ ઉપર આવ્યા છે કે કુટુંબનું કદ નાનું હોવાથી જીવનશૈલીની ગુણવત્તા વધી જતી હોય તેવું નથી. હકીકતમાં જીવનમાં ગુણવત્તા સુધારવા માટે જે આર્થિક, રાજકીય, સામુદાયિક ને મૂલ્યોની પેટાવ્યવસ્થાઓને લગતી પરિસ્થિતિઓ વચ્ચે કુટુંબોને રહેવું પડે છે તેમની સુધારણા થવી જરૂરી છે. આ અંગે પ્રોફેસર એ. આર. દેસાઈ જણાવે છે કે, જો (1) આર્થિક તકો, (2) લોકશાહી ધોરણે સમાનતાનું વાતાવરણ, (3) ન્યૂનતમ સગવડો, જેવી કે યોગ્ય રહેઠાણ, નિઃશુલ્ક શિક્ષણ, નિઃશુલ્ક કે યોગ્ય કિંમતે તબીબી વિષયક સેવાઓ, અને (4) ધર્મનિરપેક્ષ તથા સદ્ભાવપૂર્ણ જીવન જીવવા માટેની આધારભૂત પરિસ્થિતિઓ સ્થાપવામાં આવે તો જ ભારતમાં નગરીય કુટુંબોની સ્થિતિ સુધારવામાં કાંઈક કરી શકશે. અંતે તેઓ જણાવે છે કે, 'વસ્તી નિયંત્રણ' અથવા કુટુંબનિયોજન વડે નગરીય કુટુંબોની ઉત્તરોત્તર બગડતી દશા અટકાવી શકાશે નહીં. આ માટે ખરેખર તો એવી સમાજવ્યવસ્થાની રચના કરવાની જરૂર છે કે જેમાં ઉત્પાદનનાં સાધનો સમાજની માલિકીનાં હોય તથા આર્થિક ઉત્પાદન બજાર કે નફા માટે નહીં પણ લોકોની ખરેખરની જરૂરિયાતોને લક્ષમાં રાખને થતું હોય. આ અર્થમાં તેઓ ભારપૂર્વક કહે છે કે વિકાસ માટેના ફક્ત બિન-મૂડીવાદ માર્ગ (non-capitalist path) વડે જ નગરીય કુટુંબોની સુખાકારી તથા કલ્યાણ માટેની જરૂરી પૂર્વશરતોનું નિર્માણ કરી શકશે.

## નગરોમાં સંયુક્ત કુટુંબ-વ્યવસ્થામાં આવી રહેલા પરિવર્તનોની તરાહ :

ઉપરોક્ત સમસ્ત ચર્ચાના સારરૂપે આધુનિક ભારતમાં નગરીય કુટુંબોમાં પરિવર્તન પ્રવાહો નીચે મુજબ દર્શાવી શકાય છે :

1. નગર સમુદાયોમાં પરંપરાગત સંયુક્ત કુટુંબ નષ્ટ થઈ રહ્યું હોય તેવું નથી, પણ તેમાં નગરીય પરિસ્થિતિઓને બંધબેસતા કેટલાક ફેરફારો આવી રહ્યા છે.
2. નગરીય કટુંબના પલટાતા સ્વરૂપમાં જે ફેરફારો દેખાય છે તે તેના બંધારણ (composition) અને રચનાત્મક પાસાંને લગતા છે. પરંતુ મોટે ભાગે સંયુક્ત કુટુંબના સભ્યોમાં પારસ્પરિક ફરજો અને જવાબદારીઓની બાબતમાં સંયુક્તતા ટકી રહી છે.
3. સંયુક્ત કુટુંબની બંધારણને ક્ષેત્રે પિતા અને તેના પરિણીત છોકરાઓ એકી સાથે રહે તેવું વલણ દેખાઈ આવે છે, પરંતુ નવી પેઢીના લોકોમાં દૂરના સગાઓ માટે પરંપરાગત વલણ દૂર થતાં જાય છે.
4. નગર સમુદાયોમાં આજે પણ મોટા ભાગના લોકો સંયુક્ત કુટુંબ જીવનનો અનુભવ ધરાવે છે અને નવી પેઢીના લોકો પણ વિવિધ કારણોસર પરંપરાગત સંયુક્ત કુટુંબવ્યવસ્થાને યોગ્ય લેખાવે છે.
5. આજે પણ મોટા ભાગના સંયુક્ત કુટુંબોમાં કૌટુંબિક સત્તા પિતાના હાથમાં હોય છે અને તેના નિર્ણયો જ છેવટના મનાય છે.
6. જે લોકો વિભક્ત કુટુંબોમાં રહે છે તેઓમાંના પણ મોટા ભાગના લોકો સંયુક્ત કુટુંબને અનુકૂળ વલણ ધરાવે છે. પરંતુ તુલનાત્મક રીતે વધુ સ્વતંત્રતા મેળવવા અને કૌટુંબિક ઝઘડાઓ ટાળવા અર્થે વિભક્ત કુટુંબોમાં રહેવાનું યોગ્ય લેખાવે છે.
7. સંયુક્ત કુટુંબમાં સ્ત્રીની ભૂમિકામાં નોંધપાત્ર પરિવર્તન આવ્યું છે. આજે કુટુંબમાં સ્ત્રીનું પુરુષ ઉપરનું અવલંબન પહેલાં કરતાં ઘટી ગયું છે અને કેટલીક બાબતોમાં સ્ત્રી અને પુરુષ વચ્ચે દરજ્જાની સમાનતા આવતી જાય છે. વળી, પહેલાંની તુલનામાં પુરુષ અને સ્ત્રી

વચ્ચેની સામાજિક અલગતા ઘણી મોટી છે.

8. મોટા ભાગનાં નગરીય કુટુંબોની ખરાબ દશા તેમના નાના કે મોટા કદને આભારી નથી. હકીકતમાં જે આર્થિક, રાજકીય, સામુદાયિક અને મૂલ્યોની પેટાવ્યવસ્થાને લગતી પરિસ્થિતિઓ વચ્ચે કુટુંબોને જીવવું પડે છે તે જ કુટુંબની સુખાકારી તથા કલ્યાણ માટે અનુકૂળ નથી. જો રોજગાર, રહેઠાણ, શિક્ષણ અને આરોગ્ય વગેરેની જરૂરી માનવીય પરિસ્થિતિઓનું નિર્માણ થાય તો નગરીય પરિસ્થિતિઓમાં મોટા કદનાં કુટુંબો પણ સુખી જીવન ગાળી શકે તેમ છે.

## નગરીય કુટુંબમાં સભ્યોની કૌટુંબિક ભૂમિકા (Familial Role) :

આપણે જોયું કે આજે પણ ભારતમાં નગર સમુદાયોમાં સંયુક્ત કુટુંબ વ્યવસ્થા હેઠળ અનેક સભ્યો એકીસાથે રહેતા હોય છે, કે વિભક્ત કુટુંબમાં રહેતા હોવા છતાં પારસ્પરિક જવાબદારીની ભાવનાથી સંકળાયેલા હોય છે. આ જોતાં કુટુંબના સભ્યોમાં પારસ્પરિક ભૂમિકાઓનું સ્વરૂપ શું હોય તે જાણવું યોગ્ય લેખાશે.

સામાન્ય રીતે નગરીય સમુદાયોમાં પ્રવર્તમાન પરિસ્થિતિઓ હેઠળ સંતાનો ઉપર માતાપિતા જૂના વખતમાં જે અધિકાર અને સત્તા ભોગવતાં હતાં તેમાં ઘટાડો થયો છે અને ધીમે ધીમે કુટુંબજીવનમાં લોકશાહી અને સ્વાતંત્ર્યની ભૂમિકા સ્થપાતી જાય છે. આજે બાળકો માતાપિતાની દેખરેખ-નિરીક્ષણની બહાર ઘણો સમય વ્યતિત કરતાં થયાં છે. વળી, નગરીય અર્થવ્યવસ્થાએ પુત્ર-પુત્રીઓ અને પુત્રવધૂઓને આર્થિક સ્વાતંત્ર્ય બક્ષવાની અનુકૂળતા કરી આપી છે. તેથી સંતાનો પોતાનાં માતાપિતાનો આદર કરતાં હોવા છતાં આર્થિક સ્વાવલંબનને કારણે પોતાના સ્વાતંત્ર્યને મૂલ્યવાન ગણવા લાગ્યાં છે. વળી, માતાપિતાનું વલણ પણ બદલાઈ રહેલું છે. તેઓ પોતાનાં સંતાનો પ્રત્યે વધુ સહિષ્ણુ, ઉદાર અને સહાનુભૂતિપૂર્ણ વર્તન દાખવતા થયા છે. વળી, કુટુંબની પ્રણાલિકાના ભંગ બદલ સંતાનોને સખત શિક્ષા કરવાને બદલે સહિષ્ણુતા દર્શાવે છે. જે માતાપિતા સંતાનોને સખત શારીરિક શિક્ષા કરે છે તેને નગર સમુદાયમાં અનુચિત અને અનિચ્છનીય ગણવામાં આવે છે, અને તેમની ટીકા થાય છે. બીજા શબ્દોમાં કહીએ તો નગરીય કુટુંબમાં માતાપિતા અને સંતાનો વચ્ચેના સંબંધો પરંપરાગત રૂઢિઓ, પ્રણાલિકાઓ અને ધર્મ વગેરે દ્વારા નિયંત્રિત થતા નથી પણ તેને બદલે હવે પારસ્પરિક સમજદારી અને પરસ્પરના સ્વીકાર દ્વારા એના સંબંધોનું સંચાલન થાય છે. દા.ત., અગાઉ આપણે જોયું કે લગ્ન જેવી અગત્યની બાબતમાં પણ જીવનસાથીની પસંદગી વખતે માતાપિતા પોતાના સંતાનની ઇચ્છા જાણી લેવી યોગ્ય ગણાવે છે તેમ જ સંતાનો પણ જીવનસાથીની સ્વ પસંદગી વખતે માતાપિતા તથા કુટુંબના અન્ય વડીલો સાથે સંતલસ કે વાતચીત કરવી યોગ્ય માને છે.

નગરીય કુટુંબમાં પતિ-પત્ની વચ્ચેની પારસ્પરિક ભૂમિકાના ક્ષેત્રે પણ નોંધપાત્ર પ્રવાહો દેખાઈ આવે છે. તેમની વચ્ચે પતિની રૂઢિગત સત્તા અને તાબેદારીના સંબંધો હવે અંશતઃ બદલાઈ રહ્યા છે અને તે સાથી (partner) સ્વરૂપના બનતા જાય છે. વળી શિક્ષિત સ્ત્રીઓ નગરસમુદાયોમાં કામ કરતી થઈ છે તેથી તેમનું પતિ ઉપરનું આર્થિક અવલંબન ઘટ્યું છે. પતિ જ સ્ત્રીના જીવનનું સર્વસ્વ છે, એવાં આદર્શ મૂલ્યો હવે અદૃશ્ય થયાં છે. ડેવિડ મેન્ડલ-બોમ કુટુંબમાં પતિ-પત્ની વચ્ચેની ભૂમિકા વિશે કહે છે કે આજે કુટુંબમાં સ્ત્રીનું પુરુષ ઉપરનું અવલંબન ઘટી ગયું છે અને પહેલાંની તુલનામાં પુરુષ અને સ્ત્રી વચ્ચેની અલગતા ઓછી થઈ છે. તેમ છતાં સંયુક્ત કુટુંબમાં પતિ-પત્ની વચ્ચેનો સંપર્ક અને પારસ્પરિક ભૂમિકાઓ ઉપર કુટુંબના વડીલોની ઉપસ્થિતિ કેટલીક મર્યાદાઓ મૂકે છે, જ્યારે કે વિભક્ત કુટુંબમાં પતિ-પત્ની વચ્ચેના પારસ્પરિક સંબંધો તુલનાત્મક રીતે વધુ, મુક્ત ઉદાર અને સમાનતાના જોવા મળે છે.

ગોરેએ દિલ્હીમાં અગ્રવાલ કૌટુંબિક સંબંધોનો અભ્યાસ કરતી વખતે કૌટુંબિક સંબંધો ઉપર ઔદ્યોગીકરણ અને નગરીકરણની અસરો તપાસવાનો પ્રયત્ન કર્યો છે. તેમનાં તારણો એવું દર્શાવે છે કે ઔદ્યોગીકરણ અને નગરીકરણની અસરો હેઠળ કૌટુંબિક ક્ષેત્રે ધંધાકીય વૈવિધ્ય આવ્યું છે અને સંબંધોની બાબતમાં ધાર્મિક માન્યતાઓ નબળી થઈ છે. પતિ-પત્ની વચ્ચેના સંબંધો પરત્વે જાણવા મળ્યું છે કે 50 ટકાથી પણ વધારે કુટુંબોમાં પુરુષોએ પોતાની પત્ની કરતાં પોતાની માતા સાથે વધુ નિકટના સંબંધોનો સ્વીકાર કર્યો હતો. વળી કૌટુંબિક નિર્ણયોમાં સંતાનો અને યુવાન વ્યક્તિઓની ઇચ્છાનું મહત્ત્વ વધી રહ્યું છે, એવું પણ જાણવા મળ્યું હતું. આ અંગે એલન રોસ (Aillen Ross) ના અભ્યાસે એવું પણ દર્શાવ્યું છે કે નગરીય પરિસ્થિતિઓના દબાણ હેઠળ વિભક્ત કુટુંબમાં

રહેવાનું અનિવાર્ય બની જતું હોય ત્યારે પણ જે તે પુરુષની પોતાની પત્ની કરતાં માતા અને બહેનો સાથે વધુ આત્મીયતાના સંબંધો ચાલુ રહે છે. ટૂંકમાં પ્રસ્તુત ચર્ચાને આધારે કહી શકાય છે કે નગરીય કુટુંબોમાં પારસ્પરિક સંબંધોના ક્ષેત્રે મર્યાદિત ફેરફારો થઈ રહ્યા છે, પરંતુ પારસ્પરિક જવાબદારી અને આત્મીયતાની ભાવના નષ્ટ થઈ નથી.

**કુટુંબના સભ્યોની બદલાતી ભૂમિકા :**

નગરીય પરિસ્થિતિઓમાં કૌટુંબિક સંબંધોના ક્ષેત્રે કેટલાંક પરિવર્તનો આવી રહ્યાં હોવા છતાં ઉચ્ચ અને શિક્ષિત વર્ગના લોકોને બાદ કરીએ તો આજે પણ કુટુંબના જુદા જુદા સભ્યોની ભૂમિકા પરત્વે પરંપરાગત તત્ત્વો દેખાઈ આવે છે. સામાન્ય રીતે સ્ત્રીની તુલનામાં પુરુષનું સ્થાન તથા પ્રભુત્વ ઊંચું ગણાય છે. અને પતિ-પત્ની વચ્ચે બરોબરીના હક્કોને સ્થાને પુરૂષોના હક્કોનું વર્ચસ્વ રહે છે. જે તે કુટુંબ બાહ્ય જગતમાં પુરુષના નામથી જ ઓળખાય છે અને પત્ની, બાળકો, માતાપિતા તથા બીજા આશ્રિતોના ભરણ-પોષણની જવાબદારી પણ તેની જ રહે છે. પતિ-પત્ની વચ્ચેના પારસ્પરિક વ્યવહારમાં પત્ની તેના પતિને માનવાચક શબ્દ વડે સંબોધે છે, જ્યારે પતિ વડે એવા માનવાચક શબ્દથી પત્નીને બોલાવવામાં આવતી નથી.

**I) પતિ-પત્નીની ભૂમિકા :**

પત્નીની ભૂમિકાના ક્ષેત્રે મુખ્યત્વે એવું મનાય છે કે તેનું કાર્ય પતિ અને કુટુંબના અન્ય સભ્યોને કૌટુંબિક સેવાઓ આપવાને લગતું હોય છે. હકીકતમાં લગ્ન પછી તુરત જ સ્ત્રી તેના પતિના કુટુંબમાં આવે છે અને તે પતિના કુટુંબ સાથે યોગ્ય અનુકૂળતા કરે તેવી અપેક્ષાઓ સેવાતી હોય છે. પતિના કુટુંબમાં તેણે સાસુ, પતિ અને બીજાં સગાંઓની માન-મર્યાદા સાચવવી પડે છે. જ્યારે પણ કૌટુંબિક જીવન જીવતાં સાસુ કે નણંદ સાથે વિખવાદ ઊભો થાય ત્યારે મોટેભાગે પતિ પોતાની માતા અને બહેનોનો પક્ષ લે છે. આ અંગે જો પત્ની તેનાં માતાપિતાને ફરિયાદ કરે તો પણ કંઈ વળતું નથી. કુટુંબમાં લગ્ન પછી સ્ત્રીને કાંઈક માનપાત્ર સ્થાન સંતાન પ્રાપ્તિ અને ખાસ કરીને પુત્રપ્રાપ્તિ પછી જ મળે છે. કૌટુંબિક બાબતોમાં પતિ-પત્ની વચ્ચેના કામ-વિભાજનની હકીકત પણ એવું દર્શાવે છે કે રસોઈ, ઘરકામ અને બાળઉછેર વગેરેને લગતાં કામો મુખ્યત્વે પત્નીની જવાબદારી જ મનાય છે. જોકે કેટલાંક વિભક્ત કુટુંબોમાં નગરીય પરિસ્થિતિઓના દબાણ હેઠળ પતિ તેને આ ક્ષેત્રે મદદરૂપ થઈ રહે છે. મોટેભાગે સ્ત્રી કુટુંબમાં ત્રણ-ચાર સંતાનોની માતા થયા બાદ કે મોટી વયે જ વર્ચસ્વ પ્રાપ્ત કરે છે. છતાં એનો અર્થ એવો નથી કે સામુદાયિક બાબતોમાં પણ તે પુરુષ કરતાં ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કરે છે. હકીકતમાં તે નગર સમુદાયને લગતી આર્થિક, રાજકીય કે શૈક્ષણિક પાસાંઓમાં પુરુષની તુલનામાં મર્યાદિત અથવા નહિવત્ ભાગ લે છે. ખાસ કરીને અશિક્ષિત તથા મધ્યમ અને નિમ્ન વર્ગનાં કુટુંબોમાં આ હકીકત વધુ સ્પષ્ટપણે દેખાઈ આવે છે. પતિ-પત્ની કે સ્ત્રી-પુરુષ વચ્ચે ઉપરોક્ત રીતે સ્પષ્ટ એવું શ્રમવિભાજન હોવા છતાં તે પાછળ વ્યાવસાયિક કે રાજકીય ક્ષેત્રોની જેમ શોષણની ભાવના હોતી નથી, પણ પારસ્પરિક સહકાર અને આત્મીયતાને ધોરણે તેઓ પોતપોતાની જવાબદારીઓ બજાવતા હોય છે. સ્ત્રી ચળવળની ફળશ્રૂતિ રૂપે હવે ભારતના નગરોમાં સ્ત્રીના પરંપરાગત સ્થાનમાં ઘણો સુધારો થયો છે.

**II) માતા-પિતાની ભૂમિકા :**

નગરીય કુટુંબોમાં માતા-પિતા અને સંતાનો વચ્ચેની ભૂમિકા પણ કેન્દ્રસ્થાને હોય છે. નગરીય કુટુંબોમાં પણ સંતાનપ્રાપ્તિ એક ઇચ્છનીય બાબત હોય છે. કુટુંબમાં સંતાનપ્રાપ્તિ, ખાસ કરીને પુત્રપ્રાપ્તિથી પતિ-પત્નીનો દરજ્જો ઊંચો આવે છે. વળી, સામુદાયિક બાબતોમાં પણ પતિને પિતા તરીકેનું અને પત્નીને માતા તરીકેનું સ્થાન પ્રાપ્ત થાય છે. સંતાનપ્રાપ્તિનું મહત્ત્વ માત્ર કુટુંબ અને સામુદાયિક ક્ષેત્રે જ સ્વીકારાયું નથી, પણ સ્પેશ્યલ મેરેજ એક્ટની કલમો હેઠળ પણ સ્ત્રી કે પુરુષ સંતાનપ્રાપ્તિ માટે યોગ્ય ન હોય તો તે સ્ત્રી કે પુરુષને કેટલીક શરતોને આધીન બીજા લગ્ન કરવાની છૂટ અપાઈ છે. સંતાનો પરત્વેની ભૂમિકામાં માતા અને પિતાની ભૂમિકા વચ્ચે પણ ચોક્કસ તફાવત દેખાઈ આવે છે. દા.ત., બાળકના જન્મ પછી શરૂઆતની સર્વ જવાબદારીઓ માતાની જ રહે છે અને તેની કેટલીક રોજિંદી ભૂમિકાઓ ઉપર કાપ મુકાય છે, પરંતુ પિતાની રોજ-બરોજની ભૂમિકામાં કોઈ ખાસ ફેરફાર થતો નથી. તેમ છતાં સંતાનોની બાલ્યાવસ્થામાં માતાપિતા સ્નેહ અને વાત્સલ્યથી તેમનો ઉછેર કરે છે, અને તેમ કરતાં એકબીજા સાથે યોગ્ય અનુકૂળતા સાધે છે. પરંતુ જ્યારે બાળકો મોટાં થઈ જાય છે ત્યારે તેઓ કુટુંબની અપેક્ષાઓ અને ઇચ્છાઓ સાથે અનુકૂળતા કરે તેનું ધ્યાન રાખવામાં આવે છે. આથી બાળકોના વ્યવહાર ઉપર માતાપિતા તથા કુટુંબના અન્ય વડીલો યથાયોગ્ય નિયંત્રણો લાદવાનું શરૂ કરે છે. આ ક્ષેત્રે જીવનની શરૂઆતના ગાળામાં માતાની

ભૂમિકા સ્નેહ અને કડક શિસ્ત મિશ્રિત ઢબની હોય છે, પરંતુ જ્યારે બાળકો મોટાં થઈ જાય છે ત્યારે તેમના ઉપર જરૂરી દેખરેખ રાખવાની જવાબદારી પિતાની બની જાય છે. સામાન્ય રીતે બાળકો પ્રત્યે પિતાની તુલનામાં માતાનું વલણ સહિષ્ણુ હોય છે અને ઘણી વખતે પિતા તથા સંતાનો વચ્ચેના કૌટુંબિક ઝઘડાની પતાવટમાં તે મધ્યસ્થ વ્યક્તિ તરીકે ભાગ લેતી હોય છે.

**III) ભાઈ-બહેનની ભૂમિકા :**

ભાઈ-બહેન વચ્ચેના સંબંધોમાં ચઢઊતરના ક્રમ દેખાઈ આવે છે. આ પાછળનું મુખ્ય કારણ વિસ્તૃત સમાજમાં સ્ત્રી-પુરુષની ભૂમિકા વચ્ચે થયેલું વિભાજન અને કોટિક્રમ કામ કરતું હોય છે. નાની ઉંમરનાં છોકરા-છોકરીઓ મોટા ભાગે સાથોસાથ જ રમે છે. પરંતુ જ્યારે તેઓ કિશોરાવસ્થા પ્રાપ્ત કરે છે ત્યારે છોકરાઓ અને છોકરીઓનું રમતગમતનું જૂથ તેમ જ કાર્યક્ષેત્ર અલગ થતું જાય છે. છોકરીઓ ધીમે ધીમે કેટલાંક કૌટુંબિક કામોમાં મદદરૂપ થવા લાગે છે, પરંતુ છોકરાઓ પાસે સામાન્ય રીતે ભણતર સિવાય બીજી કોઈ ચોક્કસ અપેક્ષાઓ રખાતી નથી. વળી, છોકરા-છોકરીઓ વચ્ચેના પારસ્પરિક સંબંધોમાં ભાઈનો હાથ ઉપર રહે છે અને તે પોતાની બહેન ઉપર વર્ચસ્વ પણ રાખે છે. તેમ છતાં તેના મનમાં પોતાની બહેન પરત્વે ઊંડી લાગણી તથા આત્મીયતા તો રહે જ છે. ભાઈ-ભાઈ વચ્ચેના સંબંધો પારસ્પરિક સહકાર અને આત્મીયતાના હોવા છતાં ઘણી વખતે માતા-પિતાના મૃત્યુ બાદ કે તેમની હયાતી દરમિયાન જ કડવા થવાની શક્યતા રહે છે. પરંતુ મોટે ભાગે જ્યારે બધા ભાઈઓ એકી સાથે રહેતા હોય ત્યારે સૌથી મોટા ભાઈનું સ્થાન ઊંચું ગણાય છે અને તેના હાથમાં વધારે સત્તા રહે છે. વળી, નાના ભાઈઓ મોટા ભાઈને આદર આપે તથા તેનાં સૂચનોની અવગણના ન કરે એવી અપેક્ષા રખાય છે.

એક અન્ય રીતે જોઈએ તો નગરીય કુટુંબોમાં પણ સભ્યોના વયજૂથના કોટિક્રમ (age-grading) ના સંદર્ભમાં ચોક્કસ ભેદ પાડવામાં આવે છે. સામાન્ય રીતે વડીલો કુટુંબમાં ઊંચો દરજ્જો, પ્રતિષ્ઠા અને વર્ચસ્વ ધરાવતા હોય છે અને યુવાનો તથા બાળકો તેમના આદેશોનું અને સૂચનાનું પાલન કરે તેવી અપેક્ષા રહે છે. આ બાબતમાં સ્ત્રી-પુરુષનો ભેદ ગૌણ બની જાય છે. એટલે કે કુટુંબની વડીલ સ્ત્રીને પણ પુરુષની જેમ માન અને પ્રતિષ્ઠા મળે છે તથા તેના સૂચનોની અવગણના કરવી તે યોગ્ય લેખાતું નથી. અલબત્ત, નગર સમુદાયમાં વિકસી રહેલા કૌટુંબિક સંબંધોનું યોગ્ય વર્ણન કરી શકાય તેટલા પ્રમાણમાં સંશોધન પર આધારિત માહિતી પ્રાપ્ત થતી નથી.

**તમારી પ્રગતિ ચકાસો :**

1. લગ્ન અને કુટુંબ ક્ષેત્રે નગરોમાં કઈ વિશિષ્ટ પરિસ્થિતિઓની અસર પડે છે?

---------------------------------------------
---------------------------------------------
---------------------------------------------
---------------------------------------------
---------------------------------------------
---------------------------------------------
---------------------------------------------
---------------------------------------------
---------------------------------------------
---------------------------------------------
---------------------------------------------
---------------------------------------------
---------------------------------------------
---------------------------------------------

2. નગરોમાં આંતરરાષ્ટ્રીય લગ્ન અંગેની પ્રવર્તમાન પરિસ્થિતિ સમજાવો.

3. નગરોમાં છૂટાછેડા અંગેની ઉપસતી વાસ્તવિકતાઓ શું છે?

4. લગ્નમાં સાથીની પસંદગી અંગે નવી પેઢીના લોકોની સંમતિ અંગે કઈ પ્રકારની પરિસ્થિતિ પ્રવર્તે છે ?

5. સંયુક્ત-કુટુંબની વ્યાખ્યા અને લક્ષણો આપો. નગરોમાં સંયુક્ત કુટુંબ-વ્યવસ્થા કઈ-કઈ પરિસ્થિતિઓના દબાણ હેઠળ આવે છે ?

6. સંયુક્ત-કુટુંબના સંદર્ભમાં આઈ.પી.દેસાઈનાં યોગદાનની સમજ આપો.

7. એલન રોસના મુખ્ય-મુખ્ય તારણોના સંદર્ભમાં નગરોમાં સંયુક્ત કુટુંબની ઉપસતી તરાહ સમજાવો.

8. નગરોમાં કુટુંબના ક્ષેત્રે પ્રર્વતતી પરિસ્થિતિ અંગે એ.આર.દેસાઈનું પ્રદાન રજૂ કરો.

9. નગરીય કુટુંબોમાં પ્રવર્તમાન પરિવર્તનના પ્રવાહો દર્શાવો.

10. નગરીય કુટુંબોના સભ્યોની ભૂમિકામાં આવી રહેલા પરિવર્તનોનું સ્વરૂપ સમજાવો.

# એકમ 8 : ભારતના નગરોમાં જ્ઞાતિ, ધર્મ અને સામાજિક નિયંત્રણ


પ્રસ્તાવના : સામાજિક સ્તર રચના

જ્ઞાતિ-વ્યવસ્થા : પરંપરાગત લક્ષણો

જ્ઞાતિ-વ્યવસ્થાનું પરિવર્તીત સ્વરૂપ

નગર-સમુદાય અને વર્ગ-વ્યવસ્થા

નગર સમુદાયમાં ધર્મ

ધર્મની સામાજિક એકતા લાવનાર પરિબળ તરીકેની ભૂમિકાની સમીક્ષા

સામાજિક નિયંત્રણ

નગર સમુદાયમાં સામાજિક નિયંત્રણની સંસ્થાઓ


## પ્રસ્તાવના : સામાજિક સ્તર રચના

સામાજિક સ્તરરચના એક સાર્વજનિક બાબત છે અને દરેકે દરેક સમાજના નગર તથા ગ્રામ્ય સમુદાયોમાં તેનું અસ્તિત્વ જોવા મળે છે. પાશ્ચાત્ય સમાજોમાં તેનો આધાર વર્ગવ્યવસ્થામાં હોય છે, જ્યારે ભારતમાં તેનાં મૂળ પરંપરાગત જ્ઞાતિવ્યવસ્થામાં રહેલાં છે. સામાજિક સ્તરરચનાનો ગમે તે આધાર હોય, પરંતુ ટ્યૂમિન (Tumin) જણાવે છે તે મુજબ તેમાં દરજ્જા, પ્રતિષ્ઠા અને સત્તાનો સમાજસ્વીકૃત કોટિક્રમ હોય છે. એટલે કે સમાજના સભ્યો જે તે સમાજમાં અગત્યની ગણાતી એવી બાબતો ધરાવવાના પ્રમાણને આધારે જુદા જુદા સ્તરોમાં વહેંચાયેલા હોય છે અને આ સ્તરો એકબીજાના સંદર્ભમાં ચઢઊતરના ક્રમમાં હોય છે. આ જ રીતે હેલર (Heller) કહે છે કે સ્તરીકરણ સમાજકીય રીતે રચનાત્મક વિષમતાઓની એક વ્યવસ્થા હોય છે અને તેનો આધાર જે તે સમાજમાં અગત્યની ગણાતી વસ્તુઓ ધરાવવા ઉપર રહેલો હોય છે. આ અગત્યની ગણાતી વસ્તુઓ મૂર્ત કે ભૌતિક અથવા પ્રતીકાત્મક (symbolic) પણ હોઈ શકે છે. દા.ત., પાશ્ચાત્ય સમાજોમાં વર્ગવ્યવસ્થા હેઠળ ભૌતિક સાધનો અગત્યનાં ગણાતાં હોવાથી જે વ્યક્તિ આર્થિક રીતે સમૃદ્ધ હોય તેનું સામાજિક સ્તરરચનામાં ઊંચું સ્થાન છે, જ્યારે ભારતમાં પરંપરાગત જ્ઞાતિવ્યવસ્થા હેઠળ થયેલા સ્તરીકરણમાં વ્યક્તિનો જન્મ જે જ્ઞાતિમાં થયો હોય તેના સંદર્ભમાં સામાજિક માળખામાં તેનું સ્થાન નક્કી થાય છે. અહીં આપણો આશય નગરીય સમુદાયોમાં સામાજિક સ્તરરચનાના સ્વરૂપની માહિતી પ્રાપ્ત કરવાનો છે. તેથી પ્રસ્તુત સ્પષ્ટતા કરી લીધા બાદ હવે નગર સમુદાયમાં સ્તરરચનાના પ્રવર્તમાન સ્વરૂપની ચર્ચા કરીશું.

## જ્ઞાતિવ્યવસ્થા : પરંપરાગત લક્ષણો

પરંપરાગત ભારતીય સમાજમાં સામાજિક સ્તરીકરણ જ્ઞાતિવ્યવસ્થાના પાયા ઉપર હતું અને તેમાં વ્યક્તિનું સ્થાન જન્મના આધારે નક્કી થતું હતું, વળી, એ રીતે નક્કી થયેલું વ્યક્તિનું સ્થાન કાયમી હતું અને તેમાં તે સ્વ-પ્રયત્નોથી ઉપરના સ્તરમાં કે નીચેના સ્તરમાં પ્રવેશ મેળવી શકતી ન હતી. એટલે કે જન્મથી વ્યક્તિને જે જ્ઞાતિનો દરજ્જો મળ્યો છે તે જ દરજ્જો કાયમને માટે ટકી રહેતો હતો. એવી પરિસ્થિતિ હેઠળ સમસ્ત સમાજ કે જેમાં ગ્રામ્ય અને નગર સમુદાયોનો સમાવેશ થઈ જાય છે, અનેક જ્ઞાતિઓમાં વહેંચાયેલો હતો અને આ જ્ઞાતિઓમાં સામાજિક દરજ્જાની બાબતમાં ચઢઊતરનો ક્રમ હતો. વળી, દરેકે દરેક જ્ઞાતિના સામાજિક તથા સામુદાયિક જીવન જીવતા બીજી જ્ઞાતિઓ સાથેના સંબંધોનું સંચાલન કરવા અર્થે ચોક્કસ નિયમો હતા અને તે નિયમોનું દરેકે દરેક વ્યક્તિ ચુસ્ત રીતે પાલન કરે તે માટેની અસરકારક વ્યવસ્થા હતી. પ્રોફેસર ઘૂર્યે આ બાબતમાં ભારતની પરંપરાગત જ્ઞાતિવ્યવસ્થાનાં નીચે મુજબનાં 6 લક્ષણો દર્શાવે છે :

1. સમાજનું ખંડીય વિભાજન
2. ચઢઊતરનો ક્રમ અથવા કોટિક્રમ
3. સામાજિક વ્યવહાર અને ખાનપાન ઉપરના પ્રતિબંધો
4. નાગરિક અને ધાર્મિક જીવનના હક્કો તથા હક્કવિહીનતા
5. ધંધાની મુક્ત પસંદગીનો અભાવ
6. આંતરલગ્ન

જૂના વખતમાં અને ખાસ કરીને આધુનિક ઔદ્યોગીકરણ તથા નગરીકરણની અસરો પૂર્વે ભારતના ગ્રામીણ અને નગર સમુદાયોમાં જ્ઞાતિવ્યવસ્થાનાં આ લક્ષણો તેમનાં તીવ્ર સ્વરૂપમાં અસ્તિત્વ ધરાવતાં હતાં. આ અંગે ઘૂર્યે (Ghurye), હટન (Hotton), અને બીજા અનેક વિદ્વાનોનાં જ્ઞાતિવ્યવસ્થા ઉપરનાં લખાણોમાં વિષદ્ છણાવટ કરવામાં આવી છે. આધુનિક સમયનાં નગરસમુદાયોમાં જ્ઞાતિવ્યવસ્થાના સ્વરૂપને લગતા અભ્યાસોને આધારે એવું સ્પષ્ટ લાગ્યું છે કે આજે નગરસમુદાયોમાં જ્ઞાતિવ્યવસ્થાનાં લક્ષણો તેમના ચુસ્ત સ્વરૂપમાં ટકી રહે તેવી પરિસ્થિતિ રહી નથી. કારણકે ઔદ્યોગીકરણ અને નગરીકરણની અસરો ઉપરાંત પશ્ચિમી શિક્ષણ અને વિચારસરણી, સામાજિક સુધારણાનાં આંદોલનો, જ્ઞાતિ વિરુદ્ધ સામાજિક કાનૂનીકરણ અને ધર્મનિરપેક્ષતાનાં મૂલ્યો વગેરેએ નગરીય સમુદાયોમાં એક એવા પર્યાવરણનું નિર્માણ કર્યું છે કે જે પરંપરાગત જ્ઞાતિવ્યવસ્થાને ટકાવી રાખવામાં અનુકૂળ પડતું નથી. તેથી જ આજે નગરસમુદાયોમાં સામાજિક ગતિશીલતા અને જુદી જુદી જ્ઞાતિઓ વચ્ચેના પારસ્પરિક વ્યવહારના ક્ષેત્રે પરંપરાગત બંધનો નષ્ટ થવા લાગ્યાં છે. હકીકતમાં નગરીય સમુદાયોમાં જ્ઞાતિવ્યવસ્થાને લગતા જે મહત્ત્વના અભ્યાસો થયા છે તે એવું પણ દર્શાવે છે કે નગરવસીઓમાં ઉત્તરોત્તર જ્ઞાતિ વ્યવસ્થાને લગતાં વલણોમાં પરિવર્તન આવી રહ્યું છે અને અમુક રૂઢિવાદી લોકોને બાદ કરતાં બીજા જ્ઞાતિવ્યવસ્થાનું સમર્થન કરતા નથી. દા.ત., ઈ.સ. 1949-50માં કુપ્પુસ્વામીએ મદ્રાસમાં જ્ઞાતિવ્યવસ્થાને લગતાં કેટલાંક મુદ્દાઓ પરત્વે કૉલેજના વિદ્યાર્થીઓનાં વલણો તપાસવાનો પ્રયત્ન કર્યો. પ્રસ્તુત અભ્યાસને આધારે કુપ્પુસ્વામીએ જણાવ્યું કે તેમના ઉત્તરદાતાઓમાંથી ફક્ત 11 ટકા વિદ્યાર્થીઓ જ્ઞાતિવ્યવસ્થા પ્રત્યે સંતોષ ધરાવતા હતા, જ્યારે 55.8 ટકા વિદ્યાર્થીઓએ તેને અસહ્ય (intolerable) વ્યવસ્થા તરીકે લેખાવી હતી. વળી, 32.2 ટકા વિદ્યાર્થીઓ જ્ઞાતિવ્યવસ્થાનાં પક્ષમાં તો ન હતા પણ તે માટે ચલાવી લેવાનું (tolerate) વલણ ધરાવતા હતા. તે ઉપરાંત 58 ટકા વિદ્યાર્થીઓએ જ્ઞાતિવ્યવસ્થા નાબૂદ થવી જોઈએ એવું જણાવ્યું હતું અને 36.9 ટકા વિદ્યાર્થીઓએ જ્ઞાતિવ્યવસ્થાના પરંપરાગત સ્વરૂપમાં યથાયોગ્ય ફેરફારો થવા જોઈએ તેવું વલણ દર્શાવ્યું હતું. એવા જ એક અન્ય અભ્યાસમાં સંતોષસીંઘ અનન્તે દિલ્હી, આગ્રા અને વારાણસીના નગરીય વિસ્તારોમાં 371 ઉત્તરદાતાઓના જવાબોને આધારે જણાવ્યું કે 51.3 ટકા જ્ઞાતિવ્યવસ્થાના વિરોધમાં હતાં અને ફક્ત 30.5 ટકા જ્ઞાતિવ્યવસ્થાને યોગ્ય ગણાવતા હતા. બાકીના 17.0 ટકા ઉત્તરદાતાઓએ જ્ઞાતિવ્યવસ્થાને ચલાવી લેવા જેવી (tolerable) વ્યવસ્થા તરીકે ગણાવી હતી. કાપડિયાના અભ્યાસને આધારે પણ એવું જાણવા મળે છે કે પરંપરાગત જ્ઞાતિવ્યવસ્થાનાં બંધનો પ્રત્યે લોકોનાં વલણો બદલાયાં છે અને 20મી સદીમાં જ્ઞાતિવ્યવસ્થાનું જે સ્વરૂપ જોવા મળે છે તે પરંપરાગત સ્વરૂપ કરતાં જુદું છે. આજે ઘણી જ્ઞાતિઓ શહેરો અને નાનાં નગરોમાં પોતાના સભ્યોના લાભાર્થે દવાખાનાંઓ, શાળાઓ, છાત્રાલયો, વાડીઓ, સેનેટોરિયમ વગેરે ચલાવે છે. વળી, કેટલીક જ્ઞાતિઓ પોતાના સભ્યોને પુસ્તકો, સ્કોલરશિપ, વૈદકીય સારવાર, વસવાટ અને ખોરાક વગેરેની બાબતમાં મદદરૂપ થવાના આશયથી પોતાના ફંડ રાખે છે. ઘણી વ્યક્તિઓ પોતાની જ્ઞાતિના સભ્યોના લાભાર્થે એવાં ફંડો માટે ઉદાર દાન પણ આપે છે. વિલાસ સાંગવે કોલ્હાપુર નગરમાં વિભિન્ન જ્ઞાતિઓના જ્ઞાતિપંચોના આધુનિક સમયમાં વિવિધ કાર્યોની ઝીણવટથી છણાવટ કરીને એવા તારણ ઉપર આવ્યા કે આજે જ્ઞાતિપંચોની પોતાના સભ્યોના હિતમાં કલ્યાણકારી પ્રવૃત્તિઓ વધી રહી છે અને જ્ઞાતિઓ આધુનિક સગવડોનો લાભ લેવા માટે જાગૃત થઈ છે. ધંધાની પસંદગીની બાબતમાં નગરીય સમાજોમાં હવે પરંપરાગત બંધનો રહ્યા નથી. વ્યક્તિ પોતાની યોગ્યતા અને ક્ષમતા મુજબ યથાયોગ્ય ધંધામાં પ્રવેશી શકે છે. હકીકતમાં નગરસમુદાય તેનાં કારખાનાંઓ, ફેક્ટરીઓ, ખાનગીને સરકારી દફતરી તથા વ્યાપારી ધોરણે વિવિધ પ્રકારની સેવાઓ માટે રોજગારીની અનેકાનેક તકો પ્રદાન કરે છે. તેથી પોતાની લાયકાત તથા ક્ષમતા અનુસાર મનગમતા ધંધામાં પ્રવેશી શકે છે. જૂના વખતની જેમ જ્ઞાતિનાં બંધનો તેને આડે આવતાં નથી. વળી, નગરોમાં રોજગાર આપનાર (employer) પણ મોટે ભાગે વ્યક્તિની નહીં પણ તેના શિક્ષણ, ઉંમર, કાર્યકુશળતા વગેરે જેવી લાયકાતો ઉપર વધારે ભાર મૂકે છે. આથી આજે નગરસમુદાયોમાં જુદી જુદી જ્ઞાતિઓની વ્યક્તિઓ ઉદ્યોગપતિઓ, વેપારીઓ, સરકારી અને બિન-સરકારી અધિકારીઓ, વકીલો, ડૉક્ટરો, એન્જિનિયરો, વિજ્ઞાનીઓ, યંત્રવિજ્ઞાનીઓ, પ્રાધ્યાપકો અને હુન્નર ઉદ્યોગો વગેરેમાં કામ કરતી જોવા મળે છે. કુપ્પુસ્વામી કહે છે કે દક્ષિણ ભારતમાં કેટલાંક બ્રાહ્મણ કુટુંબો તો ઔદ્યોગિક અને વ્યાપારી ક્ષેત્રે મોટા મોટા સાહસિક (enterpreneurs) તરીકે જોવા મળે છે.

સામાજિક વ્યવહાર અને ખાનપાન ઉપરના પ્રતિબંધો તેમ જ નાગરિક અને ધાર્મિક હક્કો તથા હક્ક વિહીનતાના પરંપરાગત નિયમો હવે સર્વે નગર સમુદાયોમાં અદશ્ય થયા છે. હકીકતમાં પરંપરાગત

સ્તરીકરણમાં સૌથી નીચેની પાયરીમાં આવતાં હરિજનો પણ આ બાબતોમાં પરંપરાગત બંધનો અનુભવતા નથી.

નગર સમુદાયોમાં જ્ઞાતિવ્યવસ્થાના ક્ષેત્રે ઉપરોક્ત કેટલાંક પરિવર્તનો સ્પષ્ટ રીતે દેખાવા લાગ્યાં છે તો આંતર્લગ્નની બાબતમાં આજે પણ જ્ઞાતિ-જ્ઞાતિ વચ્ચે ભેદ ટકી રહ્યો છે. એટલે કે નગર સમુદાયોમાં પણ પોતાની જ જ્ઞાતિ કે તેની પેટાજ્ઞાતિમાં લગ્ન કરવાનો આગ્રહ સૌ કોઈ કરે છે. આ અંગે લગ્ન સંસ્થાની ચર્ચા કરતી વખતે આપણે કેટલાંક મહત્ત્વનાં સંશોધનોને આધારે પ્રાપ્ત કરેલાં તારણોનો ઉલ્લેખ કર્યો જ છે. અહીં એટલું નોંધવું પૂરતું છે કે લગ્નમાં સાથીની પસંદગી વખતે પોતાની જ્ઞાતિના જ છોકરા કે છોકરીને પસંદ કરવાનો આગ્રહ રખાય છે. હકીકતમાં યોગેશ અટલ તો આંતર્લગ્નને જ્ઞાતિવ્યવસ્થાનું કેન્દ્રિય લક્ષણ માને છે અને કહે છે કે જયાં સુધી જ્ઞાતિમાં જ અંદરોઅંદર લગ્ન થતાં રહેશે ત્યાં સુધી જ્ઞાતિવ્યવસ્થા પણ તેના એક અથવા બીજા સ્વરૂપમાં ટકી રહેશે. આથી જ આઈ. પી. દેસાઈ કહે છે કે આંતર્લગ્નના નિયમ લોખંડના અભેદ્ય સ્તંભ જેવા છે જે જ્ઞાતિને ટકાવી રાખે છે. તેમના મતે આંતર્લગ્નના નિયમો અદશ્ય થવાની સાથે જ જ્ઞાતિવ્યવસ્થા નાશ પામશે.

## જ્ઞાતિવ્યવસ્થાનું પરિવર્તીત સ્વરૂપ :

ઉપરોક્ત ચર્ચાના સારરૂપે કહી શકાય કે નગરીય પરિસ્થિતિઓના દબાણ હેઠળ આધુનિક સમયમાં જ્ઞાતિવ્યવસ્થામાં કેટલાંક મહત્ત્વનાં પરિવર્તનો જોવા મળે છે. તેમ છતાં નગરસમુદાયોમાં જ્ઞાતિ-વ્યવસ્થાએ નગરીય પરિસ્થિતિઓ સાથે યોગ્ય અનુકૂલન કર્યું છે. આ અનુકૂલનની પ્રક્રિયામાં જ્ઞાતિવ્યવસ્થાએ તેનાં કેટલાંક પરંપરાગત લક્ષણો ટકાવી રાખ્યાં છે અને કેટલાંક લક્ષણો જતાં કર્યાં છે. તે ઉપરાંત આધુનિક નગરીય પરિસ્થિતિઓનો લાભ લેવા અર્થે બીજા કેટલાંક નવાં તત્ત્વો ઉમેર્યાં છે. આ અંગે દેસાઈ અને દામલેનો લેખ 'એ નોટ ચેઇન્જિંગ આસ્પેક્ટ્સ ઓફ કાસ્ટ' ખૂબ જ મહત્ત્વનાં તારણો આપે છે. દેસાઈ અને દામલેએ પૂના શહેરના સંદર્ભમાં ધૂર્યેએ દર્શાવેલાં પરંપરાગત જ્ઞાતિવ્યવસ્થાનાં 6 લક્ષણોની ઉપસ્થિતિ છે કે કેમ તે તપાસવાનો પ્રયાસ કર્યો હતો. તેઓનાં તારણો એવું દર્શાવે છે કે આજે પણ જ્ઞાતિવ્યવસ્થામાં પહેલું, બીજું અને છઠ્ઠું લક્ષણ ટકી રહ્યું છે, જયારે કે ત્રીજું, ચોથું અને પાંચમું લક્ષણ અલોપ થઈ ગયું છે. જ્ઞાતિવ્યવસ્થાએ જે નવાં લક્ષણો ઉમેર્યાં છે તે આધુનિક સમયમાં આર્થિક, રાજકીય અને શૈક્ષણિક પાસાંઓ વગેરેને લગતી જે નવી પરિસ્થિતિ સર્જાઈ છે તેમનો પોતાના સભ્યોના હિતમાં અસરકારક રીતે ઉપયોગી કરવાને લગતાં છે. ટૂંકમાં નગરીય પરિસ્થિતિઓ વચ્ચે જ્ઞાતિપ્રથા જે અનુકૂલનની પ્રક્રિયામાંથી પસાર થઈ રહી છે તે નીચે મુજબ રજૂ કરી શકાય છે :

(અ) જ્ઞાતિવ્યવસ્થાએ ટકાવી રાખેલં પરંપરાગત લક્ષણો :

1. સમાજનું ખંડિય વિભાજન
2. ચડ-ઊતરનો ક્રમ અથવા કોટિક્રમ
3. આંતર્લગ્ન

(બ) જ્ઞાતિવ્યવસ્થાએ જતાં કરેલાં લક્ષણો :

1. સામાજિક વ્યવહાર અને ખાનપાન ઉપરના પ્રતિબંધો
2. નાગરિક અને ધાર્મિક હક્કો તથા હક્ક વિહીનતા
3. ધંધાની મુક્ત પસંદગીનો અભાવ

(ક) જ્ઞાતિવ્યવસ્થાએ ઉમેરેલાં નવાં લક્ષણો :

1. શૈક્ષણિક, વૈદકીય અને અન્ય બાબતોમાં પોતાના સભ્યોના લાભાર્થે ઉપાડેલાં કલ્યાણ કાર્યો.
2. પોતાની જુદી જુદી પેટાજ્ઞાતિઓ વચ્ચે સુગ્રથનમાં મદદરૂપ થતાં કાર્યો
4. રાજકીય ક્ષેત્રે જાગૃતિ

નગર સમુદાયોમાં જ્ઞાતિવ્યવસ્થાના સ્વરૂપનાં ઉપરોક્ત રીતે દેખાઈ આવતાં પરિવર્તનો ઉપરાંત સામજિક સ્તરરચનાના એક પ્રકાર તરીકે તે હજી પણ અલોપ થઈ નથી તે પણ એક હકીકત છે. એટલે કે આજે પણ પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે જ્ઞાતિવ્યવસ્થામાં રહેલો ચડઊતરનો ક્રમ દેખાઈ આવે છે, પરંતુ મોટે ભાગે પારસ્પરિક વ્યવહારનાં જાહેર ક્ષેત્રો (public spheres) ની તુલનામાં વ્યવહારનાં ખાનગી ક્ષેત્રો (private spheres) માં તે વધુ પ્રમાણમાં અભિવ્યક્ત થાય છે.

## નગર સમુદાય અને વર્ગવ્યવસ્થા :

સામાજિક સ્તરરચનાનું બીજું મહત્ત્વનું સ્વરૂપ વર્ગવ્યવસ્થા હોય છે. આમ તો વર્ગવ્યવસ્થા પાશ્ચાત્ય સમાજોની લાક્ષણિકતા ગણાય છે, પણ આધુનિક સમયમાં ઔદ્યોગીકરણ નગરીકરણ, શિક્ષણ, સામાજિક કાનૂનીકરણ અને સામાજિક પરિવર્તનનાં બીજાં અનેક પરિબળોની અસરને કારણે તેનાં કેટલાંક અગત્યનાં તત્ત્વો ભારત અને બીજા વિકસતા સમાજોમાં પણ દેખાવા લાગ્યાં છે. સૈદ્ધાંતિક રીતે વર્ગ વ્યવસ્થા એક ખુલ્લી વ્યવસ્થા (open system) હોય છે અને તેમાં વ્યક્તિ યથાયોગ્ય સિદ્ધિઓ હાંસલ કરીને ઊભી ગતિશીલતા (vertical mobility) હાંસલ કરી શકે છે. એટલે કે વર્ગવ્યવસ્થા હેઠળ થયેલા સ્તરીકરણમાં વ્યક્તિનો જે તે સ્તરનો દરજ્જો જન્મ (ascription) ઉપર નહીં, પરંતુ તેની સિદ્ધિઓ (achievements) ઉપર આધાર રાખે છે અને તેના આ સ્થાનમાં ચડતી કે પડતી આવી શકે છે. આવી ગતિશીલતા મોટે ભાગે સૈદ્ધાંતિક રીતે દેખાઈ આવે છે. પરંતુ વાસ્તવિક જીવનમાં તુલનાત્મક રીતે પોતાના જીવનકાળ દરમ્યાન ભાગ્યે જ પોતાના દરજ્જામાં ઝાઝું પરિવર્તન લાવી શકે છે, કારણ કે વર્ગવ્યવસ્થા હેઠળ સૈદ્ધાંતિક રીતે સૌ કોઈને પોતાના દરજ્જામાં પરિવર્તન લાવવાની સમાન તકો રહેલી હોય છે. પરંતુ જે વ્યક્તિ નિમ્ન અગર તો આર્થિક-સામાજિક રીતે વિપરીત પરિસ્થિતિઓ ધરાવતા કુટુંબમાં જન્મેલી હોય છે તેનાં પોતાનાં રોજબરોજનાં પ્રશ્નો અને પૂરતાં સાધનોના અભાવને ફળસ્વરૂપે જરૂરી સફળતાની તકો ઘણી મર્યાદિત થતી જાય છે, જ્યારે કે ઉચ્ચ સ્તરના કુટુંબોમાં જન્મેલી વ્યક્તિને ઊંચા દરજ્જાની ઉપરાંત પૂરતાં સાધનો અને સામાજિક સંપર્કો વગેરેનો લાભ મળતાં હોવાથી તેની સફળતાની તકો દેખીતી રીતે જ ઘણી વધી જાય છે. છતાં એટલું તો ચોક્કસ છે કે જ્ઞાતિવ્યવસ્થાની જેમ વર્ગવ્યવસ્થામાં વંશપરંપરાગત રીતે જન્મથી જ કાયમને માટે જે તે વર્ગ મળી જતો નથી, પણ તેનો આધાર વ્યક્તિની વ્યક્તિગત નિપુણતા અને

સિદ્ધિઓ ઉપર હોય છે. હકીકતમાં કુટુંબનો દરજ્જો વ્યક્તિના જન્મ પછી અમુક સમય પૂરતો જ તેની સાથે રહે છે અને પુખ્ત વય હાંસલ કર્યા બાદ તેની પોતાની યોગ્યતાઓ અને સિદ્ધિઓ ઉપરનું અવલંબન વધી જાય છે.

સામાન્ય રીતે વર્ગવ્યવસ્થાના પાયામાં ભૌતિક સિદ્ધિઓ અને સમૃદ્ધિનું આગવું સ્થાન હોય છે તેમ છતાં એવું માનવું કે વર્ગો કોઈ એક પરિબળને આધારે સર્જાય છે તે યોગ્ય લેખાશે નહીં. વ્યક્તિનો વર્ગ-દરજ્જો નક્કી કરવામા અનેક પરિબળો એકી સાથે ભાગ ભજવે છે. આ પરિબળોમાં વ્યક્તિની આર્થિક પદ્ધતિ, વ્યવસાય, આવક, શિક્ષણ, રહેઠાણનો વિસ્તાર અને સમયગાળો, જીવનશૈલી તથા વર્ગસભાનતા વગેરે અગત્યનાં હોય છે.

આપણે જોયું કે ભારતમાં પરંપરાગત રીતે સામાજિક સ્તરરચનાનો આધાર જ્ઞાતિવ્યવસ્થામાં હતો અને જ્ઞાતિ નગરીય સમુદાયોમાં પણ સામાજિક દરજ્જાઓનો ક્રમિક નક્કી કરવામાં કેન્દ્રસ્થાને રહેતી હતી. તેથી નગરસમુદાયોમાં પણ જે તે જ્ઞાતિ પોતાનો પરંપરાગત વ્યવસાયમાં કાર્યરત રહી બીજી જ્ઞાતિઓના આર્થિક, રાજકીય, ધાર્મિક અને સામાજિક, શૈક્ષણિક હક્કો ઉપરાંત બીજી જ્ઞાતિઓ સાથેના સામાજિક અંતર (social distance) ને માન્ય રાખતી હતી. પરંતુ આજે નગર સમુદાયોમાં એવું રહ્યું નથી. હકીકતમાં મોટા ભાગના નગરવાસીઓ પરંપરાગત જ્ઞાતિવ્યવસ્થા હેઠળ થયેલા ઊંચનીચના ભેદભાવ યોગ્ય ગણાવતા નથી અને જ્ઞાતિવ્યવસ્થાનો સદંતર નાશ કે તેની સુધારણા અંગેના વલણો ધરાવે છે. આજે નિમ્ન જ્ઞાતિઓ બીજા કરતાં પોતાનો દરજ્જો નીચો છે તેવું સ્વીકારતી નથી તેમ જ ઉચ્ચ સ્તરની ગણાતી જ્ઞાતિઓ પોતાના પરંપરાગત વલણને વળગી રહી શકતી નથી. નગરસમુદાયોમાં પ્રવર્તતી આ પરિસ્થિતિએ સામાજિક સ્તરરચનામાં વર્ગવ્યવસ્થાના વિકાસ માટે અનુકૂળ ભૂમિકા રચી છે. વળી, નગર સમુદાયોમાં મળી આવતી ઔદ્યોગિક, આર્થિક, શૈક્ષણિક અને સામાજિક વિકાસની નવી નવી તકોએ ન્યાતજાતના ભેદ વિના દરેકે દરેક વ્યક્તિને પોતાની સ્થિતિ સુધારવા માટે મદદરૂપ થાય તેવી પરિસ્થિતિઓ સર્જી આપી છે. આજે નગરોમાં પ્રત્યેક વ્યક્તિ પોતાની શક્તિ અને યોગ્યતાને આધારે અન્ય જ્ઞાતિઓના સભ્યો સાથે ઊંચો સામાજિક દરજ્જો હાંસલ કરવાના ક્ષેત્રે સ્પર્ધામાં ઊતરી શકે છે. નિમ્ન જ્ઞાતિની વ્યક્તિ પણ પોતાની નિપુણતા અને શક્તિ પ્રમાણેની આવક, સંપત્તિ કે મિલકત વધારી શકે છે. ઊંચું શિક્ષણ લઈ શકે છે. ઊંચા આર્થિક લાભો આપતા વ્યવસાય કરી શકે છે, સારાં રહેઠાણો મેળવી શકે છે તેમ જ સત્તા, વર્ચસ્વ અને પ્રતિષ્ઠાનાં સ્થાનો પ્રાપ્ત કરી શકે છે. આ જોતા આપણે કહી શકીએ કે આજે ભારતનાં નગરોમાં જ્ઞાતિવ્યવસ્થાની સાથે સાથે ખુલ્લી વર્ગવ્યવસ્થાના સામાજિક વર્ગો પણ અસ્તિત્વમાં આવવા લાગ્યા છે.

આ અંગે કુપ્પુસ્વામી કહે છે કે ભારતના પૂર્વઔદ્યોગિક યુગનાં નગરોમાં પણ એક રીતે કેટલાક જુદા જુદા વર્ગો દેખાઈ આવતા હતા. એવા વર્ગોમાં રાજવીઓ અને તેમના સગાઓ, લશ્કર અને વહીવટના અમલદારો વગેરે ઊંચા વર્ગમાં આવતા હતા. શિક્ષકો, પંડિતો અને વેપારીઓ વગેરે મધ્યમ વર્ગમાં આવતા હતા, જ્યારે હુન્નરઉદ્યોગો અને અન્ય સેવાઓ સાથે સંકળાયેલી જ્ઞાતિઓ ઉપરાંત હરિજનો વગેરે નિમ્ન વર્ગમાં આવતા હતા. પંડિતો અને બ્રાહ્મણોને તે વખતે આદર-માન આપવામાં આવતું હતું, છતાં ઊંચા વર્ગમાં તો રાજવીઓ અને લશ્કર તથા વહીવટી અધિકારીઓ જ આવતા હતા. તેમ છતાં કુપ્પુસ્વામી કહે છે તે મુજબ બ્રાહ્મણ વ્યક્તિ મિલકત અથવા સરકારી અધિકારી તરીકેનો દરજ્જો હાંસલ કરીને ઊંચા વર્ગમાં આવી શકતી હતી. આમ પૂર્વઔદ્યોગિક યુગનાં ભારતીય નગરોમા સામાજિક સ્તરીકરણના ક્ષેત્રે જ્ઞાતિવ્યવસ્થાની સાથે સાથે વર્ગવ્યવસ્થાનાં તત્ત્વો પણ અસ્તિત્વમાં હતાં. જોકે આ જાતની વર્ગવ્યવસ્થા પાશ્ચાત્ય સમાજોમાં મળી આવે છે તે જાતની હતી નહીં એટલું ચોક્કસ છે. એટલે કે જે તે વર્ગનું સભ્યપદ પ્રાપ્ત કરવું સૌ કોઈ માટે શક્ય હતું નહીં, કારણ કે તે માટેની સમાન તકો બધી વ્યક્તિઓને આપવામાં આવી ન હતી. જે કાંઈ તકો હતી તે વ્યક્તિની જ્ઞાતિના સંદર્ભમાં નક્કી થતી હતી અને માત્ર ઊંચી જ્ઞાતિઓમાં જન્મેલી વ્યક્તિઓ જ તેનો લાભ લઈ શકતી હતી. પરંતુ આધુનિક ઔદ્યોગિક અને આઝાદી પછીના ભારતમાં આ ક્ષેત્રે નોંધપાત્ર પરિવર્તનો આવ્યાં છે. આજે નિમ્ન અને હરિજન ગણાતી જ્ઞાતિઓની વ્યક્તિ પણ બંધારણ વડે અપાયેલા વિશેષાધિકારો, સામાજિક કાનૂનીકરણ ઉચ્ચ શિક્ષણની તકો, પશ્ચિમી ઢબની જીવનશૈલી વગેરેનો લાભ લઈને પોતાના પરંપરાગત દરજ્જામાં સુધારણા લાવી શકે છે. પ્રસ્તુત પરિસ્થિતિ હેઠળ આજે નગરીય સમુદાયોમાં સામાજિક તંત્ર પ્રથાને ક્ષેત્રે બે મહત્ત્વનાં પરિવર્તનો દેખાવા લાગ્યાં છે. એક, આજે વિવિધ જ્ઞાતિઓની વ્યક્તિઓ નવા નવા ધંધાઓમાં પ્રવેશી શકે છે અને પોતાની ઉચ્ચ શૈક્ષણિક સિદ્ધિઓને કારણે જે તે ધંધા સાથે સંકળાયેલો દરજ્જો હાંસલ કરી શકે છે. વળી, તેઓ પોતપોતાનાં વ્યવસાયિક જૂથો અને ક્લબો વગેરેનું સભ્યપદ પ્રાપ્ત કરી બીજી

જ્ઞાતિઓ સાથે સમાન દરજ્જાનો લાભ લઈ શકે છે. બીજું, એક જ જ્ઞાતિની વ્યક્તિઓ આજે નગર સમુદાયમાં જુદા જુદા વર્ગો કે સ્તરોમાં દેખાઈ આવે છે, કારણ કે શિક્ષણ, વ્યવસાય અને આવક વગેરેની બાબતોમાં તેમના વચ્ચે સમરૂપતા રહી નથી. આને પરિણામે ઊંચો કે નીચો ધંધો કરતી વ્યક્તિ પોતાના સમકક્ષ દરજ્જામાં આવતી જુદી જુદી જ્ઞાતિઓની વ્યક્તિઓની વચ્ચે પોતાનો સમય ગાળે છે. વળી, સમાન વ્યવસાય કે ધંધા હોવાથી તેઓ જુદી જુદી જ્ઞાતિઓના સભ્યો હોવા છતાં તેમની વચ્ચે વર્ગ સભાનતાને કારણે સામાજિક એકતા તથા પારસ્પરિકતાના ભાવો વિકાસ પામે છે. પરંતુ બીજી બાજુ એક જ જ્ઞાતિની વ્યક્તિઓ અંદરોઅંદર પારસ્પરિકતા અને સામાજિક સંપર્કોનો અભાવ અનુભવે છે. કારણ કે શિક્ષણ, વ્યવસાય અને આવક વગેરેની બાબતોમાં તેઓ જુદા જુદા વર્ગો કે સ્તરોમાં આવે છે. આ ઉપરથી આપણે કહી શકીએ કે નગરીય નિવાસ, ઉચ્ચ શિક્ષણ અને ધંધાકીય પરિવર્તન વગેરેએ દરેકે દરેક જ્ઞાતિમાં નવા સ્તરો કે વર્ગો ઊભા કર્યા છે, અને બીજી બાજુ જુદી જુદી જ્ઞાતિઓ વચ્ચેનું પરંપરાગત સામાજિક અંતર ઓછું કર્યું છે.

નગરીય સમુદાયોમાં સામાજિક સ્તરીકરણના ક્ષેત્રે ઉપર જણાવેલ પ્રમાણે અસ્તિત્વમાં આવી રહેલા વર્ગોનો ખ્યાલ કેટલાક અભ્યાસોનાં તારણો ઉપરથી પણ મળી આવે છે. દા.ત., 1954માં પૂના શહેરમાં થયેલાં અભ્યાસને આધારે જાણવા મળ્યું કે જ્ઞાતિની પરંપરાગત ધંધાકીય બાબતોમાં નોંધપાત્ર પરિવર્તન આવ્યું છે. અત્રે બ્રાહ્મણો અકુશળ શ્રમ માંગી લે તે સિવાયના બીજા સર્વ ધંધાઓ કે વ્યવસાયોમાં રોકાયેલા જોવા મળ્યા હતા. આ જ રીતે રાધાકમલ મુખર્જી અને બલજિત સીંઘે પણ લખનૌ શહેરના અભ્યાસને આધારે જણાવ્યું કે એક જ જ્ઞાતિના લોકો જુદા જુદા વ્યવસાયોમાં રોકાયેલા જોવા મળે છે. કુપ્પુસ્વામી કહે છે કે નગરસમુદાયોમાં ઉચ્ચ મધ્યમ શ્રેણીની જ્ઞાતિઓ ઉપરાંત હુન્નર ધંધાઓ સાથે સંકળાયેલી જ્ઞાતિઓની વ્યક્તિઓ પણ ઉચ્ચ શિક્ષણ તથા ઔદ્યોગીકરણ અને નગરીકરણનો લાભ લઈ પોતાનો દરજ્જો ઊંચો કરવામાં સફળ થઈ છે, પરંતુ ગ્રામીણ સમુદાયોમાં હુન્નરધંધાઓ સાથે સંકળાયેલી જ્ઞાતિઓ પોતાનો પરંપરાગત ધંધો છોડી શકી નથી.

થોડાંક વર્ષો પહેલા નવી દિલ્હીમાં આવેલ યુનેસ્કો સંશોધન કેન્દ્ર (UNESCO Research Centre) પૂના અને કોઈમ્બતૂર (Coimbatore) શહેરનાં નવા ધંધાઓ પરંપરાગત સામાજિક માળખા સાથે કેવી રીતે બંધ બેસે છે એને સામાજિક સ્તરીકરણની બાબતમાં આર્થિક દરજ્જાનાં જૂનાં ધોરણો તથા પ્રાપ્ત દરજ્જાની સિદ્ધિ (Achievement) નાં નવાં ધોરણોની શી અગત્ય છે તે તપાસવાના આશયથી બે સંશોધનો હાથ ધર્યા. પ્રસ્તુત સંશોધનોમાં પૂના શહેરનો અભ્યાસ બાપેગામા (Bapegamage) એ અને કોઈમ્બતૂરનો અભ્યાસ વીર રાઘવને (Veer Raghavan) કર્યો હતો. આ બન્ને અભ્યાસોમાંના દરેક હેઠળ 150 વ્યક્તિઓનો નગરમાં ફેક્ટરીઓમાં કામ કરતા કામદારોમાંથી અને 150 વ્યક્તિઓ ગ્રામીણ વિસ્તારથી આવરી લેવામાં આવી હતી. આ અભ્યાસોને આધારે એવું જાણવા મળ્યું કે ગ્રામીણ વિસ્તારમાથી મોટા ભાગની વ્યક્તિઓ જ્ઞાતિના સંદર્ભમાં પોતાને ઓળખાવતી હતી, જ્યારે પૂના શહેરમાં માત્ર 3 ટકા વ્યક્તિ અને કોઈમ્બતૂર શહેરમાં 11 ટકા વ્યક્તિઓ પોતાને ઓળખાવવા માટે જ્ઞાતિનો ઉપયોગ કરતી હતી. વળી, પૂનામાં 67 ટકા વ્યક્તિઓ અને કોઈમ્બતૂરમાં 32 ટકા વ્યક્તિઓએ પોતાના નામ કે વ્યવસાય વડે જ પોતાને ઓળખાવવા માંગતી હતી. આ ઉપરથી એવું કહી શકાય કે નગરોમાં વ્યક્તિ પોતાની જ્ઞાતિના સંદર્ભમાં નહીં પણ પોતાના નામ અને વ્યવસાયને આધારે પોતાને ઓળખાવવાનું વલણ રાખે છે. આ અર્થમાં નગરીય પરિસ્થિતિઓ વચ્ચે વ્યક્તિ પોતાની હસ્તીને જ્ઞાતિના સંદર્ભમાં જોતી નથી પણ તેની વૈયક્તિકતા તથા વ્યાવસાયિક બાબતોના સંદર્ભમાં જુએ છે. આ ઉપરાંત જ્યારે અભ્યાસ કરવા માટે પસંદ કરાયેલાં ઉત્તરદાતાઓને પોતાનાથી ઊંચા અને નીચાં સામાજિક જૂથો જણાવવાનું કહેવામાં આવ્યું ત્યારે નગરવાસીઓએ જ્ઞાતિને સ્થાને ધંધાને આધારે એવાં ઊંચાં કે નીચાં જૂથો દર્શાવ્યાં હતાં. કોઈમ્બતૂરના અભ્યાસમાં તો સામાજિક દરજ્જો નક્કી કરવા અર્થે જ્ઞાતિ, આર્થિક સ્થિતિ, વ્યવસાય અને શિક્ષણને લગતાં પરિબળો સ્પષ્ટપણે દેખાઈ આવ્યાં હતાં. આમાં પણ આર્થિક પરિબળોને આધારે ઉદ્યોગપતિઓ અને અમીર લોકોનાં ઉચ્ચ વર્ગમાં, મધ્યમ આવક ધરાવતા લોકોને મધ્યમ વર્ગમાં તથા 150 રૂપિયા પ્રતિમાસ કે તેથી ઓછી આવક ધરાવતા લોકોને નિમ્ન વર્ગમાં મૂકવામાં આવ્યા હતા. પરંતુ વ્યવસાય અને શિક્ષણને આધારે ઉચ્ચ વર્ગ માટે કાંઈ ચોક્કસ અભિપ્રાય પ્રાપ્ત થયો ન હતો. છતાં મધ્યમ વર્ગમાં વેપારીઓ અને સરકારી તથા બિનસરકારી કર્મચારીઓ વગેરે આવતા હતા તથા કારખાનાંઓમાં શ્રમિકો તરીકે શ્રમ કરતા લોકો નિમ્ન વર્ગમાં આવતા હતા. પૂનાના અભ્યાસમાં ઊંચી આવક, નેતૃત્વ અને ચારિત્ર્ય વગેરે ઉચ્ચ વર્ગના આધારો તરીકે જોવા મળ્યા હતા.

આ બન્ને અભ્યાસોમાં ઉચ્ચ, મધ્યમ અને નિમ્ન વર્ગના લોકોની જીવનશૈલી વિશેના અભિપ્રાયો જાણવાના પ્રયાસો પણ કરવામાં આવ્યા હતા. કોઈમ્બતૂરના અભ્યાસે આ બાબતમાં દર્શાવ્યું કે

અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓના મત મુજબ ઉચ્ચ વર્ગના લોકો તેમની વેશભૂષા, ખાનપાન, રહેઠાણ અને મનોરંજન વગેરેની બાબતોમાં ઊંચું સ્તર ધરાવતા હોય છે. તેમની પાસે કિંમતી વસ્ત્રો હોય છે અને દિવસમાં અનેક વાર વસ્ત્રો બદલવા માટે તેમની પાસે એવાં વસ્ત્રોનો ભંડાર હોય છે. મધ્યમ વર્ગના લોકો સાધારણ કિંમતના કપડાં પહેરે છે અને તેમની પાસે ઉચ્ચ વર્ગની તુલનામાં ઘણા ઓછા વેશ હોય છે છતાં ઉચ્ચ વર્ગની જેમ તેઓ પણ સાફ-સુથરા (clean and neat) ઢંગથી રહે છે. પરંતુ નિમ્ન વર્ગના લોકો સસ્તાં, ગંદા અને કેટલીક વાર ફાટેલાં કપડાં પહેરે છે અને પોતાની પાસે વધારાનાં કપડાં પણ હોતાં નથી. ઘણી વખતે તેઓ 10-15 દિવસ સુધી પોતાનાં વસ્ત્રો બદલતાં નથી. વળી, ખાનપાનને લગતી ટેવો પરત્વે એવું જાણવા મળ્યું કે ઉચ્ચ વર્ગના લોકો નિયમિત રીતે ભોજન લે છે અને જમવા માટે ટેબલ ખુરશીનો ઉપયોગ કરે છે. મધ્યમ વર્ગના લોકોની ટેવો પણ ઉચ્ચ વર્ગના લોકો જેવી હોય છે. પરંતુ તેમના ભોજનમાં ઉચ્ચ વર્ગના લોકોની જેમ ફળ અને શાકભાજીનું વૈવિધ્ય ઓછું હોય છે. પરંતુ નિમ્ન વર્ગના લોકો ફક્ત અનાજ ઉપર જ જીવતા હોય છે અને તેઓમાં ભોજન અંગેની નિયમિતતા હોતી નથી. રહેઠાણની બાબતમાં આ અભ્યાસો ઉપરથી એવું જાણવા મળ્યું કે ઉચ્ચ વર્ગના લોકો ભવ્ય અને સુંદર મકાનોમાં રહે છે અને તેમનાં રહેઠાણો સાથે બગીચા વગેરેની સગવડો પણ હોય છે. મધ્યમ વર્ગના લોકોનાં રહેઠાણો કાંઈક આરામદાયક હોય છે અન તેમનાં ઘરોમાં બે-ત્રણ ઓરડાઓ ઉપરાંત રસોડાં, જાજરૂ અને બાથરૂમ વગેરેની સગવડ હોય છે. નિમ્ન વર્ગના લોકો ઝૂંપડપટ્ટીઓમાં કે એક ઓરડાનાં ઘરોમાં રહે છે, અને ત્યાં રસોડાં, જાજરૂ, બાથરૂમની જુદી સગવડ હોતી નથી. મનોરંજનને લગતી બાબતોમાં એવું જાણવા મળ્યું કે ઉચ્ચ અને મધ્યમ વર્ગના લોકો પાસે ફુરસદનો ઘણો સમય હોય છે અને મનોરંજનાર્થે તેઓ સિનેમા, ક્લબો તથા પાર્ક વગેરેમાં જાય છે. વળી, તેઓ રમતગમતમાં ભાગ લે છે અને સમાચારપત્રો તથા સામયિકો વગેરે વાંચે છે. પરંતુ નિમ્ન વર્ગના લોકો તેમનો ફુરસદનો સમયગાળો ગપ્પા મારવામાં અથવા ઊંઘવામાં કે જુગાર રમવામાં અથવા નશો કરવામાં ગાળે છે.

વળી, જ્યારે પ્રસ્તુત અભ્યાસો હેઠળ આવરી લેવામાં આવેલ ઉત્તરદાતાઓનો દરજ્જો ઊંચો લાવવામાં કઈ કઈ બાબતો જરૂરી હોય છે એવું પૂછવામાં આવ્યું ત્યારે પૂના શહેરના ઉત્તરદાતાઓએ શિક્ષણ, બુદ્ધિ અને પ્રમાણિકતાને પાયાની બાબતો જણાવી હતી, જ્યારે કોઈમ્બતૂરના ઉત્તરદાતાઓએ આવક, શિક્ષણ, ચારિત્ર્ય અને રહેઠાણને અગત્યની બાબતો તરીકે ગણાવી હતી. આ સંદર્ભમાં પૂનાના ઉત્તરદાતાઓએ જ્ઞાતિને પાંચમું સ્થાન આપ્યું હતું જ્યારે કોઈમ્બતૂરના ઉત્તરદાતાઓએ આઠમું સ્થાન આપ્યું હતું. આ રીતે બન્ને અભ્યાસોનાં તારણો એવું જણાવે છે કે, સામાજિક દરજ્જો ઊંચો લાવવા અર્થે શૈક્ષણિક, વ્યાવસાયિક અને ચારિત્ર્ય વગેરે સ્વયંપ્રાપ્ત (અર્જિત) ગુણો (achievement characteristics) નગરીય પરિસ્થતિઓમાં અગત્યના બન્યા છે.

એવા જ એક અન્ય અભ્યાસમાં ભગવાન પ્રસાદે ઉત્તર પ્રદેશનાં પાંચ મોટા નગરોમાં રૂ. 150, રૂ. 750 સુધીની આવક ધરાવતા મધ્યમ વર્ગના 500 ઉત્તરદાતાઓનો અભ્યાસ કર્યો. તેમણે આવકને આધારે મધ્યમ વર્ગના ત્રણ પેટા વિભાગો કર્યા : રૂ. 500 થી રૂ. 750ની આવક ધરાવતો ઉચ્ચ મધ્યમ વર્ગ (upper middle class): રૂ. 300 થી રૂ. 499ની આવક ધરાવતો મધ્યમ વર્ગ (middle middle class): અને રૂ. 150 થી રૂ. 299ની આવક ધરાવતો નિમ્ન મધ્યમ વર્ગ (lower middle class) ભગવાન પ્રસાદે જણાવ્યું કે મધ્યમ વર્ગ તેની શૈક્ષણિક સિદ્ધિઓ, ચારિત્ર્ય, શિસ્ત અને ટેવો, જીવનસ્તર અને જીવનશૈલી વગેરેને કારણે સમાજમાં વિશિષ્ટ સ્થાન ધરાવે છે. તેઓ પાસે અપૂરતાં સાધનો હોવા છતાં પોતાનું જીવનધોરણ અને પ્રતિષ્ઠા ટકાવી રાખવાનું વધુ પસંદ કરે છે અને તેથી ઘણી વખતે દેવાદાર રહે છે. આ અંગે પ્રસ્તુત અભ્યાસને આધારે પણ એવું જાણવા મળ્યું કે ઉપરોક્ત પણ પેટા-વર્ગોમાંથી પ્રત્યેકમાં આશરે 30 ટકા જેટલા કુટુંબો દેવા (debt) હેઠળ હતાં. વળી, આમાથી આશરે 22 ટકા કુટુંબોએ તો પોતાના માસિક ખર્ચને પહોંચી વળવા માટે દેવું (debt) કર્યું હતું, જ્યારે 20 ટકાએ માંદગીને કારણે, 8 ટકાએ લગ્ન માટે અને 30 ટકા કુટુંબોએ પોતાનું મકાન બાંધવા માટે પૈસાની જરૂર ઊભી થવાથી દેવું કર્યું હતું. વળી, વ્યાવસાયિક બાબતોમાં ઉચ્ચ મધ્યમ વર્ગમાંથી 46 ટકા, મધ્યમ-મધ્યમ વર્ગમાંથી 52 અને નિમ્ન-મધ્યમ વર્ગમાંથી 61 ટકા લોકો કારકુની, વહીવટી કે શૈક્ષણિક વ્યવસાયોમાં રોકાયેલા હતા, જ્યારે યંત્રવિશેષજ્ઞો (technicians) અને સાહસિકો (enterpreneuers) તરીકે કામ કરતા લોકોનું આ ત્રણે પેટાવર્ગોમાં અનુક્રમે 46 ટકા, 36 ટકા અને 29 ટકા જેટલું પ્રમાણ જોવા મળ્યું હતું. આ આંકડાઓ એવું દર્શાવે છે કે ધંધાકીય બાબતોમાં ચોક્કસ પરિવર્તન આવી રહ્યું છે. તેવા પરિવર્તન હેઠળ નિમ્ન મધ્યમ વર્ગના લોકો ઝડપી ઔદ્યોગીકરણ પહેલાંના ધંધાઓમાં રોકાયેલા છે, જ્યારે ઉચ્ચ મધ્યમ વર્ગના

લોકો ટેકનિકલ અને સાહસિક તરીકેનાં ક્ષેત્રો (technical and enterpreneurial lines) માં પ્રવેશ્યા છે.

રહેઠાણની બાબતમાં ભગવાન પ્રસાદને જાણવા મળ્યું કે સામાન્ય રીતે મધ્યમ વર્ગના ત્રણે પેટાવિભાગોમાં કુટુંબો સંતોષકારક કહી શકાય એવાં ઘરોમાં રહેતાં હતાં. તે વિશે તેઓ કહે છે કે ઉચ્ચ-મધ્યમ વર્ગ અને મધ્યમ-મધ્યમ વર્ગના લોકોનાં ઘરોમાં ત્રણથી ચાર ઓરડાઓની સગવડ હતી, જયારે નિમ્ન-મધ્યમ વર્ગના લોકો બેથી ત્રણ ઓરડાનાં ઘરોમાં રહેતાં હતાં. આ જ રીતે મકાનના ભાડા પેટે આ ત્રણે પેટાવર્ગોના લોકો અનુક્રમે સરેરાશ રૂ. 55, રૂ. 44 અને રૂ. 23 માસિક ભાડું ભરતા હતા. આ ઉપરાંત તેમને એવું પણ જાણવા મળ્યું કે સામાન્ય રીતે મધ્યમ વર્ગના લોકો સામાજિક પ્રસંગો જેવા કે લગ્ન, મૃત્યુ વગેરે વખતે પોતાની આર્થિક શક્તિથી પણ વધુ ખર્ચ કરે છે. આથી આ કુટુંબોના બેકાર છોકરાઓ (unemployed sons) શારીરિક શ્રમ અથવા નાના વેપારમાં જોડાય છે તે યોગ્ય મનાય છે. અંતે ભગવાન પ્રસાદ એવું કહે છે કે આજે વગેરેમાં નગરીય સમુદાયોમાં રહેતાં મધ્યમ વર્ગનાં કુટુંબો તીવ્ર આર્થિક હાડમારીને કારણે હતાશા અનુભવતાં થયાં છે, કારણ કે વધતા જતા ભાવો, નવા નવા કરો (taxes) અને વ્યાપક બેકારીને કારણે તેમની આવક પૂરતી થઈ રહેતી નથી.

આમ, ઉપરોક્ત કેટલાક અભ્યાસોનાં તારણો એવું દર્શાવે છે કે આજે ભારતીય નગરસમુદાયોમાં સામાજિક સ્તરીકરણના ક્ષેત્રે વર્ગવ્યવસ્થાનાં તત્ત્વો સ્પષ્ટ થવા લાગ્યા છે, પરંતુ જે કાંઈ પરિવર્તનો દેખાઈ રહ્યાં છે તે ઉપરથી એવું તારણ કાઢવું કે જ્ઞાતિવ્યસ્થાનું સ્થાન વર્ગવ્યવસ્થા લઈ રહી છે તે બરોબર લેખાશે નહીં. હકીકત તો એ છે કે જે નવા વર્ગો અસ્તિત્વમાં આવ્યાં છે તે વિવિધ જ્ઞાતિ-કુટુંબોના બનેલા છે અને દરેક કુટુંબ પોતાની જ્ઞાતિમાં જ પોતાના સમકક્ષ વર્ગમાં આવતી વ્યક્તિ સાથે લગ્ન અને અન્ય સામાજિક સંબંધો સ્થાપવાનો આગ્રહ રાખે છે. તેમ છતાં પોતાની જ્ઞાતિના જ નિમ્ન કુટુંબ સાથે લગ્નસંબંધો થાય તો તેને અજુગતું કે અવ્યાવહારિક મનાતું નથી. આનો અર્થ એ થયો કે ભારતના નગરસમુદાયમાં વિકસી રહેલા વર્ગો જ્ઞાતિથી મુક્ત નથી, પણ જ્ઞાતિમાં જ શૈક્ષણિક અને વ્યવસાયિક સફળતાને આધારે રચાયેલા જોવા મળે છે. આ વાસ્તવિકતા તરફ નિર્દેશ કરતા પંચનદીકર (Panchanadikar) કહે છે કે ભારતના શહેરી સમાજમાં મુખ્યત્વે શિક્ષણ અને વ્યાવસાયિક સ્પર્ધાના કારણે જ્ઞાતિમાં જ વર્ગ સ્તરરચના વિકસી રહી છે.

## નગરસમુદાયમાં ધર્મ :

આધુનિક સમયમાં નગરીકરણ અને ધર્મ વચ્ચે વિપરીત દિશામાં સંબંધો હોય છે એવું કેટલાક વિદ્વાનો માને છે. એટલે કે શહેરો અને મહાનગરોમાં ધર્મની ભૂમિકા બિનઅસરકારક થઈ જાય છે એવો મત અભિવ્યક્ત થાય છે. પરંતુ બીજા કેટલાક વિદ્વાનો એવું માને છે કે શહેરો અને તેમની સમૃદ્ધિ અને બિનસાંપ્રદાયિક વાતાવરણને કારણે દરેકે દરેક ધર્મના વિકાસ અને ફેલાવા માટે ઉત્તમ પરિસ્થિતિઓ પ્રદાન કરે છે. આ બંને વિચારો બે જુદાં જુદાં ધ્રુવીય (Extreme) દૃષ્ટિબિંદુઓ દર્શાવે છે. હકીકતમાં આ એક જટિલ બાબત છે. તેના અનેક પાસાંઓ હોય છે. તેથી એવા કોઈપણ સરળ સામાન્યકરણો વડે નગર અને ધર્મ વચ્ચેના સંબંધો સમજાવી શકાતા નથી, તેમ જ ધર્મની નગરમાં જે ભૂમિકા હોય છે તે પણ જાણી શકાતી નથી.

સામાન્ય શબ્દોમાં કહીએ તો ધર્મ એ માન્યતાઓ (Beliefs) અને વિધિ-અનુષ્ઠાન (Rituals) ધરાવતી એક એવી સામાજિક સંસ્થા છે કે જે લગ્ન અને કુટુંબની જેમ સાર્વત્રિક હોય છે. હકીકતમાં રશિયા જેવા દેશમાં ધર્મવિરોધી પ્રચાર થતો આવ્યો હોવા છતાં ત્યાં પણ દેવળો અને ધાર્મિક સંસ્થાઓ છે. તે જ રીતે ઓસ્ટ્રેલિયાના અરૂન્ટા આદિવાસીઓ જેવા પ્રાથમિક સમાજોમાં પણ ધર્મનું અસ્તિત્વ અને કાર્યો જોવા મળે છે. ઇ.સ. 1948માં અમેરિકામાં એક મોજણી કરવામાં આવી અને જાણવા મળ્યું કે ત્યાંના 94 ટકા જેટલા લોકો અંગત રીતે ઈશ્વરમાં માનતા હતા. આ સર્વ હકીકત કહેવા પાછળનો આપણો આશય એટલો જ છે કે આર્થિક વિકાસ અને નગરીકરણની સર્વોચ્ચ કક્ષા ધરાવતા સમાજોમાં તેમ જ વિકાસના તદ્દન પ્રાથમિક તબક્કાનું જીવન ગાળતા સમસ્ત સમાજોમાં કોઈ ને કોઈ સ્વરૂપમાં ધર્મનું અસ્તિત્વ હોય છે. આ અર્થમાં નગર સમુદાયોમાં પણ એક સામાજિક સંસ્થા તરીકે ધર્મનું અસ્તિત્વ નકારી શકાતું નથી.

સમાજશાસ્ત્રીય સાહિત્યમાં વૈજ્ઞાનિક રીતે સમાજમાં ધર્મની કાર્યાત્મક અગત્ય સમજાવવાના પ્રયાસો થયા છે. એવા પ્રયાસોની શરૂઆત સૌ પ્રથમ વિલિયમે સંરચનાત્મક કાર્યાત્મક વિશ્લેષણ પદ્ધતિની

પાર્શ્વભૂમિકાઓ વડે કરી. ત્યારબાદ એમિલ દુર્ખેમ, રેડક્લિફ બ્રાઉન (Redcliff Brown), મોલિનોવ્સ્કી (Molinowski), મેક્સ વેબર (Max Weber), પારસન્સ (Parsons) અને તેમના વિદ્યાર્થીઓએ સમાજમાં ધર્મની કાર્યાત્મક અગત્ય સમજાવવાનો પ્રયાસ કર્યો છે. આ વિદ્વાનોનાં તારણો એવું દર્શાવતાં નથી કે નગર વિકાસ અથવા નગરીકરણ સાથે સમાજમાંથી ધર્મની ભૂમિકા અલોપ થઈ જાય છે. હાલમાં જ ડેવિસ અને મૂરે (Davis and Moore) સમાજમાં ધર્મની કાર્યાત્મક અગત્ય સમજાવતો સિદ્ધાંત રજૂ કર્યો છે. આ સર્વ વિદ્વાનોના મત મુજબ ધર્મ એ સમાજનું એક અભિન્ન અંગ હોય છે અને તે કેટલાંક પાયાનાં કાર્યો પૂરાં પાડીને સામાજિક એકતા (Social solidarity) લાવવાનું કામ કરે છે. મેક્સ વેબરે તો સમાજની અર્થવ્યવસ્થા અને ધર્મ વચ્ચેના સંબંધોનું સ્વરૂપ સમજવા માટે દુનિયાના છ મુખ્ય ધર્મોનો અભ્યાસ કર્યો અને એવા તારણ ઉપર આવ્યા કે પાશ્ચાત્ય સમાજોમાં આધુનિક મૂડીવાદના વિકાસમાં પ્રોટેસ્ટન્ટ ધર્મનો પાયાનો ફાળો રહ્યો છે. ડેવિસ અને મૂરે (Davis and Moore) તેમના કાર્યાત્મક સિદ્ધાંત વડે સમાજમાં ધર્મનાં નીચે મુજબનાં ચાર મુખ્ય કાર્યોની વાત કરે છે :

1. ધર્મ તેની આધ્યાત્મિક માન્યતાઓ વડે સમૂહના સભ્યોને જૂથનાં ધ્યેયો (group-ends) ની તથા તેમના પ્રાધાન્ય (primacy) અંગેની સમજૂતી આપે છે.
2. તે અવારનવાર થતાં ધાર્મિક વિધિવિધાનો મારફત સામુદાયિક ભાવના પ્રતિસ્થાપિત કે નવનિર્મિત કરે છે.
3. તે ચોક્કસ એવી પવિત્ર (Sacred) બાબતો પ્રત્યેનાં મૂલ્યો આપી તે મૂલ્યોમાં માનનારાઓને વર્તણૂકના સમાન સંદર્ભો પ્રદાન કરે છે.
4. ધર્મ સમૂહના સભ્યોને વખાણ-પ્રશંસા અથવા શિક્ષા (rewards of punishment) ના અમર્યાદિત અને સર્વશક્તિમાન સ્રોતો પ્રદાન કરે છે. એટલે કે ધર્મ તેના સભ્યોને સારી વર્તણૂક માટેના પ્રશંસા તથા અયોગ્ય વર્તણૂક માટેની શિક્ષાના માર્ગ બતાવે છે.

એમિલ દૂર્ખિમે તો ધર્મ અને સમાજ વચ્ચેના સંબંધોનું વિશ્લેષણ કરતાં એટલી હદ સુધી કહ્યું કે ધર્મ એ સમાજ જીવનમાંથી વિકસેલ સામુદાયિક ભાવનું પ્રતીક છે અને પવિત્ર તત્ત્વો એ તો સમાજનાં જ પ્રતીકો છે. આગળ જતાં તેઓ એવું પણ કહે છે કે સમાજ એ જ ધર્મ છે.

આમ, ઉપરોક્ત ચર્ચાના સારરૂપે આપણે કહી શકીએ કે નગર સમુદાયો પણ જે તે સમાજના અભિન્ન અંગ હોવાથી ત્યાં પણ ધર્મનું અસ્તિત્વ હોય છે. હવે આપણે નગરસમુદાયમાં ધર્મના સ્વરૂપ અને કાર્યો વિશે સમજૂતી મેળવીશું.

સામાન્ય રીતે એવું મનાય છે કે નગરીય સમુદાયો અને ખાસ કરીને આધુનિક ઔદ્યોગિક નગરોમાં તાર્કિક વિચારો તથા વિજ્ઞાનનું વર્ચસ્વ હોવાથી ધર્મનું અસ્તિત્વ નષ્ટ થઈ જાય છે, કારણ કે તે આધ્યાત્મિક અને બિનતાર્કિક (supernatural and non-rational) બાબતો સાથે સંકળાયેલું હોય છે. પરંતુ કિન્ગસ્લે ડેવિસ (Kigsley Davis) કહે છે આ માન્યતા ખોટી છે. તેમના મતે ધર્મની બિનતાર્કિકતા જ સમાજ અને વ્યક્તિ માટે કાર્યાત્મક (Functional) હોય છે અને તે કાર્ય માત્ર વૈજ્ઞાનિક કે તાર્કિક સમજૂતી આપવાથી પૂરું પાડી શકાય તેમ નથી. દા.ત., એક પ્રેમમાં પડેલા છોકરાને કહેવામાં આવે કે તેની પ્રેમિકા બીજું કંઈ નથી, પણ કેટલાક જીવાણુઓ (cells) નું બનેલું એક પ્રાણી જ છે. છોકરી અંગેની પ્રસ્તુત સ્પષ્ટતા વૈજ્ઞાનિક હોવા છતાં તેનો પ્રેમી તેને છોડી દે તેવું બનતું નથી. આ અર્થમાં નગર સમુદાયમાં એક બાજુ વૈજ્ઞાનિક અને તાર્કિક જ્ઞાન અસ્તિત્વ ધરાવે છે, તો બીજી બાજુ ધર્મનું અસ્તિત્વ પણ ચાલુ રહે છે. બીજા શબ્દોમાં કહીએ તો ધર્મ અને વિજ્ઞાન સર્વદા એકબીજાની સાથે ન રહી શકે એવાં નથી અને નગરસમુદાયોમાં બંનેનું સહઅસ્તિત્વ જોવા મળે છે.

તેમ છતાં એટલું ચોક્કસ કે નગરસમુદાયોમાં અને ખાસ કરીને આધુનિક ઔદ્યોગિક નગરોમાં ધર્મના ક્ષેત્રે પ્રવર્તતી બિનતાર્કિકતા (non-rationality) મર્યાદિત થઈ જાય છે અને ધર્મે પ્રવર્તમાન વાસ્તવિક પરિસ્થિતિઓ સાથે અનુકૂલન કરવું પડે છે. હકીકતમાં કેટલાક અભ્યાસો એવું પણ દર્શાવે છે, કે સમાજમાં આવતાં પરિવર્તનોની સાથે ધર્મમાં પણ પરિવર્તન આવે છે અને ધર્મ પણ સામાજિક પરિવર્તનના પ્રવાહોને પ્રભાવિત કરે છે. દા.ત. ગિડિયન સ્જોબર્ગે (Gideon Sjoberg) પૂર્વ-ઔદ્યોગિક નગરોમાં ધર્મના કાર્યોની છણાવટ કરતાં વર્ણવ્યું છે કે ધર્મની નગરવાસીઓના જીવનના દરેક પાસા ઉપર અસર હોય છે અને નગરની બાંધણીમાં પણ ધાર્મિક મહત્ત્વનાં કેન્દ્રો જેવાં કે મંદિર, મસ્જિદ, દેવળ વગેરે વિશિષ્ટ સ્થાન ધરાવતાં હોય છે. તેઓ એવું પણ જણાવે છે કે મુસ્લિમ

પૂર્વ-ઔદ્યોગિક નગરોમાં તો આર્થિક ક્રિયાઓ પણ ધર્મની આવશ્યકતાઓને ધ્યાનમાં રાખીને દિવસના નક્કી કરાયેલા કલાકો દરમ્યાન જ થતી હતી અને ધાર્મિક સૂચનો મુજબ નમાજ પઢવાના સમયે બજારો અને અન્ય વ્યાપારી પ્રવૃત્તિઓનાં કેન્દ્રો બંધ થઈ જતાં હતાં, પરંતુ આધુનિક ઔદ્યોગિક નગરોમાં પ્રવર્તતી પરિસ્થિતિ સાથે અનુકૂલન કરવાના પ્રયાસોમાં ધર્મના ક્ષેત્રે કેટલાક ફેરફારો આવ્યા છે અને વ્યક્તિના જીવનના સર્વ પાસાંઓ ઉપર પૂર્વ-ઔદ્યોગિક યુગનાં નગરો જેવાં સખત બંધનો રહ્યાં નથી. આ અંગે મિલ્ટન સિંગર (Milton Singer) મદ્રાસ શહેરના ઉદ્યોગપતિઓના અભ્યાસને આધારે એવું કહે છે કે આજે દફતરો ને કારખાનાંઓ ધાર્મિક અપવિત્રતા (ritual pollution) ને લગતી માન્યતાઓમાં નોંધપાત્ર ઘટાડો (decline) થયો છે અને કારખાનાં તથા દફતરોમાં ધાર્મિક રીતે અભડાઈ જવાની શંકા-કુશંકા વિના વિભિન્ન જ્ઞાતિઓની વ્યક્તિઓ સાથે સાથે કામ કરે છે. એટલું જ નહીં પણ જુદી જુદી જ્ઞાતિઓની વ્યક્તિઓ કેન્ટીનોમાં એક સાથે ચા-નાસ્તો લે છે અને કામના સ્થળે આવવા માટે બસોમાં સાથે સાથે આવે છે. આ ઉપરાંત તેઓ એવું પણ કહે છે કે આજે બ્રાહ્મણો એવા ધંધાઓમાં પ્રવેશવા લાગ્યા છે કે જે પરંપરાગત ધાર્મિક મૂલ્યો હેઠળ બ્રાહ્મણોને લાયક ગણાતા ન હતા. મિલ્ટન સિંગરે મદ્રાસમાં કેટલાક બ્રાહ્મણોને ચામડાના વ્યવસાયોમાં રોકાયેલા પણ જોયા હતા. વળી, શ્રીનિવાસનો પશ્ચિમીકરણનો ખ્યાલ એવું જણાવે છે કે ઉચ્ચ જ્ઞાતિઓની વ્યક્તિઓ પશ્ચિમના સમાજોનું અનુકરણ કરીને પરંપરાગત ધાર્મિક અંધવિશ્વાસો જતા કરી રહી છે, જ્યારે નિમ્ન જ્ઞાતિઓ જે તે પ્રદેશની પ્રભુત્વપ્રાપ્ત જ્ઞાતિનું સંસ્કૃતીકરણની પ્રક્રિયા હેઠળ અનુસરણ કરીને પોતાની મૂળ ધાર્મિક માન્યતાઓ જતી કરી રહી છે અને નવી નવી માન્યતાઓ અપનાવી રહી છે. ટૂંકમાં, આ સમસ્ત ચર્ચાનો સાર એ છે કે નગરસમુદાયમાં નગરીકરણની અસર હેઠળ ધર્મનું સ્વરૂપ પલટાતું જાય છે પણ તે નષ્ટ થઈ જતું નથી.

કિન્ગસ્લે ડેવિસ (Kingsley Davis) કહે છે કે જેમ જેમ સમાજ ઔદ્યોગિક અને નગરીય થતો જાય છે તેમ તેમ ધર્મ અંધવિશ્વાસો અને રૂઢિઓમાંથી બહાર આવે છે અને તેના સ્વરૂપમાં નીચે મુજબનાં લક્ષણો સ્પષ્ટ થતાં જાય છે :

1. દેવી-દેવતાઓનું સ્થાનિક સ્વરૂપ નષ્ટ થાય છે, કારણ કે નગરસમુદાયોમાં વિભિન્ન પ્રદેશો અને ભિન્ન ભિન્ન વર્ગના લોકો એક ધર્મ હેઠળ આવતા હોવાથી દેવી-દેવતાઓ અમુક વૃક્ષો, પહાડો કે ડુંગરાઓ (hills) અને નદીઓ વગેરે સાથે સંકળાયેલાં હોય છે તે માન્યતા અસ્થાને બની જાય છે. પરિણામ સ્વરૂપે ધર્મનો સંબંધ પારલૌકિક શક્તિ સાથે જોડવામાં આવે છે.
2. દેવી-દેવતાઓનાં માનવીય સ્વરૂપ અંગેની માન્યતા અલોપ થઈ જાય છે, એટલે કે ઈશ્વરનો અમુક સ્થળે કે અમુક પવિત્ર ગણાતી વસ્તુઓમાં વાસ હોય છે એ અને ઈશ્વર માનવીની જેમ જ જીવનચર્યા કરે છે તે ભાવ નષ્ટ થાય છે. ઔદ્યોગિક નગરીય સમાજમાં ઈશ્વર અંગેના અમૂર્ત (abstract) એવા સામાન્ય ભાવ વિકસે છે.
3. રોજબરોજનાં સાંસારિક કાર્યોથી ધર્મ અલગ થતો જાય છે તે જીવનનાં બીજાં પાસાંઓની જેમ એક પાસું બની જાય છે. તેથી ધાર્મિક ક્રિયાઓ માટે વપરાતો સમય ઓછો થતો જાય છે અને દિવસના અમુક સમયે કે અઠવાડિયાના અમુક દિવસે જ પૂજા-પાઠ કરવામાં આવે છે.
4. ધાર્મિક સમરૂપતા (religious homogeneity) ઘટતી જાય છે, કારણ કે ઔદ્યગિક નગરીય સમાજમાં વસ્તુનું વૈવિધ્ય હોય છે અને જુદા જુદા પ્રદેશો તથા સામાજિક-સાંસ્કૃતિક પાર્શ્વભૂમિકાઓમાંથી આવતા લોકોની ધાર્મિક માન્યતાઓ અને વિધિ-વિધાનો એકસરખાં હોતાં નથી. તેથી જ કેટલીક વખતે જુદી જુદી ધાર્મિક માન્યતાઓ ધરાવતી વ્યક્તિઓ સતત સાથે રહેતી હોવાથી ધાર્મિક સહિષ્ણુતાના ભાવ વિકસે છે અને તેમાંથી બિનસાંપ્રદાયિકતાનું વલણ જોવા મળે છે.
5. ધાર્મિક વ્યવસ્થાને લગતા કાર્યો રાજ્ય અને શિક્ષણથી છૂટાં થતાં જાય છે, એટલે કે રાજ્ય કોઈ એક ધર્મને આશ્રય આપી તેના ફેલાવા માટે પોતાનાં સાધનોનો ખર્ચ કરતું નથી. તે જ રીતે રાજ્ય સંચાલિત શિક્ષણ સંસ્થાઓમાં કોઈ વિશિષ્ટ ધર્મનુ શિક્ષણ અપાતું નથી.

આમ, આધુનિક ઔદ્યોગિક નગરીય સમાજોનું ધર્મનું અસ્તિત્વ અલોપ થઈ જતું નથી, પણ વૈજ્ઞાનિક જ્ઞાનના વિકાસ અને નગરીય પરિસ્થિતિઓના દબાણ હેઠળ તેમાં કેટલાંક ફેરફારો આવે છે અને ધાર્મિક માન્યતાઓ (beliefs) સદંતર નષ્ટ થઈ જતી નથી. હકીકતમાં એક ડોક્ટર, ઇજનેર કે વૈજ્ઞાનિક પોતપોતાનાં ક્ષેત્રોમાં ઉચ્ચ કોટિનું વૈજ્ઞાનિક જ્ઞાન અને તાર્કિક અભિગમ ધરાવતા હોવા છતાં તેમના વ્યક્તિમત્તા અને જીવનનાં કેટલાંક ચોક્કસ પાસાંઓમાં ધર્મનો આધાર લે છે. તે જ રીતે

નાના-મોટા ઉદ્યોગો કે યંત્રશાળાઓમાં યાંત્રિક સાધનો અને વૈજ્ઞાનિક જ્ઞાનની મદદથી ઉત્પાદન કાર્ય થાય છે, તેમ છતાં તેમના ખાતમુહૂર્ત વગેરે વખતે આજે પણ ભારતમાં ધાર્મિક અગત્યના દિવસની પસંદગી કરવામાં આવે છે. આથી જ દેશ બેસતું વર્ષ કે વસંતપંચમી વગેરેના દિવસોએ મોટાં મોટાં નગરોમાં પણ નવાં નવાં ઔદ્યોગિક કે વ્યાપારી સાહસોનો પાયો નાંખવાનું વલણ દેખાઈ આવે છે. લગ્નસંસ્થાની ચર્ચા વખતે આપણે આગળ જોયું કે પરણનાર છોકરા-છોકરીના જન્મ અને લગ્ન કુંડળીઓ/જન્માક્ષર દેખાડવાનો આગ્રહ નગરસમુદાયમાં પણ રખાય છે અને મોટે ભાગે લગ્ન માટે ધાર્મિક દૃષ્ટિથી પવિત્ર ગણાતા દિવસે જ લગ્નની વિધિ કરવામાં આવે છે. એટલું જ નહીં પણ કેટલાંક સારાં કામો જેવાં કે ઔદ્યોગિક કે વ્યાપારી સાહસની શરૂઆત, મકાન બંધાવવાની શરૂઆત, નવા મકાનમાં વસવાટની શરૂઆત, વાહન ખરીદવું કે લગ્ન વગેરે વખતે કેટલાક ચોક્કસ દિવસો દા.ત. અમાવસ્યા, ઉત્તરાયણ અને તેના આગળ અમુક દિવસો તથા શ્રાદ્ધનો મહિનો ટાળવાનો આગ્રહ રખાય છે.

વળી, ધાર્મિક વિધિવિધાનો (religious rituals) ની બાબતમાં જોઈએ તો જૂના વખતથી જ નગરસમુદાયોમાં તેમની ખાસ અગત્ય રહી છે. દા.ત. ગિડિયન ઝોબર્ગ પૂર્વ-ઔદ્યોગિક નગરોમાં ધાર્મિક વિધિવિધાનોની ચર્ચા કરતાં કહે છે કે એવાં નગરોમાં ધાર્મિક માન્યતાઓ અને વિધિવિધાનોની વ્યક્તિના જીવનના દરેક પાસા ઉપર જરૂર પકડ હોય છે અને મોટે ભાગે વ્યક્તિની દિનચર્યા ધાર્મિક ક્રિયા અથવા પૂજાપાઠથી શરૂ થાય છે. વળી, કેટલાક ધાર્મિક તહેવારો જેવા કે હોળી, દિવાળી, દશેરા, રમઝાન, પટેટી અને નાતાલ વગેરેની ભવ્ય રીતે ઉજવણી થાય છે. પૂર્વ-ઔદ્યોગિક નગરોમાં તો જે ધર્મ સમૂહનું વર્ચસ્વ હોય છે તેના ધાર્મિક તહેવારો અને ઉત્સવોના દિવસે નગરની આર્થિક અને રાજકીય ક્રિયાઓ સ્થગિત કરી દેવામાં આવે છે અને લોકો સામૂહિક રીતે જે તે પર્વની ઉજવણીમાં ભાગ લે છે. પ્રસ્તુત હકીકત માત્ર પૂર્વ-ઔદ્યોગિક યુગનાં નગરોને લાગુ પડે છે તેવું નથી. ભારત જેવા વિકાસ પામતા સમાજો અને તેનાં નગરોમાં ધાર્મિક વિધિવિધાનો અને ઉત્સવોનું મહત્ત્વ આજે પણ સ્પષ્ટપણે ટકી રહ્યું છે. તેમ છતાં ધાર્મિક વિધિવિધાનોના ક્ષેત્રે કેટલાંક પરિવર્તનો આવ્યાં છે અને તેમાં રહેલાં અંધવિશ્વાસો તથા તત્ત્વોનુ મહત્ત્વ ઘટી રહ્યું છે. આ અંગે શ્રીનિવાસ ભારતમાં જોવા મળતી બિનસાંપ્રદાયિકતા (seclarization) ની પ્રક્રિયાની અસરો હેઠળ નગરીય સમાજોમાં આવી રહેલાં પરિવર્તન તરફ દિશાસૂચન કરતાં જણાવે છે કે મંદિરો તથા ધાર્મિક પવિત્રતાના સ્થળે જવા માટે લોકો યાંત્રિક વાહનોનો ઉપયોગ કરે છે અને રૂઢિચુસ્ત મૂલ્યો મુજબ પવિત્રતાના ખ્યાલો હવે પાળતા નથી. મિલ્ટન સિંગર મદ્રાસ શહેરના અભ્યાસને આધારે કહે છે કે આજે પણ મદ્રાસમાં ધાર્મિક ઉત્સવોની પરંપરાઓનું સાતત્ય ચાલુ રહ્યું છે અને નગરવાસીઓ માત્ર નાનાંમોટાં મંદિરોએ જ જતા નથી, પણ દક્ષિણ અને ઉત્તર ભારતમાં આવેલા તીર્થધામોની યાત્રાએ પણ જાય છે. આ માટે મદ્રાસ શહેરમાં ધાર્મિક પ્રવાસો યોજતી કેટલીક વ્યાપારી પેઢીઓ પણ વિકસી છે. આવા ધાર્મિક પ્રવાસો યોજતી વ્યાપારી પેઢીઓ મુંબઈ, અમદાવાદ, સુરત, રાજકોટ અને વડોદરા વગેરે શહેરોમાં પણ જોવા મળે છે. વળી, આ પેઢીઓ યાત્રાળુઓને આકર્ષવા માટે સ્થાનિક સમાચારપત્રોમાં જે તે પ્રવાસને લગતી જાહેરાતો પણ આપે છે.

મિલ્ટન સિંગર હિન્દુ ધર્મના દર્શન મુજબ ધાર્મિક અનુષ્ઠાનોને લગતા કર્મમાર્ગ, ભક્તિમાર્ગ અને જ્ઞાનમાર્ગની મદ્રાસ શહેરમાં અગત્ય તપાસતાં જણાવે છે કે આજે નગરીય પરિસ્થિતિઓની અસર હેઠળ ત્યાંના બ્રાહ્મણો ક્રિયાકાંડ અને જ્ઞાનમાર્ગ છોડીને ભક્તિમાર્ગ તરફ વળી રહ્યા છે. એટલું જ નહીં પણ તેઓ કહે છે તે મુજબ આ ત્રણે માર્ગોમાં નગરીય પરિસ્થિતિઓની અસર હેઠળ કેટલાંક નવાં તત્ત્વો ઉમેરાઈ રહ્યાં છે. આ ઉપરાંત ત્યાં ભક્તિમાર્ગની વધતી જતી અસરને કારણે અનેક ભજનમંડળીઓ અને ધાર્મિક મંડળો અસ્તિત્વમાં આવ્યાં છે. ગુજરાત, મહારાષ્ટ્ર અને ભારતનાં બીજાં નગરોમાં પણ એવી ભજનમંડળીઓ અસ્તિત્વમાં છે. આ મંડળીઓ મંદિરો, ધાર્મિક ઉત્સવનાં અન્ય સ્થળો પર અને ધાર્મિક સરઘસો (religious procession) માં ભજનો અને ધાર્મિક-સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરે છે. આ સિવાય નગરોમા ધાર્મિક કથાઓનું મહત્ત્વ પણ ટકી રહ્યું છે. ઘણી વખતે જે તે કુટુંબ પોતાના ધાર્મિક ભાવોને સંતોષવા અર્થે પોતાને ત્યાં કથા અગર તો ભજનોનું આયોજન કરે છે. ગુજરાતનાં શહેરોમાં યોજાતાં ભાગવત સપ્તાહ (ખાસ કરીને જયારે ડોંગરેજી મહારાજ વ્યાસપીઠ ઉપર હોય ત્યારે યોજાતી ભાગવત સપ્તાહ) તરફ સેંકડો ભાવિકો આકર્ષાય છે. એવાં સપ્તાહોના આયોજન અર્થે ઔદ્યોગિક અને શૈક્ષણિક ક્ષેત્રે ઊંચી સફળતા હાંસલ કરેલી વ્યક્તિઓ પણ પારાયણ નોંધાવી માતબર દાન આપે છે. મિલ્ટન સિંગર (Milton Singer), મેક્કોરમક (Mecormack) અને મેકિમ મેરિયટ (Makim Marriot) વગેરે પોતાના અભ્યાસોને આધારે એવું પણ દર્શાવે છે કે ભારતનાં નગરોમાં જનસંચારનાં સાધનોએ પણ ધાર્મિક ઉત્સવોની ઉજવણીમાં

DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY LIBRARY BOOK NO. SOM-150 DATE 25/5/07 AHMEDABAD

નોંધપાત્ર ફાળો આપ્યો છે. ખાસ કરીને ફિલ્મોમાં પરંપરાગત ધાર્મિક મૂલ્યોને બિરદાવવામાં આવે છે અને ધાર્મિક વિષય ઉપર ફિલ્મોનું નિર્માણ થાય છે. ભારતમાં મુંબઈ અને મદ્રાસ એવી ફિલ્મોનું નિર્માણ કરતાં કેન્દ્રો તરીકે જાણીતાં છે.

આમ, ઉપરોક્ત સમસ્ત ચર્ચાના સારરૂપે કહીએ તો આજે પણ નગરસમુદાયો અને ધર્મ વચ્ચેનો ગાઢ સંબંધ દેખાઈ આવે છે. ફક્ત વૈજ્ઞાનિક જ્ઞાન અને નગરીય પરિસ્થિતિઓના દબાણ હેઠળ બીજી સામાજિક સંસ્થાઓ જેવી કે કુટુંબ, લગ્ન અને જ્ઞાતિ વગેરેની જેમ ધર્મમાં પણ યથાયોગ્ય ફેરફારો આવી રહ્યાં છે. આજે મોટા ભાગના ઔદ્યોગિક નગરીય સમુદાયોમાં પરંપરાગત ધાર્મિક અંધશ્રદ્ધા અને કટ્ટરતા દૂર થઈ રહી છે અને બિનસાંપ્રદાયીકરણ (secularization) ની પ્રક્રિયાઓની અસરો હેઠળ વિરોધી મૂલ્યો ધરાવતા એવા જુદા જુદા ધર્મોનું સહઅસ્તિત્વ શક્ય બન્યું છે. નગરીય સમુદાયોમાં ધર્મના એવા પલટાતા સ્વરૂપનો અર્થ કરવો કે નગરીકરણ સાથે ધર્મ અલોપ થાય છે તે ખોટું લેખાશે.

## ધર્મની સામાજિક એકતા લાવનાર પરિબળ તરીકેની ભૂમિકાની સમીક્ષા :

હવે આપણે નગરસમુદાયમાં ધર્મની કાર્યાત્મક અગત્ય વિશે ડેવિસ અને મૂર (Davis and Moore) ના સિદ્ધાંતની પ્રતિક્રિયા કરતાં વિલિયમ ગૂડે (William Goods) અને મિલ્ટન યંગરે (Milton Younger) જે વિચારો દર્શાવ્યા છે તેમનો સંક્ષિપ્ત ખ્યાલ મેળવીશું. હકીકતમાં રોબર્ટ મર્ટન (Robert Merton) પણ એમિલ દુર્ખિમે સમાજમાં ધર્મની સામાજિક એકતા (social solidarity) લાવનાર પરિબળ તરીકે જે સમજૂતી આપી છે તેની છણાવટ કરતાં એવું કહે છે કે પ્રાથમિક સમાજોમાં ધર્મની ભૂમિકા ઉપરથી પ્રાપ્ત કરેલાં તારણો આધુનિક જટિલ અને નગરીય સમાજોમાં લાગુ પાડવામાં ભય રહેલો છે. તેઓ અમેરિકન સમાજ કે જે આજે નગરીકરણની ઉચ્ચ કક્ષા ધરાવે છે તેની પરિસ્થિતિઓને લક્ષમાં રાખીને કહે છે કે જે સમાજોમાં એકી વખતે જુદાં જુદાં અને વિપરીત મૂલ્યો ધરાવતા ધર્મોનું અસ્તિત્વ હોય છે ત્યારે ધર્મ સામાજિક એકતા લાવવાને સ્થાને ભિન્ન ભિન્ન ધર્મસમૂહો વચ્ચે સંઘર્ષની ભૂમિકા સર્જે છે. વળી, તેઓ કહે છે કે એવું માનવું કે ધર્મ સમાજના સભ્યોને સમાન મૂલ્યો આપીને તેમના વચ્ચે ધ્યેયોની સમરૂપતા લાવે છે અને તેથી સમાજમાં એકતા આવે તે પણ બરાબર નથી, કારણ કે તેઓ એવું માને છે કે નાસ્તિક (non-religious) લોકો સમાજનાં સામાન્ય મૂલ્યો અને ધ્યેયો ન સ્વીકારતા હોય એવું બનતું નથી. વળી, તેઓ એવું પણ દર્શાવે છે કે જ્યારે કોઈ પણ ધર્મનાં મૂલ્યો સમાજનાં બિનધાર્મિક પણ સર્વસ્વીકૃત મૂલ્યોથી વિપરીત પડે છે ત્યારે ધર્મ સમાજમાં કેવી રીતે એકતા લાવે છે તેનો જવાબ મળતો નથી. મિલ્ટન યંગર (Milton Younger) પણ ધર્મની સમાજમાં એકતા લાવનાર પરિબળ તરીકેની ભૂમિકા સ્વીકારતાં પહેલાં આધુનિક નગરીય અને જટિલ સમાજો પરત્વેની સ્પષ્ટતા કરી લેવી જરૂરી જણાવે છે. તેઓ કહે છે કે અન્ય બાબતો યથાવત રહેવા પર (Other tings being equal) નીચે મુજબની પરિસ્થિતિઓમાં ધર્મની એકતા લાવનાર પરિબળ તરીકેની ભૂમિકા ઘટી જાય છે :

1. જ્યારે સમાજમાં એકી વખતે એક કરતાં વધુ ધર્મોનું અસ્તિત્વ હોય છે.
2. જ્યારે સમાજના સભ્યોની પ્રસ્થાપિત અપેક્ષાઓ વેરવિખેર થઈ જાય છે ત્યારે લોકો ધર્મને એકતા લાવનાર પરિબળને સ્થાને પોતાની અપેક્ષાઓ તથા હક્કો વગેરે પુનઃપ્રાપ્ત કરવા માટે એક શસ્ત્ર તરીકે અથવા તો પ્રવર્તમાન પ્રવાહોથી પોતાને જુદા પાડવા માટે ધર્મનો ઉપયોગ કરે છે.
3. જ્યારે સામાજિક પરિવર્તનને કારણે ધાર્મિક માન્યતાઓ અને વિધિવિધાનોમાં લોકોની આસ્થા ઓછી થઈ જાય છે ત્યારે તે ધર્મ નવી પેઢીના લોકોને જૂની પેઢીથી અલગ કરી દે છે, કારણ કે નવી પેઢીના લોકો જુદી જ સામાજિક-સાંસ્કૃતિક અસરો હેઠળ હોય છે.
4. જે સમાજોમાં સામાજિક-સાંસ્કૃતિક વૈવિધ્ય હોય છે ત્યારે અને એક સમાજથી બીજા સમાજમાં થતી સામાજિક ગતિશીલતાનું પ્રમાણ વધુ હોય છે ત્યારે ભિન્ન ભિન્ન ધાર્મિક પરંપરાઓ સાથેના સુગ્રથનમાં એકરાગિતા રહેતી નથી.
5. જ્યારે સમાજમાં સામાજિક-આર્થિક રીતે તીવ્ર સ્વરૂપના જુદા જુદા વર્ગોનું અસ્તિત્વ હોય છે અને જો ધર્મ આવક, સત્તા અને પ્રતિષ્ઠા વગેરેની બાબતોમાં રહેલો ભેદ સમજાવી ન શકે તો તે સમાજમાં એકતા લાવનાર પરિબળ તરીકે નહિવત્ અસરકારક થાય છે.
6. અંતે, જ્યારે કોઈ પણ સમાજ ઉપર વિઘટનકારક અસર પાડનારાં બાહ્ય પરિબળો તુલનાત્મક રીતે વધુ શક્તિમાન હોય છે ત્યારે ધર્મની એકતા લાવનાર અસરો જે તે સમાજની એકતા ટકાવી રાખવામાં સફળ થતી નથી.

આ અંગે પ્રાથમિક સમાજોમાં ધર્મની છણાવટ કરતાં વિલિયમ ગૂડ (William Good) પણ જણાવે છે કે આધુનિક જટિલ એવા નગરીય સમાજો પ્રકટ સ્વરૂપમાં ધર્મની એકતા લાવનાર પરિબળ તરીકેની ભૂમિકા હોય તેવું દેખાતું નથી. અને સમગ્ર ચર્ચાને આધારે આપણે કહી શકીએ કે નગરસમુદાયોમાં ધર્મનું અસ્તિત્વ સમાજની બીજી સંસ્થાઓની જેમ એક અભિન્ન અંગ તરીકેનું હોય છે છતાં નગરીય સમાજની જટિલતા અને વસ્તીના વૈવિધ્યને કારણે તે સર્વત્ર સામાજિક એકતા લાવનાર પરિબળ તરીકે કામ કરે છે તે માનવું અતિશયોક્તિભર્યું લેખાશે.

## સામાજિક નિયંત્રણ :

નગરોમાં પ્રવર્તતી બુરાઈઓ અને અનૈતિક પરિસ્થિતિઓ લક્ષમાં રાખી સદીઓથી ગ્રામીણ સમુદાયોની તુલનામાં નગરોની ટીકા થતી આવે છે. ગ્રીક અને રોમન વિચારકોએ નગરોને ગુનાઓ તથા હિંસાત્મક બનાવોનાં કેન્દ્રો તરીકે પણ વર્ણવ્યાં છે. આરબ ઇતિહાસકાર ઇબ્ન ખાલ્હમ (Ibn Khalhum) એ તો 14મી સદીમાં નગરીય જીવન અને રખડતી ટોળીઓનું તુલનાત્મક વર્ણન કરતાં નગરોને ભ્રષ્ટાચાર અને નૈતિક બુરાઈઓનાં કેન્દ્રો તરીકે ઓળખાવ્યાં હતાં, જ્યારે રખડતી ટોળકીઓને ઇમાનદાર, શિસ્તપ્રિય તથા શૌર્ય ધરાવતા લોકો તરીકે બિરદાવ્યા હતા. આ જાતના વિચારો ત્યાર પછી પણ વ્યક્ત કરવામાં આવ્યા છે અને નગરોને સામાજિક-સાંસ્કૃતિક તથા માનવીય પતનના નિમિત્ત તરીકે દર્શાવાયાં છે. હકીકતમાં વર્તમાન સમયમાં નગરીય જીવનની પદ્ધતિસર સમજૂતી આપતા પ્રયાસોમાં પણ નગરસમુદાયોમાં સામાજિક વિચલન અને સામાજિક વિઘટન માટેની પરિસ્થિતિઓનો આપોઆપ (સ્વાભાવિક) વિકાસ થાય છે, તે બાબત તરફનો નિર્દેશ કરવામાં આવે છે. અહીં આપણો આશય પ્રસ્તુત વિચારો અને તારણો સત્યથી વેગળાં તે તથ્યવિનાનાં છે એવું કહેવાનો નથી, પરંતુ નગરોમાં પ્રવર્તતી વાસ્તવિક્તા પોતે જ કાંઈક એવી હોય છે કે ત્યાં ગ્રામીણ સમુદાયોની તુલનામાં સામાજિક સંબંધો અને માનવીય વર્તણૂક ઉપર સમાજમાન્ય અંકુશો ઢીલા પડી જાય છે અને વ્યક્તિને ધોરણ-ભંગ માટેની અનુકૂળ પરિસ્થિતિઓ મળી આવે છે. આથી નગરસમુદાયોમાં સામાજિક નિયંત્રણ કરતી સંસ્થાઓની યોગ્ય સમજૂતી પ્રાપ્ત કરવી યોગ્ય ગણાશે.

આપણે નગરસમુદાયો અને નગરીય જીવનની લાક્ષણિક્તાઓના ચર્ચા વખતે જોયું કે નગરો તેમની વિશાળ, ગીચ અને વૈવિધ્ય ધરાવતી વસ્તીને કારણે એવા સામાજિક વાતાવરણનું નિર્માણ કરે છે કે જ્યાં વ્યક્તિ-વ્યક્તિ વચ્ચેના સર્વ સામાજિક સંબંધો આત્મીયતા અને પોતાપણાની ભાવનાવાળા રહી શકતા નથી. હકીકતમાં નગરવાસીઓના મોટાભાગના સંબંધો પોતપોતાના લક્ષ પૂરતા, ઉપરછલ્લા, ટૂંકજીવી અને ખંડીય (segmental) હોય છે. વળી, ભિન્નભિન્ન સામાજિક-સાંસ્કૃતિક પાર્શ્વભૂમિકા ધરાવતા વિશાળ જનસમૂહો એકીસાથે રહેતા હોવાથી તેમની વચ્ચે પરિચિતતા રહેતી નથી. આથી જ કિન્ગસ્લે ડેવિસ નગરમાં પ્રવર્તતી બિનપરિચિતતા (Anonymity) ધોરણભંગ અને સામાજિક મૂલ્યો પ્રત્યે વિમુખતા તરફ ધકેલતી વિશિષ્ટ પરિસ્થિતિ તરીકે ઓળખાવે છે. આ અર્થમાં નગરોમાં વ્યક્તિની વર્તણૂક અને ક્રિયાઓ ઉપર પરંપરાગત અને અનૌપચારિક રીતે સામાજિક નિયંત્રણ કરતા અંકુશો અસરકારક નીવડતા નથી. જ્યારે પણ વ્યક્તિને પોતાના ધ્યેય અથવા તો હિતો સંતોષવામાં સમાજમાન્ય અવરોધો અસહ્ય લાગે છે ત્યારે તે પ્રવર્તમાન ધોરણો, મૂલ્યો કે જે તે વ્યક્તિ સાથેના સંબંધોની ચિંતા કર્યા વિના પોતાનું ધ્યેય હાંસલ કરવા ઉપર ધ્યાન કેન્દ્રિત કરે છે અને તેમ કરતાં તેની વર્તણૂંક સમાજમાન્ય ન રહે તો પણ તેને ક્ષોભ થતો નથી. વળી, અપરિચિતો વચ્ચે આ પ્રકારની વર્તણૂક કરવાથી તેની પ્રતિષ્ઠા અને દરજ્જો ઘટી જશે તેનો ભય ઘટી જાય છે અથવા તો કેટલાક કિસ્સાઓમાં સદંતર નષ્ટ થઈ જાય છે. કેટલીક વખત તો વ્યક્તિ આવી અપરિચિતતાનો લાભ લઈ પોતાના દરજ્જાને ન શોભે એવાં કૃત્યો કરવા માટે પણ લોભાય છે. વળી, નગરસમુદાયોમાં જેમ જેમ નગરીકરણ અને વસ્તીની ગીચતાની અસરો વ્યાપક થતી જાય છે તેમ તેમ સામાજિક વિચલન તથા અમાન્ય કૃત્યો માટેની મોકળાશ વધતી જાય છે. કારણ કે સામાજિક નિયંત્રણનાં અનૌપચારિક સાધનો ઉત્તરોત્તર પાંગળાં થતાં જાય છે. આવી પરિસ્થિતિ વચ્ચે નગરમાં કાયદા અને વ્યવસ્થાની જાળવણી અર્થે સામાજિક નિયંત્રણનાં ઔપચારિક સાધનો ઉપરનું અવલંબન અનિવાર્ય બની જાય છે.

અન્ય રીતે જોઈએ તો ગ્રામીણ સમુદાયોની તુલનામાં નગરસમુદાયોમાં અને ખાસ કરીને આધુનિક ઔદ્યોગિક નગરોમાં ખૂબ ઝડપી ગતિએ સામાજિક પરિવર્તન આવે છે. વર્તણૂક અને કાર્યપદ્ધતિ વગેરેના ક્ષેત્રે નવા નવા પડકારો અને અપેક્ષાઓ ઊભાં થયા છે. આ રીતે ઝડપી બદલાતા સામાજિક વાતાવરણ સાથે યોગ્ય અનુકૂલન થઈ શકે તો જ નગરસમુદાયનું વ્યવસ્થાતંત્ર ટકી રહે છે. આથી

પણ ગ્રામીણ સમુદાયોની તુલનામાં નગરસમુદાયોમાં સામાજિક નિયંત્રણનાં અસરકારક સાધનોની જરૂર ઊભી થાય છે. વળી, આપણે જોયું કે નગરસમુદાયોમાં ધર્મની અસરો ક્ષીણ થતી જાય છે અને ધાર્મિક મૂલ્યો તથા માન્યતાઓ વગેરેનું નગરવાસીઓની ક્રિયા-પ્રતિક્રિયા ઉપર અસરકારક નિયંત્રણ રહેતું નથી. આથી સમસ્ત સમુદાયના સંદર્ભમાં ધર્મની સામાજિક નિયંત્રણ લાવનારા સાધન તરીકેની ભૂમિકા મર્યાદિત થઈ જાય છે, અગર તો સદંતર અલોપ થઈ જાય છે. અલબત્ત, પૂર્વ-ઔદ્યોગિક યુગનાં નગરોમાં તથા આધુનિક સમયમાં મધ્ય-પૂર્વનાં ઈસ્લામ રાષ્ટ્રોમાં જીવનના સર્વ પાસાંઓમાં ધર્મની મજબૂત પકડ હોવાથી ત્યાં તે સામાજિક નિયંત્રણના એક અસરકારક સાધન તરીકે પણ વપરાય છે. પરંતુ આધુનિક ઔદ્યોગિક નગરોમાં ધર્મનું સ્વરૂપ ઘણું બદલાઈ જાય છે તેથી સામાજિક નિયંત્રણનાં અન્ય ઔપચારિક સાધનો ઉપર આધાર રાખવો જરૂરી બની જાય છે.

ઉપરોક્ત સમસ્ત ચર્ચાનો અર્થ એવો ન કરવો જોઈએ કે આધુનિક નગર સમુદાયોમાં સામાજિક નિયંત્રણનાં પરંપરાગત સાધનો અલોપજ થઈ જાય. હકીકતમાં કુટુંબ, પ્રાથમિક સંબંધો, નીતિમિત્તા, રિવાજો, માન્યતાઓ અને સામાજિક નિયંત્રણનાં એવાં જ અન્ય અનૌપચારિક સાધનો ઓછાવત્તા અંશોમાં વ્યક્તિની વર્તણૂક ઉપર નિયંત્રણ મૂકે છે. અલબત્ત, આ સર્વ સાધનોનું ક્ષેત્ર અત્યન્ત મર્યાદિત થઈ જાય છે. એટલે કે જે તે વ્યક્તિ પોતાના પ્રાથમિક સંબંધોવાળાં જૂથોમાં અને જીવનનાં અંગત પાસાંઓ (private spheres) માં સામાજિક નિયંત્રણનાં આ અનૌપચારિક સાધનો પ્રત્યે સજાગ હોય છે અને તેમની અપેક્ષાઓ અનુસાર જ પોતાની ભૂમિકાઓનું સંચાલન કરે છે. ઘણી વખતે નગરીય પરિસ્થિતિઓ પણ પારસ્પરિક સંઘર્ષ ટાળી શકાય એવી કુદરતી રીતે જ વિકાસ પામેલી ભૂમિકા પ્રદાન કરે છે. દા. ત., નગરસમુદાયમાં સમરૂપ સામાજિક-સાંસ્કૃતિક તથા શૈક્ષણિક લાક્ષણિક્તાઓ ધરાવતા વિસ્તારો અને સમાન ધ્યેય ધરાવતી વ્યક્તિઓનાં જૂથો વગેરે વિકસી આવે છે. એવા વિસ્તારો અને જૂથોમાં પારસ્પરિક સ્પર્ધા કે સંઘર્ષના ભાવો હોતા નથી પણ સહકાર તથા પોતાપણાના સંબંધો વિકસે છે. આથી એક બાજુ વ્યક્તિ પોતાના જીવનમાં જરૂરી એવું બીજાના સહકારનું પીઠબળ પ્રાપ્ત કરી શકે છે અને બીજી બાજુ વિપરીત મૂલ્યો અને ધ્યેયો ધરાવતી વ્યક્તિઓ સાથેના સંઘર્ષમાં આવવાની પરિસ્થિતિ ટાળી શકે છે. દા. ત., આજે ભારતના ગ્રામીણસમુદાયોમાં સવર્ણો તથા હરિજનો વચ્ચેના સંઘર્ષો આવી પરિસ્થિતિના અભાવને કારણે જ ઉગ્ર સ્વરૂપમાં અભિવ્યક્ત થાય છે, જ્યારે નગરો અને મહાનગરોમાં તેમનું પ્રમાણ તુલનાત્મક રીતે ઘણું ઓછું છે. હવે આપણે આધુનિક સમુદાયમાં નગરસમુદાયોમાં સામાજિક નિયંત્રણ માટેની કેટલીક મુખ્ય મુખ્ય સંસ્થાઓનો ટૂંક પરિચય મેળવીશું.

## નગર સમુદાયમાં સામાજિક નિયંત્રણની સંસ્થાઓ :

### 1. કાયદો (Law) :

સામાજિક નિયંત્રણના એક ઔપચારિક સાધન તરીકે કાયદાનું આગવું સ્થાન છે. કેટલાક વિદ્વાનો એવું દર્શાવે છે કે ઔપચારિક રીતે ઘડાયેલા કાયદાઓના જન્મ નગરસમાજોની જટિલતાને લીધે જ થય છે. કાયદાને રાજ્યની સત્તાનું પીઠબળ હોય છે અને તેના આધીન ગુનાહિત કૃત્ય કરનારને યથાયોગ્ય શિક્ષા કે દંડ આપવાની જોગવાઈ હોય છે. કાયદા હેઠળ અપાતી શિક્ષામાં આર્થિક દંડ, જેલની સજા કે બન્નેનો સમાવેશ થાય છે. વળી, કાયદા હેઠળ કેટલાક સમાજોમાં ભયંકર શારીરિક શિક્ષા પણ આપવામાં આવે છે. આધુનિક નગરીય સમાજોમાં ઔપચારિક રીતે સામાજિક નિયંત્રણ કરતાં સાધનોમાં કાયદો અત્યંત મહત્ત્વની ભૂમિકા ભજવે છે. એમિલ દૂર્ખેમે એવા સમાજોમાં કામ કરતા કાયદાઓનું સ્વરૂપ સમજાવતાં તેમને પ્રતિશોધાત્મક (restitutive) સ્વરૂપના વર્ણવે છે. એટલે કે આધુનિક નગરીય અને જટિલ સમાજો કે જે અવયવી એકતા (organic solidarity) ધરાવતા હોય છે, ત્યાં ગુનાહિત વ્યક્તિ અને ગુનાનો ભોગ બનેલી વ્યક્તિ કે સમૂહ વચ્ચે સમાજ એકલવાદ કે ત્રીજા પક્ષ તરીકે ભાગ લે છે અને એના કાયદાઓ હેઠળ ગુનો કરનાર વ્યક્તિને તેના ગુનાહિત કૃત્યના પ્રમાણમાં શિક્ષા અપાય છે. જોકે આજે પણ મધ્યપૂર્વના કેટલાક ઈસ્લામિક દેશોમાં પ્રમાણમાં શિક્ષા અપાય છે. જોકે આજે પણ મધ્યપૂર્વના કેટલાક ઈસ્લામિક દેશોમાં પ્રચલિત કાયદાઓનાં મૂળ ધાર્મિક માન્યતાઓમાં રહેલાં હોવાથી ગુના કરતાં દંડનું પ્રમાણ ઘણું ઊંચું હોય છે.

### 2. સરકાર (Government) :

જે તે સમાજમાં નિયંત્રણ અર્થે લાદવામાં આવતા કાયદાઓનું નિર્માણ છેવટે તો સરકારના હાથમાં હોય છે. ભારતમાં લોકશાહી વ્યવસ્થા હોવાથી પ્રજાના ચૂંટાયેલા સભ્યો સંસદ અને રાજ્યોની

વિધાનસભાઓનું નિર્માણ કરે છે. કેન્દ્ર અને રાજયની સંસ્થાઓ બંધારણનાં ધ્યેયોને લક્ષમાં રાખી કાયદાઓનું નિર્માણ કરે છે અને સરકારી તંત્રની વિભિન્ન સંસ્થાઓ વડે તે કાયદાઓનું અમલીકરણ કરે છે. આ રીતે બનાવાયેલા કાયદાઓ સામાન્ય રીતે સમસ્ત રાષ્ટ્રને લાગુ પડે છે અને તેમાં નગરસમુદાયોનો પણ સમાવેશ થઈ જાય છે. આ ઉપરાંત નગરસમુદાયોની સ્થાનિક સ્વાયત્ત સંસ્થાઓ જેવી કે નગરપાલિકા, મહાનગરપાલિકા વગેરે પણ વિવિધ બાબતોને લગતા સ્થાનિક સીમાઓ પૂરતું જ મર્યાદિત હોય છે અને મોટેભાગે તે સ્થાનિક જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને જ બનાવવામાં આવે છે. અલબત્ત, સ્થાનિક સ્વાયત્ત સંસ્થાઓની સેવા કાયદાઓ બનાવવાની સત્તા મર્યાદિત હોય છે અને તેની ઉપરવટ થઈ તેઓ કાયદાનું નિર્માણ કરી શકતા નથી.

### 3. ન્યાયાલય (Court) :

સરકાર અને કાયદા ઉપરાંત સામાજિક નિયંત્રણનાં ઔપચારિક સાધનોમાં ન્યાયાલય પણ એક અગત્યની સંસ્થા હોય છે. સામાન્ય રીતે મિલકત વગેરેને લગતા ગુનાઓનો નિકાલ દીવાની ન્યાયાલયોમાં અને ફોજદારી ગુનાઓનો નિકાલ ફોજદારી ન્યાયાલયોમાં થાય છે. આ ઉપરાંત નગરસમુદાયોમાં સ્થાનિક અને સ્વાયત્ત પ્રશાસનની સત્તાના કાર્યક્ષેત્ર આધીન થતા ગુનાઓનાવિકાસ માટે નગરપાલિકા કે મહાનગરપાલિકામાં અલાયદી ન્યાય વિભાગની વ્યવસ્થા હોય છે. જે વ્યક્તિ ઔપચારિક રીતે બનાવેલ કાયદાઓનો ભંગ કરે છે ત્યારે ન્યાયાલયો મારફતે તેને દંડ આપવાની વ્યવસ્થા હોય છે. નગરસમુદાયોમાં બાળ-અપરાધ, ટ્રાફિકના નિયમોનો ભંગ, જુગાર, મદ્યપાન, લગ્નના નિયમોનો ભંગ અને એવા જ બીજા ગુનાઓ બદલ શિક્ષા આપવા માટે અલગ-અલગ ન્યાયાલયોની વ્યવસ્થા હોય છે. કેટલીક વખતે નગરસમુદાયોમાં વિશિષ્ટ ગુનાઓ બદલ શિક્ષા આપવા માટે અલાયદી ન્યાયાલયોની સ્થાપના પણ કરવામાં આવે છે. અલબત્ત, આ જાતની ખાસ અદાલતો કાયમી હોતી નથી.

### 4. પોલીસ (Police) :

નગરસમુદાયોમાં સામાજિક નિયંત્રણનું અસરકારક પાલન કરાવવામાં પોલીસતંત્રની આગવી ભૂમિકા હોય છે. સામાન્ય રીતે આપણે આગળ જોયું તે પ્રમાણે નગરસમુદાયોમાં વિશાળ, ગીચ અને વૈવિધ્ય ધરાવતી વસ્તી હોવાથી વ્યક્તિને પોતાનાં ગુનાહિત કૃત્યો છુપાવવા માટેની મોકળાશ મળી આવે છે. ઘણી વખતે એવી પરિસ્થિતિઓનો લાભ લઈ છૂપી પ્રવૃત્તિઓ અને સામાજિક બુરાઈઓ છૂટથી વિકાસ પામે છે. એક બાજુ આવી ગુનાહિત ટોળકીઓના ભયથી અને બીજી બાજુ વૈયક્તિક સંબંધોના અભાવને કારણે સામાન્ય નગરવાસી જે તે ગુનાહિત કૃત્યો કરતી વ્યક્તિ તરફ આંખમિચામણાં કરે છે. વળી, પોતે કાયદાની આંટીઘૂંટીમાં ફસાવા માંગતી નથી તેવું વલણ લઈને પોતે જાણતી હોવા છતાં ગુનેગારોનાં ગુનાહિત કૃત્યો બહાર લાવતી નથી. એવી પરિસ્થિતિ વચ્ચે નગરસમુદાયની કાયદા તથા વ્યવસ્થાની પરિસ્થિતિ ન બગડે તે આશયથી પોલીસતંત્ર ગુનાઓની શોધ અને તેમને અટકાવવાની જવાબદારી બજાવે છે. આ કાર્યો માટે પોલીસ-તંત્રમાં જુદા જુદા વિભાગો હોય છે. એવા વિભાગોમાં છૂપી-પોલીસ, ટ્રાફિક પોલીસ અને સુરક્ષાની જવાબદારી સંભાળતા પોલીસોના વિભાગો મુખ્ય હોય છે.

સામાન્ય રીતે નગરસમુદાયોમાં ગુનાઓ શોધવામાં અને ગુનાઓ અટકાવવામાં પોલીસતંત્રની અસરકારકતા ખૂબ જ જરૂરી બની જાય છે. જો પોલીસ તંત્રને નગરવાસીઓનો સાથ સહેલાઈથી મળી આવે છે તો તેનું કામ ઘણું સરળ બની જાય છે. પરંતુ જો પોલીસતંત્ર પોતે રાજકીય દબાણો, ભ્રષ્ટાચાર કે સ્થાપિત હિતોને આધીન થઈ ગુનાહિત કૃત્ય કરતી વ્યક્તિઓ અને ટોળકીઓ સાથે હાથ મિલાવી લે છે, ત્યારે ઘણા ગુનાઓમાં ભીનું સંકેલાઈ જતુ હોય છે. એટલું જ નહીં પણ ગુનેગારોને પોતાનાં બૂરાં કૃત્યો કરવા માટે છૂટો દોર મળી જાય છે.

### 5. વ્યાવસાયિક મંડળો (Professional Associations) :

નગરીય સમુદાયોમાં વ્યવસાયો અને ધંધાઓ ઉપર આધારિત જુદાં જુદાં મંડળો પણ સામાજિક નિયંત્રણના ક્ષેત્રે નોંધપાત્ર ભૂમિકા ભજવે છે. ગિડિયન સ્જોબર્ગે (Gideon Sjoberg) પૂર્વ-ઔદ્યોગિક નગરોમાં જુદાં જુદાં મહાજનો કે ગીલ્ડ (Guild) ની પોતપોતાના સભ્યોની આર્થિક ક્રિયાઓ ઉપરાંત જીવનનાં બીજાં કેટલાંક મહત્ત્વનાં પાસાંઓ ઉપર નિયંત્રણ લાવનાર પરિબળો તરીકે વિસ્તૃત સમજૂતી આપી છે. આધુનિક ઔદ્યોગિક નગરોમાં એવાં મંડળો, મજૂર મહાજનો (trade unions) અને વ્યાવસાયિક મંડળો (professional associations) વગેરેના રૂપમાં જોવા મળે છે. આ મંડળો મુખ્યત્વે પોતાના સભ્યોનાં આર્થિક હિતોનું રક્ષણ કરે છે અને જે તે ધંધા

કે વ્યવસાય પરત્વે પોતાના સભ્યોને લાગુ પડે તેવી આચાર સંહિતાનું પાલન કરાવે છે. ઘણી વખતે આ મંડળો નગરસમુદાયોમાં શ્રમિકો તથા કર્મચારીઓ (employees) અને તેમના માલિકો કે રોજગાર આપતી સંસ્થાઓ (employer) વચ્ચે ઊભા થતા ઝઘડાઓનો પારસ્પરિક વાટાઘાટ વડે યોગ્ય ઉકેલ લાવે છે. જોકે ઘણી વખતે એવી વાટાઘાટોમાં બન્ને પક્ષોને માન્ય હોય એવો નિકાલ ન આવે ત્યારે હડતાળ, તાળાબંધી અને 'ધીમે કામ કરો' વગેરેને લગતાં દૂષણો જન્મ લે છે. જો આવી પરિસ્થિતિ લાંબા સમય સુધી ચાલે તો નગર સમુદાયની ઔદ્યોગિક શાંતિ અને સામાન્ય જનજીવન અસ્તવ્યસ્ત થઈ જાય છે.

## 6. શિરસ્તો :

નગરોમાં સામાજિક નિયંત્રણના ક્ષેત્રે શિરસ્તો સામાજિક નિયંત્રણનું એક અનૌપચારિક સાધન હોવા છતાં રોજબરોજના જીવનમાં તે કાયદો અને વ્યવસ્થા જાળવી રાખવામાં ખૂબ અગત્યની ભૂમિકા ભજવે છે. સામાન્ય રીતે મહાનગરોમાં એવા શિરસ્તાઓનું પાલન કરવા માટે સામાન્યજન પણ જાગૃત હોય છે, દા. ત., સડકની ડાબી બાજુ ચાલવું, કતારમાં કે લાઈનમાં ઊભા રહેવું, બહેનો પહેલાં (ladies first) ના ધોરણોનું પાલન કરવું, અપરિચિત વ્યક્તિ સાથે પણ શિસ્તબદ્ધ રીતે વાત કરવી, અપરિચિત વ્યક્તિને પણ અકસ્માત વગેરે જેવા આકસ્મિક સંકટમાં મદદ કરવી વગેરે નગરજીવન શૈલીના એક અંગરૂપે દેખાઈ આવે છે. આ જાતના શિરસ્તાઓનું પાલન ન કરવા પર રાજ્ય કે કાયદાના દંડનો ભય હોતો નથી, તેમ છતાં તે નગરીય શિસ્તમાં એક અગત્યની બાબત ગણાતી હોવાથી સૌ કોઈ તેના પાલન માટેની તત્પરતા દાખવે છે.

## 7. જનસંચારનાં સાધનો :

જનસંચારનાં આધુનિક સાધનો નગરસમુદાયમાં સંપર્ક અને નિર્ણયોના પ્રસારણ માટે પાયાનાં માધ્યમોનું સ્થાન ધરાવે છે. એવાં સાધનોમાં સમાચારપત્રો, રેડિયો, ફિલ્મો, પત્રિકાઓ, ટી. વી. વગેરેનો સમાવેશ થાય છે. આ સર્વ સાધનોની એક નોંધપાત્ર વિશિષ્ટતા એ હોય છે કે નગરસમુદાયના લગભગ તમામ વર્ગોના લોકો પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે તેમની અસર હેઠળ આવે છે. આથી તેમની મદદ વડે સામુદાયિક હિતો અને લાભ અર્થે યોગ્ય જનમતનું નિર્માણ કરી તેનો અસરકારક ઉપયોગ કરી શકાય છે. વળી, આ માધ્યમો વડે આપવામાં આવતા કાર્યક્રમોની અસરો હેઠળ સૌ કોઈ વર્ગના લોકો આવે છે. તેથી છેવટે મહત્ત્વના મુદ્દાઓ ઉપર વર્ગ-વર્ગ વચ્ચેનું અંતર દૂર કરવામાં મદદ રહે છે. જોકે ઘણી વખતે એવાં માધ્યમોનો ઉપયોગ જેતે વર્ચસ્વધારી જૂથ કે સત્તાધારી પક્ષના હિતમાં થવાનો ભય પણ રહેલો હોય છે. જ્યારે એવું થવા લાગે છે ત્યારે જનસંચારના માધ્યમો વડે જે કાર્યક્રમો અપાય છે તેમના પ્રત્યે પ્રજાના અમુક વર્ગમાં હતાશા અથવા અસંતોષના ભાવ પણ વિકસે છે. વળી, જે તે કાર્યક્રમોની અસરોની સઘનતા માત્ર તેના સંપર્કમાં આવવા ઉપર જ નિર્ભર કરતી નથી, પરંતુ પ્રેક્ષકો કે શ્રોતાઓની શૈક્ષણિક લાયકાત વગેરે ઉપર પણ તેનો આધાર રહે છે.

આમ, નગરસમુદાયોમાં સામાજિક નિયંત્રણની જવાબદારી સંભાળતાં કેટલાંક મહત્ત્વનાં સાધનો હોય છે. આ સર્વ સાધનો એક સાથે બીજી રીતે નગરસમુદાયની કાયદા તથા વ્યવસ્થાની જાળવણીમાં અસરકારક ભૂમિકા ભજવે છે. વળી, અંદરોઅંદર સાધનો એકબીજાનાં વિરોધી કે વૈકલ્પિક હોતાં નથી, પરંતુ જુદી જુદી પરિસ્થિતિઓ અને ઘટનાઓ ઉપસ્થિત થતી હોવાથી તેને સ્પર્શે કરતું યથાયોગ્ય સાધન ખાસ મહત્ત્વનું બની જાય છે. તેમ છતાં એટલું તો ચોક્કસ કે પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે આ સર્વ સાધનો એકબીજાનાં પૂરક હોય છે.

**તમારી પ્રગતિ ચકાસો :**

1. નગર સમુદાયોમાં સામાજિક સ્તર રચનાનું સ્વરૂપ સમજાવો.

----------------------------------------

----------------------------------------

----------------------------------------

----------------------------------------

----------------------------------------

----------------------------------------

----------------------------------------

----------------------------------------

----------------------------------------

----------------------------------------

----------------------------------------

2. ભારતની જ્ઞાતિ-વ્યવસ્થાના પરંપરાગત લક્ષણો દર્શાવો.

----------------------------------------

----------------------------------------

----------------------------------------

----------------------------------------

----------------------------------------

----------------------------------------

----------------------------------------

----------------------------------------

----------------------------------------

----------------------------------------

3. નગરીય પર્યાવરણમાં જ્ઞાતિ-વ્યવસ્થાના પરિવર્તીત સ્વરૂપની સમજ આપો.

----------------------------------------

----------------------------------------

----------------------------------------

----------------------------------------

----------------------------------------

----------------------------------------

----------------------------------------

----------------------------------------

4. નગર સમુદાયોમાં જ્ઞાતિ-વ્યવસ્થા અને વર્ગ વ્યવસ્થા વચ્ચેની આંતરક્રિયા વર્ણવો.

5. નગર સમુદાયોમાં જ્ઞાતિ-વ્યવસ્થા અને વર્ગ-વ્યવસ્થાનું સ્વરૂપ આલેખો.

6. નગરોમાં ધર્મના અસ્તિત્વ વિષે સમજૂતી આપો.

7. શું નગરમાં ધાર્મિક-વિશ્વાસો અને કર્મકાંડો અલોપ થઈ જાય છે? વિગતવાર સમજાવો.

8. નગરોમાં ધાર્મિક-વિશ્વાસો અને રૂઢિઓ વગેરે અંગે કિન્ગસ્લે ડેવિસના વિચારો આલેખો.

9. નગર સમુદાયોના સંદર્ભમાં ધર્મની સામાજિક એકતા લાવનાર પરિબળ તરીકે સમીક્ષા કરો.

10. શા માટે નગરોમાં સામાજિક નિયંત્રણની ઔપચારિક સંસ્થાઓનું મહત્ત્વ વધી જાય છે?

11. નગરોમાં સામાજિક-નિયંત્રણની પ્રમુખ સંસ્થાઓ સમજાવો.

12. સામાજિક-નિયંત્રણના ક્ષેત્રે નગર સમુદાયોમાં જનસંચારના માધ્યમોનું મહત્ત્વ દર્શાવો.

[Reference]
## BIBLIOGRAPHY


Acharya Hemalata 1956 'Urbanizing Role of one lakh city' in 'Sociological Bulletin' V. September

Acharya Hemalata 1955 'The Caste and Family in he Immigrant Artisan Community' in 'Sociological Bulletin', Vo. IV.No,. 2, September.

Alan S. Mangoor and Pokshishevsry V.V. (ed.) 1976 'Urbanization in Developing Countries' Osmania Univerity, Hyderabad, India.

Anderson Nels 1960 'The Urban Community', Routledge Kegan Paul, London.

Anderson Nels 1971 'The Industrial Urban Community': Appleton-Centruy Crofts Meredin Corporation, New York.

Auluck S. V. 1980 Intracity Residential Mobility in An Industrial City : New Delhi: Concept Publishing House.

Beiley F. G. 1958 'Caste and the Economic Frontier' Oxford University Press.

Baali F. and Vandiver J.S. (ed.) 1970 'Urban Sociology' : Appleton Century-Crofts: New York

Batten T. R. 1957 'Communties and their development', Oxford University Press, London.

Bergel E.E. 1955 'Urban Sociology' : McGraw Hill Book Co. Ltd., New York.

Desai A. R. 1978 'Urban Family Situation in India' (unpublished report) sponsored by Family Planning Foundation of India.

Desai A. R. & Pillai S.D. 1970 'Slums & Urbanization'; Popular Prakashan Pvt. Ltd., Bombay.

Desai A. R. 1985 Trends of Urban Development and Proliferation of Slums and Squatting : C.G. Shah Memorial Trust Publication (11) Bombay.

Desai I. P. 1964 'Pattern of migration and occupation in Sourth Gujarat village', Decean College Post-Graduate and Research Institute, Poona.

Desai I. P. 1964 'Some aspects of Family in Mahuva', Asia Publishing House, Bombay.

| | |
|---|---|
| Desai I. P and Damle Y.B. 1953 | 'A Note on the Change in Caste' in Decenial Felicitation volume of Indian Socilogical Society. |
| Devdas David & Kamaljeet Rattan 1989 | 'An Urban Nightmare' in India Today, April 15. |
| Doshi Harish 1965 | 'Fatehnagar : A Township Shamirpet : a village; In Vidya : Journal of Gujarat University, Ahmedabad; Vol. VIII. No. 2. August, pp. 100-111. |
| Doshi Harish 1974 | Traditional Neighbourhood in a Modern City : New Delhi : Abhinav Publication. |
| 1977 | Untouchability in an Urban Community (Unpublished Report based on ICSSR. New Delhi Project) |
| Doshi Harish 1974 | 'Use of Public Places and facilities by Bhangis in Surat' in Journal of Social and Economic Studies : Vol. II, No. 1, March. |
| Drakakis David Smith 1987 | The Third Work City : New York, Methues. |
| D'Souza Victor S. 1968 | 'Social Structure of A Planned City Chandigarh', Orient Longmans Ltd.. New York. |
| Erickson 1954 | 'Urban Sociology : McGraw-Hill Book Co. Ltd., New York. |
| Faris Robert 1967 | 'Chicago Sociology : 1920-1932', The University of Chicago Press, Chicago. |
| Gadgil D. R. 1971 | 'The Industrial Evolution of India in Recent Times 1860-1939', Oxford University Press, Bombay. |
| Ghurye G. S. 1962 | Cities and Civilzation', Popular Prakashan, Bombay. |
| Gibbs J. P. (ed.) 1965 | 'Urban Research Methods', Affiliated East and West Press, New Delhi. |
| Gillion K. L. 1968 | 'Ahmedabad - A Study in Indian Urban History', The New Order Book Co., Ahmedabad. |
| Gist Noel P. & Fava. Sylving Fleis 1970 | 'Urban Sociology', Thomas Y. Crowell Co., New York. |
| Glaser, Daniel (ed.) 1970 | 'Crime in City', Harper & Row Publishers, New York. |
| Glass Ruth 1955 | 'Urban Sociology, A Trend Report', Current Sociology, Vo. IV. |

Gogate Sudha 1988 — Status of Woman : Reflected in Marathi Media (1930-1970); Pune : Shubhada Saraswat Publications.

Gore M. S. 1970 — 'Immigrants and Neighbourhoods : Two Aspects of Life in Metropolitan City', T.I.S.S.. Bombay.

Gore M. S. 1968 — 'Urbanization & Family Change', Popular Prakashan. Bombay.

Grimes Orville F. (Jr.) 1976 — Housing for low-income Urban families : Economics and Policy in the Developing World; Londn : The Johns Hoppins University Press.

Gutman Robert (ed.) 1970 — 'Neighbourbood, City and Metropolis' Random House. New York.

Gyanchand 1972 — 'Population in Perspective', Orient Longman Ltd., New Delhi.

Halebsky S. (ed.) 1973 — The Sociology of the city : New York: Charles Scribner's sons.

Hatt P.K. and Reiss A.J. (Jr.) 1968 — 'Cities and Society', The Free Press, New York.

Harold J. R. 1966 — 'India's Ex-untouchables'. Asia Publishing House. Bombay.

Hauser Philip M. 1970 — 'Comprehensive Urban 'Studies' in Albert N. Cousins and Hans Nagpal's 'Urban Man and Society'. New York.

Hauser P.M. and Schnore L.F. 1965 — 'The Study of Urbanization'. John Wiley and Sons Inc.. New York.

Hellbrone Rober L. 1974 — 'Economic Problems of a 'Post-Industrial Society' in Potter David and Sarre Philip (ed.) 'Dimensions of Society', University of London Press Ltd.. London.

Hutton J.H. 1969 — 'Caste in India'. Oxford University Press. London.

Hunter David R. 1964 — 'The Slums : Challenge and Response', The Free Press. New York.

Harrington Michael 1962 — 'The Other American : Poverty in the United States'. The Macmillan Co.. New York.

Handbook of Social Welfare Statistics; Ministry of Social Welfare; Govt. of India : 1981 p. 10

Hoselitz Burt 1962 — 'The Role of Urbanization in Economic Development : Some International Comparisons' in Turner R. (ed.) India's

Urban Future. Berkelley: California Press.

ICSSR 1974 and 1985 — Survey of Research in Sociology and Social Anthropology: First and Second Trend Report, Vol. I Bombay: Popular Prakashan and New Delhi: Satvahan Publications.

I. Alex 1965 — 'What is Sociology' - An Introduction to the Discipline and Profession. Prentice Hall of India (Pvt.) Ltd., New Delhi.

Jacobsane 1970 — 'The Kind of problem a city is' in Albert N. Cousins/Hans Nagpaul, Urban Man and Society, Alfred A. Knoff. New York.

Jagannathan N. Vijay & Halder Aminesh — 'Income-Housing Linkages a Case stydu of Payment. Dwellers in Calcutta' in EPW, Vol. XXIII No. 23 June, 1988. pp. 1175-1178.

Kannan C.T. 1963 — 'Inter-Caste and Intercommunity Marriage in India' : Allied Publishers, Bombay.

Kopardokar H.D. 1986 — Social Aspects of Urban Development : Bombay : Popular Prakashan.

Lemert. Edwin M. 1951 — 'Social Pathology : McGraw-Hill Book Co. Ltd. Inc., New York.

Leslie Gerald R. and Others 1973 — 'Order and Change'; Introductory Sociology, Oxford University Press. London.

Lewis Oscar 1965 — 'The Folk-Urban Ideal Types' in Hauser P.M. and Schnore L.F. 'The Study of Urbanization'. ohn Wiley and Sons Inc.. New York.

Lynch O.M. 1974 — 'The Politics of Untouchability' (Social Mobility and Social change in a city of India); National Publishing House. Delhi.

Majumdar D.N. 1955 — 'Rural Profile' : The Ethnographic & Flk Cultury Society, U.P.

Majmudar D.N. 1958 — 'Caste and Communication in an India Village'. Asia Publishing House. Bombay.

Manu Peter H. 1968 — 'An Approach to Urban Sociology'. Routledge and Kegan Paul; New York.

Marjone Berman 1987 — 'Urbanization Report' in The Lowyers Collective, Vol. 2, No. 6, June 1987, Bombay, p. 19.

Mehta Meera & Mehta Dinesh 1988 — 'National Housing Bank : Financing Housing of Shelter' in EPW Vol.. 23. No. 7, Feb. 1988, p. 300-302.

Mellor J.R. 1977 'Urban Sociology in an Urbanized Society; Routledge and Kegan Paul, London.

Merton Robert K. 1957 'Social Theory and Social Structure' The Free Press. New York, pp. 30-34.

Merton, Robert K. and Nisbet Robert 1971 'Contemporary Social Problems' Third edition, Harcourl Brace Javanocie; New York.

Minr Horace 1968 'The Forlk-Urban Continnum' in Hatt P.K. and Reiss, Jr. A.J. : Cities and Society : The Free Press, New York.

Morris R.N. 1998 'Urban Sociology' George Allen and Unwin Ltd., London.

Naidu Ratna 1978 'A Study of Slums in Hyderabad-Siconderabad' in 'The Indian Journal of Social Work', Vol. 39, No. 3, Ocrober.

Naik K.S. 1978 'Ethnicity and Urbanization' : Ajanta Publications, Delhi.

"NIUS" State of India's Urbanization : New Delhi, Institute of Urban Affairs, 1988.

Nobel, Allen G. and Dutt Ashok K. (ed.) 1977 India's Urbanization and Planning - Vehicles of Modernization; Tata McGraw Hill Publishing Co. Ltd., New Delhi.

Oreans P. 1969 'Robert Park and Social Area Analysis' in Meadows P. and Mizruch E.H. 'Urbanizm, Urbanization and Change' Comparative Perspectives. Addison Wesle Publishing Co. Massachusetts.

Palen J. John 1975 'The Urban World'. McGraw-Hill Book Co., New York.

Park R.E. and Burgess E.W. 1968 'The City', The University of Chicago Press, Chicago.

Panchadikar H.P. and J. Panchanadikar 1970 'Determinants of social structure and social change in India', Popular Prakashan, Bombay.

Parmar P.H. 1965 'Note on Housing in the city of Surat' (Mimeograph) Muncipal Corporation, Surat.

Parmar Y.A. 1987 The Mahyavanshi - The Success story of a Scheduled Caste : Delhi : Mittal Publications.

Patvardhan S. 1974 'Aspects of Social Mobility among scheduled castes in Poona' in M.S.A. Rao (ed.) 'Urban Sociology in India', orient Longmans, New Delhi.

Payne Geoffrey 1977 — Urban Housing in the Third World; London : Routledge & Kegan Paul.

P. K. B. Nayar (ed.) 1982 — Sociology in India (Retrospect and Propespect) Articles urban Society in India (1) Present Trends by K. Chandrasekhariah and (2) Venkatarayapa K.N. Delhi : B.R. Publishing Corporation, pp. 185-214.

Pocock D.F. 1974 — 'Socilogies : Urban and Rural' in M.S.A. Rao (ed.) Urban Sociology in India : New Delhi Orient Longman.

Rajeswari N.V. and Others 1987 — 'Towards a New Housing Policy in India' in Social Change, Vol. 17, No. 4, Dec. 1987, pp. 31-37.

Ramesh Menon 1989 — 'Nobody's Children' in India Today, April 15, 1989 pp. 124-127.

Rao M.S.A. (ed.) 1974 — Urban Sociology in India : New Delhi : Orient Longmon.

Rao M.S.A. 1970 — Urbanization and Social Change - A Study of Rural Community on a Metropolotan fringe, New Delhi, Orient Longman.

Rao S. Venugopal 1967 — 'Facts of crime in India', Allied Publishers Private Ltd., Bombay.

Rasmussen, David W. and Haworth Charles T. 1973 — 'The American City' : Harper and Row Publishers, New York.

Redfield Robert and Singer Milton 1954 — 'The Cultural Role of Cities' in Economic Development and Cultural Change, Vol. III, No. 1.

Redfield Robert and Singer Milton 1956 — 'The Cultural Role of Cities'; 'Man in India'; Vol. 36, No. 3.

Redfield Robert 1952 — 'The Folk Society' in Freed-mann R.F. others, 'Principles of Sociology', Henry Holt and Co. New York.

Redick Richard W. 1953 — 'A Demographic and Ecological study of Rangoon Burma, 'inE.W. Burgess and D.J. Bogue (ed.) contribution to urban sociology.

Reissman Leonard 1964 — 'The Urban Process' : Free Press of Glencoe; New York.

Richard Dowey 1970 — 'The Rural Urban Continuum' in Cousims A.N. and Nagpaul Alfred A Knoff; New York.

Ross, Ailleon 1967 — 'The Hindu Family in its urban setting; University of Toranto Press, U.S.A.

Ross, Murray G. 1955 'Community Organization : Theory and Principles: Harper & Row Publishers, New York.

Sangave V. 1961 'Changing Patterns of Caste organization in Kolhapur City' in Sociological Bulletin, Vol. XI, Decennial Celebrations Symposium, pp. 36-61.

Sayed S. Shafi 1987 Towads the New Urban India' in India Express, Ahmedabad, Friday, Oct. 16, 1987. pp. 8.

Scientific American Inc. 1973 'Cities Their Origin, Growth and Human Impact' W.H. Freeman and Co., San Francisco, U.S.A.

Sennett R. (ed.) 1969 'Clarisic Essays on the culture of cities' Appleton-Century Crofts, Meredith Corporation, New York.

Sheldon & Glueck Eleanor T. 1950 'Unraveling Juvenile Delinquency' Cambridge, Mass, Harward University Press, Cambridge, Mass.

Sheth N.R. 1969 Modernization and the Urban-Rural Gap in India : An Analysis in Sociological Bulletin, Vol. 18, No. 1, March, pp. 1934.

Short James Jr. (ed.) 1971 'The Social Fabric of the Metropolis' The University of Chicago Press, Chicago.

Srinivas M.N. 1974 'The Industrialization and Urbanization' in M.S.A. Rao, Urban Sociology in India (ed.) Orieng Longman. New Delhi.

Srinivas M.N. 1962 Caste in Modern India and other essays; Asia Publishing House, Bombay.

Srinivas M.N. 1966 'Social Change in Modern India' Allied Publishers, Bombay.

Singer, Milton 'The Great Tradion of Hinduism in the city of Madrass in Charles Leslie (ed.) 'Antropology of Folk Religion'.

Singer, Milton 1960 'Religion, Soctety and the Individual; Macmillan Co.

Sjoberg Gideon 1965 'Theory and Research in Urban Sociology in P.M. Hauser and Leo F. Schnore : 'The Study of Urbanization' : John Wiley and Sonc Inc. New York.

Sjoberg ideon 1960 'Comparative Urban Sociology' in R.K. Merton and others (ed.) 'Sociology Today; Problems and Prospect's Basic Books Inc. Publishers, New York.

| | |
|---|---|
| Stonequist Everett H. 1937 | The Marginal Man, Scoibenr. New York. |
| Sutherland, E.H. and Gressey, D.R. 195 | 'Principles of Criminology', New York. |
| Taft. Donard R. and England, Ralph W. (Jr.) 1964 | 'Criminology' The Macmillan Co. New York. |
| Thompson W.S. and Lewis 1965 | 'Population Problems' McGraw-Hill Book Co. Ltd., New York |
| Turner Roy (ed.) 1962 | 'India's Urban Future'; University of California Press, Berkeley. |
| Venetoulis, Ted. and Esenhauer, Ward 1971 | 'Uo Against the Urban Wall', Prentice Hall Inc. Englewood Cliffs, New Jersey. |
| Vidyarthi L.P. 1961 | 'The Sacred Complex in Hindu Gaya'; Asia Publishing House, Bombay. |
| Wadhavan Kran 1987 | 'Housing the urban poor : What can the private sectorn do in Uran India' Vol. 7, July-Dec, 1987. No. 2, A Journal of the National Institute of Urban Affairs, New Delhi, pp. 89-101. |
| Wadhavan Kiran 1987 | 'NCU, Housing Legislation and the Urban Poor' in Negarlok, Vol. 19, No. 4, Oct.-Dec. 1987, pp. 98-111. |
| Wadhavan Kiran 1988 | 'Housing Programmes for urban poor : Shifting Priorities' in EPW Vol. 23, No. 34, August 20, 1988, pp. 1762-1767. |
| Wiebe Paul D. 1975 | 'Social life in an Indian Slum'; Vikas Publishing House Pvt. Ltd., Bombay |
| Wirth Louis 1969 | 'On Cities and Social Life', The University of Chicago Press, Chicago. |
| Wirth Louis 1969 | 'Urbanization as a way of life' in on cities and society', The University of Chicago Press, Chicago. |
| Young Pauline V. 1968 | 'Scientific Social Survey and Research; Prentice Hall of India; New Delhi. |
| Zachariah K.C. 1968 | 'Migrants in Greater Bombay; Asia Publishing House, Bombay. |
| Seminar Papers etc. | The Times of India Directory & Yearbook including who's Who, 1978. The Times of India Press, Ahmedabad. |
| | Towards Delinquency Central National Institute of Social Defence; Ministry of Social Welfare; Govt. of India, New Delhi; 1959. Slums in Surat (Unpublished Report) |

| | |
|---|---|
| | Operational Research Group; Govt. of Gujarat, Ahmedabad, 1973. Urbanization in India and Gujarat: Processes and Problems', Department of Sociology, School of Sciences, Gujarat University, Ahmedabad. |
| | Economic Development and Community Development: Working Papers the Third Asian Regional Co-operation Seminar, 3rd-24th February, 1964; Kuala Lampur, Malayasia; An Event of the international student conference, organized by PKPPTM and COSEC. |
| કાન્હરે ઉષા 1967 | 'સમાજશાસ્ત્ર' (અનુ.) જોન્સબર્ગ : સોસિયોલોજી, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ. |
| શાહ વિમળ અને પટેલ તારા 1978 | સમાજશાસ્ત્રમાં સંશોધન પદ્ધતિઓ અને આંકડાશાસ્ત્રીય પૃથક્કરણ, રચના પ્રકાશન, અમદાવાદ. |
| શાહ વિમલ 1982 | 'ગ્રામ-શહેર આંતરક્રિયાઓ અને સંસ્કૃતિની અસર' (બિન-પ્રકાશિત લેખ) |
| નાયક ટી.બી. 1962 | સામાજિક સંશોધન, ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ. |
| દેસાઈ એ.આર. અને દેસાઈ નીરા 1978 | 'વિકસતાં શહેરો અને ઝુંપડપટ્ટીઓ', આર.આર. શેઠની કંપની, મુંબઈ-2. |
| દેસાઈ એ.આર. અને દેસાઈ નીરા 1967 | 'ભારતીય નગર' (સમાજશાસ્ત્રીય અન્વેષણ) આર.આર. શેઠની કંપની, મુંબઈ-2. |
| દેસાઈ એ.આર. અને દેસાઈ નીરા 1971 | 'ભારતીય જ્ઞાતિ-વ્યવસ્થા', આર.આર. શેઠની કંપની, મુંબઈ-2. |
| પંડ્યા કુલીન | 'અનુકૂલન, મનોવિકૃતિ અને માનસિક સ્વાસ્થ્ય', અનડા પ્રકાશન, અમદાવાદ. |

ડૉ. બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી

# MSO-06
## નગર સમાજશાસ્ત્ર

વિભાગ

# 4

## નગર સમાજશાસ્ત્ર-04


એકમ 8

નગરસમુદાય અને સામાજિક સમસ્યાઓ 05

એકમ 9

શહેરી જમીનના ઉપયોગની તરાહ અને વસવાટની સમસ્યા 72

સંદર્ભ ગ્રંથસૂચિ 86


SM 000151

## નિષ્ણાત સમિતિ

| | |
|---|---|
| ડૉ. આમ્રપાલી મર્ચંટ | વાઈસ ચાન્સેલર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| ડૉ. વિદ્યુત જોષી | ભૂતપૂર્વ વાઈસ ચાન્સેલર, ભાવનગર યુનિવર્સિટી. |
| ડૉ. હેમીક્ષા રાવ | પ્રોફેસર અને અધ્યક્ષ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ. |
| ડૉ. ચંદ્રકાંત ઉપાધ્યાય | નિયામકશ્રી,આદિવાસી સંશોધન અને તાલિમ કેન્દ્ર, ગુજરાત વિદ્યાપીઠ,અમદાવાદ. |

## લેખક

| | |
|---|---|
| ડૉ.હરીશ દોશી | સમાજશાસ્ત્રના નિવૃત પ્રાધ્યાપક અને અધ્યક્ષ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત-395007. |

## પરામર્શક (વિષય)

| | |
|---|---|
| ડૉ.આર.બી. લાલ | નિવૃત પ્રાધ્યાપક તથા અધ્યક્ષ, સમાજ નૃવંશશાસ્ત્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. |

## પરામર્શક (ભાષા)

| | |
|---|---|
| ડૉ.પ્રદીપ જોષી | આચાર્યશ્રી, આર્ટ્સ અને કોમર્સ કોલેજ, વસો. |

## સંપાદન અને સંયોજન

| | |
|---|---|
| ડૉ. આમ્રપાલી મર્ચંટ | કુલપતિશ્રી, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી ડફનાળા,શાહીબાગ,અમદાવાદ - 380 003. |

## સંયોજન સહાય

| | |
|---|---|
| શ્રી.એસ.એચ.બારોટ | મદદનીશ કુલસચિવ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, ડફનાળા, શાહીબાગ,અમદાવાદ - 380 003. |

**પ્રકાશક**

કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,
સરકારી બંગલા નંબર-૯, ડફનાળા, શાહીબાગ, અમદાવાદ - **380 003** ટે.નં. **22869690/91**

**E-mail : baou@sancharnet.in**

© સર્વ હક સ્વાધીન. આ પુસ્તિકાના લખાણ યા તેના કોઈ પણ ભાગને
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદની લેખિત સંમતિ વગર
મિમિયોગ્રાફી દ્વારા યા અન્ય કોઈ પણ રીતે પુનઃમુદ્રિત કરવાની મનાઈ છે.

Printed at : Sudarshan Graphics, Kankaria, Ahmedabad-28.Ph.079-25430560

# એકમ 8 નગરસમુદાય અને સામાજિક સમસ્યાઓ

- ગુના
- બાળ ગુનેગારી
- ભિક્ષાવૃત્તિ
- વેશ્યાવૃત્તિ
- અસ્પૃશ્યતા
- ગંદા વસવાટ
- સમૂહ સંઘર્ષ
- પ્રદૂષણ
- શ્વેત ગુનાઓ
- સીમાન્ત માનવી
- માનસિક રોગિષ્ઠો
- સમાજવિરોધી સંગઠનો

વિશ્વમાં નગરીકરણ ખૂબ ઝડપી ગતિએ વિકસી રહ્યું છે. નગર સમગ્ર સુવિધાઓથી ભરપૂર તથા આકર્ષણ ધરાવે છે. વિશ્વના વિકસિત તથા અવિકસિત બધા જ દેશોમાં આ પ્રક્રિયા ખૂબ ઝડપી થતી જોવા મળે છે. ગુજરાતમાં શહેરીકરણ ખૂબ ઝડપી થાય છે. પ્રાચીન સમયથી જ માનવીનું નગર પ્રત્યેનું આકર્ષણ રહ્યું છે, કારણ કે નગરો માનવીને અનેકવિધ સુવિધાઓ પૂરી પાડે છે. આ અંગે એરિસ્ટોટલે કહ્યું છે કે માણસો સુરક્ષિત અને સારું જીવન જીવી શકે એ આશયથી ગ્રામીણ સમુદાયોથી નગરો અને શહેરોમાં આવે છે. આજે મોટે ભાગે લોકો નગરોમાં મળી આવતી આર્થિક તકોથી આકર્ષાઈને અનેકવિધ મુશ્કેલીઓ હોવા છતાં ગામડાંઓ છોડીને નગરોમાં કાયમી વસવાટ કરવા અર્થે આવે છે. આવા પ્રવાહો વિષે આપણે પ્રકરણ પાંચમાં વિસ્તૃત ચર્ચા કરી છે. આધુનિક ઔદ્યોગિક યુગમાં નગરોની વસ્તીમાં જે પ્રચંડ ગતિથી વધારો થઈ રહ્યો છે તેણે કેટલીક સમસ્યાઓ પણ ઊભી કરી છે. જોન ગેલબ્રેથ તેમના પુસ્તક 'ધી લિબરલ અવર' (The Liberal Hour) માં આધુનિક ઔદ્યોગિક નગરીય સમાજોની બુરાઈઓ તરફ નિર્દેશ કરતાં કહે છે કે અવ્યવસ્થિત અને અસ્થિર રીતે વિકસતા નગરીય સમાજોએ ગંદકી, બાલગુનેગારી અને ગુનાઓ જેવા કેટલાક એવા ગંભીર પ્રશ્નો સર્જ્યા છે કે જે માનવસભ્યતાની આબરૂ અને દરજ્જાને કલંકિત કરે છે. આજે વિકસિત અને વિકસતાં એવાં સર્વ સમાજોનાં શહેરોમાં અનેકાનેક સામાજિક સમસ્યાઓ ઘર કરી બેઠી છે અને કેટલાક વિદ્વાનો તો એવું પણ સ્વીકારવા લાગ્યા છે કે વર્તમાન સમયમાં જોવા મળતી નગરીય સમસ્યાઓ ઝડપી ઔદ્યોગીકરણ તથા નગરીકરણની નહીં ટાળી શકાય એવી બુરાઈઓ છે અને ફક્ત યોગ્ય નગર આયોજન વડે જ તેમની પ્રતિકૂળ અસરોને કાંઈક હળવી બનાવી શકાય તેમ છે.

જુદી જુદી સામાજિક સમસ્યાઓની જેમ નગરીય સામાજિક સમસ્યાઓ પણ શૂન્યાવકાશમાંથી ઉદ્‌ભવતી નથી. એ પણ નગર સમાજમાં પ્રવર્તતી પરિસ્થિતિઓમાંથી જ જન્મે છે. જોકે એવું બની શકે કે નગરસમુદાયમાં જોવા મળતી દરેક દરેક સમસ્યા નગરના સર્વ વર્ગોના લોકોને સરખી રીતે અસર ન પણ કરે. તેમ છતાં વિવિધ સમસ્યાઓની ઉપસ્થિતિ નગરીય વાતાવરણને દૂષિત કરે છે. અને માનવની સુખાકારી તથા આરોગ્યમય જીવનમાં વિક્ષેપ પાડે છે. વળી, નગરસમુદાયોમાં જોવા મળતી ભિન્ન ભિન્ન સમસ્યાઓ તાણાવાણાની માફક એકબીજા સાથે એવી રીતે સંકળાયેલી હોય છે કે તે છેવટે સમસ્ત નગર જીવનનાં સામાજિક, આર્થિક, રાજકીય, વહીવટી અને માનસિક વાતાવરણ માટે જોખમરૂપ થઈ જતી હોય છે.

સામાન્ય રીતે નગરસમુદાયોમાં જોવા મળતી સમસ્યાઓને બે પ્રકારોમાં વહેંચી શકાય છે : એક, તે સામાજિક સમસ્યાઓ કે જે નગરવાસીઓને સુખાકારી અને આરોગ્યમય જીવન માટે ભયરૂપ હોય છે. આવી સમસ્યાઓનાં મૂળ નગરના ઝડપી વિકાસની સાથે જરૂરી માનવીય સગવડોનો વિકાસ નહીં થઈ શકવામાં રહેલાં હોય છે. દા. ત., ગંદા વસવાટો, રહેઠાણોનો અભાવ, અપૂરતી નાગરિક સેવાઓ અને આરોગ્યની સગવડો, હવા અને પાણીનું પ્રદૂષણ, બેરોજગારી, ગરીબી અને પરિવહનની સમસ્યાઓ વગેરેનો સમાવેશ આ પ્રકારની સમસ્યાઓમાં કરી શકાય છે. ઉત્તરોત્તર વસ્તીના વધતા

જતા દબાણને કારણે આ ક્ષેત્રે જે કાંઈ સાધનો અને સગવડો મળી આવે છે તે વધુ ને વધુ બદતર પરિસ્થિતિમાં મુકાઈ જાય છે. અને નગરીય જીવન ભારે મુશ્કેલીઓ તથા હાડમારીઓ ભર્યું થઈ જાય છે. વળી, આ સમસ્યાઓ ધીમે ધીમે એટલી વ્યાપક અને સઘન થઈ જતી હોય છે કે તેમનો તાત્કાલિક ઉપાય શોધી શકાતો નથી. બીજા પ્રકારની નગરીય સમસ્યાઓ તે હોય છે કે જે જીવન, મિલકત અને નીતિમત્તાનાં ધોરણ માટે હાનિકારક હોય છે. આ સમસ્યાઓનાં મૂળ મોટે ભાગે નગરસમુદાયોની વિશાળ, ગીચ અને પચરંગી વસ્તી ધરાવતા વાતાવરણમાંથી ફલિત થતાં નબળાં સામાજિક ધોરણો અને સામાજિક અપરિચિતતા (Anonymity) માં રહેલા હોય છે. ગુનાઓ, બાલ-ગુનેગારી, ઘરફોડ ચોરી, વેશ્યાવૃત્તિ, ભિક્ષાવૃત્તિ, બળાત્કાર, બાળકોની ઉઠાંતરી, વૃદ્ધોના પ્રશ્નો, જુગાર, છૂપી રીતે દારૂ ગાળવાનો ધંધો, વાહનોની ઉઠાંતરી અને ગુનાહિત કૃત્યો કરતાં છૂપાં સંગઠનોમાં કાર્યો વગેરેનો સમાવેશ આ પ્રકારની સમસ્યાઓમાં થાય છે. સામાન્ય રીતે આવા પ્રશ્નોને અટકાવવા તથા તેમનું યોગ્ય નિરાકરણ લાવવા માટે નગર સમુદાયોમાં પોલીસ, છૂપી પોલીસ, કાયદો, ન્યાયાલય અને સમાજસુધારણાની સંસ્થાઓ ઉપરનું અવલંબન વધી જાય છે. નગર માટે કહી શકાય કે એક જ પ્રકારના માણસો સાથે રહી શકાય તેથી ખૂબ બધા અજાણ્યા લોકો એક સાથે રહે છે તથા એકબીજા સાથે પરિચય કેળવવાને પણ પ્રયત્ન કરતા નથી. (urban settlement without neighbourhood) એમ કહી શકાય. ગામની ઉષ્મા કે આપણાપણુ નગરમાં જોવા મળતું નથી.

હવે આપણે ટૂંકમાં નગરસમુદાયોમાં પ્રવર્તતી કેટલીક મુખ્ય સામાજિક સમસ્યાઓની સમજૂતી મેળવીશું.

## ગુના (Crime) :

આજે નગરો અને ખાસ કરીને મહાનગરોમાં કાયદા અને વ્યવસ્થાને સ્પર્શતી સમસ્યાઓમાં ગુના એ બાળગુનેગારોની સમસ્યા એક ગંભીર સ્વરૂપ ધારણ કરતી જાય છે. થોડા વખત અગાઉ અમેરિકાના 36 વર્ષના કોન્ટ્રાક્ટર જહોન ગેસીને શિકાગો શહેરમાં ત્રણ વર્ષ દરમ્યાન 32 જેટલા છોકરાઓ અને યુવાનો પર સજાતીય બળાત્કાર કરી તેમની હત્યા કરી. એ જ રીતે ભારતમાં દિલ્હી ખાતે નૌકાદળના કેપ્ટન શ્રી ચોપરાના સત્તર અને પંદર વર્ષનાં બે માસૂમ બાળકોનાં ધોળે દિવસે થયેલા ખૂને દેશમાં ચર્ચા જગાવેલી. ગુજરાતમાં અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ અને બીજાં નાનાં-મોટાં નગરોમાં પણ ખૂન, બળાત્કાર, ઘરફોડ ચોરી, વાહનોની ઉઠાંતરી અને મારપીટના બનાવોને લગતા સમાચારો રોજેરોજ મળતા રહે છે અને એવાં ગુનાહિત કૃત્યોમાં રોકાયેલી વ્યક્તિઓને શોધવી પોલીસ માટે માથાના દુખાવા જેવી બીના છે. હકીકત તો એવી છે કે મહાનગરોમાં ગુનાનું પ્રમાણ ઘણું ઊંચું છે. પરંતુ બધી ઘટનાઓ પોલીસ દફતરે નોંધાયેલી હોતી નથી તેથી અનેક કિસ્સાઓ વણનોંધાયેલા રહી જાય છે.

ગુનાનો અર્થ : ગુનાની સર્વસ્વીકૃત વ્યાખ્યા આપવી સરળ નથી, કારણ કે સમાજે સમાજે સ્થાનિક માન્યતાઓ અને મૂલ્યો મુજબ ગુનાહિત કૃત્યોની ગણના એકસરખી રીતે કરવામાં આવતી નથી. દા. ત., જાપાનમાં આપઘાત કાનૂની ગુનો ગણાતો નથી, પણ ભારત અને બીજા સમાજોમાં આપઘાત કે આપઘાત કરવાની કોશિશ કાનૂની ગુનો મનાય છે અને તે માટે દંડની વ્યવસ્થા પણ છે. કાયદાની ભાષામાં ગુનો એ કાયદાની અપેક્ષાઓમાંથી વિરુદ્ધ થયેલી વર્તણૂક કે ક્રિયા હોય છે. આવી વર્તણૂક કે ક્રિયા શિક્ષા અને દંડને પાત્ર હોય છે. ધર્મ ગુનાને પાપ તરીકે માને છે. સમાજશાસ્ત્રીઓ વ્યક્તિનું તે વર્તન કે જે સમાજ માટે હાનિકર્તા છે તેને ગુનાહિત વર્તણૂક તરીકે જુએ છે. વળી, કેટલાક સમાજ સ્વીકૃત સામાજિક ધોરણોના ભંગને ગુના તરીકે ઓળખાવે છે. સામાન્ય શબ્દોમાં કહીએ તો દરેક સમાજ તેના સભ્યોના વર્તનને નિયંત્રિત કરવા ચોક્કસ પ્રકારના નિયમો આપે છે. તેમ છતાં કેટલીક વ્યક્તિઓ આવા નિયમોનું ઉલ્લંઘન કરે છે. જ્યાં આ ઉલ્લંઘન રાજ્ય અથવા સરકારના કાયદાઓ દ્વારા શિક્ષાને પાત્ર ઠરે છે, ત્યાં તે ગુનો ગણવામાં આવે છે.

નગરસમુદાયોમાં પ્રવર્તતી અપરિચિતતા, સામાજિક નિયંત્રણના પ્રાથમિક સાધનો અને પારસ્પરિક સંબંધોની નબળાઈ, ધ્યેયો અથવા સ્વાર્થલક્ષી સંબંધો, વસ્તીની ગીચતા તથા પચરંગીપણું વગેરે ગુનાહિત કૃત્યો માટે તુલનાત્મક રીતે વધુ અનુકૂળ પરિસ્થિતિ સર્જે છે. આ અંગે 1967માં અમેરિકાના "નેશનલ એડવાયઝરી કમિશન ઓન સિવિલ ડિસઓર્ડર"ના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે અમેરિકાનાં ઓગણચાલીસ જેટલાં શહેરો 'ગંભીર અવ્યવસ્થા'થી પીડાતાં હતાં, અને ત્યાં લૂંટ, ખૂન, ચોરી, ગોળીબાર અને બીજી અનેક હિંસાત્મક ઘટનાઓની બોલબાલા હતી. એ જ રીતે અમેરિકાની 'ધી નેશનલ કમિશન ઓન ધી કોઝીસ એન્ડ પ્રિવેન્શન ઓફ વાયોલન્સ" પોતાના

અહેવાલમાં ગુના ઉપરના પ્રકરણમાં એવો અભિપ્રાય વ્યક્ત કર્યો છે કે આજે અમેરિકાનાં શહેરોમાં હિંસાત્મક ગુનાઓએ શહેરી વાતાવરણમાં જીવન અને મિલકતનો ગંભીર ભય ઊભો કર્યો છે. બીજા અનેક અભ્યાસો અને કમિશનોના અહેવાલોએ પણ શહેરોમાં વધતી જતી ગુનેગારી અને તેમાંથી સર્જાતા ભય તરફ નિર્દેશ કર્યો છે. આ અંગે લેવિસ મમફર્ડ (Lewis mumford) જણાવે છે કે વર્તમાન શહેરી જીવનનું એક અશુભ લક્ષણ એ છે કે આજે શહેરોમાં રખડતા છોકરાઓની ટોળીઓનો ભય વધી ગયો છે, કારણ કે તેઓ પથ્થરો અને બાટલીઓથી સજ્જ થઈ પોલીસને છેતરે છે, પડકારે છે, બારીઓના કાચ તોડે છે અને ઘરો તથા દુકાનો લૂંટે છે. આ રીતે કાચની બારીઓ તોડવામાં, છરા ભોંકવાનું અને ખૂન કરવાની તીવ્રતા આ આજનાં શહેરોની શેરીઓમાં રહેતા યુવાનોનો જુસ્સો બતાવવાના માર્ગો બની ગયા છે. જોન એડમ્સ પોતાના પુસ્તક "ધી સ્પિરિટ ઓફ યુથ એન્ડ ધી સિટી સ્ટ્રીટ"માં પણ આવી જ વાતો જણાવે છે. ''ફોરચ્યુન'' મેગેઝિને અમેરિકાનાં તેર શહેરોના ત્રણસો નિગ્રોને એવો સવાલ પૂછ્યો કે વ્યક્તિગત રીતે તેમને શહેરની સળગતી સમસ્યાઓ કઈ લાગે છે ? આના જવાબમાં જાણવા મળ્યું કે નોકરી અને કેળવણીને લગતા પ્રશ્નો પછી ગુના, હિંસા અને જીવન તથા મિલકતની અસુરક્ષા વગેરે મોટા ભાગના નિગ્રોને સતાવતી સમસ્યા હતી. વાસ્તવમાં અમેરિકાનાં શહેરોમાં થતા ગુનાઓને લગતા ઉપલબ્ધ આંકડાઓ પણ આ સમસ્યાના ઉત્તરોત્તર વધતા જતા ગંભીર સ્વરૂપ તરફ ધ્યાન ખેંચે છે. અમેરિકામાં થતા ગુનાને લગતા પ્રવાહોને સમજવા અર્થે થયેલા 20 શહેરોના અભ્યાસને આધારે જે તારણો પ્રાપ્ત થયાં તેમનાં કેટલાંક મુખ્ય મુદ્દા નીચે મુજબનાં છે :

1) હિંસાત્મક ગુનાઓ મોટેભાગે શહેરોમાં થાય છે.
2) આવા ગુનાઓ મુખ્યત્વે પુરુષો કરતા હોય છે.
3) તેમાં 25 વર્ષની નીચેના યુવાનોનું વધુ પ્રમાણ જોવા મળે છે.
4) આવા ગુનાઓ મુખ્યત્વે તે લોકો કરે છે કે જેમનો વ્યાવસાયિક દરજ્જો નીચો હોય છે.
5) ગંદા વસવાટો અને પ્રજાતીય કે એથ્નિક કેન્દ્રસ્થીપણું (ethnic concentration) ધરાવતા વિસ્તારો (ghetto) માં આવા ગુનાઓનું વધુ પ્રમાણ હોય છે.

આમ, ઉપરોક્ત તારણો નગર અને શહેરોમાં ગુનાઓની તરાહ સમજાવતા બીજા કેટલાક અભ્યાસોનું સમર્થન કરે છે. ભારતમાં પણ શહેરી સમુદાયોમાં ગુનાની સમસ્યા દિન-પ્રતિદિન જટિલ બનતી જાય છે. ૨૦૦૬ના ભારત તથા ગુજરાતમાં વૃદ્ધજનોની હત્યા લગભગ સરેરાશ રોજ પેપરને પાને ચમકતી જોવા મળે છે.

ભારતની શહેરી પરિસ્થિતિઓના સંદર્ભમાં પણ આ ક્ષેત્રે પ્રવર્તતી પરિસ્થિતિ ચિંતા ઉપજાવે છે. એક બાજુ નગરો અને મહાનગરો બેફામ રીતે વિકસી રહ્યાં છે, અને બીજી બાજુ આર્થિક અને બીજી અનેક હાડમારીઓને કારણે નગરોની કાયદા તથા વ્યવસ્થાને લગતી સ્થિતિ કથળતી જાય છે. આજે ભારતનાં શહેરોમાં વ્યાપેલી ગરીબાઈ, બેકારી, અર્ધબેકારી, રહેઠાણોની સમસ્યા, ઝૂંપડપટ્ટીઓ અને રોજીરોટી માટેની તીવ્ર સ્પર્ધા વ્યક્તિને ધોરણભંગ તરફ દોરી જાય એવી ભયંકર પરિસ્થિતિ સર્જાઈ છે. તેથી જ આજે ભારતના નગરોમાં પણ ખૂન, જીવલેણ હુમલાઓ, ચોરી, લૂંટ-ધાડ, બળાત્કાર, સ્ત્રીઓની છેડતી અને બીજી અનેક સામાજિક બુરાઈઓ સામાન્ય થઈ પડી છે.

ધી ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ પબ્લિક એડમિનિસ્ટ્રેશનના નેજા હેઠળ પી. ડી. ચાવલાએ જે ઉપરોક્ત આઠ શહેરોમાં જોવા મળતા ગુનાઓ ઉપર અભ્યાસ કર્યો છે. તેમણે જણાવ્યું છે કે 1974માં સમસ્ત ભારતમાં 11,50,099 ગુનાઓ નોંધાયા હતા તેમાંથી 1,50,708 ગુનાઓ આ આઠ શહેરોમાં થયા હતા. વળી, 1969થી 1974ના ગાળા દરમ્યાન સમસ્ત ભારતમાં 23.8 ટકા ગુનાઓમાં વધારો નોંધાયો હતો, જ્યારે કે પ્રસ્તુત આઠ શહેરોમાં 42.9 ટકાનો વધારો નોંધાયો હતો. બીજી રીતે કહીએ તો 5 વર્ષના ગાળામાં આ આઠ શહેરોમાં ગુનાના પ્રમાણમાં સમસ્ત દેશ કરતાં બે ગણો વધારો જોવા મળે છે. આ આઠ શહેરોમાં સ્ત્રીઓ ઉપરના બળાત્કારના કિસ્સાઓ પણ વધતા જોવા મળ્યા છે. શહેરોમાં વધતી જતી ગુનાખોરી અને કાયદા તથા વ્યવસ્થાની કથળતી પરિસ્થિતિ તરફ અંગુલિનિર્દેશ કરે છે. હાલના સમય માટે ઉપલબ્ધ આંકડાઓ પણ વધતી જતી ગુનાખોરી માટે ચિંતા ઉપજાવે છે. હકીકતમાં દિલ્હી, મુંબઈ અને કલકત્તા વગેરે શહેરોમાં તો સ્ત્રીઓએ બળાત્કાર કે છેડતીથી કેવી રીતે બચવું તે માટે જનસંચારના સાધનો મારફત ઉપયોગી થાય તેવી સૂચનાઓ અને યોગ્ય યુક્તિઓ શીખવવાના પ્રયાસો પણ શરૂ થયા છે. વળી, કેટલીક એવી સંસ્થાઓ પણ અસ્તિત્વમાં આવવા લાગી છે કે જે બળાત્કારનો ભોગ બનેલ સ્ત્રીઓને સમાજમાં પુનઃસ્થાપના

માટે મદદરૂપ થાય છે અને બળાત્કારનો ભોગ ન બને તે માટે મદદ કરે છે.

દિલ્હીના વર્તમાનપત્ર 'મોર્નિંગ એકો' (Morning Echo) એ પાટનગર દિલ્હી વિષે અનુક્રમે 1977 અને 1978ના જાન્યુઆરી-જુલાઈ સુધીના ગાળા માટે ગુનાંને લગતા જે આંકડાઓ આપ્યા છે તે પણ ચોંકાવનારા છે; આંકડાઓ મુજબ ઉપરોક્ત બે વર્ષોમાં અનુક્રમે ખૂન 103 અને 111; ખૂનના પ્રયાસો 116 અને 150; હુલ્લડો 70 અને 160; ધાડ 8 અને 39; ફોજદારી ધારા હેઠળના ગુનાઓ 4,658 અને 6,246; મોટરવાહનની ચોરીઓ 1,051 અને 1,744; લૂંટ અને ચીલઝડપ 327 અને 583; સાયકલની ચોરી 2730 અને 3782; ચોરીઓ 1443 અને 2,174 અને અન્ય ગુનાઓ 7,448 અને 9,547 નોંધવામાં આવ્યા હતા.

વય અને જાતિવાદીના સંદર્ભમાં પણ શહેરોમાં થતા ગુનાઓ અંગે ચોંકાવનારી વિગતો જાણવા મળે છે. ગુનેગારોનો તુલનાત્મક અભ્યાસ અને સંશોધન કરતી દિલ્હીની બ્યૂરો ઑફ પોલીસ રિસર્ચ ઍન્ડ ડેવલપમેન્ટ નામની સંસ્થાએ પ્રગટ કરેલા અહેવાલ પ્રમાણે 1977માં ભારતમાં ગુનેગારી માટે પકડાયેલી કુલ સ્ત્રીઓમાં 4.4 ટકા સ્ત્રીઓ ફક્ત ખૂનના ગુના માટે પકડાઈ હતી. આ ઉપરથી કહી શકાય છે કે સ્ત્રીઓમાં પણ ગુનાહિત વર્તણૂક હોય છે. આ અહેવાલ વધુમાં એવું પણ જણાવે છે કે 10માંથી 4 સ્ત્રીઓ ગુનેગારોમાં 21 થી 29 વય જૂથની હતી. તે જ રીતે ખૂન કરનારા ગુનાગારો મુખ્યત્વે 30 થી 39 વય જૂથમાં તથા ચોરી અને ઘરફોડચોરી કરનારા પણ 21 થી 40 વર્ષની વયજૂથનાં વધારે હતા. આ સંસ્થાએ દિલ્હી, અલ્હાબાદ, કાનપુર, મથુરા તેમ જ કર્તારપુરની જેલોની એક નમૂનારૂપ મોજણી કરી. આ મોજણી પ્રમાણે 55 ટકા સ્ત્રી-ગુનેગારો શહેરી વિસ્તારમાં રહેનારી; 80 ટકા પરિણીતા અને 96 ટકા નિરક્ષર હતી એટલે કે નિરક્ષર અને ગરીબ સ્ત્રીઓમાં ગુનાહિત વર્તણૂંક વધુ જોવા મળે છે.

આપણે કહી શકીએ કે આજે ભારત અને ગુજરાતનાં શહેરોમાં ગુનાહિત વ્યવહારની સમસ્યા ઉગ્રરૂપ ધારણ કરતી જાય છે. આ પાછળનાં કારણો મુખ્યત્વે આર્થિક અને સામાજિક પરિસ્થિતિઓમાં રહેલાં હોય છે. આ અંગે આપણે અગાઉ નિર્દેશ કર્યો જ છે. પાશ્ચાત્ય દેશોમાં થયેલા અભ્યાસોએ પણ એવું દર્શાવ્યું છે કે ગુના, બાળગુનેગારી, વેશ્યાવૃત્તિ, દારૂ તેમજ કેફી પીણાનું સેવન, આપઘાત અને માનસિક વિકૃતિઓ વગેરે આર્થિક રીતે પછાત અને ગંદા વસવાટોના વિસ્તારોમાં વધુ જોવા મળે છે. અલબત્ત શહેરી યુવાનોમાં જેમણે માત્ર લાંચરૂશ્વતમાંથી પૈસા એકત્ર કર્યા છે તેવાઓમાં પણ ગુના કરવાની હિંમત વધુ જોવા મળે છે. હંટરે (Hunter) કરેલા એક અભ્યાસ મુજબ અમેરિકાનાં શહેરોની 20 ટકા વસ્તી ગંદા વસવાટોમાં રહે છે અને ગુનાઓ માટેની કુલ અટકાયતોમાંની 50 ટકા અટકાયતો આ વસવાટોમાં રહેતા લોકોમાંથી થાય છે. 1969ના મિલવાન્કી (Milwauki) એ કરેલા અભ્યાસ ઉપરથી પણ એવાં જ તારણો પ્રાપ્ત થયાં છે. વળી, વેક્સલેસે જે સમાજોમાં વારંવાર ગુનાઓ થાય છે તેવા સમાજોની ક્યારેક વાર ગુનાઓ થાય છે એવા સમાજો સાથે તુલના કરતાં એવાં તારણો પ્રાપ્ત કર્યાં કે આધુનિક ઔદ્યોગિક અને નગરીય પરિસ્થિતિઓ ધરાવતા સમાજોમાં ગુનાઓનું પ્રમાણ ઘણું ઊંચું હોય છે. બીજા શબ્દોમાં જે સમાજોની લાક્ષણિકતાઓમાં બાહ્ય સમાજો સાથેના સંપર્કો, સામાજિક ગતિશીલતા અને પરિવર્તન, વસ્તીની ગીચતા અને તેનું પચરંગીપણું, વર્ગો અને જૂથોમાં તીવ્ર વિષમતા અને વિવિધ પ્રકારનાં ધોરણો વચ્ચેના સંઘર્ષ વગેરેનું ઊંચું પ્રમાણ હોય છે ત્યાં તુલનાત્મક રીતે ગુનાઓનું પ્રમાણ પણ ઘણું ઊંચું હોય છે. આ પરિસ્થિતિઓ ગ્રામીણ સમુદાયોની તુલનામાં નગરસમુદાયો અને ખાસ કરીને મહાનગરોમાં સ્પષ્ટ રીતે મળી આવે છે.

માર્શલ ક્લિનાર્ડ (Marshall Clinard) પણ શહેરી વાતાવરણમાં મળી આવતી પરિસ્થિતિઓને ગુનાઓના ઊંચા દર માટે જવાબદાર ગણાવે છે. તેમના મતે શહેરીસમુદાયોનાં વિશિષ્ટ લક્ષણો જેવાં કે ઊંચી ગતિશીલતા, વ્યક્તિ નિરપેક્ષ સંબંધો, સામાજિક સાંસ્કૃતિક વૈવિધ્ય ધરાવતાં મકાનો, સંગઠિત ગુનાહિત સંસ્કૃતિ, સામુદાયિક ભાવનાનો અભાવ અને નબળાં સામાજિક ધોરણો વગેરે ગુનાહિત કૃત્યો તરફ દોરી જાય છે. સધરલેન્ડ અને મેકન્ઝીએ 'ડિફરન્શિયલ એસોસિએશન'ની ધારણાના સંદર્ભમાં એવું જણાવ્યું છે કે ગુનાહિત વૃત્તિ 'તકો' (opportunities) મારફતે શીખવેલ બાબત હોય છે અને આવી તકો શહેરોમાં સારી રીતે મળી જાય છે. ભારતમાં શહેરોમાં બનતા ગુનાઓના વ્યવસ્થિત અભ્યાસ તરફ પૂરતું ધ્યાન અપાયું નથી તે એક હકીકત છે. આથી ગુનાઓ માટે ચોક્કસ કારણો દર્શાવતાં સંશોધનો મળી આવતાં નથી. છતાં એક હકીકત સ્પષ્ટ છે કે શહેરોમાં ઉત્તરોત્તર વિવિધ પ્રકારના ગુનાઓ વધતા જ જાય છે. હવે આપણે ટૂંકમાં બાળ-ગુનેગારી અંગેની સમજૂતી મેળવીશું.

## બાળ-ગુનેગારી (Juvenile Delniquency) :

નગર એટલે અપરિચિતોનો મેળો છે. મૂળ ગ્રામીણ સમાજમાંથી વ્યવસાય, નોકરી કે ધંધાર્થે શહેરમાં આવીને વસતાં લોકો એક સાથે રહે છે. આ માનવ જથ્થો એકબીજાને ઓળખતો નથી. ગામમાં ગરીબ કે પૈસાદાર બન્ને હવા, પાણી તથા પર્યાવરણ સમાન ભોગવે છે પણ નગરમાં વિપરીત પરિસ્થિતિ છે. બાળગુનેગારી એ પણ નગરની વિશિષ્ટ સમસ્યા છે. આધુનિક શહેરી સમાજોમાં બાળ-ગુનેગારી કે બાળ-અપરાધ પણ એક ગંભીર સમસ્યા છે. પુખ્તવયની વ્યક્તિ દ્વારા કરવામાં આવતા ગુનાઓની જેમ બાળ-ગુનાઓને કારણે પણ સમાજને ભારે નુકસાન થાય છે. હકીકતમાં જે વયે બાળકોએ સમાજમાન્ય ધ્યેયો અને મૂલ્યો મુજબ વર્તવાની યોગ્યતા કેળવવાના પ્રયાસો કરવા જોઈએ તે વયે તે સમાજવિરોધી બાબતોમાં પરોવાઈ જાય છે. તેથી સમાજને કાયમને માટે નુકસાન થાય છે તેમજ સમાજવ્યવસ્થાની પ્રગતિ ભયમાં મુકાય છે. ગ્રામીણ સમુદાયોની તુલનામાં શહેરી સમુદાયોમાં પ્રવર્તતી વાસ્તવિક પરિસ્થિતિઓ બાળ-ગુનેગારી માટે પણ અનુકૂળ તકો પૂરી પાડે છે. તેથી શહેરીસમુદાયોમાં આ સમસ્યા વધુ પ્રમાણમાં જોવા મળે છે. જોકે ક્લિફોર્ડ શો (Ciffordе Shaw). એન્ડરસન (Andesron). બર્ગેસ વગેરેના અભ્યાસો એવું દર્શાવે છે કે બાળગુનેગારી જે તે શહેર કે નગરના સર્વ વિસ્તારોમાં સરખી રીતે ફેલાયેલી હોતી નથી. આ વિદ્વાનોના અભ્યાસો એવું દર્શાવે છે કે શહેરના મધ્યવર્તી વિસ્તાર અને ઝૂંપડપટ્ટીઓ બાળગુનેગારીના કેન્દ્રસ્થાનો હોય છે. જેમ જેમ શહેરનાં કેન્દ્રસ્થાનો અને ઝૂંપડપટ્ટીઓથી દૂર થતા જઈએ તેમ તેમ બાળગુનેગારીનું પ્રમાણ ઘટતું જાય છે. વળી, શહેરના જે વિસ્તારોમાં ગુનેગારીનો દર ઊંચો હોય છે તે વિસ્તારોમાં બાળગુનેગારીનો દર પણ ઊંચો રહે છે.

બાળ-ગુનેગારી એ એક જટિલ સામાજિક સમસ્યા છે. કારણ કે તેના માટે અનેક પરિબળો જવાબદાર હોય છે. આમાં બાળઉછેર અને સામાજીકરણની પ્રક્રિયા દ્વારા બાળકો પ્રત્યે અપનાવાતા વલણથી માંડીને શહેરસમુદાયની વાસ્તવિક પરિસ્થિતિઓ વગેરેનો સમાવેશ થઈ જાય છે. તેથી જ આ સમસ્યા આધુનિક ઔદ્યોગિક અને નગરીય સમાજોમાં અને ખાસ કરીને મહાનગરોમાં વ્યાપક પ્રમાણમાં જોવા મળે છે. વળી, સમાજે -સમાજે બાળ-ગુનેગારીના વ્યાખ્યામાં તફાવત હોવાથી પણ આ સમસ્યાની જટિલતામાં ઉમેરો થાય છે. દા. ત., ફેરોમાં બાળકો ધુમ્રપાન કરે કે શેરીઓમાંથી સિગારેટનાં ઠૂંઠા એકઠાં કરે તો તે પણ બાળગુનો મનાય છે. લાગોસ અને નાઈજેરિયામાં બાળક કુટુંબના આદેશોને ન માને તો તે બાળ-ગુનો મનાય છે. આ રીતે હોંગકોંગમાં લાયસન્સ વગર ફેરિયા તરીકે ફરનાર બાળક ગુનેગાર ગણાય છે. મેટ્રોપોલિટન ટોરાન્ટોમાં ઝાડ ઉપર ચઢનાર બાળક પણ ગુનેગાર ગણાય છે. આમ, બાળ-ગુનેગારીની વ્યાખ્યામાં સમાજે સમાજે તફાવત જોવા મળે છે. આ અંગે સીરીલ બર્ટન કહે છે કે જ્યારે બાળક સામે કાનૂની પગલાં લેવાનું યોગ્ય બને તેટલી ગંભીર કક્ષાએ તેનું વર્તન પહોંચે ત્યારે તેને બાળ-ગુનેગારી કહેવાય છે. વિલિયમ શેલ્ડનના શબ્દોમાં જ્યારે બાળક અપેક્ષાઓથી વધુ નિરાશાજનક વર્તણૂક દાખવે ત્યારે તેને બાળ-ગુનેગારી તરીકે ઓળખવામાં આવે છે. અમેરિકાની 'નેશનલ પ્રોબેશન એસોસિએશન સંસ્થાએ બાળ-ગુનેગારીના વ્યાખ્યામાં નીચે મુજબના મુદ્દાઓનો સમાવેશ કર્યો છે :

1) એ બાળક જે રાજ્યના કાયદાનો ભંગ કરે છે.

2) જે રખડેલ અથવા ભટકેલ બની જઈ વારંવાર નિયમોનો અનાદર કરે છે તેમ જ જે તેનાં માતા-પિતા અથવા વાલીઓના નિયંત્રણ હેઠળ રહેતો નથી.

3) જે વારંવાર શાળા અથવા ઘરેથી નાસી જાય છે.

4) જેનું વર્તન હંમેશાં તેની પોતાના કે બીજાની નીતિમત્તા અથવા આરોગ્યને હાનિકારક હોય છે.

માઉરર (Maurer) બાળ-ગુનેગારની વ્યાખ્યા આપતાં કહે છે કે 'એ બાળક જે સમાજનો સભ્ય છે તેની રૂઢિઓનો જાણીબૂઝીને, ઈરાદાપૂર્વક ભંગ કરે છે." રાષ્ટ્રસંઘની સમિતિએ બાળ-ગુનેગારીનો અર્થ સમજાવતાં જણાવ્યું છે કે બાળ-ગુનેગારીમાં બાળકો દ્વારા થતા ફોજદારી કાયદાઓનું ઉલ્લંઘન, નાનાં સ્વીકૃત વર્તનનું ઉલ્લંઘન તેમ જ સ્થાનિક ઉલ્લંઘન વગેરેનો સમાવેશ થાય છે.

બાળ-ગુનેગારોમાં કઈ વયનાં બાળકોને ગણવામાં આવે તે વિષે પણ સમાજે સમાજે તફાવત પ્રવર્તે છે. પહેલાં અમેરિકામાં 7 વર્ષ, ઈઝરાયલમાં 9 વર્ષ, બ્રિટનમાં 10 વર્ષ, ગ્રીસમાં 12 વર્ષ. ફ્રાંસમાં અને પોલેન્ડમાં 13 વર્ષ. ફેડરલ રિપબ્લિક ઓફ જર્મની, ઈટાલી, નોર્વે, સ્વીટ્ઝરલેન્ડ અને યુગોસ્લોવિયામાં 14 વર્ષની વયનાં બાળકોને બાળ-ગુનેગાર તરીકે ઓળખાવાયાં છે. ભારતમાં

પણ બાળ-અપરાધીની વય પરત્વે જુદાં જુદાં રાજ્યોમાં કાંઈક તફાવત જોવા મળે છે. ભારતમાં 1960નો ચિલ્ડ્રન એક્ટ રાજ્ય સરકારો તથા કેન્દ્રશાસિત પ્રદેશોને બાળ-ગુનેગાર નક્કી કરવા એક માર્ગદર્શક પ્રતિમાન પૂરો પાડે છે. આ માર્ગદર્શક પ્રતિમાનને ધ્યાનમાં રાખીને જુદાં જુદાં રાજ્યોએ બાળ-અપરાધીને લગતી વય અને કાનૂની કાર્યવાહી માટે આનુષંગિક કાયદાઓ બનાવ્યા છે. આવા કાયદાઓ મુજબ કેન્દ્રશાસિત પ્રદેશોમાં 16 વર્ષની વયનો છોકરો અને 18 વર્ષની વયની છોકરી સગીર ગણાય છે. ગુજરાત અને મહારાષ્ટ્રમાં 16 વર્ષની વયનો છોકરો કે છોકરી સગીર ગણાય છે. મધ્યપ્રદેશમાં 18 વર્ષની વય સુધીનો છોકરો કે છોકરી સગીર ગણાય છે. આમ, ભારતનાં જુદાં જુદાં રાજ્યોમાં બાળ-ગુનેગાર નક્કી કરવા માટે વયની બાબતમાં ભિન્નતા જોવા મળે છે. તેમ છતાં બાળ-અપરાધી પ્રત્યેના અભિગમમાં સમરૂપતા હોય છે. એટલે કે બાળઅપરાધી પ્રત્યેના સહાનુભૂતિપૂર્ણ અને સુધારાત્મક અભિગમ હેઠળ, સર્વ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં, બાળ-ગુનેગારો વિરુદ્ધ કાનૂની કાર્યવાહી વખતે તેમની કુમળી વય, માનસિક અપરિપક્વતા તથા ભાવનાત્મક સંરક્ષણની એમની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને પુખ્તવયના અપરાધીઓ કરતાં તદ્દન ભિન્ન પ્રકારની કાર્યવાહી થાય છે. આ અર્થમાં ભારતમાં બાળ-અપરાધીઓ પરત્વેનો કાનૂની અભિગમ વ્યવહારુ છે તેમ કહી શકાય.

ભારતમાં આધુનિક સમયમાં ઔદ્યોગિક અને નગરીકરણના ઝડપી વિકાસ સાથે બાળ-ગુનેગારીની સમસ્યા પણ ગંભીર સ્વરૂપ ધારણ કરતી જાય છે.

સામાન્ય રીતે શહેરોમાં બાળ-ગુનેગારો ગંદા વસવાટો અને ઝૂંપડપટ્ટીઓમાં કેન્દ્રિત થયેલા હોય છે. ઘણી વખતે આવા વિસ્તારોમાં બીજી કેટલીક ગુનાહિત પ્રવૃત્તિઓ થતી જ હોય છે. તેથી બાળકોના કુમળા માનસ ઉપર તેની પ્રતિકૂળ અસર પડે છે અને બાળક નાની વયે પણ ગુનાહિત કૃત્યો તરફ દોરાઈ જાય છે. અમેરિકાનાં શહેરોમાં શૉ અને મૅકી (shaw and Mickay) ના અભ્યાસોએ તો એવું પણ દર્શાવ્યું છે કે એવા વિસ્તારોમાં બાળ-ગુનેગારોની વૃત્તિને અટકાવવા માટે કૌટુંબિક સ્તરે પણ જરૂરી પ્રયાસો થતા નથી. પરંતુ તેને પ્રોત્સાહન મળે તેવું વાતાવરણ પ્રવર્તતું હોય છે. ત્યાંના શહેરોમાં નીચે મુજબની લાક્ષણિક્તાઓ ધરાવતા વિસ્તારોમાં બાળ-ગુનેગારીનું પ્રમાણ ઊંચું જોવા મળે છે.

1) જે વિસ્તારોની ભૌતિક પરિસ્થિતિઓ બદતર હાલતમાં હોય છે.

2) જે વિસ્તારો આર્થિક રીતે પરાશ્રિત હોય છે.

3) જ્યાંની વસ્તી ઝડપથી વધતી હોય છે અગર ઘટતી હોય છે.

4) જ્યાં નિગ્રો અને પરદેશી લોકોનું ઊંચું કેન્દ્રીકરણ થયેલું હોય છે.

(5) જુદાં જુદાં સાંસ્કૃતિક સમૂહોની આવન-જાવન વધુ હોય છે.

6) પડોશ વિઘટિત સ્વરૂપનું હોય છે.

7) જ્યાં ગુનાઓનો ઊંચો દર અને ગુનેગારોનું વ્યાપક પ્રમાણમાં કેન્દ્રીકરણ થયેલું હોય છે.

ભારતીય નગરોમાં જુદા જુદા વિસ્તારોની પરિસ્થિતિકીય લાક્ષણિક્તાઓના સંદર્ભમાં બાળ-ગુનેગારીના નોંધપાત્ર અભ્યાસો થયા નથી તે એક કમનસીબી છે. આ ક્ષેત્રે સમાજશાસ્ત્રીએ હૈદરાબાદમાં બાળ-ગુનેગારનું શહેરમાં વિસ્તરણ અને જે જે વિસ્તારોમાં બાળ-ગુનેગારો મળી આવ્યા હતા તે વિસ્તારોની સામાજિક-આર્થિક પૃષ્ઠભૂમિ તપાસવાનો પ્રયાસ કર્યો છે. તેમણે અભ્યાસ કરેલા 201 બાળગુનેગારોમાંથી 187 છોકરાઓ હતા અને 14 છોકરીઓ હતી. વયની દૃષ્ટિએ 59 ટકા બાળ-ગુનેગારો 11 થી 14 વર્ષની વયના હતા. વળી, આશરે 95 ટકા બાળ-ગુનેગારો એવા હતા કે જેઓ પ્રાથમિક સ્તર સુધી પણ ભણેલા ન હતાં. તે ઉપરાંત મોટા ભાગના બાળ-ગુનેગારોની કૌટુંબિક માસિક આવક 200 રૂપિયાથી પણ ઓછી હતી અને 65 ટકા જેટલાં કુટુંબો ભાડાના મકાનમાં રહેતાં હતાં. આ અભ્યાસના આધારે જાણવા મળે છે કે મોટા ભાગના બાળ-ગુનેગારો નિમ્ન જ્ઞાતિ અને નિમ્ન વર્ગનાં કુટુંબોમાંથી આવે છે અને એવાં કૌટુંબિક નિયંત્રણના અભાવના કારણે શહેરમાં રખડતાં-ફરતાં હોય છે. આ ગુનેગારો ખાસ કરીને ચોરી અને બીજા આર્થિક ગુનાઓ કરતા હોય છે. કેટલાક બાળ-ગુનેગારો ખિસ્સાકાતરુ તરીકે પણ કામ કરતાં હોય છે.

હૈદરાબાદ શહેરના જુદા જુદા વિસ્તારોમાં બાળ-ગુનેગારોના વિસ્તરણની તરાહ સમજાવતાં સમાજશાસ્ત્રી કહે છે કે શહેરના મધ્ય અગર કેન્દ્રીય વિસ્તારમાં શ્રીમંત અને ઊંચા વર્ગના લોકોનાં રહેઠાણો આવેલાં છે. જોકે હાલમાં કેટલાક સમૃદ્ધ લોકો પરા વિસ્તારોમાં રહેવા જવા લાગ્યા છે. મધ્યમ વર્ગના લોકો પણ મોટે ભાગે જૂના વિસ્તારોમાં જ રહે છે. તે ઉપરાંત ગંદા વસવાટો અને

ઝૂંપડપટ્ટીઓ શહેરના જૂના વિસ્તારોમાં તો છે જ પણ શહેરના નવા વિસ્તારો અને પરાંઓની આસપાસ પણ જોવા મળે છે. આવી પરિસ્થિતિમાં હૈદરાબાદમાં ગંદા વસવાટો બે શ્રેણીઓમાં વહેંચી શકાય છે : (1) ચાલી જેવા ગંદા વસવાટો અને (2) ઝૂંપડપટ્ટીઓના ગંદા વસવાટો. આ પ્રકારના ગંદા વસવાટો મુંબઈ, કલકત્તા, અમદાવાદ, દિલ્હી, વડોદરા, સુરત અને ભારતનાં બીજાં નગરોમાં પણ મળે છે. નગરોની એવી પરિસ્થિતિકીય બાંધણીમાં બાળ-ગુનેગારોનું વિસ્તરણ પણ રહેઠાણોને અનુરૂપ જ જોવા મળે છે. દા. ત., હૈદરાબાદના અભ્યાસમાં એવું જાણવા મળ્યું કે 201 બાળ-ગુનેગારોમાંથી જે 179 બાળ-ગુનેગારોનાં સરનામાં જાણી શકાયાં હતાં તેમાંના 174 બાળ-ગુનેગારો ગંદાવસવાટો અને પછાત વિસ્તારોમાં રહેતા હતા. જે વિસ્તારોમાં મધ્યમ અગર ઉચ્ચ વર્ગના લોકો રહેતા હતા ત્યાંથી પ્રસ્તુત અભ્યાસ હેઠળ આવેલા બાળ-ગુનેગારોમાંનો એક પણ બાળ-ગુનેગાર આવ્યો ન હતો. જે વિસ્તારો શહેરના મધ્ય-વિસ્તાર અને સીમાવર્તી વિસ્તાર વચ્ચે આવતા હતા ત્યાંથી ખૂબ ઓછી સંખ્યામાં બાળગુનેગારો આવ્યા હતા. તદઉપરાંત હૈદરાબાદ શહેરના જ વૉર્ડમાંથી સૌથી વધુ બાળ-ગુનેગારો આવ્યા હતા તેની લાક્ષણિક્તાઓ નીચે મુજબ બતાવી છે :

1) આ વૉર્ડમાં હૈદરાબાદના બીજા કોઈપણ વૉર્ડ કરતાં વધુ ગંદા વસવાટો હતા. હકીકતમાં આ વૉર્ડમાં 40 ગંદા વસવાટો અને ઝૂંપડપટ્ટીઓ હતી.

2) આ વૉર્ડમાં સૌથી વધુ ઔદ્યોગિક એકમો એટલે કે કારખાનાંઓ તથા ફેક્ટરીઓ આવેલી હતી.

3) શહેરની આશરે 30 ટકા જેટલી મજૂરી વસ્તી આ વૉર્ડમાં રહેતી હતી.

4) આ વૉર્ડમાં કેટલાક એવા વિસ્તારો છે કે જ્યાં મોટે ભાગે નિમ્ન જ્ઞાતિઓનાં કુટુંબો રહે છે.

આ ઉપરાંત શહેરના સીમાવર્તી વિસ્તારમાં આવેલા પછાત વૉર્ડમાં પણ બાળ-ગુનેગારોનું પ્રમાણ જોવા મળ્યું હતું. આ ઉપરથી હૈદરાબાદ શહેરમાં પણ રહેઠાણોના વિસ્તારના પ્રકારને અનુરૂપ બાળ-ગુનેગારોનું પ્રમાણ દેખાઈ આવે છે. સમાજશાસ્ત્રી કહે છે કે નગરના મધ્યવર્તી ભાગથી જેમ જેમ અંતર ઓછું થતું જાય છે તેમ તેમ બાળ-ગુનેગારોની સંખ્યા પણ ઘટતી જાય છે. તેઓ આ જ જાતનું તારણ સિકન્દરાબાદ શહેર વિષે પણ આપે છે. વળી, હૈદરાબાદ શહેરનાં રહેઠાણોને કેન્દ્રીય મધ્યસ્થ અને સીમાવર્તી એવા ત્રણ વિસ્તારોમાં વર્ગીકૃત કરવાથી તેમને એવું જાણવા મળ્યું કે 23 ટકા બાળ-ગુનેગારો કેન્દ્રીય વિસ્તારમાંથી આવ્યા હતા, જ્યારે કે બાકીના 77 ટકા બાળ-ગુનેગારો મધ્યસ્થ અને સીમાવર્તી વિસ્તારોથી આવ્યા હતા. ટૂંકમાં, હૈદરાબાદમાં બાળ-ગુનેગારોનાં અભ્યાસને આધારે જે તારણો પ્રાપ્ત થયાં છે તે નીચે મુજબ રજૂ કરી શકાય છે :

1) વિશ્વનાં અન્ય સમાજોનાં નગરોની જેમ હૈદરાબાદમાં પણ મોટા ભાગના બાળ-ગુનેગારો ગરીબ અને આર્થિક રીતે પછાત કુટુંબોમાંથી આવે છે.

2) હૈદરાબાદ શહેરમાં બાળ-ગુનેગારોનું વિસ્તરણ સામાજિક વર્ગોનાં રહેઠાણોને અનુરૂપ જોવા મળે છે, એટલે કે ગંદા વસવાટો અને ઝૂંપડપટ્ટીઓમાંથી આશરે 90 ટકા જેટલા બાળ-ગુનેગારોનું પ્રમાણ વધતું જાય છે.

3) સામાન્ય રીતે નગરના કેન્દ્રીય વિસ્તારથી જેમ જેમ દૂર થતા જઈએ તેમ તેમ બાળ-ગુનેગારોનું પ્રમાણ વધતું જાય છે.

બાળ-ગુનેગારોને લગતા ઉપરોક્ત પ્રકારના બીજા ખાસ અભ્યાસો થયા નથી. તેથી આ અંગે ચોક્કસ ખાતરીપૂર્વક કહેવું કે ભારતનાં અન્ય નગરો વિષે પણ આ અભ્યાસ ઉપરથી પ્રાપ્ત થયેલાં તારણો લાગુ થાય છે તે યોગ્ય લેખાશે નહીં. તેમ છતાં કાનપુર અને લખનૌ શહેરમાં થયેલા અભ્યાસોને આધારે પણ એવાં જ તારણો પ્રાપ્ત થયાં છે. સુમિત્રા પાઠકે આગ્રા અને ઈન્દોરમાં બાળ-ગુનેગારોના અભ્યાસને આધારે જણાવ્યું કે 46.7 ટકા બાળ-ગુનેગારો સામાજિક અને ભૌતિક રીતે ખરાબ ગણાતા એવા ગંદા વસવાટોમાંથી આવ્યા'હતા. ભારતનાં બીજાં શહેરો અને નગરોની સામાન્ય પરિસ્થિતિઓ પણ આ શહેરોને મળતી આવે છે. તે જોતાં ત્યાં પણ ગંદા, પછાત અને ઝૂંપડપટ્ટીઓના વિસ્તારોમાં તુલનાત્મક રીતે બાળ-ગુનેગારોનું પ્રમાણ વધારે હોય છે એટલું ચોક્કસપણે કહી શકાય છે.

અમેરિકાની પરિસ્થિતિઓના સંદર્ભમાં 'ધી પ્રેસિડન્ટ્સ કમિશન ઑન લૉ ઈન્ફોર્સમેન્ટ એન્ડ એડમિનિસ્ટ્રેશન ઑફ જસ્ટિસ'ના અહેવાલને આધારે પ્રાપ્ત થયેલાં તારણો પણ શહેરોમાં બાળ-ગુનેગારોને સ્પર્શતી કેટલીક હકીકતો સમજવામાં મદદરૂપ થાય છે. આ અહેવાલનાં તારણોમાંના કેટલાંક મહત્ત્વનાં તારણો નીચે મુજબનાં છે :

1) બાળ-ગુનેગારીનું કેન્દ્રસ્થાન મોટાં શહેરો હોય છે અને જેમ જેમ શહેરમાંથી પરાં અને ગામડાંમાં જતા જઈએ તેમ તેમ બાળ-ગુનેગારીમાં ઘટાડો જોવા મળે છે.

2) જે બાળકો ભગ્ન કુટુંબમાંથી આવતાં હોય છે તેમનામાં બાળ ગુનેગારીનું પ્રમાણ તુલનાત્મક રીતે વધારો જોવા મળે છે.

3) બાળ-ગુનેગારો શાળામાં ઘણા પાછળ હોય છે અને તેમનો નંબર બીજાઓ કરતાં પાછળ હોય છે.

4) બાળ-ગુનેગારો આર્થિક અને સામાજિક રીતે પછાત કુટુંબોમાંથી આવતા હોય છે. સામાન્ય રીતે શહેરોના ગંદા વસવાટો અને ગીચ વસ્તી ધરાવતા વિસ્તારોમાં બાળ-ગુનેગારો વધુ કેન્દ્રિત હોય છે.

આમ, ઉપરોક્ત સમસ્ત ચર્ચાને આધારે કહીએ તો બાળ-ગુનેગારી શહેરી સમુદાયોની સામાજિક-આર્થિક પરિસ્થિતિઓમાંથી વિકાસ પામે છે. આવી વર્તણૂંક હેઠળ બાળકો જે અપરાધો કરે છે તેમાં એવાં ધોરણભંગો અને બૂરા કૃત્યો આવી જાય છે કે જે જો પુખ્તવયની વ્યક્તિઓ દ્વારા કરવામાં આવે તો ફોજદારી ગુના ગણાય છે અને આવા અપરાધીને દંડસંહિતા હેઠળ યથાયોગ્ય શિક્ષા પણ કરવામાં આવે છે. આ ઉપરાંત બાળ-ગુનાઓની શ્રેણીમાં ધૂમ્રપાન, દારૂનું વ્યસન, સગીરવયે મોટર તથા સ્કૂટર ચલાવવું, સ્કૂલમાંથી ભાગી જવું, માતા-પિતાના અંકુશોથી છટકી જઈ રખડેલ બનવું વગેરે પણ આવી જાય છે. આજે બાળ-ગુનેગારને તેના ગુના બદલ કાનૂની કાર્યવાહી વખતે તેમ જ ત્યાર પછી વિશેષ સંરક્ષણ અપાય છે અને સમસ્ત કાર્યવાહી દરમ્યાન તેના ઉપર વિપરીત માનસિક અસર ન થાય તેની ખાસ કાળજી લેવાય છે.

ભારતમાં બાળ-અપરાધીની સુધારણા માટે કામ કરતી સંસ્થાઓમાં બાળ ન્યાયાલય, બાળ-જેલ, રિમાન્ડ હોમ, માન્યશાળાઓ,શાળાઓ અને બીજી કેટલીક બાળ-કલ્યાણની સેવા સંસ્થાઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત શહેરીસમુદાયોમાં કાયદા તથા વ્યવસ્થાની જાળવણી અર્થે પોલીસતંત્ર અત્યંત મહત્ત્વની ભૂમિકા ભજવે છે. પ્રકરણ સાતમાં આપણે જોયું કે શહેરોમાં પોલીસો ગુનેગારને શોધીને અદાલત સમક્ષ રજૂ કરવાની જવાબદારી ભજવવા ઉપરાંત ગુનાઓને અટકાવવા માટેની ફરજો પણ બજાવતા હોય છે. પરંતુ તેમને બાળ-ગુનેગારો સાથે યોગ્ય વર્તણૂકની તાલીમ અપાય તે જરૂરી છે. સૌ પ્રથમ ઈ. સ. 1965માં સેન્ટ્રલ બ્યૂરો ઑફ ઈન્વેસ્ટિગેશન (C.B.I.) ના આશ્રયે 'બાળ-ગુનેગારી અને પોલીસની ભૂમિકા' એ વિષય-ઉપર એક પરિસંવાદ યોજવામાં આવ્યો હતો. આ બાદ ૨૦૦૬ સુધી આમાં સતત સુધારા થયેલ જોવા મળે છે.આ પરિસંવાદમાં ભારત સરકારને આ અંગે કેટલીક ભલામણો કરવામાં આવી હતી. તેમાંની કેટલીક અગત્યની ભલામણો નીચે પ્રમાણેની છે.

1) પોલીસે બાળ-ગુનેગારી અટકાવવા માટે રચનાત્મક ભૂમિકા ભજવવી જોઈએ. પરંતુ પોલીસ આ નવી ભૂમિકા લે તે પહેલાં તેમને બાળ-ગુનેગારો સાથે કેવી રીતે વર્તાવ થવો જોઈએ તેની સંપૂર્ણ અને અર્થપૂર્ણ તાલીમ અપાવવી જોઈએ. ખાસ કરીને પોલીસતંત્રમાં નીચલી પાયરીમાં આવતાં પોલીસોને એની તાલીમ આપવાની કાળજી લેવી જોઈએ, કારણ કે તેઓ બાળ-ગુનેગારોના સંપર્કમાં વધુ આવે છે.

2) જે વિસ્તારોમાં બાળ-ગુનેગારીનું પ્રમાણ વધું ઊંચું હોય તેવા વિસ્તારો માટે પોલીસદળનાં ખાસ ઘટક શરૂ કરવો જોઈએ. એવા ઘટક વડે જે વિસ્તારમાં બાળકોને યોગ્ય સંરક્ષણ મળી શકે તે માટેના ખાસ પ્રયત્નો થવા જોઈએ. વળી, પોલીસોએ બાળકોના મનોરંજન કાર્યક્રમોમાં ભાગ લેવો જોઈએ.

3) બાળકો સાથે સંકળાયેલી કાયદાકીય સંસ્થાઓ અને અન્ય સામાજિક સંસ્થાઓ વચ્ચે અર્થપૂર્ણ અને અસરકારક સંકલન હોવું જોઈએ. પોલીસ વિભાગે બાળ-ગુનેગારોના વિસ્તારોનો અભ્યાસ કરી બાળ-ગુનેગારી માટેનાં જવાબદાર કારણો તથા નિરાકરણો શોધવાં જોઈએ. વળી, પોલીસ વિભાગે જરૂરી તકેદારી રાખવાના આશયથી શાળાઓ, શિક્ષકો, માતા-પિતા અને સામાજિક સંસ્થાઓ જોડે સંપર્ક રાખીને તેમનો સહકાર હાંસલ કરવો જોઈએ.

4) સુધારણાની સંસ્થાઓમાંથી છૂટા કરાયેલાં બાળકોનું સમાજમાં યોગ્ય રીતે પુનઃસ્થાપન થાય તે માટે પોલીસ વિભાગે ખાસ પ્રયાસો કરવા જોઈએ.

5) પોલીસોએ એવા ગુનેગારો શોધી કાઢવા જોઈએ કે જે બાળકોનું પોતાના સ્વાર્થ માટે શોષણ કરીને તેમને બાળ-ગુનેગારી કરવાની ફરજ પાડે છે.

6) પોલીસોએ બિનજરૂરી અટકાયતમાંથી બાળકોને વહેલાં છૂટાં કરી શકાય તે માટે જમાનત અથવા સાક્ષીઓ વગેરે બનતી ત્વરાએ મળી આવે તે માટેના પ્રયત્નો કરવા જોઈએ.

7) બાળ-ગુનેગારી ન થાય તે આશયથી પોલીસ વિભાગે ખાસ તકેદારી રાખવી જોઈએ. તે માટે તેમણે જે તે સમુદાય અને વિસ્તારના લોકોને બાળ-ગુનેગારીની સમસ્યા તરફ જાગૃત કરવા જોઈએ. ઉપરોક્ત ભલામણો બાળ-ગુનેગારી અટકાવવા માટે તથા બાળ-ગુનેગારો સાથે પોલીસોની યોગ્ય વર્તણૂંક અત્યંત અગત્યની છે. પરંતુ અહીંયા આપણે એક વાત ખાસ યાદ રાખવી જોઈએ કે બાળ-ગુનેગારી એ વ્યક્તિની જન્મજાત વૃત્તિ નથી; તે પરિસ્થિતિજન્ય વર્તણૂક હોય છે. જે બાળકો સામાજિક, આર્થિક અને માનસશાસ્ત્રીય દૃષ્ટિથી વિપરીત સંજોગોમાં ફસાયેલાં હોય છે તે બાળ-ગુનેગારી તરફ ધકેલાય છે. તે ઉપરાંત એકવાર ગુનાહિત કૃત્ય કરવાનું શરૂ કરી દીધા બાદ તે તેમાંથી બહાર આવવાને સ્થાને વધુ ને વધુ આગળ વધતો જાય છે. આમાં ઘણી વખત અરસ પરસની ગુનાહિત ટોળીની પેટા સંસ્કૃતિ તેને પ્રોત્સાહન આપે છે, કારણ કે એવી પેટાસંસ્કૃતિ ધરાવતાં જૂથમાં બૂરાં કૃત્યો પ્રશંસનીય ગણાય છે. શહેરીસમુદાયનું સામાજિક, આર્થિક વાતાવરણ એવી સંસ્કૃતિના પોષણ માટેની યોગ્ય તકો પૂરી પાડે છે. તેથી બાળ-ગુનેગારીની સમસ્યાને અટકાવવા તથા તેને અસરકારક રીતે હલ કરવા માટે યોગ્ય સામાજિક-આર્થિક વ્યવસ્થા ઊભી કરવાની પાયાની જરૂર હોય છે. તેથી જ ક્લિફોર્ડ શૉ અને હેનરી મેકી (Clifford Shaw and Henry Mackay) કહે છે કે શહેરોના જે વિસ્તારોમાં તુલનાત્મક રીતે બાળ-ગુનેગારોનું પ્રમાણ વધારે હોય છે તેવા વિસ્તારોમાં જ્યાં સુધી અસરકારક સુધારણા કરવામાં ન આવે ત્યાં સુધી કોઈપણ બીજા પ્રયાસોથી બાળ-ગુનેગારીમાં ઘટાડો કરવો શક્ય બની શકવાનો નથી. નગરોમાં ગંદા વસવાટોમાં રહેતા બાળકો તથા કિશોરો શિક્ષણ પ્રાપ્ત કરી શકે તેવી પરિસ્થિતિમાં હોતા નથી તેથી તેઓ માબાપ કામે જાય ત્યારે એકલા હોય છે. આ સમયમાં આ બાળકોની ટોળીઓ બને છે અને આ બાળકો એકત્ર થઈ બૂરી આદતોમાં ફસાય છે.

## ભિક્ષાવૃત્તિ :

ભારતીય શહેરોમાં ભિક્ષાવૃત્તિ વ્યાપક પ્રમાણમાં જોવા મળે છે. સામાન્ય રીતે શહેરોમાં વિવિધ જાહેર સ્થળો ભિક્ષાવૃત્તિ માટેનાં કેન્દ્રસ્થાન હોય છે, સામાન્ય શબ્દોમાં કહીએ તો ભિક્ષાવૃત્તિ વ્યક્તિના જીવનનિર્વાહની એક એવી રીત હોય છે કે જેમાં ભિક્ષા માંગનાર વ્યક્તિ તેના ભરણ-પોષણ માટે જવાબદારી ન હોય એવી વ્યક્તિ પાસેથી કોઈ પણ વસ્તુ કે સેવા આપ્યા વિના નાણાં, ખાદ્ય-પદાર્થો અને અન્ય વસ્તુઓ માગવા માટે ટેવાયેલી હોય છે.

1959ના મુંબઈના ભિક્ષાવૃત્તિ નિરોધક કાનૂનની કલમ 1 પ્રમાણે 'ભીખ માગવી' એટલે -

અ) કોઈ સાર્વજનિક જગામાં ભિક્ષાની યાચના કરવી અથવા લેવી, પછી ગાવા, નાચવા, ભવિષ્ય કહેવા, ચાલાકીના ખેલ કરવા અથવા વેચાણ માટે કોઈ પણ ચીજ આપવા જેવા કોઈ પણ બહાના હેઠળ તેમ કરવામાં આવતું હોય કે ન હોય તો પણ હરકત નથી.

બ) ભિક્ષાની યાચના કરવી અથવા તે લેવાના હેતુથી કોઈપણ ખાનગી જગામાં દાખલ થવું.

ક) ભિક્ષા મેળવવા અથવા કઢાવવાના હેતુથી કોઈ મનુષ્યનું અથવા પશુનું ચાંદુ, ઘા, ઈજા, ખોડ અથવા રોગ ખુલ્લો મુકવો અથવા પ્રદર્શિત કરવો.

ડ) નિર્વાહનું દેખીતું સાધન ન હોવું અને કોઈપણ સાર્વજનિક જગામાં એવી સ્થિતિમાં અથવા એવી રીતે ભટકતા રહેવું કે જેથી એવું જણાય કે આ પ્રમાણે ફરતી વ્યક્તિ ભિક્ષાની યાચના કરીને અથવા તે લઈને જીવે છે.

ઈ) ભિક્ષાની યાચના કરવાના અથવા તે લેવાના હેતુ સારુ પોતાની જાતનો પ્રદર્શનીય વસ્તુ તરીકે ઉપયોગ કરવા દેવો.

વળી, આ કાનૂનની કલમ-11 પ્રમાણે "જે કોઈ વ્યક્તિ ભિક્ષા માગવા અથવા તે લેવા અર્થે કોઈ વ્યક્તિને નોકરીએ રાખે અથવા તેની પાસે તેમ કરાવે અથવા જે કોઈ વ્યક્તિની કસ્ટડીમાં; હવાલાતમાં અથવા સંભાળ હેઠળ કોઈ બાળક હોય તે વ્યક્તિ તે બાળકને ભિક્ષા માગવાના અથવા તે લેવાના કામે રોકે અથવા તેની પાસે તેમ કરાવવામાં આવે તેમાં મૂક સંમતિ અથવા ઉત્તેજન આપે અથવા જો કોઈ વ્યક્તિ ભીખ માગવાના હેતુ માટે પ્રદર્શનીય વસ્તુ તરીકે બીજી કોઈ વ્યક્તિનો ઉપયોગ કરે, તેને દોષિત ઠર્યેથી ત્રણ વર્ષની મુદત સુધીની કેદની શિક્ષા થશે, જે એક વર્ષથી ઓછી

હોવી જોઈએ નહીં." વળી, એક બીજી વ્યાખ્યા મુજબ "ભિક્ષાવૃત્તિ એટલે જાહેર અથવા ખાનગી સ્થળોએ નાચગાન કરીને, ભવિષ્ય ભાખવાનો ડોળ કરીને, યુક્તિઓ વાપરીને અથવા પોતાના કે પોતાના સાથીના અથવા પ્રાણીના શરીરના ઘા, ઉઝરડાળી ચામડી, ખોડખાંપણ અથવા રોગ વગેરે જાહેરમાં પ્રદર્શિત કરી યાચના કરવી અથવા ભીખ માંગવી." આમ, ભિક્ષાવૃત્તિ એટલે સેવા કે કોઈ પણ જાતનું કામ કર્યા વગર જ નાણાં કે વસ્તુની બિનઅધિકાર યાચના કરવી તે.

ભારતીય સમાજમાં સારી એવી સંખ્યાના લોકો ભિક્ષાવૃત્તિથી પોતાનો જીવનનિર્વાહ ચલાવે છે. આને માટે આપણી સંસ્કૃતિનો વારસો અને ધર્મ જવાબદાર છે, કારણ કે ધર્મ દ્વારા તેને પ્રોત્સાહન મળે છે. ભારતના પરંપરાગત સમાજનો પાયો વર્ણ-આશ્રમ-ધર્મસંસ્થા છે, જેના દ્વારા સામાજિક-આર્થિક કોટિક્રમનું ઘડતર થયું છે. મનુસ્મૃતિ પ્રમાણે ભિક્ષાવૃત્તિ જીવનનિર્વાહની દસ પદ્ધતિઓમાંની એક સમાજસ્વીકૃત પદ્ધતિ મનાય છે. બ્રહ્મચર્યાશ્રમ દરમ્યાન શિષ્ય ગુરુના આશ્રમમાં રહી ભિક્ષા દ્વારા પોતાનો જીવનનિર્વાહ કરતો અને જ્ઞાન-પ્રાપ્ત કરતો. એટલું જ નહીં પરંતુ સમાજની વ્યક્તિઓએ દાન અથવા ભિક્ષા આપવી તે તેમની આત્મિક ફરજ ગણાતી, કારણ તેમના દાન દ્વારા આશ્રમવ્યવસ્થા ટકી રહેતી. આમ, ભિક્ષાવૃત્તિને સમાજવ્યવસ્થા દ્વારા પ્રોત્સાહન મળ્યું. વળી, દાનધર્મ કરવાથી વ્યક્તિનાં પાપો અને દુષ્ટકર્મો ધોવાય છે. માફ થાય છે તેવા પ્રકારની માન્યતાનું આપણા ધર્મશાસ્ત્રોએ લોકોમાં સિંચન કર્યું છે. પરિણામે દાનધર્મે આત્મશુદ્ધિની ભૂમિકાનું સ્થાન પ્રાપ્ત કર્યું. દાન આપનાર અને દાન લેનાર બંનેને આશીર્વાદ મળે છે. લોકોમાં એવી માન્યતા ઘર કરી બેઠી કે વ્યક્તિનો ઉદ્ધાર કે મુક્તિ દાન વગર શક્ય નથી. એટલે વ્યક્તિએ પુનર્જન્મના ફેરામાંથી બચવા અથવા વધુ સારો જન્મ લેવા સતત દાન કરતાં રહેવું જોઈએ. ઉપરાંત દરેક ધર્મ સ્પષ્ટપણે જણાવે છે કે જીવમાત્ર પર દયા કર અને બીજાને મદદ કર અને તેમાંય દીન, દુઃખી, નિરાધાર, રોગિષ્ઠ, આર્થિક રીતે કચડાયેલા લોકોને મદદ કરવા પર ખાસ ભાર મૂકે છે. દાન આપવું એ લગભગ દરેક ધર્મની સ્વીકૃત હકીકત છે. વળી, વર્તમાન યુગની માફક પહેલાં આવા લોકોને મદદ કરવા અર્થે કોઈ ખાસ સ્વૈચ્છિક સંસ્થાઓ ન હતી. પરાવલંબી અને નિરાધાર લોકોને મદદ કરવા કોઈ વૈકલ્પિક વ્યવસ્થા હોવી જરૂરી છે જેનો ભૂતકાળમાં અભાવ હતો. એટલે દાન આપવાની વૃત્તિને ધર્મ દ્વારા નૈતિક અને સામાજિક ફરજનું સ્થાન મળ્યું. દાન આપી લોકો પુણ્ય પ્રાપ્ત કરે છે. પાપથી બચવા અને પુણ્ય મેળવવા ધર્મે દાનને મહત્ત્વનું ગણ્યું છે.

એક બાજુ વ્યક્તિ છે જેને પોતાનાં આગવાં લક્ષણો અને શક્તિઓ છે, જ્યારે બીજી બાજુ સમાજ છે જેનો વ્યક્તિ પોતે એક અંતર્ગત ભાગ છે. આ બંને વચ્ચે સતત પારસ્પરિક આંતરક્રિયા ચાલે છે. આ આંતરક્રિયાની પરસ્પર અસર પડ્યા વગર રહેતી નથી. તેથી જે ગત્યાત્મક પરિબળો સામાજિક વિઘટન માટે જવાબદાર છે તે જ પરિબળો વ્યક્તિગત વિઘટન માટે પણ જવાબદાર છે. ભિક્ષુક પોતે વ્યક્તિગત વિઘટનનું એક સ્વરૂપ છે. સમાજશાસ્ત્રી વ્યક્તિગત વિઘટનનાં સ્વરૂપોને સમૂહ ઘટના તરીકે જુએ છે. આને લીધે ભિક્ષાવૃત્તિને એક સામાજિક ઘટના તરીકે તપાસી તેનાં જવાબદાર સામાજિક પરિબળો તરફ મુખ્યત્વે ધ્યાન કેન્દ્રિત કરવું જરૂરી છે. બીજા ગુના કરતાં ભિક્ષાવૃત્તિ તદ્દન ભિન્ન છે. કાયદાની દૃષ્ટિએ ભિક્ષાવૃત્તિ ગુનો ગણાય છે. પરંતુ ભિક્ષાવૃત્તિ માટે સમાજ જવાબદાર છે, કારણ કે વ્યક્તિના જીવનનિર્વાહ માટે સમાજ સંસ્થાકીય સાધનો પૂરાં પાડવામાં સમાજ નિષ્ફળ જાય તો ભિક્ષાવૃત્તિ જન્મ લે છે. તકો અને સાધનોની અસમાન વહેંચણી સમાજના અમુક વર્ગને સમૃદ્ધિ અને સફળતા આપે છે, જ્યારે કે સારી એવી સંખ્યાના લોકો ગરીબ, નિરાધાર, બેકાર, અસલામત અને પરાવલંબીપણાનું જીવન વિતાવે છે. પરંતુ આને માટે સમાજે ભારે કિંમત ચૂકવવી પડે છે. તેમાંય શહેરી સમુદાય જ્યાં અગણિત સંખ્યામાં માનવીઓ જોવા મળે છે ત્યાં ઘણા લોકોને જીવનનિર્વાહ માટે ફાંફા મારવાં પડે છે, પરંતુ જ્યારે તેમને કંઈ જ મળતું નથી જ્યારે તેઓ ભિક્ષાવૃત્તિનો રાહ અપનાવે છે. એટલે કે ભિક્ષુકો જન્મતા નથી, પરંતુ સંજોગો અને પરિસ્થિતિ તેમને ભિખારી બનાવે છે.

ભિક્ષાવૃત્તિ ધોરણ ભંગનું વર્તન મનાય છે. તેમ છતાં ધાર્મિક માન્યતાઓ દ્વારા તેને પ્રેરણા મળે છે. કેટલાક ભિખારીઓ ભીખ માગવાના બહાના હેઠળ ચોરી તેમજ બાળ અપહરણ પણ કરતા હોય છે. અવારનવાર સમાચારપત્રોમાં વાંચવા મળે છે કે બાળકનું અપહરણ કરી તેના શરીરને બેડોળ બનાવી અથવા અપંગ બનાવી તેની પાસે ફરજિયાત ભીખ મંગાવવામાં આવે છે. સાંજના તે બાળકને મળેલા પૈસા લઈ લેવામાં આવે છે. આ પ્રકારનો વ્યવસ્થિત ધંધો ચાલતો હોય તેવી માન્યતા પણ લોકોમાં પ્રવર્તે છે. ઘણી વખતે નાની બાળાઓનું અપહરણ કરીને તેમને વેચી દેવામાં આવે છે અને વેશ્યાવૃત્તિમાં ધકેલી દેવાય છે. આને પરિણામે ભિક્ષાવૃત્તિ અને વેશ્યાવૃત્તિનો ચોક્કસ સંબંધ

વિકાસ પામે છે. મુંબઈ, કલકત્તા અને દિલ્હી જેવાં મોટાં શહેરોમાં ભિક્ષુકોનાં ધંધાદારી સંગઠનો જોવા મળે છે. આ સંગઠનોના સંચાલકો ભિખારીઓ પાસે ભીખ મંગાવી તેમનું શોષણ પણ કરે છે. ભીખ માંગવાનું ક્ષેત્ર દરેક ભિક્ષુક માટે અલગ હોય છે. વિસ્તારો પ્રમાણે ભિખારીઓને વહેંચવામાં આવે છે. આમ, ભિક્ષાવૃત્તિ જ્યારે બાળ-અપહરણ, વેશ્યાગીરી તેમજ ધંધાદારી સંગઠનોને પ્રોત્સાહન આપે છે ત્યારે તે સમાજ માટે હાનિકારક પુરવાર થાય છે અને તેને રોકવા પગલાં લેવાં જરૂરી બને છે.

**શહેરોમાં ભિક્ષાવૃત્તિનું પ્રમાણ :** ભારતમાં તમામ શહેરોમાં ભિક્ષાવૃત્તિ જોવા મળે છે. શેરીઓ, ગલીઓ, બજાર, શાકમાર્કેટ, મંદિર, મસ્જીદ, દેવળ, રેલવે પ્લેટફોર્મ અને યાત્રાનાં સ્થળો તેમનું કેન્દ્રસ્થાન મનાય છે. 1951ની વસ્તી ગણતરી મુજબ ભારતમાં ભિક્ષુકોની સંખ્યા 4,88,000ની હતી તે વધીને 1961માં દશ લાખ પર પહોંચી, દિલ્હી સ્કૂલ ઓફ સોશ્યલ વર્કે કરેલ એક મોજણીના આધારે તેની સંખ્યા 20,00,000ની બતાવાય છે. ઉત્તર પ્રદેશના સમાજ કલ્યાણ ખાતા દ્વારા 1961માં કાનપુર, આગ્રા, વારાણસી, અલ્હાબાદ અને લખનૌ શહેરોના ભિક્ષુકોની વસ્તીની મોજણી કરવામાં આવી હતી. આ મોજણીના આધારે તેમની જે વસ્તી આપી છે તે આ પ્રમાણે છે, કાનપુર 3,217; વારાસણી 3,271; અલ્હાબાદ 1,795 અને લખનૌ 2,155. આ ઉપરાંત 1959માં દિલ્હી અને મુંબઈ શહેરોની પણ મોજણી કરવામાં આવી હતી. 1975માં મુંબઈ શહેરમાં ભિક્ષુકોની વસ્તી 75,000ની બતાવાઈ હતી, જેમાં 25,000 રક્તપિત્તિયા ભિક્ષુકો હતા.

**ભિક્ષુકોની જાતિ અને વય :** લખનૌની મોજણીમાં 400 ભિક્ષુકોમાંથી 312 એટલે કે 75.5 ટકા પુરુષ ભિક્ષુકો હતા અને 92 એટલે કે 20.5 ટકા સ્ત્રી ભિક્ષુકો હતા. 1951ની વસ્તી ગણતરી પ્રમાણે સમગ્ર ભારતમાં પુરુષ ભિક્ષુકોનું પ્રમાણ 71 ટકા હતું, જ્યારે સ્ત્રી ભિક્ષુકોનું પ્રમાણ 29 ટકા હતું. ભારતનાં મુખ્ય શહેરોમાં પણ સ્ત્રી ભિક્ષુકો કરતાં પુરુષ ભિક્ષુકોનું પ્રમાણ વધારે જોવા મળે છે. મુંબઈમાં (1959) પુરુષ ભિક્ષુકોનું પ્રમાણ 69 ટકા અને સ્ત્રી ભિક્ષુકોનું પ્રમાણ 31 ટકા જોવાં મળ્યું. દિલ્હીમાં 74 ટકા પુરુષો અને 26 ટકા સ્ત્રીઓ; ઉત્તર પ્રદેશના શહેરી વિસ્તારોમાં તેનું પ્રમાણ 77.5 અને 22.5 ટકા અને નાગપુરમાં 64 અને 36 ટકા, કલકત્તામાં 65 અને 35 ટકા અને મદ્રાસમાં તેનું પ્રમાણ 72 અને 21 ટકા જોવા મળ્યું છે. આમ,મોટાભાગના ભિક્ષુકો પુરુષો હોય છે, સ્ત્રીઓના ઓછા પ્રમાણ માટે ભારતીય સમાજમાં જોવા મળતું તેમનું પરાવલંબીપણું તેમ જ તેને માટે કુટુંબ અને સમાજવ્યવસ્થા જવાબદારી લે છે તે હોઈ શકે છે. આ ઉપરાંત કેટલીક નિરાશ્રિત સ્ત્રીઓ વેશ્યાગીરીનો ભોગ બને છે. આથી કદાચ ભિક્ષાવૃત્તિમાં પુરુષોની તુલનામાં સ્ત્રીઓનું પ્રમાણ ઓછું હોય છે.

વયની બાબતમાં લખનૌ અને આગ્રાની મોજણીએ બતાવ્યું છે કે મોટા ભાગના ભિક્ષુકો 21 થી 40 વર્ષની વયના હતાં. દિલ્હીની મોજણીમાં 73.5 ટકા ભિક્ષુકોની વય 15 થી 55 વર્ષની જોવા મળે છે. આ ઉપરાંત વ્યક્તિ પાસે શારીરિક શક્તિ અને તાકાત હોય છે તેમ જ એ કોઈ પણ જાતનું કામ કરી પોતાના માટે આવક મેળવી શકે છે. તેમ છતાં આ ભિક્ષુકોને સમાજ દાનવૃત્તિ દ્વારા પોષે છે. ઉપરાંત મોટાભાગના ભિક્ષુકો નિરક્ષર છે. તેમણે કોઈ પણ પ્રકારની કેળવણી મેળવેલ હોતી નથી. ધર્મની દૃષ્ટિએ જોઈએ તો લખનૌમાં 70.7 ટકા ભિક્ષુકો હિંદુ, 29 ટકા મુસલમાનો અને એક ખ્રિસ્તી ભિક્ષુકો જોવા મળ્યો. મુંબઈમાં 83.68 ટકા હિંદુઓ, 14.21 ટકા, મુસલમાનો અને 2.11 ટકા ખ્રિસ્તી ભિક્ષુકો જોવા મળ્યા. દિલ્હીમાં હિંદુઓ 85 ટકા, મુસલમાનો 10.5 અને ખ્રિસ્તી ભિક્ષુકોનું પ્રમાણ 5 ટકા હતું. ધાર્મિક જૂથ પ્રમાણે જોઈએ તો સમસ્ત વસ્તીમાં હિન્દુઓનું પ્રમાણ વધુ હોવાથી ભિક્ષાવૃત્તિમાં લાગેલા લોકોમાં પણ હિન્દુઓનું પ્રમાણ વધારે જોવા મળે છે. મોટાભાગના ભિક્ષુકોનાં રહેઠાણો, ગંદાવસવાટો, મંદિરો અથવા મસ્જિદ નજીક, ઘાટ અથવા નદીકિનારે તેમ જ શહેર ફરતે આવેલ હદમાં જોવા મળે છે. કેટલાક ભિક્ષુકો ખુલ્લામાં રહે છે અથવા દૂકાનોના ઓટલા અને ફૂટપાથ ઉપર પડી રહે છે.

**ભિક્ષુકોના પ્રકારો :** ભિક્ષુકોના અનેક પ્રકારો છે તેમ છતાં વયને આધારે ભિક્ષુકોના મુખ્યત્વે બે પ્રકારો પાડી શકાય છે :

1) બાળ અને કિશોર ભિક્ષુક, અને

2) પુખ્તવયના ભિક્ષુક.

આ દરેકના બીજા ચાર પેટાપ્રકારો છે, જેમાં શારીરિક ખોડ ખાંપણવાળા, માનસિક ખોડ ખાંપણવાળા, રોગિષ્ટ અને સશક્ત ભિક્ષુકો હોય છે. વળી, એક અન્ય રીતે ભિક્ષુકોને બીજા પાંચ વિભાગોમાં વહેંચવામાં આવે છે જેમાં ધાર્મિક ભિક્ષુક, ધંધાદારી ભિક્ષુક, રખડુ ભિક્ષુક સ્થાયી

ભિક્ષુક અને ઢોંગી તેમજ આળસુ ભિક્ષુકનો સમાવેશ થાય છે; ધંધાદારી ભિક્ષુકોના ત્રણ પેટાપ્રકારો છે. જેમાં અમુક પંથને અનુસરનાર રખડુ અને અને બોગસ ભિક્ષુકોનો સમાવેશ થાય છે. બોગસ ભિક્ષુકોના બીજા બે પેટાપ્રકારો છે અને તે જન્મજાત ભિક્ષુક, જેમાં અમુક જ્ઞાતિ અને આદિવાસી જાતિનો સમાવેશ થાય છે. બીજા પેટા વિભાગ સંજોગવશાત્ ભિક્ષુક બનેલાનો હોય છે. આમાં વિધવા તેમજ ત્યકતા સ્ત્રી ભિક્ષુકોનો પણ સમાવેશ થાય છે.

ભારતમાં શહેરોમાં જોવા મળતા ભિક્ષુકોમાં સારી એવી સંખ્યાના ભિક્ષુકો શારીરિક ખોડ ખાંપણવાળા અથવા રોગિષ્ટ જોવા મળે છે. લખનૌના ભિક્ષુકોમાં 65 ટકા ભિક્ષુકોને બાદ કરતાં બાકીના ભિક્ષુકો આંધળા, બહેરા, લૂલા-લંગડા, ઘરડા, માનસિક અસ્થિરતાવાળા તેમજ રોગિષ્ટ હતા. દિલ્હીની મોજણીમાં પણ 36.5 ટકા ભિક્ષુકો કોઈ ને કોઈ પ્રકારના રોગથી પિડાયેલાં જોવા મળ્યા હતા. દિલ્હીમાં રક્તપિત્તિયા ભિક્ષુકોનું પ્રમાણ 18.5 ટકા હતું. મુંબઈનાં 62 ટકા શારીરિક ખોડ ખાંપણવાળા ભિક્ષુકો હતા. લખનૌની ભિક્ષુકોની મોજણીએ આ ખોડ ખાંપણવાળા ભિક્ષુકો વિષે નીચે મુજબના કેટલાક મહત્ત્વના મુદ્દાઓ આપ્યા છે : (1) તેઓનું આરોગ્ય ખરાબ હાલતમાં છે. (2) આમાંથી ઘણાએ પોતાની ખોડખાંપણ પ્રાપ્ત કરેલી હતી અને નહીં કે જન્મજાત હતી. (3) પોતાનામાં રહેલી ક્ષતિને લીધે તેઓ પોતાના સંબંધીઓ અને મૂળ વતનથી સામાજિક અલગતા અનુભવતા હતા. (4) તેઓ ગરીબાઈ અને દયાજનક અવસ્થામાં પોતાનું જીવન વિતાવતા જોવા મળ્યા. (5) કોઈ સંસ્થાકીય સરંક્ષણ અને પુનર્વસવાટ માટે ઉત્સુક હતાં. લખનૌ શહેરની મોજણી પરથી તેમનું વર્ગીકરણ નીચે મુજબ કરવામાં આવ્યું છે.

**ભિક્ષુકોનું વર્ગીકરણ**

બાળ અને કિશોર ભિક્ષુકો — સશક્ત ભિક્ષુકો

શારીરિક ખોડ ખાંપણવાળા — માનસિક ખોડવાળા — રોગિષ્ટ — સશક્ત

ધાર્મિક ભિક્ષુક — ધંધાદારી (પરંપરાગત) — રખડુ — સ્થાયી — ઢોંગી અને આળસુ

પંથી — ભટકેલ — બોગસ

સંજોગોને આધીન બનેલ ભિક્ષુકો (વિધવા, ત્યક્તા)

ગુજરાતમાં 1 લી એપ્રિલ 1972થી 31મી માર્ચ 1973 સુધી પકડવામાં આવેલ કુલ ભિક્ષુકોની સંખ્યા, 1719 થવા જાય છે. આમાં, 1,533 પુરુષો અને 186 સ્ત્રીઓનો સમાવેશ થાય છે. આમાંથી ગુજરાતની જુદી જુદી પ્રમાણિત સંસ્થામાં આ જ સમયગાળા દરમ્યાન સજા પામેલા ભિક્ષુકોની સંખ્યા 300 ની છે. આ 300 ભિક્ષુકોમાંથી 260 પુરુષો અને 40 સ્ત્રીઓ છે. સજા પામેલા ભિક્ષુકોમાંથી 121 અશક્ત, 80 માનસિક અસ્થિરતાવાળા, પર ઘરડા-અપંગ, 30 ક્ષયરોગથી પીડાતા અને બાકીના 17 ભિક્ષુકો અંધ, બહેરા-મૂંગા અને જાતીય રોગવાળા હતા.

**ભિક્ષાવૃત્તિની પ્રયુક્તિઓ :** ભિક્ષાવૃત્તિને ભારતના સમાજમાં ધર્મ દ્વારા પ્રોત્સાહન મળ્યું છે. યાચક અને દાતા બંનેનું આ ધાર્મિક મૂલ્યોથી સમાજીકરણ થયેલું છે. એ માન્યતા સમાજસ્વીકૃત બની ગઈ છે. પરિણામે ભિખારીઓને ભિક્ષા માગવામાં કોઈ પણ પ્રકારની બાધા અથવા રુકાવટ નથી. તેમ છતાં દાતા પાસેથી પૈસા મેળવવા ભિક્ષુકો અનેક પ્રકારની પ્રયુક્તિઓ અજમાવે છે. એટલે ભિક્ષાવૃત્તિ જન્મજાત નથી, પરંતુ સમાજમાંથી શીખવેલ વર્તણૂક હોય છે. સામાન્ય રીતે વ્યક્તિ સરળતાથી ભીખ આપતી નથી તેથી દાતાની લાગણીઓને પિગળાવવા, આકર્ષવા તેમ જ તેના મનમાં દયા ઉત્પન્ન થાય તે માટે ભિક્ષુકો અનેક પ્રયુક્તિઓ વાપરતા હોય છે. એટલે આજે શહેરોમાં ભિક્ષાવૃત્તિ એક વ્યવસ્થિત કલા બની ગઈ છે. જેનામાં આ આવડતનો અભાવ વર્તાય તે દાતાને આકર્ષી શકતી

નથી. લખનૌના અભ્યાસમાં ભિક્ષુકો દ્વારા આચરવામાં આવેલ કેટલીક પ્રયુક્તિઓ જાણવા મળી તે નીચે મુજબ છે :

**ભિક્ષા માંગવાની વિવિધ પ્રયુક્તિઓનું વર્ગીકરણ**

| અ.નં. | પ્રકાર | ટકા |
|---|---|---|
| 1. | લોકોને તેમજ તેમનાં સગાંસંબંધીઓને આશીર્વાદ આપી તેમની ધાર્મિક ભાવનાને અપીલ કરીને | 14 |
| 2. | ઈશ્વર અને દયાની ભાવના દ્વારા અપીલ કરીને | 24 |
| 3. | ખરી અથવા બનાવટી શારીરિક ખોડખાંપણ અને રોગ પ્રદર્શિત કરીને | 26 |
| 4. | પોતાનું તેમ જ પોતાનાં છોકરાંનાં દુઃખો અને આપત્તિનું રટણ કરીને | 18 |
| 5. | પૈસા માટે ભીખ માંગીને | 18 |
| | | 100 |

દિલ્હીની મોજણીમાં 10 ટકા ભિક્ષુકોની ખોડખાંપણ બનાવટી જોવા મળી હતી. તેઓ આંધળા અથવા રક્તપિત્તિયા હોવાનો ઢોંગ કરીને ભીખ માગતા જણાયા હતા. સૌથી મહત્ત્વની બાબત એ છે કે જો આ પ્રકારની ખોડખાંપણ રજૂ કરવામાં આવે તો લોકોમાં સ્વાભાવિક રીતે દયા, સહાનુભૂતિ અને સેવાની ભાવના ઉત્પન્ન થાય છે. આ પ્રકારના લોકો મંદિર, મસ્જિદ, ફૂટપાથ, માર્કેટ અને રેલવે પ્લેટફોર્મ પર તેમ જ જ્યાં લોકોની અવરજવર વધુ હોય તેવી જગ્યાએ ખાસ જોવા મળે છે. કેટલાંક શહેરોમાં આવી બનાવટી ખોડ ખાંપણ અથવા રક્તપિત્તિયા બનાવવા માટે ખાસ પ્રકારના માણસો મળી રહે છે જેમનો ધંધો આવાને પાટાપટ્ટી બાંધી આવક મેળવવાનો હોય છે. આમાં કેટલાક તો પોતાના શરીરના ઘા ખુલ્લા રાખે છે જેમાં માખીઓ બેસે છે અને લોહી નીકળતું પણ બતાવે છે. આ ઘટના કોઈને પણ દયા ઉપજાવે એવી હોય છે.

ઈશ્વર અથવા ભગવાનને નામે પણ ભિક્ષુકો ભીખ માંગે છે. વિશ્વના તમામ ધર્મો દીન અને દુઃખીઓ પ્રત્યે દયા, સહાનુભૂતિ, હમદર્દી તેમજ પ્રેમ રાખવાનો ઉપદેશ આપે છે. નિઃસહાય, નિરાધાર અને દુઃખી જનોની સેવા અને સહાયતા કરવી દરેક જણની નૈતિક ફરજ થઈ પડે છે. આથી ભિક્ષુકો ઈશ્વરને નામે દુઆ માગી ભીખ માટે યાચના કરે છે. ''પાંચ-દશ પૈસા આપો'', ''ભગવાન તમારું ભલું કરશે.'' ''કલ્યાણ કરશે,'' ''ઘરે આવેલ ભિખારીને ખાલી હાથે ન મોકલવો'' વગેરે જેવા વાક્યોનો ઉપયોગ કરીને ભિક્ષુકો લોકોની ધાર્મિક ભાવનાનું શોષણ કરે છે.

કેટલાક ભિક્ષુકો પોતાની ગરીબાઈ, આર્થિક પરિસ્થિતિ, કુટુંબમાં આવી પડેલી બીમારી જેવી અનેક ઘટનાઓનું હૃદયદ્રાવક વર્ણન કરી ભીખ માગવાની યુક્તિ અજમાવે છે. આ માટે તેઓ જણાવે છે કે પોતે ભિખારી નથી, પરંતુ સંજોગોને લીધે કોઈ બીજો રસ્તો ન હતો એટલે આ રસ્તો અપનાવ્યો છે. પોતાને ભીખ માગવાની શરમ આવે છે તેવું જણાવીને આજીજીપૂર્વક વિનંતી કરી ભિક્ષા માગે છે. આની સાથે બીજા કેટલાક નાચી-ગાઈને ભીખ માગે છે, કારણ નાચ-ગાન સૌને ગમે છે. તેમાં ફિલ્મના નાચ અને ગાયનોનો પણ ખૂબીપૂર્વક ઉપયોગ કરી લોકોનાં હૃદય જીતી લેવા પ્રયત્ન કરે છે. આ પ્રયુક્તિનો વધુ ઉપયોગ ચાલતી રેલગાડીમાં ખાસ જોવા મળે છે. વળી, તેની સાથે ભાંગ્યાતૂટ્યાં સંગીતના સાધનોનો પણ ઉપયોગ કરે છે. નાચ-ગાનના શોખીન લોકો આમાં તલ્લીન થઈ ઘણી વખત એવાં ભિક્ષુકોને દાન આપતા જોવા મળે છે.

ઘણા ભિખારીઓ ઢોંગી અને દંભી પણ હોય છે. આમાંના કેટલાક ભિખારીઓ પોતાના હાથને ધ્રૂજતા બતાવી ભિક્ષા માગવાનો ઢોંગ કરે છે, જ્યારે કેટલાક સાધારણ ભવિષ્યવેત્તાનો ઢોંગ કરીને લોકોનું ભવિષ્ય કહી ભિક્ષા માગે છે, ભવિષ્ય જાણવા માટે તે લોકોએ આપેલ પોતાની ભૂતકાળની અવસ્થાને આધાર માટે લે છે અને ભિક્ષુક તેને કહે છે કે 'ગમે તે આપો પણ તમારું ભવિષ્ય ઊજળું છે.' આ પ્રકારના ભિક્ષુકોનો ભોગ સામાન્ય રીતે ગામના તેમ જ શહેરના ભોળા અને અજ્ઞાની લોકો બને છે, કારણ કે આ લોકો આર્થિક રીતે મુશ્કેલીઓમાં હોય છે અને તે મુશ્કેલીઓ ક્યારે દૂર થશે તેમ જ તેમાંથી તેમને રાહત મળશે કે કેમ તે જાણવા ઉત્સુક હોય છે.

**ભિક્ષાવૃત્તિનાં જવાબદાર કારણો :** ભિક્ષાવૃત્તિ માટે અનેક કારણો જવાબદાર છે, સુશીલચંદ્રના અભ્યાસમાં 35 ટકા ભિક્ષુકો શારીરિક કે માનસિક રીતે દુઃખી હતા, જેને પરિણામે તેમણે ભીખ માગવાની શરૂઆત કરી. એમ. વી. મૂર્તિના અભ્યાસમા 62 ટકા ભિક્ષુકો માનસિક બિમારીથી પીડાતા જણાયા. ઉપરાંત મોટેભાગે ભિક્ષુકોમાં વ્યક્તિગત વિઘટન પણ જોવા મળે છે. વ્યક્તિગત વિઘટન માટે સામાજિક, આર્થિક, શારીરિક અને માનસિક કારણો જવાબદાર ગણાય છે. દિલ્હીની

મોજણીમાં 40 ટકા ભિક્ષુકો પોતાના સગાઓથી અલગ રહેતા હતા તેમ જ તેમને તેમનાં કુટુંબો અથવા મિત્રો સાથે કોઈ પણ જાતનો સંપર્ક ન હતો તેથી તેઓ સામાજિક અલગતા અનુભવતા જોવા મળ્યા. આ જ ઘટના લખનૌ અને મુંબઈની મોજણીમાં પણ જોવા મળી છે. સામાજિક અલગતાને પરિણામે તેમણે ભિક્ષાવૃત્તિ જેવું ધોરણભંગનું વર્તન અપનાવ્યું. ગોરેએ દિલ્હી શહેરના ભિક્ષુકોના અભ્યાસના આધારે નીચે પ્રમાણેનાં કારણોને ભિક્ષાવૃત્તિ માટે જવાબદાર ગણાવ્યાં છે.

**ભિક્ષાવૃત્તિનાં કારણો**

| અનુ.નં. | કારણ | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| 1. | ખોડખાંપણને પરિણામે આવકનું સાધન ગુમાવવાને લીધે | 104 | 17.33 |
| 2. | વ્યાપારમાં નુકસાન પહોંચવાને લીધે અને કમાનારના મૃત્યુને લીધે | 92 | 15.34 |
| 3. | મા-બાપ દ્વારા પરિત્યાગ | 78 | 13.00 |
| 4. | અસાધ્ય રોગ | 70 | 11.64 |
| 5. | ધાર્મિક કારણ | 33 | 5.51 |
| 6. | બીજી વ્યક્તિના પ્રલોભનને લીધે | 27 | 4.50 |
| 7. | માત-પિતા અથવા સાથીનું મૃત્યુ | 27 | 4.50 |
| 8. | કૌટુંબિક પરંપરા | 25 | 4.16 |
| 9. | કુદરતી આફત | 21 | 3.50 |
| 10. | અપૂરતી આવક | 17 | 2.83 |
| 11. | વિવિધ કારણો | 68 | 11.33 |
| 12. | કારણો જણાતાં નથી | 38 | 6.34 |
| | કુલ | 600 | 100.00 |

સુશીલચંદ્રે ભિક્ષાવૃત્તિ માટે સામાજિક, શારિરીક, માનસિક, આર્થિક, ધાર્મિક અને કુદરતી પરિબળોને જવાબદાર ગણાવ્યા છે. સામાજિક કારણોમાં જન્મજાત ધંધો કૌટુંબિક વિઘટન અને સુગ્રથીકરણનો અભાવ, સંયુક્ત કુટુંબમાં થતા કંકાસ, વિધવા ત્યકતા અને ભિક્ષુકોની સોબત વગેરેનો સમાવેશ થાય છે. શારીરિક કારણોમાં વૃદ્ધત્વ, અસાધ્ય રોગ, શારીરિક ખોડખાંપણ અને માનસિક કારણો હેઠળ માનસિક તાણ, કામ કરવાની અનિચ્છા, નીચો ધંધો, આત્મશ્રદ્ધાનો અભાવ, સામાજિક અલગતા અને માનસિક અસ્થિરતા વગેરે આવે છે. વળી, તેઓ ગરીબાઈ, બેકારી, આવકનું સાધન ગુમાવવું, અપૂરતી આવક, સામાજિક સુરક્ષાનો અભાવ, કુટુંબના સભ્યોની વધુ પડતી સંખ્યાને પરિણામે ઉઠાવવો પડતો આર્થિક બોજો તેમજ દારૂનું સેવન વગેરેને આર્થિક કારણોમાં ગણાવે છે અને ધાર્મિક કારણોમાં લોકોનું પરોપકારી વલણ અને કર્મની માન્યતાઓનાં ધાર્મિક વલણોનો સમાવેશ કરે છે. છેલ્લે કુદરતી આફતોમાં પૂર, લીલો અથવા સૂકો દુકાળ, રોગચાળો તેમ જ ધરતીકંપનો સમાવેશ કરે છે. આમ, પ્રસ્તુત અભ્યાસોનાં તારણો ઉપરથી સ્પષ્ટ થાય છે કે નગરસમુદાયોમાં ભિક્ષાવૃત્તિ માટે અનેક કારણો જવાબદાર હોય છે.

### ભિક્ષાવૃત્તિ દૂર કરવાના ઉપાયો :

ભિક્ષાવૃત્તિ એક ગંભીર સામાજિક સમસ્યા છે જે મોટા ભાગનાં શહેરોમાં ઘર કરી બેઠી છે. ભિક્ષાવૃત્તિ ઉપર ફક્ત કાનૂની પ્રતિબંધ મૂકી દેવાથી તેનો અંત આવી જતો નથી, કારણ કે ભિક્ષાવૃત્તિમાં યાચકની સાથે દાતા પણ જવાબદાર હોય છે. બંને એક જ ધાર્મિક માન્યતા હેઠળ ઊછર્યા હોવાથી ભિક્ષાવૃત્તિને માન્ય કરે છે. જો દાતા દાન આપવાનું બંધ કરી દે તો આમાં રુકાવટ લાવી શકાય તેમ છે. પરંતુ એના માટે ધાર્મિક માન્યતામાં પરિવર્તન લાવવું પણ એટલું જ જરૂરી છે. આ પરિવર્તન રાતોરાત શક્ય નથી. ભિક્ષાવૃત્તિ અટકાવા માટે સામાન્ય રીતે બે મંતવ્યો પ્રચલિત છે. એક મંતવ્ય એવું માને છે કે ભિક્ષાવૃત્તિ બીજા ગુનાઓની માફક એક ગુનો છે અને એને માટે ભિક્ષુકોને સજા મળવી જોઈએ. બીજા મંતવ્ય મુજબ ભિક્ષાવૃત્તિ માટે ગરીબાઈ અને આર્થિક કારણોને જવાબદાર ગણાવીને ભિક્ષુકો પ્રત્યે સુધારાવાદી વલણ અપનાવવાનું જરૂરી મનાય છે. તેથી બીજા દૃષ્ટિબિંદુ મુજબ ભિક્ષુકને પકડીને તેને સજા કરવાથી આ સમસ્યાનો અંત આવતો નથી. પરંતુ તેમને સુધારી

સમાજોપયોગી બનાવવા જોઈએ. છતાં ભારતનાં કેટલાંક રાજ્યોમાં ભિક્ષાવૃત્તિ પ્રતિબંધક કાયદાઓ ઘડવામાં આવ્યા છે જે મહત્ત્વના છે. 1917નો ભોપાલ ભિક્ષાવૃત્તિ પ્રતિબંધક ધારો, 1941ના હૈદરાબાદ ભિક્ષાવૃત્તિ પ્રતિબંધક ધારો, 1943નો બંગાળ ભિક્ષાવૃત્તિ પ્રતિબંધક ધારો 1945નો મદ્રાસ પ્રતિબંધક ધારો, 1945નો ત્રાવણકોર ભિક્ષાવૃત્તિ પ્રતિબંધક ધારો, અને 1952નો બિહાર ભિક્ષાવૃત્તિ પ્રતિબંધક ધારો. હાલમાં લગભગ બધાં જ રાજ્યોમાં આ પરત્વે ધારાઓ જોવા મળે છે.ગુજરાત રાજ્યમાં 1964નો ભિક્ષા પ્રતિબંધક અધિનિયમ અમલમાં છે. આ અધિનિયમ હેઠળ ભિક્ષા માગવી ગુનો બને છે અને તેથી તેમને પકડી અદાલત સમક્ષ રજૂ કરે છે. પરંતુ ફક્ત કાનૂન ઘડવાથી આ પ્રશ્ન હલ થઈ શકે તેમ નથી. તેને માટે લોકોનો સહકાર પણ અનિવાર્ય છે.

ગોરે અભ્યાસ સમિતિ, ઉત્તર પ્રદેશની રાજ્ય સરકારની સમિતિ તેમ જ શ્રીમતી ચંદ્રશેખર અભ્યાસ સમિતિએ આ સમસ્યાને દૂર કરવા માટે કેટલાંક મહત્ત્વનાં સૂચનો આપ્યાં છે. ગોરે અભ્યાસ સમિતિએ અસાધ્ય રોગચાળા, શારીરિક તથા માનસિક ખોડ ખાંપણવાળાં સ્ત્રી-પુરુષો અને બાળભિક્ષુકો માટે અલગ ભિક્ષુકગૃહો સ્થાપવા ઉપર ભાર મૂક્યો છે. મોટાભાગના ભિક્ષુકો કામ કરવા અશક્તિમાન હોવાથી તેમની દેખભાળની જવાબદારી સમાજની છે. જો કોઈ ભિખારી કોઈ કલામાં નિપુણ હોય તો તે માટે તેને ઉત્તેજિત કરી શીખવા માટે પ્રોત્સાહિત કરવો અને તે માટે પ્રબંધ કરી આપવો પણ જરૂરી મનાયું છે. ઉત્તર પ્રદેશની સમિતિએ સૂચન આપ્યું કે શહેરો અને નગરોમાં ભિક્ષાવૃત્તિ રોકવા અસરકારક કાયદાઓ ઘડવા જોઈએ. રાજ્ય સરકારે મહાનગરપાલિકાઓને આ સમસ્યાને દૂર કરવા ઉદાર હાથે ફાળો આપવો જોઈએ. ભિક્ષુકગૃહોમાં ભિક્ષુકોને વ્યવસાય માટે જરૂરી તાલીમ મળી રહે તેવી સુવિધા પૂરી પાડવી જોઈએ. વળી, અસાધ્ય રોગચાળા ભિક્ષુકો માટે ખાસ કાયદાઓ બનાવવા અને ભિક્ષાવૃત્તિથી દૂર કરવા માટે જનમતનું ઘડતર થાય તેવાં પ્રચારનાં સાધનોનો ઉપયોગ કરવાનાં સૂચનો પણ કરવામાં આવ્યાં છે. શ્રીમતી ચંદ્રશેખરનાં સૂચનોમાં મહત્ત્વનું સૂચન એ છે કે ભિખારીઓને એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં સ્થળાંતર કરતા અટકાવવા માટે ચોક્કસ વ્યવસ્થા હોવી જરૂરી છે. જે ભિખારી જે રાજ્યમાંથી આવ્યો હોય ત્યાં તેને પરત કરવો જોઈએ. વળી, જરૂરિયાતવાળા ભિક્ષુકોને જરૂરી સામાજિક-આર્થિક મદદ મળી રહે તે તરફ પણ ખાસ ધ્યાન અપાવવું જોઈએ. બધી જ સમિતિએ આ સમસ્યાને હલ કરવા સરકારની જવાબદારી ઓછી નથી તે તરફ ધ્યાન કેન્દ્રિત કર્યું છે.

ગુજરાત રાજ્યમાં ભિખારીઓને ભીખ માંગતાં પકડી તેમને ભિક્ષુક કેન્દ્રમાં રાખવામાં આવે છે. આ માટે રાજ્ય સરકાર દ્વારા અમદાવાદ, સુરત અને વડોદરામાં પાંચ અટકાયત ગૃહો ચલાવવામાં આવે છે.ગુજરાત ભિક્ષા પ્રતિબંધક નિયમ, 1964 મુજબ ભિક્ષુકગૃહમાં પ્રોબેશન અધિકારીની ભૂમિકા વિશેષ મહત્ત્વની બની જાય છે. તેનું કાર્ય તેમની તપાસ કરી, પૂર્વવૃત્તાંત અને વલણ જોઈ કામ અને રોજગારીની વ્યવસ્થા કરી આપવાને લગતું હોય છે. વળી, આવા ગૃહોમાં આવતા ભિક્ષુકો તરફ સન્માનનીય અને માનવીય વ્યવહાર રાખીને તેમના પ્રશ્નોનો સાચો ક્યાસ કાઢવો પણ તેની એક ફરજ હોય છે. ભિક્ષુકોના કલ્યાણ માટે ઊભી કરાયેલી આ સંસ્થાઓ ભિક્ષુકોને અમુક સમય સુધી રાખે છે અને યોગ્ય તાલીમ તથા શિક્ષણ વડે તેમની સુધારણા કરીને સન્માનનીય રીતે કામધંધે લગાડવામાં મદદ કરે છે.

## વૈશ્યાવૃત્તિ :

નગરીય સમસ્યાઓમાં અનૈતિક જાતિય-વ્યવહારનો પ્રશ્ન અનિવાર્ય સામાજિક બૂરાઈના રૂપે, સમય અને સ્થળના ભેદ વિના મોટા ભાગના નગરોમાં ખુલ્લા અથવા છૂપા રૂપે, ચાલતો આવ્યો છે. પરંપરાગત ભારતમાં દક્ષિણના પ્રદેશોમાં ''દેવદાસી''ના કુરિવાજ હેઠળ અને સામાજિક-ધાર્મિક માન્યતા મળી હતી તે અંગે આપણે પરિચિત છીએ. નગરીય પર્યાવરણમાં અનૈતિક જાતિય વ્યવહાર વ્યવસાયિક સ્વરૂપ ધારણ કરે છે અને વૈશ્યાવૃત્તિના રૂપે મોટાભાગના નગરોમાં અબાધિત રીતે આ બુરાઈ ચાલતી રહે છે. તેને નાથવા અથવા દૂર કરવાના પ્રયાસો કોઈ પણ સમાજમાં સંપૂર્ણપણે સફળ થયા હોય તેમ કહી શકાય નહીં. સામાજિક સાંસ્કૃતિક બંધનો અને રિવાજોની પકડ હેઠળ જાતિય તૃષ્ટીનો માર્ગ છૂટથી મળતો નથી તેથી છૂપી રીતે અનૈતિક જાતિયવ્યવહાર થતો રહ્યો છે. નગર સમુદાયોમાં ત્યાંના વાતાવરણમાં રહેલી અપરિચિતતા ઉપરાંત બીજા કેટલાંક એવા કારણો મળી આવે છે કે જેને લીધે ગ્રામીણ સમુદાયોની તુલનામાં મોટા નગરો અને મહાનગરોમાં વૈશ્યાવૃત્તિ માટે મોકળાશ મળી રહે છે. આ સામાજિક બુરાઈની નાબૂદી માટેના જે પગલાં લેવાયા છે

**વેશ્યાવૃત્તિના કારણો :**

વેશ્યાવૃત્તિ એક સામાજિક બુરાઈ છે. તેનાં મૂળ માનવીની જાતિવૃત્તિમાં રહેલાં છે. અન્ય સામાજિક સમસ્યાઓ જેવી કે ગુના, બાળગુનેગારી, નાશાખોરી, ધુમ્રપાન કે તમાકુ ખાવાની કુટેવની જેમ વેશ્યાવૃત્તિની બુરાઈ જન્મ લેતી નથી પરંતુ અન્ય જૈવકીય જરૂરિયાતો દા.ત. ભૂખ, તરસ વગેરેની જેમ જાતિયવૃતિની તૃપ્ની માટે જયારે પુખ્તવયની વ્યક્તિને સમાજ સ્વીકૃત માર્ગો મળી આવતા નથી, ત્યારે તે વેશ્યાવૃત્તિનો આધાર લઈ પોતાની જાતિય વાસના સંતોષે છે. આ અર્થમાં વેશ્યાવૃત્તિ એ સમાજના જાતિય-ધોરણો અને નીતિ-નિયમોનો ભંગ કરી જાતિયસુખ માટેની એક વૃત્તિ છે. તેમાં સ્ત્રીનું શોષણ થાય છે એટલુ જ નહીં પણ તેને અમાનુષી અત્યાચારનો ભોગ પણ થવું પડે છે. આ રીતે જાતિય-વ્યહાર સમાજ અને સ્ત્રી માટે એક કલંક હોય છે. તેથી જ કોઈ પણ સમાજમાં તેને પ્રોત્સાહન અપાતું નથી અને અટકાવવાના પ્રયાસો થાય છે. તેમ છતાં પણ એક હકીકત સ્પષ્ટ છે કે વેશ્યાવૃત્તિનો જુનામાં જુનો ગણાતો ધંધો હજી પણ નષ્ટ કરી શકાયો નથી. તેથી સંક્ષેપમાં વેશ્યાવૃત્તિનો માટેના જવાબદાર કારણોની ચર્ચા કરવામાં આવી છે. આ કારણો માટે મહાનગરો અને શહેરોમાં તેમના ઉત્કર્ષ સ્વરૂપમાં જોવા મળે છે.

આવી છોકરીઓની વેશ્યાવૃત્તિની કમાણીમાંથી તેમને ખૂબ ઓછું વળતર મળે છે. ગ્રાહકો પાસેથી મળતી રકમમાંથી એક મોટો ભાગ દલાલો અને વેશ્યાગૃહો ચલાવતી વેશ્યા પડાવી જાય છે.

**5. સામાજિક ધાર્મિક અંધવિશ્વાસો :**

કેટલાંક સામાજિક - ધાર્મિક કુરિવાજો અને અંધ વિશ્વાસો પણ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે વેશ્યાવૃત્તિ માટે કારણભૂત બને છે. આના દાખલા ભારતમાં પણ મળી આવે છે. ખાસ કરીને દક્ષિણ ભારતના કેટલાંક પ્રદેશોમાં વર્ષોથી ચાલી આવતી "દેવદાસી"ની પ્રથા અને પરંપરાગત સમાજ વ્યવસ્થા હેઠળ બંગાળમાં બહુપત્ની લગ્નની પ્રથાએ વેશ્યાવૃત્તિમાં સ્ત્રીઓને ઈચ્છા-અનિચ્છાએ ધકેલવામાં ગંભીર ભાગ ભજવ્યો છે. દક્ષિણ ભારતમાં આંધ્ર, કર્ણાટકા, તામિલનાડુ અને તેની પાસે આવેલા વિસ્તારોમાં "યલ્લમા" (yallama) દેવીના અનુયાયીઓમાં સગીર વયે જ છોકરીઓને મંદિરમાં ભેટ રૂપે આપવાની પ્રથા જૂના વખતથી ચાલી આવે છે. આ મંદિરમાં ભેટ રૂપે ધરવામાં આવેતી છોકરીઓને "દેવદાસી" કહેવામાં આવે છે તેઓ નૃત્ય-સંગીત વડે યલ્લમા દેવીની પૂજા કરી તેને પ્રસન્ન કરવાની ફરજ બજાવતા ઉપરાંત આ દેવિના આરાધકો સાથે જાતિય સંબંધો બાંધવા પણ ધાર્મિક રીતે ઈષ્ટ માને છે. તેમાંથી જ અનેક દેવદાસીઓ છેવટે વેશ્યાઓ બની જાય છે. આ કુપ્રથાને ધર્મના અંધવિશ્વાસોનો પીઠબળ મળ્યુ હોવાથી તેને અટકાવવા માટેના પ્રયાસો સંપૂર્ણ પણે સફળ થયા નથી. આજે પણ આ પ્રથા છૂપી રીતે ચાલી આવે છે. એપ્રિલ, 1989ના આખરના દિવસોમાં મહારાષ્ટ્રના કોલ્હાપુર ખાતે મંગળવાર પેઠમાં એક છ વર્ષની બાળાને "દેવદાસી" તરીકે ભેટ ધરતા મહિલા સુરક્ષા સમિતિના સભ્યોએ તેને ઉગારી લીધાના સમાચાર દૈનિક પત્રોમાં છપાયા છે. જે છોકરીઓ-યલ્લમ્મા દેવીને "દેવદાસી" તરીકે ભેટ ધરાય છે તેમને યલ્લમ્મા દેવીની "જોગતણી" (Jogateen) તરીકે ઓળખવામાં આવે છે. હવે કાયદા હેઠળ આ પ્રથાને અટકાવવામાં આવી છે તેથી તે છૂપી રીતે ચાલે છે. ખાસ કરીને પછાત અને ગરીબ વર્ગની કન્યાઓ 'દેવદાસી' બને છે અને સમય જતાં વેશ્યા બજારમાં ધકેલાઈ જાય છે. તેમની દશા અંત્યત કરૂણ અને અભાવગ્રસ્ત હોય છે.

સામાજિક રિવાજો હેઠળ બહુપત્ની લગ્નના કુરિવાજ અને દહેજના પાયે પણ ઘણી છોકરીઓ વેશ્યાવૃત્તિનો ભોગ બને છે. મધ્યપ્રદેશમાં ભોપાલ નજીક આવેલા અમુક ગામોમાં ચોક્કસ જ્ઞાતિમાં વેશ્યાવૃત્તિ વંશપરંપરાગત ધંધો ગણાય છે અને આજે પણ આ જ્ઞાતિની છોકરીઓ વેશ્યાવૃત્તિમાં જોડાય તો તેને અનિષ્ટ ગણાતું નથી. જો કે એવો ધંધો કરતી છોકરી જોડે જ્ઞાતિમાં લગ્ન કરવામાં બાધ આવતો નથી.

આમ વેશ્યાવૃત્તિ માટે જવાબદાર એવા અનેક જુદા જુદા કારણો હોય છે. અત્રે એક વાત ખાસ નોંધવાની કે સર્વ વેશ્યાઓ કોઈ એક જ ચોક્કસ કારણસર આ ધંધામાં પડતી નથી. જુદી જુદી સ્ત્રીઓ અને છોકરીઓ માટે જવાબદાર જુદા જુદા સંજોગો અને કારણો જવાબદાર હોય છે તે વાત વધુ સાચી પડે છે. તદઉપરાંત એવું પણ બને છે કે શરૂઆતના સંજોગો ઉપરાંત એક વાર આ ધંધામાં ફસાયા પછી અનેક પૂરક પરિબળો દબાણ લાવતા લઈ જાય છે. એવા પરિબળોની સક્રિયતાને કારણે ઈચ્છા થવા પર પણ ભાગ્યે જ કોઈ સ્ત્રી વેશ્યાના ધંધામાંથી છટકી શકે છે. દા..ત., એકવાર વેશ્યા બન્યા પછી જે તે સ્ત્રીને સમાજ સુસંસ્કૃત મહિલા તરીકે ભાગ્યે જ સ્વીકારે છે અને ધંધા છોડી દીધા પછી પણ પાછા તેમાં ધકેલાવાના અનેક કિસ્સાઓ સમાજની એવી ઉપેક્ષાને લીધે મળી આવે છે. એટલું જ નહીં પરંતુ પતિ અથવા માતા-પિતા કે નજીકના સગાંઓ પણ તેને સ્વીકારવા તૈયાર

હોતા નથી.

વેશ્યાવૃત્તિનો ધંધો મહાનગરોમાં નૈતિક અને સામાજિક બુરાઈનારૂપમાં જ નહીં પરંતુ સ્ત્રીઓ ઉપર થતા અત્યાચારના રૂપમાં પણ એક ગંભીર સામાજિક સમસ્યાનું સ્વરૂપ ધરાવે છે. તેના લીધે જાતિય રોગો, એઈડ્ઝ, જેવી જીવલેણ ચેપી બીમારી અને નૈતિક પતનનો તો ભય રહે જ છે. તદ્ઉપરાંત ભોળી, અજ્ઞાન, રોજીરોટીના આધાર વિનાની કે અન્ય લાચારીનો ભોગ બનેલી છોકરીઓનું આ ધંધા વડે શોષણ થાય છે. હાલમાં જ મુંબઈની એસ.એન.ડી.ટી, યુનિવર્સિટીના આશ્રયે અનૈતિક જાતિય વેપાર દમન અધિનિયમન (SITA) અમલીકરણ અંગે જૂન ડી' ચૂન્હા (June D'cucha) એ મુંબઈ શહેરમાં એક અભ્યાસ પૂરો કર્યો છે. આ અભ્યાસને આધારે જાણવા મળ્યું કે માત્ર મુંબઈ શહેરમાં લગભગ 50 હજાર જેટલાં 'બ્રોથલ' (વેશ્યાગૃહ અથવા ખાંજરુ) ચાલે છે અને તેમાં એક લાખથી વધુ વેશ્યાઓ છે. આ વેશ્યાઓમાંથી 20 ટકા વેશ્યાઓ તો કુમળી વયની છોકરીઓ છે. વેશ્યા બજારમાં એવી છોકરીઓની કિંમત પણ ઉંચી મળે છે પ્રસ્તુત અભ્યાસમાં એવું જાણવા મળ્યું કે નેપાલમાંથી અપહરણ કરીને લાવવામાં આવેલી છોકરીઓમાંથી અનેકો અનેકવાર વિવિધ કિંમતમાં વેચવામાં આવી વેશ્યવૃત્તિમાં સ્ત્રીઓ સ્વેચ્છાએ આવતી નથી. પણ સંજોગોના ભોગ બનવાથી ધકેલાય છે એ વાતનું સમર્થન આ અભ્યાસના તારણો પરથી મળી આવે છે. દા..ત. ઉપરોક્ત 50 હજાર વેશ્યગૃહોમાંના મોટા કહી શકાય એવા વેશ્યાગૃહોની 29 વેશ્યાઓમાંથી 25 વેશ્યાઓ તેમની અનિચ્છા હોવા છતાં આ ધંધામાં ધકેલાઈ દેવાઈ હતી. ઘણી વેશ્યાઓ ગરીબી, શિક્ષણના અભાવ અથવા રોજીરોટી માટેના અન્ય કૌશલ્યના અભાવને લીધે વેશ્યા બની હતી. બીજી કેટલીક અપહરણ કરીને મુંબઈમાં લાવવામાં આવી હતી. તદઉપરાંત બળાત્કાર, પતિના ત્રાસથી અમાનુષિત વર્તન, ભંગ કુટુંબ, સારા જીવના પ્રલોભન કે દારૂડિયા પિતાના ત્રાસથી ભાગીને આ ધંધામાં ફસાઈ હતી. આમાની મોટા ભાગની છોકરીઓ કર્ણાટક, આંધ્ર અને નેપાલમાંથી આવી હતી. વેશ્યાવૃત્તિની ગંભીર સમસ્યાની સાચી સમજ આપતા આ તારણો માત્ર મુંબઈને જ લાગુ પડતા હોય તેવું નથી. અન્ય મહાનગરો અને મોટા શહેરોમાં પણ તે સાચા ઠરે તેમ છે. રમેશ મેનને એપ્રિલ, 15 1989ના "ઈન્ડિયા ટૂડે"ના અંકમાં કલકત્તા, દિલ્હી, મુંબઈ બેલગામ અને હૈદરાબાદ વગેરે શહેરોમાં બાળ-વેશ્યાઓના કેટલાક કિસ્સાઓ પ્રસ્તુત કર્યા છે. તેઓએ લગભગ 20 ટકા બાળવેશ્યા છે. કલકત્તાના સૌથી મોટા રેડલાઈટ વિસ્તાર (વેશ્યાવાડો) "સોનોગાચી" ની લગભગ 50 હજાર વેશ્યાઓમાંથી ઘણી અપહરણ અથવા સંજોગોનો ભોગ બનેલી સગીર બાળાઓ આ ધંધામાં ધકેલાઈ દેવાઈ છે. કેટલાક કિસ્સાઓમાં ગરીબાઈને લીધે પતિ અથવા માતા-પિતા તેમની પાસેથી વેશ્યાવૃત્તિ કરાવે છે અને તેમની આવક ઉપર જીવે છે. આ સગીર વયની વેશ્યાઓ જાતિય રોગોનો તરત ભોગ બને છે કારણ કે રમેશ મેનન જણાવે છે તે મુજબ જાતિયરોગથી પીડાતા પુરૂષોમાં એવી ખોટી માન્યતા પ્રવર્તે છે કે સગીર અને કૂમળી વયની બાળા સાથે જાતિય સંબંધ કરવાથી પુરૂષોના જાતિયરોગ દૂર થાય છે. આ મહાનગરોમાં ચાલતા વેશ્યાગૃહો કે જયાં દૂર દૂરથી અપહરણ કરીને લાવવામાં આવેલી બાળાઓને ઉંચી કિંમતે વેચી દેવાય છે અને શ્રીમંત પુરૂષો, કે જેમાં આરબ દેશોથી મોજશોખ માટે આવેલા પુરૂષોનો સમાવેશ પણ થાય છે, આ બાળાઓ સાથે ઉંચી કિંમત આપી જાતિય વાસના સંતોષે છે. રમેશ મેનનએ જણાવ્યું છે કે પોલિસ તંત્રોમાં ભરાયેલા કુતત્વો પણ નિયમિત તેમનું શોષણ કરે છે તેમજ કડક કાયદો હોવા છતાં ન્યાયાલય કે સુરક્ષાગૃહોમાંથી આ બાળવેશ્યાઓને જોઈતો ન્યાય મળતો નથી. તેથી આ ધંધામાંથી છૂટવાના પ્રયત્નો નિરર્થક સાબિત થાય છે એટલું જ નહીં પણ તેમાંથી છૂટવાની લડાઈમાં પોતાની હાર માની આ બાળવેશ્યાઓ છેવટે વેશ્યાવૃત્તિ ઉપરાંત દારૂ, સીગારેટ, કેફી પદાર્થો વગેરેના સેવનની કુટેવોમાં પડી પોતાની નર્કાગારી જેવી પરિસ્થિતિઓની વાસ્તવિકતા ભૂલી જવાનો પ્રયાસ કરે છે.

### વેશ્યાવૃત્તિમાંથી સ્ત્રીઓને ઉગારવાના ઉપાયોઃ

વેશ્યાવૃત્તિ માટેના ઉપરોક્ત કારણોમાંથી આપણને સ્પષ્ટ થાય છે કે લાચારી અને વિપરીત સંજોગોના ભોગ થવાને લીધે સ્ત્રીઓ આ ધંધામાં ફસાય છે અને શહેરી વાતાવરણ તે માટે અનુકુલ થઈ રહે છે.આ અર્થમાં વેશ્યાવૃત્તિ એક એવું કલંક છે કે જેનો ભોગ મોટે ભાગે અને અનેક રીતે સ્ત્રીએ થવો પડે છે તો આ સમસ્યાના ઉકેલના ઉપાયો શું ? અત્રે ટુંકમાં આ મુદ્દાને સ્પર્શતા કેટલાંક પગલાની સમજ આપવાના પ્રયાસ કરીશું. આ પગલાને અભ્યાસના હેતુથી ત્રણ વિભાગમાં વહેંચવામાં આવ્યા છે.

1. પ્રતિબંધાત્મક ઉપાયો
2. સુધારાત્મક ઉપાયો
3. સામાજિક પુર્નસ્થાપનના ઉપાયો

ઉપરોક્ત ઉપાયોની ટૂંકમાં ચર્ચા નીચે મુજબ કરી શકાય છે.

## 1. પ્રતિબંધાત્મક ઉપાયો

વેશ્યાવૃત્તિને અટકાવવા માટેના આ ઉપાયમાં કાયદાનું સ્થાન આગવું છે. યોગ્ય કાયદા વડે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે વેશ્યાવૃત્તિને ઉત્તેજન આપે તેવાં કૃત્યોને ગુના તરીકે ગણાવી વેશ્યાવૃત્તિને અટકાવવા માટેના પ્રયાસો હાથ ધરી શકાય છે, ભારત અને વિશ્વના અન્ય સમાજોમાં આ માટેના કાયદાનું અસ્તિત્વ છે. પરંતુ શું કાયદો આ સમસ્યાનું કાયમી ઉકેલ લાવી શકે છે? આ પ્રશ્નનો જવાબ ભાગ્યે જ હકારાત્મક હોઈ શકે. હકીકત તો એ છે કે ફક્ત કાયદાના દબાણ હેઠળ આ સમસ્યા નાશ પામતી નથી. પરંતુ અંધેરી આલમની છુપી પ્રવૃત્તિમાં સરકી જાય છે. વળી, કાયદામાં રહેલી છટકબારીઓનો લાભ લઈ ગુનાહિત વ્યક્તિઓ સહેલાઈથી દંડ અથવા શિક્ષાથી બચી જાય છે. ભારતમાં વેશ્યાવૃત્તિની નાબૂદી માટેના જુદા જુદા રાજ્યોના કાયદાઓ તેમજ 1935 થી દેવદાસી પ્રતિબંધક અધિનિયમ અને 1956 થી અનૈતિક જાતિય-વેપાર દમન અધિનિયમ (Suppression of Immoral Trafic Act, 1956 'SITA') અસ્તિત્વમાં હોવા છતાં "દેવદાસી" કે વેશ્યાવૃત્તિને અટકાવવામાં જોઈતી સફળતા મળી નથી. "સીતા" અધિનિયમ, 1956ની કેટલીક મહત્ત્વની જોગવાઈઓ નીચે મુજબ છે.

1. આ અધિનિયમ હેઠળ વૈયક્તિક વેશ્યાવૃત્તિને દંડપાત્ર ગુનો નોંધવામાં આવ્યો નથી પણ રાજ્ય સરકારોને એવી સત્તા આપવામાં આવી છે કે તે વેશ્યાવૃત્તિ ઉપર પ્રતિબંધ અને અંકુશો લાદી શકે છે. તેના અન્વયે ગુજરાતમાં 1958માં અને મહારાષ્ટ્રમાં 1961માં આ અધિનિયમનો અમલ કરવામાં આવ્યો છે.
2. અધિનિયમની કલમ 3 અન્વયે જો કોઈ વ્યક્તિ વેશ્યાવૃહ ચલાવે છે કે વેશ્યાગૃહ ચલાવવામાં સહાયક થાય છે તો તે વ્યક્તિને બે વર્ષની કડક સજા ફટકારવાની જોગવાઈ છે.
3. અધિનિયમની કલમ 3 અને 5 અન્વયે જો 18 વર્ષથી વધુ વયની કોઈ વ્યક્તિ સંપૂર્ણ અથવા આંશિક રીતે વેશ્યાની આવક ઉપર નિર્વાહ કરે છે, અથવા વેશ્યાવૃત્તિ માટે કોઈ છોકરી / સ્ત્રી ને ફોસલાવે છે અથવા એવા જ કામમાં મદદરૂપ થાય છે તો તેને એક વર્ષ કે તેથી વધુ જેલની સજા ફટકારી શકાય છે.
4. અધિનિયમની કલમ 7 અન્વયે એવી કોઈ પણ વેશ્યાને દંડ કરી શકાય છે કે જે કોઈ પણ સાર્વજનિક સ્થળના 200 વાર નજીકના વિસ્તારમાં વેશ્યાવૃત્તિ કરતી હોય.
5. અધિનિયમની કલમ 8 અન્વયે કોઈ પણ સાર્વજનિક સ્થળે વેશ્યાવૃત્તિને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે પ્રોત્સાહન કરવું દંડપાત્ર ગુનો બને છે.
6. અધિનિયમની કલમ 13 અન્વયે સરકારી અથવા સ્વૈચ્છિક સંસ્થાઓના આશ્રયે ગુનાહિત ઠરેલ વ્યક્તિઓ/વેશ્યાઓની દેખરેખ માટે સુરક્ષા ગૃહ (Protective Homes) સ્થાપવાની જોગવાઈ કરવામાં આવી છે.
7. અધિનિયમની કલમ 19 અન્વયે વેશ્યાઓને સુરક્ષાગૃહોમાં આશ્રય પ્રાપ્ત કરવાનો હક્ક આપવામાં આવ્યો છે.
8. અધિનિમયની કલમ 20 અન્વયે મજીસ્ટ્રેટોને એવી સત્તા આપાવામાં આવી છે કે જેને આધિન તેઓ વેશ્યાઓને સ્થાનેથી બીજે સ્થાને ખસેડી શકાય છે.

તદ્ઉપરાંત જાહેર સ્થળોના 200 વારના નજીક વેશ્યાવૃત્તિ કરતી વેશ્યાઓ ઉપરાંત તેના ગ્રાહકને પણ દંડ ફટકારવાની જોગવાઈ છે. 1956ના "સીતા" અધિનિયમમાં રહેલી કેટલીક છટકબારીઓને ધ્યાનમાં લઈ તેમાં સુધારો કરવામાં આવ્યો છે અને હવે આ અધિનિયમ પ્રિવેન્શન ઓફ ઈમ્મોરલ ટ્રાફિક ઈન પરસન્ટ એક્ટ (PITA) તરીકે ઓળખવામાં આવે છે.

ઉપરોક્ત બંન્ને અધિનિયમોની સમીક્ષા કરતા શાહનાઝ અંકલેસરીયા ઐય્યર જણાવે છે કે વેશ્યાવૃત્તિ ઉપર પ્રતિબંધ લાવતા આ કાયદામાં છેવટે તો વેશ્યા અથવા જે તે સ્ત્રી ને જ ગુનાહિત ગણાય છે જયારે કે તેના ગ્રાહક અથવા વેશ્યાગૃહ ચલાવતા સામાજિક કુતત્વો આ ગુનામાંથી છટકી જાય છે. તેઓ કહે છે કે આ અધિનિયમની કલમોનો અભ્યાસ કરવાથી એવું સ્પષ્ટ દેખાઈ આવે છે કે વેશ્યાવૃત્તિનો ભોગ બનેલી સ્ત્રી તેમાં સપડાયેલી જ રહેવા પામે છે જયારે કે 'રેકેટીયર્સ અને વેશ્યાગૃહો ચલાવતી વ્યક્તિઓ તેમની આવક ઉપરથી ફલતી-ફૂલતી રહે છે. વળી, પોલિસતંત્ર આ અધિનિયમના અસરકારક અમલીકરણ અંગે ફક્ત ઉદાસીન હોય એવું જ નથી પણ આ તંત્રમાં ભરાયેલા કેટલાંક કુતત્વો વેશ્યાઓ પાસેથી નિયમિત હપ્તા પડાવવામાં સફળ થાય છે. તદ્ઉપરાંત પોતાની સત્તાનો

દુરુપોયગ કરી વેશ્યાઓનું જાતિય-શોષણ પણ કરે છે.

આ અધિનિયમના નબળા અમલીકરણ અંગેની વાત કરીએ તો શાહનાઝ અંકલેસરીયા ઐય્યરના જાન્યુઆરી 14, 1989ના ઈન્ડિયન એક્ષપ્રેસના અંકમાં પ્રસિદ્ધ લેખને આધારે જાણવા મળે છે કે મંબઈના 50 હજાર વેશ્યાગૃહોમાંથી ફક્ત 409 વેશ્યાગૃહો ઉપર પાંચ વર્ષના ગાળા દરમ્યાન પોલિસે દરોડા પાડયા હતા. 1984માં એક પણ વેશ્યાને વેશ્યાવૃત્તિમાંથી બચાવવા અર્થે અથવા સુરક્ષાગૃહમાં રાખવા અંગેની અરજી મળી ન હતી. જે દરોડા પાડવામાં આવ્યા હતા તેમાં 5.543 વેશ્યાઓની ધરપકડ થઈ હતી. પરંતુ એક પણ દલાલ અથવા વેશ્યાગૃહના "પિમ્પ"ની ધરપકડ થઈ ન હતી. 356 વૈશ્યાગૃહ ચલાવનારાઓની ધરપકડ થઈ હતી અને તેમાંથી તમામ 1980 થી 1985ના ગાળા દરમ્યાન જામીન પર છુટી ગયા હતા. પરંતુ તમામે તમામ વેશ્યાઓ કોર્ટમાં ગુનાહિત ઠરી હતી. ફક્ત બે વેશ્યાગૃહના સંચાલક ને નજીવી સજા થઈ હતી. એટલે કે વેશ્યાઓને 60 રૂપિયા કે તેથી વધુ દંડ અને સાત દિવસની જેલની સાજ કરવામાં આવી હતી જયારે કે 'પિમ્પ' અથવા વેશ્યાગૃહના સંચાલકને ફક્ત 150 રૂપિયાનો દંડ અને એક દિવસની જેલની સજા થઈ હતી.

આમ, પ્રસ્તુત અધિનિયમ વેશ્યાવૃત્તિ અટકાવવામાં ઉપયોગી અને જરૂરી હોવા છતાં તે વેશ્યાઓ કરતાં અને અન્ય સામાજિક કુતત્વોને વધુ લાભકારી થઈ રહે છે તેવી હકીકતો સ્પષ્ટ થાય છે. એવા કાયદાઓ કોઈ પણ સામાજિક બુરાઈની નાબુદી માટે જરૂરી અને પૂર્વશરત હોય છે તેમાં બે મત નથી. પરંતુ ફક્ત કાયદો વેશ્યાવૃત્તિ કે બીજી કોઈ પણ સમસ્યાને હલ કરવામાં સંપૂર્ણ સફળ થઈ શકતો નથી. તે માટે બીજા કેટલાંક પુરક સામાજિક - માધ્યમોની પણ આવશ્યકતાઓ રહે જ છે. આ પુરક સામાજિક માધ્યમો સુધારાત્મક અને પુર્નસ્થાપનાના રૂપે જરૂરી બને છે.

## 2. સુધારાત્મક ઉપાયો

આપણે જોયું કે સામાન્ય રીતે લાચારી અને સંજોગોની ભોગ બનેલી સ્ત્રીઓ વેશ્યાવૃત્તિમાં ધકેલાય છે. ખાસ કરીને ગરીબાઈ અને અભાવની પરિસ્થિતિને લીધે એકવાર આ ધંધામાં ફસાયા પછી તેઓ તેમાંથી ભાગ્યે જ બહાર આવી શકે છે. પરંતુ એનો અર્થ એવો નથી કે જો સમાજમાં તેમને રોજીરોટી અને જીવન નિર્વાહ માટેની અન્ય યોગ્ય તકો મળી આવે તો તેઓ આ ધંધો છોડવા માંગતી ન હોય. હકીકતમાં કોઈ પણ વેશ્યા એવું ઈચ્છતી નથી કે તેના સંતાન પણ આ ધંધામાં ધકેલાય પરંતુ તેઓ પોતાના સંજોગો આગળ લાચાર હોય છે. તેમને આ લાચારીમાંથી સુરક્ષિત રીતે બહાર લાવવા માટે સુધારાત્મક ઉપાયો મહત્વના બની રહે છે. એવા ઉપાયોમાં તેમના માટે રોજગારીની તકો, જરૂરી કૌશલ્ય અને તાલીમ પ્રાપ્ત કરવાની તકો, શિક્ષણની સગવડ અને સામાજિક-આર્થિક સુરક્ષા આપે એવી સંસ્થાઓ પૂરતા પ્રમાણમાં મળી આવે તે અત્યંત જરૂરી હોય છે. આ સુધારાત્મક પગલાં માત્ર વેશ્યાવૃત્તિમાં ફસાયેલી સ્ત્રીઓને ઉગારવામાં જ ઉપયોગી થઈ રહે છે. તેવું નથી પણ કેટલીક સ્ત્રીઓને વિપરીત સંજોગોના ભોગ બનવાથી બચાવીને વેશ્યાવૃત્તિમાં પડતા પહેલા ઉગારી લેવામાં પણ મહત્ત્વની ભૂમિકા બજાવી શકે છે.

સુધા ગોગ્ટે (Sudha Gogate) એ આઈ. સી. એસ. આર. ના આશ્રયે કેટલાંક અભ્યાસના હેતુઓથી પસંદ કરાયેલા મરાઠી દૈનિકપત્રો અને સામયિકોમાં 1930 થી 1970ના ગાળા દરમ્યાન સ્ત્રીઓને લગતી માહિતીના વિશ્લેષણના આધારે જે તારણો પ્રાપ્ત કર્યા તેમાં એક મહત્ત્વનું તારણ વેશ્યાવૃત્તિના ઉકેલ માટે સુધારાત્મક ઉપાયોની અગત્ય દર્શાવતું તારણ છે. તેઓએ રશિયાના સંદર્ભમાં લખાયેલા એક લેખની છણાવટ કરીને દર્શાવ્યું છે કે ત્યાં સ્ત્રીઓને સમાન હક્કો ઉપરાંત વિશેષ સગવડો, આર્થિક, સુરક્ષા, માતૃત્વના લાભો અને ખાસ હક્કો વગેરેને લીધે વેશ્યાવૃત્તિના પ્રમાણમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે. તેના પુરાવારૂપે જણાવ્યું છે. કે ફક્ત 20 વર્ષના ગાળામાં રશિયાનાં બે મોટા નગરો મોસ્કો અને પિટર્સબર્ગમાં લગભગ 50 હજાર વેશ્યાઓમાંથી ઘટીને ઘણી ઓછી વેશ્યાઓ આ ધંધામાં ચાલુ રહી હતી.

થોડા વર્ષ અગાઉ (1978-88) સુરતમાં તત્કાલિન પોલિસ કમિશ્નર શ્રી બંસલે વેશ્યાઓને સુધારાત્મક પગલાંઓનો લાભ આપી માનભેર જીવન જીવવા માટેની તકો ઉભી કરવા અર્થે એક ઝુંબેશ ઉપાડી હતી અને વ્યાપક સમાજને આ શુભકાર્યમાં સાથ-સહકાર આપવાનું આહવાન કર્યું હતું. પરંતુ તેમાં સમાજની ઉદાસીનતા ઉપરાંત વેશ્યાઓમાં રહેલા સ્થાપિત હિતોના ઉગ્ર વિરોધને લીધે તેમના આ પ્રયાસોનો કરૂણ રકાસ થયો હતો.

### 3. પુર્નસ્થાપનાના ઉપાયો :

વેશ્યાવૃત્તિમાં ફસવવામાં પહેલા છોકરીઓ અને સ્ત્રીઓને ઉગારવાના ઉપાયોની જેમ આ ધંધામાં પડેલી સ્ત્રીઓને તેમાંથી મુક્ત કરી માનભેર રીતે સમાજમાં તેમના પુર્નવસવાટના ઉપાયો પણ અત્યન્ત અગત્યના છે. એક ધંધા તરીકે આ બુરાઈ ભલે વર્ષો જુની હોય તેમ છતાં તેમાં ફસાયેલી સ્ત્રીઓને માનવીય સન્માન અને ગૌરવ સાથે સમાજમાં જીવવા માટેની પૂરતી તકો ઉપલબ્ધ રહે તે પણ સમાજની એક જવાબદારી છે. તેથી જ વેશ્યાવૃત્તિ પ્રતિબંધને લગતા કાયદાઓમાં સુરક્ષા ગૃહો સંરક્ષણ કેન્દ્રો અને એવાં જ અન્ય આશ્રય સ્થળોની જરૂરિયાતોને સ્વીકારવામાં આવી છે. આ એક ભગીરથ કાર્ય છે. તેમાં એક બાજુ વેશ્યાઓ અને તેમનાં વલણોમાં પરિવર્તન આવે તે જરૂરી છે અને બીજી બાજુ સમાજનો યોગ્ય પ્રતિભાવ અને સમાજ સ્વીકૃતિ મળી રહે તે હેતુથી વ્યાપક જનમાનસમાં પરિવર્તન આવે તે પણ એટલું જ અગત્યનું છે. આ કાર્યમાં શિક્ષણ ઉપરાંત સ્વૈચ્છિક સંસ્થાઓ, મહિલા મંડળો, જનસંચારના સાધનો અને જાતિય શિક્ષણની ભૂમિકા મહત્વની થઈ રહે છે. કમનસીબે સૈદ્ધાંતિક રીતે સૌ કોઈ વેશ્યા પ્રત્યે સહાનુભૂતિ ધરાવે છે અને તેમના સામાજિક પુર્નવસવાટના કાર્યક્રમને અનુમોદન આપે છે પરંતુ જયારે વાસ્તવમાં માનભેર રીતે સ્વીકારવાનો પ્રશ્ન આવે છે ત્યારે જે તે વેશ્યાના કુટુંબીજનો અને સગાંવાલા પણ તેને સ્વીકારવા માટે તૈયાર થતા નથી. દા..ત. સુરતના ઉપર આપવામાં આવેલા પ્રયાસ વખતે ત્રણ વેશ્યાઓના સ્વૈચ્છિક સંસ્થાઓની મદદથી યોગ્ય પાત્રો સાથે લગ્ન કરાવવામાં આવ્યા હતા. પરંતુ ટૂંક સમય બાદ જ તેમાંના બે લગ્નોનો કરૂણ રકાસ થયો હતો જયારે કે ત્રીજા લગ્ન વિષે ખાસ માહિતી ઉપલબ્ધ થતી નથી.

આધુનિક સમયમાં ટી.વી. અને ફિલ્મો ઉપરાંત અન્ય જનસંચારના સાધનોનું વર્ચસ્વ વધતુ જાય છે અને જનમાનસ ઉપર તેની ઉંડી છાપ પડે છે. ખાસ કરીને ટી.વી. અને ફિલ્મોએ અનેક સામાજિક પ્રશ્નો તરફ જનજાગૃતિ લાવવામાં ઘણી સફળતા હાંસલ કરી છે. આ માધ્યમો વેશ્યાઓના જીવન અને તેમના કરૂણ સંજોગો અસરકારક સામગ્રીની મારફતે વ્યાપક સમાજ સમક્ષ પ્રસ્તુત કરી આ બુરાઈમાંથી બહાર આવવા માંગતી વેશ્યાઓને સમાજમાં પુર્નસ્થાપિત કરવા માટેનો ઉમદા સંદેશો લોકો સુધી પહોંચાડી શકે છે.

આમ, વેશ્યાવૃત્તિના હલ માટેના ઉપાયો અલગ અલગ પ્રકારના હોવા છતાં તે એકબીજાના વિરોધી નથી પણ પૂરક છે. કોઈ એક ઉપાય સક્ષમ નથી એ વાત પણ સ્વીકારવાની રહી. ઘણી વખતે જે તે ઉપાયમાંથી જ કુતત્વો પોતાનો માર્ગ શોધી વેશ્યાવૃત્તિનો લાભ લેતા અચકાતા નથી. એવા કુતત્વો પોલીસ, સુરક્ષા, ગૃહો અને સંરક્ષણ કેન્દ્રોમાં પણ મળી આવે છે તે વાત અજાણી નથી. આ સર્વ તત્વો અને વેશ્યાવૃત્તિ સમાજ તથા સ્ત્રી માટે એક કલંક છે તે ભાવની અસરકાર જનજાગૃતિ આ પ્રશ્નને હલ કરવામાં ઘણી ઉપયોગી સાબિત થઈ શકે છે. શહેરી સમુદાયો એવા રચનાત્મક કાર્યક્રમો માટે સંઘબળ, સાધનો, વિચારો અને વ્યવસ્થાતંત્રો ઉભા કરવામાં વધુ સાનુકૂળ થઈ રહે છે તે કહેવું પણ અત્રે યોગ્ય થઈ રહે છે. વેશ્યાવૃત્તિના ઉન્મૂલન માટે ઉપરોક્ત ઉપાયો પૈકી કોઈ એક ઉપાય અથવા એકથી વધુ ઉપાયોનું સંયોજન સમાજમાંથી સદંતર વેશ્યાવૃત્તિની નાબૂદી કરવામાં સફળ થઈ રહે છે તે માનવું અતિશયોક્તિ ગણાશે. પરંતુ એટલું તો ચોક્કસ કહી શકાય કે એક સામાજિક બુરાઈ અને ગંદા ધંધા તરીકે વેશ્યાવૃત્તિ ચાલુ રહે તો પણ આ ઉપાયોની મારફતે ચોક્કસ બાળાઓ અને સ્ત્રીઓને વેશ્યાવૃત્તિમાંથી છોડાવી સમાજમાં માનભેર જીવન જીવવાની તકો આપી શકાય છે.

## નગરસમુદાય અને અસ્પૃશ્યતા :

અસ્પૃશ્યતાએ પરંપરાગત હિન્દુ સમાજની એક સામાજિક બુરાઈ છે, તેનાં મૂળ જ્ઞાતિવ્યવસ્થામાં અને ધાર્મિક પવિત્રતા તથા બિનપવિત્રતા (Purity and pollution)ની માન્યતામાં રહેલા છે. પરંપરાગત હિન્દુ સમાજમાં અસ્પૃશ્યતાનો વ્યવહાર સવર્ણો તથા દલિતો દ્વારા ગ્રામ્ય અને નગરસમુદાયોમાં ચુસ્ત રીતે આચરવામાં આવતો હતો. હકીકતમાં આ વ્યવહાર પાછળ સામાજિક ધાર્મિક માન્યતાઓની એટલી કડક પકડ હતી કે અસ્પૃશ્યતા વર્તનથી છટકવા માટે નગરસમુદાયોમાં જરૂરી તક મળી આવતી તો પણ દલિતો એવી તકોનો ઉપયોગ કરતા ન હતા. અસ્પૃશ્યતાને લગતા પરંપરાગત નિયમો હેઠળ અસ્પૃશ્યો કે દલિતો સમાજના સૌથી નિમ્ન સ્તરમાં આવતા હતા અને તેઓએ સવર્ણો સાથેની આંતરક્રિયા વખતે અનેક બંધનો તથા નિષેધોનું પાલન કરવું પડતું હતું. વળી, તેઓ જાહેર અને નાગરિક જીવનના હક્કો પણ ધરાવતા નહોતા. વિવિધ નાગરિક સગવડો જેવી કે બગીચા, કૂવા, હોટલ, મંદિર સ્કુલ અને ધર્મશાળા વગેરેનો લાભ લઈ શકતા નહોતા. આ

ઉપરાંત તેઓ પોતાનો મૂળ અપવિત્ર ગણાતો ધંધો છોડીને અન્ય ધંધો કે સરકારી નોકરીઓ વગેરે પ્રાપ્ત કરી શકતા નહોતા. માન્ય ધોરણોનો ભંગ કરવા માટેની શિક્ષા અને દંડની તેમને માટે અલગ જોગવાઈઓ હતી. પ્રો. ધૂર્યે, હટન અને બીજા અનેક વિદ્વાનોએ અસ્પૃશ્યતા હેઠળ દલિતોએ જે નિષેધોનું પાલન કરવું પડતું હતું તેનો વિસ્તૃત ઉલ્લેખ કર્યો છે. આ બંધનો ભારતના નગરોમાં પણ દલિતોએ પાળવા પડતા હતા. અહીંયા આપણો આશય શહેરસમુદાયોમા અસ્પૃશ્યતાની સમસ્યા વિષેની સમજૂતી મેળવવાનો હોવાથી પરંપરાગત ભારતમાં અને આજે નગરસમુદાયોમાં અસ્પૃશ્યતાને લગતી વર્તણૂકની છણાવટ કરીશું.

સામાન્ય રીતે ભારતમાં જોવા મળતી અસ્પૃશ્યતાનો વ્યવહાર સામાજિક-ધાર્મિક મૂલ્યો ઉપર આધારિત છે. આ અર્થમાં તે વ્યવહાર પાશ્ચાત્ય સમાજોના શ્વેત અને નિગ્રો લોકો વચ્ચે પ્રજાતીય (racial) બાબતોને કારણે પ્રવર્તતો ભેદભાવથી જુદો પડે છે. ત્યાંના સમાજોમાં શ્વેત અને નિગ્રો વચ્ચેનો ભેદ ચામડીના રંગ અને બીજી કેટલીક શારીરિક લાક્ષણિકતાઓને આધારે સહેલાઈથી કરી શકાય છે તેથી નગરીય વાતાવરણ પ્રવર્તતી અપરિચિતતા (anonymity) અને વસ્તીનું પચરંગીપણું શ્વેત અને નિગ્રો વચ્ચે રહેલા ભેદને છુપાવવામાં બિન-અસરકારક અથવા ગૌણ બની શારીરિક લાક્ષણિકતાઓના તફાવતો ઉપર આધારિત નથી. તેથી શહેરી વાતાવરણમાં મળી આવતી વિશાળ-વસ્તી, ગીચતા અને વસ્તીનું પચરંગીપણું તથા તેમાંથી નગરજનો વચ્ચે ફલિત થતી અપરિચિતતા (anonymity) ના લાભ લઈ દલિતો જીવનનાં કેટલાંક પાસાંઓના અસ્પૃશ્યતાના દૂષણથી પોતે ઈચ્છે તે છટકી શકે એવી સ્થિતિમાં હોય છે. છતાં પરંપરાગત નગરસમુદાયો વિષે મળી આવતી માહિતી અને શહેરીજીવનને લગતું સાહિત્ય એવું દર્શાવે છે કે ગ્રામ્ય સમુદાયોની જેમ ત્યાં પણ અસ્પૃશ્યતા તેના ચુસ્ત સ્વરૂપમાં જોવા મળતી નથી. આ પાછળના કારણોની તપાસ કરીએ તો આપણે અસ્પૃશ્યતાના વ્યવહારને સંસ્થીકૃત (institutionalize) કરવા માટે માન્યતાઓ અને વાસ્તવિક રહેણીકરણી પરત્વે જે યુક્તિઓ અસ્તિત્વમાં હતી તે નગરીય પરિસ્થિતિઓમાં પ્રવર્તતી અપરિચિતતા વચ્ચે પણ અસ્પૃશ્યતા આચરણનું પાલન થાય તેવી વ્યવસ્થાનું નિર્માણ કરી શકી હતી, તેમ કહી શકાય છે. આવી યુક્તિઓ મુખ્યત્વે બે પ્રકારની હતી જે નીચે મુજબ હતી :

1. ધાર્મિક મૂલ્યો અને જ્ઞાતિવ્યવસ્થાના નિયમોની કડક પકડને કારણે દલિતો તેમની સામાજિક-ધાર્મિક ગેર-યોગ્યતાઓ (disabilities) નો અને નિમ્ન સામાજિક દરજ્જાનો સ્વીકાર કરતા હતા.

2. દલિતોએ તેમના રોજ-બરોજના જીવનમાં કેટલાંક એવા ચિહ્નો અથવા પ્રતીકો ધારણ કરવાં પડતાં હતા કે જે અપરિચિતતાના વાતાવરણમાં પણ તેમાં અસ્પૃશ્ય તરીકેના દરજ્જાની જાણ કરી શકે. એવાં પ્રતીકોમાં તેમના વસ્ત્રો આભૂષણો, બોલી, વ્યવહારની રીતભાતો અને અસ્પૃશ્યો માટે અલગ રહેઠાણની વ્યવસ્થા તથા સામાજિક-ધાર્મિક વિધિઓ વગેરેનો સમાવેશ થાય છે. આવા પ્રતીકો કે વિશિષ્ટ રીતભાતો વડે સવર્ણો સહેલાઈથી દલિતોને ઓળખી શકતા હતા અને તેમની સાથે અસ્પૃશ્યતાનું આચરણ કરી શકતા હતા.

પ્રથમ પ્રકારની વ્યવસ્થામાં કર્મ અને ધર્મની માન્યતાઓ હેઠળ સવર્ણોની જેમ દલિતો કે અસ્પૃશ્યો વિષે પણ એવું મનાતું હતું કે તેમનો વર્તમાન જ્ઞાતિ-દરજ્જો તેમના ગયા જન્મનાં કર્મોનું પરિણામ છે અને આ જન્મમાં પોતાની જ્ઞાતિ મુજબનાં કર્તવ્યોનું નિષ્ઠાપૂર્વક પાલન કરવું એ દરેક વ્યક્તિનો ધર્મ છે. વળી, જે વ્યક્તિ પોતાની જ્ઞાતિનાં કર્તવ્યોનું નિષ્ઠાપૂર્વક પાલન કરે છે તેને આવતા જન્મમાં મોક્ષ કે ઊંચી જ્ઞાતિમાં જન્મ મળશે તેવી સંભાવના પણ સ્વીકારવામાં આવી હતી, તે ઉપરાંત રાજ્યોના કડક નિયમો હેઠળ પણ જ્ઞાતિવ્યવસ્થાના નિયમોનો ભંગ કરવા માટે શિક્ષા આપવાની વ્યવસ્થા હતી. એવી શિક્ષા, અસ્પૃશ્યો માટે તો ઘણી ગંભીર પ્રકારની કરવામાં આવતી હતી. જીવનના આર્થિક ક્ષેત્રે પણ અસ્પૃશ્યો સંપૂર્ણપણે સવર્ણોની દયા ઉપર જીવતા હતા. ટૂંકમાં જીવનના આ જુદાં જુદાં પાસાઓમાં પ્રવર્તતી જે માન્યતાઓ અને વાસ્તવિક પરિસ્થિતિઓ હતી તે સર્વ એવી જાતની હતી કે અસ્પૃશ્યો તેમની સામાજિક-ધાર્મિક, ગેર-યોગ્યતાઓને જાતે જ સ્વીકારે કરે અને સ્વેચ્છાએ અસ્પૃશ્યતાના વ્યવહારોનું આચરણ કરે.

દૂરથી જોઈ શકાય એવાં પ્રતીકો અને ચિહ્નોની બાબતમાં અસ્પૃશ્યોએ તેમની વેશભૂષા, આભૂષણો અને બોલી વગેરેમાં નક્કી કરાયેલી વસ્તુઓ અને પ્રણાલિઓનું પાલન કરવું પડતું હતું. તેઓ જ્યારે જાહેર સ્થળો. જેવાં કે સડકો, ગલીઓ વગેરે સ્થાનોએ હોય તો કેટલાક નિષેધોનું પાલન કરવું પડતું હતું. દા.ત., જાહેર રસ્તા ઉપર હોય તો ત્યારે અસ્પૃશ્ય વ્યક્તિ પોતે ન ઓળખતી હોય એવી સવર્ણ વ્યક્તિને પણ ન સ્પર્શે એવી ખાસ અપેક્ષા રખાતી હતી. પ્રોફેસર ધૂર્યે જણાવે છે તે

પ્રમાણે મરાઠાઓ અને પેશવાઓના અમલ દરમ્યાન મહાર તથા માંગ જ્ઞાતિના દલિતો પૂના શહેરમાં સવારના 9 વાગ્યાથી પહેલાં અને બપોરના 3 વાગ્યા પછી આવી શકતા નહોતા. કારણ કે દિવસના એ સમયે વ્યક્તિના શરીરના કદ કરતાં તેનો પડછાયો ઘણો લાંબો હોય છે. જાણ્યે-અજાણ્યે પણ જો કોઈ સવર્ણ વ્યક્તિ દલિતના એવા પડછાયામાં પગ મૂકે તો તે અભડાઈ જાય છે તેમ મનાતું હતું. વળી, મહાર જ્ઞાતિની વ્યક્તિઓએ પોતાના ગળામાં નાનકડું માટલું ટિંગાડીને ફરવું પડતું હતું અને આ માટલામાં જ થૂંકવું પડતું હતું. પંજાબનાં નગરો અને કસ્બાઓમાં અસ્પૃશ્યોએ જાહેર રસ્તા ઉપર ફરતી વખતે પોતાના હાથમાં ઝાડુ અને ટોપલો રાખવો પડતો હતો. આ ઉપરાંત ભીડમાંથી પસાર થવાનું હોય તો તેણે બૂમો પાડતા નીકળવું પડતું હતું, જેથી તેના અવાજથી લોકો સજાગ બની પોતાની જાતને અભડાતી બચાવી શકતા. ધૂર્યે ગુજરાતના સંદર્ભમાં લખે છે કે ગુજરાતમાં અસ્પૃશ્યોએ પોતાના માથા ઉપર પશુઓની જેમ શિંગડા બાંધવાં પડતાં હતાં. દક્ષિણ ભારતમાં તો આ અંકુશો એટલી હદ સુધી પરિભાષિત કરવામાં આવ્યા હતા કે અસ્પૃશ્યો પોતાનાં મકાનો બાંધવામાં કયા માલસામાનનો ઉપયોગ કરી શકશે અને તેમનાં ઘરોનું કદ તથા સ્વરૂપ કેવું રહેશે ? તેમજ તેઓ વરસાદ તથા તાપમાં છત્રીનો ઉપયોગ કરી શકતા નહોતા, પગમાં જોડા પહેરી શકતા નહોતા અને કેટલાક પ્રદેશોમાં તો અસ્પૃશ્ય સ્ત્રીઓ કમરથી ઉપર વસ્ત્રો ધારણ કરી શકતી નહોતી. વળી, તેઓ ચાંદી-સોનાના આભૂષણો કે ઊંચી કક્ષાના કાપડનો ઉપયોગ પણ કરી શકતા નહોતા. તામિલનાડુમાં તો અસ્પૃશ્યો લગ્ન વખતે વરઘોડો કાઢી શકતા નહોતા અને સવર્ણો જેવા લગ્નમંડપો પણ બાંધી શકતા નહોતા. આવી જ પરિસ્થિતિ ગુજરાતના ગ્રામીણ અને નગરીય વિસ્તારોમાં પણ પ્રવર્તતી હતી. આજે અસ્પૃશ્યતાનું કાયદાકીય ધોરણે નિવારણ થયું છે. છતાં ગ્રામીણ વિસ્તારોમાં તેનું અસ્તિત્વ અલોપ થયું નથી. પરંતુ પરંપરાગત ભારતમાં તે શહેરીસમુદાયોમાં પણ અસ્તિત્વ ધરાવતી હોવાથી આજે આ સમસ્યાનું શહેરીસમુદાયોમાં શું સ્વરૂપ છે તે નગર સમાજશાસ્ત્રના અભ્યાસમાં એક અગત્યની બાબત બને છે. કમનસીબે નગરીય પરિસ્થિતિઓને લક્ષ્યમાં રાખી અસ્પૃશ્યતાની સમસ્યાની સમસ્યાના અભ્યાસો પૂરતા પ્રમાણમાં થયા નથી તેવી આ ક્ષેત્રે વાસ્તવિક પ્રવાહોની સમજૂતી આપે તેવું પૂરતું સાહિત્ય મળી આવતું નથી.

અસ્પૃશ્યતાના નિવારણ અને દલિતોને અત્યાચારો તથા શોષણથી ઉગારવા માટેના પ્રયાસો આમ તો આઝાદી પૂર્વેથી જ સ્વૈચ્છિક અને રાજકીય ધોરણે શરૂ થયા હતા. આવા પ્રયાસોમાં જુદાં જુદાં સમાજસુધારણાનાં આંદોલનો, ગાંધીજી, આંબેડકર અને જ્યોતિરાવ ફૂલે વગેરેનો ખાસ ફાળો રહ્યો છે. વળી, બ્રિટિશ અમલ હેઠળની કોંગ્રેસ સરકારના જુદાં જુદાં પ્રાંતોમાં દલિતોના રક્ષણ તથા કલ્યાણ માટે કેટલાક કાયદાઓ ઘડવામાં આવ્યા હતા. પરંતુ આ સર્વ પ્રયાસો રાષ્ટ્રવ્યાપી ન હોવાથી તેમની અસર મર્યાદિત જ રહી. અસ્પૃશ્યતા નિવારણના ક્ષેત્રે આઝાદી પછીના પ્રયાસો વધુ સઘન બનાવવામાં આવ્યા. ભારતના લોકશાહી બંધારણમાં નક્કી કરાયેલાં લક્ષ્યોમાં સામાજિક, આર્થિક અને રાજકીય ન્યાય; વિચારોની અભિવ્યક્તિ, ધાર્મિક માન્યતા અને ભક્તિની સ્વતંત્રતા તથા દરજ્જો અને તકોની સમાનતા ભારતના તમામ નાગરિકોને પ્રાપ્ત થાય તેવું સ્વીકારવામાં આવ્યું છે. આથી દલિતોને પણ સવર્ણોની બરાબર હક્ક મળે છે. વળી, દલિતોનાં સૈકાઓથી ચાલ્યા આવતાં શોષણોને દૂર કરી તેમને સવર્ણોની હરોળમાં આવવા માટેની પૂરતી તકો મળી આવે તે આશયથી બંધારણમાં કેટલીક ખાસ જોગવાઈઓ કરવામાં આવી છે. આવા લાભ માટે દલિતોને બંધારણમાં અનુસૂચિત જ્ઞાતિઓની યાદીમાં નોંધવામાં આવ્યા છે. તેથી આજે તેઓ અનુસૂચિત જ્ઞાતિના નામથી પણ ઓળખાય છે. અહીંયા આપણે દલિતોના કલ્યાણ અર્થે મદદરૂપ એવી બંધારણની કેટલીક કલમો જોઈશું.

1. બંધારણની કલમ 15 મુજબ કોઈ પણ ભારતીય નાગરિકની વિરુદ્ધ જ્ઞાતિ, ધર્મ, જાતિ, પ્રજાતિ અથવા જન્મસ્થાન કે તેમાંની કોઈ પણ બાબતોને કારણે ભેદભાવ કરવા પ્રતિબંધ મૂકે છે. આ કલમ દ્વારા એવું પણ જણાવવામાં આવ્યું છે કે કોઈ પણ નાગરિક આ બાબતો હેઠળ દુકાન, જાહેર ઉપહારગૃહો કે હોટલો, મનોરંજન માટેનાં જાહેર સ્થળો, કૂવાઓ, જળાશયો. સ્નાન માટેના ઘાટ કે રસ્તાઓનો ઉપયોગ, અન્ય જાહેર સગવડોના સ્થળો કે જે રાજ્યોની પૂર્ણ અથવા આંશિક મદદ વડે ચાલતાં હોય કે જાહેરજનતાના ઉપયોગ માટે અર્પણ થયાં હોય તેવાં સ્થાનોના ઉપયોગ કરવા પર કે તેમાં પ્રવેશ કરવા માટે નિષેધ મૂકી શકાશે નહીં.
2. બંધારણની કલમ 17 અન્વયે અસ્પૃશ્યતા નાબૂદ કરવામાં આવી છે અને તેનું કોઈ પણ કરાતું આચરણ અમાન્ય ગણાય છે. અસ્પૃશ્યતામાંથી ફલિત થતી કોઈ પણ ગેરલાયકાતનો અમલ કરવો આ કલમ હેઠળ શિક્ષાપાત્ર ગુનો બને છે.

3. બંધારણની કલમ 23 મુજબ રાજ્યોને સામાજિક કલ્યાણ અથવા સુધારણાને લગતાં અગર સાર્વજનિક હિન્દુ ધાર્મિક સંસ્થાઓને સમાજના વર્ગો અને વિભાગો માટે ખુલ્લી મૂકવા માટેના કાયદાઓ ઘડવાની સત્તા આપે છે.

4. બંધારણની કલમ 29 (2) હેઠળ કોઈ પણ નાગરિકને કોઈ પણ રાજકીય શિક્ષણ સંસ્થામાં અથવા તો રાજ્યોના ભંડોળમાંથી મદદ મેળવતી શિક્ષણ સંસ્થામાં ધર્મ, જ્ઞાતિ, જાતિ, ભાષા અથવા તેમાંની કોઈ પણ બાબતના ભેદભાવ હેઠળ પ્રવેશની ના પાડી શકે નહીં.

5. રાજ્યનીતિના માર્ગદર્શન સિદ્ધાંતોના એક ભાગરૂપે બંધારણની કલમ 38 મુજબ રાજ્યે બની શકે તેટલી અસરકારક રીતે રાષ્ટ્રીય જીવનની બધી જ સંસ્થાઓમાં આર્થિક, સામાજિક અને રાજકીય ન્યાય મળી શકે તેવી સમાજવ્યવસ્થાનું નિર્માણ કરવું અને તેનું જતન કરીને લોકોના કલ્યાણ અર્થે પ્રયત્નશીલ થવું, તેવો નિર્દેશ કરવામાં આવ્યો છે.

6. રાજ્યોનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોની કલમ 46 અનુસાર ભારતીય સમાજનાં દુર્બળ અંગોને-ખાસ કરીને અનુસૂચિત જ્ઞાતિઓ અને અનુસૂચિત જનજાતિઓના કેળવણી વિષયક અને આર્થિક લાભો જળવાય તે માટે રાજ્ય ખાસ કાળજી રાખશે અને અન્ય કોઈ પણ પ્રકારનાં શોષણમાંથી તેમને બચાવવા યોગ્ય રક્ષણ આપશે તેવી જોગવાઈ કરવામાં આવી છે.

આ ઉપરાંત બંધારણની બીજી કેટલીક કલમો હેઠળ પણ અનુસૂચિત જ્ઞાતિઓના લાભ અર્થે ખાસ જોગવાઈ કરવામાં આવી છે. દા.ત., સંસદ કે રાજ્યો વિધાનસભાઓ કે પંચાયતો વગેરેમાં તેમનું પ્રતિનિધિત્વ જળવાય તે આશયથી તેમને માટે અનામત જગ્યાઓ રાખવામાં આવી છે. વળી, કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની નોકરીઓમાં તેમ જ શિક્ષણ સંસ્થાઓમાં તેમના માટે અનામત જગ્યાઓ હોય છે. તદુપરાંત રાજ્ય સરકારો દલિતોના સામાજિક, આર્થિક અને શૈક્ષણિક કલ્યાણ માટે વિવિધ કાર્યક્રમો અમલમાં મૂકી શકે તેવી જોગવાઈ પણ કરવામાં આવી છે.

અસ્પૃશ્યતા નાબૂદી અને અસ્પૃશ્યતાને લગતા. ગુનાઓની શિક્ષા માટે જરૂરી કાયદા ઘડવાની બંધારણીય સત્તા હેઠળ સંસદે ઇ.સ. 1955માં અસ્પૃશ્યતા નાબૂદીનો કાયદો પસાર કર્યો છે. પ્રસ્તુત કાયદાની કલમ-3 પ્રમાણે બધાં જ ધાર્મિક સ્થળો દલિતો માટે ખુલ્લાં કરાયાં છે. વળી, અસ્પૃશ્યતાના કારણસર કોઈ પણ વ્યક્તિને એવાં જાહેર ધાર્મિક સ્થળોમાં પૂજાપાઠ તેમ જ અન્ય ધાર્મિક વિધિ કરતા અટકાવે અગર પવિત્ર ગણાતા જળાશયોમાં અથવા કુંડ પર સ્નાન કરવાની કે પાણી ભરવાની મનાઈ કરે તો તેને શિક્ષા કરવાની વ્યવસ્થા કરવામાં આવી છે. આ કાયદાની કલમ-4 દલિતોને વિરુદ્ધ સામાજિક ગેરવ્યાજબી આચરણ ઉપર પ્રતિબંધ મૂકે છે. વળી, જે વ્યક્તિ દલિતોને નીચેની બાબતો અંગે મનાઈ ફરમાવે કે અટકાવે તેવી વ્યક્તિને શિક્ષા કરવાની જોગવાઈ કરે છે :

1. દુકાન, જાહેર રેસ્ટોરન્ટ, હોટલ અગર મનોરંજનનાં જાહેર સ્થળો પર જવાની મનાઈ કરે તો,

2. જાહેર રેસ્ટોરન્ટ, હોટલ અગર ધર્મશાળામાં જાહેર જનતાના વપરાશ માટે રખાયેલાં વાસણો અથવા વસ્તુઓ વાપરવાની મનાઈ કરે તો,

3. કોઈ પણ ધંધો, વેપાર અથવા નોકરી કરવાની બાબતોમાં મનાઈ કરે તો,

4. જાહેર જનતા માટે વપરાતાં પાણીનાં સ્થળો; દા.ત., નદી, તળાવ કૂવા અથવા એવાં અન્ય સ્થળો પર જવાની કે પાણી ભરવાની મનાઈ કરે તો, તેમ જ જાહેર સ્નાનઘાટ, સ્મશાનગૃહ, રસ્તાઓ અગર જાહેર સ્થળો કે જે સાર્વજનિક ઉપયોગનાં છે ત્યાં દલિતોને જવાની કે તેમનો ઉપયોગ કરવાની મનાઈ ફરમાવે તો,

5. સાર્વજનિક ઉપયોગ માટે ધર્માદાથી કે રાજ્યની પૂર્ણ કે આંશિક મદદથી ચાલતાં જાહેર સ્થળોમાંથી કોઈપણ એવા સ્થળોનો ઉપયોગ કરવા અંગે કે તેમાં પ્રવેશ અંગે મનાઈ ફરમાવે તો,

6. સાર્વજનિક લાભ માટે સમર્પિત થયેલ જાહેર ધર્માદા ટ્રસ્ટોનો લાભ લેવાની મનાઈ ફરમાવે તો,

7. જાહેર આવાગમનનાં સાધનોના ઉપયોગની મનાઈ ફરમાવે તો,

8. કોઈપણ મકાન બાંધવાની કે ભાડેથી તેમ જ માલિકીના ધોરણે મકાન મેળવવાની મનાઈ ફરમાવે તો,

9. જાહેર જનતા માટે ખુલ્લી મુકાયેલી ધર્મશાળા કે આશ્રયસ્થાનોના ઉપયોગની મનાઈ ફરમાવે તો,

10. કોઈપણ સામાજિક અથવા ધાર્મિક વિધિ-વિધાન કરવાની તેમજ ધાર્મિક ઝૂલુસમા ભાગ લેવાની મનાઈ ફરમાવે તો,

11. આભૂષણો અને સુંદર વસ્ત્રો ધારણ કરવાની મનાઈ ફરમાવે તો.

આ સિવાય પ્રસ્તુત કાયદાની કલમ-5 મુજબ દલિતોને જાહેર હોસ્પિટલોનો લાભ લેવાની મનાઈ ફરમાવે માટે. કલમ-6 દલિતોને અસ્પૃશ્યતાના બહાના હેઠળ વસ્તુઓ વેચવાની કે જરૂરી સેવા આપવાની મનાઈ ફરમાવવા બદલ શિક્ષા થઈ શકે છે. વળી, કલમ-7 મુજબ સીધી કે આડકતરી રીતે કોઈ પણ વ્યક્તિ જાહેર જનતાને કે સમૂહને કોઈપણ સ્વરૂપમાં અસ્પૃશ્યતા આચરવા માટે ઉશ્કેરણી કરે કે પ્રોત્સાહન આપે તો તે ફોજદારી ગુનો બને છે. આમ, 1955ની 'અસ્પૃશ્યતા નાબૂદી કાયદાઓ દ્વારા સમસ્ત ભારતમાંથી અસ્પૃશ્યતાને નાબૂદ કરવા માટેની કાનૂની વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે. આ કાયદો રાષ્ટ્રવ્યાપી છે, અને તે નગરસમુદાયોમાં વસતાં સવર્ણો અને દલિતોને પણ આવરી લે છે. આ કાયદાનો કડક અમલ કરવા માટે 1976માં સંસદે અગાઉના કાયદામાં સુધારો કરી અસ્પૃશ્યતાના ગુનાઓ બદલ જરૂર પડે તો જેલ અને દંડની સજા ફટકારવાની જોગવાઈ પણ કરી છે.

વર્તમાન સમયમાં ઉપરોક્ત કાયદાકીય વ્યવસ્થા અને સામાજિક પરિવર્તનનાં આધુનિક પરિબળોની સમક્ષ અસ્પૃશ્યતાના આચરણ પરત્વે નગરીય પરિસ્થિતિઓમાં જૂના સંદર્ભો રહ્યા નથી. આજે દલિતો અને સવર્ણો બંને મોટે ભાગે પોતાનાં વલણો (attitudes) અને વર્તણૂક (behaviour) માં અસ્પૃશ્યતાના નિયમોનો સ્વીકાર કરતા નથી. જો કે કેટલાંક રૂઢિચુસ્ત સવર્ણોમાં આજે પણ અસ્પૃશ્યતાના ઔચિત્ય અંગેના વલણો જોવા મળે છે. પરંતુ નગરીય સમુદાયોમાં દલિતો પોતાના પરંપરાગત નીચ દરજ્જા અને આભડછેડના નિયમોનો સ્વીકાર કરતા નથી. તેથી નગરીય પરિસ્થિતિઓમાં દલિતો ચિંતા અને ભયમુક્ત બનીને અન્ય સવર્ણોની જેમજ જાહેર સગવડ તથા સ્થળોનો ઉપયોગ કરે છે એટલું જ નહીં પણ નગરસમુદાયોમાં પ્રવર્તતી અપરિચિતતાનો લાભ લઈને પોતાનાં બાળકો તેમના પરંપરાગત દરજ્જા બાબત સજાગ ન બને તેવી કાળજી પણ લેતાં થયાં છે. અસ્પૃશ્યતા નિવારણ ક્ષેત્રે શહેરીસમુદાયોમાં જોવા મળતું આ પરિવર્તન ઉત્સાહવર્ધક ગણાવી શકાય છે, કારણ કે ગ્રામીણ સમુદાયોમાં કાયદાકીય પરિસ્થિતિ બદલાયેલી હોવા છતાં દલિતો જીવનનાં વિવિધ પાસાઓમાં સવર્ણો સાથેની સમાનતા હાંસલ કરી શકે તેવી વાસ્તવિક પરિસ્થિતિઓ હજી સુધી સર્જાઈ નથી.

સામાન્ય રીતે નગરોમાં પરંપરાગત અસ્પૃશ્યતા અલોપ થઈ છે. છતાં તે સવર્ણો કે દલિતોના માનસમાંથી સદંતર નષ્ટ થઈ ગઈ છે કે કેમ તે કહેવું મુશ્કેલ છે. આ અંગે અનુસૂચિત જ્ઞાતિ અને અનુસૂચિત જનજાતિ કમિશનના વાર્ષિક અહેવાલો ઉપરથી નગરીય પરિસ્થિતિઓમાં પણ અસ્પૃશ્યતાના બનાવો બનતા રહ્યા છે, તેનું વર્ણન જોવા મળે છે. વળી, જે કાંઈ ઉપલબ્ધ અભ્યાસો છે તેમાંથી પણ નગરોમાં દલિતો પ્રત્યે થતી કનડગત તથા ભેદભાવના વ્યવહાર પરત્વેના નિર્દેશો જોવા મળે છે. દા.ત., સુનંદા પટવર્ધન પોતાના અભ્યાસને આધારે કહે છે કે આજે નગરવિસ્તારોમાં અસ્પૃશ્યતા અભિવ્યક્ત સ્વરૂપોમાં જોવા મળતી નથી, પરંતુ દલિતો પ્રત્યેનું પરંપરાગત વલણ ઘણી વખતે દેખાઈ આવે છે. આના પુરાવા રૂપે તેઓ જણાવે છે કે આજે પ્રથમ વર્ગના દલિત સરકારી અધિકારીઓને પણ નગરોમાં સવર્ણ લત્તાઓમાં રહેવા માટે મકાનો મળતાં નથી. આ જ રીતે હેરોલ્ડ આઈઝેક (Harold Isaacs) મુંબઈ અને બેંગ્લોરના કેટલાક શિક્ષિત દલિતોના અભ્યાસને આધારે જણાવે છે કે મોટા ભાગના દલિતો નગરીય અપરિચિતતાના વાતાવરણમાં પોતાની જ્ઞાતિ છુપાવીને સમાનતા તથા સ્વતંત્રતાના હક્કો માણે છે. તેઓ કહે છે કે આ દલિતો પોતાનાં બાળકોને તેમની પરંપરાગત જ્ઞાતિ અને તેનો દરજ્જો જણાવતા નથી તેમજ અસ્પૃશ્યતાના પરંપરાગત વ્યવહારોની જાણ થવા દેતા નથી. આ સંદર્ભમાં બેંગ્લોર શહેરના એક દલિત ઉત્તરદાતાએ તેમને એવું પણ કહ્યું કે તે પોતાનાં બાળકોને કદી પણ તેના મૂળ ગામમાં લઈ જશે નહીં, કારણ કે ત્યાં જવાથી તેમની સાથે અસ્પૃશ્યતાનું વર્તન થશે અને બાળકો તેમનાં પરંપરાગત દરજ્જા પ્રત્યે સજાગ થઈ જશે. મુંબઈ શહેરના એક અન્ય દલિત સરકારી કર્મચારીઓ તેમને જણાવ્યું કે મુંબઈમાં અસ્પૃશ્યતાનો પ્રશ્ન કદી ઊભો થતો જ નથી કારણ કે અહીંયા કોઈપણ વ્યક્તિ બિજાની જ્ઞાતિ અંગે પૂછપરછ કરતી નથી છતાં તેણે એટલું અવશ્ય કબૂલ કર્યું કે જ્યારે સામેવાળી વ્યક્તિને દલિત તરીકેના દરજ્જાની ખબર પડી જાય છે ત્યારે તેમના પ્રત્યે જે તે સવર્ણ વ્યક્તિની વર્તણૂક બદલાઈ જતી હોય છે. આ જ રીતે હેરોલ્ડ આઈઝેક બીજા અનેક ઉત્તરદાતાઓના જવાબોનું ચિત્રણ કરે છે. અમુક કિસ્સાઓ તો એવા પણ છે કે જ્યાં બાળકોને તેઓ મહાર જ્ઞાતિના છે તેમ કહેવાય છે, પરંતુ પરંપરાગત રીતે 'મહાર' એટલે શું ? તેની જાણ થવા દેવામાં આવતી નથી. આ સંદર્ભમાં ગુજરાતી એક માછીવંશી છોકરીનો દાખલો

આપતાં કહે છે કે આ છોકરીને એવી ખબર હતી કે તે માહ્યાવંશી જ્ઞાતિની છે. પરંતુ જયાં સુધી તે પોતાના મૂળ ગામમાં ગઈ નથી ત્યાં સુધી તેને માહ્યાવંશી જ્ઞાતિના પરંપરાગત દરજ્જા વિષેનો ખ્યાલ હતો નહીં, જયારે ઇઝેકે પોતાના ઉત્તરદાતાઓને એવો સવાલ કર્યો કે શા માટે તેઓ પોતાની જ્ઞાતિ છુપાવે છે ? તેના જવાબમાં જાણવા મળ્યું કે નગરોમાં વસતા દલિતોને એવું લાગે છે કે સવર્ણોને દલિતોની જ્ઞાતિની ખબર પડી જવાથી તેઓ (સવર્ણો) ભેદભાવ અને કનડગતનો વ્યવહાર કરે આથી અસ્પૃશ્યતાનો નાશ ત્યારે જ શક્ય છે જયારે કે સવર્ણોનાં વલણોમાંથી પણ તે સદંતર અલોપ થઈ જાય છે. આ ઉપરાંત બીજા કેટલાક અભ્યાસો પણ એવું દર્શાવે છે કે કાયદાના ભય અને નગરીય પરિસ્થિતિઓના દબાણ હેઠળ વ્યવહારોમાં અસ્પૃશ્યતા વ્યક્ત થતી નથી પણ કેટલાક સવર્ણો અને દલિતોનાં વલણોમાં હજી પણ તેનાં મૂળ ટકી રહ્યા છે. પરંતુ અહીંયાં એક અગત્યનો પ્રશ્ન એ થાય છે કે નગરોમાં રહેતા દલિતોનો સવર્ણો અંગે જે ભય છે તે પરંપરાના દબાણ હેઠળ કલ્પિત છે કે તે સાચો છે ? આ બાબત તપાસવાના આશયથી ઇ.સ. 1976માં સુરત શહેરમાં 500 દલિતો અને 500 સવર્ણોના અભ્યાસને આધારે હરીશ દોશીએ વલણો અને વર્તનના ક્ષેત્રે અસ્પૃશ્યતાનું આચરણ થાય છે કે કેમ તે જાણવાનો પ્રયાસ કર્યો. પ્રસ્તુત અભ્યાસના આધારે પ્રાપ્ત થયેલાં કેટલાંક મહત્ત્વનાં તારણો નીચે મુજબનાં છે :

1. અસ્પૃશ્યતાને લગતી માન્યતાઓ વિષે એવું જાણવા મળ્યું કે 91.5 ટકા દલિતો અને 85.9 ટકા સવર્ણો અસ્પૃશ્યતા પાછળ રહેલી પરંપરાગત માન્યતાઓનો સ્વીકાર કરતા ન હતા. જોકે દલિતોમાં પણ જે ઉત્તરદાતાઓ સફાઈ કામમાં રોકાયેલા હતા અને નીચલી દલિત જ્ઞાતિઓના હતા તેમાં આશરે 20 ટકા અસ્પૃશ્યતાને લગતી પરંપરાગત માન્યતાઓમાં માનતા હતા. આથી આ દલિતોમાં તુલનાત્મક રીતે અસ્પૃશ્યતાનો ભય અને વ્યવહારો વધુ જોવા મળતો હતો.

2. સામાજિક દરજ્જાના બાબતમાં એવું જાણવા મળ્યું કે આશરે 65 ટકા દલિતો તથા 61.0 ટકા સવર્ણો ધાર્મિક અને સામાજિક રીતે દલિતોનો દરોજ્જો નીચે હોય છે તેવું માનતા ન હતા. ફક્ત 9.6 ટકા દલિતોએ જ એવું કહ્યું કે તેમનો દરજ્જો સવર્ણો કરતાં કંઈક નીચો છે. માહ્યાવંશી, મેઘવાળ અને રોહિત જ્ઞાતિમાંથી કોઈએ પણ એવું કબૂલ કર્યું ન હતું. દલિતને અડવાથી જ અભડાઈ જવાય છે કે દલિત અડે તો ભોજન કે વસ્ત્રો વગેરે અપવિત્ર થઈ જાય છે તેવું માનનાર 10 ટકાથી પણ ઓછા એવા રૂઢિચુસ્ત બ્રાહ્મણો અને વાણિયા ઉત્તરદાતાઓ હતા. નગરોમાં અસ્પૃશ્યતાનો નિવારણ ક્ષેત્રે સવર્ણો તથા દલિતોનાં વલણોમાં આવેલું આ પરિવર્તન ખૂબ જ અગત્યની સફળતા લેખાવી શકાય.

3. જાહેર સગવડો જેવી કે બગીચા, સીનેમા, રેસ્ટોરેન્ટ અને હોટલ, જાહેર જાજરૂ, નળ, સ્નાનાઘર. સ્મશાનગૃહ તથા વાળંદની દુકાન, દરજીની દુકાન કે કરિયાણાની દુકાન વગેરેનો દલિતો કોઈપણ જાતના ભય વિના કે પોતાની જ્ઞાતિ છુપાવવા માટેના ખાસ પ્રયાસો કર્યા વિના લાભ લે છે. એટલે કે આ સ્થળોએ તેઓ અસ્પૃશ્યતાનો અનુભવ કરતા નથી. વળી, સવર્ણો પણ આ સર્વ સગવડોનો દલિતો લાભ લે તે પરત્વે અણગમો રાખતા નથી.

4. આર્થિક ક્રિયાઓ અને ધંધાકીય બાબતો પરત્વે પ્રસ્તુત અભ્યાસ દર્શાવે છે કે મોટા ભાગના દલિતો (76.3) નગરીય તકોનો લાભ લઈને પોતાના પરંપરાગત અને અપવિત્ર ધંધાને છોડવામાં સફળ થયા છે. જોકે આ જાતનું પરિવર્તન ભંગી અને નાડિયા દલિત જ્ઞાતિઓમાં ખાસ જોવા મળે નથી. દા.ત., ભંગી જ્ઞાતિના આશરે 80 ટકા લોકો આજે પણ તેમના પરંપરાગત ધંધામાં રોકાયેલા છે. આથી કેટલીક વખતે તેઓ પોતાના ધંધાને કારણે પરંપરાગત કલંકના ભોગ બને છે.

   વળી, કેટલાક ભંગી જ્ઞાતિના ઉત્તરદાતાઓને બાદ કરતાં બીજા મોટાભાગના દલિતો એવું પણ માનતા નથી કે સવર્ણો તેમને નવા ધંધામાં રોજી આપતા નથી. હકીકતમાં 67.6 ટકા દલિતોએ એવું જણાવ્યું કે જરૂરી લાયકાત અને કુશળતા વિકસાવીને તેઓ નવા ધંધાઓમાં પ્રવેશી શક્યા છે. વાય. એ. પરમારના માહ્યાવંશી જ્ઞાતિ પરના અભ્યાસને આધારે પણ એવું જાણવા મળ્યું છે. સવર્ણોમાંથી પણ 96.4 ટકાએ જણાવ્યું કે નવા નવા ધંધાઓમાં દલિતો પ્રવેશ તે યોગ્ય ન હોય તેવું નથી. સવર્ણો અને દલિતો સાથે સાથે કામમાં રોકાયેલા હોય ત્યારે અસ્પૃશ્યતાનું આચરણ થતું હોય કે સવર્ણો માલિક દ્વારા દલિતોની કનડગત થતી હોય એવું આ અભ્યાસને આધારે જાણવા મળ્યું નથી.

5. બ્રાહ્મણની સેવાઓ વિષે 76 ટકા દલિતો એવું માનતા હતા કે પરંપરાગત અસ્પૃશ્યતાને કારણે બ્રાહ્મણો પોતાની સેવાઓ દલિતોને ન આપતા હોય એવું બનતું નથી. પરંતુ ભંગી અને નાડિયા જ્ઞાતિઓમાંથી ઘણાઓએ એવું જણાવ્યું કે આભડછેટની માન્યતાઓ કરાણે બ્રાહ્મણો સવર્ણોની પેઠે તેમને સેવાઓ આપતા નથી.

6. સ્કૂલ, કોલેજ અને અન્ય શિક્ષણસંસ્થાઓમાં સવર્ણ તથા દલિત બાળકો સાથે સાથે ભણે છે અને સવર્ણ વિદ્યાર્થીઓ કે સવર્ણ શિક્ષકો દ્વારા દલિત બાળકો સાથે અસ્પૃશ્યતાને લગતા ભેદભાવનો વ્યવહાર થતો નથી. જોકે અભ્યાસ હેઠળનાં 500 દલિત કુટુંબોમાં 604 છોકરાંઓ અને 296 છોકરીઓએ પોતાનો અભ્યાસ અધવચ્ચેથી છોડી દીધો હતો. પરંતુ આ પાછળનુ કારણ અસ્પૃશ્યતા કે પરંપરાગત ભેદભાવ ન હતું. મોટા ભાગનાં દલિત બાળકો ગરીબી, કૌટુંબિક જવાબદારીઓ, નોકરી, ભણવામાં રસનો અભાવ અને શારીરિક-માનસિક-અસામર્થ્ય વગેરેને લીધે પોતાનો અભ્યાસ છોડી દેતાં જાણવા મળ્યાં હતાં.

7. રહેઠાણના ક્ષેત્રે આજે શહેરના છેવાડે દલિતોનાં ઘરો આવેલાં તેવું જોવા મળતું નથી. શહેરના જુદાં જુદાં વિસ્તારોમાં દલિતો તથા સવર્ણો સાથે સાથે રહેતા હોય છે તે આજે સામાન્ય થઈ ગયું છે. વળી, કેટલાક જૂના દલિત વિસ્તારોમાં નાનીમોટી વૈપારિક ક્રિયા સાથે સંકળાયેલા કેન્દ્રો પણ ઊભાં થયાં છે અને એવાં કેન્દ્રોનો સવર્ણો તથા દલિતો અસ્પૃશ્યતાનું આચરણ કર્યા વિના લાભ લે છે.

   તેમ છતાં સવર્ણ લત્તાઓમાં દલિતોને રહેવા માટે ભાડેથી અગર ખરીદીથી સહેલાઈથી મકાનો મળતાં નથી. પ્રસતુત અભ્યાસમાં 50 ટકાથી પણ વધુ દલિતોએ જણાવ્યું કે તેમણે સવર્ણો પોતાના લત્તાઓમાં રહેવા માટે મકાનો આપતી નથી. 54.5 ટકા દલિતોએ એવું પણ કહ્યું કે સવર્ણો સહકારી ગૃહમંડળીઓ (co-operative housing societies)માં પણ એવું પણ માને છે કે જો દલિતોને સવર્ણ લત્તામાં મકાન મળી જાય તો પણ સવર્ણો તેમની સાથે સામાજિક આંતરક્રિયા કે પાડોશી તરીકેના સંબંધો રાખશે નહીં. જોકે સવર્ણોમાંથી 77.8 ટકા લોકોએ એવું જણાવ્યું કે અસ્પૃશ્યતાને કારણે દલિતોનાં રહેઠાણો જુદાં હોય તે બરોબર નથી. વળી 63.1 ટકા સવર્ણોએ તો એવું પણ કહ્યું કે સવર્ણો તથા તથા દલિતો મિશ્ર વિસ્તારમાં રહે તો રોજબરોજના જીવનમાં તેમની વચ્ચે પારસ્પરિક સંપર્ક અને સહકાર વધશે તેમજ દલિતોની સામાજિક-ધાર્મિક સ્થિતિ સુધરશે.

8. મંદિરોમાં પ્રવેશ પરત્વે એવું જાણવા મળ્યું કે અસ્પૃશ્યતાનાં આચરણને કારણે પળાતા નિષેધો દૂર થાય છે અને સવર્ણોની જેમ જ દલિતો પણ સાર્વજનિક મંદિરોમાં જાય છે અને પૂજાપાઠ કરીને પોતાની ધાર્મિક ભાવનાઓ સંતોષે છે. આ અંગે એક બીજા અભ્યાસમાં કેટલાક ભંગી ઉત્તરદાતાઓએ એવું જણાવ્યું કે જ્યારે તેઓ સાર્વજનિક મંદિરોમાં જાય છે ત્યારે ત્યાં તેમની સાથે અયોગ્ય વ્યવહાર ન થાય એ આશયથી પોતાની જ્ઞાતિ બીજાઓને જણાવતા નથી. ભંગી અને નાડિયા દલિત જ્ઞાતિઓમાં 40 ટકાથી પણ વધુ લોકો એવું માને છે કે મંદિરોમાં તેમની જ્ઞાતિ અંગે બીજાઓને ખબર પડી જાય તો તેમની સાથે કનડગત થઈ શકે છે. કેટલાક મેઘવાળ અને ગરોડા જ્ઞાતિના સભ્યો પણ એવું માને છે. માહ્યવંશી જ્ઞાતિના લોકો એવા કશા ભય કે શંકાથી પીડાતા નથી અને પોતે સાર્વજનિક મંદિરોમાં જાય ત્યારે પોતાની જ્ઞાતિ છુપાવવા માટેના પ્રયત્નો કરતા નથી.

ઔદ્યોગિકરણ અને નગરીકરણના આધુનિક પ્રવાહો પહેલાંની વાત કરીએ તો એવું જાણવા મળે છે કે કૃષિ સિવાયના અન્ય ધંધાઓ માટે 'એક જ્ઞાતિ ધંધાની સમાજ સ્વિકૃત ગોઠવણી પ્રવર્તી હતી. તે વખતની પરિસ્થિતિઓમાં અપવાદરૂપે ગણાવી શકાય એવા કિસ્સાઓમાં જ પરંપરાગત ધંધાનો ત્યાગ કરી નવા ધંધાઓમાં જોડાયાના બનાવોની મહિતી મળી આવે છે. જે.એચ.હટન (1969) જી.એચ.ધૂર્યે (1969) અને એમ.એન.શ્રીનિવાસ (1962) ના પ્રદાનોમાંથી એવા અપવાદરૂપ દાખલાઓની સમજ મળે છે. આ દાખલાઓમાં જે નોંધપાત્ર તરાહ દેખાય છે તે એ છે કે તત્કાલીન ભારતમાં અસ્પૃશ્ય ગણાતી જ્ઞાતિઓનો તેમાં થતો નથી. જે કોઈ અન્ય જ્ઞાતિઓના છૂટાછવાયા દાખલા મળે છે જેમાં વ્યક્તિ અથવા સમૂહો દ્વારા ધંધાકીય પરિવર્તન માટેના સફળ પ્રયત્નોના એવા કિસ્સાઓ જ મોખરે છે કે જ્યાં રાજ્યની સત્તા અને મુનુસફીથી વહેંચવામાં આવેલ અનુકમ્પાના આશ્રયે ધંધાકીય પરિવર્તન અથવા હોદ્દાઓની તબદીલી શક્ય બની હતી આ અપવાદરૂપ કિસ્સાઓ સિવાયની સામાન્ય પરિસ્થિતિઓમાં ધંધાકીય પરિવર્તન જ્ઞાતિ-વ્યવસ્થાના નિયમો હેઠળ શિક્ષાપાત્ર સામાજિક અને વિચલન ગણાતું અને તે બદલ જે તે વ્યક્તિ મૂળ જ્ઞાતિ, જે જ્ઞાતિનો ધંધો સ્વીકારવામાં

આવ્યો છે તે જ્ઞાતિ અને છેવટે અન્ય તમામ જ્ઞાતિઓ પોતપોતાના ધારાધોરણોની અપેક્ષાઓ મુજબ એવી વ્યક્તિ ઉપર સામાજિક બહિષ્કારનો અકુંશ લાદતી (ધુર્યે : 1969). આ અંકુશો રોજબરોજના અને પ્રાસગિક જીવનમાં એટલા આકરા સાબિત થતા કે ભાગ્યે જ કોઈ તેમની અવગણના કરી શકવાનું સાહસ ખેડી શકતી. ધંધાકીય પરિવર્તનના પ્રયાસોમાં આ અંકુશો હવે રહ્યા નથી અને આ હકીકત અસ્પૃશ્યતા નિવારણના ક્ષેત્રે પણ લાગુ થાય છે. પદ્ધતિસરના અભ્યાસોના તારણોએ પણ આ પરિવર્તનને નોધ્યું છે. ધંધાકીય પરિવર્તનના પ્રયાસોમાં આ અંકુશો હવે રહ્યા નથી અને આ હકીકત અસ્પૃશ્યતા નિવારણના ક્ષેત્રે પણ લાગુ થાય છે. પદ્ધતિસરના અભ્યાસોના તારણોએ પણ આ પરિવર્તનને નોંધ્યું છે. ધંધાકીય ક્ષેત્રે ધાર્મિક-બિન-પવિત્રતાનો ખ્યાલ ક્ષીણ થયો હોવાથી આર્થિક વ્યવહાર દરમિયાન સેવાઓ અને વસ્તુઓની કે નાણાંની આપ-લે વખતે આભડ છે પળાતી નથી. (આઇ. પી. દેસાઈ : 1976) આજે વ્યાપક સમાજમાં સામાજિક-સાંસ્કૃત્તિક તેમજ આર્થિક પરિવર્તનના પ્રવાહો અનુસૂચિત જ્ઞાતિઓમાં પણ દેખાવા લાગ્યા છે. (શર્મા : 1984 -54)

આર્થિક ક્ષેત્રે ઔદ્યોગિકરણ, શહેરીકરણ, સ્થળાંતર અને શિક્ષણના ફેલાવા ઉપરાંત સરકારી તથા અન્ય તંત્રોમાં નોકરીની તકો ઊભી થવાથી અનુસૂચિત જ્ઞાતિઓમાં ધંધાકીય પરિવર્તન શક્ય બન્યું છે. આઝાદી પછીના ભારતમાં ધંધાકીય પરિવર્તન માટે ઊભી થયેલી આ તકો અનુસૂચિત જ્ઞાતિઓના સામાજિક-સાંસ્કૃત્તિક વિકાસ અર્થે સબળ પુરવાર થઈ છે. હવે પછીના પૃષ્ઠોમાં/ અનુસૂચિત જ્ઞાતિઓમાં જોવા મળતા ધંધાકીય પરિવર્તનના પ્રમુખ પ્રવાહોની રજુઆત કરવામાં આવી છે.

અસ્પૃશ્યતાના સંદર્ભમાં આજે ધંધાકીય બાબતોમાં અનુસૂચિત જ્ઞાતિઓના લોકો પરંપરાગત બંધનોથી પીડાતા નથી તેમ છતાં તેઓમાંના ઘણા પોતાની નબળી સ્થિતિને લીધે ગરીબી, શોષણ અને અત્યાચારમાંથી મુક્ત થઈ શક્યા નથી. આ હકીકત કદાચ નગરો અને ઔદ્યોગિક કેન્દ્રોમાં સ્પષ્ટ પણે ન દેખાય પરંતુ ગ્રામીણ સમુદાયોમાં આંખે ઊડીને દેખાય છે. (શર્મા : 1984 : 63-64) અનુસૂચિત જ્ઞાતિઓમાં ગયા થોડાક દાયકાઓથી ધંધાકીય ક્ષેત્રે જેઠ પરિવર્તન આવ્યું છે તેમાંથી આ જ્ઞાતિઓમાં રહેલી કેટલીક મર્યાદાઓ છતી થાય છે. આ મર્યાદાઓને લીધે તેઓમાં એક ચોક્કસ પ્રકારના ધંધાઓ તરફના ઝોકની તરાહ ઉભી થતી દેખાય છે. આ જે નવી તરાહ ઉપસવા લાગી છે. તેમાં પરંપરાગત ધંધો છોડી નવા ધંધામાં પ્રવેશવામાં સફળ થયેલ 100 વ્યક્તિઓનું વર્ગીકરણ જોઈએ તો લગભગ નીચે મુજબનો પ્રવાહ જોવા મળે છે. આ તરાહ મોટે ભાગે નગર સમુદાયોમાં વસતા અનુસૂચિત જ્ઞાતિઓના લોકોને જ લાગુ પડે છે.

1. અનુસૂચિત જ્ઞાતિઓમાંથી મોટા ભાગના લોકો (લગભગ 50 ટકા) એવા ધંધાઓમાં જોડાવવામાં સફળ થયા છે જ્યાં થોડાક કૌશલ્ય અને અનુભવ વડે ધંધાની જરૂરી આવડત પ્રાપ્ત કરી શકાય છે. આ ધંધાઓમાં પોતાના કામનું પ્રાધાન્ય રહેલું હોય છે.
2. ત્યારે પછીનું જૂથ એવા વ્યવસાયો કે ધંધાઓનું છે કે ઔપચારિક શિક્ષણ અને તાલીમ પ્રાપ્ત કરીને મેળવી શકાય છે. મોટે ભાગે કલાર્ક, શિક્ષણ અને સરકારી કે અર્ધસરકારી તંત્રોમાં નાની-મોટી નોકરીઓ વગેરે આ શ્રેણીમાં આવે છે. તેમાં ઉચ્ચ પાયરી ઉપરના હોદ્દાઓ ધારણ કરવામાં સફળ થયેલ વ્યક્તિઓનું નાનું સરખું જૂથ પણ આવી જાય છે. લગભગ 20 ટકા જેટલા લોકો આ શ્રેણીના ધંધાઓમાં રોકાયેલા છે તેવું કહી શકાય.
3. જે ધંધાઓમાં મૂડીનું રોકાણ કરવાનું જરૂરી હોય છે તેમાં તુલનાત્મક રીતે અનુસૂચિત જ્ઞાતિઓમાંથી ઘણા ઓછા લોકો (લગભગ 5 ટકા) જોડાઈ શક્યા છે. આ ધંધાઓમાં નાની દુકાન, શાકભાજીની લારી, ચાની રેંકડી અને અન્ય વૈપારિક ક્રિયાઓ ઉપરાંત નાના ઔદ્યોગિક એકમો વગેરેનો સમાવેશ થાય છે.
4. બાકી રહેલા લગભગ 25 ટકા જેટલા અનુસૂચિતજ્ઞાતિઓના લોકો એક અથવા બીજી રીતે પરંપરાગત ધંધાઓ સાથે સંકળાયેલા છે જો તેમાંના ઘણા સુધરાઈ, સરકારી દફતરો અથવા અન્ય તંત્રોમાં નોકરીની ચોક્કસ શરતોને આધિન રોકાયેલા હોઈ, જે તે આર્થિક વ્યવહાર દરમ્યાન પરંપરાગત અસ્પૃશ્યતાની બૂરાઈનો ભોગ થતા નથી.

ઉપરોક્ત તરાહે લેખકે થોડાક વર્ષો અગાઉ સુરત શહેરમાં હાથ ધરેલ એક ક્ષેત્રિય અભ્યાસને આધારે પ્રાપ્ત કરવાનો પ્રયાસ કર્યો છે. આ તરાહ ગ્રામ્ય વિસ્તારોને બંધ બેસતી નથી જયારે કે નાના શહેરોમાં તે કેટલા અંશે લાગુ થાય છે તે એક અલયદા સંશોધન માટેનું સૂચન કરે છે.

ધંધાકીય પરિવર્તનના ક્ષેત્રે અનુસૂચિત જ્ઞાતિઓમાં દેખા દેતો બીજો નોંધપાત્ર પ્રવાહ એ છે કે સરકારી નીતિઓ અને શૈક્ષણિક સગવડોનો લાભ લઈ અનુસૂચિત જ્ઞાતિઓમાં એક એવો માર્ગ અસ્તિત્વમાં આવ્યો છે કે જે આર્થિક રીતે સબળ થઈ પોતાની સામાજિક અને સાંસ્કૃતિક સ્થિતિ સુધારી શક્યો

છે. આ વર્ગની ઘણી વ્યક્તિઓ રાજકીય સત્તા હાંસલ કરવામાં પણ સફળ થઈ છે. આ વિધાન સાથે કદાચ બધા સહમત ન થાય, પરંતુ અત્રે ધંધાકીય પરિવર્તનના સંદર્ભમાં અસ્પૃશ્યતા અંગેની વાત કરવાનો મર્યાદિત હેતુ હોઈ એ સ્વીકારવું જોઈએ કે અનુસૂચિત જ્ઞાતિઓમાંથી પણ એક એવો નાનો સરખો વર્ગ દેખાવા લાગ્યો છે કે જે આર્થિક શૈક્ષણિક અને રાજકીય બાબતોમાં અન્ય લોકો કરતા આગવું સ્થાન ધરાવે છે. કમનસીબે મોટા ભાગના અભ્યાસોમાં આ વર્ગને 'ભદ્રવર્ગ' ની ઉપમા આપી સામાજિક સ્તરરચનાના વિકાર્યાત્મક સ્વરૂપે જ સમજાવવાના અભિગમનું પ્રાધાન્ય રહ્યું છે. હકીકતમાં આયોજનબદ્ધ સામાજિક, આર્થિક વિકાસના કાર્યક્રમોના અપેક્ષિત પરિણામ તરીકે તે સ્વીકારાવું જોઈએ. એટલે કે જે લોકો એ કાર્યક્રમોનો લાભ લેવામાં સફળ થશે, તેઓ આર્થિક અને સામાજિક રીતે જેટલા આગળ આવશે તેટલા જ લાભ ન લઈ શકનાર કરતાં અલગ તરી આવશે તે ઘટના નકારી શકાય તેમ નથી. અસ્પૃશ્યતાના નિવારણ ક્ષેત્રે આ કિસ્સાઓ ઘણી ઉપયોગી હકીકતો દર્શાવી શકે છે. ખાસ કરીને ત્યારે કે જયારે તેમની સફળતા પાછળના કારણોના સુક્ષ્મ અને પદ્ધતિસર રીતે અભ્યાસ કરવામાં આવે. એવા અભ્યાસ માટે કેટલાંક અર્થપૂર્ણ સવાલો નીચે મુજબના હોઈ શકે :

1. કઈ રીતે અને કયા સંજોગો હેઠળ આ વર્ગના લોકો પોતાની પરંપરાગત વિપરીત પરિસ્થિતિઓમાંથી બહાર આવવા માટેનો માર્ગ શોધી શક્યા ?
2. તેમાંથી તેમને પોતાની મૂળ પરિસ્થિતિઓમાંથી કોઈ પરિસ્થિતિ સગવડ રૂપ થઈ કે કેમ ? જો હા તો તે કઈ કઈ પરિસ્થિતિ હતી ?
3. શૈક્ષણિક સગવડોનો લાભ લેવામાં તેમને કઈ કઈ અગવડ પડી અને તેનું નિવારણ કઈ રીતે થયું ?
4. સરકારી નોકરીઓ અથવા અન્ય હોદ્દાઓ કે વ્યવસાયોમાં જવાની પ્રક્રિયા દરમ્યાન તેમને કઈ કઈ દિશાઓથી અને કેવી સમસ્યાઓનો સામનો કરવો પડ્યો ?
5. આ સમસ્યાનો ઉકેલ શોધવામાં તેમને શું શું પ્રયત્નો કરવા પડ્યા ?
6. પોતાના જૂથના લોકોમાંથી કઈ સગવડો અને અગવડો અને તેમજ બીજા જૂથોમાંથી કઈ કઈ સગવડો અને અગવડો ભોગવવી પડી ?
7. એકવાર જે તે વ્યવસાય કે હોદ્દા ઉપર આવવામાં સફળતા હાંસલ કર્યા બાદ તેને ટકાવી રાખવા માટે કયા કયા પ્રશ્નોનો સામનો કરવો પડે છે ? અને
8. તે પ્રશ્નોનું સમાધાન કરવા માટે તેઓ કઈ કઈ રીતે સફળ રહે છે ?

ઉપરોક્ત કેટલાક સવાલો ઉપરાંત બીજા અર્થસભર સવાલોના જવાબો એવા તથ્યો પ્રકાશમાં લાવી શકે છે કે જે શિક્ષણ અને અન્ય સગવડોની મારફતે અનુસૂચિત જ્ઞાતિઓમાં ધંધાકીય પરિવર્તનને જરૂરી વેગ આપવામાં ઉપયોગી માર્ગદર્શન પૂરું પાડી શકે. જે ગામડાંઓમાં સિંચાઈ અને આર્થિક વિકાસની પૂરતી તકો મળવા લાગી છે ત્યાં અનુસૂચિત જ્ઞાતિઓના લોકો પરંપરાગત ધંધાઓમાંથી બહાર આવવામાં સફળ થયા છે. દા.ત., ગુજરાતના બોરસદ તાલુકાના મોટાભાગના ગામોમાં અનુસૂચિત જ્ઞાતિઓમાંના ઘણા પશુઓના વેપાર, વૈપારિક ધોરણે મરઘાં પાલન, પાન, બીડી, ચ્હા અને સાયકલ રીપેરીંગની કે અન્ય વૈપારિક ક્રિયાઓની નાની દુકાન અને ટેલરીંગ વગેરેના ધંધાઓમાં જોડાયા છે. તેમજ મહેસાણા જિલ્લામાં વણાટ કામની વ્યવસ્થિત મંડળીઓ રચી પોતાની સ્થિતિ સુધારી શક્યા છે. તેમજ ખેડા જીલ્લામાં તેમજ સુરત જિલ્લામાં દૂધ મંડળીઓના સભાસદ પણ બન્યા છે. જોકે સર્વત્ર આ મંડળીઓમાં અનુસૂચિત જ્ઞાતિઓના લોકોની સહભાગીતા અન્ય વર્ગોની જેમ સશક્ત ઢબે પાંગરી શકી નથી. ખેડા જિલ્લાના બે ગામડાંઓની દૂધ મંડળીઓમાં અનુસૂચિત જ્ઞાતિઓની લોકોની સહભાગીતાનો અભ્યાસ કરતાં રાજારામે પ્રાપ્ત કરેલ તારણ દર્શાવે છે કે ગામડાંમાં અને દૂધ મંડળીઓમાં અનુસૂચિત જ્ઞાતિના લોકોની સ્થિતિ વિસ્તૃત સમાજ વ્યવસ્થાથી પ્રભાવિત થાય છે. જે ગામડાંઓમાં પટેલો અથવા ઠાકોરોનું પ્રભુત્વ છે ત્યાં અનુસૂચિત જ્ઞાતિઓમાં દૂધ મંડળીની પ્રવૃત્તિઓમાં અસરકારક ભાગીદારી જન્મ લઈ શકી નથી. (રાજારામ : 1984)

આપણે આગળ જોયું કે ગ્રામ્ય વિસ્તારોમાં રહેતા અનુસૂચિત જ્ઞાતિઓના લોકોમાં થોડાક અપવાદો સિવાય ધંધાકીય પરિવર્તન આજે પણ ભવિષ્યની જ એક વાત ધારી શકાય.

આમ ગ્રામીણ ભારતની ભૌતિક પરિસ્થિતિઓમાં ગમે તેટલો ફેરફાર થયો હોય તેમ છતાં મોટાભાગની અનુસૂચિત જ્ઞાતિઓ તેથી અલ્પ પ્રમાણમાં જ લાભાન્વિત થઈ છે. આ વિશાળ જનસમૂહમાંથી માત્ર તેઓ જ ધંધાકીય પરિવર્તન સાધી શક્યા છે કે જેઓ સ્થળાંતર કરીને દૂર દૂરના અથવા આસપાસના શહેરો અને ઔદ્યોગિક કેન્દ્રોમાં પોતાનું ભાગ્ય અજમાવવા ગયા છે. હેરલ્ડ આઈઝેક

(1965), સતીશ સભ્રવાલ (1976), વાય.એ.પરમાર (1982), પટવર્ધન (1973), બી.વી.શાહ તથા જનક ઠાકર (1980) અને મકવાણા (1986)ના પદ્ધતિસરના અભ્યાસો અનુસૂચિત જ્ઞાતિઓમાં ધંધાકીય પરિવર્તન અંગેના આ પ્રવાહને સમજવામાં ઉપયોગી થઈ રહે છે. પરંતુ સ્થળાંતર કરી શહેર વસવાટ માટેની પૂર્વશરતો સંતોષવી મોટાભાગના અનુસૂચિત જ્ઞાતિના લોકો માટે શક્ય નથી તે એક હકીકત છે. ખાસ કરીને અત્રે બે ત્રણ અગત્યના મુદ્દાઓ તરફ દિશાસૂચન કરવું યોગ્ય થઈ રહેશે. એક, મોટાભાગના અનુસૂચિત જ્ઞાતિના લોકોની પોતાની મૂળ વતનમાંથી આર્થિક દશા ખૂબ જ નબળી અને ગરીબ હોવાથી સ્થળાંતર કરી પોતાના આર્થિક દશા સુધારવા માટેનો અખતરો કરવાનો વિચાર સરખો પણ કરી શકતા નથી. બીજું તેમની પાયાની આ વિપરીત પરિસ્થિતિ ઉપરાંત વારસાગત સામાજિક-આર્થિક પરિસ્થિતિ એવી રહી  છે કે તેઓ નવા ધંધાઓ અથવા વ્યવસાયો માટે. સાહસિકતાનો વારસો ધરાવતી નથી, તેમજ શિક્ષણ અને તાલીમ વડે પ્રાપ્ત કૌશલ્ય વિષે આ જ્ઞાતિઓના સામાજિક-સાંસ્કૃતિક વારસામાં લાંબી પરંપરાગત રહી નથી. આ તમામ પરિસ્થિતિઓના ગુંફન વચ્ચે અન્ય જ્ઞાતિઓની તુલનામાં અનુસૂચિત જ્ઞાતિઓના લોકો ગ્રામ્ય વિસ્તારોથી સફળ સ્થળાંતરનો અખતરો કરવામાં પાછળ રહ્યા છે. આજ વાતને બીજી રીતે જોઈએ તો ઔદ્યોગિકરણ અને નગરીકરણને લીધે આઝાદી પછીના ભારતમાં વ્યવસાયિક પરિવર્તન માટેની જે નવી નવી તકો ઉભી થઈ છે તેનો લાભ ગ્રામીણ વિસ્તારોની અનુસૂચિત જ્ઞાતિના લોકો લઈ શક્યા નથી. તેથી ધંધાકીય પરિવર્તનના અભાવને લીધે તેમની આર્થિક દશા કે સામાજિક-સાંસ્કૃતિક સ્થિતિમાં ખાસ પરિવર્તન આવ્યું નથી.

ઉપરોક્ત ટુંક રજૂઆતના સાર રૂપે કહી શકાય કે અસ્પૃશ્યતા નાબૂદીમાં અનુસૂચિત જ્ઞાતિઓમાં ધંધાકીય પરિવર્તન પાયાની ભૂમિકા ભજવે છે. નવા ધંધામાં પ્રવેશથી માત્ર આર્થિક અને સમાજિક સ્થિતિમાં પરિવર્તન આવતું નથી પરંતુ પ્રત્યેક્ષ એ પરોક્ષ રીતે પરંપરાગત આભડછેટનો વ્યવહાર પણ નાબૂદ થાય છે. તદ્ઉપરાંત બદલાયેલી પરિસ્થિતિ હેઠળ શિક્ષણ અને આર્થિક વિકાસ અંગેના આયોજનબદ્ધ કાર્યક્રમોને ઉપયોગી પ્રતિભાવ પૂરો પાડવા માટેની ક્ષમતાનું નિર્માણ થાય છે. તેમ છતાં વાસ્તવિક પરિસ્થિતિઓ એવું દર્શાવે છે કે અસ્પૃશ્યતા નાબૂદીના આપણા પ્રયાસોમાં અનુસૂચિત જ્ઞાતિઓના લોકોમાં ધંધાકીય પરિવર્તનને લગતો જોઈતો પ્રવાહ જોવા મળતો નથી. પ્રસ્તુત પરિસ્થિતિના નિવારણ માટે કેટલાંક ઉપયોગી મુદ્દાઓ હવે પછીના પૃષ્ઠોમાં દર્શાવવામાં કાર્યક્રમોને જરૂરી વેગ આપવા માટે વ્યાપક સમાજના સંદર્ભમાં ઉપયોગી માર્ગદર્શન આપશે એવી આશા છે.

આપણે જોયું કે ધંધાકીય પરિવર્તનના ક્ષેત્રે અનુસૂચિત જ્ઞાતિઓના મોટાભાગના લોકો પોતાની વારસાગત પ્રતિકુલ સામાજિક આર્થિક પરિસ્થિતિને લીધે એવા ધંધાઓમાં જ પ્રવેશીશક્યા છે કે જ્યા જે તે ધંધાની આવડત થોડાક સમયના અનુભવ અને અનૌપચારિક તાલીમ વડે પ્રાપ્ત કરી શકાય છે સામાન્ય રીતે આ કાર્યોમાં દાખલ થવા માટે સામાજિક સમ્પર્કો અને અન્યોની પ્રત્યક્ષ તથા પરોક્ષ મદદની જરૂર પડે છે. ખાસ કરીને નાના-મોટા તંત્રો અથવા ઔદ્યોગિક એકમોમાં પણ એવા સમ્પર્કો અને જરૂરી મદદના અભાવમાં કામ હોય તો પણ સાચા અર્થમાં તક મળતી નથી. વળી, અનુસૂચિત જ્ઞાતિઓના લોકોને તો તેમની પરંપરાગત સ્થિતિને લીધે એવા સમ્પર્કો અને મદદ પ્રાપ્ત કરવામાં ભાગ્યે જ સફળતા મળે છે. શહેરી વિસ્તારો કરતાં ગ્રામ્ય વિસ્તારોમાં રહેતા અનુસૂચિત જ્ઞાતિઓના લોકોને એવા સમ્પર્કો અને મદદની ખોટ વધુ તીવ્ર પણે અનુભવાય છે. શહેરો અને ઔદ્યોગિક કેન્દ્રોમાં ઉપસ્થિત થતી ધંધાની નવી નવી તકો તેમને ભાગ્યે જ  સાર્થક લાગે છે. તેથી સ્થળાંતર કરીને પોતાનું ભાગ્ય અજમાવવાનો અખતરો કરતા નથી. ધંધાકીય પરિવર્તનના પ્રયાસોમાં અનુસૂચિત જ્ઞાતિઓના લોકોને નડતી આ પરસ્થિતિના ઉકેલ રૂપે યોગ્ય અને અસરકારક સંસ્થાકીય સગવડ, નવો રોજગાર શોધતા લોકો અને એવા રોજગારની તકો આપતી સંસ્થાઓ વચ્ચે કડીરૂપ ભૂમિકા  અદા કરી શકે છે. પ્રસ્તાવિક સંસ્થાકીય સગવડ સ્વૈચ્છિક સંસ્થાઓના સાથ સહકારથી સરકારી અથવા અર્ધસરકારી ધોરણે સ્થપાય તે વિચારવા યોગ્ય છે. આ પ્રયોગ અસરકારક નિવડતા કોન્ટ્રેક્ટ લેબરના ધોરણે વ્યાપક બનેલા પ્રશ્નોના નિવારણમાં પણ સહાયભૂત થઈ શકવા માત્ર છે. આ કડી રૂપ સંસ્થાની અગત્ય સમજાવવાના આશયથી એવો સવાલ પૂછી શકાય કે સુરતના હિરા-ઉદ્યોગમાં કામ કરવા અન્ય પ્રદેશોથી અન્ય જ્ઞાતિઓના લોકો આવી શક્યા નથી, પરંતુ શા માટે અનુસૂચિત જ્ઞાતિના લોકો આ રીતનું સ્થળાંતર કરી શક્યા નથી ?

આઝાદી પછીના ભારતમાં શિક્ષણના ફેલાવા માટે અને ખાસ કરીને અનુસૂચિત જ્ઞાતિઓ અને જનજાતિઓ તથા અન્ય નબળા વર્ગો માટે જે વિશેષ કાર્યક્રમો હાથ ધરાયા છે, તેની ફળશ્રુતીરૂપે ધંધાકીય પરિવર્તનના પ્રવાહોને વધતો ઓછો વેગ મળ્યો છે તે નકારી શકાય તેમ નથી. અનુસૂચિત

જ્ઞાતિઓની બાબતમાં શિક્ષણના ક્ષેત્રે ઘણા પદ્ધતિસરના અભ્યાસો ઉપલબ્ધ છે. તદ્ઉપરાંત આઈ.સી.એસ.એસ.આર. ના આશ્રયે એવો જ એક રાષ્ટ્રવ્યાપી અભ્યાસના તારણો પણ અનુસૂચિત જ્ઞાતિઓમાં શિક્ષણના ફેલાવાને સ્પર્શતા કેટલાંક મહત્ત્વના સવાલોના જવાબ પૂરા પાડે છે. પરંતુ આ અંગે એટલું ચોક્કસ કહી શકાય કે બીજા આયોજનદ્ધ વિકાસના કાર્યક્રમોની જેમ શિક્ષણના ફેલાવા માટેના પ્રયાસોનું મૂલ્યાંકન પણ સતત થતું રહે તે જરૂરી છે. કારણ કે નવા નવા પ્રશ્નો અભ્યાસોની મારફતે જ બદલાતી પરિસ્થિતિ સાથે જન્મ લેતા નવા નવા પ્રશ્નો પ્રકાશમાં લાવી શકાય છે. આમ આઝાદી વખતે અનુસૂચિત જ્ઞાતિઓમાં શિક્ષણના ફેલાવાને લગતા જે પ્રશ્નો હતાં તે પ્રશ્નો સમય વહેવા સાથે યથાવત્ રહ્યા નથી પણ તેમના વ્યાપ અને ગુણવત્તામાં ફેરફાર થયો છે. આજે સમાજના અન્ય વર્ગોની જેમ અનુસૂચિત જ્ઞાતિઓના સંદર્ભમાં પણ શિક્ષણને સામાજિક પરિવર્તનનું એક આગવું પરિબળ અને પરિણામ બન્યું છે. અત્રે શિક્ષણને ધંધાકીય પરિવર્તનનું એક પોષક પરિબળ તરીકે જોવાનું મર્યાદિત હેતુ હોઈ એક વાત નિર્વિવાદ સ્વીકારવાની રહી કે અનુસૂચિત જ્ઞાતિઓમાં શિક્ષણનો જે કાંઈ અલ્પ વિકાસ થયો છે તેટલા પ્રમાણમાં આ જ્ઞાતિઓના લોકોની ધંધાકીય પરિવર્તન માટેની ઉજ્જવલ તકોનું નિર્માણ થઈ શક્યું નથી. તેનું પ્રમુખ કારણ રાષ્ટ્રિય સ્તરે શિક્ષણના વિકાસની સાથે બંધ બેસે તેવી માનવશ્રમને સુનિયોજિત કરતી અર્થ-વ્યવસ્થાનો વિકાસ કરવામાં સાંપડેલી નિષ્ફળતા ગણાવી શકાય. આથી રાષ્ટ્રીય સ્તરે શિક્ષીત બેકારોની જે વિકટ સમસ્યા ઉપસ્થિત થઈ છે તે અનુસૂચિત જ્ઞાતિઓને પણ સ્પર્શે છે એટલે કે થોડા વર્ષો અગાઉ આ અથવા અન્ય વર્ગના શિક્ષિત વ્યક્તિને પોતાની સામાજિક આર્થિક સ્થિતિ સુધારવા માટેની વ્યાપક તકો મળી આવતી તે આજે ભાગ્યે જ ઉપલબ્ધ થઈ રહે છે. તેના પરિણામ સ્વરૂપે અનુસૂચિત જ્ઞાતિઓમાં પણ શિક્ષિત બેકારોનો પ્રશ્ન વિકટ બનવા લાગ્યો છે. આ તબક્કે એવા બેકારીના પ્રશ્નો અંગે ઊંડા અને પદ્ધતિસરના અભ્યાસો મળતા નથી તેથી કોઈ ચોક્કસ વિધાન કરી શકતુ નથી. તેમ છતાં એટલું તો અવશ્ય કહી શકાય કે અન્ય જ્ઞાતિઓના યુવાનોની જેમ અનુસૂચિત જ્ઞાતિઓના યુવાનો પણ એક એવી પરિસ્થિતિમાં મુકાયા છે કે જ્યાંથી તેઓ પોતાના શિક્ષણ અને આકાંક્ષાઓને બંધ બેસે તેવો યોગ્ય રોજગાર પ્રાપ્ત કરી શકતા નથી.

શિક્ષણના ક્ષેત્રે પ્રાપ્ત આવડત અને કૌશલ્ય અંગે વિચારણા કરવાના આશયથી એવો સવાલ પૂછી શકાય કે શું ખરેખર ઔપચારિક અને ઉચ્ચ શિક્ષણ ધંધાકીય પરિવર્તન માટે પૂરતી આવડત અને કૌશલ્ય પૂરું પાડે છે ? સૈદ્ધાંતિક રીતે ઘણાના મને આ સવાલનો જવાબ ભલે હકારાત્મક હોય પરંતુ વાસ્તવિક ગુણવત્તા વિષેની વાત થાય તો ભાગ્યે જ એ જવાબ સાથે સહમત થવાનું મન થાય.

અનુસૂચિત જ્ઞાતિઓ પૂરતી જ વાત કરીએ તો આજે શિક્ષણના ક્ષેત્રે ગુણવત્તાની બાબતમાં જે વ્યાપક પડતી આવી રહી છે તેના લીધે તેવો એક બાજુ પોતાની પરંપરાગત વિપરીત પરિસ્થિતિઓમાંથી બહાર નિકળવા મથતા જોવા મળે છે તો બીજી બાજુ શિક્ષણના ક્ષેત્રે જે કાંઈ પ્રાપ્ત કરે છે તે ભાગ્યે જ જીવનની તકો ઉજ્જવળ કરે છે. આ હકીકત બીજા નબળા વર્ગો ઉપરાંત સર્વસામાન્ય વર્ગના શિક્ષિતોને પણ એટલી જ સાચી પાડવા લાગી છે. ઔપચારિકતા અને ઉચ્ચશિક્ષણ ધારણ કરતા ઉમેદવારની બીજી કાંઈ આકાંક્ષા હોય કે ન હોય પરંતુ એટલી અપેક્ષા તો રહે જ છે કે એવું શિક્ષણ પ્રાપ્ત કર્યા બાદ સરકારી અથવા ખાનગી તંત્રોમાં જુદાં જુદાં પદો અને હોદાઓ માટે જરૂરી એવી સુસજ્જતા કેળવાશે. કમનસીબે આ વાત આજે દેખા દેતી નથી. શિક્ષિતોનું સંખ્યાત્મક પ્રમાણ ભલે વધ્યું હોય પરંતુ શિક્ષણના ગુણાત્મક પાસાઓમાં પડતી થઈ છે, વ્યાપક સમાજની આ દશાનો ભોગ અનુસૂચિત જ્ઞાતિઓના યુવાનો પણ થાય છે. એક બાજુ શિક્ષિતોના પ્રમાણમાં રોજગારીની અતિશય અલ્પ તકો અને બીજી બાજુ શિક્ષણના ગુણાત્મક પાસામાં તીવ્ર બનતી પડતીને લીધે આજે ધંધાકીય પરિવર્તનના ક્ષેત્રે શિક્ષણની ભૂમિકા નબળી થતી જાય છે. આ પરિસ્થિતિની એક અવળી અસર એ આવી છે કે અનુસૂચિત જ્ઞાતિઓ અને અન્ય નબળા વર્ગના લોકોને શિક્ષણ અને રોજગારના ક્ષેત્રે જે વિશેષ સગવડો આપવામાં આવી છે તેને સાચા અર્થમાં સમજવાની ક્ષમતા બીજી જ્ઞાતિઓમાં અલોપ થતી જાય છે. આ અંગે આઈ.પી.દેસાઈ જણાવે છે કે વર્તમાન આર્થિક માળખુ ઉચ્ચ વર્ગના નીચલા સ્તરના લોકોને નોકરી મેળવી આપી શકતું નથી. ખરો સામાજિક અને સાંસ્કૃતિ પ્રશ્ન આ છે... આર્થિક શૈક્ષણિક અને ધંધાકીય ક્ષેત્રની ગતિ હવે થંભી જવા આવી છે એવું લાગે છે. જ્યાં સુધી આ ગતિનું થંભેલું ગાડું ફરી ચાલુ કરવામાં ન આવે ત્યાં સુધી ગમે તેવું સમાધાન થાય તો પણ આ પ્રશ્નોનો નિવેડો આવશે નહિ. કોઈક બીજી રીતે એ બહાર આવશે. (આઈ.પી.દેસાઈ : ૧૯૮૦). અત્રે આ પ્રશ્નોની લંબાણ ચર્ચામાં ન ઉતરતા એટલું સ્પષ્ટ કરવું અર્થસભર ગણાશે કે આજે સામાજિક દરજ્જો અને આર્થિક દશા સુધારવાના ક્ષેત્રે શિક્ષણની ક્ષમતા કસોટીએ મુકાઈ છે. તેમજ આજે આરક્ષણમા પ્રશ્ન લઈ 'મેરીટ' અંગેની વાત શિક્ષણના ક્ષેત્રે

વ્યાપક પડતી અને ઉપસી રહેલા આર્થિક માળખાની વિસંગતતાને લીધે જ જોર પકડતી થઈ છે.

આરક્ષણની વાત કરીએ તો સરકારી, અર્ધ-સરકારી અને સરકારને અનુદાન પ્રાપ્ત કરતી સંસ્થાઓમાં અનુસૂચિત જ્ઞાતિઓ માટે ફાળવવામાં આવેલ આરક્ષિત નોકરીઓ ધંધાકીય પરિવર્તન અર્થે ઉપયોગી અને જરૂરી સાબિત થઈ હોવા છતાં તેની કેટલીક મર્યાદાઓ રહી છે. પ્રથમ શ્રેણીના અને બીજી શ્રેણીના હોદ્દાઓ ઉપરાંત બીજા ઉચ્ચ હોદ્દાઓ ઉપર ઇચ્છિત સંખ્યામાં અનુસૂચિત જ્ઞાતિઓના ઉમેદવારોને સ્થાન મળ્યું નથી. તે પાછળના બીજા અનેક કારણો હોઈ શકે. તેમાંનું એક કારણ એ પણ છે કે એવા હોદ્દાઓ ઉપર આવવા માટેની પૂર્વ-તૈયારી રૂપે ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રે મળતી અપૂરતી સગવડો છે. અનુસૂચિત જ્ઞાતિઓ અને એવા જ અન્ય વર્ગોના વિદ્યાર્થીઓને આપવામાં આવતી છાત્રવૃત્તિઓ અંગે અભ્યાસો થયા છે, પરંતુ આ અભ્યાસોમાં જે પાયાનો પ્રશ્ન હાથ ધરાયો નથી તે અનુસૂચિત જ્ઞાતિઓના વિદ્યાર્થીઓની વાસ્તવિક સામાજિક, આર્થિક પરિસ્થિતિઓની પૃષ્ઠભૂમિમાં ઉચ્ચ શૈક્ષણિક સિદ્ધિઓ અને તે પાછળના ખર્ચને ધ્યાનમાં લેતાં નાણાંકીય અને અન્ય સગવડો પૂરતી છે કે કેમ ? આ પ્રશ્નનો ગંભીરતાથી સ્વીકાર થયો ન હોવાથી શિક્ષણ ક્ષેત્રે અપાતી સગવડોને અર્થસભર રીતે સઘન બનાવવા માટેનો વિચાર સરખો વહેતો થયો નથી. વળી, જુદી જુદી શિક્ષણ શાખાઓમાં પ્રવેશ પામતા વિદ્યાર્થીઓની સફળતા માટે પૂરતી સગવડો ઉભી કરવાના પ્રયત્ન પણ સઘન બનાવવાને બદલે ક્ષીણ થતા જોવા મળે છે. એનું પરિણામ એ આવ્યું છે કે અનુસૂચિત જ્ઞાતિઓના મોટાભાગના વિદ્યાર્થીઓમાં અમુક વિદ્યાશાખાઓ તરફનો ઝોક દેખાઈ આવે છે, જે વિદ્યાશાખાઓમાં ઉંચી તેજસ્વીતા અને વધુ ખર્ચની જરૂર પડે છે તે તરફ આ વિદ્યાર્થીઓ જઈ શકતા નથી અને જે જાય છે તે સફળ થવામાં ભારે મુશ્કેલીઓ અનુભવે છે. આ અંગે ઘનશ્યામ શાહ (1986) નોંધે છે કે 1964 થી 1973 ના ગાળા દરમ્યાન રાયપૂરની જવાહરલાલ નહેરુ મેડીકલ કોલેજમાં અનુસૂચિત જ્ઞાતિઓના જે 42 વિદ્યાર્થીઓ દાખલ થયા હતા તેમાંથી 4 વિદ્યાર્થીઓ જ સાડા ચાર વર્ષમાં પોતાનો અભ્યાસ સફળતાથી પૂરો કરી શક્યા હતા જ્યારે કે 6 વિદ્યાર્થીઓએ પાંચ થી સાત વર્ષ લીધા, 6 વિદ્યાર્થીઓએ છ સાત વર્ષ લીધા, 7 વિદ્યાર્થીઓએ સાત થી આઠ વર્ષ લીધા જ્યારે 17 વિદ્યાર્થીઓએ અભ્યાસ છોડવાની ફરજ પડી હતી અને બાકીના 2 વિદ્યાર્થીઓ બીજી કોલેજમાં સ્થળાંતર કરી ગયા હતા. સુમા ચિટનીસનો (1980) અભ્યાસ એવા તારણ ઉપર આવ્યો છે કે જ્યાં જ્યાં તબીબી, એન્જિનીયરીંગનું લાભાર્થે ઓપ વર્ગોની વધારાની સગવડ જ્ઞાતિઓ અને જનજાતિઓના વિદ્યાર્થીઓના પરિણામો ઘણા સુધરવા પામ્યા હતા, પરંતુ આજે અનુસ્નાતક સ્તરના અથવા અન્ય ઉચ્ચ તેમજ વિશિષ્ટ અભ્યાસોના ક્ષેત્રે એવી પૂરતી અને શક્ત સગવડ જોવા મળતી નથી. ગુજરાતમાં આ ક્ષેત્ર પદ્ધતિસરની સમજ માટે સંશોધન વગરનો જ રહ્યો છે તેમ કહીએ તો ખોટું નથી.

જે ધંધાઓમાં મુડીના રોકાણની જરૂર રહે છે તેમાં અનુસૂચિત જ્ઞાતિઓના લોકો ખૂબ ઓછા પ્રમાણમાં પ્રવેશ પામ્યા છે. ઔદ્યોગિક અને નગરીય વિકાસના પ્રવાહો પ્રબળ હોય ત્યારે આ પરિસ્થિતિ અસ્પૃશ્યતા નિવારણના ક્ષેત્રે ધંધાકીય પરિવર્તન માટેની ઉપસ્થિત નવી તકો અનુસૂચિત જ્ઞાતિઓ સુધી પૂરતા પ્રમાણમાં પહોંચાડી શકી નથી તે દર્શાવે છે. આ અંગે સાહસિકવૃત્તિ વિકસાવવા માટે તેમજ ઔદ્યોગિક વ્યવસ્થાન માટે જરૂરી તાલીમ આપવાના આશયથી આઈ.આર.ડી.પી. અન્વયે ટ્રાંયસંમ યોજનાઓ હેઠળ ગયા થોડા વર્ષોથી ચોક્કસ કાર્યક્રમો અસ્તિત્વમાં આવ્યા છે, પરંતુ આ કાર્યક્રમો ખાસ અસર પાડી શક્યા તે પૂરવાર થવામાં હજી સમય લાગશે તેવું લાગે છે.

જે થોડા પ્રમાણમાં અનુસૂચિત જ્ઞાતિના સભ્યો વ્યવસાયને ક્ષેત્રે સાહસિક પ્રવૃત્તિઓમાં રોકાયા છે તેમાંના મોટાભાગના આગળ જોયું તેમ નાની દુકાનો અને નાના પાયા પરની વેપારિક ક્રિયાઓમાં જ જઈ શક્યા છે. ઔદ્યોગિક ક્ષેત્રે નાના પાયા ઉપરના ઉદ્યોગોમાં હજી પણ અનુસૂચિત જ્ઞાતિઓમાંના ઘણા ઓછા લોકો આવી શક્યા છે. તેમાં પણ ખાસ કરીને ચોક્કસ અનુસૂચિત જ્ઞાતિઓ જ આ ક્ષેત્રોમાં સફળ પ્રયાણ કરી શકી છે. આ જ્ઞાતિઓ પણ તે છે જે બ્રિટીશ અમલ દરમ્યાન બદલાયેલી પરિસ્થિતિઓ વચ્ચે પોતાની સામાજિક, આર્થિક દશા સુધારવા માટે આગળ આવી શકી હતી. ગુજરાતના શહેરી વિસ્તારોમાં રહેતા માહ્યાવંશી જ્ઞાતિના લોકોનો દાખલો અત્રે આપી શકાય તેમ છે (વાય. એ. પરમાર : 1986). પરંતુ બીજી અનુસૂચિત જ્ઞાતિઓ આ ક્ષેત્રે ખાસ આગળ આવી શકી નથી. એમ. એચ. મકવાણાએ વણકર જ્ઞાતિના સાહસિકોના અભ્યાસ માટે ગુજરાતના 86 ગામડાંઓમાંથી આવેલ વડોદરાના જે 50 સાહસિકોની પસંદગી કરી તારણો પ્રાપ્ત કર્યા તેમાં જાણવા મળ્યું કે 23 સાહસિકો નાની દુકાનો અથવા અન્ય વેપારિક ક્રિયાઓમાં રોકાયેલા હતા જ્યારે કે ફક્ત 3 નાના ઔદ્યોગિક એકમો સ્થાપી શક્ય હતા અને એકનું પોતાની માલિકીનું પ્રિન્ટીંગ પ્રેસ હતું. 5 બિલ્ડીંગ કોન્ટ્રાકટર થયા હતા અને બાકીના અન્ય શ્રમ આધારિત આર્થિક ક્રિયાઓમાં રોકાયેલા હતા (મકવાણા : 1986) મકવાણાના પ્રસ્તુત અભ્યાસનો એક અન્ય મહત્ત્વનું તારણ એ

છે કે અભ્યાસ હેઠળ આવરી લેવામાં આવેલ મોટા ભાગના સાહસિકોએ પોતાના સ્ત્રોતોથી જ જરૂરી રોકાણ માટેની મૂડી ઉભી કરી હતી. આ સાહસિકો સરકારી પ્રોત્સાહન અને બેન્કો તરફથી મળતી લોનની સગવડથી વાકેફ હતા છતાં તેનો લાભ લઈ શકયા ન હતા. તે પાછળના કારણો જાણવા મળ્યા તેમાં સંબંધિત અમલદાર તરફથી થતો બિનવ્યાજબી વિલંબ, અરજી કરવાથી લઈ તે પછીની જટિલ કાર્યવાહી અને લોન સબસીડી લેવાની પ્રક્રિયા દરમ્યાન માંગવામાં આવતી લાંચ પ્રમુખ હતા (મકવાણા : 1986) આ અંગે હાલમાં જ ગુજરાતના એક પ્રતિષ્ઠિત દૈનિક 'સંદેશમાં' રજૂ થયેલ અહેવાલ જણાવે છે કે સમાજ કલ્યાણ પ્રવૃત્તિઓના વિકાસ લોનસબસીડી આપવાની યોજના અમલમાં છે. પરંતુ ગરીબ દલિતોને પુરતા પ્રમાણમાં લાભ મળતો નથી. બેંકો તરફથી જે પ્રોત્સાહન મળવું જોઈએ તે પ્રાપ્ત થતું નથી. 900 જેટલી અરજીઓ મંજુર કરવામાં આવી છે'' (સંદેશ : જાન્યુઆરી 18, 1989, પૃષ્ઠ 18) ઉપરોકત હકીકતો, પરથી વિચારવા યોગ્ય બે મુદ્દાઓ સ્પષ્ટ થાય છે.

(1) અનુસૂચિત જ્ઞાતિઓનો સાહસિક પ્રવૃત્તિઓના વિકાસ માટેનાં કાર્યક્રમો પ્રત્યેનો પ્રતિભાવ આવકારદાયક રહ્યા છે.

(2) આ સાનુકૂળ પ્રતિભાવ જે તે તંત્રોની શરતોની આંટીઘૂંટીમાં ફસાઈ જઈને રવાડે જાય છે તે અટકાવવાની જરૂરી છે.

આ મુદ્દાઓ નવા નથી. લગભગ પ્રત્યેક સામાજિક, આર્થિક વિકાસના કાર્યક્રમનું મૂલ્યાંકન આપના વિશ્વસનીય અભ્યાસોમાંથી મળી આવે તેમ છે. એનો અર્થ એવો થયો કે એક બાજુ આર્થિક વિકાસના ચોક્કસ કાર્યક્રમો છે જેને અમલમાં મુકવા માટેના તંત્રો અને નાણાંકીય વ્યવસ્થા છે. બીજી બાજુ આ સર્વ અંગે જરૂરિયાત ધરાવતા લોકોમાં જાગૃતતા છે અને પ્રસ્તાવિત કાર્યક્રમોનો સ્વીકાર કરવાની તત્પરતા છે. તેમ છતાં વાસ્તવિક પરિસ્થિતિઓમાં ઉક્ત પ્રક્રિયા સાચા અર્થમાં પૂરી થાય તે દરમ્યાન કેટલીક ઉણપો રહી જાય છે અથવા ચોક્કસ અવરોધો ઉભા થાય છે. જ્યાં સુધી આ ઉણપો અને અવરોધના સ્રોતોની ઉંડી સમજ હાંસલ કરી તેમને નાથવા માટેની પૂરતી અને અસરકારક વ્યવસ્થાઓ કે સગવડો ઉભી કરવામાં ન આવે ત્યાં સુધી આર્થીક વિકાસના કાર્યક્રમોના લાભોનું પ્રવાહ સરળ અને જરૂરબદ્ધ સૂમહો તરફ થવાનો નથી. ઉપરોક્ત ઉદાહરણમાં જે 100 વ્યક્તિઓની લોન સબસીડીની અરજીઓ મંજૂર થઈ તે ઇચ્છિત છે છતાં બાકીના જ 800 વ્યક્તિઓની અરજીઓ નાણાંના અથવા કાર્યક્રમોના અભાવને લીધે નહીં પરંતુ અરજીમાં રહેલી ક્ષતિઓ અથવા અન્ય કોઈ શરતો ન સંતોષવાથી નામંજૂર થઈ તે મુદ્દો ગંભીર વિચારણા માંગી લે છે. ખાસ કરીને આ 800 કિસ્સાઓમાં તપાસવા માટેના જે પ્રશ્નો ઉભા થાય છે તે પૈકી (1) આ અરજીઓની પાત્રતા ભલામણ કરતા પહેલાં સાચા અર્થમાં તપાસવામાં આવી હતી કે કેમ ? (2) શું આ અરજીઓમાં રહેલી ક્ષતિઓ દૂર કરવા માટે અરજદારોને જરૂરી માર્ગદર્શન મળ્યું હતું ? (3) શું બેંકે તપાસ્યા વગર અરજીઓ નામંજૂર કરી ? (4) શું બેંકે નામંજુર કરેલી અરજીઓમાં હકીકતોની ક્ષતિ હતી કે પછી અરજદારોની લોન-સબસીડી માટેની પાત્રતા ન હતી ? (5) શું જે અરજીઓ મંજૂર કરવામાં આવી તે સાચા અર્થમાં આ સર્વ રીતે યોગ્ય જ હતી ? આ અને બીજા આનુશાંગિક સવાલોના જવાબ કેટલાંક એવા તથ્યો પ્રકાશમાં લાવી શકે છે કે જે આર્થિક સગવડો માટેના એક ઉમદા કાર્યક્રમને વધુ સઘન બનાવી શકે. તંત્રો માટે ફક્ત ભલામણ કરવામાં આવેલ અરજીઓની સંખ્યા સંતોષનો મુદ્દો બની શકે નહીં પણ કાર્યક્રમના હેતુઓને પાર પાડે તે રીતે સફળ નિકાલ કરેલી અરજીઓ જ સાચો લક્ષાંક બને તે જરૂરી છે.

આમ, ઉપરોક્ત સમસ્ત ચર્ચાના સારરૂપે કહીએ તો આજે શહેરોમાં અસ્પૃશ્યતાની સમસ્યા ગ્રામીણ સમુદાયો જેવી રહી નથી. માત્ર અમુક રૂઢિચુસ્ત સવર્ણો અને દલિતોનાં વલણોમાં અસ્પૃશ્યતાને લગતી પરંપરાગત માન્યતાઓ જોવા મળે છે. દલિતોમાં પણ મોટેભાગે ફક્ત ભંગી અને નાડિયા જ્ઞાતિના લોકોમાં જ એવાં વલણો ટકી રહ્યાં છે. વળી, રોજબરોજના વ્યવહારમાં અથવા જાહેર અને નાગરિક સગવડોના ઉપયોગ વખતે સવર્ણો કે દલિતો શહેરીસમુદાયોમાં અસ્પૃશ્યતાનું આચરણ કરતા નથી. હકીકતમાં નગરીય પરિસ્થિતિઓના દબાણ વચ્ચે તથા અસ્પૃશ્યતા વિરોધી કાનૂની જોગવાઈઓને કારણે પરંપરાગત રીતે અસ્પૃશ્યતાનું આચરણ થઈ શકતું નથી તે પણ અહીંયા નોંધવું જોઈએ. માત્ર રહેઠાણોની બાબતમાં નોંધપાત્ર દલિતો એવું માને છે કે સવર્ણોના લત્તાઓમાં તેમને ઘરો મળી શકતાં નથી. વળી, ક્યારેક દલિતોને અપાતી ખાસ સગવડો (privileges) પરત્વે સવર્ણોમાં વધતા જતા અસંતોષને કારણે નોકરી વગેરેની બાબતમાં દલિતો સાથે કનડગત થાય છે એવું પણ કેટલાક માને છે. જોકે શહેરીસમુદાયોમાં એવા બનાવો અપવાદરૂપ ગણાવી શકાય છે.

કારણ કે એવી કનડગત અસ્પૃશ્યતાની ભાવના હેઠળ થતી નથી પરંતુ પ્રવર્તમાન સામાજિક-આર્થિક હાડમારીઓ વચ્ચે સવર્ણો એવું માનતા થતા કે દલિતો અથવા બીજા કોઈ પણ જૂથને એવા વિશેષાધિકારો આપવાથી છેવટે સવર્ણોના હક્કો ઉપર તરાપ પડે છે. હકીકતમાં એવી ધારણાને કારણે માત્ર દલિતો સાથે જ નહીં પણ અનુસૂચિત જનજાતિઓ અને બીજી જ્ઞાતિઓના લોકો સાથે પણ એવા કનડગતના બનાવો થાય છે.

## ગંદા વસાવટો :

આજે ગંદા વસવાટો એ વિકસિત તેમજ વિકસી રહેલા દેશો તથા શહેરોની એક ગંભીર સમસ્યા છે. હકીકતમાં ગંદાવસવાટો એ શહેરનું અનિવાર્ય અને ન ટાળી શકાય એવું લક્ષણ બની ગયું છે. ફ્રેડરિક એન્જલસે બ્રિટનના ગંદા વસવાટોની સ્થિતિનું વર્ણન કરતાં 1844માં લખ્યું છે કે ઔદ્યોગિકરણને પરિણામે દરેક શહેરમાં ગંદા વસવાટો જોવા મળે છે, જ્યાં લોકો ભયાનક ગરીબાઈ અને ગંદકીથી સબડતા હોય છે. લૂઈસ મમફર્ડના શબ્દોમાં ''ફેક્ટરી, રેલવે અને ગંદા વસવાટોનું અસ્તિત્વ એકબીજા સાથે સંકળાયેલું છે.'' સામાન્ય રીતે ફેક્ટરી, ગોડાઉન અને રેલવે યાર્ડની વચ્ચેની જગ્યાનો ઉપયોગ ગંદા વસવાટો તરીકે થતો હોય છે. જેમ જેમ શહેરોની વસ્તી અને કદમાં ઝડપી વધારો થાય છે તેમ તેમ આ સમસ્યા જટિલ સ્વરૂપ ધારણ કરે છે. આધુનિક સમાજની આ એક આર્થિક અને સામાજિક સમસ્યા છે. ભારતનું કોઈપણ શહેર ગંદા વસવાટો વગરનું નથી, પછી તે ચંદીગઢ જેવું આયોજિત નગર હોય કે ઐતિહાસિક હોય. ગંદા વસવાટો માટે ઔદ્યોગીકરણની સાથે આર્થિક અને સામાજિક કારણો પણ જવાબદાર હોય છે. એના મૂળમાં આર્થિક અસમાનતા અને ગરીબાઈ રહેલાં છે. આ વસવાટો કોઈપણ સમાજ માટે લાંછનરૂપ હોય છે.

### ગંદા વસવાટો અને તેનાં લક્ષણો :

દુનિયાના જુદા જુદાં દેશોમાં આ વસવાટો અનેક નામોથી ઓળખાય છે. આ વસવાટો માટે 'બ્લાયટેડ એરિયા' (blightedarea), 'ગ્રે એરિયા' (gray area) 'લોઅર કલાસ નેબરહુડ' (lower class neighbourhood) 'લોઅર ઇન્કમ એરિયા' (lower income area) અને ઇન્નર કોર એરિયા' (inner core area)જેવા શબ્દોનો પ્રયોગ પણ થાય છે. લેટિન અમેરિકાના પ્રદેશોમાં ગંદા વસવાટોની સ્થિતિ ઘણી જ નિરાશાજનક છે. ત્યાંનું એક પણ એવું શહેર નહીં હોય કે જ્યાં ગંદા વસવાટો જોવા ન મળે. બ્રાઝિલમાં વિલાઝ ડી મેલોકાઝ (Vilas de Malocas)., ચીલીના શાન્ટિયાગો શહેરમાં પોબ્લેસિયોન્સ કેલમ્પાધ (Poblgciones Callampas) કોલબિયામાં બેરિયોઝ કલેન્ડસ્ટીનોઝ (Barrios Clandestinos), મેકસિકોમાં કોલોનીઝ પ્લીટેરિયાઝ (Colonies Proletarias), વેનેઝુએલામાં કેરોઝ અને કવીબ્રેડાઝ (Carros and Quebradas), આર્જેન્ટિનામાં વિલાઝ મિઝેરિયા (Villas Miseria), અને રિયોડી જેનેરોમાં ફેવલાઝ (Favelas), અને ભારતમાં ચાલ, ઝૂપડપટ્ટી, જુગ્ગી, આકતાસ અને ચેરીનાં નામોથી ઓળખાય છે. માઈકલ હેરિન્ગટન જણાવે છે કે અમેરિકા જેવા મૂડીવાદી અને યાંત્રિક દૃષ્ટિએ વિકાસ પામેલા દેશમાં પણ એવા વિસ્તારો છે જે 'અધર-અમેરિકા'ના નામે ઓળખાય છે, જ્યાં ગરીબાઈ અને બિનઆરોગ્યમય પરિસ્થિતિ જોવા મળે છે.

ગંદા વસવાટો જુદા જુદા સ્વરૂપના હોય છે તેમ છતાં તેમનામાં એક સાર્વત્રિક ઢબ જોવા મળે છે. કેટલાક લોકોએ આ વસવાટોની વ્યાખ્યા આપવાનો પ્રયત્ન કર્યો છે. જેનાથી આ વસવાટોની સ્થિતિનો આપણને ખ્યાલ આવે છે. આંકડાકીય દૃષ્ટિએ જોઈએ તો આફ્રિકા, એશિયા અને લેટિન અમેરિકાની અંદાજે અડધી શહેરીવસ્તી ઘર વગરની છે અથવા તો એવા આવાસોમાં રહે છે કે ગંદા વસવાટો અને ઝૂંપડપટ્ટીઓ તરીકે ઓળખાય છે.

જેમ્સ ફોર્ડના શબ્દોમાં આ વસવાટો એવા છે કે ''જ્યાં ઘરો જર્જરિત હાલતમાં, તેમ જ ગમે તેવા માલસામાનથી બનાવેલાં હોય છે, તેમ જ ત્યાંનું સમગ્ર વાતાવરણ આરોગ્ય, સંરક્ષણ, નીતિમત્તા અને માનવકલ્યાણની દૃષ્ટિએ ભયકર્તા હોય છે.'' એ જ પ્રમાણે બર્ગેલ (Bergel) ગંદા વસવાટોને એવા વિસ્તાર તરીકે લેખાવે છે કે જયાંના ઘરો એવાં નિમ્ન કક્ષાનાં (Substandard) માલસામાનથી બનાવેલાં હોય છે કે જે ગંદા વસવાટની પરિસ્થિતિ સર્જે છે. આ બંને વ્યાખ્યાઓ ઘરની બનાવટ અને તેની સ્થિતિને ગંદા વસવાટો માટે જવાબદાર ગણે છે. અમેરિકામાં વસવાટોના અભ્યાસ ઉપરથી જણાયું છે કે ''ગંદા વસવાટ એક વિશિષ્ટ વિઘ્નનો વિસ્તાર છે. આ વિસ્તાર એટલે જર્જરિત અને ખંડિયેર ઘરો નહીં, ગંદી ગલીઓ અને શેરીઓ નહીં. ઉપેક્ષિત બાળકોની સંખ્યા અને

દારિદ્રયગ્રસ્ત પુખ્ત ઉંમરના માણસો નહીં. આ વસવાટો આર્થિક પરિસ્થિતિ કરતાં સવિશેષ છે. આ એક એવી સામાજિક ઘટના છે કે જ્યાં વલણો, વિચારો, આદર્શો અને ટેવો મહત્ત્વની ભૂમિકા ભજવે છે.'' ગંદા વસવાટોની વ્યાખ્યા આપતાં માર્શલ ક્લિનાર્ડ જણાવે છે કે ''આ એક એવી જીવનશૈલી, પેટા-સંસ્કૃતિ છે કે જેને પોતાનાં આગવાં ધોરણો અને મૂલ્યો હોય છે, જે તેમનાં નિર્માલ્ય, આરોગ્યવ્યવસ્થા અને આરોગ્યની ટેવોમાં, ધોરણભંગના વર્તનમાં તેમ જ ઉદાસીનતા અને સામાજિક અલગતામાં પ્રદર્શિત થાય છે.''

ઈ.સ. 1957ના મે મહિનામાં મુંબઈમાં ગંદા વસવાટ નાબૂદી ઉપર એક સેમિનાર યોજવામાં આવ્યો હતો. આ સેમિનારમાં ગંદા વસવાટોનું નીચે મુજબનું વર્ણન કરવામાં આવ્યું હતું, ''ગંદા વસવાટો એટલે અસ્તવ્યસ્ત રીતે કબજે કરેલ, અવ્યવસ્થિત રીતે વિકસેલ, સામાન્ય રીતે તરછોડાયેલ વિસ્તાર જ્યાં ગીચ વસ્તી અને તરછોડાયેલ તેમજ મરમ્મત વગરનાં ઘરો જોવા મળે છે. આ વિસ્તારમાં વાહનવ્યવહારની સગવડોનો અભાવ તેમજ નળ, ગટર અને જાજરૂ જેવી સુવિધાઓનો અભાવ અથવા તો તે પ્રત્યે સદંતર ઉદાસીનતા સેવવામાં આવે છે. આ સુવિધાઓ કોઈપણ સમુદાયના ભૌતિક અને આરોગ્યની જાળવણી માટે ઓછામાં ઓછી જરૂરિયાત ગણાય. અહીં વ્યક્તિગત અને કૌટુંબિક સામાજિક સમસ્યાઓ જોવા મળે છે જે તેમના નબળા આરોગ્ય, અપૂરતી આવક અને સામાજિક રીતે અનેક મુશ્કેલીઓના ભોગ બનવું પડે છે, અને આ બધી બાબતો ત્યાંના ભૌતિક અને સામાજિક વાતાવરણનું એક પરિણામ હોય છે. આ સમસ્યાઓને હલ કરી શકે અથવા તો તેમને માર્ગદર્શન આપી શકે એવી સામાજિક સેવાઓ અથવા કલ્યાણકારી સંસ્થાઓનો આવા વિસ્તારોમાં અભાવ વર્તાય છે.''

ગંદા વસવસાટોની વ્યાખ્યાઓએ તેનાં ભૌતિક તેમજ સામાજિક લક્ષણો તરફ આપણું ધ્યાન દોર્યું છે. ટૂંકમાં, આ એવા વસવાટો છે કે જ્યાં નળ, ગટર, જાજરૂ, પાકા રસ્તા, નિશાળ જેવી જાહેર અને આરોગ્યની સેવાઓની સંસ્થાઓનો અભાવ જોવા મળે છે. જ્યાંના ઘરો ઝૂંપડપટ્ટીના સ્વરૂપમાં જૂના ટાયર, લોખંડનો ભંગાર, ટીન અથવા ડામરનાં પીપનાં પતરાં, પ્લાસ્ટિકની થેલીઓ, રદ્દી ટાયરો, જૂના વાંસ અથવા લાકડાની પટ્ટીઓ, તાડનાં ઝાડનાં પાન, તાડપત્રીઓ અથવા સાદડીઓ તેમજ માટીનાં બનેલાં હોય છે. ગંદા વસવાટોમાં જોવા મળતાં જર્જરિત ઘરો તાત્કાલિક મરમ્મત માંગી લે એવાં હોય છે અને બિલ્ડીંગના સ્વરૂપે તે જર્જરિત અવસ્થામાં, અપૂરતી સગવડાવાળાં અને હવાઉજાસ વગરનાં ગીચ વસ્તીથી ભરેલાં હોય છે. અહીંના લોકો અનેક રીતે ગરીબાઈથી સબડતા અને અનેક રોગોથી પીડાતા જોવા મળે છે.

**ગંદા વસવાટોનાં લક્ષણો :** ડેવિડ હંટે ગંદા વસવાટનાં લક્ષણોમાં ગરીબાઈ, જર્જરિત મકાનો, ટોળાશાહી, નીચલા વર્ગના લોકોનું કેન્દ્રીકરણ, પ્રજાતિતત્ત્વની દૃષ્ટિએ નિમ્ન પ્રજાતિના લોકોનું કેન્દ્રીકરણ, સાધારણ કેળવણી ઓછી આવક, સાંસ્કૃતિક દૃષ્ટિએ સીમાન્ત માનવી, બાળગુનાઓ, આરોગ્યની સમસ્યાઓ, વિઘટિત કુટુંબો, અપૂરતી સામુહિક સેવાઓ, અલગતા અને વિમુખતા, ગંદકી અને ગીચતા તેમ જ બિન-સ્વાસ્થ્યપ્રદ વાતાવરણ વગેરે ગણાવ્યા છે, જ્યારે નેલ્સ એન્ડરસને ગંદા વસવાટોનાં લક્ષણોમાં વસ્તીની ગીચતા, નીમ્ન આર્થિક દરજ્જો, ઘરોની ગીચતા વસ્તીનું પચરંગીપણું, આરોગ્યની સેવાઓનો અભાવ, નીતિમત્તા, વિશિષ્ટ જીવનશૈલી, સામાજિક અલગતા, ગતિશીલતા અને તેનુ કાયમીપણું વગેરે ગણાવ્યાં છે. માર્શલ ક્લીનાર્ડે ગંદા વસવાટોનાં લક્ષણો નીચે પ્રમાણે આપ્યાં છે :

**1) ઘરોની ખરાબ કે બિસ્માર સ્થિતિ :** આ વસવાટોનાં ઘરો ગીચ, તરછોડાયેલાં, જર્જરિત અને ખંડિયેર હાલતમાં જોવા મળે છે. ઉપરાંત તે હલકા માલસામાનના બનાવેલાં હોય છે અને તેમાં હવા ઉજાસનો અભાવ વર્તાય છે. વિકસી રહેલા દેશનાં શહેરોમાં સરકારી અથવા ખાનગી માલિકોની જગ્યાએ ગેરકાયદેસર ગમે તેવા ભંગાર માલસામાનથી બનાવેલાં ઘરો રહેઠાણ માટે જોખમી ગણાય છે. આવા આવાસો સલામતી અને રહેવા માટે જોખમકારક છે. ઘણા લોકોએ ગંદા વસવાટ માટે આ ભૌતિક લક્ષણોને મહત્ત્વનાં ગણ્યાં છે, જ્યારે બીજા કેટલાક ગંદા વસવાટની સમસ્યાને મુખ્યત્વે લોકોનાં વલણ અને વર્તનની સમસ્યા તરીકે લેખાવી છે, કારણ આવા વિસ્તારમાં લોકો એકબીજા પ્રત્યે બેદરકારી અને નકારાત્મક વલણ બતાવે છે. તેમ છતાં ઘરોની બદતર સ્થિતિ ગંદા વસવાટોનું એક મહત્ત્વનું લક્ષણ હોય છે.

**2) ઘરો અને વસ્તીની ગીચતા :** ગંદા વસવાટોમાં ઘરો અંધારિયાં, હવાઉજાસ વગરનાં હોય છે. ઉપરાંત એક જ રૂમ સૂવા, બેસવા, રસોડા માટે અને દરદી માટે ઉપયોગમાં લેવામાં આવે છે. વળી ઘર દીઠ અને ચોરસ માઈલમાં જેટલા માણસો સમાવી શકાય તેના કરતાં વધુ સંખ્યામાં લોકો વસે છે

જે ગીચતામાં પરિણમે છે. ઘરોની ભૌતિક સ્થિતિનો ખ્યાલ આપણને આ માણસોની સંખ્યા ઉપરથી આવી શકે છે. મુંબઈમાં ટેનામેન્ટમાં સોથી દોઢસો ચોરસ ફૂટના રૂમમાં દસ કે તેથી વધુ માણસો રહેતા જોવા મળી શકે છે. એ જ રીતે પનામાના ગંદા વસવાટોમાં દોઢસો ચોરસ ફૂટના રૂમમાં વીસ માણસો રહે છે. જમૈકાના કિંગસ્ટનમાં ચોસઠથી સિત્તેર ચોરસ ફૂટના રૂમમાં નવ માણસો રહે છે. આવી ગીચ વસ્તીમાં લોકો રહે ત્યારે તેમનામાં ગુપ્તતા (privacy) ભાગ્યે જ જોવા મળે છે. આ ગીચતાની અસર આંતરસંબંધો ઉપર પડે છે. ઘણી વખતે ગંદા વસવાટોમાં રહેતા લોકો રસ્તાની બાજુની પગથી, પરસાળ અને સાંકડી ગલીઓનો ઉપયોગ કરે છે. માર્શલ ક્લિનાર્ડ જણાવે છે કે નીચલા વર્ગ અને ગંદા વસવાટના અભ્યાસોએ જણાવ્યું છે કે આ પરિસ્થિતિ પિયર-જૂથ (Peer Group) સંબંધો વિકસાવે છે.

**3) નજીવી ભૌતિક અને આરોગ્યની સેવાઓ :** ગંદા વસવાટોમાં નિશાળો તેમજ જાહેર આરોગ્યની અપૂરતી સેવાઓ જોવા મળે છે. શેરીઓ અને આજુબાજુના ચાલવાના રસ્તાઓ કચરાથી ભરેલાં હોય છે. ઉપરાંત નળ, ગટર, જાજરૂ અને વીજળી જેવી મહત્ત્વની જરૂરિયાતો જોવા મળતી નથી. વિકસી રહેલા દેશોમાં અને તેમાંય ખાસ કરીને ભારતમાં જાજરૂના અભાવે રસ્તાની બંને બાજુનો મળવિસર્જનની ક્રિયા માટે ઉપયોગ કરાય છે. રસ્તા ઉપર એક નળ હોય તો તે સમગ્ર વિસ્તાર પૂરતો હોય છે. રસ્તાઓ મરમ્મત વગરના, ગંદા અને અસ્વચ્છ હોય છે. આ દરેક ઘટના ગંદા વસવાટોના વાતાવરણને વધુ દૂષિત કરેછે. આવુ ભૌતિક અને બિનઆરોગ્યમય વાતાવરણ રોગોના પ્રમાણમાં વધારો કરે છે. આ કલુષિત વાતાવરણના પરિણામે આ વિસ્તારોમાં સંગ્રહણી, મરડો, ખાંસી, ટી.બી. તેમજ ચામડીના રોગો વધુ જોવા મળે છે. તેથી આ વિસ્તારોમાં મૃત્યુદર અને રોગોનું પ્રમાણ નગરના અન્ય વિસ્તારોની તુલનામાં ઘણું વધારે જોવા મળે છે.

**4) ધોરણભંગનું વર્તન :** બાળગુનાઓ, વેશ્યાવૃત્તિ, કેફી પીણાઓનું સેવન, માનસિક વિકૃતિઓ, ખૂન, બળાત્કાર, આપઘાત, ગુનાઓ જેવાં અનેક પ્રકારનાં ધોરણભંગના વર્તનો આવા વસવાટોમાં વધુ જોવા મળે છે. પશ્ચિમના દેશોમાં અને તેમાંય ખાસ કરીને અમેરિકામાં બાળગુનેગારી-ગુનાઓ આ વસવાટો સાથે સંકળાયેલા હોય છે. શો (Shaw), મેકી (Mckay) અને થ્રેસરે (Thrasher) શિકાગો શહેરમાં કરેલા અભ્યાસો ઉપરથી જણાયું છે કે બાળ ગુનેગારી અને ગુનાઓનું પ્રમાણ ગંદા વસવાટોમાં વધારે હોય છે. આજે વિકસી રહેલા દેશોનાં શહેરોમાં પણ આ સમસ્યા ઉત્તરોત્તર જટિલ બનતી જાય છે. કાનપુર અને લખનૌના અભ્યાસોએ સ્પષ્ટપણે બતાવ્યું છે કે તરુણ ગુનેગારી, રખડુ તરુણો અને ગુનાઓનું પ્રમાણ આવા વસવાટોમાં વધુ જોવા મળે છે. વળી, અમેરિકાના ગંદા વસવાટોમાં માનસિક વિકૃતિઓનું પ્રમાણ પણ નાનુસુનુ નથી.

**5) ગંદા વસવાટની સંસ્કૃતિ :** ગંદા વસવાટોને પોતાની આગવી સંસ્કૃતિ હોય છે. જે તેમને વર્તન માટે ધોરણો, મૂલ્યો, અર્થ અને પ્રતિકો આપે છે. જે શીખેલ હોય એ અને વારસાગત ઊતરી આવે છે. આ સંસ્કૃતિ તે ગંદા વસવાટોમાં રહેતા લોકોની જીવન જીવવાની પદ્ધતિ હોય છે. આ જીવન પદ્ધતિને પોતાનો તર્કસંગત (Rational) આધાર, બંધારણીય માળખુ અને બચાવ પ્રયુક્તિઓ (Defense mechanism) હોય છે. જે તેમને અનેક મુસીબતોમાં જીવવાનો આધાર આપે છે. આ સંસ્કૃતિ ત્યાંના રહીશોના જીવન ઉપર અસર કરે છે. આમાં મોટે ભાગે નીચલા વર્ગની સંસ્કૃતિનો સમન્વય છે જે ઓસ્કાર લૂઈસ (Oscar lewis) ગરીબાઈની સંસ્કૃતિ તરીકે ઓળખાવે છે. લેટિન અમેરિકાના પ્રદેશોના ગંદા વસવાટોનો અભ્યાસ કરીને લૂઈસે આ ખ્યાલ વિકસાવ્યો છે. આ ખ્યાલ જે લોકો સામાજિક, આર્થિક રીતે નીચલા સ્તરે છે તે, તેમ જ કામદારો, ખેત મજૂરો ચા-કોફીના બગીચામાં કામ કરતા કામદારો તેમજ નાના નાના ધંધાઓ કરતી વ્યક્તિઓ અને કારીગરોને લાગુ પડે છે. ગરીબાઈની સંસ્કૃતિના સભ્યો સીમાન્ત માનવી છે જે રાષ્ટ્રીય જીવનમાં ઓછામાં ઓછા સંકલિત થયેલા હોય છે, તેમ જ રાષ્ટ્રની જુદી જુદી સંસ્થાઓમાં તેઓ સીમાન્ત રીતે ભાગ લે છે. આ સંસ્કૃતિમાં જીવન જીવતા મોટા ભાગના માનવીઓ ટ્રેડ યુનિયન તેમજ રાજકીય જૂથોના સભ્યો હોતા નથી. ગંદા વસવાટોમાં જોવા મળતી ગરીબાઈને સમજવા માટે બે પ્રકારનાં દૃષ્ટિબિંદુઓ સમાજશાસ્ત્રમાં જોવા મળે છે : (1) કાર્યાત્મકવાદી દૃષ્ટિબિંદુ, (2) ઉદ્દામતવાદી દૃષ્ટિબિંદુ. કાર્યાત્મકવાદીઓ ગંદા વસવાટના જીવનનું અર્થઘટન ગરીબાઈની સંસ્કૃતિના ખ્યાલના સંદર્ભમાં કરે છે. તેઓ માને છે કે આ વસવાટોમાં રહેતા લોકોને વિશિષ્ટ પ્રકારનાં મૂલ્યો, વલણો અને ધ્યેયો હોય છે જે તેમનાથી બહારના સમાજ કરતાં જુદાં છે, જ્યારે ઉદ્દામવાદી સમાજશાસ્ત્રીઓ આની સાથે સંમત થતા નથી. તેઓ ગંદા વસવાટો આ ગરીબાઈની સ્થિતિને જવાબદાર ગણે છે. સમાજના બીજા લોકોની માફક આ વસવાટમાં રહેતા લોકો પણ તર્કસંગત રીતે પરિસ્થિતિનો પોતાની રીતે સામનો કરે છે, પરંતુ તેમને પોતાની વિશિષ્ટ પ્રકારની સમસ્યાઓ હોવાથી આ ગરીબ લોકો જુદી

રીતે વર્તે છે.

ગરીબાઈની સંસ્કૃતિને આર્થિક, સામાજિક અને માનસિક લક્ષણો હોય છે. આર્થિક દૃષ્ટિએ આ સંસ્કૃતિમાં રહેતા લોકોમાં બેરોજગારી તેમજ અલ્પ પ્રમાણનું વેતન જોવા મળે છે. તે ઉપરાંત બિન આવડતવાળા ધંધાઓ, બાળ-કામદારો બચતનો અભાવ, સતત પૈસાની ખેંચ અને અવારનવાર થોડા પ્રમાણમાં ખોરાક તેમજ બીજી જીવન જરૂરિયાતો ખરીદવાની ટેવ વગેરે પણ ગંદા વસવાટોમાં રહેતા લોકોની ખાસિયતો હોય છે. સામાજિક અને માનસિક લક્ષણોમાં ગીચતા ખાનગીપણાનો અભાવ, ટોળામાં રહેવાની વૃત્તિ, દારૂનું વધુ પડતું સેવન, બાળકો તેમજ સ્ત્રીઓને મારવાની સ્થિતિ જે પુરુષના ચઢિયાતાપણા ઉપર ભાર મૂકે છે. આ સંસ્કૃતિમાં રહેતા લોકો સામાન્ય રીતે વર્તમાન અભિગમવાળા હોય છે, જેમને ભવિષ્યની ચિંતા બહુ મહત્ત્વની હોતી નથી. આ ઉપરાંત તેઓ દૈવવાદી (fatalism) અર્થાત્ જીવન ઈશ્વરને ભરોસે વિતાવે છે. ઓસ્કાર લૂઈસનો આ ખ્યાલ પણ ટીકાથી પર નથી. આ ખ્યાલની અણવિકસિત અથવા વિકસિત દેશોના ગંદા વસવાટોના અભ્યાસો દ્વારા ચકાસણી કરવામાં આવે તો આપણને જુદું જ ચિત્ર જોવા મળશે. ભારતમાં ગંદા વસવાટોમાં લોકો સંગઠિત હોય છે તેમ જ રાજકારણમાં પણ સક્રિય રીતે ભાગ લે છે. પોલવેબે પોતાના મદ્રાસ શહેરના ચેનાનગરના ગંદા વસવાટોના અભ્યાસ દ્વારા આ ખ્યાલને જુદી રીતે સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. ટૂંકમાં, ગંદા વસવાટોમાં વ્યક્તિના ખડતલપણાને મહત્ત્વનો ગુણ ગણવામાં આવે છે, કારણ કે અહીં વ્યક્તિએ અનેક રીતે વારંવાર સંઘર્ષમાં ઊતરવું પડે છે. અહીંયા રહેતા લોકોનું વર્તન અનિયંત્રિત હોય છે, તેથી લોકો એક બીજાઓના ધોરણભંગના વર્તનને સહન કરવું પડે છે. વળી, લોકો ઈશ્વર કે નસીબને તાબે થઈ પોતાનું જીવન વિતાવે છે. આને લીધે બહારના લોકો આ વસવાટોના રહીશોને શંકાની નજરે જુએ છે.

**6) ઉદાસીનતા અને સામાજિક અલગતા :** આ વસવાટની બહાર રહેતા લોકોને ગંદા વસવાટો પ્રત્યે ચોક્કસ કલ્પના હોય છે. આ લોકોની માન્યતા છે કે ગંદાવસવાટોનો ભૌતિક દેખાવ તેમ જ અનેક મુશ્કેલીઓભરી પરિસ્થિતિ ત્યાંના લોકોની ઊતરતી કક્ષાએ રહેવાની સ્થિતિને આભારી છે. ગંદા વસવાટો ઊતરતા છે એટલે ત્યાંના લોકો પણ ઊતરતી કક્ષાએ જીવે છે. પરિણામે અહીંના લોકો સત્તા અને વિસ્તૃત સમાજમાં ભાગ લેવાની બાબતમાં સામાજિક અલગતા અનુભવે છે. તેઓ ઉદાસીનતા, બહારની દુનિયા સાથે વ્યવહાર કરવા બાબતનો નજીવો અનુભવ તેમજ સત્તાવિહોણો હોવાને લીધે બાહ્ય દુનિયા સાથે અસરકારક વ્યવહાર કરી શકતા નથી. સ્થાનિક રાજકારણીઓ પોતાના હિત અને સ્વાર્થ માટે આ લોકો અને તેમની સ્થિતિનો પુરેપુરો લાભ ઉઠાવે છે. અહીંના રહેવાસીઓ માને છે કે પોતે પોતાના જીવનની પરિસ્થિતિ બદલવા માટે અશક્તિમાન તેમજ લાચાર છે, અને આ લાચારી તેમની ગંભીર નબળાઈ છે. એટલે જ અહીંના લોકો સફળતા પ્રાપ્ત કરવા માટે પ્રયત્નને બદલે તક ઉપર, આયોજનને બદલે નસીબ ઉપર અને પોતાની આવડતને બદલે લાગવગશાહી ઉપર વધુ આધાર રાખે છે. ટૂંકમાં, ગંદા વસવાટોના રહીશોમાં પોતાના વસવાટ પ્રત્યે, તેમજ શહેર કે જેનો આ વસવાટો એક ભાગ છે તેના પ્રત્યે ચોક્કસ વલણો અને માન્યતાઓ હોય છે. તેમનામાં એવી માન્યતાઓ પ્રવર્તે છે કે પોતાના જીવનના અસ્તિત્વ માટે સતત ઉપલા વર્ગના લોકો, કાયદો અને વ્યવસ્થા સાથે સારા સંબંધો રાખવા અનિવાર્ય છે, કારણ કે પોતાની પરિસ્થિતિને લીધે ઘણી વખતે તેમને નહીં કરવા જેવા ગુનાઓ કરવાની ફરજ પડે છે. આ તેમના જીવનની એક મહત્ત્વની કરુણતા છે. આ રીતે ગંદા વસવાટના લોકોનું જીવન, રહેઠાણ. ખોરાક, કપડાં અને જીવનની બીજી અનેક જરૂરિયાતો મેળવવા સતત સંઘર્ષોથી ભરેલું રહે છે.

### ગંદા વસવાટોનાં કાર્યો :

જેમ ગરીબાઈમાં સબડાતા લોકો સમાજ માટે કેટલાંક મહત્ત્વનાં અપ્રકટ કાર્યો કરે છે. તેમ ગંદા વસવાટો પણ પોતાના રહીશો માટે કેટલાંક મહત્ત્વનાં કાર્યો કરે છે. આ વસવાટો કેટલીક જરૂરિયાતો પૂરી પાડે છે તે તેનો મહત્ત્વનો ફાળો છે. આ વસવાટો ગરીબો અને ખાસ કરીને ઓછી આવકવાળા જૂથોને તેમજ ગામડાંમાંથી સ્થળાંતર કરીને આવેલા લોકોને રહેવાની જગ્યા અને સસ્તા ઘરો પૂરાં પાડે છે. અહીં તેમને સાધારણ અથવા નજીવાં ભાડે ઘર મળી શકે છે, જેથી શહેરમાં જીવન શરૂ કરી શકાય. આને પરિણામે સાધારણ બચત શક્ય બને છે. ગંદા વસવાટોમાં ઘણાં વર્ષોથી સ્થાયી થયેલી વ્યક્તિઓ અને પરિસ્થિતિનો આર્થિક લાભ ઉઠાવે છે. તેઓ સરકારી અથવા ખાનગી જમીન ઉપર નાનાં નાનાં ઝૂંપડાઓ બાંધી ભાડે આપે છે અને પરિણામે અહીં નવું વર્ગજૂથ ઊભું થાય છે, જે ધીમે ધીમે ગંદા વસવાટોમાં આવતા નવા નવા લોકોનું આર્થિક અને સામાજિક રીતે શોષણ કરવાનું શરૂ

કરે છે. કેટલાક દેશોમાં ગંદા વસવાટો ગ્રામ, વિસ્તાર, જ્ઞાતિ, જાતિ (Race), ભાષા અને ધર્મ ઉપર સમૂહ જીવન વિકસાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે, કારણ કે સ્થળાંતરીઓ સામાન્ય રીતે શહેરમાં એવી જગ્યાએ રહેવું પસંદ કરે છે કે જ્યાં પોતાના લોકો વસતા હોય. આ પ્રમાણે એવા વિસ્તારોમાં વ્યવસ્થિત સામાજિક જીવન વિકાસ પામે છે જે લોકોની અનેક ઇચ્છાઓને પૂર્ણ કરવા મદદરૂપ થાય છે. અહીં વસતા લોકો પોતાના વિસ્તારને ભૌતિક રીતે જુએ છે. તેઓ પોતાના વિસ્તારની પરિસ્થિતિ, સીમા અને લોકો વિષે ચોક્કસ ખ્યાલ ધરાવેછે. પચરંગી વસ્તી હોવા છતાં સમકક્ષ ભૌતિક પરિસ્થિતિમાં પોતાનું જીવન વિતાવતા હોવાથી અહીં રહેતા લોકોમાં પોતાના વિસ્તાર માટે લાગણી અને આપણાપણાનાં વલણો હોય છે. ઘણી વખતે શહેરમાં નવી આવનારી વ્યક્તિઓને યોગ્ય તાલીમ આપવાનું કાર્ય પણ આ વસવાટો કરે છે. શહેરી વાતાવરણ અને જીવન પદ્ધતિથી તે નવા સ્થળાંતરીઓને માહિતગાર કરે છે. આ ઘટના વિકસી રહેલા દેશોનાં શહેરો માટે ખાસ મહત્ત્વની છે, કારણ કે આ દેશોમાં શહેરી જીવન અને ગ્રામીણ જીવન વચ્ચે સ્પષ્ટ તફાવત જોવા મળે છે. એટલે નવી આવનારી વ્યક્તિને શહેરનું વાતાવરણ તદ્દન નવું લાગે છે. શહેરમાં કેવી રીતે વર્તવું અને નોકરી માટે ક્યાં જવું વગેરે બાબતો તેમને શીખવાય છે. તે ઉપરાંત જેને અપરિચિતતામાં રહેવું હોય તેને પણ આ વિસ્તારો યોગ્ય તકો પુરી પાડે છે. જે લોકો સમાજથી તરછોડાયેલા છે અથવા જેઓનો ધોરણભંગના વર્તનને લીધે સમાજે બહિષ્કાર કર્યો છે તેવાઓને આ વસવાટો સ્વીકારે છે અને એ દ્વારા બાકીના શહેરી સમાજમાં અનુમતિની જાળવણી કરે છે. અનેક ધોરણભંગના ગુનાઓ શહેરના સારા કહેવાતા વિસ્તારોમાં થતા હોય છે, પરંતુ ગંદા વસવાટો એવા ગુનેગારોને રાખે છે. જીવનથી નિરાશ થયેલ કેટલીક વ્યક્તિઓ પણ આવા વિસ્તારોમાં રહેવાનું પસંદ કરે છે. સટ્ટો, દારૂ, જુગાર અને વેશ્યાગીરી જેવી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ ચલાવનાર વ્યક્તિઓ માટે પણ આ વસવાટો ઉત્તમ સ્થાન મનાય છે. તેથી સમાજવિરોધી પ્રવૃત્તિઓમાં એક સારૂં પરિણામ એ આવે છે કે બીજા વિસ્તારનું સામાજિક-સાંસ્કૃતિક વાતાવરણ દૂષિત થતું નથી અને એવી બુરાઈઓ સાથે સંકળાયેલી વ્યક્તિઓ કે જૂથોને શોધવાનું કામ પોલીસ વગેરે માટે સરળ બને છે.

### ગંદા વસવાટો પ્રકારો :

જેમ ગંદા વસવાટોની વ્યાખ્યાઓ અનેક છે તેમ એના પ્રકારો પણ અનેક છે. કેટલાક વિદ્વાનોએ કરેલા અભ્યાસો ઉપરથી આપણને ગંદા વસવાટોના પ્રકારોની જાણકારી પ્રાપ્ત થાય છે. ચાર્લ્સ સ્ટોકે લિમા (Lima), કેરાકસ (Caracas), બ્યુએનોઝ એરીઝ (Buenos Aires) અને ગયાકિવલ (Guayaquil) શહેરોના ગંદા વસવાટોનો તુલનાત્મક અભ્યાસ કરીને ગંદા વસવાટોનો નિમ્ન પ્રકાર સમજાવવાનો પ્રયત્ન કર્યો છે.

ચાર્લ્સ સ્ટોકનું વર્ગીકરણ

| સ્લમ્સ ઓફ હોપ | | સ્લમ્સ ઓફ ડિસ્પેર | |
|---|---|---|---|
| (અ) એસ્કેલેટર ક્લાસીઝ | (ક) નોન-એસ્કેલેટર ક્લાસીઝ | (બ) એસ્કેલેટર ક્લાસીઝ | (ડ) નોન-એસ્કેલેટર ક્લાસીઝ |

સ્ટોકનું વર્ગીકરણ માનવીય વલણોને સ્પર્શતી બે મહત્ત્વની ધારણાઓ ઉપર આધારિત છે : (1) સમુદાયનાં આર્થિક અને સામાજિક જીવન સાથે સમન્વય સાધીને અથવા સંસ્કૃતીકરણ દ્વારા ગતિશીલતા પ્રાપ્ત કરી શકાય છે. તે પ્રકારનું માનસિક વલણ, અને (2) બીજું સામાજિક અને આર્થિક પરિબળો આવી ગતિશીલતાની આડે આવે છે, અથવા તેમાં અવરોધક બળ તરીકે કામ કરે છે. આ બંને ધારણાઓથી ગંદા વસવાટોના બે મહત્ત્વના પ્રકારો સ્પષ્ટ રીતે તરી આવે છે. સ્લમ્સ ઓફ હોપ (slums of hope) ની વ્યક્તિઓ એવી માન્યતા ધરાવે છે કે આ વસવાટોમાં રહીને આગળ આવવાની અથવા પોતાની હાલત સુધારવાની તક છે. સ્વ-પ્રયત્નથી આગળ આવી શકાય છે એવી આશા તેમનામાં જોવા મળે છે. ટૂંકમાં, આ વસવાટોમાં પણ ગતિશીલતા માટેની તકો રહેલી છે.

સ્લમ્સ ઓફ ડિસ્પેર (slums of despair) માં પોતે આમાંથી બહાર નીકળી પોતાનો દરજ્જો સુધારી શકે એમ નથી તેવી નિરાશા જોવા મળે છે. ભવિષ્ય તેમને ધૂંધળું લાગે છે. સ્લમ્સ ઓફ હોપ અપરિચિત સ્થળાંતરીઓ તેમજ શહેરમાં નવા આવનારાઓને રહેઠાણ પૂરાં પાડે છે, તો કેટલાક લોકોને પોતાના મૂળ વતનમાં આર્થિક, રાજકીય કે સામાજિક ઊથલપાથલને પરિણામે શહેર તરફ પ્રયાણ કરવાની ફરજ પડે છે. સાથે જ શહેર તેમને આગળ આવવાની તેમજ તેમની હાલતમાં સુધારો કરવા માટે આર્થિક-સામાજિક તકો આપી શકે એમ છે. એટલે કે તેઓ ખાતરી રાખતા હોય છે કે શહેર તેમને રોજી-રોટી આપી શકે છે. તેમ છતાં બધા જ લોકો અહીં આવી સરખી રીતે પોતાની હાલત સુધારી શકતા નથી. જે લોકો પાસે શહેરી ભાષા, સંસ્કૃતિ અને અનેક તકોનો ઉપયોગ કરવાની જરૂરી આવડત તેમજ કેળવણી જ્યારે બીજામાં આ ગુણોનો અભાવ તેમની આગળ આવવાની ધગશમાં અવરોધક બળ તરીકે કામ કરે છે. એટલે તેમની શરૂઆતની આગળ આવવાની તમન્ના મંદ પડી નિરાશામાં પરિણમે છે. આ પ્રકારના લોકો આ વસવાટોના લાંબા સમયના રહીશો હોય છે.

આ બન્ને પ્રકારના બીજા પેટાપ્રકારો છે. આ પ્રકારો તે (1) સ્લમ્સ ઓફ હોપ વિથ એસ્કેલેટર ક્લાસીઝ (sums of hope with escalator classes) (2) સ્લમ્સ ઓફ ડિસ્પેર વિથ એસ્કેલેટર કલાસીસ (slums of despair with escalator classes) (3) સ્લમ્સ ઓફ હોપ વિથ નોન-એસ્કેલેટર ક્લાસીઝ (slums of hope with non-escalator classes) અને (4) સ્લમ્સ ઓફ ડિસ્પેર વિથ નોન-એસ્કેલેટર ક્લાસીઝ (slums of despair with non-escalator classes). આ પ્રકારોને સ્ટોક 'અ', 'બ', 'ક', અને 'ડ' તરીકે ઓળખાવે છે. 'અ' પ્રકાર ગંદા વસવાટો ઈકવેડોરના ગયાકિવલ શહેરના ગંદા વસવાટોમાં જોવા મળે છે. ઉપરાંત આ પ્રકારના વસવાટો વિકસી રહેલા દેશોમાં પણ જોવા મળે છે જ્યાં તે નવા આવનારાઓ માટે શહેરી જીવનશૈલી શીખવા માટેની તાલીમશાળાની ગરજ સારે છે તેમજ તેમને માટે કામચલાઉ રહેઠાણો પૂરાં પાડે છે. આ પ્રકારના ગંદા વસવાટોમાં રહેતા લોકો તેમની વર્તમાન હાલતમાંથી બહાર આવવાની શક્યતાઓ ધરાવતા હોય છે. 'બ' પ્રકારના વસવાટો અમેરીકાનાં શહેરોમાં જોવા મળે છે. આ વિસ્તારો શરૂઆતમાં સારા હોય છે, પરંતુ પાછળથી તે સમાજથી તરછોડાયેલા તેમજ યોગ્ય અનુકુલન નહીં સાધી શકેલા લોકોનું કેન્દ્રસ્થાન બને છે. અંતે સમગ્ર વાતાવરણ ધૂંધળું બને છે. 'ક' પ્રકારના ગંદા વસવાટો નિગ્રોના વિસ્તારોમાં જોવા મળે છે. તેમનામાં આશા અને આક્રમકતા હોય છે. પરંતુ સીમિત તકોને પરિણામે તેઓ સારા પડોશ-જૂથ (neighbourhoods) માં જઈ શકતા નથી. છેલ્લે 'ડ' પ્રકારના ગંદા વસવાટો લીમા (lima) માં જોવા મળે છે. એવા ગંદા વસવાટોના લોકોમાં તેમના ઉદ્ધારની કોઈ જ પ્રકારની તકો જોવા મળતી નથી. આમ, ઉપરોક્ત ચારે પ્રકારના ગંદા-વસવાટો પછાત અને આર્થિક રીતે પીડાતા લોકોથી ઊભરાયેલા હોય છે. તેમના પ્રશ્નોના અસરકારક ઉકેલ માટે આર્થિક સુધારાણા અને કેળવણીના ફેલાવાને લગતા કાર્યક્રમોની જરૂર ઊભી થાય છે.

### હારબર્ટ જેમ્સનું વર્ગીકરણ :

હારબર્ટ જેમ્સે અમેરિકાના બોસ્ટન શહેરના પશ્ચિમી-છેવાડાના ગંદા વસવાટોના રહીશોને ચાર સ્તરો અથવા પેટા-સંસ્કૃતિમાં વર્ગીકૃત કર્યા છે. પ્રથમ બે પ્રકારો ત્યાંના લોકોની જીવન જીવવા વિષેની કલ્પના, મળતી તકો તેમજ તેની પસંદગી ઉપર આધારિત છે. આ છે એક 'ધી લોઅર-ક્લાસ એક્શન સીકર્સ' (the lower-class action seekers) જેઓ કોઈક રોમાંચક ઉપકથાની માફક જીવન જીવવા માંગે છે. જેમાં સાહસ, મારફાડ, જાતિય છૂટછાટ, સટ્ટો-જુગાર અને દારૂ વગેરેનું મહત્ત્વનું સ્થાન હોય છે. બીજો, "ધી-વર્કીંગ ક્લાસ રૂટીન સીકર્સ" (the working class routine seekers) તરીકે ઓળખાતા હોય છે. તે લોકો પોતાનું જીવન જીવવા માંગે છે. આ બંને વર્ગો હારબર્ટ જેમ્સના શબ્દોમાં સામાજિક રીતે બિનગતિશીલ છે. આ ઉપરાંત ત્રીજો વર્ગ 'ધી લોઅર લોઅર-કલાસ માલ-એડજસ્ટેડ' (the lower lower-class maladjusted) નો છે. જેઓ પોતાની વ્યક્તિગત મુશ્કેલીઓ અને દારૂની લતને પરિણામે પોતાના વર્તન ઉપર કાબુ રાખી શકતા નથી. છેલ્લો વર્ગ 'ધી વર્કીંગ - કલાસ મોબાઈલ' (the working-class mobiles) નો છે જેઓ આ પરિસ્થિતિમાંથી નીકળી મધ્યમ વર્ગમાં જવા સતત પ્રયત્ન શીલ રહે છે.

### જોન સીલેનું વર્ગીકરણ :

જોન સીલેએ અમેરિકાની પરિસ્થિતિને લક્ષમાં રાખીને ગંદા વસવાટોના જે ચાર પ્રકારો દર્શાવ્યા છે તે દુનિયાના બીજા સમાજોને પણ લાગુ પડે છે. તેમણે ગંદા વસવાટોના નીચે મુજબના ચાર મુખ્ય પ્રકારો પાડ્યા છે : (1) 'ધી પરમેનન્ટ નેસેસિટેરિયન્સ' (the Permanent necessitarians) (2)

'ધી ટેમ્પરરી નેસેસિટેરિયન્સ' (the temporary necessitarians) (3) 'ધી પરમેનન્ટ ઓપરચ્યુનિસ્ટ' (the permanent opportunists) અને (4) 'ધી ટેમ્પરરી ઓપરચ્યુનિસ્ટ' (the temporary opprtunists). ઉપરોક્ત ચાર મુખ્ય પ્રકારોના બીજા પેટા-પ્રકારો પણ છે, પરંતુ હાલ પૂરતુ આપણું લક્ષ્ય આ મુખ્ય ચાર પ્રકારોને સમજવાનું છે.

જે વ્યક્તિઓ પાસે બેઠા થઈ પ્રયત્ન કરી બહાર નીકળવાનો કોઈ રસ્તો હોતો નથી તેવા રોગિષ્ઠ, જીવનથી કંટાળેલા, લાચાર, અનાથ તેમજ અપૂરતા ખોરાકવાળા લોકો નજીવા ભાડાનાં મકાનોમાં જે વિસ્તારોમાં રહે છે જે 'ધી પરમેનન્ટ નેસેસિટેરિયન્સ' તરીકે ઓળખાય છે. આવા ગંદા વસવાટોમાં સમાજથી બહિષ્કૃત થયેલા કેફી પીણાંની લતવાળા, નાની ફેરીઓ કરતા લોકો તેમજ વેશ્યાઓ વગેરેનો પણ સમાવેશ થાય છે. આ વસવાટોમાં રહેનારા ઉદાસીન અને બિનગતિશીલ હોય છે. 'ધી ટેમ્પરરી નેસેસિટેરિયન્સ' માં માનથી જીવન જીવનારા ગરીબો તેમજ સંજોગવશાત્ ફસાયેલા લોકોનો સમાવેશ થાય છે. માનથી જીવન જીવનારી વ્યક્તિઓ માટે આ આવાસો કામચલાઉ રહેઠાણો પૂરાં પાડે છે. તેઓ અહીં રહે છે. છતાં તેમના સંપર્કો ગંદા વસવાટ બહારના લોકો સાથે વધુ હોય છે. જ્યારે કેટલાક લોકો આ વસવાટો ગંદા આવાસો તરીકે જાહેર થયા તે પહેલાંના ત્યાં રહે છે. એટલે કે તેઓ ત્યાં રહે છે, કારણ કે તેઓ ફસાઈ પડેલા છે.

'ધી પરમેનન્ટ ઓપરચ્યુનિસ્ટ' માં ભાગેડુ, કાયદા સામે વારંવાર બાથ ભીડનારા, સાહસી, પોતાની ઓળખ છુપાવનારા, તેમજ જેઓ ઉગ્ર હરિફાઈમાંથી છટકી જીવન જીવવા માંગે છે તેઓ આ રહેઠાણોમાં રહે છે. તેમજ કેટલાકને કંઈક કરી બતાવવાની ઈચ્છા હોય છે તેઓને આ વિસ્તારો તક આપે છે. કેટલાક લોકો ધર્મપ્રચારક તરીકે અહીંના લોકોને સુધારવા આવી અહીં રહી પડે છે. કેટલાક તરંગી આ વસવાટમાં રહેવાનું પસંદ કરે છે, જેથી દારૂ અને જુગાર માટે વધુ પૈસાની બચત કરી તેના ઉપર ખર્ચ કરી શકે. 'ધી ટેમ્પરરી ઓપરચ્યુનિસ્ટ'માં જીવનની શરૂઆત કરનારા અને ઉપર આવવા પ્રયત્ન કરનાર વ્યક્તિઓનો સમાવેશ થાય છે. કેટલાક સ્થળાંતર કરીને આવનારા નોકરી મળે ત્યાં સુધી આ વસવાટોમાં રહે છે, કારણ તેમની પાસે બીજા સંબંધીઓ નથી. આગળ આવવા મથનારા ઘણા વખતથી અહીં રહી અનુભવ, મૂડી તેમજ ભૌતિક સાધનો પ્રાપ્ત કરી પોતાનું જીવનધોરણ સુધારવા પ્રયત્ન કરે છે.

આ પ્રકારો ઉપરાંત ગંદા વસવાટોને ભૌતિક સ્થિતિ, ગીચતા, રહીશોનું કાયમીપણું, તેમનામાં જોવા મળતા સંગઠનના પ્રકાર અને સ્થાનિક સમસ્યાઓ વગેરેને આધારે પણ વર્ગીકૃત કરી શકાય છે. સમસ્યાના સંદર્ભમાં જોઈએ તો અમેરિકા અને યુરોપના દેશોમાં ગંદા વસવાટોમાં તરુણ ગુનેગારી, દારૂની લત, કેફી પીણાંનું સેવન જેવી સમસ્યાઓ જોવા મળે છે, જ્યારે એશિયા, આફ્રિકા અને લેટિન અમેરિકાના ગંદા વસવાટોમાં ભૌતિક સુવિધાઓનો અભાવ, બિન-આરોગ્યમય જીવન, વસ્તીની વધુ પડતી ગીચતા અને અનેક ચેપી રોગોનું ગંભીર પ્રમાણ જેવી સમસ્યાઓ જોવા મળે છે, ભારતમાં ગંદા વસવાટોના મુખ્યત્વે ત્રણ પ્રકારો જોવા મળે છે : (1) એ વિસ્તાર કે જ્યાં કાયમી બહુમાળી બિલ્ડીંગ જોવા મળે છે જે ઘણાં વર્ષો પહેલાં બાંધવામાં આવેલાં અને જેનાં આરોગ્યવ્યવસ્થાનાં ધોરણ વર્તમાન સમય કરતાં જુદાં હતાં. પહેલાંની આરોગ્ય વ્યવસ્થા હાલની વસ્તીની સંખ્યા માટે પૂરતી નથી એવા વિસ્તારો (2) કાયદા પ્રમાણે ચોક્કસ જમીન ઉપર કામચલાઉ બાંધવામાં આવેલાં રહેઠાણો જે મિલો પાસે ચાલીઓનાં સ્વરૂપે જોવા મળે છે. અને (3) ઝૂંપડપટ્ટીઓના વિસ્તારો જે શહેરમાં જ્યાં પણ ખાલી જગ્યા મળે ત્યાં બિલાડીના ટોપની માફક વિકસી આવે છે. ઉપરાંત ભારતનાં મહાનગરોમાં ફૂટપાથ અને નદીના પટમાં પણ લોકો ઝૂંપડપટ્ટી બાંધીને રહે છે.

### ગંદા વસવાટો અંગેના સિદ્ધાંતો :

ગંદા વસવાટો એ આધુનિક વિકસતાં શહેરોની એક ગંભીર સામાજિક સમસ્યા છે. તેની પાછળ ગમે તે કારણો હોય તેમ છતાં તેનું અસ્તિત્વ કોઈ પણ દેશમાં નકારી શકાય તેમ નથી. તેના અસ્તિત્વ માટે અર્નેસ્ટ બર્ગેસ, માર્શલ ક્લીનાર્ડ, ઝોરબા, લિયોશ્નોરે અને કોલિયન જેવા કેટલાક વિદ્વાનોએ પોતાના વિચારો અને ઉપકલ્પનાઓ રજૂ કર્યા છે. આમાં મુખ્ય છે શહેરી જમીન વપરાશની તરાહનું પરિવર્તન અને રહેઠાણોની અછત જે અંતે વસ્તીની ગીચતા અને મકાનોની મરામ્મતની નિષ્કાળજી તરફ દોરી જાય છે. અર્નેસ્ટ વર્ગેસે અમેરિકાનાં શહેરોના અભ્યાસ ઉપરથી પોતાનાં મંતવ્યો રજૂ કર્યા છે. એમના અભિપ્રાય મુજબ ગંદા વસવાટો શરૂઆતમાં ઉપલા વર્ગનાં રહેઠાણો તરીકે જાણીતા હોય છે. પરંતુ જેમ જેમ વેપારીકરણ અને ઔદ્યોગિકરણને લીધે શહેર વિકાસ પામતું જાય છે તેમ તેમ ઓછી આવકવાળા લોકો આ વિસ્તારોમાં વધારો કરે છે અને રહેવા લાગે

છે. આને પરિણામે અગાઉ રહેલા ઉપલા વર્ગના લોકો શહેરનો આ ભાગ છોડી દૂર રહેવા જતા રહે છે. મકાન માલિકને જૂના ભાડૂતો પાસેથી નજીવું ભાડું મળતું હોવાને લીધે તે મકાનની મરામ્મત કરી શકતો નથી, એટલે ધીરે ધીરે આ રહેઠાણોની સ્થિતિ કથળે છે. આટલું ઓછું હોય તેમ ત્યાંની વસ્તી ઉત્તરોત્તર વધતી જ જાય છે અને તેથી એવા વિસ્તારોની ગીચતા પણ વધતી જ જાય છે. અંતે આ વિસ્તારો ગંદા વસવાટો તરીકે ઓળખાવા લાગે છે.

ઝોરબાશે પોતાના શિકાગો શહેરના અભ્યાસ ઉપરથી જણાવ્યું કે આ વસવાટો શહેરના મધ્યમાં કે જ્યાં જમીનના ભાવ ઊંચા અને ભાડું ઓછું હોય છે ત્યાં વિકાસ પામે છે. શહેરમાં થતા વેપારીકરણના વિકાસને લીધે લોકો આ વિસ્તારોમાં ધસી આવે છે. અને અહીંની જમીનના ભાવને ઊંચી લઈ જવાની પ્રેરણા આપે છે. પરંતુ જે રહેઠાણો હોય છે તેનું ભાડું ઓછું હોય છે, થોડાક વ્યાપારનો વિકાસ થવાને પરિણામે આ વિસ્તાર રહેઠાણ માટે યોગ્ય ગણાતો નથી. આવા વિસ્તારમાં શરૂઆતથી રહેતા ભાડુતો મકાન ખાલી કરતા નથી. મકાનમાલિક મકાન પડી જાય અને સારો ભાવ આવે એ આશાએ તેનું સમારકામ પણ કરાવતા નથી. આવા વિસ્તારોમાં ધીરે ધીરે ઓછી આવકવાળા લોકો રહેવા લાગે છે, જે જતે દિવસે ગંદા વસવાટોમાં પરિણમે છે. પરંતુ આ ઘટના દુનિયાના બધા દેશોને લાગુ પાડી શકાય તેમ નથી. યુરોપ અને વિકસી રહેલા એશિયાનાં શહેરોમાં નગરના મધ્યસ્થ વિસ્તારો હજી પણ ઉચ્ચવર્ગના વિસ્તારો તરીકે જાણીતા છે.

એક સિદ્ધાંત એમ પણ જણાવે છે કે સામાન્ય રીતે ઔદ્યોગિક વિકાસ શહેરમાં આવેલ નદી પાસે તેમજ રેલવેની બંને બાજુએ થાય છે. આ ઉદ્યોગોની પાસે કામદારોનાં રહેઠાણો કેન્દ્રિત થાય છે, કારણ કે તેમને કામ કરવાનું સ્થળ નજીક પડે છે તેમજ સ્થળાંતર કરીને આવનારાં આમાં વધારો કરે છે અને ગંદા વસવાટોનો વિકાસ થાય છે. કેટલાક લોકો રહેઠાણોની અછત અને મકાનની મરમ્મતના અભાવને ગંદા વસવાટોના વિકાસ માટે જવાબદાર ગણે છે. ઉપરાંત ખાનગી રહેઠાણોની સામગ્રી વેચનારાઓ અહીંના રહીશોને પોસાય તે કિંમત માલસામગ્રી આપી શકતા નથી, જેને લીધે મરમ્મત શક્ય બનતી નથી. આ વસવાટોના અસ્તિત્વ માટે કોલિયન મકાનમાલિક, ભાડુઆત અને સમુદાયને જવાબદાર ગણે છે. મકાનમાલિક રહેઠાણ પ્રત્યે બેજવાબદારી રાખી તેની યોગ્ય મરામ્મતના પૈસા ફાળવી શકતો નથી. સમુદાય આવા વસવાટોના વિકાસને પ્રોત્સાહન આપે છે અને તેને ચાલુ રાખે છે તેમ જ તે સરકારનાં પગલાંઓને ટેકો આપતો નથી, જેથી વિકાસ માટેનાં યોગ્ય ધોરણો લોકો ઉપર લાદી શકાય. ટૂંકમાં, ભૌતિક વાતાવરણ, રહેઠાણની ભૌતિક સ્થિતિ, માલિક અને ભાડુઆત ગંદા વસવાટોના ઉદ્ભવ અને વિકાસ માટે જવાબદાર હોય છે. ઉપરાંત વર્તમાન અર્બન રિન્યુઅલ પ્રોજેક્ટો તથા ગંદા વસવાટ નાબૂદી યોજનાઓ પણ આમાં ઉમેરો કરે છે, કારણ ગંદા વસવાટ નાબૂદી હેઠળ જેટલા આવાસો બાંધવામાં આવ્યા હોય છે તે મૂળ ગંદા વસવાટોમાં રહેતા આવાસો અને તેનાં કુટુંબોની સંખ્યા કરતાં ઓછા હોય છે. એટલે આ બધા લોકો નવી જગ્યાએ જઈ ગીચતામાં વધારો કરી જે તે નવાં રહેઠાણોને પણ ગંદા વસવાટોમાં ફેરવી નાખે છે. ગંદા વસવાટોને ભારતના સંદર્ભમાં જોઈએ તો તે ગરીબાઈને લીધે છે, જે ઐતિહાસિક વારસા તરીકે ચાલી આવી છે. એના મૂળમાં આર્થિક કારણ છે અને યોગ્ય આર્થિક આયોજનના અભાવે શહેરોમાં ગંદા વસવાટો દિનપ્રતિદિન વધતા જાય છે.

**ભારતમાં ગંદા વસવાટો :**

વિશ્વના બીજા સમાજોની જેમ ભારતમાં પણ નગરો અને શહેરોની વસ્તીમાં ઉત્તરોત્તર વધારો થઈ રહ્યો છે. આપણે આગળ જોયું કે 1951ની વસ્તીગણતરી પ્રમાણે ભારતની 17.3 ટકા શહેરી વસ્તી હતી જે વધીને 1961માં 18.3 ટકાની થઈ. 1971માં થયેલી વસ્તી ગણતરી પ્રમાણે ભારતમાં શહેરી વસ્તી 19.9 ટકા છે. આમ જોઈએ તો બીજા દેશોના શહેરીકરણના પ્રમાણમાં ભારતનું શહેરીકરણ ઓછું કહેવાય. યુ.કે.માં તેનું પ્રમાણ 78.87 ટકા, કેનેડામાં 73.58 ટકા, ફ્રાન્સમાં 69.97 ટકા, જાપાનમાં 68.09 ટકા, યુ.એસ.એસ.આર. માં 55.85 ટકા, શ્રીલંકામાં 18.87 ટકા અને પાકિસ્તાનમાં 13.57 ટકા છે. જો કે શ્રીલંકા અને પાકિસ્તાન કરતાં ભારતમાં શહેરીકરણનું પ્રમાણ વધારે છે. એક લાખ કે તેથી વસ્તીવાળાં 216 શહેરો ભારતમાં છે. સમગ્ર શહેરોની કુલ વસ્તીના 56.8 ટકા લોકો એકલા આ શહેરોમાં વસે છે. આ હકીકત એવું સૂચવે છે કે મોટાભાગની શહેરી વસ્તીનો વિકાસ આ એક લાખ કે તેથી વધુ વસ્તીવાળાં શહેરોમાં જોવા મળે છે, જ્યારે નાનાં અને મધ્યમ કક્ષાનાં શહેરો સ્થિર અથવા તો ધીમી ગતિએ વિકાસ પામી રહ્યાં છે. આમ મોટાં શહેરોના ઝડપી વિકાસ માટે મુખ્યત્વે સ્થળાંતરની પ્રક્રિયા જવાબદાર છે. ગુજરાતમાં પણ શહેરી વસ્તી પ્રથમ અને બીજા વર્ગનાં શહેરોમાં કેન્દ્રિત થયેલી છે. આગળ જોયું કે ગુજરાતની 58.02

ટકા શહેરી વસ્તી આ શહેરોમાં વસે છે અને તે મુખ્યત્વે નાનાં શહેરોમાંથી મોટાં શહેરોમાં જતા લોકોને લીધે છે. ઉપરાંત ભારતમાં દશ લાખ કે તેથી વધુ વસ્તી ધરાવતાં શહેરોમાં કલકત્તા, મુંબઈ, દિલ્હી, મદ્રાસ, હૈદરાબાદ, અમદાવાદ, બેંગલોર અને કાનપુર વગેરેનો સમાવેશ થાય છે. શહેરોમાં વસ્તીના સતત ધસારાને લીધે અનેક જટિલ સમસ્યાઓ ઉપસ્થિત થઈ છે. આ શહેરીકરણે અર્થવ્યવસ્થા, રાજકીય વ્યવસ્થા સમાજ તેમજ શહેરી વિસ્તારોને અનેક રીતે અસર કરી છે. છેલ્લાં 30 વર્ષોમાં વિવિધ પ્રકારનાં નવાં શહેરો પણ વિકાસ પામ્યાં છે. એમાં છ સ્ટીલનાં શહેરો જેવાં કે જમશેદપુર, ભિલાઈનગર, દુર્ગાપુર, રૂરકેલા, બોકારો અને ભદ્રાવતી ઔદ્યોગિક કેન્દ્રવાળાં સુરત, વડોદરા, લુધિયાણા, રાંચી, કોટા અને ગાઝિયાબાદ કોચીન, કાલિકટ અને વિશાખાપટનમ જેવાં બંદરીય શહેરો અને ભોપાલ, ચંદીગઢ અને ભુવનેશ્વર જેવાં આયોજિત શહેરોનો ખાસ ઉલ્લેખ કરી શકાય છે. ભારતમાં આ ઝડપથી થતા શહેરીકરણને પરિણામે ગંદા વસવાટોમાં સતત વધારો થતો રહ્યો છે. આ વસવાટો લગભગ બધાં જ શહેરોમાં જોવા મળે છે. આ ગંદા વસવાટો ખુલ્લી ગટરો, જાજરૂના અભાવને પરિણામે જ્યાં ત્યાં મળમૂત્ર તેમજ કચરાથી ભરેલાં જોવા મળે છે. ગરીબાઈ, અપૂરતો ખોરાક, શિક્ષણનો અભાવ, ચેપી રોગોનું ઊંચું પ્રમાણ, બાળ મૃત્યુ-દરનું ઊંચું પ્રમાણ વગેરે આ વસવાટોનું ચિત્ર રજૂ કરે છે. અહીંયા આપણે ભારતનાં કેટલાંક શહેરોમાં થયેલા ગંદા વસવાટોના અભ્યાસને આધારે આ સમસ્યાનું જે ગંભીર સ્વરૂપ છે તેનો ખ્યાલ પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરીશું.

મુંબઈ શહેરમાં 1956-57માં 144 ગંદા વસવાટોના વિસ્તારો હતા. આ સંખ્યા વધીને 1968માં 320ની થઈ. હાલમાં મુંબઈમાં આવા 560 વસવાટો છે. 1857-58માં 4,30,000 જેટલી વ્યક્તિઓ ગંદા વસવાટોમાં રહેતી હતી. હાલમાં એક આંકડા મુજબ મુંબઈમાં આશરે દશ લાખ લોકો આવા વસવાટોમાં રહે છે. 1954-58માં એસ. એસ. સેને કલકત્તાની સામાજિક-આર્થિક મોજણી કરી હતી. આ મોજણી પ્રમાણે ત્યાં 240 ગંદા વસવાટો હતા જેમાં 50,000 કુટુંબો રહેતાં હતાં, કલકત્તામાં આવા વસવાટોને 'બસ્તી' તરીકે ઓળખવામાં આવે છે. 1966માં બૃહદ્ કલકત્તામાં આશરે 9,12,000 લોકો આવા વસવાટોમાં રહેતા માલુમ પડ્યા હતા. આ ઉપરાંત બીજા 18,000 ઘરવિહોણા લોકો હતા જે પોતાનું જીવન ફૂટપાથ ઉપર વિતાવતા હતા. 1971ની વસ્તી ગણતરી પ્રમાણે આ ફૂટપાથ ઉપર રહેનારાની સંખ્યા વધીને 48,802ની થઈ છે. 1961ની વસ્તીગણતરી મુજબ કલકત્તા અને મદ્રાસની વસ્તીનો આશરે 1.4 ભાગ એટલે કે 23.8 ટકા વસ્તી આવા વસવાટોમાં રહેતી જોવા મળી હતી. ડી. આર. ગાડગીલે કરેલી પૂનાની સામાજિક-આર્થિક મોજણી મુજબ ત્યાં 1937માં અંદાજે 800 થી 1000 કુટુંબો આવા વસવાટોમાં રહેતાં હતાં. 1951માં અંદાજે 800 થી 1000 કુટુંબો આવા વસવાટોમાં રહેતાં જોવા મળ્યાં હતાં. બીજી એક સંસ્થાએ 1959માં મોજણી કરી ત્યારે 9000 કુટુંબો આવા વસવાટોમાં રહેતાં જોવા મળ્યાં. 1975ની માહિતી પ્રમાણે પૂનામાં 254, ઔરંગાબાદમાં 48 અને શોલાપુરમાં 18 ગંદા વસવાટોના વિસ્તારો છે.

મદ્રાસમાં ગંદા વસવાટોને 'ચેરી' તરીકે ઓળખવામાં આવે છે. 1933માં ત્યાં 151 ગંદા વસવાટો હતા. આ સંખ્યા વધીને 1953-54માં 306ની થઈ, જેમાં 2,65,000 લોકો રહેતા હતા. 1961માં 548 ગંદા વસવાટોમાં 4,12,168 લોકો રહેતા હતા. 1975માં મદ્રાસ શહેરમાં 1200 ગંદા વસવાટોના વિસ્તારો જોવા મળ્યા. સ્લમ ક્લિયરન્સ બોર્ડ દ્વારા થયેલ મોજણી મુજબ હાલમાં મદ્રાસમાં 1,70,000 કુટુંબો ગંદા વસવાટોમાં રહે છે. આ ઉપરથી સ્પષ્ટ જાણવા મળે છે કે વર્ષોવર્ષ ગંદા વસવાટોની સંખ્યા અને તેમની વસ્તીમાં વધારો જોવા મળે છે. હૈદરાબાદ-સિકંદરાબાદ શહેરમાં 1962માં 106 ગંદા વસવાટો હતા. આ સંખ્યા વધીને 1972માં 283ની થઈ. આમાં 1976માં બીજા 74 ગંદા વસવાટોનો ઉમેરો થયો. 1972માં આ વસવાટોની વસ્તી 3,00,522 ની હતી. 1962માં આ શહેરોની કુલ વસ્તીના 10 ટકા વસ્તી ગંદા વસવાટોમાં રહેતી હતી અને હાલમાં તે 19 ટકાની છે આની સરખામણીમાં 1975ના સરકારી આંકડાઓ પ્રમાણે મુંબઈ, કલકત્તા, મદ્રાસ અને લખનૌમાં અનુક્રમે 25 ટકા, 34 ટકા 24 ટકા, અને 25 ટકા વસ્તી આવા વિસ્તારોમાં રહે છે. ભારત સેવક સમાજે 1958માં દિલ્હીના ગંદા વસવાટોની મોજણી કરી હતી. અહીં આ વસવાટોને 'બસ્તી' અને 'કતરાસ' તરીકે ઓળખવામાં આવે છે. આ મોજણી પ્રમાણે જૂના દિલ્હીના 20 વોર્ડમાં 1787 ગંદા વસવાટો વહેંચાયેલા હતા. આમાં 48,500 કુટુંબોની 2,25,000ની વસ્તી હતી. તેમાંના 47.5 ટકા લોકો બસ્તીમાં રહેતા હતા અને બાકીના 52.5 ટકા લોકો કતરાસમાં રહેતા હતા.

1972માં વડોદરાની ઓપરેશન રિસર્ચ ગ્રુપ દ્વારા ગુજરાતનાં સાત શહેરોની મોજણી પ્રમાણે ઝૂંપડપટ્ટીની સંખ્યા અને વસ્તી નીચે મુજબ દર્શાવવામાં આવી છે.

| અનુ.નં. | શહેર | ઝૂંપડપટ્ટીની સંખ્યા | વસ્તી |
|---|---|---|---|
| 1. | અમદાવાદ | 58,178 | 2,27,386 |
| 2. | વડોદરા | 11,130 | 49,905 |
| 3. | સુરત | 17,440 | 92,587 |
| 4. | રાજકોટ | 4,927 | 20,578 |
| 5. | ભાવનગર | 5,262 | 23,469 |
| 6. | જામનગર | 10,523 | 44,644 |
| 7. | નડિયાદ | 3,270 | 14,460 |
| | | **1,10,730** | **5,18,029** |

ઉપરોક્ત આંકડાઓ ગુજરાતનાં મુખ્ય સાત શહેરોમાં જોવા મળતી ઝૂંપડપટ્ટીની સંખ્યા અને તેની વસ્તી બતાવે છે. આ શહેરોમાં 1,10,730 ઝૂંપડપટ્ટીઓ છે, જેમાં 5,18,029 લોકો રહે છે. 1961ની વસ્તીગણતરી મુજબ અમદાવાદ શહેરના 29 વોર્ડમાંથી 15 વોર્ડમાં ગંદા વસવાટો જોવા મળ્યા હતા. 1976માં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને શહેરની ઝૂંપડપટ્ટીઓની મોજણી કરી. આ મોજણી પ્રમાણે અમદાવાદ શહેરમાં 81,000 ઝૂંપડપટ્ટીઓ ફેલાયેલી છે, જેમાં 4.15 લાખ લોકો રહે છે. આ ઝૂંપડપટ્ટીઓ ઉપરાંત અમદાવાદમાં 1476 ચાલીઓ છે. જેમાં 66,000 કુટુંબો રહે છે. જેની વસ્તી 3 લાખ જેટલી છે. હાલમાં ઝૂંપડપટ્ટીઓની સંખ્યા એક લાખ સુધી પહોંચી ગઈ છે. એમ અંદાજવામાં આવે છે કે અમદાવાદમાં આઠથી નવ લાખ લોકો ગંદા વસવાટોમાં રહે છે, જે અમદાવાદની 30 ટકા ઉપરની વસ્તી કહી શકાય. આજ પરિસ્થિતિ ગુજરાતના બીજા શહેરોની પણ છે.

સુરત શહેરમાં 1959માં 30,000 લોકો ગંદા વસવાટોમાં રહેતા હતા. તે સંખ્યા વધીને 1961માં 40,000ની થઈ. 1961ની વસ્તીગણતરી મુજબ સુરત શહેરમાં ફક્ત 26.60 ટકા મકાનો જ સારી સ્થિતિમાં કે તંદુરસ્ત કહી શકાય તેવી સ્થિતિમાં માલૂમ પડ્યા હતા. બાકીના 73 ટકા મકાનો 1977-78 સુધીમાં તોડી પાડવાં જોઈએ તેવી સ્થિતિનાં હતાં. ઓપરેશન રિસર્ચ ગ્રુપ દ્વારા 1972માં સુરતમાં ગંદા વસવાટોની મોજણી કરવામાં આવી હતી. તેના આંકડા પ્રમાણે સુરતમાં 145 ગંદા વસવાટો જોવા મળ્યા હતા જેમાં 17,440 કુટુંબોની 92,000 વસ્તી રહેતી માલુમ પડી હતી. એટલે કે સુરતમાં દર પાંચ માણસે એક માણસ ગંદા વસવાટમાં રહે છે એમ માલુમ પડ્યું છે. 1973માં સેન્ટર ફોર રીજિયોનલ ડેવલપમેન્ટ સ્ટડીઝ સંસ્થા દ્વારા ઝૂંપડપટ્ટીમાં રહેતાં 2,100 કુટુંબોની મોજણી કરવાં આવી હતી. આ મોજણી પ્રમાણે ઝૂંપડપટ્ટીમાં દલિત, આદિવાસી તેમજ બીજી પછાત જ્ઞાતિનું પ્રમાણ વધારે જોવા મળ્યું. આમાં 91 ટકા કુટુંબો જાહેર નળનો ઉપયોગ કરતા જણાયાં. 84 ટકા કુટુંબોને જાહેર ગટરનાં જોડાણ નથી. ફક્ત 6 ટકા કુટુંબો પોતાનાં કે મજિયારા સંડાસનો ઉપયોગ કરે છે. અને 49 ટકા ઝૂંપડામાં રહેતા લોકોને જાહેર સંડાસની પણ વ્યવસ્થા નથી. તેથી તેઓ ખુલ્લી જમીન તેમજ રસ્તાની બંને બાજુનો ઉપયોગ કરે છે. આ સમગ્ર આંકડાકીય માહિતી આપણે ભારતના ગંદા વસવાટોની ભયજનક સ્થિતિનો ખ્યાલ આપે છે. થયેલા અભ્યાસો સ્પષ્ટ રીતે બતાવે છે કે આ બધા જ ગંદા વસવાટોમાં નળ, ગટર છે. આટલું ઓછું હોય તેમ તેમની મર્યાદિત આવક ગરીબાઈમાં ઉમેરો કરે છે. આ શહેરોની એવી સમસ્યા છે કે એનો ખરેખર ઉકેલ શક્ય છે કે નહીં એ એક પ્રશ્નાર્થ ચિહ્ન છે. તેમ છતાં આ સમસ્યાને હળવી કરવા કેટલાક પ્રયત્નો થાય છે.

**ગંદા વસવાટોનો ઉકેલ :**

આ સમસ્યાના ઉકેલ માટે રાષ્ટ્રીય કક્ષાએ 'રાષ્ટ્રીય ગંદા-વસવાટ નાબૂદી અને સુધારણાનો કાયદો' ઘડવામાં આવ્યો છે. આ કાયદા હેઠળ મુંબઈ, દિલ્હી, કલકત્તા અને મદ્રાસ જેવાં કેટલાંક શહેરોમાં

DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY
LIBRARY
BOOK NO. Sm-151
DATE 25/5/07
AHMEDABAD

ગંદા વસવાટ નાબૂદી યોજનાઓ શરૂ કરવામાં આવી. આ યોજના હેઠળ કેન્દ્ર સરકાર 37 1/2 ટકા મદદ આપેછે. રાજ્યકક્ષાએ પણ ગંજા વસવાટોની સુધારણાની યોજનાઓ હોય છે. મહારાષ્ટ્ર રાજ્યમાં આ યોજના હેઠળ જે વસવાટને સુધારણા માટે લેવામાં આવે તે વિસ્તારનાં 2/3 કુટુંબોની આવક રૂ. 230 થી નીચે હોવી જોઈએ. આ સુધારણામાં નળની લાઈન તેમજ ગટરની લાઈન નાખવી, સમુદાય માટે ચોકડી, સંડાસ તેમજ પાણીના નળ પૂરા પાડવા, રસ્તાઓ પહોળા કરવા તેમજ તેની ઉપર પથ્થર જડવા, વીજળીની લાઈટ આપવી, વિસ્તારને સમથળ બનાવવો તેમજ મેદાન અને કલ્યાણ કેન્દ્ર અને નિશાળ શરૂ કરવાને લગતાં કાર્યોનો સમાવેશ થાય છે. પરંતુ આ યોજનાઓ લાંબાગાળાની હોય છે. ત્યાં સુધીમાં તો ગંદા વસવાટોની સંખ્યા અને કદમાં વધારો થઈ ગયેલો જોવા મળે છે. એટલે એવાં પગલાં લેવાં જોઈએ કે જેથી જલદી પરિણામ લાવી શકાય. ગંદા વસવાટો એ ખરેખર રહેઠાણનો પ્રશ્ન છે એટલે રહેઠાણો પૂરાં પાડવા એ મહત્ત્વની બાબત છે.

ગુજરાતમાં બીજી પંચવર્ષીય યોજનામાં અમદાવાદ મહાનગરપાલિકા અને સુરત તથા વડોદરાની મ્યુનિસિપાલિટીએ ગંદા વસવાટ નાબૂદી યોજનાનો લાભ લીધો. અમદાવાદ મહાનગરપાલિકાએ 1872 ટેનામેન્ટ બાંધ્યા અને બીજા 521 બંધાઈ રહ્યાં હતાં. આ જ સમય દરમ્યાન સુરત અને વડોદરાની મ્યુનિસિપાલિટીએ 616 પ્લોટ વિકાસ માટે લીધા. ત્રીજી પંચવર્ષીયયોજનાઓ આ કામ માટે રૂ. 43.75 લાખ ફાળવી આપ્યા અને એમ 5000 ટેનામેન્ટ બાંધવાની અપેક્ષા રાખવામાં આવી. વિવિધ યોજનાઓ હેઠળ 8714 ટેનામેન્ટ બાંધવાની અપેક્ષા રાખવામાં આવેલી જેનો અંદાજીત ખર્ચ રૂ. 6,26,09,188 હતો. આમાંથી 1961 સુધીમાં અમદાવાદ મહાનગરપાલિકાએ 2400 ટેનામેન્ટો બાંધ્યા. પરંતુ ગુજરાતનું મુંબઈ રાજ્યથી વિભાજન થતાંત્યાંથી આવેલ કર્મચારીઓને 1476 આવાસો કામચલાઉ ફાળવી આપવામાં આવ્યાં, જ્યારે બાકીના 528 ટેનામેન્ટ રેલવે યાર્ડના લોકોને અને 396 રબારી વિસ્તારના લોકોને ફાળવી આપ્યાં. આ ઉપરાંત ગુજરાત હાઉસીંગ બોર્ડ પણ ઔદ્યોગિક કામદારો તેમજ ઓછી આવકવાળા લોકો માટે રહેઠાણો બાંધી આપેછે. 1964ના માર્ચ સુધીમાં આ બોર્ડે 11,226 ટેનામેન્ટો બાંધ્યાં હતાં. જેનો ખર્ચ રૂ. 265.52 લાખ થયો હતો.

મદ્રાસ રાજ્યના આયોજન પંચે એક મહત્ત્વાકાંક્ષી ગંદા વસવાટ નાબૂદી યોજના ઘડી કાઢી છે. આ યોજના હેઠળ ગંદા વસવાટોના રહીશોને ફરી વસાવવા 1984 સુધીમાં રૂપિયા 72.50 કરોડના ખર્ચે 1,00,000 ટેનામેન્ટો અને ફલેટો બાંધવાનું નક્કી કરવામાં આવ્યું હતું. રાજ્યના આયોજન પંચે 1975 સુધીના છેલ્લા ત્રણ વર્ષમાં ટેનામેન્ટ પાછળ રૂપિયા 12 કરોડ અને બીજા હાઉસીંગ પ્રોજેક્ટો પાછળ રૂ. 27 કરોડ ખર્ચા હતા. 1975માં મદ્રાસમાં ગંદા વસવાટો ઉપર એક રાષ્ટ્રીય સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારે કેટલાંક ઉપયોગી સૂચનો કર્યા છે. આ સેમિનારે એક એવું સૂચન કર્યું કે ગંદા વસવાટોના રહીશોને ફરી વસાવવા માટે તે જ્યાં કામ કરે છે તેની નજદીક જ બહુમાળી મકાનો બાંધી આપવાં જોઈએ. આને પરિણામે જમીન અને બાંધકામની સામગ્રી ઉપરના ખર્ચમાં બચત થશે. ઉપરાંત એમ પણ જણાવવામાં આવ્યું કે આ બહુમાળી મકાનોના ભોંયતળિયે દુકાનો બંધાવી તે બાંધકામ ભાડે આપવી અને આ ભાડામાંથી બહુમાળી મકાનની ભૌતિક સુવિધાઓનો ખર્ચ કાઢવો. બાંધકામના ખર્ચમાં 15 ટકાનો ઘટાડો કરવાનું પણ સૂચન કરવામાં આવ્યું હતું. હવે આપણે ગંદા વસવાટ નાબૂદી યોજનાની કેટલીક સમસ્યાઓ જોઈશું.

ભારતની ત્રીજી પંચવર્ષીય યોજનાએ ગંદા વસવાટ નાબૂદી યોજનાના અમલીકરણની આડે આવતી જે બે મહત્ત્વની ઘટના તરફ ધ્યાન દોર્યું તે છે : (1) ગંદા વસવાટોના લોકોની સબસિડાઈઝ ભાડું આપવાની અશક્તિ, અને (2) મૂળ જગ્યાએથી બીજી જગ્યાએ જવાની તેમની નારાજી. સામાન્ય રીતે આ વસવાટોના રહીશો બીજી જગ્યાએ જવા વિરોધ કરે છે અને જો જાય છે તો તેઓ ત્યાંની સ્થિતિથી અસંતોષ અનુભવે છે. આ અસંતોષ માટે વ્યક્તિએ અહીં આવી ભોગવવો પડતો વધુ પડતો ખર્ચ અને આર્થિક રીતે તેનું શહેર સાથેનું અનુકૂલન બગડી જાય તે જવાબદાર ગણાવાય. આ રહેઠાણો શહેરથી ઘણે દૂર આવેલાં હોવાથી શહેરમાં નોકરી, આરોગ્ય તેમજ જીવન જરૂરી વસ્તુઓ ખરીદવા વાહનવ્યવહાર માટે વધુ ખર્ચ કરવો પડે છે. કેટલીક સખત વાહનવ્યવહારની સગવડ જ હોતી નથી અને હોય તો તે પુરતી હોતી નથી. વળી, શહેરથી દૂર હાવાને લીધે શહેરમાં મળતી સીમાન્ત (marginal) રોજગારીની તકો પણ ગુમાવવી પડે છે. ઘનશ્યામ શાહે સુરત શહેરના ઝૂંપડપટ્ટીના અભ્યાસમાં સ્પષ્ટ રીતે જણાવ્યું કે ગદા વસવાટ નાબૂદી યોજના હેઠળ બાંધવામાં આવેલાં ટેનામેન્ટોમાં એવા લોકો રહે છે કે જેઓ અગાઉ કાચાં ઘરોમાં રહેતા હતા. ઘર મેળવવા બેંકમાંથી પૈસા ઉધાર લેવા પોતાની શક્તિ હોવી જોઈએ અથવા બેંકમાં બચત હોવી જરૂરી છે, પરંતુ અસ્થિર નોકરી અને ઓછા વેતને કામ કરતા હોવાથી આ તેમને માટે શક્ય નથી. તેથી તેઓ ઝૂંપડપટ્ટીમાં

જ રહેવાનું પસંદ કરે છે. વળી, મૂળ જગ્યાએ સમુદાય પ્રત્યે જે લાગણી, ઓતપ્રોતપણું અને સંબંધો સ્થપાઈ ગયેલા હોય છે તેમાં નવી જગ્યાએ જવાથી સદંતર ફેરફાર થઈ જાય છે, એટલું જ નહીં પરંતુ અજાણી વ્યક્તિઓ સાથે રહેતી હોવાથી ઘર્ષણમાં પણ ઊતરવું પડે છે તેમ જ શહેરમાં જ રહેતા હોવાથી મળતી રોજગારીની તકોનો અભાવ અહીં વર્તાય છે. આ બધાં કારણોને લીધે તેઓ નવી જગ્યાએ જવા નાખુશ હોય છે.

પ્રોફેસર એ. આર. દેસાઈ મુંબઈના સંદર્ભમાં મીરા બાપટના લેખને ટાંકતા જણાવે છે કે ''આપણા શહેરોમાં 40 થી 60 ટકા વસ્તી ઝૂંપડપટ્ટીઓ અને ફૂટપાથ ઉપર રહે છે. શહેરોમાં 38 ટકાથી વધુ લોકો ગરીબીની રેખા નીચે રહે છે. ઝૂંપડાવાસીઓ અને ફૂટપાથવાસીઓમાં 80 થી 90 ટકા વસ્તીની માસિક કૌટુંબિક આવક રૂ. 600 થી ઓછી છે. લોનની દૃષ્ટિએ આ આવક ઉપર વધુમાં વધુ ઘર મેળવવા રૂ. 8300 પણ ભાગ્યે જ મળે. સરકારી ગૃહનિર્માણ ખાતા તરફથી બંધાતા સસ્તામાં સસ્તા 250 ચોરસફીટ જગા સમાવતા ઘરની કિંમત પણ રૂ. 36,325 થાય. આમ મોટા ભાગના નાગરિકો માટે આ સસ્તા ઘરની માલિકી પણ દિવાસ્વપ્ન જેવીછે. ખાનગી અને જાહેરક્ષેત્રની રહેઠાણ બાંધતી સંસ્થાઓ દર વર્ષે 15 થી 20 હજાર રહેઠાણ એકમો તૈયાર કરે છે. પરંતુ 1972 - 1981 ના દસકમાં લગભગ પ્રતિવર્ષ 45000 રહેવાસી એકમોની અછત હતી. 2001માં આ અછત ક્યાં જઈ પહોંચશે તેનો ખ્યાલ પણ ભયાનક બને છે.''

નગરોની આ વિશાળ વસ્તી કે જે ઝૂંપડપટ્ટીઓમાં વસે છે કે છાપરા વગરની છે તેમની દશા અત્યંત કરુણ અને ચિંતા ઉપજાવે તેવી હોય છે. આ અંગે સરકારી અહેવાલ અને અન્ય પદ્ધતિસરના અભ્યાસો મળી આવે છે. આ ઝૂંપડપટ્ટીઓ અને ગંદા - વસવાટોમાં રહેતા લોકોને મૂળભૂત જાહેર સગવડો જેવી કે પાણીની ગટર, સંડાસ, લાઈટ, રહેઠાણ માટે પૂરતી જગ્યા, રસ્તા અને અવરજવરના સાધનની સગવડનો અભાવ કાયમને માટે ચિંતાનો વિષય રહે છે. વળી, નગરવાસીનો મધ્યમ અને સમૃદ્ધ વર્ગ ઝૂંપડપટ્ટીઓમાં અને ગંદા વસવાટોમાં રહેતા લોકો વિષે અત્યંત હલકું અને ધૃણાત્મક વલણ ધરાવે છે. આ અર્થમાં ઝૂંપડપટ્ટીમાં રહેતા લોકો એક બીજી દુનિયાનો જ આભાસ આપે છે. તેઓ સમસ્ત નગરવાસીઓની અને નગર જીવનને સ્પર્શતા જુદા જુદા ક્ષેત્રોમાં ઘણી ઉપયોગી ભૂમિકા ભજવતા હોવા છતાં સામાજિક અને ભૌતિક રીતે તેઓ નગરના અંતર્ગત ભાગ તરીકે હળીભળી ગયેલા હોતા નથી. હકીકતમાં સ્લમ ક્લીયરન્સ વિભાગની કાર્યવાહીના ભયને લીધે કે સમાજમાં વર્ચસ્વ ધરાવતી વ્યક્તિઓની કુનેહભરી યુક્તિઓને લીધે તેઓ સતત ભયની લાગણી હેઠળ જીવતા હોય છે. જો નગરીય જીવનશૈલીને માનવીય સમૃદ્ધિ અને ખુશાલીભર્યા જીવનની એક શૈલી તરીકે ગણતા હોય તો ઝૂંપડપટ્ટીઓ અને ગંદા વસવાટોમાં રહેતા લોકો માટે તે સત્ય નથી. મહાનગરો અને મોટા શહેરોના જુદા જુદા વિસ્તારોમાં આવેલી ઝૂંપડપટ્ટીઓમાંથી નર્કાગાર પરિસ્થિતિઓના ભોગ બનેલી વ્યક્તિઓને કેન્દ્રમાં રાખી તેમના જીવનની સમજ મેળવવાનો જ્યારે પ્રયાસ થાય ત્યારે જ આ સમસ્યાની ગંભીરતાનો ખ્યાલ આવી શકે છે.

નગરોમાં ઝૂંપડપટ્ટીને લગતો એક મોટો પ્રશ્ન ગેરકાયદેસરતાને લગતો છે. મોટે ભાગે ઝૂંપડપટ્ટીઓ સરકારી, મહાનગરપાલિકાની અથવા ખાનગી માલિકીની જમીન ઉપર ગેરકાયદેસર બાંધેલી હોય છે. રેલવેના પાટાની બન્ને બાજુએ ખાલી જગ્યામાં પણ આવી ઝૂંપડપટ્ટીઓ વિકસી આવે છે. કારખાનાઓની આસપાસ પણ તે દેખાઈ આવે છે.સુરતમાં છાત્ર યુવા સંઘર્ષ વાહિની, દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના પ્રશ્નો પર એક પરિસંવાદનું આયોજન થયું હતું. આ પરિસંવાદની ચર્ચાને વહેતી મૂકવા માટે રજુ કરવામાં આવેલ એક લેખમાં જણાવવામાં આવ્યું હતું કે સુરતમાં જ લગભગ 5500 ઝુંપડા સરકારી જમીન પર, 16,539 ઝૂંપડા મહાનગરપાલિકાની જમીન પર અને 17,000 ઝૂંપડા ખાનગી જમીન પર આવેલાં હતાં. ભારતના અને ગુજરાતના બીજા નગરોમાં પણ ઓછે વત્તે અંશે આ તરાહ જોવા મળે છે. ઝૂંપડપટ્ટીઓની આવી ગેરકાયદેસરતાને લીધે એક બાજુ ઝૂંપડપટ્ટીઓના લોકો કાયમી અસલામતી હેઠળ વસે છે, જ્યારે બીજી બાજુ નગર વિકાસની તરાહમાં અને માલિકીના હક્કને લઈ તંગદિલી રહે છે. આ પરિસ્થિતિ હેઠળ કેટલાંક વર્ચસ્વ ધરાવતાં તત્ત્વો ઝૂંપડપટ્ટીઓમાંવસતા લોકોને અનેક રીતના દાબમાં લાવીને અથવા તેમને રક્ષણની ખોટી વાતો સમજાવીને પોતાનો રોટલો શેકી લેવા તેમનું શોષણ કરે છે. કેટલીક વખતે તો એવું પણ બને છે કે નગરોમાં ફાટી નીકળેલા સમૂહ સંઘર્ષ કે હુલ્લડની અશાંત પરિસ્થિતિનો લાભ લઈ ગેરકાયદેસર બંધોલી ઝૂંપડપટ્ટીઓને સળગાવી મુકાય છે. પણ આવી આગ પાછળના કારણો કદી જાણી શકાતાં નથી. આ રીતે એકવાર ઝૂંપડપટ્ટીનો નાશ થયા બાદ વર્ચસ્વ ધરાવતા તત્ત્વો તે જમીન ઉપર પોતાનો કબજો કરી બેસે છે અને સમય જતાં તે જમીનને સોનાના ભાવે વેચે છે કે પોતાની આર્થિક પ્રવૃત્તિઓ માટે વાપરે છે. બીજી બાજુ ત્યાંથી ખસેડાયેલા ઝૂંપડપટ્ટીમાં વાસ કરતાં લોકો પોતાનું ઝૂંપડું બાંધી

શકતા નથી. હુલ્લડો અને સમુહ સંઘર્ષ વિનાના સમયમં પણ ઝૂંપડપટ્ટીઓ સળગી જાય છે. એવી આગના ભોગ બનેલી વ્યક્તિઓ પારાવાર યાતના અનુભવે છે. હાલમાં જ તા. 27-1-888ના રોજ સુરતમાં ઉધના મગદલ્લા રોડ ઉપર આવેલા એક ઝૂંપડપટ્ટીમાં આગ લાગવાથી લગભગ 105 ઝૂંપડા બળીને ખાખ થઈ ગયાં અને એક વ્યક્તિના મરણ ઉપરાંત અંદાજે રૂ. બે લાખથી પણ વધુનું નુકસાન થયું. આ આગ અંગે ગુજરાત રાજ્યની વિધાનસભાની બેઠકમાં તા. 30-1-1986ના રોજ તાકિદની જાહેર અગત્યની બાબત અંગે નિવેદન કર્યા બાદ એક પ્રશ્નના જવાબમાં રાજ્યના મહેસૂલ પ્રધાને જણાવ્યું કે સુરતમાં ઉધના- મગદલ્લા રોડ પર તાજેતરમાં જે ઝૂંપડાં બળી ગયાં તે ખાનગી જમીનમાં અનાધિકૃત રીતે બાંધેલાં હોવાથી ફરી બાંધી આપવાનો પ્રશ્ન ઉભો થતો નથી. ઝૂંપડપટ્ટીઓમાં વસતા લોકોની હાલાકી અને કરુણ દશાનો ખ્યાલ આપવા પૂરતો આ દાખલો સુરતના એક દૈનિક ગુજરાતી સમાચારપત્રના અહેવાલને આધારે આપવામાં આવ્યો છે. અન્યત્ર પણ અવારનવાર આવા બનાવો બનતા જ રહે છે. તફાવત માત્ર ભોગ બનેલા લોકો અને ઝૂંપડાઓની સંખ્યાને લગતો હોઈ શકે. ઝૂંપડપટ્ટીઓમાં રહેતા લોકોની આવી કરુણ દશા નગરીકરણની એક આડ અસરરૂપે કઠોર વાસ્તવિક્તા છે જે નગરવિકાસની સાથે વધુને વધુ ગંભીર બનતી જાય છે.

સમસ્ત ભારતના સંદર્ભમાં તપાસતાં જણાય છે કે ઝૂંપડપટ્ટીઓમાં આવીને વસેલા લોકો ભારતના ગ્રામીણ પ્રદેશો અને નાના-મોટા કસ્બાઓમાંથી સ્થળાંતર કરીને આવેલા હોય છે. ગરીબાઈ, બેકારી અને તાલીમબદ્ધ કૌશલ્યના અભાવને કારણે ગામડાંઓથી ધકેલાઈને આવેલા હોવાથી નગરોમાં પણ તેમની આર્થિક દશા કરુણ જ રહે છે. તેથી નગરની કિંમતી જમીન ખરીદવાની કે મકાન ભાડે રાખવાની તેમની શક્તિ હોતી નથી. વળી, તેઓ આ બાબતમાં નગરના સમૃદ્ધ લોકો સાથે હરિફાઈ પણ કરી શકતા નથી. હકીકતમાં નગરની મોટા ભાગની જમીન સમય જતાં સંપન્ન લોકો અને સરકારી તથા અર્ધસરકારી તંત્રોના હાથોમાં જતી રહેતી બાંધવામાં પણ સફળ થઈ શકતા નથી અને ઝૂંપડપટ્ટીઓની નર્કાગાર જેવી પરિસ્થિતિઓમાં જીવતા રહે છે.

નગર આયોજનની અંતર્ગત બાબતોમાં ગંદા વસવાટોમાં રહેતા લોકોની રહેઠાણ અને જાહેર સગવડોની જરૂરિયાતોને જોઈતી અગ્રિમતા ન મળવાને લીધે એક બાજુ નગરોની આશપાસ ઔદ્યોગિક વિકાસ માટેના વિસ્તારો ઉમેરાતા જાય છે અને બીજી બાજુ નગરોમાં મકાનોની અછતનો પ્રશ્ન વિકટ થતો જાય છે. વધુમાં ગ્રામીણ વિસ્તારોમાંથી સ્થળાંતરીઓનો ધસારો અવિરત ચાલતો જ રહેછે. 1974ા એક અંદાજ મુજબ નગરોમાં 38 લાખ મકાનોની અછત હતી જે વધીને ઈ.સ. 2001માં 120 લાખ જેટલી થઈ જવાની સંભાવના છે. જે. બી. મહેતાના તારણ મુજબ હાલમાં ભારતમાં વાર્ષિક પ્રતિ એક હજાર માણસ દીઠ બે નવા મકાનો બાંધવાનો દરે જેમાં નગરીય વિસ્તારોમાં પ્રતિ એક હજાર માણસો દીઠ સરેરાશ 3.5 મકાનો બંધાય છે. આ ધીમી ગતિએ મકાનોની બાંધણી નગર સમુદાયોમાં રહેઠાણની વિકરાળ સમસ્યાને હલ કરી શકશે કે કેમ તે એક શંકાનો વિષય છે.

આધુનિક સ્થાપત્ય પણ નગર વિકાસમાં સમ્પન્ન અને વર્ચસ્વ ધરાવતા લોકોની જરૂરિયાતો જ સમજી શક્યું છે. પરંતુ નગરજીવનમાં ઘણી ઉપયોગી સેવાઓ બજાવતા અને મહત્ત્વના અંગસમાં ગરીબ લોકોની રહેઠાણની જરૂરિયાતો સમજી તેને હલ કરવામાં નોંધપાત્ર કામગીરી કરી શક્યું નથી. તે પણ એક હકીકત છે.

પ્રોફેસર એ. આર. દેસાઈ અને નીરા દેસાઈ તેમના પુસ્તક વિકસતા શહેરો અને ઝૂંપડપટ્ટીઓમાં જણાવે છે કે ''ઝૂંપડપટ્ટી નાબૂદી માટે અનેક યોજનાઓ વિચારાય છે, પરંતુ તેનો અમલ કરવા જતાં કરુણ રકાસ થવા પામે છે. એનું કારણ એ માટે અગણિત ખાતાંઓમાંથી અગણિત પરવાનગી મેળવવા માટે કરવી પડતી અગણિત વિધિઓમાં એટલો બધો સમય વેડફાય છે કે એ દરમ્યાન પ્રસ્તુત ઝૂંપડપટ્ટીઓમાં નવી બે - ચાર પેઢીઓ (Generations) પેદા થઈ ચૂકી હોય છે.'' તેઓ કહે છે કે ''મુંબઈ તથા અન્ય શહેરોમાં ઊંડા મૂળ ઘાલી ગયેલી આ ઘેરી અને અતિગંભીર સમસ્યાનો સંપૂર્ણ સર્વાંગી અને યોગ્ય ઝીણવટ સાથેનો અભ્યાસ હાથ ધરવો જોઈએ. સાથે સાથે નીચેના ત્રણ મુખ્ય, મૂળભૂત મુદ્દા-પ્રશ્નોનો જવાબ મેળવવો જોઈએ.'

1. શહેરી સમસ્યાઓને નાબૂદ કરવા થતા બધા પ્રયત્નોમાં જમીનની ખાનગી માલિકી કેટલી અંતરાયરૂપ થાય છે ?
2. ઝૂંપડપટ્ટી વિસ્તારોમાં રાજકીય અને સામાજિક તંગદિલીનું પ્રમાણ કેટલું છે ? અને તે તંગદિલી ત્યાંના લોકોના જીવન જીવવાના સંઘર્ષમાં કેવો ભાગ ભજવે છે ?
3. સ્થાપિત હિતો કેટલા પ્રમાણમાં ઝૂંપડપટ્ટીઓની માલિકી ધરાવે છે ? તેઓનાં હિતો ઝૂંપડપટ્ટીઓ સાથે સંકળાયેલ હોવાથી ઝૂંપડપટ્ટીઓની નાબુદીના કાર્યક્રમનો તેઓ મક્કમ વિરોધ કરતાં હોય છે.

ભારતના આયોજનબદ્ધ વિકાસ અંગેના સુધારેલા 20 મુદ્દાના કાર્યક્રમમાં ''દસમા મુદ્દા હેઠળ'' શહેરના ઝૂંપડાવાળા ગંદા વસવાટોની પરિસ્થિતિમાં સુધારો કરવો, આર્થિક રીતે નબળા વર્ગો માટે ઘરો બાંધવાના કાર્યક્રમનો અમલ કરવો તથા જમીનના ભાવોમાં બિન-જરૂરી વધારાને અંકુશમાં રાખવા પગલાં લેવાનું દર્શાવાયું છે. પરંતુ આ કાર્યક્રમની સફળતાનો અંદાજ ત્યારે જ પ્રાપ્ત થઈ શકે તેમ છે જ્યારે કે પદ્ધતિસરના અભ્યાસ વડે ઉપરોક્ત સવાલોના સાચા જવાબ શોધવામાં આવે છે.

## સમૂહ સંઘર્ષ :

આપણે જોયું કે કેટલાંક વર્ષોથી ભારતનાં ઔદ્યોગિક કેન્દ્રો અને મહાનગરોમાં સતત સ્થળાંતરને કારણે વસ્તીનો ધસારો ઉત્તરોત્તર વધતો રહ્યો છે. મુખ્યત્વે રોજીરોટીની શોધમાં આવેલાં સ્થળાંતરીઓને કારણે જે ગતિએ મહાનગરોની વસ્તી વધી રહી છે તે જ ગતિએ નગરોમાં જીવન સરળ અને શાંતિમય બને તેવી પરિસ્થિતિઓનું નિર્માણ કરવું પ્રશાસન માટે લગભગ અશક્ય બન્યું છે. મુંબઈ, કલકત્તા, મદ્રાસ, દિલ્હી, કાનપૂર અને અમદાવાદ વગેરે મોટાં શહેરોમાં તો આ પરિસ્થિતિ ગમે ત્યારે તૂટી પડે તેટલી હદ સુધીની ગંભીરતાએ પહોંચી છે. એક બાજુ આપણા મોટા મોટા શહેરોમાં જીવન મુશ્કેલ બન્યું છે તો બીજી બાજુ લોકોની પરંપરાગત અસ્મિતાઓ નગરીય જીવનશૈલીમાં ભળી જઈ લુપ્ત નથી થઈ. દા.ત. ભારતના નગરોમાં ધર્મ, પ્રાંતિયતા, જ્ઞાતિ, ભાષા અને વિશિષ્ટ સાંસ્કૃતિક લાક્ષણીકતાઓ એકબીજામાં ભળી જઈ એક સુગ્રથિત જીવનશૈલીને જન્મ આપી શકી નથી. પ્રસ્તુત સાંસ્કૃતિક અને પ્રાદેશિક આધારે રચાયેલા પરંપરાગત સંગઠના અને અસ્મિતાઓ માત્ર ટકી જ રહી નથી પરંતુ બદલાયેલી પરિસ્થિતિઓ વચ્ચે પણ અસરકારક રીતે પુનર્ગઠિત થઈ છે. અત્રે પ્રોફેસર બિપીનચંદ્ર આધુનિક ભારતમાં સાંપ્રદાયિકતાનું વિશ્લેષણ કરતાં કહે છે તે વર્તમાન સંદર્ભમાં પ્રસ્તુત છે. બિપીનચંદ્ર કહે છે "આઝાદી પછીના ભારતમાં સાંપ્રદાયિકતાનો ઉગમ વૈચારિક મતમતાંતરોમાંથી નહીં પણ રાજકીય અને આર્થિક ક્ષેત્રે વિષમતાઓને નાશ કરી શકે તેવા આયોજનના અભાવમાંથી થયો છે. જો જ્ઞાતિ, ધર્મ અને ભાષા વગેરેના ભેદ વિના દેખીતી વિષમતાની નાબૂદી કરી શકે એવું આયોજન થયું હોય તો કદાચ આધુનિક ભારતમાં જોવા મળતાં સાંપ્રદાયિકતાના પ્રશ્નને ટાળી શકાયો હોત." આ વિધાન ભારતીય નગરીય પરિસ્થિતિઓમાં જુદા જુદા વર્ગો વચ્ચે દેખા દેતી તીવ્ર વીષમતાઓના સંદર્ભમાં સચોટ રીતે સમજી શકાય છે. હકીકત તો એ છે કે જે તે પરંપરાગત અસ્મિતા ધરાવતા લોકો તુલનાત્મક રીતે વધુ સંખ્યામાં આ મહાનગરો અને મોટા શહેરોમાં કેન્દ્રિત થઈ રહેલા હોવાને લીધે સંઘબળ ધારણ કરીને પોતાને બીજાઓથી અલગ દર્શાવી શકે છે. તેથી જ્યારે પણ જુદી જુદી અસ્મિતાઓ ધરાવતા સમૂહો વચ્ચેના હિતો ટકરાય છે ત્યારે શહેરોમાં સમૂહ-સંઘર્ષ માટેની જરૂરી પૂર્વ શરતો તૈયાર મળી આવે છે અને નગરીય જીવનશૈલીના સુમેળના તત્ત્વોની ક્ષીણતા છતી થાય છે.

તેથી પણ ગંભીર પરિસ્થિતિ ત્યારે સર્જાય છે જ્યારે જે તે સમૂહના લોકોની પરંપરાગત અસ્મિતાની લાગણી ઉશ્કેરીને તેમને વર્ચસ્વ ધરાવતા તત્ત્વો પોતાના ક્ષુલ્લક સ્વાર્થોને લીધે સમૂહ-સંઘર્ષ ધકેલી દે છે, ગત કેટલાંક વર્ષોના ઈતિહાસમાં ભારતના મહાનગરોને માટે આ રીતે ઉશ્કેરાયેલા સમૂહ-સંઘર્ષ કલંકરૂપ બની ગયા છે તેમ કહીએ તો ખોટું નથી. નગરીય પરિસ્થિતિઓ સમાજ વિરોધી તત્ત્વો ને સમૂહ-સંઘર્ષ અને હુલ્લડોને પ્રોત્સાહિત કરવામાં સાનુકૂળ થઈ રહે છે.

સમૂહ સંઘર્ષો કે જે મોટે ભાગે મહાનગરો અને શહેરોમાં થાય છે તેમના અંગે એક નવી દહેશત એ પણ છે કે આ બનાવો લાંબા સમય સુધી ચાલ્યા કરે છે. ભૂતકાળમાં એવું ભાગ્યે જ બનતું હતું. આજે તો કોઈ ક્ષુલ્લક કારણસર બનેલો નાનો સરખો બનાવ પણ એક પ્રચંડ સ્વરૂપ ધારણ કરી લેવાની ક્ષમતા ધરાવે છે. આવી પરિસ્થિતિનો કટાક્ષ કરતાં એક લખાણમાં ગુજરાતનાં પીઢ લેખક બકુલ ત્રિપાઠીએ જણાવ્યું છે કે 1987-88માં કલકત્તામાં રમાઈ ગયેલી રીલાયન્સ વર્લ્ડ કપની અંતિમ ક્રિકેટ મેચમાં ભારત અને પાકિસ્તાન સામસામા ન આવ્યા તેનો કોઈને વસવસો થવો જોઈએ નહીં. કારણ કે, આ બંને ટીમોમાંથી કોઈ પણ એક તો હારત જ અને તેના પરિણામ સ્વરૂપે શહેરોમાં રમખાણો થવાનો ભય રહ્યો જ હતો. આ કટાક્ષ આપણા નગરોની સ્ફોટક પરિસ્થિતિ વિષે ઘણું બધું કહી જાય છે.

આ સમૂહ સંઘર્ષો પાછળ ખરેખર પરંપરાગત અસ્મિતાનો પ્રશ્ન જેટલા અંશે હોય છે તેને લગતી વિશ્વસનીય માહિતી મળતી નથી. પણ આગળ કહ્યું તે મુજબ નગરીય જીવનના કેટલાંક ક્ષુલ્લક કારણો પરંપરાગત અસ્મિતાનો ભોગ લે છે.

હિન્દુ અને મુસ્લિમ વચ્ચે 1969 અને 1984માં અમદાવાદ અને વડોદરામાં ક્રુર હિંસક સ્વરૂપ ધારણ કરેલા હુલ્લડોની યાદ આજે પણ તાજી છે. આપણે સૌ જાણીએ છીએ કે આ ક્રુર સંઘર્ષમાં

ધાર્મિક ભાવનાઓનું કેટલીક વર્ચસ્વ ધરાવતી વ્યક્તિઓએ નગરીય પરિસ્થિતિઓના લાભ લઈ નગ્ન શોષણ કર્યું હતુ.

દલિતો અને સવર્ણો વચ્ચેના સંઘર્ષોની તવારીખ પણ શહેરોમાં ફેલાતી જતી ગંભીર અને સ્ફોટક પરિસ્થિતિનું સૂચન કરે છે. ગુજરાતનું 1980-81નું અનામત વિરોધી આંદોલન પણ એક રીતે દલિતો અને સવર્ણો વચ્ચે મોટે ભાગે મહાનગરોમાં જ કેન્દ્રિત રહ્યું અને 1984માં તેનું પુનરાવર્તન થયું, પ્રોફેસર આઈ.પી.દેસાઈએ 1980ના અનામત વિરોધી આંદોલનનું વિશ્લેષણ કરતાં જણાવ્યું કે 'વર્તમાન આર્થિક માળખું ઉચ્ચ વર્ણના નીચલા સ્તરના માણસોને નોકરી મેળવી આપી શકતું નથી. ઉચ્ચ વર્ણના લોકો નીચલા વર્ણના લોકોની પ્રગતિને અટકાવવા માટે છુપી જ્ઞાતિ લાગણીનો ઉપયોગ કરી જાહેરમાં જ્ઞાતિ-પ્રથા, કોમવાદ, અનામત વિગેરેનો આશરો લઈ સંકુચિત અને પ્રાંતિય વલણ દર્શાવી રહ્યા છે." વધુમાં તેઓ જણાવે છે કે "ખરો સામાજિક અને સાંસ્કૃતિક પ્રશ્ન આ છે જેનો છેવટે અનામત તરફી અને વિરોધી બધાંએ સામનો કરવાનો રહેશે. આર્થિક, શૈક્ષણિક અને ધંધાકીય ક્ષેત્રની ગતિ હવે થંભી જવા આવી છે એવું લાગે છે, જયાં સુધી આ ગતિનું થંભેલું ગાડુ ફરી ચાલુ કરવામાં ન આવે ત્યાં સુધી ગમે તેવું સમાધાન થાય તો પણ પ્રશ્નનો નિવડો આવશે નહિ. કોઈક બીજી રીતે એ બહાર આવશે. અચ્યુત યાજ્ઞિકે અમદાવાદ અને વડોદરામાં ક્રૂર સ્વરૂપ ધારણ કરેલા "આ આંદોલનની ભીતરમાં ગામ અને શહેરી વર્ગવર્ણના આંતર સંબંધો કામ કરી રહ્યા છે" તેમ જણાવ્યું છે.

1985માં અમદાવાદમાં ફરી દેખા દીધેલ અનામત વિરોધી આંદોલન દલિતો અને સવર્ણો વચ્ચે શરૂ થઈ ટૂંક સમયમાં જ હિન્દુ-મુસ્લિમ વચ્ચેનો સાંપ્રદાયિક સંઘર્ષ થઈ ગયો અને પવન વેગે આખા શહેરમાં ફેલાઈ ગયો. અસગરઅલી એન્જીનિયરે આ સાંપ્રદાયિક હુલ્લડનું વિશ્લેષણ કરી જણાવ્યું કે ઔદ્યોગિકરણ અને આધુનિકરણના પ્રવાહો હોવા છતાં તે ઉચ્ચ વર્ગના લોકોમાં આધુનિક દૃષ્ટિકોણ લાવી શક્યા નથી. નીચી જ્ઞાતિઓ, જનજાતિઓ અને લઘુમતિઓમાં ક્રૂર ગરીબી અને આર્થિક પીડાઓ તથા ઉચ્ચ ગણાતી હિન્દુ જ્ઞાતિઓની સંપન્નતાને લીધે ગુજરાતમાં આ બે વર્ગો વચ્ચે ઉભી થયેલ તંગદિલી છેવટે હિંસાત્મક હુલ્લડોનું સ્વરૂપ ધારણ કરે છે. નબળા વર્ગોના હિતમાં સામાજિક આર્થિક માળખાની પુનઃરચના અને આર્થિક સાધનો પૂરા પાડવામાં ન આવે તો આ સંઘર્ષો ટાળવાનું અશક્ય છે.

ઔદ્યોગિક ક્ષેત્રે જોઈએ તો મહાનગરોમાં અતિશય નગરીય વસ્તીનું દબાણ મજૂરોને તુલનાત્મક રીતે અતિશય નબળી પરિસ્થિતિમાં મૂકી દે છે. તેને લીધે તંગદિલી અને સમૂહ સંઘર્ષ માટેની ભૂમિકા રચાય છે. મુંબઈના મિલ કામદારોની 1981-82ની ઐતિહાસિક કરી શકાય એવી લાંબી હડતાલના અભ્યાસને આધારે મજૂર - સંઘર્ષ માટેના જે કારણો જાણવા મળે છે. તેમાનું એક કારણ મજૂરોને નગરીય પરિસ્થિતિઓમાં સુખી જીવન અને રહેઠાણ મેળવવા માટે જે ભારે માનવીય વેદના અનુભવવી પડે તેમાં પણ રહેલું છે. આ અંગે જગદીશ પરીખ અને મિહિર દેસાઈ જણાવે છે કે "ગંદા-વસવાટો અને અમાનવીય પરિસ્થિતિમાં શ્વાસ લઈ જીવન પસાર કરનાર મિલ મજદૂર હવે કામ કરવાની માનવીય પરિસ્થિતિમાં શ્વાસ લઈ જીવન પસાર કરનાર મિલ મજદૂર હવે કામ કરવાની માનવીય પરિસ્થિતિઓ અને રહેઠાણની વ્યવસ્થા માટે પોતાનો અવાજ બુલંદ કરી રહ્યો છે.

અત્રે નોંધવું જોઈએ કે આજે ગમે તે કારણસર ફાટી નીકળેલ સમૂહ-સંઘર્ષ અને હુલ્લડ અને સપ્તાહો સુધી ચાલતા રહે છે. સમય અને સ્થળના પરિણામો ઉપર જોઈએ તો આજે નગરોમાં થતાં સમૂહ-સંઘર્ષો અને હુલ્લડો લાંબા સમય સુધી ચાલતાં રહે છે. દા..ત. 1961માં આપણા દેશમાં 61 જિલ્લાઓમાં કોમી-હુલ્લડો થયાં હતાં. તે સંખ્યા વધીને 1980માં 216 જિલ્લાઓ જેટલી થઈ. 1986ના જુલાઈમાં ભારત સરકારના ગૃહમંત્રીએ લોકસભામાં જણાવ્યું કે આપણા ત્યા હવે 88 જિલ્લાઓ એવા છે. જયાં કોમી હુલ્લડો અંગે 'અતિ સ્ફોટક' પરિસ્થિતિ હતી, જયારે કે 98 જિલ્લાઓમાં "સ્ફોટક" પરિસ્થિતિ હતી. ગુજરાતની જ વાત કરીએ તો પહેલાં અમદાવાદ અને ગોધરા શહેર એવા હુલ્લડો માટે જાણીતા હતા પરંતુ હવે તો નડિયાદ, આણંદ, ભરૂચ, પાલનપુર, મહેસાણા, વેરાવળ અને બીજા અનેક નાના મોટા નગરોમાં પણ એવા હુલ્લડોનો વાયરો વાય છે. દલિતો અને સવર્ણો વચ્ચે પણ છાશવારે સંઘર્ષો થતા રહે છે. આ પરિસ્થિતિ આપણા નગરોની કથળતા સામાજિક આર્થિક તરાહની ચાડી ખાય છે.

સ્થળ અને સમયના અભાવને કારણે જુદા જુદા સમૂહ સંઘર્ષોની વધુ વિસ્તારથી આંકડાકીય રજૂઆત ન થઈ શકતાં એટલો પુનઃઉચ્ચાર યોગ્ય કે સામાજિક-આર્થિક આયોજન વિના આડેધડ નગરીકરણના પ્રવાહોએ મોટા નગરોમાં સામાજિક, સાંસ્કૃતિક સંવેદશીલતાનાં એવાં કેન્દ્રો સર્જીત કર્યા છે જે

કારણે શ્રમિકની દશા એવી જ છે.

ઔદ્યોગિક વિકાસની સાથે રાસાયણિક ઉર્વરક, દવાઓ અને અન્ય રાસાયણિક કારખાનાઓની સંખ્યા વધતી રહી છે. આજે ભારતમાં રાસાયણિક ઉર્વરક બનાવતા લગભગ 67 મોટા કારખાનાં છે આશરે 30 લાખ ટન ઉર્વરક વાર્ષિક ઉત્પાદન કરે છે. કેટલાંક રાસાયણિક કારખાનાઓ કે જે દૂષિત પાણી અને ગેસ વગેરે છોડે છે તે નગરોની વસ્તીની સમીપ પણ આવેલા જોવા મળે છે. મોટા ભાગના આ જુદા જુદા રાસાયણિક કારખાનાઓમા પ્રદૂષણ અટકાવવા માટેની તકેદારીઓના ઉંચા ખર્ચને કારણે તેમનું પૂરતું ધ્યાન રખાતું નથી તેવું નોંધવામાં આવ્યું છે. ગુજરાતના વાપી ઔદ્યોગિક કેન્દ્ર વિષે લખતા પ્રવીણસિંહ પરમાર જણાવે છે કે ગુજરાતના કુલ 1700 જેટલા રાસાયણિક એકમો પૈકી 253 જેટલા એકમો ખૂબ જોખમી હોવાનું સત્તાવાર રીતે સ્વીકારેલું છે અને આવા જોખમી કારખાનાઓ પૈકી 19 જેટલાં કારખાના વાપીની પ્રજાના માથે લટકતી તલવારની જેમ ભયજનક બની રહ્યા છે. વાપીમાં બેફામ પ્રદૂષણ ફેલાવતા કારખાનાઓ સામે લાંબા સમયથી લોકોમાં કચવાટ છે. આ કારખાનાઓ જાહેર સ્વાસ્થ્ય માટે, ખેતી માટે અને પીવાના પાણી માટે હાનિકર્તા બની રહ્યા છે. છતાં કારખાનાના માલિકો સામે ધડો બેસે એવા પગલાં લેવામાં આવતાં નથી તે એક કમનસીબી છે. પ્રવિણસિંહ પરમારે વાપી માટે જે ચિત્ર દોર્યું છે તે ભારતના નાના મોટા નગરોને અક્ષરશઃ લાગુ થાય છે. રાસાયણિક કારખાનાઓ ક્લોરીન ગેસ, સલ્ફર ડાયોક્સાઈડ, ટાઈઓક્સાઈડ, નાઈટ્રોજન, નાઈટ્રોજન-ઓક્સાઈડ આધારિત એમોનિયા હાઈડ્રો કાર્બન વગેરે સતત વાતાવરણમાં છોડતા રહે છે. સુતરાઉ કાપડના કારખાનાઓ પણ રૂના પાતળા તાર અને ઝીણી માટી વગેરે કારખાના અને બહારના વાતાવરણમાં છોડતા રહે છે. તેથી શ્રમિકો અને કારખાનાઓની આસપાસના વિસ્તારમાં રહેતા લોકોને દમ અને ટી.બી. ના રોગ થાય છે.

મુંબઈના કે. ઈ. એમ. ઈસ્પિતાલના એક સર્વેક્ષણના આધારે જાણવા મળ્યું કે સુતરાઉ કાપડની મિલોમાં કામ કરતાં 10 થી 16 ટકા મજૂરો શ્વાસપ્રશ્વાસના રોગથી પીડાતા હતા. અમદાવાદનો કાલુપુર અને સરસપુર વિસ્તાર તથા મુંબઈનો પરેલ વિસ્તાર આવા પ્રદૂષણથી પીડાય છે. ભારતના એક પ્રમુખ પ્રદૂષણ અનુસંધાન સંસ્થાના તારણ મુજબ કલકત્તાના 60 ટકા લોકો વાયુના પ્રદૂષણને કારણે શ્વાસની બીમારીથી પીડાય છે.

તદ્ઉપરાંત જ્યારે કારખાનાઓમાં કોઈક અકસ્માત સર્જાય છે ત્યારે સેંકડો નિર્દોષ લોકો પ્રદૂષણની ભયંકર યાતનાઓનો ભોગ બને છે. 1984ના અંતમાં ભોપાલમાં યુનિયન કાર્બાઈડ કારખાનામાં સર્જાયેલા દુર્ઘટનાની યાદ તાજી છે. ત્યાં લગભગ બે હજારથી પણ વધુ નિર્દોષ લોકો મોતના શિકાર થયા હતા અને હજારો લોકો જાતજાતના રોગના શિકાર બન્યા. આજે પણ સેંકડો કુટુંબો આ દુર્ઘટનાની અસરોમાં મુક્ત થયા નથી, કેટલાક લોકો અને પશુઓ ઉપર એટલી ખરાબ અસર થઈ છે કે તેમનું પાછળનું જીવન દુષ્કર થઈ જવાનો પાકો ભય છે. આવી જ એક નાની ઘટના થોડા વખત પછી દિલ્હીમાં સર્જાઈ હતી.

નગરોમાં વાતાવરણના પ્રદૂષણનો એક અન્ય ગંભીર સ્રોત અવરજવરના વાહનો છે. આ વાહનો ધુમાડા સાથે કાર્બન મોનોક્સાઈડ, નાઈટ્રોજન ઓક્સાઈડ, હાઈડ્રોકાર્બન, એલ્કીહાઈડ અને લેડ ઓક્સાઈડ છોડે છે. દિલ્હીની જવાહરલાલ નહેરુ યુનિવર્સિટીના એક પ્રધ્યાપક જે. એ. દવેના એક અભ્યાસથી જાણવા મળ્યું કે મુંબઈ અને દિલ્હીમાં અવરજવરના આ વાહનો 70 ટકા કાર્બન મોનોક્સાઈડ, 40 ટકા હાઈડ્રોકાર્બન, 30 થી 40 ટકા અન્ય પ્રદૂષિત તત્ત્વો સાથે ધુમાડા સાથે છોડે અને વાતાવરણને તેમજ લોકોના સ્વાસ્થ્યને નુકસાન કરે તે હદ સુધી દૂષિત કરે છે. ભારતના આયોજન પંચની નેશનલ પોલિસી સમિતિના એક અહેવાલ મુજબ 1978માં ભારતના ચાર મહાનગરો કલકત્તા, મુંબઈ, દિલ્હી અને મદ્રાસમાં 9 લાખ 50 હજાર જેટલા વાહન હતા. કારખાનાઓ અને અવરજવરના વાહનો ઉપરાંત ગીચ વિસ્તારોમાં રહેતા નગરવાસીઓ રસોઈ પકાવવા માટે તેમજ નાની મોટી હોટલો ખાવાની વાનગીઓ બનાવવા માટે જે બળતણ વાપરે છે તે પણ વાતાવરણને પ્રદૂષણનો એક નોંધપાત્ર સ્રોત હોય છે. આપણે ત્યાં કુદરતી ગેસનો મોટો ભંડાર મળ્યો હોવા છતાં રાંધણ ગેસ તરીકે તેનો ઉપયોગ માત્ર 805 શહેરોમાં લગભગ એક કરોડ અને દસ લાખ કુટુંબો જ કરતા થયા છે.

નગરોમાં વાતાવરણને વધુ પ્રદૂષિત કરવામાં નગરવાસીઓ અને ઉદ્યોગપતિઓ સ્વસ્થ વાતાવરણ માટેની ઉદાસિનતા, મહાનગરપાલિકાઓની બેદરકારી, સ્થાપિત હિતો ધરાવતા વર્ગોનું વર્ચસ્વ અને રાષ્ટ્રીય સ્તરે ચોક્કસ નીતિનો અભાવ ભાગ ભજવે છે. આજે મોટા ભાગના નગરોમાં જાહેર સંડાસો, ગટરો, કચરો નાખવા માટેના જાહેર સ્થળો, પીવા અને વાપરવા માટે પુરતા પાણીની

સગવડ વગેરે જેવી જરૂરિયાતોને અસરકારક રીતે પૂરી ન પાડી શકવાને લીધે આ નગરોના મોટા ભાગના વિસ્તારો ગંદકીથી ખદબદતા હોય છે. જાહેર સ્થળો જેમા હૉસ્પિતાલોનો સમાવેશ થઈ જાય છે. ત્યાં પણ સાફ સફાઈની પૂરતી કાળજી લઈ શકાતી નથી. નગરની એવી બિનસ્વાસ્થપ્રદ પરિસ્થિતિઓને કારણે ત્યાનું વાતાવરણ વધુ પ્રદૂષિત થાય છે અને છેવટ તેનો ભાગ નગરવાસીઓ બને છે.

એક અભ્યાસ આધારે જાણવા મળ્યું કે કાનપુરના ઝૂંપડપટ્ટીના વિસ્તારોમા આવી ગંદકી અને કલુષિત વાતાવરણને કારણે 6 વર્ષથી નીચેની ઉંમરના લગભગભ 60 ટકા બાળકો ટી.બી.ના રોગની અસર હેઠળ આવ્યા હતાં. આપણે ત્યાં નગરોમાં આજે પણ સ્વાસ્થ્ય નિમ્નતમ ધોરણો પ્રમાણેની પણ જાહેર સગવડો નથી. જે સગવડો છે તેમને જનસ્વાસ્થ્ય અને સુખાકારીનાં ધોરણો ધ્યાનમાં રાખી મહાનગરપાલિકાઓ અથવા ઉદ્યોગપતિઓ કે લોકો દ્વારા અસરકારક રીતે નિભાવવામાં આવતી નથી. તેથી વાતાવરણના પ્રદૂષણનો પ્રશ્ન ઉત્તરોત્તર વિકટ બનતો જાય છે. આવા પ્રદૂષણની છૂપી અને લાંબાગાળે અસર પડતી હોવાથી લોકો તેની ગંભીરતા તાત્કાલિક સમજી શકતા નથી. જાહેર સંડાસ હાજત માટે ન વાપરી બહારની ખુલ્લી જમીન વપરાય અને કચરાપેટીઓમાં નહી પણ કચરાપેટીની બહાર કચરો ફેંકવાની વાત આજે આપણા નગરોમાં આંખે ઉડીને દેખાય તેવી એક હકીકત બની ગઈ છે. રાતે રખડતા ઢોર દ્વારા કરાતી ગંદકી પણ અજાણી નથી. ગૃહસ્થો પણ પોતાનું ઘર સાફ રાખવાના દેખાવ હેઠળ ઘરની બહાર જાહેર રસ્તાઓ ઉપર દરેક પ્રકારની ગંદકી ફેંકતા અચકાતા નથી. આ તમામ વાસ્તવિકતાઓ આમ તો નાની લાગે છે પણ જ્યારે સમસ્ત નગરના પર્યાવરણ પર તેમની ખરાબ અસરોના સંદર્ભમાં જોવામા આવે ત્યારે જ તેમની ગંભીરતા દેખાય છે. મહાનગરપાલિકાઓ પણ શહેરને સુંદર બનાવવાના ભ્રામક કાર્યક્રમો પાછળ લાખો રૂપિયાનું પાણી કરે છે. પણ શહેરને સ્વચ્છ રાખવા માટેની આ નાની પણ અતિઆવશ્યક બાબતો ઉપર વધારે ધ્યાન અને સાધનો આપવાનું મુનાસિબ સમજતી નથી. પટનામાં 'સુલભ શૌચાલય'ના સફળ કાર્યક્રમ માત્ર પટના પૂરતો જ મર્યાદિત રહ્યો છે. ભારતના બીજા નગરોમાં આ કાર્યક્રમને પ્રયોગના ધોરણે અપનાવવાની તૈયારી આજે પણ ભાગ્યે જ દેખાય છે. હાલમાં જ સુરત મહાનગર પાલિકાએ આ કાર્યક્રમને પ્રાયોગિક ધોરણે દાખલ કરવાનું ઠરાવ્યું છે. આપણા નગરોને ગંદકી અને વાતાવરણના પ્રદૂષણને લીધે "મોતના ચેમ્બર" ન થવા દેવાનો સમય પાકી ગયો છે. પુરતી જાગૃતિ, સાધનોની ફાળવણી અને અસરકારક આયોજન વડે પર્યાવરણને વધુ પ્રદુષિત થતું અટકાવવું જ જોઈએ.

નગરીકરણની આ સમસ્યાઓ નગરવાસીઓ અને સમસ્ત નગરને ભારે ભયરૂપ છે. તેમનાં મૂળ નગરીકરણ કરતાં નગરીકરણના જે પ્રવાહો વિકાસ પામ્યા છે તેમાં સમાયેલા છે. આજે પશ્ચિમના વિકસિત સમાજોમાં આ પ્રશ્નો ત્રીજા વિશ્વના સમાજો જેવા વિકરાળ સ્વરૂપના નથી. ત્રીજા વિશ્વના મોટા ભાગના સમાજોમાં આ પ્રશ્નોના વધતા જતા વ્યાપને લીધે નગરીકરણ સામાજિક - આર્થિક વિકાસ અને આધુનિકરણના પરિબળ તરીકે તેના વિકૃત સ્વરૂપમાં દેખાઈ આવે છે. આ સમાજોના સાધારણ જનની નગરીકરણની અસરો હેઠળ ખાસ દશા સુધરી નથી. આજે આ સમાજોના નગરો ગ્રામ્યસમુદાયોથી તુલનાત્મક રીતે વધુ અને સહેલાઈથી રોજગારની તકો આપે છે પણ તેના બદલામાં ગ્રામ્ય-સમુદાયોથી ધકેલાઈને આવેલા શ્રમજીવીઓનું જીવન ધોરણ સુધારવાની મોકળાશ આપી શક્યા નથી. અસમતોલ અને ઝડપી નગરીકરણની આવી વિકાર્યાત્મક અસરોને અટકાવવા અર્થે એક બાજુ નાના નગરો તથા ગ્રામ્યસમુદાયોના સમતુલિત વિકાસ ઉપર પૂરતુ ધ્યાન આપવાની જરૂર છે તો બીજી બાજુ મોટા નગરોમાં સામાન્યજનની જરૂરિયાતોને, કેન્દ્રમાં રાખી રહેઠાણ, જાહેર સગવડો અને આર્થિક-વિકાસ તેમજ તેમના અસરકારક નિભાવને અગ્રિમતા આપવાની જરૂર છે. આ ક્ષેત્રમાં સરકાર, મહાનગરપાલિકાઓના તંત્રો, સ્વૈચ્છિક સંસ્થાઓ તથા નગરવાસીઓના પ્રતિભાવ ભવિષ્યમા નગરીકરણની આ સમસ્યાઓનું કેટલું પ્રમાણ રહેશે તે નક્કી કરશે.

ગંદા વસવાટ નાબૂદી યોજના અને સબસિડાઈઝ હાઉસિંગ યોજનાની કેટલાક લોકોએ ટીકા કરી છે, કારણ કે વિકસી રહેલા દેશોના શહેરોનું જીવનધોરણ જેમ જેમ ઊંચુ જતુ જાય છે તેમ તેમ વધુ ને વધુ લોકો ગામડામાંથી આવી ગંદા વસવાટોમાં વધારો કરે છે. આનો એક જ ઉપાય છે કે ગામડાંઓમાં જીવનધોરણ ઊંચુ લાવવા ત્યાં વધુને વધુ રોજગારીની તકો પૂરી પાડવી, જેથી ગામડાના લોકોનો રોજગારીની શોધમાં શહેરો તરફ સ્થળાંતર કરવું ન પડે. એટલે આ ઉકેલ આર્થિક વ્યવસ્થા અને તેના આયોજન સાથે પણ સંકળાયેલો છે.

## શ્વેત ગુનાઓ (White-Collar Crimes)

"શ્વેત ગુના"નો ખ્યાલ ઈ.એચ. સધરલેન્ડે (Sutherland) 1941માં આપ્યો હતો. ત્યારબાદ જુદા જુદા સંશોધન અભ્યાસો દ્વારા તેનું સ્વરૂપ, પ્રમાણ અને મહત્ત્વ સમજાવવામાં આવ્યું છે. "સમાજની મોભાદાર વ્યક્તિ કે જેમની સામાજિક પ્રતિષ્ઠા ઊંચી છે, તેવી વ્યક્તિઓ દ્વારા તેમના સ્વીકૃત વ્યવસાય દરમ્યાન આચરવામાં આવતા ગુનાને શ્વેત ગુના તરીકે ઓળખવામાં આવે છે." શ્વેત ગુનામાં ખોટી અથવા ગેરરસ્તે દોરનારી જાહેરાત, આશ્ચર્યજનક રીતે રોગ મટાડી શકાય છે તેવી ઉતરતી કક્ષાની દવા અથવા માલની જાહેરાત, નોકરી, પૈસા, તેમજ બીભત્સ સાહિત્ય પૂરુ પાડતી બનાવટી અથવા બોગસ સંસ્થાની જાહેરાત, પેટન્ટનો દુરુપયોગ, નાણાકીય ગોલમાલ ઉચાપત અને દુરુપયોગ, ખોટા બિલની રજૂઆત કરવી, સરકારી અધિકારીઓને કોન્ટ્રાક્ટ અથવા લાયસન્સ મેળવવા લાંચરુશ્વત આપવી, બાંધકામમાં ઉતરતી કક્ષાનો માલ વાપરી વધુ નફો મેળવવો, માલસામાન ઉપર ખોટા લેબલ મારવાં, સ્ટોક એક્સચેન્જમાં ચાલાકી કરવી, તોલમાપમાં છેતરપિંડી કરવી, કરચોરી, કર છૂપાવવો, કાળાબજાર, સંગ્રહખોરી, ઘાલમેલ કરવી, વિવિધ ખાદ્ય પદાર્થો તેમજ દવાઓમા ભેળસેળ કરવ, વકીલો દ્વારા ન્યાય માટે લાંચ આપી ખોટા સાક્ષી રજૂ કરવા, ડૉક્ટરો દ્વારા કરવામા આવતાં ગેરકાયદેસર ગર્ભપાત અને વીમા એજન્ટ દ્વારા જાણી જોઈને ખોટા દાવા અથવા હક્ક માટે કરવામાં આવતી રજૂઆત વગેરેનો સમાવેશ થાય છે. શ્વેત ગુના કરનાર વ્યક્તિ મોટે ભાગે સમાજના સામાજિક ગુનાઓ કરતાં સમાજને વધુ નુકસાનકારક પુરવાર થાય છે, કારણ તેનાથી સમાજને ધાર્યા કરતા મોટા પ્રમાણમાં નાણાકીય ખોટ સહન કરવી પડે છે, તેમ છતાં આ ગુનાઓ અટકાવવા સમાજ જોઈએ તેટલા પ્રમાણમાં પગલાં લઈ શક્યો નથી. વળી, જટિલ સમાજોમાં આ ગુનાનું પ્રમાણ ઘણું ઉંચુ હોવાનું મનાય છે અને માટે જે તે સમાજના ખામીયુક્ત કાયદાઓ મહદઅંશે જવાબદાર હોય છે.

**શ્વેત ગુનાઓ અને સમાજ :**

શ્વેત ગુનાઓ પણ જે તે સમાજની આર્થિક અને સામાજિક રચનાનું પરિણામ છે. પાશ્ચાત્ય સમાજો તેમ જ દુનિયાના બીજા સમાજોમાં થતા અન્ય ગંદા વસવાટો સાથે સંકળાયેલા હોય છે - અહીં આર્થિક અને સામાજિક કારણો, માનસિક અસ્થિરતા, ભગ્ન કુટુંબો, દરજ્જો પ્રાપ્ત કરવામાં સાંપડેલ નિષ્ફળતા અને સમાજના મૂલ્યો વિવિધ ગુનાઓ માટે જવાબદાર ગણાય છે, જ્યારે શ્વેત ગુનાઓ કરનાર વ્યક્તિ માનસિક રીતે સ્વસ્થ, બુદ્ધિશાળી, ગણતરીબાજ અને સમાજમાં તુલનાત્મક રીતે ઉંચો દરજ્જો ધરાવતી હોય છે. શ્વેત ગુનાના મૂળમાં સમાજમાં વ્યક્તિવાદી અને ભૌતિકવાદી મૂલ્યો અને વલણો જવાબદાર હોય છે. આવા ગુના કરવાથી વ્યક્તિના દરજ્જાને આંચ આવ્યા વગર સહેલાઈથી નાણાં મળી રહે છે, અને જેમ જેમ તેને વધુ ફાયદો મળતો જાય છે તેમ તેમ તે આ ગુનામાં ઉંડો ઉતરતો જાય છે. સધરલેન્ડે 70 વિશાળ કંપનીઓના અભ્યાસ ઉપરથી જણાવ્યું કે મોટા ભાગની કંપનીઓ શ્વેત ગુનાઓ માટે ગુનેગાર જણાઈ હતી. ભારતમાં પણ અવારનવાર બોગસ ટ્રાવેલ એજન્સીઓ અને બોગસ નોકરી આપનાર સંસ્થાઓના નામો છાપાઓમાં આવે છે, જેમા અનેક નાણા ચવાઈ જાય છે.

શ્વેત ગુનાને સમજવા એકલા સામાજિક, આર્થિક અને માનસિક પરિબળો સમજવા પૂરતા નથી, કારણ શ્વેત ગુનાઓ કરનાર વ્યક્તિ સામાજિક અને આર્થિક રીતે નીચલા સ્તરમાંથી આવતો નથી, પરંતુ ઉપલા વર્ગમાંથી આવે છે. પરિણામે હુટન (Hooton), હીલે (Healay), ગ્લુક (Glueck) અને શૉ (Shaw)ના ગુનાના સિદ્ધાંતો, આ શ્વેત ગુનાઓને સમજવા અપૂરતા છે. તેથી જ સધરલેન્ડ સ્પષ્ટપણે જણાવે છે કે શ્વેત ગુનાઓ જોઈએ તે રીતે સમજાવી શકાયા નથી. તેના અભિપ્રાય મુજબ શ્વેત ગેનાઓ જે વ્યક્તિઓ ગેરકાયદેસર પ્રવૃત્તિઓમાં સંકળાયેલી છે તેમની પ્રત્યક્ષ યા પરોક્ષ સોબતથી શીખવાય છે. એના પોતાના જ શબ્દોમાં શ્વેત ગુનાં કરનાર વ્યક્તિ અને બીજી વ્યક્તિ વચ્ચેનો તફાવત "ભિન્ન પ્રકારની સોબત" (differential association) માં છે તેમજ આવી વ્યક્તિઓ જે શ્વેત ગુનાને ધિક્કારે છે તેનાથી અલગ રહે છે. એટલે સધરલેન્ડ શ્વેત ગુનાને સમજાવવા માટે સામાજિક વિઘટન પર ભાર મૂકયો છે. સમાજની વિઘટનની અવસ્થામાં વર્તન માટેના ચોક્કસ નિયમોનો અભાવ હોય છે, અથવા તો વર્તનને નિયંત્રિત કરતા નિયમો વચ્ચેનો સંઘર્ષ જોવા મળે છે.

માર્શલ કલીનાડે કાળા બજારિયાઓનો અભ્યાસ કરીને જણાવ્યું કે અમેરિકામાં બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન અંદાજે 57 ટકા વ્યાપારીઓ કાળા બજારની પ્રવૃત્તિઓમાં સંકળાયેલા હતા. એમના અભિપ્રાય મુજબ

સામાજિક મૂલ્યોના સંઘર્ષને લીધે વ્યક્તિમાં નૈતિક મૂલ્યો બાબત જે ગૂંચવાડો ઉભો થાય છે તેના પરિણામે વ્યક્તિ કાળાબજાર જેવા ગુનાઓ તરફ વળે છે. જો કે આની સાથે તેમણે વ્યક્તિની 'વ્યક્તિમત્તાનો ઢાળ' સમજવાની જરૂરિયાત પર પણ ખાસ ભાર મૂક્યો છે. હાર્ટુંગે ડેટ્રોઈટની એક જથ્થાબંધ 'મીટ' ઉદ્યોગનો અભ્યાસ કરીને શ્વેત ગુનાઓ સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. પરંતુ તે કહે છે કે સામાજિક વિઘટનથી જ શ્વેત ગુનાઓ સમજી શકાય તેમ નથી. પણ સમાજના સર્વસામાન્ય મૂલ્યો તેમ જ પેટા - જૂથો અને તેનાં મૂલ્યો શ્વેત ગુનાઓ ઉભા કરે છે. અમેરિકામાં વ્યક્તિવાદી વલણ, હરીફાઈ અને સફળતા મહત્ત્વના મૂલ્યો છે. આ મૂલ્યો વ્યક્તિને શ્વેત ગુનાઓ તરફ દોરી જાય છે. વળી, શ્વેત ગુનેગાર સમાજવિરોધી મૂલ્યો ધરાવતા પેટા-જૂથનો સભ્ય હોય છે, અને તે એવા પેટા-જૂથના મૂલ્યોનો સ્વીકાર કરી તે પ્રમાણે વર્તન કરે છે. તે જ રીતે આ પેટા-જૂથ પણ વ્યક્તિના શ્વેત ગુનાઓ પરત્વે સહિષ્ણુતા દાખવે છે અને તેનો સ્વીકાર કરે છે, અર્થાત્ પેટા જૂથનાં મૂલ્યો વ્યક્તિને આ પ્રકારના ગુના કરવાનું શિખવાડે છે અને તેમાં હરિફાઈનો ઉમેરો કરે છે.

શ્વેત ગુનાઓને કારણે સધરલેન્ડ કહે છે તે મુજબ સમાજને આર્થિક નુકસાન કરતાં જે સામાજિક હાનિ થાય છે તે ઘણી વધારે હોય છે, કારણ કે સમાજમાં એવા ગુનાઓ વધતા જતા હોવાથી વિશ્વાસહીનતા, અનૈતિકતા અને સામાજિક વિઘટનની પરિસ્થિતિઓ સર્જાય છે. સામાન્ય રીતે શ્વેત ગુનાઓથી સમાજને નીચે મુજબના કેટલાંક ચોક્કસ નુકસાન થાય છે :

1. સમાજમાં ભ્રષ્ટાચાર, અનૈતિકતા અને કાયદા પ્રત્યે વિશ્વસહીનતાની ભાવના વિકસે છે.
2. શ્વેત ગુનાઓને કારણે સમાજની અર્થવ્યવસ્થા પડી ભાંગે છે અને ગરીબ તથા મધ્યમ વર્ગના લોકો ઉત્તરોત્તર ગરીબ થતા જાય છે.
3. શ્વેત ગુનાઓને કારણે સમાજમાં કાયદા અને ન્યાયની અસરકારકતા રહેતી નથી. પરિણામસ્વરૂપે પ્રામાણિક અને શિસ્તબદ્ધ વ્યક્તિ અન્યાયનો ભોગ બને છે.
4. શ્વેત ગુનાઓથી ધોરણહિનતા અને અરાજકતાની પરિસ્થિતિ ઉભી થાય છે.
5. શ્વેત ગુનાઓ છૂપી રીતે થતા હોવાથી તેમ જ તેમનો દોર ભણેલી, સન્માનિત તથા ઉંચો દરજ્જો ધરાવતી વ્યક્તિઓના હાથમાં હોવાથી તે બીજા અનેક ગુનાઓને અંદરોઅંદર પ્રોત્સાહન આપે છે.
6. શ્વેત ગુનાઓ નવી પેઢીના લોકોના ચારિત્ર્ય ઉપર વિપરિત અસર કરે છે તેથી ભ્રષ્ટાચારના મૂળ ઉંડા થતા જાય છે.

**ભારતમાં શ્વેત ગુનાઓ :**

ભારતીય નગરસમુદાયોમાં શ્વેત ગુનાઓ બહોળા પ્રમાણમાં જોવા મળે છે. આને માટે સમાજમાં જોવા મળતી નફાખોરી અને લાંચરૂશવત જવાબદાર છે. ખાદ્ય પદાર્થો, દવાઓ તેમ જ રોજિંદી જીવન જરૂરીયાતોમાં થતી સંગ્રહખોરી અને ભેળસેળ જાણીતી છે. 'સંથનામ કમિટી ઓન પ્રિવેન્શન ઓફ કરપ્શન' સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે 'યાંત્રિક અને વૈજ્ઞાનિક વિકાસે નવી સમાજવ્યવસ્થાને ઉભી કરી છે, જેમાં દરેક સ્તરે ઈજારાશાહી અને અધિકારીવર્ગ સાથે આંટીઘૂંટીવાળી વ્યવસ્થા ઊભી થઈ છે. આ નવી સામાજિક, રાજકીય અને આર્થિક પ્રક્રિયાને અસરકારક બનાવવા અર્થે વર્તન માટેનાં ઊંચાં નૈતિક મૂલ્યોનું ચુસ્ત પાલન અનિવાર્ય છે. જો સમાજના દરેક સ્તરે આની જરૂરિયાતનું મહત્ત્વ નહીં સમજવામાં આવે તો તેને પરિણામે શ્વેત ગુનાઓ અને આર્થિક ગુનાઓનો ઉદ્‌ભવ અને વિકાસ થશે અને કાયદો અને અટકાવવા માટે અપૂરતો પુરવાર થશે. આ પ્રકારના ગુનાઓ ઘણા જ હાનિકારક છે, કારણ કે તેનાથી સમાજે ફક્ત ઊંચી નાણાંકીય ખોટ જ સહન કરવી પડતી નથી, પરંતુ સાથોસાથ સમાજનાં નૈતિક મૂલ્યોમાં નહીં પૂરી શકાય એવી ખોટ પડે છે.'' એ જ પ્રમાણે પ્રસ્તુત કમિટીએ આગળ લખતાં જણાવ્યું છે તે ''સરકારી ઓફિસોની કામ કરવાની પદ્ધતિ અને વિધિક્રમ ક્ષેત્રે એટલી અડચણ અને મંદ ગતિ પ્રવર્તે છે કે આમાંથી છટકવા 'ગતિવાહક નાણાકીય વ્યવસ્થા'ની અપ્રમાણિક વ્યવસ્થાને પ્રોત્સાહન મળ્યું છે. આ 'ગતિવાહક નાણાકીય વ્યવસ્થા' લાયસન્સ તેમ જ પરમિટ મેળવવા માટેની લાંચરુશવતવાળી સર્વસામાન્ય રીત બની ગઈ છે. આ ઘટના નગરના ઔદ્યોગિક અને વ્યાપારી વર્ગ માટે તો સામાન્ય ગણાય છે.

શા માટે શ્વેત ગુનાઓ સમાજમાં વિશાળ પાયા ઉપર જોવા મળે છે ? આ પ્રકારના ગુનાઓ સમાજના ઉપલા સ્તરની વ્યક્તિઓ, ખાસ કરીને કંપનીના અધિકારીઓ, ઉદ્યોગપતિઓ, વ્યાપારીઓ અને ધંધાદારીઓમાં જોવા મળે છે. ઉપલા વર્ગના લોકો પાસે પૈસા, સત્તા, સામાજિક દરજ્જો અને લાગવગ હોવાથી તેઓ એવા ગુનાઓ કરતા હોવા છતાં વારંવાર હાથકડી અને શિક્ષામાંથી છટકી

જાય છે. આને પરિણામે રાજકીય રીતે તેઓ વધુ શક્તિશાળી બનતા જાય છે, અને ગુનાઓ આચરતા જાય છે. શ્વેત ગુનાઓ કરવાથી વ્યક્તિ સરળતાથી પૈસો પ્રાપ્ત કરી સંપત્તિ અને વૈભવ મેળવી શકે છે. વળી, કાયદો નીચલાં વર્ગના ગુનેગારોને જેટલી ગંભીર શિક્ષા કરે છે તેટલી ગંભીર શિક્ષા આ ગુના કરનારાઓને થતી નથી. કાયદાની આ પ્રકારની બેવડી નીતિ નાગરિકોમાં કાયદા અને કાયદાનું પાલન કરાવનાર વ્યક્તિઓ પ્રત્યે અવિશ્વાસ પેદા કરે છે. જ્યારે શ્વેત ગુનો કરનાર વ્યાપારી, નેતાઓ, લાંચરુશવત લેનારા અધિકારીઓ સાથે મેળાપ (સંબંધ) રાખી આ પ્રવૃત્તિઓ આદરે છે ત્યારે તેની અસર સમસ્ત સામાજિક સંસ્થાઓ પર પડે છે અને તે નબળી બને છે. આને પરિણામે નાગરિકોમાં નૈતિક જુસ્સો અને કાયદા પ્રત્યેનો વિશ્વાસ ડગી જાય છે. તેઓ એવું માનતા થાય છે કે કાયદો નીચલા વર્ગ માટે છે, પરંતુ ઉપલા વર્ગ માટે નથી. આમ, શ્વેત ગુનાઓથી સમાજ અને સરકારને દરેક સ્તરે ભારે નાણાકીય ખોટ સહન કરવી પડે છે જે સમાજ માટે હાનિકારક મનાય છે.

સામાન્ય રીતે શ્વેત ગુનાઓ કરતી વ્યક્તિઓ સમ્પન્ન અને વર્ચસ્વ ધરાવતી હોવાથી સાધારણ વ્યક્તિ તેમનાં ગુનાહિત કૃત્યો બહાર લાવી શકતી નથી. કેટલીક વાર તો લોકાનું વલણ બિલાડીને ઘંટડી કોણ બાંધે તેના જેવું જોવા મળે છે. આથી શ્વેત ગુનાઓ રોકવા માટે સબળ લોકમત જરૂરી છે. જે લોકો આવા ગુનાઓ આચરે છે તેમને લોકમતથી નમાવી શકાય છે. પરંતુ આની સામે કડક હાથે કામ લેવા માટે કાયદા પણ સ્પષ્ટ હોવા જરૂરી છે તેમ જ આ પ્રકારનો ગુનો પુરવાર થાય ત્યારે ગુનેગારને કડક શિક્ષા થવી જરૂરી છે. તદ્‌ઉપરાંત આવા ગુના અટકાવવા માટે દરેકને સમાન તકો મળી રહે તેવી આર્થિક અને સામાજિક વ્યવસ્થા વિકસાવવી પણ એટલી જ અગત્યની બાબત છે. કારણ કે જ્યાં સુધી સામાન્ય લોકોની આર્થિક અને સામાજિક પરિસ્થિતિમાં સુધારો ન થાય ત્યાં સુધી ગુનાઓ કરનારી વ્યક્તિ પોતાની નાણાકીય શક્તિ, સત્તા અને સામાજિક સમ્પર્કો વગેરેનો પૂરો ઉપયોગ કરીને ન્યાયની પ્રક્રિયાને પણ ઊંધી દિશામાં વાળી શકે તેમ હોય છે અને તેથી જ તેમના ગુનાઓ સાબિત કરવા અશક્ય બને છે. વળી, સાધારણ વ્યક્તિ કાયદાની આંટીઘૂંટીમાં પડવાથી અચકાય છે અને તેથી જ પોતે જાણતી હોવા છતાં આવા ગુનાઓમાં સંકળાયેલી વ્યક્તિને યોગ્ય શિક્ષા થાય તે માટેનું સાહસ કરી શકતી નથી. ટૂંકમાં નીચે મુજબની કેટલીક બાબતો શ્વેત ગુનાઓને અટકાવવામાં અવરોધ ઊભા કરે છે તેથી તે દૂર થાય તેવી અસરકારક વ્યવસ્થા ઊભી કરવાની જરૂરી રહે છે.

1. શ્વેત ગુનાઓ કરનારી વ્યક્તિઓમાં અધિકારીઓ, વેપારીઓ, મોટી કંપનીઓ અને કર્મચારીઓ વગેરેનો સમાવેશ થાય છે. આ વ્યક્તિઓ ઊંચો દરજ્જો અને વર્ચસ્વ ધરાવતી હોય છે તેથી તેમના ઉપર અસરકારક અંકુશ મૂકી શકાય એવી વ્યવસ્થા વિકસાવી જરૂરી હોય છે.
2. સાધારણ વ્યક્તિઓ દ્વારા થતા ગુનાઓની જેમ એવા ગુનાઓ કરનાર વિરુદ્ધ ગંભીર લેવાતાં નથી તેમજ ગુનાઓને દબાવી દેવા માટેના થતા ભ્રષ્ટાચારને કારણે શ્વેત ગુના કરનારી વ્યક્તિઓ સામે અસરકારક રીતે ન્યાયની પ્રક્રિયા ચાલી શકતી નથી, માટે એવી પરિસ્થિતિનો યોગ્ય ઉકેલ લાવવો જોઈએ.
3. શ્વેત ગુનાઓના ભોગ બનનારી વ્યક્તિઓ સંગઠિત હોતી નથી અને છૂટક એવા ગુનાઓનો ભોગ બની જાય છે. માટે સામાન્ય લોકોએ સંગઠિત થઈ એવા ગુનાઓનો પ્રતિકાર કરવો જોઈએ.
4. ઘણી વખત શ્વેત ગુનાઓ કરનાર કંપનીઓ વગેરે સમાચારપત્રો અને અન્ય જનસંચારનાં સાધનો ઉપર પોતાનું વર્ચસ્વ ધરાવતી હોય છે તેથી એવા માધ્યમો વડે ખોટો પ્રચાર કરીને પોતાનાં હિતો સંતોષવામાં સફળ થાય છે. તેથી જનસંચારના માધ્યમોનો જનહિતમાં ઉચિત ઉપયોગ થાય તેવી વ્યવસ્થા થવી જોઈએ.

## સીમાન્ત માનવી (Marginal man) :

આધુનિક ઔદ્યોગિક અને નગરીય સમુદાયોમાં સીમાન્ત માનવી અથવા 'માર્જિનલ મેન'નો પ્રશ્ન ગંભીર બનતો જાય છે. સામાન્ય રીતે સીમાન્ત માનવીનો પ્રશ્ન એવા નગરીય સમુદાયોમાં સર્જાય છે કે જ્યાં સ્થળાંતર અને ઝડપી સામાજિક પરિવર્તનને કારણે વિવિધ સંસ્કૃતિ અને જીવનશૈલીનો શંભુમેળો જોવા મળે છે. ખાસ કરીને ગ્રામ્યવિસ્તારો કે તદ્દન ભિન્ન સાંસ્કૃતિક પર્યાવરણમાંથી સ્થળાંતર

કરીને વ્યક્તિ જ્યારે શહેરી સમુદાયમાં આવે છે ત્યારે તેની સમક્ષ શરૂઆતના તબક્કામાં શહેરી સંસ્કૃતિ અને જીવનશૈલી સાથે યોગ્ય અનુકૂલન સાધવાનો પ્રશ્ન ઊભો થાય છે. ઘણી વખત આ રીતે સ્થળાંતર કરીને આવેલી વ્યક્તિને નગરસમુદાયમાં 'કલ્ચરલ-શૉક' (Cultural shock) લાગે છે, કારણ કે શહેરમાં તેની સમક્ષ એવી સંસ્થાઓ, ધોરણો, મૂલ્યો, સમ્પર્કો અને રહેણીકરણીની સ્થાપિત પ્રણાલિકાઓ આવે છે કે જે તેની પોતાની સંસ્કૃતિ તથા ટેવોથી તદ્દન ભિન્ન પ્રકારની હોય છે. એવી પરિસ્થિતિમાં એક બાજુ વ્યક્તિ પોતે જે સંસ્કૃતિમાંથી આવી હોય છે. તેની જીવનપદ્ધતિ છોડી શકતી નથી અમે બીજી બાજુ જે તે શહેરની સંસ્કૃતિનાં વિવિધ પાસાંઓમાં યોગ્ય સમન્વય સાધી શકતી નથી. જ્યારે વ્યક્તિ પોતે એવી બે સંસ્કૃતિઓ કે જીવનશૈલીના દબાણ નીચે હોય છે ત્યારે તેને સમાજશાસ્ત્રીય ભાષામાં 'સીમાન્ત માનવી' અથવા 'Marginal man' તરીકે ઓળખવામાં આવે છે. એવી વ્યક્તિની સ્થિતિ બન્ને સંસ્કૃતિઓના દબાણ વચ્ચેની હોય છે.

સમાજશાસ્ત્રમાં 'સીમાન્ત માનવી'ના ખ્યાલની વિગતવાર છણાવટ રોબર્ટ ઇઝરા પાર્કે કરી છે. તેઓ વ્યક્તિ સમક્ષ ઉપસ્થિત થતી એવી સ્થિતિને 'સાંસ્કૃતિક-હાઈબ્રીડઝ' તરીકે ઓળખાવે છે, કારણ કે એવી સંસ્કૃતિ મધ્યે જીવતા લોકો ભિન્ન ભિન્ન સમાજોમાં સામાજિક-સાંસ્કૃતિક પરંપરાના દબાણ હેઠળ હોય છે, છતાં પોતાની સંસ્કૃતિ પરત્વેના તત્ત્વો સ્વીકારી શકતા નથી. વળી, યોગ્ય અનુકૂલન ન સાધી શકવાથી તેમના મનમાં તાણ તથા મૂંઝવણો ઊભાં થાય છે. તેમની તેવી માનસિક અવસ્થા ઘણી વખતે 'ખંડિત-સ્વ' (divided-self)દ્વારા અભિવ્યક્ત થાય છે. બીજા શબ્દોમાં કહીએ તો તે પોતાની મૂળ સંસ્કૃતિ કે નવી સંસ્કૃતિ પ્રત્યે ચોક્કસ નિષ્ઠા પ્રદર્શિત કરી શકતી નથી અને બંને જીવનપદ્ધતિઓમાંથી કોઈ એકમાં પૂર્ણપણે ભાગીદાર થયા વગર બંનેમાં સહભાગી થવા મથે છે. આ અર્થમાં તેનું અસ્તિત્વ બંને સંસ્કૃતિઓની સીમા (margin) પર હોય છે અને તે બંને સંસ્કૃતિઓનો સભ્ય હોય તેવો ભાસ થાય છે. આવી દ્વિધાત્મક પરિસ્થિતિ ધાર્મિક માન્યતામાં, સામાજિક ગતિશીલતામાં કે વ્યવસાયમાં એકાએક સર્જાય છે. આ સર્વ ઘટનાઓમાં એકાએક આવતું પરિવર્તન મુખ્ય બાબત હોય છે. ટૂંકમાં, આકસ્મિક અને ઝડપી સંક્રમણ (transition)વ્યક્તિની સીમાન્તતાને સંભવિત બનાવે છે.

એવરેટ વી. સ્ટોનકવીસ્ટે સીમાન્ત માનવીનો અર્થ સમજાવતાં કહ્યું છે કે સીમાન્ત માનવી એટલે તે માનવી કે જે બે કે તેથી વધુ સામાજિક દુનિયા (Social world)વચ્ચે માનસિક અચોક્કસતા અથવા દ્વિધા અનુભવે છે. આવી દ્વિધા એના મનમાં રહેલી વિસંવાદિતા અને સંવાદિતા વડે અભિવ્યક્તિ થાય છે. વળી, તેના મનમાં આવી ભિન્ન ભિન્ન દુનિયા પરત્વે આકર્ષણ અને અપાકર્ષણ પેદા થાય છે. તે ઉપરાંત આ ભિન્ન ભિન્ન સામાજિક દુનિયામાંથી કોઈ એક તેના ઉપર પ્રભુત્વ પ્રાપ્ત કરવાનો પ્રયાસ કરે છે. ખાસ કરીને તેનાં મૂળ સંસ્કૃતિના પ્રભુત્વથી તે પ્રભાવિત હોય છે. હકીકતમાં પોતાની સાંસ્કૃતિક વિશિષ્ટતાને કારણે તે બીજાં જૂથોથી અલગ તરી આવે છે અને આ અલગતા તેને અન્ય જૂથો સાથેના સંબંધોથી દૂર રાખે છે.

સીમાન્ત માનવી એ સંક્રમણમાંથી પસાર થતી વ્યક્તિ (man in transition)હોય છે અને તે સાંસ્કૃતિક સમન્વયીકરણની પ્રક્રિયામાં હોય છે. તે એક સંસ્કૃતિમાંથી બીજી સંસ્કૃતિમાં પ્રવેશવાની તૈયારીમાં હોય છે, પરંતુ બીજી સંસ્કૃતિમાં પ્રવેશવું કે તેના સ્વીકાર્ય સભ્ય હતી તેનાં કેટલાંક લક્ષણો જાળવી રાખે છે તથા નવી સંસ્કૃતિનાં બધાં જ તત્ત્વો ધારણ કરી શકતી નથી. આ રીતે તેની મનોદશા ત્રિશંકુ જેવી બની જાય છે ઘણી વખતે યોગ્ય અનુકૂલન ન કરી શકવાને કારણે તે લઘુગ્રંથિથી અને માનસિક તાણથી પીડાય છે. ઓસ્કાર લુઈસ વ્યક્તિની એવી અવસ્થા માટે કહે છે કે આવી અવસ્થા બાલ્યાવસ્થાથી યુવાવસ્થામાં પ્રવેશવાના સંક્રમણ ગાળા દરમ્યાન પણ ઊભી થાય છે.

ભારતીય નગરીય પરિસ્થિતિઓમાં સીમાન્ત માનવીનો પ્રશ્ન પાશ્ચાત્ય સમાજો જેટલો તીવ્ર નથી, કારણ કે ભારતીય નગરોમાં સ્થળાંતર કરીને આવતી વ્યક્તિઓ સંપૂર્ણપણે પોતાની સંસ્કૃતિથી તદ્દન ભિન્ન એવી સંસ્કૃતિમાં મુકાતી નથી, તેનું કારણ એ છે કે સ્થળાંતરિત વ્યક્તિને પોતાના મૂળ-વતન, સગાંઓ, જ્ઞાતિપ્રદેશ અને ભાષા વગેરેની સમરૂપતા ધરાવતા લોકો નગર સમુદાયમાં પણ મળી આવે છે. આપણે ભારતીય પરિસ્થિતિઓના સંદર્ભમાં નગરીકરણ અને સ્થળાંતર વિષે ચર્ચા કરતી વખતે આ બાબત અંગે વિસ્તારથી ચર્ચા કરી જ છે. ટૂંકમાં, મોટે ભાગે ભારતનાં નગરોમાં સ્થળાંતર કરીને આવનારા લોકોને શહેરી વાતાવરણ સાથે અસરકારક અનુકૂલન કરવાના શરૂઆતના તબક્કામાં જરૂરી સામાજિક, આર્થિક અને ભાવાત્મક મદદ મળી રહે છે. વળી, તે જે વિસ્તારમાં રહે છે ત્યાં પણ તેની મૂળ સંસ્કૃતિ અને શહેરની પરિસ્થિતિઓ વચ્ચે યોગ્ય સમન્વય ધરાવતું વાતાવરણ મળી આવે છે. નાયરે પૂના શહેરમાં દક્ષિણ ભારતીયોના અભ્યાસને આધારે એવી પરિસ્થિતિની અર્થપૂર્ણ

છણાવટ કરી છે. તેમ છતાં જ્યારે વ્યક્તિ પોતાનું મૂળ વતન છોડીને શહેરમાં આવે છે ત્યારે એક અથવા બીજી રીતે સીમાન્ત માનવી જેવી માનસિક તંગદિલીમાંથી પસાર થાય છે તે હકીકત નકારી શકાતી નથી. એવી પરિસ્થિતિમાંથી તે ધીમે ધીમે બહાર આવે છે અને સમયનાં વહેણ સાથે તે નગરની વાસ્તવિક પરિસ્થિતિઓ સાથે અસરકાર અનુકૂલન સાધે છે. એવી પ્રક્રિયાની શરૂઆતના તબક્કામાં તે પોતાના કુટુંબીજનો અને અન્ય સ્વજનો કે જે ગામમાં હોય છે તેમની યાદથી પીડાય છે. વળી, તે પોતાના પરિચિત વાતાવરણ, સંબંધીઓ અને મિત્રોની યાદથી શહેરમાં ખાલીપણું અનુભવે છે. ત્યારબાદ ધીમે ધીમે તે જે તે શહેરના લોકો સાથે હળેમળે છે અને પોતાના સાથીઓની મારફતે શહેરીજીવન સાથે કાંઈક અનુકૂલન સાધે છે. છતાં તે ઘણી વખત લઘુગ્રંથિથી પીડાય છે તેમ જ નગરીય વાતાવરણ તેની અપેક્ષાઓથી વિરુદ્ધ પડતું હોય એવુ પણ તે અનુભવે છે. ત્યારબાદ તે નગરીય પરિસ્થિતિઓને અનુરૂપ થવાય તેવી ટેવો વિકસાવે છે. છતાં પોતાનાં મૂલ્યો અને રહેણીકરણીની ટેવો છોડતાં તે દુઃખ તો અનુભવે છે જ. લૂઈસ મમફર્ડ માનવીની આવી મનોદશાનું ચિત્રણ કરતાં લખે છે કે નગરીય વાતાવરણમાં તે આશાહીન આવતી કાલમાં જીવે છે અને શોકાતુર ગઈ કાલમાં ડૂબેલો રહે છે.

એવરેટ વી. સ્ટોનક્યૂસ્ટ સીમાન્ત માનવીની વ્યક્તિગત પરિસ્થતિનો સંદર્ભ લઈને નગરીય પરિસ્થિતિઓ સાથેના અનુકૂલનની પ્રક્રિયામાં દેખાઈ આવતા તબક્કાનું ચિત્રણ કરે છે. તેમના મતે પ્રથમ તબક્કો સમન્વયીકરણ અને તાદાત્મ્ય પરત્વેનો હોય છે. આ તબક્કામાં સીમાન્ત માનવી એવું અનુભવે છે કે મુખ્ય સમાજ અને સંસ્કૃતિનો તેના જીવનના પ્રવાહો સાથે કોઈપણ જાતનો સંબંધ નથી તેમ છતાં તે પોતાની સમક્ષ રહેલી વાસ્તવિકતાઓનો સ્વીકાર કરે છે. નગર નિવાસના શરૂઆતના સમયમાં જે તે સ્થળાંતરી આ જાતનો અનુભવ કરે છે.

બીજો તબક્કો સાંસ્કૃતિક સંઘર્ષના અનુભવનો હોય છે. અહીં તે ગૂંચવણો અને અસલામતી અનુભવે છે. તે પોતાના વિષેના ખ્યાલ, પોતાની ભૂમિકા તથા પોતાના ભવિષ્ય વગેરે બાબતોમાં ઊથલપાથલ અનુભવે છે. તેને એવું પણ લાગે છે કે તેની સમક્ષ ઊભી થયેલી ગૂંચવણોમાંથી બહાર આવવાથી જ તે હળવાશ અનુભવશે.

ત્રીજો તબક્કો નગરીય પરિસ્થિતિઓ સાથે યોગ્ય પ્રતિભાવ અને અનુકૂલન કેળવવાનો હોય છે. આ તબક્કામાં તે પોતે સીમાન્ત માનવી તરીકેની સ્થિતિમાંથી બહાર આવે છે અને નવી પરિસ્થિતિઓ સાથે સફળ અનુકૂલન કરે છે. ઘણી વખત એવું પણ બને છે કે નવી પરિસ્થિતિઓ એની તરફેણમાં પરિવર્તન પામે છે અને તેને માટે અનુકૂલન તુલનાત્મક રીતે સરળ બની જાય છે. પરંતુ કેટલીક વ્યક્તિઓ એવી પણ હોય છે કે સીમાન્ત માનવી તરીકેની સ્થિતિમાંથી સફળ રીતે બહાર આવી શકતી નથી. એવા માનવીઓ સામે નગરીય વાતાવરણ વિવિધ વિકલ્પો પ્રસ્તુત કરે છે, પણ તેમાંથી કયા વિકલ્પને પસંદ કરવો તે વિષે તેઓ યોગ્ય નિર્ણય લઈ શકતા નથી અને તેથી જ તેઓ માનસિક દ્વિધામા રહે છે. આવા માનવીઓ માનસિક તંગદિલી અનુભવતા હોવાથી તેમનું વ્યક્તિત્વ વિઘટિત બને છે. સામાન્ય રીતે સીમાન્ત માનવી નગરીય પરિસ્થિતિઓ સાથેના અસરકારક અનુકૂલન અર્થે મુખ્ય જૂથ કે સંસ્કૃતિ સાથે સંપૂર્ણ સમન્વયીકરણ સાધે છે અથવા ગૌણ જૂથ સાથેનું સમન્વયીકરણ ટકાવી રાખે છે અથવા બંને વચ્ચે યથાયોગ્ય સમાધાન કરી વચ્ચેનો માર્ગ અપનાવે છે. વળી, કેટલીક વ્યક્તિઓ સામ, દામ, દંડ અને ભેદ વગેરેને લગતા કોઈપણ અસરકારક માર્ગને અપનાવીને વર્ચસ્વ ધરાવતાં જૂથનો સભ્ય બનવા માટે પાછી પાની કરતો નથી. જોકે તેમ કરતાં તે પોતાના મૂળ જૂથ કે તેની સંસ્કૃતિ પ્રત્યેના ગૌરવને જાળવી પણ રાખે છે.

**સીમાન્ત માનવીની વ્યક્તિમત્તાનાં લક્ષણો :** સીમાન્ત માનવીની વ્યક્તિમત્તાનાં લક્ષણો નગરની પરિસ્થિતિ, વ્યક્તિની પોતાની પરિસ્થિતિ, તેના અનુભવો, જીવનક્રમ અને તેનાં પોતાનાં લક્ષણો જેવાં કે લાગણશીલતા, તાર્કિક, શંકાશીલ હોવું કે ન હોવું વગેરે અનેક બાબતો ઉપર આધાર રાખે છે. સીમાન્ત માનવીની વ્યક્તિમાં સાધારણથી માંડી તીવ્ર આંતરિક સંઘર્ષ જોવા મળે છે. પરંતુ પૂર્વ-સીમાન્ત માનવીમાં આવી તાણ જોવા મળતી નથી. વ્યક્તિ પોતાની સમક્ષ આવી પડેલી નવી પરિસ્થિતિઓમાં પોતે તરછોડાયેલો છે એવી લાગણીથી પીડાય છે. તે નગરસમુદાયમાં અલગ, અતૃપ્ત, પરદેશી અને જૂથ બહાર હોય એમ તેને લાગે છે. તે બેવડી વ્યક્તિમત્તા અથવા દ્વિધાની લાગણીથી પીડાય છે. ''એક જ શરીરમાં બે આત્મા જોવા મળે છે. એક આકર્ષે છે, જ્યારે બીજો અપાકર્ષે છે.'' આ ઘટનાનો અમેરિકાના નિગ્રો લોકોના સંદર્ભમાં ડબલ્યૂ ઈ.બી. ડ્યૂબોઈઝે સુંદર રીતે ઉલ્લેખ કર્યો છે. તેઓ કહે છે કે અમેરિકામાં સીમાન્ત માનવી તરીકે એક નિગ્રો સતત બેવડી લાગણીથી ઘેરાયેલો રહે છે. તે એક બાજુ અમેરિકન હોય છે અને બીજી બાજુ નિગ્રો હોય છે એક જ

શરીરમાં બે આત્મા, બે વિચારો, બે વિરોધી ઇચ્છાઓ અને યુદ્ધમાં ઊતરેલા બે આદર્શો જોવા મળે છે.'' આમ, સીમાન્ત માનવીમાં બેવડી વ્યક્તિમત્તા જોવા મળે છે.

સીમાન્તત્ત્વના અંતઃભાગમાં વલણો અને લાગણી બાબત દ્વિધા છુપાયેલી જોવા મળે છે. તે વિભાજિત લાગણી એની વિભાજિત સંસ્કૃતિની પરિસ્થિતિને અભિવ્યક્ત કરે છે. વારાફરતી આકર્ષણ અને અપાકર્ષણ સ્નેહ અને ધિક્કારના પ્રવાહો વ્યક્તિ અને પ્રભાવી સમાજ પ્રત્યે વારાફરતે આદર્શ સ્વરૂપે તેમજ તિરસ્કારની દૃષ્ટિએ જોવાનો પ્રયત્ન કરે છે. ઘણી વખત તે પ્રભાવી સમાજની લાગણીને પોતાની વિરુદ્ધ છે એમ અનુભવે છે. ત્યારે તેને પોતાના 'સ્વ પ્રત્યે તિરસ્કાર' ઉદ્ભવે છે. આ ઘટના યહૂદી, નિગ્રો, દલિત અને આદિવાસીઓમાં જોવા મળે છે. તેઓ એમ માનતા થાય છે કે તેમની ક્યાંય જરૂરિયાત નથી, તેમને કોઈ પૂછતું નથી. પરિણામે તે પોતાની જાતને તેમ જ પોતાના જૂથને તિરસ્કારતા થાય છે. કારણ એ પોતાના મૂળ જૂથના સભ્યપણાને લીધે એ આગળ જઈ શકતો નથી તેવું તેને લાગ્યાં કરે છે.

સતત સ્વ-ધિક્કારના વલણને લીધે સીમાન્ત માનવીમાં લઘુતાગ્રંથિની લાગણી બંધાય છે. બીજા જૂથ કરતાં પોતાનામાં ઊણપ છે એવું તેને થયા કરે છે. ઉપરાંત તે મુખ્ય જૂથથી તરછોડાયેલો હોય છે. આમાંથી બચવા તે આક્રમક બચાવપ્રયુક્તિ આચરી ક્ષતિપૂર્તિ કરે છે, જ્યારે બીજી બાજુ આ લઘુતાગ્રંથિ તેનામાં ઉદાસીનતા, ચિંતા અને નિરાશાવાદી વલણ વિકસાવે છે. આ ઘટના લઘુમતી જાતિઓ જેવી કે દલિત અને આદિવાસીઓમાં જોવા મળે છે તેમ જ શહેરોમાં આવતા સ્થળાંતરીઓમાં પણ બહોળા પ્રમાણમાં જોવા મળે છે. જ્યારે તેઓ ઉદાસીનતાનો માર્ગ અપનાવે છે ત્યારે તેઓ પોતાને બંનેમાંથી એક પણ સમાજમાં પોતાની જાતને ઓળખવા તૈયાર હોતા નથી, અને તેથી જ તેઓ આવી અનિશ્ચિત પરિસ્થિતિથી દૂર રહેવા પ્રયત્નો કરતા રહે છે.

સીમાન્ત માનવી બે પરિસ્થિતિઓ વચ્ચે હોવાથી જે સમાજો એકબીજા સાથે સંઘર્ષમાં છે તેનો તે ઉગ્ર ટીકાકાર બને છે. પોતાનાં આંતરિક જ્ઞાન અને બાહ્ય ટીકાકારના વલણને એકત્ર કરી મુખ્ય સમાજની વિસંવાદિતા અને દંભને કૌશલ્યપૂર્ણ રીતે રજૂ કરે છે. કેટલીકવાર સમાજના આંતરિક ટીકાકાર તરીકે બહારનાં પરિબળો સાથે અથવા પરદેશી ટીકાકાર સાથે હાથ મિલાવે છે. આ ઘટના તેને સમાજદ્રોહ કે દેશદ્રોહ તરફ લઈ જાય છે, લઘુમતી જૂથો સીમાન્તત્વથી પર નથી. કેટલીક વખત સીમાન્ત માનવીની ભૂમિકા રાષ્ટ્રવાદમાં મહત્ત્વની પણ બને છે, કારણ કે તેની મારફતે તાબેદાર અથવા કચડાયેલ જૂથનો દરજ્જો ઉપર લાવવા સામૂહિક ચળવળ પણ કરવામાં આવે છે.

સીમાન્ત માનવીનો ખ્યાલ સમાજની સામાજિક આંતરક્રિયામાંથી ઉદ્ભવે છે. વર્તમાન સમાજ જેમ તેના કદ, સંકુલતા અને ગતિશીલતામાં આગળ ગયો છે તેમ તેણે વ્યક્તિને અનેક પરિવર્તન સામાજિક સંદર્ભોમાં મૂકી દીધો છે. સ્પર્ધાના દરજ્જામાં ટકી રહેવા વ્યક્તિએ પોતાની રીતે અન્ય લોકો સાથેના સામાજિક સંબંધો રાખવા પડે છે. સીમાન્ત સભ્યપણાનું સ્વરૂપ બે સંસ્કૃતિ અથવા જૂથ સ્થળાંતર અથવા વસવાટ બદલવાથી જોવા મળે છે, કારણ કે બંનેની રહેણીકરણી, પહેરવેશ, ભાષા દેખાવ અને રિવાજો એકબીજાથી ભિન્ન હોય છે. સીમાન્ત માનવી નવા જૂથના સભ્ય બનવાની તીવ્ર ઇચ્છા રાખે છે, પરંતુ પોતાના મૂળ જૂથનાં લક્ષણો તે છોડી શકતો નથી. થિયોડોર ન્યૂકેમ્બના શબ્દોમાં સીમાન્ત માનવીમાં રહેલા પ્રેરકો અને તેનો સંઘર્ષ જાણવો જોઈએ. આ પ્રેરકોમાં સત્તા, દરજ્જો અને પૈસા મહત્ત્વના છે. સીમાન્તતા ધર્મપરિવર્તનથી પણ જોવા મળે છે. ટૂંકમાં, સીમાન્તતા સ્થળાંતર, મિશ્રિત લોહી, સંસ્કૃતિ અને ધર્મપરિવર્તનને લીધે જોવા મળે છે. આંતરજ્ઞાતીય અથવા આંતર-ધર્મ લગ્ન, અસ્પૃશ્ય-સવર્ણ લગ્ન, દ્વિભાષી લગ્ન અથવા સંસ્કૃતિથી પણ સીમાન્ત માનવીની સ્થિતિ સર્જાય છે.

સીમાન્ત વ્યક્તિનો ખ્યાલ રોબર્ટ ઈ. પાર્કે આપ્યા બાદ આ ખ્યાલના સંદર્ભમાં સીમિત અભ્યાસો થયા છે. ડેવિડ રાઈસમેને સીમાન્તવય પ્રત્યે નકારાત્મક વલણ અપનાવ્યું છે. તે સીમાન્ત વ્યક્તિને સમાજ માટે એક અપમાનજનક બાબત તરીકે જૂએ છે. પરંતુ પાર્કે તેને વિશાળ સાંસ્કૃતિક પ્રક્રિયાના સંદર્ભમાં જોવાનો પ્રયાસ કર્યો છે. યહૂદી લોકો સીમાન્ત માનવીની સ્થિતિમાં જીવતા હોવા છતાં વિશ્વમાં તેમની સર્જનાત્મક શક્તિનો ફાળો નાનોસૂનો નથી. આજે સમાજ જ્યાં ઝડપી સંક્રમણની સ્થિતિમાં છે ત્યાં સીમાન્ત માનવીનો ખ્યાલ મહત્ત્વનો બની જાય છે. તેની ઉપર અનેક જૂથો તરફથી ધોરણ અનુમતિ માટે દબાણ થાય છે.સમાજશાસ્ત્રીઓ સીમાન્ત માનવીની સ્થિતિને એક બાજુ શાપ સમાન અને બીજી બાજુ આશીર્વાદરૂપ માને છે. શાપરૂપ એટલા માટે કે તે ઉત્સાહથી નવી જીવન પદ્ધતિમાં ભાગ લઈ શકતો નથી, એનું પૂર્ણ સમન્વયીકરણ થયેલું હોતું નથી, એટલે એના સાથીદારો એને પૂર્વગ્રહની દૃષ્ટિએ જુએ છે. સાથે જ સીમાન્ત માનવી નવા જૂથના નિયમો અને મૂલ્યોને પોતાના

મૂળ જૂથના સંદર્ભમાં જોવાનો પ્રયત્ન કરે છે. નવા જૂથના સભ્યો સાથે મિત્રાચારી બાંધી શકતો ન હોવાથી તે અલગતા કે એકાકીપણું અનુભવે છે અને પોતાની જાતને પરિસ્થિતિમાંથી સમેટી લે છે. કેટલીકવાર આવું દબાણ તીવ્ર પ્રમાણમાં હોય તો તે માનસિક વિકૃતિનો ભોગ બને છે. પોતે અલગ રહેતા હોવાથી નવી પદ્ધતિનું વ્યવસ્થિત નિરીક્ષણ કરી શકે છે. પરંતુ કેટલીકવાર એવું પણ બને કે સીમાન્ત માનવી પાસે બે પ્રકારનાં ધોરણો અને મૂલ્યો હોવાથી બીજાઓ કરતાં કોઈપણ જૂથ અથવા ઘટનાને એકદમ સ્વીકારી લેશે નહીં. તેથી જ આ ઘટના તેને માટે આશીર્વાદરૂપ પુરવાર થાય છે.

## માનસિક વિકૃતિઓ :

આધુનિક શહેરી જીવને એકલા માનવશરીર માટે જ નહીં પરંતુ તેના માનસ માટે પણ ભય ઊભો કર્યો છે. જ્યાં સુધી 'માનસિક ઊણપો'નો પ્રશ્ન છે ત્યાં સુધી તે સાર્વત્રિક રીતે ગામ તેમ જ શહેરોમાં જોવા મળે છે. પણ માનસિક વિકૃતિઓ કે માનસિક રોગિષ્ઠો એ તો શહેરી વાતાવરણનું જ પરિણામ છે. માનસિક રોગિષ્ઠોને સમજવા જરૂરી છે, કારણ કે જેમ શરીરને તેનું આરોગ્ય મહત્ત્વનું છે તેમ મનને તેનું આરોગ્ય-સ્વાસ્થ્ય પણ એટલું જ મહત્ત્વનું છે. શરીર અને મનના યોગ્ય સંચાલન માટે સ્વાસ્થ્ય અનિવાર્ય છે. તો પછી માનસિક સ્વાસ્થ્ય એટલે શું ? ડૉ. કુલિન પંડ્યા માનસિક સ્વાસ્થ્ય સમજાવતાં કહે છે કે ''માનસિક સ્વાસ્થ્ય વ્યક્તિત્વમાં રહેલી આંતરિક સુસંવાદિતતાનું પરિણામ છે. વ્યક્તિ પોતાની જાત સાથે અને અન્ય વ્યક્તિઓ સાથે એક પ્રકારનો સુમેળ (Harmony) અને સરળ ભાવ અનુભવે છે. પોતાની જાત સાથે અને અન્યો સાથે અનુકૂલન એ માનસિક સ્વાસ્થ્યનું પાયાનું લક્ષણ છે. આવી વ્યક્તિના વાણી અને વર્તનમાં અસંગતતા માલૂમ પડતી નથી. આંતરિક સંઘર્ષ પાછળ જીવનશક્તિ ખર્ચવી ન પડતી હોવાથી તે પોતાની સમગ્ર બૌદ્ધિક શારીરિક અને સાંવેગિક તાકાત જીવનના વાસ્તવિક પ્રશ્નોના ઉકેલ માટે વાપરી શકે છે. તેની વચ્ચે માનસિક રીતે સ્વસ્થ વ્યક્તિ વ્યવહારુ જીવનમાં પણ સફળ થતી માલૂમ પડે છે.'' ટૂંકમાં, તે વિવિધ માનસિક પરિબળો જીવનમાં પણ સફળ થતી માલૂમ પડે છે.'' ટૂંકમાં, તે વિવિધ માનસિક પરિબળો વચ્ચે સમતુલન (equilibrium) જાળવી શકે છે. પરંતુ વર્તમાન શહેરોની ભૌતિક પરિસ્થિતિએ માનસિક સ્વાસ્થ્યને પ્રતિકૂળ અસર કરી છે. ફ્રોઈડે પોતાનાં અંતિમ વર્ષોમાં ''સભ્યતા અને તેનો અસંતોષ વિષય ઉપર એક નિબંધ લખ્યો છે. તેમાં તેણે જણાવ્યું છે કે ''ઉચ્ચ સંસ્કૃતિ એક પ્રકારનું ખંડનાત્મક પરિબળ છે જે કદાપિ માનસિક વિકૃતિઓ તરફ લઈ જશે.'' પાશ્ચાત્ય દેશોનાં શહેરોમાં માનસિક વિકૃતિઓનું પ્રમાણ ઘણું ઊંચું છે. જોકે ભારત પણ આમાંથી બાકાત નથી. એકલા અમેરિકામાં 500 જેટલી મનોચિકિત્સક હોસ્પિટલો છે. 1970ના આંકડાઓ અમેરિકાના મુજબ અંદાજે 4,75,000 દર્દીઓ આ રુગ્ણાલયોમાં સારવાર લઈ રહ્યા હતા અને બીજા દશ લાખ બાહ્ય દર્દી તરીકે સારવાર લઈ રહ્યા હતા, માનસિક વિકૃતિવાળી વ્યક્તિનું વર્તન સમાજસ્વીકૃત વર્તન કરતાં જુદુ હોય છે, પરંતુ માનસિક વિકૃત માટે શહેરી વાતાવરણના કયાં કારણો જવાબદાર છે તે જાણવાં આપણાં માટે જરૂરી છે.

### શહેરોમાં માનસિક વિકૃતિનાં કારણો :

ગીસ્ટ અને હોલ્બર્ટના શબ્દોમાં ''શહેરી જીવનની જટિલતા, વ્યક્તિમત્તામાં ચીડિયાપણું વિકસાવવામાં કારણભૂત છે.'' એ જ પ્રમાણે લેન્ડીઝ અને પેજ જણાવે છે કે ''શહેરમાં વ્યક્તિઓમાં ગાંડપણનું પ્રમાણ વધારે જોવા મળે છે.'' નીચે આપેલા કેટલાંક પરિબળોએ નગરીય પરિસ્થિતિઓમાં માનસિક સ્થિરતા માટે ભય ઉભો કર્યો છે.

(1) શહેરોના વિશિષ્ટ પ્રકારના ભૌતિક વાતાવરણને પરિણામે વ્યક્તિમાં ઊભી થતી તાણ, વધુ પડતો ઘોંઘાટ, સતત પ્રકાશનું આંખ પર આક્રમણ, બદલાતી રંગબેરંગી દીવાબત્તીઓનો પ્રકાશ, હોટલ, માર્કેટ તેમ જ જાહેર આનંદપ્રમોદના સ્થળોએ લોકોની ગીચતા અને લોકોની સતત અવરજવર વગેરે માનસ પર તાણ ઊભી કરે છે. બેફામ વસ્તીના કારણે શહેરોમાં સતત ચોવીસે કલાક થતી માનવીની ચહલપહલ, શેરીઓમાં ઓટલે બેસી હસતા અને ઝઘડતા લોકોના અવાજ, બાળકો પર થતી મારપીટ અને રડારોળ, તહેવારો અને લગ્ન પ્રસંગોએ માઈક દ્વારા થતા ગગનભેદી અવાજ, રેડિયો, રિક્ષા-મોટર-સાયકલો, ખટારા, બસો, વગેરે વાહનોના હૉર્નના અવાજો અને વાહનો ચાલુત કરતાં થતા અવાજો, ફેરિયાઓ દ્વારા થતા બૂમબરાડા, બેન્ડવાજાના અવાજો વગેરે શાંતિને નુકસાન પહોંચાડે છે. એટલું જ નહીં પરંતુ ભારતમા માનસિક શાંતિ અને શારીરિક આરામ-ફળવાશ માટે નક્કી થયેલાં જાહેર હરવાફરવાનાં સ્થળોએ પણ કેટલીક વ્યક્તિઓ આવા જ ઘોંઘાટ અને વિવેકવિહીન વર્તન કરી, અન્ય લોકોના માનસ ઉપર તનાવ પેદા કરે છે, અને તેની વ્યક્તિના

શારીરિક - માનસિક આરોગ્ય ઉપર મારક અસર પડે છે.

અવાજ-ઘોંઘાટ નાનો કે મોટો હોય પણ તે માનવીને અવશ્ય ખલેલ કરતો હોય છે, તે નિદ્રાધીન માનવીને આઘાત પહોંચાડી તેને અર્ધજાગેલો બનાવી દે છે. ભારે યંત્રોના અવાજથી શ્રવણતંત્ર પર અસર પહોંચે છે. કેટલીક વખત રક્તવાહિનીઓ સંકોચાઈ જાય છે અને લોહીના ગઠ્ઠા બાઝી જાય છે. મનુષ્યની વાતચીત અવાજના એકમના માપમાં 40 થી 60 ડેસિબલની હોય છે. પરંતુ એનાથી 90 એકમનો અવાજ માનસિક અશાંતિ અને અસ્વસ્થતા ઉભી કરે છે. તે અભ્યાસ, ચિંતન અને એકાગ્રતામાં ખલેલ પહોંચાડે છે. આનાથી મગજની સજાગતા કથળે છે અને કામમાં ગોટાળા થાય છે. વળી, જો અવાજ 120 ડેસિબલ કરતાં વધે તો બહેરાશ અથવા અંધાપો આવે છે. તેનાથી બીક અને બિનસલામતીની લાગણી જન્મે છે. વ્યક્તિને તાણ, અજંપો અને ચક્કર આવે છે. આમ, અવાજ - ઘોંઘાટને પરિણામે શહેરીસમુદાયના લોકોના સ્વાસ્થ્યને નુકસાન થાય છે. જો કે હવે દિલ્લી જેવાં શહેરોમાં આને અટકાવવા માટે કાયદાઓ થયા છે. જે લોકો ઘોંઘાટ કરે છે તેમને દંડ થાય છે. જો આ ધ્વનિ પ્રદૂષણ પ્રત્યે સજાગતા રાખવામાં નહીં આવે તો આગળ જતાં એનાં અનેક પરિણામો ભવિષ્યના સમાજે વેઠવાં પડશે.

(2) હરીફાઈને લીધી ઊભી થતી તાણ : શહેરી સમુદાયમાં હરીફાઈ જીવનનો એક અંતર્ગત ભાગ મનાય છે. હરીફાઈ, નોકરી, નફો, દરજ્જો, વ્યાપાર વધારવા, ઘરાકોને આકર્ષવા, ક્લબનું સભ્યપણું પ્રાપ્ત કરવા, ચૂંટણીમાં ઊભા રહેવા તેમજ અનેક પ્રકારની ભૌતિક સુવિધાઓ મેળવવા જોવા મળે છે. આ હરીફાઈમાં કોઈ હારે છે, તો કોઈ જીતેછે. હારેલ વ્યક્તિને સાંપડેલ નિષ્ફળતાને લીધે તે લઘુતાગ્રંથિથી પીડાય છે અને માનસિક અસ્થિરતા અનુભવે છે.

(3) સંઘર્ષ સામાજિક હકીકત છે જે સાર્વત્રિક રીતે બધે જ જોવા મળે છે. શહેરમાં અગણિત સંપર્કો અને અનેક પ્રકારનાં આર્થિક, સામાજિક અને રાજકીય હિતો એકબીજા સાથે અથડાય છે. આ સંઘર્ષને પરિણામે ઝઘડા, કંકાસ, ગુના વગેરેને પ્રોત્સાહન મળે છે. કેટલીક વખત વ્યક્તિના આક્રમક લક્ષણને લીધે પણ સંઘર્ષ જોવા મળે છે. સંઘર્ષની માત્રાનો ત્યારે જ ખ્યાલ આવે જ્યારે વ્યક્તિ એનો સામનો કરવા તદ્દન અશક્તિમાન થઈ જાય છે. આ ઘટના લાંબો સમય ચાલે તો વ્યક્તિમાં હતાશા જન્માવે છે, જે આગળ જતાં તેને માનસિક રોગો તરફ દોરી જાય છે.

(4) સાંસ્કૃતિક વૈવિધ્ય અનેક પ્રકારની પેટાસંસ્કૃતિઓ, સંસ્થીકૃત વલણો અને વિરોધી નૈતિક મૂલ્યો પણ માનસિક સમસ્યા વધારે છે. સાંસ્કૃતિક વૈવિધ્ય વ્યક્તિ સમક્ષ યોગ્ય અનુકૂલનની સમસ્યાઓ ઊભી કરે છે. નવા સ્થળાંતરીઓ, શહેરી વિવિધ સંસ્કૃતિઓ, ધોરણો, ભાષા, રહેણીકરણી વગેરેથી પરિચિત હોતા નથી. તેઓ શહેરની સંસ્થાઓ સાથે અનુકૂલન સાધવા પ્રયત્ન કરે છે, પરંતુ પોતાની સંસ્કૃતિ તેનાથી ભિન્ન હોવાથી સરળ રીતે સમન્વયીકરણ સાધી શકતા નથી. આના પરિણામે જુદાં જુદાં સાંસ્કૃતિક જૂથો વચ્ચે ગંભીર સંઘર્ષો ઊભા થાય છે. સાંસ્કૃતિક વૈવિધ્યની સ્થિતિ સીમાન્ત માનવીની પરિસ્થિતિ સર્જે છે. સમન્વયીકરણની પ્રક્રિયા દરમ્યાન તે એક સંસ્કૃતિમાંથી બીજામાં સતત ફર્યા કરે છે અને માનસિક સંઘર્ષ અનુભવે છે. વળી, અગણિત ઉદ્દીપકો ત્વરિત ગતિથી તેના માનસ સમક્ષ અથડાય છે. કોનો પ્રતિભાવ પાડવો અને કોનો નહીં તે બાબત વ્યક્તિ દ્વિધા અનુભવે છે. આવો આંતરિક સંઘર્ષ છેવટે તાણ પેદા કરે છે, અને વ્યક્તિ લાગણીના ક્ષેત્રે અસલામતી અનુભવે છે. શહેરમાં તે બીજાની સોબત, સહવાસ અને સંપર્કની ઈચ્છા રાખેછે. પરંતુ જ્યારે તેને આ સાંપડતું નથી ત્યારે તેને કંઈ ખૂટતું લાગે છે. આજે શહેરી યંત્રપ્રધાન, ઔપચારિક સમાજની વ્યવસ્થા એવી થઈ ગઈ છે કે માણસ લાખોના ટોળાની વચ્ચે પણ એકલવાયાપણાથી પીડાય છે. આ એકલવાયાપણાની તીવ્ર વ્યથા માનવીની શાંતિને જોખમમાં મૂકે છે. કેટલીકવાર આમાંથી છૂટકારો મેળવવા વ્યક્તિ આત્મહત્યા પણ કરી બેસે છે. ટૂંકમાં, શહેરના અવાજ-ઘોંઘાટ, હરીફાઈ, સાંસ્કૃતિક વૈવિધ્ય, સંઘર્ષો અને એકલવાયાપણું વગેરે વ્યક્તિના માનસ ઉપર પ્રતિકૂળ અસર કરી માનસિક રોગો માટેનું નિમિત્ત બને છે.

માનસિક અસ્થિરતાને સમજવા ત્રણ પ્રકારના અભિગમોને ધ્યાનમાં રાખવા પડે છે. પ્રથમ અભિગમમાં વ્યક્તિના વર્તનને તેના જૈવિક શરીર અને દુનિયા સાથેના તેના અનુભવોના પરિણામ રૂપે જોવામાં આવે છે. એથી માનસિક રોગિષ્ઠ વ્યક્તિનાં ચિહ્નો જાણવા માટે તેની શારીરિક ઊણપો, સંગૃહીત અનુભવો અને સમાજની તેના પર પડેલી અસરો જોવી જોઈએ. બીજો અભિગમ વ્યક્તિના શરૂઆતના આંતરસંબંધોને કેન્દ્રસ્થાને રાખે છે. તેથી વ્યક્તિના જુદા જુદા વિકાસના તબક્કે અમુક બનાવો અને સાંસ્કૃતિક ઢાળની અસરને તપાસવી જરૂરી બને છે. તે સામાજિક પ્રક્રિયાને વ્યક્તિમત્તાના ઘડતરમાં મહત્ત્વના એકમ તરીકે જુએ છે, કારણ તેના દ્વારા જ ભવિષ્યમાં પુખ્ત પ્રકારની વ્યક્તિમત્તાનો

વિકાસ થાય છે. માનસિક અસ્થિરતા એક પ્રકારનું ખામીયુક્ત અનુકૂલન (Maladaptation) હોય છે, જે વ્યક્તિમત્તાનું અધૂરાપણું તથા ઓછો વિકાસ છે. આ અભિગમ પ્રમાણે ધોરણભંગવાળું વર્તન તેમજ ધોરણભંગ નથી તેવું વર્તન તે બન્ને શીખવેલ (Learned) મનાય છે. આ ઉપરાંત એવું પણ મનાય છે કે માનસિક રોગિષ્ઠો સમયે સમયે જુદા જુદા હોય છે તેમ જ દરેકે દરેક સંસ્કૃતિના પોતાના વિશિષ્ટ પ્રકારાના માનસિક રોગિષ્ટો હોય છે જે એની પોતાની વિશિષ્ટ સંસ્કૃતિનું પરિણામ છે. આ ત્રણ ઉપરાંત લેબલિંગ સિદ્ધાંત (Labeling theory) નો અભિગમ પણ છે. એટલે કે જુદા જુદા માનસિક રોગોને સમાજ દ્વારા લેબલ આપવામાં આવે છે. માનસિક રોગિષ્ઠ વ્યક્તિનું વર્તન માનસિક, સામાજિક, નૈતિક અને કાનૂની ધોરણોનાં ભંગનું વર્તન લેખાય છે. માનસિક રોગિષ્ઠોને સમાજ દ્વારા અજાણે એક લેબલ આપવામાં આવે છે. આ લેબલ એક પ્રકારના સામાજિક નિયંત્રણનું કામ કરે છે, કારણ આ દ્વારા સમાજ અમુક પ્રકારના વર્તનને અસ્વીકૃતિ આપે છે. આથી જેઓ સમાજ સ્વીકૃત વર્તન પ્રમાણે આચરણ કરતાં નથી તેઓને સમાજ લેબલનો ઉપયોગ કરી પોતાનાથી - સમાજથી દૂર રાખે છે. એટલે આપણે કહીએ છીએ કે આ વ્યક્તિ ગાંડપણથી પીડાય છે. સમાજમાં જે વ્યક્તિઓ સતત ચિંતામાં વારંવાર બબડ્યા કરતી હોય છે, ઊંઘતી ન હોય તેમજ વધુ એકલપેટી હોય તેવી વ્યક્તિઓને સમાજ 'ગાંડો છે', 'જરા ખસી ગયેલું છે' એવા લેબલ દ્વારા ઓળખે છે. આવી કેટલીક વ્યક્તિઓ ખરેખર ગાંડપણમાં ન હોય તો પણ સમાજ દ્વારા તેમના મન ઉપર સતત 'ગાંડો' અથવા 'ખસી ગયેલો છે' તેવા લેબલના પ્રહારને લીધે તે માનસિક રીતે અસ્થિર બની જાય છે.

સમાજમાં વ્યક્તિના શરીરમાં જેમ અનેક પ્રકારના રોગો જોવા મળે છે તેમ માનસિક વિકૃતિઓ પણ વિવિધ પ્રકારની જોવા મળે છે. પરંતુ સમાજે સમાજે તેની માત્રામાં ભિન્નતા જોવા મળે છે. સામાન્ય રીતે કેટલીક માનસિક વિકૃતિઓ વ્યક્તિમાં રહી ગયેલી શારીરિક ખામીઓને લીધે જોવા મળે છે, જ્યારે બીજી કેટલીક તેના શરૂઆતના એટલે કે બાલ્યાવસ્થાના યુવાવસ્થાના સમયગાળા દરમ્યાન તેના પોતાના માનસિક અનુભવોમાં રહી ગયેલી ખામીઓને પરિણામે જોવા મળે છે. આના માટે સામાજીકરણમાં રહી ગયેલી ઊણપો જવાબદાર ગણાય છે. એટલે જ થોમસ સાઝ (Thomas Szasz) નામના મનોચિકિત્સકે જણાવ્યું છે કે ''તમામ પ્રકારની માનસિક વિકૃતિઓ સામાન્ય રીતે જીવનની મુશ્કેલ પરિસ્થિતિઓનો સામનો કરવા ખામીભરી વ્યૂહરચનાને પરિણામે સર્જાય છે'' વિવિધ વ્યૂહરચના વચ્ચે વિસંવાદિતા સર્જાય છે, અને વ્યક્તિએ શું કરવું અને શું નહીં કરવું તે બાબત સૂઝ પડતી નથી, અને છેવટે એવી સ્થિતિમાં ફસાયેલી વ્યક્તિ માનસિક રોગિષ્ઠ બની જાય છે.

### માનસિક વિકૃતિના પ્રકારો :

પરંપરાગત રીતે માનસિક વિકૃતિઓને ત્રણ વર્ગમાં વહેંચી નાંખવામાં આવે છે : (1) મનોદૈહિક વિકૃતિ (Psychosomatic disorder), (2) ક્રિયાત્મક મનોવિકૃતિ (Functional psychosis), (3) મનોસ્નાયુ વિકૃતિ (Psychoneurosis)નો સમાવેશ થાય છે.

**(1) મનોદૈહિક વિકૃતિઓ :** વ્યક્તિ શરીર અને મન અવિભાજ્ય રીતે પરસ્પર સંકળાયેલાં હોઈ માનસશાસ્ત્રીની દૃષ્ટિએ તેને સમગ્ર રીતે જોવાં જોઈએ. માનસિક સ્વાસ્થ્ય માટે શારીરિક સ્વાસ્થ્ય પણ જરૂરી છે. માનસિક અસ્વાસ્થ્ય શારીરિક અસ્વાસ્થ્ય માટે જવાબદાર ગણાય છે, કારણ જેમ માનસિક બીમારી શરીરને અસર કરે છે તેમ શારીરિક બીમારી મનને પણ અસર કરે છે. બંને એકબીજાનાં પૂરક છે. તેથી જે વિકૃતિ મન અને શરીર સાથે જોડાયેલી છે તેને મનોદૈહિક વિકૃતિ તરીકે ઓળખવામાં આવે છે. શારીરિક દૂરનુકૂલન (Maladjustment)ને પરિણામે લાગણીતંત્રમાં દબાણ વધી જાય છે. ત્યારે આ પ્રકારની વિકૃતિઓ સર્જાય છે. દુનિયાના લગભગ બધા જ સમાજોમાં આ વિકૃતિઓ ઓછેવત્તે અંશે જોવા મળે છે. તેમાંય આજનાં મહાનગરો અને નગરો જે સતત અજંપાનું કેન્દ્રસ્થાન હોય છે ત્યાં આ પ્રકારની વિકૃતિઓ સવિશેષ પ્રમાણમાં જોવા મળે છે તેમ જ તે સ્વાસ્થ્યને લગતી એક ગંભીર સમસ્યા બની ગઈ છે. શા માટે આ પ્રકારની વિકૃતિઓ સામાન્ય થઈ ગઈ છે ?

મનોદૈહિક વિકૃતિઓ માટે ભાગે નગરીય વાતાવરણ સાથે સમન્વયીકરણ સાધવામાં નિષ્ફળતા સાંપડવાને લીધે જોવા મળે છે. દરેક વ્યક્તિમાં આવેગો હોય છે. આ આવેગોને અભિવ્યક્ત કરવા તે પ્રયત્ન કરે છે. પરંતુ જ્યારે આ આવેગોને અભિવ્યક્ત કરવા જતાં અવરોધો અથવા અંતરાયો આડે આવે છે ત્યારે તેનામાં વ્યથા, ચિંતા, સંઘર્ષ અને તંગદિલી અનુભવાય છે. આ તંગદિલીને તે પોતાનાં શારીરિક અંગો દ્વારા અભિવ્યક્ત કરવા પ્રયત્ન કરે છે અને વ્યક્તિ મનોદૈહિક વિકૃતિ જેવી કે ડાયેરિયા, કબજિયાત, ચામડીમાં ખંજવાળ, ત્વચાના રોગો, દમ, ખીલ, લોહીનું ઊંચુ દબાણ,

મુત્રદાહ તેમજ જઠરવ્રણ (Stomachutcer) વગેરેનો ભોગ બને છે. બીજી રીતે કહીએ તો માનસિક તંગદિલી અનુભવતી વ્યક્તિ તેનું શમન કરવા અથવા તેને દબાવવા અસમર્થ નીવડે છે ત્યારે તે શારીરિક વિકારો જેવા વૈકલ્પિક માર્ગો અખત્યાર કરી તેનું શમન કરે છે. મનોદૈહિક વિકૃતિઓ માટે દીર્ઘકાલીન ચિંતા, નિષ્ફળતા અને લઘુતાગ્રંથિ પણ જવાબદાર ગણાય છે જે આજના હરીફાઈ અને સંઘર્ષયુક્ત નગરીય સમાજમાં સર્વસામાન્ય થઈ પડી છે.

**(2) મનોસ્નાયુ વિકૃતિઓ :** આજના યુગમા 'ન્યુરોસિસ' અને 'ન્યુરોટિક' શબ્દ સામાન્ય થઈ ગયા છે. આ પ્રકારની વિકૃતિઓમાં વ્યક્તિ પોતાના જીવનમાં વારંવાર બનતી સમસ્યાઓ અને પરિસ્થિતિઓનું સાચું અને વાસ્તવિક મૂલ્યાંકન કરી શકતી નથી. યોગ્ય વસ્તુ અથવા હકીકત શું છે તેનો ક્યાસ કાઢી શકતી નથી અને તીવ્ર સંઘર્ષના ભાવથી પીડાય છે. આમાં વ્યક્તિ પોતાની જાતસાથે અને સમાજસાથે મેળ બેસાડવામાં અસમર્થ નીવડે છે. આ એક પ્રકારનું દૂરનુકૂલન (maladjustment) છે. આ વિકૃતિને મનોવિજ્ઞાનની પરિભાષામાં મનોસ્નાયુ વિકૃતિ તરીકે ઓળખવામાં આવે છે. અહીં વ્યક્તિ મનની વિવિધ કલ્પનાઓમાં રાચે છે અને વ્યક્તિમત્તાના કાર્યમાં અવ્યવસ્થા સર્જાય છે. દરેક વ્યક્તિમાં કાંઈક અંશે આ મનોવિકૃતિ જોવા મળે છે. એટલે ઘણી વખતે વ્યક્તિના સામાન્યતઃ વ્યવહાર અને મનોસ્નાયુ વિકૃતિ વચ્ચે ભેદરેખા દોરવી મુશ્કેલ છે. આ વિકૃતિનું મહત્ત્વનું લક્ષણ વ્યક્તિમાં રહેલી ચિંતા છે, જે સીધા યા આડકતરી રીતે વ્યક્તિમાં જોવા મળે છે. ચિંતાને વિવિધ માનસશાસ્ત્રીય બચાવપ્રયુક્તિઓ દ્વારા નિયંત્રિત કરવામાં આવે છે. પરંતુ આ ચિંતાની માત્રા એટલી હદે પહોંચી જાય છે કે જ્યાં વ્યક્તિ પોતાનો સામાન્ય વ્યવહાર ચલાવવા અસમર્થ બને છે ત્યારે આવી અસ્થિરતા મનોસ્નાયુ વિકૃતિઓ તરીકે ઓળખાય છે. શા માટે આ વિકૃતિઓ સમાજમાં જોવા મળે છે ? તેના પ્રકારો કયા કયા છે ?

મનોસ્નાયુ વિકૃતિ વ્યક્તિનું એક પ્રકારનું અસ્વાસ્થ્ય છે, પરંતુ આ અસ્વાસ્થ્ય જન્મજાત નથી કે એકાએક ઉદ્‌ભવતું નથી. તે કુટુંબ અને સમાજ સાથેની આંતરક્રિયા દ્વારા ઉદ્‌ભવે છે. મહદ્‌અંશે વ્યક્તિમત્તાના ઘડતરમાં રહી ગયેલી ખાસ પ્રકારની ખામીઓ પણ તેના માટે જવાબદાર લેખાય છે. તેમાંય શરૂઆતના સમયગાળા દરમ્યાન માતા-પિતા દ્વાર થતું બાળકનું સામાજીકરણ મહત્ત્વનું છે. ખામીભરેલા સમાજીકરણને લીધે બાળક પોતાનામાં વિશ્વાસ ગુમાવી બેસે છે અને પરાવલંબી બની જાય છે. બીજા સાથે હરીફાઈમાં ઊતરવા તે લઘુતાગ્રંથિથી પીડાય છે. નિષ્ફળતા મળતાં તે હતોત્સાહ બની જાય છે. આ પ્રકારની વ્યક્તિ સતત ચિંતા અને ભયથી પીડાતી જોવા મળે છે તેથી તેઓમાં ભય એ રીતે ઘર કરી બેસે છે કે તેઓ અકસ્માત, ગાંડપણ અને મરણના અવાસ્તવિક ભયથી પીડાય છે. વળી, તીવ્ર ચિંતાની સાથે તે તાણ અને અતિસંવેદનશીલતાના અનુભવથી પણ પીડાતી જોવા મળે છે. સુખદુઃખના અનુભવોમાં એ સંવેદનશીલ રહે છે. આને પરિણામે તે પોતાની લાગણી, આજ્ઞાઓ અને મહત્ત્વકાંક્ષાઓમાં જ તલ્લીન રહે છે. તે એમ માનતો થાય છે કે જીવનમાં સતત સંઘર્ષ કર્યા વગર છૂટકો નથી. આથી તેનામાં સ્વકેન્દ્રીપણું વિકાસ પામે છે. એટલું જ નહીં પરંતુ તેનામાં સૂઝનો અભાવ અને જડતા પણ વિકસે છે. મુશ્કેલ પરિસ્થિતિમાંથી બચવાનો માર્ગ તેને જડતો નથી. અસંતોષ, દુઃખભાવ, ભય અને સંઘર્ષના સતત દબાણ હેઠળ રહેવાથી વ્યક્તિમાં નિરાશાવાદીપણું આવી જાય છે. પોતે કોઈ પણ રીતે આગળ આવી શકે તેમ નથી તેવી માન્યતાથી પીડાય છે. દરેક પરિસ્થિતિમાં કે સંજોગોમાં તેને અસંતોષ રહ્યા જ કરે છે. તેનામાં કોઈ ઊણપ હોય, કંઈ ખૂટતુ હોય તેવી લાગણીથી પીડાય છે. આ ઘટના તેને બેચેન અને પરેશાન રાખે છે. તાણ, ચિંતા અને ભયને લીધે તેનું ચિત્ત સતત વ્યગ્ર રહે છે. પરિણામે તેને વારંવાર થાક લાગે છે, માથું ભારે થતું લાગે છે અને યોગ્ય આરામ અને ઊંઘનો અભાવ જોવા મળે છે. કોઈપણ બાબતમાં તે શાંત ચિત્તે વિચારી શકતો નથી અને એકાગ્રતા લાવી શકતો નથી. આમ મનોસ્નાયુ વિકૃતિવાળી વ્યક્તિઓમાં તીવ્ર ચિંતા, તાણ અને ભય જોવા મળે છે. જેમાંથી સંરક્ષણ મેળવવા તે અનેક બચાવ પ્રયુક્તિઓ અપનાવે છે.

મનોસ્નાયુ વિકૃતિઓના પ્રકારોમાં ઓબસેશન, કમ્પલ્ઝન, ફોબિયા ડિલ્યુઝન, ઈલ્યુઝન, હેલ્યુસિનેશન, ડેલિરિયમ, સાયકોસ્થેનિયા, ન્યુરોસ્થેનિયા પેપ્ટિક અલ્સર વગેરેનો સમાવેશ થાય છે. આ બધી વિકૃતિઓ શહેરી વાતાવરણને જવાબદાર છે. ફોબિયા એક એવી વિકૃતિ છે કે જયાં વ્યક્તિને ભયનું કારણ ન હોય ત્યાં પણ તે ભયભીત બની જાય છે. એટલું જ નહીં પરંતુ કેટલીક પરિસ્થિતિઓ અથવા પદાર્થો ભય ઉત્પન્ન કરતા ન હોવા છતાં પણ તેનાથી વ્યક્તિ ભય અનુભવે છે. એટલે કે કારણ વગર ભય અથવા ડરથી પીડાવું એ આ પ્રકારની માનસિક બીમારીની એક ખાસિયત હોય છે. મનોચિકિત્સાની યાદીમાં 344 પ્રકારની ભયગ્રંથિઓ (phobias) ગણાય છે, જેમાં ખલોસ્ટ્રોફિબિયા (claustrophobia) - સાંકડી, બંધિયાર, જગ્યાનો ભય, એક્રોફોબિયા

(acrophobia) ઊંચા સ્થાનનો ભય, હોમાટોફોબિયા (hematophobia) લોહીનો ભય, મોનોફોબિયા (monophobia) એકલાં હોવાનો ભય, ઓચ્લોફોબિયા (ocholophobia) ટોળાનો ભય, પાયરોફોબિયા (pyrophobia) આગનો ભય, વગેરે જાણીતા છે. ભયગ્રંથિ માટે બાલ્યાવસ્થા દરમ્યાન માતા-પિતા દ્વારા કરવામાં આવેલ ખામીભર્યું સામાજીકરણ પણ જવાબદાર ગણાવી શકાય. આ જ પ્રમાણે મનોવિભ્રમ (illusion) વાળી વ્યક્તિને પદાર્થો અથવા વ્યક્તિઓ જેવી છે તેવી દેખાતી નથી, પરંતુ પોતાની મનોગ્રંથિઓ વડે તે વિકૃત થયેલી જોવા મળે છે. આવી વ્યક્તિ દોરડાને સાપ તરીકે જુએ છે. આવી વ્યક્તિઓને સમાજની વ્યક્તિઓ જેવી છે તેવી દેખાતી નથી. બીજી વિકૃતિ કલ્પનાવિભ્રમ (Hallnciuation) છે. આમાં વ્યક્તિની કલ્પના શક્તિમાં વિકૃતિ જોવા મળે છે. જ્યાં કંઈ ન હોય ત્યાં કંઈક છે તેવું તેને દેખાય છે.

**(3) ક્રિયાત્મક મનોવિકૃતિ (Functional Psychosis) :** સામાન્ય રીતે ઉપરોક્ત બે માનસિક વિકૃતિઓ કરતાં ક્રિયાત્મક મનોવિકૃતિને ગંભીર વિકૃતિ તરીકે લેખવામાં આવે છે. અહીં વ્યક્તિની મનોવિકૃતિમાં તીવ્રતા વધુ જોવા મળે છે. ઉપરાંત તેની વ્યક્તિમત્તામાં ગંભીર સ્વરૂપનું વિઘટન જોવા મળે છે. તેની વાસ્તવિક દુનિયા સાથેની આંતરક્રિયા અથવા સંબંધો છિન્નભિન્ન થઈ જાયછે. તે બીજા સાથે સુમેળ સાધી શકતી નથી. પરિણામે આ પ્રકારની વિકૃતિ સર્જાય છે અને વ્યક્તિને હોસ્પિટલમાં ખસેડવાની જરૂર પણ ઊભી થાય છે, કારણ કે તે કોઈથી નિયંત્રિત થઈ શકતી નથી. આ પ્રકારની વ્યક્તિને સમાજ ગાંડપણના લેબલથી ઓળખે છે. વળી, આવા રોગથી પીડાતી વ્યક્તિ પોતાનો વ્યવહાર અથવા પોતાની સામાજિક ફરજો બજાવી શકવા અસમર્થ હોય છે. આમાં સ્કિઝોફ્રેનિયા (Schizophrenia) મુખ્યત્વે છે. જેમાં વ્યક્તિની વાણી અને વર્તનમાં વિકૃતિ આવી જાય છે. પરિણામે તે મન ફાવે તેવી વાણી ઉચ્ચારે છે. અને વર્તન કરે છે, તેમ જ અમુક ક્રિયાનું સતત પુનરાવર્તન કરે છે. આમાં વ્યક્તિની વ્યક્તિમત્તા વિભાજિત (Split personality) થતી જોવા મળે છે સ્કિઝોફ્રેનિયાના મુખ્યત્વે ત્રણ પ્રકાર છે.

**(અ) હેબેફ્રેનિયા (Habephrenia) :** જેમાં વ્યક્તિનું વર્તન અનુચિત બની જાય છે. તે મુર્ખાઈભર્યું વર્તન કરી ગમે તેવા ચાળા, દાંતિયા અથવા હસ્યા કરે છે. આવી વ્યક્તિના વ્યક્તિત્વનું વિઘટન ગંભીર પ્રકારનું હોય છે. બીજી રીતે કહીએ તો તેના વિચાર, વાણી અને વર્તનમાં અસંગતતા જોવા મળે છે. તે શાબ્દિક વિભ્રમોથી પીડાતો જોવા મળે છે. તેને સતત અવાજો સંભળાય છે. તેની પાછળ કોઈ પડ્યું હોય અથવા કોઈ તેને ઠપકો આપતું હોય તેવો તેને ભાસ થાય છે. અવાજો તેના ચિત્તમાં અનેક ભ્રમો પેદા કરે છે અને તેથી તે હસ્યા કરે છે. રડ્યા કરે છે અથવા ચાળા કરે છે. કેટલીક વાર તે દુશ્મનનો સામનો કરતો હોય તેમ સતત મુક્કબાજી કરતો જોવા મળે છે. ગાળો દેવા માંડે છે તેમ જ અશ્લિલ વર્તન પણ કરે છે. કેટલીક વખત ભયભીત બની આક્રમક પણ બને છે. આવા વખતે તેને નિયંત્રિત રાખવો મુશ્કેલ બને છે. મૂળમાં આ પ્રકારની વિકૃતિથી પીડાતી વ્યક્તિ પોતાના મનમાં ચાલતા તરંગો પ્રમાણે વર્તન કરે છે.

**(બ) મેનિક ડિપ્રેસિવ સ્ટેટ (Manic-depressive state) :** આ વિકૃતિ અતિશય ચંચળતા, અજંપો અને ધમાલની સ્થિતિને લગતી હોય છે. આ પ્રકારની વિકૃતિમાં વ્યક્તિની સ્થિતિ આંતરે આંતરે બદલાયા કરે છે. ઘડીકમાં તેની સ્થિતિ અજંપો અને ધમાલની જોવા મળે છે. જ્યારે બીજી જ પળમાં આ સ્થિતિ બદલાઈ તે નિષ્ક્રિય બની જાય છે. ક્યારેક વધુ પડતી ચિંતા અને વ્યથા થવાને પરિણામે તે આત્મહત્યા કરવા પ્રેરાય છે. ઘણી વખત તેને કાબૂમાં રાખવો મુશ્કેલ બને છે.

**(ક) પેરાનોઈડ સ્કિઝોફ્રેનિયા (Paranoid Schizophrenia)** માં વ્યક્તિને ભ્રમણાઓ થાય છે. આ પ્રકારની વિકૃતિ સામાન્ય રીતે 40 થી 50 વર્ષની આસપાસ જોવા મળે છે. તેનામાં રહેલી ભ્રમણાઓ તેના વિચારો અને વર્તન દ્વારા પ્રદર્શિત થાય છે. આ ભ્રમણાઓ સ્થિર રહેતી નથી, પરંતુ બદલાયા કરે છે. આમાં વ્યક્તિ પોતાના સગાંસંબંધી - પછી તે માતા, પિતા, પત્ની ભાઈ કે ભાભી હોય તેને શંકાથી જુઓ છે. તેનો કોઈ પીછો કરતું હોય તેમ જ તેને મારવા કોઈ મથતું હોય તેવી ભ્રમણાઓ થયા કરે છે. કેટલીક વખત તેવી વ્યક્તિ પોતાને મહાન સમજી તે પ્રમાણે વર્તન કરવા પ્રેરાય છે. આમ, ક્રિયાત્મક મનોવિકૃતિના કેટલાક મુખ્ય પ્રકારો હોય છે. માનસિક રોગિષ્ઠોની સંખ્યા દિન-પ્રતિદિન વધતી જાય છે અને આજના તનાવના યુગમાં આ વિકૃતિ વધવાની સંભાવના નકારી કાઢી શકાતી નથી.

આમ, માનસિક વિકૃતિઓ માટે શહેરી વાતાવરણ, વ્યક્તિના પોતાના બાલ્યાવસ્થા દરમ્યાનના અનુભવો, માતા-પિતા દ્વારા થયેલ ખામીયુક્ત સમાજીકરણ, આડોશપાડોશનો સહવાસ, ઘટતાં જતાં કુટુંબના કાર્યો, આર્થિક ભીંસ, ગરીબાઈ, કેટલીકવાર વિપુલ સંપત્તિને પરિણામે ઉભી થતી નિરાશા વગેરે જવાબદાર ગણાવી શકાય છે. પાશ્ચાત્ય સમાજોમાં વૃદ્ધાવસ્થાના ગાળામાં માનસિક

વિકૃતિઓ વધુ પ્રમાણમાં જોવા મળે છે. ઉપરાંત શહેરમાં જોવા મળતાં મૂલ્યો, જૂથો અને ભિન્ન ભિન્ન વ્યવસાયો અને તેની અપેક્ષાઓ વચ્ચે થતો સંઘર્ષ, વ્યક્તિને આ દિશા તરફ લઈ જાય છે. ફેરિસ અને ડનહેમે 'મેન્ટલ ડિસઓર્ડર એન્ડ અર્બન એરિયાઝ'ના અભ્યાસ પરથી તારવ્યું છે કે માનસિક રોગિષ્ઠોનું પ્રમાણ શહેરના મધ્યભાગમાં જ્યાં વસ્તીની ગીચતા, પચરંગીપણું અને સામાજિકરણે અને શહેરીકરણ માનવીના માનસમાં તાણ, અજંપો, ચિંતા અને સંઘર્ષો ઊભાં કર્યા છે. હવે તો એમ કહેવામાં આવે છે કે કોઈપણ વ્યક્તિ એના જીવનકાળ દરમ્યાન આવા અનુભવમાંથી મુક્ત નથી. દરેકને કોઈક ને કોઈક રૂપમાં માનસિક તાણ અને સંઘર્ષનો અનુભવ થાય જ છે.

## સમાજવિરોધી સંગઠનો :

આધુનિક નગરીય સમુદાયો અને ખાસ કરીને મહાનગરોમાં સમાજવિરોધી પ્રવૃત્તિઓ તથા ગુનાઓ કરતાં સંગઠનો કાયદો અને વ્યવસ્થાને ક્ષેત્રે ગંભીર સમસ્યાઓ ઉભી કરે છે. આવાં સમાજ વિરોધી સંગઠનો શહેરોમાં ખૂબ જ વ્યવસ્થિત અને છૂપી રીતે ગુનાઓ આચરતા હોય છે. જેમાં હિંસા, ધાકધમકીથી પૈસા પડાવવા, ગેરકાયદેસર દારૂ ગાળવો, સટ્ટો-જુગાર ચલાવવો, વેશ્યાગીરી ચલાવવી, કેફી પીણાંઓ પૂરાં પાડવાં, દાણચોરીનો માલ ઘુસાડવો અને પહોંચાડવો વગેરે અનેક પ્રકારના ગુનાઓનો સમાવેશ થાય છે. આ સંગઠનો જ્યારે વેપાર અને કામદારોનાં સંગઠનોમાં પ્રવેશે ત્યારે ત્યાં અજંપો પેદા કરે છે. આથી કામદાર સંગઠનોની એક્તા જોખમાય છે. આવાં છૂપાં સંગઠનોમાં કેટલાંક સંગઠનો રાજકીય લાભ ઉઠાવવા અસ્તિત્વમાં આવ્યાં હોય છે અને તે માટે તે લોકો હિંસા આચરતાં પણ અચકાતા નથી. વળી, કેટલાક સંગઠનો દાણચોરી દ્વારા મોજશોખની વસ્તુઓની છૂપી હેરાફેરી કરે છે તેમજ અફીણ, ભાંગ, ગાંજો, ચરસ, હેરોઈન, કોકેઈન અને એલ.એસ.ડી. જેવા પદાર્થોની ગેરકાયદેસર હેરાફેરી કરી શકે છે. કેફી પદાર્થોમાં સૌથી વધુ દાણચોરી અફીણની થાય છે. આવા કેફી પદાર્થોની ગેરદાયકે હેરાફેરી માટે આંતરરાષ્ટ્રીય સ્તરે પણ સબળ વ્યવસ્થાતંત્ર ચાલે છે.

દુનિયાનાં બધાં જ શહેરોમાં આવાં છૂપાં અને સંગઠિત સમાજવિરોધી સંગઠનો હોય છે જે અનેક ગુનાઓ આચરે છે. 1965માં અમેરિકામાં નિમાયેલા કમિશનની મોજણી પ્રમાણે અમેરિકાનાં મોટાં તેમ જ નાનાં શહેરોમાં અનેક ગુના આચરનારાં સંગઠનો જોવા મળ્યાં હતાં. આવાં સમાજવિરોધી સંગઠનોના ફેલાવા માટે કાયદાનું પાલન કરાવનારા અધિકારી દ્વારા લેવાતી લાંચરૂશ્વત અને રાજકીય માળખું પણ જવાબદાર બને છે. સમાજના અમુક વર્ગો તરફથી સબળ ટેકો મળવાથી આવાં સંગઠનો નભે છે. 1951માં નિમાયેલી કિફોવર (Kefauver) કમિટીએ જણાવ્યું કે અમેરિકાનાં મોટાં શહેરોમાં માફિયા સિંડિકેટના સભ્યો જોવા મળે છે અને તેમના હાથમાં કેટલાંય રેકેટો ચાલે છે. હાલમાં અમેરિકામાં આવાં 24 સંગઠનો તુલનાત્મક રીતે મોટા પાયા ઉપર કાર્ય કરી રહ્યાં છે. 1966માં હુપરે 'હાઉસ ઑફ રિપ્રેઝન્ટેટિવ્ઝ એપ્રોપીએશન સબકમિટિ'ને જણાવ્યું કે 'લો કોઝા નોસ્ટ્રા' નામની ગુનાહિત પ્રવૃત્તિઓ આચરતી સંસ્થા અમેરિકામાં જાણીતી છે, જેના સભ્યો સંગઠિત અને શિસ્તબદ્ધ છે અને તેણે દરેક પ્રકારના ગુનાઓ કર્યા છે.

જેમ અમેરિકામાં ત્યાંનું 'માફિયા' સંગઠન અનેક પ્રકારનાં કાર્યો માટે જગપ્રસિદ્ધ છે તેમ 'ચીની માફિયા'ઓનું સંગઠન પણ વ્યાપક પ્રમાણમાં પ્રસરેલું જોવા મળે છે. ચીનીઓ દુનિયામાં ઘણાં દેશોમાં ફેલાયેલા છે. આ સંગઠનને 'ભેદી મંડળીઓ' તરીકે ઓળખવામાં આવે છે. પશ્ચિમી દેશો આ સંગઠનને 'ટ્રીઆડ'ના નામે ઓળખે છે, જ્યારે ચીન અને અગ્નિ એશિયાના દેશોમાં તે 'ટોન્ગ'ના નામથી ઓળખાય છે. એક અંદાજ પ્રમાણે એકલા હોંગકોંગમાં જ આશરે 35,000 ચીનાઓ એવા સંગઠનના સભ્યો છે. અમેરિકાની ઈન્ટરપોલ નામની સંસ્થાએ સ્પષ્ટપણે જણાવ્યું છે કે દુનિયાના આગળ પડતા દેશોનાં મુખ્ય શહેરોમાં આ 'ચીની માફિયા'ઓની ટોળીના સભ્યો ફેલાયેલા છે. તેમાં ફ્રાંસ, બ્રિટન, હોંગકોંગ, અમેરિકા, જર્મની વગેરે દેશો મુખ્ય છે. લંડન, પેરિસ, એમ્સ્ટરડેમમાં અણધાર્યા છાપા મારી અનેક ચીનાઓની હત્યા કરી છે. આ ટોળીના સભ્યો આધુનિક શસ્ત્રોથી સજ્જ હોય છે. અગ્નિ એશિયાના દેશો તેમજ નેપાળ, બર્મા અને બાંગ્લાદેશમાં અફીણ અને હેરોઈન જેવાં કેફી પદાર્થોની દાણચોરી કરી આ દેશોમાં ફેલાવે છે. પરિણામે સમાજના કેટલાક ઊંચા વર્ગના લોકો પણ આ નાના સભ્યો બનવા લાગ્યા છે.

**સમાજવિરોધી સંગઠનોનાં લક્ષણો :**

સમાજવિરોધી સંગઠનોમાં અસરકારક રીતે ઉપરથી નીચે વિચારવહન (Communication) ચાલે તે માટે દરજ્જાના કોટિક્રમનું બંધારણ જોવા મળે છે. આને પરિણામે જવાબદારીની વહેંચણીનું સંચાલન સરળ બને છે અને દરેક વ્યક્તિ પોતાને આપેલી જવાબદારીની ફરજ અદા કરવા હરહંમેશ

તત્પર રહે છે. પોતાનું ધાર્યું કાર્ય કરાવવા આ સંગઠનો ધાકધમકી અથવા બળનો વારંવાર ઉપયોગ કરે છે. પોતાના સંગઠનના નેતાની ઇચ્છાને અનુલક્ષીને હિંસાનો ઉપયોગ પણ કરે છે. આને માટે તેઓ ધંધાદારી ગુનેગારોની નિમણૂક કરે છે. જેના દ્વારા પોતાની ઇચ્છા પ્રમાણેનું કામ કરાવી શકાય. આ સંગઠનો પોતાનું સંગઠન વિશાળ કરીને તેમજ તેનું કાર્યક્ષેત્ર ફેલાવીને નફો મેળવવાના પ્રયાસોમાં કાયદા વિરુદ્ધની પ્રવૃત્તિઓ કરતાં પણ અચકાતા નથી. આ માટે તેમણે જુદા જુદા અધિકારીઓ, રાજકારણીઓ અને પોલીસો સાથે સંપર્કમાં આવવું પડે છે. તેમજ નફાની વહેંચણી પણ જરૂરી બને છે. પરિણામે આવાં છૂપાં સંગઠનોમાં વિશાળ પાયા પર આયોજન જોવા મળે છે. દરેક કાર્ય આયોજન પ્રમાણે થાય છે. વળી, પોતાના સભ્યોને હાથકડી અને ફોજદારી ગુનાથી રક્ષણ અપાવવા અનેક પ્રકારની રીતરસમો અપનાવવી પડે છે. અમેરિકાની કેફુવર કમિટી સમક્ષ સરકારી અધિકારીઓ દ્વારા આવાં સંગઠનો પાસેથી લેવામાં આવતી લાંચરૂશ્વતના કેટલાક પુરાવાઓ મળ્યા જે આ પ્રમાણે છે : (1) પ્રત્યક્ષ લાંચ અથવા કાયદાનો અમલ કરનારને સંરક્ષણ બક્ષવાની લાંચ જેથી તેઓ તેમની ગુનાહિત પ્રવૃત્તિઓને આડે ન આવે, (2) પોતાના હિતોનાં રક્ષણ અને ગુનાહિત પ્રવૃત્તિઓને છુપાવવા રાજકીય દબાણનો ઉપયોગ કરે, અને (3) કાયદાનો અમલ કરનારાઓને સંગઠિત ગુનામાં સીધી ભાગીદારીમાં સંડોવીને. ઉપરાંત આ સંગઠનોમાં તેમના નેતાઓમાં ચોક્કસ પ્રકારના આંતરસંબંધો જોવા મળે છે. સૌથી મહત્ત્વની ઘટના તેના સભ્યોમાં જોવા મળતી જૂથનિષ્ઠા અને વફાદારી છે અને એટલે તેમનામાં એકતા વધુ જોવા મળે છે. આમ, આ સંગઠનોમાં વ્યવસ્થિત રીતે રચાયેલા જૂથનાં લક્ષણો દેખાય છે.

સમાજવિરોધી સંગઠનોના અસ્તિત્વ માટેનાં કારણો : સમાજમાં શા માટે આ પ્રકારનાં સંગઠનો જોવા મળે છે ? તેનાં કારણો આપણને સમાજમાંથી જ મળી રહે છે. સમાજના અમુક વર્ગ તરફથી અમુક પ્રકારની સેવા, માલ અથવા પ્રવૃત્તિની સતત માંગ સમાજમાં ગ્રાહકો ઊભા કરે છે. બીજી બાજુ સમાજ આ પ્રકારની માંગને કાયદા પ્રમાણે સંતોષવામાં નિષ્ફળ નીવડે છે. આ સમાજોમાં સંગઠિત ગુનો આચરનારાં જૂથો આ પ્રકારની સેવા, માલ અથવા પ્રવૃત્તિની માંગને પૂરી પાડવા તૈયાર હોય છે. તેથી આ પ્રકારનાં જૂથો સમાજમાં વિશાળ પાયા પર પોતાનું ષડયંત્ર ગોઠવીને કાર્ય કરતાં જાય છે. ભારતમાં કેટલીક વખત આવાં જૂથો ગરીબો અને બેકારોને સંડોવી તેમનું શોષણ કરતાં જોવા મળે છે. આમ, તે સમાજમાં ગેરકાયદેસરની પ્રવૃત્તિઓ ફેલાવા માંડે છે. સમાજવિરોધી સંગઠનો સમાજ માટે ઓક્ટોપસ પ્રાણીની માફક હાનિકારક છે. તેમાં સમાજના અનેક લોકો હોમાઈ જાય છે, તેથી પંરપરાગત ગુના કરતાં આ સંગઠિત રીતે થતા ગુના સમાજ માટે વધુ હાનિકારક પુરવાર થાય છે. આવા છૂપાં સંગઠનો સમાજમાં પોતાની જાળ બિછાવતાં જાય છે, કારણ તેમાં નફાનું પ્રમાણ ઘણું ઊંચું હોય છે, જેનાથી તેઓ સહેલાઈથી લાંચરુશ્વત આપી શકે છે. આને કાયદાથી દૂર કરવા અશક્ય છે. જો સમાજના સભ્યો જ આનો બહિષ્કાર કરે તો તેમની પકડ કંઈક દૂર થઈ શકશે તેમ કહી શકાય છે.

•

# એકમ 9 શહેરી જમીનના ઉપયોગની તરાહ અને વસવાટની સમસ્યા

(અ) શહેરી જમીનના ઉપયોગની તરાહ
- પ્રસ્તાવના
- શહેરી જમીન-ઉપયોગના પ્રમુખ અંગો
- શહેરી જમીન-ઉપયોગની તરાહનું સ્વરૂપ
- જમીનના ઉચિત ઉપયોગના અભાવના કારણો

(બ) નગરીય આવાસ અને રહેઠાણની સમસ્યા
- પ્રસ્તાવના
- નગરોમાં વસવાટના પ્રમુખ પ્રશ્નો
- વસવાટના પ્રશ્નોનું હલ માટેનાં સરકારી પગલાં
1. કાનૂનીકરણ
2. ઝૂંપડપટ્ટી સુધારણાં અને નવા મકાનો બાંધવા અંગેના કાર્યક્રમો
- નગરોમાં રહેઠાણના પ્રશ્નને ઉકેલવા માટેના સૂચનો

નગર સમુદાયોમાં જમીનના ઉપયોગની તરાહ નગર વિકાસની સાથે બદલાતી રહે છે. જેમ જેમ નગરનો વિકાસ થાય છે તેમ તેમ જમીન ઉપર વસ્તી અને વેપારિક ક્રિયાઓનું દબાણ વધતું જાય છે. પરિણામે સ્વરૂપે જમીનની કિંમત ઉત્તરોત્તર વધતી જાય છે અને તસુ તસુ જમીનના ભાવ હજારો અને લાખો રૂપિયામાં બોલાતા થાય છે, અર્નેસ્ટ બર્ગેસએ ''કોન્સેટ્રીક ઝોટોન થિયરી''ના આધારે નગરના વિકાસની સાથે જે 'કુદરતી વિસ્તારો' અસ્તિત્વમાં આવે છે તેની સમજ આપતી વખતે નગરના મધ્યવર્તી વિસ્તારમાં જમીનના આસમાને પહોંચેલા ભાવ વિષે જે વાત કરી છે તે ભારતીય પરિસ્થિતિઓમાં પણ અક્ષરસઃ સાચી ઉતરે છે. નગરોમાં જમીનનું પ્રમાણ નગર વિકાસના પ્રારંભથી જ મર્યાદિત રહ્યું છે અને દેશકાળના ભેદ વિના ભાગ્યે જ એવું કોઈ વિકાસ પામતુ નગર મળશે કે જ્યાં જમીનની મોકળાશ હોય તેવું કહી શકાય. આપણે ત્યાં આ વાતને સમર્થન આપે તેવી નગરો વિષે-ખાસ કરીને મુંબઈ અને અન્ય મહાનગરો વિષે એવી લોક કહેવત છે કે ''તમને રોટલો મળે પણ ઓટલો નહિ''. આ જૂની કહેવત આજે તો એટલી સાચી પડે છે કે મહાનગરો ઉપરાંત નાના-મોટા નગરોમાં સામાન્ય આર્થિક ક્ષમતા ધરાવતી વ્યક્તિને ઓટલો પણ મળી જાય તો તેના નસીબ ખૂલી જાય.

જમીનની એવી તીવ્ર અછતને લીધે નગર સમુદાયોમાં શરૂઆતથી જ જમીનના ભાવ અને ઉપયોગની તરાહના ક્ષેત્રે ગળાકાપ હરિફાઈ ચાલતી આવી છે. ખાસ કરીને ઔદ્યોગિક વિકાસ પછી આ હરિફાઈ તેના ઉત્કર્ષ સ્વરૂપમાં જોવા મળે છે. નગર સમાજશાસ્ત્રના પરિસ્થિતિ-શાસ્ત્રીય અભિગમ (Ecological approach) ના પ્રદાનમાંથી એવી હરિફાઈ વિષે અર્થસભર સમજ મળી રહે છે. શહેરી વિકાસ સાથે જે કોયડારૂપ પ્રશ્ન ઉભો થાય છે તે ઉપલબ્ધ જમીન અને તેના ઉપયોગ અંગેનો છે. આ બંને એકબીજા સાથે સંકળાયેલા હોય છે અને અસરકારક આયોજન વિનાના પ્રવાહો ચાલુ રહેવા દેવામાં આવે તો મહાનગરોની જેમ વિકાસ પામતા નગરોમાં પણ રહેઠાણનો પ્રશ્ન ઉત્તરોત્તર ગંભીર સ્વરૂપ ધારણ કરતો જાય છે. એટલું જ નહીં પણ નગરીય પર્યાવરણના પ્રદૂષણ અને ગંદા વિસ્તારો (slums) નો પ્રશ્ન પણ વિકરાળ સ્વરૂપ ધારણ કરે છે. તેથી નગરોમાં જમીનના ઉપયોગની તરાહનો પ્રશ્ન નગર આયોજન સાથે ગાઢ રીતે સંકળાયેલો હોય છે. આદર્શ સ્વરૂપની કહી શકાય એવી જમીન-ઉપયોગની તરાહના નિમ્ન પ્રમુખ અંગો હોય છે.

1. નગરવાસીઓને રહેઠાણ માટે સંતોષકારક અને સ્વાસ્થ્યપ્રદ ઘરો મળી રહે.
2. જાહેર સેવાઓ અને સગવડો જેવી કે પિવાના પાણીની સગવડ, ડ્રેનેજ, બાગ-બગીચા, ઇસ્પિતાલ, સ્કૂલ, મનોરંજનના સ્થળો અને અવરજવર માટે સુગમ સાધનો રહેઠાણની નજીક અને સહેલાઈથી મળી આવે.
3. વેપારિક-ક્રિયાઓ અને ધંધાઓ માટે ઉપર્યુક્ત સ્થળે પુરતી જમીન અને સગવડો મળી આવે.

4. ઔદ્યોગિક વિકાસ અને કારખાનાઓ માટે નગરના વાતાવરણ અને લોકોના સ્વાસ્થ્ય ઉપર વિપરીત અસર ન કરે એવા સ્થળે ઔદ્યોગિક એકમોના વિસ્તારો સ્થપાય.

નગરોમાં જમીનના ઉપયોગ અંગેની ઉપરોક્ત જરૂરિયાતોને સંતોષે એવી તરાહ ભાગ્યે જ કોઈ પણ નગરમાં જોવા મળે છે. વિકટર ડીસોઝાએ ચંડીગઢના અભ્યાસને આધારે જે તારણો પ્રાપ્ત કર્યા તે દર્શાવે છે કે જ્યાં આર્થિક સાધનો અને રાજકીય સત્તાની વિપુલતા હેઠળ નગરનું આયોજનબદ્ધ સર્જન કરવામાં આવ્યું તેવા નગરમાં પણ સમય વહેવાની સાથે જમીનની અછત અને ઉંચી કિંમતને લીધે ઉપરોક્ત આદર્શ ધોરણો નાશ પામવા લાગ્યાં ને ચંડીગઢમાં પણ ઝૂંપડપટ્ટી, પ્રદૂષણ અને રહેઠાણના ઘરો અંગેની સમસ્યા ટૂંક સમયમાં જ અન્ય નગરો જેવી જ બની ગઈ. આ હકીકત માત્ર ભારત જ નહિ પણ ત્રીજા વિશ્વના તમામ દેશોને લાગુ થાય છે. અત્રે જે અગત્યના પ્રશ્ન ઉપસ્થિત થાય છે તે એ છે કે ભારત અને ત્રીજા વિશ્વના અન્ય દેશોમાં જમીનના ઉપયોગની તરાહનું વાસ્તવિક સ્વરૂપ શું છે ? અને તે માટેના જવાબદાર કારણો કયા કયા છે ? અત્રે ટૂંકમાં આ બે સવાલોના જવાબ આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

## જમીન-ઉપયોગની તરાહનું સ્વરૂપ :

આજે મહાનગરો અને વિકાસ પામતા નગરોમાં જમીન તેની અછતને લીધે અતિમૂલ્યવાન બની છે. તેથી નગરોમાં જમીનના ઉપયોગ અંગેના જે પ્રવાહો દેખાય છે તે છેવટે તો નગર આયોજનના પ્રયાસોમાં પણ માથાભારે પ્રશ્નો તરીકે આડે આવે છે. આ વિધાનની સાચી સમજ ભારતને ધ્યાનમાં રાખી નગરોમાં જમીન-ઉપયોગની તરાહના નીચે જણાવેલા પ્રવાહોમાંથી મળી રહે છે.

### 1. નગરવાસીઓના વિશાળ જનસમુદાય માટે રહેઠાણની સગવડનો અભાવ :

નગરોમાં વસ્તીના પ્રમાણમાં ઉપલબ્ધ જમીન ઘણી ઓછી હોવાને લીધે આર્થિક ક્રિયાઓ અને રહેઠાણ માટે જમીનની ભારે માંગ રહે છે તેથી ઉત્તરોત્તર જમીનના ભાવ ઉંચા થતા જાય છે. એનું એક પરિણામ એ આવે છે કે શહેરોમાં જમીનની માલિકી અંગે તીવ્ર હરિફાઈ જોવા મળે છે. જે વ્યક્તિ કે કુટુંબો જમીનના ઉંચામાં ઉંચા ભાવ આપી શકે છે તેમનાં હાથમાં જમીનની માલિકી જતી રહે છે અને ગરીબ તથા નબળી આર્થિક સ્થિતિના લોકો એવી હરિફાઈમાંથી બહાર ફેંકાઈ જાય છે. એટલું જ નહીં પણ પોતાના રહેઠાણ માટે ન્યૂનત્તમ માનવીય સગવડ પણ પ્રાપ્ત કરી શકતા નથી. આ લોકો ઝૂંપડપટ્ટીઓ, ફૂટપાથ અને જુના તથા જર્જરીત મકાનોમાં લાખોની સંખ્યામાં રહે છે ભારતના મહાનગરોમાં લગભગ 60 ટકાથી પણ વધુ નગરવાસીઓની એવી દશા છે આ અંગે આપણે અગાઉના પ્રકરણમાં ઝૂંપડપટ્ટીના પ્રશ્ન અંગેની ચર્ચા વખતે વિગતે વાત કરી છે. જમીનના ભાવ આસમાને ગયા હોવાથી એક નાનકડો સમ્પન્ન વર્ગ જ રહેઠાણની પૂરતી સગવડ પ્રાપ્ત કરી શકે છે અને તેમાં પણ લગભગ એક-બે ટકા લોકો ભવ્ય અને આલિશાન મકાનોમાં રહે છે. આ અંગે બર્ગેલ (Bergel) કહે છે કે નગરોમાં જમીનના ઉપયોગની તરાહમાંથી જ નગરવાસીઓમાં રહેલો વર્ગભેદ સ્પષ્ટ પણે દેખાઈ આવે છે. એક બાજુ ભવ્ય અને આલિશાન બંગલામાં એક-બે કુટુંબો રહે છે તો બીજી બાજુ તેની પાસે જ હજારો કુટુંબો નર્કાગાર જેવી ઝૂંપડપટ્ટીઓમાં સબડતી દશામાં વસે છે.

### 2. નાગરિક અને જાહેર સગવડો માટે પુરતી જમીનનો અભાવ :

જમીનના ઉપયોગની તરાહને સ્પર્શતો વાસ્તવિક પ્રવાહ જે તે વિસ્તારના લોકોને ન્યુનત્તમ જરૂરિયાતો પૂરી પાડી શકે તેવી જાહેર સગવડો ઉભી કરવા માટે પૂરતા પ્રમાણમાં યોગ્ય સ્થળે જોઈતી જમીનનો અભાવ છે. કેટલાંક કિસ્સાઓમાં તો લોકો પોતાના ખર્ચે અને સાધનોમાંથી એવી સગવડો માટે જરૂરી નાણાં ચૂકવવા તૈયાર હોવા છતાં જમીનના અભાવને લીધે સ્થાનિક તંત્રો એવી સગવડો વિકસાવી શકતા નથી. તેના એક દાખલારૂપે જોઈએ તો નગરોમાં સ્કુલો, હૉસ્પિતાલ અને મનોરંજનના સ્થળોમાં આંખે ઉડીને દેખાય તેવી સંકડાસમાંથી મળી રહે છે. તે જ રીતે ઝૂંપડપટ્ટીઓમાં રહેતા હજારો લોકો માટે અલ્પસંખ્યામાં મળી આવતા જાહેર સંડાસો, પીવાના પાણીના નળ અને બાથરૂમ વગેરે એવા અભાવ તરફ નિર્દેશ કરે છે. વળી, સમય વહેવા સાથે વસ્તીનું દબાણ વધતું જાય છે અને જે કાંઈ સગવડો ઉપલબ્ધ હોય છે તે એવા દબાણને લીધે તૂટી જવાને આરે આવી જાય છે અવરજવર માટે આજે કોઈ પણ નગરમાં મુખ્ય માર્ગો મોકળાશના રહ્યા નથી અને દિવસના ગમે તે કલાકે એ માર્ગો હજારો માણસો અને સેંકડો વાહનોથી ગીચોગીચ જોવા મળે છે. મર્યાદિત જમીન અને તેના ઉપયોગ માટે વિવિધ જરૂરિયાતોના દબાણને લીધે નવા વિકાસ પામતા વિસ્તારોમાં પણ એવી જાહેર સગવડો પૂરતા પ્રમાણમાં વિકસાવી શકાતી નથી. પોસ્ટ ઓફિસ, સ્કૂલો, બેંક અને

હોસ્પિતાલ જેવી સંસ્થાઓ નગરવાસીઓના રહેઠાણોની નજીક હોય એવી અપેક્ષા હોવા છતાં આ સંસ્થાઓ માટે પણ પૂરતી અને સહેલાઈથી જમીન મળી આવતી નથી તે એક હકીકત છે.

**3. રહેઠાણના વિસ્તારોમાં વસ્તીની અતિશય ગીચતા :**

નગરોમાં દેખા દેતી જમીનના ઉપયોગની તરાહમાં જે રહેઠાણના વિસ્તારો છે ત્યાં વસ્તીની અતિશય ગીચતા જોવા મળે છે. મોટા નગરો અને મહાનગરોમાં અંદરના વિસ્તારોમાં નાનકડી જગ્યામાં હજારો લોકો રહે છે. આ લોકોને જોઈતો સ્વાસ્થ્યપ્રદ વાતાવરણ ઘરોમાં કે તેમની આસપાસ મળી આવતો નથી. એચ.ડી. કોપારકરે મુંબઈ અંગે જણાવ્યું કે જ્યાં સમસ્ત મહારાષ્ટ્રમાં સરેરાશ 164 લોકો પ્રતિ ચોરસ કિલોમીટર વસે છે ત્યાં મુંબઈ શહેરોમાં પ્રતિ કિલોમીટર 9901 લોકો વસે છે. વસ્તીની આ ગીચતા માત્ર મુંબઈ જ નહીં પણ અન્ય નગરોમાં પણ ખૂબ ઉંચી પહોંચી છે. ભારતના કેટલાંક પ્રમુખ નગરોમાં પ્રતિ કિલોમિટર વસ્તીની ગીચતા ખૂબ ઉંચી હોય છે.

આ વિશાળ અને ગીચ વસ્તીમાંથી એકે મોટો ભાગ ઘર વિહોણા લોકોનો તેમજ ઝૂંપડપટ્ટીઓ અને ચાલીમા જર્જરિત મકાનોમાં રહેતા લોકોનો હોય છે. આ લોકો નગરોમાં મોટા સ્વાસ્થ્યપ્રદ અને પોતાની માલિકીના મકાનો માટે જમીન ખરીદવા ક્યારેય ભાગ્યાશાળી બની શકતા નથી. લાખો લોકો એક ઓરડાના મકાનમાં જ્યાં ત્યાં જરૂરી સગવડો ઉભી કરી પોતાના બહોળા કુટુંબ સાથે વસવાટ કરવામાં ટેવાઈ ગયેલા હોય છે. આજે ભારતના નગર આયોજનના ક્ષેત્રે નગરવાસીઓના આ વિશાળ જનસમુદાયને યોગ્ય રહેઠાણની સગવડ કેવી રીતે પૂરી પાડવી તે એક ગંભીર પ્રશ્ન બન્યો છે. બીજા શબ્દોમાં કહીએ તો ભારતના મહાનગરોમાં લગભગ 80 ટકા લોકો એવા મકાનોમાં રહે છે કે ઝૂંપડપટ્ટીઓ છે અથવા એક કે બે ઓરડાના ગોખલા જેવા નાના ઘરો છે.

**4. ફાજલ પડેલી અને બિન-વિકસિત જમીન :**

સૌ કોઈને આશ્ચર્ય પમાડે તેવી જમીનના ઉપયોગની તરાહને સ્પર્શતી એક વાસ્તવિકતા એ પણ છે કે ભારતના મોટા-મોટા નગરોમાં ઘણી જમીન બિનવિકસિત દશામાં જ્યાં ત્યાં દેખાઈ આવે છે. દુર્લભ જેવી જમીનનો યોગ્ય ઉપયોગ ન થઈ શકે તેથી જમીનના ઉપયોગની આદર્શ તરાહ ઉભી થઈ શકતી નથી. નિમ્ન કોષ્ટક-2માં ભારતના જુદી જુદી શ્રેણીના નગરોમાં વિકસિત અને બિન-વિકસિત જમીનની વિગતવાર ટકાવારી આપવામાં આવી છે. આ ટકાવારી ભારતના 407 જુદી જુદી શ્રેણીના નગરો અને કસ્બાઓને અભ્યાસ માટે પસંદ કરી 1965 થી 1975 ના ગાળામાં જે તે નગર/કસ્બાના માસ્ટર પ્લાન તૈયાર થયા તેની વિગતોને આધારે પ્રાપ્ત કરવામાં આવી છે.

ભારતના નગરોમાં જોવા મળતી જમીન ઉપયોગની તરાહમાંથી એક વાત સ્પષ્ટ થાય છે કે નગર આયોજન માટેના પ્રયાસો ઉપરાંત ઝૂંપડપટ્ટીઓની સુધારણા અને રહેઠાણો બાંધવા માટેની વિવિધ યોજનાઓ હોવા છતાં નગરોમાં આડેધડ ઔદ્યોગિક વિકાસ અને વધતા જતા વસ્તીના વધારાને લીધે નગરોનું સ્વરૂપ કદરૂપુ અને નર્કાગાર જેવું થવા લાગ્યું છે. ઉપલબ્ધ જમીનનું યોગ્ય વિકાસ ન થઈ શકવાને લીધે વિકસિત જમીન ઉપરનું વસ્તીનું દબાણ પ્રતિચોરસ કિલોમીટર 18,000 થી વધુ વ્યક્તિઓનું થવા જાય છે, આ આંકડા રહેઠાણના વિસ્તારો ઉપર વસ્તીની ગીચતાને લગતા છે. જો નગરોની તમામ ઉપલબ્ધ જમીનનું યોગ્ય વિકાસ કરી ઉચિત ઉપયોગ થાય તો આ ગીચતા ઘટીને 3000 વ્યક્તિઓ પ્રતિ કિલોમીટર થઈ શકે તેમ છે.

**જમીનના ઉચિત ઉપયોગના અભાવના કારણો :**

ભારતના નગરોમાં જમીનના ઉચિત ઉપયોગની તરાહમાં આડે આવતા અવરોધો માટે અનેક જવાબદાર કારણો છે. તેમાંના કેટલાંક પ્રમુખ કારણો નીચે મુજબ સમજાવી શકાય છે.

**1. આર્થિક સાધનોનો અભાવ :** આર્થિક વિકાસ અને સામાજિક પરિવર્તનના અન્ય કાર્યક્રમોની જેમ નગર વિકાસ સાથે નગરની ઉપલબ્ધ જમીનનું ધ્યેય યોગ્ય ઉપયોગ થાય તે માટે કેટલાંક પગલાં અગાઉથી જે લેવાના રહે છે. પૂરતા નાણાં અને સાધનો ફાળવી જરૂરી જમીન પ્રાપ્ત કરી તેને વિકસાવવી પડે છે. જુદી જુદી ક્રિયાઓ અને ઉપયોગો માટે જે તે સગવડો અગાઉથી ઉભી કરવી પડે છે. પરંતુ આ કાર્યમાં વિપુલ નાણાં અને સાધનોની જરૂર પડે છે. કમનસીબે ભારતના મોટા ભાગના નગરોમાં વિકાસની યોજનાઓ માટે નાણાંનો સતત અભાવ રહે છે. વર્લ્ડ બેન્ક પાસેથી અવાર-નવાર જુદા જુદા કાર્યક્રમો માટે નાણાંકીય મદદ આ કારણસર જ મેળવવી પડે છે. ઘણી વખતે જે તે કાર્યક્રમ અને તેના અમલીકરણ માટે જરૂરી નાણાં પ્રાપ્ત કરવામાં ભારે વિલંબ થાય છે તેથી પ્રસ્તાવિક ખર્ચ કરતાં ઘણા વધારે નાણાંની જરૂર ઉભી થાય છે. કારણ કે સમય વહેવા સાથે જે

તે કાર્ય અંગેનું ખર્ચ વધતી જતી કિંમતોને લીધે વધી જાય છે. આ એક પ્રકારનું વિષચક્ર હોય છે અને તેમાં લગભગ તમામ નગરો ફસાયેલા જોવા મળે છે. વળી જે આર્થિક સાધનો ઉપલબ્ધ હોય છે તે પણ સમગ્ર નગરના વિકાસ કરતાં ચોક્કસ યોજના કે કાર્યક્રમ પૂરતાં જ ખર્ચી શકાય તેમ હોવાથી પણ જમીનના ઉચિત ઉપયોગની તરાહને ક્ષેત્રે ઘણા પ્રશ્નો સર્જાય છે.

**2. કાયદાઓની આંટીઘૂંટીનો ગેરલાભ :** નગરોમાં જમીનના ઉપયોગની ઉચિત તરાહ માટે જે તે જરૂરિયાત અર્થે યોગ્ય જમીન મળી રહે તે જરૂરી છે. આ માટે ભારતમાં અર્બન એન્ડ સિલીંગ એક્ટ ઉપરાંત નાના અને મધ્યમ કદના નગરો/કસ્બાઓના વિકાસ માટે અનેક કાયદાઓ અમલમાં છે. આ કાયદાઓની નગરના સુનિયોજીત વિકાસ માટે ખૂબ અગત્ય છે. કારણ કે ભારતમાં મોટા ભાગના નગરો જૂના હોવાને લીધે આધુનિક ઔદ્યોગિક વિકાસ અને વધતા જતા વસ્તીના ધસારાને લીધે સંકડાસ અને અતિશય ગીચતાના ભોગ બન્યા છે. પરંતુ કાયદાઓની આંટીઘૂંટી અને છટકબારીઓનો લાભ લઈ નગર વિકાસના પ્રયાસમાં અનેક અવરોધો ઉભા થાય છે. રસ્તાઓ પહોળા કરવા માટે જાહેર સગવડો ઉભી કરવા માટે અથવા જનસામાન્યને માટે વેપારિક વિસ્તારો તથા જરૂરી સેવાઓ ઉભી કરવા પુરતી અને જરૂરી જમીન સંપાદિત કરી શકાતી નથી. તેના પરિણામ સ્વરૂપે મોટા ભાગે ઉપયોગી કાયદાઓ અસ્તિત્વમાં હોવા છતાં તેમનો લાભ લઈ જમીનના ઉપયોગની આદર્શ તરાહ વાસ્તવિક પરિસ્થિતિઓમાં જોવા મળતી નથી.

**3. જમીનનો અનધિકૃત કબજો :** મોટા ભાગના નગરોમાં જમીનના ઉપયોગની યોગ્ય તરાહમાં વિક્ષેપ ઉભો કરતો એક ગંભીર કારણ અનધિકૃત રીતે જાહેર જમીનનો વ્યક્તિઓ અને જૂથોએ કરેલો કબ્જો હોય છે. આ રીતે પચાવી પાડેલી જમીન ધરાવતા લોકોને સામાજિક કુતત્વો અને રાજકીય પક્ષોનું પીઠબળ પણ મળી રહે છે. કેટલાંક કિસ્સાઓમાં તો એવી જમીન ઉપર ગેરકાનૂની રીતે મકાનો અને ઝૂંપડપટ્ટીઓ જોતજોતામાં ઉભી કરી દેવામાં આવે છે. એકવાર જયારે આવા ગેરકાનૂની બાંધકામ થઈ જાય છે ત્યારપછી તેમને કાયદેસરના ગણાવવા માટેના પ્રયત્નો થાય છે. તેમાં નાણાં અને રાજકીય દબાણોનો છૂપો અને છૂટો ઉપયોગ થાય છે. કયારેક એવી જમીન ઉપર ધાર્મિક સ્થળો બાંધી દેવામાં આવે છે, અને તેમને બચાવવા માટે લોકોની ધાર્મિક લાગણીઓને ઉશ્કેરવામાં આવે છે. આ તમામ પ્રવૃત્તિઓથી ચોક્કસ વ્યક્તિઓ અથવા જુથોને અવશ્ય લાભ થાય છે પરંતુ છેવટે તો સમસ્ત શહેર અથવા નગરના આયોજનમાં ભારે અવરોધો ઉભા થાય છે. જેમ જેમ નગરનો વિકાસ થતો જાય છે અને વસ્તીનું દબાણ વધતુ જાય છે તેમ તેમ આ પ્રશ્ન વિકટ સ્વરૂપ ધારણ કરે છે.

**4. સ્થાપિત હિતોનો ધરોબો :** આજે મહાનગરો અને મોટા શહેરોનો આડેધડ વિકાસ થવાને લીધે ત્યાંની જમીનની કિંમત આસમાને પહોંચી છે તે આપણે આગળ જોઈ ગયા છીએ. જે તે નગરના છેવાડે અને અન્યત્ર પડતર પડેલી જમીનનો ભાવ જોતજોતામાં સેંકડો અને હજારે રૂપિયામાં બોલાવા લાગ્યો છે તે વાત આજે કોઈ પણ નગરવાસી જાણે છે. આ પરિસ્થિતિનો લાભ લેવા નગરોમાં અનેક સ્થાપિત હિતો ધરાવતા સમૂહો અસ્તિત્વમાં આવ્યા છે. આ જૂથો જમીનની સટ્ટાખોરી કરે છે. નાણાં અને રાજકીય વર્ચસ્વનો લાભ લઈ આ તત્વો સોંઘા ભાવે જમીન ખરીદી લે છે અને સમય જતાં એ જ જમીનને અનેક ગુણા ભાવ વધારીને વેચે છે અથવા ત્યાં બાંધકામ કરીને મકાનોનું વેચાણ કરે છે. એવી પ્રત્યેક ક્રિયાઓમાં તેઓ લાખોનો લાભ કરે છે. ઘણી વખતે એવું પણ જોવા મળે છે કે નગરમાં કાળા નાણાં ધરાવતા લોકો જમીન અને મકાનોના ઉંચા ભાવ આપીને પોતાના વધારે પડતા અને કાળા નાણાંનું રોકાણ કરે છે. એવા રોકાણોથી એકબાજુ તેમને નાણાં કયાં મુકવા તેની ખટપટમાં પડવું પડતું નથી અને બીજીબાજુ સમય વહેવા સાથે તે જમીન અને મકાનોના ભાવ વધતા જતા હોવાથી વિના પ્રયાસે લાખોનો લાભ થાય છે. આ કારણસર પણ નગરોમાં જમીનના ઉપયોગની ઉચિત તરાહ અસ્તિત્વમાં આવી શકતી નથી. આ રીતે શહેરી જમીન અને મકાનોમાં કાળાનાણાંનું રોકાણ કરનાર એવું માનતા હોય છે કે આપણે પકડાઈ જઈશું તો પણ શું સરકાર જમીન અથવા મકાનો તો ઉચકી લઈ જવાની નથી (!)

**5. પરંપરાગત મૂલ્યો અને વલણો :** નગર વિકાસની પ્રક્રિયા સાથે વધતી જતી વસ્તી અને તેને સંબંધ બેસે તેવી જાહેર સગવડો વિકસાવવી આવશ્યક થઈ રહે છે. એક વખતે જે પરિસ્થિતિ અથવા બાંધણી સાનુકૂળ હોય છે તેજ સમય વહેવા સાથે અનુકૂળ રહેતી નથી. આપણે ભારતના નગરોમાં રહેઠાણ, ધાર્મિક સ્થળો, વેપારિક ક્રિયાઓ વગેરે અંગે વાત કરીએ તો ઔદ્યોગિક વિકાસ પહેલાં તે સાનુકૂળ રહ્યાં હોવા છતાં આજની બદલાયેલી પરિસ્થિતિઓમાં તેમાંના ઘણા નગરના સુનિયોજીત વિકાસમાં અવરોધરૂપ સાબિત થાય છે. પરંપરાગત સામાજિક-ધાર્મિક મૂલ્યો, સાંસ્કૃતિક વારસાનું

ગૌરવ, જે તે સ્થળનું ઐતિહાસિક મહત્ત્વ અને પ્રતિષ્ઠા વગેરેની લોકલાગણી તેમાં કશો ફેરફાર થાય તે ગેરવ્યાજબી ગણી એવા પ્રયાસોનો વિરોધ કરે છે. ગિડીયન સ્જ્ઞબર્ગના 'પૂર્વ-ઔદ્યોગિક નગર'ના પ્રદાન તેમજ ફાઈબેરના મુલ્યોન્મુખી અભિગમમાંથી આ વાતની વિગતવાર સમજ મળી રહે છે.

ઘણી વખતે લોકલાગણીને ધ્યાનમાં લઈ નગર આયોજન નો પ્રશ્ન હાથ ધરાય છે તે હકીકત પણ આ વાતની સાબિતી આપે છે કે નગરોમાં જમીનના ઉપયોગની તરાહ નક્કી કરવામાં લોકોના પરંપરાગત મૂલ્યો અને વલણોની પ્રત્યક્ષ તથા પરોક્ષ અસર પડે છે.

**6. આયોજનબદ્ધ વિકાસ માટેની ઉદાસીનતા :** નગરોમાં સુનિયોજીત જમીનના ઉપયોગની તરાહમાં આડે આવતા ઉપરોક્ત કેટલાંક કારણો ઉપરાંત એક નોંધપાત્ર કારણ નગરના સુનિયોજીત આયોજન અંગેની જે તે તંત્રોમાં રહેલી ઉદાસીનતા છે હાઉસીંગ કોલોનીઓનું આયોજન થાય ત્યારે અગાઉથી જાહેર સંગવડો વિકસાવવાની પૂર્વશરતો સંતોષાતી નથી. અસરકારક પગલાં લઈ ગેરકાયદેસરના દબાણો દૂર કરાતા નથી. ઔદ્યોગિક મંડળીઓ બિલ્ડર્સ એશોસીએશન, અંગત સ્વાર્થો, રાજકીય દબાણો, સગાંવાદ અને અન્ય સ્થાપિત હિતોના વર્ચસ્વને કારણે આ કામમા શિથીલતા આવે છે. વળી, આર્થિક સાધનોની અછત પણ તેમાં ગેરવ્યાજબી ઢિલાશ આણે છે. જો નગર આયોજનના વિદ્યમાન કાયદાઓ કડક રીતે અમલમાં મુકાય તો મોટા ભાગના નગરોમાં જમીન અને મકાનોને લગતા અનેક કૌભાંડો પ્રકાશમાં આવી શકતા નથી. વળી, કોઈ કૌભાંડ પ્રકાશમાં આવે છે તો તેમાં ભીનું સંકેલી લેવાના પ્રયાસો થાય છે. આજે આર્થિક અને રાજકીય તત્વોના વર્ચસ્વને લીધે ભાગ્યે જ નગર આયોજનના કાર્યને સંભાળતી વ્યક્તિ કે સંસ્થા આકરા પગલાં લઈ શકે છે તે વાત પણ અજાણી નથી.

ઉપરોક્ત તમામ કારણોને લીધે નગરોમાં જમીનના ઉપયોગની યોગ્ય અને માન્ય ધોરણો મુજબની તરાહ અસ્તિત્વમાં આવી શકતી નથી. એવું પણ બને છે કે જે કાંઈ પગલાં લેવાય છે તેની સારી અસરો દેખાવા લાગે ત્યાં સુધીમાં તો વસ્તીનો એટલો વધારો થઈ ગયો હોય છે કે વાસ્તવિક પરિસ્થિતિ જયાં હતી ત્યાં જ ફરીથી આવીને ઉભી રહે છે. આ દશાનો ભોગ વત્તાઓછા અંશે તમામ નગરવાસીઓને કરવો પડે છે. જો કે ગરીબ અને સાધન વિહોણા નગરવાસીઓની દશા તો એટલી ખરાબ થતી રહે છે કે જેને માત્ર અનુભવથી જ સમજી શકાય તેમ છે. સદનસીબે હવે પંચવર્ષીય યોજનાઓના લાક્ષ્યાંકો નક્કી કરતી વખતે નગર સમુદાયોની આ પરિસ્થિતિ તરફ ધ્યાન અપાવા લાગ્યું છે અને શહેરી ગરીબો તથા પછાત લોકો માટે ખાસ કાર્યક્રમો અમલમાં મુકવાનું શરૂ થયું છે. આ ક્ષેત્રે રહેઠાણની સમસ્યા તરફ વિશેષ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. અત્રે ટૂંકમાં નગરોમાં આવાસની સમસ્યા અને તેના ઉકેલ માટેના હાથ ધરાયેલા પગલાંની સમજ આપવામાં આવી છે.

**નગરોમાં વસવાટ (Housing) ના પ્રમુખ પ્રશ્નો :**

આપણે અગાઉના પૃષ્ઠોમાં ભારતના નગરોમાં આવાસ અથવા વસવાટના ઘરો અંગે કેટલાંક આંકડાઓને આધારે જોયું કે નગર વિકાસ ને નગર આયોજનના પ્રવાહો વચ્ચે પણ નાના-મોટા નગરોમાં રહેઠાણનો પ્રશ્ન અતિશય ઉગ્ર બન્યો છે. ગરીબ અને મધ્યમ આવક ધરાવતા લોકોમાંના ઘણા લોકો ઉત્તમ અને સંતોષપ્રદ કહી શકાય એવું મકાન તેમને મળી રહેશે તેનો સ્વપ્નમાં પણ વિચાર સરખો કરતા નથી, તે એક વાસ્તવિકતા છે. ખાસ કરીને મહાનગરોમાં તો એક રૂમ અને રસોડાનું મકાન મળી જાય તો પણ લોકો પોતાને નસીબવાન ગણે છે. આ પ્રશ્નની વિગતવાર સમજ મેળવવા અર્થે તેને સ્પર્શતા પ્રમુખ મુદ્દાઓ નીચે મુજબ સમજાવી શકાય છે.

**1. મકાનોની અછત :** આજે ભારતના મોટા ભાગના નગરો, રહેઠાણ માટે જરૂરી મકાનોની અછતથી પીડાય છે. અગાઉ જોઈ ગયા તે પ્રમાણે લાખો લોકો મહાનગરો અને ઔદ્યોગિક રીતે વિકાસ પામી રહેલા કેન્દ્રોમાં ઝૂંપડપટ્ટીઓ, ફૂટપાથ અને અન્ય ખૂલ્લી જગ્યામાં ઘરવિહોણા લોકો તરીકે રહે છે. ઝૂંપડપટ્ટીઓમાં રહેતા લોકોની સંખ્યા પ્રત્યેક એવા નગરમાં કુલ વસ્તીના લગભગ 40 થી 50 ટકા જેટલી હોય છે અને તેમના મકાનો કાટમાળ અને વાંસ, કંતાન તથા પતરાં વગેરે જેવી સસ્તી અને જર્જરિત સામગ્રીથી બનાવેલા હોય છે. જે જગ્યા ઉપર આ ઝુંપડા આવેલાં હોય છે તેની માલિકીનો પ્રશ્ન મોટાભાગના ઝુંપડાવાસીઓને સતત સતાવે છે. સસ્તી માલ સામગ્રીથી બનેલા આ ઝુંપડાઓમાં જયારે આગ ફાટી નીકળે છે ત્યારે જોતાં જોતાં સેંકડો લોકો કરૂણ દશામાં મુકાઈ જાય છે. પ્રોફેસર એ.આર.દેસાઈ જણાવે છે કે આ લોકોની માસિક કૌટુંબિક આવક 600 થી ઓછી હોય છે તેથી તેઓ ભાગ્યે જ પોતાના રહેઠાણની દશા સુધારવા માટે કાંઈક કરી શકે છે.

અન્ય લોકો કે જેમને 'ઘર' કહી શકાય એવા રહેઠાણ મળવાનું નસીબ છે તેમની દશા પણ સંતોષકારક નહીં જ કહી શકાય. એન.વી.રાજેશ્વરી અને તેમના સાથીઓ જણાવે છે કે ભારતમાં 50 ટકાથી પણ વધુ નગરવાસી કુટુંબો એક ઓરડાના ઘરોમાં રહે છે. આ એક ઓરડામાં સરેરાશ 4.4 ટકા વ્યક્તિઓ વસે છે. કલકત્તા, મુંબઈ, દિલ્હી અને મદ્રાસ કે જે મોટામાં મોટા ચાર મહાનગરો છે ત્યાં લગભગ 65 ટકાથી પણ વધુ કુટુંબો એક ઓરડાના કે તેથી પણ ઓછી જગ્યાના મકાનોમાં રહે છે માત્ર મુંબઈ શહેરની જ વાત કરીએ તો પ્રત્યેક 100 વ્યક્તિદીઠ 6 વ્યક્તિઓ ફૂટપાથ પર રહે છે, બીજી 6 વ્યક્તિઓ ઝૂંપડપટ્ટીઓમાં રહે છે. 77 ટકા કુટુંબો એકરૂમના ઘરમાં રહે છે. એવા એક ઓરડાના ઘરોમાં રહેતી વ્યક્તિઓની સરેરાશ ઘરદીઠ 5.3 વ્યક્તિઓની થાય છે. ચોક્કસ આંકડાંઓ આપતા તેઓ કહે છે કે મુંબઈમાં લગભગ 13 લાખ લોકો ઝૂંપડપટ્ટીઓમાં વસે છે તથા એક લાખ લોકો ફક્ત ફૂટપાથ ઉપર જીવે છે. લગભગ 20 લાખ લોકો અત્યન્ત ખરાબ અને જર્જરિત મકાનોમાં રહે છે.

અમદાવાદ શહેરમાં આવાસની સમસ્યાના પદ્ધતિસરના અભ્યાસને આધારે મીરા મહેતા અને દિનેશ મહેતાએ જણાવ્યું છે કે આવાસ નિર્માણની વિવિધ યોજનાઓ હેઠળ નવા ઘરો બાંધવામાં આવે છે. પરન્તુ નિમ્ન-આવક ધરાવતા લોકોની આર્થિક ક્ષમતાથી પહોંચી ન વળાય એવા ખર્ચને લીધે આ લોકોને ઝૂંપડપટ્ટીઓમાં જ રહેવું એક યોગ્ય ઉપાય તરીકે દેખાઈ આવે છે. એક અંદાજ મુજબ 1971-81ના ગાળા દરમ્યાન માત્ર મુંબઈ શહેરમાં જ લગભગ 4 લાખ 50 હજાર જેટલાં મકાનોની અછત હતી. આ પરિસ્થિતિ વત્તાઓછા અંશે ભારતના અન્ય મહાનગરો અને નાના મોટા ઔદ્યોગિક કેન્દ્રોને પણ લાગૂ થાય છે.

**2. જાહેર સગવડોનો અભાવ :** આવાસ અથવા ઘરનો અર્થ માત્ર ચાર દિવાલો અને છતથી જ થતો નથી. સારી અને સંતોષકારક રહેઠાણની વ્યવસ્થામાં સંડાસ, બાથરૂમ, ડ્રેનેજ, પીવાના પાણીની સગવડ અને સ્વાસ્થ્યપ્રદ હવા-પ્રકાશની સગવડ પણ એટલી જ જરૂરી હોય છે. પરંતુ ત્રીજા વિશ્વના અન્ય દેશોની જેમ ભારતના નગરોમાં મોટાભાગના ઘરો અને વસવાટના વિસ્તારોમાં આ સગવડો પૂરતા પ્રમાણમાં જોવા મળતી નથી. વળી જે કાંઈ સગવડો હોય છે તે પણ માન્ય ધોરણો મુજબની હોતી નથી. તેમનું નિભાવ પણ ભાગ્યે જ સુચારૂ રીતે થતો હોય છે. તેથી નગરવાસીઓના રહેઠાણના પ્રશ્નો વધુ વિકટ થઈ જતાં હોય છે. આ અંગેની સમજ ઝૂંપડપટ્ટીઓના પદ્ધતિસરના અભ્યાસોને આધારે સહેલાઈથી મળી રહે છે. આ અભ્યાસો દર્શાવે છે કે જાહેર સગવડો ઉપર નભતા લોકોની સંખ્યા ન કલ્પી શકાય એટલો વધુ હોવાથી ભાગ્યે જ તે સુચારરૂપે નભાવી શકાય છે. ઘણી વખતે તો મર્યાદિત જમીન અને અન્ય પ્રશ્નોને લીધે લોકો આ સગવડો માટે અંગત રીતે ખર્ચ કરવા તૈયાર હોવા છતાં તેમને રહેઠાણમાં અથવા આવાસની નજીક આ સગવડો પૂરી પાડી શકાતી નથી. 1986માં જાહેર કરાયેલ ભારત સરકારના 20 સૂત્રી કાર્યક્રમ હેઠળ શહેરોની ઝૂંપડપટ્ટીઓમાં આ સગવડો માટે નક્કી કરાયેલા લક્ષ્યાંકોમાંથી વસવાટને સ્પર્શતી આ સમસ્યાની ગંભીરતા સમજાઈ શકે તેમ છે. આ કાર્યક્રમ હેઠળ એવું નક્કી કરવામાં આવ્યું છે કે 150 વ્યક્તિઓ દીઠ પીવાના પાણીના એક નળની સગવડ, 20 થી 50 વ્યક્તિઓ માટે એક બાથરૂમ અને એક સંડાસ, ડ્રેનેજ અને વરસાદી પાણીના નીકાલ માટેની સગવડ અને 30 મીટરના અંતરે વિજળીનો ખંભો મળી રહે તેવા કાર્યક્રમો હાથ ધરવા. આ સગવડો પૂરી પાડવા માટે સાતમી પંચવર્ષિય યોજનામાં કુલ 270 કરોડ રૂપિયા ખર્ચવાની જોગવાઈ કરવામાં આવી છે અને વ્યક્તિદીઠ આ ખર્ચ રૂપિયા 300-00 સુધી કરવાનું નક્કી કરવામાં આવ્યું છે.

મહાનગરોમાં આ શહેર સગવડો પ્રદાન કરવાનો પ્રશ્ન હલ થશે કે કેમ તે ભવિષ્ય જ કહી શકશે. આજે તો દશા એટલી ખરાબ થઈ છે કે આ સગવડો તૂટી પડવાને આરે આવીને ઉભી છે. ભાગ્યે જ કોઈ શહેર આ સગવડો સંતોષકારક અને માન્ય ધોરણો મુજબ પૂરી પાડવાનું ગૌરવ લઈ શકે છે.

**3. ભાડાના મકાનોના પ્રશ્ન :** નગરોમાં રહેવા માટે તમામે તમામ નગરવાસીઓ પોતાની માલિકીના મકાનો ધરાવતા નથી. પૂર્વ-ઔદ્યોગિક તબક્કામાં અથવા નાના કસ્બાઓમાં ઘણા નગરવાસીઓ પોતાની માલિકીના મકાનો ધરાવતા હોય એ શક્ય છે. પણ ઔદ્યોગિક વિકાસની સાથે મહાનગરો અને અન્ય નગરોમાં ભાડાના મકાનોમાં રહેતા લોકોનું ખાસ્સુ પ્રમાણ હોય છે. પરંતુ આજે આ ક્ષેત્રમાં બે પ્રમુખ પ્રશ્નો દેખાય છે, (1) મકાનોની અછતને કારણે સહેલાઈથી મકાનો મળતા નથી અને (2) જે મકાનો ભાડે આપવામાં આવ્યા છે તેમની પૂરતી દેખરેખ રખાતી નથી. ડેવિડ દેવદાસ અને કમલજીત રતનને ભારતના નગરોમાં આ પ્રશ્નની વિગતવાર છણાવટ કરી તેની ગંભીરતા સમજાવી છે. તેઓના તારણો દર્શાવે છે કે આજે ઊંચુ ભાડું ભરી શકે એવા લોકો માટે

પણ દિલ્હી, મુંબઈ, કલકત્તા અને મદ્રાસ વગેરે શહેરોમાં ભાડેથી યોગ્ય મકાન પ્રાપ્ત કરવું એ એક ભીષણ સ્વપ્ન (nightmare) એવી વાત થઈ ગઈ છે. મકાનો ભાડે રાખતાં પહેલાં પાઘડી અથવા ડીપોઝીટ અને એડવાન્સ રેન્ટ'' આપવું પડતું હોય છે. અને તે હજારો રૂપિયામાં ચૂકવવું પડે છે. તદ્ઉપરાંત નાના અને પાંજરા જેવા મકાનો માટે પણ હજારોનું માસિક ભાડું આપવું પડતું હોય છે. તેથી સામાન્ય વ્યક્તિ તો ભાગ્યે જ સારા લત્તામાં મકાન ભાડે રાખવાનું વિચારી શકે છે. વળી, નગરોમાં બહૂદેશીય કમ્પનીઓ અથવા વેપારિક પેઢીઓ અને અર્ધસરકારી સંસ્થાઓ દ્વારા ઉંચા ભાડે મકાનો લઈ પોતાના અધિકારીઓ અને કર્મચારીઓને રહેવાની સગવડ કરી આપવાની હોડ ચાલી હોય એવું બનવાથી સામાન્ય માનવી તેમની હરિફાઈમાં ઉતરી પોતાના માટે ઓછી ડીપોઝીટ અને ઓછા ભાડા સાથે મકાન પ્રાપ્ત કરી શકતી નથી. દિલ્હી, મુંબઈ વગેરે શહેરોમાં તો અગાસીમાં આવેલા નાનકડા રૂમને ફલેટમાં ખપાવી દેવામાં આવે છે અને તેનું પણ 1500 થી 2000 રૂપિયા સુધીનું ભાડું માંગવામાં આવે છે. મકાનો ભાડે અપાવવા માટે દલાલો પણ જાતજાતની યુક્તિઓ વાપરી ધીકતો ધંધો કરતાં હોય છે. આજે કોઈ પણ મહાનગરોમાં બે રૂમ અને રસોડાનું મકાન 2000 થી 2500 રૂપિયાના ભાડે મળી જાય તો તે પણ સારા નસીબની વાત મનાય છે. એક અંદાજ મુજબ વ્યક્તિએ તેની માસિક આવકના 40 ટકાથી પણ વધુ નાણાં મકાનના ભાડા પાછળ ખર્ચવાને તૈયારી રાખવી પડે છે.

જે લોકો જૂના ભાડાના મકાનોમાં રહે છે તેમના પ્રશ્નો જુદા છે. ઓછા ભાડાને લીધે મકાન માલિક ખર્ચ કરીને તે મકાનનું સમારકામ કરાવવામાં રસ ધરાવતા નથી અને ભાડૂત તે મકાન પોતાનું ન હોવાથી ખપ પુરતી દેખરેખ જ રાખે છે. આને લીધે મોટા ભાગના મકાનો જર્જરિત દશામાં જોવા મળે છે. ખાસ કરીને શહેરના મધ્યવર્તી વિસ્તારો અને તેની આસપાસ આવેલી ચાલીના મકાનોની એવી દશા સહેલાઈથી જોઈ શકાય છે. આ પ્રશ્નને વિકટ બનાવવામાં ભાડાનું નિયમન કરતા કાયદાએ પણ પરોક્ષ રીતે પોતાનો ભાગ ભજવ્યો છે એવું અવારનવાર જાણવા મળે છે.

અત્રે ભાડાના મકાનો અંગે ભારતના નગરોમાં જોવા મળતો એક સામાજિક સાંસ્કૃતિક પ્રશ્ન પણ ખૂબ વિકટ સ્વરૂપનો છે. દા.ત. હેરાલ્ડ આઇઝેટેક અને બીજા અનેક વિદ્વાનોએ એવું દર્શાવ્યું છે કે પરંપરાગત આભડછેટ ... ને લીધે દલિતોને નગરોના સારા લત્તાઓમાં મકાનો ભાડે કે વેચાણથી અપાતા નથી. ઉંચા હોદ્દા ધરાવતા અને શિક્ષીત વર્ગના દલિતોને પણ આ સમસ્યાનો વિકટ સામનો કરવો પડે છે. તદ્ઉપરાંત ભાષા પ્રાન્ત, જ્ઞાતિ, અને ધર્મ વગેરેના ભેદભાવ પણ પળાય છે. કુંવારા છોકરા કે છોકરીને આજે પણ સહેલાઈથી મકાનો ભાડે મળતા નથી અને જો મળે છે તો મકાન માલિક તેમની સાથે જાતજાતની પૂછપરછ અને શરતો કરે છે. તેમને ત્યાં કોણ આવે છે તેનું પૂર્ણ ધ્યાન રાખતા હોય છે અને મોટેભાગે તેમને શંકાની દૃષ્ટિથી જોવે છે. આ સર્વ વાસ્તવિકતાઓ છે અને તેમનાં લીધે પણ નગરોમાં વસવાટ અને રહેઠાણનો પ્રશ્ન વિકટ સ્વરૂપનો થયો છે.

**4. મકાનોની ઉંચી કિંમત :** આપણે જોયું કે આજે શહેરોમાં વસવાટ માટે ઘરોની ભારે અછત છે. પરંતુ નગરોના વિકાસ અને વસ્તીના ઘસારાને લીધે આ અછતને પહોંચી શકાય તેવા નવા મકાનો બાંધી શકાતા નથી. પરિણામ સ્વરૂપે મકાનોની વધતી જતી માંગ અને મકાનના ઇચ્છુક લોકોમાં થતી પ્રત્યક્ષ અથવા પરોક્ષ હરિફાઈને લીધે મકાનોની કિંમત લાખો રૂપિયામાં બોલાવા લાગી છે. સામાન્ય આર્થિક સ્થિતિના કુટુંબો માટે આજે પોતાની સાચી આવકમાંથી મકાન ખરીદવું અશક્ય બન્યું છે. મહાનગરોમાં ગમે તે વિસ્તારમાં પ્રતિચોરસ ફિટ જગ્યાના ઓછામાં ઓછા 1000 રૂપિયાનો અંદાજ પણ સાચો ઠરતો નથી. મધ્યવર્તી વિસ્તારોમાં તો મકાન મળશે તેની કલ્પના પણ કરી શકાતી નથી. સુરતમાં સામાન્ય વિસ્તારમાં લગભગ 500 રૂપિયા ચોરસ ફિટના ભાવે રહેઠાણની જગ્યાના ભાવ બોલાય છે. અમદાવાદ, વડોદરા, પૂના, રાજકોટ અને એવા જ અન્ય નગરોને આ વાત વત્તાઓછા પ્રમાણમાં લાગુ થાય છે.

શહેરી ગરીબો માટે બંધાતા આવાસો પણ તેમની શક્તિથી બહારની કિંમતના પડે છે. ઝૂંપડપટ્ટીઓમાં રહેતા ઘણા ગરીબો તેથી જ એવી ઘણી યોજનાઓનો લાભ લઈ શકતા નથી. રાજેશ શાહ અને રત્ના શાહ એક અભ્યાસના આધારે જણાવે છે કે શહેરી ગરીબો માટે બંધાતા આવાસો સસ્તામાં સસ્તા રૂા.8000 થી રૂા.10,000 કિંમતના હોય છે જ્યારે કે ઝૂંપડપટ્ટીઓમાં રહેતા ગરીબો પોતાના રહેઠાણ માટે વધુમાં વધુ રૂા.1500 થી રૂા.2000 સુધીનું ખર્ચ કરવાની ક્ષમતા ધરાવતા હોય છે. એ.આર.દેસાઈ મુંબઈના સંદર્ભમાં મીરાં બાપટના લેખને ટાંકતા જણાવે છે કે ઝૂંપડપટ્ટીમાં રહેતા કુટુંબને તેની માસિક આવકને આધારે વધુમાં વધુ લોન રૂપે રૂા.8300 મળી શકે તેમ છે જ્યારે કે સરકારી ગૃહનિર્માણ ખાતા તરફથી બંધાતા સસ્તામાં સસ્તા 250 ચોરસફીટ જગ્યા ધરાવતા ઘરની

કિંમત રૂપિયા 36 હજારથી વધુની હોય છે.

ટૂંકમાં મકાન માટે ખર્ચ કરવાની તૈયારી હોવા છતાં ગરીબ અને મધ્યમવર્ગના લાખો નગરવાસીઓ મકાનોની આસમાને પહોંચેલી કિંમતને લીધે પોતાનું ઘર બનાવી શકતા નથી. તેના લીધે જે ઉપલબ્ધ મકાન છે તેમાં રહેવાનું ચાલુ રાખે છે પણ તેથી સમસ્ત નગરના સંદર્ભમાં મકાનનો પ્રશ્ન હલ થવાને સ્થાને વધુ ઉગ્ર બને છે.

**5. શહેરી જમીનનો સટ્ટો :** આજે મહાનગરો અને ઔદ્યોગિક રીતે વિકાસ પામતા નગરોમાં રહેઠાણનો પ્રશ્ન વિકટ બનવા પાછળનો એક ગંભીર કારણ ઉપલબ્ધ જમીનની સટ્ટાખોરી છે. નગરોની ફરતે અને અન્દરના વિસ્તારોમાં આવેલી જમીન સટોરીઆ ઉંચી કિંમત આપીને ખરીદી લે છે અને સમય જતાં તે જ જમીનના અનેક ગુણા ભાવ વસુલ કરે છે. આજે તો ઘણાઓ શહેરોમાં બીલ્ડર્સ તરીકેનો ધીકતો ધંધો કરી રાતોરાત લખપતિ અને કરોડપતિ થઈ ગયા હોય એવા દાખલાઓ પણ મોટા નગરોમાં સહેલાઈથી મળી આવે છે. આ લોકો જ શહેરમાં મર્યાદિત જમીન હોવાથી કૃત્રિમ રીતે વધારાની તંગી ઉભી કરે છે તેના લીધે સામાન્ય આવક ધરાવતી વ્યક્તિ કે કુટુંબ ઉંચી કિંમત આપીને ભાગ્યે જ મકાન ખરીદી શકે અથવા ભાડે લઈ શકે એવી પરિસ્થિતિનું નિર્માણ થાય છે.

જમીનના આ સટોડીઆઓ જાતજાતની યુક્તિઓ વાપરીને શહેરી જમીન મર્યાદાને લગતા કાયદાઓ કે નગર આયોજનની અન્ય કાયદાઓની શરતોમાંથી પોતાને ફાવતી છટકબારીઓનો લાભ સહેલાઈથી લઈ લેતા હોય છે તે વાત પણ અજાણી રહી નથી. રાજકીય તત્વો અને અન્ય વર્ચસ્વ ધરાવતી વ્યક્તિઓનો સાથ સહકાર પ્રાપ્ત કરવામાં પણ તેઓ સફળ થાય છે અને પોતાની પ્રવૃત્તિને ધીકતી રાખે છે.

**6. ખાલી મકાનો અને બિન-વિકસિત જમીન :** મહાનગરો અને અન્ય મોટા નગરોમાં આવાસનો પ્રશ્ન વિકટ કરવામાં ખાલી પડી રહેલા મકાનો અને બિન-વિકસિત રીતે પડેલી જમીન અંગે આપણે અગાઉ ઉલ્લેખ કરી ગયા છીએ. એકંદરે આ પરિસ્થિતિને લીધે પણ શહેરી આવાસોનો પ્રશ્ન ગંભીર બને છે. આજે કોઈ પણ નગર એવું મળશે નહીં કે જયાં ખાલી પડી રહેલા મકાનો અને બિન-વિકસિત જમીનના આંખે ઉડીને દેખાયે એવા દાખલા ન મળી આવે. આ અંગે એ.આર.દેસાઈ મુંબઈનો દાખલો આપીને જણાવે છે કે ત્યાં લગભગ 43,000 હેકટર જમીન છે જેમાંની લગભગ 12,000 હેકટર જમીન રહેઠાણો માટે વપરાય છે. બાકીની જમીનમાંથી લગભગ 10,000 હેકટર જમીન એવી છે કે જે ખાલી જમીન તરીકે પડી છે અને તેનો ખાસ્સો ભાગ સરકાર, મહાનગરપાલિકા અથવા અન્ય જાહેર સત્તાધારી સંસ્થાની માલિકીનો છે. વળી, જે ખાલી જમીન અંગત માલિકીની છે તેનો 55 ટકાથી પણ વધુ ભાગ ફક્ત 91 જેટલા ખાનગી માલિકોના હાથમાં છે. જો પદ્ધતિસરના અભ્યાસો હાથ ધરાય તો અન્ય મહાનગરો અને શહેરોમાં પણ એવું ચિત્ર દેખાઈ આવે તો નવાઈ ન કહેવાય.

આમ, ભારતના નગરો અને મહાનગરોમાં વસવાટની સમસ્યા એકથી વધુ કારણોસર વિકટ સ્વરૂપ ધારણા કરતી જાય છે. તેના લીધે મોટા ભાગના નગરવાસીઓ માટે નગરોમાં રહેવું નર્કાગાર જેવું થઈ ગયું છે. આ પ્રશ્નનો પ્રતિબિંબ સાહિત્ય, ફિલ્મો અને જનસંચારના અન્ય માધ્યમોમાં આવરી લેવામાં આવેલ કથાવસ્તુમાંથી પણ મળી રહે છે.

### વસવાટના પ્રશ્નોના હલ માટેના સરકારી પગલાં :

સદ્નસીબે થોડાક વર્ષોથી સરકાર અને નગર આયોજનના તંત્રોનું ધ્યાન આ પ્રશ્નની વધતી જતી ગંભીરતા તરફ ગયું છે અને તેને હળવો બનાવવા માટેના પ્રયાસો હાથ ધરાવા લાગ્યા છે. જો કે સરકારના આ પ્રયાસો મુખ્યત્વે ગરીબ અને તુલનાત્મક રીતે ઓછી આવક ધરાવતા લોકોને ધ્યાનમાં રાખીને જ હાથ ધરાયા છે. અત્રે સંક્ષેપમાં નગરોમાં જમીન અને વસવાટના પ્રશ્નોના સમાધાન અર્થે જે પગલાં લેવાયા છે તેમની સમીક્ષા કરીશું. આ પગલાંને બે શ્રેણીઓમાં વિભક્ત કરી શકાય છે.

1. શહેરી જમીન અને મકાનોને લગતા સામાજિક કાનૂનીકરણ.
2. ઝૂંપડપટ્ટી-સુધારણા અને નવા મકાનોના બાંધકામને લગતા ચોક્કસ કાર્યક્રમો.

આ બન્ને શ્રેણીના પગલાંની સમજૂતી નીચે મુજબ આપી શકાય છે.

**1. શહેરી જમીન અને મકાનોને લગતા સામાજિક કાનૂનીકરણ :** ભારતના બંધારણમાં નગરવાસીઓ અથવા ગ્રામવાસીઓ ને રહેઠાણ માટે મકાન મળી રહેશે એવો સામાજિક સેવાઓ કે અન્ય રીતે જાહેર હક (Right) તરીકે સ્વીકારાયો નથી. રૂસમાં તેના બંધારણની ધારા 44 અન્વયે દરેક વ્યક્તિને રહેવા માટે ઘર મળી રહેશે તે એક બંધારણીય હક છે અને સરકારે તેની જવાબદારી સ્વીકારવી પડે

છે. જો કે હજી રૂસમાં પણ આ પ્રશ્ન સમ્પૂર્ણ પણે હલ થઈ શક્યો નથી. ભારતના બંધારણમાં નગર વિકાસની જવાબદારી રાજ્ય સરકારોને સોંપવામાં આવી છે. આ અંગે બંધારણમાં રાજ્યોને સોંપવામાં આવેલી જુદી જુદી જવાબદારીઓની સૂચી (State List) ની અનુસૂચી સાત હેઠળ નગરવિકાસના વિવિધ કાર્યક્રમોની રાજ્યોની ફરજ દર્શાવવામાં આવી છે. તે માટે સ્થાનિક સ્વરાજ સંસ્થાઓને પણ જરૂરી બંધારણીય જવાબદારી સોંપવામાં આવી છે. ટૂંકમાં નગર વિકાસ અને તેની જવાબદારી કેન્દ્ર સરકાર હસ્તક નહીં પણ પ્રત્યક્ષ રીતે રાજ્યોની ફરજ ગણવામાં આવી છે. બંધારણમાં રહેલી આ પરિસ્થિતિને લીધે રાષ્ટ્રીય સ્તર ઉપર નગર વિકાસ અને જમીન સુધારણાને લગતી અસરકારક નીતિની જરૂરિયાત તરફ લાંબા સમય સુધી જોઈએ તેટલું ધ્યાન અપાયું નથી. મોહિત ભટ્ટાચાર્ય અને અભીજીત દત્તાએ નગર વિકાસ ક્ષેત્રે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર વચ્ચેના આ સંબંધોની સટિક છણાવટ કરી બંધારણીય ત્રુટી તરફ ધ્યાન દોર્યું છે.

સામાજિક કાનૂનીકરણ વડે નગરોની જમીન અને મકાનોને લગતા જે કાયદાઓ છે તેમાં નિમ્ન બે ગંભીર મહત્ત્વના છે.

1. રેન્ટ કન્ટ્રોલ એક્ટ (R C A) 1948
2. અર્બેન લેન્ડ સિલીન્ગ એન્ડ રેગ્યુલેશન એક્ટ (ULCRA) 1976 રેન્ટ કન્ટ્રોલ એક્ટ ભાડાના મકાનોનું ભાડું નિયંત્રણમાં રાખવાના આશયથી ઘડવામાં આવ્યો. બીજા વિશ્વયુદ્ધ પછી શહેરોમાં મકાનોના ભાડા ખૂબ વધી ગયા હોવાથી સૌથી પ્રથમ મુંબઈ રાજ્યમાં અલ્પ મુદ્દત માટે 1948માં આ એક્ટ પસાર કરવામાં આવ્યો હતો. ત્યાર પછી આ એક્ટના આશ્રયે જુદા જુદા રાજ્યોએ પોતપોતાના રેન્ટ કન્ટ્રોલ એક્ટ બનાવ્યા છે. આ એક્ટનો એક અન્ય નોંધપાત્ર આશય ભાડૂતોને રક્ષણ આપવાનું છે કે જેથી મકાન માલિક આડેધડ ઘર ખાલી કરાવી ન શકે અને તેમને વિવિધ યુક્તિઓ વાપરી ત્રાસ ન આપી શકે. વળી, આ એક્ટ હેઠળ જે મકાનમાં ભાડૂત રહે છે તેની મરામત અને દુરસ્તી (Repairs) ની જવાબદારી મકાન માલિકની ગણવામાં આવી છે.

આ એક્ટની અસરકારકતાનું મૂલ્યાંકન કરતા અનેક પદ્ધતિસરના અભ્યાસો થયા છે. કિરણ વાધવા કહે છે કે આ એક્ટ બનાવતી વખતે એવી ધારણા હતી કે ટૂંક સમયમાં જ વસવાટની સમસ્યા હળવી થઈ જશે અને આ એક્ટની જરૂર રહેશે નહીં, પરંતુ વાસ્તવિકતા એ છે કે આ ધારણા ઠગારી રહી છે અને આજે પણ વસવાટનો પ્રશ્ન હળવો ન થયો હોવાથી આ એક્ટનું અમલીકરણ ચાલુ રહે છે.

આ એક્ટના અમલીકરણને કારણે નગરોમાં મકાનોનો પ્રશ્ન હળવો થયો નથી એટલું જ નહીં પણ તેની કેટલીક ભાડા અસરો પણ થઈ છે. ખાસ કરીને મકાનોમાં રોકાણ કરીને ભાડા તરીકે આવક પ્રાપ્ત કરવા ઉપર નિયંત્રણોની અવાસ્તવિકતાને લીધે લોકો આ આશયથી મકાનોમાં રોકાણ કરતાં નથી તેથી બજારમાં મકાનોની અછત રહે છે. જો કે કિરણ વાધવા કહે છે કે આ એક્ટને લીધે ભાડા માટેના મકાનોના પુરવઠા ઉપર અસર થઈ નથી પણ મકાનોની ઉપલબ્ધીમાં કાળા બજાર થવા લાગ્યા છે. ભાડુતો પાસેથી સહેલાઈથી મકાન ખાલી ન કરાવી શકાવાને લીધે તેમજ ભાડુ ન વધારી શકાવાની શરતોને લીધે હવે લોકો મકાન ભાડે આપવાનું ટાળવા લાગ્યા છે તે પણ એક્ટની એક આડ અસર છે. વળી, ભાડાના મકાનોનું ભાડુ આસમાને ગયું છે તે પણ એક હકીકત છે. કારણ કે ભાડા પેટે ઉપલબ્ધ મકાનોની અછત વધતી જાય છે. જો કે કિરણ વાધવા કહે છે કે આ માટે R C A ને જ જવાબદાર ગણાવી ન શકાય. તેમના મતે જમીન અને મકાનોનાં બાંધકામમાં વધેલા ખર્ચને લીધે પણ ભાડા ઉંચા ગયા છે.

આ એક્ટની બીજી આડ અસર એ પણ થઈ છે કે મકાન માલિકો ભાડે આપેલાં મકાનોના રીપેર અને દુરસ્તી તરફ જરૂરી કાળજી રાખતા નથી તેથી ઘણા મકાનો જર્જરીત અને ખરાબ દશાના થયા છે. ખાસ કરીને મહાનગરોમાં આ પરિસ્થિતિ સહેલાઈથી દેખાઈ આવે છે. તેથી આયોજન પંચની એક સમિતિએ એવી દરખાસ્ત કરી છે કે રાજ્યોના આ એક્ટની છણાવટ કરવાની જરૂર ઉભી થઈ છે અને જે મકાનો જર્જરીત અવસ્થામાં આવી ગયા છે તેવા મકાનોને આ એક્ટમાંથી મુક્તિ આપવી જોઈએ. બે વર્ષ અગાઉ (1987) મિનીસ્ટ્રી ઑફ અર્બન ડેવલેપમેન્ટના આશ્રયે 'નેશનલ કમીશન ઓન અર્બનાઈઝેશન' નિમવામાં આવ્યું તેના વચગાળાના અહેવાલમાં પણ R C A ની ગંભીર આડઅસરો સ્વીકારવામાં આવી છે. મારઝોરી બેરમન (Marjorie Barman) આ અહેવાલની છણાવટ કરી તેમાં સૂચિત સુધારા (RCA માં આમેજ કરવા) તરફ ધ્યાન દોર્યું છે. તે સુધારા આ મુજબના છે (1) વિદ્યમાન ભાડુતોને રક્ષણ આપવાનું ચાલુ રાખવું, (2) ભાડામાં વધારો કરી શકાય તેવી વ્યવસ્થા આમે જ કરવી, (3) વેપારિક ક્રિયાઓ માટે ભાડાના મકાનોની શરતો

રહેઠાણના મકાનોથી જુદી કરવી, (4) નવા બાંધકામો માટે પ્રોત્સાહન આપવું અને, (5) વિદ્યમાન મિલ્કતોની વાસ્તવિક મુલવણી કરી સ્થાનિક સ્વરાજની સંસ્થાઓને ટેક્ષ વસુલ કરવાની શરતો સુધારી આપવી. આ સુધારાથી ભાડાના મકાનોના તમામ પ્રશ્ન હલ થઈ જશે એવું નથી પણ સમય વહેવા સાથે રેન્ટ કન્ટ્રોલ એક્ટની ગંભીર થતી આડ અસરોને અવશ્ય હળવી કરી શકાશે એવું ઘણા વિદ્વાનો માને છે.

નગરોની જમીનને સ્પર્શતો બીજો અગત્યનો એક્ટ 'અર્બન લેન્ડ સિલીંગ એક્ટ છે. આ એક્ટના ત્રણ પ્રમુખ હેતુઓ છે.

1. જમીનની પુનવહેંચણી (Redistribution of land)
2. જમીનનો સટ્ટો અટકાવવો (Prevention of speculation in land)
3. ખાલી જગ્યાઓ ઉપર બાંધકામનું નિયમન કરવું.(Regulation of construction on vacant land)

આ એક્ટ હેઠળ જમીનની પુર્નવહેંચણી નિર્ધારિત માત્રાથી વધુ જાહેર કરાયેલી જમીન અગાઉથી નક્કી કરેલા ભાવે સંપાદિત કરી જાહેર ક્ષેત્રની સંસ્થાઓને જરૂરી કામો માટેની જોગવાઈ કરવામાં આવી છે. ખાસ કરીને આ સંસ્થાઓ આ એક્ટ હેઠળ સંપાદિત કરાયેલી જમીનનો ઉપયોગ ગરીબો માટે મકાનો બાંધવા અર્થે જ કરવાનું રહે છે. જમીનના સૌદામાં સટ્ટાબાજી અટકાવવાના આશયથી એક નક્કી કરાયેલા કદ કરતાં વધુ મોટા પ્લોટોના વેચાણ ઉપર આ એક્ટને આધિન પ્રતિબંધ મુકાયો છે. જે પ્લોટોનું વેચાણ આ એક્ટમાંથી મુક્ત રહે છે. તેવા પ્લોટોનું કદ 500 ચોરસ મીટરથી 2000 ચોરસ મીટર સુધીનું હોય છે. જો કે આ કદ જે તે નગરની શ્રેણી ઉપર આધાર રાખે છે. વળી આ એક્ટની કલમ 21 આધિન નબળા વર્ગોના લોકોના મકાનો બાંધવા માટે આપવામાં આવી રહેલ જમીનના સૌદાને પણ મુક્તી અપાઈ છે. જો કે એવી કિંમત સક્ષમ અધિકારી મંડળ દ્વારા નક્કી થાય છે. આ એક્ટ હેઠળ 500 થી 2000 ચોરસ મીટર સુધીના બાંધકામ અંગેનું નિયંત્રણ પણ મુકવામાં આવ્યું છે.

સમીક્ષકોએ આ એક્ટના અમલીકરણ અને તેની અસરકારકતાનું મુલ્યાંકન કરીને એવું તારણ પ્રાપ્ત કર્યું છે કે આ એક્ટ તેના આમુખમાં દર્શાવેલા એક પણ ધ્યેય ને હાંસલ કરી શક્યો નથી. કિરણ વાધવા કહે છે કે આ એક્ટની પ્રમુખ નિષ્ફળતા નગરોમાં જમીનના આસમાને ગયેલા ભાવોમાંથી સ્પષ્ટ થાય છે. હજી આ ભાવો વધતા જ જાય છે. વધુમાં તેઓ જણાવે છે કે આ એક્ટ હેઠળ વેચાણમાંથી પ્રતિબંધિત કરાયેલી કુલ જમીનમાંથી માત્ર 26.76 ટકા જમીન પુનઃ યોગ્ય ઉપયોગ માટે જમીનના પુરવઠામાં ઉમેરાઈ શકી હતી. જો કે તે એવું પણ જણાવે છે કે આ એક્ટના આધિન જે તે શહેરની ફરતે પાંચ કિલોમીટરના અંતરે આવેલી જમીનના વેચાણ ઉપર પણ પ્રતિબંધ લદાતો હોય છે તેના લીધે એવું બની શકે કે ત્યાંની બિન-વિકસિત જમીનને લીધે આ એક્ટ હેઠળ પ્રતિબંધિત જમીનનું પ્રમાણ વધી ગયું હોય. જમીનની કિંમત અંગેના મુદ્દા ઉપર જમીનના ભાવ વધ્યા છે તે કહેવા કરતાં કિરણ વાધવા એવું કહેવું વધુ મુનાસીબ માને છે કે આ એક્ટ આવ્યા પછી પણ નગરોમાં જમીનના ભાવ સ્થિર રહી શક્યા નથી કે ન જમીનના ભાવ ઘટ્યા છે. આ હકીકતમાંથી પણ શહેરી જમીન ટોચ-મર્યાદા એક્ટની નિષ્ફળતા દેખાઈ આવે છે તદ્ઉપરાંત જમીનના સોદામાં છૂપીગેરરીતિઓ અને કાળાબજાર પણ અટકયા નથી. જમીનના માલિકો પણ પોતાની વધારાની જમીન જાહેર કરવા માટે આગળ આવતા નથી, પણ જાતજાતની યુક્તિઓ અને રાજકીય દબાણોનો લાભ લઈ આ એક્ટના બંધનમાંથી આબાદ છટકી જાય છે.

ઉપરોક્ત બે એક્ટ ઉપરાંત ભારતના જુદા જુદા રાજ્યોમાં નાના અને મોટા કદના નગરો અને કસ્બાઓના આયોજન માટેના ટાઉન પ્લાનીંગ એક્ટ અસ્તિત્વ ધરાવે છે. આ એક્ટ હેઠળ રાજ્ય સરકારો અને સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ નગર આયોજનનું કાયદાની સત્તા હેઠળ યોગ્ય સંચાલન કરે છે. ભારતમાં સૌથી પહેલાં 1915માં મુંબઈ રાજ્યમાં ટાઉન પ્લાનીંગ એક્ટ ઘડવામાં આવ્યો હતો. આ એક્ટ 1921માં અને ત્યારબાદ 1954ના સુધારા કરવામાં આવ્યા હતા. 1954ના સુધારા મુજબ નગરના આયોજન અને વિકાસની જવાબદારી મ્યુનિસિપલ કોર્પોરેશન અને સ્થાનિક સંસ્થાઓને સોંપવામાં આવી. મદ્રાસમાં 1920માં એવો એક્ટ પસાર કરવામાં આવ્યો. દિલ્હી ડેવલપમેન્ટ એક્ટ 1957 હેઠળ એક ઉચ્ચ સત્તાધારી વિકાસ મંડળની સ્થાપના કરવામાં આવી અને તેણે દિલ્હીના વિકાસ માટે એક 'માસ્ટર પ્લાન' તૈયાર કર્યો. એવા માસ્ટર પ્લાન મુંબઈ, કલકત્તા, મદ્રાસ અને મહાનગરો માટે પણ જે તે નગરનો 'અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી' ના આશ્રયે તૈયાર કરવામાં આવ્યા છે.

ઉપરોક્ત કેટલીક પ્રમુખ કાયદાકીય જોગવાઈ ઉપરાંત નગરોમાં જમીન અને મકાનોને સ્પર્શતા પ્રશ્નના ઉકેલને માટે વિવિધ કાર્યક્રમો હાથ ધરાયા છે. આ કાર્યક્રમો હેઠળ ગરીબ અને મધ્યમ આવક ધરાવતા લોકો માટે જાહેર અને ખાનગી સાહસો દ્વારા મકાનો બાંધવાની યોજનાઓ હાથ ધરાય છે. સંક્ષેપમાં આ યોજનાઓ નીચે મુજબ સમજાવી શકાય.

**ઝૂંપડપટ્ટી-સુધારણા અને નવા મકાનોના બાંધકામોને પ્રોત્સાહન આપતા કાર્યક્રમો :**

આપણે જોયું કે નગરોમાં આ કાર્યક્રમો મુખ્યત્વે નબળા વર્ગો અને ઓછી આવક અથવા મધ્યમ આવક ધરાવતા લોકોને રહેઠાણો પૂરા પાડવાના પ્રયાસો કરે છે. તેમાં જે તે વર્ગને પોસાઈ શકે તે કિંમતે મકાનો બાંધી આપવા ઉપરાંત એ મકાનોમાં પીવાના પાણીની, સંડાસ, બાથરૂમ, ડ્રેનેજ અને હવા-પ્રકાશની સગવડ વગેરેનો ધ્યાન રાખવાનો હોય છે. વળી, જે તે વિસ્તાર કે જ્યાં એવા મકાનો બંધાય છે તેમને જાહેર સગવડો તથા અવરજવરની સુગમ સેવાઓથી સુસજ્જ કરવાનું પણ સ્વીકારાયું હોય છે. કેટલીક યોજનાઓ હેઠળ સરકાર તરફથી ગરીબ અને નબળા વર્ગના લોકોને સબસીડી રૂપે આર્થિક મદદ આપીને પણ તેમની ઘરોની જરૂરિયાત સંતોષવાની નેમ હોય છે. એપ્રિલ, 1989માં કેન્દ્ર સરકારે નગરોમાં વસતા ગરીબ અને મધ્યમ આવક, ધરાવતા 1 કરોડ 40 લાખ લોકોને મકાનો બાંધી આપવાનો લક્ષ્યાંક નક્કી કરી રાજ્ય સરકારોને મકાનદીઠ રૂપિયા 5000ની આર્થિક મદદ આપવાનું જાહેર કર્યું છે. આ યોજના હેઠળ એવા મકાનો બાંધવા માટે જમીન ને બાકીના નાણાંની વ્યવસ્થાની જવાબદારી રાજ્ય સરકારો અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની રહે છે. હવે આપણે નગરોમાં મકાનોના બાંધકામ માટેના કેટલાંક પ્રમુખ કાર્યક્રમો અને સંસ્થાઓની વાત કરીશું. એક વાત સ્પષ્ટ છે કે નગરોમાં ગરીબો અને પછાત વર્ગો માટે મકાનો બાંધવા માટે ખાનગી સાહસિકો આગળ આવતા નથી કારણ કે તેમાં ખાસ આર્થિક લાભની આશા હોતી નથી. આ વાત સરકારે આયોજનના પ્રારંભથી જ જાણી લીધી હતી. તેથી આ જવાબદારી સરકારે જ ઉપાડી લીધી છે. આ વાતનો સ્વીકાર પ્રથમ પંચવર્ષિય યોજનાના મુસદ્દામાં પણ કરવામાં આવ્યો છે. નગરોમાં આશ્રયે નીચે મુજબની મકાનો બાંધવા માટેની ખાસ યોજનાઓ અમલમાં મુકાઈ છે.

1. 1952માં ઔદ્યોગિક મજૂરો માટે મકાનો પૂરા પાડવાના આશયથી સબસીડીરૂપે આર્થિક સહાય કરી એક યોજના અમલમાં મુકાઈ.
2. નિમ્ન આવક ધરાવતા લોકો (LIG) માટે 1954માં મકાનો બાંધવાની યોજના અમલમાં મુકાઈ.
3. બીજી પંચવર્ષિય યોજના (1956) થી ઝૂંપડપટ્ટી સુધારણાનો કાર્યક્રમ (scheme for slum clearance and Improvement) અમલમાં મુકાયો.
4. ભારતીય જીવન વિમા નિગમે બીજી પંચવર્ષિય યોજના દરમ્યાન મધ્યમ આવક ધરાવતા લોકો (MIG) માટે મકાનો બાંધવા અર્થે લોન (loan) આપવાનું શરૂ કર્યું.
5. પાંચમી પંચવર્ષિય યોજનામાં ઉચ્ચ આવક ધરાવતા લોકો (HIG)ના મકાનો બાંધવા માટેના કાર્યક્રમ હાથ ધરાયા જો કે તેમાં એક ખાસ વાતનું ધ્યાન રાખવામાં આવ્યું કે એવી યોજનાઓમાંથી થતી આવકને ગરીબો અને પછાત વર્ગોના મકાનો બાંધવા માટે વાળી શકાય. આ માટે હાઉસીંગ એન્ડ અર્બન ડેવલેપમેન્ટ કોરપોરેશન' (HUDCO) ને ખાસ જોગવાઈઓનું ધ્યાન રાખવાનું ફરમાવવામાં આવ્યું છે.

ઉપરોક્ત કેટલીક અગત્યની યોજનાઓ અમલમાં હોવા છતાં કિરણ વાધવા જણાવે છે તે મુજબ મોટા ભાગે આ યોજનાઓનો લાભ મધ્યમ અને ઉચ્ચ આવક ધરાવતા વર્ગો ને જ થયો છે જ્યારે કે ગરીબ અને નબળા વર્ગના લોકો આંશિક રીતે જ લાભાન્વિત થયા છે. ઘણા કિસ્સાઓમાં એવું પણ જાણવા મળ્યું છે કે ગરીબો અને નબળા વર્ગના લોકો પાસેથી ઉંચી કિંમત આપીને છૂપી રીતે ઉંચી અથવા મધ્યમ આવક ધરાવતા લોકો મકાન પડાવી લેવામાં સફળ થાય છે. આ અંગે બેરોસ (Barors) દિલ્હી ડેવલપમેન્ટ ઓથોરિટીની કાર્યવાહી તરફ જે નિર્દેશ કરે છે તેમાંથી ઘણી સમજ મળી રહે છે. તેઓ જણાવે છે કે ''રહેઠાણના પ્લોટમાંથી 52.0 ટકા પ્લોટો ઉંચી આવક ધરાવતા લોકોને ફાળવવામાં આવ્યા હતા જ્યારે કે એવા વર્ગના લોકોનું દિલ્હીની વસ્તીમાં પ્રમાણ 3.0 ટકા જેટલું જ હતું. પરંતુ કુલ વસ્તીમાં 76.0 ટકા જેટલા પ્રમાણના નિમ્ન આવક ધરાવતા લોકોને ફક્ત 12.0 ટકા પ્લોટો જ ફાળવવામાં આવ્યા હતા. હકીકતમાં દિલ્હી ડેવલપમેન્ટ ઓથોરિટી હસ્તકની કુલ જમીનમાંથી ફક્ત 3.0 ટકા અને રહેઠાણ માટેની કુલ જમીનમાંથી ફક્ત 5.6 ટકા જમીન નિમ્ન આવક ધરાવતા વર્ગના લોકોને ફાળવવામાં આવી હતી. જો વ્યવસ્થિત અભ્યાસો થાય તો ભારતના

અન્ય મહાનગરો અને શહેરો વિષે પણ એવું ચિત્ર મળી શકે છે. પ્રસ્તુત ગણતરી માટે 1986 થી રૂા.700-00ની માસિક આવક ધરાવતા કુટુંબ નિમ્ન આવક જૂથ (LIG) માં આવે છે. અને રૂા. 1500-00 ની માસિક આવક ધરાવતા કુટુંબ મધ્યમ આવક જૂથ (MIG) માં આવે છે.

આવાસોના બાંધકામ માટે નાણાંકીય સગવડો પૂરી પાડતી સંસ્થાઓમાં ''હુડકો'' (Housing and urban Development Corporation), જીવન વિમા નિગમ (LIG) રાજ્યોના હાઉસિંગ બોર્ડ (Housing Boards) ઉપરાંત અનુસૂચિત બેન્કો (Scheduled Banks) મહત્ત્વની ભૂમિકા અદા કરે છે. તદ્ઉપરાંત વર્લ્ડ બેન્ક પાસેથી પણ જુદા જુદા પ્રોજેક્ટો મારફતે જરૂરી નાણાંકીય મદદ જે તે નગરના સત્તા મંડળોને મળતી રહે છે. સહકારી હાઉસીંગ મંડળીઓના જુદા જુદા રાજ્યોમાં આ ક્ષેત્રે વત્તોઓછો ફાળો રહ્યા છે. પરંતુ સ્કેન્ડેનીવાયાના પ્રયોગને આધારે યુરોપ, ઉત્તર અમેરિકા અને અન્યત્ર આ ક્ષેત્રની જે ભૂમિકા રહી છે તે ભારતના મોટાભાગના નગરોમાં જોવા મળતી નથી. હાલમાં નગરોમાં આવાસો બાંધવા માટે નાણાંની અછતને પહોંચી વળવા માટેના વ્યવસ્થિત-તંત્રો ઉભા કરવા માટેની જરૂરત તરફ ખાસ ધ્યાન જવા લાગ્યું છે. આ ક્ષેત્રે આયોજન પંચના આશ્રયે નગર વિકાસના પ્રશ્નોની છણાવટ માટેના ટાસ્ક ફોર્સના અહેવાલમાં અને સાતમી પંચવર્ષીય યોજનામાં આવાસો માટે નાણાં ધિરાણ તંત્રની રચના કરવા માટેનું ગંભીર સૂચન કરવામાં આવ્યું છે. તે સૂચનને ધ્યાનમાં લઈ રાષ્ટ્રીય હાઉસીંગ બેન્ક (National Housing Bank, NHB)ની રચના કરવાનો પ્રસ્તાવ વિચારણા હેઠળ મુકાયો છે. વડા પ્રધાન રાજીવ ગાંધીએ ગયા ફેબ્રુઆરી માસમાં (NHB) ના વિચારને વધાવી લઈ રૂા.100 કરોડ જેટલી રકમ તેને સાકારરૂપ આપવા માટે જાહેર કરી છે. રાષ્ટ્રિય હાઉસીંગ બેન્કની મુખ્યત્વે નીચે મુજબની ફરજો રહેશે એવું પ્રસ્તાવિત થયું છે.

1. રાષ્ટ્રિય સ્તરે ફક્ત આવાસો માટેની નાણાંકીય જરૂરિયાતો માટે સર્વોચ્ચ તંત્રની સ્થાપના.
2. વિવિધ હાઉસીંગ નાણાં ધિરનાર સંસ્થાઓને પાયાની સલાહ, મદદ અને માર્ગદર્શન આપવું કે જેથી એક સમગ્ર કહી શકાય એવા તંત્રનો જન્મ થાય.
3. આવાસોના નિર્માણ માટે જરૂરી નાણાં ઉભા કરવાના સ્ત્રોતો ઊભા કરી તેમને અસરકારક રીતે ઉપયોગમાં લેવા.
4. પ્રાદેશિક અને સ્થાનિક સ્તરે આવાસો માટે નાણાં ધિરનાર સંસ્થાઓ ઉભી કરવી અને તેમને અસરકારક બનાવવી.
5. આવાસો માટે નાણાં ધિરનાર સંસ્થાઓ ઉપરાંત અન્ય સંબંધિત સંસ્થાઓ વચ્ચે અર્થપૂર્ણ સંકલન સાધવું. મીરા મહેતા અને દિનેશ મહેતાએ નેશનલ હાઉસીંગ બેન્ક ના પ્રસ્તાવની ઉંડાણથી છણાવટ કરી એ તારણ ઉપર આવ્યા છે કે દેખીતી રીતે આ પ્રસ્તાવ ઉપયોગી લાગે છે પરંતુ તે અસ્તિત્વમાં આવવાથી ખરેખર ગરીબો અને નબળા વર્ગના લોકો ને સારાં મકાનો આપવામાં કે તેમનાં ગંદા અને જર્જરિત મકાનોને સ્વાસ્થ્યપ્રદ અને રહેવા લાયક બનાવી શકવામાં ઉપયોગી થઈ રહેશે કે કેમ તે એક શંકાનો પ્રશ્ન છે.

ઉપરોક્ત કેટલાંક પ્રમુખ પ્રયાસો ઉપરાંત નગરોમાં રહેઠાણના ઘરોના પ્રશ્નને હળવો બનાવવા માટે જુદી જુદી પંચવર્ષિય યોજનાઓમાં પણ ખાસ નાણાંની જોગવાઈ કરવામાં આવતી રહે છે. આંકડાઓની મારફતે જોઈએ તો પ્રથમ પંચવર્ષિય યોજનામાં 33 કરોડ રૂપિયા, બીજી પંચવર્ષિય યોજનામાં 85 કરોડ રૂપિયા, ત્રીજી પંચવર્ષિય યોજનામાં 116 કરોડ રૂપિયા, ચોથી પંચવર્ષિય યોજનામાં 170 કરોડ રૂપિયા, અને પાંચમી પંચવર્ષિય યોજનામાં 600 કરોડ રૂપિયા ખર્ચ કરવાની જોગવાઈ કરવામાં આવી હતી. આ રકમ વધારીને છઠ્ઠી પંચવર્ષિય યોજનામાં 2500 કરોડ રૂપિયા અને સાતમી પંચવર્ષિય યોજનામાં 8000 કરોડ રૂપિયાની કરવામાં આવી છે. ઘરો માટેની આ જોગવાઈ સમસ્ત રાષ્ટ્રના સંદર્ભમાં છે પરંતુ એન વી.રાજેશ્વરી અને તેમના સાથીઓ એક અભ્યાસને આધારે કહે છે કે ખર્ચ કરવામાં આવે તો પણ ત્યાં આ પ્રશ્ન મોટેભાગે વણ ઉકેલ્યો જ રહેવાનો.

**નગરોમાં રહેઠાણના પ્રશ્નને ઉકેલવા માટેના સૂચનો :**

આપણે જોયું કે ભારતના મહાનગરો અને ઔદ્યોગિક કેન્દ્રોમાં રહેઠાણનો પ્રશ્ન ગંભીર અને વિરાટ સ્વરૂપનો છે. તેના ઉકેલ માટે વિવિધ પ્રયાસો હાથ ધરાયા છે તેમ છતાં આ પ્રશ્ન જરા મચક આપતો નથી. આ માટે જાતજાતની યુક્તિઓ-પ્રયુક્તિઓ અજમાવવામાં આવી રહી છે તેમ છતાં ધારેલાં પરિણામો આવતા નથી. જો કે વિકસિત દેશોની જેમ ભારત કે ત્રીજા વિશ્વના અન્ય દેશો નિકટના ભવિષ્યમાં આ પ્રશ્નનો સંપૂર્ણ અને કાયમી ઉકેલ પ્રાપ્ત કરી લેશે એ વાત શક્ય નથી. તેમ છતાં ઉપરોક્ત પ્રયત્નોની સાથે તેમને સફળ કરી શકે એવા ઉપાયોની મદદથી આ સમસ્યાનો વ્યાપ ચોક્કસ ઓછો કરી શકાય છે. એવાં કેટલાંક ઉપાયોની ચર્ચા હવે પછીના પૃષ્ટોમાં કરવામાં આવી

છે. અત્રે એ સ્પષ્ટ કરી લેવું આવશ્યક છે કે આ ઉપાયો કાંઈ નવા નથી. તેમાના ઘણા અમલમાં છે તેમ છતાં બિન અસરકારક અમલીકરણ અને સ્થાપિત હિતો વગેરેને લીધે ઇચ્છિત અને સ્વીકૃત પરિણામો પ્રાપ્ત કરી શકાયા નથી. ટૂંકમાં આ ઉપાયોની સમજ નીચે મુજબ આપી શકાય છે.

**1. રાજ્યોએ પ્રાદેશિક વિકાસની યોજનાઓ અસરકારક રીતે અમલમાં મુકવી :** આપણે જોઈ ગયા કે મહાનગરો અને અન્ય મોટા નગરોમાં વસ્તીનો પ્રચંડ ધસારો ગ્રામીણ પ્રદેશોથી સ્થળાંતર કરીને આવેલાં લોકોનો હોય છે. આ લોકો મુખ્યત્વે રોજગારીની શોધમાં નગરો અને ઔદ્યોગિક કેન્દ્રો તરફ ધસી આવે છે. કારણ કે તેમનાં મૂળ વતન કે તેની આસપાસના નાના-મોટા કસ્બાઓમાં તેમને રોટી-રોજીની જરૂરી તકો મળી આવતી નથી. તેથી જે ગામડાંઓ અને તેમની અરસપરસના પ્રદેશોમાં પદ્ધતિસરના આયોજન વડે રોજગારની પૂરતી તકો ઉભી કરવામાં આવે તો નગરોમાં વસવાટનો જે ભયંકર પ્રશ્ન છે તેને હળવો બનાવી શકાય.

આ ઉપાય સરકારના કાર્યક્રમોમાં સ્વીકારાયો છે અને આર્થિક રીતે પ્રાદેશિક સ્તરના વિકાસ ઉપર ઝોક વધતો જાય છે. તદ્ઉપરાંત ઔદ્યોગિક વિકેન્દ્રિકરણની નીતિ, નાના કદના કસ્બાઓના વિકાસની યોજનાઓ, મધ્યમ કદના કસ્બાઓના વિકાસની યોજનાઓ વગેરે અમલમાં છે. પરંતુ જો આ તમામ કાર્યક્રમોનો ઉંડાણથી અભ્યાસ કરવામાં આવે તો જાણવા મળશે કે જે હેતુઓથી આ યોજનાઓ સ્વીકારાઈ છે તેમનાં તરફ તદ્દન ઉદાસીનતા પ્રવર્તે છે અને મોટાભાગનું આયોજન ગુણાત્મક પરિવર્તન કરતાં અગાઉથી નક્કી કરાયેલા લક્ષ્યાંકો હાંસલ કરવા ઉપર આધારિત હોવાથી ધારેલાં પરિણામો પ્રાપ્ત કરી શકાયા નથી.

નગરો ઉપર વધતા જતા વસ્તીના દબાણ અને વસવાટના તીવ્ર સ્વરૂપ ધારણ કરી ગયેલા પ્રશ્નને હળવો બનાવવા માટે આ યોજનાને સંપૂર્ણ ગંભીરતાથી અમલમાં મુકવાની જરૂર છે. સૈયદ એસ. શફીએ તેમનાં લેખ 'ટુવર્ડઝ ન્યુ અર્બન ઇન્ડિયામાં આ ઉપાય ઉપર ખાસ ભાર મુક્યો છે.

**2. નવા નગરોનું સર્જન કરવા કરતાં પસંદગીના નગરો અને કસ્બાઓના વિકાસ ઉપર ભાર મુકવો :** કેટલાંક રાજ્યોમાં ઔદ્યોગિકરણના વિકાસની પ્રક્રિયાને વેગ આપવાના આશયથી નવા નગરો અને કેન્દ્રોના સર્જન કરવાના પ્રવાહો દેખાવા લાગ્યા છે. 1981ની વસ્તી ગણતરી મુજબ ભારતના એવા 881 નવા નગરો/કસ્બાઓ ગુજરાતમાં 39 અને મહારાષ્ટ્રમાં 39 નગરો/કસ્બાઓ નોંધવામાં આવ્યાં છે. આમાંના ઘણા મહાનગરોની આસપાસ વિકાસ પામ્યા છે. જો કે તેમાંના થોડાક વસ્તી ગણતરીના આશ્રયે કસ્બાઓની પુનઃપરિભાષાને લીધે પણ ઉમેરાયા છે તે વાત ભૂલાવી ન જોઈએ. પરંતુ આ અંગે અગત્યનો મુદ્દો એ છે કે સદંતર નવા નગર કે કસ્બાને વસાવવા પાછળ જે ખર્ચ અને સાધનો વપરાય છે તે અતિશય પ્રમાણમાં હોય છે. જ્યારે કે વિદ્યમાન નગરો અને કસ્બાઓમાંથી ઔદ્યોગિક વિકાસ માટે સાનુકૂળ રહે તેવાની પસંદગી કરવામાં આવે અને ત્યારબાદ જરૂરી નાણાં અને સાધનો લગાવી અન્ય સગવડો અને રોજગારીની તકો વિકસાવવાના પ્રયાસો થાય તો એકબાજુ મોટા નગરો ઉપર વધતી જતી વસ્તીના દબાણને અટકાવી શકાય છે અને બીજી બાજુ તુલનાત્મક રીતે ઓછા નાણાં અને સાધનોનું રોકાણ કરી ધારેલાં પરિણામો હાંસલ કરી શકાય છે.

**3. રેન્ટ કન્ટ્રોલ એક્ટ અને લેન્ડ સિલિન્ગ એક્ટમાં જરૂરી ફેરફાર કરવામાં આવે :** આપણે આગળ જોયું કે આ બન્ને એક્ટની કેટલીક શરતોને લીધે ભાડા અથવા વેચાણ માટે નવા મકાનો બાંધવાના પ્રવાહો ઉપર પ્રતિકૂળ અસર થઈ છે, વળી, રેન્ટ કન્ટ્રોલ એક્ટના બંધનોને લીધે ઉપલબ્ધ મકાનો પણ તેમનાં માલિકો ભાડે આપવા તૈયાર થતા નથી. તેથી મકાનોની અછત વધે છે એટલું જ નહીં પણ ઉપલબ્ધ મકાનોનો રહેઠાણ માટે ઉપયોગ થઈ શકતો નથી. આથી આ એક્ટની શરતોમાં બદલાયેલા સમય અને મકાનોની અછતના પ્રશ્નની ગંભીરતા જોઈ યોગ્ય ફેરફારો થવા જરૂરી બન્યા છે. આ અંગે કેટલાંક ઉપયોગી સૂચનો પણ થયા છે અને તે તરફ આપણે આ અગાઉના પૃષ્ઠોમાં નિર્દેશ કરી ગયા છીએ.

**4. નગરોમાં પડતર પડેલી બિન વિકસિત જગ્યાનો વિકાસ કરવો :** નગરોમાં વસવાટનો પ્રશ્ન માત્ર ઘરોની અછત પૂરતો જ મર્યાદિત હોતો નથી. સુખી-નિવાસ માટે જે તે કુટુંબને પાયાની અન્ય સગવડો ઉપરાંત જાહેર સેવાઓ સહેલાઈથી મળી રહે તે પણ આવશ્યક હોય છે. આપણે જોયું કે મહાનગરોમાં અને અન્ય નાના-મોટા નગરોમાં ઘણી જમીન એવી છે કે જે કશા વપરાશ વિના બિન વિકસિત દશામાં પડતર પડી છે. આપણે અગાઉના પૃષ્ઠોમાં એ.આર. દેસાઈના અહેવાલને ટાંકતા મુંબઈમાં એવી પડતર જમીનનું પ્રમાણ જોઈ ગયા છીએ. અન્ય નગરોની પરિસ્થિતિ પણ તેથી ભિન્ન હોય એવું માનવા માટે કોઈ કારણ મળતું નથી. પદ્ધતિસરના અભ્યાસોને આધારે એવી બિન-વિકસિત જમીનના વિકાસમાં આવતા અવરોધો અંગેની સમજ મળી શકે છે. તદ્ઉપરાંત તેનો યોગ્ય વિકાસ કરી જરૂરી ઉપયોગ માટેના ઉપાયો શોધી શકાય છે.

જો નગરોમાં પડેલી એવી બિન-વિકસિત જમીનનો વિકાસ કરી યોગ્ય ઉપયોગ કરવામાં આવે તો વસવાટનો પ્રશ્ન કાંઈક હળવો કરવાનો માર્ગ મળી શકે છે.

**5. ખાલી પડેલા મકાનોનો યોગ્ય ઉપયોગ :** મહાનગરો અને અન્ય નાના-મોટા નગરોમાં એક વિરોધાભાસી પરિસ્થિતિ એ દેખાય છે કે એક બાજુ મકાનોની તીવ્ર અછત હોય છે અને બીજી બાજુ અનેક મકાનો ખાલી પડયા રહે છે. એવા ખાલી પડેલા મકાનો પાછળના જવાબદાર એવા જુદા જુદા કારણો હોઈ શકે છે. ખાસ કરીને ભાડે આપવામાં આર્થિક લાભનો આકર્ષણ રહ્યો નથી અને રેન્ટ કન્ટ્રોલ એક્ટની શરતોને લીધે એકવાર ભાડે આપ્યા પછી તે મકાનને પાછું મેળવી શકશે કે સમય જતાં તેના ભાડામાં વૃદ્ધિ કરી શકાશે કે કેમ તે અંગે મકાન માલિકોમાં ભારે દહેશત રહે છે. તેથી સુખી લોકો મકાનને ભાડે આપવાનું ટાળે છે. તેમાં તેમને કશું નુકશાન દેખાતું નથી. કારણ કે સમય વહેવા સાથે મકાનોની વધતી જતી કિંમત ને લીધે તેઓ ઉંચા ભાવે મકાનો વેચી શકે છે. આ રીતે વેચાતા મકાનની કિંમત કાળા-નાણાંમાં લેવાય છે. લગભગ 40 ટકા જેટલી રકમની દસ્તાવેજ થાય છે જ્યારે કે બાકીની 60 ટકા કિંમત કાળા નાણાંના રૂપમાં લેવાય છે એવું પણ ઘણા શહેરોમાં જોવા મળે છે. એવી લેવડ-દેવડને કારણે બીજા અનેક અનિષ્ટો અસ્તિત્વમાં આવે છે.

જો યોગ્ય નિયમો અને માધ્યમો વડે ભાડુતો અને મકાન માલિક બન્નેના હિતો સચવાય તેવી વ્યવસ્થા ઉભી થાય તો ઘણા ખાલી મકાનો વસવાટ માટે ઉપલબ્ધ થઈ શકે છે, તેમજ જર્જરિત દશામા પડેલા મકાનોને દુરસ્ત કરાવી રહેવા યોગ્ય બનાવવા માટેનું પ્રોત્સાહન પણ આપી શકાય છે.

**6. નગરીય જમીનની સટ્ટાખોરી અટકાવવી :** શહેરોમાં સામાન્ય અને ગરીબ વર્ગના લોકો માટે મકાન પ્રાપ્ત કરવું એક દિવાસ્વપ્ન જેવી વાત થઈ ગઈ છે. તેથી જ નગરોમાં વસવાટ માટેના જે કાર્યક્રમો હાથ ધરાયા છે તેમાં 80 ટકા મકાનો ગરીબ અને આર્થિક રીતે પછાત વર્ગના લોકો માટે, 15 ટકા મધ્મય આવક ધરાવતા જુથો માટે અને 5 ટકા ઊંચી આવક ધરાવતા લોકો માટે ફાળવવાનું સ્વીકારાયું છે. પરંતુ વાસ્તવિકતામાં જોઈએ તો કોઈ પણ કાર્યક્રમ આ લક્ષ્યાંકો પ્રાપ્ત કરવામાં સફળ થઈ શકે તેમ નથી. તેનું પ્રમુખ કારણ શહેરી જમીનની સટ્ટાખોરીને લીધે આસમાને પહોંચેલી કિંમત છે. તે ઉપરાંત બાંધકામની સામગ્રી અને અન્ય ખર્ચમાં પણ ઉત્તરોત્તર વધારો થતો રહે છે.

જો શહેરી જમીનની સટ્ટાખોરી અસરકારક રીતે અટકાવી શકાય તો જમીનની કિંમતમાં થતા અસાધારણ વધારાને અટકાવી શકાય તેમ છે. જો એવું બની શકે તો માત્ર ગરીબો અને પછાત વર્ગના લોકો માટે મકાન બાંધવા જરૂરી જમીન મળી રહેશે તેની શક્યતા વધશે એવું જ નહીં પણ ઘણા લોકો પોતાની આર્થિક ક્ષમતા અનુસાર જમીન ખરીદી પોતાની માલિકીના મકાનો બાંધવામાં ભાગ્યશાળી થશે.

ઉપરોક્ત કેટલાંક પ્રમુખ ઉપાયો ઉપરાંત જે તે નગરની સ્થાનિક પરિસ્થિતિ અને પ્રશ્નોને ધ્યાનમાં લઈ અન્ય જરૂરી ઉપાયો હાથ ધરી શકાય છે. આ તમામે તમામ ઉપાયો જરૂરી હોવા છતાં કાયમને માટે આ પ્રશ્નનો ઉકેલ લાવવો છે તો લોકોની આર્થિક સ્થિતિમાં સુધારો થાય તે અત્યંત જરૂરી છે. તે માટે સમસ્ત સામાજિક -આર્થિક માળખામાં ફેરફાર થાય તે જરૂરી બની રહે છે. એ આર.દેસાઈનું તો એવું દૃઢ પણે માનવું છે કે ભારતના નગરોમાં વસવાટની કે અન્ય સમસ્યાઓ પાછળનું કારણ આડેધડ નગરીય વિકાસ કહેવું એ ખોટી ભ્રમણા છે. તેમના મતે આ તમામ પ્રશ્નોના મૂળમાં ભારતે અપનાવેલ મૂડીવાદી અર્થ વ્યવસ્થાના વિકાસની વાત રહેલી છે.

કેટલાંક વિદ્વાનો એવું પણ જણાવે છે કે ગરીબ અને પછાત વર્ગના લોકોને સબસીડી' કે સીધી આર્થિક સહાય આપવાથી આ પ્રશ્નનો નિવેડો લાવી શકાશે નહીં. ઓરવિલે એફ. ગ્રાઈમ્સ (orville of grimel) ત્રીજા વિશ્વની અર્થવ્યવસ્થા અને વિકાસની નીતિઓની છણાવટ કરી તેમના પુસ્તક 'હાઉસીંગ ફોર લૉ ઇન્કમ અર્બન ફેમીલીઝ (1976) માં જણાવે છે કે આ દેશો પોતાની આર્થિક મર્યાદાઓને લીધે પૂરતા પ્રમાણમાં 'સબસીડી' કે આર્થિક સહાય આપી શકે તેમ નથી વળી, આ રીતે વપરાતા નાણાં વધુ જરૂરી મુદ્દાઓ ઉપર ખર્ચ કરી શકાય તેમ હોય છે. વળી, લોકોની આર્થિક દશામાં સુધારા કર્યા વિના એવી 'સબસીડી' અને આર્થિક સહાય વડે બાંધી આપવામાં આવેલા મકાનો સમય જતાં ગરીબ લોકોના હાથમાંથી ઊંચી આવક ધરાવતા લોકોના હાથમાં જતાં રહેશે તેની પૂરેપૂરી શક્યતા રહે છે. તેથી તેઓ એવું સૂચન કરે છે કે ગરીબ અને પછાતવર્ગના લોકોને તેમની આર્થિક દશા સુધારવા ઉપરાંત એવાં મકાનો આપવા જોઈએ કે જમીનના એવા પ્લોટ આપવા જોઈએ કે જે તેમને પોસાય તેવાં હોય. આમ કરવાથી આ લોકો પોતાના મકાન અને પ્લોટની માલિકી પણ જાળવી રાખી શકશે. ●

# સંદર્ભ ગ્રંથસૂચિ

## [Reference]
## BIBLIOGRAPHY


| | |
|---|---|
| Acharya Hemalata 1956 | 'Urbanizing Role of one lakh city' in 'Sociological Bulletin' V. September |
| Acharya Hemalata 1955 | 'The Caste and Family in the Immigrant Asian Community' in 'Sociological Bulletin', Vo. IV.No,. 2, September. |
| Alan S. Mangoor and Pokshishevsry V.V. (ed.) 1976 | 'Urbanization in Developing Countries' Osmania University, Hyderabad, India. |
| Anderson Nels 1960 | 'The Urban Community', Routledge Kegan Paul, London. |
| Anderson Nels 1971 | 'The Industrial Urban Community'; Appleton-Centruy Crofts Meredin Corporation, New York. |
| Auluck S. V. 1980 | Intracity Residential Mobility in An Industrial City : New Delhi; Concept Publishing House. |
| Beiley F. G. 1958 | 'Caste and the Economic Frontier' Oxford University Press. |
| Baali F. and Vandiver J.S. (ed.) 1970 | 'Urban Sociology' : Appleton Century-Crofts; New York |
| Batten T. R. 1957 | 'Communities and their development', Oxford University Press, London. |
| Bergel E.E. 1955 | 'Urban Sociology' : McGraw Hill Book Co. Ltd., New York. |
| Desai A. R. 1978 | 'Urban Family Situation in India' (unpublished report) sponsored by Family Planning Foundation of India. |
| Desai A. R. & Pillai S.D. 1970 | 'Slums & Urbanization'; Popular Prakashan Pvt. Ltd., Bombay. |
| Desai A. R. 1985 | Trends of Urban Development and Proliferation of Slums and Squatting : C.G. Shah Memorial Trust Publication (11) Bombay. |
| Desai I. P. 1964 | 'Pattern of migration and occupation in South Gujarat village', Deccan College Post-Graduate and Research Institute, Poona. |
| Desai I. P. 1964 | 'Some aspects of Family in Mahuva', Asia Publishing House, Bombay. |

Desai I. P and Damle Y.B. 1953 'A Note on the Change in Caste' in Decenial Felicitation volume of Indian Sociological Society.

Devdas David & Kamaljeet Rattan 1989 'An Urban Nightmare' in India Today, April 15.

Doshi Harish 1965 'Fatehnagar : A Township Shamirpet : a village; In Vidya : Journal of Gujarat University, Ahmedabad; Vol. VIII, No. 2, August, pp. 100-111.

Doshi Harish 1974 Traditional Neighbourhood in a Modern City : New Delhi : Abhinav Publication.

1977 Untouchability in an Urban Community (Unpublished Report based on ICSSR, New Delhi Project)

Doshi Harish 1974 'Use of Public Places and facilities by Bhangis in Surat' in Journal of Social and Economic Studies : Vol. II, No. 1, March.

Drakakis David Smith 1987 The Third Work City : New York, Methues.

D'Souza Victor S. 1968 'Social Structure of A Planned City Chandigarh'. Orient Longmans Ltd., New York.

Erickson 1954 'Urban Sociology : McGraw-Hill Book Co. Ltd., New York.

Faris Robert 1967 'Chicago Sociology : 1920-1932'. The University of Chicago Press, Chicago.

Gadgil D. R. 1971 'The Industrial Evolution of India in Recent Times 1860-1939', Oxford University Press, Bombay.

Ghurye G. S. 1962 Cities and Civilzation', Popular Prakashan, Bombay.

Gibbs J. P. (ed.) 1965 'Urban Research Methods', Affiliated East and West Press, New Delhi.

Gillion K. L. 1968 'Ahmedabad - A Study in Indian Urban History', The New Order Book Co., Ahmedabad.

Gist Noel P. & Fava, Sylving Fleis 1970 'Urban Sociology', Thomas Y. Crowell Co., New York.

Glaser, Daniel (ed.) 1970 'Crime in City', Harper & Row Publishers, New York.

Glass Ruth 1955 'Urban Sociology, A Trend Report', Current Sociology, Vo. IV.

| | |
|---|---|
| Gogate Sudha 1988 | Status of Woman : Reflected in Marathi Media (1930-1970); Pune : Shubhada Saraswat Publications. |
| Gore M. S. 1970 | 'Immigrants and Neighbourhoods : Two Aspects of Life in Metropolitan City'. T.I.S.S., Bombay. |
| Gore M. S. 1968 | 'Urbanization & Family Change', Popular Prakashan, Bombay. |
| Grimes Orville F. (Jr.) 1976 | Housing for low-income Urban families : Economics and Policy in the Developing World: London : The Johns Hoppins University Press. |
| Gutman Robert (ed.) 1970 | 'Neighbourbood, City and Metropolis' Random House, New York. |
| Gyanchand 1972 | 'Population in Perspective', Orient Longman Ltd., New Delhi. |
| Halebsky S. (ed.) 1973 | The Sociology of the city : New York: Charles Scribner's sons. |
| Hatt P.K. and Reiss A.J. (Jr.) 1968 | 'Cities and Society', The Free Press, New York. |
| Harold J. R. 1966 | 'India's Ex-untouchables', Asia Publishing House, Bombay. |
| Hauser Philip M. 1970 | 'Comprehensive Urban 'Studies' in Albert N. Cousins and Hans Nagpal's 'Urban Man and Society', New York. |
| Hauser P.M. and Schnore L.F. 1965 | 'The Study of Urbanization', John Wiley and Sons Inc., New York. |
| Hellbrone Rober L. 1974 | 'Economic Problems of a 'Post-Industrial Society' in Potter David and Sarre Philip (ed.) 'Dimensions of Society', University of London Press Ltd., London. |
| Hutton J.H. 1969 | 'Caste in India'. Oxford University Press, London. |
| Hunter David R. 1964 | 'The Slums : Challenge and Response', The Free Press, New York. |
| Harrington Michael 1962 | 'The Other American : Poverty in the United States'. The Macmillan Co., New York. |
| | Handbook of Social Welfare Statistics; Ministry of Social Welfare; Govt. of India : 1981 p. 10 |
| Hoselitz Burt 1962 | 'The Role of Urbanization in Economic Development : Some International Comparisons' in Turner R. (ed.) India's Urban Future, Berkelley: California Press. |

ICSSR 1974 and 1985 — Survey of Research in Sociology and Social Anthropology; First and Second Trend Report, Vol. I Bombay: Popular Prakashan and New Delhi: Satvahan Publications.

I. Alex 1965 — 'What is Sociology' - An Introduction to the Discipline and Profession, Prentice Hall of India (Pvt.) Ltd., New Delhi.

Jacobsane 1970 — 'The Kind of problem a city is' in Albert N. Cousins/Hans Nagpaul, Urban Man and Society, Alfred A. Knoff, New York.

Jagannathan N. Vijay & Halder Aminesh — 'Income-Housing Linkages a Case stydu of Payment. Dwellers in Calcutta' in EPW. Vol. XXIII No. 23 June, 1988. pp. 1175-1178.

Kannan C.T. 1963 — 'Inter-Caste and Intercommunity Marriage in India' : Allied Publishers, Bombay.

Kopardokar H.D. 1986 — Social Aspects of Urban Development : Bombay : Popular Prakashan.

Lemert, Edwin M. 1951 — 'Social Pathology : McGraw-Hill Book Co. Ltd. Inc., New York.

Leslie Gerald R. and Others 1973 — 'Order and Change'; Introductory Sociology. Oxford University Press, London.

Lewis Oscar 1965 — 'The Folk-Urban Ideal Types' in Hause P.M. and Schnore L.F. 'The Study o Urbanization', ohn Wiley and Sons Inc., New York.

Lynch O.M. 1974 — 'The Politics of Untouchability' (Social Mobility and Social change in a city of India): National Publishing House. Delhi.

Majumdar D.N. 1955 — 'Rural Profile' : The Ethnographic & Flk Cultury Society, U.P.

Majmudar D.N. 1958 — 'Caste and Communication in an India Village'. Asia Publishing House, Bombay.

Manu Peter H. 1968 — 'An Approach to Urban Sociology', Routledge and Kegan Paul; New York.

Marjone Berman 1987 — 'Urbanization Report' in The Lowyers Collective, Vol. 2, No. 6, June 1987, Bombay, p. 19.

Mehta Meera & Mehta Dinesh 1988 — 'National Housing Bank : Financing Housing of Shelter' in EPW Vol,. 23, No. 7, Feb. 1988. p. 300-302.

Mellor J.R. 1977 — 'Urban Sociology in an Urbanized Society: Routledge and Kegan Paul, London.

Merton Robert K. 1957 — 'Social Theory and Social Structure' The Free Press, New York, pp. 30-34.

Merton, Robert K. and Nisbet Robert 1971 — 'Contemporary Social Problems' Third edition. Harcourt Brace Javanocie: New York.

Minr Horace 1968 — 'The Forlk-Urban Continnum' in Hatt P.K. and Reiss, Jr. A.J. : Cities and Society : The Free Press, New York.

Morris R.N. 1998 — 'Urban Sociology' George Allen and Unwin Ltd., London.

Naidu Ratna 1978 — 'A Study of Slums in Hyderabad-Siconderabad' in 'The Indian Journal of Social Work'. Vol. 39. No. 3, Ocrober.

Naik K.S. 1978 — 'Ethnicity and Urbanization' : Ajanta Publications, Delhi.

"NIUS" — State of India's Urbanization : New Delhi, Institute of Urban Affairs, 1988.

Nobel, Allen G. and Dutt Ashok K. (ed.) 1977 — India's Urbanization and Planning - Vehicles of Modernization: Tata McGraw Hill Publishing Co. Ltd., New Delhi.

Oreans P. 1969 — 'Robert Park and Social Area Analysis' in Meadows P. and Mizruch E.H. 'Urbanizm, Urbanization and Change' Comparative Perspectives. Addison Wesle Publishing Co. Massachusetts.

Palen J. John 1975 — 'The Urban World'. McGraw-Hill Book Co., New York.

Park R.E. and Burgess E.W. 1968 — 'The City'. The University of Chicago Press, Chicago.

Panchadikar H.P. and J. Panchanadikar 1970 — 'Determinants of social structure and social change in India'. Popular Prakashan, Bombay.

Parmar P.H. 1965 — 'Note on Housing in the city of Surat' (Mimeograph) Muncipal Corporation, Surat.

Parmar Y.A. 1987 — The Mahyavanshi - The Success story of a Scheduled Caste : Delhi : Mittal Publications.

Patvardhan S. 1974 — 'Aspects of Social Mobility among scheduled castes in Poona' in M.S.A. Rao (ed.) 'Urban Sociology in India', orient Longmans, New Delhi.

Payne Geoffrey 1977 — Urban Housing in the Third World: London : Routledge & Kegan Paul.

P. K. B. Nayar (ed.) 1982 — Sociology in India (Retrospect and Propespect) Articles in ban Society in India (1) Present Trends by K. Chandrasekhariah and (2) Venkatarayapa K.N. Delhi : B.R. Publishing Corporation, pp. 185-214.

Pocock D.F. 1974 — 'Socilogies : Urban and Rural' in M.S.A. Rao (ed.) Urban Sociology in India : New Delhi Orient Longman.

Rajeswari N.V. and Others 1987 — 'Towards a New Housing Policy in India' in Social Change, Vol. 17, No. 4, Dec. 1987, pp. 31-37.

Ramesh Menon 1989 — 'Nobody's Children' in India Today, April 15, 1989 pp. 124-127.

Rao M.S.A. (ed.) 1974 — Urban Sociology in India : New Delhi : Orient Longmon.

Rao M.S.A. 1970 — Urbanization and Social Change - A Study of Rural Community on a Metropolotan fringe. New Delhi, Orient Longman.

Rao S. Venugopal 1967 — 'Facts of crime in India', Allied Publishers Private Ltd., Bombay.

Rasmussen, David W. and Haworth Charles T. 1973 — 'The American City' : Harper and Row Publishers. New York.

Redfield Robert and Singer Milton 1954 — 'The Cultural Role of Cities' in Economic Development and Cultural Change, Vol. III, No. 1.

Redfield Robert and Singer Milton 1956 — 'The Cultural Role of Cities'; 'Man in India'; Vol. 36, No. 3.

Redfield Robert 1952 — 'The Folk Society' in Freed-mann R.F. others, 'Principles of Sociology', Henry Holt and Co. New York.

Redick Richard W. 1953 — 'A Demographic and Ecological study of Rangoon Burma, 'inE.W. Burgess and D.J. Bogue (ed.) contribution to urban sociology.

Reissman Leonard 1964 — 'The Urban Process' : Free Press of Glencoe; New York.

Richard Dowey 1970 — 'The Rural Urban Continuum' in Cousims A.N. and Nagpaul Alfred A Knoff; New York.

Ross. Ailleon 1967 — 'The Hindu Family in its urban setting; University of Toranto Press, U.S.A.

Ross. Murray G. 1955 — 'Community Organization : Theory and Principles; Harper & Row Publishers, New York.

Taft. Donard R. and England. Ralph W. (Jr.) 1964 — 'Criminology' The Macmillan Co. New York.

Thompson W.S. and Lewis 1965 — 'Population Problems' McGraw-Hill Book Co. Ltd., New York

Turner Roy (ed.) 1962 — 'India's Urban Future'; University of California Press, Berkeley.

Venetoulis, Ted. and Esenhauer, Ward 1971 — 'Uo Against the Urban Wall'. Prentice Hall Inc. Englewood Cliffs, New Jersey.

Vidyarthi L.P. 1961 — 'The Sacred Complex in Hindu Gaya': Asia Publishing House. Bombay.

Wadhavan Kran 1987 — 'Housing the urban poor : What can the private sectorn do in Uran India' Vol. 7. July-Dec, 1987. No. 2. A Journal of the National Institute of Urban Affairs, New Delhi, pp. 89-101.

Wadhavan Kiran 1987 — 'NCU. Housing Legislation and the Urban Poor' in Negarlok. Vol. 19. No. 4. Oct.-Dec. 1987. pp. 98-111.

Wadhavan Kiran 1988 — 'Housing Programmes for urban poor : Shifting Priorities' in EPW Vol. 23, No. 34. August 20, 1988, pp. 1762-1767.

Wiebe Paul D. 1975 — 'Social life in an Indian Slum': Vikas Publishing House Pvt. Ltd., Bombay

Wirth Louis 1969 — 'On Cities and Social Life'. The University of Chicago Press, Chicago.

Wirth Louis 1969 — 'Urbanization as a way of life' in on cities and society'. The University of Chicago Press, Chicago.

Young Pauline V. 1968 — 'Scientific Social Survey and Research: Prentice Hall of India: New Delhi.

Zachariah K.C. 1968 — 'Migrants in Greater Bombay: Asia Publishing House. Bombay.

Seminar Papers etc. — The Times of India Directory & Yearbook including who's Who, 1978. The Times of India Press, Ahmedabad.

Towards Delinquency Central National Institute of Social Defence: Ministry of Social Welfare: Govt. of India. New Delhi: 1959. Slums in Surat (Unpublished Report) Operational Research Group: Govt. of Gujarat. Ahmedabad, 1973. Urbanization in India and Gujarat: Processes and Problems', Department of Sociology.

School of Sciences, Gujarat University, Ahmedabad.

Economic Development and Community Development: Working Papers the Third Asian Regional Co-operation Seminar, 3rd-24th February, 1964: Kuala. Lampur, Malayasia: An Event of the international student conference, organized by PKPPTM and COSEC.

| | |
|---|---|
| કાન્હરે ઉષા 1967 | 'સમાજશાસ્ત્ર' (અનુ.) જોન્સબર્ગ : સોશિયોલોજી, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ. |
| શાહ વિમળ અને પટેલ તારા 1978 | સમાજશાસ્ત્રમાં સંશોધન પદ્ધતિઓ અને આંકડાશાસ્ત્રીય પૃથક્કરણ, રચના પ્રકાશન, અમદાવાદ. |
| શાહ વિમલ 1982 | 'ગ્રામ-શહેર આંતરક્રિયાઓ અને સંસ્કૃતિની અસર' (બિન-પ્રકાશિત લેખ) |
| નાયક ટી.બી. 1962 | સામાજિક સંશોધન, ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ. |
| દેસાઈ એ.આર. અને દેસાઈ નીરા 1978 | 'વિકસતાં શહેરો અને ઝૂંપડપટ્ટીઓ', આર.આર. શેઠની કંપની, મુંબઈ-2. |
| દેસાઈ એ.આર. અને દેસાઈ નીરા 1967 | 'ભારતીય નગર' (સમાજશાસ્ત્રીય અન્વેષણ) આર.આર. શેઠની કંપની, મુંબઈ-2. |
| દેસાઈ એ.આર. અને દેસાઈ નીરા 1971 | 'ભારતીય જ્ઞાતિ-વ્યવસ્થા', આર.આર. શેઠની કંપની, મુંબઈ-2. |
| પંડ્યા કુલીન | 'અનુકૂલન, મનોવિકૃતિ અને માનસિક સ્વાસ્થ્ય', અનડા પ્રકાશન, અમદાવાદ. |